# ભગવાન રમણ મહર્ષિ

## જીવન અને કાર્ય



## -યોગેશ્વર

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


☼ ☼ ☼ ☼ ☼




e-book

| | |
|---|---|
| Title | : Bhagavan Raman Maharshi : Jivan ane Karya |
| Language | : Gujarati |
| Version | : 2.1 |
| Pages | : 421 |
| Created | : March 12th 2008. |


☼ ☼ ☼ ☼ ☼

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

For the information of readers, permission was obtained from Ramanashram for publishing print version of this book.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



### શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



## પ્રસ્તાવના

જીવનની એ ક્ષણો સાચેસાચ સફળ, સુખમય અને સાર્થક છે જ્યારે જ્યારે પરમાત્મદર્શી પ્રાતઃસ્મરણીય સત્પુરૂષોના દર્શન–સમાગમનો અમૂલખ લાભ મળતો હોય છે. એ ક્ષણો મહોત્સવમય, મંગલ ને ધન્ય છે જ્યારે સૂક્ષ્મ અથવા સ્થૂલ, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એમના સુધાસભર સત્સંગનો અથવા સદુપદેશશ્રવણનો દેવદુર્લભ લાભ મળતો હોય છે. એવી ક્ષણો પૂર્વનાં પુણ્યોના પરિપાકથી એમના અને ઈશ્વરના અનંત અનુગ્રહરૂપે જ જગતમાં કોઈ કોઈ વિરલ વ્યક્તિવિશેષને પ્રાપ્ત થાય છે એવું કહેવાય છે તેને સાચું માનીએ કે ના માનીએ તો પણ એટલું તો અવશ્ય માનવું પડે છે કે એ ક્ષણો માનવના જીવનની પરમ સૌભાગ્યક્ષણો હોય છે.

આ ગ્રંથની રચના દરમિયાન વીતેલી ક્ષણો એવી જ સુંદર સ્વર્ગીય સૌભાગ્યક્ષણો હતી. એ ક્ષણોએ મને મહર્ષિની સંનિધિનો અમૃતમય આસ્વાદ તો કરાવ્યો જ, પણ બીજી અનેક રીતે લાભ પહોંચાડ્યો. એ સરસ સંતોષકારક કાર્યમાં આર. આર. શેઠની સંસ્થાવાળા શ્રી ભગતભાઈ તથા શ્રી ધીરુભાઈનો ફાળો ખાસ ઉલ્લેખનીય છે. એમણે જ મને મારા ને મહર્ષિ પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઈ આ ઉપકારક લેખનકાર્ય સુપરત કર્યું. એને માટે એમને જેટલા પણ ધન્યવાદ આપું એટલા ઓછા છે. ગુજરાતના સુપ્રસિદ્ધ વાર્તાકાર શ્રી વિઠ્ઠલ પંડ્યાએ પણ આ કાર્યના આરંભમાં જે ઉત્સાહ બતાવ્યો એ માટે એમને ધન્યવાદ આપું છું

**— શ્રી યોગેશ્વર.**
મસૂરી, હિમાલય



## આભાર

પ્રસ્તુત પ્રકાશન માટે મહર્ષિજીનાં જીવન અને કાર્યોની સિલસિલાબંધ માહિતી અને તસવીરો તથા બ્લોકોનો ઉપયોગ કરવાની મંજુરી આપવા માટે શ્રી રમણાશ્રમ, તિરુવણ્ણામલાઈના ટ્રસ્ટીમંડળના પ્રમુખ શ્રી ટી.એન. વેંકટરામન તેમજ શ્રી રમણાશ્રમના અમે આભારી છીએ.

**- ભગતભાઈ શેઠ**
(આર. આર. શેઠની કંપની)

# અનુક્રમણિકા

## ખંડ પ્રથમ - જીવન


૧. પ્રારંભ
૨. તત્કાલિન પરિસ્થિતિ
૩. જન્મ અને શૈશવ
૪. આત્મભાવના
૫. મહાભિનિષ્ક્રમણ
૬. અરુણાચલ તરફ
૭. પ્રભાવ
૮. અરુણાચલના મંદિરમાં
૯. તપશ્ચર્યા
૧૦. ગુરૂમૂર્તમમાં
૧૧. આમ્રવૃક્ષોના બગીચામાં
૧૨. માહિતી મળી
૧૩. માતાનો મેળાપ
૧૪. અરુણાચલ પર્વત પર
૧૫. વિરુપાક્ષી ગુફામાં
૧૬. વાનરોની વાત
૧૭. શાસ્ત્રોનો અભ્યાસ
૧૮. પિલ્લેનું પરિવર્તન
૧૯. પંડિતપ્રવરનો પરિચય
૨૦. લક્ષ્મી અમ્માલ
૨૧. અય્યર અને રાઘવાચારિયર
૨૨. હમ્ફ્રિસ
૨૩. શેષાદ્રિ સ્વામી
૨૪. નટનાનંદ
૨૫. અલઘમ્માનું મૃત્યુ
૨૬. રમણાશ્રમની રચના
૨૭. ચોરીનો પ્રસંગ
૨૮. પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ
૨૯. વિરોધી સાધુઓ
૩૦. મહર્ષિના ભક્તો
૩૧. પશ્ચિમના શિષ્યો - ૧
૩૨. પશ્ચિમના શિષ્યો - ૨
૩૩. ઉત્સવો અને દિનચર્યા
૩૪. મહાસમાધિ
૩૫. મહર્ષિ છે !


## ખંડ બીજો - સાધના અને સાહિત્ય


૩૬. મહર્ષિની સાધના - ૧
૩૭. મહર્ષિની સાધના - ૨
૩૮. મહર્ષિની સાધના - ૩
૩૯. મહર્ષિની સાધના - ૪
૪૦. મહર્ષિની સાધના - ૫
૪૧. મહર્ષિની સાધના - ૬
૪૨. મહર્ષિની સાધના - ૭
૪૩. મહર્ષિની સાધના - ૮
૪૪. મહર્ષિની સાધના - ૯
૪૫. મહર્ષિની સાધના - ૧૦
૪૬. સાહિત્ય

## ખંડ ત્રીજો - સારવચનો, અંજલિ અને પ્રેરક પ્રસંગો


૪૭. સારવચનો

૪૮. અંજલિ - ૧

૪૯. અંજલિ - ૨

૫૦. પ્રેરક પ્રસંગો


## ખંડ ચોથો - વાર્તાલાપો


૫૧. વાર્તાલાપ - ૧

૫૨. વાર્તાલાપ - ૨

૫૩. વાર્તાલાપ - ૩

૫૪. વાર્તાલાપ - ૪

૫૫. વાર્તાલાપ - ૫


## ખંડ પાંચમો - પત્રો


૧. પુત્ર પિતાનો ઋણી છે

૨. આત્મસ્વરૂપની સેવા આત્મસેવા છે

૩. સમત્વ

૪. તમે કશું જ જાણતા નથી

૫. તમે મારી મૂક વિનતિ નહિ સાંભળો ?

૬. ચિત્તાના બચ્ચાં

૭. ક્રોધ

૮. ઉત્તમ અથવા સૂક્ષ્મ લોકો

૯. ચિરંજીવીઓ

૧૦. પ્રદક્ષિણાનું વાસ્તવિક સ્વરૂપ

૧૧. अभयं सर्वभूतेस्यः ।

૧૨. સામાજિક અસ્તિત્વનું નીતિશાસ્ત્ર

૧૩. વિરુપાક્ષી ગુફાના નિવાસની વાતો

૧૪. જ્ઞાનીની દશા

૧૫. બગાડ નહિ

૧૬. નિયમિતતાપૂર્વકની ભક્તિ

૧૭. સફેદ મોર

૧૮. ઉપનયન

૧૯. જાગૃતિ

૨૦. પવિત્ર પાણી અથવા તીર્થ અને પ્રસાદ


☼ ☼ ☼ ☼ ☼

## નોંધ

શ્રી રમણ મહર્ષિ એમના દેશપરદેશના અસંખ્ય નાના મોટા ભક્તોમાં ‘ભગવાન’ અથવા ભગવાન રમણ મહર્ષિના નામે ઓળખાતા. એમના આશ્રમમાં પણ એમને માટે ‘ભગવાન’ શબ્દનો જ પ્રયોગ કરાતો. એનો અર્થ એવો નહોતો કે એ ઈશ્વર અથવા ભગવાન હોવાનો દાવો કરતા. એમના ભક્તો એમને માટે એવા માનવાચક શબ્દનો પ્રયોગ પોતાના એમના પ્રત્યેના ભક્તિભાવને બતાવવા માટે કરતા. એ પરંપરા અને એમની એવી પ્રસિદ્ધિને લક્ષમાં લઈને જ આ ગ્રંથનું નામ ‘ભગવાન રમણ મહર્ષિ’ રાખવામાં આવ્યું છે. એ માત્ર ઔપચારિક છે. એમાં બીજા કોઈ હેતુનું આરોપણ નથી કરવાનું.

**— શ્રી યોગેશ્વર**

# ખંડ પહેલો



# જીવન

## (૧) પ્રારંભ

ભગવાન રમણ મહર્ષિ ! એમના અસંખ્ય અનુયાયીઓની ભક્તિભાવથી ભરપૂર ભાષામાં કહીએ તો ભગવાન રમણ મહર્ષિ ! કેવળ ભારતના નહિ, સમસ્ત સંસારના આધ્યાત્મિક ક્ષેત્રના મહાપુરૂષ. એમના નામને તથા જીવનકાર્યને કોણ નથી જાણતું ? હવે તો એ આખી અવનીમાં દિશાપ્રદિશાને પાવન કરતું ફરી વળ્યું છે.

અંધકારના અનંત આવરણનો અંત આણવા જેવી રીતે પાવન પ્રકાશપુંજ પ્રભાકરનું પ્રાકટ્ય થાય છે તેવી રીતે જનતાના અંતરમાં ફેલાયલા અજ્ઞાનાંધકારને દૂર કરવા આ અવનીતલ પર એમનો આવિર્ભાવ થયો. એમણે જગતને જ્યોતિ આપી. એવી અસાધારણ અમૂલખ જ્યોતિ જે કદી બુઝાય નહિ : કાળ જેનો નાશ ના કરી શકે : જેનાં પવિત્ર પ્રકાશકિરણો માનવના મલિન મ્લાન અંતરાત્માને આલોકિત કરે, જીવન ધરે, અને જેની મૂલ્યવાન મદદથી માનવ પોતાના મૂળભૂત વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને જીવનને પ્રશાંતિથી પુલકિત કરે, સફળ કે સાર્થક બનાવે : જેના સુધાપ્રદાયક સુખકારક સંસ્પર્શથી એની સાધનાવિષયક ભાતભાતની ભ્રાંતિઓ દૂર થાય, સંશયવૃત્તિઓ શમી જાય અને એનું વ્યક્તિત્વ વિરાટ તથા કૃતાર્થ થાય.

એ અલૌકિક મહાકાર્યને કરવા માટે જ એ અવનીમાં આવેલા, કહો કે એમનું અવતરણ થયેલું. સ્વર્ગના સુભગ સરસ પાવન પ્રદેશમાંથી પ્રાદુર્ભાવ પામીને ભગવતી ભાગીરથીએ જેમ પૃથ્વીને નવજીવન અર્પ્યું અને અક્ષય પ્રેરણા પાઈ, તેમ એમણે અનેકના જીવનમાં પ્રેરણા ભરી અને અનેકની સંજીવની બનીને આત્માની રસહીન વાટિકાને મહેકતી કરી, આધ્યાત્મિકતાના વસંતાવતાર સરખા એ સમર્થ સંત માનવતાના મંગલ માટે અતીતકાળમાંથી કરુણા તેમ જ પ્રેમથી પ્રેરાઈને ઊતરી આવ્યા હોય એવા અનેરા લાગતા. અવનીના આત્મિક જીવનની જ્યોતિ જેવા એ મહાપુરૂષ '**संभवामि युगे युगे**' ના ગીતાવચનની સ્મૃતિ કરાવતા આ પાર્થિવ પૃથ્વી પર પ્રકટ થયા છે એવું એમના સંપર્કમાં આવતાવેંત લાગ્યા વિના રહેતું નહિ.

છેલ્લા કેટલાય કાળથી ભારતમાં એક જાતની ઘોર જડતા કે તંદ્રા પ્રસરેલી. એ તંદ્રાને તોડીને ભારતની પ્રજાને એની ભૂતકાલીન ગૌરવગરિમાનો સંદેશ આપનારા સત્પુરૂષો ઈશ્વરના અનુગ્રહરૂપે પૃથ્વી પર પ્રકટવા માંડ્યા. એને પરિણામે ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં ક્રાંતિકારી પરિવર્તન થયું ને રામકૃષ્ણ પરમહંસદેવ, મહર્ષિ દયાનંદ, શ્રદ્ધાનંદ, રાજા રામમોહન રાય, તિલક, ટાગોર, સ્વામી વિવેકાનંદ, રામતીર્થ, પ્રણવાનંદ, યોગાનંદ, અરવિંદ અને મહાત્મા ગાંધી જેવા જ્યોતિર્ધરોની પ્રભાવોત્પાદક પુણ્યમયી પરંપરા પ્રકટ થઈ. એ પરંપરાને પોતાના પરમશ્રેયસ્કર જ્યોતિર્મય જીવનથી સુશોભિત કરવાનું અને એ રીતે મૂંઝવણમાં મુકાયેલી માનવજાતિને જીવનવિકાસની સાધનાનો મહામૂલ્યવાન મંત્ર સંભળાવવાનું મહાકાર્ય શ્રી રમણ મહર્ષિ કરી ગયા, ને કરી રહ્યા છે. એવા મંગલમય મહામંત્રના ઉદગાતારૂપે જ એમનો આવિર્ભાવ થયો.

ભારત જ નહિ, સમસ્ત સંસાર એમને માટે ગૌરવ લઈ શકે છે. શાશ્વત સુખશાંતિની અભિલાષા રાખતી ને ખોજ કરતી, સંત્રસ્ત બનેલી, ભૌતિક ઉત્કર્ષને જ જીવનનું સારસર્વસ્વ સમજતી, અનેક પ્રકારની

નાનીમોટી સમસ્યાઓમાં અટવાયેલી અને એ સમસ્યાઓનું નિરાકરણ કરવા મથતી માનવજાતિને માટે એમનો સંદેશ આજે પણ એટલો જ અનુકરણીય અને આશીર્વાદરૂપ છે, જેટલો એમના જમાનામાં હતો, અને ભવિષ્યમાં પણ અંનતકાળને માટે આશીર્વાદરૂપ થઈ પડશે. સનાતન સત્ય દેશકાલાતીત હોવાથી એને યુગનાં બંધન નથી નડતાં. એ સર્વકાળ તથા સર્વસ્થળને માટે એકસરખું ઉપયોગી હોય છે ને શ્રેયસ્કર ઠરે છે. એ દૃષ્ટિએ એમના જીવનને ને જીવનસંદેશને વિચારવાનું કાર્ય કલ્યાણકારક થઈ પડશે. આજના માનવને એ અનુપ્રાણિત કરશે કે પ્રકાશ ધરશે. અસંખ્ય અંધકારાવૃત્ત અંતરો એથી આલોકિત બનશે. એનું ચિંતન, મનન કે પરિશીલન સાધનામાં રસ ધરાવતા પૂર્ણતાના પંથના પ્રવાસીઓ માટે ઉપયોગી ઠરશે.

* * *     * * *     * * *     * * *

પરદેશી પ્રવાસીઓ ભારતદર્શનની ભાવનાથી પ્રેરાઈને આવે છે અને ભારતના તાજમહાલ જેવાં સુંદર પ્રતીકો, દક્ષિણ ભારતનાં સ્થાપત્યકળાથી સુશોભિત મંદિરો, ગગનચુંબી વિશાળ ઘુમ્મટો, ઉદ્યોગો, નૃત્યો અને એવી વસ્તુઓનું દર્શન કરીને મુગ્ધ બને છે. એ બધું ભારતનું દર્શન છે એની ના નહિ, પરંતુ એનું સાચું દર્શન કેવળ મંદિરો, બંધો અને ઐતિહાસિક અવશેષો તથા કારખાનાંઓમાં ને વૈજ્ઞાનિક સંશોધનક્ષેત્રો અથવા અન્વેષણ-કેન્દ્રોમાં નહિ પરંતુ એના સાંસ્કૃતિક પ્રતિનિધિ જેવા સ્વાનુભવસંપન્ન સત્પુરૂષોમાં રહેલું છે એની ખબર એમને ભાગ્યે જ હોય છે. જેમણે પણ રમણ મહર્ષિનું દર્શન કર્યું છે તેમણે જાણ્યું છે કે એમના રૂપમાં ભારતનું વરસોથી વિલુત્પ થઈ ગયેલું સાંસ્કૃતિક અથવા આધ્યાત્મિક ગૌરવ ફરીવાર પ્રકાશિત બની ઉઠેલું. એમનું વ્યક્તિત્વ દેવદુર્લભ, દર્શનીય અને દેશને માટે ગૌરવપ્રદ બનેલું.

* * *     * * *     * * *     * * *

આપણે ત્યાં કેટલાક વિચારકો ને સમાજ સેવકો ક્રાંતિની વાતો કરે છે. સમાજના પુનર્ગઠનને માટે એ ક્રાંતિની ને સશસ્ત્ર ક્રાંતિની હિમાયત કરે છે. એ સિવાય સમાજની નવરચનાની શક્યતા એમને નથી દેખાતી. કેટલાક વિચારોની ક્રાંતિમાં માને છે તો કેટલાક ભાવો તથા સંસ્કારોની ક્રાંતિમાં. ક્રાંતિના એ પ્રવાહો પોતપોતાની રીતે કાર્ય કરતા પ્રબળ ગતિથી ચાલ્યા કરે છે. સંસારમાં એવી ક્રાંતિઓ અને લોહિયાળ ક્રાંતિઓ અનેક થઈ છે. પરંતુ માનવના પાયાના પ્રશ્નોનું સુખદ સમાધાન નથી થયું. એની સમસ્યાઓ શાંત નથી થઈ. પ્રશ્નો દબાયા કે પલટાયા છે અને એક પ્રકારના પ્રશ્નોને ઠેકાણે બીજા નવા પ્રકારના પ્રશ્નો પેદા થયા છે. તો પણ, વિચારોની ક્રાંતિ માનવજાતિના આધ્યાત્મિક ઈતિહાસમાં અત્યંત પ્રાચીન સમયથી-છેક પ્રાગૈતિહાસિક કાળથી જોવા મળે છે. જૂના વિચારો, જૂની પદ્ધતિઓ, પુરાણી પરંપરાઓ અથવા રીતરસમો અને માન્યતાઓની સામે નવા વિચારો પોતાનું સ્થાન મેળવવાના પ્રયત્નો કરતા રહ્યા છે અને નૂતન પરંપરાઓ પોતાના મૂળને સુદૃઢ કરવા મેદાને પડી છે. રમણ મહર્ષિ જે જમાનાના પ્રતિનિધિ બનીને પ્રકટ થયા તે જમાનો પણ વિચારોની ક્રાંતિનો હતો. એ જમાનાના એક મહાન અસાધારણ ક્રાંતિવીર મહાત્મા ગાંધીએ સમસ્ત રાષ્ટ્રમાં ક્રાંતિની ચિનગારી પ્રકટાવેલી અને પોતાના પ્રખર પારદર્શક વ્યક્તિત્વથી પ્રજાના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરેલું. એમની પહેલા ભારતીય સંસ્કૃતિ તથા શાસ્ત્રોના અગ્રદૂત બનીને આવેલા મહર્ષિ દયાનંદે ને વેદાંતકેસરી વિવેકાનંદે પણ ક્રાંતિના મંગલમય મંત્રોને વહેતા કરેલા. પરંતુ ગાંધીજીની ક્રાંતિ વધારે વ્યાપક ને વિરાટ હતી. એ સર્વતોમુખી હતી. રમણ મહર્ષિ પણ સૂક્ષ્મ રીતે વિચારતા એક મહાન

ક્રાંતિવીર હતા, તો પણ એમને ક્રાંતિ શબ્દ એટલો આકર્ષક અને અનુરૂપ નહોતો લાગતો. એમનો સાધનામાર્ગ કેવળ ક્રાંતિનો નહિ કિન્તુ શાંતિનો હતો. એ શાંતિમય ક્રાંતિમાં અને શાંતિ માટેની ક્રાંતિમાં માનતા. એ દૃષ્ટિએ એ એક સર્વોત્તમ શાંતિવીર હતા. એમની શક્તિ બહારના શાસ્ત્રોમાં નહોતી સમાયેલી. સત્તા, પ્રતિષ્ઠા કે વાણી પૂરતી સીમિત નહોતી. એ અસાધારણ શક્તિ આત્માની અપરોક્ષાનુભૂતિના સીધા પરિણામરૂપ, એમના આચારમાં-અસ્તિત્વના અણુએ અણુમાં મૂર્તિમંત બનેલી. અને એથી જ અજય, અચળ અથવા અખૂટ હતી.એ મહાપુરૂષને બહારની ક્રાંતિ કરતાં પોતાના આત્માની અંદરની ક્રાંતિમાં વિશેષ રસ હતો. શૈશવથી જ એમને એ ક્રાંતિની શિક્ષા લાધેલી. એ શિક્ષાદિક્ષાના સીધા પરિણામરૂપે એ પોતાની મૂળભૂત ક્રાંતિ કે કાયાપલટમાં જ વિશેષ માનતા અને એના પર જોર દેતા.

* * *     * * *     * * *     * * *

એમણે યોગ, સાધના, સિદ્ધિ, સંપૂર્ણતા, આધ્યાત્મિકતા, અથવા સંત મહાત્મા કે મહર્ષિને નામે કોઈ નાનામોટા દાવા ના કર્યા. બીજા પ્રતિષ્ઠાપ્રિય પુરૂષોની પેઠે બીજાને પ્રભાવિત કરવાના ક્ષુલ્લક આશયથી પ્રેરાઈને પોતાની શક્તિની મિથ્યા અતિશયોક્તિભરી ગુલબાંગો ના ફેંકી. કેટલાક કહેવાતા, પોતાની મેળે બની બેઠેલા પરમાત્માના પ્રિય પાર્ષદો, પયગંબરો કે અસામાન્ય અવતારોની પેઠે મિથ્યાભિમાનથી પ્રેરાઈને એમણે જગતનો ઉદ્ધાર કરવાનો ઈજારો ના લીધો અને પોતાને પરમાત્માના એકમાત્ર ઈજારેદાર પણ ના ઠરાવ્યા. એમણે જાહેરમાં આવીને પોતાનું મહત્વ દર્શાવવા અને વધારવા કોઈ જાદુગરી વિદ્યાનો આશ્રય ના લીધો. નાનામોટા દર્શકોની વિશાળ મંડળીને આંજી દેતા ચમત્કારો ના કર્યા અને લોકોને આશ્ચર્યચક્તિ કરનારા પ્રયોગોની પરંપરા પણ ના આરંભી. એમણે તો બનતા મૂક રહીને ને શાંત બેસીને માનવની મૂળભૂત સુષુપ્ત શક્તિને જાગૃત કરવાનું, એના આત્માને આલોકિત કરવાનું ને શક્તિશાળી બનાવવાનું જ કાર્ય કરી બતાવ્યું. એ જીવનભર સીધાસાદા ને સંયમી જ બની રહ્યા. એમણે માનવને આત્મોન્નતિ કરવાનો, આત્મસાક્ષાત્કાર સાધવાનો ને આત્માનુસંધાનમાં સુદૃઢ બનવાનો અથવા સુસ્થિર રહેવાનો સંદેશ પૂરો પાડ્યો. એટલું જ નહિ, એ એના મૂર્તિમંત રૂપ બન્યા. એમનું સમગ્ર જીવન જ એમનો ઉપદેશ બન્યું કે સંદેશ થયું. એમણે આજીવન એક અથવા બીજા પ્રકારે માનવને પોતાના આત્માને ઓળખવાનો ને પોતાનું પરિત્રાણ કરવાનો આદેશ આપ્યો. એને માટે અંતર્મુખ બનવાની સાધનાનો નિર્દેશ કર્યો. સર્વ પ્રકારના બાહ્ય દેખાવ, દંભ, મહત્વ અને સ્વપ્રતિષ્ઠાના માયાવી ખ્યાલથી મુક્ત રહીને એમણે જીવનભર એ સાધનાનું જ સમર્થન કર્યું ને કહ્યું કે એ વિના માનવનું ને માનવસમાજનું પરમમંગલ નથી થવાનું.

એ સાધનાના પુરસ્કર્તા તરીકે એમણે ગુરૂભાવને ધારણ કરવાને બદલે બીજાના મમતાળુ માર્ગદર્શક બનવાનું જ પસંદ કર્યું. ગુરૂભાવનું મિથ્યાભિમાન એમને સ્વપ્ને પણ ના સ્પર્શી શક્યું.

એ સાધના નૂતન નહોતી, પુરાતન હતી. એનાં મૂળ વેદ અને ઉપનિષદકાળ જેટલાં અથવા કહો કે એથીય અધિક ઊંડાં હતાં. પોતાની સાધનાપદ્ધતિને સંક્ષેપમાં રજૂ કરતાં એ અવારનવાર એટલું જ જણાવતા કે તમારી જાતને ઓળખો; હું કોણ એનો સાક્ષાત્કાર કરો. એ સાક્ષાત્કાર કરી લેશો એટલે તત્વજ્ઞાનવિષયક સઘળી સમસ્યાઓ ઊકલી જશે. સર્વ પ્રકારનું આધ્યાત્મિક સ્પષ્ટીકરણ મળી રહેશે. ઉપનિષદની સુંદર સારગર્ભિત ભાષામાં કહીએ તો आत्मानं विजानीथ । આત્માને જાણો. શંકરાચાર્યના પેલા સુપ્રસિદ્ધ શબ્દોમાં

રજુઆત કરીએ તો कस्त्वम् । તું કોણ ? એ જ એમની સાધનાનો મુખ્ય મંત્ર હતો. મૂળ પ્રેરકમંત્ર. એ ધ્રુવપદમાંથી એમના સાધનાત્મક સંગીતની સૃષ્ટિ થયેલી. એમની સાધનાનો એ મધ્યવર્તી વિચાર હતો. એની આજુબાજુ જ એમની સાધનાના વિશાળ વટવૃક્ષનો વિસ્તાર થયેલો.

* * *   * * *   * * *   * * *

રમણ મહર્ષિ વિરલ મહાપુરૂષ હતા. સંસારના ચિત્રવિચિત્ર વિશાળ વનમાં આવીને એમણે એમનાં આગમનના ઉદ્દેશને નિત્ય નિરંતર નજર સમક્ષ રાખ્યો એટલું જ નહિ, એની પૂર્તિ માટે બધાં જ ચક્રો ગતિમાન કર્યાં. એમનું ધ્યેયલક્ષી જીવન પદ, પ્રતિષ્ઠા, પ્રમદા જેવાં વિવિધરંગી પ્રલોભનોથી મુક્ત રહીને ધ્યેયની દિશામાં જ કોઈ પણ પ્રકારના વ્યવધાન વગર વહેવા માંડ્યું ને છેવટ સુધી વહેતું જ રહ્યું. પોતાના મૂળભૂત ઉદ્દેશની સિદ્ધિ કરીને જ એણે સંતૃપ્તિ કે શાંતિ મેળવી. એ જીવનને વિદ્વત્તા વીંટી ના શકી, પાંડિત્ય પરવશ ના કરી શક્યું, અશાસ્ત્રીય ઘોર તપ રૂંધી ના શક્યું, ને સામાન્ય અસામાન્ય સિદ્ધિની લાલસા એના વેગમાં વિક્ષેપ ના પાડી શકી. એ પરિપૂર્ણતાની પ્રાપ્તિની અને એને માટેની અનવરત, સમજપૂર્વકની સાધનાની દિશામાં સદાકાળ વહેતું જ રહ્યું.

* * *   * * *   * * *   * * *

રમણ મહર્ષિ જેવા વીતરાગ પૂર્ણતાપ્રાપ્ત મંગલમય મહાપુરૂષ આધ્યાત્મિક જગતના જાજ્વલ્યમાન ઈતિહાસમાં જવલ્લે જ જડે છે. એવા અસાધારણ સુયોગ્યતા સંપન્ન જ્યોર્તિધર જ્યારે ત્યારે ને જ્યાં ત્યાં નથી થતા. વરસો કે યુગો પછી એ એકાદવાર જ આવિર્ભાવ પામે છે. મૂંઝાયેલી માનવજાતિમાં આશા તથા શ્રદ્ધાના નવા સંદેશનો સંચાર કરી અને અંધકારાવૃત્ત અવનીના અંતરમાં અભિનવ પ્રકાશના પરમપાવન કિરણો ભરીને નૈસર્ગિક નિયમાનુસાર એક દિવસ એ વિદાય થાય છે પરંતુ એમની સૌરભ અનંતકાળને માટે અમર બની જાય છે. જેમને એમનું દર્શન કરવાનુ સદ્દભાગ્ય સાંપડ્યું હશે તે સુપરિચિત હશે કે એવા સત્પુરૂષો પૃથ્વી પર કોઈક ધન્ય કાળે, ધન્ય ઘડી-પળે જ પ્રકટતા હોય છે. એ આત્મિક શક્તિના અક્ષય ભંડાર બનીને પોતાનું કાર્ય કરે છે. મહાત્મા ગાંધીજીના સંબંધમાં સુવિખ્યાત વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને કહેલું કે ભાવિ પ્રજાના માનવામાં પણ નહિ આવે કે આવા અદ્દભુત આત્મશક્તિથી સંપન્ન મહાપુરૂષ આપણી પૃથ્વી પર પાર્થિવ રૂપે માનવ શરીરમાં શ્વાસ લેતા કે ફરતા'તા. એ જ વિધાન શ્રી રમણ મહર્ષિના સંબંધમાં પણ સાચું ઠરે છે. ભવિષ્યની પેઢીઓને ને જેમણે એમના સુખદ સંપર્કમાં આવવાનું સદ્દભાગ્ય નથી મેળવ્યું એવા આજના પ્રજાજનોને એમની જીવનકથા આશ્ચર્યચક્તિ કરનારી લાગશે. પરંતુ મહાત્મા ગાંધીજીની જેમ એ મહાપુરૂષ તાજેતરમાં આપણા જ જમાનામાં થઈ ગયા એ એક હકીકત છે.

ભારતવર્ષ પાસે સંસારની આગળ ગૌરવપૂર્વક, એની સનાતન સંસ્કૃતિના પ્રતીક સરખું મૂકવા જેવું શું છે ? એનાં ભીમકાય કારખાનાં ? ના. ઔદ્યોગિક અન્વેષણક્ષેત્રો ? ના. એના બંધો અને એની ચિત્તાકર્ષક ઐતિહાસિક ઈમારતો ? ના. તો શું એના બૌદ્ધિક પ્રતિભાયુક્ત, આત્મિક અનુભવથી અલંકૃત, જ્ઞાનગરિમાથી ભરેલાં, વેદ અને ઉપનિષદ સરખાં સુંદર શાસ્ત્રો ? હા. એમની અંદર એની સંસ્કૃતિ સમાયલી છે. એમાં એનું અંતર ધબકી રહ્યું છે. એટલે એમને ભારતવર્ષના અમર આત્માના અક્ષય વારસા તરીકે સંસારની સમક્ષ સંપૂર્ણ સંતોષ સાથે ગૌરવપૂર્વક અવશ્ય મૂકી શકાય. પરંતુ એથીયે અધિક ગૌરવયુક્ત,એની સનાતન

સર્વમંગલ સંસ્કૃતિનું સાચું ને સમ્યક્ તથા સંપૂર્ણ પ્રતિનિધિત્વ તો રમણ મહર્ષિ, ગાંધીજી અને અરવિંદ જેવા એને ખોળે પ્રકટેલા કૃતકામ મહાપુરૂષો કરે છે. એમના અસાધારણ જ્યોતિર્મય જીવનમાં એના અમૂલખ જીવનસંદેશનો પડઘો પડે છે. એમને આપણે માનવજાતિના મંગલ માટે રજૂ કરી શકીએ અને એમનામાંથી પ્રેરણા મેળવીએ. આજના વૈજ્ઞાનિક અન્વેષણોના ને અદ્દભુત અવકાશયાત્રાના યુગમાં પણ આત્મબળથી ઓપતા એવા મહાપુરૂષોની પ્રેરણા માનવજાતિને માટે એટલી જ આવશ્યક છે. એમના જીવનનો વારંવારનો વિચાર અને એમના આદેશોનો આચાર આપણા જીવનને જ્યોતિર્મય કરનારો બની શકે તેમ છે. એમાં તિલમાત્ર સંદેહ નથી. માનવજાતિના ઈતિહાસના આવા મહત્વના સમયે, સંસારમાં એક બાજુએ આસુરી વૃત્તિઓનું વર્ચસ્વ વધી રહ્યું છે ત્યારે, દૈવી પ્રકૃતિના પ્રતિનિધિ જેવા એવા લોકોત્તર પુરૂષોનું પ્રાકટ્ય સાચેસાચ આશીર્વાદરૂપ છે ને માનવજાતિના સુંદર વર્તમાનની ને સુખશાંતિમય ભાવિની આશા જગાવે છે.

ભારતવર્ષની સંસ્કૃતિ સનાતન કહેવાય છે એ સંસ્કતિનો સર્વનાશ કેમ નથી થયો ને અવનીતલ પરની અસંખ્ય સંસ્કૃતિઓનો વિલય થવા છતાં એ કેમ અમૃતમય રહી છે એ પ્રશ્નનો પ્રત્યુત્તર રમણ મહર્ષિ જેવા મહાપુરૂષના વ્યક્તિત્વનો વિચાર કરવાથી આપોઆપ મળી રહે છે. ભારતીય ધર્મ ને સંસ્કૃતિનો-સાધનાનો સનાતન પુણ્યપ્રદીપ જ્યારે જ્યારે મંદ પડવા માંડ્યો છે ત્યારે એની અંદર પ્રાણસંચાર કરીને એને નવજીવન પ્રદાન કરનારા મહાપુરૂષોનું પ્રાકટ્ય થયું જ છે. એમણે સંસ્કૃતિના શાશ્વત સંદેશને વહેતો કરીને એને જીવંત રાખવામાં મહત્વનો ફાળો આપ્યો છે. એવા સાંસ્કૃતિક જ્યોતિર્ધરો, આત્મવિકાસની અદ્દભુત સાધનાના સુમેરૂ શિખર પર પહોંચેલા મહામાનવોની પ્રેરણાપ્રદાયક પરંપરા ભારતમાં છેલ્લાં બસો વરસોમાં પ્રકટતી રહી છે. મહર્ષિ દયાનંદ અને ભગવાન રામકૃષ્ણ પરમહંસ એ પરંપરાના અગ્રદૂત હતા. એ પરંપરાના પ્રતાપી ગ્રહનક્ષેત્રોમાં રમણ મહર્ષિનું સ્થાન પણ આગવું, અગત્યનું અને અચળ છે. એવા મહાન જાજ્વલ્યમાન જ્યોતિર્ધરના જીવનનો વિચાર અત્યંત આશીર્વાદ રૂપ થઈ પડશે. એમનું પાર્થિવ સ્થૂલ શરીર આજે હયાત ના હોવા છતાં એમના સંત્સંગનો આસ્વાદ પ્રેરણા આપનારો બની રહેશે.

રમણ મહર્ષિ આત્માની અખંડ અનુભૂતિમાં વાસ કરતા હોવા છતાં છેક જ સાદા અને સરલ હતા. એમનું જીવન પ્રકાશમય ને પારદર્શક હતું. એ શિશુ જેવા નિખાલસ ને નમ્ર હતા. પૂર્ણતામાં પ્રતિષ્ઠિત અને પૂર્ણપણે પ્રતિષ્ઠત હોવા છતાં અક્કડ અથવા અહંકારયુક્ત ન હતા. એમણે ધર્મના મૂળભૂત સત્વને અથવા સારતત્વને જીવનમાં ઉતારેલું તો પણ એ કોઈ વિશેષ ધર્મ કે સંપ્રદાયના ન હતા. એમણે પરમ સત્યનો સાક્ષાત્કાર કરેલો ને સત્યનો કોઈ પ્રચલિત ધર્મ કે સંપ્રદાય નથી હોતો. એમના વેશ કે જીવનક્રમ પાછળ કોઈ આશ્રમનું પરંપરાગત બંધન ન હતું. એ મુક્ત હતા ને જીવનભર મુક્ત જ રહ્યા. એ સત્યની સનાતન સાધનાના સંપૂર્ણ સંસ્કરણ હતા એમ કહીએ તો ચાલે. એમની વાણી ઓછું બોલતી પરંતુ એમનું જીવન વિશેષ બોલતું અને અસરકારક ઠરતું. દેશમાં આજે સમાજની કાયાપલટ કરવા માગનારા નાનામોટા પુરૂષો અનેક છે એ એક સારી વાત છે; પરંતુ એમનામાંના મોટા ભાગના પુરૂષો પોતાની અંતરંગ યોગ્યતા પ્રત્યે સજાગ નથી એ એટલું જ કમનસીબ ને કરૂણ છે. સમાજની કાયાપલટ કેવળ મહત્વાકાંક્ષાથી, ઉત્સાહથી ને પ્રવચનોથી તથા બીજી પ્રવૃત્તિઓથી નથી થઈ જવાની. એને માટે આત્મિક સાધનાની કે તપની પણ આવશ્યકતા છે. એવી તપસ્યા ને સાધના વિના સેવાપથમાં આવતાં પ્રલોભનોનો સફળતાપૂર્વક સામનો નથી

કરી શકાતો, જરૂરી શક્તિલાભ નથી થતો, ને નક્કર સેવા પણ નથી કરી શકાતી. ભગવાન રમણ મહર્ષિના જીવનમાં એ સુંદર સંદેશ સમાયેલો છે કે બીજાની સેવા કરવા ઈચ્છનારે પોતાની સેવા કરવી પણ એટલી જ આવશ્યક છે . સમાજમાં ક્રાંતિ કરવા માગનારે ને બીજાની કાયાપલટની કામનાવાળાએ પોતાની અંદર ક્રાંતિ કરવી ને પોતાની કાયાપલટ કરવી અનિવાર્ય છે. પોતાના અંતરાત્માને આલોકિત કર્યા સિવાય બીજાના અંતરાત્માને આલોકિત નહિ કરી શકાય. આધ્યાત્મિક અભ્યુત્થાનના કલ્યાણકારક કાર્યમાં એ મંત્રનું મહત્વ ઘણું મોટું છે, કારણ કે એ મંત્રશક્તિના મૂર્તિમંત રૂપ જેવો માનવ પોતાના આદર્શ જીવન ને કાર્ય દ્વારા સમાજને વધારે ઉપયોગી થઈ શકે છે ને ચિરસ્થાયી અસરો ઊભી કરેછે. રમણ મહર્ષિ એના અસાધારણ પ્રતીકરૂપ છે.

ભારતવર્ષના ને સમસ્ત સંસારના અતીતકાળના ઋષિઓની પરંપરામાં અત્યંત ગૌરવપૂર્વક વિરાજી શકવાની યોગ્યતાવાળા એ મહાપુરૂષના મંગલમય જીવનમાંથી આજના જગતને ઘણું જાણવાનું મળશે. આજના સમસ્ત સંસારને એમાંથી જીવનોપયોગી ભાથું જડશે. એનો આત્મા આલોકિત બનશે. એ મહર્ષિની વાણી આજે પણ વાતાવરણમાં ગુંજી રહી છે. એમના અમીમય જ્યોતિર્મય નેત્રો આજે પણ પ્રકાશનાં પાવન રશ્મિ રેલી રહ્યાં છે. સંક્ષુબ્ધ માનવને એ આજે પણ પોતાના વિશિષ્ઠ પ્રગતિપથ પર નિમંત્રી રહ્યા છે. એમનો લાભ લઈને માનવ આજે પણ કૃતાર્થ થઈ શકે છે.

* * *   * * *   * * *   * * *

આધ્યાત્મિક સાધનાના સર્વોચ્ચ શિખર પર પહોંચેલા એ મહાત્મા પુરૂષને મારા પરમ પ્રેમપૂર્વક પ્રણામ છે, વારંવાર પ્રણામ છે ! ભારતના ઉપનિષદ્કાલીન પ્રાતઃસ્મરણીય આર્ષદ્રષ્ટા ઋષિમુનિઓના અલૌકિક અનુભવવારસાને જીવંત રાખનારા એ મહર્ષિએ એમની પ્રકાશમય પરંપરાને વધારે પ્રકાશિત કરેલી. એમને અલંકૃત કરવાની શક્તિ અથવા સુયોગ્યતાથી એ સંપન્ન હતા. એ સાચા અર્થમાં મહર્ષિ હતા.

વૈદિક કાળના કોઈક લોકકલ્યાણ કામનાવાળા ઋષિનો એમના રૂપમાં આર્વિભાવ થયો હોય એવું એમને અવલોકતાં અને એમના અધિકાધિક સંપર્કમાં આવવાથી અનુભવાતું. ભારતવર્ષના આધ્યાત્મિક ગૌરવને દિશાપ્રદિશામાં-દેશવિદેશમાં ફરીવાર વહેતું કરનાર એ વીતરાગ પરમાત્મનિષ્ઠ પરમાત્મપરાયણ પરમાત્મસદૃશ મહર્ષિનું સ્મરણમનન માનવજાતિને આત્મવિકાસના માર્ગે પ્રેરિત કરનારૂં ને શ્રેયસ્કર થઈ પડશે. આજે દેશની દશા દયનીય છે, માનવજાતિની અવસ્થા પણ અશાંત, અસ્વસ્થ ને કરૂણ છે, ત્યારે એવા મહાપુરૂષના મંગલમય માર્ગદર્શનની આવશ્યકતા છે. એમના અનુગ્રહની આવશ્યકતા છે. આજે અને સર્વકાળને માટે એમનો સંદેશ સનાતન હોવાથી કામનો થઈ પડે તેમ છે. સંસારને એમાંથી પ્રેરણા મળે તેમ છે. અંધકારથી આવૃત્ત અંતરોને પ્રકાશ સાંપડે તેમ છે. આપણે એ સંદેશનુ સ્મરણ કરીને એમને પ્રેમપૂર્વક પ્રણામ કરીને પ્રાર્થીશું કે એમના આશીર્વાદ સમસ્ત, શોકસંતપ્ત સંસાર પર ઉતરે ને મૂંઝાયેલા માનવો એમની મારફત માર્ગદર્શન મેળવીને પોતાના જીવનને જ્યોતિર્મય ને સંસારને સ્વર્ગીય કરે.

મહર્ષિ જેવા મહાપુરૂષો આપણી પાર્થિવ પૃથ્વી પર શા માટે આવે છે ? કોઈ સેવાભાવનાસભર સંસ્થા સ્થાપવા ? પ્રવચનો દ્વારા જ્ઞાન ફેલાવવા ? સંપ્રદાય રચવા ? શિષ્યો અથવા પ્રશંસકો અને અનુયાયીઓનું નિર્માણ કરવા ? ના. એમનું જીવનકાર્ય એ નથી હોતું. એ બધું અથવા એમાંનું કેટલુંક સ્વાભાવિક કે સહજ

રીતે થાય તો ભલે; પરંતુ એમના આગમનનો હેતુ એવો નથી હોતો. એ તો અવનીમાં એક જ આદર્શ માટે આવે છે–જગાડવા, સૂતેલાં માનવઅંતરોને જાગ્રત કરવા, એમને જીવનવિકાસની કેડી બતાવવા, અનુપ્રાણિત કરવા અને એ કેડીએ કરૂણાપૂર્વક આગળ વધારવા. એ માટે એ સૌથી પહેલાં તપે છે, શક્તિસંચય કરે છે, યોગ્યતાનું નિર્માણ કરે છે, અને પછી પોતાના પુરૂષાર્થના પરિણામે પ્રાપ્ત ખજાનો બીજાને માટે ખૂલ્લો મૂકે છે. એમનું જીવન, દર્શન, વર્તન ને સંભાષણ શાસ્ત્રો બને છે, વેદવાક્ય ઠરે છે ને બળ ધરે છે. એ જગાડવા અને આગળ વધારવા જ આવતા હોય છે. એમને શિષ્યો, સંપ્રદાયો, પ્રશંસકો, અનુયાયીઓ, સંસ્થાઓ, ઉપદેશો કે પ્રવચનોમાં રસ નથી હોતો. એ પોતે જ સંસ્થા બને છે અને અનેકને આશ્રય આપે છે. બીજી યુગાનુરૂપ પ્રવૃત્તિઓ એમની દ્વારા થાય તે ભલે, પરંતુ એમનો મૂળ ઉદ્દેશ્ય એ જ હોય છે : પૃથ્વીને આત્મપ્રકાશથી પ્રકાશિત કરવાનો, માનવમનને મધુતાથી મઢવાનો. મહર્ષિ જેવા મહાપુરૂષો એ મહાકાર્ય કરવા માટે જ પધારે છે. મહાકાર્યની આપણે આજે પણ આવશ્યકતા છે. એને માટે આપણે એમના આશીર્વાદ અને મંગલ માર્ગદર્શનની આકાંક્ષા રાખીએ છીએ.

ભારતનું જ નહિ કિન્તુ સમસ્ત સૃષ્ટિનું સૌભાગ્ય છે કે મહર્ષિ જેવા મહાપુરૂષો એમાં પ્રકટ થાય છે ને પોતાનો જીવનસંદેશ સંભળાવે છે. આ અવનીમાં અનેક પ્રકારનાં આસુરી આવરણોની વચ્ચે દૈવી સંપત્તિના મૂર્તિમંત રૂપ જેવા, દેવદૂત સરખા, પરમાત્માના પ્રતિનિધિસમા એવા મહાપુરૂષોનો પ્રાદુર્ભાવ થતો રહે છે એ કાંઈ ઓછું ઉત્સાહવર્ધક અને આશાજનક નથી લાગતું. સમસ્ત, અશાંત માનવજાતિના મંગલની એમાં આશા રહેલી છે. માનવમનને ઊર્ધ્વગામી કરનારો ને જીવનને ઉદાત્ત બનાવનારો એમનો સંદેશ આજે પણ એટલો જ અગત્યનો છે, અને અધિક અગત્યનો છે. આપણને સૌને અનુપ્રાણિત કરે ને સન્માર્ગમાં દોરે એવું ઈચ્છીશું.

☼ ☼ ☼ ☼ ☼

## (૨) તત્કાલીન પરિસ્થિતિ

પેલા સુપ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિતમાં લોકમાનસથી ને દુન્યવી પરિસ્થિતિથી પૂર્ણ પરિચિત કવિએ સ્વાનુભવના સરસ સારગર્ભિત શબ્દોમાં કહ્યું છે કે પ્રત્યેક પર્વતીય પ્રદેશમાં માણેક નથી પાકતું, હરેક હાથી મોતીથી મંડીત નથી હોતો, દરેક વનમાં ચંદનના વૃક્ષો નથી હોતાં, અને એવી જ રીતે સંતપુરૂષોનું દર્શન પણ ઠેર ઠેર નથી થતું.

**शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजेगजे।**
**साधवो न हि सर्वत्र, चंदनं न वने वने ॥**

એમાં આપણે એટલો સુધારો કરી શકીએ કે **महर्षिः न हि सर्वत्र ।** એટલે કે સંતપુરૂષોનું દર્શન તો દુર્લભ છે જ, પરંતુ એવા સુદુર્લભ સંતોમાં પણ રમણ મહર્ષિ જેવા મહાપ્રતાપી આત્મનિષ્ઠ મહર્ષિવર્યનું દર્શન કાંઈ સહેલાઈથી નથી થતું. એ થાય અથવા ના પણ થાય. માનવજાતિના આધ્યાત્મિક ઈતિહાસમાં એ પ્રકટે છે જ કોઈક વિરલ ધન્ય કાળે, કેટલાક યુગો પછી. પ્રત્યેક પર્વતીય પ્રદેશમાં કદાચ માણેક પાકે, હરેક હાથી મોતીથી મંડીત બની જાય, દરેક ઉપવનમાં ચંદનનાં સુગંધીદાર શીતળ વૃક્ષો પેદા થાય, ને સંતપુરૂષોનું દર્શન ઠેર ઠેર સુલભ બને, તો પણ મહર્ષિ રમણ જેવા મહાપુરૂષ એમાં ભાગ્યે જ મળે. એમની યોગ્યતા એટલી બધી અસાધારણ હતી.

* * *   * * *   * * *   * * *

રમણ મહર્ષિના આવિર્ભાવ વખતની અને એમની પ્રખ્યાતિ પહેલાંની તત્કાલિન પરિસ્થિતિ કેવી હતી એનું વિહંગાવલોકન કરવાનું રસપ્રદ થઈ પડશે. એવું વિહંગાવલોકન અસ્થાને નહિ ગણાય. એ વખતની ધાર્મિક અથવા આધ્યાત્મિક પરિસ્થિતિ સાથે આપણે સવિશેષ સંબંધ હોવાથી આપણે એનું ઊડતું અવલોકન કરી લઈશું. રમણ મહર્ષિના પ્રાકટ્ય અથવા એમની પ્રખ્યાતિ પહેલાં ભારતમાં દેશવિદેશનું પોતાના તરફ ધ્યાન આકર્ષિત કરનારી લોકોત્તર વિભૂતિઓનો આવિર્ભાવ થઈ ચૂકેલો. એમણે આત્મિક સાધનાના ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કરીને સિદ્ધિ મેળવેલી, જનતાના વિશાળ વર્ગનું ધ્યાન પોતાના પ્રત્યે આકૃષ્ટ કરેલું, ને ધર્મ, સાધના તથા સંસ્કૃતિની શ્રેષ્ઠતમ સેવા કરીને ભારતના ભૂતકાલીન ગૌરવમાં અભિવૃદ્ધિ કરેલી. વરસો ને યુગો પછી ભારતમાં એક એવી અસાધારણ વિભૂતિનો જન્મ થયેલો જેણે ભારતીય આધ્યાત્મિક સાધનાનાં સમસ્ત અંગોપાંગોને એમની ખૂબી સાથે જીવનમાં ઉતારેલાં; જે ભારતીય સાધનાના સંપૂર્ણ પ્રતીક હતા, ને ભારતના જ નહિ, વિશ્વના આધ્યાત્મિક મહાપુરૂષોમાં સૌથી વિલક્ષણ હતાં-શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ. એ આધ્યાત્મિકતાના અસાધારણ અવતાર બનીને અવનીમાં આવેલા એમ કહીએ તો ચાલે. વરસો સુધી મૂક રહીને, વિજનમાં વસીને, અવિશ્રાંત સુદીર્ઘ સાધના દ્વારા એમણે જે સિદ્ધિ મેળવી તેના પ્રભાવથી કેશવચંદ્ર સેન, બલરામ બોઝ ને વિવેકાનંદ જેવા અસંખ્ય અસાધારણ આત્માઓ એમની તરફ આકર્ષાયા. નરેન્દ્રમાંથી વિવેકાનંદનો જન્મ જ એ રીતે શક્ય બન્યો. એ વેદાંતકેસરી વીર વિવેકાનંદે પોતાના ગુરૂના અનુગ્રહથી અલંકૃત થઈને પરદેશમાં ભારતીય ધર્મ અને આધ્યાત્મિકતાના ગૌરવને નવપલ્લવિત કર્યું ને પોતાના લોકચુંબકીય વ્યક્તિત્વથી ભારતના વિલુપ્ત થતા જતા મહિમાને પુનર્જીવિત બનાવ્યો. એ ઘટનાક્રમ હજુ

તાજા જ હતા. એમના પદચિહ્નો પર ચાલીને અમેરીકામાં જીવંત ઈસામસીહ તરીકે ઓળખાયેલા સંયમમૂર્તિ સ્વામી રામતીર્થે તેમ જ મહાગુરૂ યુક્તેશ્વરની કૃપાપ્રસાદી પામેલા યોગાનંદે દેશના નામને પરદેશમાં રોશન કર્યું. ભારતની ભૂમિ પર પ્રકટ થયેલા રામકૃષ્ણદેવના સમકાલીન એક બીજા મહર્ષિએ દેશની સાંપ્રત દશા અથવા દુર્દશાથી દુઃખી થઈને, પ્રેમ તથા કરૂણાથી પ્રેરાઈને, સર્વોપયોગી સર્વતોમુખી અભ્યુત્થાનના અભિનવ મંત્રોને વહેતા કરેલા. એ મહામેધાવી મહાપુરૂષ મહર્ષિ દયાનંદ હતા. એમના રાષ્ટ્રીય અસ્મિતાથી પ્રેરાયેલા પ્રચંડ સેવા કાર્યની ચિરસ્થાયી અસરો ચોતરફ પડવા માંડેલી.

રમણ મહર્ષિની શાંત એકાંત આત્મસાધના મંદગતિએ છતાં ચોક્કસ રીતે આગળ વધી રહેલી ત્યારે એમના જ સમકાલીન એવા એક બીજા પરમ પ્રતાપી મહાનક્ષત્રનો ઉદય ભારતના જ નહિ, સમસ્ત સંસારના આસમાનમાં થઈ ચૂકેલો. મહાત્મા ગાંધીરૂપી એ મહાનક્ષત્રે એ વખતનાં બીજાં બધાં જ નક્ષત્રને ગૌણ અથવા નિસ્તેજ કરી નાખેલાં. એ મહાનક્ષત્રનો પુનિત પ્રકાશ સમાજનાં સર્વે ક્ષેત્રોમાં ફરી વળેલો, પરંતુ રાજકીય ક્ષેત્રને એણે વધારે આલોકિત કરેલું. પોતાના પુરોગામીઓ પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરીને એ આગળ વધેલા ને કેટલાંક ક્ષેત્રોમાં એમનાથી પણ આગળ વધી ગયેલા. એમનું લોકસેવારત, મોહક વ્યક્તિત્વ લોકમાનસને મુગ્ધ કરી રહેલું. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણમાં જાગૃતિની એક નૂતન લહરી ફરી વળેલી.

* * *        * * *        * * *        * * *

રમણ મહર્ષિની સાધના જ્યારે સંપૂર્ણતા પર પહોંચીને સોળે કળાએ ખીલી ઊઠેલી ત્યારે ભારતના આધ્યાત્મિક ઈતિહાસમાં એક બીજી નોંધપાત્ર ઘટના બની. ઈશ્વરના આદેશને અનુસરીને પરમ મેધાવી, પ્રખર રાષ્ટ્રપ્રેમી તથા રાષ્ટ્રહિતચિંતક મહાયોગી શ્રી અરવિંદે પોંડીચરીને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. સમુદ્રતટવર્તી એ સુંદર સ્થળમાં એ પૂર્ણયોગનું અનુષ્ઠાન કરવા લાગ્યા. એમની વિચારધારા અને આદર્શ નિષ્ઠાથી આકર્ષાઈને દેશવિદેશમાંથી અનેક આધ્યાત્મિક સંસ્કારસંપન્ન આત્માઓ એમના દર્શને આવવા માંડ્યા અને એમની પાસે એકઠા થયા. પોંડિચરી એ મહાપુરૂષનું સાધનાનિષ્ઠાન બનવાથી સ્વલ્પ સમયમાં જ સંસારમાં સુપ્રસિદ્ધ બની ગયું. એ મહાપુરૂષે ત્યાં રહીને પ્રેરણાના જે પરમ પ્રવાહોને વહેતા કર્યા તે ચિરસ્મરણીય બની રહ્યા. દક્ષિણનો એ સમસ્ત પ્રદેશ એ સંતદ્વયને લીધે સંજીવ બની ગયો. એ બધો કાળ ભારતના આધ્યાત્મિક ઈતિહાસનો સુર્વણકાળ હતો એવું કહેવામાં કશી અતિશયોક્તિ નથી થતી.

* * *        * * *        * * *        * * *

મહર્ષિના પ્રાકટ્ય અથવા એમની પ્રખ્યાતિ સમયે દક્ષિણ ભારતની દશા કેવી હતી ? દક્ષિણ ભારતનો પ્રદેશ આચાર્યોના ઉત્તમોત્તમ નમૂનારૂપ સુંદર ચિત્તાકર્ષક ગગનચુંબી ગૌરવાન્વિત ગુંબજવાળાં વિશાળ સ્વચ્છ મંદિરોનો, હિમાલયની સ્મૃતિ કરાવનારી પર્વતમાળાનો, સરિતાઓનો અને નયનાભિરામ સપાટ લીલાંછમ મેદાનોનો પ્રદેશ હતો. એ પ્રદેશમાં જ્ઞાનવિજ્ઞાનની વિવિધ શાખાઓનો સંતોષકારક વિકાસ થયેલો. આચાર્યોએ પાવન પ્રદેશને પોતાના પ્રાદુર્ભાવથી વધારે પવિત્ર કરેલો. ભૂતકાળમાં ત્યાં તિરૂવલ્લુર, યોગી સદાશિવ બ્રહ્મ તથા પંચદશીના રચયિતા સુપ્રસિદ્ધ સ્વામી વિદ્યારણ્ય મુનિએ પોતાની જીવનલીલા કરીને અનેક આત્મિક પંથના પ્રવાસીઓને પ્રેરણા પાયેલી. એમની અસરો ત્યાં જીવતી હતી. ત્યાંની પ્રજાના અંતરમાં ધર્મના શુભ સંસ્કારો અન્ય પ્રદેશોની પ્રજાની સરખામણીમાં સારા હતા. પરંતુ ધર્મ મોટે ભાગે

સાંપ્રદાયિક તેમ જ કેવળ બાહ્ય ક્રિયાકાંડ પૂરતો જ મર્યાદિત બની ગયેલો. દક્ષિણ ભારતના પ્રદેશોની ગરીબી, નિરક્ષરતા, ધાર્મિક અજ્ઞતા ને પછાત પરિસ્થિતિનો લાભ લઈને ખ્રિસ્તી ધર્મના પ્રચારકોએ ત્યાંના વિભિન્ન વિસ્તારોમાં થાણાં સ્થાપેલાં ને વટાળપ્રવૃત્તિને વધારી દીધેલી. સાધના મોટે ભાગે સદ્દગ્રંથોના સ્વાધ્યાયમાં ને બહારના નિરર્થક વિધિવિધાનમાં જ અટવાઈ ગયેલી. કર્મકાંડનું ક્ષેત્ર આવશ્યકતા કરતાં વિશેષ વ્યાપક બનેલું અને જાતિભેદને ખૂબ જ મહત્વનું સ્થાન મળેલું. આત્માના અમર સંદેશનું અને આત્મસાક્ષાત્કારની સરળ સચોટ સર્વોપયોગી સાધનાનું વિશેષતયા વિસ્મરણ થયેલું ને પ્રજા મોટે ભાગે બાહ્યાડંબર, પાઠપૂજા, વરઘોડા ને બાહ્ય વિધિવિધાનમાં જ કેદ બનેલી.

પશ્ચિમી સભ્યતા, વિચારધારા ને રીતરસમનો પ્રભાવ દેશના બીજા પ્રદેશોની પેઠે એ પ્રદેશમાં પણ પડેલો ને પ્રબળ બનેલો. શરીરસુખ તેમ જ લૌકિક સુખોપભોગની લાલસા પ્રજામાં વધતી જતી'તી. સાથે સાથે એક એવો આધુનિક વિદ્યાપ્રાપ્ત, ડિગ્રીધારી, સુશિક્ષિત વર્ગ પણ તૈયાર થતો જતો'તો જેને ભારતીય ધર્મ, તત્વજ્ઞાન, શાસ્ત્રો ને સંસ્કૃતિમાં સંપૂર્ણ શ્રદ્ધા ન હતી, જે ભાતભાતની શંકાકુશંકાઓથી ઘેરાઈ ગયેલો ને કિંકર્તવ્યવિમૂઢ થયેલો, જેને પશ્ચિમી સભ્યતા પ્રત્યે વધારે સહાનુભૂતિ હતી. મીઠો પક્ષપાત હતો ને ભારતીયતા પ્રત્યે તિરસ્કાર. ભારતના વિભિન્ન વિભાગોમાં એ વિકૃત, વિરોધી, વિઘાતક પ્રવાહ પ્રકટી ઊઠેલો ને પ્રસરવા માંડેલો. એના પ્રત્યુત્તરરૂપે ભારતના વિભિન્ન પ્રદેશોમાં કેટલાક પ્રતાપી પુરૂષો પ્રકટ થયેલા. એમણે પોતપોતાની રીતે કાર્ય પણ કરેલું. એમનામાંના કેટલાક કાર્ય કરી રહેલા પણ ખરા. પરંતુ દક્ષિણ ભારતના ઐતિહાસિક અગત્ય ધરાવતા પ્રદેશને પણ એવા એક પ્રતાપી પુરૂષની આવશ્યકતા હતી. એવી પ્રજાની વચ્ચે અંધકારમાં સૂર્ય પ્રકટે તેમ, રમણ મહર્ષિ જેવા પરમ પ્રતાપી પુરૂષનું પ્રાકટ્ય આવશ્યક હતું.

* * *    * * *    * * *    * * *

ભારતની આધ્યાત્મિક વિકાસભૂમિ એ વખતે વણખેડાયલી નહોતી પડી. ભારતના વિભિન્ન પ્રદેશોમાં જુદા જુદા સંતો કાર્ય કરી રહેલા. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ ને બંગાળમાં એમનું વર્ચસ્વ વધારે હતું. એ સંતોનો પ્રકાશ ત્યાં પ્રજાના પ્રાણને અનુપ્રાણિત કરતાં સોળે કળાઓ ખીલી ઊઠેલો. હિમાલયની પુણ્યભૂમિ તો વરસોથી યોગી કે તપસ્વીઓ અને આત્મારામ મુનિઓની વિહારભૂમિ હતી જ. એ ભૂમિએ આદિકાળથી જ આત્મવિકાસની અક્ષય સાધનાનું અધિષ્ઠાન બનીને સમગ્ર સંસારનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરેલું. સિદ્ધપુરૂષોની અને આદર્શ સાધકોની પ્રામાણિક પરંપરાને ચાલુ રાખનારા સંતો ત્યાં વારાફરતી થતા જ રહેલા. પરંતુ દક્ષિણના પ્રદેશને માટે એવું ન હતું. આચાર્યો, સંતો, સિદ્ધો ને જનતાને જીવન પ્રદાન કરનારા જ્યોતિર્ધરોની પ્રાણવાન પરંપરા ત્યાં કેટલાય વખતથી તૂટી ગયેલી. એ પરંપરાને સાંધવાનું ને શોભાવવાનુ કાર્ય કોઈ સાધારણ માનવથી નહોતું થાય એવું. એને માટે એક મહામાનવની જરૂર હતી. એ આવશ્યકતાને અનુલક્ષીને જ શ્રી રમણ મહર્ષિ પ્રકટ થયા. ઈતિહાસે લાંબે વખતે પલટો ખાધો. ભારતીય ધર્મ, સંસ્કૃતિ કે સાધનાના કેન્દ્રબિંદુ તરીકે દૂર દક્ષિણના ભુલાયેલા ગૌરવવાળા પ્રદેશને પુનઃ પ્રસ્થાપિત કરીને મહિમામય બનાવવા માટે એણે રમણ મહર્ષિના લલાટે તિલક કર્યું. એથી અધિક સુયોગ્ય પસંદગી બીજી કોઈ ભાગ્યે જ થાત.

રમણ મહર્ષિ સમયાનુરૂપ સંદેશ લઈને આવી પહોંચ્યા. કાદવની અંદરથી જેમ કમનીય કમળ ખીલે ને મેઘાચ્છાદિત ગગનમંડળમાં ચારૂ ચંદ્રકળા ચમકી ઊઠે અને આશ્ચર્યકારક આનંદમાં નાખી દે, તેમ એમનું આગમન આશ્ચર્યકારક અને આનંદદાયક થઈ પડ્યું. એમનો આત્મા જુદાં તત્વોનો બનેલો હતો. એમના પ્રાણમાં જુદાં જ પરિબળો કામ કરતાં. એમનું કલેવર એકદમ અવનવું હતું. એ પ્રદેશના પરંપરાગત, પ્રચલિત પ્રવાહો કરતાં જુદી જ જાતના વિચાર ને ભાવપ્રવાહને લઈને એ પ્રકટ થયા. પોતાની ચારે તરફ ફેલાયલા વહેમ, ભ્રાંતિ અને અજ્ઞાનના અંધકારગ્રસ્ત આવરણને દૂર કરીને એમને પ્રકાશની સૃષ્ટિ કરવાની હતી. કર્મકાંડો તથા બાહ્ય વિધિવિધાનોની અંદર અટવાઈ ગયેલા ને સત્યશોધકોના અધિકાધિક અટવાતા જતા ધર્મના આત્માને એમણે બહાર કાઢવાનો હતો. આત્મજ્ઞાનના પાતાળગત પાતળા પ્રવાહને પુનર્જિવિત કરવાનો ને પરિપુષ્ટ બનાવવાનો હતો. સામાન્ય જનસમૂહને, સાધકોને ને સત્યશોધકોને પરમસત્યની દીક્ષા આપવાની હતી, ને તે માટે સત્યના મૂર્તિમંત સ્વરૂપ બનીને પ્રકાશવાનું હતું. એની સાથે એક બીજું અનેરૂં કાર્ય પણ શેષ હતું : વિશ્વભરમાં ભારતીય સાધના અથવા સત્યોપાસનાના ગૌરવને વધારવાનું. જે કાર્ય-ભારતના સાંસ્કૃતિક ગૌરવને વધારવાનું મહાકાર્ય- તિલક, ગોખલે, ગાંધી, ટાગોર જેવા મહાપુરૂષો દ્વારા ને રામકૃષ્ણદેવ, વિવેકાનંદ, રામતીર્થ, દયાનંદ અને અરવિંદ જેવા સમર્થ સંતો દ્વારા સધાયું તે કાર્ય એમને પણ જ્ઞાતઅજ્ઞાત રીતે કરવાનું હતું. અથવા એમ કહો કે એને માટે એ નિમિત્તરૂપ બનવાના હતા. પરિસ્થિતિ એમની જાણે કે માગણી કરી રહેલી અને એ માગણીને સંતોષવા માટે જ એ પ્રકટ થયા. એમના પ્રાકટ્યથી મહાત્મા તિરૂવલ્લુર, મહાયોગી સદાશિવ બ્રહ્મ, મહાજ્ઞાની વિદ્યારણ્ય મુનિ અને પ્રજાને પ્રેરણા પાતા ઓજસ્વી આચાર્યોની પરંપરા પ્રકાશી ઊઠી ને વધારે સુશોભિત બની. એમને એથી સંતોષ થયો હશે એમાં શંકા નહિ.

☼ ☼ ☼ ☼ ☼

## (૩) જન્મ ને શૈશવ

સુખસંપત્તિ કે સાનુકૂળતા એમને માટે બાધક બને છે અથવા એમના જન્મ તથા વિકાસની વચ્ચે આવે છે એવું પણ નથી સમજવાનું, જીવનના આધ્યાત્મિક વિકાસને માટે કષ્ટ, આપત્તિ, અછત કે પ્રતિકૂળતા આવશ્યક અથવા અનિવાર્ય છે એમ પણ નથી માનવાનું, પરંતુ આ એક ઐતિહાસિક સત્ય છે અને એ સત્યનું દર્શન મહર્ષિ રમણના જીવનમાં પણ થઈ રહે છે. રમણ મહર્ષિનો જન્મ પણ કોઈ સંગેમરમરના વિશાળ રમણીય રાજપ્રાસાદમાં નહિ, કોઈ લક્ષ્મીનંદનના મહામૂલ્યવાન મધુમય મહેલમાં નહિ, પરંતુ સાધારણ મઢૂલીમાં જ, મદુરાથી ત્રીસેક માઈલ દૂર આવેલા તિરૂચ્ચુલી ગામમાં ઈ.સ. ૧૮૭૯ના ડિસેમ્બરની ત્રીસમી તારીખે થયેલો. એમનું અસલ નામ વેંકટરામન હતું.

* * * * * * * * * * * *

એમનો જન્મ બીજાં બાળકોના જન્મ કરતાં વિલક્ષણ હતો એવું ન હતું. એ ઘડી ને પળ સંસારના ધાર્મિક ઈતિહાસમાં ધન્ય હતી. જ્યાં એ પ્રતાપી પુરૂષનું પ્રાકટ્ય થયું એ ધરતી ધન્ય હતી, ઘર ધન્ય હતું ને પરિવાર ધન્ય હતો. એમનાં મમતાળુ માતાપિતા થવાનું જેમને સૌભાગ્ય સાંપડ્યું એ આત્માઓ પણ ખરેખર કૃતાર્થ હતા. । **कुलं पवित्रं जननी कृतार्था, वसुंधरा पुण्यवती च तेन** । પરંતુ એ વખતે એમને એ ધન્યતા કે કૃતાર્થતાનો ખ્યાલ પણ ક્યાં હતો ? એમને કલ્પના પણ ક્યાં હતી કે નાની સરખી મઢૂલીમાં જીવનની અનેકવિધ જટિલતાઓની વચ્ચે જન્મેલા આ સાધારણ લાગતા શિશુને ભવિષ્યમાં અસાધારણ પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થશે અને એ એક આદર્શ મહર્ષિ બનીને અનેક અવિદ્યાગ્રસ્ત આત્માઓનો પ્રેરક, પ્રકાશક અને પથપ્રદર્શક થશે ? એમને શી ખબર કે આ નાનો સરખો પૃથ્વીના પ્રવાસે આવેલો બાળક અનેકનો હિતચિંતક, સુખશાંતિદાયક અને એથીયે આગળ વધીને આરાધ્યદેવ બનશે ? જો કોઈએ એમની આગળ આવીને એ વખતે ભાવિ શક્યતાનો નિર્દેશ કર્યો હોત તો એને એ ભાગ્યે જ માનત-ના માનત, અને એવો નિર્દેશ કરનારની વાતને હસી કાઢત. એમના ચિત્તતંત્ર પર એની પ્રતિક્રિયા જરા પણ સારી ના પડત. એમનામાંથી કોઈ અધ્યાત્મપ્રેમી હોત તો એને એવી ભવિષ્યવાણી ગમત ને પ્રસન્નતા પૂરી પાડત, પરંતુ એ પણ આટલા બધા લોકોત્તર ઉજ્જ્વળ ભવિષ્યમાં તો વિશ્વાસ ભાગ્યે જ રાખત. એ વખતે એમને કોઈ કહેત કે આ બાળક એક દિવસ ભારત અને ભારતની બહારના અગણિત આધ્યાત્મિક જિજ્ઞાસુઓને પ્રેરણા પાશે, પથપ્રદર્શન કરશે, શાંતિ આપશે, ને સર્વોત્તમ અવસ્થાએ આસીન થશે, તો એ આશ્ચર્યચકિત બની જાત અને એ વાતને હસી કાઢત. એ બાળક પોતે પણ એને ભાગ્યે જ માનત. પ્રકૃતિએ જેના પર પ્રખર પરંપરાગત પડદો પાથરી દીધો છે એ આત્માને જ્યાં લગી એ રહસ્ય પડદો હઠે નહિ ત્યાં લગી ક્રાંતદૃષ્ટિની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ? ને બધાને-મનુષ્યમાત્રને એ દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ જન્મની સાથે સહેલાઈથી થઈ જતી હોત તો જીવન, જગત અને આત્મવિકાસની સાધનાનું આટલું આકર્ષણ કે માહાત્મ્ય રહેત ખરૂં ? જીવનનાં રહસ્યોની ગુપ્તતામાં જે રસ અને આનંદ હોય છે તે કેટલીક વાર એના પ્રાકટ્યમાં નથી હોતો. એ રહસ્યજ્ઞાનને માનવ મોટે ભાગે નથી પચાવી શકતો. એને અધકચરી અપૂર્ણ દશામાં જાણીને એ સંવાદીને બદલે વિસંવાદી બની જાય છે. જે

અલ્પજ્ઞ ને અપૂર્ણ છે તે આગળપાછળની સઘળી હકીકતોને કેવી રીતે જાણી શકે ? એવું જ્ઞાન જીવનના ધારણપોષણ માટે અનિવાર્ય છે એવું થોડું છે ?

* * *    * * *    * * *    * * *

ત્યારે વેંકટરામનનો-ભવિષ્યના રમણ મહર્ષિનો જન્મ થઈ ચૂક્યો. કુદરતના કોઈક કર્મપ્રધાન કાનૂનાનુસાર કે ઈશ્વરની અચિંત્ય પરમ રહસ્યભરી મહામહિમામયી શક્તિની સુનિશ્ચિત યોજના કે લીલા પ્રમાણે એ મહાન આત્માનો આવિર્ભાવ થયો. એમના જન્મ વખતના ગ્રહો મંગલ હતા કે અમંગલ, એમના આવિર્ભાવનો અવસર શુભ હતો કે અશુભ, અનુકૂળ હતો કે પ્રતિકુળ, અને એમના ચારૂ પ્રાકટ્યનું ચોઘડિયું ઉત્તમ હતું કે અનુત્તમ, એ પ્રશ્ન જ ક્યાં રહે છે ? એવા પ્રશ્નો અથવા એવી કુતુહલવૃત્તિ તો સર્વસામાન્ય આત્માઓના સંબંધમાં જ સંભવે અને શોભી શકે. જે જન્માંતરના સર્વશ્રેષ્ઠ સાધના સંસ્કારોના સમુચ્ચય સાથે સૃષ્ટિની સફરે આવતા હોય એમના સંબંધમાં નહિ. એમનો તો જન્મ જ પૃથ્વીને પાવન કરે, ગ્રહનક્ષત્રને મંગલતા ધરે, ઘડી તથા પળને પ્રતિષ્ઠા ધરે, ચોઘડિયાને ઉત્તમ અથવા અનુકૂળ કરે. મહર્ષિના સંબંધમાં એવું જ થયું. એમના પ્રાકટ્યની ઘડી, પળ તેમ જ વિપળ શુભ બની ને મંગલ ઠરી. એક મહાન આત્માએ પૃથ્વી પર પ્રકટ રીતે શરીર ધારીને શ્વાસ લેવાનો આરંભ કર્યો એથી સમસ્ત પ્રકૃતિ પ્રસન્ન કે પુલકિત બની. પૃથ્વી પ્રફુલ્લી ઊઠી. સંસ્કૃતિ, ધર્મ, સાધના અને આધ્યાત્મિકતાથી અલંકૃત અવનીના આત્માને શાંતિ વળી.

* * *    * * *    * * *    * * *

એમના પ્રારંભિક જીવનમાં કોઈ વિલક્ષણતા હતી ખરી ? મોટા ભાગના મહાપુરૂષો આગળ પર મહાપુરૂષો થયા હોય છે, એમનો જીવનવિકાસ વ્યવસ્થિત રીતે ચાલતો હોય છે, પરંતુ એમના શૈશવમાં ખાસ ઉલ્લેખનીય અસાધારણતા નથી હોતી. મહર્ષિના શૈશવના સંબંધમાં મોટે ભાગે એવું જ હતું. એ શૈશવ બીજા સામાન્ય શૈશવના જેવું જ હતું. વિદ્યાર્થીદશા દરમિયાન એમનો સ્વભાવ શાંતિપ્રિય દેખાતો. બીજાં બાળકોની જેમ તોફાને ચઢવાને બદલે એ શાંતિથી એક બાજુ બેસી રહેતા. એને એમની અસાધારણતા માનવી હોય તો માની શકાય. હા, એમની સ્મરણ શક્તિ ખૂબ જ તીવ્ર હોવાથી વાંચેલું એમને તરત જ યાદ રહી જતું. બીજા સામાન્ય વિદ્યાર્થીઓની પેઠે એમને વારંવાર વાંચવું, રટવું કે ગોખવું ના પડતું. કળીમાંથી જ સુમનની સુંદર સૃષ્ટિ થાય છે એ ન્યાયે શૈશવમાં વારસારૂપે સાંપડેલી એમની એ અદ્દભુત સ્મરણશક્તિ ઉત્તરોત્તર વધતી જ ગઈ.

નાનપણના એ દિવસોની એમની એક અન્ય વિલક્ષણતા પણ યાદ રાખવા જેવી છે. એ એકદમ જલદી જોતજોતામાં નિદ્રાધીન બની જતા ને નિદ્રા લેતા પણ ઘણી. નિદ્રાવસ્થામાં તેમના મિત્રો કેટલીક વાર તેમને ઘરની બહાર જુદે જુદે ઠેકાણે લઈ જતા તો પણ તેમને તેની ખબર ના પડતી. તેમના માયાળુ મિત્રોને જ નહિ પરંતુ મોટેરાઓને પણ એ જોઈને આશ્ચર્ય થતું. એ અવસ્થા નિદ્રાની હતી કે પ્રબળ પૂર્વ સંસ્કારોના પરિણામ સ્વરૂપ સ્વાભાવિક રીતે જ સાંપડનારી યોગનિદ્રાની એની ખબર સામાન્ય માનવોને શી રીતે પડી શકે ? એમણે તો પોતાની અનુભૂતિના આધાર પર એનું અનુમાન કરવાનું જ શેષ રહે. મહર્ષિનો આ વર્તમાન જીવનનો વિકાસ જોતાં એક હકીકતની ખાતરી થયા વિના રહેતી કે પૂર્વજન્મના પ્રખર પુરૂષાર્થની પરંપરાના પરિણામરૂપે શરૂઆતથી જ એ ઘણા સુંદર સંસ્કારોને લઈને આવેલા. એને લીધે એમને કેટલીક

વિશેષ વસ્તુઓ વારસામાં મળેલી. કેટલાંક બાળકોને પૂર્વસંસ્કારના પરિણામરૂપે નિર્વિચાર દશાની પ્રાપ્તિ થાય છે તો કેટલાકને યોગનિદ્રાની, ભક્તિની, અધ્યાત્મપ્રેમની કે આત્મવિચારની પ્રાપ્તિ થતી હોય છે. રમણ મહર્ષિ એવા જ એક વિલક્ષણ બાળક હતા. એમનું શરીર સાધારણ અને નાનું હોવા છતાં એની અંદરનો આત્મા અસાધારણ અને મોટો હતો. પૃથ્વીપરના દીર્ઘકાલીન પ્રવાસ દરમિયાન ક્રમેક્રમે સત્વશીલ બનતાં ને પરિપુષ્ટ થતાં એ વર્તમાન કાળની વિશદ અવસ્થાએ પહોંચ્યો હશે એવી કલ્પના સહેજે કરી શકાય છે.

સંસારમાં સર્વત્ર કાર્યકારણભાવ કામ કરતો હોવાથી કોઈ પણ વસ્તુ એમ ને એમ બની શકે છે ખરી ? કોઈપણ ઘટના કે પરિસ્થિતિનું નિર્માણ આકસ્મિક અથવા આપોઆપ થતું હોય તો પણ કોઈપણ પ્રકારના કારણ વિના થઈ શકે છે ? ઉપવનમાં પ્રકટેલાં પરિમલ ભરેલાં પુષ્પોની પાછળ જેમ માળીનો પાર વિનાનો પુરૂષાર્થ હોય છે, મૃદુ માખણની સૃષ્ટિની પાછળ ક્રમબદ્ધ ચોક્કસ ક્રિયાપ્રક્રિયા હોય છે, ને જેમ વૃષ્ટિની પાછળ લાંબા વખતની ધીરજયુક્ત સુવ્યવસ્થિત સાધના હોય છે, તેમ મહાપુરૂષોના ઉજ્જ્વળ ધન્ય આદર્શનિષ્ઠ જીવનની પાછળ વિકાસની સુવ્યવસ્થિત સાધના કે પ્રગતિની પરંપરાગત પ્રક્રિયા હોય છે. રમણ મહર્ષિના જેવી બૌદ્ધિક પ્રતિભા, સાધનાત્મક યોગ્યતા તથા આત્મનિષ્ઠા કાંઈ એકાદ બે દિવસ, મહિના કે વરસમાં નથી પ્રાપ્ત થતી. તેને માટે યુગો તથા જન્મોનું તપ જોઈએ છે.એને સારૂ ચિરકાળની સાધનાની આવશ્યકતા રહે છે. જિંદગીઓના પ્રખર પરિશ્રમ પછી જ માણસ એવી અવસ્થાની પ્રાપ્તિ કરી શકે છે.

* * * * * * * * * * * *

કોઈ સાધકે પોતાના પૂર્વજન્મોમાં સાધનાનો પ્રખર પુરૂષાર્થ કર્યો છે કે નહિ તેની ખબર સહેલાઈથી, સુસ્પષ્ટતાપૂર્વક, કેવી રીતે પડે ? એના વિશે નિશ્ચિત અને નિર્ભીક અભિપ્રાય કેવી રીતે આપી શકાય ? એના વર્તમાન જન્મ કે જીવનપ્રવાહના નિરીક્ષણ પરથી. અથવા તો એના લક્ષણો પરથી. પૂર્વજન્મોની પ્રખર સાધના પરંપરા સાથે જન્મેલો આત્મા સંસારનાં પ્રલોભનો, વિષયો ને ભોગપદાર્થોમાં ફસાતો, ભાન ભૂલતો કે આસક્ત નથી થતો. સંસારના વિનાશશીલ પદાર્થો એના મનને અને એની બુદ્ધિને સંમોહિત નથી કરી શકતા. પૃથ્વી પર જન્મીને એ બાળપણથી જ જાગી જાય છે ને ધ્રુવ, પ્રહ્લાદ, જ્ઞાનેશ્વર, અષ્ટાવક્ર, શુકદેવ તથા મીરાંની પેઠે પરમાત્માભિમુખ થાય છે. તેમને પરમાત્માભિમુખ થવા માટે કોઈક વિશિષ્ટ પ્રસંગ કે પરિસ્થિતિની આવશ્યકતા હોય જ છે એવું નથી હોતું. તેમને નૈસર્ગિક રીતે મળેલા વિચાર કે ભાવના વારસાને વધારીને એના અનુસંધાનમાં એ આત્મિક સાધનાના માર્ગે આપોઆપ અને પોતાની મેળે જ આગળ વધ્યે જાય છે ને થોડા સમયમાં જ સિદ્ધિના સુમેરૂ શિખરને સર કરે છે. એથી ઊલટું, જેમના પૂર્વજન્મના સંસ્કારો વધારે કે બિલકુલ બળવાન નથી હોતા તેમને આ જન્મમાં જાગતાં જ વિલંબ લાગે છે. તે ઘણી મોટી ઉંમરે ને માંડ જાગે છે. વર્તમાન જન્મમાં સમજપૂર્વક સુચારૂ રૂપે સાધના કરવાનું ને સંપૂર્ણ સિદ્ધિ મેળવવાનું તેમને માટે મુશ્કેલ હોય છે. સંસારનું વિષમ વિરોધી વાતાવરણ પણ તેમને પૂરેપૂરા નથી જગાડી શકતું. જુદા જુદા આઘાતો ને પ્રત્યાઘાતો એમના હૈયાને નથી હલાવી શકતા.

* * * * * * * * * * * *

સરિતાના શાંત પ્રસન્ન પ્રવાહમાં તરંગ પેદા થાય એવી રીતે એમના જીવનમાં આત્માભિમુખ વૃત્તિ અથવા આત્મવિકાસની ભાવના સૌથી પ્રથમ કેવી રીતે પેદા થઈ ? કેટલાક સાધકોના સંબંધમાં બને છે તેમ

એમના જીવનમાં કોઈ વિરોધ, વિપત્તિ કે દુઃખદર્દનો પ્રસંગ નહોતો બન્યો. સંસારના વિષમ વિરોધાભાસી વાતાવરણે એમના પર કોઈ વિપરીત વિકૃત અસર કરી હોય એવું પણ નહોતું બન્યું. એમના જીવનમાં સૌથી પહેલાં જે જાગૃતિ આવી તે આત્મવિચારથી જ આવેલી. અને એવી વિચારપ્રેરિત વિવેકવતી જાગૃતિ જ જીવનમાં ચિરસ્થાયી ઠરીને જીવનને જ્યોતિર્મય કરે છે. દુઃખ, પીડા કે પ્રતિકૂળતાના પરિણામરૂપે પ્રાપ્ત થતી જાગૃતિ, સંજોગો સુખદ અથવા સાનુકૂળ થતાં, કોઈવાર શમી જવાનો કે મંદ પડવાનો સંભવ રહે છે ખરો. પરંતુ સદ્દવિચારના પીઠબળવાળી જાગૃતિનું તેવું નથી બનતું. એ જીવનજાગૃતિ વિકાસ માટે પ્રેરક બને છે, સુખદ ઠરે છે, ને ઉત્તરોત્તર વિસ્તૃત બને છે. પોતાની એ અદ્દભુત જીવનજાગૃતિનો ઉલ્લેખ કરતાં પાછળથી એકવાર એમણે સહજ રીતે જ કહેલું કથાનક એમના સ્વમુખે જ સાંભળીએ :

'મારા જીવનનું એ અદ્દભુત સંસ્મરણ આજે પણ એટલું જ તાજું છે, એ વખતે મારી ઉંમર પંદરથી સોળ વરસની હતી. મારું સ્વાસ્થ્ય તદ્દન સારૂ હતું. કોઈ પ્રકારની શારીરિક તકલીફ કે અસ્વસ્થતા ન હતી. કોઈ જાતનું દર્દ પણ ન હતું. એ દિવસોમાં એકવાર અચાનક મને એક વિલક્ષણ અનુભવ થવા લાગ્યો. મને મૃત્યુનો ભય લાગવા માંડ્યો. કોણ જાણે કેમ પણ મને એવું જ લાગ્યું કે મારું જીવન હવે સમાપ્ત થવાનું છે. તેની ઉપર રહસ્યમય પડદો પડવાની તૈયારી છે.'

'એ અનુભવ અત્યંત વિલક્ષણ હતો. મારા શરીરે રોમાંચ થયાં. મને થયું કે મારા શરીરત્યાગનો સમય નજદીક આવી ગયો ? મારાથી હવે વધારે નહિ જીવી શકાય ?'

'તે દિવસે હું એ અસાધારણ અનુભવની અસર નીચે મારા ઘરમાં એકલો જ બેસી રહ્યો. ડૉકટરે મને એ સંબંધી કશીક ઉપયોગી સલાહ આપી હોત ને ઉપચાર કર્યો હોત, પરંતુ મેં ડૉકટરને, મિત્રને કે સંબંધીને ના બોલાવ્યા. મને થયું કે મરણ પાસે આવ્યું છે તો હવે મારે શું કરવું ? મારાથી હવે નહિ બચી શકાય.'

'મારા હાથપગને મેં તદ્દન ઢીલા અને શબની જેમ ઢીલા કરી દીધા. પ્રાણવાયુ ધીમે ધીમે ધીમો પડવા લાગ્યો.'

'મેં મારા મનને કહ્યું કે આનું નામ મરણ. શરીરનું મરણ થવાથી તે નિષ્ક્રિય ને નિશ્ચેતન બની ગયું છે. હવે તે નકામું બની ગયું. એને હવે સ્મશાને લઈ જવામાં ને બાળી નાખવામાં આવશે. પરંતુ મરણ કોનું થયું ? શરીરનું. મારૂ નથી થયું. કેમકે હું શરીરના મરણને જોઈ શકું છું. હું નથી મરતો. શરીર શાંત થઈ ગયું છે તો પણ હું મને એવો ને એવો, શરીરથી અલગ, અનુભવી શકું છું. હું આત્મા છું. શરીર નથી. મૃત્યુ મને નથી, શરીરને છે. શરીર જ નાશવંત છે, આત્મા તો અમર છે.'

'એ અવસ્થા દરમિયાન મને એવા વિચારો જ આવવા લાગ્યા એવું નથી સમજવાનું. મને એવી ચોક્કસ અનુભૂતિ થઈ રહેલી.'

'એવી અનુભૂતિ મને એ પ્રસંગ પછી અવારનવાર થયા કરતી. એને પરિણામે મારા મનમાંથી મૃત્યુનો ભય કાયમને માટે દૂર થયો. હું તદ્દન નિર્ભય બની ગયો. મને કોઈપણ વ્યક્તિ કે વસ્તુમાં રસ ના રહ્યો. મારું મન સ્કૂલના અભ્યાસમાંથી પણ ઊઠી ગયું. જ્યારે વખત મળતો ત્યારે હું આત્માનુસંધાનના આનંદ માટે ધ્યાનમાં જ બેસવા લાગ્યો.'

'અહમ્ પદવાચ્ય પદાર્થ જ વાસ્તવમાં સદ્વસ્તુ છે. મરણ થયા પછી એ જ એક વસ્તુ નિત્ય અથવા અવિનાશી થઈને ટકી રહે છે. ચેતના અથવા જીવનશક્તિનાં સઘળાં કિરણો એ સનાતન તત્વમાંથી જ છૂટે છે, સર્વત્ર ફેલાય છે અને અંતે એની અંદર જ લય પામે છે. મારો એ વિચાર અનુભવાત્મક ને દૃઢ બન્યો.'

* * * * * * * * * * * *

વેંકટરામનની બુદ્ધિ બાળપણમાં ઘણી કુશાગ્ર હતી. ઘેર અધ્યયન ના કરવા છતાં પોતાના સહપાઠીઓની પાસેથી સાંભળેલા પાઠોને યાદ કરીને એ એમનાથી આગળ વધી જતા. ગણિત ને તામિલ સાહિત્ય માટે એમને ખાસ પ્રેમ હતો.

એ પહેલેથી જ મિતભાષી હતા. ગંભીર સ્વભાવના હોવાથી ને મિત્રો સાથે વિશેષ હળતા મળતા નહિ હોવાથી એમના હૃદયના રહસ્યની કોઈને ખબર ના પડતી. એમને રમતગમતનો શોખ હતો, અને એમાં એ સૌની આગળ રહેતા. કુસ્તી તથા દંડબેઠક કરવામાં તેમ જ તરવામાં એમને વિશેષ આનંદ આવતો. એમના ગામની વૈદ્યા નદીમાં પૂર આવતું ત્યારે એના પ્રમત્ત તરંગો પર કૂદી પડીને એ તરવા માંડતા. એમને એ વખતે કયાં ખબર હતી કે ભવિષ્યમાં એમને એથી પણ અધિક બહાદુરીપૂર્વક સુદુસ્તર કહેવાતી સંસારસરિતામાં સફળતાપૂર્વક તરવાનું છે ને બીજા અનેકને તરતાં શીખવવાનું છે ?

વ્યાયામપ્રિય પ્રકૃતિને લીધે એમનું શરીર સ્વસ્થ ને સુદૃઢ બની ગયેલું.

ગાઢ નિદ્રામાં એ બીજા કુંભકર્ણ જેવા બની જતા. એવી ગાઢ નિદ્રા એમને વર્તમાન જન્મમાં જાણે કે વારસામાં મળેલી. એ જ્યારે બારેક વરસની વયના હતા ત્યારે એક દિવસ એમને ઘરમાં એકલા મૂકીને સૌ મંદિરમાં ગયાં. એ એકલા પડતાંની સાથે જ બારણાં બંધ કરીને ઊંઘી ગયા. ઘરવાળાંએ પાછા આવીને બારણાં ખખડાવ્યાં ને બૂમો પાડી પણ કશું જ ના વળ્યું. ગાઢ નિદ્રામાં સૂતેલા વેંકટરામન કેમે કરીને જાગ્યા જ નહિ ત્યારે દીવાલ પરથી કૂદીને અંદર જઈને બારણાં ઉઘાડવામાં આવ્યાં. એ પછી બીજા બધાંએ ઘરમાં પ્રવેશીને એમને મહાપ્રયાસે જગાડ્યા ત્યારે જ એ જાગી શક્યાં.

એમની એ નિદ્રાને લીધે કેટલીકવાર એમના વિરાધીઓ એમને ઊંઘમાં ને ઊંઘમાં દૂર લઈ જતા ને મારપીટ કરીને પથારી પર મૂકી જતા. એમની એ વખતની નિદ્રાવસ્થા એમના જન્માંતરના અસાધારણ સમાધિયોગના સહજ પરિપાકરૂપે પ્રાપ્ત થઈ હશે અથવા એ સમાધિયોગમાં પ્રતિષ્ઠિત થવાની ભૂમિકારૂપ હશે એવું અનુમાન અત્યારે સહેલાઈથી કરી શકાય છે. એ પોતે પાછલા જીવનમાં એવી રીતે અતીન્દ્રિય પ્રદેશમાં પ્રવેશીને કલાકો લગી આત્મામાં અવગાહન કરી શકતા એ હકીકત હવે તો લગભગ સર્વવિદિત છે.

* * * * * * * * * * * *

રમણ મહર્ષિનો જન્મ પારાશર ગોત્રવાળા દ્રાવિડ સ્માર્ત બ્રાહ્મણ કુટુંબમાં થયેલો. એમના પિતાનું નામ સુંદરમય્યર અને એમની માતાનું નામ અલઘમ્માલ. સુંદરમય્યર વકીલાત કરતા. એ જમાનામાં આવશ્યક અભ્યાસક્રમ વગર જ, સુયોગ્યતાવાળા પુરૂષોને વકીલાત કરવાની મંજૂરી મળી જતી. વકીલાતના કામમાં સુંદરમય્યરે સારી સફળતા તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી. પ્રજા અને અધિકારીઓ એમનાથી પ્રસન્ન હતા.

વકીલ થયા પછી પણ પોતાના પ્રારંભના ગરીબાઈના દિવસોને એ કદી પણ ના ભૂલ્યા. ગરીબો પ્રત્યે ખાસ સ્નેહ ને સહાનુભૂતિ રાખીને એ એમને સાચું માર્ગદર્શન આપતા અને એમનાં કામોને સેવાભાવે કરી છૂટતા. એમની સજ્જનતાને લીધે ચોરો પણ એમને ત્યાં ચોરી કરવાની ઈચ્છા ના કરતા. એમને ત્યાં સદ્ ગ્રંથોનું અધ્યયન થયા કરતું.

એમના કુળમાં એક વાત વરસોથી વહેતી આવે છે. એ વાત ખાસ જાણવા જેવી છે. કહે છે કે એમના પૂર્વજોમાંથી કોઈને ત્યાં એક વાર એક સંન્યાસી આવ્યા. એમને માગવા છતાં પણ ભિક્ષા ના મળી. ઉપરથી એમનું અપમાન કરવામાં આવ્યું. એથી ક્રોધે ભરાઈને એમણે શાપ આપ્યો કે આ કુળમાં પ્રત્યેક પેઢીમાં કોઈ મારા સમાન સાધુ થયા કરશે.

થયું પણ એવું જ. સુંદરમય્યરના કાકા સંન્યાસી બની ગયા. સુંદરમય્યરના ભાઈ વેંકટેશય્યર ઘેરથી નીકળીને ચિંદબરના મંગલમય મંદિરમાં પહોંચ્યા. મંદિરની પરિક્રમા કરનારા પ્રવાસીઓના પથને એ સાફ કરતા. એ શિવાનંદ યોગી તરીકે પ્રખ્યાતિ પામ્યા.

સુંદરમય્યરનો સ્વર્ગવાસ ઈ.સ. ૧૮૯૫માં થયો ત્યારે એમને કલ્પના પણ ક્યાં હતી કે પોતાના ત્રણ પુત્રોમાંના એક વેંકટરામન ભવિષ્યમાં ત્યાગની એ પરંપરાને ટકાવી રાખીને મહાન યોગી કે મહર્ષિ બનશે ને માનવ જાતિને પોતાના અનુભવના આધાર પર શાંતિ, મુક્તિ કે પૂર્ણતાનો સંદેશ પ્રદાન કરશે ? એવી કલ્પના એમના કુટુંબમાં બીજા કોઈને પણ ક્યાં હતી ? હોઈ જ કેવી રીતે ?

☼ ☼ ☼ ☼ ☼

## (૪) આત્મભાવના

સુંદરમય્યરે શરીર છોડ્યું ત્યારે એમના ત્રણ પુત્રો હયાત હતા : સૌથી મોટા ભાઈ નાગસ્વામી, બીજા ભવિષ્યના મહાપુરૂષ ભગવાન રમણ મહર્ષિ-એ વખતના વેંકટરામન ને ત્રીજા સૌથી નાના ભાઈ નાગસુંદરમ.

એ ત્રણેમાં વેંકટરામન ભારે વિલક્ષણ હતા.

એમનો જન્મ જુદા જ સંજોગોમાં થયો હતો. આર્દ્રા દર્શનનો દિવસ શૈવોને માટે મહત્વનો મંગલમય દિવસ મનાય છે. એ દિવસે શૈવોપાસનામાં માનનારી જનતા ખૂબ જ શ્રદ્ધાભક્તિથી સ્નાનાદિથી નિવૃત થઈને ભગવાન શંકરનું દર્શન ને સ્તવન કરે છે. રાતે દેવમૂર્તિનો વરઘોડો કાઢે છે તથા મધ્યરાત્રિની આસપાસ મૂર્તિને દેવમંદિરમાં પહોંચાડી દે છે. એ પ્રથા પ્રમાણે તિરૂચ્ચુલીના સુંદર દેવમંદિરમાં પૂજા પૂરી થઈ, ઉત્સવની પરિસમાપ્તિ થઈને મૂર્તિને મંદિરના ગોપુરની નીચે રાખવામાં આવી. એ વખતે રાતના એક વાગ્યા પછી વેંકટરામનનો જન્મ થયો. એ મંગલ દિવસે નટરાજે ગૌતમ, વ્યાઘ્રપાદ તેમ જ મહર્ષિ પતંજલિને દર્શનલાભ આપેલો.

વેંકટરામનનું શરૂઆતનું શિક્ષણ તિરૂચ્ચુલીમાં જ થયું. એ અગિયાર વરસની ઉંમર સુધી ત્યાંની નિશાળમાં જ અભ્યાસ કરતા રહ્યા. એ પછી પોતાના પિતાના મૃત્યુ પછી એ પોતાના મોટાભાઈ નાગસ્વામીની સાથે એમના કાકા સુબ્બય્યરને ત્યાં મદુરામાં રહીને વિદ્યોપાર્જન કરતા રહ્યા. મદુરાની સ્કૉટ મિડલ સ્કૂલમાં ને પછી અમેરિકન મિશન હાઈસ્કૂલમાં એમણે અભ્યાસ કર્યો.

એ દિવસો એમના તત્કાલીન જીવનના જ નહિ, ભાવિ જીવનના પણ મહત્વના દિવસો હતા. એ દિવસો દરમિયાન ઈ.સ.૧૮૯૫ના ઓગષ્ટ મહિનામાં એક પ્રસંગ બન્યો. એ પ્રસંગ જાણે કે પરમાત્માની પરમશક્તિએ જ ગોઠવેલો. એમને એક વાર અચાનક તિરૂચ્ચુલીનો કોઈક પરિચિત માણસ મળ્યો. એ યાત્રા કરીને પાછો ફરેલો. વેંકટરામને એને પૂછયું કે તમે ક્યાંથી આવ્યા છો ? તો એણે ઉત્તર આપ્યો કે અરૂણાચલથી. વાત છેક જ સાધારણ હતી તો પણ વેંકટરામનને માટે અત્યંત અસાધારણ થઈ પડી. અરૂણાચલનું નામ સાંભળતાં જ એમનું અંતર આનંદથી આપ્લાવિત બની ગયું. એમને રોમાંચ થઈ આવ્યાં. એમનું અંગાંગ નાચી ઊઠયું. શરીરમાં ઝંકૃતિ પેદા થઈ. એમને લાગ્યું કે આ નામ ચિરપરિચિત છે. એના સંબંધી સાંભળ્યું છે તો આજે પણ એનું શ્રવણ મધુમય ને મંગલ લાગે છે. એના સુખમય સંસ્કારો સૂક્ષ્માતિસૂક્ષ્મ બનીને હૃદયમાં ચિરકાળથી સંઘરાયેલા હોય એવું અનુભવાય છે.

એમણે પેલા વૃદ્ધ પ્રવાસીને પૂછ્યું : ‘તમે અરૂણાચલની યાત્રા કરીને તો આવ્યા પરંતુ એ અરૂણાચલ છે ક્યાં ?’

‘તને એટલી ખબર નથી ?’ વૃદ્ધે સ્મિત કરતાં સામું પૂછ્યું.

‘ના. એટલે તો હું એની માહિતી માગું છું.’

વેંકટરામનની અજ્ઞતા દેખીને એ વૃદ્ધ પુરૂષને એના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ પેદા થઈ. એણે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું : ‘તને ખબર નથી કે તિરૂવણ્ણામલૈ જ અરૂણાચલ છે ?’

વેંકટરામનને એ સાંભળીને શાંતિ થઈ. એમનું અંતર ભાવવિભોર ને ગદ્ ગદ બની ગયું. એમની જિજ્ઞાસાવૃત્તિ તૃપ્ત થઈ. એમના સુષુપ્ત પૂર્વસંસ્કારો સળવળી ઊઠયા. વૃદ્ધના શબ્દો એમને ખૂબ જ પ્રિય ને સુખદ લાગ્યા. એમને થયું કે જે માહિતી મેળવવાની આવશ્યકતા હતી તે જ માહિતી આવી મળી છે. એવું પણ લાગ્યું કે એ સ્થળવિશેષની સાથે પોતાનો જન્માંતરનો સંબંધ છે.

સાચું છે. કોઈક વાર અપરિચિત વ્યક્તિને વિલોકીને, કોઈક અજ્ઞાત સ્થાનને નિહાળીને, અંતરમાં એકાએક અદમ્ય આકર્ષણનો આરંભ થાય છે. કોઈક વાર અનુરાગ ઉત્પન્ન થાય છે તો કોઈ વાર ઉદાસીનતા. જ્ઞાનીઓ અથવા અનુભવીઓ એને જન્માંતર સંસ્કારની જાગૃતિ કહે છે અને એના કારણરૂપે જન્માંતર સંસ્કારને જ કહી બતાવે છે. વેંકટરામનને પણ પળવારને માટે તો લાગ્યું જ કે તિરૂવણ્ણામલૈ અને અરૂણાચલની સાથે પોતાનો પૂર્વ સંબંધ છે. એ સંબંધની વિસ્મૃતિ થઈ ગઈ છે એટલું જ. આ વયોવૃદ્ધ અનુભવપૂર્ણ પ્રવાસીએ એની સ્મૃતિ કરાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો. પોતાનો એ પૂર્વ સંબંધ કેવા પ્રકારનો અને કેટલા પ્રમાણનો છે એની સમજ એમને ના પડી; પરંતુ એ સંબંધ વિશે કોઈ પ્રકારની શંકા તો ના જ રહી.

એ પ્રસંગે એમના જીવનપ્રવાહને પલટાવવામાં ને પુષ્ટ કરવામાં મહત્વનો ફાળો પ્રદાન કર્યો. એ દિવસથી એમને અવારનવાર અરૂણાચલનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. અંતર એની પ્રત્યે આકર્ષાવા માંડ્યું. પોતાનું ચિરકાળથી છૂટું પડેલું કોઈક સ્વજન પોતાને ફરી પાછું બોલાવી રહ્યું હોય એવો અસાધારણ અનુભવ એમને થવા લાગ્યો.

એ દિવસોમાં એમના હાથમાં પેરિય પુરાણમ્ પુસ્તક આવ્યું. પેરિય પુરાણ ભક્તિરસથી ભરેલો સુંદર ધર્મગ્રંથ છે. ચોર્યાસી વૈષ્ણવોની વાર્તા તથા નાભાજીના સુપ્રસિદ્ધ ગ્રંથ ભક્તમાળની શ્રેણીના એ સરસ ધર્મગ્રંથમાં ભગવાન શંકરના અનન્ય ને આજન્મ ત્રેસઠ ઉપાસકોની જીવનકથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. દ્રાવિડ દેશમાં જન્મેલા એ એકનિષ્ઠ ઉપાસકો શંકરની પ્રેમભક્તિ દ્વારા જીવનને કૃતાર્થ કરી ગયા. શંકરની એકનિષ્ઠ આરાધનામાં ઓતપ્રોત થઈને એમના અસાધારણ અનુગ્રહરૂપે એમણે મંગલ, રસમય, પ્રેરક ભક્તિગીતોની રચના પણ કરેલી.

પ્રેમભક્તિની ભવ્ય જીવનકથાઓથી ભરેલા એ પેરિય પુરાણના પ્રસિદ્ધ પુસ્તકે બીજા અનેકની પેઠે એમને પણ પ્રેરણા પૂરી પાડી. એનું અધ્યયન એમને માટે પ્રેમભક્તિના પવિત્ર પ્રવાહોને પ્રકટાવનારૂં થઈ પડ્યું. એને વાંચતાં એ તલ્લીન બની ગયા. એમના નેત્રોમાંથી આનંદનાં અશ્રુ વહેવા લાગ્યાં. એ શિવભક્તોનાં જીવન એમને ધન્ય લાગ્યાં. એમને થયું કે એમનાં જ જીવન સાચા અર્થમાં સફળ છે - એ પ્રાતઃસ્મરણીય કૃતકામ મહાપુરૂષોનાં, જેમના જીવનમાં ઈશ્વર વિના કોઈ પ્રેય, શ્રેય કે ઉપાસ્ય નહોતું, જેમના હૃદય અને રોમ રોમની રસમય વીણા પર ઈશ્વરના રાગની જ રાગરાગિણીઓ વાગ્યા કરતી, જેમણે પોતાના તનમન પર વિજય મેળવીને આત્માનુસંધાન સાધીને ઈશ્વરના અખંડ અસાધારણ અનુગ્રહની ઉપલબ્ધિ કરેલી, એમનાં જ જીવન સાર્થક હતાં. એમને પગલે ચાલીને જીવનને ધન્ય કરવું જોઈએ. જીવનનો સાચો ને વધારે સારો ઉપયોગ બીજો કયો હોઈ શકે ?

એ જ અરસામાં, એકાદ વરસ પછી, ઈ.સ. ૧૮૯૬ના ઑગસ્ટમાં એમને આગળ વર્ણવ્યા પ્રમાણે મૃત્યુનો અનુભવ થયો. એની પ્રતિક્રિયા એમની ઉપર ઘણી પ્રબળ પડી. જડ શરીરમાં વિરાજનારી, જડ શરીરથી અલગ, પોતાના મૂળભૂત સ્વરૂપ જેવી આત્મસત્તાની અપરોક્ષ અનુભૂતિ મૃત્યુના એ આકસ્મિક અનુભવ દરમિયાન થયા પછી એમને એ સત્તાનો ખ્યાલ નિરંતર રહેવા માંડ્યો. શરીરથી સ્વતંત્ર આત્મતત્વનું સ્કુરણ એમને આપોઆપ અને અનાયાસે જ થવા લાગ્યું. એમના એકનિષ્ઠ પ્રિય શિષ્ય ગણપતિ મુનીંદ્રે એ સંબંધી ઉલ્લેખ કરતાં કહ્યું છે :

त्वं तु सत्पदरो वर्षे बाल्य एव महायशाः ।
लब्धवानसि विज्ञानं योगिनामपिदुर्लभम् ॥

સત્તર વરસની નાની વયમાં યોગીઓને પણ દુર્લભ પરમજ્ઞાનની પ્રાપ્તિ રમણ મહર્ષિને થઈ !

સામાન્ય માનવોને એ જાણીને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે; પરંતુ વિવેકી જનોને એથી જરાય આશ્ચર્ય નહિ થાય. શરીર સત્તર વરસનું પરંતુ આત્મા તો પુરાતન છે. એની ઉંમરનું અનુમાન કોણ કરી શકે તેમ છે ? એની સફર સંસારમાં ક્યારથી શરૂ થઈ હશે તેની કલ્પના કોણ કરી શકે ? વેંકટરામનનાં સંચિત સત્કર્મોનો પરિપાક જ એ પ્રજ્ઞાના રૂપમાં પ્રકટ થયો. એ સાચા અર્થમાં દ્વિજ બન્યા. એમને સમજ, સંસ્કાર અને સદ્ ભાવની દૃષ્ટિએ નવો જન્મ મળ્યો. શરીરથી વિભિન્ન કર્મો કરાતાં હોવા છતાં એમનું મન એથી પર આત્મામાં ઓતપ્રોત રહેવા લાગ્યું. જીવનના આધ્યાત્મિક વિકાસના સૂર્યોદયની પહેલાંના ઉષઃકાલનો એવી રીતે આરંભ થયો. જે અવસ્થા મોટે ભાગે રમતગમતની અને અજ્ઞતાની હોય છે એ અવસ્થામાં એમને શાસ્ત્રવચનોના નિષ્કર્ષરૂપ આત્મપ્રકાશની પ્રાપ્તિ થઈ એથી અધિક ઉત્તમ સદભાગ્ય બીજું કયું હોઈ શકે ?

એવા અનેરા અનુભવથી એમના અંતરની વીણા વાગી ઊઠી. એમાંથી સુધાસભર સુમધુર સ્વરો છૂટવા લાગ્યા. એમના જીવનમાં નવો પ્રકાશ પથરાયો. જે વસ્તુથી પોતે અત્યાર સુધી અનભિજ્ઞ હતા એ આત્મવસ્તુને અનુભવીને એ આનંદવિભોર બની રહ્યા. આત્મતત્વમાં એમની તલ્લીનતા ને દૃઢતા દિનપ્રતિદિન વધવા લાગી. એના અનુસંધાનની આગળ એમને સંસારના બીજા બધા જ વિષયો સૂકા કે ફીકા લાગવા માંડ્યા. એ આત્મપ્રદેશમાં અધિક ને અધિક ડૂબવાની એમને આકાંક્ષા થઈ. એમનું મન બાહ્ય વ્યવહારોમાંથી આપોઆપ ઉપરામ થવા માંડ્યુ.

વેંકટરામનના જીવનમાં પરિવર્તનનો જે નવો પ્રવાહ પેદા થયો એણે એમના જીવનને જુદું જ બનાવી દીધું. સગાંસંબંધી તથા મિત્રમંડળમાંથી એમનું મન ઉપરામ થવા લાગ્યું. રમતગમત બંધ થઈ.

અભ્યાસ પણ ઉત્તરોત્તર નીરસ લાગવા માંડ્યો. એમના સ્વભાવમાં પણ ફેરફાર થયો. એમને હવે કોઈની સાથે વાત કરવાનું પણ ના ગમતું. એમનો સ્વભાવ સરળ ને શાંત બની ગયો. કોઈ મિત્રો એમની મશ્કરી કરતા કે એમને એક અથવા બીજી રીતે પજવતા કે હેરાન કરતા તો પણ એ શાંત જ રહેતા. એમણે અધિકાઅધિક એકાંતસેવન કરવા માંડ્યું.

એ દિવસોમાં એમણે પરમાત્માને માટેના પરમપ્રેમથી પ્રેરાઈને નિયમિત રીતે મંદિરમાં જવાનું શરૂ કર્યું. દક્ષિણ ભારતનો પુણ્યપ્રદેશ પોતાના ઉત્તુંગ ગગનચુંબી શિખરોવાળાં શિલ્પકળાથી સુશોભિત મંદિરોને માટે જાણીતો છે. એ મંગલમય મંદિરના દર્શનથી કૃતાર્થ થવાની અભિલાષાથી પ્રેરાઈને દર વરસે હજારો

લાખો ભાવિકો એ પ્રદેશની યાત્રા કરે છે. એ પ્રદેશમાં માનવમનને મોહિત કે મંત્રમુગ્ધ કરનારા જુદાં જુદાં મંદિરોમાં મીનાક્ષી મંદિર મહત્વનું સ્થાન ધરાવે છે. એની બરાબરી બીજું કોઈ મંદિર નથી કરી શકે તેમ. મીનાક્ષી દેવી પાંડ્યોના કુળમાં જન્મેલી. એણે સુંદરેશ્વર સાથે સ્નેહસંબંધ બાંધ્યો અને પોતાની અનુપમ એકનિષ્ઠ શ્રદ્ધાભક્તિના બળથી એમની પરમ પ્રસન્નતાની પ્રાપ્તિ કરી. પોતાના અસાધારણ ઉત્કટ અનુરાગના ફળરૂપે એ સુંદરેશ્વરની અર્ધાંગિની બની ગઈ. પાંડ્યોએ એને કુલદેવતાપદે સ્થાપીને એની સ્મૃતિમાં, એના અદભુત અનુગ્રહની અમર અંજલિરૂપે એક સુંદર મંદિર કરાવ્યું. અસંખ્ય પ્રવાસીઓના પ્રાણને પ્રેરણા પાતું એ અમૂલખ મંદિર ભારતનાં સર્વોત્તમ મનાતાં મંદિરોમાંનું એક બની રહ્યું. જેમણે એ મધુમય મંદિરની મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હશે એ એની અસાધારણતાથી અવશ્ય મંત્રમુગ્ધ થયા હશે, એ એની આહ્લાકદતાને આજે પણ નહિ ભૂલ્યા હોય. એનો સહસ્ત્ર સ્થંભવાળો મંડપ એમની આંખ આગળ રમતો હશે. એની અસંખ્ય કળાત્મક મૂર્તિઓ એમના મનમાં એવી જ મઢાઈ ગઈ હશે. જે પરમાત્મપ્રેમી નહિ હોય કિન્તુ કેવળ કળારસિક હશે એ પણ એના કળાદર્શનથી ડોલી ઊઠ્યા હશે. એમના કાળજાને પણ એણે પૂરેપૂરું કામણ કર્યું હશે.

ભક્તો એ સુંદર, આધ્યાત્મિક વાયુમંડળથી વીંટળાયેલા મંગલ મંદિરમાં પ્રવેશીને પ્રેમયુક્ત ને ભાવવિભોર બની જાય છે. દુન્યવી ચિંતાઓમાંથી મુક્તિ મેળવીને એ ત્યાંના પરમપ્રસન્ન વાતાવરણનો લાભ લે છે. કોઈ સંકીર્તન કરે છે, નામ જપે છે, કે ધ્યાનમાર્ગનો આધાર લઈને અંતરમાં અવગાહન કરે છે. કેટલાય પ્રવાસીઓ ત્યાંના પવિત્ર પરમાણુથી પ્રભાવિત થઈ ને નવા વધારે સારા જીવનને જીવવાનો સંકલ્પ કરે છે ને આદર્શ જીવનવ્યવહારની યોજના ઘડે છે. મંદિરમાં જ્યારે પૂજા અને આરતી થાય છે ત્યારે હજારો હૈયાં હસી, હાલી ને નાચી ઊઠે છે. એ એમના આરાધ્યદેવની પ્રશસ્તિ તેમ જ પ્રાર્થના કરે છે. મીનાક્ષી દેવીનું એ મંગલ મંદિર એવી રીતે માનવ મનને મધુમય ને મંગલ કરે છે ને જીવનોપયોગી પ્રેરણાથી ભરે છે ! કેટલું સુંદર જીવનપ્રેરક મંદિર !

વેંકટરામને એ સુંદર મધુમય મંદિરની નિયમિત રીતે મુલાકાત લેવા માંડી. એ અનુપમ સૌન્દર્યસભર સજીવ મંદિરે એમના અંતરનું ઊંડું આકર્ષણ કર્યું. ત્યાંથી એમને પ્રેરણા મળવા માંડી. એમનો પ્રાણ પ્રજ્ઞાના પાવન પ્રકાશથી પુલક્તિ થવા લાગ્યો.

મીનાક્ષી મંદિર એમનું પરમ પ્રેરણાસ્થાન થઈ પડ્યું. ત્યાંના સરસ શાંત વિશાળ મંડપમાં બેસીને એ ભક્તિભાવયુક્ત હૃદયે ઈશ્વરને અંતરના અંતરતમમાંથી પ્રાર્થના કરતાં કહેતા કે પ્રભુ, મારા પર કૃપા કરો ને મને તમારી વિશુદ્ધ ભક્તિનું દાન દો. હું તમારાં શ્રીચરણોમાં મસ્તક નમાવીને એ જ ભિક્ષાની યાચના કરૂં છું. તમારા અનુગ્રહ પ્રાપ્ત અનેક શરણાગતોની શ્રેણીમાં મને પણ સ્થાન આપો. નાયનારોના જીવનમાં પ્રકટેલા ભક્તિપ્રવાહ જેવો જ ઉત્તમ આદર્શ ભક્તિપ્રવાહ મારા જીવનમાં પ્રકટ હો !

એવી પ્રાર્થના કરતી વખતે એમના હૃદયના સમસ્ત તાર રણકી ઊઠતા. એમનું રોમેરોમ રાગે રંગાઈ જતું. એ પ્રાર્થના મુખમાંથી નહોતી નીકળતી પણ પ્રાણમાંથી પ્રકટતી. એનું ઉદ્ ભવસ્થાન આત્મા હોવાથી એ અતિશય અસરકારક થઈ પડતી. એ વખતે એમની આંખમાંથી અશ્રુ ટપકતાં, એમને રોમાંચ થતાં ને હૃદય રાગમય બની જતું. પ્રાર્થના જ્યારે કોઈ પરિપાટીનું પાલન કરવા માટે નહિ પરંતુ જીવનની એક અનિવાર્ય

આવશ્યકતારૂપે થતી હોય છે ત્યારે અત્યંત આનંદદાયક, પ્રેરક ને શ્રેયસ્કર થઈ પડે છે. એમની પ્રાર્થનાના સંબંધમાં પણ એવું જ બન્યું. એ એક પ્રકારની આત્મિક સાધના અથવા આરાધના બની ગઈ. એમને એનાથી અનંત આનંદ મળવા માંડ્યો. એમના આતુર અંતરને ખૂબ ખૂબ રાહત મળી. એ એમના આત્મનિવેદનનું એક અસરકારક અમોઘ સાધન થયું.

આધ્યાત્મિક પ્રગતિપંથના પ્રવાસીઓના જીવનનું નિરીક્ષણ કરતાં જણાય છે કે એમણે આરંભના અને પાછળના સમગ્ર સમયમાં પોતાની પ્રગતિને માટે પરમાત્માની પ્રાર્થનાનો આધાર લીધેલો. પ્રાર્થના એમની સહચરી બનેલી અને એમના અંધકારાવૃત્ત જીવનપથને પ્રકાશિત કરનારી થયેલી. વેંકટરામનનું પ્રારંભિક જીવન પણ એ સનાતન સત્યની સાક્ષી પૂરે છે.

એ સમયની એમની આંતરઅવસ્થાના સંબંધમાં એમના જ ઉદ્દગારોને ધ્યાનપૂર્વક શ્રવણ કરીએ તો ઘણું જાણવાનું મળે છે. આ રહ્યા એમના એ વખતની મનોદશાનો પરિચય આપતા ઉદ્દગાર :

'એ વખતની મારી દશા કેવી હતી ? તેનું થોડુંક સ્પષ્ટીકરણ કરી લઉં. બૌદ્ધાની પેઠે હું દુઃખવાદમાં વિશ્વાસ નહોતો રાખતો. હું દુઃખી કે દુઃખવાદી ન હતો. એ વખતે મને સંસારનો અનુભવ જ ન હતો અથવા હતો તો ઘણો ઓછો અથવા અપરિપકવ હતો. એટલે દુનિયા દુઃખમય છે એવો અનુભવ મને ક્યાંથી થઈ શકે ? મને બંધનનું જ્ઞાન નહિ હોવાથી હું મોક્ષાર્થી હતો ને મોક્ષને માટે ઉપાસના કરતો એવું પણ ના કહી શકું. મોક્ષને માટે કે બંધનની નિવૃત્તિને માટે પ્રાર્થવાનું મારા સ્વભાવમાં જ ન હતું. જન્મમરણના ચક્રમાંથી છૂટવાની આકાંક્ષાનો ઉદય મારા મનમાં હજુ નહોતો થયો. એ વખતે મારું ધર્મગ્રંથોનું જ્ઞાન પણ ઘણું મર્યાદિત હતું. બાઈબલ, પેરિય પુરાણ અને કેટલાંક ભક્તિ ગીતોને બાદ કરતાં ધાર્મિક સાહિત્યના વિશાળ ક્ષેત્રમાં મેં ચંચુપાત પણ નહોતો કર્યો. બીજા કોઈ ધર્મગ્રંથના નામની પણ મને ખબર ન હતી તો પછી એમાં સમાયેલા જ્ઞાનપ્રકાશના સંબંધમાં તો પૂછવું જ શું ? મને જે ધર્મપુસ્તકોના પરિચયમાં આવવાનું સૌભાગ્ય સાંપડેલું તેમાં સગુણ ઈશ્વરનું પ્રતિપાદન તથા સ્તવન આવતું. નિર્ગુણ બ્રહ્મના સંબંધમાં તેમાં પ્રર્યાપ્ત પ્રકાશ નહોતો દેખાતો. મારી એ નાની ઉંમરમાં, અપરિપકવ અવસ્થામાં મને આત્માનુભૂતિના વિજ્ઞાનની ને સ્વરૂપની માહિતી ન હતી. તેના જુદા જુદા પ્રકારોથી પણ હું અજ્ઞાત હતો. એ દિવસો દરમિયાન મારા અંતરમાં એક પ્રકારની અનિર્વચનીય, અવર્ણનીય, અગાધ વેદના જરૂર પેદા થતી; પરંતુ એ કયા કારણે ને કયા વિશેષ પ્રયોજનથી પ્રેરાઈને પેદા થતી તેનો નિર્ણય નહોતો કરી શકતો. એ નિર્ણય કરવાની સમજ, સૂઝ કે શક્તિનો મારામાં અભાવ હતો. હા, એક વાત નિર્વિવાદ છે કે ધ્યાનમાં બેસીને આંખ મીંચતાંવેંત જ હું સર્વ પ્રકારના સંતાપથી મુક્ત થઈ જતો. મને અભૂતપૂર્વ શાંતિ મળતી. પરંતુ બીજા જાગૃતિદશાના સમય દરમિયાન મારું મન એક પ્રકારની અતૃપ્તિ અથવા એક જાતના સંતાપનો અનુભવ કર્યા કરતું. એનું સાંગોપાંગ સંપૂર્ણ વર્ણન નથી કરી શકાય તેમ. એ વાણીનો નહિ, સ્વાનુભવનો જ વિષય લાગે છે.'

'આજે પણ મને નથી સમજાતું કે એ વખતે મારા પ્રાણમાં પ્રેમનાં એવાં પાર વિનાનાં પ્રખર પરમાણુઓ કેમ પ્રકટેલાં. એનાં સ્પંદનો એટલા બધાં શક્તિશાળી કેમ હતાં એનો ઉત્તર મારાથી નથી આપી શકાતો. અને એનો ઉત્તર આપવાની આવશ્યકતા પણ કયાં છે ? એ વખત પાણીના પળે પળે આગળ ગતિ કરતા પુનિત પ્રવાહની પેઠે હવે વહી ગયો છે. છતાં પણ એટલું સાચું કે એ સમયનું મહત્વ ઘણું મોટું હતું

અને એ અત્યંત મૂલ્યવાન હતો. એની અસર મારા સમસ્ત જીવન પર અને ખૂબ જ શકવર્તી પડી. એ દિવસોનું સ્મરણ કરીને આજે પણ મારું અંતર અવનવા ગૂઢ ભાવનો અનુભવ કરે છે. એ અનુભૂતિ કેટલી બધી અદભુત, અનેરી અને આશીર્વાદરૂપ છે ? મીનાક્ષી મંદિરમાં પ્રવેશ કરતો ત્યારે મીનાક્ષી, સુંદરેશ્વર અને ઈશ્વરના અપાર અનુરાગથી આપ્લાવિત અંતરોવાળા નાયનાર ભક્તોની મધુમય મૂર્તિઓનું દર્શન કરતાં મારા પ્રાણમાં પ્રેમનો પ્રવાહ ફૂટી નીકળતો, રોમેરોમમાં રસના ફુવારા ફૂટતાં, આંખમાં અલૌકિક આનંદ અંજાતો ને હૃદય અવનવો ઉત્સવ કરતું હોય તેમ ઊછળવા માંડતું. અંતરમાં પ્રકટેલા ભાવસમુદ્રના પ્રશાંત તરંગો સ્નેહનું સુમધુર સંવાદી સંગીત છોડતાં વિહરવા લાગતાં.'

'એ અવસ્થાને ગમે તે નામે ઓળખવામાં આવે પણ એ અવસ્થા પરમપવિત્ર પ્રેમની હતી એ નિર્વિવાદ છે. મારું પ્રેમપરિપ્લાવિત હૃદય મીનાક્ષી દેવી સાથે વાતો કરવા માંડતું. એ વાતો પ્રેમોદ્રેકની અથવા ભાવદશાની હતી. મારું અંતર ઈશ્વરના એ સાધારણ અનુરાગથી અલંકૃત બનીને એમનું સ્તવન કરતું ને ઊંડા સુખમાં ડૂબી જતું. એ વખતની મારી દશા ખરેખર અદ્દભુત હતી. એ વખતના દિવસો ઝડપથી પસાર થઈ જતા ને ખૂબ જ મીઠા લાગતા. પરમાત્માના પ્રામાણિક પ્રેમીઓની દશા એવીજ હોય છે એવું અનુમાન હું સહેજે કરી શકતો.'

એ ઉદગારો એમની કિશોરાવસ્થાના સૂચક છે. એમના જાગૃતિ દશાના મનોભાવોનો એથી પરિચય મળે છે. એ વખતે પણ સહેજ એકાંત મળતાં એ આસન પર બેસી જતા ને ધ્યાનમાં આજુબાજુના વાતાવરણનું ને દેહનું ભાન ભૂલીને લીન બનતા. એમની આત્મભાવના સદા જાગૃત રહેતી. એ ઉત્તમ ભાવનામાં એ પોતાના પ્રાણને પરોવી દેતા. એમની વૃત્તિઓ ગૂંથાઈને એક થતી કે સંવાદ સાધતી. એમને માટે એ આત્મભાવના જ સર્વ કાંઈ હતી. એમાં જોડાયલું એમનું મન એકાગ્રતાની અનુભૂતિ દ્વારા બાહ્યવ્યાપારશૂન્ય બની જતું. એ સ્થિતિની અનુભૂતિ પૂર્વના કોઈક અદૃષ્ટ અસાધારણ સાધના સંસ્કારોને લીધે એમને સહજ લાગતી. જે સ્થિતિની પ્રાપ્તિ એકાંતવાસી, અપરિગ્રહી, સંયમી, સાધનાપરાયણ યોગીઓને દીર્ઘકાળની ઉત્સાહયુક્ત તપશ્ચર્યા પછી જ થાય તે સ્થિતિ એમને સારૂ કિશોરાવસ્થામાં જ સ્વાભાવિક બની એ ઓછું આશ્ચર્યકારક ન હતું. પરંતુ એવા તો અસંખ્ય આશ્ચર્યો આ અવનીમાં બનતાં હશે. તે સૌના તરફ માનવનું ધ્યાન જાય છે એવું થોડું છે ? કદીક જાય છે તો પણ, એમના કાર્યકારણભાવને ના સમજવાથી માનવ એમને ગદ્દગદ્દ ભાવે મંત્રમુગ્ધ થઈને નિહાળી રહે છે. એવા જ્ઞાનની અપેક્ષા પણ એની પાસેથી શી રીતે રાખી શકાય ?

☼ ☼ ☼ ☼ ☼

## (૫) મહાભિનિષ્ક્રમણ

માનવજીવનનું ધ્યેય કેવળ આહારવિહાર, ભોગવિલાસ, સંપત્તિ સંગ્રહ અથવા અધિકારપ્રાપ્તિ થોડું છે ? કેટલાક અસંસ્કારી, અજ્ઞ માનવો એવું માનતા હોય અને આજે પણ માનતા હોય તો ભલે; પરંતુ સુસંસ્કારી, સદસદ્‌વિવેકી, પ્રાજ્ઞપુરૂષો તો એવું માનતા નથી જ. દિવસે દિવસે દુનિયા વિચાર ને આચારના ક્ષેત્રમાં આગળ વધતી જાય છે ને નોંધપાત્ર પરિવર્તનોમાંથી પસાર થાય છે. જે પ્રજા ધર્મ, ઈશ્વર કે આધ્યાત્મિકતામાં માનતી નથી તે પણ સમાજવાદ, સર્વોદય કે સામાજિક અને રાષ્ટ્રીય ઉત્કર્ષમાં માને છે અને એને માટેનાં આવશ્યક માનવીય તથા સામાજિક મૂલ્યોમાં વિશ્વાસ ધરાવે છે. ભારતીય ઋષિઓએ સંસ્કૃતિના ઉષઃકાળથી જ માનવને એના જીવનધ્યેયનું સ્મરણ કરાવતાં કહ્યું છે : आत्मानं विजानीथ । આત્માને જાણો. कस्त्वम् । તું કોણ છે, તારૂં મૂળભૂત વાસ્તવિક સ્વરૂપ શું છે એને ઓળખ. એ સ્વરૂપનો સાક્ષાત્કાર કર. સંસારનો કોઈ યે પદાર્થ પ્રયોજન વગરનો નથી હોતો. પ્રત્યેકની પાછળ કોઈ ને કોઈ જ્ઞાત અજ્ઞાત સ્થૂલ સૂક્ષ્મ પ્રયોજન હોય જ છે. આટલું મોટું માનવજીવન પણ નિષ્પ્રયોજન ના જ હોઈ શકે. અને એ પ્રયોજન પોતાને જાણવાનું, પૂર્ણતામાં પ્રતિષ્ઠિત થવાનું, પરમશાંતિની મૂર્તિ બનવાનું, કે અવિદ્યાજન્ય બંધનોને તોડવાનું જ હોઈ શકે.

* * *  * * *  * * *  * * *

ભારતવર્ષના પ્રાતઃસ્મરણીય સ્વનામધન્ય મહાપુરૂષોએ માનવજીવનના દ્વિવિધ ધ્યેયનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે જીવન અલ્પતાને ખંખેરી કાઢીને પૂર્ણતામાં પ્રતિષ્ઠિત થવા અથવા અવિદ્યાનો અંત આણીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે છે. એ મહત્વના ધ્યેયની સાથે સાથે બીજું પેટાધ્યેય બીજાની સેવાનું છે. એ દ્વિવિધ ધ્યેયની પૂર્તિ માટે માનવે પુરૂષાર્થ કરવો જોઈએ. તો જ જીવન ઉજ્જવળ બને કે સાર્થ ને સફળ થઈ શકે.

વેંકટરામનના હ્રદયમાં, પૂર્વના કોઈક પરંપરાગત પ્રબળતમ સંસ્કારોના પરિણામે, જીવનના એ મૂળભૂત ધ્યેયની સિદ્ધિની તમન્ના જાગી ઊઠી. એની પ્રેરક વીણા એમના અંતરમાં કિશોરાવસ્થામાંથી જ વાગી ઊઠી. એમનું અંતર બધી જાતના બાહ્ય વિષયો કે પદાર્થોમાંથી ઉપરામ બની ગયું. પોતાના અંતરમાં વધારે ને વધારે ઊંડી ડૂબકી મારીને પરમશાંતિ અથવા સ્વરૂપનિષ્ઠારૂપી મહા મૌક્તિકને મેળવવાની અભિલાષાની એમના જીવનમાં અભિવૃદ્ધિ થવા માંડી.

એવી અભિલાષા, ભાવના, ઉત્કંઠા અથવા લગનીનું મહત્વ આત્મવિકાસના સાધકના જીવનમાં ઘણું મોટું છે. એના સિવાય સાધનાનો સાચો સ્વાદ નથી સાંપડતો ને સિદ્ધિના સુખદ સુમેરુ શિખર પર આસીન પણ નથી થવાતું. સાધકો કે ભક્તોના શરૂઆતના જીવનમાં એનું દર્શન થતું હોય છે. એનો આવિર્ભાવ થયા પછી જેમ જેમ એ સુસ્થિર ને સુદ્રઢ બને છે તેમ તેમ સાધક વધારે ને વધારે સાધનાપરાયણ બનતો જાય છે અને પોતાના જીવનધ્યેયને પ્રાપ્ત કરવા મોટામાં મોટો ભોગ આપવા તેમજ પુરૂષાર્થ કરવા તૈયાર થાય છે.

વેંકટરામનનું મન પણ એવા પ્રખર પુરૂષાર્થને માટે તૈયાર થયું. એમના અંતરમાં આત્મવિકાસના શ્રેયસ્કર ક્ષેત્રમાં આગળ વધવાનો ઉત્સાહ ઊછળવા માંડ્યો. પરિણામે સ્કૂલનો અભ્યાસ એમને ફીકો લાગ્યો.

એમનું મન એના પરથી ઉપરામ થવા માંડ્યું. જે ભણતર જન્મમરણની પાર પહોંચવામાં, માનવમનની સમસ્યાઓનો ઉકેલ કરવામાં, પરમાત્માની પ્રાપ્તિમાં, ને જીવનને કાયમ કાજે કૃતાર્થ કરવામાં મદદરૂપ ના થઈ શકે, જેથી મન અને ઇંદ્રિયોને જીતવાનો માર્ગ ના મળે, તે ભણતરથી શો લાભ ? એથી કયો મહત્વનો હેતુ સરી શકે ? એની પાછળ માનવજીવનના મહામૂલ્યવાન સમયને નિર્ગમન કરવાથી શું વળે ? એ સમય ને શક્તિસામગ્રીનો સદ્‌પયોગ જીવનને ધન્ય કરવા, આત્મસાક્ષાત્કાર સાધવા, ને મૃત્યુંજય બનવા માટે જ કરવો જોઈએ. એને માટે કોઈક એકાંત સ્થળનો આધાર લેવો જોઈએ. એ સ્થળમાં એકનિષ્ઠાથી દીર્ઘકાળ પર્યંત સાધના કરવી જોઈએ. જીવનની જે પળો પસાર થઈ રહી છે તે મહામૂલ્યવાન છે, અને એમનો ઉપયોગ એ માટે જ કરવો જોઈએ. અને એ પણ બનતી વહેલી તકે.

એ વિચારો ને ભાવો એમને ઘેરી વળ્યા.

એમની મનોદશાની અસર એમના જીવન વ્યવહાર પર પડ્યા વિના ના રહી. એ જોઈને એમના મોટા ભાઈએ એમને એકવાર કહ્યું પણ ખરૂં :

'તું તો કોઈ મોટા જ્ઞાની કે યોગીના જેવો વ્યવહાર કરી રહ્યો છે ! આવું જ વર્તન કરવું હોય તો તારાથી અભ્યાસ શી રીતે થઈ શકશે ? તારાં લક્ષણો સ્કૂલના અભ્યાસને અનુકૂળ નથી દેખાતાં. આવી ઉદાસીનતાપૂર્વક જીવવા કરતાં તો તું જંગલમાં જાય તે વધારે સારું છે. ઘર છોડીને વહેલી તકે વિદાય થઈ જા તો અમને કશો શોક નહિ થાય.'

ઘર તથા કુટુંબના વડીલો ને સ્કૂલના શિક્ષકો વેંકટરામનથી અસંતુષ્ટ રહેવા અને એમને એક અથવા બીજા કારણે ઠપકો આપવા લાગ્યા. વડીલોની ચિંતા વધી ગઈ.

વેંકટરામનની આજુબાજુ ચારે તરફથી વિરોધનો વંટોળ ઊઠવા લાગ્યો. એમની સ્થિતિને કોઈ સહાનુભૂતિથી ના સમજી શક્યું. એમાં કોઈનો દોષ પણ ન હતો; કારણ કે કોઈને એ ભૂમિકાનો અનુભવ નહોતો થયો. સંસારના વિવિધરંગી વિષયો ને રસોમાં ડૂબેલા માણસો આત્મવિકાસની અભીપ્સા કે ઝંખનાને કેવી રીતે સમજી શકે ? એમને એની કલ્પના પણ ક્યાંથી આવી શકે ? એ વખતે આજુબાજુના સમાજમાં જે ધર્માચરણ ચાલતું તે કોઈ પણ પ્રકારની ચમત્કૃતિ કે જીવનશક્તિ વગરનું, રૂઢ, મોટે ભાગે કર્મકાંડ પૂરતું જ મર્યાદિત અને પરંપરાગત હતું. એનો આધાર જીવનની વિશુદ્ધિ કે જીવનના વિકાસને માટે નહોતો લેવાતો, કેવળ આત્મસંતોષ માટે જ લેવાતો. તિલક, કંઠી, દેવદર્શન, મૂર્તિપૂજા, સ્વાધ્યાય તેમજ બાહ્ય વિધવિધાનો ને વ્રતોમાંથી એ ઊંચું નહોતું આવતું. માનવના હૃદયમાં એથી પરમાત્મપ્રેમની પવિત્ર રાગરાગિણી ના પેદા થતી ને માનવનું તંદ્રાધીન અંતર એનો આધાર લઈને પરમાત્મદર્શન માટે આતુર બનીને આક્રંદ પણ ના કરી ઊઠતું. એવા માનવો જન્માંતર સંસ્કારોથી સમલંકૃત સાધકને શું સમજે ? જેને વિષયોની મોહિની ના લાગી હોય તે જ પરમાત્માના પ્રેમીના રાગમય હૃદયની પરિસ્થિતિને પારખી શકે.

પોતાની આજુબાજુની પ્રતિકૂળ પરિસ્થિતિને જોઈને ભવિષ્યના એ સર્વમાન્ય મહાત્મા પુરૂષનું મન અસ્વસ્થ બની ગયું. એમને થયું કે બરાબર છે મને કોઈ સમજી શકતું નથી ને મારું મન અભ્યાસમાં લાગતું નથી તો આ ઘરમાં મારું સ્થાન કેટલું ને ક્યાં સુધી ? જે જીવનમાં સંપૂર્ણ શાંતિ ના હોય એ જીવનની કિંમત

કેટલી ? કોઈક કોલાહલરહિત એકાંત શાંત સ્થળમાં જઈને મારા સમગ્ર જીવનને સાધનામાં લગાવું એ જ ઉચિત છે. એના સિવાય જીવનનું સર્વોત્તમ સાફલ્ય નહિ થઈ શકે.

એ દિવસોમાં એમના જીવનમાં એક નાનકડી ઘટના બની. એ એમના જીવનપ્રવાહને પલટાવવામાં મદદરૂપ થઈ પડી.

એ ઉલ્લેખનીય દિવસ ઈ.સ. ૧૮૯૬ના ઑગસ્ટની ર૯મી તારીખ ને શનિવારનો હતો.

એ દિવસ એમને માટે યાદગાર બની ગયો. એમનું અંગ્રેજી વ્યાકરણ કાચું નીકળવાથી સ્કૂલના શિક્ષકે એ વ્યાકરણનો એક પાઠ ત્રણ વાર લખી લાવવાની એમને આજ્ઞા કરી. એને અનુસરીને, ઘેર આવીને એમણે પાઠ લખવાનો પ્રારંભ કર્યો. બે વાર એ પાઠ લખ્યો પણ ખરો. ત્યાં તો એમના મનમાં પ્રશ્ન પેદા થયો કે મારે આવી રીતે અંગ્રેજી વ્યાકરણનો પાઠ શા માટે લખવો જોઈએ ? હું કોઈ વિવેકરહિત જડ યંત્ર છું કે કોઈપણ પ્રકારના પ્રયોજન, પ્રેમ કે રસ વગર આવું કર્મ કરતો રહું ?

એમની કલમ બંધ પડી. અંગ્રેજી વ્યાકરણનું પુસ્તક હાથમાંથી સરકીને નીચે પડી ગયું.

લેખનકાર્ય એકાએક અટકી પડ્યું અને એને બદલે વેંકટરામને આસન વાળીને ધ્યાન કરવા માંડ્યું.

એમના મોટા ભાઈ નાગસ્વામી થોડેક દૂર બેસીને એ બધું જોઈ રહેલા.

એમનાથી બોલ્યા વિના ના રહી શકાયું :

'આવા છોકરાને વળી અભ્યાસ સાથે શું લાગેવળગે ? એણે વળી અભ્યાસ કરવો જ શા માટે જોઈએ ?'

કોના અંતરને કયા શબ્દો અસર કરશે તે કેમ કહી શકાય ?

કોના જીવન-પરિવર્તનમાં કઈ ઘટના ભાગ ભજવશે એ કોનાથી નિશ્ચિત કરી શકાય ? ધ્રુવના જીવનપ્રવાહમાં એની વિમાતા સુરૂચિના શબ્દોએ પરિવર્તન કર્યું : તુલસીદાસના જીવનમાં રત્નાવલીના શબ્દોએ : રત્નાકરના જીવનમાં દેવર્ષિ નારદના થોડાક શબ્દોએ ક્રાંતિ કરી : સમર્થ રામદાસના જીવનપ્રવાહને સાવધાન શબ્દે પલટાવી દીધો. શબ્દની શક્તિ એવી અદ્દભૂત, અસાધારણ, અનંત છે ! વેંકટરામનને પણ એ શક્તિનો અનુભવ થયો. એ શક્તિ એમને માટે મારક નહિ, તારક થઈ પડી. મોટાભાઈના કઠોર ને કટુ શબ્દો એમના હૃદયસોંસરા ઊતરી ગયા. એ શબ્દોએ એમના કુસુમકોમળ કાળજાને કોરી નાખ્યું. એવાં વ્યંગાત્મક વચનો એમણે એ પહેલાં કેટલીય વાર સાંભળેલાં; પરંતુ એ વચનોએ જુદી જ અસર પહોંચાડી. એમને થયું કે મોટા ભાઈની વાત બરાબર છે. અભ્યાસ તરફ મારું જરાપણ ધ્યાન નથી. મને સ્કૂલના અભ્યાસમાં રસ જ નથી પડતો. ઘર તથા કુટુંબના સ્નેહસંબંધો પણ સહેજ પણ નથી આકર્ષી શકતા. તો પછી અહીં રહેવાનો ને આ જાતનું જીવન જીવવાનો શો અર્થ છે ? મારે માટે ઘરત્યાગ કરીને કોઈક સુંદર શાંત એકાંત સ્થળમાં જઈને રહેવાનું ને સાધનાપરાયણ જીવન જીવવાનું જ શેષ રહે છે. એ જ મારે માટે શ્રેયસ્કર થશે.

એમના જીવનની પેલી મૃત્યુ જેવી અવસ્થાની અનુભૂતિ એમને ફરી થવા માંડી. ભગવાન અરૂણાચલની મધુમય મૂર્તિ એમની મનની આંખ આગળ ઊભી રહીને એમના અંતરને આકર્ષવા લાગી.

એમણે અરૂણાચલનું શરણ લેવાનો સંકલ્પ કર્યો. એ દિવસની ઘટના એવી રીતે એમના જીવનની મહાપરિવર્તનકારી ઘટના બની રહી.

ધ્યાનમાંથી ઊઠીને એમણે પોતાના મોટાભાઈને જણાવ્યું :

‘હું સ્કૂલમાં જવાની તૈયારી કરૂં છું.’

‘આજે સ્કૂલમાં જવું છે ?’ ભાઈએ પુછ્યું : ‘કે પછી યોગસાધના કરવી છે ?’

‘યોગસાધના નથી કરવી, સ્કૂલમાં જવું છે.’

‘તારૂં મન તો યોગસાધના તરફ લાગેલું છે, અભ્યાસમાં કે સ્કૂલમાં નથી લાગ્યું.’

‘તો પણ મારે સ્કૂલમાં જવું પડશે. આજે બાર વાગે એક સ્પેશિયલ કલાસ છે.?’

‘તો પછી મારું એક કામ કરજે. નીચે પેટીમાં પાંચ રૂપિયા છે. તે લઈને મારી ફી ભરી દેજે. તારી સ્કૂલની બાજુમાં જ મારી કૉલેજ હોવાથી તને કશી મુશ્કેલી નહિ પડે.’

વેંકટરામનના મનમાં પેદા થયેલા વિચાર પ્રવાહોની તેમને ખબર ના પડી. એમણે વેંકટરામનના શબ્દોને સાચા માની લીધા. વેંકટરામને લીધેલા ગૃહત્યાગના નિર્ણયની એ કલ્પના પણ ના કરી શક્યા. વેંકટરામને વિચાર્યું કે ઈશ્વર સાચેસાચ અનુકૂળ છે ને મારી ઉપર પોતાના અનુગ્રહની વર્ષા વરસાવી રહ્યા છે. મારે કોઈ દુન્યવી સ્કૂલમાં નહિ પરંતુ ઈશ્વરની સ્કૂલમાં જવાનું છે. ઈશ્વરે મારે માટે એક સ્પેશિયલ ક્લાસનું આયોજન કર્યું લાગે છે, ને મારે એની ઈચ્છા કે યોજનાનુસાર જીવનનું ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક શિક્ષણ મેળવવા માટે આગળ વધવાનું છે.

નીચે ઉતરીને એમણે ભોજન કર્યું ને પછી વડીલબંધુની સૂચનાનુસાર પાંચ રૂપિયા લઈ લીધા.

એ વખતે એમની નજર એક પુરાતન નક્શાપોથી પર પડી. એ દિવસોમાં તિરુવણ્ણામલૈ પહોંચવા માટે મદુરાથી ટ્રેનમાં વિલુપુરમ્ જવું પડતું. ત્યાંથી બીજી નાની ટ્રેનમાં આગળ વધવું પડતું. વિલુપુરમ્ કાટપાડી જતી એ લાઈનનું નિર્માણ લાંબા વખતથી કરવામાં આવેલું હોવા છતાં જુની નક્શાપોથીમાં એનો નિર્દેશ નહોતો કરવામાં આવ્યો. એમાં જોવાથી એવું લાગતું કે અરૂણાચલ મદ્રાસ તથા વિલુપુરમની વચ્ચેના તિંડીવનની પાસે છે. એ રીતે જોતાં ત્યાં પહોંચવાના માર્ગવ્યયના ત્રણ રૂપિયા પૂરતા થઈ પડે તેમ હોવાથી, એમણે વધારાના બે રૂપિયા પેટીમાં પાછા મૂકી દીધા. એ ઉપરાંત એમણે એક ચિઠ્ઠી લખીને એની સાથે જ મૂકી દીધી. અને એવી રીતે એ બધી પ્રારંભિક તૈયારી કરીને એ બહાર નીકળ્યા.

એમણે ઘર પર છેલ્લી નજર નાખી લીધી. એ વખતે એમના અંતરમાં અજબ પ્રકારનું, અસાધારણ, સંવેદન જાગી ઊઠ્યું. જીવનની એ એક વિરલ ક્ષણ હતી—એક અતિઅગત્યની વિરલ ક્ષણ. સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં એવી ક્ષણો મોટા મોટા સાધકો ને મહાપુરૂષોના જીવનમાં આવી છે. બુદ્ધ, ને મહાવીર, ચૈતન્ય મહાપ્રભુ, સમર્થ રામદાસ, તુલસીદાસ ને દયાનંદ, તથા મીરાંના જીવનપ્રવાહો એની સાક્ષી પૂરે છે. એ પળોના પરિણામરૂપે જગતને મહાન સિદ્ધિપ્રાપ્ત, પ્રાતઃસ્મરણીય, પ્રકાશદાયક, મહાત્મા પુરૂષોની પ્રાપ્તિ થઈ છે. વેંકટરામનના જીવનમાં પણ એ ઈતિહાસ પરંપરાનું—એ અસાધારણ ઐતિહાસિક ક્રમનું પુનરાવર્તન થઈ રહ્યું. એ વખતે એમનું હૈયું હાલી ઊઠ્યું. એમને થયું કે હું એક મંગલમય મહાયાત્રાનો

આરંભ કરી રહ્યો છું. એ યાત્રાની સફળતા મને જરૂર સાંપડશે. મારું જીવન એને માટે જ નિર્મિત થયું હોય એવું મને લાગ્યા કરે છે. એ લાગણી સહેતુક છે, અને એ હેતુની સિદ્ધિને માટે હું ક્રમશઃ આગળ વધી રહ્યો છું.

ચિઠ્ઠીમાં એમણે એમની લાક્ષણિક શૈલીમાં, સરળ સચોટ સંક્ષિપ્ત સારગર્ભિત શબ્દોમાં લખેલું :

'હું મારા પિતાની શોધમાં એમની આજ્ઞાનુસાર અહીંથી પ્રયાણ કરું છું. આ એક સત્કાર્યને માટે નીકળી રહ્યો છે માટે એને માટે કોઈ ચિંતા ના કરે. એને શોધવા માટે લેશ પણ ખર્ચ ના કરે.

સૂચનાઃ તમારી ફી નથી ભરી શક્યો. બે રૂપિયા આની સાથે જ મૂકેલા છે. તમારો...'

આ પત્ર મહત્વનો છે. રમણ મહર્ષિના (તે વખતના વેંકટરામનના) જીવનનો એ એક વિશેષ નોંધપાત્ર, ઐતિહાસિક, એમના વિકાસક્રમના અધ્યયન માટેના મહામૂલ્યવાન દસ્તાવેજી પુરાવારૂપ પત્ર કહી શકાય. પત્ર આમ તો સાવ ટૂંકો ને સાધારણ છે તો પણ અસાધારણતાની અસરથી એકદમ અલિપ્ત નથી જ. પત્રની પ્રથમ પંક્તિમાં એમણે પોતાના ત્યાગનો એના હેતુ સાથે નિર્દેશ કર્યો છે. પોતાને બાહ્ય ત્યાગનો આશ્રય લેવો પડ્યો છે તે ત્યાગ કેવળ ત્યાગને ખાતર નથી કરાયો પરંતુ પરમપિતા પરમાત્માના સાક્ષાત્કાર સારુ થયેલો છે એનું એમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. 'પિતા' શબ્દનો પ્રયોગ એમના એ વખતના બાઈબલ પાઠના સ્વાભાવિક પરિણામરૂપ હોય એવું લાગે છે. પ્રથમ પંક્તિમાં એ 'હું' શબ્દપ્રયોગ કરીને બીજી પંક્તિમાં દ્રષ્ટાભાવમાં પ્રતિષ્ઠિત થઈને લખતા હોય તેમ, પોતાના વ્યક્તિત્વથી અલિપ્ત રહીને 'આ એક સત્યકાર્યને માટે નીકળી રહ્યો છે' એવું લખે છે : અને એ પંક્તિમાં પોતાના વિયોગને લીધે થનારા દુઃખને હળવું કરવા માટે આશ્વાસન પણ પૂરું પાડે છે ને એમાં ગર્ભિત સૂચન કરે છે કે એ પ્રયાણ ઉત્તમોત્તમ પ્રયોજનથી પ્રેરાયેલું હોઈને શોક કરવાયોગ્ય નથી, પરંતુ પ્રસન્નતાપ્રદાયક, પ્રશસ્ય અથવા અભિનંદનીય છે. છેલ્લી ત્રીજી પંક્તિમાં એમના દૃઢ નિશ્ચય ને મક્કમ મનોબળનો પડઘો પડે છે. ત્યાગનો એમનો સંકલ્પ અતિશય મજબૂત છે અને કોઈ કારણે ચળે તેમ નથી, માટે એમાંથી ચળાવવાનો પ્રયત્ન કોઈએ ભૂલેચૂકે પણ ના કરવો એવો સ્પષ્ટ સંકેત એમાંથી મળી રહે છે. રમણ મહર્ષિનાં લખાણોમાં એ પત્રનું સ્થાન એટલા માટે જ અજોડ છે. પોતે પોતાના મોટા ભાઈના આદેશાનુસાર ફી નથી ભરી ને આવશ્યકતાથી વધારે પૈસા પેટીમાં જ રહેવા દીધા છે એ વિષે પણ કોઈને અંધારામાં નથી રહેવા દેતા. પત્રની પરિસમાપ્તિમાં એ પોતાની સહી નથી કરી શક્યા. જે આત્મસત્તાને એ અનુભવતા'તા એની અભિવ્યક્તિ શબ્દોમાં કેવી રીતે કરી શકે ? એ તત્વ તો મન, બુદ્ધિ ને વાણીથી અતીત, કેવળ અનુભવગમ્ય છે.

વેંકટરામન ઘર છોડીને પરમ પિતાની શોધમાં ચાલી નીકળ્યા.

ગૃહત્યાગ કરીને અરૂણાચલની દિશામાં ચાલતી વખતે એમના ઉરમાં કેવા અલૌકિક આનંદમય ભાવો ઉછળવા લાગ્યા ? પીંજરામાં પડેલા પંખીને બંધનમુક્ત બનીને બહાર ઊડવાનો અવસર મળે અને એ જેટલું આનંદમગ્ન બની જાય, એથી અધિક આનંદમગ્ન બનીને એ આગળ ને આગળ ચાલવા માંડ્યા. એમનું હૃદય ને રોમેરોમ રસમય બની ગયું. હવે એમનો શાંત જીવનપ્રવાહ જુદે જ માર્ગે ચાલવા લાગ્યો. એમની એ વખતની આંતર અવસ્થા સંત શિરોમણિ કબીરના પેલા અમર ઉદ્દગારોની સ્મૃતિ કરાવનારી છે :

મન લાગો મેરો યાર ફકીરી મેં.

જો સુખ પાયો રામભજન મેં

સો સુખ નાહિ અમીરીમેં ... મન લાગો મેરો..

વેંકટરામનને હજુ સુદીર્ઘકાળની અનવરત પરમોત્સાહપૂર્વકની કઠોર સાધનાને પરિણામે સાહિબ અથવા પરમાત્માનો સુખદ સાક્ષાત્કાર કરવાને વાર હતી : એમના હાથમાં કમંડલ ન હતું ને બગલમાં લાકડી કે દંડ રાખીને પણ એ નહોતા નીકળ્યા, તો પણ એમના બીજા મનોભાવો કબીરના મનોભાવોને મળતા જ હતાં. એમાં અવગાહન કરતાં વેંકટરામન સત્યની શોધ માટે સર્વનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા. એને એમના જીવનનું આધ્યાત્મિક મહાભિનિષ્ક્રમણ કહી શકાય.

દુનિયામાં કદાચ એક ભારત વર્ષ જ એવો દેશ છે જ્યાં સાધનાને માટે સર્વસ્વનું સમર્પણ કરનારા કે ફકીરી લેનારા માણસો આટલા મોટા પ્રમાણમાં જોવા મળે છે. વેંકટરામન પણ એવી રીતે સર્વસંગ પરિત્યાગી થઈને ફકીરી લઈને ચાલી નીકળ્યા. એ ક્ષણ એમના જીવનની પાવન ને ધન્ય ક્ષણ બની ગઈ. ભવિષ્યમાં કઠોર એકનિષ્ઠ સાધનાનો આશ્રય લઈને વૈદિક ઋષિઓના પરંપરાગત અક્ષય વિપુલ વારસાને એમણે શોભાવવાનો હતો. પોતાની સતત સાધના દ્વારા આત્મવિકાસના સુમેરૂ શિખર પર આસીન થઈને દેશના દીર્ઘકાળથી વિસ્મૃતિ પામેલા ને ગૌણ બનેલા દક્ષિણ પ્રદેશના માહાત્મ્યમાં અભિવૃદ્ધિ કરીને એની તરફ સમસ્ત દેશનું ને વિદેશોનું ધ્યાન આકૃષ્ટ કે કેન્દ્રિત કરીને ભારતની સાંસ્કૃતિક શાનને વધારવાની હતી, અનેક અધ્યાત્મપરાયણ જીવોની અંતરંગ અભીપ્સાઓને પોષવાની હતી. એ વિરાટ લોકોપયોગી કર્તવ્યયજ્ઞની અત્યારે એમને કલ્પના પણ ન હતી. અત્યારે તો એ ત્યાગના પરમપાવન પથના પ્રાથમિક પંથે થઈને આગળ વધ્યા.

આત્મોન્નતિના સર્વોચ્ચ શિખર પર પહોંચવા માટે સૌને માટે એવો બાહ્ય ત્યાગ કરવાનું આવશ્યક છે ? સર્વસંગ પરિત્યાગ કરીને પરિવ્રાજક બન્યા સિવાય સનાતન સત્યનો સાક્ષાત્કાર થઈ જ ના શકે એ શું સાચું છે ? બાહ્ય ત્યાગનું સ્થાન જીવનમાં સત્યના સઘળા સંશોધકો કે સાધકોને માટે અનિવાર્ય છે ? એના વિના આગેકૂચ કરાય જ નહિ એ યથાર્થ છે ? ના. જીવનના આત્મિક વિકાસ કે અભ્યુત્થાનને માટે સર્વસંગ પરિત્યાગ અથવા બાહ્ય ત્યાગ એક અનિવાર્ય આવશ્યક્તા નથી. સૌ કોઈને એની આવશ્યક્તા છે એવું નથી. જીવનમાં એક તબક્કો એવો આવી શકે જ્યારે સાધનાપ્રિય સાધકને સાધનાવિષયક સાનુકૂળતા સારૂ એનું આલંબન લેવું પડે; એવા સાધકો એનો આધાર લઈ શકે છે. પરંતુ સાથે સાથે એ પણ એટલુ જ સાચું છે કે પૂર્ણતાના મોટા ભાગના પ્રવાસીઓ સાંસારિક કર્તવ્યોને તિલાંજલિ આપી શકે તેમ ના હોવાથી, ને તેવી તિલાંજલિ એકંદરે ઈચ્છનીય અને અભિનંદનીય પણ ના હોવાથી, સાંસારિક કર્મો, સંજોગો તેમ જ વાતાવરણની વચ્ચે વસીને જ આગળ વધી શકશે. એવી રીતે આગળ વધવાનું કામ કઠિન લાગે, પરંતુ અશક્ય નથી. બાહ્ય ત્યાગને સસ્તો બનાવી દેવાથી ત્યાગીઓના સત્વમાં દિનપ્રતિદિન ઘટાડો થતો જાય છે એ વાસ્તવિકતા પ્રત્યે આંખ મીંચામણાં નથી કરી શકાય તેમ. બાહ્ય ત્યાગ ફેશન, શોખ, રૂઢિ કે પરંપરા બનવાને બદલે સાધનાત્મક જીવનની એક સહજ અનિવાર્ય આવશ્યકતા થાય તો જ શોભે, શોભાવે, ફળપ્રદાન કરી શકે. બાકી માણસ જ્યાં છે ત્યાં રહીને પણ વૃત્તિ, દૃષ્ટિ ને પ્રવૃત્તિને પરિવર્તિત કરીને આગળ વધી શકે છે. બહુજન સમાજે એ રીતે જ આગળ વધવું રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## (૬) અરૂણાચલ તરફ

એમના અંગેઅંગમાં મહોત્સવ થવા માંડ્યો.

ઘરમાંથી એક અથવા બીજા નિમિત્તે બહાર કાઢીને પોતાનો અમૃતમય અદ્ ભૂત આશ્રય આપવા માટે એમણે ઈશ્વરનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

એમનું હૃદય ગદગદ્ બની ગયું.

લોચનમાં હાસ્યનૃત્ય કરતાં આનંદાશ્રુ ઊમટી પડ્યાં.

કર્મોનો અજ્ઞાત રહસ્યમય પરિપાક એમને અવનવા માર્ગે દોરી રહ્યો.

ઉતાવળા પગલે આગળ વધતા એ આખરે ટ્રેન પકડવાની ઇચ્છાથી પ્રેરાઈને સ્ટેશને આવી પહોંચ્યા

ત્યારે ફરી વાર ખબર પડી કે ભાગ્ય એમને અનુકૂળ છે. ટ્રેન જો નિશ્ચિત સમયે આવી પહોંચી હોત તો પોતે એ નિર્ધારિત સમય કરતાં મોડા પડ્યા હોવાથી એમને એ ના મળત, પરંતુ એ દિવસે ટ્રેન મોડી હતી. ઈશ્વરે એમને એ દિવસે એમના ગંતવ્યસ્થાન તરફ લઈ જવા ધારેલું. એટલે એકાદ માઈલનું અંતર પગપાળા કાપ્યા પછી પણ એકાદ કલાક પછીથી એમને ટ્રેન મળી શકી. એમના અંતરમાં આખા રસ્તે એક જ ધ્વનિ ઊઠી રહેલો : અરૂણાચલ અથવા તિરુવણ્ણામલૈ. એ શબ્દોએ એમની ઉપર પ્રભુત્વ જમાવેલું, જાદુ કરેલું, અથવા એમને કામણ કરેલું. એમનું સમગ્ર ધ્યાન એની ઉપર કેન્દ્રિત થયેલું. ચિત્તની સમસ્ત વૃત્તિઓ એના નિનાદે જાગી ને ગાજી ઊઠેલી. અરૂણાચલ શબ્દ કેટલો બધો રસમય, સુખસભર, શાંતિકારક અને આનંદદાયક લાગે છે ? એમાં કેટલી બધી અસાધારણતા છે ! એની પ્રત્યે અંતર કોણ જાણે આટલું બધું કેમ આકર્ષાય છે ? કોઈ પૂર્વજન્મના સંસ્કારો કદાચ એને આવી રીતે આકર્ષી રહ્યા હશે. એ સ્થળમાં અથવા એની આજુબાજુ રહીને કરેલી છતાં અધૂરી રહેલી સાધના કદાચ એની અંદર સ્નેહ તથા સંવેદનનાં સુમધુર સુખદ સ્પંદનો જગાવી રહી હશે. ગમે તેમ હોય પણ આ આકર્ષણ આત્મિક અને અદ્ભુત છે. વરસો પછી જાણે પોતાના સ્વગૃહની અથવા તો અસલ ગૃહની સ્મૃતિ થઈ હોય ને ત્યાં જવાનું સૌભાગ્ય સાંપડ્યું હોય એવી સુખાનુભૂતિપૂર્ણ વૃત્તિ આપોઆપ પેદા થાય છે ને બળવાન બનતી જાય છે. આત્માની આ અનંતકાળથી આરંભાયેલી અનેરી મહાયાત્રા છે. એ યાત્રા દરમ્યાન એણે ક્યારે, ક્યાં, કેટલા પડાવ નાખ્યા તેની કોને ખબર છે ? અહંતા તથા મમતાથી યુક્ત થઈને એણે કેટલાં નવાં ઘરો બાંધ્યા ને કેટલા નવા સંસારોનું નિર્માણ કર્યું તે કોણ કહી શકે છે ? વિવિધ વાતાવરણમાં કર્મોના કેવા કેવા નૂતન ભંડારો ભેગા કર્યા તે કોણ જાણે છે ? છતાં પણ એટલું તે નિર્વિવાદ રીતે સાચું છે કે આ યાત્રા પૂર્વયાત્રાઓની પરંપરાના સહજ અનુસંધાનરૂપે, એમના જ ચોક્કસ પરિપાકરૂપે પ્રાપ્ત થયેલી છે. એટલે અરૂણાચલ સાથેનો કોઈ જુનો સંબંધ જરૂર હશે.

એવા એવા ભાવો ને વિચારો એમના મનને ઘેરી વળ્યા.

એમણે વિચાર્યું કે અરૂણાચલની સાથેનો પોતાનો પૂર્વસંબંધ હોય કે ના હોય ને ગમે તેવો હોય તો પણ પોતાનું વર્તમાન લક્ષ્યસ્થાન એ જ છે એમાં કોઈ શંકા નથી. ત્યાં જઈને, ત્યાંના સુંદર, શાંત, નીરવ વાતાવરણમાં રહીને, ખૂબ જ પ્રેમથી નિષ્ઠાપૂર્વક શ્રદ્ધાભક્તિ યુક્ત સાધનાનું અનુષ્ઠાન કરવું જોઈએ ને આત્માનુભૂતિ અથવા સત્યના સાક્ષાત્કારનો આનંદ મેળવવો જોઈએ. જે પરમપિતાની ખોજ કરવાની

આકાંક્ષાનો અંતરમાં ઉદય થયો છે તે પરમપિતાનો મંગલમય મધુર મેળાપ અવશ્ય થઈ રહેશે. અરૂણાચલ જીવનમાં એને માટેના અમૂલખ આશીર્વાદરૂપ ઠરશે. સાધનાત્મક જીવનનું મહાન સંસિદ્ધિસ્થાન થઈ પડશે.

એમણે કોઈને પૂછ્યા વિના કે કોઈની પાસેથી જરૂરી માહિતી મેળવ્યા વિના જ, પોતાની મેળે જ તિંડીવનમ્ ની ટિકિટ લઈ લીધી. એટલામાં તો ટ્રેન આવી પહોંચી. એમણે એમાં પ્રવેશીને પોતાની બેઠક મેળવી લીધી ને ટ્રેન ઊપડી એટલે મનની વૃત્તિને ધ્યાનમાં લગાડી દીધી. એમના અંતરમાં પોતાના ઘર તરફ ગતિ કરવાનો ઉત્સાહયુક્ત ઉમળકો હતો.

દક્ષિણ ભારતના અસાધારણ નૈસર્ગિક સૌંદર્યસંપન્ન પ્રદેશમાંથી ટ્રેન ધીમે ધીમે છતાં મક્કમ ગતિએ આગળ વધવા લાગી. કેટલો બધો આકર્ષક અને આહ્ લાદક છે એ પ્રદેશ ? એનું નિરીક્ષણ કરનાર એની અદભુતતાને ઓછાવત્તા પ્રમાણમાં જાણે છે. લીલાંછમ સુંદર ખેતરો, સરસ સંગીતસ્વરોને છોડતાં સર્યે જતી સુમધુર સરિતાઓ, જુદા જુદા જળપ્રવાહો ને નગરો, ગામો, ટેકરીઓ અને અરણ્યોમાંથી દોડ્યે જતી ટ્રેન પ્રવાસીની સમી લાગતી'તી. આજુબાજુનાં દૃશ્યો અદભુત હતાં, પરંતુ એમના તરફ વેંકટરામનનું ધ્યાન જ ન હતું. પ્રકૃતિની પૃથક્ પૃથક્ રાસલીલાને બદલે પરમાત્માના પરમ રસ પ્રતિ એમનું મન આકર્ષાઈ રહેલું. એટલે તો ટ્રેન ઊપડી કે તરત જ એમણે આંખ મીંચી દીધેલી અને ચિત્તની સમસ્ત વૃત્તિઓને આત્મકેન્દ્રિત કરવા માંડેલી.

એમની પાસે બીજો કોઈ સરસામાન હતો જ નહિ એટલે આંખને ઉઘાડી રાખીને એની ચોકી કરવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. ભગવાન અરૂણાચલનાં ચારૂ ચરણોમાં એમણે એમનું સર્વસ્વ સમર્પિત કરેલું. અરૂણાચલ એમના જીવનનું સારસર્વસ્વ હતા. એમના સિવાય એમને બીજા પર પ્રીતિ કે મમતા ન હતી. એ એમનું સફળ પથપ્રદર્શન ને રક્ષણ કરી રહ્યા છે એવો એમને વિશ્વાસ હતો.

* * * * * * * * * * * *

અંધકારના ઓળા આજુબાજુ બધે જ ઊતરવા માંડ્યા. ટ્રેન ચોક્કસ ગતિએ તિરુચિનાપલ્લીની દિશામાં આગળ વધી રહેલી. એમના ડબામાં કોઈક મૌલવી બેઠેલા. એ સંતમહાત્માઓના જીવનની વાતો સંભળાવી રહેલા ને ડબામાં બેઠેલા લોકો એ વાતોને ભારે સાવધાની ને રસપૂર્વક સાંભળી રહેલા. વેંકટરામનને એવી વાતો સાંભળવાની રુચિ બિલકુલ ના હોવાથી એ ધ્યાનમગ્ન દશામાં બેસી રહેલા.

મૌલવીનું ધ્યાન એમની તરફ સ્વાભાવિક રીતે જ દોરાયું.

એમનામાં એમને કાંઈક વિલક્ષણતા દેખાઈ.

બીજા યુવકો અને એમની વચ્ચેના ભેદને એ પ્રથમ દૃષ્ટિએ જ પારખી ગયા.

વેંકટરામનનો શાંત એકાંતપ્રિય સ્વભાવ એમને અધિકાધિક આકર્ષક લાગવા માંડ્યો.

એમણે એમને એકાએક પ્રેમપૂર્વક પૂછ્યું:

'તમે ક્યાં જઈ રહ્યા છો ?'

'તિરુવણ્ણામલૈ.' વેંકટરામને ધીમેથી ઉત્તર આપ્યો.

'તિરુવણ્ણામલૈ ?'

'હા.'

'હું પણ ત્યાં જ જઈ રહ્યો છું.'

'એમ? તમે ત્યાં જ જાવ છો ?'

'ખાસ તિરુવણ્ણામલૈ નહિ પરંતુ એની પાસેના સ્ટેશન સુધી.'

'કયા સ્ટેશન સુધી ? '

'તિરુક્કોઈલૂર.'

વેંકટરામનના મુખમાંથી આશ્ચર્યયોદ્ ગાર નીકળી પડ્યા : 'તિરુક્કોઈલૂર ? તો ટ્રેન તિરુવણ્ણામલૈ જાય છે કે નહિ ?'

મૌલવીએ કહ્યું : 'તમે પણ ભારે વિચિત્ર છો. તમે કયા સ્ટેશનની ટિકિટ લીધી છે ?'

'તિંડીવનમની.'

'તિંડીવનમની ટિકિટ લીધી હશે તો તમારે વિલુપુરમ્ ઊતરવું પડશે. ત્યાંથી તિરુક્કોઈલૂર અને તિરુવણ્ણામલૈ બંને તરફ જુદી જુદી ટ્રેન જાય છે.'

વેંકટરામન આંખ મીંચીને પુનઃ ધ્યાનમગ્ન બની ગયા એટલે એ વાર્તાલાપનો ત્યાં જ અંત આવ્યો.

તિરુચિનાપલ્લી સ્ટેશને એમણે આંખ ઉઘાડી. એમને ક્ષુધા લાગી હોવાથી સ્ટેશન પરથી એમણે બે ફળો ખરીદ્યાં.

ફળ ખાવાથી ક્ષુધાની સહેજ શાંતિ થઈ.

ગાડી ફરી પાછી આગળ વધી.

સવારે વિલુપુરમ્ આવી પહોંચ્યું.

વેંકટરામન સહજ સંકોચને લીધે કોઈને તિરુવણ્ણામલૈ વિશે કશું પૂછી શક્યા નહિ.

આમ તેમ ફરીને એ પોતાનો સમય પસાર કરવા લાગ્યા.

લાંબા વખતે એમને ભૂખ લાગી એટલે એક હોટલમાં જઈને એમણે ખાવાનું માગ્યું.

હોટેલવાળાએ બપોર સુધી રોકાવાનું કહ્યું.

વેંકટરામન ત્યાં બેસીને ધ્યાનમગ્ન બની ગયા.

હોટલના માલિકને એ જોઈને અતિશય આશ્ચર્ય થયું. વેંકટરામન યોગમુદ્રામાં ઘણા સુંદર દેખાતા. એમની મુખાકૃતિ મધુર, નિર્મળ ને નમ્ર હતી. આંખ નિષ્પાપ અને ઓજસ્વી કાયા સુકોમળ અને કાંતિવાળી તથા કાળા ભમ્મર કેશ. હોટેલવાળાને થયું કે આવો સુંદર છોકરો કોનો હશે ને આટલી નાની ઉંમરમાં ઘર છોડીને શા માટે ફરતો હશે ? એનું ઘર ક્યાં હશે ? એણે ત્યાગી તરીકેના જીવનનો આશ્રય લીધો હશે તો શા માટે ? આટલી નાની ઉંમરમાં એને કાંઈ દુઃખ હશે ? ગમે તેમ, એનાં લક્ષણો પરથી એ કોઈ ઉત્તમ શ્રેણીનો આત્મા હોય એવું લાગ્યા વિના નથી રહેતું. એના પૂર્વસંસ્કારો ખૂબ જ પ્રબળ હશે તો જ એ આવી રીતે શાંતિપૂર્વક ધ્યાનાવસ્થામાં બેસી રહ્યો છે. પ્રહ્ લાદ, જડભરત, અષ્ટાવક્ર, શંકરાચાર્ય અને શુકદેવ પણ આવા નાના જ હતા ને ? છતાં પણ એમના આત્મા અસાધારણ અથવા મહાન હતા.

હોટલના માલિકના મનમાં મહર્ષિને જોઈને પ્રેમ પ્રકટ્યો.

એની પ્રકૃતિ ધાર્મિક હોવાથી એને એમના પ્રત્યે આકર્ષણ પેદા થયું. એ આકર્ષણ આદરભાવમાં પરિણમ્યું.

લાંબા વખત લગી એ નવયુવાન તપસ્વીને ભારે કુતૂહલપૂર્વક નિહાળી રહ્યો.

છેવટે ભોજનનો સુયોગ્ય સમય થતાં એણે શાંત સાધનામગ્ન નવયુવાન તપસ્વીને ધ્યાનાવસ્થામાંથી જગાડીને ભોજનને માટે આમંત્ર્યા.

વેંકટરામને શાંતિપૂર્વક ભાવથી ભોજન કરીને પૈસા ચૂકવવાની તૈયારી કરી તો એણે પ્રેમપૂર્વક પૂછ્યું : ' તારી પાસે કેટલા પૈસા છે ?'

વેંકટરામને કહ્યું : 'અઢી આના.'

'તેં ઘરનો ત્યાગ કર્યો છે ?'

'હા.'

'કોઈ કલેશને લીધે ?'

'ના.'

'દુઃખ કે દીનતા અથવા ચિંતાને લીધે ?'

'ના.'

'તો પછી ?'

વેંકટરામન મૂક રહ્યા. એમને વધારે બોલવું ઉચિત ના લાગ્યું. વધારે વાર્તાલાપમાં ઊતરવાથી કોઈ હેતુ સિદ્ધ થવાની સંભાવના ન હતી. ઊલટું કેટલાક ગુપ્ત રહસ્યનું અકાળે ઉદ્દઘાટન થઈ જાય તેમ હતું. એટલે એમને થયું કે અત્યારના સંજોગોમાં **मौनं सर्वार्थ साधकम्** ની નીતિ જ સર્વોપયોગી તેમ જ શ્રેયસ્કાર છે.

* * *   * * *   * * *   * * *

એ સાવધાન બનીને એમના માર્ગે આગળ વધ્યા. જે જમાનામાં એમના એ પરિવ્રાજક જીવનનો આરંભ થયેલો એ જમાનામાં ચીજવસ્તુ ખૂબ જ સસ્તી હોવાથી અઢી આનાની ને રૂપિયાની કિંમત ઘણી મોટી હતી. મોંઘવારી ને કારમી મોંઘવારીની ભીંસમાં પ્રજા આટલી બધી કરુણ ને પરવશ બનીને બંધાઈ ન હતી. રેલ્વેની સફર પ્રમાણમાં સસ્તી હતી. સ્ટેશન પર પહોંચીને પોતાની પાસે બચેલા અઢી આનામાંથી વેંકટરામને માંબલંપટ્ટુ સુધીની ટિકિટ કઢાવી. એમનું ગંતવ્યસ્થાન અરૂણાચલ હજુ દૂર હતું. એનું આકર્ષણ એમના અંતરને આકૃષ્ટ કરી રહેલું. એનો સુમધુર સ્વરગુંજાર એમના મનમાં અનવરત, અબાધિત રીતે ચાલી રહેલો. અરૂણાચલના દર્શનાનંદને અનુભવવાની આકાંક્ષા એમના અંતરમાં ઉત્પન્ન થયેલી ને નિત્યનિરંતર વધતી જતી. અરૂણાચલ....કેટલું સુંદર, સરસ,સુખમય, શ્રવણમંગલ નામ ! એ નામ કેટલું બધું મીઠું ને પ્યારું લાગે છે ! એની સાથે કેવા અદભુત અસાધારણ સંદેશા સંકળાયેલા છે ! ચિરપરિચિત લાગતું એ નામ કોણ જાણે કેમ આટલું બધું આનંદકારક, રસપ્રદાયક, પ્રેરક અને કામણગારું લાગે છે ! એના પવિત્ર પ્રદેશમાં પહોંચી જવાની અદમ્ય અભિલાષા થઈ આવે છે પરંતુ એ પ્રદેશ હજુ કોને ખબર કેટલો બધો દૂર છે ને ત્યાં કોણ જાણે ક્યારે પહોંચાશે ! પંખીની પેઠે જો પાંખ હોત તો પળવારમાં જ ત્યાં પહોંચી જાત ને

પરમપિતા પરમાત્માના સાક્ષાત્કારને માટે સમાધિલીન થાત; પરંતુ હવે ધીરજ રાખવી રહી. બીજો કોઈ વિકલ્પ નથી.

વેંકટરામનની વિચારતંદ્રા તૂટી ગઈ. માંબલંપટ્ટુ સ્ટેશન આવી પહોંચ્યું.

ટ્રેનમાંથી નીચે ઊતરીને ત્યાંથી એમણે આગળ સફર કરવા માંડી. પોતાની પાસે અધિક આર્થિક સાધન ના હોવાથી એ પગપાળા જ ચાલવા લાગ્યા. એવી રીતે ચાલવાનું કાર્ય કઠિન હતું. એમને તાપમાં ચાલવાની ટેવ ન હતી તો પણ તાપમાં તપવાનું અને આગળ વધવાનું અનિવાર્ય થઈ પડ્યું.

વેંકટરામન ઉંમરમાં નાના હોવા છતાં સાચા અર્થમાં શૂરા હતા. એમણે હરિના માર્ગને ગ્રહણ કરેલો ને સર્વપ્રકારની કાયરતાનો પરિત્યાગ કરીને એ માર્ગે આગળ ને આગળ પ્રસ્થાન કરવા કૃતનિશ્ચય બનેલા. એ નિશ્ચયને પરિપૂર્ણ કરવાના ઉદ્દેશથી એમણે બાહ્ય ત્યાગ કરવામાં કસર નહોતી રાખી. અંતરાત્માના અનંત અર્ણવની અંદર અધિક ને અધિક અવગાહન કરીને આત્માના અક્ષય મહામૂલ્યવાન મોતીને પ્રાપ્ત કરવાની એમની અભીપ્સા હતી. એ જાણતા'તા કે જે અલૌકિક વસ્તુને મેળવવાની ઈચ્છાથી અનુપ્રાણિત થઈને પોતે બહાર નીકળેલા તેને મેળવવાનું કામ સહેલું નથી, એને માટે પ્રખરમાં પ્રખર પુરુષાર્થ કરવો પડશે. એ પુરુષાર્થ કરવાની એમની સંપૂર્ણ તૈયારી હતી. પ્રેમપંથની પાવન પાવકજ્વાળાને પેખીને એ હતાશ થઈને નાસી જાય તેવી કાચી માટીના નહોતા બનેલા. એ જ્વાળાને સસ્મિત સહન કરીને, એની અંદર આસન વાળીને, એ મહાસુખનો સ્વાદ લેતાં શાંતિપૂર્વક બેસવા માગતા'તા. એ મહાન કલ્યાણકારક કાર્યનો એમના જીવનમાં હજુ તો કેવળ આરંભ જ થયેલો. એ કાર્યસિદ્ધિની દિશામાં હજુ તો એમને એકનિષ્ઠ પ્રેમ ને લગનથી ખૂબ ખૂબ આગળ વધવાનું છે એની એમને માહિતી હતી. હજુ તો એમની આત્મવિકાસની સાધનામાં પાશેરામાં પહેલી પૂણી બરાબર પ્રાથમિક કાર્ય જ થયેલું. તો પણ એમનું મનોબળ મજબૂત હતું અને એમનો નિશ્ચય પણ છેક મક્કમ હોવાથી એ સાધનાને પાર કરવાની એમને ખાતરી હતી. બાહ્ય તાપથી એ ડરી કે ગભરાઈ જાય તેમ ન હતાં.

તાપમાં ને તાપમાં આગળ ચાલતાં ચાલતાં એમણે ઉત્સાહપૂર્વક દસેક માઈલ કાપી નાખ્યા. એની અસર એમની ઉપર થયા વિના ના રહી. એ ખૂબ જ થાકી ગયા. જો કે થાક કેવળ શરીરનો હતો, મન અથવા અંતરનો ન હતો.

* * *   * * *   * * *   * * *

પ્રસ્વેદથી લથપથ થઈને આખરે એ અરયનિનલ્લૂર નામના ગામમાં આવી પહોંચ્યા ત્યારે એમને થોડોક સંતોષાનુભવ થયો.

એ ગામનું અતુલ્યનાથેશ્વરનું સુપ્રસિદ્ધ મંદિર એની મોટી વિશેષતા છે. એ મંદિર ખૂબ જ સુંદર છે. જ્ઞાનસંબંધરે એ સુંદર તીર્થસ્થાનનાં દર્શન પછી મંદિરમાં એક બાજુએ અરૂણાચલેશની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી.

અતુલ્યનાથેશ્વરનું આકર્ષક મંદિર એક નાની ટેકરી પર આવેલું છે. એ ટેકરીની ઉપરથી અરૂણાચલનું દર્શન સારી રીતે થઈ શકે છે. અરૂણાચલેશની પ્રતિષ્ઠા પછી, એના પુરસ્કારરૂપે, જ્ઞાનસંબંધરને એ ટેકરી પર ભગવાન અરૂણાચલેશનો સાક્ષાત્કાર થયેલો. એ બધાં ઐતિહાસિક તથ્યોની માહિતી વેંકટરામનને ન હતી. તો

પણ એ સ્થળની પ્રતિક્રિયા એમના પર ઘણી સારી થઈ. એમનું અંતર એ પ્રશાંત વાતાવરણમાં એક પ્રકારની ઊંડી પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યું. એમની સુષુપ્ત આધ્યાત્મિક વૃત્તિઓની એકાએક જાગૃતિ થઈ અને એમને અધિક અંતર્મુખતા ધારણ કરવાનું મન થઈ આવ્યું. એમનો પ્રવાસનો પરિશ્રમ એકાએક દૂર થઈ ગયો. નાની સરખી ટેકરી પરથી દેખાતા આજુબાજુના ભવ્ય ને સુંદર દૃશ્યને નિહાળીને એમનું અંતર આહ્લાદથી ઊભરાઈ ને ઊછળવા માંડ્યું.

મંદિરના મંગલમંડપમાં બેસીને એમણે ઉત્સાહપૂર્વક અત્યંત એકાગ્રતાથી ધ્યાન કરવા માંડ્યું.

એ વખતે એ પવિત્ર સુપ્રસિદ્ધ તીર્થસ્થાનમાં એમને જ્ઞાનસંબંધરના જેવો જ અનુભવ થયો. જ્ઞાનસંબંધરના સંબંધમાં કહેવાય છે કે એ સ્થળમાં અરૂણાચલેશે એમને અલૌકિક જ્યોતિના રૂપમાં દર્શન આપેલું. વેંકટરામનને પણ એ સ્થાનમાં જ્યોતિ દર્શનનો લાભ મળ્યો. એ જ્યોતિ એકદમ અદભુત અને અપાર્થિવ હતી. મંદિરના કોઈક અજ્ઞાત પ્રદેશમાંથી પ્રકટ થઈને પોતાનાં જ્યોતિર્મય પવિત્ર કિરણોને પ્રસારતી એ ધીમે ધીમે એમને ઘેરી વળી. એમને સંભ્રમ પેદા થયો કે આ પ્રકાશ મંદિરની મૂર્તિનો છે કે શું ?

પરંતુ એ પ્રકાશ મૂર્તિનો ન હતો.

મંદિરની અંદર જઈને એમણે જોયું. પરંતું એટલામાં તો એ અલૌકિક જ્યોતિ અદૃશ્ય થઈ ગઈ. મંદિરનું ગર્ભગૃહ પ્રકાશરહિત હતું. એમાં કોઈ જ્યોતિનો ભાસ ના થયો.

એ અનુભવથી એમને અસાધારણ આનંદ થયો.

ધ્યાનાવસ્થામાં મશગૂલ બનીને એ મંદિરમાં બેઠેલા તે વખતે એમની પાસે પૂજારીઓ આવી પહોંચ્યા.

એમણે એમને ધ્યાનાવસ્થામાંથી જાગ્રત કરીને કહ્યું : 'ઉઠો. નીકળો. મંદિરમાં હવે વધારે નહિ બેસી શકાય. દરવાજો બંધ કરવાનો સમય થઈ ગયો છે.'

વેંકટરામને ધ્યાનાવસ્થામાંથી ઊઠીને પ્રસાદની યાચના કરી.

'તમારે માટે અહીં કોઈએ ખાવાનું નથી બનાવી રાખ્યું.' પૂજારીએ તરત ઉત્તર આપ્યો.

'તો પછી આજની રાત મને અહીં આરામ કરવા દો.'

'આરામ કરવાની અનુજ્ઞા પણ અમારાથી નહિ આપી શકાય. મંદિરમાં કોઈ બહારનાને રહેવાની રજા નથી આપવામાં આવતી.'

'હું બહારનો નથી, તમારામાંનો જ એક છું.'

'એ તત્વજ્ઞાન અમારે નથી સાંભળવું. અમે એથી વધારે જ્ઞાન ધરાવીએ છીએ. હવે મંદિરમાંથી વહેલી તકે બહાર નીકળો. ચર્ચામાં વિશેષ વખત નથી ખોવો.'

નગુણા માનવ આગળ ગુણવાનનું મહત્વ કેટલું ? પૂજારીઓની આગળ વેંકટરામનના રૂપમાં એક અમૂલખ સાધકહીરો આવેલો પરંતુ એમની પાસે ઝવેરીની દૃષ્ટિ ને શક્તિ ના હોવાથી એ એમને ઓળખી ના શક્યા એ તો ખરું જ; પણ વધારામાં એમની અવહેલના કરી બેઠા.

વેંકટરામન પર એ અવહેલનાની કશી અસર ના થઈ; કારણ કે એ વિવેકી હતા અને એમનું મન સનાતન સત્યના સાક્ષાત્કારમાં લાગેલું. સત્યનો સાક્ષાત્કાર કરવા માગનારે ને સત્યમય જીવન જીવવાનો

સંકલ્પ કરનારે સારી પેઠે સમજી લેવું જોઈએ કે સંસારમાં એના પંથ પર સર્વત્ર પરિમલભર્યાં પુષ્પો પથરાશે કે એનું સન્માનપૂર્વકનું સ્વાગત કરાશે એવું નથી. એના માર્ગને સમજનારા અથવા એના સિદ્ધાંતોને સહાનુભૂતિપૂર્વક મૂલવનારા માનવો બહુ ઓછા મળશે. આંગળીને વેઢે ગણી શકાય એટલા માણસો જ એની કદર કરશે. ને મોટા ભાગના માણસો તો એની તરફ અવજ્ઞાની નેહરહિત નજરે જ નિહાળ્યા કરશે. એ માર્ગમાં સુમનની સૌરભસુવાસિત સેજો નથી પરંતુ પાવકની પીડા ભરેલી પ્રજ્વલિત પથારીઓ છે. છાયા નથી, તાપ છે; આરામ નથી, ઉજાગરાઓ છે; માન નહિ પરંતુ અપમાન, શરૂઆતમાં શાશ્વત શાંતિ નહિ પરંતુ અશાંતિ, ને વિરોધ, વિસંવાદ, વિહ્વળતા ને વેદના છે. શરૂઆતથી જ સુખ શાંતિ, સફળતા અને સમૃદ્ધિની અભિલાષા સેવનારે આ પથ પર પ્રયાણ કરવાનાં સ્વપ્નાં ના સેવવાં.

પૂજારીઓ વેંકટરામનની સુયોગ્યતાને ના સમજી શકવાથી એમની સાથે સારો મનુષ્યોચિત વ્યવહાર ના કરી શક્યા. તો પણ વેંકટરામન શાંત જ રહ્યા.

મંદિરમાં દર્શનાર્થે આવેલા કોઈ પ્રવાસીએ એમની પાસે પહોંચીને કહ્યું: 'તમારી પરિસ્થિતિને હું સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. પૂજારીઓ ખૂબ જ અક્કડ છે. એમણે તમને મંદિરમાં રહેવાની મંજૂરી આપી હોત તો ઘણું સારું હતું, મને એમનું વર્તન સારું ના લાગ્યુ. પણ બીજુ શું થાય ? હવે તો એક જ રસ્તો બાકી રહે છે. અહીંથી લગભગ પોણો માઈલ દૂર કીલૂર નામે ગામડું છે. તમે ત્યાં ચાલો તો ત્યાંના મંદિરમાં કદાચ તમને પ્રસાદ મળી જાય.'

વેંકટરામનને એ પ્રસ્તાવ પસંદ પડ્યો.

એ એ માયાળુ માણસ સાથે ચાલી નીકળ્યા.

કીલૂર ગામ તદ્દન નજદીક હોવાથી જોતજોતામાં આવી પહોંચ્યું.

ત્યાંનું મંદિર પણ દક્ષિણ ભારતનાં બીજા મંદિરોની પેઠે સુંદર, સ્વચ્છ, શાંત અને આકર્ષક હતું.

મંદિરમાં પૂજાની પરિસમાપ્તિ થતાં સુધી એ એક બાજુ આંખ બંધ કરીને આત્મચિંતનમાં બેસી રહ્યા.

પૂજાની પરિસમાપ્તિ પછી પૂજારી પાસે પ્રસાદની માગણી કરી, પરંતુ ત્યાં પણ પૂજારીએ પ્રસાદ આપવાની ના કહી.

પરંતુ વેંકટરામનની વૈરાગ્યવતી, તેજસ્વી મુખાકૃતિને નિહાળીને મંદિરના ભજનિકોમાંના એકને દયા આવી.

એણે પૂજારીને કહ્યું : 'આ બાલયોગીને આજનો પ્રસાદનો મારો ભાગ આપી દેજો.'

પૂજારી સંમત થયા.

* * * * * * * * * * * *

વેંકટરામનને મંદિરનો પ્રસાદ મળવાની મુશ્કેલી પડી. ઈશ્વર એમની આકરી કસોટી કરી રહેલા.

ભજનિકે એમને તૃષાતુર જાણીને પાણી પીવા માટે પાસે રહેતા કોઈ બ્રાહ્મણને ત્યાં મોકલ્યા.

રસ્તામાં ત્રણચાર પગદંડીઓ પરથી પસાર થવું પડ્યું.

બ્રાહ્મણના ઘરનાં માણસો પાણી લાવવા માટે ઘરમાં ગયાં, પરંતુ કોઈ પાણી લઈને આવે એ પહેલાં તો એક આશ્ચર્યકારક કરૂણ બનાવ બન્યો. ક્ષુધાર્ત તથા તૃષાતુર વેંકટરામનનું શરીર એકાએક ઢીલું પડી ગયું. એમની આંખે અંધારાં આવવા લાગ્યાં. એમને ચક્કર આવ્યાં. બાહ્ય જગતનું વિસ્મરણ થઈ ગયું.

બેહોશી પૂરી થયા પછી વેંકટરામને પોતાને મહામુસીબતે પ્રાપ્ત થયેલો મંદિરનો સ્વલ્પ પ્રસાદ આનંદપૂર્વક આરોગી લીધો ને પાણી પીઈને એ જ સ્થળમાં રાત પસાર કરી.

બીજે દિવસે જન્માષ્ટમી પડતી હતી. ઈ.સ. ૧૮૯૬ના ઑગસ્ટની ૩૧મી તારીખ.

એમનું શરીર પગપાળા કઠોર પ્રવાસને લીધે થાકી ગયેલું ને દુઃખવા લાગેલું. હજુ એમનો પ્રવાસ પરિપૂર્ણ થવાને વાર હતી. લગભગ વીસ માઈલ ચાલવાના શેષ હતા.

એમને થયું કે થોડુંક ભોજન મળે તો સારૂં. પરંતુ ભોજન આપે કોણ ? ગઈકાલનો મંદિરનો કટુ અનુભવ હજુ નહોતો ભુલાયો. આ અવસ્થામાં ટ્રેનની મુસાફરી ઉપયોગી લાગી. પરંતુ પૈસા વિના ટ્રેનની મુસાફરી કરી શકાય કેવી રીતે ? ખુદાબક્ષ મુસાફર જેમ તો જઈ શકાય જ નહિ ! ત્યાં તો એમને એક વિચાર આવ્યો.

એમને પોતાના કાનની સોનાની વાળીઓનું સ્મરણ થયું.

એમણે વિચાર્યું કે વાળીઓને વેચી દઈએ કે ગીરો મૂકીએ તો આર્થિક પ્રશ્નનું નિરાકરણ થઈ શકે.

એમણે વાળીઓને કાઢી નાખી. એ પછી ગામમાં જઈને એક બ્રાહ્મણને ઘેર ભોજન માગ્યું.

એ બ્રાહ્મણનું નામ ખૂબ જ સુંદર હતું : મુત્તુકૃષ્ણ ભગવાન. એણે પોતાની પત્ની પાસે ભિક્ષા માગવાની સૂચના કરી.

એક તો જન્માષ્ટમીનો પરમપવિત્ર પર્વદિવસ અને એમાંયે આવો અસાધારણ મુખકાંતિવાળો અદભુત વૈરાગી યુવાન પોતાને ત્યાં અતિથિરૂપે ભિક્ષા માગવા આવ્યો એટલે બ્રાહ્મણપત્નીની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એ પોતાના જીવનને ખરેખર સૌભાગ્યશાળી સમજવા લાગી.

એણે વેંકટરામનનો ખૂબ જ સ્નેહથી સત્કાર કર્યો. વેંકટરામન એ સત્કારથી સંતોષ પામ્યા. હજુ ગઈ કાલનો કટુ અનુભવ તાજો જ હતો. એ અનુભવ સાથે આ મધુમય અનુભવને સરખાવતાં લાગ્યું કે દુનિયામાં જેમ દાનવો વસે છે તેમ માનવો અને કેટલાક દૈવી દિલના દેવતાઓ પણ વસે છે ખરા. એવા દેવતાઓની સંખ્યા ભલે પ્રમાણમાં અલ્પ અથવા સ્વલ્પ હોય; પરંતુ એ એક હકીકત છે એનો ઈન્કાર નથી કરી શકાય તેમ. સંસારમાં વિવિધ પ્રકારના વિસંવાદો, અશાંતિ ને પરિતાપોની વચ્ચે જે થોડો ઘણો સંવાદ, શાંતિ, છાયા તથા શીતળતા લાગે છે તે એમને જ આભારી છે. એમને લીધે જ આ જગત જીવવા જેવું અને થોડુંઘણું અમૃતમય લાગે છે. નહિ તો....નહિ તો શું થાત તેની કલ્પના કરવાનું કામ કઠિન નથી. આ સૃષ્ટિ આસુરી સંપત્તિ ને આસુરી કર્મોની ક્રીડાસ્થલી બની જાત. એની અંદરથી સ્વર્ગની રહીસહી નિશાનીઓ પણ અદૃશ્ય થાત અને એ નરકાગાર થાત. એની સત્વશીલતાને ટકાવી રાખવામાં એવા અસાધારણ આત્માઓનો સહયોગ કાંઈ ઓછો નથી.

એમને એ બ્રાહ્મણપત્ની પ્રત્યે પરમ આદરભાવ થયો.

એમણે એને મનોમન પ્રણામ કર્યા.

સ્ત્રીએ વિચાર્યું કે વેંકટરામનને ભૂખ ને થાક બંનેની અસર છે અને ભોજનને તૈયાર થતાં લાંબો વખત લાગશે એટલે એમને સહજોપલબ્ધ નાસ્તો કરાવીને એ રસોઈના આવશ્યક કાર્યમાં લાગી ગઈ.

વેંકટરામનના મનમાં વાળીઓને ગીરો મૂકવાની વાત રમી રહેલી. એ વાત એમણે બ્રાહ્મણ દેવતા મુત્તુકૃષ્ણ આગળ રજુ કરી.

મુત્તુકૃષ્ણને કશી શંકા ના પેદા થઈ.

વાળીઓનું સોનું સાચું હતું. એની ઉપર જડેલાં જવાહર પણ સારાં હતાં. એટલે મુત્તુકૃષ્ણને એ લેવામાં આનાકાની કરવાનું કોઈ કારણ ન હતું.

ભોજન તૈયાર થઈ ગયું એટલે બંનેએ સુખપૂર્વક જમી લીધું.

વેંકટરામનને લાંબા સમય પછી પહેલી જ વાર ભોજન કરવાનો સંતોષ મળ્યો.

વેંકટરામને પોતાના ધ્યેયની દિશામાં આગળ પ્રયાણ કર્યું ત્યારે એ સ્ત્રી ભાવવિભોર ને ગળગળી બની ગઈ. એણે એમને માર્ગમાં કામ લાગે તે માટે થોડોક નાસ્તો બાંધી આપ્યો.

વેંકટરામન એ પ્રેમાળ પતિપત્નીની વિદાય લઈને સ્ટેશન પર પહોંચ્યા ને રાતે ત્યાં જ સૂઈ રહ્યા.

બીજે દિવસે સવારે ટ્રેનમાં એ આગળ વધ્યા. એમના અંતરમાં અરૂણાચલના સ્વાભાવિક સ્નેહની સુરાવલિ છૂટવા લાગી. એ સુમધુર સુરાવલિનું આકર્ષણ અજબ હતું. એ આકર્ષણ એમના અંતરને જ નહિ, અણુએ અણુને ખેંચી રહ્યું. એમાંથી છૂટવાનું કે એથી અલિપ્ત રહેવાનું કામ કઠિન હતું. અને એથી અલિપ્ત રહેવાનું આવશ્યક પણ ન હતું. કેટલાંક આકર્ષણો અનેરાં, ઈચ્છવા યોગ્ય, અભિનંદનીય, આશીર્વાદરૂપ અને આત્મમોન્નતિમાં ઉપકારક હોય છે. એ આકર્ષણ પણ એવું જ હતુ.

☼ ☼ ☼ ☼ ☼

## (૭) પ્રભાવ

એ સુંદર દિવસ પહેલી સપ્ટેમ્બર ૧૮૯૬નો હતો. વહેલી સવારે ટ્રેન મારફત આગળ પ્રવાસ કરવાનો પ્રારંભ કરતાંવેંત જ વેંકટરામનની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમનું અંતર ઉત્સાહયુક્ત થઈને ઉછળવા લાગ્યું. સ્વગૃહે જતી કોડીલી કામણગારી કન્યાની જેમ અંતર આનંદથી આપ્લાવિત બનીને નાચવા મંડ્યું. જેના દર્શનની લાંબા વખતથી લગની લાગી છે, જેના શાંત શીતળ સુખમય સહવાસમાં શ્વાસ લેવાની ઉત્કંઠા કાળજાને સુદીર્ઘ કાળથી કોરી ખાય છે, ને જેના સ્વર્ગીય સંસર્ગમાં સાધના કરવાની અભિલાષાનો આવિર્ભાવ અંતરમાં કોણ જાણે કેટલાય વખતથી થઈ ચૂક્યો છે : જેની સંજીવનપ્રદાયક, તારક, ઉદ્ધારક, શીળી છાયામાં અતીતકાળથી માંડીને આજ સુધી આધ્યાત્મિક પિપાસાપ્રાપ્ત સાધક અને સિદ્ધ અસંખ્ય મહાપુરૂષોએ નિવાસ કર્યો છે : જે આજે પણ સફળ મનોરથ તપસ્વી મહાત્માઓની ક્રીડાભૂમિ મનાય છે : જેનુ ગૌરવ અથવા માહાત્મ્ય વિંધ્યાચળ, સહ્યાદ્રિ, અરવલ્લી, આબુ, ગિરનાર અને હિમાલયની પવિત્ર પર્વતપંક્તિ કરતાં લેશપણ ઓછું નથી : જે સંસારનું પુરાતન સ્થાન મનાય છે : નિરાશને આશા; જ્યોતિહીનને જ્યોતિ, ને સંતપ્તને સુધાસ્વાદ આપે છે : માનવને પ્રશાંતિ અર્પવાની, પ્રકાશ પૂરો પાડવાની ને પથપ્રદર્શન કરવાની પ્રર્યાપ્ત શક્તિસંપત્તિ ધરાવે છે : આજે પણ જે અનેકનો તારક, પાલક ને ઉદ્ધારક છે, સદગુરૂ બનીને સૌને મુક્તિનો માર્ગ બતાવે છે ને પૂર્ણતાની પ્રેરણા પહોંચાડે છે : એ અરૂણાચલનું દર્શન હવે થશે ખરું. પરંતુ એ દર્શન ક્યારે થશે ? જે પળો પસાર થાય છે તે ઘણી મૂલ્યવાન પસાર થાય છે ને હવે તો એના અવલોકનને માટે અંતર અધીરું બન્યુ છે. એના દર્શન માટે ઘર છોડ્યું, કુટુંબ છોડ્યું, ને બીજું બધું જ છોડી દીધું. એના પ્રેમભાવથી પ્રેરાઈને આટલે દૂર આવી પહોંચ્યો છું, અને સંભવ છે કે હવે ગણતરીની ઘડીઓમાં જ એનું દર્શન થશે. એ વખતે મને કેટલો બધો અપાર આનંદ થશે ! મારો સમસ્ત શ્રમ સફળ થશે. રોમેરોમમા ધન્યતાની વીણા વાગી ઊઠશે.

એવા એવા વિચારો કરતા એ આગળ વધવા માંડ્યા. ગાડી ક્રમે ક્રમે પોતાનું અંતર કાપ્યે જતી'તી. વહેલી પરોઢનો બ્રાહ્મ મુહૂર્તનો ઝાંખો ધૂંધળો અંધકાર અદૃશ્ય થયો ને અધિકાધિક પ્રકાશ થવા લાગ્યો. એ પ્રકાશમાં થોડા જ વખતમાં દૂર અરૂણાચલ પર્વતની આછીપાતળી પંક્તિ દેખાઈ, એમનું અંતર હર્ષાન્વિત બનીને નાચી ઊઠ્યું.

પ્રકાશ વધવા લાગ્યો તેમ તેમ અરૂણાચલની પરિપૂર્ણ પર્વતમાળા દેખાવા લાગી. પછી એની તળેટીનો લીલોછમ વિસ્તૃત પ્રદેશ દેખાયો. દૂર વિશાળકાય મંગલમય મહિમાવાન મંદિરના ગગનચુંબી સુંદર મિનારા પણ જોઈ શકાયા. એ વખતે એમની અવસ્થા અત્યંત અસાધારણ બની ગઈ. લાંબા વખતથી ધનભંડારની શોધમાં નીકળેલા વેપારીને આખરે ધનભંડારની પ્રાપ્તિ થાય, ભૂખ્યાને ભોજન મળે, તૃષાર્તને પાણી ને તાપતપ્તને છાયા—અરે એ મળે નહિ પરંતુ મળવાની આશા ઉત્પન્ન થાય કે સુનિશ્ચિત ઘડી આવી પહોંચે ને જેવો આનંદ થાય એથીયે અધિક આનંદાનુભવ એમને થવા માંડ્યો. એમની આંખમાં આનંદાશ્રુ આવી ગયાં. એમને થયું કે મારો પરિશ્રમ ફળ્યો ખરો. ચિરકાળની પ્રતીક્ષા પૂરી થઈ.

વચ્ચેની પળો–વિપળો જોતજોતામાં વીતી જશે ને હું ભગવાન અરૂણાચલની આગળ ઊભો રહીશ : અંતરમાં ને આંખમાં અનુરાગની મધુમય માળા લઈને, મારા સમસ્ત જીવનધનને એમનાં સુંદર સુમનસુવાસિત શ્રીચરણોમાં ધરી દઈને, એમની પરિપૂર્ણ કૃપાની કામના કરીને.

અરૂણાચલ સાથેના અજ્ઞાત પુરાતન સંબંધને લીધે જ એમના અંતરમાં એવા અસાધારણ ભાવો પ્રકટ થયેલા. એ સંબંધ સાચેસાચ કેવો હતો તેની ખબર એમને ન હતી, પરંતુ એની પ્રગાઢતા સંબંધી સહેજ પણ શંકા ન હતી. એ પુરાતન સંબંધ ગમે તેવો હોય તો પણ પ્રેમપૂર્વકનો હતો ને પોતાને ખૂબ ખૂબ પ્રિય લાગતો હતો એ નિર્વિવાદ હતું.

તિરુવન્નામલઈ આવી પહોંચ્યું.

ટ્રેન સ્ટેશન પર જઈને અરૂણાચલનું દૂરથી દર્શન કરી લેવા માગતી હોય તેમ ઊભી રહી.

મુસાફરો ઊતરવા માંડ્યા.

વેંકટરામન પણ ઉલ્લાસયુક્ત ચાલે મંદિર તરફ ચાલી નીકળ્યા.

અરૂણાચલના મંગલમય મંદિરમાં પ્રવેશ કરવાનો સુ–અવસર આખરે પોતાને પ્રાપ્ત થયો એ જોઈને એમનું હૃદય ભરાઈ આવ્યું. એમના લોચનો છલકાઈ ઊઠ્યાં. પોતાને આટલે દૂર સરળતાપૂર્વક સહીસલામત રીતે લઈ આવવા બદલ એમણે સંસારનું સંચાલન કરનારી, એના સૂત્રધાર સરખી એ પરમ શાશ્વત સત્તાનો અથવા પરમપિતા પરમાત્માનો અંતઃકરણપૂર્વક ઊંડો આભાર માન્યો.

એ અસાધારણ આભાર દર્શનમાં એમનું રોમેરોમ જોડાયું. એમનું ભાવસભર હૃદય અતિશય ગદ ગદ્ બની ગયું.

ભાવમાં ને ભાવમાં એ મંદિર પાસે આવી પહોંચ્યા.

એ વખતે મંદિર શાંત હતું. સવારનો સમય હોવાથી આજુબાજુ મંદમંદ શીતળ પવન વાતો'તો. એ પણ જાણે ભગવાન અરૂણાચલેશની સેવાપૂજામાં ઉપસ્થિત થવા માટે ઉત્સુક દેખાતો'તો.

મંદિરમાં એ વખતે સમારકામ ચાલતું હોવાથી મંદિરનાં દ્વાર સવારના આઠ વાગ્યા સુધી ઊઘડતાં ન હતાં. છતાં પણ એ દિવસે બધાં જ દ્વાર વહેલાં ઊઘડી ગયેલાં. અરૂણાચલેશ ભગવાને ઓળખીને પોતાના પરમ પ્રામાણિક પુરાતન પ્રેમી ભક્તના મંદિર પ્રવેશને માટે એવી રીતે સરળતા કરી આપી.

વેંકટરામને ધીમે પગલે મંદિરમાં પ્રવેશ કર્યો.

ભગવાન અરૂણાચલેશના સુંદર સ્વરૂપને નિહાળીને એમનું હૃદય ભરાઈ આવ્યું. એમને અતિશય આનંદ થયો.

એમના ચારૂ ચંદનચર્ચિત ચરણમાં પ્રણિપાત કરીને એમણે પ્રાર્થના કરી : 'પ્રભુ ! હું તમારા શરણે આવ્યો છું. તમે જ મારા સંરક્ષક, પ્રેરક, પિતા ને પ્રકાશદાતા છો. તમારા પ્રત્યે મારા પ્રાણમાં કોણ જાણે કેમ પણ પુષ્કળ પ્રેમ પ્રવાહિત થઈ ચૂક્યો છે. એ પ્રબળ પવિત્ર પ્રેમ કોઈયે કાળે ને કારણે મંદ પડે કે મટે તેવો નથી. તમારા સર્વભાવે સ્વીકારેલા શરણથી મને શાંતિ મળી છે. મારું ચિત્ત ચિંતારહિત ને પ્રફુલ્લ થયું છે. હવે આગળના માર્ગદર્શનને માટે તમારી તરફ મીટ માંડીને ઊભો રહ્યો છું. તમે અનુકંપાપૂર્વક એ મંગલ માર્ગદર્શન પૂરું પાડશો એવી આશા છે. કૃપા કરીને પ્રકાશ પહોંચાડો. તમારા મધુમય મંદિરમાં અંધકારનો

અંત આણનારા પ્રદીપો પ્રકટી ઊઠ્યા છે તેમ મારા હૃદય મંદિરમાં, સમસ્ત જીવનમાં, તમારા પ્રેમના, અલૌકિક અનુગ્રહના પ્રદીપો પ્રકટાવો જેથી જીવન ઊર્ધ્વગામી, ઉજ્જવળ ને જ્યોતિર્મય થાય. કૃપા કરીને તમારો પવિત્ર, પતિતપાવન પ્રકાશ પાથરો !

પ્રાર્થનાના એ ભાવો અને ઉદગારો મુખમાંથી નહોતા નીકળતા, હૃદયપ્રદેશમાંથી પેદા થતા'તા. એમની અંદર એમનો સમસ્ત આત્મા ઓતપ્રોત બનીને પ્રવાહિત થતો'તો. એમના રોમેરોમમાં એનો રણકાર થઈ રહેલો. એ પ્રાર્થના શોખ, વ્યસન કે રૂઢિ નહોતી, જીવનની તત્કાલીન આવશ્યકતા હતી. એ કોઈ પોપટપારાયણ ન હતું : અંતરની અભિવ્યક્તિની સ્વભાવસહજ પ્રક્રિયા હતી. એવી પ્રાર્થના પરમાત્મા—જો તે હોય તો—ના સાંભળે એવું બને જ કેમ ? ભગવાન અરૂણાચલે એ સ્નેહપૂર્વક સાંભળી. સાંભળી જ નહિ, સ્વીકારી. એથી આગળ વધીને વેંકટરામન પર પોતાની પરમકૃપાના ક્ષીરસાગરમાંથી થોડાંક બિંદુ વરસાવ્યા. એ બિંદુ અલૌકિક હોવાથી સ્વલ્પ હોવા છતાં પણ સુખકારક અને શાંતિપ્રદાયક થઈ પડ્યાં. એમનો એ અનુગ્રહ આશીર્વાદરૂપ થઈ ગયો.

એ અલૌકિક અનુગ્રહના પરિણામરૂપે વેંકટરામનને શાંતિ મળી. એ અનુગ્રહ એમને માટે કેટલો બધો અમૂલખ થઈ પડ્યો એનો ઊડતો ઉલ્લેખ કરતાં એમણે રમણ મહર્ષિ તરીકે પ્રખ્યાતિ પામ્યા પછી કહેલું :

'અરૂણાચલ ભગવાનની પાસે પહોંચ્યો તેના એક દોઢ મહિના પહેલાંથી મારા સમસ્ત શરીરમાં એક પ્રકારનો વિચિત્ર દાહ પેદા થયેલો. એ દાહનું કારણ નહોતું સમજાતું અને એનું ઓસડ પણ હાથમાં નહોતું આવતું. મને થયા કરતું કે આ દાહ મારા સમસ્ત જીવનપર્યંત રહેશે કે શું ? એનો કોઈ ઉપાય જ નહિ હોય ?

અરૂણાચલના મંગલ મંદિરમાં પ્રવેશ્યો ત્યારે પણ એ દાહ ચાલુ હતો ને મને બેચેન બનાવતો'તો. પરંતુ અરૂણાચલ ભગવાનનાં દર્શનનો દેવદુર્લભ લાભ મળતાં જ દાહ કોઈ પણ પ્રકારના પ્રયત્ન વિના આપોઆપ દૂર થયો. મારા મન અને અંતરની પેઠે શરીરમાં પણ શાંતિ છવાઈ ગઈ. મારા અંતરમાં આનંદ આનંદ થઈ રહ્યો.'

ભગવાન અરૂણાચલે એવી રીતે પોતાના શરણાગત શ્રદ્ધાભક્તિસમન્વિત ભક્તને પોતાની અદ્દભુત ભક્તવત્સલતાનો અનુભવ કરાવ્યો. એમને માટે એ કાર્ય લેશપણ અશક્ય ન હતું. સંસારના ત્રિવિધ તાપથી તપેલા જીવોને જે પોતાની કરૂણાયુક્ત કૃપાદૃષ્ટિથી, સ્વર્ગસુખથી અધિક સુખકારક સંનિધિથી, ને પોતાના પવિત્ર પતિતપાવન પારસસ્પર્શથી, ત્રિવિધ તાપથી ક્ષણવારમાં મુક્ત કરી શકે છે એમને માટે શરીરના સાધારણ તાપથી મુક્તિ આપવાનું મુશ્કેલ નથી. વેંકટરામનને પોતાની અસામાન્ય શક્તિનો એવો અવિસ્મરણીય ચમત્કાર બતાવીને ભગવાન અરૂણાચલે એમને જાણે કે સૂચવ્યું કે મારા શરણમાં આવવાથી શરીરનો દાહ દૂર થયો છે તેવી રીતે મન અને અંતરનો દાહ પણ દૂર થશે. એમાં શાંતિ છવાશે ને પ્રકાશ પથરાશે.

અરૂણાચલ ભગવાને એવી રીતે પોતાના પરંપરાગત સ્નેહ સંબંધનું સ્મરણ કરાવ્યું, એમનું મૂક છતાં સુંદર સારગર્ભિત સ્વાગત કર્યું, ને સમજાવ્યું કે જીવનની ઉન્નતિ તથા શાંતિ માટે બીજા કોઈનો આશ્રય લેવાની આવશ્યકતા નથી. મારો પોતાનો આશ્રય પૂરતો છે. આપણો સંબંધ પુરાતન છે. એ સંબંધ પાછો શરૂ થયો છે. એ સંબંધ વધતો જતાં કે સુદૃઢ બનતાં ઉત્તરોત્તર લાભ થશે ને શ્રેય સાધશે.

વેંકટરામનને એ વાત બરાબર સમજાઈ ગઈ. અરૂણાચલને માટે એમના અંતરમાં અનેરા અનુરાગનો આવિર્ભાવ થયો. અરૂણાચલ એમને માટે કોઈ પાર્થિવ પર્વતમાળા ન હતી, કોઈ જડ સુંદર લિંગ પણ ન હતું : એમની દૃષ્ટિએ અરૂણાચલ સંસારનું સારસર્વસ્વ હતા, બ્રહ્માંડની એકમાત્ર શક્તિ, જ્યોતિ કે ચેતના હતા, પૃથ્વીના પરમપિતા કે પરબ્રહ્મ હતા, દેવોના દેવ, ગુરૂના ગુરૂ, પરમાત્મા હતા. ઉપનિષદની ઉક્તિ પ્રમાણે સમસ્ત વિશ્વમાં વ્યાપક, ભૂતમાત્રમાં  નિગૂઢ, સર્વભૂતાન્તરાત્મા, સૌના સાક્ષીરૂપ પુરૂષોત્તમ હતા.

વેંકટરામનની રહી સહી ભ્રમણા ભાગી ગઈ. એમની શંકાઓ શમી ગઈ. એમને ઊંડી શાંતિનો અનુભવ થયો. પ્રકાશ મળ્યો. પોતાનો જીવનપથ જડી ગયો. એ જ્યોતિર્મય જીવનપથ પર પ્રેમપૂર્વક પ્રગતિ કરાવનારા ગુરૂ મળ્યા. ગુરૂના ગુરૂ, પ્રકાશદાતા પરમાત્મા પોતાનો ખોવાયેલો ખજાનો ફરી પાછો પ્રાપ્ત થયો હોય એવો એમને સંતોષ થયો અને આનંદ મળ્યો.

એમની સમસ્ત જીવનવીણા અરૂણાચલ ભગવાનના પ્રથમ દર્શનના એ પ્રભાવને પ્રતિધ્વનિત કરતાં પ્રેમથી વાગી ઊઠી. એમાંથી સુમધુર, સુવ્યવસ્થિત, સંવાદી સુરાવલિ છૂટવા લાગી.

એ પરમપ્રભાવના પરિણામે એમણે અરૂણાચલને એમનું સર્વ સમર્પણ કરી દીધું.

☼ ☼ ☼ ☼ ☼

## (૮) અરૂણાચલના મંદિરમાં

એમનું એ સર્વસમર્પણ સભાન ને જ્ઞાનયુક્ત હતું. એ સમર્પણ કોઈ પર્વત કે શિવલિંગને નહોતું થયું, મંદિરને પણ નહોતું કરવામાં આવ્યું, પરંતુ સંસારની સર્વોપરી સત્તાને કરવામાં આવેલું. અરૂણાચલ પર્વત, શિવલિંગ, સઘળું એના પ્રતીકરૂપ હતું. એ સૌમાં પરમાત્માની એ પરમસત્તા વ્યાપક બનેલી.

અરૂણાચલના આશ્રયે આવવાથી એમને એવું લાગ્યું કે પોતે જે પરમપિતાની પ્રેમમયી ખોજ ખાતર ઘરનો ત્યાગ કરેલો એ પરમપિતાના આશ્રયમાં આવી પહોંચાયું છે. એ આશ્રય એવો છે જે કાયમને કાજે કલ્યાણકારક ઠરશે ને પોતાનું આત્મિક અભ્યુત્થાન કરશે. જે અનંત, અનાદિ, અજરામર, સૂક્ષ્માતિસૂક્ષ્મ, પરમાત્મતત્વ વિશ્વમાં વ્યાપક છે એ જ અરૂણાચલના સ્વરૂપે મૂર્તિમંત બન્યું છે; એ જ એમની અંદર છે, અને એ જ સમસ્ત સૃષ્ટિના સર્જક, પાલક, સંહારક પરમપિતા છે એ સત્યનો સાક્ષાત્કાર એમને થવા લાગ્યો. એ સાક્ષાત્કાર બૌદ્ધિક હતો. એને અનુભવાત્મક બનાવવાને માટે એમને ઈચ્છા થઈ. એ ઈચ્છાની પૂર્તિ સમ્યક્ સુદીર્ઘ સમયની સાધના સિવાય શક્ય ન હતી. એને માટે અધિક ને અધિક અંતર્મુખ થવાની આવશ્યકતા હતી, અને અરૂણાચલનું એકાંત શાંત વાતાવરણ એવી ઉત્કટ અંતર્મુખ સાધનાને માટે અનુકૂળ લાગ્યું.

અરૂણાચલનું આકર્ષણ એના અંતરમાં ઘણું ભારે હતું. એ અનેરૂં અજબ આકર્ષણ કિશોરાવસ્થામાં જ અનુભવાયેલું. પૂર્વના પ્રખર સંસ્કારોના પરિણામે પેદા થયેલું એ આકર્ષણ ઉત્તરોત્તર વધતું ગયું ને છેવટે પરાકાષ્ઠા પર પહોંચ્યું. ભગવાન અરૂણાચલ જ પોતાના મંદ પડેલા મહિમાને પુનર્જિવિત કરવા ને પરિપુષ્ટ બનાવવા એમને ઘોર તંદ્રામાંથી જગાડીને એમના પ્રેમાળ પથપ્રદર્શક બનતાં પોતાની પૂર્વયોજનાનુસાર એમને આટલે દૂર લઈ આવ્યા. પરમપિતા અને એમના પ્રામાણિક પ્રેમી પુત્રનું એવી રીતે મિલન થયું. એ પ્રાથમિક મિલન ક્રમેક્રમે મજબૂત અને આત્મીય બનતાં કેટલું બધું શ્રેયસ્કર ઠરશે અને એમાંથી અસંખ્ય આધ્યાત્મિક પિપાસુઓને પ્રેરણા પાતો કેવો અમર ઈતિહાસ રચાશે તેની કલ્પના એમને અથવા બીજા કોઈને એ વખતે ક્યાંથી હોઈ શકે ?

પંચમહાભૂતાત્મક પાર્થિવ શરીરમાં રહેલી શરીરને જીવન અથવા પ્રાણપ્રદાન કરનારી પરમચેતનાના અનુભૂતિના પ્રસંગ પરમાત્માની પરમકૃપાથી એમના જીવનમાં બાળપણમાં જ બની ચૂકેલો. એને લીધે શરીરથી પૃથક્ ચેતનાનું જ્ઞાન-અનુભવગમ્ય જ્ઞાન એમને પ્રથમથી જ થઈ ચૂકેલું. એ પરમચેતનાના સતત સાક્ષાત્કાર અથવા અનવરત અખંડ અનુભવને માટે સવિશેષ સાધના અથવા તપશ્ચર્યાની આવશ્યકતા હોવાની વાતને એ સહેલાઈથી સમજી શક્યા. શરીરથી પર પરમચેતનામાં એમના મનની પ્રતિષ્ઠા પૂરેપૂરી નહોતી થઈ શકી એનું એમને ભાન હતું.

એ જમાનામાં દક્ષિણ ભારતમાં સંન્યાસની પ્રથા પ્રવર્તમાન હોવાથી વેંકટરામનનું મન એ તરફ સ્વાભાવિક રીતે જ ખેંચાવા લાગ્યું. એમને સમાજમાં પ્રચલિત સંન્યાસની પ્રથા પોતાની પ્રકૃતિને માટે અનુરૂપ ના લાગી. સંન્યાસને નામે બાહ્ય દેખાવ ને બાહ્ય સાધનોનો આશ્રય લેવાનું એમને ઉચિત ના લાગ્યું. એની વિધિપૂર્વકની દીક્ષા એમને આકર્ષી ના શકી. સંન્યાસાશ્રમનો વિધિપૂર્વક અંગીકાર કરવાથી કેટલીય

કઠિનતાઓ દૂર થઈ જાય છે ને વ્યાવહારિક તથા સાધનાવિષયક અનુકૂળતાઓ સહજ બને છે એનો ખ્યાલ હોવાથી એમણે પોતાનું થોડુંક બાહ્ય પરિવર્તન આવશ્યક અને ઉપયોગી માન્યું.

એમના જીવનના દીક્ષાગુરૂનો પ્રશ્ન પણ મહત્વનો હતો. એમણે કોઈકને તો પોતાના દીક્ષાગુરૂ બનાવવા જ જોઈએ. પરંતુ એમના દીક્ષાગુરૂ બને કોણ ? એવી શક્તિ કોનામાં હતી ? અને હોય તો પણ એવા શક્તિસંપન્ન કોઈ બાહ્ય લૌકિક ગુરૂની આવશ્યકતા ખરેખર હતી ખરી ? ચંદ્ર ને સૂર્યનો પ્રકાશ જેને પ્રાપ્ત થયો હોય તેને આગિયાની આવશ્યકતા રહે છે ખરી ? હીરામાણેક ને ઝવેરથી સંપન્ન હોય તેને કથીરની પ્રીતિ શેષ રહે છે ખરી ? વેંકટરામન પૂર્વના પવિત્રતમ પ્રખર સંસ્કારોથી સંપન્ન હતા. અરૂણાચલના આશ્રયે આવતા જ એમની સમસ્ત ચિત્તતંત્રી વાગી ઊઠેલી. અરૂણાચલ એમના પરમ પથપ્રદર્શક થયેલા. એમની અંદર એમને એમના ને સમસ્ત સંસારના ગુરૂનું દર્શન થયું. એમને થયું કે એ પૂર્વે થયેલા પરમપુરુષોના પણ પરમપ્રેરક પ્રકાશદાતા ગુરૂ છે : અનંતકાળથી અનુપ્રાણિત કરનારા મહાગુરૂ છે. એ ગુરૂના ગુરૂ અરૂણાચલની પાસે પહોંચ્યા પછી બીજા કોઈ લૌકિક ગુરૂની આવશ્યકતા રહે છે ખરી ? એમણે મુખને ખોલીને કોઈ સદ્દુપદેશ કે મંત્ર નથી આપ્યો, પોતાનો પાર્થિવ સ્પર્શ પણ નથી કર્યો, પરંતુ પોતાની દૈવી શક્તિથી પોતાને શાસ્ત્રવચનોનો અસાધારણ સાર સમજાવ્યો છે ને જીવનકલ્યાણનો મંત્ર પૂરો પાડ્યો છે. પોતાના અદભુત સ્પર્શથી એમણે અંતરના સઘળા સુષુપ્ત સંસ્કારોને જાગ્રત કર્યા છે. પોતાનું ગુરૂપદ શોભાવવાની શક્તિ એમના વિના બીજા કોઈમાં ક્યાંથી હોઈ શકે ?

વેંકટરામને અરૂણાચલમાં ગુરૂભાવ પ્રસ્થાપિત કરીને વિદ્વત્ સંન્યાસ લેવાનો વિચાર કર્યો. એ પ્રકારના સંન્યાસમાં કોઈ વિશેષ વિધિપાલન નથી કરવાનું હોતું. એમણે વસ્ત્રો ઉતારી નાખ્યાં, વધેલા પૈસાનો પરિત્યાગ કર્યો, ને કપડાંને ફાડીને કૌપીન ધારણ કરી લીધું. સમાજ સાથેનો બાહ્ય સંબંધ એવી રીતે પૂરો થયો.

હવે માત્ર એમના બ્રાહ્મણત્વનો પરિચય કરાવનારું યજ્ઞોપવીત બાકી રહ્યું. એમને થયું કે આને પણ શા માટે રાખવું જોઈએ ? પોતાને ઓળખાવનારા એવા અલગ ચિન્હની કોઈ આવશ્યકતા નથી. એવું સમજીને એમણે યજ્ઞોપવીતનો પણ ત્યાગ કર્યો.

એમના મસ્તક પર લાંબા, કાળા ભમ્મર જેવા કેશ હતા. એ કેશને પણ એમણે કઢાવી નાખ્યા. સાધનાપરાયણ જીવન જીવવા માટે એમની લેશપણ આવશ્યકતા ન હતી. અરૂણાચલના આકર્ષક મંદિર પાસે એક દિવસ એ ફરી રહેલા ત્યારે એમને કોઈ હજામે પૂછ્યું કે, દાઢી કરાવશો ? એમણે એને હા કહી. એ તરૂણ ત્યાગીની સંમતિ મેળવીને હજામે પોતાનું કામ પૂરું કર્યું.

વેંકટરામને કૌપીન ધારણ કરીને બ્રહ્મચર્ય વ્રતનો નિર્ણય કર્યો ને મૌનવ્રત લીધું ત્યારે એમના જીવનનો એક તબક્કો પૂરો થયો ને બીજા સોનેરી તપસ્યામય તબક્કાનો પ્રારંભ થયો. તપશ્ચર્યાની તીવ્ર લગની તથા એકાંતનો અનુરાગ હોવાથી મૌનવ્રત એમને ધારણ કરવું ના પડ્યું, પરંતુ એમને માટે સ્વાભાવિક થઈ પડ્યું. જેને લાંબા વખત સુધી ઉત્તમ પ્રકારની સાધનાનો આશ્રય લેવાની અભિલાષા હોય તેને માટે એકાંતસેવન અને મૌનવ્રત રસાયનરૂપ બને છે. એ દ્વારા એ પોતાના સમસ્ત સમયને સાધનામાં લગાડી શકે છે ને મોટા ભાગના બહારના વિક્ષેપોમાંથી મુક્તિ મેળવે છે. અંતરંગ સાધનાની સિદ્ધિમાં એમનો

સહયોગ ઘણો મહત્વનો છે. એ દ્વારા મનની શાંતિ પણ સહેલાઈથી મળે છે. વેંકટરામનને એની માહિતી હોવાથી એ સાધનોને એમણે આનંદપૂર્વક અપનાવી લીધાં. ઈશ્વરે પોતાના પરમ અનુગ્રહને પરિણામે એમના જીવનમાં આ પ્રકારની અનુકૂળતા કરી આપી એથી એમનું અંતર એક પ્રકારના અનેરા આહ્લાદથી ઊભરાઈ રહ્યું. હવે એ અનુકૂળતાનો પોતે લાભ જ ઉઠાવવાનો બાકી હતો. જે સમય મળ્યો છે તે સોનેરી છે અને એ સમયનો સદ્‌પયોગ કરવામાં આવે તો જીવન ઉજ્જવળ ને ધન્ય બની શકે એમાં સંદેહ નથી.

જીવ અને શિવની એકતાની અનુભૂતિના પરિણામરૂપે જે સ્વયંભૂ સહજ શાંતિની પ્રાપ્તિ થાય છે તેને લીધે મૌનાવસ્થા સ્વાભાવિક બની જાય છે. એવી મૌનાવસ્થા અનુભૂતિની ઉચ્ચોચ અવસ્થાએ આસીન થયેલા કોઈક બડભાગી મહાપુરૂષને જ પ્રાપ્ત થઈ શકે છે.

કેશને કઢાવી નાખવાથી તથા વસ્ત્રોના પરિવર્તનથી વેંકટરામનનું સમસ્ત સ્વરૂપ બદલાઈ ગયું. એ પ્રથમ દૃષ્ટિએ જ તપસ્વી દેખાવા લાગ્યા. એમનું શરીર ચમકવા લાગ્યું. એમના અંતરને ઊંડું સુખ સાંપડ્યું. અને કેમ ના સાંપડે ? આદ્ય શંકરાચાર્યે કહ્યું જ છે કે ગંગાના પ્રશાંત તટપ્રદેશ પરના તરુની નીચે નિવાસ હોય, પૃથ્વીની પથારી હોય, એકાંતવાસ હોય, અને સર્વ પ્રકારના ભોગ અને બાહ્ય પરિગ્રહનો પરિત્યાગ હોય, તો એવો વૈરાગ્ય કોને માટે સુખકારક ને શાંતિદાયક ના થાય ?

गंगा तट तरू मूल निवासः शय्या भूतल मजिनं वासः।
सर्व परिग्रह भोगत्यागः कस्य सुखं न करोति विरागः॥

વેંકટરામનને ગંગાના પ્રશાંત પવિત્ર તટપ્રદેશની પ્રાપ્તિ નહોતી થઈ, એ એમના એકાંત આરાધનારત જીવન દરમ્યાન અરૂણાચલના આકર્ષક મંદિરમાં જ વાસ કરતા, તો પણ એમને સુખાનુભૂતિ થયા કરતી. એકાદ શહેનશાહ કરતાં પણ વિશેષ સુખનો આસ્વાદ એમને મળ્યા કરતો. શંકરાચાર્યે કહ્યા પ્રમાણે એ પૃથ્વી પર પથારી કરતા, એકાંતવાસનો આધાર લેતા, અને સર્વ પ્રકારના પરિગ્રહ તથા લૌકિક ભોગોનો ત્યાગ તો પ્રથમથી કરી દીધેલો. વૈરાગ્યની માત્રા તો એમનામાં પરિપૂર્ણપણે જ-આંતરબાહ્ય બંને પ્રકારના વૈરાગ્યનો ને ત્યાગનો સમન્વય એમના જીવનમાં થઈ ગયો પછી એમને સુખની શી કમી રહી શકે ? પવિત્ર આત્મિક સુખના દૈવી ફુવારાઓ એમના અંતરાત્મામાંથી આપોઆપ ફૂટવા લાગ્યા.

વિત્તેષણા, લોકેષણા ને પુત્રેષણા - દેહવાસના, શાસ્ત્રવાસના ને લોકવાસનાનો પરિત્યાગ કરીને બીજી બધી જ લૌકિક તથા પારલૌકિક લાલસાઓને તિલાંજલી આપીને એ અરૂણાચલના સુંદર શાંતિમય સ્થાનમાં રહેવા લાગ્યા. એ સ્થળ કેટલું બધું વિશાળ, અદ્દભુત, આલીશાન ને સુંદર છે ! એનું અવલોકન કરનાર એનાથી મંત્રમુગ્ધ બનીને આશ્ચર્યોદ્દગાર કાઢીને બોલી ઊઠે છે : 'કેટલું બધું આકર્ષક અને આહ્ લાદક, આશ્ચર્યકારક મંદિર ! એને રચાયે કેટલો બધો સમય લાગ્યો હશે ! એનુ નિર્માણ કરનારની બુદ્ધિ કેટલી બધી કળાત્મક, સૂક્ષ્મ તેમ જ રસાળ હશે !'

વેલ્લાલ રાજાએ કરેલી અરૂણાચલ મંદિરની રચના જનતા માટે ખરેખર આશીર્વાદરૂપ ઠરી છે. એની સ્થાપત્યકળા તો લોકહૃદયને સ્પર્શી જાય તેવી છે જ, પરંતુ એની શાંતિ, આહ્લાદકતા અને પ્રેરકતા એટલી જ—બલકે એથી પણ વધારે અસરકારક ને અસાધારણ છે. પ્રવેશતાંવેંત જ એના અદભુત વાતાવરણથી પ્રભાવિત થઈને દર્શનાર્થી ઉચ્ચતમ આધ્યાત્મિક ભાવોનો અનુભવ કરે છે ને કોઈક અવનવા અલૌકિક

આનંદપ્રદાયક પ્રદેશમાં વિહરવા મંડે છે. ત્યાંના પરમાણુઓ અતિશય પવિત્ર ને પ્રશાંતિપ્રેરક છે. મંદિરની લંબાઈ ૧૪૮૦ ફીટ જેટલી ને પહોળાઈ ૬૮૦ ફીટ જેટલી છે. મંદિરની ચારે બાજુ મોટા મોટા, આકાશને અડવાની હરીફાઈ કરતા, દરવાજા ને ગુંબજો છે. દૃષ્ટિપાત કરતાંવેંત જ એ દર્શનાર્થીના હૈયાને હરી લે છે. એ વખતે મંદિરમાં મરમ્મત ચાલતી. મંદિરના ગોપુરમાં જુદા જુદા માળ બનાવેલા છે. પૂર્વ દિશા તરફના મિનારાની ઊંચાઈ ૨૧૬ ફીટ છે. એમાં અગિયાર જેટલા માળ છે. એમાંના કોઈ પણ માળ પર બેસવામાં આવે તો દિવસો, મહિના ને વરસો સુધી કોઈ નામ પણ ના લે એવું એકાંત છે. એમાં પંખી પણ નથી ફરકતું.

મંદિરના વિશાળ સ્થાનમાં એવાં તો અસંખ્ય સ્થાનો છે. જ્યાં આસન લગાવીને માણસ સાધનાપરાયણ બનીને કોઈ પણ પ્રકારના બાહ્ય વિક્ષેપ વગર આત્મલીન બની શકે.

મંદિરનું ઉદ્યાન પણ દર્શનીય છે. અરૂણાચલનું એ મધુમય મંદિર પોતાના સહસ્ત્ર સ્તંભોના મંડપ માટે ખાસ વખણાય છે. એ મંડપ ખરેખર દર્શનીય છે. એ ભવ્ય મંડપના નિરીક્ષણથી માનવનું મન આશ્ચર્યચકિત બની જાય છે. એની બાજુમાં શિવગંગા નામે સરોવર છે. એનું પાણી સુધાસમું સ્વાદિષ્ટ છે. પવિત્ર પરમાત્મ પ્રેમથી સંપન્ન ભક્તો, યોગીઓ અને સ્થિતપ્રજ્ઞ ગુણાતીત મહાપુરુષોના હૃદયના પ્રતીકસમું એ સરોવર ખૂબ જ સુંદર છે. માનવને એ વિશુદ્ધ પ્રેમમય, રસાળ જીવનની પ્રેરણા પૂરી પાડે છે.

વેંકટરામનનો પ્રાણ એ બધું પેખીને પુલકિત બની ગયો. એ પણ જીવનની સંસિદ્ધિના એવા જ મંગલમય મંદિરનું નિર્માણ કરવા માગતા'તા જેમાં પરમાત્માના પરમ પવિત્ર પ્રેમનું સુંદર સુધામય સરોવર હોય : જેના ગૌરવગુંબજો દિશાપ્રદિશામાં પોતાના મહિમાનું જયગાન ગાતા ઉપર ઊઠ્યા હોય : જેની અંદર અનાદિ, અચલ, અનંત, પરમાત્માની પ્રતિમા હોય : જેને સંયમના સુદૃઢ મહાદ્વારોએ સુશોભિત કર્યું હોય : જેમાં પ્રજ્ઞાનો તપઃપૂત પાવન પ્રદીપ અહર્નિશ જલ્યા કરતો હોય, શુદ્ધિનાં સુમનો હોય, અને અનુરાગની આરતી જેને અનવરત રીતે અલંકૃત કરતી હોય : સહસ્ત્રદલ ચક્રમાં વિરાજેલા પરબ્રહ્મ પરમાત્માએ જેમાં પ્રકટ બનીને પ્રકાશ પાથર્યો હોય : એવા મંદિરનિર્માણ માટે ધનની આવશ્યકતા ન હતી. આવશ્યકતા હતી એકમાત્ર અનુરાગપૂર્ણ આરાધનાની. એવી આરાધનાનો આધાર લેવાથી એવા મહિમામય મંદિરનું નિર્માણ થશે જ એવી એમને શ્રદ્ધા હતી.

વિભિન્ન પ્રકારની વિચારધારાથી વેંકટરામન તરબોળ બની ગયા ત્યાં તો આરતીનો આરંભ થયો ને મંદિરના ઘંટ વાગી ઊઠ્યા. કેટલું બધું નયનાભિરામ દૃશ્ય ને કેટલો બધો આનંદદાયક અદ્દભુત અવાજ ! ભક્તો બે હાથ જોડીને પ્રણામાંજલિ કરતા સ્તુતિ ગાવા માંડ્યા. નવલ સુંદર ઉત્સવમય જીવનનો સ્વર્ણ સંદેશ સંભળાવતી શરણાઈઓ અંતરને એમના અમૃતમય આલાપથી આપ્લાવિત કરતી વાગી રહી. દીર્ઘકાલીન ઉત્સાહપૂર્વકની સાધનાના પરિણામે સાધકની અંદરના સૂક્ષ્મ જગતમાં જ્યારે અનહદ અથવા અનાહત નાદનો ઉદ્દભવ થાય છે ત્યારે ઝાંઝ પખાજ, ઘંટ, શરણાઈઓ ને વીણાઓ વાગી ઊઠે છે ને સ્વર્ગીય સંગીતનો સ્વાદ સાંપડે છે. એ અલૌકિક બ્રહ્મનાદમાં મનની વૃત્તિને જોડવાથી અતીન્દ્રિય અવસ્થાની અને એ દ્વારા પરમાત્માની અનુભૂતિ શક્ય બને છે. જીવનમાં ધન્યતાની આરતીનો આરંભ થાય છે. ભગવાન અરૂણાચલની આરતી તો એ અલૌકિક આરતીનું સ્થૂલરૂપ જ હતી. વેંકટરામન પોતાના જીવનમાં ધન્યતાની એવી જ આરતી ઉતારવા માગતા'તા. એ આરતી પ્રસંગ એટલા માટે જ એમના જીવનનો પ્રેરક પ્રસંગ થઈ પડ્યો.

વેંકટરામનને સત્તરેક વરસની નાની ઉંમરે અરૂણાચલ મંદિરનું અનુકૂળ વાતાવરણ સાંપડ્યું એ એમનું સદ્દભાગ્ય નહિ તો બીજું શું ? એ ઈશ્વરની કૃપા જ હતી.

ઈશ્વરના અનુગ્રહ વિના એવો અમૂલખ અનુકૂળ અવસર કેવી રીતે મળી શકે ? ઈશ્વરનો અનુગ્રહ તો સૌની ઉપર છે જ, પરંતુ એની અનુભૂતિ સૌ કોઈ નથી કરી શકતું. માનવે પોતાનાં તનના ને મનનાં દ્વારને સંસારાભિમુખ કર્યો છે. એમને પરમાત્માભિમુખ કરવામાં આવે તો ઈશ્વરની અનુકંપાની અનુભૂતિ સહજ બને. વેંકટરામને એવું જ કરેલું. જગતમાં જન્મીને જ્યારથી વિવેકજન્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ ત્યારથી એમણે પરમ પિતાની ખોજ કરવાનો સંકલ્પ કરીને છેવટે એમનું શરણ લીધું. સમસ્ત સંસારના સમર્થ સૂત્રધાર અને સૌના જીવનની ગતિવિધિ ને પ્રવૃત્તિના સંચાલક એ પરમ પિતાએ જ ક્રમેક્રમે એમના જીવનમાં અનુકૂળતા કરી આપી.

અરૂણાચલેશના મધુમય મંદિરપ્રવેશ સાથે એમને પરાપૂર્વનો કોઈક ચોક્કસ સંબંધ હતો કે કેમ એનો યથાર્થ ઉત્તર તો એ જ આપી શકે : આપણે તો એનું અનુમાન કરીને એવો કોઈક ઘનિષ્ટ સંબંધ હશે એવી માન્યતા જ રાખવી રહી. તો પણ એટલું નિર્વિવાદ હતું કે એમનો એ પ્રદેશમાં આવવાથી પોતાના ઘરમાં આવ્યા બરાબર જ આનંદ થવા લાગ્યો.

☼ ☼ ☼ ☼ ☼



## (૯) તપશ્ચર્યા

અરૂણાચલના મંદિરનું સુંદર શાંત સ્થાન હૃદયગ્રંથિને તોડવાની તપશ્ચર્યાના અનુષ્ઠાનને માટે એમને અત્યંત અનુકૂળ લાગ્યું.

વૈરાગ્ય ને પ્રેમભક્તિના વિભિન્ન વિચારો ને ભાવોમાં એમનું વિવેકજ્યોતિથી પ્રજ્વલિત મંગલમય મન દિનપ્રતિદિન સ્નાન કરવા માંડ્યું. ત્યાગના અસિધારાવ્રતનું પાલન એ પૂરીપૂરી જાગૃતિ અથવા સાવધાનીપૂર્વક કરી રહેલા. એને લીધે એમનો અંતરાત્મા પ્રસન્નતાની અનુભૂતિ કર્યા કરતો.

એમણે પોતાની તપશ્ચર્યાને માટે અરૂણાચલ મંદિરના એક શાંત ઓટલાને પસંદ કર્યો. એ ઓટલાનું સ્થાન નોંધપાત્ર ને વિલક્ષણ હતું. અરૂણાચલેશ્વરના મધુમય મંગલ મંદિરની મુલાકાત લેનારે એમાં આવેલો પેલો સુવિખ્યાત સહસ્ત્ર સ્તંભવાળો મંડપ તો જોયો જ હશે. એની જમીનનો એક ભાગ આજે પણ અવ્યવસ્થિત જેવી અવસ્થામાં પડેલો છે. જમીન પર પાથરેલા પથ્થર એકસરખા નથી. એ સહસ્ત્ર સ્તંભવાળા સુંદર મંડપના મધ્યભાગમાં પથ્થરનો ઓટલો છે. એની દક્ષિણ—પશ્ચિમ દિશામાં એક ભોંયરૂ છે. એમાં ભગવાન શંકરનું એક લિંગ છે. એ વખતે એ શિવલિંગની પૂજાસેવા તરફ કોઈનું ધ્યાન ન હતું. એની આજુબાજુ અંધકાર છવાયેલો રહેતો. એમાં પૂરતા પ્રમાણમાં સ્વચ્છતા પણ ન હતી. સહસ્ત્ર સ્તંભવાળા મંડપને જ પર્યાપ્ત પ્રમાણમાં સ્વચ્છ નહોતો રખાતો તો આવા સ્થાનની સ્વચ્છતાની દરકાર કોણ રાખે ? એ નિતાંત એકાંત સ્થાનનું નામ પાતાળલિંગ રાખવામાં આવેલું. એ એના વાતાવરણને વિચારતાં યોગ્ય જ હતું.

હવે એ વેંકટરામન નહોતા રહ્યા; પરંતુ ત્યાગી, વિરક્ત, મહાત્મા કે શ્રેયાર્થી થયેલા. રમણ મહર્ષિના નવા નામકરણને હજુ વાર હતી : હજુ તો એની પૂર્ભૂમિકા જ રચાઈ રહેલી. એમણે પોતે કોઈ નામ ધારણ નહોતું કર્યું. તો પણ એમના અવલોકનથી દર્શકોના મનમાં એક પ્રકારનો પ્રખર આદરભાવાત્મક પ્રતિધ્વનિ પડતો. એ એક અંકુરાવસ્થામાં રહેલા ઈશ્વરાનુરાગી સાચા સંત છે એવું એમને લાગી આવતું.

સહસ્ત્રસ્તંભવાળા મંડપના એ અવ્યવસ્થિત ઓટલાને સાધનાના અધિષ્ઠાન તરીકે સાનુકૂળ સમજીને એમણે એની ઉપર બેસીને શાંતિપૂર્વક ધ્યાન કરવા માંડ્યુ. એમના સાધનામાર્ગનું મુખ્ય આલંબન અથવા માધ્યમ ધ્યાન જ હતું. એની દ્વારા ઉત્તરોત્તર આગળ વધીને આત્માના ઊંડાણમાં ઊતરીને સ્વરૂપનો અપરોક્ષ અનુભવ સહજ રીતે જ કરી શકાશે એ સંબંધી એમને તલમાત્ર શંકા ન હતી. સાધના ને સાધ્યવિષયક જે નાનીમોટી પ્રચ્છન્ન કે પ્રકટ ભ્રાંતિઓ સામાન્ય સાધકોના આત્મવિકાસમાં અવરોધક બને છે તે ભ્રાંતિઓથી એ સર્વાંશે મુક્ત હતા. એટલે એમનો સાધનામાર્ગ ધાર્યા કરતાં વધારે સરળ હતો. એને અનંત ઉત્સાહનું કે પ્રામાણિક પ્રખર પુરૂષાર્થનું પીઠબળ પણ સાંપડેલું. માટે તો એમની સાધનાત્મક સંસિદ્ધિમાં સંદેહ ન હતો.

બેસવાની જમીન સુંવાળી છે કે કઠોર, ને સાફ છે કે પથરીલી એ સમસ્યા આગળ વધેલા આદર્શ શ્રેયાર્થીને ભાગ્યે જ સતાવે છે. એ જ્યાં બેસે છે ત્યાં પોતાના મનને સ્થિર, સ્વસ્થ, સંવાદી ને શાંત કરી શકે છે. એની પુરસ્કૃત આત્મવૃતિ અભ્યાસના અનવરત અનુસંધાનને લીધે અલ્પ વખતમાં જ આગળ વધીને આત્મામાં અવગાહન કરતી એકરૂપ બની જાય છે. મહર્ષિની એકાગ્રતા ઘણી આગળ વધેલી હોવાથી બહારનું વાતાવરણ એમને માટે વિક્ષેપકારક ના બન્યું.

એ ઈચ્છાનુસાર ઓટલા પર બેસતા, ધ્યાન કરતા, આત્મચિંતનમાં ડૂબી જતા, તો કોઈવાર મંડપમાં કે મંદિરમાં મંડપની બહાર આંટા મારતા. પોતાના જીવનનિર્વાહને માટે સહજ રીતે આપોઆપ પ્રાપ્ત થતી ભિક્ષાની ઉપર આધાર રાખતા. બીજાની પાસે ભિક્ષાન્ન માગવા જવાનું એમને જરા પણ પસંદ ના પડતું.

ઈ.સ. ૧૮૯૯ના શિયાળાનો સમય શરૂ થયો. ઠંડી ખૂબ જ વધવા માંડી. તો પણ એ કૌપીનધારી રહીને પૂર્વની પેઠે જ રહેવા લાગ્યા. મન અને ઈન્દ્રિયોનો સંયમ સિદ્ધ કર્યો હોવાથી એ શાંતિપૂર્વક સાધનાપરાયણ બનીને પોતાનો અમૂલખ સમય નિર્ગમન કરતા રહ્યા.

છતાં પણ એમનો સાધનાપથ તદ્દન સરળ હતો એવું નથી માનવાનું. સાધનાના અનુષ્ઠાન દરમિયાન આવનારા વિક્ષેપો બાહ્ય અને આંતર બંને પ્રકારના હોય છે. આંતર વિક્ષેપો તો મહર્ષિનું મનોબળ મક્કમ અને મજબૂત હોવાથી એમને માટે અસંભવ હતા, પરંતુ બાહ્ય વિક્ષેપો પર એમનું પૂરેપૂરૂ નિયંત્રણ ન હતું, અને ક્યાંથી હોઈ શકે ? એ બાહ્ય વિક્ષેપયુક્ત વાતાવરણ સાધારણ હોવા છતાં હતું એની ના નહિ. એક તો એકદમ નાની ઉંમર, ત્યાગી તથા તપસ્વીનો વેશ, મોટા ભાગનું અખંડ મૌનવ્રત, એકાંતસેવન, અનાસક્ત અસાધારણ જીવનવ્યવહાર ને મુખમંડળની અદભુત કમનીયતા ને કાંતિ, એ સૌને લીધે એમના પ્રત્યે કેટલાકને આકર્ષણ થવા માંડ્યું : કેટલાક એમની સાથે પ્રેમમય વ્યવહાર કરવા લાગ્યા, તો બીજા કેટલાકે એમની અયોગ્ય આલોચના, નિંદા તેમ જ મશ્કરી કરવાનું શરૂ કર્યું. સાચું કહીએ તો બીજા વર્ગના લોકોની સંખ્યા વિશેષ હતી. દૈવી સંપત્તિની સરખામણીમાં આસુરી સંપત્તિનો વિસ્તાર વધારે દેખાય છે ને તિરુવણ્ણામલૈ પણ એના અપવાદરૂપ ન હતું. મહર્ષિનો આદર કરનારા ઓછા હતાં; એમની અવહેલનામાં આનંદ માનનારા વધારે. એમને મિત્રભાવે નીરખવા કરતાં અમિત્રભાવે અથવા દ્વેષ દૃષ્ટિએ દેખનારાની સંખ્યા વિશેષ હતી. એમાં એમને દોષ દેવા જેવું પણ કશું નથી લાગતું. એ એમની પાશવી પ્રકૃતિથી પરવશ હતા. એમની પોતાની ભૂમિકા ઘણી નીચી કક્ષાની હોવાથી, આધ્યાત્મિક અભ્યુત્થાનના જે અલૌકિક આકાશની અંદર મહર્ષિ ઉડ્ડયન કરી રહેલા એનું અનુમાન પણ એમનાથી નહોતું થઈ શકે તેમ. એમની પૂર્વગ્રહયુક્ત પામર દૃષ્ટિ આધ્યાત્મિક સમુન્નતિનાં ક્ષિતિજોને પાર કરીને મહર્ષિએ જેમાં સ્થિતિ કરેલી એ આત્માના અક્ષય આલોકને નહોતી ઓળખી શકે તેમ. મહર્ષિની અસાધારણતાનો અંદાજ એમને ના આવી શક્યો. અને.... જે હકીકત રમણ મહર્ષિના સંબંધમાં લાગુ પડે છે તે શું અધ્યાત્મપથના બીજા પ્રવાસીઓને લાગુ નથી પડતી ? સંસારના મોટા ભાગના સંતો અથવા સાધકો કે શ્રેયાર્થીઓના સંબંધમાં એવું જ બન્યું છે. આરંભમાં અને કેટલાક સંજોગોમાં તો અંતકાળ સુધી એમની નિંદા કરવામાં આવી, એમને ત્રાસ આપવામાં આવ્યો અને એમની અનેકવિધ અવજ્ઞા થઈ. પ્રશસ્તિ, પૂજા અને પ્રતિષ્ઠાનો પુરસ્કાર તો પાછળથી મળ્યો—ખૂબ જ પાછળથી, ને કેટલીકવાર તો શરીર શાંત થયા પછીથી. પોતાના જીવનકાળ દરમિયાન જ અને એ પણ આરંભથી તે અંત લગી જેમને સમાજના સેવાભાવ, સત્કાર તેમ જ સન્માનનું સૌભાગ્ય સાંપડ્યું હોય એવા સંતો કે સત્પુરૂષો આંગળીને વેઢે ગણી શકાય એટલા કે એના કરતાં પણ ઘણા ઓછા હશે. માનવ ને માનવસમાજ જ્યાં સુધી સદ્ બુદ્ધિ સંપન્ન, સાત્વિક, શીલવાન ને સંસ્કારી ના બને અને આધ્યાત્મિક વિકાસમૂલ્યોને ઓળખતાં ના શીખે ત્યાં સુધી પરિસ્થિતિ એવી જ પ્રતિકૂળ કે કરૂણ રહેવાની.

મહર્ષિ પોતે એકાંતપ્રિય હોવા છતાં લોકો એમને આખો વખત એકાંતમાં નહોતા રહેવા દેતા. ભગવાન અરૂણાચલનાં શ્રી ચરણોમાં સર્વસમર્પણ કરીને તપમાં લીન થવાનો નિશ્ચય કરી ચૂકેલા મહર્ષિને કેટલાંક આસુરી પ્રકૃતિનાં તોફાની તત્વો હેરાન કરવા લાગ્યાં. એમને રંજાડવામાં એમને આનંદ આવવા લાગ્યો. એમને થયું કે ચાર પાંચ વરસ પહેલાં તિરુવણ્ણામલૈમાં આવેલા પાગલ શેષાદ્રિ સ્વામીની પેઠે રમણ મહર્ષિ પણ પાગલ છે : એમના મગજનું ઠેકાણું નથી લાગતું.

મહર્ષિ પાગલ હતા એ સાચું, પરંતુ એમનું પાગલપન જરા જુદી જાતનું હતું. એ પરમાત્માના પ્રેમમાં પાગલ હતા. પોતાના પરમપિતાનો સાક્ષાત્કાર કરીને એમની સાથેના અનવરત અખંડ અનુસંધાનને સિદ્ધ કરવા તત્પર થયેલા. વૈરાગ્યશતકમાં મહાયોગી ભર્તુહરિ જગતના મોટા ભાગના માનવોને મોહમદિરાનું આકંઠ પાન કરીને ઉન્મત્ત બનેલા ને સારાસારનું ભાન ભૂલેલા કહે છે તેમ, મહર્ષિની તપઃપૂત નેહયુક્ત નજરમાં મોટા ભાગના માનવો ઉન્મત્ત કે પાગલ લાગતા અને એવા મનુષ્યોને આટલી નાની સંસારના વિવિધ પ્રકારના ભોગોને ભોગવવાની ઉંમરમાં વિષયરસ પ્રત્યે ઉદાસીન બનેલા મહર્ષિ પાગલ દેખાતા. બંનેની દૃષ્ટિ જુદી જુદી હોવાથી એમનું દર્શન પણ અલગ અલગ હતું.

નાના છોકરાઓ પાગલ શેષાદ્રિ પ્રત્યે જેવું વર્તન કરતા તેવું જ ઉદ્ધત વર્તન નવાગંતુક રમણ મહર્ષિ સાથે કરવા લાગ્યા. એમની ઉપર માટી, કાંકરા ને પથ્થર ફેંકવા માંડ્યા. સદ્ ભાગ્યે એવા બધા આક્રમણથી એમને કશી શારીરિક ઈજા ના થઈ, પરંતુ એમની શાંત એકાંત એકધારી તપશ્ચર્યામાં ભંગ પડ્યો. એમને થયું કે આવા વિકૃત વાતાવરણમાં મન લગાડીને સુચારુરૂપે સ્થિરતાપૂર્વક સાધના કરવાનું કામ કઠિન છે. સાધના કરવી જ હોય, અને એને કર્યા સિવાય છૂટકો જ નથી, તો કોઈક બીજું નિરાપદ શાંત સ્થાન શોધી કાઢવું જોઈએ, જ્યાં મોટી ઉંમરના માણસો કે છોકરાઓ પહોંચીને પોતાના ધ્યાનમાં ભંગ ના પાડી શકે ને કોઈ પણ પ્રકારના બાહ્ય વિક્ષેપ વિના કલાકો સુધી એકધારી આત્મસાધનામાં રત રહી શકાય.

પરંતુ એવું નિતાંત એકાંત, ઉપાધિરહિત, શાંત સ્થાન ક્યાં મળે ? એમને પાતાળલિંગના સ્થાનની સ્મૃતિ થઈ. એ સ્થાન વર્તમાન સંજોગોમાં સઘળી રીતે અનુકૂળ હોવાથી એમને પસંદ પડ્યું. ત્યાં રહીને લાંબા વખત સુધી સાધના કરવાનું સરળ લાગવાથી, કોઈને પૂર્વમાહિતી આપ્યા વગર જ, એક ધન્ય દિવસે ધન્ય ઘડીએ એમણે એમાં પ્રવેશ કર્યો.

પાતાળલિંગના એ પુરાતન જીર્ણશીર્ણ સ્થાનમાં એમણે પ્રસન્નતાપૂર્વક પ્રવેશ કર્યો પરંતુ એ પ્રવેશ એમને માટે અસાધારણ અગ્નિપરીક્ષા  બરાબર થઈ પડ્યો. ત્યાં રહીને સુખશાંતિપૂર્વક બેસવાનું ને તપશ્ચર્યા કરવાનું સહેલું ન હતું. એ પુરાતન સ્થળમાં કીડા ને મંકોડા પુષ્કળ પ્રમાણમાં હોવાથી મહર્ષિ જ્યારે ઊંડા ધ્યાનમાં બેસતા ત્યારે એ એમના શરીર પર ફરી વળતા. એમને લાંબા વખત પછી ઉત્તમ પ્રકારનું ભક્ષ્ય મળવાથી એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમણે એમના શરીરને ફોલી ખાધું. પરિણામે એની અંદરથી લોહી નીકળવા લાગ્યું.

મહર્ષિના જેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં સાધારણ સાધક ના જ બેસી શકે એ દેખીતું છે. એવા વિષમ વાતાવરણમાં ધ્યાન કરવાનું કામ કપરું છે. શરીર પર કીડી કે માખી બેસે છે તો પણ માણસનું ધ્યાન તરત ત્યાં ચાલ્યું જાય છે અને એની એકાગ્રતાનો નાશ થાય છે તો કીડી, માખી કે મંકોડા જો ચટકા ભરવાનું

આરંભે તો તો પછી કહેવું જ શું ? એ અવસ્થામાં અસાધારણ મનાતા સાધકો પણ માનસિક સ્થિરતાને ભાગ્યે જ સાચવી શકે. મહર્ષિની એ વખતની આત્મિક અવસ્થા સાધારણ ન હતી, અસાધારણ પણ ન હતી; અસાધારણમાં અસાધારણ હતી એટલે શરીરની ઉપર થતી અસરોની વચ્ચે પણ એ અચળ અને આત્મનિષ્ઠ રહ્યા. ઊંડી ધ્યાનાવસ્થામાં ડૂબી જતા ત્યારે એમનું મન શરીરથી ઉપર ઊઠી જતું. એ અવસ્થામાં શરીરને થતી અસરોની ખબર એમને ના પડતી.

એમની નીડરતા, હિંમત તથા તીવ્ર તપશ્ચર્યાને દેખીને દર્શકો ખૂબ જ આશ્ચર્યચક્તિ બની ગયા. કેટલી બધી અસાધારણ તપશ્ચર્યા ! એમનામાંના કેટલાક એમને કોઈ અલૌકિક આત્મા સમજવા લાગ્યા અને અધિકાધિક આદરભાવથી જોવા માંડ્યા. તો પણ છોકરાઓનો ઉપદ્રવ હજુ શાંત નહોતો થયો. છોકરાઓ તોફાની વૃત્તિનો આશ્રય લઈને એમને પજવવાના આશયથી એકાંત પાતાળલિંગ તરફ માટી ફેંકતા. એને લીધે એમનું સમસ્ત શરીર માટીથી ઢંકાઈ જતું. તો પણ બાહ્ય જગતમાંથી મનને નિવૃત્ત કરીને આત્માની અલૌકિક ધ્યાનસાધનામાં તલ્લીન બનેલા હોવાથી એ જરા પણ ચલાયમાન ના થતા તથા વિક્ષુબ્ધ પણ ના બનતા. એમની એકાગ્રતા અને આત્મપરતા એવી જ અકબંધ રહેતી. એમાં કશો પણ ફેર ના પડતો. તોફાની છોકરાઓના વિક્ષેપમાંથી એમને ઉગારવાને માટે એકવાર પરમસંત પાગલ શેષાદ્રિ આવી પહોંચ્યા પણ છોકરાઓની ઉપર એની લગાર પણ અસર ના થઈ. એમને એ સંતને બદલે પાગલ સમજતા હોવાથી એમની ઉપસ્થિતિમાં એ વિશેષ તોફાન કરવા લાગ્યા. પાગલ શેષાદ્રિ પોતાનો પ્રયત્ન નિષ્ફળ જતાં ત્યાંથી નિરુપાયે પાછા વળ્યા.

એક બીજે દિવસે થોડાક મુસલમાન છોકરાઓ પાતાળલિંગ તરફ માટીના ઢેફાં ફેંકતા'તા ત્યારે વેંકટાચલ મોદલી નામના સદ્ ગૃહસ્થની નજર એમની ઉપર પડી. એ મંદિરની પાસેના રસ્તા પરથી પસાર થઈ રહેલા. એમને રમણ મહર્ષિ વિશે માહિતિ હોવાથી એ બધી પરિસ્થિતિને સહેલાઈથી સમજી ગયા. રમણ મહર્ષિ પાતાળલિંગમાં તપશ્ચર્યા કરે છે ને છોકરાઓ એમને સતાવી રહ્યા છે એ જોઈને એમને ક્રોધ પેદા થયો.

વૃક્ષની તૂટેલી ડાળખીને લઈને એ એમની પાછળ પડ્યા એટલે છોકરાઓ નાસી ગયા.

એટલામાં તો વેંકટચલ મોદલીની દૃષ્ટિ સંત શેષાદ્રિ પર પડી.

એ પાતાળલિંગના સ્થળમાંથી બહાર નીકળી રહેલા.

એમને દેખીને મોદલીને આશ્ચર્ય થયું.

એમણે એમને પૂછી જોયું : 'છોકરાઓના ઉપદ્રવને લીધે તમને કાંઈ વાગ્યું તો નથી ?'

શેષાદ્રિએ સસ્મિત શાંતિ ભરેલા સ્વરે જણાવ્યું : 'મને તો નથી વાગ્યું.'

'તો પછી અંદર સાધના કરી રહેલા સ્વામી ને ? એમને તો નથી વાગ્યું ?'

'ના. એ પણ સલામત છે. ઈશ્વર—ભગવાન અરૂણાચલ એમની રક્ષા કરી રહ્યા છે ને કરશે. છતાં પણ એમનું ધ્યાન રાખજો.'

'સારું. એમનું ધ્યાન રાખવાની આપણી ફરજ છે. છોકરાઓ એમના મહિમાને નથી જાણતા એટલે એમને સતાવે છે અને કેટલાક મોટી ઉંમરના માણસો પણ અજ્ઞાનને લીધે એમની મશ્કરી કરે છે, પરંતુ આટલી નાની ઉંમરમાં આવું કઠોર તપ કોણ કરી શકે છે ? એ તો કોઈ સિદ્ધેશ્વર કે દેવતા છે.'

'સાચું છે.' શેષાદ્રિએ સંમતિનો સૂર પુરાવ્યો : 'એમના સંસ્કાર ઘણા ઊંચા છે. એવું તપ સામાન્ય સાધકથી નથી થાય તેવું. એ કોઈ મહાન યોગી આત્મા છે.'

એ પછી મોદલી મહાશય પાતાળલિંગના એ એકાંત શાંત સ્થળમાં પ્રવેશ્યા.

આજુબાજુ બધે જ અંધકાર હોવાને લીધે પહેલાં તો એમને કશું જ ના દેખાયું, પરંતુ પછી બધું ઝાંખું ઝાંખું દૃષ્ટિગોચર થયું : પવિત્ર પાતાળલિંગ અને એની પાછળના નીરવ નિસ્પંદન ભાગમાં સાધનામાં ડૂબેલા, ધ્યાનસ્થ, આત્મલીન, મહર્ષિ !

એમને નિહાળીને મોદલીને આનંદ થયો. સાથે સાથે એમની અવસ્થાના વિચારથી દુઃખ પણ થયું. સુખદુઃખનાં સંમિશ્રિત ભાવ તરંગોની એમના મન પર અસર થઈ.

એ પાતાળલિંગના સ્થાનમાંથી ધીમે પગલે બહાર નીકળ્યા.

સહસ્ત્રસ્તંભવાળા મંડપની પશ્ચિમ તરફ જે બાગ છે તેમાં એ વખતે પલનિ સ્વામી નામના મલયાલી સાધુપુરૂષ પોતાના શિષ્યો સાથે વાસ કરતા.

એમની પાસે પહોંચીને મોદલીએ બે ત્રણ માણસોની મદદ માગી.

પલનિ સ્વામીએ એમની માગણીનો સ્વીકાર કર્યો.

એ પછી એમણે બીજા ત્રણ માણસોની મદદથી પાતાળલિંગના શાંત સ્થાનમાં પ્રવેશીને મહર્ષિને એમની ઊંડી ધ્યાનાવસ્થામાંથી જાગૃત કરવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ એમનો પ્રયત્ન નિરર્થક ઠર્યો.

બાહ્યજ્ઞાનશૂન્ય બનીને સમાધિદશામાં ડૂબેલા મહર્ષિ જ્યારે કોઈ રીતે જાગ્યા જ નહિ ત્યારે એમણે પેલા માણસોની મદદથી એમના લોહીથી લથબથ થયેલા જખમી શરીરને ઊંચકી લીધું.

પાતાળલિંગના સ્થાનમાંથી એવી રીતે બળજબરીપૂર્વક બહાર કાઢવા છતાં મહર્ષિની સમાધિદશા તૂટી નહીં ત્યારે એમના આશ્ચર્યનો અંત ના રહ્યો. યોગ અથવા ધ્યાનની એવી અદભુત અવસ્થાનું દર્શન એમણે એ પહેલાં કદાપિ નહોતું કર્યું. એ વિશેનાં કેટલાંક ઉપલક વર્ણનો એમણે પુસ્તકોમાં વાંચેલાં ને સદાશિવ બ્રહ્મ જેવા મહાયોગીના અસાધારણ સમાધિજીવન વિશે સાંભળેલું, પરંતુ સાંભળવું ને વાંચવું એક વસ્તુ છે ને પ્રત્યક્ષ અનુભવવું એ જુદી જ વસ્તુ છે. એવા સ્વાનુભવનો પ્રસંગ એમના જીવનમાં એ પહેલો જ હતો. એ અપરોક્ષાનુભવ અત્યંત અનેરો અને અવિસ્મરણીય હતો એમાં સંદેહ નહિ. ધ્યાનની એવી અદભુત અવસ્થાની અનુભૂતિ એટલી નાની ઉંમરમાં થવાનું કામ કેટલું બધું કષ્ટસાધ્ય કે કઠિન છે તેની કલ્પના એ માર્ગના સાધકો સહેલાઈથી કરી શકશે. એમના અંતરમાં મહર્ષિની એ અનુભૂતિને માટે અસાધારણ આદરભાવ ઉત્પન્ન થશે એ નિર્વિવાદ છે.

મોદલી મહાશયે મહર્ષિના શરીરને ગોપુર સુબ્રહ્મણ્ય સ્વામીના મંદિરમાં રાખી દીધું.

મહર્ષિએ લાંબે વખતે નેત્રો ઉઘાડ્યાં.

એમનું બાહ્યજ્ઞાનશૂન્ય ધ્યાનાવસ્થિત સમાધિમગ્ન મન પાછું જાગૃતિમાં આવ્યું ને બાહ્યજ્ઞાનથી સંપન્ન બન્યું.

એ પ્રસંગ પછી એમને માટે પૂજ્યભાવ ધરાવતા લોકો એમને બ્રાહ્મણ સ્વામીના સવિશેષ નામે સંબોધવા લાગ્યા.

કેટલાય ધર્મપરાયણ શ્રદ્ધાળુ સ્ત્રીપુરૂષો એમને ભારે ભક્તિભાવથી જોવા લાગ્યાં.

એમના જીવનમાં એવી રીતે એક અવનવા અધ્યાયનો આરંભ થયો.

ગોપુર સુબ્રહ્મણ્ય સ્વામીના મંદિરમાં એ વખતે એક મૌની સ્વામી પણ વાસ કરતા. એમણે મહર્ષિની બે મહિના સુધી સ્નેહપૂર્વક સંભાળ રાખી. એ સ્વામી બિલ્વફળ ખાતા તથા ઉમાદેવીના અભિષેક પછી બચેલા દૂધનો ઉપભોગ કરતા. મહર્ષિની અંતરંગ યોગ્યતાને એ પ્રથમ દૃષ્ટિએ જ સમજી ચૂકેલા. એ એમને આદરભાવથી ભારે આત્મીયતાપૂર્વક જોતા ને પોતાના ભોજનમાંથી એમને પણ જમાડતા. એમ કરવામાં એમનો અંતરાત્મા અજબ આનંદનો અનુભવ કરતો.

ઉમાદેવીના અભિષેકના પ્રસાદમાં દૂધ, પાણી, હળદર, સાકર, ફળ, કાચાં કેળાં જેવા પૃથકપૃથક પદાર્થોનો સમાવેશ થતો.

મહર્ષિ એ અમૃતમય પ્રસાદથી પરિતૃપ્તિ પામતા.

કોઈ કોઈવાર તો એ એટલા બધા ધ્યાનમગ્ન બની જતા કે એમની આંખ દિવસો સુધી ઊઘડતી નહિ. એવે વખતે કદી કદી લોકો એમને બળજબરીથી જગાડીને એમને પ્રસાદ અપાવતા. હવે એમની લોકોત્તરતાનો ખ્યાલ લગભગ સૌને આવવા લાગ્યો.

એક દિવસ મંદિરના એક પૂજારીને એમની વિલક્ષણતા ને વિશેષતા જોઈને એમના પ્રત્યે ઊંડો પ્રેમભાવ પેદા થયો. એ એમને પૂજ્યભાવથી જોવા લાગ્યો. એણે બીજા બધા પૂજારીને સૂચના આપી કે મૂર્તિના અભિષેક પહેલાં જ રમણ મહર્ષિ તથા મૌની સ્વામી બંનેને દૂધ પહોંચાડી દેવું. એ પ્રમાણે એમને દૂધ પહોંચાડવામાં આવતું. એ અમૃતમય દૂધના સેવનથી એ બંને સંતોને સંતોષ વળતો. દૂધ પહોંચાડવામાં કોઈ વાર કોઈ કારણે વિલંબ થતો તો મંદિરની બાજુમાં રહેતા બ્રાહ્મણોના ઘરોમાં સૂચના આપવામાં આવતી. એના પરિણામે એમને ત્યાંથી ભિક્ષાન્નનો પ્રબંધ કરવામા આવતો.

અરૂણાચલ મંદિરની પૂર્વદક્ષિણ દિશામાં આવેલી ફૂલવાડીનાં ઊંચા વૃક્ષો નીચે બેસીને મહર્ષિ અવારનવાર ધ્યાન કરતા. એ વખતે એ દેહાભિમાનથી એકદમ મુક્ત બની જતા. વચ્ચે કેટલીકવાર એમણે નગ્ન રહેવાનું પણ શરૂ કરેલું પરંતુ પૂજારીઓની પ્રાર્થનાને લક્ષમાં લઈને એ પુનઃ કૌપીન પહેરવા લાગ્યા. એ પછી એ વાહન મંડપમાં રહેવા લાગ્યા. તોફાની છોકરાઓએ ત્યાં પણ એમને પજવવાનું ચાલુ રાખેલું. ત્યાંથી કેટલાક કાળ લગી એ શિવગંગાતીર્થમાં એક બિલ્વવૃક્ષની નીચે તથા મધૂક વૃક્ષની નીચે રહીને સાધના કરવા લાગ્યા. પાછળથી થોડોક વખત એમણે મંગૈપિલ્લયારના મંદિરમાં તપશ્ચર્યા કરતાં વિતાવ્યો. અરૂણાચલ મંદિરનું વાતાવરણ પરમપવિત્ર હોવા છતાં, એમના નિવાસથી વધારે પવિત્ર બન્યું. એમની ઉપસ્થિતિ મંદિરના પ્રત્યક્ષ દેવતાની સ્મૃતિ કરાવી રહી. માનવોને તપશ્ચર્યાનો મંગલ મહામૂલ્યવાન મહિમા બતાવવા માટે ભગવાન અરૂણાચલેશ્વર પોતે જ એમના સ્વરૂપે પ્રકટ બનીને, સજીવ થઈને, વિભિન્ન પ્રકારની સાધનાનો આશ્રય લેતા હોય એવું લાગવા માંડ્યું. અરૂણાચલના મંદિરનો મહિમા એમને લીધે વધી ગયો, એને આજે પણ વધેલો જ લાગે છે. એ મહાપુરૂષની સાધનાની સુખદ સ્મૃતિ મંદિરની મુલાકાત લેતાં આજે પણ તાજી થાય છે. ત્યાંના પરમાણુઓમાં એમનાં તપઃપૂત પ્રાણપરમાણુઓ ભળી ગયેલાં લાગે છે. આજે પણ

એમની કાંતિમયી નાનકડી મૂર્તિ ત્યાં તપ કરતી ને હરતીફરતી ભાસે છે—અલબત્ત, સ્થૂલ રૂપે નહિ પણ સૂક્ષ્મ રૂપે. એની પ્રેરણા એવી જ અખંડ અને અનંત છે.

સંવત ૧૮૯૯ના માગશર મહિનામાં ઉદ્દંડી નાયનાર નામના શિવભક્તને એમનો પરિચય થયો. નાયનાર તિરૂમણિ નામના ગામનો નિવાસી હતો. એ પંડિત હોવા છતાં એને માનસિક શાંતિ નહોતી મળી. જ્ઞાનના સારરૂપ આત્માનુભૂતિ એનાથી દૂર હતી. મહર્ષિના દર્શનમાત્રથી જ એને શાંતિ લાગી ને થયું કે આ જ તપ છે, આ જ અનુભૂતિ છે. આ મહાપુરૂષે શાસ્ત્રોના સારને ને સાધનાના નિષ્કર્ષને પ્રાપ્ત કર્યો છે. આવા સ્વાનુભવ સંપન્ન સત્પુરૂષની સેવાના પરિણામે શાંતિ અવશ્ય મળી શકે ને જીવનનું કલ્યાણ થાય.

મહર્ષિની સંનિધિની ભાવનાથી પ્રેરાઈને એ વરસના શિયાળાનો સઘળો સમય એણે ત્યાં જ પસાર કર્યો.

મહર્ષિ જેવા મહાપુરૂષને બીજી કઈ સેવાની ભૂખ હોય ? એમનું જીવન છેક જ સાદું અને એમની આવશ્યકતાઓ અલ્પ હતી. એમની આજુબાજુ એકઠી થતી દર્શનાર્થીઓની ભીડને કાબૂમાં રાખવાનું કાર્ય એણે પ્રેમપૂર્વક ઉપાડી લીધું. એમની શાંત સાધનામાં લોકોનાં ટોળાંને લીધે ને તોફાની છોકરાઓના નિમિત્તે કોઈ પ્રકારનો વિક્ષેપ ના પડે એનું એ ખાસ ધ્યાન રાખતો. એ કાર્ય ધાર્યા જેટલું સહેલું તો નહોતું જ. એના ભોજનનો સમય થતો ત્યારે એકલા પડેલા મહર્ષિ પર તોફાની છોકરાઓ તૂટી પડતા. એ એમને અનેક રીતે સતાવતા અને એમની આસપાસ અશાંતિ ઊભી કરતા. એક દિવસ કોઈ અવિચારી છોકરાએ એમની પીઠ પર પેશાબ કર્યો. એમાં એને મોટું પરાક્રમ લાગ્યું. એ જ્યારે યોગનિદ્રાથી—સમાધિદશામાંથી જાગ્યા ત્યારે એમને એ વાતની જાણ થઈ ત્યારે પણ જરા દુઃખ ના થયું. એ એક આદર્શ સંત હતા એટલે એવી સાધારણ અજ્ઞાનમૂલક વાતનું દુઃખ એમને કેવી રીતે થઈ શકે ? એ માન અને અપમાન ઉભયને પચાવી ચૂકેલા. સાચા સંતો તો ગુરૂ નાનકદેવની ભાષામાં કહીએ તો 'સુખ દુઃખ દોનોં સમ કરી જાને ઔર માન અપમાના'ની ભૂમિકામાં રમતા હોય છે.

નાયનારની ઈચ્છા મહર્ષિના શ્રીમુખથી સદ્દુપદેશ પ્રાપ્ત કરવાની હતી. એ માટે ઉત્સુક થઈને એ એમની પાસે બેસી રહેતો પણ ખરો. પરંતુ એની એ ઈચ્છા પરિપૂર્ણ ના થઈ. મહર્ષિને ઉપદેશ આપવાની ઈચ્છા જ ના થઈ. એ હમેશાં ધ્યાનાવસ્થામાં ડૂબેલા અને અને આત્મરત, આત્મક્રીડ તેમ જ આત્મનિષ્ઠ રહેતા. સાધનાના અજ્ઞાત અથવા અલ્પજ્ઞાત પ્રદેશમાં અધિક ને આગળ વધવાની અભીપ્સા સિવાય એમના જીવનમાં બીજી એકે અભિલાષા અવશિષ્ટ નહોતી રહી. એમનું સમગ્ર ધ્યાન સાધનામાં જ કેન્દ્રિત બનેલું.

એ વખતની એમની સાધનાત્મક અંતરંગ અનુભૂતિઓનો ખ્યાલ કોને આવી શકે ? એમના આત્મિક અનુભવ ભંડારનો પરિપૂર્ણ ચિતાર કોણ પૂરો પાડી શકે ? એ વિષય વ્યક્તિગત હોવાથી બીજાએ તો એનું અનુમાન કરીને જ સંતોષ મએળવવો રહ્યો. છતાં પણ એટલું તો સ્પષ્ટ હતું કે ગૃહત્યાગ પછીનો અરૂણાચલ નિવાસનો સઘળો સમય એમણે સાધનામાં વિતાવેલો. એને લીધે એમની મુખકાંતિ ને શાંતિ વધેલી. પોતાના ઈપ્સિત ધ્યેયમાર્ગે એ ક્રમેક્રમે આગળ વધી રહેલા. અંદરના ને બહારનાં કોઈપણ પ્રકારનાં પ્રલોભનોને વશ થયા વગર એમણે સાધનાસફર ચાલુ રાખેલી. એમના સરખા સુસંસ્કારી શક્તિશાળી સાધક સિવાય બીજા કોઈથી એવી રીતે અવિરામ રીતે આગળ વધવાનું કામ કઠિન હતું. બીજા સામાન્ય સાધકો પર પરિસ્થિતિનો

પ્રભાવ પડતો હોય છે પરંતુ મહર્ષિ પરિસ્થિતિને પ્રભાવિત કરી શકે એવી સર્વોત્કૃષ્ટ શક્તિવાળા હોવાથી પરિસ્થિતિની અનુકૂળતા કે પ્રતિકૂળતામાં પણ આત્મવિકાસની સાધનાને વળગી જ રહ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## (૧૦) ગુરૂમૂર્તમમાં

અરૂણાચલેશ્વરના મંદિરના પરમપવિત્ર પ્રદેશમાં રમણ મહર્ષિની તપશ્ચર્યા અથવા આત્મારાધના અબાધિત રીતે આગળ ચાલતી'તી તો પણ ત્યાંનુ વાતાવરણ સર્વથા અનુકૂળ તો નહોતું જ એ આપણે આગળ પર જોઈ ગયા. એને લીધે જ એમને થયું કે આ વાતાવરણને બદલીને કોઈક બીજા વાતાવરણમાં તપશ્ચર્યા કરવા માટે જવાનું થાય તો સારું. ત્યાં સાધના તદ્દન વિક્ષેપરહિત દશામાં કરી શકાય. એમના જીવનની ગતિવિધિ ભગવાન અરૂણાચલેશ્વરના અનુગ્રહાનુસાર ચાલ્યા કરતી. અરૂણાચલને માટે એમને અસાધારણ આદરભાવ હતો. એ આદરભાવની અસરકારક અભિવ્યક્તિ એમના અરૂણાચલસ્તોત્રમાં સ્વાભાવિક રીતે જ થયેલી છે.

એટલો બધો અસાધારણ આદરભાવ હોવા છતાં અરૂણાચલેશ્વરના મંદિરનું સ્થાન એમને પોતાની સાધના માટે સલામત ના લાગ્યું. એમને ત્યાંના વિક્ષેપકારક વાતાવરણને લીધે સ્વાભાવિક રીતે જ સ્થાનપરિવર્તનની ઈચ્છા થઈ. એ ઈચ્છાની પાછળ ભગવાન અરૂણાચલેશ્વરની જ પ્રેરણા કામ કરી રહી છે અને એમની સુનિશ્ચિત પૂર્વનિર્ધારિત યોજનાનુસાર એ ઈચ્છાની સંતોષકારક પૂર્તિ થઈ રહેશે એવો એમને વિશ્વાસ હતો.

ભગવાન અરૂણાચલે એમની અહેતુકી અનુકંપાથી પ્રેરાઈને એ ઈચ્છાની પૂર્તિ માટે એક પ્રસંગ યોજ્યો. ઈશ્વરની મંગલમયી ઈચ્છા અથવા પરમકૃપા કેવી અદભુત રીતે કાર્ય કરે છે એની પ્રતીતિ એ પ્રસંગ પરથી સહેલાઈથી થઈ રહે છે.

અરૂણાચલમાં પુરાતન કાળમાં એક શિવમાર્ગી સાધુઓનો મઠ હતો એવું કહેવાય છે. પોતાના સંપ્રદાયની પ્રણાલિકાને અનુસરીને એને એમણે અધીનમ્ નામ આપેલું. વરસો પહેલાં એ મઠને બદલીને કૂન્નુ કુડિમાં લઈ જવામાં આવેલો. એ મઠના નિવાસીઓમાંનો એક શ્રી અન્નાચેલ તંબિરાન કોઈક કારણ ઉપસ્થિત થવાથી એ મઠનો ત્યાગ કરીને અરૂણાચલ પહોંચી ગયેલો. અરૂણાચલમાં રહીને પણ એ પોતાના પંથની પરિપાટી પ્રમાણે પૂજા કરતો. તિરુવણામલૈ શહેરના એક વિભાગમાં 'કીલનાતૂર' ની નજદીકના બગીચામાં એના સંપ્રદાયના એક આદિ ગુરૂની સમાધિ હોવાથી એ બગીચો ગુરૂમૂર્તમને નામે ઓળખાતો. તંબિરાન ત્યાં રહીને ગુરૂની સેવાપૂજા અને આત્મવિકાસની સાધના કરતો. બાકીના સમયમાં એ પોતાના સંપ્રદાયના લોકોનો સંપર્ક સાધીને જીવનોપયોગી સત્સંગ કરતો. અપ્પર, સુંદરમૂર્તિ અને જ્ઞાનસંબંધરસમાં સત્પુરૂષોનાં રચેલાં સુંદર સુધાસભર ભક્તિભાવ ભરપૂર શૈવ ગીતો—જેમને તેવારો કહેવામાં આવે છે તે–નું ગાન ગાતો, ભિક્ષા માગવા નીકળતો, અને સંતસમાગમનો આસ્વાદ લેતો. ભિક્ષામાં એને જે કાંઈ પ્રાપ્ત થતું તેનો ઉપયોગ ગરીબોને ખવડાવવાના શુભ કાર્યમાં પણ કરતો રહેતો. સાચા સંતોને માટે એને અસાધારણ અનુરાગ અને આદરભાવ હતો.

* * *          * * *          * * *          * * *

તંબિરાને મધૂક વૃક્ષની નીચે બેઠેલા રમણ મહર્ષિની તપમગ્ન મૂર્તિનું દર્શન કર્યું ત્યારથી જ એનું મન મંત્રમુગ્ધ બની ગયું. મહર્ષિનું સ્વરૂપ અતિશય આકર્ષક હતું. એ બાહ્યજ્ઞાનશૂન્ય બનીને અતીન્દ્રિય

અવસ્થામાં ડૂબી ગયેલા. એમનું તન ને મન અચળ હતું. મુખમંડળ પર ઊંડી શાંતિ, કાંતિ તથા સૌમ્યતા ફરી વળેલી. યોગસાધના ને યોગારૂઢ દશાની સજીવ મૂર્તિ જ પોતાની આગળ બેઠી હોય એવું એને ભાન થયું. યોગસાધનાનાં સર્વોત્તમ સિદ્ધિશિખરોને સર કરી ચૂકેલા એવા આત્મલીન પ્રશાંતિપ્રાપ્ત પ્રતાપી મહાપુરૂષનાં દર્શનનો એ વિરલ અવસર એના જીવનમાં એ પહેલો જ હતો. એને લીધે એણે પોતાના જીવનને કૃતાર્થ માન્યું. પરમાત્માની પરિપૂર્ણ પરમકૃપા વિના એવા સ્વાનુભવ સંપન્ન સમાધિમગ્ન મહાપુરૂષનું દર્શન કોને ને કેવી રીતે મળે ? દર્શનનો એ દૈવી પ્રસંગ એના જીવનમાં કાયમને કાજે કોતરાઈ રહ્યો. મહર્ષિના વ્યક્તિત્વમાં એને એવી આકર્ષકતા, મનમોહકતા અને જાદૂઈ શક્તિ લાગી કે પ્રથમ દર્શને જ એ એમનો ભક્ત બની ગયો. એના રસભરપૂર હૃદયને એમણે પોતાના પાવન પ્રભાવથી જીતી લીધું.

જીવનમાં અનેરી ક્રાંતિ કરનારા એ પ્રથમવારનાં ધન્ય દર્શન પછી એ એમની પાસે અવારનવાર આવવા માંડ્યો. મહર્ષિના પ્રભાવોત્પાદક પ્રશાંત વ્યક્તિત્વની છાયામાં એને શાંતિ સાંપડતી ને પ્રેરણા મળતી. એની સુષુપ્ત અથવા અર્ધવિકસિત સંસ્કારસંપત્તિ જાગૃત થતી ને અધિક બળવાન બનતી.

એક દિવસ તંબિરાન ઉદ્દંડી નાયનારને લઈને મહર્ષિ પાસે પહોંચી ગયો ને એમની જાગૃતિદશાનો લાભ લઈને બોલ્યો : ‘ગુરૂમૂર્તમનું સ્થાન ખૂબ જ સાનુકૂળ ને સુંદર છે. ત્યાં શાંતિપૂવર્ક સાધના કરી શકાય તેમ છે. આ સ્થાન કરતાં એ સ્થાન વધારે શાંતિમય અને એકાંત છે. તમે ત્યાં જ રહીને તપશ્ચર્યા કરો તો સારૂં. એ સુંદર સ્થળ તમારા પવિત્ર પદસ્પર્શથી પાવન બનશે ને મહિમા ધરશે. તમે મારું આમંત્રણ સ્વીકારીને ત્યાં પધારવાની કૃપા કરો એવી મારી પ્રાર્થના છે.’

ઉદ્દંડિ નાયનારે તંબિરાનની વાતનું સમર્થન કર્યું.

નાયનારે પોતે જ પહેલાં તંબિરાનની સૂચનાથી મહર્ષિની આગળ એ સ્થાન પરિવર્તનનો પ્રસ્તાવ મૂકવાની તૈયારી બતાવેલી પરંતુ મહર્ષિ મોટે ભાગે ધ્યાનમગ્ન ને શાંત રહેતા હોવાથી એમની સાથે વાત કરવાનો પૂરા એક મહિના સુધી પ્રસંગ જ પ્રાપ્ત નહોતો થયો. એટલે આખરે તંબિરાને જ એ વાતનો આરંભ કર્યો.

મહર્ષિએ અરૂણાચલની અલૌકિક ઈચ્છા માનીને તંબિરાનની પ્રાર્થનાનો કોઈપણ પ્રકારના વિલંબ કે સંકોચ સિવાય સહર્ષ સ્વીકાર કર્યો. એથી તંબિરાન તથા નાયનારનની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમને સંપૂર્ણ સંતોષ થયો. મહર્ષિ જેવા લોકોત્તર મહાપુરૂષની સેવાનો સુઅવસર સાંપડશે એ કલ્પનાથી તંબિરાનનું અંતર ઊછળવા લાગ્યું. એ પોતાની જાતને પરમ ધન્ય કે કૃતકૃત્ય માનવા માંડ્યો.

ઈ.સ. ૧૮૯૭ના ફેબ્રુઆરી મહિનામાં એક ધન્ય ઘડીએ ને ધન્ય પળે મહર્ષિએ તંબિરાન તથા નાયનાર જેવા એકનિષ્ઠ પ્રેમી ભક્તો સાથે ગુરૂમૂર્તમના સરસ શાંત સ્થળમાં પ્રવેશ કર્યો. તિરુવણ્ણામલૈનાં ભિન્ન ભિન્ન સ્થળોને કૃતાર્થ કરવા ને પોતાની આત્મસિદ્ધિની સર્વોત્તમ સાધનાથી વધારે મહિમાન્વિત બનાવવા માટે જ એમણે એની ભૂમિમાં પદાર્પણ કર્યું હોય એવું લાગવા માંડ્યું. એમની પવિત્ર પદરજથી એ પવિત્ર ભૂમિ વધારે ને વધારે પાવન બનવા સરજાયલી. મહાત્મા પુરૂષોનાં જીવન પોતાના જીવનથી બીજાને જ્યોતિર્મય કરવા ને મહિમામય બનાવવા માટે જ હોય છે. કહ્યું પણ છે કે ‘સરવર તરવર સંતજન ચોથા

વરસે મેહ, પરમારથ કે કારણે ચારો ધરિયા દેહ.' એમના સંબંધમાં પણ એ સુપ્રસિદ્ધ લોકોક્તિ કેમ ખોટી પડી શકે ?

* * *  * * *  * * *  * * *

મહર્ષિની તપશ્ચર્યા ગુરૂમૂર્તમના નૂતન સ્થળમાં અબાધિત રીતે ચાલવા માંડી. એમની લગની અદભુત હતી. એમની આંતરિક આતુરતાને અંત ન હતો. એમની અભીપ્સાએ માઝા મૂકેલી. એમનું રોમેરોમ સંસિદ્ધિનાં સર્વોત્તમ શિખરોને સર કરવા તલસી રહેલું. એમના અણુએ અણુમાં આગળ વધવાનો અદમ્ય અસાધારણ અનવરત ઉત્સાહ હતો. સાધકની સાધના એવી સુયોગ્યતા સિવાય સફળમનોરથ નથી થઈ શકતી. આત્મિક સાધનાનાં સર્વોચ્ચ સુમેરુ શિખરોને સર કરવા માટે એવી અંતરંગ યોગ્યતાની આવશ્યકતા હોય છે. એ શ્રેયસ્કર સાધનાપથ પર પ્રયાણ કરનારા સાધકોમાં અધિકાંશ સાધકો એટલા માટે સફળ નથી થઈ શકતા કે એમની અંદર એવી અનિવાર્ય યોગ્યતાનો અભાવ હોય છે. ત્યાગ અને બાહ્ય ત્યાગ હોય પણ જરૂરી વૈરાગ્યનું પીઠબળ ના હોય : ત્યાગ તથા વૈરાગ્ય બંને હોય પરંતુ એમના પૂરક બળ જેવી જીવનની વિશુદ્ધિ ના હોય : ત્યાગ, વૈરાગ્ય ને વિશુદ્ધિ ત્રણેનો સુભગ સંગમ હોય પણ સાધનાની રૂચિ કે સાધના ના હોય : અને સાધના હોય પરંતુ સમજપૂર્વકની, સુદીર્ઘકાળની, ઉત્સાહયુક્ત ના હોય - એવાં બધાં કારણોને લીધે સાધનાના અનુષ્ઠાનનું અમૂલખ બીજ અંકુરિત ને નવપલ્લવિત નથી થઈ શકતું. એ એવું ને એવું જ નિષ્પ્રાણ રહી જાય છે. સામાન્ય શ્રેણીના શ્રેયાર્થીઓની એવી અયોગ્યતાથી મહર્ષિ શરૂઆતથી જ સર્વાંશે મુક્ત હોવાથી પોતાના જીવનને સાચા અર્થમાં સાધનાત્મક ને જ્યોતિર્મય બનાવી શક્યા. એ એમની વિશેષતા હતી.

ગુરૂમૂર્તમના સુંદર, શાંત અને એકાંત સ્થળમાં મહર્ષિની સાધના સુચારુરૂપે સંતોષકારક રીતે ચાલવા માંડી ત્યારે પણ એમનો લગભગ સઘળો સમય મૌનાવસ્થામાં જ પસાર થતો. એમને મૌનવ્રત જેવું કોઈ વિશેષ વ્રત નહોતું લેવું પડ્યું, પણ મૌન એમને માટે સ્વાભાવિક, એમના સ્વભાવના એક અગત્યના અવિભાજ્ય અંગરૂપ બની ગયેલું. સાધનામાં જે સાચા ને સંપૂર્ણ મૌનની સુભગ શરૂઆત થાય છે તે મૌન વાણીનું જ નથી હોતું, મનનું હોય છે. સત્યના સાક્ષાત્કારની દિશામાં ઉત્તરોત્તર આગળ વધવાથી અથવા પરમપ્રકાશની પ્રાપ્તિ થવાથી ઈન્દ્રિયો પોતપોતાના પ્રિય પદાર્થો કે વિષયોમાંથી પરાડમુખ બનીને આત્માભિમુખ વૃત્તિને ધારણ કરે છે. પછી એ વૃત્તિનો પણ લય થતાં સર્વ પ્રકારના સંકલ્પ-વિકલ્પની નિવૃત્તિ થવાથી આત્મસ્વરૂપની સ્વાનુભૂતિ જ શેષ રહે છે. એ દશામાં મૌન નૈસર્ગિક બને છે. એ દશાવિશેષનો ઉલ્લેખ કરીને જ બૃહદારણ્યક ઉપનિષદનાં પેલાં પ્રસિદ્ધ વચનોમાં વર્ણવવામાં આવ્યું છે કે જ્યારે દ્વૈતભાવ હોય છે ત્યારે જ એક દ્રષ્ટા બને છે ને બીજું દૃશ્ય, એક શ્રોતા બને છે ને બીજું શ્રવણ, એક વક્તા બને છે ને વાણીનો વ્યાપાર શક્ય બને છે : એક બીજાને સૂંઘે છે ને જાણે છે : પરંતુ સઘળું જ્યારે એક થઈ જાય છે ને માનવ અદ્વૈતભાવમાં પ્રતિષ્ઠિત થાય છે ત્યારે કોણ કોને જુએ, કોણ કોને સાંભળે, કોણ કોને સૂંઘે, કોણ કોને જાણે, અરે જે વિજ્ઞાતા—સૌનો સાક્ષી કે દ્રષ્ટા છે તેને કોણ જાણે ?

મહર્ષિની અવસ્થા પણ એવી જ અલૌકિક હતી. સાધનાના પરમપવિત્ર પ્રદેશનો એમનો પુણ્યપ્રવાસ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ એમના આત્મબળની અભિવૃદ્ધિ થતી ગઈ ને મૌન એમને માટે

સ્વભાવસહજ બની ગયું. જે પરમપિતાને એ શોધવા નીકળેલા એમના સાક્ષાત્કારના માર્ગનું મોટા ભાગનું મહામૂલ્યવાન અંતર એમણે કાપી નાખેલું ને થોડું ઘણું શેષ હતું તેને કાપી નાખવાની એમને હોંશ તથા શ્રદ્ધા હતી. પોતાના મનરૂપી રાજહંસને એ આત્માના અમર અમૃતમય માનસરોવરમાં પહોંચાડી ચૂકેલા હોવાથી જ એમની વાણી એની સ્થૂલ પ્રતિક્રિયારૂપે વિરામ પામેલી. એમના મૌનનું રહસ્ય એમાં જ સમાયલું : એ અખંડ અભંગ આત્માનુભૂતિમાં.

* * *　　* * *　　* * *　　* * *

ગુરૂમૂર્તમના નૂતન સ્થાનમાં એમની તપશ્ચર્યા કોઈપણ પ્રકારના બાહ્ય વિક્ષેપ વિના આગળ વધી. એવી રીતે થોડોક સમય પસાર થઈ ગયો. જેમજેમ સાધના વધતી ગઈ તેમતેમ શરીરની ઉદાસીનતા ઉત્કટ બનવા માંડી. શારીરિક વ્યાપારોમાંથી એમનું મન ઉપરામ થઈ ગયું. માથે જટા વધી ગઈ. નખ પણ વધતા રહ્યા.

ગુરૂમૂર્તમમાં બીજી કોઈ તકલીફ ન હતી પણ કીડીઓનો ત્રાસ હતો. ત્યાંની જમીનમાં કીડીઓ એટલી બધી ઊભરાઈ જતી કે વાત નહિ. કીડીઓના તીખા ચટકાની વચ્ચે સામાન્ય શ્રેણીના સાધકોને માટે એક મિનિટ પણ સ્થિતપ્રજ્ઞની પેઠે શાંતિથી બેસવાનું ને સાધનામાં મન લગાવાનું કાર્ય કઠિન હતું; પરંતુ મહર્ષિ અત્યંત અસાધારણ અવસ્થાએ આસીન થયેલા હોવાથી, કીડીઓની સેનાની વચ્ચે વચ્ચે શાંતિથી બેસી રહેતા. કીડીઓના ચટકા એમને કશી જ અસર ના કરતા. સ્વલ્પ સમયમાં જ દેહાધ્યાસથી પર થઈને એ અતીન્દ્રિય અવસ્થામાં ડૂબી જતા. એ અવસ્થામાં બાહ્ય જગતનો અનુભવ એકદમ અસંભવ બનતો. એ પરમ પ્રતાપી તપસ્વીશ્રેષ્ઠ મહાપુરૂષ ત્યાં ધ્યાનાવસ્થામાં કલાકો ને દિવસો તેમ જ સપ્તાહો સુધી બાહ્યજ્ઞાનશૂન્ય બનીને બેસી રહેતા. એ દેખીને એકવાર એક ભક્તપુરૂષે એમને બેસવા માટે બાંકડો લાવી આપ્યો. એના ચારે પાયાને પાણીમાં રાખીને મહર્ષિને એની ઉપર બેસાડવામાં આવતા તો પણ એમની પીઠ દીવાલે લાગતી, અને એને લીધે કીડીઓ કરડ્યા કરતી. છતાં પણ એ મહાન, લોકોત્તર, અસાધારણ સામર્થ્ય સંપન્ન, સંત શાંત જ રહેતા. ગુરૂમૂર્તમની દીવાલ પર એમની પીઠની છાપ અદ્યાપિપર્યંત એવી જ રહી ગઈ છે. એનું અવલોકન કરીને એમને માટે અપૂર્વ આદરભાવ પેદા થાય છે ને હૃદય બોલી ઊઠે છે કે ધન્ય મહર્ષિ, તમારી તીવ્રતમ તપશ્ચર્યાને માટે તમને ખરેખર ધન્યવાદ ઘટે છે. તમારા સંપૂર્ણ શરીરસંયમની ને મન ઈન્દ્રિયો પરના વિજયની, આત્માના આધિપત્યની, કલ્પના વિષયગ્રસ્ત સામાન્ય માનવીને નહિ આવી શકે. ક્યાંથી આવી શકે ? સંસારે મોટા મોટા નેતાઓ, દાર્શનિકો, વૈજ્ઞાનિકો, સરદારો, રાજનીતિજ્ઞો, ઈતિહાસકારો ને પંડિતો પેદા કર્યા છે પરંતુ પોતાની જ જાત પર કાબૂ કરનારા અથવા સંપૂર્ણ સંયમ સ્થાપનારા મહર્ષિ જેવા મહામાનવો વિરલ સંખ્યામાં ભાગ્યે જ પેદા કર્યા છે. એવા મહામાનવો ભારતની પવિત્ર ભૂમિમાં પેદા થતા જ રહ્યા છે એને માટે એ ભૂમિને પણ ધન્યવાદ ઘટે છે. માનવ બીજું બધું મેળવે પરંતુ પોતાની જાતનો કાબૂ ના કરે તો એ પ્રાપ્તિ અધૂરી જ રહેવાની. મહર્ષિ જેવા મહાપુરૂષનું જીવન એ મહામૂલો મહામંત્ર પૂરો પાડે છે.

ગુરૂમૂર્તમના શાંત સ્થળમાં રહીને મહર્ષિએ એક આદર્શ તપસ્વીને છાજે એવી જે કઠોર તપશ્ચર્યા કરી એથી જનતાની શ્રદ્ધાભક્તિ એમને માટે ખૂબખૂબ વધી ગઈ. એમની આકૃતિ અતિશય આકર્ષક અને આનંદદાયક તેમજ આદરભાવની અભિવૃદ્ધિ કરનારી થઈ પડી. એમની ખ્યાતિને આજુબાજુ પ્રદેશોમાં

પ્રસરતાં વાર ના લાગી. જનતાને માહિતી મળવા માંડી કે ગુરૂમૂર્તમમાં એક નાની ઉંમરના મહાન મહાત્મા તપ કરે છે. એમના અસાધારણ સામર્થ્યની વાતો પણ લોકમુખ દ્વારા પ્રકટ થઈને ચારે તરફ ફેલાવા લાગી. બસ પછી તો કહેવું જ શું ? જે સહજ અથવા સ્વાભાવિક હતું તે થવા માંડ્યું. દર્શનાર્થી આશીર્વાદઘેલી જનતા એમની આગળ મોટી સંખ્યામાં એકઠી થવા લાગી. લોકો શ્રદ્ધાપૂર્વક માનવા માંડ્યા કે એ વરદાન અથવા આશીર્વાદ આપી શકે છે ને વચનસિદ્ધ છે. લોકોને મોટેભાગે ધનની પ્રાપ્તિની, સંતતિની તથા રોગનિવારણની ને પદપ્રતિષ્ઠાની ઈચ્છા હોય છે. એથી પ્રેરાયલા આશાતુર લોકો એમની પાસે પહોંચીને ભાતભાતની પ્રાર્થના કરવા માંડ્યા. એમના શ્રીચરણે લોકો જાતજાતની ભેટ સામગ્રીઓ ચઢાવવા લાગ્યા.

એ પલટાયલી પરિસ્થિતિ એમને પસંદ તો ના પડી પરંતુ એની વચ્ચે શાંત બનીને બેસી રહ્યા સિવાય છૂટકો ન હતો, એટલે એની વચ્ચે એ સાધના કરતા શાંત જ રહ્યા. તો પણ લોકોની ભીડ એ શાંત એકાંત વાતાવરણમાં વિક્ષેપરૂપ હતી.

તંબિરાનની પોતાની મહર્ષિ પ્રત્યેની શ્રદ્ધાભક્તિનો પાર ન હતો. એમને ગુરૂમૂર્તમમાં લાવ્યા પછી એમની જીવનસાધનાને નજદીકથી નિહાળવાનું સદભાગ્ય સાંપડવાથી એ શ્રદ્ધાભક્તિ બળવત્તર બની. તંબિરાન એમને અરૂણાચલેશ્વરના અલૌકિક અવતાર જેવા અથવા પરમાત્માના પરમપવિત્ર પ્રતિનિધિ જેવા સમજતો. પોતાની ભાવનાના અતિરેકમાં એણે એકવાર સાનુકૂળ અવસર જોઈને એમનો ક્ષીરાભિષેક કરવાની ભાવના કરી. મહર્ષિ એવી ભાવનાની વિરુદ્ધ હોવાથી એના અમલની અનુજ્ઞા આપી શકે તેમ ન હતા. તંબિરાન એવું માનતો કે મહર્ષિના ક્ષીરાભિષેકથી લોકોની શ્રદ્ધાભક્તિ વધી જશે, એટલે એને માટે કૃતસંકલ્પ બનીને એ એક દિવસ આવ્યો તો ખરો; પરંતુ મહર્ષિ સમયસૂચકતા વાપરીને પોતાના સ્થાનમાંથી ઊઠી ગયા એટલે એનો સંકલ્પ સંકલ્પ જ રહ્યો.

બીજે દિવસે એ ધૂપદીપ લઈને એમની પાસે પુનઃ પહોંચ્યો. લોકો પોતાની સ્તુતિ કરતા તો મહર્ષિ શાંતિપૂર્વક સહન કરતા, પરંતુ પૂજા કે ક્ષીરાભિષેકનો આગ્રહ એમને દુરાગ્રહ લાગ્યો. પોતાની પૂજાની નાની મોટી પદ્ધતિ એમને જરા પણ પસંદ ના પડી. વળતે દિવસે એ એમને માટે ભિક્ષા લઈને આવી પહોંચ્યો ત્યારે એમણે તામિલ ભાષામાં દીવાલ પર લખીને જણાવ્યું કે આ શરીરને અન્નની જ આવશ્યકતા છે, પૂજાસેવાની કે અભિષેકની નહિ. એ શબ્દો દ્વારા સંપૂર્ણપણે સ્પષ્ટીકરણ કર્યું કે કોઈપણ પ્રકારના બાહ્યાડંબર, દંભ કે દેખાવની પોતે વિરુદ્ધ છે.

એ પછી તંબિરાને પોતાનો સંકલ્પ પડતો મૂક્યો. મહર્ષિની નિઃસ્પૃહતાની છાપ એના મન પર ઘણી ભારે પડી.

એ પ્રસંગથી લોકો સમજી શક્યા કે મહર્ષિ તામિલ જાણે છે ને શિક્ષિત છે. એ નાના સરખા છતાં મહત્વના પ્રસંગ પરથી બીજાએ ધડો લેવાનો છે. આપણે ત્યાં સાધુસંતોનો ને સાધકોનો એક એવો વર્ગ પણ છે જે સિદ્ધિઓનાં પ્રદર્શનમાં ને પોતાની સેવાપૂજા કરાવવામાં માને છે. પોતાની આરતી ઉતરાવવામાં પણ આનંદ માને છે ને ગૌરવ ગણે છે. એમનામાં મિથ્યાભિમાન પેદા થતાં વાર નથી લાગતી. કેટલાક તો અહંકારને પોષવા માટે જ બહારની સેવાપૂજા, પ્રશસ્તિ અને આરતીનો આધાર લેતા લેવડાવતા હોય છે. એમને માટે ને બીજા ઊછરતા સામાન્ય સાધકોને માટે પણ મહર્ષિના જીવનનો આ પ્રસંગ પ્રેરણાત્મક થઈ

પડે છે. સાધુસંતો, સાધકો ને મહાત્માઓએ નમ્ર ને નિરભિમાની થઈને પોતાની પૂજાના મોહમાંથી મુક્તિ મેળવવાની ને પૂજાની પદ્ધતિને જરા પણ ના ઉત્તેજવાની ને એનો બનતી બધી જ રીતે વિરોધ કરવાની આવશ્યકતા છે. એની છાપ લોકો પર ઘણી સારી પડશે અને એમને પોતાને પણ એનાથી લાભ થશે.

* * *        * * *        * * *        * * *

જનતાની ભીડને વિચાર કરીને મહર્ષિના નિવાસસ્થાનની આજુબાજુ વાંસની વાડ જેવું બનાવવામાં આવ્યું. એવાં કાર્યોમાં તંબિરાન કુશળ હતો. વાડને લીધે દર્શનાર્થીઓની ભીડ ઓછી થઈ એ સાચું, પણ એમનો ઉત્સાહ જરાપણ ઓછો ના થયો. મહર્ષિને ભિક્ષા કરાવવાથી પુષ્કળ પુણ્યપ્રાપ્તિ થશે એવી શ્રદ્ધાને લીધે લોકો એમને ભિક્ષા પહોંચાડવાની હરીફાઈ કરવા લાગ્યા. એમના અંતરના એમને માટેના, પરમપવિત્ર પ્રબળ પ્રેમનું, એમાં પ્રતિબિંબ પડ્યું.

એમની સેવાનો સર્વપ્રથમ સ્વર્ણ અવસર સ્વાભાવિક રીતે જ તંબિરાનને સાંપડ્યો. પહેલા મહિના દરમિયાન એણે જ એમને ભિક્ષા પહોંચાડી. પરંતુ એ પછી મહર્ષિએ અવનવો માર્ગ અપનાવીને ભિક્ષાની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરી દીધું. ભિક્ષામાં જે પદાર્થો લાવવામાં આવતા એમને એ ભેગા કરી દેતા. એ પદાર્થોમાં દૂધ વિશેષ રહેતું હોવાથી ભેગા કરવાથી સ્વાભાવિક રીતે જ એ પદાર્થો પ્રવાહી જેવા બની જતા. મહર્ષિ એવી રીતે એકઠા કરેલા પદાર્થોનો એકાદ પ્યાલો પી જતા. એવી રીતે એમનું ભોજન દિવસમાં એક વાર થયા કરતું.

તપશ્ચર્યાના એવા એકધારા કઠોર નિયમોની અસર એમના શરીર પર થાય એ સમજી શકાય તેમ હતું. શરીરની શક્તિ દિનપ્રતિદિન ઘટવા લાગી. એમનામાં સારી પેઠે ચાલવાની શક્તિ પણ ના રહી. ઊભા થવાનો પ્રયત્ન કરતાં આંખે અંધારાં આવવા માંડ્યાં. શરીર એકદમ કૃશ બની ગયું ને હાડકાં દેખાવા લાગ્યાં. એકવાર તો બારણા પાસે પહોંચતા પહેલાં જ બેશુદ્ધ બની ગયા. એમની સાથેના સેવકે આધાર આપીને એમને પડી જતાં બચાવી લીધા.

એવી દુર્બળ દશામાં પણ એમનો ધ્યાનાદિ અંતરંગ સાધનાનો ક્રમ અવિચ્છિન્ન રીતે ચાલુ જ રહ્યો. ધ્યાનની સાધનામાં તલ્લીન રહેવાને લીધે એમને દિવસ રાતનું કે દેશકાળનું ભાન ના રહેતું.

નિરુદ્ધ દશાને પ્રાપ્ત કરનારું એમનું ચિત્ત બાહ્ય જગતથી ઉપરામ બનીને આત્માના અલૌકિક પ્રદેશમાં ડૂબી જતું. એમની આત્મિક શક્તિ અસાધારણ હોવાથી શરીરની અવસ્થા એમને માટે નડતરરૂપ ના બનતી.

☼ ☼ ☼ ☼ ☼

## (૧૧) આમ્રવૃક્ષોના બગીચામાં

ગુરૂમૂર્તમમાં એમનો તપશ્ચર્યાક્રમ એવી અબાધિત રીતે ચાલુ રહ્યો. ત્યાં એમને બે મહિના જેટલો વખત થઈ ગયો. એ દરમિયાન એક નવી મહત્વની ઘટના બની. ગુરૂમૂર્તમના શાંત સ્થળમાં મહર્ષિને લાવવામાં નિમિત્તરૂપ બનનાર તંબિરાન સંજોગવશાત્ એકાએક એમનાથી છૂટો પડ્યો. એક દિવસ સવારે એણે નાયનારને જણાવ્યું કે એક અઠવાડિયાની અંદર પાછો આવું છું. ત્યાં સુધી તમે સ્વામીજીની સેવા કરતા રહેજો. પરંતુ નાયનારને ખબર નહિ કે એ એની તંબિરાન સાથેની છેલ્લી મુલાકાત હતી. તંબિરાન એની ને મહર્ષિની રજા લઈને ગયો તો ખરો, પરંતુ એક વરસ સુધી એના કશા સમાચાર જ ના મળ્યા.

એ ઘટના પછી થોડેક વખતે નાયનારને એના મઠવાળાઓએ બોલાવી લીધો એટલે એની ઈચ્છા વિરુદ્ધ એને મહર્ષિનો ત્યાગ કરવો પડ્યો. નાયનાર તથા તંબિરાન બંને મહર્ષિથી છૂટા પડતી વખતે ગદ્ ગદ બની ગયા. એમનું અંતર અતિશય લાગણીવશ બની ગયું. મહર્ષિ જેવા મહાપુરૂષની સંગતિ ને સેવાનો સુભગ સુયોગ પૂર્વના કોઈક મહામૂલ્યવાન સત્કર્મના પરિણામે પ્રાપ્ત થયેલો તે એના પરિપાકની પરિસમાપ્તિ થવાથી પૂરો થયો. જુદા જુદા જીવોના સંયોગ ને વિયોગ કરાવનાર કાળદેવતા અને એનું નિયમન કરનારી પરમાત્માની પરમશક્તિનું ભાવપૂર્વક સ્મરણ કરીને એમણે એને પ્રણામ કર્યા. સંયોગની પળો ખરેખર કાવ્યમય હોય છે, પરંતુ વિયોગની ક્ષણો પણ કાંઈ ઓછી કવિતામય નથી હોતી.

સૌનો સંયોગ કરાવવામાં મહત્વનો ભાગ ભજવનાર કાળ દેવતાએ એ પછી થોડા જ સમયમાં રમણ મહર્ષિ સાથે એક બીજા ઉલ્લેખનીય પુરૂષનો પરિચય કરાવ્યો.

એ પુરૂષનું નામ પલનિ સ્વામી.

પલનિ સ્વામી નામના સાધુપુરૂષ તિરુવન્નામલૈના ભક્ત નાગલિંગ સ્વામીના મૃત્યુ પછી એના ઘરમાં વાસ કરતા. એ મૂળ કેરલના નિવાસી હતા. એમને ગણપતિ ઉપર ખાસ પ્રેમ હોવાથી એ ગણપતિની સુંદર પ્રતિમાની પૂજા કરતા ને ગણપતિને ભોગ ધરીને એમના પ્રસાદ તરીકે દિવસમાં એકવાર જમતા. એમનું ભોજન મીઠા વિનાનું રહેતું. એમની ગણપતિને માટેની શ્રદ્ધાભક્તિ અનન્ય હતી. એ શ્રદ્ધાભક્તિથી લોકો આશ્ચર્યચક્તિ બની જતા. એકવાર શ્રીનિવાસ અય્યર નામે ભક્તપુરૂષે એમની મુલાકાત લઈને એમની પૂજાની પદ્ધતિ નિહાળીને જણાવ્યું : 'તમારી પૂજાને એટલી બધી ઉત્તમ ના કહી શકાય.'

'કારણ ?'

'કારણકે તે પૂજા પથ્થરની છે. પથ્થરની પૂજા કરવાથી શો લાભ થઈ શકે ?'

'કશો જ ના થાય ? '

'થોડોઘણો કદાચ થતો હશે. પરંતુ પથ્થરની પ્રતિમાની પૂજા કરવા કરતાં પ્રકટની પૂજા કરવાથી વિશેષ લાભ થાય છે.'

'પ્રકટની પૂજા એટલે ? આ પ્રકટની જ પૂજા છે.'

'ના. આને પ્રકટની પૂજા ના કહેવાય.'

'તો પછી ? '

'ગુરૂમૂર્તમમાં જે સ્વામી અસાધારણ તપશ્ચર્યા કરી રહ્યા છે તે કોઈ સાધારણ સ્વામી નથી. એમના રૂપમાં સ્વયં ભગવાન જ માનવશરીર ધારણ કરીને આવ્યા હોય એવું લાગ્યા વિના રહેતું નથી. એમની સાધના ખૂબ જ કઠોર છે. એમની સંગતિ તથા સેવાનું સૌભાગ્ય કોઈક બડભાગીને જ પ્રાપ્ત થઈ શકે. એમની સાથે રહીને એમની સેવા કરવાથી તમે સહેલાઈથી તરી જશો. એ સંતપુરૂષને કોઈ સામાન્ય પુરૂષ ના સમજતા. મેં એમનું દર્શન અવારનવાર કર્યું છે. એને લીધે આવી અનુભવવાણી કહી બતાવું છુ.'

પલનિ સ્વામી એ શ્રદ્ધાભક્તિથી તરવરતા શબ્દોને સાંભળીને વિચારમાં પડ્યા.

એમણે વિશેષ ચર્ચા કરવાને બદલે શાંત રહીને થોડા વખત પછી ગુરૂમૂર્તમ પ્રતિ પ્રયાણ કર્યું.

એ વખતે ગુરૂમૂર્તમમાં મહર્ષિ એકલા જ હતા.

પલનિ સ્વામીએ ત્યાં આવીને એમને જોયા કે તરત જ એમને થયું કે આ પરમપ્રતાપી મહાપુરૂષની સંનિધિ અને સેવાથી મારું જીવન ધન્ય બની જશે ને સર્વકાંઈ કૃતાર્થ થશે. આ પુરૂષ પેલા શ્રીનિવાસ અય્યરે કહ્યા પ્રમાણે ખરેખર લોકોત્તર, અસાધારણ અને અદ્દભુત છે. મારે બીજા બધાની આશા છોડીને એમનું જ શરણ લેવું જોઈએ.

એમણે મહર્ષિના શરણને શ્રદ્ધાભક્તિપૂર્વક સ્વીકાર્યું.

એ મહર્ષિની સ્નેહપૂર્વક સેવા કરવા લાગ્યા.

એમની ગણપતિપૂજા શરૂઆતમાં થોડા દિવસ તો ચાલુ રહી પરંતુ પછી એમના અંતરમાં પ્રકાશ પ્રકટવાથી એમણે વિચાર્યું કે ગણપતિપૂજાની અલગ આવશ્યક્તા હવે નથી રહેતી. ગણપતિની પૂજાના પારિતોષિકરૂપે જ મહર્ષિ જેવા મહાપુરૂષની કે સદગુરૂદેવની પ્રાપ્તિ થઈ છે. એ અર્થમાં એ પૂજા સફળ ને ધન્ય બની છે. હવે મહર્ષિ સિવાય બીજી કોઈ પણ પ્રતિમાની પૂજા શેષ નથી રહેતી. મહર્ષિ જેવા મહાપુરૂષ મળ્યા એટલે મારા સૌભાગ્યનો સૂર્યોદય સોળે કળાએ ખીલી ઊઠ્યો.

મહર્ષિની સેવાનો સઘળો ભાર એમણે જ ઉપાડી લીધો. એ એમની સંપૂર્ણ સંભાળ રાખતા. કોઈવાર એમને કોઈ કાર્યપ્રસંગે બહાર જવાનું થતું તો પણ એ ખૂબ જ સાવચેતીપૂર્વક મહર્ષિને સ્થાનની અંદર રાખીને બહારના દરવાજા પર તાળુ મારી દેતા. લોકો એમની સાધનામાં વિક્ષેપ પાડીને એમને કોઈ પ્રકારે પજવે નહિ એનું ખાસ ધ્યાન રાખતા. એમના અંતરમાં એ મહાપુરૂષને માટે એવી અસાધારણ ઉત્કટ લાગણી પેદા થયેલી કે વાત નહિ. એનું વર્ણન કરવાનું કામ અશક્ય છે. મહર્ષિના વિના એમના જીવનમાં બીજો કોઈ રસ નહોતો રહ્યો, કશો આનંદ નહોતો લાગતો, એવું કહીએ તો ચાલે. એમના જીવનના આરાધ્ય દેવ એ જ હતા. એમને માટે જ એમના જીવનની સેવાપૂજા, સાધના અને આરાધના હતી. એમની સઘળી સામગ્રી એમની પ્રસન્નતાને માટે જ હતી. એમના પ્રાણમાં પ્રબળપણે પ્રકટેલો જે પ્રેમ એમના ઉપાસ્ય ગણપતિને માટે પ્રવાહિત થઈ રહેલો તે જ હવે એથી પણ વધારે વેગથી એમનાં શ્રીચરણોમાં વહેવા માંડ્યો. એમના આત્માને એથી શાંતિ મળવા માંડી.

* * *            * * *            * * *            * * *

લોકોને અત્યાર સુધી સહેજ પણ ખબર નહોતી કે મહર્ષિ કોણ છે. એ હજુ મહર્ષિના મીઠા ને મોટા નામથી વિખ્યાત નહોતા થયા. એ બ્રાહ્મણ સ્વામી, ગુરૂમૂર્તમ સ્વામી, જેવા નામે ઓળખાતા. એ નિરક્ષર ન

હતા એ હકીકત તો તંબિરાનના પેલા પ્રસંગ પરથી જ સ્પષ્ટ થઈ ચૂકેલી. રહી એમના પૂર્વાશ્રમની વાત. તે અત્યાર સુધી ગુપ્ત હતી પરંતુ થોડા જ વખતમાં બનેલા પ્રસંગ પરથી એમના પૂર્વાશ્રમ અથવા પૂર્વજીવનનું રહસ્ય પ્રકટ થઈ ગયું. વાત એમ બની કે એ તાલુકાના શિરસ્તેદાર વેંકટરામય્યર એમની ઉપર ખૂબ શ્રદ્ધાભક્તિ રાખતા. એ એમની અવારનવાર મુલાકાત લેતા. એમના શાંત, સ્વર્ગીય, સુખદ સાંનિધ્યમાં એમને શાંતિ મળતી. એ કશું બોલતા નહિ તો પણ એમની અમૃતમય આકૃતિ અને દૃષ્ટિ એમને માટે પ્રેરક થતી. એમણે એક વાર એમની મુલાકાત લઈને એમના પૂર્વજીવન વિશે માહિતી મેળવવાની ઈચ્છા પ્રકટ કરી પરંતુ એ ઈચ્છા પરિપૂર્ણ ના થઈ ત્યારે એમણે ઉપરાઉપરી આગ્રહ કર્યો.

મહર્ષિ એમના આગ્રહને વશ ના થયા ત્યારે એમણે કહ્યુ : 'મારી નોકરી છૂટી જાય કે ગમે તે થાય ને મારે ગમે તેવો નાનો કે મોટો ભોગ આપવો પડે તો પણ તમારા સંબંધી સ્પષ્ટ માહિતી નહિ મળે ત્યાં સુધી અહીંથી પાછો નહિ ફરું. મારી માગણી બહુ મોટી નથી. હું તો તમારા વિશે ચોક્કસ જાણવા માગું છું. તમે મારી ઈચ્છા પૂરી કરો એવી મારી પ્રાર્થના છે.'

એમની શ્રદ્ધાભક્તિની ધારેલી અસર થઈ ખરી. મહર્ષિનું હૃદય છેવટે પીગળ્યું. એમણે એમની ઉપર અનુગ્રહ કરવાની ઈચ્છાથી પ્રેરાઈને શાંતિથી લખી જણાવ્યું 'વેંકટરામન, તિરુચ્ચુલી.'

મહર્ષિએ પોતાના નામનો ને ગામનો સંક્ષિપ્ત પરિચય એવી રીતે આપ્યો તો ખરો પરંતુ વેંકટરામય્યર તિરુચ્ચુલીથી અનભિજ્ઞ હોવાથી એને સંપૂર્ણપણે સમજ્યા નહિ.

પેરિય પુરાણ ગ્રંથનો આધાર લેવાથી એ તિરુચ્ચુલીની માહિતી મેળવી શક્યા ત્યારે એમને નિરાંત વળી.

એ પ્રસંગને દોઢેક વરસ જેટલો વખત વીતી ગયો.

ગુરૂમૂર્તમનું સ્થાન ખુલ્લી જગ્યામાં હોવાથી ત્યાં મહર્ષિના દર્શન માટે માણસો કોઈપણ પ્રકારની રોકટોક વગર આવતા રહેતા. એથી તપશ્ચર્યામાં વિક્ષેપ પડવાનો સંભવ હતો. એવા વિક્ષેપનો વિચાર કરીને એ સ્થાનની બાજુમાં આવેલા આમ્રવૃક્ષોના બગીચાના માલિક શ્રી વેંકટરામ નાયકરે મહર્ષિ પાસે પહોંચીને એક વાર પ્રાર્થના કરી :

'આ સ્થળમાં રહેવાને બદલે મારા વિશાળ બગીચામાં આવીને રહેવાની કૃપા કરો. એ સ્થળ સર્વપ્રકારે અનુકૂળ હોવાથી તમને વધારે ગમશે. ત્યાં રહીને કોઈ પણ પ્રકારના બાહ્ય વિક્ષેપ વિના તમે શાંતિપૂર્વક તપશ્ચર્યા કરી શકશો.'

મહર્ષિ તથા પલનિ સ્વામીએ - બંનેએ નાયકરના પ્રસ્તાવને માન્ય રાખ્યો.

નાયકરને એથી આનંદ થયો.

આમ્રવૃક્ષોની અત્યંત આહલાદક શીતળ છાયામાં નાયનારના એકાંત શાંત સુંદર આશ્રયમાં બ્રહ્મા તથા વિષ્ણુની જુગજૂની જોડી જેવા એ બંને સંતપુરૂષો રહેવા લાગ્યા.

એમનો લગભગ સઘળો સમય તપશ્ચર્યામાં વ્યતીત થતો.

જે આમ્રવૃક્ષની શીતળ છાયામાં એ વાસ કરતા એ એમના ભાવિ જીવનનું પરિચાયક હતું. એમનું સમસ્ત જીવન એ વૃક્ષની પેઠે વિશાળ થવા સરજાયેલું. એ જીવનને આમ્રવૃક્ષની પેઠે મધુરતાની મંજરીઓ

ફૂટેલી. એમાંથી અભિનવ અમૃતમય ફળની સુખદ સૃષ્ટિ થવાની હતી. એ ફળનો રસાસ્વાદ પામીને મહાભાગ માનવોના આત્મા ધન્યતાનો અનુભવ કરવાના હતા. એમના આશ્રયે આવીને અસંખ્ય તાપતપ્ત અકળાયેલા આત્માઓ અસાધારણ આરામ અને શાંતિ મેળવવાના હતા. એમનું અત્યારનું જીવન એ વિરાટ ભાવિ જીવનની પૂર્વતૈયારીરૂપ હતું. એ ઉત્તમ ઉજ્જ્વળ જીવનની અસાધારણ જેવી ઝાંખી અત્યારથી જ થઈ શકતી.

એમની એ યોગમુદ્રામાં મગ્ન, મંગલ મૂર્તિની કલ્પના તો કરી જુઓ. આમ્રવૃક્ષની શીતળ છાયામાં એ આત્મલીન બનીને પદ્માસન વાળીને બેસી રહ્યા છે. એમની આંખ બંધ છે. મુખાકૃતિ શાંત, તેજોમય, ઉત્સાહયુક્ત ને પ્રસન્ન છે. શરીર તપશ્ચર્યાથી અત્યંત કમજોર ને કૃશ બની ગયું છે. મસ્તક પર જટા છે. હાથના નખ આવશ્યકતાનો અતિરેક કરીને આગળ વધ્યા છે. મન પંચમહાભૂતાત્મક બાહ્ય જગતના પરિવર્તનશીલ પદાર્થોમાંથી પરાડમુખ બનીને અંતર્મુખ વૃત્તિથી અલંકૃત અને આત્મકેન્દ્રિત થયું છે. એવું અદભુત, સુંદર છે એમનું સ્વરૂપ. એના અવલોકનમાત્રથી જ અંતર આનંદથી ઊભરાઈ ઊઠે છે ને પ્રેરણાથી પરિપ્લાવિત બને છે. એવું ધન્ય દર્શન કોઈ ધન્ય કાળે, ધન્ય સમયે, ધન્ય સ્થળે જ થતું હોય છે.

મહર્ષિની સાધના વિલક્ષણ હતી. હવે એમને સમાધિદશાની અનુભૂતિ માટે આંખ બંધ કરવી નહોતી પડતી. દીર્ઘકાળના એકધારા અનવરત અભ્યાસના પરિણામરૂપે એ ઉઘાડી આંખે જ સમાધિમગ્ન દશામાં બેસી રહેતા. આંખ ઉઘાડી હોવા છતાં એમનું મન આત્મલીન અથવા સમાધિમગ્ન જ રહેતું. એવી અસાધારણ અવસ્થા ઉત્તમ કક્ષાના સાધકોને પણ સહેલાઈથી નથી સાંપડતી. એની સિદ્ધિને માટે પ્રામાણિકપણે પ્રખર પુરૂષાર્થ કરવો પડે છે. યોગમાર્ગનું પ્રતિપાદન કરનારા ગ્રંથોમાં એવી ઉત્તમોત્તમ અવસ્થાનું વર્ણન સુચારુરૂપે કરવામાં આવ્યું છે. શાંભવી મુદ્રાનો અભ્યાસ એવી અંતરંગ અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિ માટે જ કરવામાં આવે છે.

મહર્ષિનું સાધનાત્મક જીવન એમના ગૃહત્યાગ પછી પ્રતિદિન પ્રગતિ કરતું ને પરિપુષ્ટ બનતું એવી રીતે આગળ વધતું ગયું. એમના જીવનની કિશોરાવસ્થામાં આત્મસાધનાના મંગલમય મંદિરનો જે પાયો નંખાયલો તે બળવત્તર બનતો ગયો અને એની ઉપર જોતજોતામાં તો મધુમય ઓજસ્વી ઐતિહાસિક અદભુત ઈમારતની રચના થઈ. એ યોગાનુયોગની પાછળ એમના પૂર્વજન્મના પરિપકવ સંસ્કારો અને વર્તમાન જન્મના પુરૂષાર્થપોષિત ભાવો કામ કરી રહેલા એમાં શંકા નથી. એને લીધે જ એ સહજ સમાધિની ભૂમિકા સુધી પહોંચી શકેલા.

એ અલૌકિક સિદ્ધાવસ્થાની પ્રાપ્તિની પાછળ જે મુખ્ય મહાન પરમપ્રેરક બળ કામ કરી રહેલું એનો ઈન્કાર પણ કેવી રીતે કરી શકાય ? એ બળ ભગવાન અરૂણાચલનું હતું. મહર્ષિ વેંકટરામનના રૂપમાં વરસો પહેલાં એમને જ શરણે આવેલા, એમને જ એક માત્ર ગુરૂ તરીકે સ્વીકારી ચૂકેલા અને એમના પરમાનુગ્રહથી જ પ્રેરણા ને પ્રકાશ પામેલા. એમના અસંતોષ અને એમની શંકાઓનું નિવારણ એમને લીધે જ થયેલું. મમતાળુ માતા પોતાના બાળકને આંગળી પકડીને સહીસલામત આગળ વધારે ને સર્વ પ્રકારના ભયસ્થાનો ને પ્રલોભનોથી પાર કરે તેવી રીતે એમને આગળ વધારીને એમના પથને એમણે સરળ કરેલો. એમના એ અમૂલખ અહેસાનને એ કેવી રીતે ભૂલી શકે ?

મહર્ષિની અનવરત અભ્યાસ દ્વારા પ્રાપ્ત કરાયેલી એ આત્મિક અવસ્થા કેટલી બધી અનેરી અથવા ઉત્તમ હતી ? સામાન્ય રીતે સાધનામાં અંતરંગ વિકાસની પાંચ અવસ્થાઓ આવતી હોય છે. પ્રથમ અવસ્થાને વિક્ષિપ્ત અવસ્થા અથવા એકાગ્રતારહિત અવસ્થા કહી શકાય. એ અવસ્થામાં મન ધ્યાન અથવા ઈશ્વરસ્મરણમાં લાગે છે ખરું, પરંતુ બરાબર નથી લાગતું. એની એકાગ્રતાના અવરોધક વિક્ષેપો અથવા અંતરાયો અવારનવાર આવ્યા કરે છે. એ ઘડીમાં બાહ્ય વિષયોમાં વહી જાય છે તો ઘડીમાં આત્માભિમુખ બને છે તો પણ મોટે ભાગે તો બહિર્મુખ વૃત્તિ જ ધારણ કરે છે.

એ આરંભની અવસ્થામાંથી પસાર થયા પછી મન એકાગ્રતાની અવસ્થામાં પ્રવેશે છે. એ વખતે વિક્ષેપો એને વિચલિત નથી કરતા.

એકાગ્રતાની એ અવસ્થા અતિશય આનંદદાયક તથા શાંતિપ્રદાયક હોય છે. એની પરિપકવતા થતાં તલ્લીનતાની અનેરી અવસ્થાનો આવિર્ભાવ થાય છે. એ અવસ્થાને લીધે સાધકનું મન બાહ્ય વિષયોમાંથી મુક્તિ મેળવીને અંદર આત્મામાં અથવા ધ્યેય પદાર્થમાં તલ્લીન બની જાય છે.

એના પરિણામે ચોથી સમાધિની દશાની પ્રાપ્તિ થાય છે. તે દશામાં અંદર રહેલી પરમચેતનાનો સ્વાનુભવ સહજ બને છે.

અને પાંચમી અંતિમ અવસ્થાની પ્રાપ્તિ એ પછી થતી હોવા છતાં પણ કોઈક બડભાગીને જ થાય છે. એ અવસ્થામાં પરમ ચેતનાનો સંપર્ક સતત, સહજ ને ચોવીસે કલાકનો બને છે. એ સંપર્કને માટે સમાધિની આવશ્યકતા  નથી લાગતી. એવો સંપર્ક જાગૃતિમાં પણ સ્વાભાવિક બને છે. ઉત્તમોત્તમ અવસ્થાએ પહોંચનારા  સાધકો કે સંતો વિરલ જ નહિ, અતિવિરલ હોય છે.

પ્રત્યેક સાધકે ક્રમેક્રમે આગળ વધવું પડે છે. મહર્ષિએ પોતાના પૂર્વજીવનમાં કરેલી કડીબંધ કઠોર સાધનાને પરિણામે વર્તમાન જીવનમાં એમને કેટલાક સંસ્કારો વારસામાં જ મળેલા. એ વારસામાં ત્વરિત ગતિએ અભિવૃદ્ધિ થતી ગઈ અને એને લીધે એમને એવી અસાધારણ અવસ્થાની પ્રાપ્તિ થઈ. સંસારના આધ્યાત્મિક ઈતિહાસમાં એટલી નાની ઉમરમાં અને એટલા અલ્પકાળના ગાળામાં એવી સાધનાત્મક સિદ્ધિ અતિવિરલ સાધકોને જ પ્રાપ્ત થઈ છે. એવા અતિવિરલ સિદ્ધિપ્રાપ્ત સાચા સાધકોમાં મહર્ષિનું સ્થાન ખૂબ જ ઉલ્લેખનીય અને આગળ પડતું છે. ધન્ય અરૂણાચલ ! તમારા આશ્રયે આવેલા સંસ્કારસંપન્ન સુયોગ્ય સાધકને તમારી સુધામય સ્વર્ગીય છત્રછાયાનું દાન કરીને તમે પ્રેરણાનું પીયૂષપાન પાયું અને તમારા સંસર્ગરૂપી પારસસ્પર્શથી એમની કાયાપલટ કરીને તમારા જેવી જ શાંતિ પૂરી પાડી, તમારા જેવા જ ગૌરવનું દાન કર્યું અને તમારા સદૃશ મહિમા પ્રદાન કર્યો. તમે જાણે કે એમના રૂપમાં અવતાર લીધો. તમારું સ્નેહપૂર્વકનું સાચું શરણ કદી નિરર્થક થાય છે ખરું ? તમારી અનુરાગપૂર્વકની અનવરત આરાધના કદી નિષ્ફળ જાય છે ખરી ? તમારું શિષ્યત્વ અને સમજપૂર્વકનું શિષ્યત્વ સ્વીકાર્યા પછી કોઈ મૂંઝવણ, વેદના, ચિંતા, ભીતિ કે ગ્રંથિ રહે છે ખરી ? ના. તમારો પ્રભાવ જ એવો ભારે છે કે કોઈનાય જીવનપર એ કાયમી અસર કરી જાય છે. મહર્ષિ જેવા મહામાનવના જીવન પર એની અસર વિશેષ રૂપે થઈ હોય તો એમાં શું આશ્ચર્ય છે ? એમાં તમારો અહેતુક અનુગ્રહ જ રહેલો છે. મહર્ષિ આ શરીરે નાના હોવા છતાં એમનો આત્મા ઘણો મોટો હતો, અને પૂર્વજીવનમાં એ તમારી સાથે કેટલા બધા લાંબા સમયથી સંકળાયેલા હશે એની ખબર

કોને ને કેવી રીતે પડી શકે ? એ તો તમે જ જાણો છો. સુયોગ્ય સમયે તમે એ પૂર્વકાલીન સનાતન સંબંધને ફરી શરૂ કર્યો ને સુદૃઢ બનાવ્યો. જય અરૂણાચલ ! ધન્ય અરૂણાચલ !

☼ ☼ ☼ ☼ ☼

## (૧૨) માહિતી મળી

અરૂણાચલના પાવન પ્રદેશમાં મહર્ષિ પ્રશાંતિનો અનુભવ કરતા રહેવા લાગ્યા પરંતુ એમનો એ અજ્ઞાતવાસ લાંબા વખત લગી એમનાં પૂર્વાશ્રમનાં સ્વજનોથી અજ્ઞાત ના રહી શક્યો. એ ઘેરથી નીકળી તો ગયા પરંતુ એ પછી એમના ઘરમાં શું થયું તે સંક્ષેપમાં વિહંગદૃષ્ટિથી જોઈ જઈએ.

વેંકટરામન તે વિલક્ષણ દિવસે સ્કૂલમાં જવાનુ કહીને બહાર નીકળ્યા તો ખરા, પરંતુ એ પછી મોડે સુધી ઘેર ના આવ્યા એટલે ઘરમાં સૌને સ્વાભાવિક રીતે જ ચિંતા થઈ. સંધ્યાસમય થઈ ગયો ને રાત્રીના ગાઢ અંધકારને થોડો જ સમય શેષ રહ્યો તો પણ એ ના આવ્યા એટલે એમની તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે એ સ્કૂલમાં ગયા જ નથી. આ સમાચાર એકદમ અણધાર્યા ને નવા હતા. તો પછી એમનું શું થયું ? એ ક્યાં ગયા ? સ્કૂલમાં જવાને બદલે એ સ્કૂલના અભ્યાસથી કંટાળીને ક્યાંક બીજે જતા રહ્યા કે શું ? પરંતુ બીજે જાય પણ ક્યાં ?

નાગસ્વામી અને સુબ્બય્યરને એકાએક વિચાર આવ્યો કે વેંકટરામન કદાચ માનામદુરામાં પોતાના દિયર નેલ્લિયપ્પય્યરને ત્યાં રહેવા ગયેલી માતા અલઘમ્માને મળવા ના ગયા હોય. એમણે માનામદુરા ખાસ સંદેશવાહક મોકલ્યો.

સંદેશવાહક પાસેથી સઘળા સમચાર સાંભળીને માતા અલઘમ્માના વિષાદનો પાર ના રહ્યો. એનું હૃદય રડવા મંડ્યું. વેંકટરામન ક્યાં ગયો હશે ? પોતાના પતિના સ્વર્ગવાસના કરુણાતિકરુણ પ્રસંગને હજુ પૂરાં પાંચ વરસ પણ નહોતાં થયાં ત્યાં આ કેવો દારૂણ દુઃખપ્રસંગ ઉપસ્થિત થયો ?

બનતી બધી જ તપાસ કરવા છતાં પણ વેંકટરામનના કોઈ ચોક્કસ સમાચાર ના મળ્યા. પ્રતીક્ષા નકામી ગઈ. આશા નિરાશામાં પરિણમી. કાયમને માટે અજ્ઞાત રીતે ગૃહત્યાગ કરી ગયેલા વેંકટરામન પાછા ફર્યા જ નહિ. એ પાછા ફરવા માટે ગયેલા જ ક્યાં ? ઘરનાં માણસો એમના ઐતિહાસિક લોકોત્તર મહાભિનિષ્ક્રમણથી એકદમ અજ્ઞાત હતાં. એમને એની કલ્પના જ ન હતી. એટલે એમને ઠેકઠેકાણે શોધતાં જ રહ્યાં અને આખરે એ ના શોધાયા ત્યારે એમની પીડાનો પાર ના રહ્યો.

વેંકટરામને ઘેરથી વિદાય થતી વખતે લખેલી નાનકડી ચિઠ્ઠી એમના હાથમાં આવી પરંતુ એણે એમના વિષાદમાં ઘટાડો કરવાને બદલે વધારો કર્યો. એ મિતાક્ષરી ચિઠ્ઠીના રહસ્યનો ઉકેલ કરવાનું કાર્ય એમને માટે ખૂબ જ કઠિન અથવા એમની શક્તિની મર્યાદાથી પર હતું. વેંકટરામનને પરમપિતાની શોધ કરવાની આટલી નાની ઉંમરમાં શી આવશ્યકતા હતી ? આવી રીતે ઘરનો અકાળે ત્યાગ કરવાથી એ શોધમાં સહાયતા સાંપડે કે એવી શોધ સફળ થઈ શકે ખરી ? વેંકટરામનની બુદ્ધિ તેમ જ શક્તિ એવી શોધ કરવા જેટલી સુવિકસિત કે પરિપકવ ક્યાં છે ? એને કોઈનો કુસંગ થઈ ગયો હશે અથવા કોઈએ એના મગજને ભ્રમિત કર્યું લાગે છે એટલે જ એ વિદ્યાભ્યાસનો સાનુકૂળ સમય હતો ત્યારે આવું દુઃસાહસ કરી બેઠા. પોતાના એ ભયંકર દુઃસાહસને માટે પાછળથી એ જરૂર પસ્તાશે ને બુદ્ધિ ઠેકાણે આવતાં ઘેર પાછો ફરશે એ વખતે એની દશા કેટલી બધી દયાનીય હશે ? એ વખતે એનું જીવન બધી રીતે બરબાદ બની ચૂક્યું હશે.

સ્વજનો કે સંબંધીઓ પોતપોતાની સીમિત બુદ્ધિને અનુસરીને એવા એવા વિપરીત વિચારો કરવા લાગ્યા.

માનવની એ કરૂણતા છે કે એ પોતાની ભૂમિકાથી આગળની ભૂમિકાને નથી જોઈ શકતો કે નથી સમજી શકતો. એને મૂલવવા જેટલું સામર્થ્ય તો એનામાં હોય જ ક્યાંથી ? એવી અપેક્ષા પણ એની પાસેથી શી રીતે રાખી શકાય ?

કેટલાકે કહ્યું કે વેંકટરામન જઈ જઈને બીજે ક્યાં જશે ? એ ત્રણ રૂપિયા જ લઈ ગયો છે એટલે એમને ઈચ્છાનુસાર વાપરશે ને વહેલા મોડો પોતાની મેળે જ ઘેર પાછો ફરશે. એને માટે વધારે તપાસ કરવાની આવશ્યકતા જ ક્યાં છે ?

વખત વીતવા લાગ્યો પણ વેંકટરામન ઘેર પાછા ના ફર્યા અને એમના સંબંધી સુનિશ્ચિત સમાચાર પણ ના મળ્યા ત્યારે એમનાં સ્વજનોને નિરાશા થઈ. લગભગ એકાદ મહિના બાદ કોઈએ સમાચાર પહોંચાડ્યા કે તિરુવનંતપુરમાં વેંકટરામને કોઈક નાટક કંપનીના મેમ્બર થઈને થોડોક વખત વસવાટ કરેલો. એ સમાચારના આધાર પર તિરુવનંતપુરમાં તપાસ કરવામાં આવી પરંતુ એ તપાસ વ્યર્થ ગઈ. એથી ધારેલો હેતુ ના સર્યો.

માતા અલઘમ્માએ નિષ્ફળતાથી નિરાશ થયા સિવાય વેંકટરામનની શોધ ચાલુ રાખી. પોતાના દિયર નેલિયપ્પય્યર સાથે એ ત્રિવેન્દ્રમ તરફ ચાલી નીકળ્યાં.

ત્રિવેન્દ્રમમાં એમની દૃષ્ટિ વેંકટરામનને બધી રીતે મળતા એક છોકરા પર પડી. એનું કદ વેંકટરામનના કદ જેટલું જ હતું. માથા પર વેંકટરામન જેવા કાળા કેશ હતા. એને દેખીને અલઘમ્માનું માતૃ હૃદય ઊછળી પડ્યું. એને મળવા આતુર બન્યું. પરંતુ એટલામાં તો એ છોકરો પીઠ ફેરવીને, પાસે આવ્યા વગર, દૂરથી જ ચાલી નીકળ્યો ને ભીડમાં અદૃશ્ય થયો. આશા પાછી નિરાશામાં ફેરવાઈ ગઈ.

ત્રિવેન્દ્રમથી બધાં ઉદાસ ચિત્તે પાછાં ફર્યાં.

વખત વીતતો ગયો તેમ તેમ વેંકટરામનને મેળવવાની આશા મંદ પડતી ગઈ.

કાળચક્ર પોતાનું કાર્ય કરવા લાગ્યું.

વેંકટરામને ૨૯મી ઑગસ્ટ ૧૮૯૬ ને દિવસે ગૃહત્યાગ કર્યો તે પછી ઈ.સ. ૧૮૯૮ના મેની પહેલી તારીખે મદુરામાં સુબ્બય્યરનો સ્વર્ગવાસ થયો. એ શોક પ્રસંગના ઉપલક્ષમાં નેલ્લિયપ્પય્યરનાં કુટુંબીજનો મદુરા ગયાં. સુબ્બય્યરની મરણોત્તર વિધિથી નિવૃત્ત થઈને એક દિવસ સૌ ઘરના આંગણામાં બેઠેલા ત્યારે એક ઉલ્લેખનીય ઘટના બની. તિરુચ્ચુલીનો એક છોકરો ત્યાં દોડી આવ્યો ને બોલી ઊઠ્યો:

'વેંકટરામન મળી ગયો, મળી ગયો !'

'કેવી રીતે ને ક્યાં મળી ગયો ?'

'એ અત્યારે તિરૂવણ્ણામલૈમાં છે.'

'ત્યાં શું કરે છે ?'

'બીજુ શું કરવાનું હોય ? એ સાધુ બની ગયો છે.'

'સાધુ ?'

'હા સાધુ.'

'સાચી વાત છે ?'

'સો ટકા સાચી.'

'તને એ માહિતી કેવી રીતે મળી ?'

'હું જે કહું છું તે સાચું જ કહી રહ્યો છું. હું મદુરાના તિરુજ્ઞાન સંબંધરના મઠમાં ગયેલો. ત્યાં તંબિરાન નામના કોઈ સંતપુરૂષ તિરૂવણ્ણામલૈમાં તપશ્ચર્યામય જીવન જીવનારા કોઈક પવિત્ર સંયમી નાની ઉંમરના સંતની પ્રશંસાત્મક વાતો કરી રહેલા. તંબિરાને જણાવ્યું કે એ સંત તિરુચ્ચુલીના નિવાસી છે. એમનો એ પરિચય સાંભળીને મને એ વિશે વિગતો મેળવવાની ઈચ્છા થઈ આવી. તંબિરાનનો વિશેષ સંપર્ક સાધીને મેં બીજી માહિતી પ્રાપ્ત કરી તો મારી ખાતરી થઈ કે તિરૂવણ્ણામલૈના એ તપસ્વી સંતપુરૂષ બીજા કોઈ નહિ પણ વેંકટરામન જ છે. એવી ખાતરી થતાં હું તમને સૌને સમાચાર પહોંચાડવા માટે વહેલામાં વહેલી તકે આવી પહોંચ્યો.

એ અભિનવ સમાચાર સાંભળીને કુટુંબીજનોને આનંદ થયો. એમના અંધકારાવૃત આશારહિત અંતરમાં આશાનું અવનવું કિરણ ફૂટી નીકળ્યું.

એ ઘટના પછી થોડેક દિવસે નેલ્લિયપ્પય્યર પોતાના કોઈક મિત્રને લઈને તિરૂવણ્ણામલૈ જઈ પહોંચ્યા. એ વખતે એ માનામદુરામાં વકીલાતનો વ્યવસાય કરતા. વકીલાતના એ અખૂટ અનુભવને એમણે તિરૂવણ્ણામલૈમાં જરા જુદી રીતે કામે લગાડવાનો હતો ને પોતે તેમાં સંપૂર્ણપણે સફળ થશે એવી શ્રદ્ધા હતી.

રમણ મહર્ષિ એ વખતે નાયકરના આમ્રવૃક્ષોના બગીચામાં વાસ કરતા.

નાયકરે એમને અંદર પ્રવેશ કરતાં અટકાવ્યા ને કહ્યું : 'સ્વામીજી મૌન રાખે છે ને તીવ્ર તપમાં મગ્ન રહે છે. તમારા અંદર જવાથી એમની સાધના તથા શાંતિમાં વિક્ષેપ પડશે.'

'પરંતુ અમે તો એમના સંબંધી છીએ. એમની સાધના તથા શાંતિમાં વિક્ષેપ પાડવાની ઈચ્છાથી પ્રેરાઈને અમે અહીં નથી આવ્યા. એવી અમંગલ કામના અમારાથી કરી જ ના શકાય. અમે તો એમનાં દર્શનનો લહાવો મળશે એને અમારું મોટું ભાગ્ય માનીશું.'

નાયકરે એમની ઓળખાણ માગી તો એમણે એક કાગળ પર લખી જણાવ્યું : 'માનામદુરાના વકીલ નેલ્લિયપ્પય્યર તમારાં દર્શનની ઇચ્છા રાખે છે.'

એ કાગળ નાયકરને આપીને એમણે કહ્યું : 'તમારા સ્વામીજીને આ કાગળ વંચાવજો ને એ પછી એમની અનુમતિ મળે તો જણાવજો. અમે એમનું દર્શન કરીને આનંદ પામીશું.'

નાયકરે કાગળ મહર્ષિને પહોંચાડ્યો. મહર્ષિ એને તરત જ ઓળખી ગયા.

એ કાગળ મહર્ષિના મોટા ભાઈ નાગસ્વામી જ્યાં કારકુન તરીકે કામ કરતા તે રજિસ્ટ્રેશન વિભાગનો હતો. એની પાછળના ભાગમાં નાગસ્વામીના હસ્તાક્ષર હતા. એના પરથી મહર્ષિ સહેલાઈથી સમજી શક્યા કે નાગસ્વામી રજિસ્ટ્રેશન વિભાગમાં કામ કરે છે. કાગળની બીજી બાજુએ મહર્ષિના પૂર્વાશ્રમના કાકાના હસ્તાક્ષર હતા. મહર્ષિએ એમને ઓળખી કાઢ્યા અને એમને અંદર આવવાની અનુમતિ આપી.

નેલ્લિયપ્પય્યર મહર્ષિ પાસે આવી પહોંચ્યા.

મહર્ષિનો બાહ્ય વેશ તદ્દન બદલાઈ ગયેલો. એની એમને કલ્પના પણ ન હતી. એ દેખીને એમનું હૃદય હર્ષ અને શોકના દ્વિવિધ સંમિશ્રિત ભાવોમાં ઝૂલી રહ્યું.

મહર્ષિ પોતે મૌન હોવાથી એમની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત કરવાની શક્યતા ના લાગવાથી નેલ્લિયપ્પય્યર પલનિ સ્વામી તથા નાયકરની સાથે વાતે વળગ્યા ને બોલ્યા :

'સંતોનો સમાગમ કોને માટે સુખદાયક અને કલ્યાણકારક નથી થતો ? આજનો દિવસ મારા જીવનનો ધન્ય દિવસ છે. અમારા કુટુંબમાંથી એક આત્માએ આત્મકલ્યાણનો આદર્શ માર્ગ અંગીકાર કરીને એકધારી તીવ્ર તપશ્ચર્યા દ્વારા આવી અસાધારણ અવસ્થાની પ્રાપ્તિ કરી તે જોઈને અમને અનેરો આનંદ થઈ રહ્યો છે. વેંકટરામને ઘરમાંથી વિદાય લીધી ત્યારથી અમે ખૂબ જ ચિંતિત હતાં. એમની શોધ કરવામાં અમે કોઈ પણ ઉપાય બાકી નથી રાખ્યો. એમને એક સાધનારત સંતપુરૂષના સ્વરૂપમાં નિહાળીને મારું પોતાનુ અંતર આનંદોર્મિથી ઊભરાઈને ઊછળી ઊઠ્યું છે. મારાં લોચન આ આશીર્વાદરૂપ અદ્દભુત દર્શનથી ધન્ય બન્યાં છે. વેંકટરામને અમારા કુળને ઉજાળ્યું છે એમાં શંકા નથી; પરંતુ એમના એક સંબંધી તરીકે મને એક બીજો વિચાર આવી રહ્યો છે. એને વ્યક્ત કર્યા સિવાય મને શાંતિ નહિ વળે.'

'કયો વિચાર આવી રહ્યો છે ?'

'અમે ઇચ્છીએ છીએ કે એ અમારી પાસે કે સાથે રહે, અમને સૌને એમનાં દર્શન સમાગમનો, એમની સેવાનો દેવદુર્લભ લાભ આપે, ને ઈચ્છાનુસાર તપ કરે. અમે એમના તપમાં વચ્ચે આવવા નથી માગતાં. અમે એમને સઘળી રીતે સહાય કરીશું. એ એમના વ્રતોને ને નિયમોને ભલે વળગી રહે ને પોતાની જીવનપદ્ધતિને અનુસરીને આગળ વધે. અમે એમને એમાંથી ડગાવવા નથી માગતાં. હું જ્યાં રહું છું ત્યાં માનામદુરામાં જ એક મહાન સંતની સમાધિ છે. એ સમાધિ સાધના માટે સર્વપ્રકારે સાનુકૂળ છે. ત્યાં એમને રહેવાની બધી જ વ્યવસ્થા થઈ શકે તેમ છે. એમની ઈચ્છા હોય તો એમને એ શાંત, સુંદર, સાનુકૂળ, સ્થળમાં રહેવા માટે મારી સાથે જ લઈ જઉં.'

નેલ્લિયપ્પય્યરે બનતી બધી જ દલીલો કરી જોઈ. કોર્ટમાં એ પોતાની અસામાન્ય દલીલશક્તિથી કેટલાય કેસો જીતી ચૂકેલા એ સાચું, પરંતુ એ દલીલ શક્તિનો ઉપયોગ આ પ્રસંગે નહોતો કરી શકાય તેમ.

મહર્ષિના મન પર એમની દલીલોની કશી જ ઉલ્લેખનીય અસર ના પડી. એમના શબ્દોને એ એવી જ સ્વસ્થતા ને નિર્વિકારિતાથી સાંભળી રહ્યા. નેલ્લિયપ્પય્યરને એમની આત્મવિકાસની અંતરંગ અવસ્થાનો લેશપણ ખ્યાલ ન હતો, ને ના હોય એ સહેજે સમજી શકાય તેમ હતું, તો પણ એ એટલું તો સ્પષ્ટતાપૂર્વક સમજી શક્યા કે વેંકટરામન પહેલાના વેંકટરામન નથી રહ્યા, એમનું વ્યક્તિત્વ હવે આમૂલ બદલાઈ ગયું છે, કુટુંબીજનો કે પરિવારનાં સભ્યો પ્રત્યે એમને કોઈ પણ પ્રકારનો અનુરાગ નથી રહ્યો, અને જે માર્ગ લીધો છે તેનો કોઈ પણ સંજોગોમાં પરિત્યાગ કરીને એ ઘેર પાછા ફરવા નથી માગતા. ના, એને માટેની આશાનું આછુંપાતળું એકે કિરણ હવે નથી દેખાતું.

તો પછી અહીં રહેવાનો અર્થ શો ? તે તો હિમાલય જેવા આત્મલીન અને અચળ છે. એ બેઠા બેઠા બધું શાંતિથી સાંભળી રહ્યા છે ખરા, પરંતુ એમની મુખમુદ્રા પર કોઈયે પ્રકારનું પરિવર્તન નથી દેખાતું.

તિરૂવણ્ણામલૈમાં પાંચ દિવસ રહ્યા પછી નેલ્લિયપ્પય્યરે એમના મિત્ર સાથે મદ્રા જવા માટે વિદાય લીધી. વિદાય થતાં પહેલાં એમણે મહર્ષિની મમતાળુ માતાને મહર્ષિની માહિતી મોકલી ને જણાવ્યું કે વેંકટરામન તદ્દન બદલાઈ ગયા છે અને એમના પાછા ફરવાની લેશ પણ આશા નથી. એમને સમજાવવા કે મનાવવાના બધા જ પ્રયત્નો વ્યર્થ ગયા છે. ઈશ્વરે એમને માટે એવું જ વિધાન રચ્યું હોય એવું લાગે છે એટલે જ એ આટલી બધી મક્કમતા તેમ જ સાહજિકતાથી એ માર્ગે જઈ રહ્યા છે. સંતોષ માત્ર એટલો જ છે કે એમનો માર્ગ અમંગલ નથી પણ મંગલ છે, આદર્શ છે. અભિનંદનીય છે.

* * *     * * *     * * *     * * *

એ પછી થોડેક વખતે મહર્ષિએ આમ્રવૃક્ષોના એ સ્થાનને પણ કોઈક પ્રતિકૂળતા લાગવાથી છોડી દીધું ને અરૂણગિરિનાથના નાના મંદિરમાં રહેવાનું શરૂ કર્યું. એ સ્થાનને છોડતી વખતે એમણે કોઈ પણ માનવના સાથ કે સંસર્ગ વિના એકલા જ રહેવાનો નિશ્ચય કર્યો, ને પલનિ સ્વામીને જણાવ્યું :

'આપણે બંને હવે જુદાં જુદાં સ્થળમાં રહીએ, આવશ્યકતાનુસાર ભિક્ષા માગીએ ને સાધના કરીએ. આપણે સાથે ના રહીએ એ સારું છે.'

પલનિ સ્વામીના મસ્તક પર જાણે કે વીજળી પડી. એમને મહર્ષિનો પ્રસ્તાવ જરા પણ પસંદ ના પડ્યો. એમને મહર્ષિ માટે અનંત મમતા હતી. એ દિવસની ભિક્ષા લઈને એ અરુણગિરિનાથના મંદિરમાં પાછા ફર્યા ને કહેવા માંડ્યા :

'તમને છોડીને હું ક્યાંય નહિ જઈ શકું. મારાથી તમારા સંસર્ગ વિના નહિ રહી શકાય.'

મહર્ષિ મૌન રહ્યા.

એ પલનિ સ્વામીના પવિત્ર પ્રેમથી પરિચિત હતા. એ પ્રેમની પાછળ સ્વાનુભવના પરિણામે પેદા થયેલી સદ્દબુદ્ધિ હતી. માટે જ એ નિઃસ્વાર્થ ને સનાતન હતો. પલનિ સ્વામીનો એ પ્રેમ એમના શુભ પૂર્વસંસ્કારોની પ્રબળતાના પરિણામરૂપ હતો. એ પવિત્ર પ્રેમને લીધે જ એ મહર્ષિના સંસર્ગને સાચવી શક્યા અને એમની મહામૂલી સેવા કરી શક્યા.

અરુણગિરિનાથના નવા મંદિરમાં પણ લોકોની ને દર્શનાર્થીઓની ભીડ સારા પ્રમાણમાં રહેતી હોવાથી મહર્ષિને શાંતિ ના લાગી. એટલા માટે એકાદ માસ પછી એમણે એ મંદિરનો ત્યાગ કર્યો, અને અરૂણાચલેશ્વરના મંદિરના મિનારામાં રહેવા માંડ્યું. પરંતુ ત્યાં પણ શાંતિ ના દેખાવાથી એકાદ અઠવાડિયાથી અધિક ના રહી શક્યા. એ સ્થાનપરિવર્તન કરીને અરૂણાચલની ઉત્તરપૂર્વ દિશામાં આવેલી પવલ કુન્નૂ નામની ટેકરી પર પહોંચી ગયા. જનતાની માન્યતાનુસાર એ ટેકરી અરૂણાચલ પર્વતની જ પવિત્ર ટેકરી છે. એની ઉપર શંકર ભગવાનનું મંદિર, જલાશય તથા ગુફા ને નીચે મઠ છે. મહર્ષિ મંદિરના મંગલ વાતાવરણમાં આવેલી ગુફામાં રહેવા લાગ્યા. પલનિ સ્વામી સેવાભાવથી પ્રેરાઈને એમને માટે ભિક્ષા માગી લાવતા, પરંતુ કોઈવાર એ બહાર જતા ત્યારે મહર્ષિ ગુફામાંથી બહાર આવી, નીચે ઊતરીને, એ કામ અત્યંત પ્રેમપૂર્વક કરી લેતા. ભાવિક ભક્તો ગુફામાં પણ ભિક્ષા પહોંચાડવાનો આગ્રહ રાખતા.

ગુફામાં મહર્ષિનો શેષ સઘળો સમય આત્મસાધનામાં પસાર થતો. સાધનામાં એ એટલા બધા તલ્લીન રહેતા કે વાત નહિ. બાહ્ય જગતનું ને શરીરનું વિસ્મરણ એમને માટે સહજ બની જતું. કોઈ કોઈ

વાર એવું પણ બનતું કે મંદિરના પૂજારીને ગુફામાં એમની ઉપસ્થિતિનો ખ્યાલ ના રહેતો ને એ મંદિરનાં બારણાં બંધ કરીને બહાર નીકળી જતો. એવે વખતે કેટલાક લોકો બારણાં ના ઊઘડે ત્યાં સુધી એમનાં દર્શનની ઈચ્છાથી બહાર બેસી રહેતા.

પવલ કુન્નૂ નામની એ ટેકરી પ્રવાલ પર્વતના નામે પણ ઓળખાતી. મહર્ષિ એ ટેકરી પર છ મહિના જેટલો લાંબો સમય રહીને તપશ્ચર્યા કરતા રહ્યા. એ સમય દરમિયાન એમના ત્યાગ તથા વૈરાગ્યની કસોટી કરતો એક ઐતિહાસિક બનાવ બન્યો એ ખાસ ઉલ્લેખનીય છે.

☼ ☼ ☼ ☼ ☼

## (૧૩) માતાનો મેળાપ

આશા કેવી અમૂલખ અનિર્વચનીય વસ્તુ છે !

એનો પ્રભાવ લગભગ સર્વત્ર જોવા મળે છે.

એ સર્વત્ર અથવા સર્વવ્યાપક છે એમ કહીએ તો ચાલે.

વિદ્વાનો કહે છે કે એના વિનાનું જીવન નીરસ અથવા અશક્ય છે. એવા જીવનની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.

ઉપનિષદના પેલા સુવિખ્યાત શબ્દોને (कः ह्येवाण्यात् कः प्राण्यात्) એ શબ્દોને જરાક જુદી રીતે રજૂ કરીને કહેવું હોય તો નિઃસંકોચ રીતે કહી શકાય કે આ અવનીમાં આશા ના હોત તો કોણ શરીરધારી શ્વાસ લેવાનું પસંદ કરત ને કોણ સુખશાંતિ અથવા આનંદનો અનુભવ કરત ? એ અમૃતમય અક્ષય આશાને જ્યારે પ્રેમ તથા મમતાનું પીઠબળ પ્રાપ્ત થાય છે ત્યારે એ વધારે મધુર અને બળવાન બને છે.

મહર્ષિના પૂર્વાશ્રમના કાકા નેલ્લિયપ્પય્યર એમને અરૂણાચલથી પાછા લાવવામાં નિષ્ફળ નીવડ્યા અને એમણે મહર્ષિની માતા અલઘમ્માને એ નિષ્ફળતાના સમાચાર સારી રીતે કહી બતાવ્યા તો પણ અલઘમ્માનું માતૃહૃદય ના માન્યું. એ એટલું જલદી નિરાશ ના બન્યું. એમાં આશાનો અવનવો અંકુર ઊગી નીકળ્યો.

એમને થયું કે ઈશ્વરની આટલી કૃપા તો છે જ કે વેંકટરામનની ભાળ આખરે મળી શકી. નેલ્લિયપ્પય્યર એને પાછા લાવવામાં સફળ ના થયા એથી શું ? એ વકીલ હોવા છતાં એને સફળતાપૂર્વક નહિ સમજાવી શક્યા હોય. એ મારા જેવી ને જેટલી મમતાથી સંપન્ન ક્યાંથી હોય ? મને જોઈને ને મારી પ્રાર્થના સાંભળીને વેંકટરામન અરૂણાચલ પર્વતની પેઠે અચળ નહિ રહી શકે. મારા પ્રેમથી એ જરૂર પલળશે ને મારી સાથે ઘેર આવવા તૈયાર થશે.

અલઘમ્માજીના અંતરમાં આનંદ ફરી વળ્યો. એમને પોતાનું સ્વપ્ન સાકાર થવાનો સમય અત્યંત સમીપ લાગ્યો.

નાતાલની રજાઓમાં નાગસ્વામીને સાથે લઈને એમણે તિરુવણ્ણામલૈ પહોંચવા પ્રસ્થાન કર્યું ત્યારે એમનું અંતર આનંદથી ઊભરાઈ રહ્યું.

તિરૂવણ્ણામલૈ પહોંચ્યા પછી એમણે જાણ્યું કે વેંકટરામન પવલ કુન્નૂ નામની ટેકરી પર વાસ કરે છે, એટલે એ બંને ટેકરી પર ચઢવા માંડ્યાં.

એ ટેકરી પર આવી પહોંચ્યા ત્યારે મહર્ષિ એક શિલા પર સૂતેલા.

અલઘમ્માએ એમને તરત જ ઓળખી કાઢ્યા.

માતા પોતાના પુત્રને કેટલાય લાંબા વખતે મળે ને ગમે તેવા રૂપ, રંગ કે વેશમાં મળે તો પણ ઓળખ્યા વિના રહી શકે છે ખરી ? અને પુત્ર પણ માતાને ઓળખ્યા વિના રહી શકે છે ? વેંકટરામનનું બાહ્ય સ્વરૂપ એકદમ બદલાઈ ગયેલું. એ ઘરમાં હતા ત્યારે જુદા હતા અને અત્યારે જુદા જ દેખાતા. એમની એવી દશા દેખીને એમને ખૂબ જ દુઃખ થયું. એમનું અંતર આક્રંદ કરવા લાગ્યું.

એમણે મહર્ષિને અરૂણાચલના એ એકાંત પ્રદેશનો ત્યાગ કરીને પોતાની સાથે ઘેર આવવા માટે બને તેટલું બધું જ કહી જોયું પરંતુ એ કથનનું ધાર્યું પરિણામ ના આવ્યું. મહર્ષિ સઘળું શાંતિપૂર્વક સાંભળી રહ્યા.

માતાના શબ્દો સાંભળીને એમનું રૂંવાડું પણ ના હાલ્યું. અરૂણાચલ પર્વતના પ્રશાંત પ્રદેશમાં રહીને એ એના જેવા જ અચળ બની ગયા હોય એવી છાપ અલઘમ્મા તથા નાગસ્વામી પર પડ્યા વિના ના રહી.

નાગસ્વામીએ પણ માતાના વિચારોનું સમર્થન કરીને પોતાના ભાઈને ઘેર પાછા ફરવા માટે વિજ્ઞપ્તિ કરી જોઈ પરંતુ એ વિજ્ઞપ્તિ મહર્ષિના મક્કમ મનોબળને ના ચળાવી શકી. એમનો વૈરાગ્ય અવિચળ રહ્યો.

મહર્ષિએ પોતાની માતાને અને પોતાના ભાઈને ઓળખવા છતાં એમના પ્રત્યે કોઈ જાતની લાગણી ના બતાવી. પૂર્વના એ પારિવારિક સંબંધોનો જાણે કે અંત આવ્યો હોય, એમની સાથે એમને કાંઈ જ લાગતું વળગતું ના હોય, અને એની જગ્યાએ નવો જ આત્મિક, સર્વવ્યાપી તટસ્થ, સ્નેહરહિત સંબંધ શરૂ થયો હોય, એવી એમની અવસ્થા હતી. એ અવસ્થાનો પડઘો એમના વ્યવહારમાં પડતો.

અલઘમ્માના ઉત્કટ લાગણીથી ભરેલા હૃદયને એવો વ્યવહાર જરા પણ ના ગમે એ સ્વાભાવિક હતું. એમની દૃષ્ટિ મહર્ષિની દૃષ્ટિ કરતાં તદ્દન જુદી હતી ને જુદી હોય એ સહેજે સમજી શકાય તેમ હતું. એમણે મહર્ષિને ખૂબ ખૂબ સમજાવી જોયા, માતૃઋણની સ્મૃતિ કરાવીને બોધ આપ્યો. એમને ઠપકો આપ્યો, સખત શબ્દો સંભળાવ્યા, ને એમાંનું કશું જ ના ફળ્યું ત્યારે છેવટના અમોઘ ઉપાય તરીકે રડી નાખ્યું ખરૂં. એ રુદનથી પ્રશાંત પર્વતમાળા હાલી ઊઠી. એમાં એના પડઘા પડ્યા. પરંતુ મહર્ષિ એવા જ મૂક રહ્યા. એમને એની કશી જ અસર ના થઈ.

* * * * * * * * * * * *

આત્મવિકાસના મંગલમય માર્ગે સફળતાપૂર્વક આગળ વધવાની અભિલાષાવાળા સાધકોના જીવનમાં જુદી જુદી જાતનાં પ્રલોભનો આવતાં હોય છે. પરિવારના માણસોની વધારે પડતી મમતા અને એમનો વિરોધ પણ એક પ્રબળ પ્રલોભન જ હોય છે. કાચાપોચા નિર્બળ મનના સાધકો એના શિકાર બનીને એમાં અટવાઈ જાય છે ને પોતાના મૂળ માર્ગને મૂકી દે છે. મહર્ષિ લાગણીરહિત જડ પથ્થર ન હતા. એ પ્રાણીઓના પ્રેમ અને સંવેદનને સમજતા. પરંતુ અત્યારે એમને આ રીતે જ રહેવાની આવશ્યકતા હતી. એમનો જીવનવ્યવહાર તત્કાલીન સાધનાત્મક આવશ્યકતાને અનુરૂપ હોવાથી જરા પણ દોષપાત્ર ન હતો.

મહર્ષિ જેવા મહાપુરૂષ પોતાની માતાનો તિરસ્કાર તો કરી જ ના શકે, પરંતુ એ માતાની માગણી ને લાગણીને સાથ આપવાનું એમને માટે મુશ્કેલ હોવાથી શાંતિથી બેસી રહ્યા, ને સર્વ કાંઈ સાંભળી રહ્યા. માતાની અંદર પરમાત્માના પરમપાવન પ્રકાશનું દર્શન કરવાનો આદેશ શાસ્ત્રોએ આપ્યો છે, અને એવું દર્શન કરવાની શક્તિની પ્રાપ્તિ થતાં માતા બાધક નથી બનતી પરંતુ મહર્ષિની અવસ્થા એ વખતે એકદમ અનેરી હતી. એ કોઈનોય સંગ નહોતા ચાહતા ને ઘેર જવા પણ નહોતા માગતા. હવે તો અખિલ વિશ્વ અને પરમાત્માનું શાશ્વત સ્વરૂપ જ એમનું ઘર હતું. એટલે એ અવારનવાર કરાતી અરજને સાંભળવા છતાં અબોલ અને અચળ જ રહ્યા.

અલઘમ્મા અને નાગસ્વામી દિનપ્રતિદિન મહર્ષિની મુલાકાત લેતાં રહ્યાં. એ મીઠાઈ લાવતાં ને વિનવણી કરતાં પરંતુ એની અસર એ મજબૂત મનોબળવાળા મહાપુરૂષ પર જરા પણ ના થતી. એક દિવસ તો મહર્ષિને એમની ઉદાસીનતા માટે ઠપકો આપતાં અલઘમ્મા જોરથી રડી પડ્યાં. એમના છાતીફાટ રુદનને વધારે વખત સુધી જોઈ ના શકવાથી મહર્ષિ ત્યાંથી ઊઠીને ચાલવા માંડ્યા.

* * *    * * *    * * *    * * *

બીજે દિવસે આવીને માતાએ ફરી પાછી એની એ જ દલીલો કરી.

મહર્ષિએ દલીલોનો કશો ઉત્તર આપવાને બદલે મૌન રાખ્યું ત્યારે એમણે ત્યાં દર્શન માટે એકઠા થયેલા લોકોને પોતાનો મહર્ષિ સાથેનો સંબંધ કહી બતાવ્યો, મહર્ષિના ગૃહત્યાગની કઠોર ને કરૂણ કથા કહી, અને મહર્ષિને સમજાવવાના સત્કર્મમાં એમની સહાયતા માગી.

અલઘમ્માની આંખો ભરાઈ આવી.

એમની આંખનાં અસ્ખલિત વહી જતાં આંસુ દર્શનાર્થીઓના પ્રાણને પલાળવા માટે પૂરતાં હતાં.

એમના શબ્દો પણ એવા જ સંવેદનશીલ હતા. એમની પાછળ ઊંડો ને સાચો સ્નેહ ટપકતો.

ત્યાં એકઠા થયેલા લોકોમાંના એક શ્રી પંચય્યપ્પ પિલ્લૈપર હતા. એમનાથી એ સઘળું સહન ના થયું એટલે એ તરત જ બોલી ઊઠ્યાં :

'સ્વામીજી તમારી માતા પ્રાર્થના કરે છે, વીનવે છે, ને રડે છે તથા વિલાપ કરે છે છતાં તમે કશું બોલતા નથી ને મૂક બનીને બેસી રહ્યા છો તે સારું છે ? તમે હા કે નાનો ઉત્તર તો આપો. તમારું મૌનવ્રત ભલે આવું જ અકબંધ રહ્યું. આ કાગળ ને પેન્સિલ છે. એનો ઉપયોગ કરીને તમારે તમારા તરફથી જે કહેવું હોય તે કહી શકો છો. '

મહર્ષિને પિલ્લૈના શબ્દોમાં કશું વાંધાજનક ના લાગ્યું.

એમણે ઘડીનાય—વિપળનાય વિલંબ વિના પેન્સિલની મદદથી પાસે પડેલા કાગળ પર લખી નાખ્યું :

'કર્તા પ્રત્યેક જીવને એના પૂર્વકર્માનુસાર અથવા એના પ્રારબ્ધ પ્રમાણે ચલાવે છે. જે નથી થવાનું તે હજારો પ્રયત્નો કરવા છતાં પણ નહિ થાય. જે થવાનું છે તેને અટકાવવાના પ્રયત્નો કરવામાં આવશે તો પણ તે થશે જ, એ નક્કી છે. એટલા માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય શાંત જ રહેવાનો છે.'

અલઘમ્માને માટે એ શબ્દોમાં સમાયેલી ફિલસુફી તદ્દન નવી હતી. એ ધારત તો એનો લાભ લઈને પોતાના સંતપ્ત અંતરને આશ્વાસન આપીને શાંત કરી શકત. એ શબ્દોમાંથી નવજીવનનું ભાથું પણ ભરી શકત. મહર્ષિ કપિલે માતા દેવહૂતિને અર્પેલા ઉપદેશની પેઠે એ સંક્ષિપ્ત સારવાહી સદુપદેશ એમના જડ જટિલ જીવનને નવી પ્રેરણા પાત અને જીવનનું ઉત્તમ બળ થાત, એમને દુઃખમુક્ત કરવામાં, ચિંતારહિત બનાવવામાં, અને એમની કાયાપલટ કરવામાં એ અવસર ઉપયોગી થાત. એમના સમસ્ત જીવનનો એક ચિરસ્મરણીય સુવર્ણ અવસર બની જાત. પરંતુ એમની ભૂમિકા હજુ એટલી ઊંચી ન હતી. એવી આશીર્વાદજનક ઉચ્ચ ભૂમિકાને માટે એમને લાંબા વખત લગી પ્રતીક્ષા કરવાની હતી. એમના અંતરનાં

અવિદ્યાજન્ય મમતાયુક્ત આવરણો હજુ દૂર નહોતાં થયાં. એટલે એ મહર્ષિના સંગનો તથા સંદેશનો લાભ ના ઉઠાવી શક્યાં. એટલું જ નહિ, એથી આગળ વધીને મહર્ષિના શબ્દો એમને પાગલના શબ્દો લાગ્યા.

એમને થયું કે હવે વધારે રહેવાથી કોઈ હેતુ નહિ સરી શકે. એ નાગસ્વામીની સાથે મહર્ષિને મળીને નિરાશ હૈયે, વિષાદપૂર્ણ વદને, પર્વત પરથી પાછા ફર્યાં તો પણ મહર્ષિમાં કશો ફેરફાર ના થયો.

મહર્ષિનો અણિશુદ્ધ વૈરાગ્ય અને આત્મભાવ આખરે વિજયી નીવડ્યો.

એ એક મહાન અગ્નિ પરીક્ષામાંથી સંપૂર્ણપણે સફળ થયા.

☼ ☼ ☼ ☼ ☼

## (૧૪) અરૂણાચલ પર્વત પર

માતા અલઘમ્માની વિદાય પછી થોડેક વખતે રમણ મહર્ષિએ પવલ કુન્નૂ નામનું એ સુંદર સ્થળ છોડી દીધું ને અરૂણાચલ પર્વતની ઉપરના પ્રદેશ પ્રતિ પ્રયાણ કર્યું. પ્રવાલ પર્વતનો પરિત્યાગ કરીને એમણે અરૂણાચલ પર્વત પર રહેવાનું પસંદ કર્યું. એકાંત અરણ્ય, સરિતાના પ્રશાંત સુંદર તટપ્રદેશ તથા પર્વતમાળાઓનાં સ્થાન આધ્યાત્મિક સાધનાને માટે અધિક અનુકૂળ મનાય છે. એવાં સાનુકૂળ સાધના સ્થાનોમાં શાસ્ત્રકારો ને સ્વાનુભવી મહાપુરૂષોએ શાંત મંદિરોનો પણ સમાવેશ કર્યો છે. મહર્ષિને એવાં અનુકૂળ સ્થળો પ્રથમથી જ પ્રાપ્ત થયાં. એમને સરિતાના પ્રશાંત સુંદર તટપ્રદેશ પર રહેવાનું સૌભાગ્ય ના સાંપડ્યું, પરંતુ જળાશયનું સુખદ સાંનિધ્ય તો મળ્યું જ. મંદિરમાં શરૂ થયેલી એમની સાધના વન અને પર્વતના પ્રશાંત પ્રદેશોમાં પરિપુષ્ટ બનતી ગઈ અને અરૂણાચલ પર્વતના પવિત્ર પ્રદેશમાં પરાકાષ્ઠાએ પહોંચી ને સુસ્વાદુ ફળવતી બની.

મહર્ષિની અવસ્થા અસાધારણ હતી. તપશ્ચર્યાનો આશ્રય લઈને એમણે એમના મન, સ્વભાવ અને એમની ઈન્દ્રિયો પર અધિકાર મેળવેલો અને એવી અલૌકિક ભૂમિકાની પ્રાપ્તિ કરેલી જે ભૂમિકા સર્વસ્થળે ને સર્વકાળે કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના એકધારી ટકી રહે. એટલે એ કોઈ પણ પ્રદેશમાં રહે તો ચાલે તેવું હતું. એમની સાધનામાં ને આત્મનિષ્ઠામાં એથી કશો જ ફેર નહોતો પડવાનો. તો પણ અરૂણાચલના પવિત્ર પર્વતપ્રદેશને માટે એમને કોણ જાણે કેમ પણ આરંભથી જ એક પ્રકારનું અદ્દભુત આકર્ષણ હતું.

એમના જીવનનો વિચાર કરતાં એવી સુસ્પષ્ટ પ્રતીતિ થયા વિના નથી રહેતી કે વરસો પહેલાં અરૂણાચલ પર્વતના પ્રશાંત પ્રદેશમાં રહીને તપશ્ચર્યા કરી ચૂકેલા કોઈક પ્રાતઃસ્મરણીય સમર્થ સંત એ પ્રદેશના ભુલાયેલા મહિમા કે ગૌરવને પુનર્જિવિત કરવા મહર્ષિ રમણનો નવો વેશ ધારણ કરીને વધારે વખત વીતે એ પહેલાં પાછા એ જ પ્રદેશમાં આવી પહોંચ્યા. તિરુવણ્ણામલૈનાં પવિત્ર તપઃપૂત સ્થાનોને પોતાના નિવાસ તથા તપથી એમણે વધારે પવિત્ર બનાવ્યાં. એ પોતે તો મહિમામય હતા જ, એ સ્થાનો પણ મહિમામય હતાં, પરંતુ એમને પોતાની સાધનાથી વિશેષ મહિમામય બનાવી દીધાં. અરૂણાચલેશ્વરના મંગલમય મંદિર ને અરૂણાચલ પર્વતે પણ અવનવું આકર્ષણ ધારણ કર્યું. એ ઐતિહાસિક પુણ્યપ્રદેશ એની સાથે સંકળાયેલી એ મહાપુરૂષની જીવનસાધનાને લીધે અધિક ઐતિહાસિક બની ગયો. મહર્ષિ જો એ પુણ્યપ્રદેશમાં ના ગયા હોત ને ત્યાં જઈને વરસો સુધી ના વસ્યા હોત તો એના તરફ લોકોનું ધ્યાન આટલા બધા મોટા પ્રમાણમાં ભાગ્યે જ આકર્ષાયું હોત, લોકો એને ભાગ્યે જ યાદ કરતા હોત, અને એની પ્રશસ્તિ પણ આટલા બધા પ્રમાણમાં ના કરતા હોત. એ પ્રદેશે મહર્ષિના જીવન ઘડતરમાં તો મોટો ભાગ ભજવ્યો જ, પરંતુ મહર્ષિએ પણ એને પ્રખ્યાત, પવિત્ર ને લોકપ્રિય બનાવવામાં ઓછો ભાગ નથી ભજવ્યો. મહર્ષિ જાણે એને પ્રખ્યાત કરવા માટે જ આવી પહોંચ્યા. અથવા કહો કે વર્તમાન સમયના અરૂણાચલેશ્વરના અવતાર થયા.

રામ, કૃષ્ણ, શંકર, બુદ્ધ મહાવીર અને એવા અન્ય મહાપ્રતાપી મહાપુરૂષોનાં નિવાસસ્થાનો તરીકે કેટલાંક સ્થાનો વધારે પવિત્ર ને તીર્થમય મનાયાં છે. એવી રીતે તિરુવણ્ણામલૈનાં જુદાં જુદાં સ્થાનો મહર્ષિની

પવિત્ર પદરજથી અને સર્વોત્કૃષ્ટ સાધનાથી મહિમામય બન્યાં ને તીર્થરૂપ થયાં. પોતાના સુખદ સ્વર્ગીય સંસર્ગથી એમણે આખા અરૂણાચલ મંડળને મંગલ તથા તીર્થસ્વરૂપ બનાવી દીધું. **तीर्थी कुर्वन्ति साधवः** સંતો જ તીર્થને સાચા અર્થમાં તીર્થ બનાવે છે એ ઉક્તિ એમના સંબંધમાં સંપૂર્ણપણે સાચી ઠરી. અત્યારથી જ એમની સુયોગ્યતા વિશે વાતો સાંભળીને એમનાં દર્શન તથા સમાગમ માટે જે અસંખ્ય આત્માઓ એમની પાસે આવવા માંડ્યા તેના પરથી એની પ્રતિતી થઈ.

ફૂલ પોતાની ફોરમને લઈને પૂરેપૂરૂં ખીલે છે અને એને આજુબાજુના વાતાવરણમાં બધે જ ફેલાવે છે એટલે ભ્રમરોને કાંઈ બોલાવવા નથી પડતા. એ કુદરતી આકર્ષણ, પ્રેમ અથવા આસક્તિનો અનુભવ કરતાં આપોઆપ આવી પહોંચે છે. સરિતા સલિલવતી બને છે એટલે એના સુસ્વાદુ સલિલની આકાંક્ષાથી તૃષાતુર આત્માઓ એની આગળ આપોઆપ એકઠા થાય છે. વૃક્ષ પોતાની સુદૃઢ શાખાઓ ને શીતળ છાયા ફેલાવે છે એટલે એમના આશ્રયના અભિલાષીઓ કોઈ પણ પ્રકારના વિશેષ આમંત્રણ વિના જ એમની પાસે આવી પહોંચે છે. એ સઘળું નૈસર્ગિક નિયમાનુસાર, સહજ ને સ્વાભાવિક રીતે જ બન્યા કરે છે. મહર્ષિના સંબંધમાં પણ એવું જ બન્યું. એમનો પરમપાવન આત્મપ્રકાશ જેમ જેમ વધારે ને વધારે પ્રમાણમાં પ્રકાશવા માંડ્યો તેમ તેમ એમની સાધનાત્મક સુવાસ વિશેષ ને વિશેષ પ્રમાણમાં ફેલાવા લાગી ને એના ઈચ્છુક આત્માઓ પણ એમની પાસે આવવા માંડ્યા.

* * * * * * * * * * * *

અરૂણાચલની અલૌકિક ભૂમિમાં એમણે લાંબા વખત લગી—એમ કહો કે સમસ્ત સાધનાત્મક જીવનપર્યંત વાસ કર્યો. એને લીધે એને જે મહિમાની પ્રાપ્તિ થઈ તેની કલ્પના કોણ કરી શકે ? એ ભૂમિ હિમાલયની ઋષિમુનિસેવિત, પુરાણપ્રસિદ્ધ ભૂમિ જેવી દૈવી ને ગૌરવવંતી બની ગઈ ને જાજ્વલ્યમાન થઈ. એને એ મહાપ્રતાપી મહાપુરૂષની ઉપસ્થિતિને લીધે મહામૂલ્યવાન ઐતિહાસિક સ્થાન પ્રાપ્ત થયું. હિમાલયની અલૌકિક ભૂમિએ એકેકથી ચઢિયાતા મહાપુરૂષોને પ્રકટ કરીને સમસ્ત સંસારના આધ્યાત્મિક રસવૃત્તિવાળા આત્માઓનું ધ્યાન પોતાની પ્રત્યે વરસો સુધી, અનંતકાળથી કેન્દ્રિત કરેલું. હવે એ ધ્યાન ઉત્તરને બદલે દક્ષિણમાં કેન્દ્રિત થયું–એને કેન્દ્રિત થવાનો અમૂલખ અવસર નજદીક આવી પહોંચ્યો તે રમણ મહર્ષિને લીધે જ. એ અદ્દભુત કેન્દ્રિકરણ વરસો સુધી ચાલુ રહ્યું એ પણ એમને જ લીધે. ભારતના ઘટતા જતા આધ્યાત્મિક ગૌરવને એમણે ફરી જગાવવાનું ને વધારવાનું હતું. એને માટેની આવશ્યક સાધના એમના વર્તમાન જીવનમાં ચાલી રહેલી. એની એ પૂર્વભૂમિકા હતી.

ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમના ભેદો તો માનવે પાડેલા છે. સંસ્કૃતિને એવા બાહ્ય ભેદોમાં વિભાજિત નથી કરી શકાતી. આધ્યાત્મિકતાનો અર્ક સર્વત્ર અખંડ જ રહેતો હોય છે. એને દેશવિશેષનાં બંધન પણ નથી હોતાં. છતાં પણ દેશવિશેષની દૃષ્ટિથી વિચારીએ તો કહી શકાય કે ભારતની સંસ્કૃતિનો આધ્યાત્મિક આત્મા વરસોથી વિસ્મૃતિપદે પહોંચેલા દક્ષિણના પ્રદેશમાંથી આવિર્ભાવ પામવાની ઈચ્છા રાખતો'તો. એ ઈચ્છાની પૂર્તિરૂપે જ મહર્ષિ જેવા મહાપુરૂષનું શુભાગમન થયેલું.

* * * * * * * * * * * *

આત્મિક પ્રકાશની પ્રાપ્તિ કરવાની આકાંક્ષાવાળા સાધકે ઉત્સાહયુક્ત અંતરથી દીર્ઘકાળ પર્યંત એકધારી સાધના કરવી પડે છે. એવી એકધારી સમજપૂર્વકની સાધના સિવાય સિદ્ધિની પ્રાપ્તિ નથી થઈ શકતી. એવી દીર્ઘકાલીન નિષ્ઠાપૂર્વકની સાધના માટે મનને ચંચલતામાંથી મુક્ત કરવું પડે છે. ચંચલ મનના સાધકો એક ઠેકાણે લાંબા વખત લગી રહીને પોતાના મનને સાધનામાં નથી પરોવી શકતા. એમને સંસારના વિવિધ વિષયો આકર્ષ્યા કરે છે. એમને નવું નવું નિહાળવાની, સાંભળવાની ને જુદે જુદે ઠેકાણે ફરવાની ઈચ્છા થતી હોય છે. કેટલાક સાધકો બીજાને ઉપયોગી થવાની, પ્રતિષ્ઠિત બનવાની, ને ગુરૂ થવાની કે સંપત્તિ વધારવાની વાસના રાખે છે. એવી નાનીમોટી ઈચ્છાઓ ને વાસનાઓ એમને એક ઠેકાણે લાંબા વખત લગી રહીને સાધનામગ્ન નથી થવા દેતી. કેટલીક વાર થોડા કે વધારે પ્રકાશની પ્રાપ્તિ થતાં જ સાધક ખોટી કૃતાર્થતાનો અનુભવ કરવા લાગે છે ને સાધના પૂરી કરે છે. એને લીધે એનો સાચો ને સંપૂર્ણ વિકાસ અટકી જાય છે.

સાધનાનાં એ બધાં નાનાંમોટા ભયસ્થાનોથી મહર્ષિ પ્રથમથી જ મુક્ત હતા. એમને બહારનું બીજું કશું જોવાની, સાંભળવાની ઈચ્છા નહોતી સતાવતી. ગુરૂ થવાની, પદપ્રતિષ્ઠા તથા સંપત્તિ મેળવવાની ને બીજાને ઉપયોગી થવાની આકાંક્ષાનો પણ એમનામાં અભાવ હતો. એ કેવળ પોતાની અંદરના આત્મજગતને વધારે ને વધારે પ્રમાણમાં જોવા માગતા, આત્માના અમૃતસભર સનાતન સંગીતને જ વિશેષ સાંભળવાની ઈચ્છા રાખતા, આત્માની અજરામર સનાતન સંપત્તિ મેળવવાની ને એના વિશે અધિકાધિક જાણવાની જ એમની અભિલાષા હતી. એના સિવાયના બીજા બાહ્ય વિષયોમાંથી ને શરીરમાંથી પણ મન પાછું વળી ગયેલું. એમનું સાધનાક્ષેત્ર એવી રીતે શરૂઆતથી જ તૈયાર હતું. તિરુવણ્ણામલૈ આવ્યા પછી ત્યાંના એકાંત અનુકૂળ પ્રદેશમાં એની અંદર જરૂરી ખેડાણ થયું ને સુંદર બી પડ્યું. વખતના વિતવા સાથે એમાંથી અલૌકિક અંકુરો ફૂટી નીકળ્યા. એમની આત્મનિષ્ઠા વધી, શાંતિ એમની સદાની સહચરી બની, એમને આત્મિક પ્રસન્નતાની પ્રાપ્તિ થઈ, ને વિકાસની નવી નવી ક્ષિતિજો એમને માટે ખૂલવા લાગી. એનું દર્શન એમના જીવનમાં સ્પષ્ટપણે થવા માંડ્યું.

* * *    * * *    * * *    * * *

અરૂણાચલ પર્વત પરના નિવાસનું સ્થાન મહર્ષિના જીવનમાં ઘણું મહત્વનું છે. એની સાથે એમના સાધનાત્મક જીવનનો પાછળનો ઈતિહાસ સંકળાયેલો હોવાથી એ ખાસ ઉલ્લેખનીય છે.

અરૂણાચલ પર્વત તિરુવણ્ણામલૈ શહેરની પશ્ચિમ તરફ આવેલો છે. અરૂણાચલેશ્વરના મંગલમય મંદિરની પશ્ચિમ તરફના મિનારાની પાસે પર્વત પર ચઢવાનાં પગથિયાં બનાવેલાં છે. એ પગથિયાંનો આધાર લઈને પર્વત પર ચઢનારા પ્રવાસીના માર્ગમાં એવી કેટલીક ગુફાઓ આવે છે જેમાં રહીને શાંતિપૂર્વક, કોઈ પણ પ્રકારના કોલાહલથી મુક્ત રહીને, સાધના કરી શકાય. વચ્ચે વચ્ચે વિવિધ પ્રકારનાં વૃક્ષો ને પ્રકૃતિની ગોદમાં કોઈ પણ દુન્યવી માળીની માવજત વિના ખીલી ઊઠેલાં વિભિન્ન રૂપરંગ તથા સૌરભથી સંપન્ન ફૂલો દેખાય છે, ને કુદરતને ખોળે કલકલ નિનાદ કરતાં કોઈ પણ પ્રકારની રોકટોક વગર સંપૂર્ણ સ્વતંત્રતા તથા નિર્ભયતાથી વહ્યે જતાં ઝરણાં જોવા મળે છે. વીતરાગ તપસ્વીઓના હૃદયની પવિત્રતાની સ્મૃતિ કરાવતાં એ ઝરણાં પોતાના સુમધુર શાંત સ્વર્ગીય સંગીતથી મુસાફરોના મનને મુગ્ધ કરે

છે અને એમનો થાક મટાડે છે. માર્ગમાં શિલાખંડો ને ગીચ ઝાડીનું દર્શન થતું રહે છે. એ દેખીને પ્રવાસીનો પ્રાણ પ્રસન્ન બને છે.

પર્વત પર ચઢતાં વચ્ચે થોડીક વાર ઊભો રહીને પીઠ ફેરવીને એ બીજી બાજુ નજર નાખે છે ત્યારે કુદરતી શાંતિ ને સુંદરતાનો એ અખૂટ વૈભવ વિલોકીને એનું અંતર આનંદી ઊઠે છે. એના મુખમાંથી એ ધન્ય દર્શનના પરિણામે એકાએક ઉદગાર નીકળી પડે છે કે શું અદભુત દૃશ્ય છે ! આટલું બધું સુંદર આનંદદાયક દૃશ્ય બીજે હશે ખરું ?

સાચું કહીએ તો પર્વત—અને કોઈ પણ પર્વત પરનાં બધાં જ દ્રશ્યો એવાં વિલક્ષણ, અનેરાં અથવા આનંદદાયક હોય છે. પર્વત પરનું નાનું કે મોટું કોઈયે આરોહણ એવું અનોખું દૃશ્ય રજુ કરે છે જેનો પરિપૂર્ણ આનંદાનુભવ કેવળ દર્શનાર્થીનું અંતર જ કરી શકે છે. પર્વતીય પ્રવાસ હિમાલયનો હોય, આબુનો હોય, ગિરનાર કે પાવાગઢ ને વિંધ્યાચળ કે સહ્યાદ્રિનો હોય, તિરુપતિ બાલાજીનો, જ્વાલામુખીનો, કુલુનો કે ઊટીનો, ગમે તેનો હોય, પ્રત્યેકને પોતાનું આગવું સૌન્દર્ય હોય છે એ સત્યની પ્રતીતિ અરૂણાચલ પર્વતનો પ્રવાસ કરતાં સહેલાઈથી થઈ શકે છે.

પર્વત પર ચઢતી વખતે પાછળ નજર નાખીએ તો ભગવાન અરૂણાચલેશ્વરનું મંદિર તદ્દન સામે જ જોવા મળે છે. એ વિશાળ અસાધારણ મંદિરની ઝાંખી કરવાથી અંતરમાં અવનવા પવિત્ર ભાવો આવિર્ભાવ પામે છે. તિરુવણ્ણામલૈ શહેરની મધ્યમાં વસેલું એ મધુમય મંદિર એના હૃદય જેવું દેખાય છે. આજુબાજુના સમસ્ત શહેરના વાયુમંડળમાં એ પવિત્ર આધ્યાત્મિક પરમાણુઓનો સંચાર કરે છે. એ વિશાળ અને અસાધારણ હોવા છતાં પણ કેટલું બધું શાંત છે ! કોઈક પૂર્ણ સ્થિતપ્રજ્ઞ મહામાનવની જેમ પોતાના મહિમામાં મગ્ન બનીને આત્મક્રીડ બનીને એ વરસોથી આવું જ અચલ બનીને ઊભું રહ્યું છે, ને મૂક હોવા છતાં કેટલાયની પ્રેરણા બન્યું છે. સહજ સમાધિમાં લીન બનીને એ કોણ જાણે કેટલાય યુગોથી અરૂણાચલ પર્વતની પવિત્ર પંક્તિને નિર્નિમેષ નેત્રે નિહાળ્યા કરે છે, ને અરૂણાચલ પર્વત પણ એને અવલોકવામાં મશગૂલ છે ! નરનારાયણ ઋષિની જુગલજોડી જેવા પરમપ્રતાપી ને પરમપાવન એ બંને એકમેકના અનુરાગનો આસ્વાદ લેતા પોતપોતાની અંદર મગ્ન છે. બંનેનું દર્શન કેટલું બધું આનંદપ્રદાયક અને કલ્યાણકારક છે !

સાધકો તથા સામાન્ય જીવનપથના પ્રવાસીઓને એ શાંત, સ્વસ્થ, સ્થિર, સત્યનિષ્ઠ ને સ્થિતપ્રજ્ઞ થવાનું શીખવે છે. જીવનનાં વિષમ વાવાઝોડાંની સામે અચળ રહેવાનો પાઠ પૂરો પાડે છે. ચારેકોરની ચતુરંગીલી સૃષ્ટિની વચ્ચે રહીને પણ પોતાની જન્મજાત દિવ્યતા ને સ્વભાવગત સત્વશુદ્ધિને અકબંધ રાખવાની ને આજુબાજુ બધે જ સદ્ ભાવની ને સત્કર્મની ફોરમ ફેલાવવાની દીક્ષા આપે છે. એ દીક્ષા કેટલી બધી ઉપયોગી અથવા આશીર્વાદરૂપ છે !

અરૂણાચલના મંગલ મંદિરની પૂર્વ તરફ જોઈએ તો વિશાળ શહેર દેખાય છે. એની પૂર્વે ઈન્દ્રતીર્થ અથવા અય્યંગૂલ નામે ઓળખાતું સુંદર તળાવ છે. એની આજુબાજુ વિશાળ, લીલાંછમ, પોતાનો સમગ્ર વૈભવભંડાર લઈને અરૂણાચલ પર્વતની સેવામાં ઊભેલાં સુંદર ખેતરો ને જુદી જુદી જાતના બગીચાઓ દેખાય છે. દૂરની ક્ષિતિજમાં અનુરાગશીલ આકાશ અને પૃથ્વીનું ચિરમિલન થતું લાગે છે. એ જોવાને માટે

જાણે કે વાદળાં ટોળે વળ્યાં છે. એ આખુંય દૃશ્ય કેટલું બધું અલૌકિક છે એ તો જે જુએ તે જ માણી ને જાણી શકે.

અરૂણાચલ પર્વત સૌને માટે પ્રેરણાપ્રદાયક અને આનંદકારક છે. દિવસના વ્યવસાય પછી એના શાંત એકાંત વાતાવરણનો લાભ લેવા કેટલાય એની ઉપર આરોહણ કરે છે. કોઈક પ્રકૃતિપ્રેમી સ્ત્રીપુરૂષો એના અપાર પ્રકૃતિવૈભવનો પરિચય કરવા એના હૃદય પર સ્વૈરવિહાર કરે છે, કોઈક ચિત્રકાર ત્યાંનાં કળાત્મક દર્શન કરાવતાં સાનુકૂળ સ્થળોમાં બેસીને ચિત્રો તૈયાર કરે છે, ફોટોગ્રાફરો ફોટા લે છે, તો કોઈક શાંત સંગીતકાર પર્વત પરની એકાંત કુંજનિકુંજોમાં બેસીને અંતરઆત્માને ઓતપ્રોત કરી, ભાવસમાધિમાં ડૂબીને, સુધામય સ્વરલહરી છોડે છે. સ્વાધ્યાયપ્રેમી, ચિંતનશીલ સ્વભાવના તથા જપ ને ધ્યાન જેવી આરાધનાનો આધાર લેનાર અથવા લેવા માગનાર સૌ કોઈને માટે અરૂણાચલ અનુકૂળ છે. એણે વરસો કે યુગોથી જુદા જુદા અસંખ્ય શરણાગતોને શાંતિ આપી છે, અને અંધકારમાં અટવાયલાં અનેકને દિવ્ય પ્રકાશનું દાન કર્યું છે. વરસો ને યુગોથી એણે માતા, પિતા ને ગુરૂ અથવા પથપ્રદર્શકનું કામ કર્યું છે. એણે એકલા માનવોને જ આશ્રય આપ્યો છે એવું થોડું છે ? પશુ, પક્ષી, વનસ્પતિ ને જીવજંતુનો પણ એ આધાર બન્યો છે.

* * *    * * *    * * *    * * *

અરૂણાચલ પર્વત પર ચઢતી વખતે માર્ગમાં આરંભમાં જ એક નાનકડી ગુફા આવે છે. એ સદગુરૂસ્વામીની ગુફા કહેવાય છે. એમાં એકવાર એક કેરલદેશીય સંત રહેલા. એમની સ્મૃતિમાં એનું નામ સદગુરૂસ્વામીની ગુફા પડી ગયેલું. એ રહેવા માટે ખાસ અનુકૂળ ના હોવા છતાં, મહર્ષિ જ્યારે પર્વત પર ચઢ્યા ત્યારે ત્યાં કેટલાક લોકો વાસ કરતા.

એ ગુફાની ઉપરના મંદિરને ‘ગુહ નમઃ શિવાલય’ કહેવામાં આવે છે. એ પણ છે તો એક નાની સરખી ગુફા જ, પણ મંદિરના નામે ઓળખાય છે.

ત્યાંથી અરૂણાચલ પર્વતના આકર્ષક પ્રદેશમાં આગળ વધતાં વિરૂપાક્ષી ગુફાનું દર્શન થાય છે. એ ગુફા ખૂબ જ લોકપ્રિય ને પ્રસિદ્ધ છે. અરૂણાચલ પર્વત પર આવેલાં સઘળાં સ્થળોમાં એ સૌથી અધિક આકર્ષક, સુંદર અને સાનુકૂળ મનાય છે. એની સાથે પુરાતન આધ્યાત્મિક સાધનાત્મક ઈતિહાસ સંકળાયેલો છે કે વિરૂપાક્ષી દેવ નામના કોઈક સમર્થ સંતપુરૂષે એ એકાંત આધ્યાત્મિક પરમાણુઓથી ભરેલી સુંદર ગુફામાં વરસો પહેલાં લાંબા વખત લગી વાસ કરેલો. એ સમર્થ સંતપુરૂષની સાધનાનો પ્રભાવ ત્યાં આજે પણ જણાઈ આવે છે. જનસમુદાયથી દૂર આવેલાં આવાં એકાંત પર્વતીય સ્થળોમાં વરસો સુધી વસીને સાધનાપરાયણ જીવન જીવવાનું કામ કાંઈ સહેલું નથી.

વિરૂપાક્ષી દેવ એ જમાનાના એક નિષ્ઠાવાન સાધક તથા સર્વશ્રેષ્ઠ સંત હતા એમાં સંશય નથી. વિવિધ સ્થળોમાં વિચરણ કરતા એક ધન્ય દિવસે પવિત્ર પળે એ અહીં આવી પહોંચ્યા. આજુબાજુનું હૃદયંગમ લોકોત્તર પ્રાકૃતિક સૌન્દર્ય દૃશ્ય દેખીને એમનું અંતર શાંતિ અનુભવવા લાગ્યું. અને એ સ્થાનને પોતાની સાધનાભૂમિ તરીકે પસંદ કરીને એમણે ત્યાં આસન લગાવ્યું.

અરૂણાચલની એકાકી ભૂમિ એમને લીધે અલંકૃત બની, એ મહાપુરૂષનાં દર્શન ને સંસર્ગથી ધન્ય થઈ. એમની ઉત્કટ આરાધના ને કઠોર સુદીર્ઘ સાધનાની એ પવિત્ર પર્વતમાળા સાક્ષી રહી. એમની સાથે પોતાના નામને જોડીને એણે વિશેષ ગૌરવ ધારણ કર્યું. એ વધારે મહિમાવાળી થઈ.

અરૂણાચલ પર્વતનો એ પવિત્ર પ્રદેશ ખૂબ જ પસંદ પડવાથી વિરૂપાક્ષી દેવ જીવનના છેલ્લા શ્વાસ સુધી ત્યાં જ રહ્યા. એ એકાંત ગુફામાં એમણે યોગધારણાનુસાર મનને બાહ્ય વિષયોમાંથી વિમુક્ત કરીને, પરબ્રહ્મ પરમાત્મામાં જોડીને, છેવટની સમાધિ લીધી. એ મહાન સાધનાકર્મની સ્મૃતિ રૂપે વિરૂપાક્ષી ગુફામાં આજે પણ એમની સમાધિ છે. ગુણજ્ઞ ગુફાએ કૃતજ્ઞભાવે એ સમર્થ સંતપુરૂષની સુમધુર સ્મૃતિને એ રીતે સાચવી રાખી છે. એને જો સામાન્ય માનવના જેવી વાચા હોત તો એ લોકોત્તર યોગીપુરૂષના તેમ જ એના નિર્માણકાળથી માંડીને આજ સુધી એનો આશ્રય લઈને સાધના કરનારા બીજા કેટલાય સાધકો ને સિદ્ધોના કાળના પ્રવાહમાં મળી ગયેલા સાધનામય જીવનવૃત્તાંતની વિવિધ વાતો વહેતી કરત. એણે અત્યાર સુધી કેવળ દ્રષ્ટાભાવે જ કામ કર્યું છે ને વિભિન્ન પ્રકારનાં વ્યક્તિત્વની અસરોનો અનુભવ કરીને એમનાં સંવેદનોને પોતાના શાંત હૃદયમાં જ સમાવી રાખ્યાં છે.

જનતાએ એ લોકોત્તર, અસાધારણ સામર્થ્યવાન, સંતપુરૂષના પરમ પ્રતાપી વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને ત્યાં કોઈ મંદિર ના રચ્યું, મૂર્તિ ના કરી, કોઈ નાની મોટી સંસ્થા કે ગાદી પણ ચાલુ ના કરી, પરંતુ એમની સાધના સાધનાત્મક સૌરભની ચિરસ્મૃતિરૂપે એ ગુફાને એમના નામથી જ ઓળખવા માંડી –વિરૂપાક્ષી ગુફા. સ્નેહ તથા શ્રદ્ધાનું એથી અધિક ઉત્તમ, આદર્શ, સુંદર સ્મારક બીજું કયું હોઈ શકે ? એથી અધિક અનુરાગયુક્ત અંજલિ બીજી કઈ ને કેવી રીતે આપી શકાય ?

વિરૂપાક્ષી ગુફાની મુલાકાત લઈએ છીએ ત્યારે એ મહાપુરૂષની સ્મૃતિ આજે પણ તાજી થાય છે. અતીતકાળના આવરણને ભેદીને બહાર આવતી એમની મધુમય મુખાકૃતિ મનને મોહિત કરે છે ને મુગ્ધભાવે ભરી દે છે. તપશ્ચર્યાના પ્રકાશપુંજથી પ્રકાશતી એમની અમીમયી આકૃતિ અંતરમાં એમને માટેના અપાર આદરભાવની સૃષ્ટિ કરે છે. એમના અગ્નિશિખા સરખાં ચળકતાં તેજસ્વી નેહાળ નેત્રો કાળજાને કામણ કરે છે. યુગોનાં પ્રશાંત પડળોને ભેદીને પ્રકટ થયેલી એ મનહર મૂર્તિને મન વારંવાર વંદન કરે છે ને પ્રેમપૂર્ણ પ્રશસ્તિ ધરે છે. એવું લાગે છે કે વિરૂપાક્ષી દેવ આ સુંદર શાંત સ્થળ છોડીને બીજે ક્યાંય નથી ગયા : એ અહીં જ છે, આ જ ગુફામાં એના અણુઅણુમાં ભળી ગયા છે અને આપણને નીરખીને અનુપ્રાણિત કરી રહ્યા છે. અલબત્ત, પહેલાં સ્થૂલ રૂપે પાર્થિવ રૂપરંગ ને વેશમાં હતા તો હવે સૂક્ષ્મ રૂપે અપાર્થિવ રૂપરંગ ને વેશમાં છે. એટલે એમને જોવા, જાણવા કે અનુભવવા માટે આંતરદૃષ્ટિની જરૂર પડશે. એ આંતરદૃષ્ટિની પ્રાપ્તિ એમના અનુગ્રહના પરિણામે જ થઈ શકશે. વિરૂપાક્ષી દેવ એ દૈવી દૃષ્ટિનું દાન કરવા માટે તત્પર બનીને જાણે કે અદ્રષ્ટ રીતે ગુફામાંથી ગુંજન કરી રહ્યા છે : **दिव्यं ददामी ते चक्षुः पश्य मे योगमैश्वरम् ।**

વિરૂપાક્ષી ગુફા બહારથી જોતાં ઓમકારની આકૃતિને મળતી આવે છે. સાધના માટે એનું વાતાવરણ બધી રીતે અનુકૂળ છે. બહારની પવનલહરીઓ એની અંદર પ્રવેશીને એની દીવાલો સાથે અથડાય છે ત્યારે એમાંથી પ્રણવધ્વનિને મળતો એક પ્રકારનો અનહદ નાદ પેદા થાય છે. એ નાદ ચિત્તને આનંદ આપે છે. એનું શ્રવણ કરવાથી મન સહેલાઈથી એકાગ્ર ને શાંત થાય છે ને પોતાની અંદર–આત્માના અસીમ પ્રદેશમાં

ડૂબી જાય છે. જે અનહદ નાદને જગાવવાની ઈચ્છાથી પ્રેરાઈને યોગીઓ જુદી જુદી જાતની સાધના કરે છે તે નાદનો લાભ સાધકને અહીં આપોઆપ મળી જતાં એનો સાધનામાર્ગ સરળ બને છે.

* * *    * * *    * * *    * * *

વિરૂપાક્ષી ગુફાની ઉત્તરમાં ‘મુલૈ પાલ તીર્થ’ નામે સ્થળ છે. એને સ્તન્ય તીર્થના નામથી પણ ઓળખવામાં આવે છે. એની બાજુમાં એક આમ્રવૃક્ષ છે. એની નીચે જે ગુફા છે તે એના નામ પરથી આમ્રગુફા કહેવાય છે.

મુલૈ પાલ તીર્થમાં હમેશાં મીઠું ને નિર્મળ પાણી મળી રહે છે. લોકોમાં એવી દંતકથા ચાલી આવે છે કે એ તીર્થ માતા અંબિકાના પરમ પ્રસાદરૂપ છે.

ગુહ નમઃ શિવાલયની પાસે આવેલા પાદતીર્થ વિશે કહેવાય છે કે એ ભગવાન શંકરના અંગૂઠાના બળથી પેદા થયું છે.

આમ્રગુફા ને વિરૂપાક્ષી ગુફાઓની ઉપર જઈએ તો સ્કંદાશ્રમનું દર્શન થાય છે. એ સ્થાન ખૂબ જ સુંદર ને શાંત છે. એની બાજુમાં થઈને પાણીનું એક નાનકડું ઝરણું વહી જાય છે. ત્યાં નાળિયેરી ને આમ્રવૃક્ષોનો નાનકડો બાગ પણ જોવા મળે છે.

સ્કંદાશ્રમમાં એક ભોજન બનાવવા માટે ને એક રહેવા માટે એમ બે ઓરડા છે અને બાજુમાં બે ઓટલા છે.

એ સુંદર આશ્રમ તિરુવણ્ણામલૈ શહેરથી જોઈ શકાય છે. એની સ્થાપનામાં મહર્ષિનો ફાળો ઘણો મોટો છે. કહે છે કે ત્યાં પ્રકટેલા ઝરણને જોઈ એમના શિષ્યોને એ સ્થળ ખૂબ જ પસંદ પડ્યું અને ત્યાં એમણે એમના સંયુક્ત પુરુષાર્થથી આશ્રમનું નિર્માણ કર્યું. પરંતુ એ વાતનો ઉલ્લેખ આગળ પર આવશ્યક્તાનુસાર કરીશું. આપણે જેની સાથે સવિશેષ સંબંધ છે એ અરૂણાચલ પર્વતનું આવી રીતે વિહંગાવલોકન કરીને એની ઉપરનાં ખાસ ખાસ સ્થળોની પૂર્વમાહિતી મેળવી લીધી. આપણે માટે એ માહિતી પર્યાપ્ત છે  એટલું જ નહિ, આવશ્યક પણ છે; કારણ કે અરૂણાચલ પર્વત પર પહોંચીને મહર્ષિ એ સ્થળોમાં રહ્યા હોવાથી એમનો હવે પછીનો જીવન ઈતિહાસ એમની સાથે અતૂટ રીતે ને સૂક્ષ્મપણે સંકળાયો છે.

અરૂણાચલ પર્વત પર ચઢતી વખતે મહર્ષિને શી ખબર કે એ આરોહણ કેવળ પાર્થિવ પર્વતનું જ આરોહણ નથી પણ જીવનનું ઊર્ધ્વગામી ઉત્તમોત્તમ આધ્યાત્મિક આરોહણ છે ! એ આરોહણ એમની આંગળી પકડીને પરમ પ્રેમથી અહીં સુધી લાવનાર અને એમને આત્મવિકાસના ક્ષેત્રે ઉત્તરોત્તર સફળતાપૂર્વક આગળ વધારનાર સર્વાન્તર્યામી, સર્વસાક્ષી, સર્વસમર્થ, પરમપિતા ભગવાન અરૂણાચલ જ કરાવી રહ્યા છે અને એ પણ એટલા માટે કે એમની આત્મસાધનાની રહીસહી ક્ષતિની પૂર્તિ થાય, એ પરમસિદ્ધિથી સંપન્ન થાય, અને એમનું જીવન અરૂણાચલ પર્વત જેવું પ્રશાંત, ધીરગંભીર અને મહિમામય બનીને ભારત તેમ જ સમસ્ત જગતને માટે જ્યોતિર્મય બની જાય કે અમૂલખ થાપણરૂપ થાય !

☼ ☼ ☼ ☼ ☼

## (૧૫) વિરૂપાક્ષી ગુફામાં

મહાયોગી ભર્તૃહરિ પોતાના પ્રસિદ્ધ ગ્રંથ વૈરાગ્યશતકમાં કહે છે :

'ગિરિની ગુફાઓમાં રહેનારા ને પરમાત્માની પરમ જ્યોતિનું નિરંતર ધ્યાન ધરનારા મહાત્મા પુરૂષોનાં જીવન ખરેખર ધન્ય છે; જેમની આંખનાં આત્માનુભૂતિના પરિણામે આવતાં અશ્રુ એમના ખોળામાં બેઠેલાં પંખી કોઈ પણ પ્રકારના ભય કે સંકોચ સિવાય પ્રસન્નતાપૂર્વક પીએ છે. અમારાં જીવન તો મનોરથોની મદદથી તૈયાર થયેલા કલ્પનાજન્ય રાજપ્રસાદની વાવના તટ પર આવેલા સુંદર ઉપવનમાં રમત રમવાની ઉત્સુકતા સેવતાં જ અથવા સુખ, શાંતિ, આનંદ અને જીવનની ધન્યતાની અનુભૂતિની કલ્પનાઓમાં જ નિરર્થક વીતી જાય છે.'

એ સુંદર શ્લોકમાં દોરવામાં આવેલાં બે ઉત્તમ સર્વાંગસુંદર રેખાચિત્ર સુખની લાલસાથી વિષયોના મિથ્યા મૃગજલ પાછળ પડનારા સામાન્ય સાંસારિક માણસોનું છે, એ એમની મનોદશાનું દર્શન કરાવે છે. જ્યારે પહેલું રમણીય, અદ્દભુત કવિકલ્પનાયુક્ત રેખાચિત્ર કોઈક વિરલ કોટિના અપવાદરૂપ, અંતરંગ સાધનામાં ડૂબેલા, આત્માની અપરોક્ષ અનુભૂતિ કરીને કૃતાર્થ થયેલા મહાપુરૂષનું છે. એ સારગર્ભિત સરસ રેખાચિત્ર રમણ મહર્ષિને લાગુ પડે છે અથવા એમનું સ્મરણ કરાવે છે.

મહર્ષિ પણ અરૂણાચલ પર્વત પરની ગુફામાં રહીને પરમાત્માની પરાત્પર જ્યોતિનું નિરંતર ધ્યાન કરતા પોતાના જીવનની ધન્યતાનો એકધારો અનુભવ કરી રહેલા. વનનાં પશુપક્ષીઓ એમની પાસે નિઃસંકોચપણે નિર્ભય બનીને વિહાર કરતાં. દુન્યવી ઈચ્છાઓ, લાલસાઓ અને મહત્વાકાંક્ષાઓ તેમ જ મનોરથોની ઉપર એમણે પાણી ફેરવી વાળેલું. એમની અભિલાષા અથવા આકાંક્ષા એક જ, આત્મિક જગતમાં વધારે ઊંડે ઊતરવાની અને અનુભૂતિનાં મહામૂલ્યવાન મોતીને પ્રાપ્તિ કરવાની હતી. એમના દર્શનથી વેદ અને ઉપનિષદકાળના પ્રાતઃસ્મરણીય ઋષિવરોની સ્મૃતિ થઈ આવતી. સંસ્કૃતિના ઉષઃકાળમાં એમનામાંના કેટલાય સાધનારત ઋષિવરો એકાંત અરણ્યોમાં, સુંદર શાંત સરિતાના તટપ્રદેશમાં, ને પ્રશાંત પર્વતમાળાઓમાં વાસ કરતા ને જીવન તથા જગતના, જન્મ ને મરણના રહસ્યને ઉકેલવાના પ્રયત્નો આદરતા. એમની અનુભૂતિઓના ઝબકારા જુદાં જુદાં ઉપનિષદો ને દર્શનશાસ્ત્રોમાં જોવા મળે છે.

રમણ મહર્ષિ એ પ્રાતઃસ્મરણીય મહાપ્રતાપી તપસ્વી પુરૂષોની પરંપરામાં જ પ્રકટ થયેલા. એ પરંપરાને એ સાચા અર્થમાં શોભાવવાના હતા.

* * * * * * * * * * * *

અરૂણાચલ પર્વત પર એ સૌથી પહેલાં ક્યાં રહ્યા ? વિરૂપાક્ષી ગુફામાં. આમ તો સંજોગો જેમ જેમ બદલાતા ગયા તેમ તેમ એમણે એમને આધીન રહીને પર્વત પરનાં જુદાંજુદાં સ્થળોમાં થોડાક અથવા વધારે વખત સુધી વાસ કરીને સાધનાનો આધાર લીધો; પરંતુ એ સઘળાં સ્થાનોમાં એમનો સવિશેષ સંબંધ તો એ વિરૂપાક્ષી ગુફા સાથે જ રહ્યો અને રહે એ આવશ્યક પણ હતું; કારણ કે પર્વત પરની બીજી બધી જ ગુફાઓ કરતાં એ વધારે એકાંત અને અનુકૂળ હતી.

પલનિ સ્વામી જેવા પ્રેમી ભક્તપુરૂષ એમના સાથને કેવી રીતે છોડી શકે ? એમનો સ્વર્ગીય સાથ છોડવાનો વિચાર પણ એમને કેવી રીતે આવી શકે ? એ મહર્ષિની સાધનાના સાક્ષી બનીને જુદા જુદા અનુકૂળ પ્રતિકૂળ સંજોગોમાં એમની સાથે જ રહેતા ને એમની સેવા કરતા. એથી એમને અસાધારણ આનંદ મળતો.

મહર્ષિની પ્રતિષ્ઠાની સુવાસ દિન-પ્રતિદિન એવી ચોક્કસ રીતે ફેલાવા લાગી કે લોકો પર્વત પર ચઢીને પણ એમનાં દેવદુર્લભ દર્શને આવવા અને એમને માટે જુદીજુદી જાતની ભિક્ષા લાવવા લાગ્યા.

ધીરેધીરે મહર્ષિની સેવા તથા સંગતિમાં રહેનારા જિજ્ઞાસુ ભક્તોની સંખ્યા પણ વધતી ગઈ. એમની ઉપસ્થિતિ એ મહાપુરૂષને માટે જરા પણ વિક્ષેપકારક નહોતી થતી. સાધનાના એકધારા નિયમિત અખંડ અનુષ્ઠાન દ્વારા એ એવી અસાધારણ અવસ્થાએ આસીન થયા હતા કે જે અવસ્થા લોકસમૂહની વચ્ચે વસવા છતાં અથવા એકાંતમાં રહેવા છતાં પણ એકસરખી ટકી રહે. બાહ્ય પરિસ્થિતિ એની ઉપર પોતાનો પ્રભાવ નહોતી પાડી શકતી. ગીતાના બીજા અધ્યાયની પરિભાષામાં કહીએ તો એ સ્થિતપ્રજ્ઞની દૈવી દશાએ પહોંચી ચૂક્યા હતા. એમની આત્માનુસંધાન–વૃત્તિ અને આત્મદૃષ્ટિ સઘળા સંજોગોમાં એકસરખી ટકી રહેતી.

ગુફાના વ્યવસ્થાપકોના બે પક્ષોમાંથી એક પક્ષનો કોર્ટમાં જ્યારે વિજય થયો ને વિરૂપાક્ષી ગુફાના સ્થાન પર એનો અધિકાર પ્રસ્થાપિત થયો ત્યારે એ સફળ પક્ષે કાર્તિક મહોત્સવના શુભાવસર પર એ સુંદર સ્થાનની મુલાકાત લીધી અને પ્રત્યેક પ્રવાસી પાસેથી થોડીક ફી લેવા માંડી.

શરૂઆતમાં અથવા પહેલાંના વખતમાં તો ઘણા જ ઓછા, આંગળીને વેઢે ગણાય એટલા લોકો એ એકાંત સ્થાનવિશેષની મુલાકાત લેતા; પરંતુ હવે ? હવે તો પરિસ્થિતિ તદ્દન પલટાઈ ગયેલી. મહર્ષિના આગમન અને આવાસને લીધે એનું વાતાવરણ વધારે વિશદ બનેલું. મહર્ષિએ પોતાની ઉપસ્થિતિથી એને જીવંત તીર્થ કરી દીધેલું. એ પોતે એ તીર્થના પ્રત્યક્ષ દેવતા હતા. એમનાં દર્શન તથા સમાગમની ઈચ્છાથી પ્રેરાઈને લોકો ઘણી મોટી સંખ્યામાં ટોળે વળતા. કાર્તિક સિવાયના બીજા બધા મહિનાઓમાં પણ પરિસ્થિતિ એવી જ રહેતી. ઉત્સાહઘેલા ભાવિક લોકો નિરંતર અરૂણાચલ પર્વત પર ચઢતા જ રહેતા. એમનું લક્ષ્ય એક જ રહેતું—વિરૂપાક્ષી ગુફા અને એમાં રહેતા મહાપુરૂષ મહર્ષિ રમણ.

અલબત્ત, વિરૂપાક્ષી ગુફાની આસપાસના સૌંદર્યસભર દ્રશ્યનો, ત્યાંના વિશાળ સુંદર વૃક્ષોનો ને જળપ્રવાહનો આસ્વાદ લેવા ને ઉજાણી કરવા માટે એ સુંદર સ્થળમાં એકઠા થનારા રસિયા જનોનો પણ તોટો ન હતો. વનમાં સ્વૈરવિહાર કરવામાં ને જીવનમાં આનંદ—જો એને આનંદ કહી શકાય તો—લૂંટવામાં રસ ધરાવનારાં તત્વો પણ કોઈ કોઈ વાર એ પવિત્ર પર્વતીય પ્રદેશની સહેલગાહે સાનુકૂળતા સાંપડતાં નીકળી પડતાં. તો પણ એવાં તત્વોની સંખ્યા એકદમ ઓછી રહેતી, અત્યંત અલ્પ, ને મોટા ભાગના મુસાફરો તો મહર્ષિનાં દર્શનનો લાભ લેવા માટે જ આવી પહોંચતા. મહર્ષિએ એમના મનને મુગ્ધ કરેલું. એમની પાસે, એમના સ્વર્ગીય સહવાસમાં, એમને શાંતિ મળતી અને અવનવી પ્રેરણાની પ્રાપ્તિ થતી.

ઉત્સવ વખતે તો અરૂણાચલ પર્વત પર જાણે કે માનવમેળો ભરાતો. એ વખતે માનવ દીઠ માત્ર ત્રણ જ પૈસાનો વેરો લેવાતો તો પણ કેટલાક ગરીબ અવસ્થાના પ્રવાસીઓ એટલી નાનકડી રકમ પણ ના ભરી શકતા. પરિણામે એમને મહર્ષિનાં દર્શનની ઈચ્છાને તિલાંજલિ આપીને જ પાછું ફરવું પડતું. પૈસાની

તદ્દન નાનકડી રકમ પણ એમના માર્ગમાં અવરોધક બનતી. ઘેરથી એ કેવીકેવી આશાઓ સાથે આવતા, કેટલા બધા ઉત્સાહથી પર્વત પર ચઢતા, અને આખરે કેટલી બધી ઊંડી નિરાશા સાથે પાછા ફરતાં !

વિરૂપાક્ષી ગુફાના વ્યવસ્થાપકોને એની કશી અસર ના થતી. એ તો પૈસા એકઠા કરવામાં જ આનંદ માનતા અને એને એમનો અધિકાર સમજતા, પરંતુ મહર્ષિથી એ હકીકત કેવી રીતે છૂપી રહી શકે ?

* * *   * * *   * * *   * * *

એક દિવસ એમને ખબર પડી.

પછી તો એમને એનું દુઃખ થઈ આવ્યું. એમના અંતરમાં દીનદુઃખી તથા નિર્ધનને માટે સહાનુભૂતિ હતી. એ કોઈની માલિકીની ગુફામાં તપશ્ચર્યા કરવાની ઉદાત્ત ઈચ્છાથી રહેતા હોય અને કોઈ એને નિમિત્ત બનાવીને એમના નામે પરોક્ષ રીતે કમાણી કરવા માંડે, એમના દર્શન કે સમાગમની ફી લેવામાં આવે, ને ગરીબ લોકોને તે ના ભરી શકવાથી દર્શનની અભિલાષા અધૂરી રાખીને નિરાશ હૃદયે, વિશીર્ણ વદને પાછા ફરવું પડે, એ એમનાથી કેવી રીતે સહન થાય ? એ પરિસ્થિતિ એમને અતિશય અન્યાયપૂર્ણ ને કરુણ લાગી.

એમાં એમને સમાજના સાધારણ સ્તરના લોકોનું શોષણ દેખાયું.

એ પ્રથા સામે પોતાનો મૂક વિરોધ નોંધાવવા માટે એમણે વિરૂપાક્ષી ગુફાનો ત્યાગ કરીને બહારની ખુલ્લી જગ્યામાં એક વૃક્ષ નીચે બેસવા માંડ્યું.

એમણે વિચાર્યું કે કુદરતને ખોળે ઊગેલું ને વિસ્તરેલું આ વિશાળ વૃક્ષ તો કોઈની માલિકીનું નથી ! ત્યાં તો દર્શનાર્થીઓ કોઈપણ પ્રકારના અંતરાય વિના આવીને સહેલાઈથી મારાં દર્શન સમાગમનો લાભ લઈ શકશે !

પરંતુ ગુફાના માલિકોના વિકૃત લોભી માનસની કલ્પના એકાંત પર્વતપ્રદેશમાં રહેતા એ મહાપુરૂષને ક્યાંથી હોય ? એ માનસ પર મલિનતાનાં કેટલાં બધાં ઘોર જાળાં છવાઈ ગયાં છે એનું અનુમાન અહર્નિશ આત્માનુસંધાનમાં સંલગ્ન રહેતા એ મહાપુરૂષ ક્યાંથી કરી શકે ? ગુફાના માલિકોના પ્રતિનિધિ કાંઈ બુદ્ધિબળમાં ઊતરે એવા નહોતા. એ મહર્ષિની પાસે ગુફાની બહારના ઉઘાડા આંગણામાં પણ પહોંચી ગયા ને લોકો પાસેથી દર્શનવેરો ઉઘરાવવા માંડ્યા.

મહર્ષિનું લક્ષ એ નવી પ્રતિકૂળ પરિસ્થિતિ તરફ ગયું. એમને થયું કે મારે વિરૂપાક્ષી ગુફાના ખુલ્લા આંગણામાં વિશાળ વૃક્ષની નીચે પણ શા માટે બેસવું જોઈએ ?

વિરૂપાક્ષી ગુફા એમના આવાસને માટે સર્વપ્રકારે અનુકૂળ હોવા છતાં એની મમતા એમને જરાપણ ન હતી. મમત્વનાં બધાં જ બંધનોને એમણે બહારથી જ નહિ, અંદરથી પણ કાપી નાખેલાં. એટલે ગરીબો પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈને એમને વધારે પડતી મુસીબતમાંથી બચાવવા એમણે વધારે વિલંબ કરવાનું માંડી વાળીને વિરૂપાક્ષી ગુફાનો ત્યાગ કર્યો ને નીચેની સદગુરૂસ્વામીની ગુફામાં ને પછી એની બાજુની બીજી ગુફામાં રહેવા માંડ્યું.

વેરા ઉઘરાવનારા અધિકારીઓએ જાણ્યું કે મહર્ષિ તો બીજી નીચેની ગુફામાં જતા રહ્યા છે અને મધપૂડો દૂર થતાં મધમાખીઓ પણ દૂર જતી રહે, અથવા તીર્થનો લોપ થતાં ભાવિક ભક્તો પણ ત્યાં

આવવાનું બંધ કરે, તેમ દર્શનાર્થીઓએ ઉપર આવવાનું તદ્દન બંધ કર્યું છે ત્યારે એમને પરિસ્થિતિની ગંભીરતાનો બરાબર ખ્યાલ આવી ગયો. જ્યાં સંત હોય ત્યાં એમના ભક્તો કે દર્શનાર્થી હોય એ દેખીતું છે.

પોતાની આવક મહર્ષિના સ્થાનપરિવર્તનને લીધે એકાએક અટકી પડી એ જોઈને આવક લેનારાઓને રોષ થયો. એમણે મહર્ષિને એક અથવા બીજી રીતે મુસીબતમાં મૂકવાના પહેલાં તો પ્રયાસો કર્યા પરંતુ એ પ્રયાસો સફળ ના થવાથી છેવટે એમનું વલણ બદલાયું. એમણે મહર્ષિને જણાવ્યું કે એ વિરૂપાક્ષી ગુફામાં પાછા ફરે તો સારું. એમના રહેવાની વ્યવસ્થા ત્યાં સારી પેઠે થઈ શકશે અને એમને કોઈપણ પ્રકારની તકલીફ નહિ પડે.

પરંતુ દર્શનાર્થીઓ પર જે વેરો લેવામાં આવે છે તેનું શું ? અત્યારે તો એ વેરો દેખીતી રીતે જ બંધ છે; પરંતુ પોતે વિરૂપાક્ષી ગુફામાં રહેવા જાય કે પછી તરત જ ચાલુ થઈ જાય તો ? એનાથી બીજી મોટી તકલીફ કોઈયે ના હોઈ શકે. એ વેરાની પ્રથા સામેના વિરોધમાં તો પોતે એ ગુફાનો ત્યાગ કર્યો છે એટલે એનું સ્પષ્ટીકરણ સૌથી પહેલું થવું જોઈએ.

અને એ સ્પષ્ટીકરણ પણ આખરે થઈ ગયું. વિરૂપાક્ષી ગુફાના અધિકારીઓને છેલ્લા કેટલાક સમયની ઘટનાઓ પરથી મહર્ષિની મહત્તાની, મહાનતાની ને લોકપ્રિયતાની પ્રતીતિ થઈ. મહર્ષિને સમાજના આબાલવૃદ્ધ બધી જાતના લોકો સાચા દિલથી કેટલા બધા ચાહે છે એનો એમને આટલા દિવસોમાં અનુભવ થયો. લોકો એમના સંસર્ગને પોતાનું સદભાગ્ય સમજીને દૂરથી કેટલા બધા ઉત્સાહપૂર્વક એમની આગળ એકઠા થતા ! લોકોની એ ઉત્તમ ધર્મભાવનાનો ઉપયોગ કમાણી માટે કરી શકાય ખરો ? એવો ઉપયોગ શું યોગ્ય ગણાય ? એને ઉપયોગ કહેવાને બદલે દુરુપયોગ જ કહી શકાય.

એમનો આત્મા ડંખી ઊઠ્યો. એમનું દિલ બદલાયું ને દુઃખી થયું. એમણે મહર્ષિને બાંયધરી આપી કે એ વિરૂપાક્ષી ગુફામાં રહેવા માટે પાછા ફરશે તો એમનાં દર્શન માટે આવનારા ભાવિક ભક્તો પાસેથી કોઈપણ પ્રકારનો વેરો નહિ લેવાય. ભક્તો એમનાં દર્શન સમાગમનો લાભ કોઈપણ પ્રકારના સંકોચ સિવાય મુક્ત રીતે લઈ શકશે.

અધિકારીઓની બાંયધરીથી મહર્ષિને સંતોષ થયો. એ પ્રસન્ન થયા. એમને તો એટલું જ જોઈતું હતું. સત્યનો વિજય થયો સમજીને આખરે એક ધન્ય દિવસે એ વિરૂપાક્ષી ગુફામાં પાછા ફર્યા. તે દિવસથી ગુફાના અધિકારીઓએ પોતાની આપેલી બાંયધરી બરાબર પાળી બતાવી. લોકો પણ એ નવા તાજા પરિવર્તનથી પ્રસન્ન થયા. હવે એ કોઈપણ પ્રકારના ભેદભાવ કે ભય વિના મહર્ષિ પાસે આવીને પોતાની મનોકામનાઓ પૂરી કરવા લાગ્યા. મહર્ષિના ત્યાગ અથવા સિદ્ધાંતપાલનનો એ વિજય કાંઈ નાનોસૂનો ન હતો.

પ્રસંગ નાનો હોવા છતાં મહર્ષિના વિવિધરંગી વિશાળ વ્યક્તિત્વને સમજવા માટે ઘણો ઉપયોગી છે. મહર્ષિ એકાંતમાં રહેતા પણ લાગણીહીન કે જડ ન હતા. એમનું અંતર સંવેદનશીલ અને સહાનુભૂતિથી સંપન્ન હતું. એમને પોતાને કોઈ પીડા ના હોવા છતાં એ બીજાની પીડાનો અનુભવ કરતા ને એથી પીગળતા. દીન, હીન અને અસહાયને માટેની એ લાગણી એમના જીવનમાં છેક છેવટ સુધી જોવા મળે છે.

* * *     * * *     * * *     * * *

વિરૂપાક્ષી ગુફાના સુંદર સ્થાનમાં રમણ મહર્ષિ પાછા રહેવા ગયા એટલે એમાં જાણે કે પ્રાણ પ્રકટ્યો. મંદિરના દેવતા જાણે કે મંદિરમાં જાગ્રત થયા. એ એકાંતસ્થાન અગત્યનું તીર્થસ્થાન બની ગયું. લોકો અવારનવાર એમના દર્શન માટે આવીને શાંતિ, પ્રસન્નતા ને પ્રેરણા મેળવવા લાગ્યાં. મહર્ષિ એમના આરાધ્ય દેવ બની ગયા.

વિરૂપાક્ષી ગુફાનું સ્થાન શિયાળાની ઋતુ માટે તો અનુકૂળ હતું પરંતુ ઉનાળાના દિવસોમાં પ્રતિકૂળ લાગતું. ઉનાળામાં બાજુનું નાનું ઝરણ તદ્દન સુકાઈ જતું, ગુફામાં પવનની લહરી પણ ના પ્રવેશતી અને એથી થોડીક તકલીફ થતી. એ તકલીફને દૂર કરવાનો માર્ગ પણ આપોઆપ થઈ ગયો.

મુલૈ પાલ તીર્થમાં સદા મીઠું પાણી રહેતું. એ તીર્થની પાસેના આમ્રવૃક્ષની નજદીક એક ગુફા હતી તે આમ્રવૃક્ષને લીધે આમ્રગુફા કહેવાતી. એ ગુફા મહર્ષિ જ્યારે આરંભમાં અરૂણાચલ પર્વત પર આવ્યા ત્યારે રહેવા યોગ્ય ન હતી. પરંતુ થોડોક વખત વીત્યા પછી અધ્યાત્મપથના પ્રેમી રંગાચાર્ય નામના સદગૃહસ્થે એમના ભાઈ રામાનુજાચાર્ય સાથે ત્યાં જઈને એને આવાસયોગ્ય કરી દીધી. ગુફા પરના ભીમકાય પથ્થરને તોડાવીને એમણે ગુફાને વિશાળ વનાવી. એની આગળ એક દીવાલની રચના કરીને એમાં દરવાજો કરાવ્યો. એ દરવાજાને તાળું મારી શકાય એવા પ્રબંધ કરી દીધો. પછી એમણે મહર્ષિને એમાં રહેવા આવવાનું આમંત્રણ આપ્યું. એ આદરયુક્ત અનુરાગપૂર્ણ આમંત્રણનો સ્વીકાર કરીને મહર્ષિએ ઉનાળાના કેટલાક દિવસો દરમિયાન ત્યાં રહેવા માંડ્યું. એવી રીતે અરૂણાચલ પર્વત પરની એ ગુફા પણ એમના આવાસથી પાવન થઈ. ગુફા હતી તો ઘણી નાની, પરંતુ એમાં રહેનારા મહાપુરૂષ ઘણા મોટા હોવાથી પ્રખ્યાતિને પામી ગઈ. મહાન આત્માઓના સંસર્ગથી નાની વસ્તુઓ પણ મહિમા ધારતી ને યશસ્વી બનતી હોય છે એ સર્વવિદિત છે.

* * *    * * *    * * *    * * *

આગળ પર આપણે જણાવ્યું છે તેમ મહર્ષિ જ્યાં પણ જતા ત્યાં પલનિ સ્વામી એમની સાથે છાયાની પેઠે ફરતા રહેતા કે વાસ કરતાં. વિરૂપાક્ષી ગુફામાં પણ એ એમની સાથે જ હતા. એમની સેવા કરવામાં એમને અનેરો આનંદ આવતો. એમનું જીવન એ મહાપુરૂષની સેવા માટે જ હતું અથવા સમર્પિત થયેલું એમ કહીએ તો ચાલે.

પલનિ સ્વામીની પેઠે મહર્ષિની લોકોત્તર યોગ્યતાથી પ્રભાવિત થઈને બીજા કેટલાક ભક્તો ને પ્રશંસકો પણ એમની સાથે વિરૂપાક્ષી ગફામાં અને અન્યત્ર રહેવા લાગ્યા. મહર્ષિની પાસે દર્શનાર્થી જિજ્ઞાસુઓ ને ભક્તો મોટી સંખ્યામાં આવતા ને ફળ, દૂધ ને ભિક્ષા લાવતા; પરંતુ તે પદાર્થો સૌને માટે પૂરતા ન હતા. મહર્ષિ જે મળે તે સાથે મળીને વહેંચીને ખાવાનો આગ્રહ રાખતા. એકલપેટાપણાની વૃત્તિ એમને પહેલેથી જ પસંદ નહોતી પડતી. એટલે પર્વત પર રહેનારા બધાને માટે જરૂરી ભોજનનો પ્રબંધ કરવો પડતો. એ હેતુની સિદ્ધિ સારુ પલનિ સ્વામી અને મહર્ષિના બીજા થોડાક ભક્તો તિરુવણ્ણામલૈ શહેરમાં ભિક્ષા માગવા માટે નીકળી પડતા. એ બધા પરમાત્માની પ્રાર્થના કરતા ને વચ્ચે વચ્ચે શંખ વગાડતા પસાર થતા. જે કાંઈ ભિક્ષા મળતી તે બધા પર્વત પર લાવતા ને ઈશ્વરનો પ્રસાદ માનીને પરસ્પર વહેંચીને પ્રેમપૂર્વક આરોગતા.

ભિક્ષા માગવા નીકળતી વખતે ગાવા લાયક કોઈક સરસ ગીત લખી આપવાની એક ભક્તે એક દિવસ મહર્ષિને પ્રાર્થના કરી. એ પ્રાર્થના લક્ષમાં લઈને એમણે તત્વજ્ઞાન તથા ભક્તિભાવના સુભગ સમન્વયવાળું એક ભાવવાહી સરસ કાવ્ય રચી આપ્યું. ભક્તો ભિક્ષા માગતી વખતે એ કાવ્ય ગાતા. એને સાંભળીને લોકો અદભુત ભક્તિભાવથી ભરાઈને મંત્રમુગ્ધ બની જતા ને અત્યંત પ્રેમપૂર્વક ભિક્ષા આપતા. એ કાવ્ય મહર્ષિની ઉત્તમ, નૈસર્ગિક, કવિત્વશક્તિના સુંદર નમૂનારૂપ હતું.

* * *      * * *      * * *      * * *

અરૂણાચલ પર્વત પરની જુદી જુદી ગુફાઓમાં ને ખાસ કરીને વિરૂપાક્ષી ગુફામાં મહર્ષિ પોતાનો સઘળો સમય પર્વતની નીચે રહેતા ત્યારે જેવી રીતે પસાર કરતા તેવી જ રીતે અખંડ આત્માનુસંધાન, આત્મચિંતન ને ધ્યાનમાં પસાર કરતા. સમાધિની સર્વોત્કૃષ્ટ અવસ્થા એમને અત્યંત પ્રિય હતી અને એમને માટે સહજ બની ગયેલી. આત્મસાક્ષાત્કારની અનુભૂતિને લીધે એ જીવનમુક્તિના આનંદનો અનુભવ કરતા રહેતા. એમનું જીવન જાણે કે ધન્ય બનેલું. સંસારમાં એ જાણે સૌથી વધારે ને સાચા અર્થમાં સૌભાગ્યશાળી હતા.

☼ ☼ ☼ ☼ ☼

## (૧૬) વાનરોની વાત

અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફાનો નિવાસ એકંદરે આનંદમય હતો. એ દિવસો વિવિધ પ્રકારના અનુભવોમાં પસાર થઈ જતા.

છતાં પણ પર્વત પર બીજી જાતની પ્રતિકૂળતાઓ હતી જ નહિ એવું ન હતું.

અનુકૂળતા ને પ્રતિકૂળતાની દ્વંદ્વાત્મક ક્રીડાઓ સંસારમાં સર્વત્ર ચાલ્યા જ કરે છે. એક તરફ શીતળ છાયા હોય છે ને બીજી બાજુએ તીક્ષ્ણ તાપ દેખાય છે. એક બાજુએ અન્ન ને બીજી તરફ અછત. દીપકના પ્રકાશની પાસે જ અંધકારનું આવરણ હોય છે ને દિવસની પાછળ રાત તથા રાતની પાછળ દિવસ. ભરતીની પાછળ ઓટની અને ઓટની પાછળ ભરતીની તથા ગુલાબની સાથે જ કંટકની સૃષ્ટિ થાય છે એ શું સૂચવે છે ? એ જ જીવન કે પણ એવું દ્વિવિધ છે ને માનવે એમાં રહીને સહન કરતાં ને વિકાસ સાધતાં શીખવાનું છે. એણે કોઈને અભિશાપ નથી આપવાનો ને કશાની સાથે લડવા ઝઘડવાનું પણ નથી. સૌનો સદુપયોગ કરીને ને સૌમાંથી માર્ગ કાઢીને એણે ધીરજ, હિંમત, તિતિક્ષા અને વિવેકપૂર્વક આગળ વધવાનું છે.

* * *      * * *      * * *      * * *

પર્વત પર બીજી બધી રીતે આરામ હતો પરંતુ કીડા ને મંકોડાનું પ્રમાણ પુષ્કળ રહેતું. છતાં પણ મહર્ષિ એમને કોઈ પણ પ્રકારનું કષ્ટ પહોંચાડવાની તદ્દન વિરૂદ્ધ હતા. એમની દૃષ્ટિ એ સંબંધમાં જરાક જુદી ને વિલક્ષણ હતી. એ કહેતા કે આ એકાંત અરણ્યમાં ખરું રાજ્ય તો એમનું છે. આપણે તો એમના આદરણીય પ્રિય અતિથિ છીએ. એમને પીડા પહોંચાડવાનો કે એક અથવા બીજી રીતે હેરાન કરવાનો આપણને જરા પણ અધિકાર નથી.

પર્વત પર સાપ ને વીંછી પણ વાસ કરતા. એમના સંબંધમાં એમનો અભિપ્રાય પણ એવો જ પ્રેમમય, નિર્ભય ને ઉદાર હતો. એ સાપ ને વીંછીને મારવાની ને ઈજા પહોંચાડવાની વિરૂદ્ધ હતા. એ કહેતા કે આપણે એમના પ્રદેશમાં આવીને એમની શાંતિમાં ખલેલ પહોંચાડીને એમનો નાશ કરવાના પ્રયત્નો કરીશું તો એ ક્યાં જશે ? એમને એમના વંશપરંપરાગત પુણ્યપ્રદેશમાં વસવાનો ને વિહરવાનો પૂરેપૂરો અબાધિત અધિકાર છે.

વીંછીઓએ જુદે જુદે વખતે એમને ત્રણ વાર ડંખ માર્યા. તો પણ એમને એમનું ઝેર ના ચઢ્યું. એટલે એ ડંખ એમને માટે પ્રાણઘાતક ના ઠર્યા. અરૂણાચલ પર્વત પર સાપનું સામ્રાજ્ય પણ સારા પ્રમાણમાં હોવા છતાં એમણે એમને કશી હાનિ ના પહોંચાડી. સાપ પણ એમના અસાધારણ આધ્યાત્મિક પ્રભાવથી પ્રભાવિત થયા હોય એવું લાગવા માંડ્યું.

એકવાર પર્વત પરના સ્કંદાશ્રમમાં એક સાપ આવી પહોંચ્યો. એ વખતે મહર્ષિની માતા અલઘમ્મા ત્યાં જ નિવાસ કરતાં. સાપને દેખીને એ ખૂબ જ ભયભીત બની ગયાં ને બૂમ પાડી ઊઠ્યાં. પરંતુ મહર્ષિ જરા પણ ભયભીત ના બન્યા. એ સંપૂર્ણ શાંતિપૂર્વક એની પાસે જઈને ઊભા રહ્યા એટલે એ થોડા વખત પછી ચાલવા માંડ્યો ને ત્યાંથી વિદાય થઈ ગયો.

પરંતુ વિદાય થવા છતાં ત્યાંથી કાયમને માટે એટલી સહેલાઈથી જતા રહેવાની એની ઈચ્છા ના હોવાથી થોડેક દૂર જઈને એ બે પથ્થરોની વચ્ચે રોકાઈ રહ્યો. ત્યાંથી ફણા ફેલાવીને ભયગ્રસ્તને વધારે ભયભીત બનાવવા માગતો હોય તેમ એ ભારે ગૌરવ કે રુઆબપૂર્વક ઊભો રહ્યો, ને મહર્ષિ તરફ સ્થિર દૃષ્ટિથી જોવા લાગ્યો.

મહર્ષિ પણ સ્થિર દૃષ્ટિથી એની તરફ જોવા માંડ્યા.

થોડોક વખત એવી રીતે વીતી ગયો એટલે સાપમાં જાણે કે એકાએક પરિવર્તન થયું. એની રહીસહી ભીતિ ભાગી ગઈ. એને મહર્ષિની ને બીજા આશ્રમવાસીઓની શુભ ભાવનામાં વિશ્વાસ થયો. એ ધીમે ધીમે પથ્થરની વચ્ચેથી બહાર નીકળીને મહર્ષિની પાસે આવી પહોંચ્યો. એ જ્યારે આગળ વધતો વધતો એમના પગ પાસે આવ્યો ત્યારે એમણે પોતાનો પગ હઠાવી લીધો. એ પછી સાપ એ શાંત સ્થળમાંથી બીજે ચાલ્યો ગયો.

એ પછી તો એ સાપ મહર્ષિનાં દર્શન માટે અને એમની આજુબાજુના વાતાવરણનો લાભ લેવા માટે આવતો હોય એમ અવારનવાર એ ભૂમિમાં આવ્યા કરતો. આશ્રમવાસીઓ પણ એનાથી ટેવાઈ ગયેલાં. એ મહર્ષિની તદ્દન પાસે પહોંચી જતો ને એમના શરીર પર ચઢવાનો પ્રયત્ન કરતો.

એ સાપની અને સ્કંદાશ્રમની આજુબાજુ તથા સ્કંદાશ્રમમાં રહેતા મોરોની વચ્ચે મિત્રતા હતી. સાપ ને મોર વચ્ચે મિત્રતાનો સંબંધ ભાગ્યે જ હોય છે. એમની અંદર પ્રેમના નહિ પણ વેરના સ્વભાવગત સંસ્કારો મોટે ભાગે જોવા મળે છે. એ સ્વભાવગત વિષમ સંસ્કારો ત્યાંના વિશુદ્ધ વાતાવરણના પ્રભાવથી કે બીજા કોઈ કારણથી જાણે કે મટી ગયેલા અને એમને ઠેકાણે પ્રેમ, અભય ને મિત્રતાના સુભગ સંસ્કારો સ્થાપિત થયેલા. એ ચમત્કાર કાંઈ ઓછો આશ્ચર્યકારક ન હતો. પ્રાચીન કાળના પ્રાતઃસ્મરણીય વીતરાગ તપઃપૂત ઋષિ મુનિઓના સંબંધમાં કહેવાય છે કે એમના આશ્રમમાં હિંસક જીવો પોતાની હિંસાનો પરિત્યાગ કરીને પ્રેમભાવે વિહરતા. મહર્ષિના સંબંધમાં એ વિધાન સંપૂર્ણ સાચું ઠરતું. એમનો નિર્મળ જાજ્વલ્યમાન જીવનવ્યવહાર વૈદિક અથવા ઉપનિષદકાલીન પરમાત્મદર્શી પ્રેમમૂર્તિ ઋષિવરોની સ્મૃતિ કરાવતો. એમની પરંપરાને એમણે સુચારૂરૂપે સંપૂર્ણપણે સાચવેલી કે શોભાવેલી. એમનો આત્મા જીવમાત્ર પ્રત્યેના પ્રેમથી ભરપૂર, મિત્રતાયુક્ત, કરુણાર્દ્ર ને નિર્વૈર હતો. એની અસર એમના સંપર્કમાં આવનારા ઈતર જીવો પર પ્રબળપણે અને અચૂક પડતી. સાપ ને મોરનો પ્રસંગ એના જ ઉદાહરણરૂપ છે. એ પરસ્પર પ્રેમ કરવા લાગેલાં. મોર ને સાપ સદાકાળના સ્વજનો હોય તેમ એકસાથે ક્રીડા કરતા. એમની ક્રીડા અત્યંત આકર્ષક, આનંદજનક અને ભાવમય હતી. મોર ભાવોન્મત્ત બનીને કમનીય કળા કરતાં અંતરના ઉલ્લાસની અભિવ્યક્તિ કરતાં નાચી ઊઠતા ત્યારે સાપને પણ એની અસર પહોંચતી અને એ પણ પોતાની વિશાળ ફણાને ફેલાવીને એમની સાથે નાચવા માંડતો. એ પણ એમાં તાલ પુરાવતો. વધારે સુયોગ્ય શબ્દોમાં કહીએ તો તાલ પુરાવ્યા વિના રહી શક્તો જ નહિ.

એ વિરલ અપવાદરૂપ દૃશ્ય પરથી પ્રતીતિ થતી કે પ્રત્યેક પ્રાણીની અંદર શુભ સંસ્કારો વિરાજમાન છે : પ્રત્યેક પ્રાણીમાં રહેલું સનાતન આત્મતત્વ સત્ય, શિવ ને સુંદર છે. એ આસુરી નથી પણ દૈવી છે અને

એ પણ સહેજે સમજી શકાતું કે જીવનનું મુખ્ય ધારક, પ્રેરક, પોષક ને નિયામક બળ વેર નથી પરંતુ પ્રેમ છે. કોઈ કારણે સંજોગવશાત્ એ સર્વોપરી સનાતન તત્વ કે બળ થોડાક વખતને માટે દબાઈ જાય, વિલુપ્ત થયેલું લાગે, કે અદૃશ્ય થાય, ને આસુરી વૃત્તિ તથા બળનો પ્રભાવ વધી જાય એટલે જીવનું સ્વાભાવિક સનાતન સત્ય એ જ છે એવું નથી સમજવાનું. એવા ભ્રાંત નિરાધાર નિર્ણય પર પહોંચવાથી લાભને બદલે હાનિ જ થવાનો સંભવ વધારે છે,

* * *　　* * *　　* * *　　* * *

હિંસક પ્રાણીઓ પ્રત્યે મહર્ષિ એવો પ્રેમભાવ રાખતા તો બીજાં પંખી તથા પ્રાણીઓ પર તો એમને અસાધારણ પ્રેમભાવ હોય જ. એમાં આશ્ચર્ય જેવું છે જ શું ? એમને એ અત્યંત પ્રેમદૃષ્ટિથી જોતા. સૌમાં એક જ પરમાત્માનો પવિત્ર પ્રકાશ પેખવાની એમને ટેવ હોવાથી એના સ્વાભાવિક પરિણામરૂપે એ સૌને પ્રેમ કરતા ને સૌ પ્રત્યે પ્રેમમય વ્યવહાર રાખતા. પક્ષીઓ એમની પાસે નિર્ભીક રીતે રમતાં રહેતાં. ખિસકોલી એમની હથેળીમાં રમ્યા કરતી. તે ઉપરાંત કાગડા અને બીજા પક્ષીઓ એમની પાસે આવીને એમના હાથે મેવો ખાતાં ને પાણી પીતાં. શાસ્ત્રોએ સત્પુરૂષોને માટે કહ્યું છે કે એમનું અંતર અતિશય ઉદાર અને એમનો જીવનવ્યવહાર વિશુદ્ધ હોવાથી સમસ્ત વસુધા એમને માટે કુટુંબ જેવી થઈ જાય છે. **उदार चरितानां तु वसुधैव कुटुम्बकम्।** એ ઉક્તિ મહર્ષિના જ્યોતિર્મય જીવનમાં સાકાર થયેલી ને સાર્થક બનેલી. **वसुधैव कुटुम्बकम्।** ના એ ભાવમાં કેવળ મનુષ્યોનો જ સમાવેશ નથી કરવામાં આવ્યો : એની અંદર મનુષ્યેતર જીવો અથવા સમસ્ત સૃષ્ટિ સમાઈ જાય છે. આત્મદર્શી પુરૂષ મનુષ્યોને જ નહિ પરંતુ સૃષ્ટિના સઘળા જીવોને વિશ્વકુટુંબના સભ્યો જેવા માને છે. એ માન્યતા એમને માટે કેવળ માન્યતા નહોતી રહી, પરંતુ સજીવ સ્વાનુભૂતિ બનીને એમના સમસ્ત જીવન સાથે વણાઈ ગયેલી. એ એમના વ્યવહાર પરથી પ્રતીત થતું. ધર્મ ને તત્વજ્ઞાનના સિદ્ધાંતો ઘણા રહસ્યમય ને મોટા છે, પરંતુ એમનામાંથી જેટલા જીવનમાં ઊતરે તેટલાની જ કિંમત છે : એટલા જ આશીર્વાદરૂપ ઠરે છે. એ મહાપુરૂષનું જીવન એમના આદર્શ અખંડ અનુવાદરૂપ હતું માટે જ અતિશય મૂલ્યવાન લાગતું.

એક કાગડાની ઉપર એમની આત્મીયતાની અસર એટલી બધી અસાધારણ થયેલી કે એને રોજની એક વિચિત્ર ટેવ પડી ગયેલી. સવાર પડતાં જ એ પોતાનાં બચ્ચાંને એમની સુખદ છાયામાં એમનાં શરણમાં છોડી જતો. બચ્ચાંને જ્યારે ભૂખ લાગતી ત્યારે એ એમની રીતે બોલી ઊઠતાં. મહર્ષિ એથી લગાર પણ રોષે ભરાવાને બદલે શાંતિપૂર્વક એમને ખાવાનું આપીને એમની ક્ષુધાતૃષાની તૃપ્તિ કરતા. એવી રીતે એમની નિષ્કપટ સ્નેહવૃત્તિ ને સમત્વ બુદ્ધિમાં પક્ષીઓ પણ શ્રદ્ધા રાખતાં.

* * *　　* * *　　* * *　　* * *

અરૂણાચલ પર્વત પર વાંદરાઓ પણ સ્વાભાવિક રીતે જ એકઠા થતા ને વૃક્ષો પર ચઢીને ઈચ્છાનુસાર ક્રીડા કરતા. મહર્ષિના સંપર્કમાં જુદી જુદી જાતના બીજા જીવોની જેમ એમને પણ આવવાનું થયું. એ સંપર્ક ધીમેધીમે આગળ વધ્યો, વિકસ્યો અને આત્મીયતામાં પરિણમ્યો. એ પર્વત પર રહેતા વાંદરાઓ સાથે રહેતા, કોઈ પણ પ્રકારના સંકોચ કે ભય વિના ભળી જતા, એમના ઝઘડા મટાડતા, કલહોનું

યુક્તિપૂર્વક નિવારણ કરતા અને એમની અંદર સંપ તથા શાંતિ સ્થાપતા. એ એમની ભાષાને જાણે કે જાણતા અને એમની સાથે વિચારવિનિમય કરી શકતા. એમના સ્વભાવનું ને જીવનવ્યવહારનું એ સૂક્ષ્મતાપૂર્વક નિરીક્ષણ કરતા. એ કોઈ કોઈ વાર કહી બતાવતા કે વાંદરાઓમાં રાજા હોય છે ને અંદર અંદર યુદ્ધ તથા સુલેહ થયા કરે છે. મનુષ્યોની સાથે કોઈ વાંદરો રહેવા માંડે ને અમુક વખત પછી ફરી પોતાની મંડળીમાં જઈને મળે તો એનું સારી પેઠે સ્વાગત નથી થતું. મંડળીના બીજા વાંદરા એને ઊતરતી કક્ષાનો અને અસ્પૃશ્ય માને છે. પરંતુ એ પરંપરાગત પ્રથામાં મહર્ષિ અપવાદરૂપ મનાતા. એમની સંગતિ શ્રેયસ્કર અને આદર્શ ગણાતી. એમની પાસે ઓછાવત્તા વખત માટે રહીને જે વાંદરા પાછા ફરતા તેમની તરફ કોઈ તિરસ્કારની નજરે ના જોતું પરંતુ મંડળ તરફથી એમનું સન્માન કરવામા આવતું.

વાંદરાઓની અંદર એક અથવા બીજા કારણે કોઈવાર ક્લેશ કે કલહ થતો ત્યારે એ સમાધાનની અભિલાષાથી એમની પાસે આવી પહોંચતા. એવે વખતે એ બંને પક્ષોની હકીકત શાંતિપૂર્વક સાંભળતા ને ન્યાય કરતા અથવા ફેંસલો આપતા તથા બંને પક્ષોમાં સુલેહ કરાવવાનો પોતાની રીતે પ્રયત્ન કરતા. એમની ભાષાથી એ અભિજ્ઞ હતા અથવા અનભિજ્ઞ એ વાતને બાજુએ રાખીએ તો પણ એમનું આકર્ષણ અને આત્મબળ એવું અસાધારણ અને અદ્દભૂત હતું કે મનુષ્યો સિવાયનાં એ બીજા પ્રાણીઓ પણ એમની ઉપર પ્રેમ રાખતાં, એમના સંસર્ગની ઈચ્છા સેવતાં, અને એમને વશ થઈને એમની ઈચ્છાનુસાર કાર્ય કરતાં.

વાંદરાઓના રાજાએ એકવાર ગુસ્સામાં આવીને વાંદરાના એક નાના બચ્ચાને કરડી ખાધું. એ બચ્ચું એથી ખૂબ જ ઘાયલ થઈને બેહોશ બની ગયું. એને મરી ગયેલું માનીને વાંદરાઓના રાજાએ ત્યાં જ છોડી દીધું, ને પોતે આગળ વનની અંદરના પ્રદેશમાં ચાલી નીકળ્યો.

બધા વાંદરાઓના વિદાય થયા પછી એ એકલા પડેલા બચ્ચાને લાંબા વખતે ભાન આવ્યું ત્યારે એ લંગડાતા પગે જેમતેમ કરીને આગળ વધ્યું ને વિરૂપાક્ષી ગુફા પાસે આવી પહોંચ્યું.

મહર્ષિના દિલમાં એને દેખીને દયા ઉત્પન્ન થઈ. એમણે આશ્રમવાસીઓને આદેશ આપ્યો. એ આદેશને અનુસરીને આશ્રમવાસીઓએ ભારે અનુકંપાપૂર્વક એ ઘાયલ બચ્ચાની સેવા કરી.

એ બચ્ચાનું નામ એ લંગડું હોવાથી નોંડિ રાખવામાં આવ્યું.

ધીરેધીરે સેવાનો લાભ મળવાથી નોંડિને આરામ થવા લાગ્યો.

છ સાત દિવસ થઈ ગયા એટલે નોંડિની મંડળીના વાંદરાઓ વિરૂપાક્ષી ગુફાના રસ્તે આવી પહોંચ્યા.

નોંડિને નિહાળીને એ પ્રસન્ન થયા ને બધી પરિસ્થિતિ સમજી ગયા.

સામાન્ય રીતે મનુષ્યોના સહવાસમાં આટલા બધા સમય સુધી રહેલા કોઈ બીજા વાંદરાનો એમની પરંપરાગત પદ્ધતિ પ્રમાણે એમણે લેશ પણ સંકોચ વિના કાયમને માટે પરિત્યાગ કર્યો હોત, પરંતુ નોંડિની વાત જુદી હતી. એ રમણ મહર્ષિ જેવા લોકોત્તર મહાપુરૂષના સંસર્ગમાં રહેલો અને એમની પ્રત્યે સૌને પ્રેમ તેમ જ આદરભાવ હતો એટલે એને એની મંડળીમાં પાછું પૂર્વવત્ માનવંતું સ્થાન મળી ગયું.

નોંડિ પોતાની મંડળીને જોઈને રાજી થયો. એણે પોતાને કરડનારા વાંદરાઓના રાજા તરફ સંકેત કરીને મહર્ષિને એની ઓળખાણ આપી એટલે મહર્ષિ સઘળી વાત સમજી ગયા.

મહર્ષિએ રાજાને મીઠો ઠપકો આપ્યો, અને આશ્રમવાસીઓ દ્વારા એ સૌનો સમુચિત સત્કાર કરાવ્યો. ત્યારથી મહર્ષિ પોતાના મહાન મિત્ર, માર્ગદર્શક અને હિતેચ્છુ છે એની એમને ખાતરી થઈ.

એ ખાતરી ને વિશ્વાસની ભાવના દિનપ્રતિદિન વધતી ગઈ. પછી તો વાંદરાઓની એ મંડળી ઈચ્છાનુસાર અવારનવાર મહર્ષિના શાંત એકાંત આશ્રમમાં આવી જતી અને ક્રીડા કરતી. મહર્ષિને નિહાળીને એ ખૂબ જ પ્રસન્ન થતી. મહર્ષિ પણ એ ચિરપરિચિત હોય એમ એને અવલોકીને આનંદમાં આવી જતા અને આશ્રમવાસીઓને એમનો સત્કાર કરવાનું કહેતા. આશ્રમવાસીઓનો સુયોગ્ય સત્કાર પામીને એ મંડળી વનના વિહાર માટે આગળ ઊપડી જતી.

નોંડી આશ્રમવાસીઓને જોઈને પોતાનો પૂર્વપરિચય યાદ કરીને વધારે આનંદમાં આવી જતો. એમને એ પોતાના સ્નેહાળ સંબંધીઓ સરખા સમજતો. મહર્ષિને તો એ ભૂલી શકે જ કેવી રીતે ? એમણે પોતાની પરાધીન પીડિત દશામાં જે મમતા ને સહાનુભૂતિ બતાવેલી તે એને યાદ હતી. એને લીધે એમની ઉપર એ પોતાનો વિશેષ અધિકાર માનતો. એ એમની પાસે જઈને લાંબા વખત લગી બેસી રહેતો ને બીજાને રુઆબ બતાવતો.

નોંડિ હતો તો વાંદરો પરંતુ બીજા વાંદરાઓ કરતાં કેટલીક રીતે વિલક્ષણ હતો. એની અંદર કેટલીક નોંધપાત્ર, યાદગાર, વિશેષતાઓ હતી. એને જોનારાના કહ્યા પ્રમાણે એ ખૂબ જ સ્વચ્છ રહેતો. ખાતી વખતે અન્નનો એકપણ દાણો નીચે ના પડવા દેતો, અને કોઈવાર ઉતાવળ કે ભૂલને લીધે પડી જતો તો તરત જ વીણી લઈને ખાઈ જતો.

એક દિવસ એણે કોઈક કારણથી થોડુંક અનાજ છોડી દીધું. એ જોઈને મહર્ષિએ એને ટોકતાં તરત જ કહ્યું : 'અનાજ શા માટે છોડી દીધું ? એવી રીતે છાંડવાની પદ્ધતિ બરાબર નથી.'

નેહ ભરેલો નોંડિ એવા ઠપકાને સાંભળી શકે ખરો ? અને એ પણ બીજા કોઈના નહિ ને જેમને માટે પોતાને પુષ્કળ મમતા હતી એ મહર્ષિના ઠપકાને ? એણે ક્રોધે ભરાઈને એમની આંખ પર તમાચો મારી દીધો.

સારું થયું કે મહર્ષિની આંખ બચી ગઈ. છતાં પણ એમને થોડું ઘણું વાગ્યું તો ખરું જ.

એના એ કુકર્મને માટે એને દંડ મળ્યો.

એવા અબોધ પ્રાણીને બીજો તો કયો દંડ દઈ શકાય ? છતાં પણ કેટલાક દિવસ સુધી મહર્ષિએ એને પોતાની પાસે બેસવાના વિશેષાધિકારથી વંચિત રાખ્યો.

એને માટે એ દંડ ઘણો મોટો અથવા આકરો થઈ પડ્યો. વખતના વીતવા સાથે એ પોતાના અપરાધને સમજી ગયો. એનું દિલ દુઃખી થયું. એને એના દુષ્કર્મને માટે પશ્ચાત્તાપ થયો. એનું અંગેઅંગ આક્રંદ કરી ઊઠ્યું. પછી તો એણે એ મમતારહિત પવિત્ર પ્રેમભાવવાળા મહાપુરૂષને પગે પડીને વારંવાર માફી માગી. એ વખતની એની દશા જોવા જેવી હતી.

મહર્ષિનું હૃદય પાષાણ જેવું કઠોર તો હતું નહિ. એ તો એના સુધારને માટે એને પદાર્થપાઠ આપી રહેલા. એ પદાર્થપાઠ પૂરો થયો ને સુયોગ્ય સમય આવ્યો એટલે એ પીગળી ગયા. એના પરિણામે એમની પાસે બેસવાનો પૂર્વાધિકાર એને ફરી પાછો પ્રાપ્ત થયો. એની પ્રસન્નતા ને પરિતૃપ્તિનો પાર ના રહ્યો.

નોંડિએ એની પહેલાં એક બીજો અપરાધ પણ કરેલો. વાત એમ હતી કે મહર્ષિ એકવાર એને માટે તૈયાર કરેલા ગરમ દૂધને ફૂંક મારીને પીવા યોગ્ય કે ઠંડું કરી રહેલા. એ જોઈને એણે અજ્ઞાનવશ એવું માની લીધું કે મહર્ષિ એનું દૂધ પી જવાની તૈયારી કરી રહ્યા છે. એને રોષ ચઢ્યો ને રોષમાં ને રોષમાં એણે એ મહાપુરૂષ પર પ્રહાર કર્યો.

મહર્ષિ શાંત જ રહ્યા. એમની શાંતિ જોઈને એનું મન બદલાયું. એણે પોતાની ભૂલને સમજી લીધી. એ ભૂલને માટે એને પશ્ચાત્તાપ થયો. એણે મહર્ષિની માફી માગી. મહર્ષિની પાસે જઈને એ એકદમ ઉદાસ વદને બેસી ગયો. મહર્ષિએ એને વિના વિલંબ માફી આપી.

મહર્ષિ એ દિવસો દરમિયાન ભાવિના ભેદને ઉકેલવાની શક્તિ ધરાવતા હતા ખરા ? એ પ્રશ્નનો સીધો ઉત્તર આપવાને બદલે એ વખતના એક પ્રસંગને જ આપણે એ વિશે બોલવા દઈએ. એ દિવસોમાં એકવાર એમણે નોંડિને વિનોદમાં કહ્યું : 'નોંડિ, તું રાજા બની જશે તો તો તારો રુઆબ અનેકગણો વધી જશે ને તું અમને ભાગ્યે જ યાદ કરશે.'

એ પછી થોડા જ વખતમાં નોંડિ ખરેખર એની મંડળીના વાનરોનો રાજા બની ગયો.

મહર્ષિનો જ્યારથી એને આશ્રય મળેલો ત્યારથી મંડળીમાં એની પ્રતિષ્ઠા ઘણી વધી ગયેલી. એ પ્રતિષ્ઠાને લીધે મંડળીમાં ત્રણ વયોવૃદ્ધ વાનરો હોવા છતાં પણ મંડળીના વાનરોએ એને જ રાજા તરીકે પસંદ કર્યો. એ વખતે મહર્ષિ આશ્રમમાં ન હતા. નોંડિની અભિલાષા મહર્ષિની ઉપસ્થિતિમાં જ એનો રાજા તરીકેનો અભિષેક કરાવવાની હોવાથી એમની અનુપસ્થિતિમાં એને ખૂબ જ નિરાશા થઈ. એ નિરાશાને લીધે અથવા રાજ્યપ્રાપ્તિના વધારે પડતા ઉલ્લાસને લીધે એણે અને એની મંડળીના બીજા વાનરોએ આશ્રમનાં બધાં જ વૃક્ષોને હલાવવા ને બગાડવા માંડ્યાં. આશ્રમવાસીઓને એ જોઈને અત્યંત આશ્ચર્ય ને દુઃખ થયું. એમના વિરોધની એણે જરા પણ પરવા ના કરી.

મહર્ષિ આશ્રમમાં પાછા ફર્યા ત્યારે એમને પણ એ બધું દેખીને ખૂબ જ આશ્ચર્ય થયું. નોંડિ અને એના સાથીઓની એ વિઘાતક પ્રવૃત્તિને એ સમજી ના શક્યા.

બીજે દિવસે એ મુખપ્રક્ષાલન કરી રહેલાં ત્યારે નોંડિ ત્યાં એમની આગળ આવી પહોંચ્યો.

એ એમનાથી થોડેક દૂર રહીને ઝાડ પર ચઢીને વાનરોના રાજાની પદ્ધતિ પ્રમાણે એની સૌથી ઉપરની ડાળીને જોરથી હલાવવા લાગ્યો. થોડાક સમય સુધી એવી રીતે પોતાના પ્રતાપનું પ્રદર્શન કરીને એ ઝાડ પરથી નીચે ઉતરીને મહર્ષિની પાસે આવીને બેસી ગયો.

પહેલાંના રાજાએ એની પાસે આવીને એને સલામ કરી.

મહર્ષિ સમજી ગયા કે નોંડિ રાજા બન્યો છે.

એ જમવા બેઠા ત્યારે નોંડિ એમની પંક્તિમાં બેસવાને બદલે કુટિર છોડીને બહાર જતો રહ્યો.

આશ્રમવાસીઓએ કુતૂહલવશ એની પાછળ જઈને જોયું તો એ એના અનુયાયીઓની વચ્ચે ગૌરવપૂર્વક બેઠેલો દેખાયો.

વાનરોમાં એવી પ્રથા છે કે પહેલાંના રાજાની પત્નીઓ નવા રાજાની પત્ની બની જાય છે. નોંડિના સંબંધમાં પણ એવું જ થયેલું. એની બાજુમાં એની ત્રણ પત્નીઓ બેઠેલી.

બદલાયેલી પરિસ્થિતિમાં એ એના અનુયાયીઓના ખાધા પછી જ ખાતો. એ બધું જાણીને આશ્રમવાસીઓએ એ દિવસે એ બધા વાનરોને મહર્ષિની સૂચનાનુસાર ભોજન કરાવ્યું. એ ભોજન— અલબત્ત સમૂહભોજનથી વાનરો ખૂબ જ પ્રસન્ન થયા. નોંડિની પ્રસન્નતાનો પણ પાર ના રહ્યો.

નોંડિ છ સંતાનોનો પિતા હતો. થોડાક સમય સુધી તો એનું રાજ્ય નિરાપદ રીતે ચાલતું રહ્યુ પરંતુ પછી દીવાનના વિરોધ તથા ષડ્યંત્રને લીધે એને રાજ્યસુખથી વંચિત રહેવું પડ્યું. એ એના સંતાનો સાથે અલગ રહેવા લાગ્યો. એને માટે પ્રતિકૂળતા તેમ જ દુઃખના દિવસો શરૂ થયા.

મહર્ષિ સ્કંદાશ્રમ છોડીને રમણાશ્રમમાં રહેવા માંડ્યા ત્યારે એક દિવસ એ એમને શોધતો શોધતો એમનાં દર્શન માટે આવી પહોંચ્યો. એમના સંસર્ગમાં એણે શાંતિ મેળવી. એ પછી પ્રત્યેક પંદરમે દિવસે એણે એમનાં દર્શન માટે આવવાનો નિયમ બનાવ્યો. એ નિયમપાલનથી એને ખૂબ જ સંતોષ થતો.

એકવાર વાનરોનો એક વયોવૃદ્ધ આગેવાન વાનર માંદો પડ્યો. એનું મૃત્યું નજદીક હતું. નિર્બળતાને લીધે બીજા વાનરોની ટોળી સાથે ચાલવાનું એને માટે અશક્ય થઈ ગયું. એટલા માટે, પોતાની પરવશતાનો વિચાર કરીને એ આશ્રમની પાસે જ રહી ગયો. સવારે જ્યારે મહર્ષિની દૃષ્ટિ એના પર પડી ત્યારે એમને આશ્ચર્ય થયું. એમણે જોયું તો એની પાસેના વૃક્ષ પર બેઠેલા બે વાનરો વિલાપ કરી રહેલા. વયોવૃદ્ધ વાનર જ્યારે રાજા હતો ત્યારે એણે કોઈક અપરાધને લીધે એ બંને વાનરોને મંડળીની બહાર કાઢી મૂકેલા. હવે વખતના વીતવા સાથે એ વાનરો એમની મંડળીમાં પાછા ફરેલા. એમની અંદર બદલો લેવાની ભાવનાનો એકદમ અભાવ હતો. જો એમનામાં થોડીક પણ વેરવૃત્તિ શેષ હોત તો એ વૃદ્ધ વાનરની પાછળ આવી રીતે શોક ના કરત.

મહર્ષિનું દિલ એ શોકથી દ્રવી ઊઠ્યું.

એ રુગ્ણ વાનરને ઉપાડીને એની સેવા કરવાની વૃત્તિથી પ્રેરાઈને એમણે એમના સાથળ પર સુવાડી દીધો. એ જોઈને વૃક્ષ પર બેઠેલા વાનરો આનંદી ઊઠ્યા. પરંતુ એ આનંદ ક્ષણિક અથવા અલ્પજીવી ઠર્યો. વયોવૃદ્ધ રુગ્ણ વાનર વધારે જીવી શકે તેવી સ્થિતિમાં ન હતો. મહર્ષિએ એના મુખને એક સાથળ પરથી બીજા સાથળ પર બદલવાની કોશિશ કરી ત્યારે એમના સાથળમાં એની દાઢ દબાઈ ગઈ. એ દાઢનાં ચિન્હ એમના સાથળ પર છેવટ સુધી એ પ્રસંગની સ્મૃતિ કરાવતાં કાયમ રહ્યા.

વાનરોના એ આગેવાનના પ્રાણ એક તીક્ષ્ણ ચીસ સાથે છૂટી ગયા. એના વર્તમાન જીવન પર પડદો પડી ગયો. પરંતુ મહર્ષિનો પ્રેમમય વ્યવહાર તો જુઓ ! એમણે એના મૃત શરીરને દૂધ તથા પાણીથી સ્નાન કરાવ્યું, એના પર ભસ્મ લગાડી, ને મુખને ખુલ્લું રાખીને બાકીના શરીરને સ્વચ્છ વસ્ત્રથી ઢંકાવ્યું. એ પછી એની આગળ ધૂપદીપ સળગાવીને એના શરીરને દાટવામાં આવ્યું. એમના આદર્શ શ્રેષ્ઠ મનુષ્યોચિત

વ્યવહારથી એ સાધારણ પ્રાણીનું મૃત્યુ મંગલ બની ગયું ને જીવન ધન્ય થયું. એના મુખમંડળ પર તેજ છવાયું.

એક દિવસે બપોરે એ એમના પ્રશંસકો ને શિષ્યો સાથે અરૂણાચલ પર્વતની પરિકમ્મા કરવા નીકળ્યા.

રસ્તામાં પચ્ચેયમ્મન મંદિર સુધી પહોંચતાં પહોંચતાં બધાને થાક લાગ્યો. તાપ પુષ્કળ હોવાથી આગળ વધવાનું કઠિન થઈ પડ્યું.

એમના પરિશ્રમનો વિચાર કરીને એમને રાહત આપવાની ઈચ્છા કરતી હોય તેમ એમની બાજુએ બેઠેલી એક વાનરમંડળી નજદીકનાં જાંબુડાનાં વૃક્ષો પર ચઢી ગઈ ને એની શાખાપ્રશાખાઓને હલાવવા લાગી. એને લીધે જોતજોતામાં અસંખ્ય જાંબુ ધરતી પર ઢળી પડ્યાં. એ પછીથી કોઈને કોઈ પ્રકારનો સંકોચ ના થાય એટલે વાનરમંડળી ત્યાંથી દૂર ચાલી ગઈ. મહર્ષિના આશ્રમમાં એ મંડળીની કોઈ વાર સેવા કરાયેલી. એ ભૂતકાલીન સેવાનું સ્મરણ કરીને એણે કૃતજ્ઞતા દર્શાવવાનો એ અવસર ઝડપી લીધો એ જોઈને મહર્ષિ અને એમની સાથેના બીજા બધા જ આશ્રમવાસીઓ ગદ્ ગદ્ બની ગયા. એમને થયું કે વાનરો પણ કોઈએ કરેલા ગુણને યાદ રાખીને કૃતજ્ઞ બની શકે છે ખરા.

આશ્રમની પાસેના પવિત્ર પ્રદેશમાં કોઈ કોઈવાર એક સિંહ પણ આવી પહોંચતો. એના અવાજ પરથી કલ્પી શકાતું કે એ શુદ્ધ દાનતથી, મિત્રભાવે જ આવી રહ્યો છે. એને જોઈને મહર્ષિને લેશ પણ ભય ના લાગતો. એ તદ્દન શાંત જ રહેતા. પરંતુ આશ્રમવાસીઓ પાસેથી એવા આત્મવિશ્વાસ અને એવી શાંતિની આશા ના રાખી શકાય. એમની અવસ્થા મહર્ષિની અવસ્થા કરતાં જુદી હોવાથી એ એને જોઈને ભયભીત અથવા સાશંક બનીને કોલાહલ કરી મૂકતા. એમના શંખનાદના ને બીજા સ્વરો સાંભળીને એ મિત્રભાવે શાંતિપૂર્વક ચાલ્યો જતો.

કહે છે કે એકવાર એ સિંહ ત્યાં ક્રોધાતુર બનીને આવી પહોંચ્યો.

એની ભયંકર ગર્જના સાંભળીને વૃક્ષો પર બેઠેલા વાનરો કંપી ઊઠ્યા. એમના હોશકોશ ઊડી ગયા, અને એમનામાંના કેટલાક ભયભીત બનીને કાળને સાક્ષાત્ અને સામે આવેલો જોઈને વૃક્ષો પરથી નીચે પડી ગયા. સિંહ એમનું ભક્ષણ કરી ગયો.

એવો પ્રસંગ અપવાદરૂપ હતો ને ભાગ્યે જ બનતો.

મોટે ભાગે તો સિંહ આશ્રમની પાસેના પાવન પ્રદેશનાં પરમાણુઓથી પ્રભાવિત થઈને વેરભાવનું વિસ્મરણ કરીને પ્રેમભાવે જ વિહાર કરતો. મહર્ષિના જાદુઈ વ્યક્તિત્વની અસર એવી અસાધારણ અને અજબ હતી કે સૌ કોઈ એમની પાસે પ્રેમભાવનો અનુભવ કરતા ને શાંતિ પામતા. એમનો આત્મા સાધનાના સમ્યક્ અનુષ્ઠાન દ્વારા ઉત્તમોત્તમ અવસ્થાની પ્રાપ્તિ કરી ચૂકેલો. એટલે એ મનુષ્યસૃષ્ટિ સાથે જ નહિ પરંતુ મનુષ્યેતર સૃષ્ટિ સાથે પણ આત્મીયતાનો અનુભવ કરતો. એવા આત્મરત, આત્માભૂતિથી અલંકૃત મહામાનવ સંસારમાં જ્યારે ત્યારે ને જ્યાં ત્યાં નથી થતા. એમનું પ્રાકટ્ય દુર્લભ હોય છે. એથીયે દુર્લભ હોય છે એમનું દર્શન અને એથી વધારે દુર્લભ હોય છે એમનો અનુગ્રહ. એમના સુખદ દર્શનનું ને સ્વર્ગીય

સહવાસનું જેમને સૌભાગ્ય સાંપડ્યું છે અને જેમની ઉપર એમના અહેતુકી અનુગ્રહની વર્ષા વરસી છે તો પણ ધન્ય છે !

☼ ☼ ☼ ☼ ☼

## (૧૭) શાસ્ત્રોનો અભ્યાસ

અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફાના નિવાસનો સઘળો સમય આત્મિક સાધનામાં પ્રશાંતિપૂર્વક પસાર થઈ જતો. મહર્ષિની સાથે રહેનારા પ્રેમી, પ્રશંસકો અને અનુયાયીઓ પણ પોતાની સમજ તથા શક્તિ પ્રમાણે સાધનામાં લીન રહેતા. મહર્ષિએ ઘરનો ત્યાગ કરીને જ્યારથી અરૂણાચલેશ્વરના મંદિરમાં આશ્રય લીધો ત્યારથી તે અત્યાર સુધીના એમના જીવનવ્યવહારનું સૂક્ષ્મતાપૂર્વક નિરીક્ષણ કરવાથી એક વસ્તુ તદ્દન સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે એમનું સમગ્ર ધ્યાન એમની અંદરની દુનિયા પ્રત્યે અને એ દુનિયાના રહસ્યોદઘાટનમાં ઓછાવત્તા પ્રમાણમાં મદદરૂપ થનારી અંતરંગ આત્મસાધના તરફ જ કેન્દ્રિત થયેલું. એ વસ્તુ ખાસ ઉલ્લેખનીય છે. સાધકની જીવનસિદ્ધિમાં એ મોટો ને મહત્વનો ભાગ ભજવે છે. સાધક જ્યારે સારી પેઠે સમજી જાય છે કે પોતે જેની શોધ પ્રારંભવાનો પ્રયત્ન કરે છે એ અમૂલખ આત્મવસ્તુ, એ શાશ્વત શાંતિ અને અનંત આનંદ એની અંદર જ છે ને અંતર્મુખ દૃષ્ટિ કરીને અધિકાધિક ઊંડા ઊતરવાથી જ મળી શકશે ત્યારે એનું કામ સહેલું થાય છે, એની ભ્રાંતિ મટીને ચંચળતા શમી જાય છે. એ પછી પુસ્તકોના બાહ્ય પરોક્ષ જ્ઞાનભંડારની ઈચ્છા નથી રાખતો પરંતુ પોતાની અંદરના અનુભૂતિજન્ય અપરોક્ષ જ્ઞાનની જ આકાંક્ષા સેવે છે. એ દૃષ્ટિએ જોતાં મહર્ષિનું જીવન બીજા સામાન્ય સાધકોને માટે પ્રેરણાત્મક ને દીવાદાંડીરૂપ છે એમાં સંદેહ નહિ.

બાહ્ય જ્ઞાનની અભિલાષા એમને જરા પણ ન હતી. છતાં પણ એવા જ્ઞાનના અથવા શાસ્ત્રજ્ઞાનના પરિચયમાં એમને આપોઆપ આવવું પડ્યું.

અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં એમની સાથે કેટલાક જિજ્ઞાસુ ભક્તો રહેતા ને બીજા કેટલાક અવારનવાર એમનાં દર્શન તેમજ સમાગમની અભિલાષાથી આવતા રહેતા. એમનામાંના કેટલાક શ્રેયાર્થીઓ જુદી જુદી શંકા તથા જિજ્ઞાસા રજુ કરતા. એમના સંતોષકારક ઉત્તરો આપીને મહર્ષિ એમનું સમાધાન કરતાં. એ ઉત્તરો પરંપરાગત પરિપાટીથી જરાક જુદા ને વિલક્ષણ હોવા છતાં સાધકોને શાંતિ આપતા કારણ કે એમની પાછળ એમના સ્વાનુભવનું પીઠબળ રહેતું. પોતાના જીવનમાં વરસો સુધી સતત ને પ્રખર પરિશ્રમ કરીને એમણે સ્વાનુભવનાં મહામૂલ્યવાન મોતી મેળવેલાં ને પોતાની અંદર વિરાજેલી પરમાત્માની પરમ ચેતનાનો સાક્ષાત્કાર કરેલો. એટલે એમના અંતરમાં રહેલી અવિદ્યાગ્રંથિઓ તૂટી ગયેલી, એમના સઘળા સંશયો છેદાઈ ગયેલા અને એમની અશાંતિનો સંપૂર્ણપણે અંત આવેલો. એમનું જ્ઞાન અનુભવાત્મક બનેલું. એ જ્ઞાનના પાવન પ્રકાશથી બીજાના જીવન પ્રકાશિત થાય એમાં કશું આશ્ચર્ય ન હતું.

એમનું પોતાનું સાધનાત્મક કર્તવ્ય તો પૂરું થયું, પરંતુ એમનો જીવનપ્રવાહ ચાલુ હતો એટલું જ નહિ પણ અન્યને માટેની અનુકંપાથી ભરપૂર હતો એટલે બીજાની શંકા તથા સમસ્યાઓને સહાનુભૂતિપૂર્વક સાંભળીને એમણે એમના ઉત્તરો આપવા માંડ્યા. એ ઉત્તરો કેટલીકવાર મૌનરૂપે, મૌનના માધ્યમ દ્વારા મળતા તો કેટલીકવાર વાણીમાં વ્યક્ત થતા, પરંતુ બંને પ્રકારની અવસ્થામાં અત્યંત અસરકારક થઈ

પડતા. જીવનમાં સાધનાવિષયક માહિતી મેળવવા માગનારા ને શાંતિ કે સિદ્ધિની આકાંક્ષાવાળા સાધકોને એમનું માર્ગદર્શન ખૂબખૂબ મદદરૂપ નીવડતું. એમને એમનાં દર્શન ને સમાગમમાંથી અનંત પ્રેરણા મળતી.

પરંતુ કેટલાક એવા જિજ્ઞાસુઓ પણ એમની પાસે આવી પહોંચતા જે પરંપરાગત ધર્મગ્રંથોના આધાર પર શંકાસમાધાન કરાવવાનો આગ્રહ રાખતા. એ ગ્રંથોનો અભ્યાસ કરીને આવતા કે ગ્રંથોને સાથે લાવતા. મહર્ષિ એમને પણ સંતોષ આપતા. કોઈવાર એમની આવશ્યક્તાનુસાર એ એમને ધર્મગ્રંથોના સિદ્ધાંતો અથવા વચનોનો આધાર લઈને સંતોષતા તો કોઈવાર પોતાની સાધનાત્મક સ્વાનુભૂતિના ઉચ્ચ અધિક અસરકારક આધાર પર. એ વેદ અને બીજાં ઉત્તમ શાસ્ત્રોના અર્ક, અનુવાદ અથવા સાકાર સ્વરૂપ જેવા હતા.

એ મહાપુરૂષ પાસે આવનારામાંના કેટલાક એવા પણ આવતા જેમને પોતાની શાસ્ત્રવિષયક વિદ્વતાના પ્રદર્શનમાં જ રસ લાગતો. એમની અંદર કશુંક જીવનોપયોગી ગ્રહણ કરવાની કે શીખવા સમજવાની ઈચ્છા ના રહેતી. એ વધારે ભાગે મહર્ષિના જ્ઞાનની ચકાસણી કરવા જ આવી પહોંચતા.

આગંતુકોમાંના કેટલાક એવા પણ હતા જે મહર્ષિ એમની તપશ્ચર્યા કે સાધનામાં કેટલા આગળ વધ્યા છે તે જોવા આવતા. એ પોતે ઉત્તમ કોટિના સાધક ના હોવાથી મહર્ષિની કે કોઈ બીજાની સાધનાસિદ્ધિ વિશે સમજવાની, પરીક્ષા કરવાની કે અભિપ્રાય આપવાની શક્તિ નહોતા ધરાવતા. એમની લાયકાત અત્યંત મર્યાદિત હોવા છતાં એ એને ઘણી વિશેષ માની બેઠેલા.

મહર્ષિ એ બધા ભિન્નભિન્ન રુચિ ને પ્રકૃતિવાળા પુરૂષો સાથે એમની યોગ્યતા પ્રમાણે આવશ્યક્તાનુસાર કામ લેતા.

ધર્મગ્રંથોનું અધ્યન કરવા છતાં પણ જેમને પરમાત્માના પરમપવિત્ર પ્રકાશની પ્રાપ્તિ નહોતી થઈ, જેમને મહર્ષિને માટે પરમ પ્રેમ તથા પૂજ્યભાવ હતો, ને જે પોતાની રીતે આત્મવિકાસની સાધના કરતા તો પણ પૂર્ણતાની પરમોત્તમ આશીર્વાદરૂપ અવસ્થાએ પ્રતિષ્ઠિત નહોતા થઈ શકતા, તેવા ઉદાત્ત મનના સાચા સાધકો પણ પ્રકાશ ને પથપ્રદર્શનની પ્રામાણિક આકાંક્ષાથી એમની પાસે આવવા લાગ્યા. આ દેશમાં એવી પ્રથા છે કે જ્યારે કોઈ સાધકો ને જિજ્ઞાસુઓને ખબર પડે છે કે અમુક ઠેકાણે કોઈક સ્વાનુભવસંપન્ન સાક્ષાત્કારી મહાત્મા વાસ કરે છે ત્યારે મધમાખીઓ જેમ મધપૂડાની પાસે પહોંચી જાય છે તેમ એવા પ્રાતઃસ્મરણીય પવિત્ર મહાત્માપુરૂષનાં દર્શન તેમ જ સંસર્ગને માટે એ ઉત્સુક બને છે. એની પાસે પહોંચીને એ માર્ગદર્શન મેળવે છે. એવો જીવનવિકાસમાં શ્રદ્ધા રાખનારો વર્ગ પ્રમાણમાં અલ્પ છે એ સાચું; પરંતુ છે એમાં સંદેહ નહિ. મહર્ષિ આત્માનુભૂતિની ઉત્તમોત્તમ અવસ્થાએ આસીન થયા છે એ જાણીને એવા વિરલ વર્ગના કેટલાક વિરલ, અતિવિરલ આત્માઓ પણ એમના દર્શન માટે આવવા માંડ્યા.

આત્માનો અનુભવાત્મક પૂર્ણ પ્રકાશ જ્યાં સુધી નથી પ્રાપ્ત થતો ત્યાં સુધી માણસ ગમે તેટલું તપ કરે, કે ગમે તેટલા શાસ્ત્રાધ્યયનનો આધાર લે તો પણ એ બધું અધૂરૂં જ રહી જાય છે ને માણસને સનાતન શાંતિનું પ્રદાન નથી કરતું. તપવ્રત ને શાસ્ત્રાધ્યયનના સુપરિણામને નિરંતર યાદ રાખીને તેને પ્રાપ્ત કરવાની લગની લગાડવાની આવશ્યકતા છે. તો જ તે સાચા અર્થમાં ફળીને જીવનને ધન્ય કરી શકે.

તપવ્રત ને શાસ્ત્રાધ્યયન પોતપોતાના પૂરતું જ મર્યાદિત કે કેન્દ્રિત હોય તે બરાબર નથી. મહર્ષિ એ વાતને સારી પેઠે ને શરૂઆતથી જ સમજતા. એ સમજીને બેસી જ ના રહ્યા પરંતુ એમના જીવનનું શ્રેય પણ સાધી શક્યા.

*** *** *** ***

પલનિ સ્વામી જ્યારે નાયકરના બગીચામાં રહેતા ત્યારે તે કોઈ કોઈવાર અવકાશ પ્રાપ્ત થતાં નાગલિંગ સ્વામી ગ્રંથાગારમાંથી જુદાં જુદાં પુસ્તકો લાવતા ને ભારે પરિશ્રમપૂર્વક વાંચતા રહેતા. તામિલ ભાષામાં લખાયેલા કૈવલ્ય નવનિત, યોગવસિષ્ઠ જેવા વેદાંતના ગ્રંથો વાંચવા-વિચારવામાં એમને ખૂબ જ મહેનત પડતી. એવે વખતે મહર્ષિ એ ગ્રંથોને લઈને એમનો સરળ, સહજ, સંક્ષિપ્ત અર્થ લખી દેતા. એથી પલનિ સ્વામીને ને બીજા જિજ્ઞાસુઓને ઘણી મદદ મળતી. મહર્ષિ પ્રારંભથી જ અસાધારણ બૌદ્ધિક પ્રતિભાથી સંપન્ન હોવાથી શાસ્ત્રોના કઠિન સિદ્ધાંતોને અત્યંત સરળતાથી સમજી શકતા એટલું જ નહિ, એમને સુચારૂરૂપે સરળ ને સંક્ષિપ્ત સારવાહી ભાષામાં સમજાવવાની સવિશેષ શક્તિથી પણ એ સારી પેઠે સંપન્ન હતા. સાધનાના ક્ષેત્રમાં આગળ વધીને એમણે જે સ્વાનુભૂતિનાં સર્વોત્તમ શિખરોને સર કરેલાં એને લીધે શાસ્ત્રીય જ્ઞાનસિદ્ધાંતોને સમજવાનું એમને માટે સહેલું થઈ પડ્યું.

એક બીજી હકીકત પણ ઉલ્લેખનીય છે. એમની સેવામાં રહેતી વખતે તંબિરાન જે જ્ઞાનવિજ્ઞાનયુક્ત ગીતો ગાતો એ ગીતો પણ શાસ્ત્રોની અને ખાસ કરીને વેદાંતની રહસ્યવાતોની રજૂઆત કરતાં. એ ગીતોના શ્રવણથી આનંદ તો મળતો જ; પણ સાથે સાથે જ્ઞાનપ્રાપ્તિ પણ સહજ બનતી.

એકવાર ચિદંબરમના એક શાસ્ત્રી શંકરાચાર્યના સુપ્રસિદ્ધ ગ્રંથ વિવેકચૂડામણિની કૉપી લઈને આવી પહોંચ્યા અને એ કૉપી મહર્ષિ પાસે જ છોડી ગયા. મહર્ષિને એના રહસ્યનો પાર પામતાં વાર ના લાગી.

અરૂણાચલ પર્વત પર પદ્મનાભ સ્વામી નામના સત્પુરૂષ વાસ કરતા. એ મસ્તક પર મોટો જટામુકુટ રાખતા હોવાથી જટાઈ સ્વામીના ઉપનામથી પણ ઓળખાતા. એ સ્વાધ્યાયના રસિયા હોવાથી એમની પાસે કેટલાક સંસ્કૃત ગ્રંથો રાખતા. એ ગ્રંથો મંત્રશાસ્ત્રના, આયુર્વેદના, બૃહદ્ સ્તોત્રરત્નાકરના ને બીજા ધર્મ તથા તત્વજ્ઞાનના ગ્રંથો હતા. મહર્ષિ શરૂઆતમાં કોઈ કોઈવાર એમની મુલાકાત લઈને એ ગ્રંથોમાંના કેટલાકનું અવલોકન કરતા. પુરાતન ધર્મગ્રંથોના પરિચયમાં આવવાનું સૌભાગ્ય એવી રીતે એમને સહજ રીતે જ સાંપડેલું.

એકવાર એ પદ્મનાભ સ્વામીની પાસે બેઠેલા ત્યારે કોઈક જિજ્ઞાસુએ એમને કોઈ પ્રશ્ન પૂછ્યો. પ્રશ્ન જરા અટપટો હતો તો પણ એના ઉત્તરમાં એમણે ત્યાં પડેલા બૃહદ્સ્તોત્રરત્નાકર ગ્રંથને ઉઘાડીને એક શ્લોકાર્થ તરફ અંગુલિનિર્દેશ કર્યો. આશ્ચર્યની વાત તો એ હતી કે એ શ્લોકાર્થ પેલા પ્રશ્નના સચોટ ને સંપૂર્ણ પ્રત્યુત્તરરૂપ હતો. એથી પ્રશ્નકર્તાના મનનું સમાધાન થયું. પદ્મનાભ સ્વામી પણ એ યુવાન બ્રાહ્મણસ્વામીની શક્તિ જોઈને—એ વખતે એમનું નામ બ્રાહ્મણસ્વામી હતું—સંતોષ તથા વિસ્મય પામ્યા.

મહર્ષિ જ્યારે વિરૂપાક્ષી ગુફામાં વાસ કરતા ત્યારે એમના સેવકો અથવા ભક્તોમાં એક શ્રી ગંભીરમ્ શેષય્યર નામના સદ્ગૃહસ્થ હતા. એ મહર્ષિના સંપર્કમાં આવ્યા ત્યારથી એમની ઉપર ખૂબ જ પ્રેમ, શ્રદ્ધા ને

પૂજ્યભાવ રાખતા. ઈ.સ. ૧૯૦૦ની આસપાસ એ તિરુવણ્ણામલૈમાં મ્યુનિસિપલ ઓવર્સિયર હતા. એ મહર્ષિની પાસે શાંતિપ્રાપ્તિ તેમ જ પથપ્રદર્શન માટે અવારનવાર આવતા રહેતા. એ એક શ્રદ્ધાળુ આદર્શ રામભક્ત હતા. એમને ભગવાન રામ પર પ્રેમ હતો અને એથી પ્રેરાઈને એ રામના રસમય સુમધુર નામનું રટણ દિવસના મોટા ભાગના સમય દરમિયાન કરતા રહેતા. એ યોગમાર્ગમાં રુચિ ધરાવતા હોવાથી એ રુચિને પોષવા માટે એમણે સ્વામી વિવેકાનંદના રાજયોગ ને જ્ઞાનયોગ પરના વ્યાખ્યાન ગ્રંથોનો રસપૂર્વક અભ્યાસ કરેલો. એ ગ્રંથો અને બીજા કેટલાક ધર્મગ્રંથોને સમજવામાં ક્યાંક ક્યાંક મુશ્કેલીનો અનુભવ થવાથી એ ગ્રંથોને લઈને એ મહર્ષિ પાસે આવી પહોંચ્યા ને પોતાની શંકાઓ તેમજ મુશ્કેલીઓ રજૂ કરી.

મહર્ષિ એ ગ્રંથોને બારીકાઈથી જોઈ ગયા, એમના સારને કાગળના ટુકડાઓ પર લખી બતાવ્યો, ને બીજા જે પૂછ્યા તે પૂરક પ્રશ્નોના ઉત્તરો પણ વારાફરતી સંતોષકારક રીતે રજુ કર્યા. એવી રીતે એ એમની અવારનવાર મુલાકાત લેતા ને પ્રશ્નો પૂછતા. મહર્ષિના પ્રશ્નોના ઉત્તરો તથા કેટલાક સ્પષ્ટીકરણાત્મક વિચારો એ કાગળની ચબરકીઓ પર ટપકાવતા રહેતા. એ સઘળાનો સંગ્રહ એ શ્રદ્ધાભક્તિયુક્ત સદગૃહસ્થ પાસે સારા પ્રમાણમાં થઈ ગયો. ઈ.સ. ૧૯૦૦, ૧૯૦૧ ને ૧૯૦૨નાં વર્ષો દરમિયાનના એ સદ્દુપદેશને એમણે એક નોટબુકમાં ઉતારી લીધો. એ પછી થોડા જ વખતમાં એમનું મૃત્યુ થયું.

એમના મૃત્યુ બાદ કાગળોનું પેલું બંડલ એમના મોટા ભાઈ કૃષ્ણય્યરના હાથમાં આવ્યું.

એમની સદભાવનાથી એનો લોકહિતાર્થે સદ્દુપયોગ થઈ શક્યો. એનું ઈ.સ. ૧૯૩૧માં વિચારસંગ્રહ નામથી પ્રકાશન થયું. એનો અંગ્રેજી અનુવાદ 'સેલ્ફ ઈન્કવાયરી' નામે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

પોતાની પાસે પહોંચનારા જિજ્ઞાસુઓની સાથે કાર્ય કરવાની એમની પદ્ધતિ અત્યંત વિલક્ષણ અથવા વિશિષ્ટ હતી. એ આગંતુકની વાતને સહાનુભૂતિપૂર્વક સાંભળતા, બનતું ઉત્તેજન આપતા, ને પછી અનુકૂળ અવસર આવતાં એને એની ભૂલભરેલી મર્યાદિત વિચારધારામાંથી બહાર કાઢી વધારે સારી વિચારપદ્ધતિનો પરિચય કરાવતા.

એ વિલક્ષણ પદ્ધતિ શેષય્યરના પ્રસંગ પરથી સારી પેઠે સમજી શકાય છે. શેષય્યરને અષ્ટાંગયોગ પ્રત્યે સવિશેષ પ્રેમ હતો અને પ્રાણાયામની પ્રક્રિયા વધારે ગમતી. એ પ્રક્રિયામાં એ ખાસ રસ લેતા. મહર્ષિએ પોતે પ્રાણાયામનો પદ્ધતિસરનો અભ્યાસ નહોતો કર્યો. એમને એવા અભ્યાસની આવશ્યકતા નહોતી લાગી. પરંતુ શેષય્યરને પ્રાણાયામ વિશે જ જાણવાની ઈચ્છા હોવાથી, એ ઈચ્છાને સારી પેઠે સંતોષવા માટે, એમણે સ્વામી વિવેકાનંદનાં પ્રાણાયામ વિષયક લખાણોનો અભ્યાસ કર્યો ને એના પરથી ટૂંકી નોંધ તૈયાર કરી. એ નોંધો શેષય્યરને કામ લાગી.

મહર્ષિ કદી પણ ખોટી ચર્ચાવિચારણા કે વ્યર્થ વાદવિવાદમાં ના ઊતરતા. એમને બુદ્ધિજન્ય દલીલો કે કસરતોમાં લેશ પણ રસ નહોતો લાગતો. એ કહેતા કે એથી માણસ મૂળભૂત ધ્યેયને ભૂલીને બાહ્ય વિષયોમાં કે બહિરંગ વૃતિ ને પ્રવૃત્તિમાં જ રસ લેતો ને અટવાતો થઈ જાય છે. એથી જીવનધ્યેયની સિદ્ધિ નથી થઈ શકતી. એ સાધના અને સાધનાત્મક અનુભૂતિ પર હંમેશાં ભાર મૂક્તા ને એને માટે પ્રેરણા પૂરી પાડતા. જિજ્ઞાસુ જે મતમાં માનતો હોય તે મતનું અધ્યયન કરી એના સત્વને રજૂ કરીને એને સંતોષવાનો

ને શંકારહિત કરવાનો પ્રયત્ન કરતા. એ કોઈ સંપ્રદાયવિશેષમાં માનવાને બદલે પરમસત્યમાં શ્રદ્ધા રાખતા ને એના સાક્ષાત્કારની પ્રેરણા પાતા. સ્વાનુભવ એમને મન જીવનવિકાસનું મુખ્ય પ્રેરકબળ હતું અને એના આધાર પર એ અદ્વૈતમાં નિષ્ઠા કેળવતા થયેલા. પોતાના સ્વાનુભવના અમૂલખ આધાર પર એ સમજતા થયેલા કે દ્વૈતમાંથી પ્રારંભાયેલો સાધનાનો પુણ્યપ્રવાસ છેવટે અદ્વૈતમાં જ પર્યવસાન પામે છે. અનેકતામાંથી આરંભાયેલો આત્માનુભૂતિનો અભ્યાસ આખરે એકતામાં મળી જાય છે. એમની દ્વારા તામિલમાં લખાયેલી અને અનુવાદિત થયેલી મોટાભાગની રચનાઓમાં પણ અદ્વૈતની એ જ અંતિમ વિચારધારાનો સમાવેશ થયેલો જોવા મળે છે.

એમને મન પાંડિત્યની એટલી મહત્તા નહોતી જેટલી અનુભૂતિની. રમણ ગીતામાં સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે વિશેષ જિજ્ઞાસાવાળા પુરૂષને કેવળ શાસ્ત્રચર્ચા કરવાથી સંસિદ્ધિ નથી મળતી. એને માટે તો ઉપાસના કે સાધનાનો આધાર લેવો પડે છે.

મહર્ષિ કેટલાક સંતોની જેમ માનસશાસ્ત્રના પ્રાધ્યાપક બનવા નહોતા માગતા. એમની ઈચ્છા સ્વાનુભવના સાકાર સ્વરૂપ થવાની હતી. એટલે ગ્રંથોના અધ્યયનને એમણે વધારે પડતું મહત્વ નહોતું આપ્યું. છતાં પણ નરસી મહેતા, તુકારામ, મીરાં ને રામકૃષ્ણ પરમહંસદેવની પેઠે એમનાં સહજ ઉદગારોમાંથી શાસ્ત્રોનો સાર ટપકી રહેતો.

* * *      * * *      * * *      * * *

એ દિવસોમાં વિવેકચૂડામણિનો તામિલ ભાષામાં પદ્યાનુવાદ થયેલો પરંતુ સૌ કોઈને સહેલાઈથી પ્રાપ્ત ના થતો. મહર્ષિની પાસે આવતા ગંભીરમ્ શેષય્યરે એમને એ ગ્રંથનો તામિલમાં ગદ્યાનુવાદ કરવાનો આગ્રહ કર્યો. એને પરિણામે પ્રારંભનો કેટલોક ભાગ તૈયાર થયો. એ દરમિયાન તામિલ ભાષામાં થયેલો પદ્યાનુવાદ પણ મળી ગયો. મૂળ સંસ્કૃતમાં લખાયલો વિવેકચૂડામણિ ગ્રંથ તો હતો જ. એટલે મહર્ષિને લાગ્યું કે બીજા કોઈ ગદ્યાનુવાદની આવશ્યકતા નથી રહેતી. એમણે પોતાનું કામ એટલેથી જ બંધ રાખ્યું.

એ વાતને કેટલાંક વરસો વીતી ગયાં પછી વિરૂપાક્ષી ગુફાને સાફ કરતી વખતે એક ખૂણામાંથી વિવેકચૂડામણિ ગ્રંથની મહર્ષિએ તૈયાર કરેલી પેલા ગદ્યાનુવાદની હસ્તપ્રત પ્રાપ્ત થઈ. એ જોઈને સૌને આનંદ થયો. ખાસ કરીને એ મહર્ષિએ તૈયાર કરેલી માટે.

શેષય્યરના ભાણેજના અતિશય આગ્રહથી મહર્ષિને એનો શેષ ભાગ પણ પૂરો કરવો પડ્યો. તામિલ ગદ્યસાહિત્યમાં એવી રીતે વિવેકચૂડામણિ જેવા મહત્વના લોકોપયોગી ગ્રંથરત્નનો ઉમેરો થયો.

☼ ☼ ☼ ☼ ☼

## (૧૮) પિલ્લેનું પરિવર્તન

વિરૂપાક્ષી ગુફાના શાંત એકાંત આવાસ દરમિયાન મહર્ષિની મુલાકાતે આવનારા જિજ્ઞાસુ આત્માઓમાં શિવપ્રકાશમ્ પિલ્લે ખાસ ઉલ્લેખનીય છે. એ તત્વજ્ઞાનના સ્નાતક હતા અને ઈ.સ. ૧૯૦૦ થી ૧૯૧૦ સુધી દક્ષિણ આર્કોટ કલેક્ટોરેટમાં રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા. વિદ્યાર્થીદશા દરમિયાન પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણવાની અથવા 'હું કોણ' પ્રશ્નનો સમ્યક્ ઉત્તર મેળવવાની એમને ઈચ્છા થઈ પરંતુ એ ઈચ્છા ઈચ્છા જ રહી ગઈ.

ઈ.સ. ૧૯૦૨માં એમને એમના ખાતાકીય કામે તિરુવણ્ણામલૈ આવવાનું થયું ત્યારે ત્યાંના ભક્તો દ્વારા એમણે અરૂણાચલ પર્વત પર રહીને કઠોર તપ કરતા જીવનમુક્તિની અલૌકિક અવસ્થાનો અનુભવ કરનારા બ્રાહ્મણ સ્વામી અથવા મહર્ષિની પ્રશસ્તિ સાંભળી. એ સાંભળીને એમને એ મહાપુરૂષની મુલાકાતની ઉત્કટ ઈચ્છા થઈ આવી.

અરૂણાચલ પર્વતનું આરોહણ કરીને એ વિરૂપાક્ષી ગુફામાં રહેતા મહર્ષિ પાસે આવી પહોંચ્યા ત્યારે એમના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા વિના ના રહી શક્યા. એમનાં દર્શનથી એમને અસાધારણ આનંદ થયો ને શાંતિ મળી. એમણે ત્યાંના શાંત વાતાવરણમાં બેસીને મહર્ષિને પ્રકાશ અને પથપ્રદર્શન માટે પ્રાર્થના કરી ને કેટલાક પ્રશ્નો પૂછ્યા. મહર્ષિ એ વખતે મૌનવ્રત રાખતા હોવાથી એમાંના કેટલાક પ્રશ્નોના ઉત્તર એમણે અભિનય કે સંકેત દ્વારા આપ્યા ને કેટલાકના ઉત્તર જમીન કે સ્લેટ પર લખીને પૂરા પાડ્યા. એ ઉત્તરોથી પિલ્લેને સંતોષ થયો ને માર્ગદર્શન મળ્યું.

મહર્ષિના સમાગમની અસર પિલ્લે પર ઘણી થઈ. ધીરે ધીરે એમની ચિત્તવૃત્તિ ઉપરામ થતી ગઈ, એમની આસક્તિ વધતી ગઈ, ને એને પરિણામે ઈ.સ. ૧૯૧૦માં એમણે સરકારી નોકરીમાંથી રાજીનામું આપ્યું. મહર્ષિની સંગતિનો લાભ એ અવારનવાર અનુકૂળતા મળતાં લેતા જ રહ્યા. એમણે મહર્ષિને પૂછેલા કેટલાક પ્રશ્નો સાધકોને માટે ઉપયોગી ને મહર્ષિની સાધના તથા જીવનદૃષ્ટિને સમજવામાં મહત્વનો ફાળો આપનારા હોવાથી એમને એમના ઉત્તરો સાથે અહીં રજૂ કરીએ છીએ:

<u>પ્રશ્ન</u> : ચૈતન્યનો સ્વભાવ કેવો છે ?

<u>ઉત્તર</u> : એ સચ્ચિદાનંદ છે. ત્યાં અહમ્ નો અલ્પ જેટલો અંશ પણ નથી રહેતો. એને મૌન અથવા આત્મા નામથી પણ ઓળખવામાં આવે છે. એકમાત્ર અસ્તિત્વ ધરાવનારી વસ્તુ એ જ છે. ભેદદૃષ્ટિને લીધે જે જીવ, જગત ને ઈશ્વરને અલગ માનવામાં આવે છે તે તો અજ્ઞાનજન્ય આભાસમાત્ર છે. જીવ, જગત અને ઈશ્વર ત્રણે શિવસ્વરૂપ અથવા આત્મસ્વરૂપ છે અને સદ્ વસ્તુથી અભિન્ન છે.

<u>પ્રશ્ન</u> : એ શિવસ્વરૂપ અથવા સત્યનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે ?

<u>ઉત્તર</u> : બાહ્ય પદાર્થો અથવા દૃશ્યનો નાશ થાય તો દ્રષ્ટાના વાસ્તવિક મૂળભૂત સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ શકે છે.

<u>પ્રશ્ન</u> : અસંખ્ય જન્મોથી મનમાં પડેલી વૃત્તિ ને વાસનાઓને નિર્મૂળ કરવાનું શક્ય છે ખરું ?

<u>ઉત્તર</u> : એવી શંકાઓને પેદા જ ના થવા દો. દૃઢ નિરધારપૂર્વક આત્મામાં ઊંડે ને ઊંડે ડૂબકી મારો. આત્મવિચાર દ્વારા આત્માભિમુખ બનેલું મન આખરે શાંત થાય છે અને આત્મામાં મળી જાય છે. જ્યારે કોઈ શંકા ઉત્પન્ન થાય ત્યારે એના નિવારણ માટે કોશિશ કરવાને બદલે જેને શંકા થાય છે તેને જાણવાને પ્રયાસ કરો.

<u>પ્રશ્ન</u> : આત્મવિચારનો આધાર ક્યાં લગી લેવો જોઈએ ?

<u>ઉત્તર</u> : જ્યાં સુધી વાસનાઓ મનની અંદર રહીને વિચારો અથવા સંકલ્પ વિકલ્પોની સૃષ્ટિ કરતી હોય ત્યાં સુધી, જ્યાં સુધી આત્મસાક્ષાત્કાર ના થાય ત્યાં સુધી.

* * *     * * *     * * *     * * *

ઈ.સ. ૧૯૧૩માં મહર્ષિનો સદ્‌ઉપદેશ પામેલા છતાં એની અસરથી પૂરા નહિ રંગાયેલા પિલ્લે વિધુર થયા ત્યારે એમનો જીવનપ્રવાહ બાહ્યરૂપે ને દેખીતી રીતે જ બદલાયો. એમની આગળ સૌથી પહેલો અને અટપટો પ્રશ્ન એ પેદા થયો કે પોતે વિધુર રહીને બાકીનું બધું જીવન પૂરું કરવું કે પુનર્લગ્ન કરવું ? લગ્ન કરવામાં મુશ્કેલીઓ તો હતી જ. લગ્નને માટે સુયોગ્ય પાત્રની પસંદગી કરવાનો પ્રશ્ન કાંઈ ઓછો અટપટો ન હતો. એ ઉપરાંત એમની જ્ઞાતિમાં લગ્ન પાછળ ખાસ્સો ખર્ચ કરવો પડતો અને એમના સંજોગો જોતાં એવો મોટો ખર્ચ એમને પોસાશે કે કેમ એ પણ સવાલ તો હતો જ. એવો જરૂરી લગ્નખર્ચ ઊભો કરવાનું કામ કઠિન હતું. એ બધી ચિંતાઓ એમને ઘેરી વળી. એમના અંતરમાં આત્મજ્ઞાનનો પ્રકાશ હજુ સુચારુરૂપે નહોતો પથરાયો; નહિ તો એવી ચિંતાઓ એમને ના સતાવત. એ સમસ્યાએ એમના મનને મૂંઝવણમાં મૂકી દીધું.

ઈશ્વરકૃપાથી એમને એક ઉપાય સૂઝ્યો. એમના ગામમાં વિઘ્નેશ્વર ભગવાન ગણેશનું મંદિર હતું. એમની અંદર એમને સંપૂર્ણ શ્રદ્ધા હતી. એમને થયું કે મારું મન જે નિશ્ચિત માર્ગદર્શન નથી આપી શકતું તે માર્ગદર્શન ભગવાન વિઘ્નેશ્વર પાસેથી મેળવું. પરંતુ એ માર્ગદર્શન મેળવવું કેવી રીતે ? એને માટે એમણે એક નાનીસરખી છતાં મહત્વની યોજના બનાવી. એ યોજના એમને ખૂબ જ પસંદ પડી. એને અનુસરીને એમણે એક કાગળ પર એમના મનને મૂંઝવતા પ્રશ્નો લખ્યા :

૧. સંસારની ચિંતાઓ ને જવાબદારીઓમાંથી કાયમને માટે મુક્તિ મેળવવા મારે શું કરવું જોઈએ ?
૨. હું જેની સાથે લગ્ન કરવાની ઈચ્છા રાખું છું એ જ કન્યા સાથે મારું લગ્ન થશે ખરું ?
૩. જો મારું લગ્ન એની સાથે ના થવાનું હોય તો તેનું કારણ શું ?
૪. જો મારું લગ્ન એની સાથે થવાનું જ હોય તો એને માટે જરૂરી ખર્ચની વ્યવસ્થા કેવી રીતે થઈ શક્શે ?

કાગળ પર એ પ્રશ્નોને લખીને પિલ્લે ભગવાન વિઘ્નેશ્વરના મંદિરમાં પહોંચ્યા ત્યારે રાત્રીની નીરવ શાંતિ બધે પ્રસરી ચૂકેલી. વિઘ્નેશ્વર પ્રત્યેની અખંડ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને એમણે એ કાગળ એમની મધુમય મંગલ મૂર્તિ આગળ મૂક્યો ને ભાવવિભોર હૃદયે, ગદ્‌ગદ્‌ સ્વરે પ્રાર્થના કરી કે પ્રભુ, મેં તમારું અનન્ય ભાવે સાચા હૃદયે શરણ લીધું છે. તમે મારાં માતાપિતા, ગુરૂ, સ્વજન સર્વકાંઈ છો. મારી મૂંઝવણને મટાડીને મને શાંતિ આપવાની તમારામાં શક્તિ છે. તમે મને કૃપા કરીને યોગ્ય માર્ગદર્શન આપો. મને જે પણ માર્ગદર્શન આપવાનું હોય તે કાગળમાં લખેલા મારા પ્રશ્નોની નીચે એ પ્રશ્નોના અલગ પ્રત્યુત્તરના રૂપમાં પૂરું પાડો.

મારી એ ઈચ્છા આજે રાતે જ પૂરી થવી જોઈએ. જો એ ઈચ્છા કોઈ કારણે પૂરી નહિ થાય તો હું અરૂણાચલ પર્વત પર રહેતા બ્રાહ્મણ સ્વામી પાસે જઈશ ને એમનું માર્ગદર્શન મેળવીશ. પરંતુ મેં તમારૂં સર્વભાવે શરણ લીધું હોવાથી તમે મારા પર કૃપા કરશો એવી આશા છે.

એમણે આખી રાત અત્યંત આતુરતાપૂર્વક પૂરેપૂરી પ્રતીક્ષામાં પસાર કરી પરંતુ એમને કોઈ પ્રકારનો અનુભવ ના થયો. સવારે એમણે ધડકતા હૃદયે કાગળ જોયો તો એ પણ ઉત્તરરહિત દેખાયો. એમના લખેલા પ્રશ્નો એવા ને એવા જ જોઈને એમની પીડાનો પાર ના રહ્યો. એમની ચિંતા વધી ગઈ. પરંતુ એ પરિસ્થિતિમાં બીજું થઈ શકે પણ શું ? બીજો વિકલ્પ એમણે એમના મનમાં પહેલેથી જ વિચારી રાખેલો. એને અનુલક્ષીને એમણે નક્કી કર્યું કે ભગવાન વિઘ્નેશ્વરની ઈચ્છા મારે માર્ગદર્શન માટે બ્રાહ્મણ સ્વામી પાસે પહોંચવું એવી જ છે : એટલા માટે જ એમણે પ્રશ્નોમા ઉત્તરો નથી લખ્યા. માનવનો સ્વભાવ જ મોટે ભાગે એવો છે કે એ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી પણ સમાધાન શોધી લે છે. એક રીતે જોતાં એ સારૂં પણ છે. કારણ કે એને લીધે જ જીવન જીવવા જેવું લાગે છે ને માણસ પાર વિનાની પીડા ને પ્રતિકૂળતાની વચ્ચેથી પણ આગળ વધે છે.

વિઘ્નેશ્વર ભગવાનની સૂચના સમજીને એ અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં રહેતા મહાતપસ્વી સંતશ્રેષ્ઠ બ્રાહ્મણ સ્વામી અથવા મહર્ષિ પાસે આવી પહોંચ્યા.

મહર્ષિ એમના પૂર્વપરિચિત હોવા છતાં એમણે એમને પોતાની ભૂતકાળની ઘટનાઓથી વાકેફ ના કર્યા, એમની આગળ પોતાને સતાવતી સમસ્યાઓ ને ચિંતાઓ પણ રજૂ ના કરી, અને એમની સમક્ષ હૃદય ખોલીને માર્ગદર્શન પણ માગ્યું નહિ. એમણે બનતી ધીરજ, સહનશક્તિ, શાંતિ ને શ્રદ્ધાપૂર્વક એ પરમપ્રતાપી સંતપુરૂષના સંસર્ગમાં રહેવાનું ચાલું રાખ્યું. એ સંસર્ગ દરમિયાન મહર્ષિની જીવનચર્યાને અત્યંત નજદીકથી નજરે નિહાળવાનું સૌભાગ્ય એમને પ્રાપ્ત થયું. વિરૂપાક્ષી ગુફામાં દર્શનાર્થી ને જિજ્ઞાસુઓ મોટી સંખ્યામાં અતિશય આદર તેમ જ પ્રેમપૂર્વક એકઠા થતા. એમની સાથે મહર્ષિ જીવનના એકમાત્ર મૂળભૂત ધ્યેય આત્મસાક્ષાત્કાર અને એની પ્રાપ્તિનાં સાધનો વિશે વાતો કરતા. એ સિવાયની બીજી દુન્યવી વાતો સાંભળવાનો અવસર જ ત્યાં નહોતો ઉપસ્થિત થતો.

વખતના વીતવાની સાથે પિલ્લેનાં દિલનાં દ્વાર ઊઘડી ગયાં. એમના પ્રાણમાં એ એકાંત સત્સંગને પરિણામે પ્રકાશ પ્રકટ્યો, એ પરમ પાવન પ્રકાશકિરણે અજ્ઞાનાંધકારની નિવૃત્તિ કરી. એમને એમના પ્રશ્નો અને એમને ચિરકાળથી સતાવતી સમસ્યાઓના સંતોષકારક ઉત્તરો મળી ગયા. એ ઉત્તરોએ એમને શાંતિ આપી. એમને થયું કે મહર્ષિનું જીવન જ મારે માટે મહાન પદાર્થપાઠ રૂપ છે. પોતાના પવિત્ર પરમાત્મપરાયણ જીવન દ્વારા એ મને મહામૂલ્યવાન જીવનોપયોગી સંદેશ જ આપી રહ્યા છે. એ સંદેશને મારી અયોગ્યતાને લીધે મેં આજ સુધી નહોતો સાંભળ્યો પરંતુ હવે એમના જ અનુગ્રહથી એ સારી રીતે ને સંપૂર્ણપણે સંભળાઈ રહ્યો છે. મહર્ષિ પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરી રહ્યા છે અથવા તો વધારે સારા શબ્દોમાં કહી શકાય કે બ્રહ્મચર્યપાલન એમને સારુ સહજ થઈ ગયું છે. એમને શરીરસુખની વાસના કે કામના નથી સતાવતી. એ સમસ્યામાંથી એ સર્વથા ને સદાને માટે મુક્ત છે. એમને સનાતન શાંતિની પ્રાપ્તિ થઈ છે.

એવી શાંતિ શરીરસુખની ને બીજી વાસનામાંથી મુક્તિ મેળવ્યા વિના કદાપિ ના મળી શકે. જીવનની સાચી શાંતિ ને સફળતા માટે મારે એ વાસનાની નાગચૂડમાંથી છૂટવું જ જોઈએ.

બીજો સવાલ ધન સાથે સંબંધિત હતો. એ બાબત એમને સમજાયું કે મહર્ષિને એની જરાપણ ચિંતા નથી તો પણ એમનું જીવન કોઈપણ પ્રકારની તકલીફ વગર અત્યંત સરળતાથી સરસ રીતે ચાલ્યા કરે છે. જે શક્તિનાં ચરણોમાં એમણે પોતાનું સર્વસમર્પણ કર્યું છે એ શક્તિ એમના જીવનને સફળતાપૂર્વક સારી રીતે સંભાળી રહી છે. એ શક્તિની છત્રછાયામાં એ સદાય સલામત છે. હું પણ જો એનું શરણ લઉં તો મારી બધી જ ચિંતા ટળી જાય, મારો વિષાદ શમી જાય ને સમસ્યાઓ મટી જાય. એ સર્વોપરી શક્તિમાં શ્રદ્ધાભક્તિ કેળવવાની આવશ્યક્તા છે.

એમણે જોયું કે મહર્ષિ સનાતન સુખશાંતિના અખંડ અનુભવમાં પોતાના જીવનને પસાર કરી રહ્યા છે. એ કદી દુઃખી, શોકિત કે ઉદ્વિગ્ન નથી થતા. એમની પ્રસન્નતા એકધારી અથવા અકબંધ છે. એમને કશી વાસના, લાલસા કે તૃષ્ણા નથી. એ પરમ ધન્યતાની એકધારી અનુભૂતિ કરી રહ્યા છે. જે મેળવવાનું હતું તે એમણે મેળવી લીધું લાગે છે. એમણે 'હું કોણ' વિચારધારાનો આધાર લઈને આત્મસાક્ષાત્કાર કરી લીધો છે. એમને સ્વરૂપની અનુભૂતિ થઈ ચૂકી છે. એવી રીતે જો આત્મસાક્ષાત્કારનો લાભ મળે તો જીવન સુખશાંતિથી સંપન્ન થાય, અખંડ આનંદથી અલંકૃત બને, ને કૃતાર્થ થઈ જાય. આત્મસાક્ષાત્કારની એ આશીર્વાદરૂપ સર્વોત્તમ સાધનાને માટે સતત પુરૂષાર્થ કરવો જોઈએ. એવી ઉત્સાહયુક્ત સતત સાધનાથી જ સિદ્ધિ સાંપડી શકે ને જીવન સર્વ પ્રકારની ચિંતા, વ્યથા તથા અશાંતિથી ને ઉપાધિથી મુક્ત બને.

પિલ્લેને એમના પ્રશ્નોના ઉત્તરો મળી ગયા. એમના મનનું સંપૂર્ણપણે સમાધાન થયું. લગ્નની ને લક્ષ્મીની લાલસા એમને નિરર્થક લાગી. એનો એમણે વિવેક અથવા આત્મજ્ઞાનનો આધાર લઈને ત્યાગ કર્યો. એવી લાલસા લઈને પોતે વિઘ્નેશ્વર ભગવાનના મંદિરમાં રહ્યા ને મહર્ષિ જેવા મહાપુરૂષ પાસે આવ્યા એથી એમને એમના અજ્ઞાન માટે લાગી આવ્યું. પરંતુ હરકત નહિ, એ નિમિત્તે એ મહર્ષિનો સુખદ સંસર્ગ સાધી શક્યા, એમને દિવસો સુધી નજદીકથી નિહાળી શક્યા ને પ્રેરણા પામ્યા. એમના સત્સંગલાભ વિના જીવનવિકાસના શ્રેયસ્કર સંદેશની પ્રાપ્તિ એમને ના થઈ હોત. ભગવાન વિઘ્નેશ્વરે એમને મહર્ષિ જેવા લોકોત્તર મહાપુરૂષ પાસે મોકલ્યા તે બધી રીતે જોતાં સારું જ થયું.

* * * * * * * * * * * *

પિલ્લેનો અરૂણાચલ પર્વતનો ફેરો સફળ થયો. એમણે ઘેર પાછા ફરવાનો સંકલ્પ કર્યો. એ દરમિયાન ઈ.સ. ૧૯૧૩ના મે ની ચોથી તારીખે એમને અસાધારણ અનુભવ મળ્યો.

મહર્ષિની પાસે કેટલાય દર્શનાર્થી બેઠા હતા. એ સૌની સાથે રોજની જેમ પિલ્લે પણ બેઠેલા. એ મહર્ષિ તરફ સ્થિર દૃષ્ટિથી જોતા હતા ત્યારે એમણે એકાએક એક અદભુત ચમત્કાર જોયો. મહર્ષિની માનવીય મુખાકૃતિ કોણ જાણે કેમ પણ અદૃશ્ય થઈ ગઈ. એને બદલે એમની આજુબાજુ પ્રકાશનું પવિત્ર વર્તુળ છવાઈ ગયું. એ પ્રકાશવર્તુળમાંથી એમના અનંત આશ્ચર્ય વચ્ચે એક સુવર્ણસદૃશ કાંતિવાળું બાળક પ્રકટ થયું ને વધારે વખત વીતે એ પહેલાં તો એમાં પાછું સમાઈ ગયું. પિલ્લેને એ અસાધારણ અનુભૂતિના

રહસ્યની કશી સમજ ના પડી તો પણ એ ઊંડા આશ્ચર્ય ને આનંદમાં ગરકાવ બની ગયા. એમણે આંખ ચોળી જોઈને પોતે જાગે છે કે ઊંઘે છે તેની ખાતરી કરી જોઈ પરંતુ એમના આશ્ચર્યનો અંત ના આવ્યો. એ નિદ્રામાં નહિ પણ જાગૃતિમાં જ હતા.

એ જાતનો અસાધારણ શિશુના આવિર્ભાવ ને તિરોધાનનો વિચિત્ર અનુભવ એમને એકવાર નહિ પણ બે થી ત્રણવાર થયો ત્યારે સંસારની અંદર ને બહાર રહીને શાશ્વતકાળથી ક્રીડા કરનારી પરમાત્માની પરમશક્તિએ જ પોતાની ડગમગતી સાધારણ શ્રદ્ધાભક્તિને સ્થિર કરવા તેમ જ પરિપુષ્ટ બનાવવા આ અલૌકિક આકસ્મિક અનુભવ આપ્યો છે એવી એમને ખાતરી થઈ. અને એ શક્તિના અદભુત અનુગ્રહનો વિચાર કરીને એમનું હૈયું હાલી ઊઠ્યું. એ અતિશય લાગણીવશ ને ભાવવિભોર બની ગયા. એમની આંખમાંથી અશ્રુબિંદુ ટપકવા માંડ્યા, એમનો કંઠ રૂંધાઈ ગયો અને વાણી થંભી ગઈ. પોતાના અનુભવની અભિવ્યક્તિ કેવી રીતે કરવી તેની સમજ એમને ના પડી.

એમની આજુબાજુ બેઠેલા લોકોને એમની અવસ્થા જોઈને આશ્ચર્ય થયું. એમનામાંના કોઈને એમના જેવો અનુભવ નહોતો થયો એટલે એમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક હતું. એમણે પાછળથી સૌને એમનો અનુભવ કહી બતાવ્યો ત્યારે કેટલાક એને ના સમજી શકવાથી એમની મશ્કરી કરવા લાગ્યા. પરંતુ એથી શું ? એમનો અનુભવ સંપૂર્ણ વાસ્તવિક હોવાથી એને યાદ કરીને એ આનંદાનુભવ કરવા માંડ્યા.

એ અદભુત અનુભૂતિના પરિણામે પિલ્લેનું પરિવર્તન થયું. એમની દૃષ્ટિ ને વૃત્તિ બદલાઈ ગઈ. એમનું સાંસારિક જીવનનું રહ્યુંસહ્યું આકર્ષણ ઓગળી ગયું. એમની મોહિની મટી ગઈ. એમની સમસ્યાઓ શાંત થઈ. એમણે ફરીવાર લગ્ન ના કરવાનો ને સમસ્ત જીવનને સ્વાધ્યાય તથા તપમાં લગાડી દેવાનો સંકલ્પ કર્યો. એવું જીવન જ એમને ધન્ય કે કૃતાર્થ લાગ્યું. મહર્ષિને માટેનો એમનો પ્રેમ ને પૂજ્યભાવ પણ અનેકગણો વધી ગયો. એમને પ્રતીતિ થઈ કે મહર્ષિની શક્તિ અસીમ છે. એમને સાચા સદગુરૂ સાંપડ્યા છે એ જોઈને એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમણે એ મહાપુરૂષની ભાવવિભોર હૃદયે, કૃતજ્ઞતાપૂર્વક વિદાય લીધી ત્યારે એ કૃતજ્ઞતા એમની આંખમાંથી ટપકી પડી.

☼ ☼ ☼ ☼ ☼

## (૧૯) પંડિતપ્રવરનો પરિચય

એકધારી અખંડ ઉત્સાહપૂર્વકની સાધના અથવા તપશ્ચર્યા દ્વારા મહર્ષિ આત્મસંસિદ્ધિના સ્વર્ણશિખર પર આસીન થઈને સ્થિતિપ્રજ્ઞ અથવા જીવનમુક્ત દશા પર પહોંચી ગયા. પૂર્વજન્મના પ્રખર સંસ્કારોને પરિણામે એમને એમની આત્મસાધનાની સિદ્ધિપ્રાપ્તિ માટે વધારે વખત ના લાગ્યો. આત્માની અપરોક્ષ અનુભૂતિને પરિણામે એ જીવનની પરમ ધન્યતા અને કૃતાર્થતાનો અનુભવ કરી રહ્યો. પોતાના સઘળાં દલોને ઉઘાડીને પ્રકટેલા પદ્મની પેઠે સોહી રહ્યા. પૂર્ણ ચંદ્ર જેવી રીતે પોતાનાં રમણીય રસમય રશ્મિઓ ફેલાવીને સંસારમાં સુધાસંચાર કરે છે એવી રીતે એમનાં દર્શન ને સત્સંગ અથવા સંસર્ગથી સુધા ભરવા લાગ્યા. એમના સાધનામય જીવનની સુવાસ સુંદર સુમનની પેઠે ચારેકોર પ્રસરીને એમના સહવાસમાં આવનારા આધ્યાત્મિક અભીપ્સાયુક્ત આત્માઓના જીવનમાં ક્રાંતિ કરવા ને પ્રેરણા ભરવા લાગી. એણે કેટલાયનાં જીવન સુવાસિત કર્યાં.

મહાપુરૂષોના જીવનના સામાન્ય રીતે બે તબક્કા મનાય છે : એક એમનો વ્યક્તિગત સાધનાત્મક જીવનનો તબક્કો ને બીજો એ પૂરો થતાં પહેલાંનો કે એ પૂરો થયા પછીનો બીજાને પોતાના અનુભવના આધાર પર કામ લાગવાનો કે ઉપયોગી થવાનો સમષ્ટિગત તબક્કો. એને લોકસંગ્રહનો તબક્કો પણ કહી શકાય. મહર્ષિના જીવનનો વ્યક્તિગત સાધનાનો પ્રથમ તબક્કો પૂરો થયેલો અને હવે એમનું જીવન લોકસંગ્રહની સહજ સાધનાના બીજા મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશેલું. જે પરમ પ્રકાશની એમણે પ્રાપ્તિ કરેલી એ પ્રકાશનો પુણ્યમય પાવન પંથ બતાવવાનું અને એથી અન્યના અંધકારાવૃત્ત જડ જીવનને આલોકિત કરવાનું મહાકાર્ય એમણે કરવાનું હતું. એ મહાકાર્યનો એમના જીવનમાં આરંભ થયો.

એ આશીર્વાદરૂપ આરંભ દરમિયાન એમની મારફત મદદ મેળવવા અને એમના એ લોકોપકારક મહાકાર્યમાં એક યા બીજી રીતે, જાણ્યે અથવા અજાણ્યે, નાના અથવા મોટા પ્રમાણમાં મદદરૂપ થવા સમય સમય પર જુદી જુદી જાતના સંસ્કારી આત્માઓ એમની પાસે આવી પહોંચ્યા. એણે એ મહાપુરૂષની કીર્તિને અરૂણાચલ પર્વત પરથી નીચે ઉતારી પાર્થિવ જગતમાં પ્રવાહિત કરીને આખરે દિગદિગંતમાં ફેલાવી દીધી. એ બધા તો કેવળ નિમિત્તરૂપ હતા અને એમની દ્વારા મહર્ષિની અને એમના પરમપિતા પરમાત્માની પરમશક્તિ અથવા યોજના જ કામ કરી રહેલી, છતાં પણ એમને એનું થોડુંક પણ શ્રેય આપીએ એમાં કશું ખોટું નથી.

મહર્ષિના સંસર્ગમાં આવેલા એવા અસાધારણ સંસ્કારસંપન્ન આત્માઓમાં ગણપતિ શાસ્ત્રીનો સમાવેશ થાય છે.

ગણપતિ શાસ્ત્રી પંડિત અથવા પંડિતના પંડિત હતા. એ અત્યંત મેધાવી ને ઉચ્ચતમ બૌધિક પ્રતિભાથી સંપન્ન હતા. સંસ્કૃત ભાષા તથા સાહિત્ય પરનો કાબૂ અત્યંત અસાધારણ અને પ્રશસ્ય હતો. એ કવિ જ નહિ, શીઘ્રકવિ હતા અને ઉત્તમ પ્રકારના સાધક તરીકે સર્વત્ર પંકાતા. વિરૂપાક્ષી ગુફામાં રહેતા મહર્ષિની પ્રથમ મુલાકાત વખતે જ ઈ.સ. ૧૯૦૩માં એમણે મહર્ષિ તથા બીજા ભક્તોની આગળ ગણપતિના

સ્તોત્રના પ્રસિદ્ધ શ્લોકની અભિનવ વ્યાખ્યા કરી બતાવીને ગણપતિ તથા મહર્ષિની સમતા કરીને એ શ્લોક મહર્ષિની સ્તુતિનો શ્લોક કેવી રીતે થઈ શકે છે તે કહી બતાવેલું. એ વખતે એ નવું અર્થઘટન સાંભળીને મહર્ષિ અને ત્યાં એકઠા થયેલા બધા ભક્તો પ્રસન્ન ને મુગ્ધ બની ગયેલા. એ વખતથી જ એ પ્રથમ પરિચયે જ એમને લાગેલું કે ગણપતિ શાસ્ત્રી એક લોકોત્તર વિદ્વાન હોવાની સાથે સરસ્વતીની પૂર્ણ કૃપાને પામી ચૂક્યા છે. એમણે બોલી બતાવેલો વિનાયકસ્તોત્રનો એ શ્લોક કેટલો બધો સારવાહી ને સુંદર હતો !

शुकलांबरधरं विष्णुं शशिवर्णं चतुर्भुजम् ।
प्रसन्नवदनं ध्यायेत् सर्वविघ्नोपशान्तये ॥

એનો ભાવાર્થ આમ તો સાવ સ્પષ્ટ હતો : 'સર્વ પ્રકારનાં વિઘ્નોની શાંતિ માટે માણસે શ્વેત વસ્ત્રધારી, સર્વવ્યાપક, ચંદ્ર જેવા ચારુ રંગ ને રૂપાળા, ચાર હાથવાળા,પ્રસન્નવદન, દેવતાનું ધ્યાન ધરવું.'

પરંતુ એવો સીધો ને સ્પષ્ટ અર્થ કરી બતાવે તો પછી એમાં ઉત્તમ પ્રકારની પંડિતાઈ, પ્રાસાદિકતા કે કવિત્વશક્તિ ક્યાં રહી ? ગણપતિ શાસ્ત્રીની મેધાશક્તિ સદા નવીનવી કલ્પનાઓ કરતી રહેતી અને એમાં સંતુષ્ટ બનતી હોવાથી એમણે જણાવ્યું કે આ શ્લોક વિનાયક સ્તુતિનો હોવા છતાં મહર્ષિને અત્યંત અસરકારક રીતે પરિપૂર્ણપણે લાગુ પડે છે. ભક્તોને એ ઉદગારો સાંભળીને આશ્ચર્ય થયું પરંતુ એમના આશ્ચર્યની પરવા કર્યા વિના એ આશ્ચર્યને શાંત કરતાં એમણે કહ્યું કે મહર્ષિ શ્વેત વસ્ત્ર પહેરે છે, પરમાત્મા સાથે એક્તા અનુભવ કરી ચૂક્યા હોવાથી એમની પેઠે સર્વવ્યાપક છે, મનબુદ્ધિચિત્ત અને અહંકારથી બનેલા અંતઃકરણના અધીશ્વર છે, એમના મુખમંડળ પર હમેશાં પ્રસન્નતા ટપક્યા કરે છે અને એમનું સ્મરણમનન, સાંનિધ્ય ને ધ્યાન કરવામાં આવે તો સર્વ પ્રકારનાં કષ્ટો, વિઘ્નો ને બંધનોની એમના અનુગ્રહથી નિવૃત્તિ થાય છે.

એ અભિનવ અર્થઘટનમાં એમની અદભુત બુદ્ધિમતાનું દર્શન થતું હતું તેમ મહર્ષિને માટેની અસાધારણ, સાચી, શ્રદ્ધાભક્તિ ને પૂજ્યભાવનાની પણ ઝાંખી થતી. એ જોઈને સૌને આનંદ થયો. એમની અસાધારણ બૌધિક પ્રતિભાની સૌની ઉપર છાપ પડી. એ છાપ અમીટ બનવા સરજાયેલી.

બીજે વરસે ઈ.સ. ૧૯૦૪માં કૃત્તિકાના ઉત્સવની પહેલાં અરૂણાચલેશ્વર મંદિરમાં રહીને એ મહાપંડિતે થોડાં જ સપ્તાહોમાં ભગવાન શંકરની ભાવમય દિવ્ય સ્તુતિના એક સહસ્ત્ર શ્લોકોની રચના કરી. એ સ્તુતિ અથવા શિવસાહસ્ત્રી બોલીને એમણે જ્યારે અત્યંત પ્રેમપૂર્વક મહર્ષિને શિવસ્વરૂપ માનીને આદરપૂર્વક અંજલિ આપી ત્યારે પણ ભક્તો એ સાંભળી મંત્રમુગ્ધ બની ગયા. એમની કાવ્યશક્તિ ઉત્તમ કોટિની ને સ્વયંભૂ હતી. શ્રોતાજનોને એમના સંબંધી વિશેષ માહિતી મેળવવાનું મન થયું ત્યારે એમના પરિચિત પુરૂષ દ્વારા જાણવા મળ્યું કે એ આંધ્ર પ્રદેશના વતની છે, વિજયનગરમ્ અને બોબ્બિલીની બાજુમાં આવેલા કલુવરાય અગ્રહારના નિવાસી છે, અને એમનું નામ કાવ્યકંઠ ગણપતિ શાસ્ત્રી છે. ત્યારથી લોકો એમને પરમપ્રેમ ને પૂજ્યભાવથી જોવા અને એમની અદભુત કાવ્યશક્તિને ઈશ્વરની પ્રસાદી સમજવા લાગ્યા.

એમની કાવ્યશક્તિ ખરેખર ઈશ્વરની કૃપાપ્રસાદીરૂપ જ હતી. બીજી ભાષામાં ને વધારે સુયોગ્ય ને સારી રીતે કહીએ તો એમનું સમગ્ર જીવન જ એ પરમકૃપાળુ પરમાત્માના અસાધારણ અનુગ્રહની

અભિવ્યક્તિરૂપ હતું. એમના જન્મની પાછળ ઈતિહાસ હતો. એમનો જન્મ ઈ.સ. ૧૮૭૮માં થયેલો. એમના પિતા નરસિંહ સ્વામી કાશીમાં ગણપતિની ઉપાસના કરીને પ્રાર્થના કરી રહેલા ત્યારે એમને એકાએક અનુભવ થયો કે ગણપતિની મધુમય મૂર્તિમાંથી નીકળીને કોઈ દૈવી બાળક એમની પાસે આવી પહોંચ્યું. એ અનુભવના આધાર પર એમણે એમની ઉપર ગણપતિની કૃપા વરસી એવું આશ્વાસન મેળવ્યું ને પોતાના પુત્રનું નામ ગણપતિના અનુગ્રહની સ્મૃતિમાં ગણપતિ રાખ્યું.

બાળપણનાં પહેલાં પાંચ વરસો દરમિયાન ગણપતિનું સ્વાસ્થ્ય સર્વપ્રકારે ખરાબ રહેતું. એમને પેટના ને બેહોશી અથવા મૂર્છા જેવા મગજના વ્યાધિઓ ભયંકર રીતે ઘેરી વળેલા. એ વરસો દરમિયાન એમની વાણી પણ બંધ હતી. વ્યાધિ, બેહોશી, પીડા અને મૂંગાપણાની પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી મુક્ત કરવા માટે છઠ્ઠે વરસે એમને તપ્ત લોઢાના સળિયાથી ડામ દેવામાં આવ્યા. એ વિચિત્ર લાગતો નુસખો સફળ થયો ને ગણપતિનો જીવનપ્રવાહ બદલાયો.

પીડાજનક પ્રયોગ પછી એ વ્યાધિમુક્ત બનીને બોલવા તો લાગ્યા જ, પરંતુ એમની શક્તિ વધવા લાગી. એમની ગ્રહણશક્તિ, યાદશક્તિ, એકાગ્રતા તથા રચનાશક્તિ આશ્ચર્યકારક રીતે પ્રકટ થવા લાગી. અભ્યાસમાં એ બીજા સઘળા સહપાઠીઓથી આગળ રહેવા લાગ્યા. એકવાર જે વાંચતા એ એમને તરત જ યાદ રહી જતું અને કદી પણ ભુલાતું નહિ. એક સાથે એ આઠથી દસ વસ્તુમાં મનને જોડાયલું રાખી શકતા એટલા માટે અષ્ટાવધાની પણ કહેવાતા.

દસ વરસની વયમાં એમણે પૂર્વસંસ્કારોના પરિણામરૂપે પ્રાપ્ત થયેલી પ્રખર મેધાશક્તિની મદદથી સંસ્કૃતમાં સુંદર કવિતા કરી, પંચાગની કળા શીખી લીધી. કેટલાંક કાવ્યોને કંઠસ્થ કર્યા અને વ્યાકરણમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લીધી. બાર વરસની ઉંમરે કવિ કાલિદાસની કાવ્યરચનાના અનુકરણ પ્રયોગરૂપે ભૃંગસંદેશ નામે કાવ્યની બે સર્ગમાં મંદાક્રાન્તા છંદમાં રચના કરી. ચૌદ વરસની ઉંમરે છંદ, વ્યાકરણ, અલંકાર, કાવ્ય તથા ઈતિહાસમાં નિપુણતા મેળવી. રામાયણ, મહાભારત તેમ જ અન્ય પુરાણગ્રંથોનું અધ્યયન કરીને એમના રહસ્યને હસ્તગત કરી લીધું. એટલી નાની ઉંમરમાં પણ એમની બુદ્ધિ એવી સુસૂક્ષ્મ હતી કે એ સંસ્કૃતમાં કોઈ પણ પ્રકારની તકલીફ વિના ને ખૂબ જ સરસ રીતે લખી ને બોલી શકતા. એમની અંદર ઉત્તમ પ્રકારની વક્તૃત્વશક્તિ તેમ જ શીઘ્રકવિત્વ શક્તિનો સુભગ સમન્વય થયેલો.

સંસ્કૃત સાહિત્યના અધ્યયનને લીધે તથા વિશેષે કરીને મહાભારત અને રામાયણના પારાયણને પરિણામે એમના મનમા એક અવનવી મહત્વાકાંક્ષા જાગી ઉઠી. એ ધર્મગ્રંથોમાં આવતી ધ્રુવ, વસિષ્ઠ, નારદ, પ્રહ્લાદ ને વિશ્વામિત્ર જેવા પ્રાતઃસ્મરણીય પરમ તપસ્વી પરમાત્મપ્રેમી મહાપુરૂષોની આદર્શ જીવનકથાઓએ એમને અનેરો ઉત્સાહ અર્પીને એમના જીવનમાં પ્રેરણા ભરી. એમને થયું કે નામજપ, તપ, શ્રદ્ધા ને ભક્તિના પ્રતાપથી એ મહાપુરૂષો નવા સ્વર્ગની સૃષ્ટિ કરીને અને અનેક પ્રકારની અવનવી સિદ્ધિઓ મેળવીને જીવનવિકાસના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા તો એમનાં પગલે ચાલીને પોતે શા માટે નહિ પહોંચે ? એમને પણ તપ કરવાનું ને બીજાને ઉપયોગી થવાનું મન થયું.

એ સદભાવનાથી પ્રેરાઈને એમના લગ્ન પછી તરત જ એટલે કે અઢાર વરસની ઉંમરે એમણે ગોદાવરી, ગંગા, યમુના ને કાવેરી તથા તુંગભદ્રાના પવિત્ર તટપ્રદેશનો પ્રવાસ કરવા માંડ્યો ને ત્યાં અનુકૂળતાનુસાર થોડો વખત વાસ કરતાં મંત્રજપ જેવી રુચિપૂર્વકની સાધના શરૂ કરી. એ વખતનાં એમનાં સાધનાવિષયક સાહસો અને સ્વાનુભવોનું વર્ણન સંસ્કૃતમાં કપાલી શાસ્ત્રીએ કરેલું છે.

દેશનાં વિભિન્ન તીર્થસ્થાનોમાં રહીને સાધના કરવા પાછળનું એમનું ધ્યેય ભગવાન શંકરના સાક્ષાત્ દર્શનનો લાભ મેળવવાનું ને એમની પાસેથી જુદાંજુદાં વરદાનોની પ્રાપ્તિ કરવાનું હતું. એમનું એ ધ્યેય ઉત્તમ અથવા આવકારદાયક હતું છતાં સાધકો સહેલાઈથી સમજી શકશે કે એની સિદ્ધિ જેટલી ધારવામાં આવે છે એટલી સહેલી નથી. ઈશ્વરની પરિપૂર્ણ કૃપા હોય તો જ એવું મહાન કાર્ય થઈ શકે.

જીવનના સાધનાવિષયક અલગ અલગ અનુભવોથી અલંકૃત બનીને ઈ.સ. ૧૯૦૩માં સૌથી પ્રથમવાર એ તિરુવણ્ણામલૈ આવી પહોંચ્યા. એમની આકાંક્ષા હજુ અધૂરી જ હતી. તિરુવણ્ણામલૈ પહોંચતાં પહેલાં એમના જીવનમાં એક બીજો નોંધપાત્ર બનાવ બનેલો. એ ફરતા ફરતા નવદ્વીપમાં પ્રવેશ્યા. ત્યાં એમની ખ્યાતિ સાંભળીને એમની કાવ્યશક્તિની કસોટી કરવા પંડિતોએ સભા ભરી. એ સભાના પ્રમુખસ્થાને શીઘ્રકવિ પંડિતપ્રવર અંબિકાદત્તજી વિરાજ્યાં. ત્યાં ગણપતિએ એમની અસાધારણ જન્મજાત ઈશ્વરપ્રદત્ત કવિત્વશક્તિ તેમ જ એમના અપ્રતિમ પાંડિત્યથી એકઠા થયેલા મોટા મોટા કવિઓને ને પંડિતોને મંત્રમુગ્ધ કરી દીધા. સૌએ એમની અદભુત બૌધિક પ્રતિભાનો સ્વીકાર કર્યો ને એમને કાવ્યકંઠની ઉપાધિ પ્રદાન કરી.

તિરુવણ્ણામલૈમાં અરૂણાચલેશ્વરનું સુંદર મંદિર તથા ભગવાન શંકરનું પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ હોવાથી મંત્રજપ માટે એમને એ સ્થળ અધિક અનુકૂળ લાગવાથી જ એ ત્યાં આવી પહોંચેલા. તપની સિદ્ધિને માટે ત્યાં રહીને સાધના કરવાની ભાવનાથી એમણે ત્યાં એક વરસ સુધી વાસ કર્યો. એ દરમિયાન મહર્ષિની માહિતી મળવાથી એમણે અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં જઈને બે વાર એમનાં દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. એ ધન્ય અવસર પર જ એમણે એમની આગળ વિનાયકસ્તોત્રના પેલા સુપ્રસિદ્ધ શ્લોકનો અભિનવ અર્થ કરી બતાવ્યો.

એ પછી એ વેલોરમાં અધ્યાપક તરીકે રહેવા લાગ્યા. ત્યાં એમણે નવયુવકોના એક મંડળની સ્થાપના કરી. એમની અભિલાષા એવી હતી કે એ નવયુવકો એમના પથદર્શન અને એમની પ્રેરણા પ્રમાણે પ્રામાણિકપણે લાંબા વખત લગી મંત્રજપ કરીને દિવ્ય શક્તિનું નિર્માણ કરે અને એ શક્તિ દ્વારા માનવોને માટે આશીર્વાદરૂપ બનતાં રાષ્ટ્રનું અભ્યુત્થાન કરવામાં સફળતા મેળવે.

પરંતુ ...ઈશ્વરની ઈચ્છા કે યોજના જુદી જ હતી. એમના જીવનનો પવિત્ર પ્રવાહ જુદી જ દિશામાં વહેવાનો હતો. એમને માટે જુદા જ અનુભવો નક્કી થયા હતા. એ અનુભવો એમના આત્મવિકાસમાં મદદરૂપ બનવા સરજાયલા. એટલે ઈ.સ. ૧૯૦૭ના ડિસેમ્બર દરમિયાન વેલોરના અધ્યાપકપદનો પરિત્યાગ કરીને એ તપશ્ચર્યામાં લાગી જવાના આશયથી એકવાર ફરીથી તિરુવણ્ણામલૈ આવી પહોંચ્યા.

એમને માટે એ આગમન આશીર્વાદરૂપ, સુખદાયક, શાંતિકારક અને લાભપ્રદ નીવડ્યું. એ શુભાગમન પછી એમના મનમાં એક નવો જ વિચાર પેદા થયો. ભારતનાં વિભિન્ન તીર્થોમાં વરસો સુધી

શ્રદ્ધાભક્તિ સહિત રહીને એમણે તપ કરેલું, ચિંતનમનનો આધાર લીધેલો, તેમજ સ્વાધ્યાયમાં મન પરોવેલું, ઉપનિષદ, પુરાણ, ઈતિહાસ, કાવ્ય તથા મંત્રયોગના જુદાજુદા ગ્રંથોને સંપૂર્ણપણે વાંચી વિચારીને એમના રહસ્યને હસ્તગત પણ કરેલું. એ છતાં પણ મનને શાંતિનો અનુભવ કેમ નહોતો થતો ? જીવનમાં અસંતોષ કેમ શેષ રહેલો ? તપથી તો સંતોષ ને શાંતિ સાંપડે છે ને સાંપડવી જોઈએ, છતાં એ શાશ્વત શાંતિ શા માટે નથી સાંપડી ? એનું કારણ શું સમજવું ? એમને થયું કે હું આટલા બધા લાંબા વખતથી ખોટું તપ તો નથી કરી રહ્યો ? તપના રહસ્યને હું સાચા અર્થમાં સમજી શક્યો છું ખરો ? જો સમજી શક્યો હોઉં તો સિદ્ધિની પ્રાપ્તિને આટલી બધી વાર કેમ લાગે છે ? કે પછી મારી સમજ પ્રમાણેની સિદ્ધિપ્રાપ્તિ જેવી કોઈ વસ્તુ જ નથી અને એ સિદ્ધિ મને કદાપિ નથી મળવાની ?

એમનું મન મૂંઝાવા માંડ્યુ. એ કોઈ નિર્ણય પર ના પહોંચી શક્યા.

એ દિવસો વિખ્યાત મહોત્સવના આનંદદાયક દિવસો હોવા છતાં એ પંડિતપ્રવરના પ્રાણમાં વિષાદ ફરી વળ્યો. એમનો આત્મા દુઃખમાં ડૂબી ગયો. શું કરવું તેની સમજ ના પડી. ત્યાં તો મહોત્સવના નવમા દિવસે એમના નિરાશામય જીવનમાં આશાનું અમૂલખ કિરણ પ્રકટ્યું. મધ્યાન્હ સમયે એમને અરૂણાચલ પર રહેતા બ્રાહ્મણ સ્વામીની સ્મૃતિ થઈ. એમની તેજસ્વી, શોકમોહરહિત, સ્થિતપ્રજ્ઞદશાસૂચક, શાંત મુખાકૃતિ એમની આંખ આગળ આવીને ઊભી રહી. એમનું અંતર એક જાતના અજ્ઞાત આકર્ષણ અને અનુરાગથી નાચી ઊઠ્યું. એમને થયું કે આ મહાત્મા પુરૂષ એમના અનુભવના આધાર પર તપના સાચા રહસ્યને જરૂર જાણતા હશે ને તપના ફળની પ્રાપ્તિ કરી ચૂક્યા હશે : મારે એમના જ શરણમાં વિના વિલંબ જવું જોઈએ. એ પ્રત્યક્ષ દેવતા છે ને મને માર્ગદર્શન તથા શાંતિ અવશ્ય આપી શકશે. એમની અંદર એવી શક્તિ છે. હું અત્યાર સુધી આમતેમ ફરતો રહ્યો પણ હવે એમની પાસે પહોંચી જઉં.

એમને જાણે કે અભિનવ પ્રકાશની પ્રાપ્તિ થઈ. મનમાં વ્યાપેલાં વિષાદના વાદળાં ધીમે ધીમે વીખરાવા લાગ્યાં.

બ્રાહ્મણ સ્વામી સાથેના પહેલાંના પ્રસંગની એમને સ્મૃતિ થઈ. એમની આંખ આનંદના અશ્રુથી ઉભરાઈ આવી.

મધ્યાન્હનો વખત હોવા છતાં, તાપની પરવા કર્યા વિના એ વિરૂપાક્ષી ગુફાને લક્ષ્ય કરીને અરૂણાચલ પર્વત પર ચઢવા માંડ્યા. એમનું અંતર અવનવા ઉત્સાહે ઊછળવા લાગ્યું.

પર્વતનું અંતર એમને માટે ટૂંકું થઈ ગયું.

વિરૂપાક્ષી ગુફાની આગળ આવી પહોંચ્યા ત્યારે એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. ત્યાંની અસીમ શાંતિ એમના અણુપરમાણુને ઘેરી વળી.

એ અતિશય લાગણીવશ બની ગયા.

એમના સદભાગ્યે મહર્ષિ ગુફાની બહારના ઓટલા પર એકલા જ બેઠેલા. એ જોઈને એમને થયું કે ભાગ્ય પોતાને અનુકૂળ છે અને એમની ઉપર ઈશ્વરની કૃપા છે.

મહર્ષિને જોઈને એમના સંયમના સઘળા બંધ તૂટી ગયા. એ વિશેષ સંવેદનશીલ બનીને એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બંને હાથે એમના પગ પકડીને લાગણીપ્રધાન બનતાં બોલી ઊઠ્યા :

'જે વાંચવાનું હતું તે બધું વાંચી લીધું. વેદાંતનું પણ સમજપૂર્વક પૂરેપુરું અધ્યયન કર્યું. જ્યાં સુધી તૃપ્તિ ના વળી ત્યાં સુધી જપ કર્યા. તો પણ હજુ સુધી તપ શું છે તેની સમજ મને નથી પડી. એટલા માટે તમારા શરણમાં આવી પહોંચ્યો છું. તમે જ મને સાચી સમજ ને શાંતિ આપી શકો તેમ છો. મારી ઉપર કૃપા કરો ને મને તપના રહસ્યનું ભાન કરાવો.'

એમની આંખ ભરાઈ આવી.

શાસ્ત્રજ્ઞાનનો ને તપનો રહ્યો સહ્યો અહંકાર દૂર થયો.

એના સિવાય આવું સર્વસમર્પણ ના થઈ શક્યું હોત.

સર્વસમર્પણની વચ્ચે અહંકાર જ આવતો હોય છે. પછી એ અહંકાર ગમે તે પ્રકારનો ને ગમે તેટલી માત્રાનો હોય. એની નિવૃત્તિ વિના શાંતિ, પૂર્ણતા કે મુક્તિ નથી.

મહર્ષિ એ સંવેદનશીલ, સમર્પણભાવયુક્ત, શરણાગત, આતુર, શાસ્ત્રી તરફ પંદરેક મિનિટ સુધી શાંતિપૂર્વક જોઈ રહ્યા.

એમને ઓળખતાં એમને વાર ના લાગી.

એ આતુર પંડિતશિરોમણિને શાંતિ આપવા માટે એ ધીમે ધીમે, તૂટ્યાં ફૂટ્યાં તામિલ વાક્યોમાં બોલ્યા : 'અહંભાવનો જ્યાંથી આવિર્ભાવ થાય છે ત્યાં અનુસંધાન કરવામાં આવે તો મન આખરે એમાં ડૂબી જાય છે. એ જ તપ છે.'

'મંત્ર જપતી વખતે મંત્રના ધ્વનિનો આવિર્ભાવ થાય છે તે તેના મૂળ ઉદભવસ્થાન તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો મન આખરે એમાં ડૂબી જાય છે. એ જ તપ છે.'

એ સુંદર સુયોગ્ય સદ્દુપદેશ ગણપતિ શાસ્ત્રીને સારુ સુધાસભર થઈ પડ્યો.

એના શ્રવણથી એમના સંતપ્ત અંતરને શાંતિ વળી.

એમના અંતરની આગળનાં આવરણ હઠી ગયાં.

મહર્ષિના અસાધારણ અનુગ્રહનો એમને લાભ મળ્યો અને એ પણ અત્યંત અદભુત રીતે.

ઈ.સ. ૧૮૯૬ના સપ્ટેમ્બરમાં શરૂ થયેલું એમનુ સહજ મૌનવ્રત એમના શુભ સંસ્કારોદયથી ઈ.સ. ૧૯૦૭માં પૂર્ણાહુતિ પામ્યું.

પલનિ સ્વામી દ્વારા એમણે એમના પ્રકાશદાતા એ મહાપુરૂષના મૂળ નામને જાણીને એમની પ્રશસ્તિના પાંચ  શ્લોકની એ જ વખતે રચના કરી ત્યારે જ એમના આત્માને સંતોષ થયો. એ શ્લોકોમાં એમણે રમણ શબ્દનો સૌથી પ્રથમ વાર પ્રયોગ કર્યો. એ પ્રયોગને પાછળથી સૌએ અપનાવી લીધો. એ પ્રયોગ મહર્ષિને માટેનો કાયમી —સનાતન શબ્દપ્રયોગ બની રહ્યો.

બીજે દિવસે ગણપતિ શાસ્ત્રીએ એમના સંબંધીઓ ને શિષ્યોને પત્ર લખીને એમને અરૂણાચલ પર્વત પર રહેતા બ્રાહ્મણ સ્વામીએ આપેલો ઉપદેશ જણાવ્યો અને સૂચવ્યું કે એમને હવેથી મહર્ષિ તરીકે ઓળખવા,

કારણ કે એવા અસાધારણ નામને એ યોગ્ય છે. એમનો ઉપદેશ તદ્દન નવો છે અને એવો ઉપદેશ આજ સુધી બીજે ક્યાંય નથી જોવામાં આવ્યો. એમણે બ્રાહ્મણ સ્વામીને ભગવાન મહર્ષિ તરીકે ઓળખવાનો ને બોલાવવાનો સૌને આદેશ આપ્યો. એ રીતે જોઈએ તો ભગવાન રમણ મહર્ષિના નૂતન નામકરણમાં ગણપતિ શાસ્ત્રી નિમિત્ત બન્યા.

ઈ.સ. ૧૯૦૮ના માર્ચ પછી ગણપતિ શાસ્ત્રીએ તિરુવણ્ણામલૈ છોડતી વખતે મહર્ષિની અનુમતિ માગતાં પૂછ્યું :

‘અહંના ઉદભવસ્થાનની શોધ મારા સઘળા આદર્શોની સિદ્ધિને માટે પર્યાપ્ત છે કે કોઈ બીજા મંત્ર કે ધ્યાનની જરૂર છે ?’

મહર્ષિએ ઉત્તર આપ્યો:

‘અહંના ઉદભવસ્થાનની શોધ પર્યાપ્ત છે.’

એમના વ્યક્તિગત આદર્શ સંબંધી પૂછવામાં આવ્યું તો એમણે કહ્યું :

‘તમારો બધો જ ભાર ઈશ્વરને સોંપી દો. એ એને ઉપાડી લેશે ને તમને તેમાંથી મુક્તિ મળશે. એ એમનું કર્તવ્ય પૂરું કરશે.’

પછીના વરસોમાં શાસ્ત્રીએ તિરુવત્તિયૂર, ગોકર્ણ જેવાં સુંદર તીર્થોમાં તપ કરવાના નિરધાર સાથે નિવાસ કર્યો.

મહર્ષિના અસાધારણ આકર્ષણમાંથી મુક્તિ મેળવવાનું કાર્ય ખૂબ જ કપરું હતું. એ કાર્ય કરવાની ઈચ્છા પણ એમને ન હતી. એટલે સમય મળતાં એ મહર્ષિની મુલાકાત લઈને શાંતિ, પ્રકાશ કે પ્રેરણા મેળવતા. એ મહાપુરૂષને માટે એમને અપાર પ્રેમ હતો ને મહર્ષિ પણ એમની ઉપર પ્રેમ રાખતા. એમની યોગ્યતાને જોઈને એ એમને ઉચિત આદર આપતા.

એમને મહર્ષિની કૃપાથી જુદા જુદા અનુભવોની પ્રાપ્તિ પણ થયા કરતી. ઈ.સ. ૧૯૦૮માં મદ્રાસ પાસે તિરુવત્તિયૂરમાં એમને એક સુંદર અનુભવ થયેલો. ત્યાંના ગણપતિ મંદિરમાં રહીને એમણે અઢાર દિવસ મૌન રાખ્યું ને સાધના કરી. અઢારમે દિવસે એમને-એ આરામ કરતા આડા પડેલા ત્યારે-એક વિલક્ષણ અનુભવ થયો. એમના આશ્ચર્ય વચ્ચે મહર્ષિની આકૃતિ એમની બાજુમાં આવીને બેસી ગઈ. એમણે ઊઠવાનો પ્રયત્ન કર્યો તો મહર્ષિએ એમના મસ્તકને પકડી એમને દબાવીને એ પ્રયત્નને નિષ્ફળ બનાવ્યો. એથી એમને ઈલેક્ટ્રીક શૉક જેવું લાગ્યું. એમણે માન્યું કે મહર્ષિએ એ રીતે એમને સ્પર્શદીક્ષા આપી.

પોતાના જીવનનાં આખરનાં વરસોમાં ઈ.સ.૧૯૩૦માં શાસ્ત્રી ખડગપૂર પાસેના નિમપુરા ગામમાં રહેવા લાગ્યા. ત્યાં રહીને એમણે તપમાં જ મનને પરોવી દીધું. એમના શિષ્યો એમનું ધ્યાન રાખતા. ઈ.સ. ૧૯૩૬ના જુલાઈની પચીસમીએ ત્યાં જ એમનો દેહવિલય થયો ત્યારે એ સમાચારથી લાગતાવળગતા સૌ સંવેદનશીલ બની ગયા— મહર્ષિ પણ.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૦) લક્ષ્મી અમાલ

સંતો ઈશ્વરની આરાધનાનો આધાર લઈને એમની અત્યંત નજદીક પહોંચ્યા હોવાથી પ્રેમ તથા કરૂણાની મૂર્તિ જેવા હોય છે. એમના અંતર અત્યંત કોમળ હોય છે. એ બીજાનું હિત કરવા સારુ જ શ્વાસ લેતા હોઈને એમનો આશ્રય લેનાર પણ શાંતિ પામે છે, જીવનવિકાસની ઉચ્ચતમ પ્રેરણાની પ્રાપ્તિ કરે છે ને ધન્ય બને છે. એમના રૂપમાં જાણે કે ઈશ્વર પોતે જ કામ કરતા હોય છે.

રમણ મહર્ષિ એવા સાચા સંત હતા. જીવનસિદ્ધિના સુમેરૂ શિખર પર પહોંચીને સમસ્ત જીવન દ્વારા એ લોકોપકારનું મહાન કાર્ય કરી રહેલા. એ ગંભીર વિશાળ વટવૃક્ષ જેવા હતા. એમના આશ્રયે આવનારા અસંખ્યને એમણે પ્રેરણા પહોંચાડી ને શાંતિ આપી. એમણે અનેકને આશ્રય આપ્યો, અનેકની કરમાયેલી કે સુકાયેલી જીવનવાડીમાં શક્તિ ને રસવૃત્તિ તથા ભગવદ્ ભક્તિનાં ભાવમય, અભિનવ, આશીર્વાદરૂપ સુંદર સ્રોતો પેદા કર્યાં, અને અનેકનાં અસ્થિર ભ્રાંત જ્યોતિરહિત જીવનને ભ્રાંતિમાંથી મુક્ત કરી જડતાથી રહિત બનાવીને સ્થિરતા આપી. એમના અંતરમાં અવનવી જ્યોતિઓ જગાવી. એમના સંસર્ગમાં આવેલા અને એથી ધન્ય બનેલા અનેક આત્માઓનાં જીવન એની સાક્ષી પૂરે છે. સ્ત્રીઓ પણ એમના અસાધારણ અનુગ્રહથી વંચિત નહોતી રહી. એમની અહેતુકી અનુકંપા જેમ પુરૂષો પર, વાનર પર ને બીજાં પશુપક્ષીઓ પર વરસતી રહેતી તેમ શ્રદ્ધાસંપન્ન ભાવભક્તિમતી સન્નારીઓ પણ એના અમૃતમય આસ્વાદથી ધન્ય બનતી. એવી જ એક શ્રદ્ધાભક્તિયુક્ત ધન્ય સન્નારીનો પરિચય અહીં આપી રહ્યો છું.

એનું મૂળ નામ લક્ષ્મી અમ્માલ હતું. રમણ મહર્ષિના આશ્રમમાં રહેતા ભક્તો એને એચમ્માલના નામથી ઓળખતા. એ તિરુવણ્ણામલૈથી વીસેક માઈલ દૂર આવેલા મંડકોલુતૂર ગામમાં નિવાસ કરતી. એનાં દુઃખદર્દ અને એની ચિંતાનો પાર ન હતો. પૃથ્વીની બધી જ પીડાઓ જાણે કે એના જીવનમાં અતિવૃષ્ટિનું રૂપ ધારીને વરસી ચૂકેલી ને વરસી રહેલી. એના અંતરમાં શાંતિ, સુખ અથવા આનંદનું નામનિશાન નહોતું દેખાતું. પચીસ વરસની ઉંમરની અંદર અંદર તો એના પતિનું મૃત્યુ થયું, અને પછી એના એકના એક પુત્રરત્નનું પણ અવસાન થયું. એટલો આઘાત જાણે કે ઓછો હોય અને એણે વધારે ભયંકર પીડા ભોગવવાની હોય તેમ એ પછી થોડાક જ વખતમાં એની એકની એક પ્રાણપ્યારી પુત્રીને પણ કાળે લઈ લીધી. જે જીવન ઊગતી યુવાનીમાં અમૃતમય લાગતું'તું તે વિષની પ્યાલી જેવું બની ગયું.

ઉપરાઉપરી લાગેલા આઘાતોને લીધે એનું મગજ શૂન્ય બની ગયું. એની પીડાનો પાર ના રહ્યો. એ આઘાત અને પીડાને લીધે એનો જીવનરસ સુકાઈ ગયો. એ પોતાની ઉપરનો કાબૂ ખોઈ બેઠી તથા એને જીવનનો જરાપણ રસ ના રહ્યો. એને માટે એ આખુંય ગામ નીરસ બની ગયું. એને જીવનની કોઈપણ પ્રવૃત્તિમાં રુચિ ના રહી. એને ઘર તથા ગામ સ્મશાન જેવાં લાગવા માંડ્યાં. એને માટે બધે અંધકાર છવાઈ રહ્યો.

એવી પીડાજનક પરિસ્થિતિમાં પીડાથી મુક્તિ મેળવવા કે પાર વિનાની પીડાને ઓછી કરવા પોતાના પિતાની અનુમતિ લઈને એણે ગોકર્ણ જેવાં તીર્થસ્થળોની યાત્રા કરી. ત્યાં રહેતા સંતોનો સત્સંગ કરવાની

ઈચ્છાથી પ્રેરાઈને એ કેટલેય ઠેકાણે ફરી વળી. ઉત્તરનાં જુદાંજુદાં તીર્થોમાં એને પવિત્ર પરમાત્મપ્રેમી સંતપુરૂષોનો સુખદ સમાગમ પણ થયો, પરંતુ એ સમાગમ એનાં દુઃખ કે શોકની નિવૃત્તિ ના કરી શક્યો. એનું હ્રદય તો અનવરત રીતે એવું ને એવું જ જલતું રહ્યું. એની દૃષ્ટિ તથા વૃત્તિમાં કશો જ ફેર ના પડ્યો.

ઈ.સ. ૧૯૦૮માં એ યાત્રાએથી ઘેર પાછી ફરી ત્યારે એ વેરાન ઘરને જોઈને એનું હ્રદય ફરીથી રડી ઊઠ્યું.

લક્ષ્મી અમ્માલને મહર્ષિની માહિતી મેળવીને આનંદ થયો. વિશેષ વિલંબ કર્યા વગર એણે તિરુવણ્ણામલૈ જઈને એ મહાપુરૂષનાં દર્શનનો નિર્ણય કર્યો.

થોડા વખતમાં તો એ પર્વત પરની વિરૂપાક્ષી ગુફા આગળ આવી પહોંચી.

ગુફામાં મહર્ષિ બેઠેલા.

એમના દર્શનથી એના આત્માને આનંદ થયો ને નિરાંત વળી. એના હ્રદયમાં ભાતભાતના શ્રદ્ધાભક્તિભરપૂર ભાવો ઊછળવા માંડ્યા.

એ ભાવોમાં સાનંદ સ્નાન કરતી એ એકાદ કલાક લગી ત્યાં જ ઊભી રહી—એ પરમપ્રતાપી પ્રશાંત મહાપુરૂષની પાસે, અને કશું જ ના બોલી. એને કશું બોલવાનું મન જ ના થયું.

મહર્ષિ પોતે પણ કશું ના બોલ્યા. છતાં પણ એમની સંનિધિમાં એ સન્નારીને એટલી બધી શાંતિ મળી, એનું મન એટલું બધું નિશ્ચિંત બનવા લાગ્યું, કે એની અવસ્થા ચિત્રાંકિત પ્રતિમા જેવી બની ગઈ. એને એ વિશુદ્ધ વાયુમંડળમાંથી હઠવાનું મન જ ના થયું.

એ નીરવ નિશ્ચિંત અવસ્થામાં લાંબા વખત લગી સ્થિર રહ્યા પછી એ પોતાની બેનપણી કે સખી સાથે ગુફામાંથી બહાર નીકળીને પર્વત પરથી નીચે ઊતરી. એ વખતે એની મનોદશા જુદી જ હતી. એણે નીચે ઊતર્યા પછી પોતાની સ્નેહાળ સખીને કહ્યું પણ ખરું કે મહર્ષિની કૃપાથી મારું હૈયું કોણ જાણે કેમ પણ હળવું થયું છે, મારો શોક ઓછો થયો છે, ને મને શાંતિ મળી છે.

મહર્ષિનો મૂક સત્સંગ એ શોકમગ્ન, સંતપ્ત સન્નારીના જીવનપ્રવાહનું સુખદ પરિવર્તન કરનારો થઈ પડ્યો.

અંધકારમાં પ્રકાશ પ્રકટ્યો, જડતામાં ચેતનનો સંચાર થયો, ને મૃત્યુને જાણે કે જીવન મળ્યું.

નિરાશામાં આશા પેદા થઈ.

વિષાદમાં ઉલ્લાસ ને ચિંતામાં નિશ્ચિંતતાનો આર્ભાવ થયો.

ગરલમાં એકાએક સુધાની સૃષ્ટિ થઈ.

નીરસતામાં રસ પ્રકટ્યો ને દુર્ગંધમાં ફોરમના ફુવારા ફૂટી નીકળ્યા.

દિવસો, મહિના ને વરસો પછી એને લાગ્યું કે જીવન અમંગલ અભિશાપરૂપ નથી, અમૂલખ આશીર્વાદરૂપ છે, ને ઉપેક્ષા કરવા યોગ્ય નથી પણ જીવવા જેવું છે ને ચાહવાયોગ્ય છે.

મહર્ષિનાં દર્શન માટે એ અહર્નિશ અનુરાગયુક્ત અંતરે આનંદપૂર્વક આવી પહોંચતી, કારણ કે આવ્યા વિના રહી શકતી જ નહિ. મહર્ષિ એને માટે પિતા, માતા, ભ્રાતા, ગુરૂ, દેવતા, પરમાત્મા, સર્વરૂપ હતા.

અત્યાર સુધી આશ્વાસન મેળવવાની મહેચ્છાથી પ્રેરાઈને એ અનેક તીર્થસ્થાનોમાં ફરી ચૂકેલી. એ સર્વોત્તમ તીર્થસ્થાનોના સેવનના ફળરૂપે જ એને આખરે મહર્ષિ જેવા અલૌકિક જંગમતીર્થની પ્રાપ્તિ થયેલી. એ તીર્થ એને માટે આશીર્વાદરૂપ થઈ પડ્યું. એમનાં દર્શન પછી એનો આત્મા એમની તરફ સતત રીતે ખેંચાયા કરતો અને એમની સંનિધિમાં રહેવાની જ ઝંખના કરતો.

પોતાને હાથે ખૂબખૂબ ભક્તિભાવથી તૈયાર કરેલી ભિક્ષા સાથે એ મહર્ષિ પાસે પહોંચી જતી ને મહર્ષિ અને એમની સાથેના ભક્તોને જમાડ્યા પછી જે કાંઈ શેષ રહેતું તે પ્રસાદ માનીને ગ્રહણ કરતી. એવું કરવામાં એને અસાધારણ આનંદ આવતો.

સેવાનો એ ક્રમ એક અથવા બીજી રીતે, પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તિત થઈને, વરસો સુધી ચાલુ રહ્યો. એમાં કદી ને કોઈયે કારણે ભંગ પડ્યો જ નહિ. મહર્ષિ પાસેથી એને જે શાંતિ મળી તેની કિંમત કોઈ રીતે નહોતી કરી શકાય તેમ. એના બદલામાં એ બીજું શું આપી શકે તેમ હતી ? એણે એમનાં શ્રીચરણોમાં સર્વસમર્પણ કરી દીધું અને જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતાની સમર્પણભાવયુક્ત શ્રદ્ધાભક્તિને સુરક્ષિત રાખીને એમની સર્વપ્રકારે સેવા કરી. પોતાના પૂજ્ય પિતા તરફથી અને એમના સ્વર્ગવાસ પછી પોતાના ભાઈ તરફથી આજીવિકા માટે મળતી બધી જ રકમ એ મહર્ષિ અને એમના આશ્રમ માટે ખરચતી. એ સેવાભાવના ને વરસો સુધી એકધારી ચાલેલી સેવાભાવના કાંઈ ઓછી અગત્યની ન હતી. એ દ્વારા એ મહાન સન્નારીની સર્વોત્તમ સુસંસ્કારિતાનું દર્શન થાય છે.

* * *     * * *     * * *     * * *

મહર્ષિની મુલાકાત પહેલાં ઉત્તર ભારતના કોઈક યોગીએ એ સન્નારીને મનની એકાગ્રતાને માટે નાસાગ્ર દૃષ્ટિ કરીને બેસવાની પ્રક્રિયા બતાવેલી. એ એનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ કરતી. એ અભ્યાસ દ્વારા એને એક પ્રકારનું દિવ્ય તેજ દેખાતું અને આનંદ મળતો. એ અભ્યાસમાં એ બાહ્યજ્ઞાનને ભૂલીને લાંબા વખત લગી બેસી શકતી.

એક દિવસ એના એ અભ્યાસની કોઈએ મહર્ષિને માહિતી આપી.

મહર્ષિ એ વખતે મૂક રહ્યા. પરંતુ લક્ષ્મી અમ્માલે જ એક વાર એ બધા અભ્યાસથી એમને માહિતગાર કર્યા ત્યારે એમણે એવા અભ્યાસને ઉત્તેજન ના આપવાના આશયથી જણાવ્યું :

'એ બધી જાતનાં તેજ દૃશ્ય જ છે, આત્મા નથી. તારું લક્ષ્ય આત્માના સાક્ષાત્કારનું જ હોવું જોઈએ : કોઈ તેજ જોવાનું નહિ. સાધારણ લક્ષ્યની પાછળ મન લગાડવાથી શો હેતુ સરી શકે ? '

મહર્ષિના માર્ગદર્શનને અનુસરીને એ સન્નારી સાધિકાએ તેજનાં દર્શનનો મોહ તજી દઈને આત્મવિચારનો આધાર લીધો. એથી એને લાભ પણ થવા માંડ્યો.

મહર્ષિના માર્ગદર્શનમાં એને વિશ્વાસ હતો અને એ વિશ્વાસને વિલોકીને મહર્ષિએ સમય સમય પર એક અથવા બીજી રીતે એની ઉપર કૃપા કરીને એને આત્મવિકાસના મૂળભૂત માર્ગમાં મદદ કરી.

* * *     * * *     * * *     * * *

લક્ષ્મી અમ્માલ અથવા એચમ્માલનું મન હંમેશાં મહર્ષિમાં રહેતું. એના અંતરમાં મહર્ષિ વિના બીજુ કોઈ ન હતું. એમાં મહર્ષિ માટેનો જ રાગ ભરેલો હોવાથી મહર્ષિ એની ઉપર પુષ્કળ પ્રેમ રાખતા અને એને આધ્યાત્મિક રીતે મદદરૂપ થતા. એને એના પવિત્ર પ્રેમ તથા શ્રદ્ધાભાવને લીધે કેટલાક અસાધારણ અદભુત અનુભવો પણ મળ્યા કરતા. એવા જ એક વિશેષ અનુભવનો ઉલ્લેખ અહીં અસ્થાને નહીં લેખાય.

એક દિવસ પોતાના નિત્યનિયમાનુસાર એ ભિક્ષા લઈને મહર્ષિ પાસે આવી પહોંચી ત્યારે એના આશ્ચર્ય વચ્ચે એણે જોયું તો એ ઉત્તર ભારતમાંથી આવેલા કોઈક શાસ્ત્રી સાથે વાત કરી રહેલા. શાસ્ત્રી સાથેની એમની વાતમાં આશ્ચર્યકારક જેવું કશું જ ન હતું તો પણ એને જે આશ્ચર્ય થયું એની પાછળ એનો અનુભવ જ કામ કરી રહેલો. એનું મન વિક્ષુબ્ધ બની ગયેલું ને તન ધ્રૂજતું હતું. એને એનું કારણ પૂછવામાં આવ્યું તો એણે જણાવ્યું કે હું રોજની જેમ ભિક્ષા લઈને સદગુરૂસ્વામીની ગુફા પાસેથી પસાર થઈ રહેલી ત્યારે રસ્તામાં મેં બે પુરૂષોને ઊભેલા જોયા. એમાંના એક પુરૂષ કોઈ અપરિચિત હતા ને બીજા રમણ મહર્ષિ. એ બંનેને જોવા છતાં મેં આગળ જવાનું ચાલુ રાખ્યું એટલે અવાજ આવ્યો કે હું અહીં જ છું પછી આગળ જવાનું શું પ્રયોજન છે ? મેં એ અવાજની દિશામાં પાછળ જોયું તો મારા વિસ્મય વચ્ચે ત્યાં કોઈ જ ના દેખાયું. મને કાંઈ જ સમજ ના પડી. હું જરાક ગભરાઈ ગઈ ને ભયભીત થઈ. મારે શરીરે પરસેવો છૂટ્યો. મન ભમવા લાગ્યું. એ દશામાં ઉતાવળમાં આગળ વધતી હું આખરે અહીં આવી પહોંચી.

પેલા શાસ્ત્રી એ બધું સાંભળીને આશ્ચર્ય પામ્યા ને બોલ્યા : 'સ્વામીજી, એક તરફ તમે મારી સાથે વાત કરી રહ્યા છો ને બીજી તરફ એ જ વખતે આ સ્ત્રીને દર્શન આપો છો એ કેવું આશ્ચર્યકારક ! તમારા અલૌકિક અનુગ્રહનો એવો કોઈ અનુભવ મને પણ આપો તો કેવું સારું !'

મહર્ષિ બીજું શું કહે ? એ કોઈ પણ પ્રકારનું સ્પષ્ટીકરણ કરવા બંધાયલા થોડા જ હતા ? છતાં પણ એમણે એટલું જણાવ્યું કે લક્ષ્મીને થયેલો અદભુત અનુભવ એ એમનો અહર્નિશ, નિત્યનિરંતર, વિચાર કરે છે માટે થયો છે. એ એની અસાધારણ શ્રદ્ધાભક્તિને આભારી છે.

મહર્ષિને માટે એવું સ્પષ્ટીકરણ સાવ સ્વાભાવિક હતું. એ આત્મવિચાર અને આત્મસાક્ષાત્કાર અથવા આત્માનુસંધાનને જ અગત્ય આપતા હોવાથી એવા બહારના અનુભવોને ઉત્તેજન ના આપતા ને ગૌણ ગણતા.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૧) અય્યર અને રાઘવાચારિયર

શ્રી રામસ્વામી અય્યર તિરુવણ્ણામલૈમાં પી. ડબલ્યુ. ડી. ના સુપરવાઈઝર હતા. એમણે અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં રહેતા બ્રાહ્મણ સ્વામી અથવા રમણ મહર્ષિ વિશે સાંભળેલું. એમના વિશે લોકો જુદાજુદા અભિપ્રાયો આપતા હોવાથી એમણે પોતે જ એમનાં દર્શન કરવાનો નિર્ણય કર્યો અને એ નિર્ણયને અનુસરીને ઈ.સ. ૧૯૦૮ના એપ્રિલમાં એ એમના એક મિત્ર સાથે અરૂણાચલ પર આવી પહોંચ્યા.

પરંતુ એ મુલાકાત અધૂરી રહી ને સફળ ના થઈ. એનું મુખ્ય કારણ એમના મિત્ર હતા. એમને એ મુલાકાતમાં રસ ના પડવાથી તરત જ પાછા ફર્યા, ને કહેવા માંડ્યા કે મહર્ષિની મુલાકાતથી મળ્યું તો કશું નહિ પરંતુ વધારામાં વખતનો દુરુપયોગ થયો.

એ ઘટના પછી એકાદ મહિને એ મહર્ષિનાં દર્શન માટે ફરીવાર ચાલી નીકળ્યા. એ વખતે એમણે પોતાની સાથે કોઈને પણ લઈ જવાને બદલે એકલા જ પ્રસ્થાન કર્યું.

મહર્ષિ વિરૂપાક્ષી ગુફામાં શાંતિપૂર્વક બેઠેલા.

એમનાં દર્શનથી એમને આનંદ તો થયો જ, પરંતુ એમનું અંતર અવનવા ભાવોદ્રેકથી ભરાઈને નાચી ઊઠ્યું. એમણે પૂછ્યું :

'આ પૃથ્વી પર પાપીઓના પરિત્રાણને માટે ઈસા મસીહ જેવા જુદાજુદા મહાત્માએ જન્મ લીધો છે. તો શું મારે માટે કોઈ જાતની આશા જ નથી ? '

મહર્ષિએ કહ્યું : 'છે. આશા છે. અવશ્ય છે.'

અય્યર અરૂણાચલ પરથી નીચે ઊતર્યા ત્યારે એમના અંતરમાં આશા હતી. એમના અંગેઅંગમાં ઉમંગ હતો. એમની આગળ એક નવી સરસ સુખમય સૃષ્ટિની શક્યતા ઊભી થઈ. એને સાકાર કરવાના સ્વપ્નમાં એ ડૂબી ગયા.

એમને કવિતા તથા સંગીત પર પ્રેમ હતો. એ બંને વિદ્યા કે કળાના સંસ્કારો એમને વારસામાં મળેલા. એ સરસ કાવ્યો રચી શકતા. મહર્ષિની બીજીવારની મુલાકાતને પરિણામે એમના અંતરમાંથી પ્રેમભક્તિથી ભરેલી, સમર્પણભાવથી સુવાસિત, નવી કવિતાનો આવિર્ભાવ થયો. એ વખતના એમના ભાવો કે વિચારોનો પરિચય એમની નોંધપોથીમાંથી સહેલાઈથી મળી રહે છે. મહર્ષિને માટેના એમના આત્મિક અનુરાગની અભિવ્યક્તિ કરતાં એમણે એમાં જણાવ્યું છે :

'તમે મારા એકમાત્ર આધાર અને આશ્રય છો. તમારા સિવાય મારા સંતપ્ત આત્માનું શરણ બીજું કોઈ જ નથી. હું બીજા કોઈની પાસે નહિ જઈ શકું. તમે પુષ્પોની સુમધુર સુવાસિત માળા જેવા છો. તમારી સુધામય સૌરભની ઈચ્છાથી ભક્તોના ભ્રમર તમારી આજુબાજુ ફર્યા કરે છે ને તમારા ચરણનું શરણ લે છે.'

મહર્ષિનું આકર્ષણ અત્યંત અસાધારણ હતું. એથી પ્રેરાઈને અય્યર એમની પાસે અનુકૂળતા મળતાં અવારનવાર આવતા રહેતા અને એમના સમાગમમાં સુખાનુભૂતિ કરતા કે શાંતિ મેળવતા. જ્યારે બહારગામ જવાનું ના હોય ને તિરુવણ્ણામલૈમાં જ રહેવાનું હોય ત્યારે તો એ રાતનો સમગ્ર સમય એમની પાસે જ

પસાર કરતા. સૂઈ રહેતા પણ ત્યાં જ. એ વખતે એમને અનેરી શાંતિ મળતી અને કેટલાક અવનવા અનુભવો પણ થયા કરતા. એકવાર રાતે મહર્ષિ શાંતિપૂર્વક ગુફામાં બેઠેલા. અડધા કલાકેક પછી એમણે અય્યર તરફ એકાએક દૃષ્ટિપાત કર્યો. એ દૃષ્ટિપાત એકદમ અસાધારણ હતો. એની સાથે જ અય્યરને લાગ્યું કે એમની અંદર કોઈક વિદ્યુતશક્તિનો પ્રવેશ થયો છે. એ વિલક્ષણ અનુભવથી એમને રોમાંચ થઈ આવ્યાં.

એની પહેલાં એ આમલીના વૃક્ષની નીચે બેઠેલા ત્યારે પણ એમના શરીરમાં કોઈક અવર્ણનીય ગહન પદાર્થે—કોઈક અચિંત્ય શક્તિએ પ્રવેશ કર્યો. એ શક્તિના સ્વરૂપને એ સમજી ના શક્યા. પરંતુ એના સંસ્પર્શથી એમના શરીરમાં આનંદ અને રસની નવી જ ધારા વહેવા લાગી.

મહર્ષિના સતત સમાગમને પરિણામે અય્યરને લાંબે વખતે એવું લાગ્યું કે જીવન બદલાઈ ગયું છે. એમનું મન તદ્દન સહેલાઈથી ને વધારે ને વધારે અંતર્મુખ થવા અને રહેવા લાગ્યું. મનને શાંત કરવા માટે હવે એમને પહેલાંની પેઠે પરિશ્રમ નહોતો કરવો પડતો. ધ્યાનમાં બેસતાંવેંત એમને એક પ્રકારની ઊંડી આંતરિક પ્રસન્નતાની પ્રાપ્તી થતી. મહર્ષિની શક્તિનો પ્રભાવ એમના આંતર મન પર પણ પડ્યો હોય એવું લાગવા માંડ્યું.

એમની નોંધપોથીમાં નોંધાયેલો મહર્ષિની કૃપાની પ્રતિતી કરાવતો એક બીજો અનુભવ પ્રસંગ જોઈ લઈએ.

એમને અપચાનો ભયંકર વ્યાધિ હોવાથી ખોરાક જરા પણ ના પચતો ને નિદ્રા પણ ના આવતી. એને લીધે શરીર અસ્વસ્થ ને મન બેચેન રહેતું. એક દિવસ એ મહર્ષિ પાસે બેઠેલા ત્યારે મહર્ષિએ એમના સ્વાસ્થ્ય સંબંધી પ્રશ્ન પૂછ્યો. એના ઉત્તરમાં એમણે સઘળી હકીકત કહી સંભળાવી. એ વખતે એમનું મગજ ગરમ હતું.

પરંતુ....થોડા વખતમાં જ એક અસાધારણ ચમત્કાર બન્યો. એને ચમત્કાર વિના બીજું કહી શકાય પણ શું ? એમનુ મગજ એકદમ ઠંડું થઈ ગયું. મહર્ષિએ કૃપા કરીને પોતાની વિશેષ શક્તિના પ્રયોગથી મગજની બધી જ ગરમીને ધીમે ધીમે દૂર કરી દીધી. એ અહેતુકી કૃપાનો અનુભવ કરીને અય્યર ભાવવિભોર ને ગદગદ્ બની ગયા.

એ અષાઢ વદ ત્રીજનો દિવસ હતો. થોડી વારમાં તો કોઈ ભક્ત સ્ત્રી મિષ્ટ પદાર્થો લઈને આવી પહોંચી. અય્યર એ વખતે મોટે ભાગે હલકા પ્રવાહી પદાર્થો પર રહેતા ને ભારે પદાર્થોનું સેવન ના કરતા. પરંતુ મહર્ષિના વધારે પડતા આગ્રહ અને આદેશને માન આપીને એમણે એ મિષ્ટ પદાર્થોનું એમના પ્રસાદ તરીકે સેવન કર્યું. એ રાતે એમને જીવનમાં કેટલેય વખતે ઘણી સારી નિદ્રા આવી. અપચાની ફરીયાદ પણ દૂર થઈ. એ જોઈને એમને આશ્ચર્ય થાય એ છેક સ્વાભાવિક હતું. એમની મહર્ષિ પરની શ્રદ્ધાભક્તિ આપોઆપ વધી પડી.

અય્યરના સંબંધીઓને એ વાતની માહિતી મળી ત્યારે એમને પણ ખૂબ ખૂબ આશ્ચર્ય થયું. એ મહર્ષિની મુલાકાત લેતા તે એમને પસંદ નહોતું પડતું, પણ હવે એમના વિચારો ને ભાવો બદલાયા. અય્યરનું ભોજન મહર્ષિની સંનિધિમાં અરૂણાચલ પર્વત પર જ પહોંચાડવામાં આવ્યું. અય્યરને એથી અપૂર્વ

મદદ મળી. એમને સ્વાસ્થ્યની પ્રાપ્તિ થઈ. ખેદ એક જ વાતનો થયો કે મહર્ષિને એ બહુ મોડે મોડે ઓળખી શક્યા. છતાં પણ એ ઓળખવાનું નિરર્થક તો નહોતું જ.

એ અનુભવ પ્રસંગ પછી એમણે મહર્ષિને માટે લખેલા પોતાના કાવ્યમાં ભાવમય ભાષામાં જણાવ્યું :

'તમે મારી ઉપર વરસાવેલી પરમકૃપાને માટે શું કહું ? એનું વર્ણન કેવી રીતે કરી બતાવું ? એને માટેની કૃતજ્ઞતાને કયા શબ્દોમાં કહી બતાવું ? તમે મનુષ્યો પર તો શું પણ ભ્રમરો, પોપટો, ખિસકોલીઓ, મયૂરો તથા વાનરો પર પણ અહેતુકી, વણમાગી, કૃપા વરસાવી છે.'

'તમે સૌની ઉપર પ્રેમ રાખો છો. તમારી દૃષ્ટિ એટલી શક્તિશાળી છે કે તેથી આત્માને અપાર પ્રેરણા, પ્રકાશ તથા શાંતિ મળે છે. ગુરૂ શિષ્યના શિર પર હાથ કે પગ મૂકીને એને ધન્ય કરે છે એ તો સાંભળ્યું છે પરંતુ દૃષ્ટિની દિવ્યતાનો અનુભવ તો આજે જ કર્યો અને એ પણ કેવળ તમારી જ દ્વારા.'

મહર્ષિના સદુપદેશના સારભાગને પણ એમની નોંધપોથીમાંથી જ જોઈ લઈએ. એ સારભાગ ખૂબ જ ઉપયોગી છે :

'પોતાના સ્વરૂપની વિસ્મૃતિ ના થવા દેવી એ ખૂબ જ જરૂરી છે. સ્વરૂપની વિસ્મૃતિને લીધે જ બધાં દુઃખો પેદા થાય છે.'

એના અનુસંધાનમાં એ લખે છે કે 'હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે જ્યારે મારા સ્વરૂપને ભૂલી જઉં છું ત્યારે પશુ કરતાં બદતર બનું છું. પરંતુ સ્વરૂપની નિષ્ઠા કાયમ રાખું છું ત્યારે બૂરાઈઓથી મુક્ત રહું છું. હું કોણ છું એ જિજ્ઞાસાના અનુસંધાનમાં મારા અંતરમાં ડૂબકી મારૂં છું ત્યારે કેવો અનંત સુખાનુભવ કરૂં છું ! પ્રશ્નની પાછળ ઈચ્છા રહે છે : ને ઈચ્છાશક્તિ જેટલી ઓછી તેટલી સુખાનુભૂતિ વધારે થાય છે. એમાં હવે શંકા નથી.'

મહર્ષિ આત્મામાં આરૂઢ થયા હોવાથી અસાધારણ શક્તિથી સંપન્ન હતા. એમના સમાગમથી સાધકોનાં જીવનપરિવર્તન થતાં. અય્યર એના અદભુત ઉદાહરણરૂપ છે.

* * *    * * *    * * *    * * *

બીજુ ઉદાહરણ રાઘવાચારિયરનું છે. એ ઈ.સ. ૧૯૧૦ થી તિરુવણ્ણામલૈમાં ઓવરસીયર હતા.

એ અનુકૂળતા મળતાં અરૂણાચલ પર જતા ને મહર્ષિનું દર્શન કરીને પ્રેરણા મેળવતા.

એમને માટે એક નવી જ સમસ્યા ઊભી થઈ.

એમની ઈચ્છા મહર્ષિ સાથે એકાંતમા એકલા જ વાતચીત કરવાની હતી, પરંતુ વિરૂપાક્ષી ગુફામાં મહર્ષિની આજુબાજુ દર્શનાર્થીઓ તથા જિજ્ઞાસુઓ મોટી સંખ્યામાં એકઠા થતા હોવાથી એમને મનપસંદ એકાંત ના મળતું. એથી એમને અસંતોષ રહેતો.

એક દિવસ એમણે વિચાર્યું કે હું આટલા બધા પ્રેમ તથા વિશ્વાસથી પ્રેરાઈને મહર્ષિ પાસે જઉં છું તો પણ મારે દરેક વખતે નિરાશ થવું પડે છે. મહર્ષિ જો ખરેખર કૃપાળુ ને શક્તિશાળી હોય તો તેમણે મારી ઈચ્છા પૂરી કરીને મને શાંતિ આપવી જ જોઈએ.

એમણે પોતાના મનમાં ત્રણ પ્રશ્નો નક્કી કર્યા, ને પ્રાર્થનાના રૂપમાં નમ્રભાવે એમની આગળ એમની રજૂઆત કરવાનો નિરધાર કર્યો.

૧) કોઈની હાજરી ના હોય એવે વખતે એકદમ એકાંતમાં મને તમારી સાથે વ્યક્તિગત વાતચીત કરવાનો અવસર મળી શકશે?

૨) હું જેનો સદસ્ય છું તે થિયોસોફીકલ સોસાયટી વિશેનો તમારો અંગત અભિપ્રાય જણાવી શક્શો ?

૩) જો મને અધિકારી સમજતા હો તો તમારું સાચું સ્વરૂપ બતાવી શક્શો ?

એ પ્રશ્નો સાથે રાઘવાચારિયર અરૂણાચલ પર પહોંચ્યા. મહર્ષિ રોજની જેમ વિરૂપાક્ષી ગુફામાં શાંતિના સાકાર સ્વરૂપ બનીને બેઠેલા. એમનું દર્શન એમને માટે આનંદકારક થઈ પડ્યું ને વિચારપ્રેરક પણ. વિચારપ્રેરક એટલા માટે કે મહર્ષિ એમની ઈચ્છાનુસાર એકલા ન હતા. એમની આગળ પચીસથી ત્રીસ જેટલા દર્શનાર્થીઓનું ટોળું બેઠેલું. એ જોઈને એમને સહેજ નિરાશા થાય એ સ્વાભાવિક હતું.

પરંતુ એ મહર્ષિ પાસે જઈને બેઠા કે તરત જ દર્શનાર્થીઓ વારાફરતી ઊઠવા માંડ્યા ને થોડીક વારમાં તો મહર્ષિ એકલા પડ્યા.

રાઘવાચારિયરના પ્રથમ પ્રશ્નનો ઉત્તર એવી રીતે વગર પૂછ્યે આપોઆપ મળી ગયો એ જોઈને એમને ખૂબ જ આશ્ચર્ય થયું. એમનું અંતર આનંદથી ઊભરાઈ રહ્યું.

બીજા પ્રશ્નનો ઉત્તર પણ એવી જ અદભુત રીતે પ્રાપ્ત થયો. રાઘવાચારિયર પાસે એ વખતે એક પુસ્તક હતું. એને લક્ષ્ય કરીને મહર્ષિએ એમની મેળે જ પૂછ્યું કે 'તમારા હાથમાં જે પુસ્તક છે તે ગીતાનું છે ?'

રાઘવાચારિયરે હા કહી એટલે એમણે તરત જ પુનઃ પૂછ્યું કે 'તમે થિયોસોફીકલ સોસાયટીના સદસ્ય છો ખરા ?'

એ પ્રશ્નના ઉત્તરની રાહ જોયા વગર જ એમણે એ સોસાયટી વિશે પોતાનો અભિપ્રાય આપતાં કહ્યું કે એ સારું કાર્ય કરી રહી છે.'

રાઘવાચારિયરે એમના અભિપ્રાયથી આનંદ પામીને પોતે થિયોસોફીકલ સોસાયટીના સદસ્ય હોવાની હકીકતનો સ્વીકાર કર્યો.

એમને ખાતરી થઈ કે એ મહાપુરૂષમાં મનની વાતને જાણી લેવાની શક્તિ છે.

હવે એમનો ત્રીજો ને છેલ્લો પ્રશ્ન શેષ રહ્યો. એના ઉત્તર માટે એમણે અડધા કલાક જેટલા વખત લગી પ્રતીક્ષા કરીને કહ્યું :

'કુરૂક્ષેત્રના યુદ્ધમેદાનમાં જેવી રીતે અર્જુને ભગવાન કૃષ્ણને વિશ્વરૂપદર્શન માટે પ્રાર્થના કરેલી ને ભગવાને એને અનુગ્રહનો અધિકારી જાણીને એ રૂપ બતાવેલું તેવી રીતે હું પણ તમારા મૂળભૂત સત્ય સ્વરૂપનાં દર્શનની કામનાથી પ્રેરાઈને પ્રાર્થી રહ્યો છું. મારા મનમાં દર્શનની ઉત્કટ ઈચ્છા છે. મને જો થોડોક પણ અધિકારી માનતા હો તો તમારો અનુગ્રહ વરસાવીને એનું દર્શન કરાવો.'

એ વખતે મહર્ષિ ઓટલા પર બેઠેલા.

એ પ્રાર્થના સાંભળીને કશું બોલવાને બદલે શાંત રહ્યા.

એમની બાજુની દીવાલ પર દક્ષિણામૂર્તિનું ચિત્ર દોરેલું.

રાઘવાચારિયરે આશ્ચર્ય સાથે જોયું તો દક્ષિણામૂર્તિનું એ પ્રેરક સુંદર ચિત્ર ને રમણ મહર્ષિનું શરીર બંને દેખાતાં બંધ પડ્યાં કે આપોઆપ અદૃશ્ય થયાં. એમની આંખ આગળ દીવાલ, ઓટલો ને મહર્ષિની આકૃતિ વિનાની ખાલી જગ્યા જ શેષ રહી. એમની જગ્યાએ કોઈ બીજી વ્યક્તિ હોત તો એ પણ એવા અસાધારણ દર્શનથી સ્તબ્ધ થયા વિના રહેત નહિ.

એમણે આંખ ચોળી તો પણ એ દર્શનમાં કશો ફેર ના પડ્યો. દોષ એમની આંખનો ન હતો પણ સામે કોઈ આકૃતિ જ નહોતી એટલે એ શું ને કેવી રીતે જોઈ શકે ?

થોડીક વાર પછી એક શ્વેત વાદળ દેખાયું. એ વાદળ ક્રમે ક્રમે ને મંદ ગતિએ વધતું વધતું મહર્ષિ તથા દક્ષિણામૂર્તિના આકારનું બની ગયું. પહેલાં માત્ર શ્વેત પ્રકાશરેખા જ હતી. એ જેમ જેમ પ્રકટ થતી ગઈ તેમ તેમ એમાં આંખ, કાન, નાક જેવાં જુદાં જુદાં અંગોપાંગો પણ પ્રકટવા લાગ્યાં. એમની આસપાસ વીજળી જેવી પરમ તેજસ્વી પ્રકાશરેખાઓ પ્રસરી રહી. એ પ્રકાશરેખાઓ વિશાળ ને બળવાન બનતી ગઈ. એમને લીધે મહર્ષિ ને દક્ષિણામૂર્તિ બંનેની આકૃતિઓના તેજને જોવાનું ને સહન કરવાનું કઠિન થયું.

રાઘવાચારિયરને માટે એ અનુભવ એકદમ નવો હતો. એમને એની કલ્પના પણ ન હતી. એમને સમજ પણ ના પડી કે આ બધું શું થઈ રહ્યું છે.

એમણે આંખ બંધ કરી દીધી. કેટલીક ક્ષણો એ જ અવસ્થામાં પસાર કરી.

પરંતુ એવી રીતે ક્યાં લગી બેસી શકાય ? થોડા વખત પછી આંખ ખોલીને જોયું તો એમના આશ્ચર્યનો અંત ના રહ્યો. મહર્ષિ ને દક્ષિણામૂર્તિ બંનેની આકૃતિ પહેલાંની પેઠે સૌમ્યરૂપે દેખાવા લાગી.

મહર્ષિનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને એ પર્વત પરથી નીચે ઊતરી પડ્યા.

એક મહિના પછી એ ઉપર ગયા તો એ મહાપુરૂષ સ્કંદાશ્રમની આગળ ઊભેલા દેખાયા.

રાઘવાચારિયરે એમને પોતાને થયેલા એ અસાધારણ અનુભવની વાત કરી ને એનું સ્પષ્ટીકરણ માગ્યું તો થોડીક ક્ષણો સુધી શાંત રહીને એ બોલ્યા : 'તમને મારું સ્વરૂપદર્શન કરવાની ઈચ્છા હતી. તમે મારું તિરોધાન જોયું. એનો અર્થ એ થયો કે હું રૂપરહિત છું. તમને થયેલો અનુભવ સાચો છે—અલબત્ત, એ આકૃતિરહિત અનુભવ. બીજા આકૃતિવિષયક સાકાર અનુભવ ભગવદ્ ગીતાના અભ્યાસના પરિણામે રચાયલી ભાવનાઓને અનુલક્ષીને થયા હશે. ગણપતિ શાસ્ત્રીને પણ એવો જ અનુભવ થયેલો. તમે તેમની સાથે વિચારોની આપલે કરી શકો છો. મુખ્ય વાત તો એ છે કે આવા અનુભવને ગૌણ ગણીને, તેમાંથી જરૂરી પ્રેરણા લઈને આગળ વધો ને હું ની શોધ દ્વારા તમારા વાસ્તવિક સ્વરૂપને ઓળખી લો.'

મહર્ષિની એ સૂચના રાઘવાચારિયરને માટે ખૂબ જ ઉપયોગી થઈ પડી. એના અમલ દ્વારા એ જીવનને ઉજ્જવળ કરવા તૈયાર થયા.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૨) હમ્ફ્રીસ

રાઘવાચારિયરના એ અદભુત અનુભવ પરથી સહેજે પ્રશ્ન થાય છે કે રમણ મહર્ષિ દક્ષિણામૂર્તિના અવતાર અથવા અભિનવ સમયાનુરૂપ સંસ્કરણ હતા ને આ પૃથ્વી પર લોકહિતાર્થે પ્રકટતા પરમપ્રતાપી આધ્યાત્મિક અનુભૂતિથી સંપન્ન સમર્થ પુરૂષોની પરંપરામાં પ્રકટેલા ? એમણે રાઘવાચારિયરને આપેલા ઉત્તર પરથી તો એવું જ લાગે કે એ દક્ષિણામૂર્તિના નવીન સંસ્કરણરૂપ હતા. રાઘવાચારિયરે એમના મૂળ રૂપને જોવાની ઈચ્છા વ્યક્ત કરેલી. એના ઉત્તરરૂપે એમણે દક્ષિણામૂર્તિ સાથેનું પોતાનું પરમ પ્રકાશમય સ્વરૂપ બતાવીને બંનેની વચ્ચેની એક્તાનું દર્શન કરાવ્યું, અને આખરે નામરૂપથી રહિત સ્વરૂપની પણ ઝાંખી કરાવીને સિદ્ધ કરી બતાવ્યું કે પોતે વાસ્તવિક રીતે જોતાં નામરૂપથી રહિત પણ છે. એટલે એ અનુભૂતિ પરથી એવા અનુમાન પર પહોંચવામાં હરકત નથી. એમના ભક્તોના એક વર્ગના માનવા પ્રમાણે અરૂણાચલ પર્વત પર પ્રાચીન કાળમાં વરસો પહેલાં અરૂણગિરિ નામે સમર્થ સિદ્ધપુરૂષનો નિવાસ હતો. એમની પ્રખ્યાતિ આસપાસના પ્રદેશમાં ઘણી વધારે હતી. રમણ મહર્ષિ એ મહાનપુરૂષની અભિનવ આવૃત્તિરૂપ હતા એવી એ વર્ગની શ્રદ્ધા છે. એ વર્ગ આજે પણ એમને એવી રીતે જ જુએ છે. એમને દક્ષિણામૂર્તિની આવૃત્તિ માનનારો બીજો વર્ગ પણ એમના જમાનાથી જ અસ્તિત્વ ધરાવે છે.

એ આખો વિષય જ એવો છે કે જેની ઉપર મહર્ષિ વિના બીજું કોઈ જ પૂર્ણ અથવા પ્રામાણિક પ્રકાશ નથી પાડી શકે તેમ : બીજાએ તો પોતપોતાની શક્તિ, બુદ્ધિ અને અનુભૂતિને અનુસરીને કલ્પના કરવાની જ શેષ રહે છે. એની સાથે આપણને અત્યારે એટલો સંબંધ પણ નથી કે એની વિસ્તૃત વિચારણા કર્યા વિના ચાલે જ નહિ. એટલે એનો આટલો નિર્દેશ પૂરતો છે. છતાં પણ વિષયના અનુસંધાનમાં એટલું અવશ્ય કહી શકાય કે મહર્ષિના જીવનના આરંભથી જ અરૂણાચલ માટેનું જે અનેરું આકર્ષણ જાગેલું, અરૂણાચલનું નામ સાંભળતાંવેંત એમને જે લાગણી થઈ આવેલી, અને જીવનના અંતકાળ સુધી એમનો અરૂણાચલ સાથેનો જે સંબંધ હતો, તેના પરથી નિર્વિવાદ રીતે કહી શકાય અથવા નિર્ણય પર પહોંચી શકાય કે એમનો અરૂણાચલ સાથેનો સંબંધ જન્માંતરનો ને પુરાતન હતો : અરૂણાચલ એમનું પરમપ્રિય નિવાસ સ્થાન હતું અને ત્યાંથી એ એમની સ્વતંત્ર ઈચ્છાનુસાર બીજાને ઉપયોગી થવા, સાધનાપથ બતાવવા ને સંસ્કૃતિના સ્વરૂપને ઉજ્જવળ કરવા માટે આવી પહોંચેલા.

*** *** *** ***

મહર્ષિના સમાગમમાં આવીને સહાયતા પ્રાપ્ત કરી ચૂકેલા ને એમની પ્રત્યે અપાર શ્રદ્ધાભક્તિ રાખનાર ભક્તોમાં એફ.એચ. હમ્ફ્રીસની પણ ગણના થાય છે.

એ પોલિસ વિભાગમાં આસિસ્ટન્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરવા માટે ભારતમાં સૌથી પહેલાં ઈ.સ. ૧૯૧૧ના જાન્યુઆરીમાં આવેલા. મુંબઈ પહોંચ્યા ત્યારે વ્યાધિગ્રસ્ત હોવાથી એ આગળ પ્રવાસ કરી શકે તેવી સ્થિતિમાં ના હોવાથી એમને આશરે બે મહિના સુધી હૉસ્પિટલમાં રહેવું પડ્યું. ત્યાંથી સ્વસ્થ થયા પછી એ તાલીમ માટે આગળ વધ્યા ને ૧૮મી માર્ચે વેલોર પહોંચ્યા.

એમણે સૌથી પહેલાં કાવ્યકંઠ ગણપતિ શાસ્ત્રી સાથે ઈ.સ. ૧૯૧૧ના નવેમ્બરમાં અરૂણાચલ પર્વત પર મહર્ષિની મુલાકાત લીધી ત્યારે એમને અવર્ણનીય આનંદનો અનુભવ થયો. એ મુલાકાત પછી લખેલા એક પત્રમાં એ લખે છે :

'ગઈ કાલે એક દિવસની રજા લઈને મુનશી સાથે હું ગણપતિ શાસ્ત્રીને મળ્યો. બંને મહર્ષિના શિષ્યો છે. બપોરે બે વાગે અમે પર્વત પર મહર્ષિનાં દર્શને ગયા. ગુફામાં પ્રવેશીને કાંઈ પણ બોલ્યા વિના એમની સામે બેસી ગયા. અમે લાંબા વખત લગી એવી રીતે જ બેસી રહ્યા તે દરમિયાન હું મારા શરીરનું ભાન ભૂલી ગયો હોઉં એવું લાગવા માંડ્યું. મહર્ષિની આંખ ઊંડા ધ્યાનમાં ડૂબેલી હતી. એ ધ્યાનમગ્ન આંખ તરફ હું અડધા કલાક સુધી એકીટસે જોઈ રહ્યો. શરીર દેવતાનું મંદિર છે એવું લાગવા માંડ્યું. સાથે સાથે એવો વિલક્ષણ અનુભવ પણ થવા લાગ્યો કે એમનુ શરીર પાર્થિવ નથી. એ ઈશ્વરનું હથિયાર લાગ્યું. એ જાણે કે અચલ, સ્થિર શબ હોય અને એની અંદરથી પરમાત્માનો પ્રખર પ્રકાશ પ્રવાહિત થઈ રહ્યો હોય એવો ભાસ થયો. મારી એ વખતની લાગણી અવર્ણનીય હતી.'

'ઉત્તમતા, નમ્રતા, આત્મસંયમ અને પોતાની સ્વાનુભવજન્ય માન્યતાઓની અડગ મૂક નિષ્ઠાની દૃષ્ટિએ મહર્ષિ એટલા બધા મહાન છે કે જેનું શબ્દોમાં વર્ણન ના કરી શકાય.'

એ પત્ર પરથી પોતાની પ્રથમ મુલાકાતે જ એ મહર્ષિના વ્યક્તિત્વથી કેટલા બધા પ્રભાવિત થયા અને એમને અસાધારણ આદરભાવથી જોવા લાગ્યા એનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. મહર્ષિના શાંત છતાં આત્માના ઓજસથી અલંકૃત વ્યક્તિત્વથી એ મંત્રમુગ્ધ થયા વિના ના રહી શક્યા એવી છાપ પડ્યા વિના નથી રહી શક્તી.

* * *    * * *    * * *    * * *

એ મુલાકાત દરમિયાન એમણે મહર્ષિ સાથે કરેલો રસપ્રદ વાર્તાલાપ ખાસ જાણવા જેવો છે. એથી બીજાને પણ માર્ગદર્શન મળી શકશે.

પ્રશ્ન : મહર્ષિ, હું દુનિયાને મદદ કરી શકું ખરો ?

ઉત્તર : તમારી જાતને જ પહેલાં મદદરૂપ થાવ. એ રીતે દુનિયાને મદદરૂપ થઈ શકશો.

પ્રશ્ન : હું દુનિયાને મદદ કરવા માગું છું તો મદદરૂપ નહિ થઈ શકું ?

ઉત્તર : કેમ નહિ ? તમને મદદ પહોંચાડવાથી દુનિયાને મદદ પહોંચાડી શકો છો. તમે સંસારમાં છો—સંસારથી અલગ નથી. તમે દુનિયાથી જુદા નથી ને દુનિયા પણ તમારાથી જુદી નથી.

પ્રશ્ન : મહર્ષિ, શ્રીકૃષ્ણે ને ઈશુએ પ્રાચીન કાળમાં કરેલા તેવા ચમત્કાર હું પણ કરી શકું ખરો ?

ઉત્તર : એ બધાં કર્મો કરતી વખતે એમને એવું લાગતું'તું કે એ કશુંક કરી અને નૈસર્ગિક નિયમોની વિરુદ્ધ વર્તી રહ્યા છે ?

હમ્ફીસે થોડીક વાર વિચાર કરીને ઉત્તર આપ્યો : ના મહર્ષિ !

* * *    * * *    * * *    * * *

હમ્ફ્રીસની મહર્ષિ સાથેની એ પહેલી મુલાકાત હતી તો પણ એણે ઘણું ચમત્કારિક કામ કર્યું. મહર્ષિના સાદાસીધા છતાં ગૂઢ, રહસ્યમય, આત્મિક ઊંડાણવાળા વ્યક્તિત્વનો પ્રભાવ એમની ઉપર પડ્યા વિના ના રહ્યો. એ અરૂણાચલ પરથી નીચે ઊતરીને વેલોર જઈને એમના કામમાં જોડાઈ ગયા તો પણ એ મહાપુરૂષના અસાધારણ આકર્ષણનો અનુભવ કરતા જ રહ્યા. મહર્ષિની મધુમય મૃદુ મુખાકૃતિ એમની આંખ આગળ તરતી જ રહી . વિરૂપાક્ષી ગુફાનું વાતાવરણ એમના અંતરને સંવેદનશીલ કરવા માંડ્યું. મહર્ષિના પ્રજ્ઞાપૂત સરસ ગાર્ભિત શબ્દો એમના શ્રવણપટ પર અવારનવાર અથડાવા લાગ્યાં. એમને થયું કે એ સ્વાનુભૂતિ સંપન્ન સત્પુરૂષ સાથે પોતાનો પહેલાંનો સંબંધ છે. એ સંબંધ ગુરૂશિષ્યના સંબંધ વિના બીજો કયો હોઈ શકે ? એ સંબંધને સુદૃઢ કરીને એમના ચરણમાં આત્મસમર્પણ દ્વારા એમના અધિકાધિક અનુગ્રહને પ્રાપ્ત કરવાનો પ્રામાણિક પ્રયત્ન કરવો જોઈએ.

એવા વિચારોથી પ્રેરાઈને એમણે થોડા દિવસો પછી અરૂણાચલ પર્વત પરના એ એકાંતસેવી સંતપુરૂષ પાસે જવાનો નિર્ણય કર્યો. એમનું મન એમની પાસે પહોંચવા માટે તલપાપડ થઈ રહ્યું. એમની લગન એટલી ઉત્કટતા પર પહોંચી ગઈ કે વેલોરથી તિરુવણ્ણામલૈ સુધીના સાઠ માઈલ એમણે મોટરસાઈકલ પર અને તે પણ સખત તાપમાં કાપી નાખ્યા. પરંતુ એમાં એમને કોઈ પ્રકારનો પરિશ્રમ ના પડ્યો. ઊલટું, આનંદ આવ્યો. જે વસ્તુને માટે પ્રેમ હોય છે તેને ખાતર કાંઈક કરી છૂટવામાં હંમેશા આનંદ જ આવતો હોય છે.

પી.ડબલ્યુ. ડી. ના સુપ્રિન્ટેન્ડેન્ટ રાઘવાચારિયરની સાથે એ મહર્ષિની પાસે વિરૂપાક્ષી ગુફામાં પહોંચી ગયા.

એ મુલાકાતનું વર્ણન હમ્ફ્રીસના પોતાના જ શબ્દોમાં જોઈ લઈએ. એ જણાવે છે કે—

‘મોટરસાઈકલ પર પ્રવાસ કરીને હું અરૂણાચલ પરની વિરૂપાક્ષી ગુફામાં જઈ પહોંચ્યો. મહર્ષિએ મને જોઈને સ્મિત કર્યું મારા આગમનને લીધે જરા પણ આશ્ચર્ય ના બતાવ્યું. અમે અંદર જઈને નીચે બેઠા તે પહેલાં જ એમણે મને અંગત પ્રશ્ન પૂછ્યો. એ પ્રશ્નની એમના ને મારા સિવાય બીજા કોઈને ખબર ન હતી. જે ક્ષણે જોયો એ જ ક્ષણે એમણે મને દેખીતી રીતે જ ઓળખી કાઢ્યો. એમની પાસે આવનારા પ્રત્યેક મનુષ્યના મનોભાવોને એ ઉઘાડા પુસ્તકની પેઠે સહેલાઈથી વાંચી શકે છે. મનુષ્યના અંતરાત્માની અંદર જે કાંઈ હોય છે એને જાણવા માટે એમનો એક જ દૃષ્ટિપાત પૂરતો હોય છે.

‘મહર્ષિ બોલ્યા : ‘તમે હજુ ભોજન કર્યું નથી લાગતું ને ભૂખ્યા છો.’

‘મેં એમની વાતને કબૂલ કરી. એમણે એક શિષ્યને બોલાવીને મારે માટે વિના વિલંબ ભોજન લાવવાનો આદેશ આપ્યો. થોડીવારમાં તો ભોજન આવી પહોંચ્યું. ભાત, ઘી, ફળ વગેરે. મેં એને ભારતીય પદ્ધતિ પ્રમાણે હાથની મદદથી ખાઈને ન્યાય આપ્યો. મેં એવી રીતે ખાવાની પણ ટેવ પાડેલી. તો પણ એ ટેવ મારે માટે હજુ સહજ નહોતી બની. મહર્ષિ મારી મુશ્કેલીને સમજી ગયા અને એમણે સ્મિત કરતાં ને વચ્ચે વાતો કરતાં મને નાળિયેરીનો ચમચો આપ્યો જેથી હું સહેલાઈથી જમી શકું. એમના સ્મિત કરતાં વિશેષ

સુંદર વસ્તુની કલ્પના કરવી કઠિન છે. મેં જમ્યા પછી સફેદ, ગાયના દૂધ જેવું સ્વાદિષ્ટ, નાળિયેરનું પાણી પણ પીધું. એમાં મહર્ષિએ ખૂબ ખૂબ પ્રેમપૂર્વક પોતાને હાથે જ થોડીક ખાંડ મેળવેલી.

'એ બધું ભોજન પૂરૂં કર્યા પછી મારું પેટ પૂરેપૂરૂં નહોતું ભરાયું એ હકીકત એમનાથી અજાણ ના હોવાથી એમણે થોડુંક વધારે ખાવાનું મંગાવ્યું. એમને અંતર્યામીની પેઠે બધી જ ખબર પડી જાય છે અને એટલા માટે તો બીજાએ મારી અનિચ્છા છતાં મને ફળ ખાવાનો આગ્રહ કર્યો ત્યારે મને પૂરેપૂરી તૃપ્તિ પામેલો જાણીને એમણે એમને તરત જ તેમ કરતા અટકાવી દીધા.'

'પાણી પીવાની મારી પદ્ધતિને માટે મેં માફી માગી ત્યારે એમણે કહ્યું કે કશી હરકત નહિ. હિંદુઓ એ બાબત ખાસ ધ્યાન રાખતા હોય છે. એ પાણી પીતી વખતે વાસણને હોઠે લગાડવાને બદલે પ્યાલાને ઉપર અથવા મુખથી અસ્પૃશ્ય રાખીને પાણી પીતા હોય છે. એ પદ્ધતિને લીધે વાસણ એઠું નથી અને એક હોય તો પણ અનેકને કામ લાગે છે.'

'હું જ્યારે જમતો'તો ત્યારે એ મારા ભૂતકાળની વિગતોનું વર્ણન કરી રહેલા. એ વર્ણન સંપૂર્ણ સાચું હતું. આશ્ચર્ય તો એ કે એમણે મને આની પહેલાં ફક્ત એકવાર જ જોયેલો અને એ પછી એ મારા જેવા કેટલાય મુલાકાતીને મળી ચૂકેલા. આપણે કોઈ મહાન જ્ઞાનવિજ્ઞાનકોશને વાંચતા હોઈએ તેમ એ અંતઃપ્રેરણાના આધાર પર જાણે કે બધું જ જાણી શકતા. એમના સદ્‌પદેશનું શ્રવણ કરતાં એમની આગળ હું ત્રણેક કલાક લગી બેસી રહ્યો.'

'પાછળથી મને તરસ લાગી. મેં એની અભિવ્યક્તિ શબ્દોમાં ના કરી બતાવી તો પણ એમને એમની વિશેષ શક્તિથી એની ખબર સત્વર પડી ગઈ ને એમણે એક ભક્તને થોડુંક લીંબુનું પાણી લાવવાનો આદેશ આપ્યો.'

'આખરે એમને મસ્તક નમાવીને મેં નમસ્કાર કર્યા ને મારા બૂટ પહેરવાને માટે હું ગુફાની બહાર આવ્યો. એ પોતે પણ મારી પાછળ બહાર આવ્યા ને મને ફરીવાર આવવાની સૂચના આપતાં ઊભા રહ્યા.'

'એમની સંનિધિમાં માણસની અંદર ખરેખર આશ્ચર્યકારક પરિવર્તન થયા વિના નથી રહેતું.'

* * *  * * *  * * *  * * *

એ મહાપુરૂષની વિદાય લેતાં પહેલાં એમને એક પ્રશ્ન પૂછવાનું મન થયું. હમ્ફ્રીસ નોકરી તો કરી જ રહેલા પરંતુ આત્મોન્નતિની સાધનામાં પણ ઊંડો રસ ધરાવતા. કેટલીકવાર એમને વિચાર આવતો કે આત્મોન્નતિની સાધનામાં બાહ્ય પ્રવૃતિ અથવા નોકરી નડતરરૂપ નથી ? જેમણે થોડા વખતમાં ને સારી રીતે આત્મવિકાસની સાધનામાં આગળ વધવું હોય તેમણે નોકરીને તિલાંજલિ આપીને અંતરંગ સાધના પર જ પોતાના સમગ્ર ધ્યાનને કેન્દ્રિત ના કરવું જોઈએ ? એવી રીતે ધ્યાનને આત્મકેન્દ્રિત કરવાનું શું અનિવાર્ય નથી લાગતું ?

મહર્ષિએ શાંતિપૂર્વક સત્વર ઉત્તર આપ્યો :

'તમે નોકરી તથા ધ્યાન બંનેને સાથેસાથે કરી શકો છો.'

એ સાંભળીને હમ્ફ્રીસનું સમાધાન થયું.

* * *　　* * *　　* * *　　* * *

થોડા વરસ સુધી નોકરી કર્યા પછી હમ્ફ્રીસ એમાંથી છૂટા થયા ને રોમન કેથોલિક સાધુ બન્યા.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૩) શેષાદ્રિ સ્વામી

કહે છે કે હીરાની પરીક્ષા ઝવેરી જ સારી પેઠે કરી શકે છે. સાચું પણ છે. આત્મવિકાસના માર્ગમાં આગળ વધેલા અથવા આત્મદર્શી સંતપુરૂષોને ઓળખવાનું કામ કાંઈ સહેલું નથી. એમ કહો કે સામાન્ય જ નહિ પરંતુ અસામાન્ય મનુષ્યોની પણ શક્તિ બહારનું છે. એમના રહસ્યને તો ઓછા કે વત્તા પ્રમાણમાં સાચા સ્વરૂપમાં તે જ જાણી કે સમજી શકે જે પોતે એ પંથના પ્રામાણિક પ્રવાસી હોય, સંત બન્યા હોય, બની રહ્યા હોય, કે ઈશ્વરની કૃપાથી અથવા સંતના અનુગ્રહથી જેમને નિર્મળ દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થઈ હોય. શેષાદ્રિ સ્વામી સ્વયં સંત હોવાથી રમણ મહર્ષિને ઓળખી ચૂકેલા એટલું જ નહિ પણ એમના પર પ્રેમ રાખતા. એ પોતે ઘણી ઊંચી અવસ્થાએ પહોંચેલા અને એમના અસંખ્ય અનુયાયીઓ, પ્રશંસકો ને ભક્તો હતા તો પણ મહર્ષિને માન આપતા.

મહર્ષિ અને શેષાદ્રિ બંને સાચા સંતો હતા અને અધ્યાત્મના એક જ પથના પથિકો ગણાતા. એ બંનેની સરખામણી કરવાની હોય જ નહિ; પરંતુ એટલું અવશ્ય જણાવવું જોઈએ કે એમની રસવૃત્તિ એકસરખી હોવાથી એમનો પ્રેમભાવ પારસ્પરિક હતો. એ બંને તિરુવણ્ણામલૈના મહાન સંતો ગણાતા. બંનેનું સ્થાન અરૂણાચલના પવિત્ર પુણ્યપ્રદેશમાં અનેરું હતું. બંનેને લોકો અસાધારણ આદરભાવે જોયા કરતા. કેટલાક લોકો એમને સંતમંડળના સૂર્ય ને ચંદ્રની ઉપમા આપતા તો બીજા કેટલાક કહેતા કે તિરુવણ્ણામલૈની એ બંને મહાત્માપુરૂષો બે અમૂલખ અલૌકિક આંખ છે અને એમને લીધે તિરુવણ્ણામલૈ ખરેખર પવિત્ર, પ્રકાશમય ને મહિમાપ્રદ બન્યું છે : એમણે તિરુવણ્ણામલૈને તીર્થ બનાવ્યું છે અથવા અનેરૂં સ્થાન ધર્યું છે.

શેષાદ્રિ સ્વામી કેટલા બધા લોકપ્રિય હતા અને લોકહૃદયમાં કેવું અસાધારણ સ્થાન કરી ચૂકેલા તેનો ખ્યાલ એમનું શરીર શાંત થયું ત્યારે સહેલાઈથી ને સ્પષ્ટ રીતે આવી શક્યો. એમનુ શરીર ઈ.સ. ૧૯૨૯ના જાન્યુઆરીની ચૌદમીએ છૂટેલું. એ પ્રસંગ પર એમને પોતાની આદરયુક્ત અનુરાગપૂર્ણ અંજલિ આપવા માટે એકઠા થયેલા વિશાળ અગણિત લોકસમૂહ પરથી એવું લાગતું કે આખું તિરુવણ્ણામલૈ નગર અને એની આજુબાજુના વિસ્તારો એ મહાપુરૂષના મહાસમાધિના સમાચાર સાંભળીને સંયમની સઘળી સીમાઓને છોડીને શોકસાગરમાં સ્નાન કરી રહ્યા છે. મહર્ષિ અને શેષાદ્રિ વચ્ચે કેટલીક સમાનતા અને કેટલીક અસમાનતા હોવા છતાં લોકો એમને લગભગ એક જ સરખા આદરભાવથી જોતા ને ચાહતા અને એ બંને મહાપુરૂષોના પારસ્પરિક પ્રેમભાવમાં પણ કશો જ ફેર ના પડતો.

શેષાદ્રિનો જન્મ ઈ.સ. ૧૮૭૦માં મદ્રાસના ઉત્તર આરકોટ જિલ્લામાં વંદવસિ તાલુકાના વજૂર ગામમાં થયેલો. બાળપણમાં મોટે ભાગે એમના કાકાએ એમને મોટા કરેલા. એ પોતે શાસ્ત્રોના પંડિત હોવાથી જ રામાયણ મહાભારતાદિ પુરાણોના, બીજાં ધર્મ શાસ્ત્રોના ને સંગીતના સંસ્કારો પડેલા. એમની સ્મરણશક્તિ બાલ્યાવસ્થાથી જ સારી હોવાથી, ચૌદ વરસની ઉંમરમાં એમણે કેટલાક સાહિત્યગ્રંથોનો અભ્યાસ કરેલો ને સંસ્કૃત પર કાબૂ મેળવેલો. એટલી નાની ઉંમરે એ સંસ્કૃતમાં સહેલાઈથી બોલી શકતા.

એમના પિતાની સાથે એ કાંજીવરમમાં રહેતા ત્યારે એમને ત્યાંની કામાક્ષી દેવી પર ભક્તિભાવ થયેલો. એ વખતે એ એના મંદિરમાં મૂકપંચશતી નામે પાંચસો શ્લોકોની સ્તુતિ ગાતાં પરિકમ્મા કરતા રહેતા. એ ઉપરાંત સત્તરેક વરસની ઉંમરે એમણે દેવીમંત્રની દીક્ષા લીધેલી. એ દીક્ષાપ્રસંગ પછી સરિતાની સમીપે આવેલા સ્મશાનમાં અને એમના કુળદેવતા પેરિયાંડવરના મંદિરમાં બેસીને ખૂબ જ લગનપૂર્વક રાત્રીના શાંત સમયે જપ કરવાની ટેવ પાડેલી. કહે છે કે એ મંત્રજપ અને ભક્તિભાવના પરિણામે એમને દેવીનું દર્શન થયું અને એમનું સમસ્ત જીવન બદલાઈ ગયું. ઉપાસના એમને માટે કેવળ કલ્પના કરવાની વસ્તુ ના રહી પરંતુ સ્વાનુભવની સિદ્ધહસ્ત સામગ્રી થઈ ગઈ. એમને દુન્યવી વિષયોમાં કોઈ પ્રકારની મમતા કે રસવૃત્તિ ના રહી. એમના અંતરનું ગૃહસ્થાશ્રમનું રહ્યુંસહ્યું આકર્ષણ પણ ઓગળી ગયું. એ તીર્થસ્થાનોની યાત્રાએ નીકળી પડ્યા ને ત્યાં રહીને વિવિધ પ્રકારની સાધના કરવા લાગ્યા. કેટલીકવાર તો એ આખી રાત ધ્યાનમાં બેસી રહેતા. એમના સંબંધીઓ એમના આત્મવિકાસની અસાધારણ અવસ્થાને ના સમજી શકે એ તદ્દન સ્વાભાવિક હતું. એટલે એમનો ત્યાગ કરીને કોઈક સાનુકૂળ સ્થળની શોધમાં એ વિચરણ કરવા લાગ્યા. એવી રીતે વિચરતાં વિચરતાં આખરે એ તિરુવણ્ણામલૈ આવી પહોંચ્યા. એ સ્થળ એમને ખૂબ જ ગમી જવાથી શેષ જીવન ત્યાં ગાળવાનો સંકલ્પ કરીને ત્યાં જ રહેવા લાગ્યા.

પાછળથી એમના સંબંધીઓને એમની માહિતિ મળતાં એ એમને મનાવવા ને બને તો ઘેર લઈ જવા માટે તિરુવણ્ણામલૈમાં એમની પાસે પહોંચી ગયા. એમણે દુન્યવી દૃષ્ટિથી પ્રેરાઈને એમને સમજાવવાના સઘળા પ્રયત્નો કરી જોયા પરંતુ તે વ્યર્થ ગયા. શેષાદ્રિ પૂર્ણ વૈરાગ્યવાન ને સુદૃઢ સંકલ્પશક્તિથી સંપન્ન હોવાથી એમને ખાલી હાથે કે નિરાશ વદને પાછા ફરવું પડ્યું.

ઈ.સ. ૧૮૯૦ થી માંડીને ઓગણચાલીસ વરસ જેટલા સુદીર્ઘ સમય સુધી એમણે તિરુવણ્ણામલૈમાં જ વાસ કર્યો. એને છોડીને એ બીજે ક્યાંય ના ગયા. બીજે ક્યાંય જવાની એમને ઈચ્છા જ ના થઈ. તિરુવણ્ણામલૈના દસેક વરસના નિવાસ, મંત્રજપ તેમજ તપ પછી એમને સાધનાની સિદ્ધિ સાંપડી, એમની આરાધના પરિપક્વતા પર પહોંચી, અને બીજાના વિચારોને જાણી લેવાની, દૂરની ઘટનાઓથી માહિતગાર થવાની અને વચનસિદ્ધિની વિશેષ શક્તિથી એ સુશોભિત બન્યા. સંક્ષેપમાં કહીએ તો એ સાધક મટીને સિદ્ધ બન્યા, આરુરુક્ષ મટીને યોગારૂઢ થયા. એમનું જીવન સફળ બન્યું ને કૃતાર્થતાની પરાકાષ્ઠા પર પહોંચી ગયું.

* * * * * * * * * * * *

મહર્ષિ અને શેષાદ્રિ બંને પારસ્પરિક પ્રેમથી સંપન્ન હતા. એમનો પ્રેમ તદ્દન નિઃસ્વાર્થ અને સમજપૂર્વકનો અથવા સાચો હોવાથી શરૂઆતથી તે છેવટ સુધી એક સરખો ટકી રહ્યો. બંને બ્રાહ્મણ કુળમાં જન્મેલા ને બાળ બ્રહ્મચારી હતા, બંનેએ વૈરાગ્ય તેમ જ જ્ઞાન ને સાધના પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને સત્તર કે અઢાર વરસની નાની ઉંમરે ઘરનો ત્યાગ કરેલો ને તિરુવણ્ણામલૈને સાધનાસ્થળ તરીકે પસંદ કરેલું. એમણે એમના પિતાનું સુખ નાની ઉંમરે જ ખોયેલું. બંને અતિશય મેધાવી અને ઉચ્ચ પ્રકારની સ્મરણશક્તિથી સંપન્ન હતાં એમનાં જન્મસ્થાનો તિરુવણ્ણામલૈથી દૂર હોવા છતાં એના મુખ્ય દેવતા અરૂણાચલેશ્વરનું આકર્ષણ એમના અંતરમાં સરખું હતું. અરૂણાચલેશ્વર પ્રત્યે એમને એકસરખો અસાધારણ અનુરાગ હતો. બંને

ગૃહત્યાગ પહેલાં રૂઢિચુસ્ત રીતે રહેતા હોવા છતાં ગૃહત્યાગ પછી જાતિવિષયક હઠાગ્રહોને તિલાંજલિ આપીને ઉદારતાપૂર્વક વર્તન કરતા. અરૂણાચલને બંને એકસરખા ભક્તિભાવ, નિશ્ચયબળ ને વિશ્વાસથી વળગી રહ્યા.

શેષાદ્રિ મહર્ષિની પહેલાં આવેલા. એ પ્રખર પંડિત અને અભ્યાસી હતા. એમનો સંસ્કૃત ભાષા, કવિતા અને વેદાદિ ધર્મગ્રંથો પરનો કાબૂ પ્રશંસનીય હતો. એ જ્યોતિષ તથા સંગીતમાં નિષ્ણાત હોવાની સાથેસાથે સરસ રીતે ગાઈ શકતા પણ ખરા. એમનો કંઠ કર્ણમધુર લાગતો. એ દૃષ્ટિએ એ મહર્ષિથી જરા જુદા પડી જતા. શેષાદ્રિને કેટલીકવાર લોકો પાગલ કે ભ્રાંત જેવા માનતા. ખરેખર એ એવા ના હોવા છતાં લોકોના વધારે પડતા સંપર્કને ટાળવાના આશયથી એવો અભિનવ કરતા. એમાં એમને એક પ્રકારનો અનેરો આનંદ આવતો. મહર્ષિને પણ એકાંતવાસ વધારે પસંદ પડતો. એટલા માટે તો એમણે લોકસમૂહથી દૂર જુદાંજુદાં સ્થળોમાં રહીને સાધના કરેલી. પરંતુ એમનો માર્ગ અનોખો હતો. લોકોના વધારે પડતા અનાવશ્યક સંપર્કને ટાળવા માટે પાગલ કે ભ્રાંત હોવાનો અભિનય કરવાને બદલે એમણે કેવળ મૌનનો જ આધાર લીધેલો અને એ આધાર એમને માટે અત્યંત અસરકારક થઈ પડેલો. તિરુવણ્ણામલૈમાં કે તિરુવણ્ણામલૈની બહાર કોઈ એમને ભ્રાંત કે પાગલ નહોતું માનતું.

શેષાદ્રિ આત્મસાધનાના ક્ષેત્રમાં આરંભથી જ આગળ વધ્યા હોવાથી દૈવી દૃષ્ટિથી સંપન્ન હતા. એ દૃષ્ટિથી એ અન્યના અંતઃસ્તલમાં પ્રવેશીને એના રહસ્યને પારખી શકતા. એમની એ સવિશેષ શક્તિને લીધે મહર્ષિની સુયોગ્યતાને એમણે પ્રથમ નજરે પ્રથમ મેળાપે જ સમજી લીધી. એમની પ્રકૃતિજન્ય પવિત્રતા, અંતર્મુખતા, વૈરાગ્યવૃત્તિ, સમાધિ માટેની પ્રીતિ અને આત્મનિષ્ઠા એમનાથી અજાણ ના રહી. એ બધી ઉચ્ચ પ્રકારની યોગ્યતા એમને માટે પ્રેમ પ્રકટાવવા માટે પૂરતી હતી. એમના અંતરમાં પણ પ્રથમ દર્શને જ પ્રેમ પ્રકટ્યો. અને પછી તો એમનો એ પારસ્પારિક પ્રેમ ઉત્તરોઉત્તર વધતો જ ગયો. શેષાદ્રિ મહર્ષિને એમની સાધનાદશા દરમિયાન કોઈ જાતનો વિક્ષેપ ના પડે તે માટે જાગ્રત રહીને તોફાની છોકરાઓના ને બીજા ઉપદ્રવોથી એમની રક્ષા કરતા રહ્યા તે એ પ્રામાણિક પ્રબળ પ્રેમભાવથી પ્રેરાઈને જ. મહર્ષિ પવલકુન્નુમાં રહેતા ત્યારે એમની પાસે એ અવારનવાર એમની ઈચ્છા થતાં પહોંચી જતા ને સાથે બેસીને ભિક્ષા કરતા.

મહર્ષિ પ્રત્યેના પરમપવિત્ર પ્રખર પ્રેમથી પ્રેરાઈને એ અનેકને એમની પાસે જઈને એમનું માર્ગદર્શન મેળવવાની સલાહ આપતા. એકવાર એમના દર્શને આવેલા વેંકટરામય્યર નામના સદગૃહસ્થના મનમાં મહર્ષિના દર્શનની આકાંક્ષા જાગી ઊઠી. એમને એમની વિશેષ શક્તિની મદદથી એની ખબર પડી કે તરત જ એ બોલી ઊઠ્યા : 'જાવ. મહર્ષિનું દર્શન કરો. એથી તમારું ચિત્ત પવિત્ર બનશે.'

મહર્ષિના એક શિષ્ય શ્રી સોમસંદરમ્ સ્વામીએ એકવાર કોઈ કારણથી આશ્રમનો ત્યાગ કર્યો. એ પછી ક્યાં જવું, ક્યાં રહેવું, ને કોને ગુરૂ તરીકે સ્વીકારીને માર્ગદર્શન મેળવવું તેનો નિર્ણય એમનાથી ના થઈ શકવાથી એમણે એ વિશે શેષાદ્રિ સ્વામીની સલાહ લેવાનો સંકલ્પ કર્યો. એમને ખબર હતી કે શેષાદ્રિ સ્વામી રાતે કંબત્તિલૈયનારના મંદિરમાં આવ્યા કરે છે. એથી એ મંદિરમાં એમની પ્રતિક્ષા કરતા બેસી રહ્યા. થોડાક વખત પછી શેષાદ્રિ મંદિરમાં આવ્યા. હજુ તો સોમસુંદરમે કશું કહ્યું ન હતું તે પહેલાં જ એમના મનની મૂંઝવણને જાણી લઈને એ બોલી ઊઠ્યા : ' તમે મહર્ષિની પાસે જાવ તે જ બરાબર છે.'

સોમસુંદરમ્ ને એમની સલાહ સુરુચિકર ના લાગી એ એમની મુખાકૃતિ પરથી જણાઈ આવ્યું. એ જોઈને શેષાદ્રિ જોરથી બોલી ઊઠ્યા : ‘ જાવ, રમણ મહર્ષિ પાસે જાવ. અહીં ના બેસી રહો. જાવ.’

સોમસુંદરમ્ એમની આજ્ઞાને ના અવગણી શક્યા. એ ત્યાંથી મધ્યરાત્રીનો સમય હોવા છતાં સીધા રમણ મહર્ષિના આશ્રમ તરફ ચાલી નીકળ્યા.

એ જોઈને શેષાદ્રિને શાંતિ થઈ. એ ગુરૂ પ્રત્યેની પવિત્ર એકનિષ્ઠ ભક્તિમાં માનતા હોવાથી ગુરૂને ધારણ કર્યા પછી વળગી રહેવાની ને ખોટી ચંચલતાને વશ થઈને વારંવાર ના બદલવાની સલાહ આપતા. મહર્ષિના સઘળા ભક્તો તથા શિષ્યોને જોઈને એ ખૂબ જ ખુશ થતા અને એમને મહર્ષિની વધારે ને સેવામાં પ્રેરિત કરતા. એવી ઉદારતા, વિશાળતા ને નિષ્કપટતા કોઈ વિરલ સંતપુરૂષમાં જ જોવા મળી શકે.

મહર્ષિને માટે એ મહાપુરૂષના અંતરમાં કેટલો બધો અસાધારણ આદરભાવ હતો તે એક બીજા પ્રસંગ પરથી પણ સ્પષ્ટ થાય છે. એકવાર એમના દર્શનની ઈચ્છાથી એમની પાસે શ્રી ટી.વી. સુબ્રહ્મણ્યય્યર આવ્યા. એ મહર્ષિ પર ગુરૂભાવ રાખતા. શેષાદ્રિએ એમની સાથેના વાર્તાલાપ દરમિયાન એકાએક પૂછ્યું :

‘તમને ખબર છે કે અહીં બધાં મળીને ત્રણ લિંગ છે ?’

અય્યરને માટે એ પ્રશ્ન નવો અને અટપટો હતો. એની પાછળના રહસ્યને એ સહેલાઈથી ના સમજી શક્યા તો પણ બોલ્યા : ’

ત્રણ લિંગની તો મને માહિતી જ નથી. હું તો અરૂણાચલ પર્વતરૂપી લિંગને જાણું છું. બીજા કોઈ લિંગની મને ખબર નથી.’

‘નહિ. નહિ. તમને ત્રણે જ્યોતિર્લિંગની ખબર છે.’

‘ના. મને ખરેખર ખબર નથી. કૃપા કરીને તમે જ કહી બતાવો કે બીજાં બે જ્યોતિર્લિંગ ક્યાં છે !’

શેષાદ્રિએ એ સાંભળીને શાંતિપૂર્વક સ્મિત સાથે કહ્યું :

‘એક જ્યોતિર્લિંગ તો રમણ સ્વામીનું છે.’

અય્યરે આનંદની અભિવ્યક્તિ કરતાં જણાવ્યું:

‘હા. સ્વામીજી ! હવે મને બીજા જ્યોતિર્લિંગની ખબર પડી શકી. પરંતુ ત્રીજું લિંગ કયું કહેવાય છે તે ના સમજાયું.’

શેષાદ્રિ સ્વામીએ અય્યરની અજ્ઞતાને જોઈને અલિપ્તભાવે જણાવ્યું :

‘ત્રીજા જ્યોતિર્લિંગનો પરિચય મારે મારી પોતાની જ મેળે આપવો પડશે ? એ જ્યોતિર્લિંગ શેષાદ્રિનું છે.’

‘એનો અર્થ એવો થયો કે એ જ્યોતિર્લિંગ રૂપમાં તમે પોતે જ છો, ખરું ?’

‘બરાબર છે.’

અય્યરની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

* * * * * * * * * * * *

તિરુચ્ચુલિથી રમણ મહર્ષિના દર્શનની અભિલાષાથી પ્રેરાઈને લક્ષ્મી અમ્માલ તિરુવણ્ણામલૈ આવી પહોંચી ને એચમ્માલને ત્યાં રહેવા માંડી. એને ત્યાં એક અઠવાડિયા સુધી રહ્યા છતાં પણ શેષાદ્રિના દર્શનનો લાભ ના મળ્યો. અઠવાડિયાને અંતે એણે નિરાશ થઈને એચમ્માલને જણાવ્યું કે મારું ભાગ્ય અથવા સત્કર્મોનું પીઠબળ એટલું કાચું હશે એટલે શેષાદ્રિ સ્વામીના દર્શનનો લાભ ના મળ્યો. સત્પુરૂષોનો સમાગમ સત્કર્મોના સાનુકૂળ પરિપાક વિના નથી થતો.

બીજે જ દિવસે એની ભાવના શેષાદ્રિ પાસે પહોંચી ગઈ હોય એમ, એ અરૂણાચલ પર્વત પર ચઢી રહેલી તે જ વખતે એને શેષાદ્રિનું દર્શન થયું. એમને સામેથી આવતા જોઈને એમનું અંતર આનંદથી ઊભરાવા લાગ્યું. એણે એમને પ્રેમપૂર્વક પ્રણામ કરીને મનોમન વિચાર્યું કે આ મહાત્મા પુરૂષની સેવાનું સૌભાગ્ય મને કદી પણ નથી સાંપડ્યું. એનું મને દુઃખ છે.

અંતર્યામી શેષાદ્રિએ એના મનોભાવને તરત જ જાણી લીધા પરમ પ્રેમ ને કરુણાથી પ્રેરાઈને કહ્યું :

‘ત્યાં રમણ સ્વામીના રૂપમાં સેવા કરો કે અહીં મારા રૂપમાં, વસ્તુતઃ બધું એક જ છે.’

એ સાંભળીને લક્ષ્મી અમ્માલને શાંતિ થઈ. શેષાદ્રિની અસાધારણ શક્તિ, સમદર્શિતા, નમ્રતા ને મહર્ષિ માટેની પ્રેમભાવના જોઈને એમને માટેનો એનો આદરભાવ વધી ગયો. આદરભાવ આખર સુધી અખંડ જ રહ્યો.

એચમ્માલ મહર્ષિને અને એમના ભક્તમંડળને ભોજન કરાવતી. એને શેષાદ્રિ પ્રત્યે પણ એવો જ પૂજ્યભાવ હોવાથી એ જ્યારે જ્યારે એની મુલાકાત લેતા ત્યારે એમને પણ જમાડતી. સાંજના સમયે જ્યારે જ્યારે એ મહર્ષિની પાસેથી પાછી ફરીને એમને માર્ગમાં મળતી ત્યારે એણે મહર્ષિને ભોજન કરાવ્યું કે નહિ એની એ અવશ્ય તપાસ કરતા અને એને એના ઘર સુધી પહોંચાડતા. આમ તો સામાન્ય રીતે કોઈને ઉપદેશ આપવાનું પસંદ ના કરતા તો પણ એચમ્માલને એમણે એ બાબતમાં અપવાદરૂપ માનેલી.

એકવાર એ પૂજા કરતી'તી ત્યારે એ એના ઘરમાં એકાએક આવી પહોંચ્યા ને બોલ્યા : ‘કોની પૂજાસેવા થઈ રહી છે ?’

‘તમારી ને રમણ સ્વામીની.’ એણે ઉત્તર આપ્યો.

‘ધ્યાનનો અભ્યાસ શા માટે નથી કરતી ?’ એમણે ફરી પૂછ્યું એટલે એણે જણાવ્યું :

‘તમે મને પદ્ધતિ બતાવો તો ધ્યાન કરી શકું. ’

એચમ્માલને ગુરૂ પાસેથી ધ્યાનની દીક્ષાશિક્ષા પ્રાપ્ત થયેલી. એને પરિણામે એ દેહભાન ભૂલીને કોઈ કોઈવાર એકાદ બે દિવસ સુધી ધ્યાનમાં રહી શક્તી. તો પણ એવા સિદ્ધ મહાપુરૂષનું વિશેષ માર્ગદર્શન મેળવવાની ઈચ્છાને એ રોકી ના શકી.

એની ઈચ્છાને સંતોષવા માટે શેષાદ્રિ એના નાનકડા આરાધના ખંડમાં શાંતિપૂર્વક પદ્માસન વાળીને ધ્યાનમાં બેસી ગયા. થોડા જ સમયમાં એ બાહ્યભાવ ભૂલીને સમાધિમાં ડૂબી ગયા. સમાધિની એ અલૌકિક દશામાં ચારપાંચ કલાક રહ્યા પછી જાગ્રત થઈને બોલ્યા : ‘હવે સમજ પડી, એચમ્માલ ?’

એમણે એને કેટલુંક ધ્યાન તથા સમાધિવિષયક પથપ્રદર્શન પણ પૂરું પાડ્યું એથી એને મૂલ્યવાન મદદ મળી.

* * *  * * *  * * *  * * *

ઈ.સ. ૧૯૦૮માં મહર્ષિ જ્યારે આમ્રગુહામાં વાસ કરતા ત્યારે એમની પાસે શેષાદ્રિ આવી પહોંચ્યા.

મહર્ષિની સામે બેસીને એ એમનું એકીટસે અવલોકન કરવા લાગ્યા.

એ એમના મનોવ્યાપારને જાણવા માગતા'તા.

સામાન્ય રીતે બીજાના મનના સંકલ્પ વિકલ્પ, વિચાર કે ભાવને જાણી લેવામાં એમને કશો પરિશ્રમ ના પડતો. એ કામ એમને માટે શ્વાસ લેવા જેટલું સહેલું હતું અને પળવારમાં જ પૂરું થતું. પરંતુ મહર્ષિના સંબંધમાં વાત જુદી જ નીકળી. એમણે એમની તરફ લાંબા વખત લગી જોયા કરીને કહ્યું :

'આ વ્યક્તિ શું વિચારી રહી છે તે સ્પષ્ટ નથી કહી શકાતું.'

મહર્ષિ કોણ જાણે કેમ પણ સંપૂર્ણ શાંત રહ્યા.

શેષાદ્રિ પોતાના અંગત અભિપ્રાયની અભીવ્યક્તિ કરતાં બોલ્યા :

'જો કોઈ ભગવાન અરૂણાચલની આરાધના કરે તે તેને અવશ્ય મુક્તિ મળે છે.'

હવે મહર્ષિને બોલવાનું મન થયું. એમણે પૂછ્યું : 'આરાધના કરનાર વ્યક્તિ—આરાધક અને આરાધ્ય કોણ છે ?'

શેષાદ્રિ એ સાંભળીને ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા :

'એ જ બરાબર સ્પષ્ટ રીતે નથી સમજાતું ને !'

એ પછીના એકાદ કલાક દરમિયાન મહર્ષિએ જીવ, જગત ને ઈશ્વર વિષયક અદ્વૈત અનુભૂતિજન્ય વિચારો વ્યક્ત કર્યા. શેષાદ્રિ એ વિચારોની સંપૂર્ણ શાંતિપૂર્વક સાંભળી રહ્યા અને આખરે ઊભા થઈને બોલ્યા :

'હું તો કશું જ નથી કહી શક્તો. મને તો આ બધું અંધકારમય લાગે છે. હા, ગમે તેમ પણ હું ભક્તિ કરું છું ખરો. મને એ ગમે છે.'

એવું બોલીને એમણે અરૂણાચલ પર્વત તરફ પૂજ્યભાવથી નીરખવા માડ્યું, અને એને પંદરેક વાર પ્રણામ કર્યા. એ પછી નીચે પ્રયાણ કર્યું.

એ વખતના ઉદગારો એમની અંતરંગ અવસ્થાનો નિર્દેશ કરનારા હતા. એ ઉદગારો સૂચવે છે કે એ વખતે એમની શ્રદ્ધા સાકાર ઈશ્વરમાં પણ પરોવાયેલી હતી.

* * *  * * *  * * *  * * *

એક દિવસ એ એક અય્યરના ઘરની પાસે અગ્રહારમાં કોઈ ભેંસને જોઈ રહેલા. એ વખતે નારાયણસ્વામી નામના પુરૂષે એમની પાસે પહોંચીને પૂછ્યું :

'સ્વામીજી, શું જુઓ છો ?'

'આને જોઈ રહ્યો છું.' શેષાદ્રિ બોલ્યા.

'ભેંસને જોઈ રહ્યા છો ?'

શેષાદ્રિએ એમની તરફ ફરીને પૂછ્યું :

'તમે જ કહી બતાવો કે આ શું છે ?'

'ભેંસ છે.'

'આ ભેંસ છે ? ભેંસ છે ?' શેષાદ્રિએ રહસ્યોદગાર કાઢ્યા : 'ભેંસ જેવા જ છો ને ! એને બ્રહ્મ કહો, ભેંસ નહિ.'

અને એ ત્યાંથી ચાલી નીકળ્યા.

એ શબ્દો એમના અનુભવાત્મક આત્મજ્ઞાન અને એમની વિશાળ ઉદાર અનેરી આત્મદૃષ્ટિ વિશે ઘણું ઘણું કહી જાય છે.

* * * * * * * * * * * *

એમની નમ્રતા, સરળતા અને મહર્ષિને માટેના એમની અદભુત આદરભાવનો એક બીજો પ્રસંગ જોઈએ.

ચિદંબરમ્ નામે એક મહર્ષિભક્ત શાસ્ત્રી મહર્ષિ પાસે અવારનવાર આવતા અને એમની સેવા કરતા. એ ગાંજાનો ઉપયોગ કરતા. મહર્ષિએ એમને ના પાડેલી તે છતાં પણ એ અધ્યાત્મમાર્ગમાં ને ખાસ કરીને ધ્યાનમાં મદદ મેળવવાના આશયથી એને વાપરતા. એકવાર એમણે અશુદ્ધ ગાંજાનો પ્રયોગ કર્યો. એથી એમનું ચિત્ત શાંત થવાને બદલે ચગડોળે ચઢ્યું અને અમંગલ વિચારોનો અનુભવ કરવા માંડ્યું. એથી ગભરાઈ તથા દુઃખી થઈને એ શેષાદ્રિ સ્વામી પાસે પહોંચીને પગે પડ્યા.

શેષાદ્રિ તરત જ સઘળી હકીકત સમજી ગયા ને બોલ્યા : 'મેં ના પાડ્યા છતાં ગાંજાનું સેવન શા માટે કર્યું ?'

શાસ્ત્રીને થયું કે મહર્ષિએ જ એમને ગાંજો વાપરવાની ના પાડેલી, એટલે મહર્ષિ સાથે શેષાદ્રિ પોતાની એકવાક્યતા બતાવી રહ્યા છે.

મહર્ષિને માટેના અસામાન્ય પ્રેમભાવથી પ્રેરાઈને એમણે એ શાસ્ત્રીને એવી રીતે પ્રકારાન્તરે એમની સૂચનાનું સ્મરણ કરાવ્યું.

એમની શ્રદ્ધાપૂર્વક સેવા કરનારને બનતી બધી જ રીતે મદદરૂપ થવા માટે એ તૈયાર રહેતા. એમનો એવો સ્વભાવ હતો.

તિરુવાલુરના સુબ્રહ્મણ્ય મોદલી એમની માતા તથા પત્ની સાથે મહર્ષિ અને એમના ભક્તોની સેવામાં ઈ.સ. ૧૯૦૮ થી જ રસ લેતા. એ સમય સમય પર શેષાદ્રિની સેવા પણ કરતા રહેતા. એમને વધારે સંપત્તિ એકઠી કરવાની લાલસા રહેતી અને એમનો મોટા ભાગનો સમય એને માટેની પ્રવૃત્તિઓમાં તથા કૉર્ટનાં કામોમાં વપરાતો રહેતો. એમને જાગ્રત કરવા ને આત્મોન્નતિને માર્ગે વાળવાની વૃત્તિથી પ્રેરાઈને એકવાર એ આમ્રગુહામાં હતા ત્યારે શેષાદ્રિ ત્યાં જઈને બોલ્યા :

'જુઓ, મારા નાના ભાઈને મહિને દસ હજારનો પગાર મળે છે ને મને એક હજારનો. તમે સો રૂપિયાના પગાર માટે પ્રયત્ન કેમ નથી કરતાં ?'

મોદલી સમજી ગયા કે પગારની વાત કરીને શેષાદ્રિ આત્મવિકાસની જ વાત કરી રહ્યા છે, અને એ નાના ભાઈ તરીકે બીજા કોઈનો નહિ પણ મહર્ષિનો જ ઉલ્લેખ કરવા માગે છે. એમણે કહ્યું કે હું તો દુન્યવી પ્રવૃત્તિઓમાં પડેલો હોવાથી મને આત્મવિકાસની સાધના માટેનો સમય જ ક્યાં મળે છે ?

શેષાદ્રિએ જણાવ્યું કે આત્મવિકાસનું કામ ઘણું સહેલું છે અને એના વિના પ્રત્યેક પળે તમે બ્રહ્મહત્યા કરી રહ્યા છો.

મોદલીને એનુ રહસ્ય ના સમજાયાથી એ ભયભીત બનીને મહર્ષિ પાસે પહોંચ્યા. એમની અંદર વિશેષ શ્રદ્ધાભક્તિ હોવાથી એમને એ આખોય પ્રસંગ કહી સંભળાવ્યો એટલે એ બોલ્યા :

'શેષાદ્રિ સ્વામીના શબ્દો બરાબર છે. બ્રહ્મને ના જાણીને તમે બ્રહ્મની હત્યા કરી રહ્યા છો એવું જ કહી શકાય.'

મોદલીના મનનું સમાધાન થઈ ગયું.

શેષાદ્રિને મન મહર્ષિની મહત્તા કેટલી બધી મોટી હતી અથવા એ મહર્ષિને આત્મવિકાસના ક્ષેત્રમાં કેટલા બધા આગળ વધેલા ને પોતાના કરતાં પણ શ્રેષ્ઠ સમજતા હતા તેની પ્રતીતિ આ નાના સરખા છતાં મહત્વના પ્રસંગમાં પ્રતિધ્વનિત થયેલા એમના જ ઉદ્દગારો પરથી થઈ રહે છે. એક અસાધારણ અવસ્થા પર પહોંચેલા સંત લવલેશ અહંભાવના વિના એવી રીતે મન, વચન તથા કર્મથી બીજા આદર્શ શ્રેષ્ઠ સંતનું બહુમાન કરે એ કાંઈ જેવી તેવી વસ્તુ તો નથી જ. એ એમની પોતાની ગુણવત્તા, ઉદારતા, ગુણગ્રાહકતા ને મહાનતા બતાવે છે. બીજા સામાન્ય અથવા અસામાન્ય સંતોને માટે એ વસ્તુ વિચારણીય અને અનુકરણીય છે. આપણે ત્યાં સંતો, મહંતો, સાધકો ને વિદ્વાનોમાં રાગદ્વેષ, ભેદભાવ, નાના મોટાના ખ્યાલ અને સંકુચિત ભાવોની અભિવૃદ્ધિ થતી જાય છે ત્યારે આ હકીકતનું મહત્વ ધાર્યા કરતાં ઘણું વધારે થઈ પડે છે. સંતો, મહંતો, સાધકો ને પરસ્પર ધુરકિયાં કરતા વિદ્વાનોએ એમાંથી ઘણું ઘણું શીખવાનું છે.

મહર્ષિ પોતે પણ શેષાદ્રિ સ્વામીને પ્રેમ અને આદરભાવથી જ જોતા. શેષાદ્રિની શક્તિ તેમ જ સુયોગ્યતાની એમને ખબર હતી.

શેષાદ્રિના શરીરત્યાગ વખતે એમના પ્રત્યેના પ્રખર ભક્તિભાવથી પ્રેરાઈને હજારો ભક્તો, પ્રશંસકો ને દર્શકો ભેગા થયેલા. એમની ઉત્તરક્રિયા વખતે મહર્ષિ પણ એમની ચિતા પાસે ઊભા રહેલા. એમની એ વખતની ઉપસ્થિતિ એ મહાપ્રતાપી મહાપુરૂષની અંતસમયની શોભામાં અભિવૃદ્ધિ કરનારી થઈ પડી એ તો ખરું જ, પરંતુ એમણે એમની લોકોત્તરતાને એવી રીતે અંતઃકરણપૂર્વકની અંજલિ ધરી.

ભડભડતી જ્વાળા પણ એ જોઈને જાણે બોલી ઊઠી : ધન્ય મહર્ષિ ! ધન્ય શેષાદ્રિ ! સંત શેષાદ્રિ !

☼ ☼ ☼ ☼ ☼

## (૨૪) નટનાનંદ

નટનાનંદ સ્વામીનું મૂળ નામ નટેશ મુદ્દલિયાર હતું. એ એક પ્રાથમિક સ્કૂલમાં અધ્યાપકનું કામ કરતા. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા પછી એમને જ્ઞાનતિરટ્ટુ નામે પુસ્તક મળ્યું. એ પુસ્તક સ્વામી વિવેકાનંદના જ્ઞાનયોગ પરનાં પ્રવચનોના સંક્ષિપ્ત તામિલ અનુવાદરૂપ હતું. એમણે એને એ વિષયમાં વિશેષ રસ તેમજ રુચિ હોવાથી અત્યંત ઉત્સાહ, લગન અને એકાગ્રતાપૂર્વક વાંચી કાઢ્યું. એમને એમાંથી પ્રકાશ મળ્યો. યૌવનાવસ્થા તેમજ ગૃહસ્થાશ્રમનો આનંદ હોવા છતાં એમના મનમાં ધીમે ધીમે વૈરાગ્યનો ઉદય થવા લાગ્યો. ભૌતિક સુખોપભોગમાં જીવનના બહુમૂલ્ય સમય ને શક્તિનો વ્યય કરવા કરતાં એનો સદ્ઉપયોગ કરીને આત્મોન્નતિનાં સર્વોચ્ચ શિખરોને સર કરવાનો સંકલ્પ પેદા થયો.

પરંતુ એ સંકલ્પની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ? આત્મોન્નતિની સાધનામાં સફળતાપૂર્વક સુચારુરૂપે સંતોષપૂર્વક આગળ વધવા માટે કોઈક સુયોગ્ય સ્વાનુભવસંપન્ન પથપ્રદર્શક અથવા ગુરૂ જોઈએ. સ્વામી વિવેકાનંદને જેમ રામકૃષ્ણ પરમહંસદેવ મળેલા તેમ એવા કોઈ સુયોગ્ય સત્પુરૂષની પ્રાપ્તિ થાય તો સઘળું કામ સહેલું બની જાય.

એમણે સદગુરૂની શોધનો આરંભ કરી દીધો. કોઈએ એ દિવસોમાં કહ્યું પણ ખરું કે અરૂણાચલ પર્વત પર એક સમર્થ સંત વરસોથી વાસ કરે છે. એ સિદ્ધાવસ્થાએ પહોંચેલા તથા જીવનમુક્ત ને જ્ઞાની છે. પરંતુ કોઈના પ્રત્યે વિશેષ પ્રેમ નથી બતાવતાં ને કોઈને ઉપદેશ નથી આપતા. એટલે એમને ગુરૂ બનાવવામાં મુશ્કેલી છે.

એ માહિતી મળવાથી નટેશને આનંદ થયો. એમણે મહર્ષિના દર્શનનો ને બને તો એમને ગુરૂ તરીકે સ્વીકારવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પને અનુસરીને એ ઈ.સ. ૧૯૧૮માં અરૂણાચલ પર્વત પરના સ્કંદાશ્રમમાં મહર્ષિ પાસે આવી પહોંચ્યા.

મહર્ષિના દર્શનથી એમને આનંદ થયો. એ મહાપુરૂષની મહત્તાની એમની ઉપર સુંદર છાપ પડી. પરંતુ મહર્ષિ શાંત જ રહ્યા. કલાકો વીતી ગયા તો પણ એ કશું બોલ્યા જ નહિ. એમની સાથે પોતાના પ્રયોજનને અનુસરીને વાત કરવાની નટેશની હિંમત ના ચાલવાથી એમને સ્વાભાવિક રીતે જ નિરાશા થઈ. એમને થયું કે આ મહાપુરૂષ ઉચ્ચાવસ્થા પર પહોંચેલા ને લોકોત્તર લાગતા હોવા છતાં મને શિષ્ય તરીકે સ્વીકારી નહિ શકે. મારે મારા અંતરની અશાંતિની નિવૃત્તિને માટે કોઈક બીજા સંતપુરૂષની શોધ કરવી પડશે. સંભવ છે કે એવી શોધ કરતાં કરતાં કોઈક સુયોગ્ય સાનુકૂળ સદગુરૂની પ્રાપ્તિ થઈ જાય. અહીં આવવાથી એટલો લાભ તો જરૂર થયો કે આ મહાપુરૂષનો મેળાપ થયો પરંતુ શોધ હજુ અધૂરી જ રહી. કોણ જાણે હજુ મારે ક્યાં સુધી ને ક્યાં ક્યાં ફર્યા કરવાનુ છે !

આખરે એ ઊભા થયા ને નમસ્કાર કરીને ચાલવા લાગ્યા તો પણ મહર્ષિ કશું બોલ્યા નહિ.

એમનું અંતર આખરે એવું જ અશાંત રહ્યું અને બીજો કોઈ વિકલ્પ ના દેખાવાથી એ હતાશ હૃદયે, વિષાદપૂર્ણ વદને પર્વત પરથી નીચે ઊતર્યા.

ઘેર આવ્યા પછી પણ ચેન ના પડવાથી એ સદગુરૂની શોધ કરતા જ રહ્યા. એ શોધ દરમિયાન સારાનરસા સાધુસંતોના સંપર્કમાં આવવાથી ચિત્રવિચિત્ર અનુભવો થતા રહ્યા પરંતુ શાંતિ ના મળી. સદ્દગુરૂની શોધ માટે આતુર બનેલું એમનું અંતર આખર લગી અતૃપ્ત જ રહ્યું ત્યારે એમને લાગ્યું કે મહર્ષિ કરતાં વધારે સારા સદગુરૂ બીજા કોઈ જ નહિ મળી શકે. એમને ગુરૂ કરવાથી જ જીવનનું શ્રેય સાધી શકાશે. પરંતુ સમસ્યા એ છે કે એમને ગુરૂ કરવા કેવી રીતે ? એ તો ગુરૂ થવાનો કે શિષ્ય બનાવવાનો કશો રસ જ નથી લેતા લાગતા. અરે, બરાબર જોતા કે બોલતા જ નથી ને !

એ જમાનાના કેટલાક બીજા સંત મહાત્માઓની મુલાકાત પણ એ લેતા રહ્યા, પરંતુ કોઈની પાસેથી એમને ધારેલી શાંતિ ના મળી. એમનું મન અશાંત જ રહ્યુ. આખરે એ બધા અનુભવોને અંતે એ સંન્યાસ લેવાના વિચાર તરફ ઢળવા લાગ્યા.

એ વિચારો ને ભાવોથી પ્રેરાઈને એમણે મહર્ષિને પત્ર લખ્યો. ઈ.સ. ૧૯૨૦માં લખેલા એ પત્રમાં જણાવ્યું કે મારી સ્થિતિ આવી નાજુક છે. તમારા દેવદુર્લભ દર્શનનો લાભ મને એકવાર મળ્યો છે ખરો પરંતુ તમારી કૃપા મારા પર નથી થઈ. વાદળાં જેમ વ્યોમમાં એકઠાં થઈને વરસ્યા વિના જ વીખરાઈ જાય તેમ તમે તમારા મંગલમય મેળાપ છતાં મારા પર અનુગ્રહનો વરસાદ નથી વરસાવ્યો. મારા જેવા અભાગી પર તમારી દયા ના થઈ. પક્ષીઓ પોતાના જેવાં બીજાં પક્ષીઓને બોલાવીને સાથે મળીને ખાય છે. એ એકલપેટાં ને સ્વાર્થી નથી હોતાં. માણસ જો સ્વાર્થી બને તો તેમાં તેની શોભા શી ? આવી રીતે મૌનવ્રત ધારણ કરીને ઉદાસીન બનીને બેસી રહેવાનું તમારે માટે યોગ્ય છે ? એ તમારા સરખા સત્પુરૂષને શોભે છે ? તમે તો જીવનમુક્ત છો. તમારું જીવન શાને માટે છે ? સંસારના ત્રિતાપમાં અટવાયલા ને તપ્ત બનેલા અમારા જેવા જીવોને નિર્મમ ને નિર્દય થઈને છોડી દેવાનું અને અમને ઉગારવા માટે આગળ નહિ આવવાનું વલણ શું બરાબર છે કે ? કૃપા કરીને મને ઉત્તર આપશો એવી આશા રાખું છું. તમારા પત્ર દ્વારા આદેશ મળતાં જ તમારાં ચરણોમાં હાજર થઈ જઈશ.

એ પત્ર ખૂબ જ પ્રેમ, લગન, ઉત્કટતા ને વેદનાપૂર્વક લખાયલો. એની ભાષા પરથી એ સ્પષ્ટ હતું. નટેશે એના પ્રત્યત્તરની આતુર હૃદયે રાહ જોઈ છતાં પણ એ પ્રત્યુત્તર ના આવ્યો. એમની એક મહિનાની પ્રતીક્ષા પણ વ્યર્થ ગઈ ત્યારે તો હતાશા અને પીડાનો પાર ના રહ્યો. એમને થયું કે મહર્ષિને મારો પત્ર પહોંચ્યો હશે ખરો ? જો પહોંચ્યો હોય તો એ ઉત્તર આપ્યા વિના ના જ રહે. વધારે ચોક્કસ તથા શંકારહિત બનવા માટે એમણે બીજીવારનો પત્ર રજિસ્ટર્ડ કરીને મોકલ્યો અને એમાં લગભગ આવા ભાવનું લખ્યું :

'તમે જ મારા અશરણના શરણ છો. મેં તમારો સાચા દિલથી આધાર લીધો છે તો મારો સ્વીકાર કરો. આ જન્મમાં મારામાં તમારા કૃપાપાત્ર શિષ્ય બનવાની યોગ્યતા ના હોય તો ભલે બીજા જન્મમાં, પરંતુ તમારા વિના મારાથી બીજા કોઈને પણ ગુરૂ તરીકે કદાપિ નહિ સ્વીકારી શકાય. મારા સદગુરૂ તમે જ છો. આ જન્મમાં મને શિષ્ય તરીકે નહિ સ્વીકારો તો મારા સંકલ્પના બળથી મારી સાચી ભાવનાને પૂરી કરવાના પ્રયોજનથી પ્રેરાઈને તમારે ફરી અવતાર લેવો જ પડશે. '

એવી ઉત્કટ ભાવનાવાળા સાધકને ઉત્તર ના મળે એવું કદાપિ બની શકે ખરું ?

થોડાક દિવસ પછી એમને એક સ્વપ્ન આવ્યું. એ સ્વપ્ન ખૂબ જ સૂચક હતું. એમાં એમને મહર્ષિનું દર્શન થયું. એથી એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમાં અભિવૃદ્ધિ કરતા સુમધુર શાંત સ્વરમાં મહર્ષિએ જણાવ્યું : 'મારા ધ્યાનમાં વખત વિતાવવાથી શું વળશે ? નન્દીશ્વર મહાદેવનું ધ્યાન કરો. એથી આનંદ થશે. પહેલાં એમનો અનુગ્રહ પ્રાપ્ત કરો એટલે માર્ગ ખુલ્લો થશે ને મારી મદદ તો આપોઆપ મળી રહેશે.'

સ્વપ્ન સાનુકૂળ હોય છે ત્યારે અસીમ સુખ ધરે છે. એ સ્વપ્ન ઈશ્વરના કે મહર્ષિના અદભુત અનુગ્રહરૂપ હતું. એને અનુસરીને એમણે નન્દીશ્વર મહાદેવના ધ્યાનનો આરંભ કર્યો. એમના અશાંત અંધકારગ્રસ્ત જીવનને એ સ્વપ્નાનુભવ પ્રસંગથી નવીન પ્રકાશ મળ્યો. એમની સાધનામાં નવો જ પ્રવાહ પેદા થયો.

એ જ દિવસો દરમિયાન એમને શ્રી વાસુદેવ શાસ્ત્રી દ્વારા લખાયેલ પત્ર મળ્યો. એમાં લખેલું કે તમારા બંને પત્રો મળ્યા છે, પરંતુ સ્વામીજી પત્ર દ્વારા પ્રત્યુત્તર નહિ આપે. માટે અહીં આવીને એમનું દર્શન કરી લો એ જ બરાબર છે.

નટેશને લાગ્યું કે ભાગ્યચક્ર હવે પોતાને અનુકૂળ છે. એ વિનાવિલંબ, ખૂબ જ ઉત્સાહપૂર્વક તિરુવણ્ણામલૈ જવા માટે વિદાય થયા. તિરુવણ્ણામલૈ પહોંચીને એમણે એ રીતે અરૂણાચલના મંદિરમાં જ મુકામ રાખ્યો.

એ દિવસ ઈ.સ. ૧૯૨૦ના મે ની બીજી તારીખનો હતો. નટેશને માટે એ દિવસ એક ચિરસ્મરણીય દિવસ બની ગયો.

મહર્ષિને પ્રેમપૂર્વક પ્રણામ કરીને એ એમના ઉપદેશની આશાથી એમની પાસે ચારથી પાંચ કલાક લગી બેસી રહ્યા તો પણ મહર્ષિ કશું ના બોલ્યા. એ પણ શાંત રહીને ત્યાંના વાતાવરણનો આસ્વાદ લેતા રહ્યા. છેવટે રાતના ભોજનનો સમય થવા આવ્યો અને મહર્ષિ એને માટે ઊઠવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે અય્યરે સાહસ કરીને નટેશનો પરિચય આપતાં એમણે લખેલા પત્રોનું સ્મરણ કરાવ્યું તો પણ મહર્ષિનું મુખ ના ઊઘડ્યું. એકાદ બે વાર નટેશ તરફ ગંભીરતાપૂર્વક નજર નાખી એટલું જ.

નટેશ સમય પૂરો થયો જાણીને અય્યર સાથે અરૂણાચલ પરથી નીચે ઊતર્યા. એમણે મહર્ષિ સાથે મન મૂકીને વાતો કરવાના ભાતભાતના ઘાટ ઘડી રાખેલા; પરંતુ એ બધા જ ઘાટ નિરર્થક ઠર્યા. એમની સાથે એક શબ્દ પણ ના બોલી શકાયો એનો અફસોસ એમના મનમાં રહી ગયો.

મહર્ષિ એમની મુલાકાત વખતે કશું બોલ્યા વિના જ શાંત બેસી રહ્યા એ સાચું, છતાં પણ એમનું સાંનિધ્ય અત્યંત આકર્ષક અને આનંદદાયક હતું એમાં સંદેહ નહિ. એમનું માત્ર દર્શન પણ ઓછું પ્રેરક અને સુખદ નહોતું લાગતું. એમની સંનિધિ શબ્દના ઉચ્ચારણ સિવાયની ને શાંત હોવા છતાં કંટાળાજનક નહોતી લાગતી. એમની આજુબાજુનું વાતાવરણ અતિશય આરામદાયક અથવા અલૌકિક લાગતું અને એમ થયા કરતું કે આ શાંત વાતાવરણનો લાભ લેતાં અને એમનું દર્શન અથવા અવલોકન કરતાં વધારે ને વધારે વખત સુધી બેસી જ રહીએ અને શાંતિ મેળવીએ. એમનું મૌન ઉપરથી લાદેલું કે લીધેલું નહિ પણ આત્માનુભૂતિના પ્રત્યક્ષ પરિણામરૂપ ને સહજ હોવાથી જડ નહિ પરંતુ ચિન્મય લાગતું, પ્રકાશ પહોંચાડતું ને

પ્રેરણા પાતું. એની અસરથી એની આગળ અવારનવાર અસંખ્ય સાધકો તેમજ જિજ્ઞાસુઓનાં દિલનાં દ્વાર ઊઘડી જતાં અને અનેકને નવજીવન મળતાં. નટેશને ખાલી હાથે પાછા ફરવા જેવું લાગ્યું તો પણ એ મહર્ષિના જાદુઈ વ્યક્તિત્વથી આકર્ષાયા વિના ના રહી શક્યાં. એમનું રહસ્યમય મૌન એમને ખેંચી રહ્યું. એમની સંનિધિમાં વધારે ને વધારે રહેવાની આકાંક્ષા એમના મનમાં ઉત્પન્ન થયા વિના ના રહી શકી.

એ આકાંક્ષાથી પ્રેરાઈને એ પ્રત્યેક મહિને એમના દર્શને આવવા માંડ્યા. એ જોતા કે કેટલાક લોકો એમને પ્રશ્નો પૂછે છે અને આત્મનિવેદન કરે છે તો પણ એમની વાત કરવાની હિંમત ના ચાલી. મહર્ષિ પ્રશ્નોના પ્રત્યુત્તરમાં મોટે ભાગે સ્મિત કરતા. એમના પ્રશ્નના ઉત્તરમાં પણ એનો અનુભવ થઈ ચૂકેલો એટલે એ શાંત જ રહ્યા.

એક વરસ સુધી એવી રીતે શાંતિપૂર્વક પ્રતીક્ષા કર્યા પછી એમણે હિંમત કરીને કરુણ સ્વરમાં કહ્યું : ‘તમારા અનુગ્રહની અનેક વાતો ભક્તો તથા પ્રશંસકો દ્વારા મારા સાંભળવામાં આવી છે. એ વાતોમાં મને શ્રદ્ધા છે. એમને અનુસરીને તમારા અનુગ્રહનું રહસ્ય જાણીને એના અનુભવની આકાંક્ષા રાખું છું.’

મહર્ષિએ શાંતિપૂર્વક જણાવ્યું :

‘મારો અનુગ્રહ તો સદાને માટે થયા કરે છે. તમે એને ઓળખી કે સમજી ના શકો તો હું શું કરું ? ’

એ શબ્દો પરથી લાગ્યું કે મહર્ષિનું મૌન એમના અસાધારણ અનુગ્રહરૂપ છે.

એ પ્રસંગ પછી થોડા દિવસે એમને એક બીજું સ્વપ્ન આવ્યું. એમાં મહર્ષિએ દર્શન આપીને એમને કહ્યું કે બંને નેત્રો એક જ વિષયને નિહાળે છે. એ દૃષ્ટિને સ્થિર કરીને અંદર તથા બહારના પદાર્થોને જોવાનું બંધ કરો : એ અભ્યાસથી એકત્વનો અનુભવ સહજ બનશે.

એમણે એ અભ્યાસ સંબંધી શંકા વ્યક્ત કરી તો એના ઉત્તરમાં મહર્ષિએ સર્વ પ્રકારની શંકાઓનો પરિત્યાગ કરીને આત્મદર્શનને માટે એ જ અભ્યાસનું અનુસરણ કરવાનો આદેશ આપ્યો. એ આદેશને અનુસરીને એમણે અભ્યાસનો આરંભ પણ કરી દીધો.

એ પછી એકવાર સ્વપ્નમાં મહર્ષિએ એમને પોતાની પાસે લઈ જઈને એમના મસ્તક પર હાથ મૂક્યો, ને પછી હૃદયની જમણી બાજુએ આંગળી દબાવી. એથી થોડુંક દર્દ થયું પરંતુ નટેશે એને એમનો અનુગ્રહ સમજીને સહી લીધું. એ અનુગ્રહ દ્વારા મહર્ષિએ એમને સ્પર્શદીક્ષાનું દાન કરેલું અને આત્મભાવમાં સ્થિતિ કરવાનો સંદેશ સંભળાવેલો.

* * *     * * *     * * *     * * *

એક દિવસ એ મહર્ષિની પાસે બેઠેલા ત્યારે ત્યાં આવેલા કેટલાક ઉચ્ચ શ્રેણીના સંતો એમના વ્યક્તિગત અનુભવોની વાતો કરવા માંડ્યા. એ સાંભળીને એમને નિરાશા થઈ કે આ જીવનમાં તો મને આવા ઉત્તમ અનુભવો નથી થયા. હવે બીજા જન્મમાં પણ થશે કે નહિ તે કોણ જાણે છે ? ત્યાં તો મહર્ષિ એમના મનોભાવોને માપીને તરત જ બોલી ઊઠ્યા કે આવી બેચેની શા માટે ? તમે જે ઈચ્છો છો તે તમારી પાસે જ છે. જે પાસે જ છે ને રહેશે એને માટે નિરાશ તેમ જ દુઃખી થવાનું ઉચિત છે ખરું કે ? આજે જેનો

અનુભવ નથી થતો તે કાલે અનુભવાશે. આવી નાની વાત માટે વ્યગ્ર થવું બરાબર નથી. તમે અધિકારી ના હોત તો સંતોના દર્શન સમાગમની ભાવના જ તમારામાં કેવી રીતે પેદા થાત ?

એ શબ્દો એમને માટે સાંત્વનરૂપ થઈ પડ્યા.

* * *   * * *   * * *   * * *

નટેશનાં કુટુંબીજનોને પણ મહર્ષિ પર પ્રેમ ને પૂજ્યભાવ હતો. એથી પ્રેરાઈને એ સૌ જુદી જુદી રીતે સમયાનુરૂપ એમની સેવા કરતાં. નટેશ એવું માનતા કે ગૃહસ્થાશ્રમ મન તથા ઈન્દ્રિયોના વિજય અને આત્મદર્શનમાં અંતરાયરૂપ છે. એને લીધે સુચારુરૂપે સાધના નથી થતી ને શાંતિ પણ નથી મળતી. માટે એનો ત્યાગ કરી દઈને સંન્યાસ લેવો જોઈએ. એમણે મહર્ષિ પાસે સંન્યાસ લેવાની અનુમતિ માગી તો એ તરત જ બોલી ઊઠ્યા :

‘ઘરમાં એક અંતરાય છે તો વનમાં અનેક વિક્ષેપો કે વિરોધો તો તમારી કસોટી કરવા માટે આવે છે. જ્ઞાન થયા પછી ઘરમાં ને સંન્યાસમાં અંતર નથી રહેતું. આશ્રમમાં ઘરની ચિંતા નથી સતાવતી તેવી રીતે ઘરને આશ્રમ માનીને નિશ્ચિંત બનીને નિવાસ કરો.’

મહર્ષિએ એવી રીતે એમને બે ત્રણ વાર વિષય નીકળ્યો ત્યારે સંન્યાસ લેવાનો ઉત્સાહ ના આપ્યો. પરંતુ એ સંન્યાસનો નિર્ણય કરી ચૂકેલા. અને એને અનુસરીને આખરે એમણે સંન્યાસ લીધો પણ ખરો. એમની ઉપર મહર્ષિનો અનુગ્રહ માનીને એમનાં કુટુંબીજનોએ એમનો વિરોધ ના કર્યો. એમણે નોકરી છોડીને પહેલાં તો અરૂણાચલની સુખદ સ્વર્ગીય સંનિધિમાં રહેવા માંડ્યું ને ઈ.સ. ૧૯૨૭માં વિધિપૂર્વક સંન્યાસ લીધો. સંન્યાસી થયા પછી એમનું નામ સ્વામી નટનાનંદ રાખવામાં આવ્યું.

કહે છે કે કોઈક અનિવાર્ય સંજોગોને લીધે નટનાનંદને ફરીવાર ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરવો પડેલો. એમને અને એમના પરિચિતોને ત્યારે જ સમજાયું હશે કે મહર્ષિ એમને શરૂઆતથી જ સંન્યાસ લેવાનો આદેશ અથવા ઉત્સાહ શા માટે નહોતા આપતા. એમને માટેનું નિર્માણ કદાચ એ પોતાની દૈવી દૃષ્ટિથી જાણી ચૂકેલા. ઉત્તમ અથવા આદર્શ ગુરૂ એ જ કહેવાય છે જે શિષ્યની રુચિ તથા યોગ્યતા અને ભૂતભાવિ જીવનપ્રવાહનો વિચાર કરીને એને સમ્યક્ પથપ્રદર્શન પૂરું પાડે. મહર્ષિ ગુરૂપણાનો ભાવ ના રાખતા તેમજ દાવો ના કરતા છતાં પણ સર્વોત્તમ સદ્દગુરૂ હતા એમાં શંકા નહિ. એમની અસાધારણતાનું સ્મરણ કરીને એમને પ્રકરણની પરિસમાપ્તિ સમયે એકવાર ફરીવાર પ્રેમપૂર્વક પ્રણામ કરીએ.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૫) અલઘમ્માનું મૃત્યુ

આપણે ત્યાં પેલી સુપ્રસિદ્ધ શ્લોક પંક્તિમાં કહેવામાં આવ્યું છે ને સુયોગ્ય રીતે જ કહેવામાં આવ્યું છે કે જનની અને જન્મભૂમિ બંને સ્વર્ગ કરતાં પણ વધારે સુખદ, મહિમામય તથા ઉત્તમ છે. **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।**

સામાન્ય રીતે માનવમનમાં એ વિચાર ને ભાવ રમતો હોય છે. જનની ને જન્મભૂમિનો આશ્રય એને અનેરો આનંદ આપે છે, એના જીવનમાં અવનવો રસ ભરે છે, અને સર્વોત્તમ સુખશાંતિનો આસ્વાદ આપી, પ્રેરણા પાઈ, એક પ્રકારની ધન્યતા ધરે છે. એ બંને વસ્તુઓને માટેનું એનું આકર્ષણ અથવા મમત્વ અનાદિ જેવું છે એમ કહીએ તો ચાલે. એ દેશકાળથી પર છે. એટલા માટે જ કેટલાક અપવાદોને બાદ કરતાં મોટે ભાગે માનવની પ્રકૃતિ જ એવી અનોખી છે કે એ ગમે ત્યાં રહે, ફરે ને ગમે તે કરે, તો પણ જનની ને જન્મભૂમિનું વિસ્મરણ નથી કરી શકતો, એનું દુઃખ જોઈ કે સાંભળી નથી શકતો, એનો દીર્ઘકાળનો કે કાયમનો વિયોગ નથી વેઠી શકતો, અને એની પાસે પહોંચીને એની શીતળ સુખમય છત્રછાયામાં જ શાંતિ કે સ્વર્ગસુખ મેળવી શકે છે.

એ તો સામાન્ય માનવ અથવા માનવસમાજની વાત થઈ, પરંતુ જે આત્મોન્નતિના માર્ગે આગળ વધીને પોતાની પાર્થિવ પ્રકૃતિ પર પ્રભુત્વ પ્રસ્થાપિત કરી શક્યા છે, એ પ્રકૃતિને પરિશુદ્ધ કરી કે પલટાવી શક્યા છે, એવા લોકોત્તર મહાપુરૂષો કે સંતો એવા આકર્ષણ અથવા મમત્વનો અનુભવ નથી કરતા. તીવ્ર તપશ્ચર્યા અથવા સાધના અને આરાધનાને પરિણામે એમના સંસ્કાર, વિચાર તથા ભાવમાં આમૂલ પરિવર્તન થયું હોય છે અને એમની દૃષ્ટિ કે વૃત્તિ બદલાઈ ગઈ હોય છે. એ **वसुधैव कुटुम्बकम् ।** 'સારી પૃથ્વી કુટુંબ' અથવા 'સર્વે જીવો પોતાના જ આત્મા જેવા' **आत्मवत् सर्वभूतेषु ।** ભાવોનો અનુભવ કરતા હોય છે. એમની જનની ને જન્મભૂમિની ભાવના વધારે વિસ્તૃત ને વિરાટ બનતાં એ સમસ્ત સૃષ્ટિને જન્મભૂમિ સરખી સુંદર, સુખદ ને સ્વર્ગીય સમજે છે તેમજ સૌ કોઈમાં પરમાત્માના પવિત્ર પ્રકાશનું દર્શન કરે છે. એવા મહાપુરૂષોને કોઈ એક વિશેષ વ્યક્તિ કે વસ્તુનું આકર્ષણ અથવા મમત્વ ક્યાંથી હોઈ શકે ? એમની પાસેથી એને માટેની આશા પણ ના રાખી શકાય.

તો પણ, એવા આત્મવિકાસની અસાધારણ અવસ્થા પર પહોંચેલા પ્રાતઃસ્મરણીય મહાપુરૂષો કોઈના પ્રત્યે તિરસ્કારભાવ તો રાખી જ નથી શકતા. એવા મહાપુરૂષો પણ કોઈવાર પ્રારબ્ધ, કર્મસંસ્કાર કે ઈશ્વરેચ્છાથી પ્રેરાઈને માતાપિતા તથા અન્ય કુટુંબીજનોની સેવા કરતા, સંભાળ રાખતા અને સાથે રહેતા દેખાય છે. જેમના ઋણાનુબંધ કે સંસ્કારો શાંત થઈ ગયા હોય છે તે તેવું નથી કરી શકતા, પરંતુ જેમના સંસ્કારોની પરિસમાપ્તિ નથી થઈ હોતી તેમના તેવા સંબંધો ટકી શકે છે, ને ટકે કે રહે તો તેમાં કશું ખોટું નથી. એને લીધે એમની અસાધારણ આત્મિક અવસ્થામાં કશો અંતરાય નથી પેદા થતો, અને એ મમતા, અહંતા, આસક્તિ અથવા રાગદ્વેષના બંધનમાં પણ નથી પડતા. એ સંબંધો એમની આત્મવિકાસની સાધનાની વચ્ચે નથી આવી શકતા. ગુરૂ નાનકદેવ છેવટે ઘરમાં જ રહેલા, શંકરાચાર્ય ને સમર્થ રામદાસ

માતાની પાસે આવેલા, સંત તુકારામ, એકનાથ, જ્ઞાનેશ્વર ને નરસી મહેતા જન્મભૂમિમાં જ રહેલા ને રામકૃષ્ણ પરમહંસદેવ તેમની માતા તથા પત્ની સાથે જ અનાસક્તભાવે રહેલા. તો બુદ્ધ જેવા બીજા કેટલાકે બાહ્ય ત્યાગનો આશ્રય લઈને સ્વજનોથી દૂર રહેવાનું જ પસંદ કરેલું.

* * *    * * *    * * *    * * *

મહાપુરૂષોને જનની, જન્મભૂમિ ને એમના કુટુંબીજનોના ભાવો ના સતાવતા હોય એ સહેજે સમજી શકાય તેવું છે. એમને મળવાની આકાંક્ષા એમને ના થાય એ પણ સમજી શકાય છે. પરંતુ એમનાં કુટુંબીજનોને તો એમને મળવાની ઈચ્છા રહેતી જ હોય છે. એમાંયે જનનીના અંતરની લાગણી કોઈક અનેરી જ હોય છે. પોતાનાં સંતાન પ્રત્યેનો પ્રેમ અસીમ, અદ્દભુત અને અપાર્થિવ હોય છે. એમને જોઈને તેમજ યાદ કરીને એ સ્વર્ગસુખ અનુભવે છે અને એમનો વિયોગ એને માટે અતિશય દુઃખદ ઠરે છે. દુનિયાની કોઈ કોઈ વિરલ માતાઓ એના અપવાદરૂપ હોઈ શકે ખરી, પરંતુ મોટે ભાગે તો એ નિયમ કે વિધાન સર્વ સામાન્ય છે એમાં શંકા નથી.

મહર્ષિની માતાના સંબંધમાં પણ એ સાચું હતું.

મહર્ષિની સ્નેહમયી સ્મૃતિ એમને અવારનવાર, અહર્નિશ થઈ આવતી અને સંવેદનશીલ કરતી.

મહર્ષિની માતા અલઘમ્મા તિરુવણ્ણામલૈ આવીને મહર્ષિ પાસેથી દેખીતી રીતે જ નિષ્ફળતાપૂર્વક પાછાં ફર્યાં તે પછી એમના જીવનમાં કાળે કેટકેટલાં કઠોર અથવા કરુણ પરિવર્તન કરી નાખ્યાં, એનું ઊડતું અવલોકન માહિતીપૂર્ણ ને રસપ્રદ થઈ પડશે. ઈ.સ. ૧૯૦૦માં નાગસ્વામીની સાથે મહર્ષિ પાસેથી પાછા ફર્યા પછીના થોડા જ વખતમાં વિધિએ એમની વ્યથામાં વૃદ્ધિ કરવા ધાર્યું હોય તેમ, નાગસ્વામીનું મૃત્યુ થયું. એમનું દિલ એ આકસ્મિક ઘટનાથી ખૂબ જ દુઃખી બની ગયું. એ દુઃખ સહેલાઈથી ઘટે કે દૂર થાય તેમ ન હતું.

મહર્ષિના નાના ભાઈ નાગસુંદરમનું સ્વાસ્થ્ય સારું નહોતું રહેતું. એમને દુન્યવી અને આધ્યાત્મિક બાબતોનો અધિક અનુભવ નહોતો મળ્યો. પહેલાં એમને મૂર્છા આવતી, પરંતુ વખતના વીતવા સાથે એ ક્રમેક્રમે મટી ગયેલી. એમની અંદર ઈશ્વરની શ્રદ્ધાના સંસ્કારો તો હતા જ, પરંતુ એ સંસ્કારોને સાધનાનું સાનુકૂળ શક્તિશાળી સિંચન નહોતું મળ્યું એટલે એ સુદૃઢ નહોતા બની શક્યા. એ મંદિરમાં કારકુન તરીકે કામ કરવા પણ રહેલા. ઈ.સ. ૧૯૦૨માં એ મહર્ષિને મળવા આવેલા. એ વખતે મહર્ષિ સદગુરૂસ્વામીની ગુફામાં વાસ કરતા. એ મૌન રાખતા. એમને એ અત્યંત લાગણીવશ થઈને ભેટી પડ્યા ને રડવા લાગ્યા. મહર્ષિને એવી લાગણીની અસર થાય તેમ ના હોવાથી એ સ્મિત કરતા રહ્યા. એમણે શાંતિ રાખી. નાગસુંદરમ થોડોક વખત એમની સાથે રહ્યા તો ખરા પરંતુ સત્વર સમજી ગયા કે એમને સ્વજનો માટે મમત્વ અથવા આકર્ષણ નથી રહ્યું. એમણે એમની સંનિધિ અથવા સેવામાં રહેવાની ઈચ્છા બતાવી, પરંતુ તે વ્યર્થ ગઈ. મહર્ષિએ સાથે રહેવાની અનુમતિ ના આપવાથી એ ઘેર પાછા ફર્યા.

એ પછી અલઘમ્માએ મહર્ષિની મુલાકાત લીધેલી. એમનાં બીજાં કુટુંબીજનો પણ એમની પાસે આવેલાં. કાશીની યાત્રાના પવિત્ર પ્રસંગ વખતે એમણે એમનાં દર્શનનો લાભ લીધેલો. એ પછી ઈ.સ. ૧૯૧૪

માં એ તિરુપતિની યાત્રાએ ગયાં ત્યારે ત્યાંથી પાછાં ફરતી વખતે મહર્ષિને મળવા માટે તિરુવણ્ણામલૈ ઊતરી પડ્યાં ને થોડાક સમય સુધી વિરૂપાક્ષી ગુફામાં રહ્યાં. મહર્ષિના સાંનિધ્યમાં એમને સ્વાભાવિક રીતે જ શાંતિ મળી. એમનો શોક હળવો થયો. એમને સંસારની અસારતાનો અનુભવ થયો હોવાથી એમનું મન તીર્થયાત્રા અને ઈશ્વરભક્તિ તરફ વળવા માંડેલું. એવા સંજોગોમાં મહર્ષિનો સત્સંગ એમને સારુ અત્યંત સુખદ, પ્રેરણાત્મક અને આશીર્વાદરૂપ થઈ પડ્યો. એ સત્સંગથી એમને ઘણું ઘણું જાણવાનું મળ્યું.

એ વખતે એમને ભયંકર માંદગીમાં સપડાવું પડ્યું. એને લીધે એ વિરૂપાક્ષી ગુફામાં ત્રણેક અઠવાડિયાં રહ્યાં. મહર્ષિ જેવા આદર્શ મહાપુરૂષ એવે વખતે ઉદાસીન કેવી રીતે રહી શકે ? એ પોતાની પીડાને કદાચ ના ગણકારે, પરંતુ બીજાની પીડા તો એમને સ્પર્શે જ. પીડાને મટાડવા પોતાની મર્યાદામાં રહીને અલિપ્તભાવે બનતા પ્રયત્નો પણ કરી છૂટે.

મહર્ષિનું દિલ દયાળુ હતું. એમને એમના કર્તવ્યનો પૂરેપૂરો ખ્યાલ હતો. એ ખ્યાલથી પ્રેરાઈને એમણે પ્રમાદી બનીને એ માંદગીના મૂક સાક્ષી બનીને બેસી રહેવાને બદલે માતાની સારી પેઠે સેવા કરી. એ સેવા એક ઉત્તમોત્તમ આદર્શરૂપ અને અનુકરણીય હતી.

માતાની માંદગી પરાકાષ્ઠા પર પહોંચી ત્યારે મહર્ષિનું અંતર અધિક સંવેદનશીલ બની ગયું. એ સંવેદનથી યુક્ત થઈને એમણે ભગવાન અરૂણાચલેશ્વરની તામિલ ભાષામાં પ્રેમપૂર્ણ પ્રાર્થના કરીને એમના અસાધારણ અનુગ્રહની આકાંક્ષા વ્યક્ત કરી. આ રહ્યો એમની એ પ્રાર્થનાનો ભાવાર્થ :

‘જન્મજન્માંતરનાં દુઃખોને માત્ર શરણાગતિથી દૂર કરવાની શક્તિ ધરાવનારા અરૂણાચલ ! મારી માતાને તાવની પીડામાંથી મુક્ત કરી દે.’

’હે કાળના કાળ પરમાત્મા ! મેં તારા ચરણકમળનું શરણ લીધું છે. તારા અનુગ્રહની મારી માતા પર વૃષ્ટિ કર અને એની મૃત્યુથી રક્ષા કર. વિચાર કરીને જો બરાબર જોવામાં આવે તો કાળ શું છે ? તારું જ એક વિનાશક સર્વસંહારક સ્વરૂપ છે.’

‘અરૂણાચલ ! હે પ્રજ્ઞાની પાવન પ્રકાશમય પ્રખર જ્યોતિ ! મારી માતાને તારા પવિત્ર પ્રકાશથી ઘેરી લે અને તારી સાથેની એકતાની અનુભૂતિનો અવસર દે. એવો અનુગ્રહ કરી દે તો પછી મૃત્યુ પછી ચિતા પર ચઢાવવાની આવશ્યકતા જ ક્યાં રહે છે ?’

‘માયાનાં બંધનોને તોડી નાખીને મુક્તિનો મહાન આનંદ આપનાર ઓ અરૂણાચલ ! મારી માતાની પીડાનો અંત આણવામાં શા માટે વિલંબ કરી રહ્યો છે ? તારા સિવાય કોઈ બીજું એવું છે ખરું કે જે એનો અંત આણી શકે ? તારા વિના એવું બીજું કોણ છે જે પૂર્ણ વાત્સલ્યભાવથી પ્રેરાઈને સંતપ્ત આત્માની શાંતિ વરસાવીને રક્ષા કરી શકે અને પ્રારબ્ધના પ્રત્યાઘાતોને મટાડી શકે ?’

* * *     * * *     * * *     * * *

મહર્ષિની પ્રેમપૂર્ણ પોકાર જેવી એ પ્રાર્થના ભગવાન અરૂણાચલે સાંભળી. એને લીધે એમની માતાની પીડાનો ધીમે ધીમે અંત આવ્યો. એમની માંદગી મટી ગઈ.

માંદગી મટી ગયા પછી અલઘમ્મા તિરુવણ્ણામલૈ છોડીને ઘેર ગયાં, પરંતુ ત્યાં સંજોગો જરા પણ સાનુકૂળ ન હતા. તિરુચુલ્લીનું કૌટુંબિક ઘર દેવું થવાથી ને બીજી રીતે આર્થિક પરિસ્થિતિ બગડવાથી વેચી દેવું પડ્યું. એમના દિયરનું મૃત્યુ થવાથી કુટુંબને ઘણો મોટો ફટકો પડ્યો. અને એટલું અમંગલ જાણે કે ઓછું હોય તેમ નાગસુંદરમની પત્નીનો પણ સ્વર્ગવાસ થયો. એ પોતાની પાછળ એક નાના છોકરાને છોડી ગઈ. એ બધી કરૂણ ઘટનાઓએ અલઘમ્માના અંતરને અસ્વસ્થ કર્યું ને વલોવી નાખ્યું. એ અતિશય દુ:ખી થયા. એમને ક્યાંય આરામ ના દેખાયો. એમનું જીવન અને જગત નીરસ બની ગયું. એમને મહર્ષિનું સતત સ્મરણ થવા માંડ્યું ને લાગ્યું કે એમની પાસે પહોંચવાથી ને એમના સંસર્ગમાં રહેવાથી જ જીવનનું શ્રેય થઈ શકશે અને આત્માને આરામ મળશે. ભૂતકાળમાં અરૂણાચલ પર્વત પર પસાર કરેલા દિવસો એમને યાદ આવ્યા. એ દિવસો જીવનના ધન્ય દિવસો હતા એવું એમને લાગવા માંડ્યું. એવા જ બીજા ધન્ય દિવસોનો લાભ મેળવવા માટે એમનું અંતર આતુર બની ગયું. એમનું મન સંસારની પ્રવૃત્તિઓ પરથી એકદમ ઉપરામ થઈ રહ્યું.

ઈ.સ. ૧૯૧૬ની શરૂઆતમાં એ ફરીવાર એમના સંતપ્ત હૃદયને શાંત કરવા માટે તિરુવણ્ણામલૈ આવી પહોંચ્યા ને ત્યાં લક્ષ્મી અમ્માલની સાથે રહેવા માંડ્યાં. થોડા વખત પછી એમને મહર્ષિ સાથે રહેવાની ઈચ્છા થઈ આવી પરંતુ એ ઈચ્છાની પૂર્તિમાં થોડીક મુશ્કેલી પડી. એ મુશ્કેલી મહર્ષિના કેટલાક ભક્તોના વિરોધને લીધે ઊભી થયેલી. એ ભક્તોને એવી આશંકા થઈ કે અલઘમ્મા મહર્ષિ સાથે કાયમને માટે રહેવાનો આગ્રહ રાખશે તો મહર્ષિ કદાચ અરૂણાચલનો ત્યાગ કરીને બીજે જતા રહેશે. પરંતુ એવી આશંકા અથવા ભીતિ નિરાધાર હતી. મહર્ષિની પોતાની પરિસ્થિતિ પહેલાં કરતાં પલટાઈ ગયેલી. એ પરિસ્થિતિમાં એમની અશાંત અને વૃદ્ધ માતા એમની પાસે રહેવા જાય તો એ એનો વિરોધ કરે તેમ ન હતા. એ એટલા દયાળુ, સહાનુભૂતિસંપન્ન ને કૃતજ્ઞ તથા સેવાભાવી તો હતા જ. ગયા વખતની ભયંકર બીમારી દરમિયાન એમણે માતાની કરેલી નિષ્ઠાપૂર્વકની સેવા હજુ તાજી જ હતી.

એ બધા વિચારોથી પ્રેરાઈને અલઘમ્મા આખરે મહર્ષિ પાસે કાયમ માટે રહેવાની ઈચ્છાથી પહોંચી ગયાં. મહર્ષિએ કેટલાક આશંકાશીલ ભક્તોના આશ્ચર્ય વચ્ચે એમનો જરા પણ વિરોધ ના કર્યો. એ મહર્ષિની સાથે શરૂઆતમાં વિરૂપાક્ષી ગુફામાં ને પછી સ્કંદાશ્રમમાં રહેવા લાગ્યાં.

મહર્ષિના નાના ભાઈ નાગસુંદરમને પોતાની પાસે રાખવાની ઈચ્છા એ માયાળુ માતાને થઈ આવે એ સ્વાભાવિક હતું. એ પણ મહર્ષિના શાંતિમય સાંનિધ્યમાં રહીને મહર્ષિની સેવા કરતાં જીવનને ઉજ્જવળ બનાવે તો કેવું સારું એવા સદવિચારથી પ્રેરાઈને એક ભક્તને એમણે ઘેર મોકલ્યો. નાગસુંદરમે એ ભક્તની સાથે આવીને મહર્ષિની પાસે રહેવા માંડ્યું. પહેલાં તો એમણે તિરુવણ્ણામલૈનાં ભાવિક કુટુંબોમાં ફરીને ભિક્ષા માગવાનું શરૂ કર્યું. પરંતુ પાછળથી એની આવશ્યક્તા ના રહી, કારણ કે મહર્ષિના ભક્તો તરફથી આશ્રમમાં પૂરતા પ્રમાણમાં ભિક્ષા પહોંચાડવામાં આવતી. એ ભિક્ષા ત્યાં રહેનારને માટે પૂરતી થઈ પડતી.

નાગસુંદરમે મહર્ષિની સેવામાં મન લગાડી દીધું. થોડા વખત પછી એમણે સંન્યાસ લઈને કાષાય વસ્ત્રો પહેરવા માંડ્યાં ને નિરંજનાનંદ સ્વામીનું નવું નામ ધારણ કર્યું. મહર્ષિની સેવાસહાયતામાં એમનો ફાળો વરસો સુધી ઘણો મોટો રહ્યો. મહર્ષિના પ્રશંસકો કે ભક્તો એમના નામ તથા કામથી સુપરિચિત છે.

* * *          * * *          * * *          * * *

અલઘમ્મા અરૂણાચલ પર્વત પરના નવા વાતાવરણમાં તદ્દન નિશ્ચિંતતાપૂર્વક રહેવા લાગ્યાં. મહર્ષિનો સમાગમ એમના સંતપ્ત અંતરને શાંતિ આપનારો થઈ પડ્યો. પાછળથી સમયનો સદુપયોગ કરવાના આશયથી એમણે મહર્ષિ અને એમની સાથે રહેતા બીજા બધાને માટે રસોઈ બનાવવા માંડી.

વખતના વીતવાની સાથે એમના વિચારો ને ભાવોમાં પરિવર્તન થતું ગયું. આશ્રમમાં મહર્ષિની માતા હોવાથી પોતાનું સ્થાન સૌથી આગળ પડતું કે મોટું છે એવા ભૂલેચૂકે પણ ઉત્પન્ન થતા ભાવને એમના જ હિત માટે દૂર કરવાનો પ્રયત્ન મહર્ષિએ ચાલુ રાખ્યો. એમની મર્યાદિત મમતામાંથી એમને મુક્તિ આપીને પવિત્ર પ્રેમમાં પ્રતિષ્ઠિત કરવાની આવશ્યક્તા હતી. એમના મનમાં આશ્રમમાંના એમના વિશેષાધિકાર બાબત કોઈ પ્રકારના ભ્રાંત ખ્યાલો ઘર ના કરી બેસે એ માટે મહર્ષિ સાવધાન રહેતા. એમને મહર્ષિ માટે પુષ્કળ મમતા હતી અને મહર્ષિની એવી જ અસાધારણ મમતાની એ સામેથી અપેક્ષા રાખતાં. એ અપેક્ષાનો અંત આણવા માટે મહર્ષિ એમની સાથે અમુક પ્રકારનો વિશિષ્ટ વ્યવહાર કરતા રહેતા.

અલઘમ્મા વાત કરતાં ત્યારે મહર્ષિ આરંભમાં એમને ઉત્તર ના આપતા. એમને માટે એ અવસ્થા સ્વાભાવિક અને એમના અલૌકિક આત્મવિકાસની પરિચાયક હોવા છતાં અલઘમ્માની દૃષ્ટિ સીમિત હોવાથી એમને એથી લાગી આવતું. એમને વધારે ખરાબ તો ત્યારે લાગતું જ્યારે એ લક્ષ્મી અમ્માલ અને બીજી સ્ત્રીઓની સાથે વાત કરતા ને પોતાની ઉપેક્ષા કરતા દેખાતા, એકવાર એમણે એ બાબત ફરિયાદ કરી તો મહર્ષિએ એમને જણાવ્યું કે એ એકલી નહિ પણ બીજી બધી સ્ત્રીઓ એમને મન માતા બરાબર હતી.

અલઘમ્માને આરંભમાં તો એ ઉત્તર બરાબર ના લાગ્યો પરંતુ પાછળથી, અનુભવનું ઊંડાણ વધતાં, એની ઉચિતતાને એ સમજી શક્યાં. મહર્ષિ દુન્યવી વિચારો, ભાવો કે ખ્યાલોમાંથી મુક્તિ આપીને ક્રમે ક્રમે એમની કાયાપલટ કરવા માગતા'તા અને એ કાયાપલટ એમણે કરી પણ ખરી. એમની જ કૃપાપ્રસાદીથી એમની આત્મિક ભાવના વિશેષ વિસ્તૃત બની.

અલઘમ્માની ધર્મભાવના મહર્ષિના સંસર્ગમાં ઉત્તરોત્તર વિશદ બનતી ને વધતી ગઈ. મહર્ષિ પાસે આવનારા ભક્તોની જિજ્ઞાસાને સંતોષવા માટે મહર્ષિ એમની સાથે જે વાર્તાલાપ કરતા તેમાંથી એમને ઘણું ઘણું જાણવાનું મળતું. એ વાર્તાલાપના નિરંતર શ્રવણથી ઈ.સ. ૧૯૧૬ થી ઈ.સ. ૧૯૨૨ સુધીના છ વરસના એમના મહર્ષિ સાથેના નિવાસ દરમિયાન એમની અંદર ખૂબ ખૂબ પરિવર્તન આવી ગયું. આમ તો એ થોડાંક તામિલ ભક્તિગીતો તથા દક્ષિણામૂર્તિસ્તોત્રનું રટણ કરી શકતાં, પરંતુ એ સત્સંગના સુપરિણામરૂપે ઉચ્ચ પ્રકારનાં આધ્યાત્મિક તત્વો કે રહસ્યોની સ્પષ્ટ સમજ એમને પ્રાપ્ત થઈ અને એમની અનેકાનેક ભ્રાંતિઓ ભાંગી ગઈ. એમનો જાણે કે નવો અવતાર થયો—અવનવો અધ્યાત્મિક અવતાર. એ બધું મહર્ષિના

અસાધારણ અનુગ્રહનું જ ફળ હતું. એમણે પોતાનું અભ્યુત્થાન કરવાની સાથે સાથે પોતાની માતાનું આત્મકલ્યાણ પણ સહજ કરી દીધું. માતાની એથી વિશેષ મહામૂલ્યવાન સેવા બીજી કયી હોઈ શકે ?

અલઘમ્માના હૃદયમાં રાગને બદલે વૈરાગ્યભાવ ઊછળવા લાગ્યો. એમનું મન વધારે ને વધારે ઈશ્વરપરાયણ બનતું ગયું. એક દિવસ એવો પણ હતો જ્યારે એ આસક્તિવશ થઈને મહર્ષિને પોતાની સાથે ઘેર પાછા ફરવાનો આગ્રહ કરતાં'તાં. એ આગ્રહ આગ્રહ મટીને હઠાગ્રહમાં પણ પરિણમેલો. એથી પ્રેરાઈને એમણે લાગણીના અતિરેકમાં આવી જઈને ક્રંદનો પણ કરેલાં ને મહર્ષિને ના કહેવા જેવું કહેલું પણ ખરું. એ વખતે એમનું મન ઘર તથા કુટુંબની મમતાથી ભરેલું હતું. અને હવે ? આજે એ મનની દશા કેવી જુદી થઈ ગઈ ! આજે એમની અવસ્થા કેવી અનોખી બની ગઈ ! આજે એમને અરૂણાચલ પર્વતના પવિત્ર પ્રદેશમાં મહર્ષિની સંનિધિમાં રહીને સાધના કરતાં સ્વર્ગસુખ લાગે છે. એમણે મહર્ષિનાં ચરણોમાં સર્વસમર્પણ કર્યું છે. એમની અવસ્થા આજે એવી અનેરી બની ગઈ છે કે મહર્ષિના ભક્તો કે મહર્ષિ પોતે પણ એમને કદાચ અરૂણાચલને છોડીને ઘેર પાછા જવાનું કહે તો પણ એ નથી જાય તેમ. એમનું અંતર ખરેખર અમીમય અને આલોકિત બની ગયું છે.

અલઘમ્મા ! તમારું જીવન અથવા શરીરધારણ સાચેસાચ સફળ છે. જગતમાં જન્મીને તમે બીજું કશું જ ના કર્યું હોત, કોઈયે સાધના અથવા આરાધના, તપશ્ચર્યા, સાધના અને એકાંતવાસ અથવા આત્મજ્ઞાનનો આધાર ના લીધો હોત, વ્રત કે નિયમનું પ્રેમપૂર્વકનું પાલન કે તીર્થાટન ના કર્યું હોત, ને રમણ મહર્ષિ જેવા મહાત્માપુરૂષને પ્રકટ કરવામાં નિમિત્ત બનવાનું એક જ કાર્ય કર્યું હોત તો પણ તમે અમર બની જાત ને જીવન ઉજ્જવળ તથા શરીરધારણ સફળ અથવા સાર્થક થાત. એ જીવન ખરેખર ઉત્સવ કરવા જેવું બની જાત અને એ એક જ કાર્યથી મંગલ મનાત. રમણ મહર્ષિ જેવા પ્રાતઃસ્મરણીય મહાપુરૂષને જન્માવવાનું, એવા મહાયોગીના માતા બનવાનું કાર્ય કાર્ય નહિ પરંતુ મહાકાર્ય હતું. એને માટે કેટલું મોટું સૌભાગ્ય જોઈએ એની કલ્પના કોણ નથી કરી શકતું અને એ મહાકાર્યને સિદ્ધ કરનારની મહત્તાને પણ કોણ નથી સમજી શકતું ? એ કાર્ય સાધારણ કે સર્વસાધારણ રહેવાને બદલે ઐતિહાસિક બની ગયું.

* * *  * * *  * * *  * * *

મહર્ષિના સ્વર્ગીય સત્સંગની અસર નીચે આવીને અલઘમ્માનું જીવન વધારે પવિત્ર બનતું ગયું. એમનું મન અધિકાધિક ઈશ્વરપરાયણ બનવા માંડ્યું. એમને અભિનવ દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થઈ. એમના સંતપ્ત અંતરને શાંતિ મળી. એની અંદર પ્રેરણાના પાર વગરના પવિત્ર પતિતપાવન પ્રવાહો પેદા થયા. મહર્ષિની અનુમતિ લઈને એમણે એક દિવસ કાષાય વસ્ત્રો ધારણ કર્યાં અને અનાસક્તિપૂર્વક આશ્રમવાસીઓની સેવા કરવા માંડી.

એમના જીવનનાં છેલ્લાં બે ત્રણ વરસ દરમિયાન એમનું શરીર અવાનવાર અસ્વસ્થ રહ્યું. માંદગી અથવા અસ્વસ્થતાના એ દિવસોમાં મહર્ષિએ દિવસ કે રાત જોયા વિના એમની ખૂબ પ્રેમપૂર્વક સેવા કરી. એ અવસ્થાએ એમની અંદર નવા મનોબળનો સંચાર કર્યો અને એમની આત્મશ્રદ્ધા તથા ઈશ્વરપરાયણતાને

વધારી. એમની સાંસારિક આસક્તિઓ નામશેષ બની હોવાથી મહર્ષિના સુધામય સંસર્ગમાં શાંતિનો અનુભવ કરતાં એ અગ્નિપરીક્ષામાં એ પસાર થતાં રહ્યાં.

* * *  * * *  * * *  * * *

શેષાદ્રિ સ્વામીને મહર્ષિને માટે માન હતું. એ અલઘમ્માને તથા નાગસુંદરમને મહર્ષિ સાથે રહેતા જોઈને પ્રસન્ન થતા ને ભક્તોને કોઈક વાર વિનોદમાં કહેતા :

'એમની પાસે ખુશીથી જઈ શકો છો. એ ગૃહસ્થ છે ને તમને મિષ્ટાન ખવડાવશે. ત્યાં જવામાં હરકત નથી.'

શેષાદ્રિ સારી પેઠે સમજતા કે મહર્ષિની સાથે ગમે તેટલા ભક્તો, પ્રશંસકો કે કુટુંબીજનો રહેતા હોય તો પણ એમની આત્મનિષ્ઠા એવી જ અકબંધ અથવા અખંડ છે અને એ સર્વ પ્રકારની મમતા, અહંતા અથવા આસક્તિથી પર છે. એમની અલિપ્તતામાં બાહ્ય વાતાવરણને લીધે કશો જ ફેર નથી પડે તેમ. એ કદાચ કોઈ સંજોગોમાં ગૃહસ્થાશ્રમમાં રહેતા હોય તો પણ ગૃહસ્થાશ્રમી નથી બની શકે તેમ એની એમને પૂરેપૂરી પ્રતીતિ હતી. એમની તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત કરાયલી ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક અવસ્થાથી એ સુપરિચિત હતા.

* * *  * * *  * * *  * * *

ઈ.સ. ૧૯૨૨ના મે માસમાં મહર્ષિની માતા અલઘમ્માનું સ્વાસ્થ્ય બગડી ગયું. એ ખૂબ જ બીમાર પડી ગયાં. એ વખતે એ મહર્ષિની સાથે સ્કંદાશ્રમમાં રહેતાં. એમની શક્ય એટલી સઘળી સેવા કરવામાં આવી, જુદી જુદી જાતની દવાઓનો આધાર લેવામાં આવ્યો; ને બીજા કુદરતી ઉપચારોનું પણ ધ્યાન રાખવામાં આવ્યું, પરંતુ એમનું સ્વાસ્થ્ય ના સુધર્યું. મહર્ષિ પોતે પણ એમની પથારી પાસે રહીને બનતી સેવા કરતા રહેતા. એમણે તથા ભક્તોએ બનતા બધા જ પ્રયત્નો કરી જોયા છતાં પણ કશું વળ્યું નહિ ત્યારે બધું ઈશ્વરના આધારે છોડી દીધું.

અલઘમ્માનો અંતકાળ હવે નજીક આવી પહોંચ્યો છે અને એ કોઈ પણ ઉપાયે નહિ બચી શકે એ સંબંધી કોઈને લેશ પણ સંદેહ ના રહ્યો. આશ્રમવાસીઓનાં મન ઉદાસ બની ગયાં, પરંતુ એવા વિપરીત કે કરુણાતિકરુણ સંજોગોમાં પણ મહર્ષિનું મનોબળ ના તૂટ્યું. એ એવા જ સ્વસ્થ ને શાંત રહ્યા. પોતાની માતાના વર્તમાન જીવન પર અંતિમ પડદો પડી જવાનો છે એ હકીકતને જાણી લીધા છતાં પણ એમની સ્થિતપ્રજ્ઞ નિર્વિકાર દશામાંથી એ ડગ્યા નહિ. એ ધીરજ તથા હિંમતની મૂર્તિ બનીને પોતાની માતાને આત્મજ્ઞાનનો અમૃતમય ઉપદેશ આપતા રહ્યા.

અલઘમ્માની એ બિમારી એમના જીવનની અંતિમ બીમારી હતી એ વાતને એ પોતે પણ સમજી ગયાં. મહર્ષિના સંસર્ગ ને સત્સંગના પ્રકાશપ્રદાયક પુણ્યપ્રભાવને લીધે એમણે પણ બનતી સ્વસ્થતા રાખીને મનને ઈશ્વરમાં જોડી દીધું. વૈશાખ વદ નવમને દિવસે એમની સ્થિતિ બગડી ગઈ. પરિણામે સંબંધીઓ તેમ જ સ્નેહીઓને તાર દ્વારા સમાચાર મોકલવામાં આવ્યા.

મહર્ષિની સૂચનાનુસાર ભક્તોમાંના કેટલાક અલઘમ્મા પાસે બેસીને નામસંકીર્તન કરવા લાગ્યા તો બીજા કેટલાક વેદમંત્રો તેમ જ સ્તોત્રોના ઉચ્ચારણમાં લાગી ગયા. એને લીધે વાતાવરણ ખૂબ જ વિશુદ્ધ અને ઈશ્વરમય બની ગયું. સ્કંદાશ્રમનાં પરમાણુ ત્યાં થઈ રહેલી સતત સાધનાને લીધે પવિત્ર તો હતાં જ, તે વધારે પવિત્ર બની રહ્યાં. માતાનું જીવન હવે ઘણું જ થોડું રહ્યું છે એ જાણી લઈને મહર્ષિએ પોતાની અંતિમ ફરજને નિષ્કામભાવે બજાવવાનો વિચાર કરીને એમના હૃદય પર હાથ મૂક્યો ને બીજો હાથ મસ્તક પર રાખીને વિશેષ શક્તિના પ્રયોગ દ્વારા અંતરને શાંત કરવા માંડ્યું એ વખતે એમનો ઊર્ધ્વ શ્વાસ ચાલી રહેલો. એ સુધામય શક્તિસંચારક સ્પર્શથી એમની પુરાણી વાસનાઓની ગ્રંથિઓને તોડી નાખીને એમણે એમના આત્માને બંધનમુક્ત કરી, શાંતિ આપીને, શ્રેયના માર્ગે લઈ જવાનો પ્રયત્ન કરવા માંડ્યો. એ પ્રયત્ન પરિપૂર્ણપણે સફળ થયો.

કાળદેવતાએ પોતાનો કાર્યક્રમ અગાઉથી સુનિશ્ચિત કરી નાખેલો તે પ્રમાણે ભક્તોના ભગવન્નામોચ્ચારની વચ્ચે અલઘમ્માનો આત્મા, પક્ષી જેમ પિંજરનો પરિત્યાગ કરે તેમ, ૧૯ મી મે ૧૯૨૨ની રાતે આઠ વાગે સ્થૂલ શરીરને છોડીને બહાર નીકળ્યો. વૈશાખ વદ નવમનો એ દિવસ એમના દેહત્યાગનો ચિરસ્મરણીય દિવસ બની ગયો.

માતાના સ્વર્ગવાસથી મહર્ષિને શોક ના થયો. એમના મુખમંડળ પર દુઃખનું કોઈ ચિન્હ ના દેખાયું. એ આત્માની અમરતાને સારી પેઠે સમજતા હોવાથી એમનું મન સહેજ પણ બેચેન ના બન્યું. એમના વદન પર ઊંડી શાંતિ ને પ્રસન્નતા દેખાવા લાગી. એક કરવા જેવા મહત્વના કાર્યને કર્યાને સંતોષ એ વદન પર સ્પષ્ટ દેખાઈ આવ્યો. પોતાને ફાળે આવેલી જવાબદારીને એમણે અત્યંત પ્રેમપૂર્વક પૂરી કરી. એથી વિશેષ ધન્યતા બીજી કયી હોઈ શકે ? અજ્ઞાની જ મૃત્યુનો શોક કરે છે, જ્ઞાની નથી કરતો. મૃત્યુના રહસ્યને જ્ઞાની સારી પેઠે સમજી ચૂક્યો હોવાથી એથી અસ્વસ્થ નથી બનતો.

માતાની સ્થિતિ ખૂબ જ ખરાબ હોવાથી એમના શરીરત્યાગની સંભાવનાથી મહર્ષિએ અને બીજા ભક્તોએ એમની પાસે બેસી રહીને દિવસ દરમિયાન દીર્ઘકાળ પર્યંત પ્રતીક્ષા કરી. એને લીધે કોઈએ ભોજન ના કર્યું. સાંજે ફરી રસોઈ તૈયાર થઈ ત્યારે ભૂખ્યા આશ્રમવાસીઓ તરફ ફરીને માતા અલઘમ્માના સ્વર્ગવાસ પછી મહર્ષિએ કહ્યું કે ‘આપણે હવે ભોજન કરી લઈએ. આપણને સૂતક નથી લાગતું. ચાલો.’

એમની સૂચનાનુસાર શિષ્યો તથા ભક્તો તૈયાર થઈ ગયા ને સૌએ ભોજન કર્યું.

એ ઘટના પરથી મહર્ષિના મજબૂત મનોબળનો પરિચય થાય છે. માતાના કે એવા જ કોઈ બીજા સ્વજનના મૃત્યુ પછી તરત કોઈને જમવાનું ના ગમે એ સ્વાભાવિક છે. એવે વખતે એ ના જમે તે સારી પેઠે સમજી શકાય તેમ છે. ના જમવામાં કશું ખોટું પણ નથી, પરંતુ મહર્ષિની વાત જુદી હતી. એ ત્યાગી, જ્ઞાની અને આત્મનિષ્ઠ હતા ને જાણતા’તા કે આત્માને કોઈ જાતનું સૂતક નથી લાગતું. એમનો વ્યવહાર એમની એ અવસ્થાને અનુરૂપ અને અસાધારણ હતો. સૌ કોઈએ એનો વાદ લેવાની આવશ્યક્તા ન હોય એ દેખીતું છે. એમની તપશ્ચર્યા, સાધના કે નિષ્ઠાનો વાદ પણ સૌ કોઈથી ક્યાં લઈ શકાય તેમ છે ?

* * *    * * *    * * *    * * *

અલઘમ્માના જીવન પર પડદો પડી ગયો. રાતભર શરીર પડ્યું રહ્યું. સવારે એનું શું કરવું એ પ્રશ્ન ઉદભવ્યો. મહર્ષિએ પહેલાં એકવાર વિષય નીકળતાં જણાવેલું કે શરીરત્યાગ કરનારી ત્યાગમૂર્તિ સ્ત્રીના શરીરને બાળવાને બદલે દાટવું જોઈએ. એને પાણીમાં પ્રવાહિત પણ કરી શકાય. એમનો એ અભિપ્રાય સૌને માટે માર્ગદર્શક આદેશરૂપ થઈ પડ્યો. અલઘમ્માના શરીરને વિધિપૂર્વક દાટવાનો અને ઉપર સમાધિ બનાવવાનો સૌએ નિર્ણય કર્યો.

અલઘમ્માના મૃત્યુ સમાચાર સાંભળીને બીજે દિવસે આમ્રગુફામાંથી ગણપતિ શાસ્ત્રી પણ આવી પહોંચ્યા. તિરુવણ્ણામલૈમાં એ સમાચાર ફેલાવાથી લોકોનાં ટોળેટોળાં મહર્ષિ જેવા મહાપુરૂષને જન્મ આપનારી એ મહાન નિરક્ષર ગ્રામમાતાને અંતિમ અંજલિ અપર્વા માટે આવવા માંડ્યાં. જાણે કે મમતાયુક્ત માનવમહેરામણ ઊમટી પડ્યો. અરૂણાચલનું દૃશ્ય અવનવું બની ગયું.

અરૂણાચલ પર્વતની તળેટીમાં દક્ષિણ દિશામાં આવેલા પાલિતીર્થની પાસે ભક્તો એ મૃત શરીરને લઈ આવ્યા. સમાધિને માટે એ જ સ્થાન નક્કી કરવામાં આવેલું. ત્યાં ખાડો ખોદવામાં આવ્યો ને શરીરને એમાં રખાયું. પછી એ ખાડાને ભસ્મ, કપૂર, મીઠું તથા બીજાં સુગંધી દ્રવ્યોથી ભરવામાં આવ્યો. એને પૂરી દઈને ઉપર ઈંટોની મદદથી સમાધિની રચના થઈ. એની ઉપર માતૃભૂતેશ્વર નામના શિવલિંગની સ્થાપના કરવામાં આવી. અલઘમ્મા જાણે કે શિવસ્વરૂપ પરમાત્મામાં મળી ગયાં. દર્શનાર્થીઓએ જયજયકાર કર્યો.

એ સમગ્ર સમય દરમિયાન મહર્ષિ શાંત દૃષ્ટા બનીને નિર્વિકાર ભાવે એમને અંજલિ આપી રહ્યા.

અલઘમ્માનું જીવન ઉજ્જવળ બન્યું ને મરણ સફળ અથવા સાર્થક થયું. જે અરૂણાચલના આકર્ષણથી પ્રેરાઈને એ મહર્ષિ પાસે રહેવા માટે આવી પહોંચ્યાં એ જ અરૂણાચલની અલૌકિક ભૂમિમાં સાધના દ્વારા પવિત્રતા પામી તથા શાંતિ મેળવીને એમણે અંતિમ શ્વાસ લીધો. એમનું પંચમહાભૂતાત્મક પાર્થિવ શરીર એની શાંત ઋષિમુનિસેવિત તપઃપૂત ગોદમાં જ સમાઈ ગયું. લોકકલ્યાણના મંગલમય યુગાનુરૂપ આધ્યાત્મિક મહાયજ્ઞમાં આહુતિ અર્પવા માટે અરૂણાચલની દિવ્ય ભૂમિમાંથી પ્રાદુર્ભાવ પામેલી જ્યોતિ પોતાનું ઈપ્સિત ઈશ્વરદત્ત કાર્ય કરીને ફરી પાછી અરૂણાચલમાં જ મળી ગઈ. એ જ્યોતિ કોઈ સામાન્ય જ્યોતિ ન હતી. નહિ તો એમાંથી મહર્ષિની મહામહિમામયી જ્યોતિ ના જાગત. એણે સંસારનાં તિમિર સહ્યાં ને તિમિરને ઉજાળ્યાં. કષ્ટો સહીને કષ્ટોમાંથી મુક્તિનો માર્ગ બતાવ્યો. અશ્રુ સારીને અન્ય અનેકને આનંદ આપ્યો : સ્વયં સંવેદનશીલ બનીને બીજાની સંવેદનાને મટાડવાનો માર્ગ ચીંધ્યો ને બીજાના જડતાયુક્ત જીવનમાં પ્રાણસંચાર કર્યો : સંતાપને સહીને બીજાના સંતાપશમનની સાધના બતાવી. એણે ધરેલો પ્રકાશ પ્રાણવાન બનશે અને અમર રહેશે, માનવના પીડિત પ્રકાશરહિત પ્રાણને પ્રેરણા પાશે.

અલઘમ્મા અમર છે ને અમર રહેશે. એમની સદગતિમાં, મરણોત્તર ઊર્ધ્વ પદપ્રાપ્તિમાં, કોઈને પણ સંદેહ છે ખરો ? ના જ હોવો જોઈએ. મહર્ષિની છત્રછાયામાં એ જીવતાં જ ધન્ય બની ગયાં ને સદ્દગતિ અથવા ઊર્ધ્વપદની પ્રાપ્તિ કરી ચૂકેલા. સદ્દગતિને માટે એમને મરણની રાહ જોવાની નહોતી રહી. હા, કહેવું હોય તો એટલું જરૂર કહી શકાય કે એમને મેળવીને મૃત્યુ મંગલ ને ધન્ય બની ગયું, સાર્થક થયું, પોતાનું શ્રેય કરી છૂટ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૬) રમણાશ્રમની રચના

પરમાત્માને માટે પોતાના જીવનનું સર્વસમર્પણ કરીને એકનિષ્ઠ વૃત્તિથી નિરંતર સમજપૂર્વક સાધના કરનાર સાધકને પરમાત્માની પરમ રહસ્યમયી, અચિંત્ય મહામહિમામયી, દૈવી શક્તિ દ્વારા જુદી જુદી રીતે માર્ગદર્શન ને મદદ મળી રહે છે. માયાળુ માતા જેમ બાળકનું પ્રેમપૂર્વક ધ્યાન રાખે છે અને એને મુશ્કેલીઓ તથા મૂંઝવણોમાંથી પાર કરીને સુખ શાંતિ અને આરામ પહોંચાડે છે તેમ પરમાત્માની એ પરમપ્રેમમયી પાવન શક્તિ માતા કરતાં પણ વધારે મમતાથી ભક્ત કે શરણાગતની સંભાળ રાખે છે, પ્રેરણા બને છે, પથપ્રદર્શિકા થાય છે, અને સંસારનાં વિભિન્ન ભયસ્થાનો તથા પ્રલોભનોથી એની રક્ષા કરીને એને એના ગંતવ્યસ્થાને પહોંચાડી દે છે. એ પરમશક્તિનું અનુસંધાન સાધનારને એની અલૌકિક અનુકંપાના અનેકાનેક ઉદાહરણો મળી રહે છે ને પછી તો એનું સમગ્ર જીવન જ એની અનુકંપાની અવનવી આવૃત્તિ જેવું બની જાય છે. એ શક્તિ સાથે સંબંધ બાંધનારા સાચા સાધકો ને સંતો એ સનાતન સત્યથી સુપરિચિત હોય છે. એનો સ્વાનુભવ એમને થઈ ચૂક્યો હોય છે.

રમણ મહર્ષિના સાધનામય જીવનનું નિરીક્ષણ કરતાં એની પ્રતિતી થાય છે. એ ઘરનો ત્યાગ કરીને અરૂણાચલેશ્વરના મંગલ મંદિરમાં પ્રવેશ્યા ત્યારથી જ અને એ પહેલાંથી પણ એમના જીવનમાં પરમાત્માની અચિંત્ય શક્તિનો અનુગ્રહ એક અથવા બીજી રીતે વરસ્યા કરતો. એ અનુગ્રહ અરૂણાચલ પર્વત પરના એમના નિવાસ દરમિયાન પણ ચાલુ રહ્યો.

એ અસાધારણ અનુગ્રહનો એક નાનો સરખો છતાં વિલક્ષણ પ્રસંગ જોઈ જઈએ. એની ઉપરથી સાધકો, શરણાગતો કે સંતોના જીવનમાં એ અસાધારણ શક્તિનો અનુગ્રહ કેવી રીતે કામ કરે છે તેનો ખ્યાલ આવશે.

મહર્ષિના જીવનને જાણનાર એટલું તો સહેલાઈથી સમજી શકશે કે એમણે સંન્યાસની વિધિપૂર્વકની દીક્ષા નહોતી લીધી. એવી દીક્ષાની આવશ્યક્તા પણ એમને નહોતી લાગતી. એમનો સંન્યાસ જો સંન્યાસ કહી શકાય તો વિદ્વત સંન્યાસ હતો.

એ અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં રહીને એકાંતનો આનંદ અનુભવતાં સાધના કરતા'તા ત્યારે એમની પાસે કેટલાક સાધુસંન્યાસી પણ જિજ્ઞાસા અથવા કુતૂહલવૃત્તિથી પ્રેરાઈને આવતા રહેતા. એક દિવસ એવી જ રીતે એક સંન્યાસી મહારાજ આવી પહોંચ્યા. એ એ વખતના શ્રૃંગેરીના શંકરાચાર્યના શિષ્ય હતા. મહર્ષિની ખ્યાતિ સાંભળીને એ એમને મળવા માટે આવી પહોંચેલા.

મહર્ષિને મળીને એ સંન્યાસી મહારાજને પણ આનંદ તો થયો જ, પરંતુ એમને સંપ્રદાયવિશેષમાં ને સંન્યાસની બાહ્ય પરંપરામાં વિશેષ મમતા હોવાથી જુદા જ વિચારો આવવા માંડ્યા. એ વિચારોથી પ્રેરાઈને એમણે મહર્ષિને સંન્યાસની દીક્ષા લેવાની સૂચના કરી, પરંતુ મહર્ષિએ ના પાડી.

મહર્ષિ કોઈ સામાન્ય પુરૂષ તો હતા નહિ. એ તો મહાન પુરૂષ હતા. કેવળ પ્રાજ્ઞ નહોતા પરંતુ પરમપ્રાજ્ઞ હતા, ને જીવનમુક્તિની અલૌકિક અવસ્થાનો અનવરત અનુભવ કરી રહેલા. પેલા સંન્યાસી

એમની એ અસાધારણ અવસ્થાને ના સમજી શકવાથી એમની આનાકાની છતાં એમને સંન્યાસ લેવાનો ઉપરાઉપરી આગ્રહ કરવા લાગ્યા. એમણે એમની સાથે પોતાની રીતે ત્રણ કલાક જેટલા લાંબા વખત લગી દલીલો કર્યા કરી. એમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે તમારી મહત્તા તેમ જ મહાનતાની કલ્પના હું કરી શકું છું ને તમારી દૃષ્ટિને પણ સમજી શકું છું; તે છતાં પણ મારો ખાસ મત, અભિપ્રાય અથવા આગ્રહ છે કે તમે બ્રાહ્મણ હોવાથી શાસ્ત્રાનુસાર ચાલો અને સંન્યાસ લો તે જ બરાબર છે. તમે એકવાર સંન્યાસ દીક્ષા લેવાનું સ્વીકારી લો તો સંન્યાસને માટેની જરૂરી બધી જ વસ્તુઓ કે સઘળી સાધનસામગ્રી એકઠી કરવાનું કામ હું પોતે જ ઉપાડી લઈશ ને સંન્યાસની વિધિ આ ગુફામાં જ પૂરી કરવામાં આવશે. એને માટેની વ્યવસ્થાની બધી જ જવાબદારી મારી છે. સંન્યાસ લીધા પછી ભગવાં વસ્ત્રો ના પહેરવાં હોય તો તેની પણ છૂટ રહેશે, સંન્યાસના બાહ્ય ચિન્હ તરીકે માત્ર ભગવું કૌપીન પહેરશો તો ચાલશે.

મહર્ષિના મન પર એમની વિચારસરણી કે દલીલોને કોઈ પ્રભાવ ના પડ્યો તો પણ એમનો ઉત્સાહ ઓસર્યો નહિ. એમણે મહર્ષિને કહ્યું કે મારી વાત હસી કાઢવા જેવી કે ઉપેક્ષણીય નથી. એની ઉપર શાંતિપૂર્વક ફરીવાર પૂરતો વિચાર કરી જોજો ને પછી જ નિર્ણય લેજો. તમારા અંતિમ નિર્ણયને જાણવા ને જરૂર પડે તો તમારી સાથે વિશેષ ચર્ચાવિચારણા કરવા હું બપોર પછી આ સ્થળમાં પાછો આવીશ.

સંન્યાસી મહારાજ શાંતિથી ચાલી નીકળ્યા.

મહર્ષિને કોઈ શંકા કે ભ્રાંતિ તો હતી નહિ એટલે એ પણ શાંતિપૂર્વક એ આખીયે ઘટનાનો વિચાર કરતા બેસી રહ્યા. સંન્યાસી મહારાજનો સંન્યાસને માટેનો દુરાગ્રહ એમને ખૂબ જ વિચિત્ર લાગ્યો. એ એમના શબ્દોને વારંવાર વિચારવા લાગ્યા. ત્યાં તો એમની પાસે એક અપરિચિત વૃદ્ધ પુરૂષ આવી પહોંચ્યો. એની પાસે સંસ્કૃત પુસ્તકોનું એક બંડલ હતું. એ બંડલ એણે મહર્ષિ પાસે મૂકીને કહ્યું :

'આ બંડલ અહીં રહેવા દો તો સારું. મોડેથી આવીને એને લઈ જઈશ. તમારી ઘણી કૃપા થશે. તમારા આભારને નહિ ભૂલું.'

એની વાત મંજૂર રાખી એટલે એ ચાલ્યો ગયો.

એના ગયા પછી મહર્ષિએ એ પુસ્તકોને રસપૂર્વક જોયાં તો એમના હાથમાં સૌથી પ્રથમ પુસ્તક 'અરૂણાચલ પુરાણમ' આવ્યું. એને ઉઘાડતાંવેંત જ એમની નજર આપોઆપ આ ભાવાર્થવાળી કવિતાપંક્તિ પર પડી :

'આ સ્થળની આસપાસના ત્રણ યોજન જેટલા વિસ્તારમાં જે પણ રહેતા હશે તે દીક્ષા લીધા વિનાના હશે તો પણ, મારી પરમકૃપાવર્ષાથી કૃતાર્થ થઈને સર્વે પ્રકારની આસક્તિ અથવા મમતામાંથી મુક્તિ મેળવીને કૈવલ્યપદની પ્રાપ્તિ કરી લેશે.'

એ કવિતાપંક્તિઓ વાંચીને એમને સંતોષ અને આનંદ થયો. એ સુંદર સારવાહી પંક્તિઓને એમણે કાગળ પર ઉતારી લીધી. એ પછી પુસ્તકને ઠેકાણે મૂકીને આંખ મીંચીને ધ્યાનમાં બેસી ગયા.

થોડાક વખત પછી એમણે આંખ ઉઘાડીને જોયું તો ગુફામાં પેલાં પુસ્તકોનું બંડલ ન હતું. પુસ્તકોનું બંડલ કોણ લઈ ગયું ને ક્યારે લઈ ગયું તેની ખબર એમને ના પડી; કારણ કે પેલો વૃદ્ધ પુરૂષ તો પાછો દેખાયો જ નહિ. કદાચ એમની ધ્યાનાવસ્થા દરમિયાન શાંતિથી આવીને એ એનાં પુસ્તકોને લઈ ગયો હોય !

સાંજનો સમય થવા આવ્યો તેની જરાક પહેલાં પેલા સંન્યાસી મહારાજ એમના નિર્દેશાનુસાર આવી પહોંચ્યા. એમને તો મહર્ષિનો નિર્ણય જાણવાની ઉત્કંઠા હતી. એ મહર્ષિને સંન્યાસ લેવામાં પોતાનાથી બનતી બધી મદદ કરવા માગતા'તા. એમણે એમના નિર્ણય બાબત પૂછ્યું. તો એના ઉત્તરમાં એમણે પેલો કાગળ આપ્યો. એ કાગળમાં ઉતારેલી અરૂણાચલ પુરાણમ્ ની કવિતાપંક્તિને વાંચીને એમના મનનું સુખદ સમાધાન થવાથી એ ત્યાંથી એમના આગ્રહને પડતો મૂકીને ચાલી નીકળ્યા. એમને ખાતરી થઈ કે મહર્ષિને સંન્યાસની દીક્ષાની આવશ્યક્તા નથી.

કહે છે શ્રુંગેરી મઠમાં જઈને સંન્યાસી મહારાજે મઠના અધીશ્વર શ્રી નૃસિંહ ભારતીને આખોય પ્રસંગ સવિસ્તાર કહી સંભળાવ્યો ત્યારે એમણે ખૂબ જ ખેદ દર્શાવ્યો ને જણાવ્યું :

'તમે જે કાંઈ કર્યુ તે ખૂબ જ વધારે પડતું ને ખોટું કર્યું. હવેથી કદી પણ આવી વસ્તુઓનું પુનરાવર્તન ના કરતા.'

એ શબ્દો એ સંતપુરૂષની દૃષ્ટિની પરમ ઉદારતા, પવિત્રતા ને વિશાળતાને બતાવે છે ને જણાવે છે કે મઠાધીશ્વર સંકુચિત અથવા સાંપ્રદાયિક વૃત્તિના ન હતા ને મહર્ષિની મહાનતાની સાચી કલ્પના કરી શકેલા. એમની પૂર્વગ્રહમુક્ત પ્રજ્ઞાપૂત દૃષ્ટિને લીધે જ એમના મુખમાંથી એવા ઉચ્ચારો નીકળી શકેલા.

આ પ્રસંગ વાંચ્યા કે સાંભળ્યા પછી કેટલાકને પ્રશ્ન થવાનો સંભવ છે કે મહર્ષિની પાસે વિરૂપાક્ષી ગુફામાં પુસ્તકોના બંડલ સાથે આવનાર પેલો વૃદ્ધ પુરૂષ કોણ હશે ? શું એ અરૂણાચલ ભગવાન પોતે હશે ? કે અરૂણાચલ પર્વતના પવિત્ર વાયુમંડળમાં વસનારા કોઈ સમર્થ સંત કે સિદ્ધપુરૂષ પોતે જ એ રૂપમાં મહર્ષિના આત્મવિશ્વાસને વધારે બળવાન બનાવવા માટે આવી પહોંચ્યા હશે ? કે પછી એ કોઈક સામાન્ય વૃદ્ધ જ હશે ? એના ઉત્તર માટે આપણે આપણી બુદ્ધિ અને અનુભૂતિ અનુસાર કલ્પના જ કરવાની રહી. પરંતુ એ આખાય પ્રસંગ પરથી એક મહત્વની વાત તો નિર્વિવાદ રીતે ફલિત થાય છે અને તે એ કે પરમાત્માની પરમશક્તિ એક અથવા બીજા સ્વરૂપમાં શરણાગત સાચા  સાધકો કે સંતોને સહાયતા કરવા અહર્નિશ તૈયાર રહે છે ને સહાય કરે છે. એ પ્રતીતિ જીવનની સાધનાત્મક મહાયાત્રાની મંગલમય પરિસમાપ્તિ માટે કાંઈ ઓછી અગત્યની નથી. શ્રેયાર્થીઓને એ ખૂબ જ મદદરૂપ થઈ પડશે.

* * *         * * *         * * *         * * *

વિરૂપાક્ષી ગુફા એવી અસંખ્ય સ્મૃતિઓથી સુવાસિત હતી. છેલ્લે છેલ્લે માતા અલઘમ્માએ પોતાના જીવનનો છેલ્લો શ્વાસ પણ ત્યાં જ લીધો એથી તો એની મહત્તા ઘણી વધી ગઈ. એમની સ્મૃતિઓ પણ એની સાથે સુદૃઢતાથી સંકળાયલી હતી. એ સઘળી સ્મૃતિઓ અને મહર્ષિ જેવા અતિવિરલ લોકોત્તર સત્પુરૂષની સાધનાને લીધે ગુફા ઐતિહાસિક બની ગઈ.

પરંતુ એની સાથેનો મહર્ષિનો દિનરાતનો સતત સંબંધ હવે પૂરો થવા આવ્યો. એનો વિચાર પણ કરી લઈએ એ આવશ્યક છે.

અલઘમ્માની સમાધિનું સ્થાન એક સુંદર તીર્થસ્થાન બની ગયું. ત્યાં જે માતૃભૂતેશ્વરની સ્થાપના કરવામાં આવેલી તેની સેવા પૂજા તથા સુવ્યવસ્થાને માટે થોડા દિવસ રહેવાની જરૂર હતી. એના અભિષેકાદિને માટેનું પાણી બાજુના પાલિતીર્થમાંથી લાવવું પડતું.

એકવાર મહર્ષિ ત્યાં જઈ પહોંચ્યા. એ સ્થળને જોઈને રોજની જેમ એમના અંતરમાં ઊંડું સંવેદન પ્રકટી નીકળ્યું.

એમણે ચારે તરફ નજર નાખી. એ પછી એ એક જગ્યાએ બેસી ગયા ને ત્યાંની જમીનની માટી એમની આંગળીથી ખોતરવા માંડી.

પરંતુ ત્યાં તો એક ચમત્કાર બન્યો.

મહર્ષિએ ખોતરવા માંડેલી જમીન એમની ઉપર અનુગ્રહ કરવા માગતી હોય તેમ જાણે કે બદલાઈ ગઈ, એમના સુધાસભર સુખદ સ્પર્શથી અવનવી બની ગઈ, અને એમાંથી પર્વતીય પાણીની નાનકડી ધારા પ્રકટ થઈ. ભક્તોએ ત્યાં એક ખાડો ખોદી કાઢ્યો અને એના પાણીથી માતૃભૂતેશ્વરમાં અભિષેકાદિ કરવા માંડ્યું.

મહર્ષિ જે જળધારાને પ્રકટાવવામાં નિમિત્ત બન્યા તેને કેટલાક ભક્તોએ રમણતીર્થનું નામ પૂરું પાડ્યું. વખતના વીતવા સાથે મહર્ષિના પ્રેમી ભક્ત યોગી રામય્યાએ એ સ્થળમાં કૂવો બનાવવા માટે આર્થિક મદદ કરી. ત્યાં નળની વ્યવસ્થા પણ કરવામાં આવી. એવી રીતે પાણીની અટપટી સમસ્યાનું નિરાકરણ થવાથી એ સુંદર ચિરસ્મરણીય સ્થળની મહત્તા તથા ઉપયોગિતા વધી ગઈ.

લોકોમાં એવી પરંપરાગત માન્યતા પ્રચલિત છે કે અરૂણાચલના પવિત્ર પ્રદેશમાં જ્યાં જ્યાં તપસ્વીઓ, સાધકો કે સંતો વસે છે ત્યાં ઝરણ જોવા મળે છે. પરંતુ એ પ્રાતઃસ્મરણીય તીર્થસ્વરૂપ તપસ્વીઓ, સાધકો કે સંતોના શરીરત્યાગ પછી એ ઝરણ કે જળપ્રવાહો સુકાઈ જાય છે. એકમાત્ર મૂલૈપાલતીર્થ એના અપવાદરૂપ છે. તે કોઈ તપસ્વીની ગેરહાજરીમાં પણ કાયમ રહેતું.

થોડાક સમય પછી એક બીજી સમસ્યા ઊભી થઈ જેથી મહર્ષિને પોતાનું નિવાસસ્થાન વરસો પછી બદલવું પડ્યું. જે અલૌકિક શક્તિ એમને અરૂણાચલેશ્વરના મંદિરમાં અને અરૂણાચલ પર્વત પર લાવેલી તે જ શક્તિ એમની તરફ વધારે ને વધારે લોકોનું ધ્યાન ખેંચવા અને એમની મારફત વધારે ને વધારે લોકોને મદદ પહોંચાડવા માગતી'તી. એટલા માટે એણે અનુકૂળ પરિસ્થિતિ પેદા કરી.

વાત એમ બની કે માતૃભૂતેશ્વરની સેવા પૂજા અથવા આરાધના માટે અરૂણાચલ પર્વત પરથી કાયમ માટે કોઈને ને કોઈને આવવું પડતું. એ પવિત્ર સ્થાનની સારી પેઠે સંભાળ રાખવી પડતી. એ કાર્ય મહર્ષિના નાના ભાઈ નિરંજનાનંદે ઉપાડી લીધેલું. એ સેવાપૂજા કરવા માટે પ્રતિદિન નિયમિત રીતે માતૃભૂતેશ્વરમાં પહોંચી જતા. એમાં એમને મુશ્કેલી પડતી. કેટલીકવાર નિયમિતતા ના જળવાતી તો બીજી કોઈક પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો પણ કરવો પડતો. એ હકીકત મહર્ષિના ધ્યાનમાં લાવવામાં આવી. એમને એવું પણ

સૂચવવામાં આવ્યું કે કેટલાય લોકો એક યા બીજા કારણે પર્વત પર ના ચઢી શકતા હોવાથી એમનાં દર્શન તેમજ સત્સંગથી વંચિત રહી જાય છે, એટલે જો એ પોતે જ એમની ઉપર કૃપા કરીને પર્વતની તળેટીના બીજા સાનુકૂળ સ્થળમાં રહેવા માંડે તો જનતાને ઘણો મોટો લાભ થાય. એમનાં દર્શન ને સત્સંગનો લાભ સૌ કોઈ અને જ્યારે ધારે ત્યારે લઈ શકે.

એ સુકોમળ સંવેદનશીલ સ્વભાવના હોવાથી ભક્તોની ભાવનાનુસાર વર્તવા તૈયાર થયા. એમણે કહ્યું કે તો પછી સૌની સાનુકૂળતાનો વિચાર કરીને નીચે જ શા માટે ના રહેવું ? ભક્તોને એ સાંભળીને આનંદ થયો.

એમણે અરૂણાચલ પર્વતની તળેટીમાં આવેલા પાલિતીર્થની પાસે રહેવા માંડ્યું. માતૃભૂતેશ્વરનું સાંનિધ્ય ત્યાં સહેલાઈથી સાંપડી ગયું.

ભક્તો તથા પ્રશંસકોએ મહર્ષિની પસંદગીને વધાવી લીધી. મહર્ષિના એ અસાધારણ અનુગ્રહને માટે એમણે પ્રસન્નતા વ્યક્ત કરી. એમનું સ્વપ્નું ફળવાથી એમને પરમ સંતોષાનુભવ થાય એ સ્વાભાવિક હતું.

એ ઐતિહાસિક સ્થાનપરિવર્તનને પરિણામે મહર્ષિના બાહ્ય જીવનમાં એક અત્યંત અગત્યના અવનવા અસાધારણ અધ્યાયનો આરંભ થયો. ભક્તોની ભાવનાને અનુસરીને ત્યાં ભારતીય સંસ્કૃતિ અને સાધનાના સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિ જેવા મહાપુરૂષની પાસે દર્શનાર્થીનાં ટોળેટોળાં આવવા માંડ્યાં. જિજ્ઞાસુ તથા સાધકો એમની પાસેથી જીવનોપયોગી પ્રકાશ તથા પ્રેરણાની પ્રાપ્તિ કરવા લાગ્યા, અને અસંખ્ય આર્ત અથવા સંતપ્ત અંતરો શાંતિ મેળવવા માંડ્યાં. એ મહામાનવની સાધનાસૌરભ ધીરે ધીરે એમની આજુબાજુના સમસ્ત પ્રદેશમાં, સંપૂર્ણ દેશમાં તથા સંસારના વિવિધ દેશોમાં ફેલાવા લાગી. એ જીવતા જાગતા તીર્થરૂપ બની ગયા. એમની પાસે પહોંચીને અધ્યાત્મપંથના અસંખ્ય પ્રવાસીઓ પાવન બન્યા. એમને લીધે ભારતીય સંસ્કૃતિનું મુખ ઉજ્જવળ બન્યું. માનવની મૂળભૂત સાધના અથવા અક્ષરની અતીતકાળથી આરંભાયેલી આરાધના અધિકાઅધિક અલંકૃત, ઓજસ્વી અને ગૌરવાન્વિત બની. એની પ્રતીતિ તો પાછળથી થઈ રહેશે. હાલ તો એના પૂર્વાભાસનો પ્રારંભ થયો એટલું જ.

સમાધિસ્થાનની સંનિધિમાં સૌથી પહેલાં એ નવા આશ્રમના આરંભરૂપે ભક્તોએ એક નાની મઢૂલી તૈયાર કરી, મહર્ષિ એમાં રહેવા લાગ્યા, વખતના વીતવા સાથે આશ્રમનો વિસ્તાર વધતો ગયો. પછી તે એક બીજી મઢૂલી, સમાધિમંદિર, રસોડું, ભોજનશાળા, અતિથિશાળા, મહર્ષિને રહેવા માટે એક બીજું પાકું સ્થાન, એ બધી અને એવી બીજી આશ્રમોપયોગી વસ્તુઓની રચનાઓ થતી રહી. આશ્રમની પાસે એક સુંદર ફૂલવાડી, કેળ તથા નાળિયેરીનાં વૃક્ષો તેમજ શાકભાજીની જમીન પણ તૈયાર કરવામાં આવી. બાજુના અગત્સ્ય તીર્થની સમીપમાં મહર્ષિના કેટલાક પ્રશંસકો તથા ભક્તોએ પોતાને રહેવા માટે અલગ અલગ કુટિરોનું નિર્માણ કર્યું. એવી રીતે રમણાશ્રમની રચનાનો આરંભ થયો.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૭) ચોરીનો પ્રસંગ

રમણાશ્રમની રચના ભક્તોને માટે અત્યંત અનુકૂળ, આનંદદાયક અને આશીર્વાદરૂપ રહી. ત્યાં રહીને અને ભેગા થઈને ભક્તો કે જિજ્ઞાસુઓ આધ્યાત્મિક ભાથું ભરવા લાગ્યા. મહર્ષિની ખ્યાતિ ચંદ્રની ચારુ કળાની પેઠે દિનપ્રતિદિન વધતી ગઈ એને સાંભળીને કેટલાક એમનું દર્શન કરવા, કેટલાક શંકાશીલતાથી પ્રેરાઈને એમની કસોટી કરવા, કેટલાક કુતૂહલવૃત્તિને સંતોષવા, તો બીજા કેટલાક આદર્શ આધ્યાત્મિકતા અને અસાધારણ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને એમનો અલૌકિક અનુગ્રહ અને એમનું અનુભવસિદ્ધ અનોખું અમોઘ માર્ગદર્શન મેળવવા આવવા માંડ્યા. પુષ્પોના પરિમલપાવન ઉપવનમાં ભ્રમરો વિનાનિમંત્રણ આવી પહોંચે છે ને નદીના નિર્મળ નીરનો આસ્વાદ લેવા ભાતભાતના ને જાતજાતના જીવો સ્વાભાવિક રીતે ને પોતાની મેળે એકઠા થાય છે. તેમ એમની પાસે અસંખ્ય આત્માઓ દૂરનાં ને પાસેનાં સ્થળોએથી આવવા લાગ્યા. એમણે જ્યારે એક અથવા બીજી રીતે જાણ્યું કે તિરુવણ્ણામલૈમાં અરૂણાચલ પર્વતની તળેટીના પવિત્ર પ્રદેશમાં રમણ મહર્ષિ નામના સાક્ષાત્કારસંપન્ન આત્મનિષ્ઠ મહાપુરૂષ આપણા જ જમાનામાં આ ઘોર કિલ્મિષયુક્ત કલિકાળમાં વસી રહ્યા છે અને એમનો સમાગમ સૌ કોઈને સુલભ છે ત્યારે એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. ભૂખ્યાને જાણે કે ભોજનની, પિપાસુને પાણીની, સંતપ્તને શીળી છાયાની ને નિર્ધનને ધનભંડારની પ્રાપ્તિની આશા બંધાઈ.

જેવું જેનું પાત્ર તેવું કે તેટલું તેનું પાણી એ ન્યાયે ત્યાં આવનારા દર્શનાર્થીને એમની યોગ્યતા પ્રમાણે, એમના અધિકારને અનુસરીને, એ મહાપુરૂષનો લાભ મળવા માંડ્યો. કોઈ દર્શનથી જ તૃપ્ત થયા તો કોઈ જાતજાતના પ્રશ્નો પૂછવા છતાં પણ અતૃપ્ત રહ્યા : કોઈને સારું એમનો સ્વલ્પ સંસર્ગ સુખકારક ને શાંતિપ્રદાયક થઈ પડ્યો તો કોઈનો આત્મા આશ્રમમાં દિવસો સુધી રહ્યાં છતાં પણ અશાંત રહ્યો. કોઈને એ મહામાનવની મંગલ મળરહિત દૃષ્ટિમાં માર્ગદર્શન મળી ગયું ને જીવનનું અમૂલખ ધન જડી ગયું તો કોઈ અસંખ્ય કૃપાદૃષ્ટિની વચ્ચે પણ કંગાળ રહ્યા : જેવી જેની ભક્તિ, દૃષ્ટિ અને શક્તિ તેવી પ્રતિક્રિયા તેના પર પડવા માંડી. પરંતુ પરિવર્તનની એક મહાન પ્રક્રિયા એમને લીધે પ્રારંભ પામી એ નિર્વિવાદ છે. જીવનના આધ્યાત્મિક ઉત્કર્ષનું એક પ્રાણવાન પરમોત્તમ પરિબળ એમના રૂપમાં પ્રકટ થઈને એ આશ્રમમાંથી અહર્નિશ પ્રવૃત્તિ કરવા માંડ્યું. આશ્રમ પોતે એમની ઉપસ્થિતિને લીધે આધ્યાત્મિક પાવરહાઉસ જેવો બની ગયો. જીવનવિકાસમાં રસ લેનારા સાધકો તથા જિજ્ઞાસુઓને એક અનુકૂળ અધિષ્ઠાન મળી ગયું. ધીમે ધીમે એ મહાપુરૂષની પેઠે એમના આશ્રમની ખ્યાતિ પણ દેશપરદેશમાં ફેલાવા લાગી. એથી અનેક આત્માઓ આકર્ષાઈને અરૂણાચલ પર્વતની તળેટીના એ પવિત્ર પ્રદેશમાં આવવા માંડ્યા. ભારતીય સાધના ને સંસ્કૃતિએ પોતાના ગૌરવને વધારવા ને પોતાના મહિમાથી બીજાને મહિમામય કરવા એક અસાધારણ અભિનવ કેન્દ્રને ખુલ્લું મૂક્યું. એ કેન્દ્ર અનેકને માટે આશીર્વાદરૂપ ઠર્યું.

આશ્રમના એ સ્થાનમાં મહર્ષિને એકાએક આવવાનું થયું અને એમની આસપાસ આશ્રમનું નિર્માણ થયું એ પ્રવૃત્તિની પાછળ પરમાત્માની પરમશક્તિ અથવા અદૃષ્ટ ઈચ્છા કે યોજના જ કામ કરી રહેલી એની પ્રતીતિ મહર્ષિના ઉદગારો પરથી સહેલાઈથી થઈ રહે છે. એકવાર પ્રસંગોપાત્ત એમણે પોતે જ કહેલું :

'સ્કંદાશ્રમને મેં મારી પોતાની ઈચ્છાથી નથી છોડ્યો. કોઈએ મારે માટે અહીં રહેવાની યોજના કરી ને મેં એની આજ્ઞાને માથે ચઢાવી. એની પાછળ મારી ઈચ્છા અથવા સ્વેચ્છા કામ નહોતી કરતી : એ પરેચ્છાનું અથવા ઈશ્વરની ઈચ્છાનું જ પરિણામ હતું.'

એક બીજા પ્રસંગ પર પોતાની માતાનો ઉલ્લેખ કરતાં એમણે શાંતિપૂર્વક, કોઈપણ પ્રકારની લાગણીના આવેગ વિના જણાવેલું :

'એ ક્યાં ગઈ છે ? એ તો અહીં જ છે.'

એમના એ શબ્દોનો ભક્તોએ એવો અર્થ કર્યો કે એમની માતા વિદેહમુક્ત બનીને એમની સાથે એ જ વાતાવરણમાં વસી રહ્યાં છે. એમના પ્રભાવને વધારે ને વધારે પ્રમાણમાં પ્રવાહિત કરવા માટેના મહાકાર્યમાં એ આદ્યશક્તિરૂપે સહયોગ પ્રદાન કરીને એમના જીવનકાર્યને પડદા પાછળ રહીને અજ્ઞાત રીતે આગળ વધારી રહ્યાં છે. મહાસમાધિ પછી એ અધિક સક્રિય, શક્તિશાળી અને અસરકારક રીતે કાર્ય કરે છે. મહર્ષિને એ કાર્યની ખબર હતી અને એમની ઉપસ્થિતિનો અનુભવ એ સારી પેઠે કરી રહેલાં. એમના સંક્ષિપ્ત છતાં સારવાહી ઉદગારો પરથી એ સ્પષ્ટ હતું.

મહર્ષિની સંમતિથી એમના સમાધિમંદિરનું નવનિર્માણ કાર્ય ઈ.સ. ૧૯૪૯ના ફેબ્રુઆરીના અંતમાં થઈ ગયું અને મહાકુંભાભિષેક ૧૯૪૯ના માર્ચની સત્તરમીએ થયો એ હકીકતનો ઉલ્લેખ મહર્ષિના માતૃપ્રેમના અનુસંધાનમાં ખાસ કરી લઈએ.

* * *    * * *    * * *    * * *

રમણાશ્રમની પ્રવૃત્તિ તથા ઘટનાઓનો વિશેષ ઉલ્લેખ કરતાં પહેલાં એ આશ્રમના આરંભ પછી સ્વલ્પ સમયમાં જ બનેલા એક કરુણ અમંગલ પ્રસંગનું ઊડતું વર્ણન અથવા વિહંગાવલેકન કરી લઈએ. એ પ્રસંગ ચોરીનો હતો.

કોઈને પ્રશ્ન થશે કે મહર્ષિ પાસે નાની કે મોટી કોઈ મિલકત તો હતી નહિ, એ પોતે તદ્દન અપરિગ્રહવૃત્તિથી રહેતા અને અપરિગ્રહવૃત્તિનું પરિપૂર્ણપણે પાલન કરતા, તો પછી આશ્રમમાં ચોરી કરવાની પ્રેરણા કોને ને શા માટે થઈ ? એમણે સમજી લેવું જોઈએ કે કેટલાક લોકો માને છે કે મઠો, મંદિરો અને આશ્રમોમાં અઢળક ધન હોય છે. એને લીધે તો એમાં ચોરી કરવાને કે લૂંટ ચલાવવાના આશયથી પ્રવેશે છે. ચોર લોકો ભગવાનના મંદિરને પણ નથી મૂકતા. મહર્ષિ પાસે કોઈ મિલકત ન હતી એ સાચું, પરંતુ કેટલાક ચોરો વધારે કે ઓછી મિલકત નથી જોતા. એ તો ચોરી કરવામાં અને એ દ્વારા ઓછુંવત્તું જે પણ પ્રાપ્ત થાય તે લેવામાં જ માનતા હોય છે. મહર્ષિ એકદમ અપરિગ્રહી હતા અને એમના આશ્રમમાં બીજી કોઈ વિશેષ સંપત્તિ ન હતી એ સાચું, પરંતુ એમનો આશ્રમ વખતના વીતવા સાથે વધતો જતો'તો અને એમાં મોટી

સંખ્યાના ભક્તો અને દર્શનાર્થીઓ ભોજન કરતા; એ બધું જોઈને કેટલાક લોકોએ એને સંપત્તિશાળી માનીને એને લૂંટવાની યોજના ઘડી હોય એ સ્વાભાવિક છે.

એકવાર એક સુદૃઢ શરીરવાળા હૃષ્ટપુષ્ટ યુવાને આશ્રમમાં પ્રવેશ કર્યો. આશ્રમમાં આવવા માટે કોઈ જાતની મંજૂરી માગવી નહોતી પડતી અને જે ધારે તેને મહર્ષિના દર્શન સત્સંગનો લાભ હંમેશા કોઈ પણ પ્રકારના અંતરાય વિના મળી રહેતો તે પ્રમાણે એણે મહર્ષિ પાસે પહોંચીને એમને પ્રણામ કર્યા ને નીચે બેસીને સીધો જ સવાલ પૂછ્યો :

'તમે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી ચૂક્યા છો ?'

સંતમહાત્માઓની પાસે પહોંચતાંવેંત જ કોઈપણ પ્રકારના કારણ કે પ્રયોજન વિના એવો પ્રશ્ન પૂછવો યોગ્ય ના ગણાય. એ કાર્ય અવિવેકયુક્ત જ કહી શકાય. મહર્ષિને માટે એવો અનુભવ નવો ના હોવાથી એ શાંત જ રહ્યા. એમને શાંત જોઈને ને પોતાનો પ્રથમ પાસો નિષ્ફળ ગયેલો જાણીને એ યુવાન થોડોક વધારે ઉશ્કેરાયો અને મહર્ષિ કોઈક ભક્તિ ભેટ આપેલા જે વ્યાઘ્રચર્મ પર બેઠા હતા તેને લક્ષ્ય કરીને બોલ્યો :

'સ્વામીજી, વાઘને મારવામાં પાપ છે ખરું ? '

પરંતુ એ બીજા અનુચિત પ્રશ્નના ઉત્તરમાં પણ મહર્ષિ કશું જ ના બોલ્યા. એમને સમજી લેતાં વાર ના લાગી કે આગંતુક એમની સાથે અયોગ્ય વાદવિવાદ કરવા માગે છે. યુવાને પોતાના વિચારો વ્યક્ત કરીને પશુઓને મારવામાં પાપ નથી અથવા જો પાપ હોય તો એમાં પ્રકારાન્તરે મહર્ષિનો હિસ્સો છે કારણ કે એ વ્યાઘ્રચર્મનો ઉપયોગ કરી રહ્યા છે એ હકીકતનું સમર્થન એમના જ શબ્દો દ્વારા કરાવવાનો ભરચક પ્રયાસ કરી જોયો પરંતુ એમાં એને નિષ્ફળતા મળી.

ત્યાં બેઠેલા દર્શનાર્થીઓમાંના એકે એ યુવાનને કહ્યું કે આવા વિષયોના સંબંધમાં કોઈ એકતરફી ઉતાવળિયા પૂર્વગ્રહયુક્ત સિદ્ધાંતો બાંધવાને બદલે જે પણ નિર્ણય લેવાય તે જુદા જુદા સંજોગોને વિચારીને લેવો જોઈએ. તો પણ એને સંતોષ ના થયો. એમનું એ સ્પષ્ટીકરણ પૂરું થાય એ પહેલાં જ યુવાને ઉત્તેજનાપૂર્ણ સ્વરમાં કહેવા માંડ્યું :

'મેં જે પૂછ્યું છે તે તમને નથી પૂછ્યું. એટલા માટે સ્વામી જ એનો ખુલાસો કરે તે બરાબર છે.'

પરંતુ મહર્ષિને એનો ખુલાસો કરવાની જરૂર ના જણાઈ. યુવાનના પ્રશ્નોની પાછળ જિજ્ઞાસાવૃત્તિ નહિ પરંતુ લડાયકવૃત્તિ કામ કરી રહી છે. એને ઓળખતાં વાર ન લાગવાથી એની સાથે નિરર્થક ચર્ચાવિચારણામાં ઊતરીને વખતને બરબાદ કરવાનું એમને જરા પણ યોગ્ય ના લાગ્યું. યુવાને પોતાના પ્રયત્નોને નિષ્ફળ થયેલા જોઈને દસ-પંદર મિનિટ સુધી બોલ્યા વિના જ બેસી રહીને છેવટે હોલનો ત્યાગ કર્યો.

બહાર આવ્યા પછી એક આશ્રમવાસીના પ્રશ્નના ઉત્તરમાં એણે તદ્દન નિઃસંકોચપણે જણાવ્યું કે પોતાની આજીવિકા માટે એ સંપત્તિશાળી મઠો અને આશ્રમો પર આધાર રાખે છે અને એમની ઉપર અવારનવાર આવા છાપા મારે છે. એણે મહર્ષિ ધનવાન છે કે નહિ તે પણ પૂછી જોયું. આશ્રમના વિશાળ ઉદ્યાન અને સુંદર પ્રાંગણને જોઈને એનું મન લલચાયેલું પરંતુ જ્યારે એને ખબર પડી કે મહર્ષિ વધારે

ધનવાન નથી ત્યારે એનો ઉત્સાહ ઓસરી ગયો અને એ આશ્રમમાંથી આતિથિ તરીકે ભોજન કરીને પાછો ફર્યો.

એ યુવાનની પદ્ધતિ પ્રામાણિક ના હોવા છતાં પ્રમાણમાં નિર્દોષ હતી. પરંતુ સમાજમાં બીજા કેટલાક એવા લોકો પણ હતા જે ધનપ્રાપ્તિ માટે અનૈતિક, આસુરી, હાનિકારક અને હિંસક સાધનોનો આશ્રય લેતાં જરા પણ ના અચકાતા. આશ્રમવાસીઓ એમનો અનુભવ પણ કરી ચૂકેલા. મહર્ષિ ખૂબ જ સંપત્તિશાળી છે એવી ભ્રાંત ધારણાથી પ્રેરાઈને ઈ.સ. ૧૯૨૪ના ઉનાળાના દિવસો દરમિયાન બે વાર ચોરોએ રાતે આશ્રમમાં ચોરી કરવાના દુષ્ટ હેતુથી પ્રવેશ કરેલો. પહેલીવાર માતા અલઘમ્માના સમાધિસ્થાનની દીવાલમાં કાણું પાડીને એ અંદર પ્રવેશીને કેટલીક વસ્તુઓને ઉપાડી ગયેલા અને બીજી વાર પ્રથમ પ્રસંગના એક જ અઠવાડિયા પછી એમણે એથી પણ વધારે મોટી હિંમતભરેલી ચોરી માટે યોજના ઘડીને આશ્રમની અંદર પ્રવેશ કરીને ભારે અનર્થ મચાવેલો. એ બીજો અમંગલ પ્રસંગ ખાસ ઉલ્લેખનીય છે.

ઈ.સ. ૧૯૨૪ના જુન મહિનાની છવ્વીસમી તારીખની અંધારી રાતે બનેલી એ પણ કરુણ ને ક્રૂર ઘટનાની સ્મૃતિથી અંતર આજે પણ સંવેદનશીલ થાય છે ને મનમાં વિચાર જાગે છે કે માણસ અજ્ઞાન તેમ જ કુસંસ્કારો અને કુટેવોને લીધે શું નથી કરતો ! એ જેમ દૈવી સંપત્તિથી સંપન્ન થઈને દેવતાતુલ્ય બની શકે છે તેમ આસુરી સંપત્તિના અધિકાર નીચે આવીને અસુર પણ બની શકે છે.

ઉનાળાની એ અંધારી રાતે આશ્રમવાસીઓ પોતપોતાના નિર્ધારિત સ્થાનમાં આરામ કરતા હતા. માતાની સમાધિની સામેના વિશાળ હોલમાં મહર્ષિ સૂઈ રહેલા અને એમના ચાર શિષ્યો હોલમાં જુદીજુદી બારીઓ પાસે આડા પડેલા. લગભગ મધ્યરાત્રીનો વખત વીતી ગયા પછી એ ચાર શિષ્યોમાંના બે શિષ્યો કુંજું સ્વામી તથા મસ્તાને હોલની બહારથી કોઈનો અવાજ સાંભળ્યો કે અંદર છ જણા સૂતા છે. એ સાંભળીને મસ્તાન તરત જ નીડરતાથી બોલી ઊઠ્યો કે કોણ છે ? પરંતુ ચોરોને ઉત્તર આપવાની ફુરસદ ન હતી. એમને ઉત્તર આપવામાં રસ પણ ન હતો. અંદર કોઈક જાગી ગયું છે એ જાણીને એમણે પોતાના કામને વહેલી તકે પતાવવાનો નિર્ણય કર્યો અને એ નિર્ણયને અનુસરીને પોતાની પૂર્વયોજનાનુસાર બારીના કાચને તોડી નાખ્યા.

એમની પ્રવૃત્તિ જોઈને કુંજું સ્વામી અને મસ્તાને પરિસ્થિતિનો ક્યાસ કાઢતાં વાર ના લાગી. આગંતુકો ઉપદ્રવકારી ચોર છે ને બદદાનતથી આવ્યા છે એ સમજી લઈને એ બંને બારી આગળની પોતાની પથારીઓને છોડી દઈને મહર્ષિની પાટ પાસે પહોંચી ગયા. ચોરો દોડીને મહર્ષિની બાજુની બારી પાસે આવ્યા. એમણે એનો કાચ પણ તોડી નાખ્યો. એ બધો કોલાહલ સાંભળીને જાગી ગયેલા મહર્ષિ ચોરોની પ્રવૃત્તિને નીરખતા શાંતિપૂર્વક બેસી રહ્યા. એમની આત્મનિષ્ઠાની જાણે કે આકરી કસોટી આવી પડી. પરંતુ એને મળતી કેટલીય પ્રતિકૂળ કસોટીઓમાંથી આજ સુધી એ સહીસલામત બહાર નીકળ્યા હોવાથી તદ્દન નિર્ભય ને નિશ્ચિંત બનીને બેસી રહ્યા.

પરંતુ ચોરો એટલા નિર્ભય ન હતા. ખરાબ કામ કરનારને ભય ઘેરી વળે છે. એનું મન કદી નિર્ભય ને નિશ્ચિંત નથી બની શકતું.

હોલનું ઉત્તર તરફનું દ્વાર ઉઘાડીને કુંજું બહાર જઈને બાજુની ઝૂંપડીમાંથી મહર્ષિના બીજા શિષ્ય રામકૃષ્ણને મદદ માટે બોલાવી લાવ્યા. એ દરમિયાન એ ખુલ્લા દ્વારમાંથી આશ્રમના કરુપ્પન અને જેક નામના બે કૂતરાઓ પણ આવી પહોંચ્યા. એ બંને જોરથી ભસવા માંડ્યા પણ ચોરો એમને નિર્દયતાપૂર્વક મારવા લાગ્યા. જેક નાસી ગયો.

હોલમાં પ્રવેશવાનો પ્રયત્ન કરી રહેલા ચોરોને મહર્ષિએ અતિશય વિનય તથા શાંતિપૂર્વક મૃદુસ્વરે જણાવ્યું કે અમે બધા આશ્રમવાસીઓ છીએ. અમારી પાસે ચોરી કરવા લાયક સંપત્તિ નથી. છતાં પણ તમે ખુશીથી અંદર આવો અથવા આશ્રમમાંથી જે કાંઈ લઈ જવું હોય તે લઈ જાવ. અમે તમારું સ્વાગત કરીએ છીએ. પરંતુ ચોરો માન્યા નહિ. માણસ મહાત્મા હોય તો પણ આટલી હદે ઉદાર અને ઉત્તમ બની શકે એની એમને સ્વપ્ને પણ કલ્પના ન હતી. એવો અનુભવ એમના અત્યાર સુધીના જીવનમાં એમને કદી પણ નહોતો થયો. એ હોલની બારી ઉખાડવાનો પ્રયત્ન કરવા લાગ્યા. કુંજુંસ્વામી નવયુવાન હોવાથી એ જોઈને ઉત્તેજિત બની ગયા ને દક્ષિણ દિશાના બારણેથી બહાર જવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એમની ઈચ્છા ચોરોનો સામનો કરવાની હતી. મહર્ષિએ એ ઈચ્છાને જાણીને એમને બહાર નીકળવાની ના પાડતાં જણાવ્યું :

'આપણે આટલા બધા ઉત્તેજીત શા માટે બનવું જોઈએ ? એ એમનું કામ કરી રહ્યા છે. આપણે આપણા ધર્મને વળગી રહેવું જોઈએ. એમને જે કરવું હોય તે ભલે કરે. આપણો ધર્મ સહન કરવાનો ને ક્ષમા આપવાનો છે. આપણે એમની વચ્ચે ના આવીએ એ જ બરાબર છે.'

શિષ્યોએ ચોરોને અંદર આવીને જે કાંઈ લઈ જવું હોય તે લઈ જવાની અવારનવાર અરજ કરવા છતાં એ માન્યા નહિ. એમણે કુંજુંસ્વામીનો બદલો લેવાની પ્રતિજ્ઞા કરી. એ સાંભળીને કુંજુંસ્વામી બહાર નીકળી ગયા. મહર્ષિની સુરક્ષાની ભાવનાથી શહેરમાંથી મદદ મેળવવા માટે એ ખેતરોને રસ્તે ચાલી નીકળ્યા.

એ દરમિયાન રામકૃષ્ણે ચોરોને વધારે અને અનાવશ્યક ગજગ્રાહ કરવાને બદલે જે જોઈતું હોય તે લઈને વિદાય થવાની વિનતિ કરી પરંતુ એમની વિનતિ વ્યર્થ ગઈ. ચોરોએ કુટિરને બાળી નાખવાની ધમકી આપી. મહર્ષિએ એમને એવું જલદ પગલું ભરવાની ના પાડીને જણાવ્યું કે એના કરતાં તો અમે બધા બહાર નીકળી જઈએ છીએ. ચોરો એવું જ ચાહતા'તા. મહર્ષિ આશ્રમવાસીઓ સાથે બહાર નીકળવા તૈયાર થયા પરંતુ એવે કટોકટીને વખતે પણ જીવદયાને ના ભૂલ્યા. વ્યાધિગ્રસ્ત કૂતરા કરુપ્પનને ચોર લોકો મારી ના નાખે એટલા માટે સૌથી પહેલાં એમણે એને સલામત સ્થળે ખસેડવાની સૂચના કરી, અને એ સૂચનાનો અમલ થયા પછી એ એમના ત્રણ શિષ્યો સાથે ઉત્તર દિશા તરફના બારણામાંથી બહાર નીકળ્યા. ચોરોએ એ વખતે એમની ઉપર લાકડીઓના પ્રહાર કર્યા. એમને મન મહર્ષિ અને સામાન્ય આશ્રમવાસીઓ સૌ સરખા હતા. એમની સદબુદ્ધિ સંપૂર્ણપણે નષ્ટ થઈ ગઈ હોવાથી એમણે મહર્ષિ પર પણ પ્રહાર કર્યો. એથી મહર્ષિને ડાબા સાથળ પર વાગ્યું પણ ખરું. છતાં પણ પોતાના સંતસ્વભાવને વફાદાર રહીને એમણે શાંતિ સાથે કહ્યું : 'આટલાથી સંતોષ ના થયો હોય તો તમે મારા બીજા પગ પર પણ પ્રહાર કરી શકો છો. આ રહ્યો એ પગ.'

પરંતુ એમની ઉપર વધારે પ્રહાર કરવાની ચોરોની હિંમત ના ચાલી એટલે કે પછી રામકૃષ્ણે એમની આગળ આવીને એમની ઉપર થનારા પ્રહારને ઝીલી લેવાની ભાવનાથી પોતાના બંને હાથ ફેલાવી દીધા એટલે, ગમે તે કારણે પણ, એ બચી ગયા. બધા બહાર નીકળ્યા એટલે ચોરો બોલ્યા : 'જો ત્યાંથી જરાક પણ આઘા પાછા થશો તો તમારાં મસ્તકને ધડથી અળગાં કરવામાં આવશે.'

એમની એ ધમકી સાંભળીને મહર્ષિ બોલ્યા :

'અમે તો તમને સમસ્ત હોલ સુપ્રત કરી દીધો છે. તમને જે ઉચિત લાગે તે કરી શકો છો.'

એટલામાં તો એક ચોરે આવીને ફાનસની માગણી કરી એટલે મહર્ષિના આદેશને અનુસરીને રામકૃષ્ણે એને ફાનસ આપ્યું. બીજા ચોરે આવીને પેટીની ચાવી માગી પણ તે તો કુંજુસ્વામી પાસે હતી અને એ બહાર ગયેલા. ચોરોને જણાવવામાં આવ્યું એટલે એમણે પેટીને તોડીને એમાંથી એક અસ્ત્રો, મૂર્તિઓના સુશોભન માટે તૈયાર કરવામાં આવેલી ચાંદીની પટ્ટીઓ, થોડાક ચોખા, કેરી અને એક મુલાકાતી ભક્તપુરૂષના છ રૂપિયા હાથ કર્યા. બધા મળીને આશ્રમની દસ જ રૂપિયાની માલમત્તા હાથમાં આવવાથી ઘણી મોટી સંપત્તિની આશામાં આવેલા ચોરો નિરાશ થયા ને મહર્ષિ પાસે આવીને લાકડીઓ ઉગામીને બોલ્યા : 'પૈસા ક્યાં સંતાડ્યા છે ? પૈસાને રાખવાની જગ્યા ક્યાં છે ? ' મહર્ષિએ જરા પણ ઉશ્કેરાટ વગર જણાવ્યું : 'અમારી પાસે પૈસા ક્યાંથી હોય ? અમે તો ભિક્ષાન્ન પર જીવનારા સામાન્ય સાધુઓ છીએ.'

ચોરોએ ઉપરાઉપરી એ જ પ્રશ્ન પૂછી જોયો પરંતુ એનો એક જ સરખો અનુત્સાહવર્ધક ઉત્તર મળવાથી ચાલ્યા ગયા.

ચોરોના ચાલ્યા ગયા પછી મહર્ષિએ રામકૃષ્ણને અને બીજા ઈજા પામેલા આશ્રમવાસીઓને દવા લગાડવા કહ્યું તો રામકૃષ્ણે પૂછ્યું કે અમે તો દવા લગાડીશું; પરંતું તમારું શું ? તમારી દશા કેવી છે ? એ વખતે પોતાની પીડાની લેશ પણ દરકાર કર્યા વગર આશ્રમવાસીઓની પીડાને ઓછી કરવાના હેતુથી એમણે જરાક વિનોદમાં કહ્યું : ' હું પણ બાકાત થોડો રહ્યો છું ? મારી પણ બરાબર પૂજા કરવામાં આવી છે.' રામકૃષ્ણે એ મહાપુરૂષના ડાબા સાથળને સૂજેલું જોયું. એથી એમના ગુસ્સાનો પાર ના રહ્યો. ત્યાં પડેલા એક લોઢાના મજબૂત સળિયાને ઉઠાવીને એમણે ચોરોની પાછળ જવાની અને એમની ખબર લેવાની પરવાનગી માગી. પરંતુ મહર્ષિ જેવા આદર્શ મહાપુરૂષ એવી અનુચિત પરવાનગી કેવી રીતે આપી શકે ? એમણે એમને સારી પેઠે સમજાવીને હિંસા, વિરોધ, વેરભાવ અથવા પ્રતિકારના માર્ગની ભયંકરતા ને નિરર્થકતા બતાવીને કહ્યું : ' આપણે સાધુઓ છીએ. આપણે આપણા ધર્મનો ત્યાગ ના કરવો જોઈએ. તમે તેમના પર પ્રહાર કરો તો સંભવ છે કે વધારે પડતી ઈજાને લીધે કોઈનું મૃત્યુ પણ થઈ જાય. એને લીધે લોકો ચોરોને નહિ પણ આપણને જ દોષ દે એ સ્વાભાવિક છે. એ લોકો –ચોરો તો બૂરા માર્ગે વળેલા છે. અજ્ઞાનથી અંધ બનેલા છે. એ સત્યનો વિચાર ના કરી શકે, પરંતુ આપણે તો ઉચિત—અનુચિતનો વિચાર કરીને એને વળગી રહેવું જોઈએ. કોઈવાર તમારી જીભ એકાએક તમારા દાંતની વચ્ચે આવીને ચગદાઈ જાય છે, એવે વખતે તમે દાંતને તોડી નાખો છો ?'

મહર્ષિના સદ્દુપદેશથી રામકૃષ્ણની વેરભાવના શાંત થઈ.

રાતે બે વાગે ચોરો આશ્રમ છોડીને બહાર નીકળ્યા.

મહર્ષિની ઉપર એ ભયંકર પ્રતિકૂળ પ્રસંગની કશી જ અસર ના થઈ હોય તેમ એ સ્વસ્થ ચિત્તે શાંતિપૂર્વક બેસીને આત્મવિચાર કરવા લાગ્યા.

ચોરોના પ્રતિકૂળ પ્રસંગે એમની સ્થિતિપ્રજ્ઞતાની પૂરેપૂરી પ્રતીતિ કરાવી દીધી.

થોડા વખત પછી કુંજુંસ્વામી બે પોલીસ કોન્સ્ટેબલ સાથે આવી પહોંચ્યા. ઉત્તરના આંગણામાં શિષ્યો સાથે શાંતિપૂર્વક આધ્યાત્મિક વિષયોની વાતો કરતા બેઠેલા. કોન્સ્ટેબલોએ એમની પાસેથી બધી માહિતી માગી તો એમણે કહ્યું :

'કોઈ અજ્ઞાની લોકોએ આશ્રમમાં પ્રવેશ કરેલો, પરંતુ ખાસ માલમત્તા ના મળવાથી અથવા એમનો પરિશ્રમ નિષ્ફળ જવાથી એ નિરાશ થઈને જતા રહ્યા.'

કોન્સ્ટેબલો તપાસ કરીને વિદાય થયાં.

એમણે બધું નોંધી લીધું.

એટલામાં તો આશ્રમમાં પૂજા કરનારા કિશોર મુનુસ્વામીએ એમની પાછળ જઈને એમને મહર્ષિને મારવામાં આવ્યાની ફરિયાદ કરી. એના પરિણામે એક હેડ કોન્સ્ટેબલ, સબઈન્સ્પેકટર, સર્કલ ઈન્સ્પેકટર તથા ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ પોલીસો સાથે આશ્રમમાં આવી પહોંચ્યા. મહર્ષિએ કોઈને માર માર્યાની વાત ના કહી અને ચોરોની વિરૂદ્ધ એક શબ્દ પણ ના ઉચ્ચાર્યો.

પરંતુ કુદરત પોતાનું કામ કરતી રહી.

એને લીધે એ ઘટના પછી છઠ્ઠે સાતમે દિવસે માહિતિ મળી કે કલ્લકુરિચિ તાલુકાના એ ત્રણે ચોર મુદ્દામાલ સાથે પકડાઈ ગયા છે.

બીજે મહિને એમના પરનો કેસ ચાલ્યો અને એમને સજા થઈ.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૮) પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ

આત્મદર્શી અથવા આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત પુરૂષોની અવસ્થા કેવી અનેરી હોય છે ! એ માનવમાત્રમાં જ નહિ પરંતુ પ્રાણીમાત્રમાં પરમપવિત્ર પરમાત્મપ્રકાશનું દર્શન કરે છે અને એને લીધે ભેદભાવ, ભય તથા રાગદ્વેષથી રહિત બનીને સૌ પ્રત્યે પ્રેમ રાખે છે. એમનો વ્યવહાર નિષ્કપટ, નિર્મળ ને મધુમય બને છે. એમના અંતરમાં સૌની સુખાકારી, શાંતિ અને સમુન્નતિની ભાવના રહે છે અને એ ભાવનાથી પ્રેરિત થઈને એમના નાનામોટા બધા જ જીવન વ્યવહાર થયા કરે છે. એમનું જીવન જાણે કે સર્વત્ર સર્વકાળે સુખશાંતિના પ્રસાર માટે ને બીજાને ઉપયોગી થવા માટે જ વપરાતું હોય છે.

મહર્ષિનો પ્રાણીઓ—અલબત્ત મનુષ્યેતર પ્રાણીઓ પ્રત્યેનો વ્યવહાર અત્યંત વિલક્ષણ હતો. કેટલાક સામાન્ય માનવો એમની તરફ ઊંડી તિરસ્કારવૃત્તિ તથા સૂગ રાખતા હોય છે. એ એમની સાથે અતિશય કઠોર કે નિર્દયતાપૂર્ણ વર્તાવ કરતાં પણ નથી અચકાતા. પરંતુ મહર્ષિ એવા નિર્દયતાપૂર્ણ તિરસ્કારયુક્ત કઠોર વ્યવહારની કલ્પના સ્વપ્ને પણ ના કરી શકતા. એમના સ્વભાવમાં એવી વસ્તુ હતી જ નહિ. એમના અંતરમાં જાણે કે પ્રેમ ને પ્રેમ જ ભરેલો. એ પ્રેમનો પવિત્ર પ્રવાહ જડચેતનાત્મક જગત પ્રત્યે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના વહેતો રહેતો.

એમના સંસર્ગમાં આવનારાં પ્રાણીઓના બાહ્ય ક્લેવરને નિહાળીને બેસી રહેવાને બદલે એમની આત્માનુભવયુક્ત જ્ઞાનમયી દૈવી દૃષ્ટિ એમની અંદરના ઊંડાણમાં રહેલા આત્મતત્વ સુધી પહોંચી જતી.

બહારના વિવિધ રૂપરંગોને ભેદીને એ એની પાછળની પરમ ચેતનાનો પરિચય કરતી. એ ઉપરાંત એ વિચારતા ને સમજતા કે પ્રાણી કે પક્ષીના રૂપમાં દેખાય છે એ આત્મા તો જાણે કેટલા બધા દીર્ઘ સમયથી વિશાળ સંસૃતિચક્રમાં ફર્યા કરે છે. એણે ન જાણે આવા કેટકેટલા વેશ ધારણ કર્યા છે. આજે પ્રગતિના પ્રકાશમય પાવન પથ પર એ આ ભૂમિકા પર સ્થિતિ કરે છે એટલું જ, બાકી મૂળભૂત રીતે તો એ યોનિરહિત, જાતિરહિત અને શુદ્ધ બુદ્ધ મુક્ત અથવા અલૌકિક છે.

એક બીજી હકીકત પણ ખાસ યાદ રાખવા જેવી છે. એમની તપઃપૂત ઉદાત્ત અંતદૃષ્ટિને લીધે જુદાં જુદાં પ્રાણીઓને જોતાંવેંત જ એમના જન્માંતરનું રહસ્યજ્ઞાન એમની આગળ કેટલીય વાર ખુલ્લું થઈ જતું. પૂર્વજન્મના એ રહસ્યજ્ઞાનની મદદથી એ પ્રાણીઓના ક્રમિક આત્મવિકાસને સહેલાઈથી સમજી શકતા, અને એટલા માટે જ એમના પ્રત્યે પ્રેમ તથા આદરભાવ રાખતા. એમની સાથેના એમનો વ્યવહાર એકદમ વિલક્ષણ બની રહેતો. એ વ્યવહારને સહાનુભૂતિપૂર્વક સુચારુરૂપે સમજવા માટે એના આવશ્યક ઉપોદઘાતરૂપ આ રહસ્યને સમજી લેવાની આવશ્યકતા છે.

મહર્ષિનો જુદા જુદા જીવો પ્રત્યેનો વ્યવહાર એવી પરમજ્ઞાનમયી ઊર્ધ્વ ભૂમિકા પરથી થતો હોવાથી એમની વાણી પણ બીજા બધા કરતાં વિલક્ષણ લાગતી. આશ્રમમાં રહેતાં પ્રાણીઓને જોઈને એ મનુષ્યોને માટે કાઢતા હોય એવા જ ઉદગારો કાઢતા.

'લક્ષ્મી આવી પહોંચી છે. એને જલદી ભાતનું ભોજન પૂરું પાડો.' હૉલની બારીમાંથી લક્ષ્મીને જોતાં જ એ એવી રીતે બોલી ઊઠતા. એ સાંભળીને આશ્રમમાં આવેલા કોઈક નવાગંતુકને લાગતું કે લક્ષ્મી નામની કોઈક સંબંધી સ્નેહી છોકરી બહાર ફરવા કે રમવા ગઈ હશે એ હવે આવી પહોંચી હશે ને મહર્ષિ એને લક્ષ્ય કરીને આવી સૂચના આપી રહ્યા હશે; પરંતુ થોડા વખતમાં જ એ ભ્રાંતિ ભાંગી જતી ને સઘળું સ્પષ્ટ થતું. લક્ષ્મીના નામનો અનુરાગપૂર્વક ઉત્તર આપતી લક્ષ્મી નામની ગાય એમની આગળ ત્વરિત ગતિએ ભારે ગૌરવપૂર્વક ચાલતી આવી પહોંચતી ને પોતાના ભોજનની પ્રતીક્ષા કરતાં ઊભી રહેતી ત્યારે એને ને બીજા બધાને સમજાતું કે મહર્ષિ લક્ષ્મી ગાયનું કેટલું ધ્યાન રાખે છે !

મહર્ષિ પાછા બીજા પ્રકારના ભાવથી ભરાઈને બોલી ઊઠતા : 'છોકરાઓને એમનું ભોજન મળ્યું કે નહિ ?'

એ શબ્દો સાંભળીને પણ આશ્રમમાં આવેલા નવા એકદમ અપરિચિત દર્શનાર્થીઓને લાગતું કે આશ્રમમાં રહેતા, રમતા કે બહાર ગયેલા છોકરાઓને માટે મહર્ષિ એવી મમત્વયુક્ત માહિતી મેળવી રહ્યા હશે, પરંતુ એ લાગણી તરત જ ખોટી નીકળતી. મહર્ષિ બોલી રહેતા કે તરત જ, એમના શબ્દોની રાહ જોઈને ઊભા હોય તેમ એમના એ સંવેદનશીલ સ્નેહસભર શબ્દોના ઉત્તરરૂપે બે–ત્રણ કૂતરાઓ આવી પહોંચતા ને એમને ભોજન કરાવવામાં આવતું.

'એને પાણી પાવ.' મહર્ષિ એમનામાંના એક તરફ અંગુલિનિર્દેશ કરીને કહેતા ને ભક્તો એમના આદેશનો અમલ કરીને એને પાણી પાતા.

નાની બિલાડી પણ એમની દૃષ્ટિની બહાર નહોતી. એને જોઈને એ બોલી ઊઠતા :

'છોકરા ! અહીં આવ, તારું ભોજન આવે ત્યાં સુધી થોડીક વાર વિશ્રામ કરતાં રાહ જો.'

અને બહારથી ભોજનનો સમય થતાં આવી પહોંચેલી બિલાડી એમના આદેશનું આજ્ઞાકિંત બાળકની પેઠે પાલન કરતી.

દિવસો, મહિના ને વરસો સુધી એ પ્રાણીઓ પ્રત્યે એ મનુષ્યો પ્રત્યે કરતા હોય એવો જ વ્યવહાર કરતા અને એમને મનુષ્યોને સંબોધતા હોય એવી રીતે જ સંબોધતા રહેતા. એમને એ પ્રાણીઓ છે એવું જાણે કે લાગતું જ નહિ. એમના પ્રત્યેની એમની દૃષ્ટિ તથા વૃત્તિ એવી અદભુત અથવા વિલક્ષણ હતી. મહાત્મા પુરૂષોના જીવનમાં અલગ અલગ અનેક અસાધારણ અંગો જોવા મળે છે. એ એમના વિરાટ વ્યક્તિત્વનો પરિચય પૂરો પાડનારાં ને સાથે મળીને સમગ્ર રીતે એ વ્યક્તિત્વને ઘડવામાં ફાળો આપનારાં હોય છે. એ બધાં અંગોનું અધ્યયન કર્યા પછી તટસ્થ રીતે નિસ્સંકોચપણે જરૂર કહી શકાય કે મહર્ષિના જીવન અથવા વિશાળ વ્યક્તિત્વનું મનુષ્યેતર પ્રાણીઓ પ્રત્યેના ઉદાત્ત વ્યવહારનું આ અંગ એક અત્યંત અનોખું અંગ છે અને એ જાતનું વિશિષ્ટ અંગ એમના સિવાયના બીજા મહાપુરૂષો કે સંતોના જીવનમાં એટલી બધી સરસ રીતે સંપૂર્ણપણે ભાગ્યે જ દેખાય છે અથવા નથી દેખાતું.

* * *    * * *    * * *    * * *

મહર્ષિએ અરૂણાચલ પર્વત પર રહેવાનો પ્રારંભ કર્યો ત્યારથી જ કૂતરાઓ એમના વિશ્વસનીય સાથી અને આશ્રમજીવનના ભાગ્યશાળી ભાગીદારો તરીકે રહેવા માંડેલા. એ એ મૂંગાં પ્રાણીઓ પ્રત્યે પ્રેમ રાખતા.

આશ્રમમાં આવનારા નવાગંતુકોને ત્યાંનાં કૂતરાઓની ઓળખાણ આપતાં એ કોઈ કોઈવાર ભારે ભાવભરી ભાષામાં કહેતાં :

'આ કમળાને જોઈને ? એ ઘણી જૂની છે. નીલા ને જેક એનાં સંતાનો છે. રોઝ અને બીજાં નાનાં બાળકોની એ માતામહ છે.'

કમળાના મૃત્યુ વખતે એમણે એની સંતતિને સંબોધીને કહ્યું :

'તમે તમારી દાદીમા પાસે શા માટે નથી જતાં ? એ તમને સૌને છોડી જવાની તૈયારીમાં છે.'

અને કમળાના મૃત્યુ પછી એનાં સંતાનોને એક સાચા શુભચિંતક સ્નેહાળ સ્વજનની પેઠે પોતાના કોઈક માનવ શિષ્યને સાંત્વન આપતા હોય તેમ સાંત્વન આપતાં અને સહાનુભૂતિ બતાવતાં કહેવા લાગ્યા :
' રોઝ, તારી દાદી કમળા તને છોડી ગઈ.'

* * *    * * *    * * *    * * *

મહર્ષિનું જીવનવૃત્તાંત અંગ્રેજીમાં લખનાર ભક્ત શ્રી બી.વી. નરસિંહ સ્વામીને આશ્રમના કૂતરા સંબંધમાં વરસો પહેલાં એકવાર વાત નીકળતાં જે કહેલું તે ખાસ નોંધવા જેવું છે. એમણે જણાવેલું :
'કરુપ્પન એના નામ પ્રમાણે આખા અંગે કાળો હતો. એ ઉચ્ચ આદતો તથા સિદ્ધાંતોમાં રુચિ રાખતો. અમે વિરૂપાક્ષી ગુફામાં રહેતા ત્યારે કોઈ કોઈ વાર એની કાળી આકૃતિને થોડેક દૂરથી જોઈ શકતા. કેટલીક વાર ઝાડપાન પાછળથી એનું મોઢું જ દેખાતું. એ વૈરાગ્યવાન હોય ને કોઈનો સંસર્ગ ના ચાહતો હોય એવી છાપ પડતી. અમે એના વૈરાગ્ય ને સ્વાતંત્ર્યને માન આપતા અને એના સ્થાનની નજીક એને માટેનું ભોજન મૂકી દેતા. એકવાર અમે પર્વત પર ચઢી રહેલા ત્યારે એણે એકાએક અમારા માર્ગની વચ્ચે આવીને મારી તરફ પ્રેમથી કૂદીને પૂંછડી પટપટાવવા માંડી. એણે એ આખીયે મંડળીમાંથી પોતાના પ્રેમને પ્રકટ કરવા માટે મને જ કેમ પસંદ કર્યો એ એક આશ્ચર્ય હતું. ત્યારથી એણે એક આશ્રમવાસી તરીકે રહેવા માંડ્યુ.

'એનો આત્મા ખરેખર ઉચ્ચ હતો અને સેવાભાવથી સંપન્ન. ધીરે ધીરે એણે એકાંતિક સ્વભાવને છોડી દઈને માયાળુ થવાનું શરૂ કર્યું. એ સાર્વત્રિક ભ્રાતૃભાવના આદર્શમાં વિશ્વાસ રાખતો. દરેક મુલાકાતી અથવા આશ્રમવાસી સાથે ભળી જઈને ગેલ કરતાં એ એના ખોળામાં અથવા એની સોડમાં બેસી જતો. કેટલાક એને પસંદ કરતા તો કેટલાક એનાથી દૂર રહેતા. પરંતુ એ પોતાના પ્રયત્નોમાં પાછો ના પડતો. કોઈ વાર એને શાંત રહેવાનો આદેશ આપવામાં આવતો તો આશ્રમના એકાદ આદર્શ સાધુની પેઠે એનું પાલન કરતો.

'એકવાર અમારી ગુફાની બાજુના એક બિલીવૃક્ષ પાસે બેસીને એક જુનવાણી બ્રાહ્મણ મંત્રજપ કરતો'તો ત્યારે એ એની પાસે પહોંચ્યો. બ્રાહ્મણ કૂતરાઓને અપવિત્ર માની એમનાથી દૂર રહેતો, તો પણ કરુપ્પન એની પાસે જવા લાગ્યો. એ બ્રાહ્મણની લાગણીનો ખ્યાલ કરીને એક આશ્રમવાસીએ એને ત્યાં જતો અટકાવવા માટે લાકડી ઉગામીને એની ઉપર ધીમેથી પ્રહાર પણ કર્યો. તે પછી કરુપ્પન બૂમ પાડતો નાસી ગયો.

'એણે એ દિવસથી આશ્રમનો ત્યાગ કર્યો અને એ પછી એ દેખાયો જ નહિ. એનો સ્વભાવ જ એવો સંવેદનશીલ અથવા લાગણીપ્રધાન હતો કે એકવાર જ્યાં એની સાથે બૂરો વર્તાવ કરવામાં આવતો ત્યાં એ ફરીવાર પગ જ ના મૂક્તો. પેલા આશ્રમવાસીને એકવાર પહેલાં સાવધાન કરવામાં આવેલો તો પણ એ કૂતરાના આદર્શો અને સ્વભાવથી બરાબર માહિતગાર ના હોવાથી એ એને મારવાની મોટી, મહાભયંકર ભૂલ કરી બેઠો. પહેલાં પલનિ સ્વામી વાણી ને વર્તનમાં કરુપ્પન પ્રત્યે કડકાઈ રાખતા. એક દિવસ એમના કડક વ્યવહારની અસર એટલી બધી ખરાબ થઈ કે વરસાદની ઋતુની ઠંડી રાતે કરુપ્પને આશ્રમના આંગણાનો ત્યાગ કર્યો. એ આશ્રમથી થોડે દૂર પડેલી કોલસાની કોથળી પર પડી રહ્યો. બીજે દિવસે સવારે એને પાછો બોલાવ્યો ત્યારે જ એ પાછો ફર્યો.

'એક બીજા નાના કૂતરાની કથા પણ એવી જ રસપ્રદ છે. વિરૂપાક્ષી ગુફામાં અમારી સાથે રહેતા એ કૂતરા પર પલનિ સ્વામીએ થોડાં વરસો પહેલાં પ્રહાર કર્યો હતો. એ પ્રહારથી પીડિત થઈને એ શંખતીર્થ તળાવની દિશામાં ગયો. થોડા વખત પછી એની કાયા એ તળાવના પાણી પર તરવા લાગી. પલનિ સ્વામીને ને બીજા બધાને તરત કહેવામાં આવ્યું કે કૂતરાઓ અને આશ્રમમાં રહેતાં બીજા પ્રાણીઓ બુદ્ધિશાળી છે અને સિદ્ધાંતવાદી છે; માટે એમની સાથે ખરાબ વર્તન ના કરાવું જોઈએ. કેવા કેવા અદભુત આત્માઓ એમનાં શરીરોમાં રહીને જીવી રહ્યા છે અને આપણા સંસર્ગમાં રહીને એમનાં અધૂરા રહેલાં કર્મોનો કયો ફળભોગ પૂરો કરી રહ્યા છે તેની ખબર કોને પડે છે ?'

આશ્રમમાં રહેતાં અસાધારણ બુદ્ધિમત્તા કે ચતુરતાવાળાં કેટલાંક કૂતરાંઓ અજાણ્યાના માર્ગદર્શકનું કામ પણ કરી બતાવતાં. કમળા, સેગપ્પન અને એવાં બીજાં કૂતરાંઓ અપરિચિતોને અરૂણાચલ પર્વત પર ફેરવતાં. મહર્ષિ ફક્ત એટલું જ કહેતા : 'કમળા, આમને લઈને બધું બતાવી આવ તો !' અને કમળા એ આજ્ઞાનું પાલન કરતાં નવાગંતુક દર્શનાર્થીને ગુફા, તળાવ, મૂર્તિઓ તથા જોવા જેવું બધું જ બતાવતી અને પાછી લાવતી.

જેકની અંદર પણ આજ્ઞાકારિતા, ચતુરતા અને સંવેદનશીલતાનો સમન્વય થયેલો દેખાતો. એક વાર મહર્ષિ બીજા કેટલાક ભક્તો સાથે વિરૂપાક્ષી ગુફામાંથી અરૂણાચલ પર્વત પર પરિભ્રમણ કરવા નીકળ્યા. એ પર્વતીય પથ પરથી જંગલમાંથી પસાર થતા આગળ વધવા માગતા'તા. ગુફાની નજીક બેઠેલા જેકને જોઈને બહાર નીકળતી વખતે મહર્ષિએ કહ્યું : ' અમે ફરવા જઈએ છીએ તો તું હવે શહેરમાં જા.'

એ બધા પર્વત પર દક્ષિણ તરફ આગળ વધ્યા. એકાદ માઈલ જેટલું અંતર કાપ્યા પછી એમણે જોયું તો જેક મહર્ષિની આજ્ઞાનું પાલન કરતો હોય તેમ પર્વત પરથી શહેરની દિશામાં નીચે ઊતરતો દેખાયો. થોડાક વખત પછી એ દેખાતો બંધ થયો.

થોડુંક વધારે અંતર કાપ્યા પછી એમણે ફરીવાર જોયું તો એ નીચે ઊતરીને ફરી પાછો ઉપર ચઢેલો અને એમની પ્રતીક્ષા કરતો એમના માર્ગમાં શાંતિપૂર્વક ઊભો રહેલો. એને જોઈને મહર્ષિ બોલી ઊઠ્યા :

'અમારી સાથે આવવાને બદલે તું સીધો આશ્રમમાં જ પહોંચી જા એ બરાબર છે. '

કૂતરાને એ શબ્દો પસંદ તો ના પડ્યા, પરંતુ મહાકવિ કાલિદાસના શબ્દોમાં '**आज्ञा गुरूणांह्यविचारणीया** ' અર્થાત્ મોટા માણસો, વડીલો કે ગુરૂજનોની આજ્ઞા કોઈ પણ પ્રકારના વિરોધી વિચાર વિના પાળવી જ જોઈએ એ ઉક્તિને માન આપતો હોય તેમ એ ઉદાસ થઈને આશ્રમ તરફ આગળ વધ્યો.

જેકમાં બીજા સદગુણો પણ નહોતા દેખાતા એમ નહિ. એ એક મહાન તપસ્વી કે સંયમી હતો અને નીરવતા તથા શાંતિને પસંદ કરતો. સવારે એ દેવદાસીના ઘરમાં ઈશ્વરને અર્પણ કરવામાં આવેલા પ્રસાદનો નાસ્તા તરીકે અંગીકાર કરતો, પછી પૂજારી સાથે અરૂણાચલ પર્વત પરના મંદિરે જતો, અને પૂજારીનો સાથ ત્યાં જ છોડી દઈને મહર્ષિને મળવા વિરૂપાક્ષી ગુફામાં જઈને બાજુની ગુફામાં શાંતિપૂર્વક મૌન ધારણ કરીને બેસી રહેતો. કોઈ બીજા કૂતરાઓ સાથે ફરવાનું કે લડવાનું એને કદી પણ ના ગમતું. સવારે નવથી સાડા નવ દરમિયાન બહાર નીકળીને પર્વતની તળેટીના મંદિરનું નૈવેદ્ય મેળવતો ને પોતાની પ્રિય ગુફામાં પાછો ફરતો. આશ્રમમાં જે કાંઈ મળતું એથી એ સંતોષ પામતો ને ફરીવાર ગ્રહણ કરવાની ઈચ્છા ના રાખતો. સાંજે એ જ દેવદાસીને ઘેર રાત્રીભોજન માટે પહોંચી જતો. ત્યાં જે મળતું તે ખાઈને એક મઠમાં પેલા પૂજારી પાસે સૂઈ રહેતો. એનું જીવન સાધક અથવા સાધુનું જીવન હતું. એકવાર એક ચિત્તાએ એને પકડ્યો ત્યારે પૂજારીએ બૂમ પાડવાથી ચિત્તો એને છોડીને નાસી ગયો. એ વખતે તો એની રક્ષા થઈ પરંતુ પાછળથી ઈ.સ. ૧૯૦૫–૬માં એ જ ચિત્તાના હાથમાં સપડાઈને કહે છે કે એ મૃત્યુ પામ્યો.

મહર્ષિ એમના સમાગમમાં આવનારાં સઘળાં પ્રાણીઓ પર પ્રેમ રાખતા. એમનો એમની સાથેનો વ્યવહાર વિશદ, સ્વાર્થરહિત અને ઉત્તમ રહેતો. એ એમની સાથે વાતો કરતા અને એ સમજી તેમ જ પાળી શકે એવી સાદીસીધી સૂચનાઓ પૂરી પાડતા. એ એમનાં સુખદુઃખનું, ભોજનનું, સ્નાનનું, શયનનું અને એમની સ્વચ્છતાનું પૂરેપૂરું ધ્યાન રાખતા. એ એમનો ઉલ્લેખ આશ્રમવાસીઓ તરીકે જ કરતા અને આશ્રમનાં બાળકોની જેમ જ એમને સૌથી પહેલાં જમાડવાનો આગ્રહ રાખતા. એમને જમાડ્યા પછી ક્ષુધાર્ત યાચકો કે દરિદ્રનારાયણોને જમાડવામાં આવતા અને સૌથી છેલ્લે મહર્ષિ, આશ્રમવાસીઓ અને દર્શનાર્થીઓ ભોજન કરતા. દરરોજ ભોજન કે નાસ્તો કરતી વખતે બધા જ પ્રસંગે એ પરિપાટીનું પાલન કરવામાં આવતું. આશ્રમને માટે એ પરિપાટી સ્વાભાવિક બની ગયેલી.

*** *** *** ***

આશ્રમમાં જેક(બીજો) પણ રહેતો. એનામાં ને બીજા કૂતરાઓમાં બહારથી જોતાં કોઈ ખાસ ફેર નહોતો દેખાતો; પરંતુ એનું મૃત્યુ અનોખી રીતે થયેલું. ઈ.સ. ૧૯૩૩ની મકરસંક્રાંતિના વીસ દિવસ પહેલાં એ બિમાર પડ્યો. એના કેટલાક વખત પહેલાં એ અન્નને ના અડતો હોવાથી એને એકલું દૂધ આપવામાં આવતું. માંદા કૂતરાના દેહમાંથી નીકળતી દુર્ગંધ જેવી દુર્ગંધ એના દેહમાંથી નહોતી નીકળતી. એની અસ્વસ્થ દશા દેખીને એનો અંતકાળ સમીપ હોવા વિશે કોઈને કશી શંકા ના રહી. સંક્રાંતિની શાંત રાતે કોઈપણ પ્રકારની પીડા અથવા વેદના વિના એનું શરીર છૂટી ગયું.

મહર્ષિએ એની શાંતિને જોઈને એને અંજલિ આપતાં જણાવ્યું કે મૃત્યુ સમયે એનો વ્યવહાર પરમજ્ઞાની ને યોગી ભીષ્મ પિતામહ જેવો જ હતો. એના ઉપરથી એના આત્માની અસાધારણતાનો ખ્યાલ આવે છે.

જેક બીજાના મૃત્યુ પછી મહર્ષિની સૂચનાનુસાર આશ્રમવાસીઓએ આશ્રમની ઉત્તર તરફ એની સમાધિ તૈયાર કરી. મહર્ષિ મૃત્યુ પછી પણ મનુષ્યેતર પ્રાણીઓ સાથે મનુષ્યો જેવો જ વ્યવહાર કરાવતા. એમની પાછળ મનુષ્યોની ક્રિયાઓ જેવી જ ક્રિયાઓ કરવાનો આગ્રહ રખાતો. સઘળાં મનુષ્યેતર પ્રાણીઓને સારી પેઠે વિધિપૂર્વક સમાધિ આપવામાં આવતી.

જેક બીજો કમળાના છેલ્લા સંતાનરૂપ હોવાથી એના મૃત્યુની સાથે કમળાનો વંશવેલો સમાપ્તિ પર પહોંચી ગયો.

* * *       * * *       * * *       * * *

પ્રાચીન કાળના પ્રાતઃસ્મરણીય ઋષિમુનિઓના શાંત સુંદર પવિત્ર વાયુમંડળવાળા આશ્રમોમાં મૃગ પણ જોવા મળતાં. કેટલાક ધર્મગ્રંથોમાં વર્ણવ્યા પ્રમાણે મૃગ અને વાઘસિંહ પારસ્પરિક વેર તેમજ હિંસાભાવને ભૂલી જઈને એક સાથે રહેતાં, બેસતા, હરતાં ફરતાં ને પાણી પીતા. એ દૃશ્યો એમના અસાધારણ આત્મસંયમ અને સર્વાત્મભાવનાં સૂચક હતાં.

મહર્ષિના આશ્રમમાં એક નાની સરખી મૃગલી હતી. એને લીધે એમની આશ્રમની શોભામાં વધારો થતો. એનુ નામ વલ્લી હતું,

જુદા જુદા જીવોના સંબંધમાં બને છે તેમ વલ્લી પણ એના મહર્ષિ સાથેના કોઈક સુંદર પૂર્વસંસ્કારોના અનુસંધાનમાં જ આશ્રમમાં આવી પહોંચેલી. તિરુવણ્ણામલૈમાં રહેતા ને દીવાસળી બનાવવાની પ્રવૃત્તિમાં પડેલા એક વૈજ્ઞાનિક તરફથી એ આશ્રમને ઉપહારમાં મળેલી.

આશ્રમવાસીઓ એને ખૂબ જ પ્રેમથી જોતા ને ઉછેરતા. એણે એમનાં મનને મુગ્ધ કરેલાં.

આશ્રમના આંગણામાં એ કોઈ પણ પ્રકારના સંકોચ, ભય કે અંતરાય વિના ફર્યા કરતી.

એને લીધે વાતાવરણ સુંદર લાગતું ને પ્રાચીન કાળના વેદ તથા ઉપનિષદકાલીન ઋષિવરોનું સ્મરણ કરાવતું.

એને જનસમૂહનો જરા પણ ભય નહોતો લાગતો.

મહર્ષિ એને જોઈને આનંદ પામતા અને એ પણ એમના દર્શનસહવાસથી પ્રસન્ન થતી ને જીવનને ઉત્સવની જેમ વ્યતીત કરતી.

એ ગોવાળો તથા ઘેટાંબકરાંવાળા સાથે ગાયો, બકરીઓ ને ઘેઠાંના સમૂહમાં બહાર નીકળતી ને ક્રીડા કરતી. બકરીઓ એને પોતાનું દૂધ પીવા દેતી. એને જાણે કે સૌની સાથે મિત્રતા થયેલી.

પરંતુ એના જીવનનો અંત કરુણ રીતે આવી ગયો.

વાત એમ બની કે એકવાર એ ઉત્સાહમાં ને ઉત્સાહમાં ઠેકડા મારતી આશ્રમથી લગભગ ત્રણ માઈલ દૂર પહોચી ગઈ. ત્યાં કોઈએ એના પગ પર ખૂબ જ જોરથી ડાંગ મારી. એને માટે એ પ્રહાર મરણતોલ બની

ગયો. એથી એનો પગ તૂટી ગયો. પેલો નિર્દય માણસ એને ઉપરાઉપરી ફટકા મારીને ત્યાં જ મારી નાખત! પરંતુ વલ્લીના સદભાગ્યે કોઈએ એને ઓળખી લીધી અને ઉગારીને સંભાળપૂર્વક આશ્રમમાં પહોંચાડી. એની દુર્દશા દેખીને સૌ દુઃખી થયાં. સૌના હૃદય રડવા માંડ્યાં.

પશુચિકિત્સકો પાસે એની ચિકિત્સા કરાવવામાં આવી તો પણ એનું જીવન ના બચી શક્યું. આશ્રમના પ્રશાંત પવિત્ર પરમાણુઓ વચ્ચે એણે છેલ્લો શ્વાસ લીધો.

એના શરીરને આશ્રમની ઉત્તર તરફ દાટવામાં આવ્યું.

* * *    * * *    * * *    * * *

મહર્ષિના આશ્રમમાં આવેલાં અને એમના સ્વર્ગીય સંસર્ગમાં રહેલાં પ્રાણીઓનો ઈતિહાસ અત્યંત રસપૂર્ણ છે. એ બધાનું સવિસ્તર વર્ણન કરવાનું કદાચ અનાવશ્યક લેખાય, પરંતુ એમાંના એકના ઉલ્લેખ સિવાય એ વિવરણ અધૂરું જ રહી જાય. એ ઉલ્લેખ લક્ષ્મીનો છે. લક્ષ્મી આગળ પર કહેવાયું છે તેમ એક ગાય હતી.

નાસ્તાના તથા ભોજનના સમયે લક્ષ્મી સીધી હોલમાં પહોંચી જતી ને મહર્ષિ આગળ ઊભી રહેતી. મહર્ષિ એના શરીરે સ્નેહથી હાથ ફેરવતા અને રસોડાના માણસોને એને ખવડાવવાનો આદેશ આપતા.

કોઈ વાર એ કોઈક દર્શનાર્થીના હાથમાંથી કેળાંનું લૂમખું લઈને ચાલી નીકળતી ત્યારે કોઈ આશ્રમવાસીઓ એને મારવાની ધમકી આપતાં. એવે વખતે મહર્ષિ એનો પક્ષ લઈને એનો બચાવ કરતા. એ ફળફૂલ કે શાકભાજીના બગીચામાં પેસી જતી ત્યારે કોઈ એને ધમકાવતું કે એની સાથે દુર્વ્યવહાર કરતું તો પણ એ જરા પણ પસંદ ના કરતા ને કહેતા કે એમાં લક્ષ્મીની નહિ પરંતુ તમારી ભૂલ છે. તમારે તમારી જમીનની સુરક્ષા માટે વાડ કરવી જોઈએ.

મંગલ મહોત્સવ અથવા પર્વદિવસ પર એનું ખાસ ધ્યાન રખાતું. એને સંભાળપૂર્વક સારી રીતે સ્નાન કરાવાતું, બીજી રીતે શણગારવામાં આવતી અને ફૂલની માળાઓ પહેરાવાતી.

મહર્ષિ એની ઉપર પિતાતુલ્ય પ્રેમ રાખતા. એ એને પોતાને હાથે ફળ ખવડાવતા ત્યારે એ ઊંડી કૃતાર્થતાનો અનુભવ કરતી. એ ફળમાં એને સ્વર્ગીય સ્વાદ લાગતો. પરમતૃપ્તિના ભાવમાં ડૂબીને એ આંખ મીંચી લેતી. એ વખતનું દૃશ્ય અત્યંત આનંદદાયક અને અદ્દભુત હતું. એ પૂરેપૂરી તૃપ્તિ ના થતી ત્યાં સુધી ખાતી જ રહેતી. મહર્ષિના પરમપવિત્ર સ્નેહ અને સેવાભાવથી પુલકિત ને પ્રસન્ન બનીને એ એમના શરીરને ચાટવા લાગતી. એના ચાટવાથી એમનું શરીર લાલ થઈ જતું પણ એ શાંતિપૂર્વક સહન કરતાં.

કોઈવાર પોતાના પૂર્વસમયની સ્મૃતિ થઈ આવતી હોય તેમ એ મહર્ષિ પાસે મંત્રમુગ્ધ બનીને લાગણીવશ થઈને ઊભી રહેતી. એ વખતે એના સંવેદનશીલ અંતરમાંથી આર્વિભાવ પામતાં આંસુ એની આંખમાંથી ટપકવા માંડતાં. મહર્ષિ એની તરફ સહાનુભૂતિથી જોતા અને એના શરીરે હાથ ફેરવતાં એને આશ્વાસન આપતા. સાંજનો સમય થતો ત્યારે એ છૂટી પડતી. વખતના વીતવા સાથે એને માટે આશ્રમમાં બનાવેલી ગોશાળામાં જ એ રહેવા લાગી.

ઈ.સ. ૧૯૩૫થી લક્ષ્મી આશ્રમની કાયમી સદસ્યા બની ગઈ. એણે આશ્રમને બીજી કેટલીય ગાયો પ્રદાન કરી. ઈ.સ. ૧૯૪૮ના જૂનની અઢારમીએ એનું મૃત્યુ થયું ત્યાં સુધી એ આશ્રમને સંપૂર્ણપણે વફાદાર રહીને સૌની શક્તિ તથા સંજોગો પ્રમાણે સેવા કરતી રહી. એના મૃત્યુ પછી આશ્રમમાં ભોજનશાળાની સામે જ એની સમાધિ કરવામાં આવી. એની ઉપર એની નાનીસરખી મૂર્તિ મુકાઈ. એ મૂર્તિ અને સમાધિ આજે પણ જોઈ શકાય છે. એ સમાધિ પર મહર્ષિએ એને માટે પસંદ કરેલા સુંદર શબ્દો અંકિત કરવામાં આવ્યા છે ને જણાવવામાં આવ્યું છે કે લક્ષ્મી નામની આ ગાય મહર્ષિને પ્રિય હતી ને મહર્ષિ એનું દૂધ પીતા. મહર્ષિએ એમાં એનો એક મુક્તાત્મા તરીકે ઉલ્લેખ કર્યો છે એથી અધિક આદરયુક્ત અનુરાગપૂર્ણ અંજલિ બીજી કયી હોઈ શકે ? લક્ષ્મીનું જીવન ને મરણ એ અસાધારણ અંજલિથી ધન્ય બની ગયું એમાં શંકા નથી.

કયા આત્માઓ પોતાના અનંત જીવનના પુણ્યપ્રવાસમાં કેવાં કેવાં શરીરો ધારીને ક્યાં ક્યાં રહે છે તેની ખબર સામાન્ય માનવને ક્યાંથી પડે ? એ હકીકત તો મહર્ષિ જેવા એકાદ મહામાનવ જ જાણી શકે. લક્ષ્મીના શરીરમાં રહેલા આત્માના અસાધારણ સંસ્કારોને મહર્ષિ પહેલીથી જ જાણી ચૂકેલા હોવાથી એ એના પ્રત્યે વિશેષ પ્રેમ રાખતા. એમણે આશ્રમના ભક્તો તથા જિજ્ઞાસુઓની આગળ લક્ષ્મીના જન્માંતરનું રહસ્યોદઘાટન પણ કરેલું.

મહર્ષિએ ઈ.સ. ૧૯૦૦માં અરૂણાચલ પર રહેવાનો આરંભ કર્યો ત્યારે એક ભક્તિભાવવાળી વૃદ્ધ સ્ત્રી એમને માટે ભિક્ષાન્ન તથા શાકભાજી એકઠી કરીને સુંદર રસોઈ બનાવીને એમને પહોંચાડતી. એમની સેવા એ વૃદ્ધાનો પ્રિય વ્યવસાય બની ગયેલો. એ એમની પાસે આવીને અત્યંત આગ્રહપૂર્વક પ્રેમભાવે જમાડતી. કોઈ કોઈ વાર એની શ્રદ્ધાભક્તિની કદર કરીને મહર્ષિ પોતે અરૂણાચલની તળેટીમાં આવેલા એના ઘરમાં પહોંચી જતા ને એને શાક સમારવાના ને બીજા કામમાં મદદ કરતા. એ વૃદ્ધા એમના પ્રત્યે માતા જેવો પ્રેમ રાખતી. એના દેહત્યાગ પછી એની ઉત્તરક્રિયા રમણાશ્રમની પાસે જ કરવામાં આવેલી. કોઈ સાત્વિક સેવાસંસ્કાર શેષ રહેવાથી એ વૃદ્ધા લક્ષ્મી ગાયના રૂપમાં એમની સેવા કરીને કૃતાર્થ થવા માટે પાછી આવેલી. મહર્ષિએ એને એમની અલૌકિક દૃષ્ટિથી ઓળખી કાઢેલી.

* * *        * * *        * * *        * * *

મહર્ષિના આશ્રમમાં સાપ અને વીંછીને મારવાની છૂટ નહોતી આપવામાં આવતી. કોઈવાર રાતે છાપરા પરથી સાપ પડતો એવે વખતે આશ્રમના પરિચારકને પોતાનું કર્તવ્યપાલન કરતાં એની પાછળ ફાનસ રાખીને એને બહાર કાઢવો પડતો. ફાનસ સાપની પાછળ રાખવું પડતું કારણ કે આગળ રાખવાથી એ એના તેજથી અંજાઈ કે ગભરાઈ જાય. એમના આદર્શ પરિચારક માધવન વીંછીને ડંખ ના મારે એવી રીતે પાછળથી પકડીને દૂર નાખી આવવાની કળામાં કુશળ હતા.

એમને વાંદરા પર વધારે પ્રેમ હતો. એ કહેતા કે એ માણસો કરતાં ઘણી રીતે સારા છે. કોઈ વાંદરાને હોલમાં એકાએક આવીને કોઈક દર્શનાર્થીના હાથમાંથી કેળાં લઈ જતો જોઈને એ વિનોદમાં આવી જતા. એ એમને ખવડાવવાની સૂચના આપતા અને આશ્રમના સંચાલકો એમના તોફાનથી રોષે ભરાતા તો પણ એમને અનેક રીતે ઉત્તેજન આપતા.

આશ્રમમાં કેટલાક મોરો પણ રહેતા, પણ બધા મોરોને ત્યાંનું વાતાવરણ ના ફાવતું. એક ગ્રામવાસી ભક્ત બે થી ત્રણવાર મોરને લાવ્યા તો પણ એ ત્યાં રહી ના શક્યા. મહર્ષિએ એમને લક્ષ્ય કરીને કહ્યું કે એ હજુ તૈયાર નથી થયા. એના પરથી લાગે છે કે બધા અથવા કેટલાક મનુષ્યેતર જીવો પણ એમના સંસર્ગમાં રહેવાની યોગ્ય ભૂમિકાવાળા નથી હોતા.

વડોદરાની રાણીએ એકવાર એમને એક સફેદ મોર ને બે સફેદ ઢેલો ભેટ આપેલી. મોર એમનો સંસર્ગ છોડીને ક્યાંય ના જતો. એ વખતે મહર્ષિ જૂના હોલમાં રહેતા. રાતે મોર ત્યાં જ સૂઈ રહેતો. મહર્ષિએ એને શાકાહારી રહેવાની ટેવ પાડેલી. એમના મહાનિર્વાણદિનની રાતે એ સૂતેલા એ ખંડના છાપરા પરથી એણે એકધારી ચીસો પાડવા માંડી. બીજા મોરો એને આશ્રમથી દૂર લઈ જતા હોવાથી થોડા વખત પછી શહેરમાં જ એનું મૃત્યુ થયું. એ કહેતા કે એમનો સમાગમ સાધવા કોઈ કોઈ ભક્તો મનુષ્યેતર પ્રાણીઓના શરીરમાં પણ પ્રકટ થાય છે. એટલા માટે પણ કોઈની ઉપેક્ષા કરવાનો ઉપદેશ એ ભૂલેચૂકે ને કદી પણ ના આપતા.

☼ ☼ ☼ ☼ ☼

## (૨૯) વિરોધી સાધુઓ

મહર્ષિનું હૃદય એટલું બધું ઉદાર, વિશાળ અથવા મહાન હતું કે એમાં નગણ્ય લાગતા નાના જીવોને માટે પણ સ્થાન હતું. કોઈ એમને માટે નગણ્ય, નાનું કે તુચ્છ ન હતું. એમની દૃષ્ટિમાં એક અથવા બીજી રીતે પ્રત્યેકનું મહત્વ હતું. એ પ્રત્યેક પ્રાણીની લાગણીનો ખ્યાલ કરતા, ને જાણ્યે અજાણ્યે કોઈક ભૂલ થઈ હોય તો તેને તરત પકડી પાડીને તે બદલ દંડ ભોગવતા.

એ બાબત એક પ્રસંગ ખાસ યાદ કરવા જેવો છે.

એકવાર એ અરૂણાચલના પર્વતીય પ્રદેશમાંથી પસાર થઈ રહેલા ત્યારે એમના ડાબા સાથળે એક મધપૂડો અથડાયો. એને લીધે છંછેડાયેલી રોષે ભરાયલી મધમાખીઓ એમની આજુબાજુ ઊડવા લાગી.

એ પોતાની ભૂલ સમજી ગયા. એ ભૂલ જો કે જાણી જોઈને નહોતી કરવામાં આવી તો પણ એ ના થઈ હોત તો સારું થાત એવું એમને લાગ્યા વિના ના રહ્યું.

પરંતુ મધમાખીઓ મદોન્મત્ત અને ક્રોધે ભરાયલી હતી. એમને વિચારવાનો વખત જ ક્યાં હતો ? એમની નજરમાં સંત-અસંત સૌ સરખા હતા. એ મહર્ષિને ઓળખીને અથવા એમના મહિમાનું મૂલ્યાંકન કરીને સહેજ પણ સન્માને તેમ ન હતું.

એ મહર્ષિ પર પોતાની સમસ્ત સેના અને શક્તિ સાથે તૂટી પડી. પોતાની સુખાકારી ને શાંતિનો નાશ કરવામાં નિમિત્ત બનનારા કે પોતાને સતાવનારા સત્પુરૂષની ઉપર દયા કરવાનું એ નહોતી સમજી. એમના સ્વભાવમાં જ નહોતું.

મહર્ષિના એ જ સાથળ પર એમણે જોરથી ડંખ મારવાનું શરૂ કર્યું.

એ જોઈને એ મહાપુરૂષ લેશ પણ ગભરાયા, ડર્યા કે હઠ્યા વગર ત્યાં જ ઊભા રહ્યા ને ડંખનું દર્દ સહન કરતાં શાંતિપૂર્વક બોલ્યા : ‘બરાબર છે. બરાબર છે. આ જ પગે તમારા નિવાસસ્થાનને હરકત પહોંચાડીને તમારી સુખશાંતિમાં ભંગ પાડ્યો છે. એ અપરાધનો બદલો એને ભલે મળતો.’

મધમાખીઓ વેરભાવને પૂરો કરીને ડંખ મારવાનું બંધ કરીને પાછી વળી ત્યારે જ એ આગળ વધ્યા. એમણે એ પીડાને ઉચિત માનીને મૌન રાખ્યું

એ અવારનવાર કહેતા કે ‘આપણે રહીએ છીએ એ અરણ્ય એમનું છે. જો બરાબર સંભાળીએ અને એમની સાથે સારી રીતે વર્તીએ તો એમનાથી ડરવાનું કારણ જ ક્યાં છે ? એ આપણને નુકસાન નહિ કરે.’

* * *　　* * *　　* * *　　* * *

જે મહાપુરૂષના મનમાં મનુષ્યેતર પ્રાણીઓ પ્રત્યે આટલો બધો સહાનુભૂતિભરેલો ભાવ અને આદર હતો એમના અંતરમાં માનવને માટે તો કેટલો બધો પ્રેમ હશે ? એમની સાથેનો એમનો વ્યવહાર કેટલો બધો વિશુદ્ધ, આદર્શ અને ઉપકારક હશે ? એમને કોઈ જાતની હાનિ પહોંચાડવાની કે એમનું અમંગલ કરવાની કલ્પના પણ એ ના કરી શકે ને ના કરી શકતા. છતાં પણ એમનો અકારણ વિરોધ કરનારા અને એમની પ્રત્યે દ્વેષભાવ રાખીને એમને હાનિ પહોંચાડવાની પ્રવૃત્તિ કરનારા મનુષ્યો પણ હતા. આશ્ચર્ય તો એ

હતું કે એવા મનુષ્યો સાધુઓ હતા. પેલી મધમાખીઓએ તો અજ્ઞાત રીતે પણ એમને નુકસાન પહોંચવાથી એમને પોતાના શત્રુ સમજી રોષે ભરાઈને ઉપરાઉપરી પ્રાણઘાતક ડંખ મારેલા. પરંતુ એ સાધુઓએ તો કોઈ પણ પ્રકારના નાના મોટા અપરાધ વિના જ એમને પજવવાની પાશવી પ્રવૃત્તિ કરેલી. એ ઈતિહાસ પણ જાણવા જેવો છે.

મહર્ષિ જ્યારે અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં રહેતા ત્યારે એવી રીતે એ એકલા જ રહેતા એવું નથી સમજવાનું. પર્વત પરની જુદીજુદી ગુફાઓમાં બીજા કેટલાક સાધુસંતો પણ નિવાસ કરતા. વિરૂપાક્ષી ગુફામાં આવીને એ એમને અવારનવાર મળતા પણ ખરા. એમનામાંના કેટલાક એકાંતપ્રેમી અને તપસ્વી હતા તો કેટલાક કેવળ વેશધારી. કેટલાક સત્વગુણી હતા તો કેટલાક ઘોર તમોગુણી. સત્વગુણી એકાંતપ્રેમી તપસ્વીઓની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી હતી ને તમોગુણી વેશધારીઓની સંખ્યા ઘણી વધારે. સાચા સત્વગુણી સાધુઓ સારી પેઠે સમજતા કે મન તથા ઈન્દ્રિયોને સંયમમાં રાખીને મહર્ષિની જેમ આટલી નાની ઉંમરમાં જીવનને સાધનાપરાયણ કરવાનું ને નિર્મળ તથા વીતરાગ બનાવવાનું કામ કાંઈ સહેલું નથી. પૂર્વના પ્રખર અસાધારણ સંસ્કારો વિના એ કામ ના થઈ શકે. એમને મહર્ષિની તપશ્ચર્યાનો ખ્યાલ હતો. એમની આત્મનિષ્ઠાથી અને એના પરિણામરૂપે પ્રાદુર્ભાવ પામેલી ઊંડી શાંતિથી એ સારી પેઠે માહિતગાર હતા. એમના અનુપમ ત્યાગ અને એમની તિતિક્ષાથી એ પરિચિત હતા. એમના સાધનામય જીવનના સાક્ષી બનવાનું સૌભાગ્ય એમને પ્રાપ્ત થયેલું. એને લીધે એ એમને માટે અસાધારણ આદરભાવ રાખતા, એમના પ્રત્યે પ્રેમ પ્રકટ કરતા અને પ્રસંગોપાત્ત એમની પ્રશંસા કરતા. એ એમની મહાનતાને સંપૂર્ણપણે સમજી તેમજ સ્વીકારી ચૂકેલા.

પરંતુ પર્વત પર બીજા સ્વાર્થી, સંકુચિત, રાગદ્વેષયુક્ત, અજ્ઞાની સાધુઓ પણ વાસ કરતા. એ એમનો વિરાધ કરતા, એમની નિંદા કરતા અને એમની ઉપર દ્વેષભાવ રાખીને એમને બધી જ રીતે હાનિ પહોંચાડવા તૈયાર રહેતા. એનું કારણ શોધવા બહુ દૂર જવું પડે તેમ ન હતું. એમને એકાંતવાસ, સાધના તથા તપઃપૂત જીવન સાથે કશો સંબંધ ના હોવાથી એમનું વિશેષ ધ્યાન પરમાત્મા તરફ નહિ પણ લોકો તરફ રહેતું. એ લોકોને આકર્ષવાના, ભોળવવાના, શિષ્યો અથવા અનુયાયીઓ બનાવવાના ને ધન એકઠું કરવાના ને બીજા ભોગપદાર્થો મેળવવાના જુદાજુદા કેટલાય કીમિયાઓ કરતા રહેતા. એ માટે ભાગે વ્યસનપરાયણ પ્રમાદી તમોગુણી જીવન જીવતા ને વખતને વ્યર્થ જ વિતાવતા. લોકો એમના બાહ્ય વેશથી અને એમના અસાધારણ અયોગ્ય પ્રચારથી ભોળવાઈને એમની પાસે જતા, એમને ભેટ ચઢાવતા અને એમને માન આપતા. એ વખતે તો એ ત્યાં એકલા જ હોવાથી એમનું એકચક્રી શાસન ચલાવતા રહેતા, પરંતુ પાછળથી ત્યાં એમના પડોશી તરીકે મહર્ષિ જેવા પરમપ્રતાપી પુરૂષ જઈ પહોંચ્યા એટલે મોટા ભાગના લોકોનું ધ્યાન એમના તરફથી હઠીને મહર્ષિ પર કેન્દ્રિત થવા લાગ્યું. મહર્ષિના સાચા ને સંપૂર્ણ ત્યાગ, વૈરાગ્ય અને તપનો પ્રભાવ લોકો પર પડ્યા વિના રહ્યો નહિ. એ એમના દર્શન સમાગમનો લાભ લેવા અને એમની સેવા કરવા જવા માંડ્યા એટલે એ વેશધારી અધકચરા સાધુઓને એમની ઈર્ષા થઈ. એ એમની ઉપર રોષે ભરાયા. એમની ઘરાકી સ્વાભાવિક રીતે જ ઘટી ગઈ એટલે એમને થયું કે આ બધાનું

કારણ આ બ્રાહ્મણ સ્વામી જ છે. એ અરૂણાચલ પર આવ્યા જ ના હોત અને પહેલાંની પેઠે નીચે તળેટીમાં રહીને જ તપ કરતા હોત તો હરકત ન હતી : આપણી પ્રતિષ્ઠા એવી જ અકબંધ રહેત તથા દિવસે દિવસે વધતી જાત.

એવા સાધુઓમાંના કેટલાકે વિચાર્યું કે આપણા માર્ગમાં બ્રાહ્મણ સ્વામી મોટામા મોટા અંતરાયરૂપ હોવાથી એમને પજવી કે હેરાન કરીને પર્વત પરથી નીચે ઉતારી પાડવા જોઈએ. એ પર્વત પર રહેતા હશે ત્યાં સુધી આપણને સુખશાંતિ તથા મહત્વ નહિ મળી શકે.

મહર્ષિ પહેલાં મૌન રાખતા ત્યારે તો એમની અસાધારણતાને ઓળખવાનું કામ અઘરું હતું. ત્યારે એ સાધુઓને ખાસ ચિંતા નહોતી થતી, પરંતુ ઈ.સ. ૧૯૦૭માં એમણે મૌનવ્રતનો ત્યાગ કરીને ભક્તોની શંકાઓનું સમાધાન કરવા માંડ્યુ ત્યારથી એમની મહત્તાનો વધારે ને વધારે ખ્યાલ આવવા લાગ્યો. દર્શનાર્થીઓ પણ એમની પાસે ખૂબ જ મોટા પ્રમાણમાં આવવા માંડ્યા. સમજુ લોકોની સાથે સાથે પ્રજાના બીજા અણસમજુ શ્રદ્ધાભક્તિપરાયણ વર્ગે પણ એમનો દર્શનલાભ લેવાનું શરૂ કર્યું. એને લીધે વિરૂપાક્ષી ગુફાની આજુબાજુ જાણે કે માનવ મેળો ભરાવા લાગ્યો.

મહર્ષિનાં દર્શને આવનારી ભોળી પ્રજા પાસેથી પહેલાં ગુફાના વહીવટદારો દ્વારા ફી લેવાતી, પરંતુ મહર્ષિએ એ પ્રથાનો વિરોધ કરીને સ્થાનપરિવર્તન કર્યું ને વહીવટદારો એમને ફરી પાછા આગ્રહ કરીને ગુફામાં રહેવા માટે લઈ આવ્યા અને દર્શનાર્થીઓ પાસેથી ફી લેવાનું પડતું મૂક્યું ત્યારથી પણ મહર્ષિ એક સાચા નિઃસ્વાર્થ સંતપુરૂષ તરીકે વધારે પ્રખ્યાતિ પામેલા. ગુફાના વહીવટદારો એમને ભારે ભક્તિભાવપૂર્વક જોતા થયેલા. એ જોઈને પણ કેટલાક વેશધારી સાધુઓ મહર્ષિ પર રોષે ભરાયલા.

મહર્ષિ ગુરૂમૂર્તમમાં રહેતા ત્યારે અરૂણાચલ પર રહેનારા કેટલાક સાધુસંતો એમની ઉપર શ્રદ્ધાભક્તિ રાખતા. એ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈ એકવાર એમણે એમની સેવાપૂજા કરવાની તૈયારી બતાવેલી અને એ માટે પલનિ સ્વામીને એમની સાથે એકવાર અરૂણાચલ પર આવવાનું અતિશય આગ્રહપૂર્વકનું આમંત્રણ પણ આપેલું. એ વખતે એમની અવસ્થા જુદી હતી. હવે સંજોગો બદલાતાં પોતાના ઉપલક હીન સ્વાર્થનો વિચાર કરીને એ એમનો વિરોધ કરવા લાગ્યા અને એમની વિરૂદ્ધ ખોટો પ્રચાર કરવા માંડ્યા.

પરંતુ મહર્ષિ સાચા સંત હોવાથી એમની ઉપર એની કશી અસર ના થઈ. એમણે એમના મન પર પૂરેપૂરો વિજય મેળવેલો હોવાથી એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એ અચળ અથવા શાંત રહ્યા. એ સૌનું શુભ ચાહતા ને સૌનું મંગલ થાય તથા સૌને સદ્દબુદ્ધિ સાંપડે એવી ભાવના રાખતા. પોતાને પજવવાની જુદી જુદી તરકીબો કરનારા એ સાધુઓને માટે પણ એમના દિલમાં લેશ પણ દ્વેષભાવ ન થયો. ઊલટું એમના પ્રત્યે ઊંડી સહાનુભૂતિ થઈ, કારણ કે એ એમની અજ્ઞતાથી પરિચિત હતા.

એ સાધુઓમાંના એક સાધુએ એમને ભય પમાડીને પર્વત પરથી નસાડી મૂકવાનો નિશ્ચય કર્યો. એ સાધુ સશક્ત, બ્રહ્મચારી, અલ્પાહારી ને થોડીક સાધના કરનારો હતો. મહર્ષિ સૌથી પહેલાં પર્વત પર પહોંચ્યા ત્યારે એણે એમને સહાયતા કરેલી, પણ હવે એની વૃત્તિ વિપરીત બની ગઈ.

એ સાધુની પદ્ધતિ ખૂબ જ હલકી, આસુરી અથવા વિઘાતક હતી. એ જેને પર્વત પરથી ભગાડવા માગતો તેની ઉપર પર્વત પરના નાના મોટા પથ્થરો ગબડાવતો. એથી ભયભીત થયેલા સાધુઓ સ્થાન છોડીને નીચે ઊતરી પડતા. એણે મહર્ષિ પર પણ એ જ પ્રયોગ અજમાવવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પને અનુસરીને એમની ગુફા પર એક મોટો ભીમકાય પથ્થર ગબડાવ્યો પણ ખરો. એ પથ્થર એ મહાપુરૂષની તદ્દન પાસેથી જ એમને સહેજ પણ ઈજા પહોંચાડ્યા વિના જ પસાર થઈ ગયો.

મહર્ષિ જરા પણ ભયભીત ના બન્યા.

સાધુ પોતાની પ્રવૃત્તિનો પરિત્યાગ કરે તેમ ન હતો. એ તો મહર્ષિને મારવા કે પર્વત પરથી ભગાડવા માટે કૃતનિશ્ચય હતો. એકવાર તો મહર્ષિએ એને પર્વત પરથી પથ્થર ગબડાવતાં પકડ્યો પણ ખરો. તો પણ એને શરમ ના આવી.

અરૂણાચલ પર એ સાધુનો મલ્લસ્વામી નામે સાથી રહેતો. એ મજબૂત બાંધાનો ને બહાદુર હતો. એ જાતે બ્રાહ્મણ હતો, શાસ્ત્રોનો અભ્યાસ કરી ચૂકેલો, ને કેટલીક ભાષાઓ જાણતો. એ પ્રથમ મુલાકાતે જ બીજાને વશ કરી લેતો ને સૌ કોઈ પર પ્રભાવ પાડતો. મહર્ષિનો પ્રભાવ જોઈને એ પણ જલ્યા કરતો અને એમને હેરાન કરવાની કે કષ્ટ પહોંચાડવાની યોજનાઓ ઘડતો. એ ખૂબ જ ચતુર અને બુદ્ધિશાળી હતો પરંતુ પોતાની ચતુરતા તેમ જ બુદ્ધિનો ઉપયોગ બીજાના કલ્યાણ માટે કરવાને બદલે બીજાને દબાવવા, અશાંતિ આપવા ને દુઃખી કરવા માટે કરતો રહેતો. એનામાં સાધુતા કે સાત્વિકતાનો છાંટો ન હતો.

મહર્ષિની મુલાકાતની ઈચ્છાથી પ્રેરાઈને અરૂણાચલ પર આવનારા ભાવિક લોકોને એ કહેતો કે એના દર્શન માટે શા માટે જાવ છો ? એ તમને શું સદ્ઉપદેશ સંભળાવી શકે તેમ છે ? એ તો હજુ છોકરો છે ને મારો શિષ્ય છે. એને મેં શિખવાડ્યું છે એટલે જ એ કાંઈક સમજી શક્યો છે. એની બુદ્ધિ મારા અનુગ્રહથી જ ઊઘડી છે.

શહેરમાંથી કોઈવાર કોઈ સ્વાદિષ્ટ પદાર્થ ખરીદી લાવીને સૌના દેખતાં એ મહર્ષિની આગળ મૂકીને કહેતો કે તારે માટે ખૂબ જ સુંદર વસ્તુ ખરીદી લાવ્યો છું, ભાઈ ! તું એને ગ્રહણ કર એટલે મને શાંતિ થાય.

અને દર્શનાર્થીઓને એમનો પરિચય કરાવતાં કહેતો કે આ મારો માનીતો શિષ્ય છે અને હું એનો ગુરૂ છું; માટે જ મારે એના પ્રત્યે પ્રેમ રાખવો ને એનું આવી રીતે ધ્યાન રાખવું પડે છે. એ મારો શિષ્ય હોવા છતાં મારે માટે ખરેખર ગૌરવ લેવા યોગ્ય છે. મારું જીવન એને શિષ્ય તરીકે સ્વીકારીને સફળ થયું છે. મારા શિષ્યો તો અનેક છે; પરંતુ આની ઉપર મને વધારે પ્રેમ છે ને મને થાય છે કે જીવનમાં મને બીજા કોઈયે શિષ્યો ના મળ્યા હોત અને એક આનો જ ભેટો થઈ ગયો હોત તો પણ પૂરતું હતું. મારા નામને ઉજાળવા ને મારા મહિમાને જીવતો જાગતો રાખવા આ એક જ શિષ્ય પૂરતો હતો. આકાશમાં તારાઓ અનેક હોય છે પણ તે કાંઈ ચંદ્રની બરાબરી કરી શકે છે ? આ પણ ચંદ્ર છે, પરંતુ હું તો સૂર્ય છું સૂર્ય. મારા મહિમાને તો કોઈ વીરલા જ જાણી શકે છે. જેમની ઉપર મારી કૃપા હોય તે જ મને થોડા પ્રમાણમાં ઓળખી શકે છે. બીજા તો મને ક્યાંથી જાણે ? અને હું ઈચ્છું છું પણ ક્યાં કે કોઈ મને જાણે ? કોઈ મને જાણે કે ના જાણે તેની મને પડી છે જ ક્યાં ?

નફ્ફટાઈની પણ હદ હોયને ?

મલ્લસ્વામી એવું એવું બોલીને ખંધુ હસીને ઊભો રહેતો કે વિદાય લેતો.

મહર્ષિ એની દુષ્ટતાને જાણતા હોવા છતાં લાચાર હતા. એ મૂક તથા શાંત બનીને બેસી રહેતા.

એમના મનમાં પ્રતિશોધના ભાવો ઊઠતા જ નહિ.

એમની શાંતિ અથવા અહિંસક વૃત્તિનો અર્થ મલ્લસ્વામીએ જુદો કર્યો. એની હિંમત દિવસે દિવસે વધતી ગઈ અને એના અતિરેકરૂપે એક દિવસ એણે એમને કહ્યું :

'તું મારો માનીતો શિષ્ય હોવાનો પ્રચાર કરીને લોકો પાસેથી થોડાક પૈસા કમાઈ લઉં તેમાં તને શી હરકત છે ? મારે લીધે તારો મહિમા પણ આપોઆપ વધતો જશે ને પરિણામે તને પણ જુદી જુદી ભેટો મળશે.'

મહર્ષિ શું બોલે ? એ ધૂર્ત સાધુની સાથે વાદવિવાદ કરવાની જરા પણ આવશ્યક્તા ન હતી અને એની સાથે ખુલ્લી રીતે વિરોધ કરવામાં કે બગાડવામાં પણ શ્રેય નહોતું દેખાતું. એ દિવસો દરમિયાન એમને મૌનવ્રત હોવાથી એ શાંત જ રહ્યા.

થોડા દિવસો પછી એમનું મૌનવ્રત પૂરું થયું અને એમનો મહિમા સર્વત્ર પ્રસરવા લાગ્યો એટલે એમના ભક્તો, શિષ્યો, પ્રશંસકો અને દર્શનાર્થીઓની સંખ્યા ખૂબ ખૂબ વધવા માંડી એમનામાંના અનેકને મલ્લસ્વામીની પદ્ધતિથી ક્રોધ થયો. એ એને મહર્ષિ જેવા મહાપુરૂષને અપમાનિત કરવા માટે તિરસ્કારની નજરે જોવા લાગ્યા.

મલ્લસ્વામી પોતાના પ્રભાવને મહર્ષિ પૂરતો મર્યાદિત રાખવાને બદલે દર્શનાર્થીઓ સુધી ફેલાવા માગતો અને એટલા માટે જ દર્શનાર્થીઓને જુદાં જુદાં પ્રલોભનો બતાવતો. કોઈને કહેતો કે ' શું નોકરી તૂટી છે ? કશી હરકત નહિ. એથી ડરવાની, ગભરાવાની કે ચિંતા કરવાની જરૂર નથી. હું બેઠો છું ને મારી કૃપાદૃષ્ટિ છે પછી શો ભય છે ? ફક્ત મારે શરણે આવો ને મને સર્વસમર્પણ કરો એટલી જ વાર છે. નોકરી તરત મળી જશે. હું અપાવી દઈશ.' તો વળી બીજાને જણાવતો કે 'ભવિષ્યને જાણવાની ઈચ્છા છે ? ભવિષ્યની ચિંતા શા માટે કરો છો ? મારું વહેલામાં વહેલી તકે શિષ્યત્વ સ્વીકારી લો ને મારી સેવા કરો તો મારી કૃપાથી તમને પણ મારી જેમ જ દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થઈ જશે ને તમે જે ધારશો તે બધું જ જાણી શકશો. થોડાક સમયમાં જ તમારા જીવનમાં કોઈ ને કોઈ શુભ ઘટના બનવાની છે. તમે મારા વચનમાં વિશ્વાસ રાખો. મારા કહેવા પ્રમાણે ના થાય તો મારું નામ મલ્લસ્વામી નહિ. મારે મારો વેશ બદલી નાખવો. લોકોને મારી સઘળી શક્તિની હજુ ખબર જ ક્યાં છે ? ખબર હોત તો મારી પાછળ કીડિયારાની પેઠે ઊભરાતા હોત. મારી વાત કદી પણ જૂઠી નથી પડતી.'

બીજાની આગળ એ બીજા પ્રકારની વાતો કરતો. કેટલાક અજ્ઞ લોકો એ વાતોને સાંભળીને એના પ્રભાવમાં આવી જતા. એમને પોતાના સકંજામાં સપડાવીને એ એમની પાસેથી ધનની નાની કે મોટી રકમ પડાવી લેતો ને તાગડધિન્ના કરતો.

એકવાર અવધૂત હોવાનો દેખાવ કરીને એણે વિરૂપાક્ષી ગુફાની બહારના ઓટલાને પોતાના મૂત્રથી બગાડ્યો. એ જોઈને સવારે શિષ્યોને સમજતાં વાર ના લાગી કે એ રાતના શાંતએકાંત સમય દરમિયાન કરાયેલો મલ્લસ્વામીનો જ ઉપદ્રવ છે. શિષ્યો ક્રોધે ભરાયા. એમણે જોયું તો મલ્લસ્વામી એ પરાક્રમ કરીને વહેલી સવારે ઊઠીને ક્યાંક વિદાય થઈ ગયો છે !

બહુમૂલ્ય વસ્ત્રોને બહાર ફેંકી દઈને એમણે ગુફાના દ્વારને બંધ કરી દીધું.

મલ્લસ્વામીએ પાછા ફરીને એ બધું જોયું તો એ પણ ક્રોધે ભરાયો ને બોલ્યો : ‘ આ બધી બદમાશી પલનિ સ્વામીની છે, મને તેની ખબર છે. એના વિના બીજા કોઈની આવી હિંમત ચાલે જ નહિ ને ! એને ખબર ના પાડું તો મારું નામ મલ્લસ્વામી નહિ.’

થોડાક વખતમાં તો પલનિ સ્વામી ત્યાં આવી પહોંચ્યા. બંને વચ્ચે બોલાચાલી થઈ. મલ્લસ્વામી વધારે શક્તિશાળી હોવાથી એણે પલનિ સ્વામીને માર માર્યો ને મહર્ષિને જણાવ્યું કે આ પાખંડી તથા દુષ્ટને તારી સેવામાં શા માટે રાખ્યો છે ? એને વહેલી તકે દૂર કરી દે. એ એના મનમાં શું સમજે છે ?

‘મહર્ષિ એ વખતે પણ ચૂપ રહ્યા એટલે ક્રોધે ભરાયલો મલ્લસ્વામી એમની ઉપર થૂંક્યો. એ છતાં પણ એ કશું ના બોલ્યા. પરંતુ વિરૂપાક્ષી ગુફાની નીચેના સ્થાનમાં રહેતા મુત્તય્ય સ્વામીને એ વાતની ખબર પડતાં એ કાળરૂપ ધારણ કરી, હાથમાં દંડો લઈને, એના પર પ્રહાર કરવા માટે આવી પહોંચ્યા. એ જોઈને એ ગભરાઈ ગયો. એ વખતે જો લોકોએ વચ્ચે પડીને એમને પકડી ના રાખ્યા હોત તો એ મલ્લસ્વામીને મૃત્યુના મુખમાં મોકલી આપત અથવા ભયંકર રીતે ઘાયલ કરત. પરંતુ મલ્લસ્વામીનું ભાગ્ય બળવાન હશે એટલે એને અણીને વખતે લોકોની મદદ મળવાથી કશી આંચ ના આવી.

એ ઘટના પછીથી મલ્લસ્વામીએ અરૂણાચલનો થોડા દિવસ માટે ત્યાગ કરવાનો વિચાર કર્યો. મહર્ષિને પૂરેપૂરા પજવીને પર્વત પરથી નસાડી ના શક્યા બદલ એને ખેદ તો થયો જ, છતાં પણ એ એમ સહેલાઈથી હિંમત હારે તેમ ન હતો. એણે ભવિષ્યમાં અનુકૂળ અવસરે પાછા આવીને પોતાની પ્રવૃત્તિનો પ્રારંભ કરવાનો નિર્ણય કર્યો.

એ વાતે ત્રણેક વરસ વીતી ગયાં.

એ પાછો અરૂણાચલ પર આવ્યો ને એક દિવસ સવારે મહર્ષિ પાસે આમ્રગુફામાં પહોંચીને કહેવા માંડ્યો : ‘ નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય છે તે તને બતાવું. મારી સાથે ચાલ.’

મહર્ષિનો હાથ પકડીને એ એમને ગુફાની બહાર લઈ આવ્યો.

એ વખતે ત્યાં આવેલા વાસુદેવ શાસ્ત્રી તથા અન્ય ભક્તોને જોઈને એણે કહ્યું :

‘અહીં તમારા જેવા સાધારણ માણસોનું કામ નથી. અમારા જેવા મહાપુરૂષોની સાધનાના રહસ્યને સમજવાનું કામ તમારે માટે મુશ્કેલ છે. બ્રાહ્મણ સ્વામી પર આજે એના સદગુરૂ તરીકેનો મારો વિશેષ અનુગ્રહ કરવા માગું છું.’ અને મહર્ષિને ઉદ્દેશીને એણે જણાવ્યું : ‘તારા પર તને મારો સંનિષ્ઠ શિષ્ય સમજીને અસાધારણ અનુગ્રહ કરવાની ઈચ્છાથી જ આજે આવી પહોંચ્યો છું. હવે તારું ભાગ્ય સોળે કળાએ ખીલ્યું એમ

સમજી લેજે. મારાં નેત્રો તરફ જ જોયા કરજે. બીજું કશું જ ના જોતો. ધીરે ધીરે શ્વાસને અંદર લે. જોરથી ના લેતો. ધીરેથી. તને હજુ બરાબર અનુભવ નથી. જો આમ. હું તારી પાસે છું એટલે કશી ચિંતા નથી.'

લગભગ અડધા કલાક લગી એણે એવી રીતે એમને હેરાન કર્યા.

આખરે મહર્ષિ એનાથી જેમતેમ કરીને છૂટા પડીને ભક્તો સાથે વિરૂપાક્ષી ગુફામાં પહોંચી ગયા.

એકવાર એણે મહર્ષિને જણાવ્યું : 'મારા સરખા સમર્થ સત્પુરૂષોને આ સ્થળમાં રહેવાનું નથી શોભતું. મારા જેવા મહાન તપસ્વીને માટે આ પર્વતપ્રદેશ યોગ્ય નથી. તારા શિષ્યો મારું અવારનવાર અપમાન કરે છે તો પણ એથી મારા સદગુરૂ તરીકેના સદધર્મમાંથી ડગ્યા વિના મેં તને અનેક રીતે મદદ કરી છે ને જુદીજુદી ઉચ્ચ સિદ્ધિઓ આપી છે. એ સિદ્ધિઓના પ્રભાવથી જ તને અત્યાર સુધી અસાધારણ માન મળતું રહ્યું. તું બધી રીતે સમૃદ્ધ ને સુખી થયો, પરંતુ હવે એ સિદ્ધિઓને પાછી લઈ લઉં છું. તારો બધો મહિમા એથી મટી જશે, તારો પ્રભાવ શમી જશે ને તારું પતન થશે. તારો કોઈ સત્કાર જ નહિ કરે. હું તને શાપ આપું છું.'

એટલું કહીને એ નીચે ઊતર્યો ને શહેરના એક મીઠાઈવાળાની પાસે પહોંચીને પોતાના શાપની વાત સંભળાવીને આત્મપ્રશંસા કરવા માંડ્યો.

મીઠાઈવાળો મહર્ષિનો ભક્ત હોવાથી એ સાંભળીને ઉશ્કેરાઈ ગયો. એણે એની સારી પેઠે ખબર લીધી.

એ ઘટના પછી એકવાર મહર્ષિ પાસે આવીને એણે કહ્યું કે મને શરીરનો અધ્યાસ નથી રહ્યો. પોતાના શબ્દોની પ્રતીતિ કરાવવા એ નગ્ન બનીને ઊભો રહ્યો. એણે મહર્ષિના એક શિષ્યનું અપમાન પણ કર્યું, પરંતુ એને જોઈતી પ્રતિષ્ઠા ના મળવાથી આખરે એ ચાલી નીકળ્યો. એ પછી એની માહિતી ના મળી શકી.

* * *     * * *     * * *     * * *

અરૂણાચલ પર આસુરી સંપત્તિના સાકાર સ્વરૂપ સરખો એક બીજો સાધુ હતો. એનો ઉલ્લેખ પણ પ્રસંગોપાત્ત કરી લઈએ. એનું નામ મહાસ્વામી હતું. અલબત્ત, એનું અસલ નામ તો જુદું હતું પણ એ મહાસ્વામીના નામથી ઓળખાતો. એણે વેદાંતના વિવિધ ગ્રંથોનું અધ્યયન કરેલું. એ ઉપરાંત એ મંત્રતંત્રમાં નિષ્ણાત હતો અને સંગીતનું પણ સારું જ્ઞાન ધરાવતો. એવી બધી યોગ્યતાને લીધે એ અહંકારી અને આડંબરી બની ગયેલો. મહર્ષિ એવા જ્ઞાનથી રહિત હોવાથી એમના કરતાં એ પોતાને શ્રેષ્ઠ સમજતો ને વારંવાર પોતાના ભક્તોને કહેતો કે 'મહર્ષિમાં કોઈ પ્રકારની યોગ્યતા નથી દેખાતી. એ તો મૂર્ખ છે. એની પાસે અજ્ઞાનને લીધે કેટલા બધા લોકો ભેગા થાય છે તો પણ એનામાં બુદ્ધિ નથી. કોઈક બીજો બુદ્ધિશાળી માણસ હોત તો આટલા બધા લોકોનો લાભ લઈને ન્યાલ બની જાત. એની જગ્યાએ હું હોત તો ખૂબ જ સંપત્તિવાન બની જાત. અરૂણાચલની તળેટીમાં એક સરસ મોટો મઠ બનાવી દેત. પણ એ તો અજ્ઞાની ને મૂર્ખ છે એટલે જડની જેમ બેસી રહે છે ને બીજું કશું જ નથી કરતો. કાયા પર કૌપીન પહેર્યું છે ને મૌનવ્રત રાખ્યું છે એટલે લોકો એને મોટો સિદ્ધ માની બેઠા છે. એનામાં કોઈને આપવા જેવું કશું જ્ઞાન હોય તો બોલે ને ? અજ્ઞાની મૌન ના રાખે તો બીજું કરે પણ શું ? એને મારા જેવો સમર્થ સદગુરૂ નથી મળ્યો : નહિ તો એનું જીવન આવી રીતે બરબાદ ના બની ગયું હોત. લોકો એના કરતાં પણ વધારે અજ્ઞાની, જડ કે મૂર્ખ છે

એટલે તો એની આગળ એકઠા થાય છે. બાકી એનામાં શું બળ્યું છે ? એના કરતાં તપમાં, જ્ઞાનમાં, સાધનામાં, સિદ્ધિમાં, બળમાં, રૂપમાં તથા કલાપ્રિયતામાં હું હજાર દરજ્જે શ્રેષ્ઠ છું. લોકો એની ઉપર શા માટે તૂટી પડે છે તે જ નથી સમજાતું. એનું ભાગ્ય ઊઘડી ગયું છે એમ જ સમજવું જોઈએ. નહિ તો એની તરફ કોઈ દેખત પણ નહિ. કલિયુગમાં પાખંડ જ વધારે પૂજાય છે એટલે તો મારા જેવા સાચા સિદ્ધ પુરૂષનો ભાવ બહુ ઓછો પુછાય છે. '

મહાસ્વામી મહર્ષિ પ્રત્યેના દ્વેષભાવથી પ્રેરાઈને ફર્યા કરતો ને મહર્ષિને હાનિ પહોંચાડવાની યોજનાઓ ઘડતો. એ વખતે મહર્ષિ પરના બધા પત્રો 'ગિરિનિવાસી બ્રાહ્મણ સ્વામી' ના નામથી આવ્યા કરતા. એ પણ અરૂણાચલ પર રહેતો હોવાથી પોતાને ગિરિનિવાસી માનતો તથા બ્રાહ્મણ સ્વામી તરીકે ઓળખાવતો ને પોસ્ટ ઑફિસમાંથી મહર્ષિના પત્રો લઈ લેતો. મહર્ષિ અને એમના ભક્તો કે શિષ્યો એની એ પ્રવૃત્તિથી પરિચિત થયા ત્યારથી વધારે જાગ્રત કે સાવધાન બન્યા. એકવાર પ્રવાસેથી પાછા ફર્યા પછી મહાસ્વામી સીધો મહર્ષિ પાસે આવીને કહેવા લાગ્યો : 'હું તારા પ્રત્યેના પવિત્ર પ્રખર પ્રેમને લીધે જ તારા પાસે આવ્યો છું. તારા કલ્યાણ કાજે કરુણાથી પ્રેરાઈને તને દત્તાત્રેય ભગવાનનો મંત્ર આપવા માગું છું. તેથી તને મોટો લાભ થવાનો હોવાથી તેને તું લઈ લે.'

મહર્ષિ શાંત રહ્યા એટલે એણે પોતાના પ્રસ્તાવની પ્રતીતિ કરાવતાં કહ્યું :

'હું કાંઈ તારા કલ્યાણ માટે મારા સંકલ્પને અનુસરીને નથી આવ્યો. ભગવાને મને રાતે સ્વપ્નમાં દર્શન આપીને તને મંત્ર આપવાની આજ્ઞા કરી છે. એમના આદેશની અવજ્ઞા મારાથી કદી પણ ના કરી શકાય. એવો વિચાર પણ ના થઈ શકે.'

મહર્ષિને હવે વાચા ફૂટી એમણે જણાવ્યું :

'ભગવાને તમને આદેશ આપ્યો એ તો સાચું, પણ હજુ મને ક્યાં આપ્યો છે ? તમારો આદેશ તો કેવળ તમારે માટે થયો ગણાય. મને પણ જો ભગવાન દર્શન આપીને એવી જ રીતે મંત્ર લેવાનો આદેશ આપે તો મંત્ર લેવાનો વિચાર કરું ખરો. '

મહાસ્વામી એ તર્કને માટે તૈયાર ન હતો. એને એનો ઉત્તર ના જડ્યો. છતાં પણ બોલ્યો : 'મંત્ર મોટો નથી, નાનો છે, માટે લઈ લે ! '

પરંતુ મહર્ષિ કૃતનિશ્ચય, સ્વાનુભવસિદ્ધ અને આત્મારામ હતા. એમને સહેલાઈથી ચળાવી શકાય તેમ ન હતું. એ સુદૃઢ સ્વરે મક્કમતાપૂર્વક બોલ્યા :

'મંત્રને મેળવવાથી શો લાભ થાય તેમ છે ? મને મંત્રજપની જરા પણ ઈચ્છા નથી. એને માટે મારા મનમાં લેશ પણ આકર્ષણ નથી રહ્યું.'

મહાસ્વામીને નિરાશા થઈ. એના પાસા પોબાર ના પડવાથી એના રોષનો પાર ના રહ્યો. એનો વેરભાવ વધી ગયો.

એનું દર્શન કરવા આવનારા કોઈને મોઢેથી મહર્ષિની વાત સાંભળતાંવેંત જ એ અતિશય ઉત્તેજિત અને બેચેન બનીને બોલી ઊઠતો કે 'શું કહ્યું ? બ્રાહ્મણ સ્વામીના દર્શને જવું છે ? એનામાં દર્શન કરવા જેવું

છે જ શું ? એ તો તદ્દન સાધારણ, માર્ગ ભૂલેલો, કોઈ પણ પ્રકારની યોગ્યતા વગરનો, ભ્રમિતચિત્ત સાધુ છે. એનામાં સદ્દુપદેશ કે શાંતિ આપવાની શક્તિ જ ક્યાં છે ? એનામાં મારી પેઠે લોકલોકાંતરોમાં પહોંચવાની ને દેવીદેવતાઓ સાથે વાતો કરવાની ને બીજી સિદ્ધિ ક્યાં છે ? એ તો તદ્દન ક્ષુલ્લક છે.'

એ પછી એકવાર એ ધ્યાનમાં બેઠેલો ત્યારે મહર્ષિની મૂર્તિ દેખાઈ ને 'સાવધ રહેજે. ભ્રમણામાં ના પડતો.' કહીને અદૃશ્ય થઈ ગઈ. એ અનુભવથી એને થયું કે મહર્ષિમાં શક્તિ છે ખરી, માટે એમની સાથેનો વ્યવહાર બદલવો જોઈએ. એણે મહર્ષિને બધી હકીકત કહી સંભળાવી તો એમણે કહ્યું કે મને તો કોઈ વિભૂતિ કે સિદ્ધિની ખબર નથી, અને તમારે માટે મારા મનમાં કોઈ બૂરો વિચાર કે ભાવ નથી ઊઠતો.

* * *　　* * *　　* * *　　* * *

ઈ.સ.૧૯૧૬ દરમિયાન કેટલાક સાધુઓએ મહર્ષિને પર્વત પરથી હઠાવવાનો ઘાટ ઘડ્યો. એમની એક ટોળી મદિરાપાનથી મત્ત બનીને વિરૂપાક્ષી ગુફા પાસે પહોંચીને કહેવા લાગી : 'અમે પોદિગૈ પર્વત પરથી આવ્યા છીએ. ત્યાં અગત્સ્ય મુનિ તપ કરે છે. એમણે તમને શ્રીરંગના સિદ્ધોની સભામાં ને પછી એમને ત્યાં પહોંચાડવાની આજ્ઞા કરી છે, ને કહ્યું છે કે તમારા શરીરમાં રહેલાં અશુભ તત્વો તમારી ઉન્નતિમાં બાધા પહોંચાડે છે. એ તત્વોને નષ્ટ કરીને એ તમને દીક્ષા આપશે.'

મહર્ષિ તથા શિષ્યોને સમજાયું નહિ કે શું કરવું. પરંતુ ત્યાં બેઠેલા પેરુમલ સ્વામી કશાક કાવતરાની ગંધ આવવાથી ઉશ્કેરાઈને બોલી ઊઠ્યા કે 'ભગવાને અમને પણ તમારા આવવાની સૂચના આપી દીધી છે ને કહ્યું છે કે તમે બધા આવો એટલે તમને બાળી નાખવા. અરે મસ્તાન ! આ બધા આવી ગયા છે તો ખાડો ખૂબ મોટો ખોદજે, સમજ્યો ?'

એમની વાત સાંભળીને શરાબી સાધુઓ ભયભીત બનીને વિદાય થઈ ગયા. શિષ્યો હસી પડ્યા.

* * *　　* * *　　* * *　　* * *

એ સઘળા પ્રસંગો દરમિયાન મહર્ષિ સંપૂર્ણ સ્વસ્થ રહ્યા. બૂરું ચાહનારા તથા કરનાર પ્રત્યે પણ એમને ક્રોધ કે વેરભાવ ના થયો. એ પ્રસંગોએ એમની નિર્વૈરતા તેમજ સ્થિતપ્રજ્ઞતાની કસોટી કરી અને એમાંથી એ સફળતાપૂર્વક પાર ઊતર્યા. વિરોધી, વેરભાવવાળા સાધુઓનું એમની સર્વોત્કૃષ્ટ સાત્વિકતા આગળ કશું જ ના ચાલી શક્યું.

☼　☼　☼　☼　☼

## (૩૦) મહર્ષિના ભક્તો

સુદીર્ઘકાળની સમજપૂર્વકની ઉત્સાહયુક્ત સાધનાના સુપરિણામરૂપે મહર્ષિની આત્મશક્તિ ઉત્તરોત્તર વધતી ગઈ.

પોતાની માતાના અંતકાળ પ્રસંગે છેલ્લા દસથી બાર કલાક દરમિયાન એ એમના મસ્તક તથા હૃદય પર હાથ રાખીને પ્રેમપૂર્વક બેસી રહેલા ત્યારે શું બન્યું તેનું સંક્ષિપ્ત સ્પષ્ટીકરણ કરતાં અને એ દ્વારા સંપૂર્ણ અથવા અસાધારણ આત્મશક્તિસંપન્ન મહાત્માપુરૂષો શું કરી શકે છે એનો ખ્યાલ આપતાં એમણે કહેલું :

'સુષુપ્ત વાસનાઓ અને ભાવિ પરિણામો પેદા કરવાની શક્યતાવાળી સૂક્ષ્મ પૂર્વસ્મૃતિઓ જાગ્રત થઈને પ્રબળપણે કામ કરવા લાગી. એમની સૂક્ષ્મ સભાનવૃત્તિના પડદા પર એક પછી એક દૃશ્યો ઉપસ્થિત થવા માંડ્યાં. બહારની ઈન્દ્રિયોનો સંબંધ તો ક્યારનો ને પૂરેપૂરો કપાઈ ગયેલો. આત્મા અનુભવોની અદભુત પરંપરામાંથી, પૂર્વજન્મની શક્યતાને ટાળતો અને પરમાત્મા સાથેની એકતાને અમલી બનાવતો, પસાર થઈ રહેલો. આખરે આત્માની આગળનાં નાજુક અવિદ્યાયુક્ત આવરણોનો અંત આવતાં એને એના અંતિમ ધ્યેય અથવા ગંતવ્યસ્થાનની પ્રાપ્તિ થઈ, જ્યાંથી ફરી અવિદ્યામાં પુનરાવર્તન નથી થતું એ મુક્તિની સર્વશ્રેષ્ઠ શાંતિમાં સ્થિતિ સહજ બની ગઈ.'

મહર્ષિની એ અસાધારણ આત્મશક્તિ રમણાશ્રમમાં રહીને આજુબાજુ બધે પ્રસરતી અસંખ્ય આધ્યાત્મિક પિપાસુઓને પોતાની તરફ ખેંચી રહી. જેમને જીવનમાં જ્યોતિની પ્રાપ્તિ કરીને નવજીવન મેળવવું'તું ને મૃતપાય દશામાંથી છૂટીને અમૃતત્વનો અક્ષય અસાધારણ અમૂલખ આનંદ અનુભવવો'તો એવા જિજ્ઞાસુઓ કે પૂર્ણતાના પ્રવાસીઓ એમની શક્તિસૌરભથી આકર્ષાઈને એમની પાસે આવવા માંડ્યા. એમનામાંથી થોડાનો ઉલ્લેખ આપણી માહિતી માટે કરી લઈશું.

*** સુંદરમ્માલ ***

મહર્ષિના સ્ત્રીભકિતોમાં સુંદરમ્માલનું નામ ખાસ ઉલ્લખનીય અને આગળ પડતું છે. એ મદ્રાસના એક ઉચ્ચ અમલદારની ધર્મપત્નિ હતી. મહર્ષિ પર એ ગુરુભાવ તથા પુષ્કળ પ્રેમ રાખતી.

સુંદરમ્માલ મહર્ષિના સંસર્ગમાં આવેલી અસામાન્ય સંસ્કારસંપન્ન સૌભાગ્યશાળી સાધનાપ્રેમી સ્ત્રી હતી. એને પહેલાં મૂર્છાનો વ્યાધિ લાગુ પડેલો. એથી એ અત્યંત અસ્વસ્થ રહેતી. પરંતુ મહર્ષિના આશ્રમમાં અવારનવાર આવવાથી એનો એ વ્યાધિ કાયમને માટે મટી ગયો.

એને કોઈ સંતાન ન હતું. સાંસારિક જવાબદારીઓ પણ એટલી બધી ન હતી. એટલે એ આશ્રમમાં અવારનવાર આવવા લાગી. એથી એનો વૈરાગ્યભાવ ક્રમેક્રમે બળવાન બનતો ગયો. એનું મન સંસારના વિષયોમાંથી ઉપરામ થવા લાગ્યું. મહર્ષિની સંનિધિમાં એને ઉચ્ચ પ્રકારના આત્મિક સુખની અનુભૂતિ થવા લાગી. એનો આત્મા પુરાતન સાંસારિક સંસ્કારોનો પરિત્યાગ કરીને ધીરે ધીરે જાગ્રત બનતો ગયો. એ આત્મજાગૃતિ પોતાની પરાકાષ્ઠા પર પહોંચતાં એને થયું કે સર્વ પ્રકારના સાંસારિક સંબંધોને તિલાંજલિ

આપીને અરૂણાચલ પર્વત પર અથવા મહર્ષિના સાંનિધ્યમાં લાંબા વખત લગી રહીને ઉત્સાહપૂર્વક એકધારી સાધના કરવી જોઈએ.

મહર્ષિની મુલાકાત કદી પણ વ્યર્થ ના જતી. એમના સહવાસમાં માનવના સુષુપ્ત આધ્યાત્મિક સંસ્કારો જાગી ઊઠતા ને જાગેલા વધારે પરિપક્વ બનતા. સુંદરમ્માલના સંબંધમાં પણ એવું જ બન્યું. મહર્ષિની પ્રત્યેક મુલાકાત એને માટે અવનવી પ્રેરણા તેમ જ શક્તિની સંક્રાંતિ કરનારી સાધના બનતી ગઈ. એનો અંતરાત્મા વધારે ને વધારે વિશુદ્ધ બનતો ગયો. એના અંતરમાં સર્વસંગપરિત્યાગ કરવાની ભાવનાએ જોર પકડ્યું. મહર્ષિનો સંસર્ગ સફળ થયો. એ સંસર્ગના સુપરિણામરૂપે એની અવસ્થા ભક્તિમતી મહાસાધ્વી મીરાંબાઈ જેવી થવા લાગી. હૃદયના વૈરાગ્ય, ત્યાગ તથા ભગવદ્ ભક્તિના ભાવો બળવત્તર બનતાં ઈ.સ. ૧૯૨૮માં એકવાર એણે રમણાશ્રમમાં આવીને ત્યાંના વીતરાગ વિશુદ્ધ વાયુમંડળમાં વાસ કરતાં ઉચિત માર્ગદર્શન મેળવવાની ઈચ્છાથી પ્રેરાઈને એ પરમપ્રતાપી મહાપુરૂષને પ્રશ્ન પૂછ્યો :

'મારે સંન્યાસિની થવું હોય તો તમારો શો અભિપ્રાય છે ? હું સંન્યાસ લઉં તો તેમાં કોઈ હરક્ત છે ખરી ?'

મહર્ષિએ એમની લાક્ષણિક રીતે સંક્ષિપ્ત છતાં પણ સુસ્પષ્ટ, શાંતિપૂર્વક ઉત્તર આપ્યો :

'કોઈયે હરકત નથી દેખાતી.'

મહર્ષિને એ સદગુરૂ માનતી હોવાથી એમનાં વચનો એને માટે વેદવાક્ય જેવાં થઈ પડ્યાં. એણે માન્યું કે મહર્ષિએ મને અનુમતિ આપી દીધી.

એણે કાષાય વસ્ત્રો ધારણ કર્યા, જટા ધારણ કરી ને સંસારનો ત્યાગ કરી દીધો.

પોતાના સંન્યાસજીવનને સાર્થક કે સફળ કરવા માટે એણે મન મૂકીને પૂરેપૂરા પ્રયત્ન કરવા માંડ્યા.

અરૂણાચલનું પરમ પવિત્ર પરમાણુઓવાળું સ્થાન એને ઈશ્વરકૃપાથી સહજ રીતે પ્રાપ્ત થયેલું. મહર્ષિ એ સ્થાનના પ્રત્યક્ષ દેવતા રૂપે બિરાજમાન હોવાથી એની શોભા તથા મહત્તા વધી ગયેલી અને એનો મહિમા વૈકુંઠ કરતાં પણ વધારે થયેલો. સુંદરમ્માલે એ સુંદર સ્થાનમાં મહર્ષિની સંનિધિનો આનંદ અનુભવતાં સાધના કરવા માંડી.

દિવસના સમસ્ત સમય દરમિયાન એ આશ્રમમાં રહેતી અને રાતે સદગુરૂ સ્વામીની ગુફામાં વિશ્રામ તથા સાધના કરતી. સંન્યાસ લીધા પછી આરંભમાં એક રાત એણે વિરૂપાક્ષી ગુફામાં વાસ કર્યો.

સિદ્ધિની પ્રાપ્તિ કરવાની ઉત્કટ આકાંક્ષાથી એણે એના શેષ જીવનને કઠોર તપશ્ચર્યામાં જોડી દીધું. એ જાણતી કે જીવન ટૂંકું ને ઝડપથી વહી જનારું છે. એવા જીવનમાં જેણે વહેલી તકે કાંઈક મહત્વનું લક્ષ્યાંક સિદ્ધ કરવું હોય તેણે પ્રમાદનો પરિત્યાગ કરીને સતત સાધનામાં લાગી જવું જોઈએ. એનું જીવન એ જ્ઞાનના અનુવાદરૂપ બની ગયું. એણે તદ્દન સાદું જીવન જીવવા માંડ્યું. બે કેળાં અને એક પ્યાલા દૂધ પર રહીને એ પોતાનો જીવનનિર્વાહ કરવા લાગી. એથી એનું શરીર કૃશ થઈ ગયું પરતુ એનો આત્મા વધારે ને વધારે તેજસ્વી, શાંત ને શક્તિશાળી થયો.

વખત વીતવા સાથે એને શાંતિ ને સિદ્ધિ મળવા માંડી ને જીવનની ધન્યતાની ઓછીવત્તી અનુભૂતિ થવા લાગી. તપશ્ચર્યાના એ મહત્વના દિવસો દરમિયાન મહર્ષિનું માર્ગદર્શન એને માટે ખૂબ જ ઉપયોગી થઈ પડ્યું. એમના ઉપકારને એ કદાપિ નહોતી ભૂલી શકે તેમ. એમના અસાધારણ અહેતુક અનુગ્રહથી જ એ અવિદ્યાનિદ્રામાંથી જાગીને આટલો ઉચ્ચતમ આત્મવિકાસ કરી શકેલી.

પાછળથી એ સંન્યાસિનીએ તીર્થોની યાત્રા પણ કરી.

તીર્થયાત્રા પૂરી કરીને એણે મસ્તક પરની જટાને દૂર કરીને શાંતિ તથા નિજાનંદપૂર્વક તપ કરતાં ને જીવનમુક્તિનો આનંદ લેતાં એક જ સ્થળે રહેવા માંડ્યું. એનું જીવન મહર્ષિના અનુગ્રહના ઉજ્જવળ ઈતિહાસ જેવું બની ગયું.

*** યોગી રામૈયા ***

મહર્ષિના પરિચયમાં આવેલા, એમને ગુરૂભાવે જોનારા અને એમના મહામૂલ્યવાન માર્ગદર્શનને મેળવીને જીવનને સાધનાપરાયણ, ઉજ્જવળ અને કૃતાર્થ કરનારા એક બીજા અસાધારણ સંસ્કારસંપન્ન આત્મા યોગી રામૈયા છે.

એમને યોગી કહેવામાં આવે છે એ યોગ્ય જ છે. સાચું કહીએ તો એ યોગી જ નહિ, મહાયોગી હતા અથવા મહર્ષિના અનુગ્રહથી આત્મસાધના કરીને મહાયોગીપદે પહોંચેલા. મહર્ષિના સંસર્ગમાં આવેલાં પરમપ્રતાપી પ્રકાશપૂર્ણ નક્ષત્રોમાં એમનું સ્થાન ખૂબ જ આગળ પડતું હતું.

જેમણે મહર્ષિની મુલાકાતના વર્ણનવાળું પોલ બ્રન્ટનનું પ્રખ્યાત પુસ્તક 'એ સર્ચ ઈન સિક્રેટ ઈન્ડિયા' વાંચ્યું હશે તેમને રામૈયાના વ્યક્તિત્વનો પરિચય થઈ ચૂક્યો હશે. બ્રન્ટન પોતાની ઉપર પડેલા એમના પ્રભાવનો ઉલ્લેખ કરતાં લખે છે કે એ શાંત પ્રકૃતિના પુરૂષને મહર્ષિના હોલમાં પ્રવેશતા જોઈને પ્રથમવાર જ મારા પર એ એક મહાન યોગી હોવાની છાપ પડી. મહર્ષિએ એમનો સ્મિતપૂર્વક સત્કાર કર્યો એ જ એમની વિશેતાને વ્યક્ત કરવા માટે પૂરતું હતું. એ એમની આગળ શાંતિપૂર્વક બેસી ગયા અને એમણે ધ્યાનાવસ્થામાં નેત્રોને મીંચી દીધાં ત્યારે મને ભગવાન બુદ્ધની સ્મૃતિ થઈ આવી. એ એવા નિર્વિકાર દેખાવા માંડ્યાં. એમનો આત્મા અતિશય અલૌકિક છે એવી મારી ખાતરી થઈ.

પોલ બ્રન્ટને પોતાના એ સુંદર સર્વોપયોગી પુસ્તકમાં યોગી રામૈયાની કેટલીય વિગતોને રજૂ કરી છે એથી એમનું વર્ણન ખૂબ જ હૃદયંગમ કે રોચક બન્યું છે. એ વર્ણન એમાંના યોગી રામૈયાની સાથે સંકળાયલા બે સરસ પ્રસંગોને લીધે વધારે મહત્વનું થયું છે. એ મહાયોગીના તપઃપૂત, સાધનાપરાયણ, આત્મશક્તિથી અલંકૃત જીવનમાં ડોકિયું કરવાનો સુઅવસર એથી સહજ રીતે જ પ્રાપ્ત થાય છે. એમની અલૌકિક આત્મશક્તિની પ્રતીતિ કરાવતા એ બંને પ્રસંગો એ મહાન યોગી પ્રત્યેના પ્રેમ અને આદરભાવમાં અભિવૃદ્ધિ કરે છે.

એક પ્રસંગે પોલ બ્રન્ટન ભોજનાદિથી નિવૃત થઈને બપોરે એમના ઉતારા પર પહોંચ્યા ત્યારે એમના આશ્ચર્યનો પાર ના રહ્યો. એમની કુટિરમાં એમની પથારી પાસે એક ભયંકર સાપ પડેલો.

એને જોઈને એમને ભય લાગ્યો. સાપ શાંતિપૂર્વક પડી રહેલો પરંતુ એને નિહાળીને એ એકદમ અશાંત બનીને કુટિરના પ્રવેશદ્વાર આગળ જ ઊભા રહ્યા. અંદર પ્રવેશવાની એમની હિંમત ના ચાલી.

એમણે એને બહાર કાઢવાના પૂરતા પ્રયત્નો કર્યા પરંતુ એ ના ફળ્યા.

એમને સમજાયું નહિ કે હવે શું કરવું. એ ખૂબ જ ગભરાઈ ગયા. પોતાની કુટિરમાં પ્રવેશ કેવી રીતે કરવો તેનો નિર્ણય એ ના કરી શક્યા.

એટલામાં તો એમણે પાછળ જોયું તો દૂરથી રામૈયા આવતા દેખાયા.

રામૈયા કુટિરના પ્રવેશદ્વાર પાસે આવી પહોંચ્યા. એમણે અંદર જોયું. અંદર સાપને જોઈને એ સઘળી પરિસ્થિતિ સમજી ગયા.

બ્રન્ટનના ભય અને આશ્ચર્યની પરવા કર્યા વિના એ સીધા અંદર ચાલ્યા. એમને અંદર જતા અટકાવવાના પ્રયત્નો નિરર્થક ઠર્યા.

રામૈયા મૌનવ્રત પાળતા હોવાથી કશું પણ બોલ્યા સિવાય સાપ પાસે પહોંચી ગયા. એમણે સાપને શું કર્યું તે ના સમજાયું. પરંતુ એણે થોડીજ વારમાં પોતાની ફણા ઊંચી કરીને એમના તરફ જોવા માંડ્યું. અને પછી એમની આજ્ઞાનો આજ્ઞાંકિત સેવકની પેઠે અમલ કરતો હોય એમ એ ધીમેથી કોઈ પણ પ્રકારના વિરોધ કે ઉપદ્રવ વિના બહાર નીકળવા લાગ્યો.

બ્રન્ટનને માટે એ આખુંય દૃશ્ય આશ્ચર્યકારક અને અવનવું હતું. કોઈની સાંભળેલી વાત પરથી એવી હકીકતને કદાચ એ ના માનત, પરંતુ એ પ્રસંગ તો પ્રત્યક્ષ અનુભવનો હોવાથી એને માનવા ના માનવાનો કોઈ સવાલ જ નહોતો ઊઠતો. માનવની અંદર આટલી બધી લોહચુંબકીય આકર્ષણશક્તિ હોય છે તેની એમને કલ્પના પણ ન હતી. મહર્ષિની વિશેષ શક્તિ સંબંધી તો એમણે ઘણું ઘણું સાંભળેલું : એ બધું સાંભળીને તો એ આટલે બધે દૂર એમના દર્શને આવેલા : પરંતુ એમના જ આશ્રમમાં રહેતા આ અદભુત યોગી પુરૂષની અસાધારણ શક્તિ કે યોગ્યતાને જોઈને એ એકદમ આશ્ચર્યચક્તિ થઈ ગયા. કૃષ્ણવર્ણના કૃશકાય રામૈયાની અંદર આવો અલૌકિક ઓજસ્વી આત્મા વસતો હશે એનું અનુમાન પણ એ નહોતા કરી શક્યા.

એ પ્રતીતિજનક પ્રસંગ પછી પોલ બ્રન્ટનનો યોગી રામૈયાને માટેનો પ્રેમ અને આદરભાવ વધી ગયો.

* * * * * * * * * * * *

પોલ બ્રન્ટને યોગી રામૈયાની અસાધારણ શક્તિને દર્શાવનારા એવા જ એક બીજા પ્રસંગનો પણ ઉલ્લેખ કર્યો છે.

રમણાશ્રમના સુખદ શાંત નિવાસના દિવસો દરમિયાન એકવાર એમના પર પરદેશથી એક પત્ર આવ્યો. એ પત્રના સમાચાર વ્યવસાયવિષયક, વિપરીત કે કરૂણ હોવાથી એમના ચિત્તતંત્ર પર એમનો પ્રભાવ પડ્યા વિના ના રહ્યો. એ ઉદાસ, નિરાશ, નાહિંમત તથા દુઃખી બની ગયા. એમનું મગજ ભમવા

માંડ્યું ને શું કરવું તેની એમને સમજ ના પડી. જીવનનો સઘળો રસ જતો રહ્યો ને આજુબાજુ બધે અંધકાર દેખાવા લાગ્યો.

એ દિવસે એમને યોગી રામૈયાનું સ્મરણ થયું.

યોગી રામૈયા એમની પાસે એકાએક આવી પહોચ્યા અને એમને લઈને અરૂણાચલ પર્વત પર ચાલ્યા.

લાંબા વખત લગી ચાલ્યા પછી એ પર્વત પરના એક અત્યંત આકર્ષક, આનંદદાયક, સુંદર, શાંત સ્થાનમાં આવી પહોંચ્યા.

રામૈયાએ ત્યાં બ્રન્ટનને પોતાની સામે બેસવાનું કહ્યું.

બ્રન્ટને એમની સૂચનાનું પાલન કર્યું.

ધીમે ધીમે રામૈયા આંખ બંધ કરીને ઊંડા ધ્યાનમાં લીન બની ગયા.

બ્રન્ટનનું મન ધ્યાનમાં લગાડવા યોગ્ય ન હતું. એની ઉપર પેલા પત્રનો પ્રતિકૂળ પ્રભાવ પડ્યો હોવાથી અનેક પ્રકારના સંકલ્પવિકલ્પોના પરપોટાઓ પેદા થતા ને ફૂટ્યા કરતા. અરૂણાચલની ઊંડી સનાતન શાંતિ એને કશી અસર નહોતી કરી શકતી.

પરંતુ ક્રમેક્રમે એની ઉપર યોગી રામૈયાના આત્મબળની અસર થવા માંડી.

એ અસરને પરિણામે બ્રન્ટનને આંખ મીંચવાનું મન થયું.

એ આંખ મીંચીને એ મહાયોગીની સામે ધ્યાનમાં બેઠા એટલે કોઈક ચમત્કૃતિનો અનુભવ થતો હોય એમ એમનું મન આપોઆપ શાંત થવા લાગ્યું, એમનો શોક-સંતાપ શમવા માંડ્યો; મનમાં પેદા થતા વિપરીત, વિરોધી, વિઘાતક, વિચારો ધીમે ધીમે શાંત થતા ગયા અને એમનું સ્થાન વધારે સારા શાંત, ઉત્સાહવર્ધક, આશાજનક વિચારોએ લેવા માંડ્યું. એ વિચારોનાં તરંગો યોગી રામૈયા પ્રેરિત હોય એવી અનુભૂતિ થઈ. એમના જ પરિપૂર્ણ પરમ પવિત્ર પ્રકાશભંડારમાંથી એ અવનવાં પ્રકાશસ્ફુલ્લિંગો પેદા થઈને પ્રસ્થાન કરતાં હોય એવું લાગ્યા વિના ના રહ્યું. એમના આંતરમનનું એ મહાન યોગીના શક્તિસંચારક પ્રાણપ્રદાયક સાંનિધ્યમાં જાણે કે પરિવર્તન થતું ગયું.

થોડા વખતમાં તો એમની કાયાપલટ થઈ ગઈ, ચિંતા ટળી ગઈ, ભીતિ મટી ગઈ, આશંકાનો અંત આવ્યો અને અશાંતિનું શમન થયું.

એ આંખ ખોલીને રામૈયા તરફ જોઈ રહ્યા.

એમની અસાધારણ શક્તિથી એમના અંતરના ઊંડાણમાં ઊતરીને એમણે સઘળી સમસ્યાઓનો સુખદ ઉકેલ કરી આપ્યો, એમને શાંતિ બક્ષી, અને અણીને વખતે અત્યંત આવશ્યક્તા હતી ત્યારે એમને નવજીવનનું—અવનવી આશા અને પ્રેરણાનું પ્રદાન કર્યું.

એટલામાં તો રામૈયાએ આંખ ખોલી.

રામૈયાએ બ્રન્ટનને નિહાળીને બધી પરિસ્થિતિ માપી લીધી. એમના આંતર પરિવર્તનને જાણીને એમને સંતોષ થયો. બ્રન્ટને એમને પ્રેમપૂર્વક પ્રણામ કર્યાં.

* * * * * * * * * * * *

યોગી રામૈયા મહર્ષિ પ્રત્યેના પ્રેમ ને પૂજ્યભાવથી સંપન્ન હતા. એ મહર્ષિને ગુરૂ માનતા. સાધના દ્વારા ક્રમેક્રમે આત્મવિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થા પર પહોંચીને છવટે એમણે શાંતિ મેળવેલી. મહર્ષિના પ્રશંસકો, ભક્તો તથા શિષ્યોના ઈતિહાસનું આલેખન એમના ઉલ્લેખ વિના અધૂરું રહી જાય અને એમના ઉલ્લેખથી અલંકૃત બની રહે તેમ છે.

રામૈયા નેલ્લૂર જિલ્લામાં બુચ્ચિરેડ્ડી પાલેમ તાલુકામાં આવેલા અન્નારેડ્ડી પાલેમના જમીનદાર હતા. એ પહેલેથી જ ધનવાન હતા. અઢારમા વરસથી જ પૂર્વના કોઈ પુણ્યસંસ્કારોના પરિપાકરૂપે એમના મનમાં વૈરાગ્યના ભાવો પેદા થવાથી કોઈક ગુરૂની પાસે પહોંચીને એમણે રામના તારક મંત્રની માગણી કરી. ગુરૂએ એમને દીક્ષા આપી. એમની પાસેથી તારક મંત્ર લઈને એમના આદેશાનુસાર એ રોજના પાંચ હજાર મંત્રજપ કરવા માંડ્યા.

સાધનાને માટે એમના અંતરમાં એટલી બધી લગન હતી કે વાત નહિ. એથી પ્રેરાઈને એટલી નાની ઉમરમાં પણ એમણે ગમે તેવું કે તેટલું કામ હોય તો પણ સમય કાઢીને સાધના કરવા માંડી. એ સાધનાની પાછળ એમના દીક્ષાગુરૂનું સ્વાનુભવપૂર્ણ સુંદર પથપ્રદર્શન હોવાથી એમનું કામ પ્રમાણમાં સરળ બન્યું.

સાધનાનું સમ્યક્ શ્રદ્ધાપૂર્વકનું અનુષ્ઠાન કરતાં એમની વૈરાગ્યવૃત્તિ બળવાન બનતાં એ ઘર છોડીને કાશી જવા માટે ચાલી નીકળ્યા.

માર્ગમાં એ એમના દીક્ષાગુરૂનાં દર્શન માટે ગયા. ગુરૂએ એમના વિચારો તથા ભાવોને જાણ્યા પછી કહ્યું કે તમારે તો માતા છે. માતાની સેવા કરવાનો તમારો ધર્મ છે. એ માતાની અનુજ્ઞા મળી ગઈ ?

રામૈયાને માટે એ વિચાર નવો હતો. છતાં પણ એની ઉપેક્ષા કરી શકાય તેમ ન હતું. એમણે એ દયાનિધાન ગુરૂના પ્રશ્નના પ્રત્યુત્તરમાં તરત જ જણાવ્યું કે માતાની અનુજ્ઞા તો નથી મળી, અને સાચું કહું તો માતાને મેં કશું જણાવ્યું જ નથી : એ મારા સાહસકર્મથી એકદમ અનભિજ્ઞ છે.

ગુરૂએ એમને ઘેર પાછા ફરવાનો ને ત્યાં રહીને જ સાધના કરવાનો આદેશ આપ્યો. વચ્ચેવચ્ચે પોતે દર્શન આપતા રહેશે એવી ખાતરી પણ આપી. એ આશ્વાસન સાથે રામૈયા પાછા ફર્યા. એમને માટે પાછા ફરવા સિવાય બીજો વિકલ્પ જ ન હતો.

ઘેર પાછા ફરીને એમણે અત્યંત ઉત્સાહપૂર્વક જપ તથા પ્રાણાયામની તીવ્ર સાધના કરવા માંડી. એ સાધનાનો પ્રવાસ કષ્ટસાધ્ય હતો અને એમાં એકલે હાથે જ આગળ વધવાનું હતું તો પણ એ આગળ વધવા તેમજ પ્રવાસને પરિપૂર્ણ કરવા કૃતનિશ્ચય હતા. એમનામાં એ માટેની જરૂરી હિંમત, ધીરજ, લગન, પુરૂષાર્થપરતા ને શ્રદ્ધા હતી. એ પ્રાણાયામ તેમજ જપ સાથે ધ્યાનનો અભ્યાસ પણ કરવા લાગ્યા. શરૂઆતમાં નાકના ટેરવા પર દૃષ્ટિને કેન્દ્રિત કરીને શાંતિ, સ્થિરતા અને આનંદનો અનુભવ કરતાં કલાકો લગી બેસી રહેતા. એમને માટે બ્રહ્મચર્યપાલન સ્વાભાવિક બની ગયેલું : એમનો આહાર પણ ખૂબ જ સાત્વિક અને સૂક્ષ્મ હતો : અને સાધકોને માટેના બીજા આવશ્યક નિયમોના પાલનમાં એ સદા જાગ્રત રહેતા હોવાથી

થોડાક સમયમાં તો એમને સમાધિની આશીર્વાદરૂપ ઉત્તમોત્તમ અવસ્થાની પ્રાપ્તિ થઈ. એ અલૌકિક અનુભવથી એમનું જીવન ધન્ય બન્યું. એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમને એક દિવસ ધન્ય ઘડી ધન્ય પળે મહર્ષિની માહિતી મળી. એમને અતિશય આનંદ થયો. એ તિરુવણ્ણામલૈ જવા તૈયાર થયા.

એમને ખાતરી થઈ કે મહર્ષિ એક મહાન અનુભવી સંત પુરૂષ છે. અને અનુભૂતિની ઉચ્ચોચ્ચ ભૂમિકાએથી બોલી રહ્યા છે. પોતાના અતીન્દ્રિય અનુભવ સાથે સરખાવતાં એમના શબ્દો એમને સંપૂર્ણ સાચા લાગ્યા. એ દિવસથી એ મહર્ષિને પોતાના પરમ માર્ગદર્શક અથવા ગુરૂ માનવા માંડ્યા. મહર્ષિની લોકોત્તરતા એમનાથી છૂપી ના રહી.

રામૈયા મહર્ષિ પાસેથી એક અપરોક્ષાનુભૂતિ સંપન્ન મહાપુરૂષના મિલનના ઊંડા સંતોષ સાથે પાછા ફર્યા. એ મિલન એમના જ્યોતિર્મય જીવનમાં ચિરકાળને માટે જડાઈ ગયું. પછી તો વરસનો અમુક ભાગ એ ઘેર ગાળતા અને બીજો ભાગ મહર્ષિના સુંદર એકાંત આશ્રમમાં એમના શાંત સાંનિધ્યમાં પસાર કરતા. મહર્ષિને માટેનો એમનો પ્રેમ તથા પૂજ્યભાવ ઉત્તરોત્તર વધતો જ ગયો અને અતૂટ બન્યો. એ પોતાનો મોટા ભાગનો વખત સાધનામાં જ વિતાવતા. મહર્ષિ એમની ઉપર એમની વિશેષ યોગ્યતાને લીધે ખાસ પ્રેમ રાખતા. એ પ્રેમને લીધે જ એમણે એમની તામિલ કવિતાઓ 'ઉપદેશસાર' તથા 'ઉલ્લતુનાર્પતુ' નો તેલુગુ ભાષામાં અનુવાદ કરેલો. રામૈયાની શ્રદ્ધાભક્તિ અજબ હતી. મહર્ષિની સંનિધિ અને સેવામાં એમને આનંદ આવતો. પાલિતીર્થને સુવ્યવસ્થિત કરવામાં ને આશ્રમને તૈયાર કરવામાં એમણે અસાધારણ ઉત્સાહ અને રસ દર્શાવ્યો ને ધનની શક્ય તેટલી બધી જ મદદ કરી.

### * શુદ્ધાનંદ ભારતી *

મહર્ષિના સંસર્ગમાં આવેલા પ્રશંસકો ને ભક્તોમાં શુદ્ધાનંદ ભારતીનું સ્થાન ખૂબ આગળ પડતું છે. તામિલ ભાષાભાષી પ્રજાને મહર્ષિનો પ્રથમ પરિચય એમણે જ લખેલા મહર્ષિના જીવનચરિત્ર દ્વારા પૂરો પાડ્યો છે. એ રીતે એમણે તામિલ ભાષાની, એ ભાષાભાષી પ્રજાની ને મહર્ષિની નોંધપાત્ર સેવા કરી છે. એમણે એક અગ્રગણ્ય રાષ્ટ્રપ્રેમી તરીકે વરસો સુધી કાર્ય કરીને સાહિત્ય, પત્રકારત્વ, ગુરૂકુલ શિક્ષાપરંપરા, સામાજિક પુનર્નિર્માણ અને રાજકારણનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં ફાળો આપ્યો. ધર્મને માટે પણ એમને વિશેષ રસ હતો.

એમને શક્તિની ઉપાસનામાં આનંદ આવતો. એ ઉપરાંત પ્રાણાયામાદિનું અનુષ્ઠાન પણ એ કરતા રહેતા. એને લીધે એમને નાદ, કળા તથા લયનો અનુભવ પ્રાપ્ત થયો. પોતાની આત્મવિકાસની આંતરિક ભૂખને સંતોષવા માટે એમણે લાંબી યાત્રાઓ કરી અને જુદા જુદા કેટલાય ધર્મગ્રંથોનું અધ્યયન કર્યું. પોતાના પ્રવાસ દરમિયાન એ મૈસૂરમાં આવેલા પ્રસિદ્ધ તીર્થધામ શ્રવણ બેલગોડામાં રહીને જૈન ધર્મનું અધ્યયન કરી રહેલા ત્યારે એમના અંતરમાં મહર્ષિને મળવાની ભાવનાએ જોર પકડ્યું. એમણે એમના સંબંધી ઘણું ઘણું સાંભળ્યું હોવાથી એમનું અંતર એમના પ્રત્યે આરંભથી જ આકર્ષાયેલું.

તિરુવણ્ણામલૈ જઈને એમણે મહર્ષિના દર્શનનો લાભ લીધો. એ એમને પહેલાં ભસ્મના સમૂહરૂપે, પછી જ્યોતિસ્તંભ રૂપે ને પછી શિવલિંગ રૂપે દેખાયા ત્યારે એમના આશ્ચર્યનો પાર ના રહ્યો. એ ગણપતિ શાસ્ત્રીને પગે લાગ્યા ત્યારે મહર્ષિ બોલ્યા : 'ભારતી ? ભારત શક્તિના રચયિતા ?' એના પરથી સાબિત થયું કે એમણે એમના સાહિત્યનું પ્રેમથી અધ્યયન કરેલું.

મહર્ષિએ એમને નાસ્તા માટેનું આમંત્રણ આપ્યું તો એનો સ્વીકાર કરતાં એમણે કહ્યું કે હું તો આધ્યાત્મિક ખોરાક માટે જ આવ્યો છું.

એ પ્રથમ મેળાપ વખતે જ મહર્ષિને રસપૂર્વક નિર્નિમેષ નેત્રે નિહાળતાં એમણે એક કલાકમાં એમની પ્રશસ્તિની કેટલીય કાવ્યપંક્તિઓ તૈયાર કરી દીધી. એમના અંતરના ઉત્કટ પરમ પવિત્ર પ્રેમ વિના એ કદી પણ શક્ય ના બન્યું હોત.

ઈ.સ. ૧૯૨૯માં છ માસ જેટલા સમય સુધી એમના સ્વર્ગીય સાંનિધ્યમાં રહીને એ શક્તિની વિશેષ ઉપાસના માટે અરવિંદ આશ્રમમાં ગયા. ત્યાં રહીને એમણે ભક્તિભાવથી ભરપૂર ગદ્યકાવ્ય રમણવિજયમ્ ની રચના કરી. મહર્ષિને ચરણે અર્પણ કરાયલી એ અક્ષરાંજલિ આજે પણ અનેકને પ્રેરણા ધરે છે અને અમર છે.

*** શ્રી બી.વી. નરસિંહ સ્વામી ***

શ્રી રમણ મહર્ષિના અંગ્રેજી ભાષાના જીવનચરિત્ર લેખક નરસિંહ સ્વામી એમની એ સાહિત્યકૃતિથી સુપ્રસિદ્ધ છે. એમની સેવા અમૂલખ છે. એ એક જ કૃતિ એમને અમર કરવા માટે પૂરતી છે. એને વાંચીને ભારતની બહારથી પણ કેટલાય અધ્યાત્મપ્રમી આત્માઓ મહર્ષિ પ્રત્યે આકર્ષાયા, આદરભાવ રાખતા થયા, અને એમના દર્શન, સત્સંગ અને માર્ગદર્શન માટે આવી પહોંચ્યા. મહર્ષિની જીવનસૌરભને સૂદૂરવર્તી ફેલાવવામાં એનો ફાળો ઘણો મોટો છે. એ આખીયે કૃતિ પુષ્કળ પ્રેમ ને પૂજ્યભાવપૂર્વક લખાયેલી હોવા છતાં અતિશયોક્તિથી રહિત છે એ એની વિશેષતા છે.

નરસિંહ સ્વામી અથવા નરસિંહય્યર સોલમના નિવાસી હતા. એ વકીલાતમાં રસ લેતા ને રાજકારણમાં પણ આગળ પડતો ભાગ ભજવતા. એમના બે પુત્રો એક જ દિવસે પાણીમાં ડૂબીને મરી ગયા ત્યારથી એમનું મન સંસાર પરથી ઉપરામ થઈ ગયું. એમને આત્મવિકાસની લગની લાગી. પરિણામે ઈ.સ. ૧૯૨૮ થી માંડીને ત્રણ વરસ સુધી એમણે મહર્ષિના આશ્રમમાં જ વાસ કર્યો. એ દરમિયાન એમણે અંગ્રજીમાં મહર્ષિનું સુંદર જીવન 'સેલ્ફ રીઆલાઈઝેશન : લાઈફ એન્ડ ટીચીંગ્સ ઓફ શ્રી રમણ મહર્ષિ' લખ્યું. એ પુસ્તકની સરળતા, સરસતા તથા સચોટતાની પ્રશંસા પરદેશથી આવેલા મહર્ષિશિષ્ય એ. ડબલ્યુ. ચાડવિક અથવા સાધુ અરૂણાચલે પણ મુક્ત કંઠે કરીને કહ્યું છે કે એટલા બધાં સરસ સત્યનિષ્ઠ પુસ્તકની કદર જેટલા જોઈએ તેટલા વધારે પ્રમાણમાં નથી થઈ. પરંતુ અસંખ્ય આત્મવિકાસપ્રેમી આત્માઓએ એમાંથી પ્રેરણા, પ્રકાશ તેમજ પથદર્શન પામીને જીવનની સાર્થકતાની સામગ્રી મેળવી છે : એવી રીતે કરાયેલી એની કદર કાંઈ ઓછી નથી.

☼ ☼ ☼ ☼ ☼

## (૩૧) પશ્ચિમના શિષ્યો--૧

ભારતવર્ષની સનાતન સંજીવનદાયક પ્રાણસંચારક સંસ્કૃતિ મહર્ષિના મંગલ મહામહિમામય માધ્યમ દ્વારા પોતાનો પ્રચાર પરદેશમાં પણ કરવા માગતી'તી. મહર્ષિની પ્રસિદ્ધિ પહેલાં અને પછી પણ વેદાંતકેસરી વીર સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, રામતીર્થ, દયાનંદ, યોગાનંદ, તિલક, ટાગોર, મહાયોગી અરવિંદ અને મહાત્મા ગાંધીજી દ્વારા એણે પોતાના પ્રકાશને પ્રસરાવવાનો પ્રખર પ્રયાસ કરવા માંડેલો. એને લીધે દુનિયાના બીજા દેશોનું ધ્યાન પણ એના પ્રત્યે આકર્ષાયલું કે કેન્દ્રિત બનેલું. એ અને એવા બીજા સંસ્કૃતિના સૂત્રધાર અથવા આધ્યાત્મિકતાના અગ્રદૂત જેવા પરમપ્રતાપી પુરૂષોની પરંપરામાં પ્રકાશપુંજની પેઠે પ્રક્ટીને મહર્ષિએ પણ પોતાનો પ્રકાશ પાથરવાનો હતો. એને માટે એ નિર્મિત થયેલા. એમના અવતરણ પાછળ એ પણ એક મહામૂલ્યવાન હેતુ હતો. એ હેતુની પૂર્તિનો સમય હવે આવી પહોંચ્યો.

* * *   * * *   * * *   * * *

મહર્ષિના પરદેશમાંથી આવેલા અને આશ્રમમાં કાયમને માટે રહી ગયેલા શિષ્ય સાધુ અરૂણાચલ એમના મહર્ષિના સંસ્મરણોના પુસ્તકમાં એક ઠેકાણે લખે છે :

'મારે જેમને લંડનમાં મળવાનું થયેલું અને જે થોડા જ મહિનામાં ભારતના પ્રવાસે પાછા આવવાના હતા તે બ્રન્ટનની માહિતી મેળવીને મહર્ષિને આનંદ થયો. એમના સમાચાર સાંભળવામાં એમણે ઘણો રસ બતાવ્યો. એમના પુસ્તક 'એ સર્ચ ઈન સિક્રેટ ઈન્ડિયા' ના પ્રકાશન પછી એ પ્રથમ વાર જ આશ્રમમાં આવવાના હતા. બ્રન્ટનને પોતાનો સંદેશ પશ્ચિમમાં ફેલાવવાની અથવા વધારે નહિ તો ત્યાંની પ્રજાને ભગવાનના અસ્તિત્વની માહિતી આપવાની પ્રેરણા નિઃશંક રીતે ભગવાન પાસેથી જ પ્રાપ્ત થયેલી. પાછળથી જોકે કેટલીક ગેરસમજ કે ભ્રાંતિના શિકાર બનીને એમણે કેટલુંય ખરાબ કહેવાય તેવું લખવા માંડ્યું, તો પણ એમના એ પુસ્તકને વાંચીને જ મોટી સંખ્યાના શ્રેયાર્થીઓ ભગવાન પાસે આવી શક્યા. પોતાના સદગુરૂને શોધી કાઢવાની જે સૂચના એમાં આપવામાં આવેલી એને માટે એ એમના આભારી હતા.'

'એ પુસ્તકનાં ભગવાનની સાથે સીધી રીતે સંબંધિત પ્રકરણો ભગવાનની પોતાની પ્રેરણાથી જ લખાયાં છે એવું મને હમેશાં લાગ્યા કર્યું છે બ્રન્ટનને આશ્રમને માટે ફરિયાદો હતી, અને એમનાં પાછળથી પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં એમના ગુરૂ વિશે એમણે કેટલાક ક્ષુલ્લક અભિપ્રાયો રજૂ કર્યા છે તે છતાં, બ્રન્ટનને ભગવાન માટે હંમેશાં પ્રેમ અને અસાધારણ આદરભાવ હતો એમાં કોઈ પ્રકારની લવલેશ શંકા નથી લાગતી.'

'ભગવાનની કદર પશ્ચિમમાં ઘણી વધારે થયેલી. એમની પાસે પશ્ચિમને માટે ખાસ સંદેશ હતો. એમની તર્કબદ્ધ, શુદ્ધ, બુદ્ધિસંગત દલીલો અને લાગણીના આવેગ વિનાની સ્થિર સમતોલ વિચારસરણીની અસર ઘણી ભારે થઈ. એ કોઈ પણ સિદ્ધાંતની રજૂઆત કે પુષ્ટિ કરવાને બદલે સત્યના શોધકને પોતાનું ધ્યાન હમેશાં પોતાની ઉપર કેન્દ્રિત કરવાનું કહેતા ને જણાવતા કે આત્મવિકાસના માર્ગમાં જે કાંઈ કરવાનું

છે તે સાધકે પોતે કરવાનું છે. ગુરૂ તો કેવલ સંકેત અથવા પથપ્રદર્શન કરી શકે છે અને કોઈ કોઈને આત્મસાક્ષાત્કારનું પ્રદાન નથી કરી શકતું.'

મહર્ષિની થયેલી પરદેશની એ કદરમાં બ્રન્ટનનો ફાળો પણ ઓછો અગત્યનો ન હતો. એમનો અને એમના એ અમૂલખ ફાળાનો ઉલ્લેખ કરવો જરા પણ અસ્થાને નથી.

પોલ બ્રન્ટન એક સફળ ઈંગ્લીશ પત્રકાર હતા. એમને પૂર્વના કોઈ પ્રબળ સુપરિણામ રૂપે પહેલેથી બ્રહ્મવિદ્યા, આધ્યાત્મિકતા, હિપ્નોટીઝમ, બીજાના વિચારોને જાણી લેવાની વિદ્યા, યોગ સાધના અને એવી બીજી બાબતોમાં રસ હોવાથી એ વિષયોની માહિતી મેળવવા એમણે બનતું અધ્યયન કરેલું અને કેટલાક વિષયોમાં ચંચુપાત કરીને થોડોક સ્વાનુભવ પણ પ્રાપ્ત કરેલો. વખતના વીતવા સાથે ધીમે ધીમે છતાં ચોક્કસતાપૂર્વક એમની આધ્યાત્મિક અભિરુચિ વધવા માંડી. એમને મોટા મોટા યોગીઓ, તપસ્વીઓ અને સમર્થ સંતોનો સમાગમ કરવાની અને એમનાં ચરણોમાં બેસીને એમની પાસેથી કાંઈક મહત્વનું શ્રેયસ્કર મેળવવાની ઈચ્છા થઈ. એ ઈચ્છા દિનપ્રતિદિન જોર પકડતી થઈ.

એમને થયું કે એવા યોગીઓ કે લોકોત્તર સંતપુરૂષોની પ્રાપ્તિ માટે ભારતનો પ્રવાસ કરવો જોઈએ; કારણ કે ભારત એમના આવિર્ભાવ માટે પ્રખ્યાત છે. એનો મહિમા માનવસંસ્કૃતિ તથા સાધનાની પ્રાતઃસ્મરણીય પુરાતન જનની તરીકે એવો જ અકબંધ છે. ભારતમાં આજની ભૌતિક સુખોપભોગયુક્ત પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એવા સમર્થ પુરૂષોનો સમાગમ જરૂર થઈ શકશે. ફક્ત એમને શોધવા કે મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ.

ભારતને માટે કોણ જાણે કેમ પણ એમને આરંભથી જ —એમના વિદ્યાભ્યાસના કિશોરકાળથી જ અનેરું આકર્ષણ હતું. એ આકર્ષણ દિવસે દિવસે વધતું ગયું. મોટી ઉંમરે આત્મવિકાસની ઉચ્ચત્તમ આકાંક્ષાથી અનુપ્રાણિત થઈને ભારતના પુણ્યપ્રવાસના ઘાટ ઘડ્યા ને યોજનાઓ બનાવી. એમનો આત્મા જ્યારે એકદમ અકળાઈ ઊઠ્યો કે અધીર બન્યો ત્યારે પત્રકારત્વના લાભપ્રદ પ્રતિષ્ઠાપ્રાપ્ત પ્રિય વ્યવસાયને ગૌણ ગણીને એમણે ભારત માટે પ્રયાણ કર્યું.

એ વરસ ઈ.સ. ૧૯૩૦નું હતું.

ભારતની પવિત્ર પુણ્યમયી ધરતી પર પગ મૂક્યા પછી એમણે જુદા જુદા પ્રદેશોનો પ્રવાસ કર્યો. એ પ્રવાસ ખૂબ જ શિક્ષાપ્રદ, ઉપકારક અને રોચક સાબિત થયો. એ દરમિયાન એમણે ઘણું ઘણું જોયું, જાણ્યું, સાંભળ્યું અને અનુભવ્યું. એના પરિણામે ભારતને માટેનો એમનો આદરભાવ વધી પડ્યો.

બ્રન્ટને ભારતનાં ભિન્નાભિન્ન સ્થળોની મુલાકાત લીધી. એમણે પોતાના એ વિશાળ પ્રવાસ દરમિયાન કેટલાય સંતોનો સમાગમ કર્યો. એમનું મન કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહથી મુક્ત હતું. શુભ તથા સત્યનું દર્શન ગ્રહણ કરવા એમણે તટસ્થ વૃત્તિથી બધે ફરીને બનતા બધા જ પ્રયત્નો કરી જોયા. પોતાના પ્રવાસ દરમિયાન એમને કેટલાક બગભગતો મળ્યા, કેટલાક આપબડાઈ કરનારા નકલી પથભ્રાંત સાધુઓના સંસર્ગમાં આવવું પડ્યું, કેટલાક સિદ્ધિઓવાળા સંતો સાંપડ્યા, તો કેટલાક સાચા સાધકો ને સંતોનાં દર્શનનો પણ લાભ મળ્યો. સાચા સંતોના સંસર્ગથી એમને ઓછાવત્તા પ્રમાણમાં શાંતિ સાંપડી ને નવું નવું જાણવાનું

મળ્યું. ખાસ કરીને માસ્ટર મહાશય, સાહેબજી મહારાજ, બ્રહ્મ, શંકરાચાર્ય ને ચંડીદાસના વ્યક્તિત્વનો પ્રભાવ એમની ઉપર ઘણો પ્રબળ પડ્યો. એમના સંસર્ગે એમને મહામૂલ્યવાન પ્રેરણા પૂરી પાડી. માસ્ટર મહાશય અને સાહેબજી મહારાજનો પ્રભાવ એટલો બધો પરાકાષ્ઠાએ પહોંચ્યો કે એમના શિષ્ય બનવાની આકાંક્ષા પણ એમને થઈ આવી. પરંતુ એ એમના ગુરૂ બનવા નહોતા સરજાયલા. માસ્ટર મહાશયે કલકત્તાના નિવાસસ્થાનમાંની પ્રથમ મુલાકાત દરમિયાન એમના ઉદગારો દ્વારા એ વસ્તુની સ્પષ્ટતા કરી.

બ્રન્ટનની ભારતના આધ્યાત્મિક આત્મપ્રકાશની ખોજ અબાધિત રીતે ચાલુ જ રહી. સંપૂર્ણ સફળતા સિવાય એ અધવચ્ચે અટકે તેમ ન હતી.

આખરે ભાગ્ય એમને એક ધન્ય દિવસે તિરુવણ્ણામલૈના રમણાશ્રમમાં રમણ મહર્ષિ પાસે લઈ આવ્યું.

મહર્ષિ પોતાની સ્વાભાવિક પદ્ધતિ પ્રમાણે શાંતિથી બેઠેલા.

બ્રન્ટનને એમનાં દર્શનનો દેવદુલર્ભ લાભ મળ્યો.

મહર્ષિના અસાધારણ અનુગ્રહથી બ્રન્ટન એમની સંનિધિમાં વિશાળ હોલમાં બેસીને એક ધન્ય પળે ચિત્તના લયની કે તંદ્રાની પ્રાપ્તિ કરી શક્યા. એ તંદ્રાવસ્થામાં એમને મહર્ષિનો અદભુત અનુભવ થયો. એ અનુભવની અસર એમના પર ઘણી ભારે થઈ. એમને મહર્ષિને માટે પૂજ્યભાવ થયો. એમના સ્વર્ગીય સાંનિધ્યમાં એ અધિકાધિક સુખશાંતિ અનુભવવા માંડ્યા.

* * *     * * *     * * *     * * *

મહર્ષિના સમાગમને પરિણામે બ્રન્ટનને સંપૂર્ણ શાંતિ સાંપડી કે એમની સઘળી સમસ્યાઓનું સુખદ સમાધાન થઈ ગયું એવું ના કહી શકાય; છતાં પણ એથી એમને અમૂલખ લાભ તો થયો જ. એમના મોટા ભાગના જટિલ પ્રશ્નોના ઉત્તરો એમને મળી ગયા. એથી એમને સુખ સાંપડ્યું. એમણે અનુભવ્યું કે મહર્ષિ અતિશય સરળ તથા સ્પષ્ટ છે ને કોઈના પર પ્રભાવ પાડીને કોઈને પોતાના ભક્ત, શિષ્ય કે અનુયાયી બનાવવાની આકાંક્ષા ભૂલેચૂકે પણ નથી રાખતા. એમનાં મંતવ્યો અને અભિપ્રાયોનો હઠાગ્રહ પણ એમનામાં નથી દેખાતો. એ એમનાથી પ્રભાવિત થઈને થોડાક દિવસોના નિશ્ચિંતતાપૂર્વકના નિવાસ પછી ચાલી નીકળ્યા.

એમનું મન જુદા જુદા સંતોનો સમાગમ કરવા તેમ જ સિદ્ધિઓના અનુભવો મેળવવા આતુર હતું.

એમનું મન ક્યાંય સંપૂર્ણપણે માન્યું નહિ ત્યારે આખરે એમણે રમણાશ્રમ પ્રતિ પ્રયાણ કર્યું.

એમના સાંનિધ્યમાં એમની શંકાઓ શમી ગઈ. એમને પ્રકાશ જડ્યો ને શાંતિ મળી.

મહર્ષિની સુયોગ્યતા અને સર્વોત્તમતાને એ વધારે સારી રીતે સમજી શક્યા, અને એમને લાગ્યું કે ભારતના વર્તમાનકાળના સંતપુરૂષોમાં મહર્ષિ સર્વશ્રેષ્ઠ છે : પ્રાચીન કાળના પ્રાતઃસ્મરણીય મહાત્માઓ કે પ્રતાપી પુરૂષોની પ્રકાશવાન પરંપરામાં એ એક સર્વોત્કૃષ્ટ પ્રતિનિધિ છે.

એમણે એમને ગુરૂ માન્યા ને કબૂલ્યું કે વાણીના માધ્યમ વિના અમે હવે એકમેકને વધારે સારી રીતે સમજીએ છીએ, કારણ કે આ ગૂઢતમ મૌનાવસ્થામાં અમારાં મન સર્વોત્તમ સંવાદિતા સાધે છે ને મને એમની

સંક્રમણશક્તિના સુપરિણામરૂપે શાંત શબ્દરહિત સંદેશ સાંપડે છે. મહર્ષિના જીવન પ્રત્યેના દૃષ્ટિકોણની ઝાંખી મને થઈ ગઈ હોવાથી એમના આંતરજીવન સાથે મારું આંતરિક જીવન મળવા અને એક થવા લાગ્યું છે.

* * *　　* * *　　* * *　　* * *

બ્રન્ટન ઈ.સ. ૧૯૩૬માં એકવાર પૉંડિચેરીના અરવિંદ આશ્રમમાં પણ મહાયોગી શ્રી અરવિંદના દર્શન માટે દર્શનના દિવસ પર જ પહોંચેલા. એવો ઉલ્લેખ મળી રહે છે.

મહર્ષિનો એમના પર પડેલો પ્રભાવ અસાધારણ હતો.

*** માલેટ ***

આધ્યાત્મિકતાની અદભુત દુનિયામાં પૂર્વપશ્ચિમના ભેદ નથી હોતા. એને અનુસરીને બ્રન્ટનની પેઠે બીજા કેટલાય પરદેશી અધ્યાત્મપ્રેમી આત્માઓ રમણ મહર્ષિ પાસે આવવા માંડ્યા.

એ આત્માઓમાં સ્ત્રીઓનો સમાવેશ પણ સ્વાભાવિક રીતે જ થઈ જાય છે.

એવી જ એક સંસ્કારમૂર્તિ અધ્યાત્મપ્રેમી સુશિક્ષિત સ્ત્રીએ રમણાશ્રમમાં થોડોક વખત રહીને મહર્ષિના સ્વર્ગીય સાંનિધ્યનો સ્વાદ ચાખેલો.

એ સ્ત્રીનું નામ પાસ્કાલાઈન માલેટ.

પોતાના મિત્રો સાથેની મહર્ષિના આશ્રમની મુલાકાત સંબંધમાં એ સન્નારીએ એના પુસ્તક 'ટર્ન ઈસ્ટવર્ડઝ' માં જે ઉદગારો કાઢ્યા છે તે ખાસ મનન કરવા જેવા છે. એ ઉદગારોનું અધ્યયન કરવાથી મહર્ષિના અસાધારણ વ્યક્તિત્વનો ખ્યાલ આવે છે. એ પુસ્તકમાં એ લખે છે :

'ભારતીય પરંપરા પ્રમાણે પ્રણામ કરીને અમે મહર્ષિના હોલમાં શાંતિપૂર્વક આગળ વધીને દર્શનાર્થીઓની સાથે જમીન પર બેસી ગયાં. એ અવિસ્મરણીય દૃશ્યને હું શાંતિથી નિહાળવા લાગી. મારું સમગ્ર ધ્યાન એ મધ્યવર્તી મુખ્ય વ્યક્તિ પર કેન્દ્રિત થયું, જેનું નીરવ ગૌરવ, શાંત સાત્વિક સામર્થ્ય અને પરિપૂર્ણ મૌન એ આખાય સ્થળને અનિવર્ચનીય શાંતિથી ભરી દેતું લાગ્યું. એમની તારા સરખી સુપ્રકાશિત આંખનું અવલોકન કરવાથી અનંતતાના રહસ્યનું સૌથી પહેલું ઉદઘાટન કરી શકાતું ને વિચારથી પારના પરમાનંદનો અનુભવ થતો.

'એ વખતે મહર્ષિના મહાન વાર્ષિક જન્મોત્સવની જોરશોરથી તૈયારીઓ ચાલી રહેલી. એ અવસર પર દેશના વિભિન્ન વિભાગોમાંથી હજારોની સંખ્યામાં લોકો એમનું દર્શન કરવા અને એમના આશીર્વાદ મેળવવા એકઠા થાય છે તથા એ બધાને માટે ભોજન તથા આશ્રયનો પ્રબંધ કરવામાં આવે છે.'

'અમે હોલમાં પ્રવેશ્યાં ત્યારે મહર્ષિ લખવામાં, પત્રો વાંચવામાં ને વર્તમાનપત્રો જોવામાં મગ્ન હતા. દુનિયામાં બનતી બધી જ ઘટનાઓમાં એ ઊંડો રસ લેતા દેખાયા. તો પણ મને લાગ્યું કે એ સમસ્ત સમય દરમિયાન એ દેશ અને કાળથી અતીત અવસ્થામાં વાસ કરે છે, જ્ઞાન અને અજ્ઞાન તથા બીજાં બધાં જ દ્વંદ્વોમાંથી મુક્તિ મેળવી ચૂક્યા છે, અને સૃષ્ટિના સૂત્રધાર જેવી પરમચેતનામાં પ્રતિષ્ઠિત છે.'

'એમનું વ્યક્તિત્વ એકદમ અનાસક્ત અને દેહાધ્યાસથી પર હતું તો પણ સાર્વત્રિક સહાનુભૂતિ, કરુણા ને સ્નેહથી સભર દેખાયું. એમની પાસે સુખ તેમ જ સહાયતા મેળવવાની આશાથી આવતાં દુઃખી ને

વ્યથાતુર લોકોની વ્યથાઓ, પીડાઓ, ચિંતાઓ અને સમસ્યાઓ તેમ જ મુશ્કેલીઓને સમજવાની શક્તિથી એ સંપન્ન લાગ્યા. ગરીબ અને અમીર, સ્ત્રી–પુરૂષ અને બાળકો, તથા બ્રાહ્મણો ને શૂદ્રો સૌ એમને મન સરખાં હતાં. એ સૌને સમદૃષ્ટિથી જોયા કરતા.'

'એમની સંનિધિમાં રહેવાથી માનવને એમની મહામૂલી મદદ મળી રહે છે એમાં શંકા નથી. આશ્રમમાં આવનાર કોઈપણ— પછી એ આશ્વાસન મેળવવા, આધ્યાત્મિક પ્રકાશની પ્રાપ્તિ કરવા, કે કેવળ કુતૂહલવૃતિથી પ્રેરાઈને આવતા હોય તો પણ, ખાલી હાથે પાછા નથી ફરતા એ હકીકત સાચી છે. પ્રત્યેકને પોતાની ઓછીવત્તી યોગ્યતાનુસાર મદદ મળી રહે છે, અને અનેક આત્માઓએ એવા અંતરંગ અનુભવોની પ્રાપ્તિ કરી છે જેમણે એમનાં જીવનને ધરમૂળથી બદલી નાખ્યાં છે.'

*** હારી ડિકમન ***

એમનો પવિત્ર પ્રકાશ ઝીલવા ને પાવન થવા પશ્ચિમના જે અનેક આત્માઓ એમની પાસે આવી પહોંચ્યા તેમાં હારી ડિકમન સૌથી પહેલા હતા.

રશિયાની પશ્ચિમે આવેલા બાલ્ટિક સમુદ્રના તટ પરના નાના રાજ્ય લેટવિયાના તુકુમ શહેરના વતની ડિકમન એક અત્યંત સંસ્કારી આત્મા હતા. એમને છેક કિશોરાવસ્થાથી જ યોગાભ્યાસની લગની લાગેલી. એથી પ્રેરાઈને એમણે યોગની જુદી જુદી ક્રિયાપ્રક્રિયાઓનો અભ્યાસ કરેલો. એ રમણાશ્રમમાં રહ્યા તે દરમિયાન એમની પાસેથી આસનાદિ ક્રિયાઓને શીખવા માટે કેટલાય સાધકો આવી પહોંચેલા અને એમને એમણે પોતાની શક્તિ મુજબ પથપ્રદર્શન પૂરું પાડેલું.

ડિકમન મહર્ષિ પર ખૂબ જ પ્રેમ ને શ્રદ્ધા રાખતા ને એમને સર્વસ્વ સમજતા. જરૂર પ્રમાણે એ એમનું માર્ગદર્શન પણ મેળવતા. એમને યોગ તથા વેદાંત પર પ્રીતિ હતી ને બ્રહ્મચર્યના પાલનમાં શ્રદ્ધા. એ અંગ્રેજી, હિંદી ને સંસ્કૃત સારી રીતે જાણતા. એમણે મહર્ષિના 'હું કોણ છું ?' પુસ્તકનો પોતાની ભાષામાં અનુવાદ કરેલો ને વિવેકાનંદના ગ્રંથો અથવા વ્યાખ્યાનો વાંચી કાઢેલાં. એથી એમને ઘણો લાભ થયેલો.

ડિકમન પોતાના શિષ્યો તથા પ્રશંસકો સાથે પોતાના દેશમાં દર વરસે મહર્ષિની જયંતીનો ઉત્સવ કરતા. મહર્ષિએ એમને લખેલા એક પત્રનો સારાંશ ઉદધૃત કરવા જેવો છે :

'કામ તથા પ્રેમ કેટલા જુદા છે ? બંનેમાં કેટલું અંતર છે ? એક સ્વર્ગમાં લઈ જાય છે ને બીજું નરકમાં. એક સંસારનો સંરક્ષક છે તો બીજો સર્વસંહારક. એ બંનેના તફાવતને જે નથી જાણતો તેનો સર્વનાશ નિશ્ચિત છે.'

'બ્રહ્મચર્યપાલનથી તેજ, ઓજસ, બળ, બુદ્ધિ બધાંની રક્ષા થાય છે. ભોગવિલાસ એ બધાંનો નાશ નોતરે છે. બધી સારી ટેવોને માટે તેમ એને માટે પણ દસથી સોળ વરસોની વચ્ચેની અવસ્થા ઉત્તમોત્તમ છે.'

'ભોજન સીમિત અને સાત્વિક જોઈએ. રાતના દસ વાગ્યાથી સવારના ચાર વાગ્યા સુધીની નિદ્રા પૂરતી છે.'

'મનને ઉત્તમ વિચારમાં લગાડવું જોઈએ. ઉત્તેજક સાહિત્યનું વાચન છોડી દેવું જોઈએ. ફુલના બહારના સૌન્દર્ય પર મુગ્ધ થવાથી લાભ નહિ થાય. એને મોહકતા આપનારા આત્મતત્વનો વિચાર કરવો જરૂરી છે. સ્ત્રીની અંદરના આત્માને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ, કેમકે સૌન્દર્યનું સાચું કારણ આત્મા જ છે. '

એક આશાસ્પદ સંસ્કારી સાધકને સંબોધીને લખાયલો આ પત્ર કેટલો બધો સુંદર ને સર્વોપયોગી છે ? એના લખાવનારા મહર્ષિ તો ધન્ય છે જ; પણ જેમને ઉદ્દેશીને એ લખાયો છે તે ડિકમનને પણ ધન્યવાદ આપીએ.

☼ ☼ ☼ ☼ ☼

## (૩૨) પશ્ચિમના શિષ્યો – ૨

મહર્ષિના સંસર્ગમાં આવેલા અસાધારણ આત્માઓમાં ભિક્ષુ પ્રજ્ઞાનાનંદ પણ ઉલ્લેખનીય છે.

પ્રજ્ઞાનાનંદ અંગ્રેજ હતા. એમણે ઓક્સફર્ડની ઉપાધિ પ્રાપ્ત કરેલી. એ કેટલીય ભાષાઓનું પ્રભુત્વ ધરાવતા. પૂર્વાશ્રમનું એમનું નામ ફ્રેડરિક ફ્લેચર હતું. યરોપના બીજા વિશ્વયુદ્ધમાં એમણે એક પલટણના અધિપતિ તરીકે ભાગ લીધેલો. પરંતુ એમને માટે એક સૈનિક કે સેનાધ્યક્ષ કરતાં જુદા જ પ્રકારનું જીવન નિર્માયું હોવાથી યુદ્ધની ભયંકરતા તથા વિનાશકતાને જોઈને એમનું હૃદય રડીને દ્રવી ઊઠ્યું. એમને હિંસાના એ અમંગલ માર્ગનો ત્યાગ કરીને અહિંસાના મંગલ માર્ગને અપનાવવાનું મન થયું અને એના પરિણામે એમણે બુદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. ફ્રેડરિક ફ્લેચર એવી રીતે ભિક્ષુ પ્રજ્ઞાનાનંદ બન્યા.

ભીક્ષુ બન્યા પછી એ બ્રહ્મદેશ ને તિબેટમાં લાંબા વખત લગી પરિભ્રમણ કરતા રહ્યા. એમણે રંગુનમાં એક આશ્રમની સ્થાપના પણ કરી.

ઈ.સ.૧૯૩૨માં ભારતભ્રમણ દરમિયાન ભાગ્ય એમને રમણાશ્રમમાં લઈ આવ્યું. મહર્ષિની મુલાકાતથી એમને અતિશય આનંદ થયો. મહર્ષિની નિષ્ઠા તથા શાંતિથી પ્રભાવિત થઈને એમના સાંનિધ્યમાં રહેવાની ભાવનાથી એમણે આશ્રમમાં લગભગ બે મહિના સુધી વાસ કર્યો, અને એમના સદ્ઉપદેશનો લાભ લીધો.

આશ્રમમાંથી વિદાય થયા પછી પણ મહર્ષિ સાથેનો એમનો સંબંધ ચાલુ જ રહ્યો.

એ એમની આધ્યાત્મિક અવસ્થા સંબંધમાં અવારનવાર પત્રો લખીને મહર્ષિનું માર્ગદર્શન મેળવતા ને મિત્રો તથા પ્રશંસકોને મહર્ષિનો પરિચય કરાવતા.

પોલ બ્રન્ટન જ્યારે પહેલવહેલા મહર્ષિના આશ્રમમાં આવ્યા ત્યારે ભિક્ષુ પ્રજ્ઞાનાનંદ ત્યાં હાજર હતા.

મહર્ષિના જીવનસંદેશે સંસારના જુદા જુદા પ્રદેશોના અધ્યાત્મપ્રેમીઓને પ્રભાવિત કર્યા છે. જર્મની તથા ઈંગ્લાંડના વિદ્વાન વિચારકો એથી વધારે આકર્ષાયા છે.

સ્વિત્ઝરલેંડમાં એમના સંદેશના પ્રચાર માટે તથા આત્મસાક્ષાત્કારની ધ્યાન જેવી અંતરંગ સાધનાના અભ્યાસ માટે એમની એક ભક્ત સ્ત્રીએ કુદરતી સૌન્દર્યથી છવાયલા સરસ શાંત વાતાવરણની વચ્ચે એક આશ્રમની સ્થાપના કરી છે. એ સન્નારીનું નામ શ્રીમતી ઓલ્ગા ફ્રોબ કીપકીન છે. આશ્રમનું સરનામું–Casa Garbrinella, Ascona Tessim, Switzerland.

***    ***    ***    ***

### * સાધુ અરૂણાચલ *

ઈંગ્લાંડવાસી સાધુ અરૂણાચલ તિરુવણ્ણામલૈના રમણાશ્રમમાં ઈ.સ. ૧૯૩૫ના નવેમ્બરની પહેલી તારીખે આવી પહોંચ્યા તે પછી ઈ.સ. ૧૯૮૨ના એપ્રિલમાં એમનું શરીર શાંત થયું ત્યાં સુધી પાછા ફર્યા જ નહિ. એ રમણાશ્રમ અને એમના ગુરૂ રમણ મહર્ષિના જીવનના એક અવિભાજ્ય અંગ બની ગયા.

રમણાશ્રમમાં આવતાં પહેલાં પણ રોજ સાંજે કામકાજથી પરવારીને ધ્યાનમાં બેસવાની ટેવ તો એમણે પાડેલી જ. તિરુવણ્ણામલૈ પહોંચ્યા પછી જે ધ્યાનપદ્ધતિનો પરિચય થયો તે ધ્યાનપદ્ધતિ પોતાની પૂર્વપદ્ધતિ કરતાં ખાસ જુદી ન હતી એ સમજતાં એમને સ્વાભાવિક રીતે જ આનંદ થયો. એ મહર્ષિ સાથે

પૂર્વજન્મમાં સંકળાયલા હોય એવું એમના અંતરને લાગવા માંડ્યું. પાછળથી એકવાર એમની એ લાગણીનો ઉલ્લેખ કરતાં મહર્ષિએ એનું સમર્થન કરતાં કહેલું પણ ખરું :

'ચાડવિક પહેલાં આપણી સાથે જ હતા. આપણામાંના એક હતા. એમની પશ્ચિમમાં જન્મવાની થોડીક ઈચ્છા હતી અને એ ઈચ્છા હવે પૂરી થઈ છે.'

* * *　　* * *　　* * *　　* * *

એ વહેલી સવારે ટ્રેન દ્વારા તિરુવણ્ણામલૈ આવી પહોંચ્યા. શિયાળાની સવારના શાંત સરસ વાતાવરણથી એ ખૂબ જ પ્રભાવિત થયાં. સ્ટેશન પર એમને લેવા માટે ગણપતિ શાસ્ત્રી આવી પહોંચેલા. આશ્રમમાં એમને સ્ટોરરૂમની બાજુના રૂમમાં ઉતારો આપવામાં આવેલો.

મહર્ષિ લગભગ સાતેક વાગે ફરીને પાછા આવ્યા ને હોલમાં બેઠા એટલે અરૂણાચલ પણ ત્યાં પહોંચી ગયા. એમને મહર્ષિની સામેના બારણાની બાજુમાં એક ખુરશી પર બેસાડવામાં આવ્યા. મહિનાઓ સુધી એ પ્રથાનો લોકોએ વિરોધ ના કર્યો ત્યાં સુધી એમણે એવી રીતે ખુરશી પર બેસવાનું ચાલુ રાખ્યું. વરસોના અભ્યાસ છતાં એ લાંબા વખત લગી જમીન પર નહોતા બેસી શકતા. પાછળથી એમણે ધ્યાનમાં બેસી શકાય તે માટે એક કપડાનો પટ્ટો તૈયાર કરાવ્યો. કમરે તથા ધૂંટણે એને વીંટાળીને એ ધ્યાનમાં બેસતા. એકવાર એ દશામાં એમને હોલમાં ધ્યાન કરતા જોઈને કેટલાક છોકરાઓએ મહર્ષિને પૂછ્યું કે, આમને શા માટે બાંધવામાં આવ્યા છે ? એ સાંભળીને મહર્ષિ એમની નિર્દોષતાથી આનંદ પામેલા. સાધુ અરૂણાચલે વરસો સુધી એ પટ્ટાનો ઉપયોગ કરેલો.

મહર્ષિના પ્રથમવારનાં દર્શનનો પ્રભાવ એના પર કેવો પડ્યો હશે એને જાણવાની ઈચ્છા સૌને થઈ આવે એ સ્વાભાવિક છે. એ વિશે એ પોતે જણાવે છે તે ખૂબ જ રસપ્રદ છે. એ લખે છે :

'ભગવાનનાં પ્રથમ દર્શન અથવા સાંનિધ્યની મારી પ્રતિક્રિયાને વર્ણવાનું કામ ખરેખર કઠિન છે. એમની ઉપસ્થિતિ અથવા ઉદાત્તતામાંથી પરિણમનારી પ્રખર શાંતિનો અનુભવ મને થવા માંડ્યો. મને લાગ્યું કે હું એમને પ્રથમવાર જ નથી મળતો. એમને કાયમ માટે જાણતો હોઉં એવું થવા માંડ્યું.'

'પહેલી વાર હું હોલમાં પ્રવેશ્યો ત્યારે એ કોચ પર બારણા તરફ મુખ રાખીને બેઠેલા એ વખતે સાતેક વાગેલા અને એ પર્વત પરથી ફરીને પાછા ફરેલા. એમણે મારો સુંદર સ્મિત સાથે સત્કાર કર્યો, મેં નાસ્તો કર્યો કે નહિ તેની માહિતી મેળવી, ને મને બેસવાની સૂચના કરી. એ દિવસ કોઈ ઉત્સવનો દિવસ હોવાથી લોકો મોટી સંખ્યામાં ભેગા થયેલા. ભગવાને એ દિવસે ભોજનનો સમય થયો ત્યાં સુધી બધા જ સમય દરમિયાન મારી સાથે વાતચીત કરી. એમણે મારા જીવન ને મારી વિશે અનેક પ્રશ્નો પૂછ્યા. એ બધું તદ્દન સ્વાભાવિક લાગ્યું. પાછળથી મને જાણવા મળ્યું કે મોટે ભાગે એ કોઈના આગમનને દૃષ્ટિપાત કરીને જ વધાવતા, કોઈવાર કાંઈક બોલીને શાંત રહેતા, અને આવનારના પ્રશ્નો કે સંશયો સાંભળવા, એમનું સમાધાન કરવાની ભાવનાથી, રાહ જોતા. કેટલીક વાર તો કોઈના આગમનની એમને ખબર પણ ના પડતી. જોકે બહારથી એવું દેખાતું કારણ કે એ સદાય સભાન રહેતા.'

એકાદ બે દિવસ આશ્રમમાં રહ્યા પછી સાધુ અરૂણાચલને મહર્ષિની આજ્ઞાથી 'હું કોણ છું ?' એ પુસ્તિકા વાંચવા માટે આપવામાં આવી. એમાં એમના ઉપદેશનો અર્ક સમાયેલો. એ પછીનું મહર્ષિએ એમને વાંચવા માટે સૂચવેલું બીજું પુસ્તક શ્રી બી.વી. નરસિંહસ્વામીએ લખેલું એમના વિસ્તૃત જીવનવૃત્તાંતનું પુસ્તક હતું. એ બંનેનું અધ્યયન એમને માટે ખૂબ જ ઉપયોગી થઈ પડયું.

* * *          * * *          * * *          * * *

મહર્ષિને મળવાનો સર્વોત્તમ સમય બપોરે એક વાગ્યાનો, એ પર્વત પરથી પાછા આવતા ત્યાર પછીનો, હતો એની ખબર સાધુ અરૂણાચલને થોડાક વખત પછી પડી ગઈ. એ વખતે મહર્ષિ લગભગ એમના સેવક સાથે એકલા રહેતા. સેવક એમને છત પરનો હાથમાં પકડેલી દોરીની મદદથી પંખો કરતાં કેટલીકવાર ઊંઘમાં પડી જતો ને જતો રહેતો. એવે વખતે કેટલીકવાર અરૂણાચલ એને જવાની સૂચના પણ આપતા અને એના ગયા પછી મહર્ષિના કોચ પાસે એમના મસ્તક પાસે બેસીને વાતચીત કરતા. એ સમય દરમિયાન મહર્ષિ એમને ઉપદેશ આપતા ને સૂચનાઓ પૂરી પાડતા. એ શાંત સમય એમના જીવનનો સૌથી શ્રેષ્ઠ, મૂલ્યવાન સમય થઈ પડ્યો. મહર્ષિ વર્તમાનપત્ર વાંચી શકે અને સાધુ અરૂણાચલ ધીમેથી બોલે તો તો સમજી શકે એટલું અંગ્રેજી જ્ઞાન ધરાવતા એટલે ભાષાની ખાસ મુશ્કેલી ના પડતી. ઉત્તર જો સંક્ષેપમાં જ આપવાનો હોય કે કોઈક શાસ્ત્રવચનનો નિર્દેશ કરવાનો હોય તો એ કામ એ તરત જ પતાવી દેતા. પરંતુ જો ઉત્તર લાંબો અથવા અઘરો લાગતો તો એ સાંજે કે બપોર પછી કોઈ દુભાષિયો મળે તેની રાહ જોતા.

સાધુ અરૂણાચલનો મહર્ષિપ્રેમ ધીરે ધીરે વધતો ગયો. એ પ્રબળ પ્રેમે પૂજ્યભાવ અને અચળ શ્રદ્ધાભક્તિનું રૂપ ધારણ કર્યું. મહર્ષિના મંગલ માર્ગદર્શન મુજબ એમના સ્વર્ગીય સાંનિધ્યમાં એ શાંતિ મેળવવા માંડ્યા. રમણાશ્રમનું વાતાવરણ એમને ઘરથી પણ વધારે પ્રિય તેમ જ સુખપ્રદાયક લાગવા માંડ્યું. મહર્ષિના વ્યક્તિત્વનું વર્ણન કરતાં એમણે પરમ પ્રેમ, ભક્તિ તથા પૂજ્યભાવથી પ્રેરાઈને લખ્યું છે :

'ભગવાન ખૂબ જ સુંદર હતા. એ પ્રકાશ અથવા ઓજસથી અલંકૃત લાગતા. એમના હાથ જેવા નાજુક હાથ મેં બીજા કોઈના પણ નથી જોયા. એ હાથની મદદથી એ એમના ભાવોની અભિવ્યક્તિ કરતા કે વાતચીત કરી શકતા. એમની મુખાકૃતિ પરના ભાવો સ્થિર હતા અને એમની ચમત્કૃતિભરી ઓજસ્વી આંખ તો સુપ્રસિદ્ધ છે જ. એમનું કપાળ ઊપસેલું ને મોટું હતું. એવું સરસ કપાળ મેં બીજા કોઈનું નથી જોયું. મોટું કપાળ ભારતની જનતાની દૃષ્ટિએ બુદ્ધિમાનીનું સૂચક ગણાય છે તે એમના સંબંધમાં સ્વાભાવિક રીતે જ સાચું હતું. એમનું મધ્યમ કદનું શરીર સપ્રમાણ દેખાતું, પરંતુ એમનું વ્યક્તિત્વ એટલું બધું પ્રભાવશાળી લાગતું કે એ ઊંચા દેખાતા. એ ભારે વિનોદપ્રિય હતા અને વાત કરતી વખતે અવારનવાર સ્મિત કરતા. એમની અભિનયશક્તિ ઘણી ઉચ્ચ કક્ષાની હતી. એ કોઈ પણ વિષયને રસપૂર્ણ અથવા હૃદયંગમ રીતે રજુ કરી શકતા. વિષય જ્યારે કરૂણ હોય ત્યારે એ લાગણીવશ બની જતા અને આગળ ના વધી શકતા. લોકો એમના ગૃહજીવન કે કૌટુંબિક જીવનની કથાઓ સાથે એમની આગળ આવી પહોંચતા ત્યારે સુખીને જોઈને એ હર્ષની લાગણી દર્શાવતા ને કેટલીકવાર દુઃખીને દેખીને અશ્રુ વહાવતા. એવી રીતે બીજાનાં સંવેદનમાં સહભાગી બનતા. એ કદી ઉશ્કેરાઈને બોલતા નહિ, અને પ્રસંગોપાત્ત ક્રોધે ભરાયલા દેખાતા તો પણ એમની

સ્વસ્થતા તથા શાંતિ એવી જ અકબંધ રહેતી. એમની સાથે તરત જ વાતચીત શરૂ કરાતાં એ તદ્દન સ્થિરચિત્તે શાંતિપૂર્વક ઉત્તર આપતા. કારણ દૂર થયા પછી પણ બીજા માણસો પર પોતાના ક્રોધની અસર ઓછાવત્તા પ્રમાણમાં રહી જાય છે. અંદરખાનેથી આપણને સૌને સ્વસ્થ થતાં ને આપણા અસલ સ્વરૂપમાં આવતાં વાર લાગે છે, પરંતુ એમની ઉપર કોઈ પ્રતિક્રિયા નહોતી પડતી.'

* * *    * * *    * * *    * * *

સાધુ અરૂણાચલે એકવાર મહર્ષિ પાસે પોંડિચેરી જવાની અનુમતિ માગી.

મહર્ષિએ પૂછ્યું : 'શા માટે જવું છે ?'

અરૂણાચલે જણાવ્યું કે મારા એક દાંતમાં તકલીફ હોવાથી દાંતના દાક્તરને બતાવવા જવું છે.

મહર્ષિ મૌન રહ્યા એટલે અરૂણાચલે એમનો વિચાર માંડી વાળ્યો.

થોડાક દિવસો પછી એમણે કહ્યું : 'મને લાગ્યું કે તમે પોંડિચેરી જવાના છો પણ તમે તો હજુ અહીં છો !'

'પરંતુ તમારી રજા મને નથી મળી.' અરૂણાચલે ખુલાસો કર્યો.

મહર્ષિ કશું બોલ્યા નહિ.

બન્યું પણ એવું કે દર્દ મટી ગયું. અરૂણાચલનું ફૂલેલું અવાળું ઠીક થયું, ત્યાંનો સડો આપોઆપ દૂર થયો ને દાક્તર પાસે જવાની આવશ્યક્તા ના રહી.

પરંતુ થોડાક મહિના વીતી ગયા પછી એમના બીજા દાંતે તકલીફ પેદા થઈ.

એમણે એની વિગત જણાવીને મહર્ષિ પાસે પોંડિચેરી જવાની મંજૂરી માગી તો મહર્ષિએ તત્કાળ જણાવ્યું : 'ભલે જઈ આવો.'

એમની આજ્ઞાનુસાર એમણે પ્રસ્થાન કર્યું અને એમની સફર સફળ નીવડી.

સાધુ અરૂણાચલના નોકરના પિતા મલબારમાં માંદા હોવાથી એ નોકર એમને મળવાની ઈચ્છા રાખતો'તો.

અરૂણાચલ એના વિના આશ્રમમાં સારી રીતે રહી શકે તેમ ના હોવાથી એમણે એને જણાવ્યું કે મહર્ષિની મંજૂરી મળે તો પોતે પણ એના વ્યાધિગ્રસ્ત પિતાને જોવા એની સાથે આવી શક્શે.

અરૂણાચલના આવાસની પાછળના ભાગમાં એક દરવાજો હતો. એ દરવાજો મોટે ભાગે બંધ રહેતો અને આશ્રમના બગીચા તરફ પડતો. મહર્ષિ બપોરે એ બાજુથી ફરીને પાછા આવતા ત્યારે કોઈ કોઈ વાર અરૂણાચલ એમને એ રસ્તે પોતાને ત્યાં લાવવામાં સફળ થતા.

એક દિવસ એ ફરીને પાછા આવતા'તા ત્યારે અરૂણાચલના નોકરે એમને મળીને બધી હકીકત કહી સંભળાવી અને અરૂણાચલ તથા પોતાને માટે ઘેર જવાની અનુમતિ માગી.

મહર્ષિની અનુમતિ મળી ગઈ. પરંતુ નોકરે જણાવ્યું કે તમે પોતે જ્યાં સુધી અંદર આવીને અરૂણાચલને અનુજ્ઞા નહિ આપો ત્યાં સુધી માનશે નહિ. એટલે એ દરવાજામાં થઈને અરૂણાચલના ઓરડામાં આવ્યા ને બોલ્યા :

‘રામન એના પિતા પાસે જવા માગે છે.’

‘હા’ અરૂણાચલે ઉત્તર આપ્યો.

મહર્ષિ થોડીવાર પછી બહાર નીકળ્યા. પરંતુ દરવાજા તરફ જતાં પહેલાં પાછળ ફરીને બોલ્યા :

‘હા. તમે પણ વારકાલા જરૂર જાવ. ત્યાં વધારે ઠંડક હશે.’

એ આજ્ઞા અરૂણાચલને ઉદ્દેશીને કરવામાં આવેલી.

અરૂણાચલ એથી સંતોષ પામ્યા.

એમની મહર્ષિને માટેની શ્રદ્ધાભક્તિ એવી અસાધારણ હતી. મહર્ષિનાં ચરણોમાં એમણે સર્વસમર્પણ કર્યું હોવાથી એમની અનુજ્ઞા વિના એ એક ડગલું પણ ના ભરતા. એમનું જીવન મહર્ષિમય બની ગયેલું એવું કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી થતી. એમનું મન અને અંતર મહર્ષિની આસપાસ જ રમ્યા કરતું. મહર્ષિ જ એમના સર્વસ્વ હતા.

એ સ્નેહ અને સમર્પણભાવને લીધે જ એમનો વિકાસ શક્ય બન્યો ને એમને સહેલાઈથી શાંતિ મળી. મહર્ષિના અલૌકિક અનુગ્રહથી એમની કાયાપલટ થઈ ગઈ અને એમની ભારતયાત્રા સફળ બની.

મહર્ષિની મહાસમાધિના એ સાક્ષી થયા. એ મહાસમાધિ પછી પણ વરસો સુધી આશ્રમના વાતાવરણમાં વસીને મહર્ષિની અસાધારણ સંનિધિનો અનુભવ કરતાં અને જીવનને વધારે ને વધારે જ્યોતિર્મય કરવાની સાધનાનો આશ્રય લેતાં એ બીજા અનેકને પ્રકાશ ને પથપ્રદર્શન પહોંચાડી રહ્યા. મહર્ષિના સમાધિમંદિરમાં નિયમિત રીતે સવારના આઠથી દસ અને સાંજના પાંચથી સાત દરમિયાન ચાર કલાક લગી બેઠેલા દેખાતા. જે મુલાકાતીઓ એમને ઓળખતા તે એમના અમૂલખ અનુભવનો લાભ લેતા.

ઈ.સ. ૧૯૫૯ના ડિસેમ્બરની ૧૭મીએ ઊજવાયલા (હિંદુ તિથિ પ્રમાણે) મહર્ષિના ૮૦મા જન્મદિવસના ઉપલક્ષમાં લખેલા એક લેખમાં એમના મહર્ષિ પ્રત્યેના પ્રેમને પ્રકટ કરતાં એમણે જે લખ્યું છે તે એમના અંતરની ઉદાત્તતા તેમ જ નિષ્ઠાનું પરિચાયક હોવાથી ખાસ યાદ કરવા જેવું છે :

‘આપણા પરમપ્રિય ગુરૂના નિરંતર અસ્તિત્વમાં જે શંકાશીલ છે એવા માણસોને બે શબ્દો કહેવાનો આ અવસર જતો કરવાનું મન મને નથી થતું. આપણે એમના સંબંધમાં એ ચાલ્યા ગયા હોય એવી રીતે વાત કરીએ છીએ તો પણ એ સાચેસાચ અહીં છે, જીવતા છે, અને દેખાતા ના હોય તો પણ એમણે આપેલા વચન પ્રમાણે છે જ.’

‘શ્રી રમણે એમના સ્થૂલ શરીરને છોડી દીધું છે તો પણ એમની શક્તિનો નાશ નથી થયો. ઈલેક્ટ્રિક બલ્બ દ્વારા ઓરડામાં ફેલાતા પ્રકાશ પેઠે એ સર્વત્ર રહેલા છે. ઓરડાનો કોઈ ભાગ અંધારાથી ઘેરાયેલો નથી રહેતો, તો પણ ઓરડાના બીજા ભાગો કરતાં બલ્બની પાસે વધારે પ્રકાશ જોવા મળે છે. આપણા ગુરૂનો પ્રકાશ પણ એમના શરીરને જે સ્થળે સમાધિ આપવામાં આવેલી તે સ્થળે દેખાતો હોય તો એમાં આશ્ચર્ય જેવું શું છે ?’

‘મારા કથનની વાસ્તવિક્તાને મારા અંગત અનુભવના આધાર પર પુરવાર કરવાની શક્તિ હોવા છતાં એવું કરી બતાવવાની આવશ્યક્તા નથી લાગતી. શાસ્ત્રોમાં વચનોમાં વિશ્વાસ રાખવાથી મને સંતોષ

મળે છે. એ વિશ્વાસ મારે માટે પૂરતો છે. અને જો તમને ઉચિત લાગતું હોય તો તમે પોતે આશ્રમની મુલાકાત લીધા પછી તમારા પોતાના અનુભવના આધાર પર નક્કી કરી શકો છો.'

'સ્વાનુભવના આધાર પર ચોક્કસપણે કહી શકાય તેમ છે કે શ્રી રમણ આજે પણ આપણી વચ્ચે છે અને એમની સંનિધિનો અનુભવ સ્વાભાવિક રીતે જ અને અત્યંત સહેલાઈથી આટલા બધા વખત લગી એ જ્યાં રહ્યા અને એમના શરીરને જ્યાં સમાધિ કરાવવામાં આવી ત્યાં થઈ શકે છે. દુનિયાના લગભગ બધા જ મોટા ધર્મોમાં કોઈ પણ પ્રકારના અપવાદ વગર એ પ્રથા નથી દેખાતી ? ઉચ્ચ કક્ષાના આદરણીય સંતો, ફકીરો કે ઓલિયાઓની કબરોને મુસલમાનો પણ પૂજે છે, અને બુદ્ધ ધર્માવલંબીઓ પણ એમના સંતોના અવશેષ અથવા સ્મૃતિચિન્હની ભક્તિભાવે પ્રેરાઈને કેટલીય કષ્ટપ્રદ યાત્રાઓ કરતા હોય છે. કોઈ પણ ચોક્કસ પ્રયોજનમાં વિશ્વાસ રાખ્યા વિના માણસો એવાં બધાં કષ્ટો કાંઈ નકામા જ નથી ઉઠાવતા.'

☼ ☼ ☼ ☼ ☼

## (૩૩) ઉત્સવો અને દિનચર્યા

મહર્ષિના આશ્રમમાં નિત્યનિરંતર મુલાકાતીઓની ભીડ રહેતી પરંતુ અમુક દિવસો દરમિયાન તો જાણે કે મોટો માનવમેળો ભરાતો. એ દિવસોમાં દૂરદૂરથી દર્શનાર્થીઓ ઊભરાવા માંડતા. આશ્રમના સંચાલકો કે વ્યવસ્થાપકોને એમની ખાસ વ્યવસ્થા કરવી પડતી. એ દિવસો વિશેષ ઉત્સવ દિવસો કહેવાતા.

એવા ઉત્સવ દિવસોમાં સૌથી પ્રથમ મહત્વનો દિવસ મહર્ષિની જન્મજયંતીનો હતો, બીજો કૃતિકાનો ને ત્રીજો મહર્ષિની માતા અલઘમ્માના દેહત્યાગનો દિવસ ગણાતો. મહર્ષિની જન્મજયંતી તથા માતા અલઘમ્માના દેહત્યાગના દિવસે હજાર જેટલા આમંત્રિતોને ભોજન કરાવવામાં આવતું અને આમંત્રણ વગરના ગરીબ ભોજનાર્થીઓની સંખ્યા તો કેટલાય સોની થઈ જતી. અલઘમ્માના દેહવિલયનો દિવસ માતૃભૂતેશ્વર મંદિરના મહોત્સવ તરીકે મનાતો ને તે દિવસે મંદિરમાં ખાસ પૂજા કરવામાં આવતી.

ઉત્સવના એ દિવસો વખતે મહર્ષિના વ્યક્તિત્વનું દર્શન જરા જુદી રીતે જ થઈ રહેતું. એ દિવસોએ મિષ્ટ પદાર્થો ને સ્વાદિષ્ટ વ્યંજનો તૈયાર કરાવીને સૌને જમાડવાનો ને કોઈને પણ નિરાશ ના કરવાનો આગ્રહ રખાતો. બધા માણસોને એક સાથે જમાડવાનું શક્ય ના હોવાથી વારાફરતી પંક્તિવાર બેસાડવામાં આવતા. મહર્ષિ એ સૌને જમાડવામાં ઊંડો રસ લેતા ને જમી લીધા પછી છેક છેલ્લા જમવા બેસતા. બીજાને જમાડવામાં એમને અદભુત આનંદ આવતો. એવા પ્રસંગોએ એમની મહાનતાનું દર્શન થતું. જ્યાં સુધી એક પણ માણસ જમ્યા વગરનો બાકી હોય ત્યાં સુધી એમને કહેવામાં આવતું તો પણ એ ભોજન કરવાની ના પાડતા.

સામાન્ય રીતે પણ એમની ટેવ બીજાને ખવડાવીને ખાવાની હતી. એમની આગળ પ્રસાદ લાવવામાં આવતો તો તેને વહેંચવાની સૂચના મળતી. ખાદ્યપદાર્થ ગમે તેટલો ઉત્તમ, વિરલ કે મૂલ્યવાન હોય તો પણ એ એનો ઉપભોગ કદાપિ એકલા ના કરતા. કોઈવાર કોઈ સુંદર ફળ, મીઠાઈ, મિષ્ટ પદાર્થ કે કૉફીનો પ્યાલો લઈને આવી પહોંચતું ને એમને કહેતું કે આ ખૂબ જ સરસ છે, તમે કૃપા કરીને ગ્રહણ કરો, તો તરત જ શાંતિપૂર્વક ઉત્તર આપતા કે હું શા માટે ગ્રહણ કરું ? એના સિવાય હું સુખી નથી શું ? જો મારે કાંઈ લેવાનું હોય તો તે બધાને મળવું જોઈએ. એવું કહીને એ એમને અર્પણ કરાયેલી વસ્તુ ચાખ્યા વિના જ પાછી વાળતા અથવા ત્યાં જે હાજર હોય તે પ્રાણીઓને અપાવી દેતા.

એમનો ભોજન સંબંધી એક બીજો નિયમ પણ ખાસ જાણવા જેવો છે. એ નિયમ જમ્યા પછી કશું પણ ના છાંડવાનો હતો. એ નિયમપાલનની ટેવ બચપણથી જ પડી ગઈ હોવાથી એમને માટે સ્વાભાવિક બની ગયેલી. જે કાંઈ પીરસવામાં આવતું તે બધું જ એ આરોગી જતા. એ ઉપરાંત જે પીરસવામાં આવે તે બધું પંક્તિમાં બેઠેલા બધાને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ને પોતાને વિશેષ મહત્વ આપ્યા વિના કે પોતાના તરફ પક્ષપાત બતાવ્યા વિના પીરસવામાં આવે એવો એ ખ્યાલ અથવા આગ્રહ રાખતા. એ એમની સાથે જમવા બેઠેલા સાધારણ દેખાતા કે ગરીબ માણસનું પણ ધ્યાન રાખતા. પોતાના આશ્રમ પર અથવા આશ્રમની સાધનસામગ્રી પર કોઈ વિશેષ અધિકાર છે એ પ્રકારના બીજાના ખ્યાલ કે વર્તનને ના પોષવા

દેતા. એ જણાવતા કે હું તો આશ્રમનો એક સામાન્ય સદસ્ય જ છું ને બીજા કરતાં મારો અધિકાર જરા પણ વધારે નથી. એ કેટલા બધા નિરભિમાની, નમ્ર, નિર્મમ, અનાસક્ત અને જાગ્રત હતા તેની પ્રતિતી એના પરથી સહેલાઈથી થઈ રહે છે. આજના ને ભવિષ્યના આશ્રમધારીઓ કે મઠાધીશોએ એમના જીવનમાંથી ઘણું ઘણું શીખવાનું છે. એમની સાધના સર્વશ્રેષ્ઠ હતી અને એમના વિચારો મહાન હતા એ તો સાચે જ છે; પરંતુ એમનું વર્તન પણ એટલું જ નિષ્કપટ, નિખાલસ ને મહાન હતું, માટે જ એ મહાન હતા. માણસની મહાનતા બીજી રીતે ગમે તેટલી હોય પણ એનું પ્રતિબિંબ જો એના આચરણમા ના પડતું હોય તો એ મહાનતા સર્વાંગીણ કે સાચી ના કહી શકાય. એ મહાનતા અપૂર્ણ કહેવાય ને બીજાને જીવનોપયોગી પ્રેરણાનું પાન ના કરાવી શકે. આધ્યાત્મિક વિકાસના સરસ સર્વોત્તમ ક્ષેત્રમાં તો એ એક અવગુણ જ લેખાય, ત્રુટિ ગણાય, ને જરા પણ ઉત્સાહજનક, આદર્શ અથવા આશીર્વાદરૂપ ના મનાય. એ ક્ષેત્રમાં મુખ્ય મહત્વ થોડાક પણ આદર્શ આચારનું છે. મહર્ષિના જીવનમાં આચારનું એ અગત્યનું અંગ સુવિકસિત અથવા સંપૂર્ણતા પર પહોંચેલું દેખાતું.

* * *  * * *  * * *  * * *

પોતાના જન્મદિવસને કોઈ વિશેષ મહત્વનો દિવસ નહોતા ગણતા. તો પણ પ્રેમી ભક્તોની ભાવના કે લાગણીને અનુલક્ષીને એ ઉત્સવ થયા કરતો અને એમનો જન્મદિવસ વિશેષ રીતે મનાતો. એમને મન બધા દિવસો સરખા હોય અને એમના જન્મદિવસનું વિશેષ માહાત્મ્ય ના હોય તે સમજી શકાય તેવું છે. પરંતુ ભક્તોની ભાવના પણ ના સમજી શકાય તેવી તો નથી જ. એમની દૃષ્ટિએ એ દિવસ અત્યાધિક મહત્વ ધરાવતો હતો. એ દિવસ એમને મન કોઈ સામાન્ય દિવસ નહિ પરંતુ પર્વદિવસ હતો. એ દિવસે આ શોકસંતપ્ત, પીડાગ્રસ્ત, અવિદ્યાયુક્ત, પચરંગી, પૃથ્વી પર એમના રૂપમાં એક અસાધારણ જાજ્વલ્યમાન જીવનપ્રદાયક જ્યોતિનો પ્રાદુર્ભાવ થયેલો. એ જ્યોતિ કોઈ સામાન્ય જ્યોતિ નહોતી પણ પરમ જ્યોતિ હતી. એ દિવસે દેવના એક દૈવી દૂતે, પરમાત્માના એક પરમ પવિત્ર પ્રેમાળ પ્રતિનિધિએ, જગતમાં જન્મ લીધેલો. ઈશ્વરના અમૂલખ આશીર્વાદનું આતંકયુક્ત અશાંત અવનીમાં અવતરણ થયેલું. એમનો આવિર્ભાવ કોઈ સાધારણ ઘટના ન હતી. એવી ઘટનાઓ વિશ્વના આધ્યાત્મિક ઈતિહાસમાં વરસો નહિ પણ યુગો પછી કોઈક વાર જ બનતી હોય છે. એ ઘટનાનું સ્મરણ થાય અને એમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવામાં આવે એમાં કશું ખોટું નથી. જન્મોત્સવનો આધાર ભાવિક ભક્તો પોતાની ભાવનાને પોષવા અને જીવનઉપયોગી પ્રકાશ અથવા શક્તિસામગ્રી મેળવવા લેતા હોય તો કશુ ખોટું નથી. ફક્ત તે શોખ કે પરંપરા ના બની જાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

મહર્ષિના જન્મોત્સવનો આરંભ સૌથી પહેલાં કોણે ને ક્યારે કર્યો ? એ મહાપુરૂષના એકનિષ્ઠ ભક્ત શ્રી ગંભીરમ શેષય્યરજીએ ઈ.સ. ૧૯૧૨માં. મહર્ષિએ એને સ્વાભાવિક રીતે જ અનુમોદન ના આપ્યું.

પરંતુ ભાવિક ભક્તોએ મહર્ષિના વિરોધની પરવા કર્યા વિના એમનો જન્મોત્સવ શરૂ કર્યો. એ રીતે એમના મંગલમય અસાધારણ જન્મદિવસને ઊજવવાની પ્રથા પડી ગઈ. ભક્તો તેમ જ પ્રશંસકોને માટે એ ઉત્સવપ્રસંગ અત્યંત અગત્યનો ને પાવન થઈ પડ્યો.

મહર્ષિ પોતાની પૂજા ને પોતાના અભિષેકથી જરા પણ પ્રસન્ન ના થતા. એટલું જ નહિ, એ એનો નિર્ભીકતાપૂર્વક વિરોધ કરતા. એને લીધે એમના મસ્તક, શરીર કે ચરણ પર દૂધ, પાણી, મધ, દહીં જેવાં મંગલ દ્રવ્યોનો ઉપયોગ ના કરી શકાતો. મૂર્તીઓની આગળ નાળિયેર ફોડવામાં ને બીજી રીતે એમની પૂજા કરવામાં આવે છે તેવી રીતે એમની આગળ કરવાની પ્રવૃત્તિ કરવામાં આવતાં એ એમની અસંમતિ પ્રકટ કરવામાં લગાર પણ વિલંબ ના કરતા. મહર્ષિના ફોટાને ઘરમાં રાખીને કેટલાક ભક્તો એવી રીતે પૂજાસેવા કરતા ખરા. એ સંબંધી વ્યક્ત કરાયલા મહર્ષિના અભિપ્રાયને એ મહત્વનો ના માનતા. એવા લોકો જ્યારે આશ્રમમાં આવતા ત્યારે એવી જ પૂજા કરવાનો આગ્રહ રાખતા. પરંતુ મહર્ષિના સખત શિસ્તપાલન આગળ ફાવી ના શકતા. આશ્રમના વ્યવસ્થાપકો એમને સમજાવી લેતા.

ઉત્સવના મધુમય મંગલ દિવસે આશ્રમમાં અવનવું વાયુમંડળ પેદા થતું. એ દિવસે આશ્રમનું રૂપ જ ફરી જતું. આખોયે આશ્રમ અને એની આજુબાજુની પ્રકૃતિ એ ઉત્સવના આનંદનો અનુભવ કરવા તૈયાર હોય એવી છાપ તટસ્થ દર્શનાર્થીના મન પર પડ્યા વિના ના રહેતી. પ્રકૃતિ એ દિવસે સવારથી જ જાણે કે નવો સ્વર્ગીય સાજ સજતી. લોકો વહેલી સવારથી જ ઊમટવા માંડતાં. પૃથક્ પૃથક્ પ્રદેશની પચરંગી પ્રજા પોતાની અંતરંગ એકતાની પ્રતીતિ કરાવતાં ટોળે વળતી. ચારે તરફ સુધાસભર સ્વર છોડતી શરણાઈઓ વાગી ઊઠતી. એથી સમસ્ત વાતાવરણ ગુંજી ઊઠતું. ભક્તોને માટે એ દિવસ પ્રેરણા, પ્રકાશ તથા નવજીવનનો દિવસ મનાતો. એ દિવસને વિશેષ મહત્વ પ્રદાન કરી તથા નિમિત્ત બનાવીને દેશના નજીક ને દૂરના વિભાગોમાં વસતા ભક્તો તથા દર્શનાર્થીઓ એકઠા થતા ને મહર્ષિની સંનિધિનો લાભ લઈને એમની પાસેથી મહામૂલ્યવાન માર્ગદર્શન મેળવતા.

ઉત્સવના ખર્ચની રકમ થોડા અથવા વધારે પ્રમાણમાં ભાવિક ભક્તો પાસેથી મળી રહેતી. ભક્તો એને માટે ઉત્સાહ તેમ જ શ્રદ્ધાપૂર્વક સહાયતા કરતા. કોઈવાર આકસ્મિક મદદ પણ મળી રહેતી. હજારો ભક્તો અને સ્વયંસેવકો ઉત્સવને સર્વપણે ને સંપૂર્ણ રીતે સફળ કરવા દિનરાત પ્રખર પ્રેમપૂર્વક પરિશ્રમ કરતા રહેતા. એ પરિશ્રમ ખરેખર પ્રશસ્ય અથવા અભિનંદનીય હતો.

મહર્ષિની જન્મજંયતીના આરંભના દિવસોમાં એક પોલિસ ઈન્સ્પેક્ટરે ખૂબ જ આગળ પડતો ભાગ લીધેલો, પરંતુ થોડાક વખત પછી એમની બીજે સ્થળે બદલી થઈ ત્યારે કેટલાય લોકોને નિરાશા થઈ અને એવું લાગ્યું કે હવે કોઈયે જન્મોત્સવ તથા બીજા ઉત્સવો નહિ થઈ શકે. પરંતુ એમની ધારણા ખોટી ઠરી. જન્મોત્સવનો સમય સમીપ આવ્યો એટલે એક આશ્રમવાસીએ મહર્ષિને ફરિયાદ કરી કે ગયે વરસે તો આશ્રમમાં ચોખાની દસ ગુણીઓ વાપરવામાં આવેલી અને આ વરસે તો એવું લાગે છે કે એક પણ ગુણી નહિ વાપરી શકાય.

મહર્ષિ એમના સ્વભાવ પ્રમાણે કશું ના બોલ્યા. મૌન રહ્યા.

એ રાતે એક આશ્ચર્યકારક પ્રસંગ બન્યો.

લગભગ મધરાત વખતે કોઈએ આશ્રમના દરવાજાની બહારના માર્ગ પરથી બૂમ પાડી.

એ સાંભળીને આશ્રમવાસીઓ જાગી ગયા.

એમણે દરવાજો ઉઘાડ્યો તો એમના આશ્ચર્યનો પાર ના રહ્યો,

દરવાજાની બહાર માલ ભરેલાં બે ગાડાં ઊભેલાં.

એ ગાડાં આશ્રમ માટે જ આવેલાં.

દરવાજાની અંદર દાખલ થઈને એ ગાડાંવાળાએ ગાડાંની સઘળી સામગ્રી આશ્રમવાસીઓનો અર્પણ કરી.

સામગ્રી ઠાલવીને ગાડાંના માલિકે વિદાય લીધી ને જણાવ્યું કે મહર્ષિના જન્મોત્સવ નિમિત્તે મેં આ બધું આપવાનો સંકલ્પ કરેલો. એ સંકલ્પ સફળ થયેલો જોઈને મને અતિશય આનંદ થઈ રહ્યો છે. મારું એવું સૌભાગ્ય ક્યાંથી કે હું આશ્રમની આટલી રજ જેટલી સેવા કરી શકું ?

એ રીતે જે જુદી જુદી સાધનસામગ્રી પ્રાપ્ત થઈ એ જન્મદિવસના ઉત્સવ માટે પૂરતી હતી.

* * *    * * *    * * *    * * *

ઉત્સવના અસાધારણ અવસર દરમિયાન મહર્ષિમાં બાહ્ય રીતે કશો જ ફેર ના પડતો. એ એવા જ જોઈ શકાતા. અલબત્ત, એ વખતે એમની ગરીબો પ્રત્યેની સહાનુભૂતિ અથવા દીન તથા દુઃખીઓને માટેની અનુકંપા વધારે પ્રમાણમાં પ્રકટ થતી. એથી પ્રેરાઈને એ એમની અધિક સેવા કરાવતા. પરંતુ એ પોતે તો એવા જ વીતરાગ ને સાદા રહેતા. એમનું મન એ દિવસો દરમિયાન પણ તદ્દન સ્વસ્થ તેમ જ શાંત રહેતું. એ ઉત્સવ અને ખાસ કરીને એમના જન્મોત્સવને કોઈ વિશેષ મહત્વ આપતા હોય એવું ના લાગતું.

ઉત્સવ દરમિયાન કે બાકીના બીજા દિવસોમાં આશ્રમમાં કોઈ જાહેર પદ કે પ્રતિષ્ઠાપ્રાપ્ત મોટી મનાતી વ્યક્તિનું આગમન થતું તો એમની પ્રતિક્રિયા કેવી રહેતી ? રોજના સામાન્ય દિવસોમાં સામાન્ય રીતે સઘળા માણસોને જોઈને થાય તેવી જ. એમનામાં કોઈ પણ પ્રકારનો અહંકાર ન હતો, પરંતુ એ સૌની અંદર પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરતા હોવાથી અખંડ આત્મનિષ્ઠામાં લીન રહેતા. એટલે સૌ પ્રત્યે સમદૃષ્ટિ તેમ જ સમભાવ રાખવાનું એમને માટે સહજ બની ગયું હતું.

એકવાર જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટે મહર્ષિના જન્મદિવસે એમની પાસે આવીને કહ્યું કે તમે જે કહો તે બધું જ મોકલાવવા તૈયાર છું. મને જણાવો કે તમારે કયી વસ્તુની આવશ્યક્તા છે અને હું તમારી શી સેવા કરી શકું ?

મહર્ષિએ એમને જણાવ્યું કે કોઈ જ વસ્તુની આવશ્યક્તા નથી લાગતી. બધું બરાબર ચાલી રહ્યું છે. આશ્રમને જે કાંઈ મળે છે તે આગંતુકોને માટે વાપરી દેવામાં આવે છે.

કેટલી બધી નિઃસ્પૃહતા !

એકવાર એક શ્રીમંત માણસે પોતાના પરિચારક દ્વારા કહેવડાવ્યું કે જો મારી ભેટના સ્વીકારની સંમતિ આપતા હો તો મારી ઈચ્છા આશ્રમને બે સુંદર ગાયો આપવાની છે. એમની સાથે એક મોટી રકમ પણ દાનમાં આપવા ઈચ્છું છું. એના વ્યાજમાંથી ગાયોનું પોષણ થઈ શકશે અને એમના રખેવાળને પણ રાખી શકાશે. એ પ્રસ્તાવ બીજા સામાન્ય માનવને માટે અતિશય આકર્ષક હતો. પરંતુ મહર્ષિને જરા પણ આકર્ષિત ના કરી શક્યો. એમણે તરત જ જણાવ્યું કે આશ્રમને ગાયોની આવશ્યકતા નથી : ચિત્તાઓ

આશ્રમમાં અવારનવાર આવી જતા હોવાથી એમનાથી એમને સંરક્ષવાનું જેટલું ધારવામાં આવે છે તેટલું સહેલું નથી હોતું.

અપરિગ્રહ તથા ત્યાગવૃત્તિ એમનામાં કેટલી બધી પરાકાષ્ઠાએ પહોંચી હતી એનું એવા પ્રસંગો દ્વારા દર્શન થાય છે અને અંતરમાં એમને માટે અસાધારણ આદરભાવ પ્રકટે છે. અરૂણાચલના મંદિરમાં પ્રવેશ્યા પહેલાં પહેરેલા કૌપીનને એમણે છેવટ સુધી ધારણ કરી રાખ્યું ને સાદું જીવન સ્થાપન કર્યું. એ નિર્મળ આડંબરરહિત જીવન બીજાને માટે પ્રેરણાસ્પદ હતું.

***     ***     ***     ***

સંગીત પ્રત્યેની એમની પ્રતિક્રિયા પણ જાણવા જેવી છે. એક વાર એમના એક શ્રદ્ધાળુ ભક્તે પોતાની પ્રિય ગાયિકા સાથે આશ્રમમાં પ્રવેશ કર્યો. મહર્ષિ એના સંગીતસ્વરને સાંભળે એવી એમની ઈચ્છા હતી. મહર્ષિને ગીત તથા સંગીતમાં રસ હોવા છતાં એ એમાં એટલા બધા નિષ્ણાત ન હતા. એમની આસક્તિ પણ એમાં કુદરતી રીતે જ ન હતી છતાં પણ એ શ્રદ્ધાળુ ભક્તની ભાવનાનો એમણે અનાદર ના કર્યો.

છેવટે સંગીત શરૂ થયું. ગાયિકાનો સૂરીલો કંઠ પોતાનું કામ કરવા લાગ્યો. વાતાવરણ મધુમય બની રહ્યું.

ગાયિકા ભાવથી ભરાઈને જુદા જુદા અભિનયો કરવા લાગી. દર્શકો અને શ્રોતાઓ ડોલવા લાગ્યા.

પરંતુ એવા સંગીતસ્વરથી છવાયેલા રસમય વાતાવરણમાં એ મહાપુરૂષની દશા કેવી હતી ? તદ્દન નિર્વિકાર ને શાંત. એ એમના કોચ પર આત્મમગ્ન બનીને રોજની જેમ શાંતિપૂર્વક બેસી રહ્યા.

એમણે બીજા દર્શકો કે શ્રોતાઓની જેમ અભિનંદનના આશ્ચર્યકારક ઉદગાર ના કાઢ્યા, આંગળીથી તાલ ના આપ્યો, માથું હલાવીને અંતરના આનંદની અભિવ્યક્તિ ના કરી, તાળી ના પાડી, કે પોતાનું પ્રિય ગીત ફરી વાર ગાવાની સૂચના પણ ના આપી. આરંભથી અંત સુધી એ પથ્થરમાંથી કંડારેલી પ્રતિમાની પેઠે સ્થિર રહ્યા.

કાર્યક્રમ પૂરો થયો એટલે એમણે એ શ્રદ્ધાળુ ભક્ત તથા ગાયિકા તરફ જોઈને સુમધુર સ્મિત કર્યું.

એમને માટે એટલો પુરસ્કાર પૂરતો હતો. એથી એમનું અંતર સ્વાભાવિક રીતે જ પ્રસન્ન થયું.

સ્મિત દ્વારા મહર્ષિએ જાણે કે એમને અભિનંદન આપ્યાં.

***     ***     ***     ***

આશ્રમમાં સામાન્ય રીતે દરરોજનો જે કાર્યક્રમ રહેતો તેનું વિહંગાવલોકન પણ કરી લઈએ.

મહર્ષિ જીવનના આધ્યાત્મિક વિકાસની ઉચ્ચોચ્ચ કક્ષા પર પહોંચેલા હોવાથી જુદી જુદી અવસ્થાઓનાં સર્વસામાન્ય બંધનોથી મુક્ત હતા. એમને માટે  નિદ્રા તથા જાગૃતિના ભેદ નહોતા રહ્યા. પેલા પ્રસિદ્ધ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે એમને માટે નિદ્રા એક પ્રકારની અલૌકિક સમાધિસ્થિતિ હતી એ તો ખરું જ, પરંતુ એથીયે આગળ વધીને એના અનુસંધાનમાં કહીએ તો જાગૃતિ પણ સહજ સમાધિથી સુવાસિત હતી. એમની દેશકાલાતીત આત્મનિષ્ઠા સઘળા સંજોગોમાં એકસરખી ચાલુ રહેતી. એ સ્વાભાવિક રીતે જ નિત્ય જાગ્રત રહેતા. તો પણ વ્યવહારિક રીતે અથવા ઉપલક ભાષામાં કહી શકાય કે એ વહેલી સવારે

બ્રાહ્મમુહૂર્તના મંગલમય સમયે ત્રણથી ચારની વચ્ચેના ગાળામાં ઊઠી જતા. કોઈ કોઈ વાર ભક્તો એમને રાતના એક બે વાગે પણ જાગેલા જોતા. એમની સાથે બ્રાહ્મમુહૂર્તના શાંતસુંદર સાનૂકુળ સમય દરમિયાન આશ્રમવાસીઓ પણ જાગી જતા, ને શૌચાદિથી નિવૃત થઈ નિત્ય કર્મોનો આરંભ કરતા.

મહર્ષિ શાકભાજી તૈયાર કરવામાં મદદ કરતા ને કોઈ વાર સવારનો નાસ્તો બનાવવામાં પણ મદદરૂપ થતા. એવાં કામોને મહત્વનાં માનતા અને એમાં ભાગ લેવામાં ગૌરવ ગણતા. એમનું આદર્શ જીવનવ્યવહારયુક્ત ઉદાહરણ બીજા આશ્રમવાસીઓને માટે પદાર્થપાઠરૂપ અને પ્રેરક બનતું. એ એમને ઉત્સાહિત કરતું.

એ એમના સોફા પર બેસતા ત્યારે ભક્તો એમની આગળ બેસીને એમણે રચેલાં અરૂણાચલનાં કાવ્યોનો પાઠ કરતા, મુરુગનાર નાના ભક્તકવિએ એમની પ્રેમપૂર્ણ પ્રશસ્તિમાં તૈયાર કરેલી પંદરસો કડીઓની તામિલ કવિતા શ્રીરમણસંનિધિમુરૈ ગાઈ સંભળાવતા, એને એ રીતે વાયુમંડળને મધુમય બનાવતા.

સવારે પાંચથી છના ગાળામાં દર્શનાર્થીઓ એમનાં દેવદુર્લભ દર્શનનો લાભ લેવાના આશયથી આવી પહોંચતા અને એમને પ્રણામ કરીને એમના દર્શનથી કૃતાર્થ થતા.

એ પછી સવારના નાસ્તાનો સમય શરૂ થતાં મહર્ષિ સ્નાનાદિથી નિવૃત થઈને એની તૈયારી કરતા. નાસ્તામાં કૉફીની સાથે ઈડલી અથવા ઉપમા આપવામાં આવતી.

નાસ્તા પછી આશ્રમવાસીઓ પોતપોતાનાં કાર્યોમાં લાગી જતા. કોઈ પૂજાને માટે પુષ્પોનું ચયન કરીને માળા તૈયાર કરતાં, કોઈ અભિષેકને માટે પાણી લાવતા, કોઈ પૂજાની બીજી સામગ્રી એકઠી કરતા, તો કોઈ માતૃભૂતેશ્વરની અને ગણેશ, સ્કંદ જેવા દેવોની તથા પોતાના ઈષ્ટદેવની આરાધનામાં લીન બનતા. એ સિવાયનાં બીજાં જરૂરી કાર્યો પણ થયા કરતાં.

દર્શનાર્થીઓ ના હોય ત્યારે મહર્ષિ સ્વાશ્રયને અત્યંત મહત્વ આપતા હોવાથી લાકડીઓને પૉલિશ કરવાના, કમડંલને રિપેર કરવાના, ભોજન માટે પતરાળીઓ બનાવવાના, પુસ્તકોની કૉપી ઉતારવાના, પુસ્તકો બાંધવાના, અને એવાં બીજાં જરૂરી કામોમાં લાગી જતા. આશ્રમની સર્વસામાન્ય રોજિંદી પ્રવૃત્તિઓમાં પણ મદદ કરાવતા. એ કોઈ પણ કામને હલકું ના માનતા. એમનો ઉત્સાહ અન્યને માટે અનુકરણીય થઈ પડતો.

એ હોલમાં એમના કોચ પર બેસતા ત્યારે વાતાવરણ ખૂબ જ શાંત, ઉત્સાહવર્ધક અને પ્રેરણાદાયક બની જતું. દર્શનાર્થીઓ એમનું દર્શન કરીને વિદાય થતા ને મુલાકાતીઓ અને જિજ્ઞાસુઓ એમની સામે એ પરમપવિત્ર વાયુમંડળનો લાભ લેતાં બેસી રહેતા, એમની પાસે પહોંચવાની સૌ કોઈને છૂટ હતી. એમનાં દર્શન માટે જે ઈચ્છતા તે બધા જ જઈ શકતા. કોઈની ઉપર કોઈ પ્રકારનો પ્રતિબંધ ન હતો. એને માટે કોઈને કોઈની મંજૂરી પણ નહોતી માગવી પડતી. એમનાં દ્વાર આઠે પહોર અને સૌ કોઈને માટે ઉઘાડાં રહેતાં. કોઈનું વિશેષ સન્માન કે કોઈનું ઓછું સન્માન ન હતું. કોઈની પ્રત્યે કોઈયે કારણે કોઈ પ્રકારનો પક્ષપાત બતાવવામાં નહોતો આવતો.

જિજ્ઞાસુઓ એમને પોતાની રૂચિ પ્રમાણે પ્રશ્નો પૂછી શકતા. જે પ્રશ્નો સાચી જિજ્ઞાસાપૂર્વક પુછાયા હોય એમના ઉત્તરો એ અવશ્ય આપતા. એ ઉત્તરો સંક્ષેપમાં અપાતા હોવા છતાં મુદ્દાસરના ને સહેતુક હોવાથી સૌને સંતોષતા. જે પ્રશ્નો પૂછવા ખાતર, પરીક્ષાવૃત્તિથી, અથવા વિતંડાવાદથી પ્રેરાઈને પુછાતા એમના ઉત્તરો આપવાને બદલે એ મૌન રાખતા. ખોટી ચર્ચાઓ એમને પસંદ ના પડતી. કેટલીકવાર પંડિતો કે વિદ્વાન એમની કસોટી કરવા અને એમને પોતાની બૌદ્ધિક પ્રતિભાથી આંજી દેવા આવતા. એમનામાંના કોઈ શાસ્ત્રજ્ઞાનનું નિરર્થક પ્રદર્શન કરતા ત્યારે એ સ્વયં શાસ્ત્રજ્ઞ હોવા છતાં શાંત રહેતા. વિદ્વાનો છેવટે વિદાય થતા.

આત્મશાંતિ અનુભવવા તથા જીવનવિકાસની પ્રેરણા પામવા ને મદદ મેળવવાની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને આવનારા આત્માઓને જોઈને એમને સ્વાભાવિક રીતે જ આનંદ થતો. એવા આત્માઓ એમના સાંનિધ્યમાં બેસીને શાંતિ, પ્રકાશ તેમ જ માર્ગદર્શન મેળવતા. કોઈવાર દૃષ્ટિપાતથી, દર્શનથી, થોડાક શબ્દોના સમજપૂર્વકના સ્મરણથી તો કોઈવાર એમના સ્વર્ગીય સાંનિધ્યમાં રહીને ઓછીવત્તી સાધના કરવાથી એમના અંતરનાં દ્વાર ઊઘડી જતાં અને એ સંશયરહિત તથા કૃતાર્થ બનતા. બહારથી શાંત અથવા નિષ્ક્રિય દેખાતા એ પરમપ્રતાપી મહામાનવ નિષ્ક્રિય ન હતા. એમની અલૌકિક આત્મશક્તિ બીજાના જીવનમાં ક્રાંતિ કરતી સદાયે કામ કરતી રહેતી. એમના કરૂણાર્દ્ર અનુકંપાપૂર્ણ અંતરમાંથી અહર્નિશ અનવરત રીતે વહેનારી પ્રખર વિદ્યુતશક્તિ સૌ કોઈને પોતપોતાની શક્તિ અથવા ભક્તિ અનુસાર અસર પહોંચાડતી. એવી રીતે એમની મૌનાવસ્થા ને શાંત સંનિધિ પણ અમૂલખ આશીર્વાદરૂપ થઈ પડતી. જે કામ ગ્રંથો, તીર્થો ને તપવ્રતોથી ના થતું તે એનાથી સહેલાઈથી સિદ્ધ બનતું. વરસોની એકધારી સાધનાને લીધે મહર્ષિ આત્માની અસાધારણ શક્તિના મૂલાધાર જેવા બની ગયેલા. એમની અંદર આવિર્ભાવ પામેલી અલૌકિક શક્તિનો આજુબાજુ બધે જ સંચાર થતો. એમને દર્શનાર્થીઓની વચ્ચે કોચ પર શાંતિપૂર્વક વિરાજેલા જોઈને પેલા સુપ્રસિદ્ધ શ્લોકનું સ્મરણ થતું :

चित्रं वटतरोर्मूले वृद्धाश्शिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौन व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः।।

'વટવૃક્ષની નીચેનું આ વિચિત્ર દૃશ્ય તો જુઓ ! શિષ્યો વયોવૃદ્ધ છે ને ગુરૂ યુવાન છે. ગુરૂ અભૂતપૂર્વ મૌન દ્વારા ઉપદેશ આપી રહ્યા છે ને એ ઉપદેશવચનોથી બાજુમાં બેઠેલા શિષ્યોના સમસ્ત સંશયો છેદાઈ રહ્યા છે.'

કોઈક કવિની કલ્પનાના પરિપાક જેવો લાગતો એ શ્લોકાર્થ મહર્ષિના શાંત આશ્રમમાં મૂર્તિમંત બનેલો દેખાતો. મહર્ષિ શાંતિના સાકાર સ્વરૂપસમા કોઈ પણ પ્રકારના પ્રવચનનો આધાર લીધા વિના કલાકો લગી બેસી રહેતા તો પણ એમની સંનિધિમાત્રથી ભક્તો તથા દર્શનાર્થીઓને આનંદ મળતો, નવજીવનની પ્રાપ્તિ થતી, અવનવી પ્રેરણા મળતી અને જિજ્ઞાસુઓની જાતજાતની જિજ્ઞાસાઓ અને શંકાઓનું આપોઆપ સમાધાન થતું.

*** *** *** ***

સવારના કાર્યક્રમના અનુસંધાનમાં અગિયારથી બાર વાગ્યા સુધીના ગાળામાં સૌ ભોજન કરતા. મહર્ષિ પણ ભોજનશાળામાં સૌની સાથે બેસીને ભોજન કરતા. એમના ભોજનમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ ના રહેતો. જે સૌને આપવામાં આવતા તે પદાર્થો એમને પણ પીરસવામાં આવતા. પોતાના તરફ કોઈ પ્રકારનો પક્ષપાત બતાવવામાં ના આવે એનું એ ધ્યાન રાખતા. કોઈવાર પ્રસંગોપાત્ત કહેતા પણ ખરા કે આશ્રમમાં મારું વિશેષ સ્થાન થોડું જ છે ? જેટલો અધિકાર બીજાનો છે તેટલો જ મારો છે.

ભોજન પછી થોડોક વિશ્રામ રહેતો. એ પછી બપોરે ત્રણેક વાગે કૉફી આપવામાં આવતી. સવારે ને બપોર બાદ કેટલાક ભક્તો ફળ તથા મીઠાઈ લઈને આવતા ને મહર્ષિને અર્પણ કરતા. મહર્ષિ એમાંથી ઈચ્છાનુસાર કાંઈક ગ્રહણ કરતા ને પછી એ બધું પ્રસાદના રૂપમાં વહેંચી દેવામાં આવતું. એ પ્રસાદને આરોગવાથી સૌના મન પ્રસન્ન થતાં. મહર્ષિની નિઃસ્વાર્થ સેવા ને સ્નેહવૃત્તિનો એ એક ઉત્તમોત્તમ નમૂનો હતો.

બપોર પછી દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં આવતા રહેતા એમની વ્યક્તિગત આવશ્યક્તાને લક્ષમાં લઈને મહર્ષિ એમને એમની રીતે મદદ કરતા. એમની સામે બેસીને ધ્યાન કરનારા સાધકો પણ મોટી સંખ્યામાં મળી આવતા. એમને એમની અદભૂત શક્તિનો અનુભવ થતો અને એને લીધે સાધનામાં મહામૂલ્યવાન મદદ મળતી. એ વખતે કેટલાક મુલાકાતીઓ તરફથી પ્રશ્નો પણ પૂછવામાં આવતા.

સંધ્યાના શાંત સમયે ધ્યાન થતું. એ વખતે વિશુદ્ધ વાયુમંડળના પ્રભાવથી મન સહેલાઈથી એકાગ્ર થઈ જતું. એ પછી આશ્રમની વેદ પાઠશાળાના વિદ્યાર્થીઓ શહેરમાંથી આવેલા ભક્તોની સાથે વેદમંત્રોનાં ઉચ્ચારણો કરતા. એમના શ્રવણમધુર દૈવી ધ્વનિ બધે ફરી વળતા ત્યારે વૈદિક કાળના ઋષિવરોના આશ્રમોની સ્મૃતિ તાજી થતી. તિરુવણામલૈના કેટલાય ભક્તજનો એ વખતે મહર્ષિનાં દર્શન માટે આવતા. વેદપાઠ પછી મહર્ષિએ રચેલાં સ્તોત્રો બોલાતાં. સાંજના લગભગ સાડા સાતેક વાગ્યા સુધી એવો ક્રમ ચાલ્યા કરતો અને પછી ભોજન કરવામાં આવતું. પછી થોડુંક ધ્યાન કરાતું. કેટલીકવાર ઋભુગીતા અને કૈવલ્ય નવનીત જેવા સુંદર પ્રેરણાદાયક ગ્રંથો વંચાતા. કોઈવાર કોઈક કઠિન વિષયના સ્પષ્ટીકરણ માટે મહર્ષિ કાંઈક કહેતા પણ ખરા. એવા સમજપૂર્વકના વાચન અથવા અધ્યયનથી ધ્યાનની અંતરંગ સાધના માટેનો ઉત્સાહ પેદા થતો ને ઘણી મદદ મળતી. એનો ભાવાર્થ લાંબા વખત સુધી અંતરમાં ગુંજતો રહેતો. એથી આત્મદૃષ્ટિ કેળવાતી.

સામાન્ય રીતે રાતે નવ વાગે આશ્રમની બાહ્ય પ્રવૃત્તિ પર પડદો પડી જતો અને સૌ આરામ કરતા. મહર્ષિ પણ કોચ પર આરામ કરતા દેખાતા.

* * *  * * *  * * *  * * *

આશ્રમની વ્યવસ્થાનું કાર્ય સ્વામી નિરંજનાનંદના હાથમાં હતું. એ એને ભારે કુશળતાપૂર્વક પૂરું કરતા. આશ્રમના વિકાસમાં એમનો ફાળો કાંઈ નાનોસૂનો ન હતો. એમને અંજલિ આપ્યા સિવાય આશ્રમનો કોઈ પણ પ્રકારનો ઈતિહાસ અધૂરો જ રહી જાય.

આશ્રમમાં પ્રવેશ કરતી વખતે મહર્ષિના હોલની બહાર મૂકવામાં આવેલી વિશેષ સૂચનાઓ તરફ કોઈ પણ નવા આગંતુકનું ધ્યાન આકર્ષાયા વિના રહેતું નહિ. એ સૂચનાઓ દ્વારા જણાવવામાં આવેલું કે

મહર્ષિના શરીરના કોઈ ભાગને સ્પર્શ કર્યા વિના ભક્તોએ દૂરથી જ પ્રણામ કરી લેવા, મહર્ષિને માટેની ભેટસામગ્રી એમની આગળ મૂકવાને બદલે આશ્રમના મુખ્ય કાર્યાલયમાં જ આપી દેવી, ને સ્ત્રીઓએ રાતે આશ્રમમાં ના રહેવું. એમાંની પહેલી ને છેલ્લી સૂચના ખાસ વિચારવા જેવી ને લાક્ષણિક હતી. એ સૂચનાઓનું પાલન થતું પણ ખરું. મહર્ષિને સૌ થોડેક દૂરથી પગે લાગતા એથી એમને શાંતિ રહેતી. કોઈવાર કોઈ કારણે કોઈના તરફથી એ પરિપાટીનો ભંગ કરવામાં આવતો તો એમને ખોટું ના લાગતું કે દુઃખ પણ ના થતું એટલી એમની વિશેષતા હતી.

સ્ત્રીઓ રાત્રી દરમિયાન આશ્રમમાં ના રહે એ નિયમ પાછળનો મુખ્ય ઉદ્દેશ આશ્રમના વાતાવરણને સ્ત્રીપુરૂષના સંસર્ગજન્ય વિકારો કે દોષોની શક્યતાથી મુક્ત રાખવાનો હશે એવું અનુમાન સહેજે કરી શકાય છે.

આશ્રમવાસ દરમિયાન સંયમની મહત્તાને સમજવામાં આવે અને એ અનુસાર જીવવામાં આવે તથા તે પછી પણ જીવનને સંયમી બનાવાય એ ઈચ્છવાયોગ્ય છે. સ્ત્રીઓ આશ્રમની બહારના ઉતારાઓમાં શાંતિપૂર્વક રહી શકતી. મહર્ષિ એમના પ્રત્યે પણ વિશેષ પ્રેમ અને અનુકંપા તો રાખતા જ.

☼ ☼ ☼ ☼ ☼

## (૩૪) મહાસમાધિ

જગતમાં જન્મીને માનવ જુદા જુદા કેટલાય ક્રમમાંથી પસાર થાય છે એની અવસ્થા કાયમને માટે એકસરખી નથી રહેતી. એ કર્મના ગૂઢ રહસ્યમય સંસ્કારોથી પ્રેરાઈને અનેક અવનવા અભિનયો કર્યા કરે છે, અજ્ઞાતકાળથી એકધારી ચાલી આવતી જીવનયાત્રાને આગળ વધારે છે, પોતાને ફાળે આવેલો પાઠ ઈચ્છા કે અનિચ્છાપૂર્વક, હર્ષ કે શોકસહિત ભજવી બતાવે છે, અને એક દિવસ જીવનના વિશાળ રંગમંચને મૂકીને કામચલાઉ રીતે વિદાય થાય છે. સંસારનું ચક્ર એવી રીતે અનંતકાળથી ચાલ્યા કરે છે. મહર્ષિ જગતમાં જન્મીને જ્યોતિર્મય બની ગયા. એમણે પોતાના જીવનને સુખશાંતિમય બનાવવાની સાથે બીજા અનેકનાં જીવનને સુખશાંતિથી સભર કર્યાં ને પ્રકાશથી પરિપ્લાવિત બનાવ્યાં. એમનું જીવન જગતના જાજ્વલ્યમાન જ્યોતિર્ધરનું, પરમાત્માના પરમ પ્રતિનિધિનું જીવન હતું. ભારતવર્ષની સર્વોપયોગી સંસ્કૃતિ તથા ધર્મ ને સાધનાની સનાતન ધારા એમના રૂપે સાકાર બનેલી. એ મહાપુરૂષ ચિરકાળથી જ જાગ્રત હોવા છતાં કિશોરાવસ્થામાં જ જાગેલા દેખાયા, એ પછી ઊછળતા યૌવનકાળ દરમિયાન જ સાધનાપરાયણ બનીને પોતાના વ્યક્તિત્વના નવનિર્માણમાં લાગી ગયા, અને વરસોના એકધારા મૌનવ્રત, તપ અથવા આત્મસાધનારત એકાંતવાસ પછી બીજા અસંખ્યને માટે એમના અંતરંગ અનુભવોના આધાર પર આશીર્વાદરૂપ બન્યા. એમના બહુમૂલ્ય જીવનના એ અગત્યના ત્રણ તબક્કામાંના છેલ્લા તબક્કામાં તો એમના નામ તથા કામની અસર વિશ્વવ્યાપી બની ગઈ. એમણે ભારતના ગૌરવને સારા પ્રમાણમાં વધાર્યું અને અમર બનાવ્યું.

એમનો જીવનકાળ ભારતીય જીવનમાં અગત્યનો કાળ હતો. ભારતના ઈતિહાસમાં એ દરમિયાન અનેક અગત્યના શકવર્તી બનાવો બનવા લાગેલા. સૌથી મોટો બનાવ ભારતની રાષ્ટ્રીય અસ્મિતાના અભ્યુત્થાનનો હતો. ભારતના તથા સમસ્ત સંસારના વર્તમાનકાળના ને સર્વકાળના સર્વોત્તમ જ્યોતિર્ધર મહાત્મા ગાંધીજીના પ્રાણવાન પ્રભાવથી સમસ્ત રાષ્ટ્રમાં એક અભિનવ ચેતનાનો સંચાર થયેલો. રાષ્ટ્રના સુદીર્ઘકાળથી સુષુપ્તિદશામાં પડેલા આત્માનો ઉદય સહજ બનેલો. એ આત્માએ એક બનીને એમના પથપ્રદર્શન પ્રમાણે રાષ્ટ્રના સર્વદેશીય અભ્યુદય તેમ જ સ્વાતંત્ર્યની સિદ્ધિ સારૂ સાધના શરૂ કરેલી અને એ સાધનાને ક્રમેક્રમે સફળતા પણ સાંપડવા માંડેલી. ઈ.સ. ૧૯૪૭માં રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની પ્રાપ્તિ પછી ઈ.સ.૧૯૪૮માં એ મહાન જ્યોતિર્ધરે મહાપ્રયાણ કર્યું.

મહર્ષિના આશ્રમથી થોડે દૂર પોંડીચેરીમાં ભારતીય સંસ્કૃતિના એક બીજા એવા જ જાજલ્યમાન જ્યોતિર્ધર પોતાની એકાંતિક સાધનામાં વરસોથી મગ્ન બનીને વિકાસના ક્ષેત્રમાં આગળ વધતા જતા'તા. એ પણ ભારતનું ગૌરવ બનીને એની યશપતાકાને ભારતમાં ને ભારતની બહારના દેશોમાં ફરકાવી રહેલા. એ બંને મહાપુરૂષોએ સ્થૂલ રીતે મળ્યા ના હોવા છતાં માનવતાના મંગલ માટેના મહાયજ્ઞો માંડેલા.

મહાત્મા ગાંધીજીના સ્થૂલ જીવન પર પરમાત્માનિર્મિત પડદો પડ્યો એ અરસામાં મહર્ષિના એકસરખા ચાલતા જીવનમાં થોડોક નોંધપાત્ર ફેરફાર થયો. એ ફેરફાર આવકારદાયક અથવા ઉત્સાહવર્ધક ન હતો. એમનું સ્વાસ્થ્ય અચાનક બગડ્યું.

મહાભૂતેશ્વર મંદિરની બાજુમાં મહર્ષિને માટે એક બીજો દર્શન હોલ તૈયાર કરાવવામાં આવ્યો. એમાં પહેલાંના હોલ કરતાં વધારે દર્શનાર્થીઓ સમાઈ શકે તેમ હતા. એ દર્શન હોલનું ઉદઘાટન ઈ.સ.૧૯૪૯ના જૂનની પહેલીએ કરવામાં આવ્યું. પરંતુ મહર્ષિને માટે એનો અધિક ઉપયોગ કરવાનું નહોતું નિર્માયેલું. આશ્રમના સંચાલકો અને આશ્રમવાસીઓને શી ખબર કે મહર્ષિની ઉપસ્થિતિમાં થનારું એ અંતિમ ઉદઘાટન છે અને હવે એ બહુ લાંબા વખત લગી નથી રહેવાના ? એ પછી જ એમની તબિયત વધારે બગડવા લાગી.

* * *    * * *    * * *    * * *

રમણ મહર્ષિ જેવા આત્મનિષ્ઠ મહાપુરૂષો શારીરિક પીડાથી પીડિત કે વિચલિત થાય છે ખરા ? ના. કોઈ કારણે એમના જીવનમાં શારીરિક કષ્ટ દેખાય તો પણ એના પરિણામે પેદા થનારા માનસિક કષ્ટથી એ સર્વથા મુક્ત હોય છે. એથી એ લેશ પણ પ્રભાવિત નથી થતા. એ આત્મરત તથા પોતાની પ્રકૃતિ પર પૂર્ણ અધિકાર ધરાવતા હોવાથી શરીરની અસરોથી અલિપ્ત રહે છે. મહર્ષિના જીવન પરથી એની પરિપૂર્ણ પ્રતીતિ થઈ શકી. એ ધારે તો શારીરિક કષ્ટો કે વ્યાધિઓને મટાડી શકે પણ ખરા. પરંતુ એવા મહાત્મા પુરૂષોનું ધ્યાન શરીર તરફ ઘણું ઓછું હોય છે—બિલકુલ નથી હોતું એવું કહીએ તો ચાલે. એ આત્માની સર્વશ્રેષ્ઠ સત્તામાં સ્થિતિ કરતા હોવાથી શરીરના મોહથી તદ્દન મુક્ત હોય છે ને શરીરને લાંબો વખત રાખવાની લાલસા નથી રાખતા, કારણ કે એમનું જીવન કેવળ શરીર પૂરતું જ સીમિત નથી. હોતું. એ આત્માના અમર જીવનની અનુભૂતિ કરીને એમાં પ્રતિષ્ઠિત થઈ ચૂક્યા હોય છે.

ઈ.સ. ૧૯૪૯ તથા ૧૯૫૦નાં વરસો દરમિયાન મહર્ષિની શારીરિક પીડા બાહ્ય રીતે ને સ્થૂલ દૃષ્ટિએ જોતાં પરિસીમા પર પહોંચી. એને જોઈને ભક્તો તથા પ્રશંસકોની ચિંતા વેદના કે પીડાનો પાર ના રહ્યો તો પણ મહર્ષિ શાંત જ રહ્યા. દર્દ જાણે એમના જીવનની સમસ્ત સાધના, તપશ્ચર્યા, ફિલસૂફી તથા નિષ્ઠાની પૂરેપૂરી પરીક્ષા કરવા આવ્યું હોય તેમ ઉત્તરોત્તર વધવા લાગ્યું ને છેવટ સુધી નિર્મૂલ ના થયું તો પણ એ મહામાનવની વૃત્તિ ડગી નહિ, નિષ્ઠા મટી નહિ, અને એમની સ્વસ્થતા તેમ જ શાંતિ પણ એવી જ અચળ રહી. એમનું આત્મબળ અનોખું હતું. એણે એમનો એ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ત્યાગ ના કર્યો.

એટલી બધી શારીરિક પીડા હોવા છતાં છેવટ સુધી એમણે એની લેશ પણ ફરિયાદ ના કરી. એના વિરોધમાં એક શબ્દ પણ ના ઉચ્ચાર્યો, અને એ પીડાનો પ્રતિકૂળ પ્રભાવ પણ એમના પર ના પડ્યો. જીવનમાં અંતિમ સમયે આવી પડેલી આકરી અગ્નિપરીક્ષામાંથી એ કોઈ પણ પ્રકારના બડબડાટ, પોકાર કે ચિત્કાર વિના સહીસલામત રીતે શાંતિ અને પ્રસન્નતાપૂર્વક પસાર થયા. એ બધું વિચારતાં આપણને એમને માટે અભૂતપૂર્વ આદરભાવ પેદા થાય છે. શરીર માત્ર આવરણ છે અને એની અંદર રહેલો અમૃતમય આત્મા અલગ છે : એની અનુભૂતિ કરી લેનાર સમસ્ત પ્રકારનાં સુખદુઃખથી, ભયથી, શોકથી ને મોહથી મુક્તિ મેળવે

છે : એ ઉપનિષદવચનને એમણે એમના જીવન દ્વારા સાર્થક કર્યું. એમનું જ્યોતિર્મય જીવન એને માટેનું પરમ પ્રામાણિક પ્રખર પ્રમાણપત્ર ઠર્યું.

* * * * * * * * * * * *

એમના જીવનના એ કષ્ટમય અંતિમ દિવસોનું ઊડતું અવલોકન કરી લઈએ એ આવશ્યક છે.

એ દિવસોમાં એ એમની અલૌકિકતાને એવી જ અક્ષય રાખીને શાંતિ ને પ્રસન્નતાપૂર્વક સઘળું સાક્ષીભાવે જોતા કે સહન કરતા રહ્યા, પરંતુ ભક્તોના જીવનનો એ આકરો કસોટીકાળ થઈ પડ્યો. એમનાં મન ચિંતા ને વ્યથાથી ચલિત બનતાં રહ્યાં. સુખ અને દુઃખની, ઉત્સાહ અને અનુત્સાહની, ધીરજ અને અધીરતાની અને આશા તથા નિરાશાની, સંમિશ્રિત વિરોધાભાસી લાગણીઓ એની અંદર ઉત્પન્ન થતી ને શમતી રહી. એ કશું ચોક્કસ કરી શક્યા નહિ. મહર્ષિની માવજતના બનતા બધા જ પ્રયોગો એમણે વારાફરતી કરવા માંડ્યા. પરંતુ પરિસ્થિતિ કાબૂની બહાર જઈ રહી છે ને કોઈ ઉપાયે સુધરી શકે તેમ નથી એવું લાગ્યું ત્યારે એ એકદમ નિરાશ બની ગયા. એમને થયું કે મહર્ષિ હવે નહિ બચી શકે, સિવાય કે એ પોતે જ પરિસ્થિતિની ગંભીરતાને જાણીને કોઈ ચમત્કાર કરી બતાવે : પરંતુ એવો ચમત્કાર કરવામાં એમને રસ જ ક્યાં છે ?

એ બધી પરિસ્થિતિઓને સમ્યક્ રીતે સમજવા માટે આપણે મહર્ષિના જીવનના એ અંતિમ દિવસોના ઈતિહાસનું અવલોકન કરી લઈએ.

ઈ.સ.૧૯૪૮ના નવેમ્બરમાં એ મહાપુરૂષના શરીરમાં એક નવો વ્યાધિ પેદા થયો. દેખીતી રીતે શરૂઆતમાં એ નાનો હોવા છતાં ઘણી મોટી ભયંકર શક્યતાઓથી ભરેલો હતો. એ વખતે એની ભાવિ સંભાવનાની ખબર કોઈને ના પડી તો પણ ક્રમેક્રમે એણે પોતાનું પોત પ્રકાશવા માંડ્યું. એમના ડાબા હાથ પર કોણી પર આરંભમાં એકાએક એમના શરીરનાં અંદરનાં તત્વોની વિક્રિયારૂપે, એક નાનીસરખી સોપારી જેવી ફોડકી દેખાઈ. પહેલાં તો એ થોડા જ વખતમાં મટી જશે એવું માનીને એના તરફ દુર્લક્ષ કરવામાં આવ્યું, પરંતુ ધીમે ધીમે એ વધતી ગઈ અને ફેબ્રુઆરી ૧૯૪૯ સુધીમાં તો એમાંથી નારંગી જેવું મોટું ગૂમડું થયું. એને અડવાથી દુઃખાવો થવા લાગ્યો.

નવમી ફેબ્રુઆરી ૧૯૪૯ને દિવસે આશ્રમના દવાખાનાના દાક્તરે એક બીજા ભક્તદાક્તરની મદદથી એને દૂર કરવાનો નિર્ણય કર્યો. એ નિર્ણયને અનુસરીને એનું ઓપરેશન કરવામાં આવ્યું.

એ ઘાને રુઝાતાં લગભગ દસ દિવસ લાગી ગયા. સૌને થયું કે મહર્ષિના શરીરની આફત ટળી ગઈ. મહર્ષિના મુખમંડળ પર કોઈ પણ પ્રકારની પીડાની અસર ના દેખાઈ એટલે લાગતાવળગતા સૌએ રાહતનો શ્વાસ લીધો.

માર્ચની ચૌદમીથી માંડીને અઢારમી સુધીના પાંચ દિવસો દરમિયાન આશ્રમમાં એક મહત્વનો બનાવ બન્યો. એ બનાવ અત્યંત મંગલ હતો. આશ્રમના સર્વાધિકારી સ્વામી નિરંજનાનંદના મનમાં પોતાની માતા અલઘમ્માના સમાધિમંદિરને એક સુંદર સુવિશાળ ઈમારતના રૂપમાં પલટાવવાનો વિચાર હતો. એ વિચાર દિવસે દિવસે બળવાન બનતો ગયો. અલઘમ્મા કોઈ સાધારણ માતા ન હતી. પરંતુ મહર્ષિ જેવા

પરમ પ્રતાપી મહાપુરૂષની જનની હતી એટલે એનું સુયોગ્ય સ્મારક કરવાનો વિચાર આવકારદાયક હતો. નિરંજનાનંદે એ વિચારથી પ્રેરાઈને ઈ.સ. ૧૯૩૮માં યોજના બનાવી અને એ યોજનાની સિદ્ધિ માટેના પ્રયત્નો આદર્યા. એ પ્રયત્નો શુદ્ધ ભાવનાથી પ્રેરાયલા હોવાથી સફળતાને વરવા માંડ્યા. ૧૯૪૯ના આરંભમાં માતૃભૂતેશ્વર મંદિરના નવનિર્માણનું એમનું સ્વપ્ન સિદ્ધ થયું. મહર્ષિએ પણ એમાં વિશેષ રસ દર્શાવ્યો ને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. એનો મહાકુંભાભિષેક એમની હાજરીમાં જ કરવામાં આવ્યો. માર્ચ મહિનાના પાંચ દિવસના મંદિરોદ્ઘાટનના એ મંગલમય મહોત્સવ દરમિયાન આશ્રમમાં અવર્ણનીય આનંદ છવાઈ ગયો. ઈ.સ. ૧૯૪૬માં મહર્ષિ તિરુવણ્ણામલૈમાં પ્રવેશ્યા. તેને પચાસ વરસ પૂરાં થવાથી એના ઉપલક્ષમાં ઊજવાયેલા સુપ્રસિદ્ધ સુવર્ણ જયંતી મહોત્સવ પછી આ એવો અથવા એથીયે ભવ્ય બીજો મહોત્સવ હતો. એ અસાધારણ અવસર પર આશ્રમમાં અદભૂત માનવમેળો ભરાયો હોય એવું દૃશ્ય ઉપસ્થિત થયું. ભારતના વિભિન્ન વિભાગોમાંથી એકઠા થયેલા પંદર હજારથી પણ વધારે લોકોએ એનો લાભ લીધો.

એ ઉત્સવ પછી માતૃભૂતેશ્વર મંદિરમાં નિત્યપૂજાનો પ્રારંભ થયો.

માતૃભૂતેશ્વર મંદિરના એ મંગલમય મહોત્સવમાં મહર્ષિએ પણ પ્રસન્નતાપૂર્વક ભાગ લઈને મુક્તાત્મા માતા અલઘમ્માને ભાવભરી અંજલિ આપી. એથી દર્શનાર્થીઓ આનંદ પામ્યા. એ વખતે એમનો ઘા રુઝાઈ ગયેલો. ફક્ત એમની કોણી આગળની ચામડી જરાક નીચે ઝૂકી પડેલી એટલું જ. એ સિવાય વ્યાધિનું બીજું કોઈ લક્ષણ નહોતું દેખાતું.

આશ્રમવાસીઓને થયું કે એક અસામાન્ય ચિંતામાંથી મુક્તિ મળી.

પરંતુ એમને શી ખબર કે દર્દ કેવળ બહારથી ને તે પણ થોડાક વખત માટે જ દૂર થયું છે અને અંદરખાને હજુ કાયમ રહ્યું છે ? દર્દનો દારુણ વિષમય પ્રભાવ શરીરની અંદરના ભાગમાં પ્રકટીને પ્રસરી ચૂકેલો ને બહાર જે દેખાયલી તે તો એની ઝાંખી જ હતી. એનું મૂળ ઉદભવકારણ તો શરીરની અંદર હતું. માતૃભૂતેશ્વરના મહોત્સવ પછી થોડા જ વખતે ઓપરેશન કરાયેલા ભાગ પર પાછું ગૂમડું થઈ આવ્યું.

પ્રથમ વારના ઓપરેશન વખતે જ મહર્ષિએ એને માટે અનિચ્છા બતાવીને કુદરતને પોતાના નિર્ધારિત ક્રમ પ્રમાણે જે કરવું હોય તે કરવા દેવા કહેલું. પરંતુ આશ્રમવાસીઓની ને દાક્તરોની ઈચ્છા જુદી હોવાથી એ એમની યોજનાનુસાર આગળ વધ્યા. એમને ખબર નહોતી કે એ દર્દ એક કરુણ અંતના આરંભ જેવું હતું. એકાદ મહિનાની અંદર અંદર ફરી પાછો ઓપરેશનનો આધાર લેવો પડ્યો. મદ્રાસના દાક્તરોને એ માટે ખાસ બોલાવવામાં આવ્યા. એમણે એને તપાસ્યું અને સત્તાવીસમી માર્ચે એ ગડને દૂર કર્યું. દાક્તરોએ એની ઝીણવટભરી પરીક્ષા પછી સંમતિથી નિર્ણય કર્યો કે એ સારકોમા હતું.

એ ઓપરેશન પછી એ સ્થળે રેડિયમનો પ્રયોગ કરવામાં આવ્યો તો પણ ગડને ફરી પાછું પેદા થતું ને બળવાન બનતું રોકી ના શકાયું. જુલાઈ મહિનો શરૂ થયો ત્યાં સુધીમાં તો એણે ખૂબ જ ભયંકર રૂપ ધારણ કર્યું. એમાંથી લોહી નીકળવા લાગ્યું અને એ ઝડપથી વધવા લાગ્યું. એ જોઈને આશ્રમવાસીઓની ને દાક્તરોની વિમાસણ વધી ગઈ. એમની ચિંતાનો પાર ના રહ્યો. દાક્તરોએ મહર્ષિ સાથે મસલત કરીને જણાવ્યું કે દર્દને મટાડવાનો બીજો કોઈ માર્ગ નથી દેખાતો : જે હાથે ગડ થયું છે તે હાથને કાપીને અલગ

કરીએ એ જ એક માત્ર ઉપાય છે : પરંતુ મહર્ષિએ એમનો પ્રસ્તાવ ના સ્વીકાર્યો. એમણે એનો ભારે દૃઢતાપૂર્વક વિરોધ કર્યો ને કહ્યું કે પરિણામ ગમે તે આવે પરંતુ હાથને અલગ કરવા માટેની અનુમતિ મારાથી નહિ આપી શકાય. એમની બીમારી દરમિયાન એ સૌથી પહેલો અવસર હતો જ્યારે એમણે સક્રિય રીતે સુસ્પષ્ટ શબ્દોમાં પોતાના શરીરને માટેનો અભિપ્રાય કહી બતાવ્યો. એ વખતે જો એ મૌન રાખત તો દાક્તરો એમની ઈચ્છાની ઉપરવટ જઈને એમનું ધારેલું કરી નાખત. મહર્ષિએ એ વખતે પણ વ્યાધિની વધારે પડતી ચિંતા છોડી દઈ ને કુદરતને પોતાનું કામ કરવા દેવાની સલાહ આપી, પરંતુ એમની એ સલાહને કોણ માને ? જે સંજોગોમાં એ સલાહ આપવામાં આવેલી એ સંજોગો એટલા બધા નાજુક અને વ્યથાજનક હતા કે એને માનવાનું મન જ ના થાય. ભાવિક ભક્તો ને દાક્તરો ગમે તે ઉપાયે પણ મહર્ષિને પીડામુક્ત તથા વ્યાધિમુક્ત બનાવવાની ઈચ્છા રાખતા હોવાથી એને માટેની યોજનાઓ ઘડતા રહેતા.

બધાં મળીને ચાર ઓપરેશનો કરવામાં આવ્યાં છતાં વ્યાધિને નિર્મૂળ કરવાના કામમાં સફળતા ના મળી એટલે આશ્રમવાસીઓ અને દાક્તરો મૂંઝાયા. કયો માર્ગ અખત્યાર કરવો એની સમજ એમને ના પડી. પરિસ્થિતિ ઉત્તરોત્તર વધારે ને વધારે વિકટ બનતી ગઈ. એની સાથે સાથે મહર્ષિની નબળાઈ પણ વધતી ગઈ. તો પણ એ એવા જ શાંત ને પ્રસન્ન રહેતા.

દાક્તરો પાસે અવારનવાર ઓપરેશન વિના બીજો કોઈ ઉપાય તો હતો નહિ, એટલે નવેમ્બર મહિનામાં નીકળી આવેલા ગડનું ડિસેમ્બરની ઓગણીસમી તારીખે ફરીવાર ઓપરેશન કરવામાં આવ્યું. એ ઓપરેશન દાક્તરોના મંતવ્ય મુજબનું અંતિમ ઓપરેશન હતું. પરંતુ 'તેરે મન કુછ ઔર હૈ ઈશ્વર કે મન ઔર' એ સુપ્રસિદ્ધ લોકોક્તિ પ્રમાણે ઈશ્વરીય શક્તિનું વિધાન કાંઈક જુદું જ હોવાથી એનું પરિણામ પણ ધાર્યા પ્રમાણે ના આવી શક્યું. દર્દ મૂળમાંથી મટવાને બદલે જીવતું જ રહ્યું.

છેવટે હોમિયોપોથીનો આશ્રય લેવામાં આવ્યો. થોડાક દિવસ સુધી એના નિષ્ણાત દાક્તરનો ઉપચાર કરવામા આવ્યો. એમણે મહર્ષિને અમુક ચોક્કસ પ્રકારના ખોરાક પર રાખ્યા. પરંતુ મહર્ષિને એ પદ્ધતિ અનુકૂળ ના આવી અને એને લીધે જુદી જુદી મુશ્કેલીઓ પેદા થઈ. એમના ડાબા હાથની બગલમાં એક બીજું ગડ ઉત્પન્ન થયું ને ઝડપથી વધવા લાગ્યું. એ જોઈને એને મટાડવા માટે બે આયુર્વેદિક કુશળ દાક્તરોને બોલાવવામાં આવ્યા પણ એ પણ વિશેષ રાહત ના આપી શક્યા. ડાબા હાથનો દુખાવો પરાકાષ્ઠા પર પહોંચવા લાગ્યો. કલકત્તાથી આવેલા એક બીજા સદ્ ગૃહસ્થનો ઉપચાર પણ ધારેલું પરિણામ પેદા કરવાને બદલે પ્રતિકૂળ થઈ પડ્યો. એથી એનો પરિત્યાગ કરવામાં આવ્યો.

એ બધા વખત દરમિયાન મહર્ષિની શારીરિક નબળાઈ વધતી ગઈ. ગડમાંથી નિરંતર લોહી નીકળ્યા કરતું. વ્યાધિની વિષાક્ત અસર વધતી ગઈ અને સમસ્ત શરીરમાં ફરી વળી.

* * * * * * * * * * * *

છેલ્લી વારનું ઓપરેશન એમને માટે ખૂબ જ ભયંકર પ્રતિક્રિયા કરનારું થઈ પડેલું. એ વખતે એમનો અંતકાળ એકદમ નજદીક આવી ગયેલો અને એમને લોહી આપવું પડેલું. એ ઓપરેશનની આગલી રાતે સાધુ અરૂણાચલે એમની પાસે જઈને પ્રર્થના કરેલી. એનો ઉલ્લેખ એમના જ શબ્દોમાં કરી લઈએ. એ લખે

છે : 'મેં ભગવાન પાસે પહોંચીને પગે પડીને એ ઓપરેશન ના કરાવવાની પ્રાર્થના કરી. એથી કશો અર્થ નહોતો સરે તેમ. દરેક વખતે ગડ વધતું જ ગયેલું ને બગલ લગી પહોચેલું. મેં કહ્યું કે હવે વધારે પડતું કષ્ટ ભોગવવાનું બરાબર નથી. પરંતુ એમણે મારી પ્રાર્થનાને ના સ્વીકારી. એમણે જણાવ્યું કે દાક્તરોએ આટલું બધું કષ્ટ ઉઠાવ્યા પછી હવે એમને નિરાશ કરવાનું ભારે શરમજનક થઈ પડશે. સર્વશક્તિશાળી હોંશિયાર દાક્તરો નિરાશ થાય ને નિષ્ફળ બને તે પછી જ બીજા ઉપચારોની અનુજ્ઞા આપી શકાય. એ વખતે સ્વાભાવિક રીતે જ ઘણું મોડું થઈ જશે. '

મહર્ષિ બધા ઉત્સાહી ઉપચારકોને તક આપવા માગતા'તા ને કોઈને પણ નિરર્થક નિરાશ કરવા નહોતા ઈચ્છતા.

*** *** *** ***

એકાદ વરસની એ લાંબી વ્યાધિગ્રસ્ત દશા દરમિયાન મહર્ષિનું મન પહેલાંની પેઠે જ સ્વસ્થ ને શાંત રહ્યું. શરીરની એટએટલી નિર્બળતા ને વેદનાની વચ્ચે પણ એમનું અસાધારણ આત્મબળ એવું જ અકબંધ અથવા અડગ રહ્યું. શરીર આત્માનું આવરણ અથવા વસ્ત્ર છે એ વાત જુદા જુદા ધર્મગ્રંથોમાં વાંચવામાં આવે છે ખરી. વિદ્વાનો ને વિચારકો એને કહી બતાવતા પણ હોય છે. પરંતુ એનો સ્વાનુભવ સૌ કોઈને માટે— મોટામોટા સાધકો અને સંતોને સારુ પણ શક્ય નથી હોતો. શરીરનાં સુખદુઃખો એમના મન પર અસર પહોંચાડતાં હોય છે. પરંતુ મહર્ષિને માટે એવું ન હતું. શરીરથી અલગ આત્માનો સ્વાનુભવ એમને માટે સ્વાભાવિક હતો અથવા એમના વિરાટ વ્યક્તિત્વના અભિન્ન અંગરૂપ બની ગયેલો. એટલે શરીરનાં સુખદુઃખ એમને કશી અસર ના કરતાં અને એમની આત્મનિષ્ઠામાંથી ના ચળાવી શકતાં. એટલી પ્રખર વેદનામાં બીજો કોઈ સામાન્ય માનવ હોત તો ડગી જાત, પરંતુ એમના સંબંધમાં એવી કલ્પના કરવી એ પણ અસ્થાને હતું. એ તો મહામાનવ હતા. જીવનના અંતિમ દિવસોના દુઃખને એ સ્મિતપૂર્વક શાંતિ સાથે સહન કરતા રહ્યા.

ડિસેમ્બર ૧૯૪૯માં ભક્તો ભારે મૂંઝવણમાં મુકાયા અને એમના એ ભયંકર વ્યાધિને મટાડવા માટે કયો ઉપચાર કરવો એનો નિર્ણય ના કરી શક્યા ત્યારે કોઈએ એમની પાસે પહોંચીને એ વિશે પૂછ્યું ત્યારે એમણે તરત જ સસ્મિત જણાવ્યું :

'મેં તમને કદી પણ કોઈ ઉપચાર માટે કહ્યું છે ખરું ? તમે જે કાંઈ કરો છો તે તમારી ઈચ્છાથી જ કરી રહ્યા છો, એટલે આગળ પર શું કરવું તે પણ તમારે પોતે જ નક્કી કરી લેવાનુ છે. જો મને પૂછવામાં આવ્યું હોત તો મેં શરૂઆતમાં કહેલું તે જ કહેત કે કોઈ ઉપચારની આવશ્યકતા નથી લાગતી. જે સ્વાભાવિક રીતે થઈ રહ્યું છે તે થવા દો. '

વ્યાધિ અને અવારનવાર કરાયલાં ઓપરેશનોના એ સમગ્ર સમય દરમિયાન એ મહાપુરૂષ એવાં જ શાંત, સ્થિરચિત્ત અને પ્રસન્ન રહ્યા. દાક્તરો સાથેની વાતચીત વખતે એમના સ્વભાવ પ્રમાણે એ પ્રસંગોપાત્ત વિનોદ પણ કરી લેતા. એમનું અંગ ઉત્તરોત્તર નબળું પડતું જતું હોવા છતાં મન જરા પણ નબળું નહોતું પડ્યું એ દેખીને દાક્તરો આશ્ચર્યચકિત બની જતા. એમના અવારનવારના વિનોદયુક્ત મધુર ઉદગારોથી દાક્તરો અને ભક્તો પણ હસ્યા વિના ના રહી શકતા.

સાતમી ઓગસ્ટના ત્રીજા મોટા ઓપરેશન પછી દાક્તરોએ એમને થોડાક દિવસો સુધી પૂર્વ વિશ્રામ કરવાની ને બહાર ના નીકળવાની સલાહ આપેલી. તો પણ એ સલાહને ગૌણ ગણીને આશ્રમના દવાખાનાની બહાર રાહ જોતા ભક્તોની લાગણીનો વિચાર કરીને એમને દર્શન આપવાની એમણે તૈયારી બતાવી. એમનું આત્મબળ એવું અદભૂત હતું. બીજે દિવસે બપોરે દાક્તરોના વિદાય થયા પછી એ એમના હોલમાં આવ્યા ને બોલ્યા કે ઉપચાર માટે આવતા દર્દીઓની મુશ્કેલીમાં વધારો કરવા માટે હું વધારે વખત દવાખાનામાં નહિ રહી શકું. બીજાને માટેની એમની લાગણીની ઉત્કટતાનો ચિતાર આ પ્રસંગ પરથી સહેલાઈથી મળી જાય છે.

ચોથા ઓપરેશન પછી પણ એમના મુખમંડળ પરનું સુમધુર સ્મિત નહોતું મટ્યું.

* * *   * * *   * * *   * * *

એમની એ એકાદ વરસ જેટલી ભયંકર વ્યાધિગ્રસ્ત દશાએ એમના ભક્તો તથા પ્રશંસકોને ચિંતામાં નાખી દીધા. એમનામાંના કેટલાકને થયું પણ ખરું કે એ હવે વધારે વખત સુધી નહિ બચી શકે. એમના જ્યોતિર્મય જીવનનો અંતકાળ નજીક આવી પહોંચ્યો હોય એવું એમને લાગવા માંડ્યું. એ અનુમાન ખરેખર દુઃખદ હતું પરંતુ એના સિવાયનું બીજું અનુમાન થઈ શકે એવી પરિસ્થિતિ જ ન હતી. એમણે એ મહાપુરૂષને એમની વ્યથા ને ચિંતા કહી બતાવી તો એમણે શાંતિસભર સ્વરે જણાવ્યું કે 'શરીર છૂટવાથી કોઈ જાતનો ફેર નહિ પડે : કારણ કે મારાથી બીજે કયાં જઈ શકાય તેમ છે ? હું હમેશાં અહીં જ રહીશ.'

પરંતુ એમનું સ્થૂલ, સશરીર, સાંનિધ્ય ઈચ્છતા ભક્તોને આત્માની અમરતાની એ આકર્ષક અનુભવવાણીથી સંતોષ થઈ શકે ખરો કે ? એ તો એવું ઈચ્છતા કે એ એમને છોડીને જાય જ નહિ, સ્થૂલ શરીરને સાચવી રાખે, પોતાની વિશેષ શક્તિના પ્રયોગથી વ્યાધિને શાંત કરે, ને વધારેમાં વધારે વખત સુધી એમના પ્રશાંતિદાયક પ્રેરક પથપ્રદર્શક તરીકે એમની પાસે જ રહે. મહર્ષિની અંદર એવી શક્તિ હતી કે જેથી એ એમના જીવનકાળને વધારી શકે. એમની ઈચ્છા વિરુદ્ધ કાળ એમની પાસે ફરકી શકે તેમ ન હતો, પરંતુ જીવન ને મૃત્યુના ઉપલક અજ્ઞાનમૂલક ભેદોથી એ પર હતા. એ દ્વંદ્વાતીત દશાની પ્રાપ્તિ કરી ચૂકેલા અને અનંત જીવનમાં અથવા અવિનાશ આત્મસત્તામાં પ્રતિષ્ઠિત હતા. એટલે બાહ્ય જીવન ને દેહધારણના મીઠા મોહમાંથી મુક્તિ મેળવી ચૂકેલા એવા પૂર્ણ અથવા કૃતકામ મહાપુરૂષની પાસેથી શરીરની સુરક્ષાની ને દીર્ઘાયુ જીવનની આકાંક્ષા રાખવી એ બરાબર નહોતું.

* * *   * * *   * * *   * * *

મહર્ષિનો ૭૧મો જન્મદિવસ એમની એ વ્યાધિગ્રસ્ત અસ્વસ્થ દશા દરમિયાન જ આવી પહોંચ્યો. ભક્તોએ એનો એમની સંનિધિમાં જ ઈ.સ. ૧૯૫૦ના જાન્યુઆરીની પાંચમી તારીખે ભારે શ્રદ્ધાભક્તિપૂર્વક ઉત્સવ કર્યો. એ દરમિયાન મહર્ષિ ભક્તો ને ભાવિકોને દર્શન આપતા સવારે ને સાંજે લાંબા વખત લગી બેસી રહ્યા. ભક્તોએ રચેલાં એમના પ્રેમયુક્ત પ્રશસ્તિગીતોને એમણે શાંતિથી સાંભળ્યાં ને વાંચ્યાં. એ દિવસે અરૂણાચલ મંદિરના હાથીએ અરૂણાચલેશ્વર ભગવાનના પાર્ષદ તરીકે એમની પાસે પહોંચીને પ્રણામ કર્યા. થોડીવાર એ એમની આગળ ઊભો રહીને એમને અવલોકી રહ્યો. એ અવસર પર આશ્રમમાં આવેલી ઉત્તર ભારતની રાણીએ એ પ્રસંગનું ચલચિત્ર ઉતાર્યું. એ ઉત્સવ એવી રીતે અતિશય આનંદપૂર્વક ઊજવવામાં

આવ્યો. એના આયોજકોને અને એમાં ભાગ લેનારા ભાવિક ભક્તોને શી ખબર કે મહર્ષિના જીવનનો એમની ઉપસ્થિતિમાં ઊજવાયલો એ છેલ્લો જ જન્મોત્સવ હતો અને આગામી જન્મોત્સવના શુભ અવસર પર એ એમની સાથે નહિ હોય ? એ દિવસની નોંધ કરતાં એમના શ્રદ્ધાળુ ભક્ત શ્રી એસ. એસ. કોહેન એમના 'ગુરૂ રમણ' નામના પુસ્તકમાં જણાવે છે :

'એવી વાત વહેતી થયેલી કે ભક્તોના વિશાળ સમુદાયને લીધે સર્વાધિકારી મહર્ષિને ઉત્સવ અને આરતી માટે મોટા હોલમાં જવાની વિનંતિ કરવાના છે. એ સાંભળીને એમને ચિંતા થયેલી. અમને ભય લાગ્યો કે દાક્તરોના ના પાડ્યા છતાં એ બહાર નીકળવા જશે તો કદાચ મોટી મુસીબતમાં પડી જશે. પરંતુ એમને રોજના માર્ગમાં બેસીને આજે સવારે સૌને દર્શન આપતા જોયા ત્યારે અમને શાંતિ થઈ. આરતી વખતે એ નવથી સાડાદસ સુધી બેસી રહ્યા. એ એક જ દિવસ એવો હતો કે મહર્ષિએ ભક્તોની સાથે બેસીને એમના જન્મોત્સવને દિવસે ભોજન ના લીધું. એમના સખત ઘૂંટણને લીધે એ જમીન પર બેસી શકે તેમ ન હતા અને એમનો ખોરાક પણ જુદી જાતનો હતો. લાંબું અંતર કાપીને આવેલા સાધકોને નિરાશ ના કરવાને માટે બપોર પછી એ ત્રણથી છ વાગ્યા સુધી એટલે કે રોજના કરતાં બે કલાક વધારે બેઠા.'

* * * * * * * * * * * *

મહર્ષિના સ્વાસ્થ્યલાભ માટે આશ્રમની બહાર ભક્તો તેમ જ પ્રશંસકો પ્રેમપૂર્વક પ્રાર્થના, પૂજા તથા આરાધના કરવા લાગ્યા. એમને માટે એમ કરવાનું સ્વાભાવિક હતું. કોઈએ એકવાર મહર્ષિને એમની અસરકારકતા વિશે પ્રશ્ન પૂછ્યો તો એમણે સસ્મિત ઉત્તર આપ્યો :

'શુભ પ્રવૃત્તિઓમાં લાગ્યા રહેવાનું હંમેશાં ઈચ્છવા યોગ્ય છે. એ પ્રવૃત્તિઓ ભલે ચાલ્યા કરતી. યોગ્ય સમયે બધું બરાબર થઈ રહેશે. '

પોતાના સ્વાસ્થ્યની ચિંતા કરનારા કોઈક શ્રદ્ધાળુ સેવકને ઉદ્દેશીને એમણે સરળ દ્દષ્ટાંતથી ભરેલી ભાવમય ભાષામાં કહ્યું :

'જ્યારે ભોજન પૂરું કરી લેવામાં આવે છે ત્યારે જેનો ઉપયોગ કરીને જમવામાં આવે છે તે પતરાળીને રાખી મૂકીએ છીએ ?'

એ પ્રસંગ પરથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે મહર્ષિ એમના અંતકાળને પહેલેથી જ જાણી ચૂકેલા. પોતાના શરીરત્યાગનો સમય સમીપ આવ્યો છે એ સંબંધી એમને સહેજ પણ શંકા નહોતી રહી. એમના વર્તમાન જીવન પર કાળનો જે પડદો પડવાનો હતો એ એમની અજ્ઞાતાવસ્થામાં નહોતો પડવાનો પરંતુ એમની ઈચ્છાનુસાર જ પડવાનો હતો.

ભાવિક ભક્તોને માટે એ સંકેત પૂરતો હતો. એ સમજી ગયા કે મહર્ષિની મહાસમાધિનો સમય હવે પાસે છે.

એક શોકાતુર ભક્તને સાંત્વન આપતાં એમણે જણાવ્યું :

'આ શરીરને ભગવાનનું સમજીને એમને દુઃખ થઈ રહ્યું છે એવું એ બધા માની રહ્યા છે. કેટલું બધું દયાજનક છે ! એ શોક કરે છે કે ભગવાન એમને છોડીને જતા રહેશે. પરંતુ એ ક્યાં ને કેવી રીતે જઈ શકે ?'

એમના એ રહસ્યમય જ્ઞાનયુક્ત શબ્દો વાતાવરણમાં આજે પણ એટલી જ અસરકારક રીતે ગુંજી રહ્યા છે.

* * *　　* * *　　* * *　　* * *

મહર્ષિનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન વધારે ને વધારે કથળવા લાગ્યું. એથી ચિંતિત થઈને ભારત અને ભારતની બહારના જુદા જુદા ભાગોમાંથી ભાવિક ભક્તો તથા પ્રશંસકો એમના દર્શન માટે આવવા લાગ્યા. તિરુવણ્ણામલૈમાં મોટો માનવમેળો ભરાયો.

એમની મહાસમાધિના બે દિવસ પહેલાં એમણે પોતાની પાસેથી પસાર થનારા ભક્તો પર વિશેષ પ્રેમપૂર્વકની કૃપાદૃષ્ટિ કરી. એ કૃપાદૃષ્ટિ એમની અંતિમ દૃષ્ટિ હતી. એ પછી એમની અશક્તિ એકદમ વધી ગઈ અને બાહ્ય પ્રવૃત્તિ લગભગ બંધ પડી.

શ્રી કોહેન એમના 'ગુરૂ રમણ' નામના પુસ્તકમાં એ દિવસોની નોંધપોથી રજૂ કરતાં લખે છે :

'એવું લાગે છે કે પ્રલયનો દિવસ હવે પાસે આવી પહોંચ્યો. એ દિવસ કે જ્યારે અમારા જીવનનું સર્વસ્વ, જીવવા જેવું બધું જ જતું રહેવાનું છે : અમારો આધાર, અમારી આશાઓ, અમારી સર્વોત્તમ સંપત્તિ : અમારા ગુરૂદેવનું અમૂલખ જીવન.

'આજે એ સોફા પર લાંબા થઈને સૂતા છે. એમની આંખ ઊંડી ઊતરી ગઈ છે, ચામડી ફીકી તથા જીવનરહિત બની ગઈ છે અને એમના ગાલ બેસી ગયા છે. ત્રણ સેવકો એમના પગ દાબી રહ્યા છે. એમના શરીરનો ઉપલો અડધો ભાગ એવો તો દર્દીલો બની ગયો છે કે એને અડતાંવેંત જ એમને પીડા થાય છે. સવારના નવ વાગ્યાના અડધા કલાકના ઉપલક દર્શન દરમિયાન એમણે એકાદ બે વાર દર્શનાર્થીઓ તરફ દૃષ્ટિપાત કર્યો એટલું જ, બાકી મોટે ભાગે એ આત્મલીન અને ચેતનારહિત બની ગયા છે. દાક્તરોએ એમને તપાસવાનું છોડી દીધું છે અને એમની પાસે જવા પર સખત પ્રતિબંધ મૂકી દીધો છે. બધાએ એમના જીવનની આશા મૂકી દીધી છે.

'સ્ત્રીઓ રડી રહી છે. પુરૂષો શોકમગ્ન બન્યા છે ને ઊંડી વેદનામાં ડૂબી ગયા છે, કારણ કે સૌને લાગે છે કે આજનો દિવસ છેલ્લો જ છે. મહર્ષિ હજુ ભાનમાં છે ને કોઈવાર બોલે છે પણ ખરા. પરંતુ છેલ્લી ઘડી સુધી કશું નથી માગતા. એમને માટે શું કરવું જોઈએ કે શું ના કરવું જોઈએ એ વિશે કશો જ અભિપ્રાય નથી આપતા, ને કોઈ જાતની પીડાની ફરિયાદ પણ નથી કરતા. ફક્ત કોઈવાર દર્દવાળા અંગને અડવામાં આવે છે ત્યારે બીજાને માહિતી આપતા હોય તેમ બોલી ઊઠે છે : 'એવી એક પણ જગ્યા નથી જ્યાં સ્પર્શ કરવાથી પીડા ના પહોંચે.'

એ નોંધ તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૫૦ની છે. એ જ દિવસે એમને ઔષધ આપવા આવેલા કવિરાજને ઉદ્દેશીને એમણે જણાવ્યું :

'શરૂઆતથી જ હું કહી રહ્યો છું કે આવી બધી વસ્તુઓની જરૂર નથી; પરંતુ મારું કોણ સાંભળે છે ? હવે મારું પેટ એટલું બધું બગડી ગયું છે કે એ કશું પચાવી નથી શકતું. મને કોઈ પદાર્થની ઈચ્છા કે ભૂખ

પણ નથી રહી. મારો સ્વાદ બગડી ગયો છે, મારી જીભ રસ વગરની બની ગઈ છે, તો પણ મને ખાવાપીવા માટે દબાણ કરવામાં આવે છે. મારાથી કેવી રીતે ખાઈ પી શકાય ?'

ચૌદમી એપ્રિલ ૧૯૫૦નો દિવસ એ મહાપુરૂષની પાર્થિવ જીવનલીલાનો અંતિમ દિવસ થઈ પડ્યો. એ દિવસે એમણે મહાસમાધિ લઈ લીધી ને પોતાના અસલ વાસ્તવિક સ્વરૂપમાં પ્રવેશ કર્યો. એ દિવસે સવારે એમની સ્થિતિ ઘણી નાજુક બની ગઈ. એ જોઈને આશ્રમવાસીઓ અને ભક્તો ખૂબ ખૂબ ચિંતામાં પડી ગયા. સાંજના દર્શન પછી તો સૌને લાગ્યું કે આ દિવસ એમના જીવનનો છેલ્લો દિવસ છે. મહર્ષિ તકિયાઓની વચ્ચે બેઠા. એમનું મુખ ઉઘાડું ને મસ્તક પાછળ લાગેલું હતું. બે પરિચારકો એમને શ્વાસ લેવામાં મદદ મળે એ માટે ધીમે ધીમે પંખો કરવા લાગ્યાં. સાંજે સાતેક વાગે ઓકસીજન આપવામાં આવ્યો પણ એથી કશી રાહત ના મળવાથી એમણે એને બંધ કરવાની સૂચના આપી.

શ્રી કોહેન એનો ઉલ્લેખ કરતાં નોંધે છે :

'પરિસ્થિતિ ભારે કટોકટીભરી છે. એ ગંભીર કરુણ અંતિમ ક્ષણની શોકિત હૃદયે રાહ જોતા લગભગ પાંચસો ભક્તો બહાર ઊભા છે. એમના પૂર્વસંબંધીઓ, આશ્રમના કાર્યકર્તાઓ, કેટલાક જૂના શિષ્યો અને થોડાક નવા સાધકો એમનાં અંતિમ દર્શનની અભિલાષાથી વારાફરતી અંદર જવા માંડ્યા. અંતકાળને એકદમ નજીક જાણીને સમસ્ત જનસમુદાય મહર્ષિએ ભગવાન અરૂણાચલની પ્રશસ્તિમાં કરેલી રચનાને એકસ્વરે ગાવા લાગ્યો. રાતના ૮ ને ૪૭ સુધી એ ક્રમ ચાલુ રહ્યો. '

મહર્ષિએ પોતાની જીવનલીલા સંકેલી લીધી.

ભક્તોને માટે એ સમાચાર ભારે શોકજનક અથવા અસહ્ય થઈ પડ્યા. આખુંય વાતાવરણ રુદન, ક્રંદન અને કરુણ ચિત્કારોથી ભરાઈ ગયું.

'ભક્તોએ પોતાના મન પરનો કાબૂ ખોઈ નાખ્યો. એ મહર્ષિની પાસે એમનું સ્થૂલ શરીર પડી રહેલું ત્યાં નાના ખંડમાં દોડવા માંડ્યા.પરંતુ પોલીસ અમલદારોએ એ સ્થળને ઘેરી લીધું ને મહર્ષિના શરીરને મોટા દર્શન હોલમાં લાવીને યોગાસનની સ્થિતિમાં જનતા પોતાની અંજલિ આપી શકે એ માટે મૂક્યું. એ સમાચાર શહેરમાં અને આજુબાજુના પ્રદેશોમાં પ્રબળ પાવકની પેઠે ફરી વળ્યા ને લોકોનાં ટોળેટોળાં આવવા માંડ્યાં.

'મહર્ષિના સોફાની આસપાસ થોડાક ભક્તો ને શિષ્યો બેઠેલા. કેટલાક મહર્ષિનાં રચેલાં સ્તોત્રો ગાવા લાગ્યા, કેટલાક ભક્તિના ગીતો બોલવા માંડ્યા, તો બીજા કેટલાક શાંત ચિંતનમનનમાં બેસી રહ્યા.'

મહર્ષિના મહાપ્રયાણ વખતે તિરુવણ્ણામલૈમાં છેલ્લા પંદરેક દિવસથી રહેતા એક ફ્રેંચ ફોટોગ્રાફરને અવનવો અનુભવ મળેલો. એનો ઉલ્લેખ કરતાં એમણે રાતે નવેક વાગે કહેલું : 'એ અનુભવ અત્યંત આશ્ચર્યકારક છે. હું મારા મકાનની બહાર ખુલ્લી જગ્યામાં હતો ત્યારે મારા મિત્રોએ મારું ધ્યાન આકાશ તરફ ખેંચ્યું. મેં ત્યાં એક અત્યંત પ્રકાશિત, તેજસ્વી પ્રકાશરેખાવાળો તારો જોયો. એવો ખરતો તારો મેં પહેલાં કદાપિ નહોતો જોયો. એ દક્ષિણ તરફથી આવી, આકાશ પરથી ધીમેથી પસાર થઈ, અરૂણાચલ પર્વતના શિખર પર પહોંચીને એની પાછળ અદૃશ્ય થઈ ગયો. એના સૂચિતાર્થને અમે બધા તરત સમજી ગયા. અમે

ઘડિયાળમાં જોયું તો બરાબર આઠ ને સુડતાળીસ મિનિટ થઈ હતી. અમે સત્વર આશ્રમની દિશામાં રવાના થયા અને સખેદ જોયું કે એ સંકેત સાચો પડેલો. ગુરૃદેવ એ જ વખતે મહાનિર્વાણમાં પહોંચી ગયેલા,'

પાછળથી માહિતી મળી કે એ તારાને આશ્રમના ને આશ્રમની બહારના બીજા કેટલાક ભક્તોએ પણ જોયો હતો.

ગમે તેમ પણ મહર્ષિના મંગલમય મહામહિમામય ભૌતિક જીવનનો એ રીતે અંત આવ્યો. ભારતવર્ષની જ નહિ પરંતુ સમસ્ત સંસારની એ મહાન વર્તમાન કાળની વિભૂતિએ આખરે વિદાય લીધી. એ સર્વકાળના સર્વશ્રેષ્ઠ સંતશિરોમણિ પોતાની પરમપાવન જાજ્વલ્યમાન જીવનલીલાને સંકેલીને ચાલી નીકળ્યા. ભક્તોને, જીજ્ઞાસુઓને, ધર્મ તથા સંસ્કૃતિને, ભારતને તેમ જ સંસારને, કદી પણ ના પુરાય તેવી મોટી ખોટ પડી.

રાતભર જાગતા રહીને ભક્તોએ એમના સુપવિત્ર શરીરની સંભાળ રાખી.

વેદના ધ્વની સવારે ૧૧ાા વાગ્યા સુધી ચાલુ રહ્યા.

તે પછી એ શરીરને દક્ષિણની ઓસરીમાં પૂજા અને અભિષેક માટે રાખવામાં આવ્યું. દૂધ, દહીં, નારંગીના રસ, ગુલાબજલ તથા બીજાં સુગંધિત દ્રવ્યોથી એને સ્નાન કરાવવામાં આવ્યું. તાજાં ગુલાબની માળાથી મંડિત કરાયેલા એ શરીરને શાસ્ત્રીય વિધિપૂર્વક સમાધિ માટે તૈયાર કરાયું.

સમાધિસ્થાનમાં ૧૦ાા ફીટનો લાંબોપહોળો તથા ૭ ફીટનો ઊંડો ખાડો ખોદવામાં આવ્યો. એના મધ્યમાં ૪ાા ફીટની લાંબીપહોળી જગ્યા અલગ કરવામાં આવી. એને આજુબાજુથી ચણી લેવામાં આવી. બાકીની જગ્યામાં ગંગા તથા નર્મદાના તટપ્રદેશની પવિત્ર, ખાસ મંગાવવામાં આવેલી, રેતી ભરવામાં આવી.

સાંજે ૬ાા વાગે શરીરને સમાધિ માટે લઈ જવામાં આવ્યું ત્યાં સુધી આશરે ચાલીસ હજાર લોકોએ એનાં દર્શનનો લાભ લીધો. શરીરને સરસ ખાદીના ઘરમાં મૂકીને સમાધિસ્થળમાં પધરાવાયું, અને એની આજુબાજુ કપૂર ભરવામાં આવ્યું. પછી ખાડાને પણ કપૂર, નમક ને પવિત્ર ભસ્મથી ભરી દેવામાં આવ્યો. એ બધી પ્રક્રિયા પૂરી થયા પછી સમાધિને ચણીને બંધ કરવામાં આવી.

એક સર્વકાળના સર્વશ્રેષ્ઠ સત્પુરૃષનું એ રીતે સ્મારક બન્યું અને એ એક સ્મૃતિનો વિષય બની રહ્યા.

☼ ☼ ☼ ☼ ☼

## (૩૫) મહર્ષિ છે

મહર્ષિની સમાધિનું સ્થાન એમના સ્થૂલ શરીરના સંસ્પર્શથી પાવન બની ગયું. એ સ્થાન સાચેસાચ સૌભાગ્યશાળી ને વિલક્ષણ હતું. એ સ્થાનમાં એ મહાપુરૂષ ઈ.સ. ૧૯૩૮ સુધી ભોજન કરતા. સમાધિનું નિર્માણ થવાથી એ સ્થાન વિશેષ મહિમાન્વિત તથા પ્રસિદ્ધ બની ગયું. ત્યાં બે વાર સેવાપૂજા કરવામાં આવે છે ને સુસંસ્કારસંપન્ન સ્ત્રી પુરૂષોને આજે પણ એમની અનુગ્રહયુક્ત શાંતિકારક પ્રેરણાપ્રદાયક સૂક્ષ્મ સંનિધિનો અનુભવ થઈ રહે છે.

મહર્ષિની મહાસમાધિ પછી એમના નાના ભાઈ નિરંજનાનંદ સ્વામીએ મનને બનતું મજબૂત રાખીને આશ્રમનું સમગ્ર સંચાલન સંભાળી લીધું. એમના અંતરનો મહર્ષિ માટેનો અનુરાગ અવર્ણનીય હતો. એમને મહર્ષિના વિયોગથી ભારે વ્યથા થઈ. તો પણ એમણે આશ્રમની સેવા ચાલુ રાખી. એમનું સ્વાસ્થ્ય બગડવા લાગ્યું. મહર્ષિના અમૂલખ જીવનકાર્યમાં મદદરૂપ થવાનું પોતાનું કર્તવ્ય હવે પૂરું થવાની તૈયારીમાં છે એવું જાણી લઈને એમણે એમના સુપુત્ર શ્રી ટી. એન. વેંકટરામનને તા. ૨૮ જાન્યુઆરી ૧૯૫૩ને દિવસે પોતાની પાસે બોલાવીને ભક્તો, કાર્યકરો અને કુટુંબીજનોની ઉપસ્થિતિમાં કહ્યું :

'હું નિર્દોષ અંતરાત્મા સાથે પવિત્રતાપૂર્વક વિદાય થઉં છું. આશ્રમના ફંડમાંથી મેં મારા અંગત લાભને માટે એક પૈસો પણ નથી વાપર્યો. અહીંનું સર્વ કાંઈ ભગવાનની માલિકીનું છે. એને જાગૃતિ ને સાવધાનીપૂર્વક સાચવવાનું છે. ઈશ્વરની સેવામાં મન મૂકીને લાગી જજો. બદલામાં એ તમારા પર કૃપા વરસાવશે. જેવી રીતે મારા સમસ્ત જીવન દરમિયાન મેં કર્યું છે તેવી રીતે, આ આશ્રમના સંચાલનમાં આપણી પૂજનીય પ્રાચીન પરંપરાનું પ્રેમપૂર્વક પ્રામાણિક રીતે પાલન કરજો.' કેટલી બધી ઉદાત્ત ભાવના ને વિચારધારા !

આશ્રમના ભક્તોના વેદપાઠની વચ્ચે તા. ૨૯ જાન્યુઆરીએ ગુરૂવારે રાતે ૧૧। વાગે એમણે શાંતિપૂર્વક શરીર છોડી દીધું. એમના શરીરને એમણે પોતે તૈયાર કરેલી અને એમને અત્યંત પ્રિય નાળિયેરીની વાડીમાં, માતા અલઘમ્માના સમાધિમંદિરની સમાંતર દિશામાં સમાધિ આપવામાં આવી.

ઈ.સ. ૧૯૫૩ની પહેલી ફેબ્રુઆરીએ એમના સુપુત્ર શ્રી ટી.એન.વેંકટરામનને આશ્રમના મેનેજર તથા રમણાશ્રમ મેનેજિંગ કમિટિના આજીવન પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા.

મહર્ષિની બેન અમ્માલ અથવા અથાઈનું શરીર એ પછી બે જ દિવસે એટલે કે ત્રીજી જાન્યુઆરીએ સવારે ૮।। વાગે છ મહિનાની માંદગી પછી છૂટી ગયું.

ઈ.સ.૧૯૬૭માં લાંબા વખતના પરિશ્રમ પછી ફંડ એકઠું કરીને મહર્ષિના સુદંર સર્વોપયોગી સમાધિસ્થાનનું નવનિર્માણ કરવામાં આવ્યું.

* * * * * * * * * * * *

ભારતના ને સમસ્ત સંસારના એ સર્વોત્તમ સંતશિરોમણિ પોતાનું સ્થૂલ શરીર છોડીને એવી રીતે વિદાય થયા. પરંતુ એ ખરેખર ક્યાં ગયા ? પોતાના પરમપ્રિય અરૂણાચલ પર્વત પર ? ત્યાંના કોઈ પૂર્વપરિચિત પ્રશાંત સ્થળવિશેષમાં અથવા એકાંત આશ્રમમાં ? કોઈક બીજા લોકમાં ગયા, પરબ્રહ્મની અંદર

ભળી ગયા કે પછી આશ્રમમાં જ મળી ગયા ? એમણે જ કહેલું કે ‘હું બીજે ક્યાં જઈ શકું એમ છું ? હું તો હમેશાં અહીં જ છું.’ એ શબ્દો સાચા લાગે છે. એ એમના પ્રશંસકો તથા ભક્તોની પાસે જાય તો ભલે, બાકી બીજે ક્યાંય જઈ શકે તેમ નથી. એમના આશ્રમમાં પ્રવેશ કરતાં એની પ્રતીતિ થાય છે. ફૂલ જાય છે, ખરી પડે છે, પરંતુ ફૂલની ફોરમ નથી જતી કે નથી મરતી, તેમ એમની શક્તિ પણ હજુ કામ કરી રહી છે. એ શાશ્વત છે. લગભગ ઈ.સ. ૧૯૬૦માં મેં આશ્રમની મુલાકાત લીધી ત્યારે એમાં કશો સંદેહ ના રહ્યો. હોલમાં એમના કોચની સામે બેસીને મેં ધ્યાન કર્યું ત્યારે એમ લાગ્યું કે એ હજુ અહીં જ છે, અહીંના કણકણમાં, અણુપરમાણુમાં પ્રસરી રહ્યા છે, ભક્તો તથા દર્શનાર્થીઓને મદદ કરી રહ્યા છે. આજે અને ભવિષ્યમાં પણ જે હૃદયને ખુલ્લું રાખીને ત્યાં જશે એમને એવો અનુભવ થશે અને અસાધારણ લાભ મળશે. મહર્ષિ ગયા છે ? ના. હજુ છે. ફક્ત મોટા ભાગના માનવોને એ દેખાતા નથી એટલું જ બાકી છે, અમર છે અને એમનું કાર્ય કરી રહ્યા છે.

* * *  * * *  * * *  * * *

અંતર અનુરાગપૂર્ણ આદરભાવથી આપ્લાવિત બનીને બોલી ઊઠે છે : ભગવાન રમણ મહર્ષિની જય ! આધ્યાત્મિક જગતના જાજ્વલ્યમાન જ્યોતિર્ધરની જય !

☼ ☼ ☼ ☼ ☼



# ખંડ બીજો



# સાધના અને સાહિત્ય

## (૩૬) મહર્ષિની સાધના - ૧

આપણે ત્યાં શિક્ષિત અને અશિક્ષિત વર્ગમાં આધ્યાત્મિકતા અથવા સાધના વિશે ભાતભાતના ખ્યાલો પ્રવર્તે છે. એના સંબંધમાં સાધકોના વિવિધ વર્ગોમાં પણ ચિત્રવિચિત્ર વિચારો જોવા મળે છે. કોઈ સાધનામાં—અલબત્ત આત્મવિકાસની સાધનામાં, સર્વપ્રકારના બાહ્ય કૌટુમ્બિક કે સામાજિક સંબંધવિચ્છેદને મહત્વનો માને છે, કોઈ જુદી જુદી ઉપાસનાઓ, અલગ અલગ અનુષ્ઠાનો, તથા ક્રિયાપ્રક્રિયાઓમાં રસ લે છે અને એમાં જ સાધનાનું સારસર્વસ્વ સમજીને બેસી રહે છે, તો કોઈ જુદી જુદી સિદ્ધિઓને મહત્વની માનીને તેમની પ્રાપ્તિને માટે પ્રયત્નો કરે છે. કોઈક સાંપ્રદાયિકતામાં પડી જાય છે તો કોઈક વાદવિવાદમાં કે પછી પ્રમાદમાં પોતાના જીવનને પસાર કરે છે. એમનામાંના લગભગ સઘળા સાધનાના સારતત્વને સમજવાનો અથવા એના રહસ્યને હસ્તગત કર્યું હોવાનો દાવો કરે છે. એવા સંજોગોમાં મહર્ષિ પોતે સાધના વિશે શું માનતા હતા અથવા એ વિશે એમનો કેવો દૃષ્ટિકોણ હતો એ ખાસ જાણવા જેવું છે.

બીજા બધા જ જમાનાઓની જેમ જે જમાનામાં મહર્ષિ પોતાનું જીવનકાર્ય કરી રહેલા તે જમાનામાં પણ સાધના સંબંધી સામાન્ય રીતે સમાજમાં કેટલીય ભ્રાંત, અવાસ્તવિક ધારણાઓ કે માન્યતાઓ પ્રચલિત હતી. સાધનામાં રસ લેનારા મોટા ભાગના માનવો જપ, તપ, તીર્થાટન, યોગાભ્યાસ તથા બહારના ક્રિયાકાંડોને જ સાધના સમજતા અને એમનો અત્યંત રસપૂર્વક આધાર લેતા. મહર્ષિએ પોતાની વિચારધારા તથા મૂળભૂત સાધના દ્વારા એ પરંપરાગત પ્રાચીન પદ્ધતિમાં પરિવર્તનનો અભિનવ પવિત્ર પ્રવાહ પેદા કરીને ક્રાંતિ કરી. એ ક્રાંતિ અતિશય કલ્યાણકારક થઈ પડી. એણે સમાજમાં ફેલાયેલી ને ચિરકાળથી જામી ગયેલી જડતાના પાયા હલાવી અને હચમચાવી નાખ્યા, અનેક જીવનવિકાસના સાચા જિજ્ઞાસુઓ તથા સાધકોને પ્રેરણા પૂરી પાડીને પરમપવિત્ર પ્રાણવાન પથપ્રદર્શન પહોંચાડ્યું અને આત્મવિકાસને માટેની આવશ્યક સાધનાની સ્પષ્ટ તથા સંપૂર્ણ પ્રક્રિયા રજૂ કરી. એ પ્રક્રિયા અનેકને માટે આશીર્વાદરૂપ થઈ પડી. એનો આશ્રય લઈને અસંખ્ય આત્મોન્નતિની અભિલાષાવાળા સાધકો આગળ વધ્યા ને જીવનને સફળ તથા શાંતિમય કરી શક્યા. એને લીધે અનેકનો જીવનપથ નિષ્કંટક ને સરળ બન્યો.

મહર્ષિએ સાધનાને નામે પ્રચલિત જુદી જુદી વિચારધારાઓ અથવા ભ્રાંત માન્યતાઓ સામે બળવો ના કર્યો, વિરોધનો સૂર ના નોંધાવ્યો, કે કોઈ જાતનું વિચારયુદ્ધ ના આદર્યું. એમણે કશાનો દોષ ના કાઢ્યો, તિરસ્કાર ના કર્યો, કે કોઈની સામે કાદવ ના ઉછાળ્યો. કોઈને હલકી કહી બતાવવાની પદ્ધતિ પણ પસંદ ના કરી. એમની પ્રથા જુદી જ હતી. અંધકારનો અંત આણવા અંધકારનો વિરોધ કરવાની જરૂર નથી હોતી, અંધકારની આલોચના કરવાની કે એની સામે વિદ્રોહ જગાવવાની આવશ્યકતા નથી હોતી : આવશ્યકતા અને એકમાત્ર અનિવાર્ય આવશ્યકતા હોય છે પ્રકાશને પ્રકટાવવાની. એની રીતે એમની આસપાસના સમાજના વૈચારિક જીવનમાં એમણે એક અવનવીન પરમપવિત્ર પ્રકાશ પ્રકટાવ્યો. એ પ્રકાશ કોઈ સદ્ગુરૂ પાસેથી નહોતો મળ્યો, કોઈ સદ્ગ્રંથ દ્વારા પણ નહોતો સાંપડ્યો, પરંતુ આત્માનુભૂતિને પરિણામે પ્રાપ્ત થયેલો. એટલે જ એની મહત્તા વધારે હતી. એટલા માટે જ એ અત્યંત અસરકારક થઈ પડ્યો અને અમોઘ ઠર્યો. જીવનના પ્રારંભથી જ જે ઉજ્જવલ પ્રજ્ઞાપ્રકાશનો આધાર લઈને એ આગળ વધેલા ને ક્રમેક્રમે પોતાના

ધ્યેયની સિદ્ધિ કરી ચૂકેલા તે પ્રકાશ એમનો પરમપ્રિય પ્રકાશ થઈ પડે અને એમાં એમની શ્રદ્ધાભક્તિ સતત તેમજ અચળ રહે એ તદ્દન સ્વાભાવિક હતું. એ સ્વાભાવિકતાથી પ્રેરાઈને એમણે એમની સાધનાવિષયક વિચારધારા રજૂ કરી અને એને પરિણામે કેટલોય અવિદ્યાજન્ય અંધકાર દૂર થયો, કેટલીય ભ્રાંતિઓ ટળી ગઈ, ને મોટા ભાગની સાધનાત્મક શંકાકુશંકાઓ છિન્નવિચ્છિન્ન થઈ ગઈ. આત્મવિકાસની સાધનામાં રસ લેનારા લોકોને એક નવી સરસ સુસ્પષ્ટ દિશા મળી ગઈ.

એમની એ સાધનાવિષયક વિચારધારા બીજી વિચારધારા કે ક્રિયાપ્રક્રિયાઓનો અનાદર નહોતી કરતી. એમને તિરસ્કારબુદ્ધિથી જોવાનો કે મૂલવવાનો પ્રશ્ન જ એને માટે નહોતો પેદા થતો. એનું કારણ એની ઉદારતા, વિશાળતા અને સહાનુભૂતિ હતું. એને લીધે એ કોઈ પણ પ્રકારની કટ્ટરતા કે કટુતાથી રહિત હતી. એમને માટે એવી સુયોગ્યતાથી સંપન્ન બનવાનું કામ સહજ બની ગયેલું. એમના અનુભવના આધાર પર એ સમજતા કે સંસારમાં સૌની પ્રકૃતિ પૃથક્ પૃથક્ હોવાથી સૌની સમસ્યાઓ અલગ અલગ છે અને રૂચિ કે રસવૃત્તિ પણ જુદી છે ને જુદી રહેવાની છે. એ જુદી રહે તેમાં કશી હરકત પણ નથી. એટલે સાધનાની પદ્ધતિઓ પણ એકસરખી નહિ જ રહેવાની. પોતપોતાની વ્યક્તિગત અભિરુચિને અનુસરીને સૌ જુદી જુદી પદ્ધતિઓનો આશ્રય લેવાના. કોઈ ક્રિયાઓ કરવાના, કર્મકાંડનો આશ્રય લેવાના, કોઈ જપતપ કરવાના, કોઈ તીર્થાટનમાં સફળતા સમજવાના, તો કોઈ સ્વાધ્યાયનો લાભ લેવાના. કોઈ બહિરંગ તો કોઈ અંતરંગ સાધનાનો આધાર લેવાના. જે અંતરંગ સાધનાનો આધાર નથી લેતા એમને માટે બહિરંગ સાધનાનું અંતરંગ સાધનાની જરૂરી ભૂમિકા તૈયાર કરવા માટે મહત્વ છે એમાં સંદેહ નથી. એવું મહત્વ સમજીને કોઈ પોતાની પસંદગીની બહિરંગ સાધનાનો આધાર લે તો તેમાં કશો દોષ નથી દેખાતો. મહત્વની વાત એ છે કે બહિરંગ અથવા અંતરંગ સાધનાની કોઈયે દશામાં સાધકને પોતાના સાધનાત્મક ધ્યેયનું વિસ્મરણ ના થવું જોઈએ, નહિ તો તેને માટે આડવાતમાં પડી જવાનો કે અધવચ્ચે અટકી જવાનો ભય રહે છે. વિકાસની જે ભૂમિકા પર સાધક ઊભો છે ત્યાંથી આગળ વધવા માટે એ ઈચ્છાનુસાર સાધનનો આશ્રય લે તો તેમાં કશું ખોટું નથી. પ્રત્યેક વચગાળાની આવશ્યકતા સ્વભાવની રચના પ્રમાણે અલગ અલગ હોય છે. માટે જ સાધનોની દુનિયામાં આટલી બધી વિવિધતા આગળ વધવામાં મદદરૂપ થતી હોય તો દૂષણરૂપ નથી પણ ભૂષણરૂપ છે. કોઈને રુચે કે ના રુચે તો પણ એ તો રહેવાની જ. એને સહાનુભૂતિપૂર્વક સમજવામાં આવે તો કટુતા, તિરસ્કાર કે ઘર્ષણને બદલે સુખશાંતિ, સંવાદિતા ને સહકારની સૃષ્ટિ થઈ શકે છે. માનવની વિચારશક્તિને જાગ્રત કરીને વિશુદ્ધ ને બળવાન બનાવવામાં આવશે તો પોતાના જીવનના વિકાસ માટે જે શુભ અથવા કલ્યાણકારક હશે તેનો નિર્ણય એ એની મેળે જ કરી લેશે. એને માટે કોઈ બળજબરી કરવાની, ધાકધમકી બતાવવાની, દુરાગ્રહ સેવવાની કે પ્રલોભન પૂરાં પાડવાની આવશ્યકતા નથી રહેતી. સાધનાની જુદી જુદી પ્રક્રિયાઓનું મહત્વ વિભિન્ન પ્રકૃતિ કે રુચિના સાધકો પૂરતું મર્યાદિત છે. એ મર્યાદા જેમ જેમ પૂરી થતી જશે તેમતેમ  સાધક સ્વતઃ એને મૂકીને આગળ વધતો રહેશે.

એ સંદર્ભમાં વિચારીએ તો મહર્ષિની વિલક્ષણતા સહેજે સમજી શકાય છે. એમણે એમના જીવનકાળ દરમિયાન કોઈ સાધનાપ્રણાલિ પર આક્ષેપ નથી કર્યો, એને હલકી ચીતરી બતાવવાનો પ્રયત્ન નથી કર્યો, તેમજ કશાનો અકારણ વિરોધ પણ નથી કર્યો. જુદી જુદી સાધનાપદ્ધતિઓનો આધાર લેનારા અને એમની

દ્વારા આગળ વધવાની અભિલાષાવાળા માનવોને એમણે માર્ગદર્શન આપ્યું છે ને સર્વે પ્રકારની સાધનાના આત્યંતિક સાધ્યનું સ્મરણ કરાવ્યું છે, જેથી સાધનાને નામે કોઈ પણ પ્રકારની મિથ્યા ભ્રમણા પેદા ના થાય અને પોષાય પણ નહિ. એમની આકાંક્ષા માનવનું પરિપૂર્ણ, મૂળભૂત મંગલ કરવાની હોવાથી એમણે માનવને મંગલના એ મધુમય માર્ગે દોરવણી આપી છે. એમના ઉપદેશોમાં એને લીધે જ કોઈ પ્રકારની જડતા, કટુતા, સંકુચિતતા કે સ્વાર્થપરતા નથી દેખાતી. એમની વિચારસરણી અથવા સાધનાવિષયક દૃષ્ટિ હમેશાં પ્રકાશદાયક, પ્રેરણાત્મક અને મંગલ જ રહી છે.

એ વિચારસરણી કે દૃષ્ટિ ક્રાંતિકારક હતી. એ દ્વારા માનવના બાહ્ય પદાર્થો, વિષયો ને રસોની દિશામાં દોડતા જતા બહિર્મુખ મનને એમણે અંતર્મુખ કરવાનો આદેશ આપ્યો. માનવ અશાંત, બેચેન ને દુઃખી શા માટે છે ? એટલા માટે કે એને પોતાને જ નથી જાણતો. અંતર્મુખ વૃત્તિને વિકસાવીને એ જો પોતાના મૂળભૂત સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરે તો એની સમસ્ત અશાંતિનો અંત આવી જાય. એ ઉત્તમ આત્માનુભૂતિને માટે એ સાધકને ઉત્સાહિત કરતા ને કહેતા કે એની સિદ્ધિ થતાં બીજું બધું જ સિદ્ધ થશે, જીવનની આધ્યાત્મિક વિકાસ સાથે સંબંધિત સમસ્યાઓ શમી જશે, ને જીવન ઉત્સવમય બનશે.

* * *   * * *   * * *   * * *

એમની વિચારસરણી, દૃષ્ટિ કે સાધનાપદ્ધતિ નવી હતી ? ના. એવો દાવો એમણે પોતે પણ કદાપિ નથી કર્યો. એને નવી કહી બતાવવાથી એનું મહત્વ વધી નથી જવાનું ને જુની કહેવાથી લેશ પણ ઘટવાનું પણ નથી. એ નૂતન છે કે પુરાતન એને બદલે એ ઉપયોગી છે કે અનુપયોગી એ જ અધિક અગત્યનું છે. એ નૂતન એટલા માટે નહોતી કે વેદ અને ઉપનિષદકાળમાં એનો ઉપદેશ આપવામાં આવેલો, ગીતા તથા દર્શનશાસ્ત્રોમાં એના તરફ ધ્યાન ખેંચવામાં આવેલું, ને આદ્ય શંકરાચાર્યે પોતાની પ્રખર પ્રભાવોત્પાદક લાક્ષણિક રીતે એનું સમર્થન કરેલું. એ પછી પણ આત્મજ્ઞાન અથવા વેદાંતમાં રસ લેનારા કેટલાય બીજા સ્વનામધન્ય મહાત્માપુરૂષોએ એનો સંદેશ આપેલો. વર્તમાન કાળમાં વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદે ને રામતીર્થે એનો જ ઉદ્ ઘોષ જગાવેલો. મહર્ષિની વિચારધારા કે સાધનાપદ્ધતિ ભારતીય સંસ્કૃતિના એ સુદીર્ઘકાલીન સનાતન સર્વોપયોગી સાધનાપ્રવાહને અનુરૂપ અને એના ગૌરવને વધારનારી હતી. એ એના અદ્યતન અમૃતમય આશીર્વાદાત્મક સુંદર સંસ્કરણરૂપ હતી.

ભારતની સુદીર્ઘકાલીન શ્રેયસ્કર સાધનાત્મક પરંપરાને અનુરૂપ એ મહર્ષિપ્રણીત સાધના પદ્ધતિને નવી કહેવી હોય તો એટલા પૂરતી અવશ્ય કહી શકાય કે એમના પ્રાદુર્ભાવ તથા પ્રસિદ્ધિના કાળમાં એનું મોટે ભાગે વિસ્મરણ થયેલું. જનતાનું ધ્યાન એના પ્રત્યે આકર્ષવાને બદલે બીજે વળેલું. સાધકો અને ધર્મ અથવા અધ્યાત્મના અનુરાગીઓ પણ મોટે ભાગે એને ભૂલીને, એમાં રસ લેતા મટીને, બાહ્ય વિધિવિધાનો તરફ વળી ગયેલા અને એમાં જ કેદ થયેલા. એમના પ્રાદુર્ભાવના પ્રદેશ દક્ષિણ ભારતમાં પણ પરિસ્થિતિ એવી જ પ્રતિકૂળ અને અસંતોષકારક હતી. ત્યાં ધર્મ મોટે ભાગે મંદિરો પૂરતો સીમિત બની ગયેલો ને સાધના મંદિરોના મોટા મોટા ઉત્સવોમાં ને કંઠી, તિલક, કીર્તનાદિ બહારના વ્યવહારમાં જ અટકી ગયેલી. મોટા ભાગના લોકો ધર્મના વાસ્તવિક મહિમાને ને સાધનાના સાચા રહસ્યને ભૂલી ગયેલા. મહર્ષિએ એ મહિમા તથા રહસ્યને એમની આગવી રીતે લોકોની આગળ રજૂ કર્યું. શાસ્ત્રોના સદુપદેશના સારરૂપે અથવા

સંતપુરૂષોના સ્વાનુભવના સનાતન સંદેશ સમી એમની એ સાધનાપદ્ધતિ એ સંજોગોમાં લોકોને માટે અવનવી અને આકર્ષક થઈ પડી. એણે અધ્યાત્મમાર્ગના જિજ્ઞાસુ જનોને નવી દિશા ધરી.

* * * * * * * * * * * *

એમની સાધનાપદ્ધતિ કોઈ પણ પ્રકારના આડંબર અને દંભથી રહિત, સરળ તથા સુસ્પષ્ટ અને સીધી હતી. એને સમજાવતી વખતે એમણે કોઈ કઠિન શબ્દપ્રયોગોનો આધાર નથી લીધો. એ સાધના કોઈ બાહ્ય સિદ્ધિઓની પ્રાપ્તિ માટે ન હતી પરંતુ સ્વાત્મસિદ્ધિ માટે હતી. એ પ્રત્યેક સાધકને પોતાના મૂળભૂત વાસ્તવિક સ્વરૂપને જાણી લેવાનો આદેશ આપતા. સ્વરૂપની શોધ એમની સાધનાનું એકમાત્ર ધ્યેય હતું. એ શોધ પૂરી થતાં અથવા સ્વરૂપનો સાક્ષાત્કાર સહજ બનતાં બીજી બધી જ સમસ્યાઓ ઊકલી જશે ને જીવન સનાતન સુખશાંતિ તથા સાર્થકતાથી સંપન્ન બનશે એવો એમનો અભિપ્રાય હતો. સ્વરૂપના સાક્ષાત્કારના સંદેશને એમની સાધનાનો મધ્યવર્તી વિચાર કહી શકાય. એ એમની સાધનાનું એકમાત્ર ધ્રુવપદ હતું. શંકરાચાર્યે कस्त्वम् 'તું કોણ છે' થી શરૂ કરીને પ્રશ્નોની પરંપરા રજૂ કરતાં આગળ પર શોધી કાઢવાનું કહ્યું છે કે આ સંસાર શું છે, ક્યાંથી ને કેવી રીતે પેદા થયો છે, માતા કોણ છે ને પિતા સાથે કેવોક સંબંધ છે ! મહર્ષિ પણ સાધકોને એવી રીતે વિચારવાનું કહેતા પરંતુ પ્રશ્નોની પરંપરા રજૂ કરવાને બદલે એક જ પ્રશ્નનો પ્રત્યુત્તર મેળવવાનો આદેશ આપતાં. એ મૂળભૂત પ્રશ્નનો પ્રત્યુત્તર મળતાં બીજા બધા જ નાના મોટા પ્રશ્નો ઊકલી જશે ને સમસ્યાઓ શાંત થશે. એમનો એ પ્રશ્ન कोऽहम् અથવા 'હું કોણ છું' એ રહેતો. એના ઉત્તર સારું એ સાધકને ઉત્સાહિત કરતા.

'હું કોણ છું' એ જિજ્ઞાસાનો જવાબ મેળવવાનો માર્ગ પણ એટલો જ સ્પષ્ટ હતો. એ માર્ગ વિચારનો હતો. વેદાંતની પ્રસિદ્ધ પદ્ધતિ પ્રમાણે શંકરાચાર્યે પોતાના ગ્રંથ વિવેકચૂડામણીમાં अतः विचारः कर्तव्यः। 'એટલા માટે આત્મવિચારનો આધાર લેવો જોઈએ' એવું જણાવીને વિચાર કરતાં શીખવાની ભલામણ કરી છે. મહર્ષિ પણ સ્વરૂપના સંશોધન માટે આત્મવિચારની એ જ પુરાતન છતાં પ્રાણવાન સનાતન પદ્ધતિનો આશ્રય લેવાનો આદેશ આપે છે. પરંતુ સાથે સાથે સ્પષ્ટ કરે છે કે સ્વરૂપનો સાક્ષાત્કાર એકલા વિચાર દ્વારા નહિ થઈ શકે. વિચારની શક્તિ ગમે તેટલી બળવાન હોય તો પણ એની એક મર્યાદા છે. એ મર્યાદાથી આગળ વધવાનું કામ એને માટે મુશ્કેલ છે. આત્મવિચારની મદદથી સ્વરૂપનો બૌદ્ધિક શંકારહિત સુનિશ્ચય થઈ શકે ખરો પરંતુ સ્વાનુભવ ના થાય. સ્વાનુભવને માટે તો વિચારને શાંત કરી, એ વિચારને પ્રકટાવનારા કે પોષનારા મનનો પણ લય કરીને, મન, વાણી ઈન્દ્રિયો તથા શરીરથી પારના પ્રદેશમાં પહોંચવું જોઈએ. એ પછી જ સ્વરૂપનો સાક્ષાત્કાર સહજ બની શકે. શંકરાચાર્ય તથા મહર્ષિ બંનેએ એ મહત્વના સાધનમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. જે સ્વરૂપની શોધ કરવા માટે સાધકે નિશ્ચય કર્યો છે તે સ્વરૂપ ક્યાંય બહાર નથી પરંતુ એની પોતાની અંદર હોવાથી એના સ્વાનુભવ માટે વૃત્તિને અંતર્મુખ કર્યા સિવાય છૂટકો નથી.

વૃત્તિને અંતમુર્ખ કરીને કરાતા ધ્યાનના પરિણામરૂપે સમાધિની સિદ્ધિ થતાં સ્વરૂપનો સાક્ષાત્કાર સહજ બને છે. એ વખતે આત્માની અમૃતમય અનાદિ સત્તા જ શેષ રહે છે. એની સાથે સીધો સંબંધ બંધાય છે અને સંનિધિમાં, એના એ અલૌકિક સ્વર્ગીય સ્વાનુભવની ફળશ્રુતિ રૂપે સાધક અસાધારણ સનાતન સુખશાંતિનો

આસ્વાદ પ્રાપ્ત કરીને કૃતાર્થ બને છે. એની સાધના સાર્થકતાને વરે છે, જિજ્ઞાસાવૃત્તિને પૂરેપૂરો જવાબ મળે છે, અને ‘હું કોણ છું’ ની શોધ સફળ ઠરે છે.

* * *   * * *   * * *   * * *

એ દૃષ્ટિએ જોતાં એમની સાધના શુદ્ધ જ્ઞાનમાર્ગની અથવા જ્ઞાનયુક્ત ધ્યાનમાર્ગની સાધના હતી. એની અંદર જ્ઞાન અને ધ્યાનનો સુભગ સમન્વય થતો. અને પ્રેમ અથવા ભક્તિથી રહિત તો એ નહોતી જ. પ્રેમ અથવા ભક્તિથી રહિત સાધના ભાગ્યે જ સફળ થઈ શકે. આત્મવિકાસના અસાધારણ ક્ષેત્રમાં આગળ વધવા માટે સાધકના દિલમાં ભાવ તથા લગન જોઈએ. એમાંથી સમર્પણની સ્વર્ગીય સૃષ્ટિ પેદા થતી હોય છે. એ સમર્પણભાવ સાધનાની નિર્ધારિત સિદ્ધિને માટે મોટા મોટા ભોગો આપવાનું મનોબળ તથા સામર્થ્ય પૂરું પાડે છે. મહર્ષિની અંદર એવી સમજપૂર્વકની શુદ્ધ શ્રદ્ધાભક્તિ હતી એટલું જ નહિ પરંતુ એના સર્વોચ્ચ સ્વરૂપમાં હતી એની પ્રતીતિ એમના સતત સાધનાત્મક જીવનનું વિહંગાવલોકન કરનારને સહેલાઈથી થઈ રહે છે.

એ ઉત્કટ આદર્શ શ્રદ્ધાભક્તિથી યુક્ત થઈને જ એમણે એમની આત્મસાધનાના અરૂણોદય સમયે ભગવાન અરૂણાચલનો આશ્રય લીધેલો. એમનું શરણ લઈને એમનાં શ્રીચરણોમાં સર્વસમર્પણ કરેલું અને એમને જીવનના પથદર્શક અને સારસર્વસ્વ માનીને એમની પ્રશસ્તિ કરેલી. પોતાના જીવનનું સારથિપદ એમને સુપ્રત કરેલું. એ સમર્પણયુક્ત શ્રદ્ધાભક્તિએ એમના જીવનવિકાસમાં ઘણો મોટો ભાગ ભજવેલો એમાં શંકા નથી. ભગવાન અરૂણાચલ પર રચાયલાં એમનાં પદો કે સ્તોત્રો દ્વારા એ હકીકતને પુષ્ટિ મળે છે. એમનું સહાનુભૂતિપૂર્વક તટસ્થ રીતે અધ્યયન કરવાથી એવા સુવિચારિત નિર્ણય પર પહોંચ્યા વિના નથી રહેવાતું કે એમની જીવનસાધનામાં જ્ઞાન, ધ્યાન અને ભક્તિ ત્રણેએ અત્યંત અગત્યનો ભાગ ભજવેલો અથવા એ ત્રણેનો ત્રિવેણીસંગમ થયેલો.

* * *   * * *   * * *   * * *

છતાં પણ એમની સાધના સમાધિના અતીન્દ્રિય પ્રદેશમાં થનારી આત્માનુભૂતિ પૂરતી જ સીમિત ન હતી. એવી આત્માનુભૂતિને એક સોપાનમાત્ર માનીને એ એથી પણ આગળ વધવામાં ને સમસ્ત જીવનને સહજ આત્માનુભૂતિથી અલંકૃત કરવામાં માનતી. સમાધિનો એને મોહ નહોતો અને આરંભમાં જો હતો તો કેવળ એની અંદર રહેલી સ્વરૂપદર્શનની શક્યતાને લીધે જ. પછી તો એને માટે જાગૃતિ અને સમાધિના ભેદ નહોતા રહેતા, ને જાગૃતિમાં પણ સમાધિમાં થયેલો એ અલૌકિક આત્માનુભવ એવો જ અખંડ રહેતો એ એની વિશેષતા હતી. વ્યવહારમાં પણ એની જ્યોતિ જલતી રહેતી.

મહર્ષિ સમાધિ કરતાં સ્વરૂપના સાક્ષાત્કારને અથવા આત્માનુભવને વધારે મહત્વનો માનતા અને એના તરફ પ્રત્યેકનું ધ્યાન ખેંચતા. એ પોતે એવા આત્માનુભવની મંગલમય મૂર્તિ જેવા હતા. સમાધિ તો એમને સારુ સહજ હતી જ, પરંતુ જાગૃતિમાં પણ એ નિત્યનિરંતર સર્વોત્તમ દેહાતીત દશાનો અનુભવ કર્યા કરતા, અને જે ચૈતન્યતત્વનો સ્વાનુભવ એમને સમાધિ દરમિયાન થયેલો તે તત્વની ઝાંખી જાગૃતિમાં પણ પ્રત્યેક પદાર્થમાં કરતા રહેતા. સમસ્ત સંસારમાં, સર્વકાળમાં, એમને એ પરમચેતનાનું દર્શન થતું. એમને મન સંસાર એના સાકાર રૂપ જેવો હતો.

કેટલાક લોકો એમની અસાધારણ અનુભવદશાને સહજ સમાધિની દશા તરીકે ઓળખાવે છે. પરંતુ એ દૃષ્ટિએ જોતાં જણાશે કે એ સહજ સમાધિની દૈવી દશા તો હતી જ; પણ એથીય આગળ વધીને અનવરત અખંડ આત્માનુભવની અલૌકિક અવસ્થા હતી. એને સહજ સમાધિની દશાને નામે ઓળખવા કરતાં સતત આત્માનુભૂતિની અવસ્થાને નામે ઓળખાવવામાં એ મહાપુરૂષને વધારે ન્યાય થશે. એમાં અધિક ઔચિત્ય લાગે છે.

જે સાધના કેવળ સમાધિસુખનો સ્વાદ પ્રાપ્ત કરવાની કળામાં કુશળ કરે પરંતુ એ સુખને સહજ ના કરે ને જાગૃતિમાં દૈવી પરમાત્મમયી દૃષ્ટિ ના ધરે એ સાધના જીવનને જ્યોતિર્મય કરીને સાધકને માટે ભાગ્યે જ ઉપયોગી કે આશીર્વાદરૂપ બની શકે. એને સંપૂર્ણ સાધના ના કહી શકાય. મહર્ષિની સાધનાની એ વિશેષતા હતી કે એ કોઈ પણ અવસ્થાને મહત્વની માનવાને બદલે એ તત્વની અનુભૂતિને જ અગત્ય આપતા ને સાધકનું ધ્યાન અવારનવાર તે તરફ જ દોર્યા કરતા. ધ્યેયનું વિસ્મરણ કદાપિ ના થવા દેતા.

એમના ઉપદેશોમાં ઈશ્વર શબ્દનો પ્રયોગ નથી મળતો. પરંતુ એનો અર્થ એવો નથી સમજવાનો કે એ ઈશ્વરમાં માનતા નહિ અથવા ઈશ્વર શબ્દનો પ્રયોગ એમને પસંદ નહોતો પડતો. ઈશ્વરના નામે માનવસમાજમાં વિવિધ પ્રકારના ખ્યાલો પ્રચલિત થયેલા છે. તેમને શુદ્ધ કરવા, સાચા રસ્તે વાળવા અથવા આદર્શ બનાવવા માટે એમની રજૂઆતની પદ્ધતિ ખૂબ જ ઉત્તમ, આદર્શ અને અનુકરણીય હતી. ઈશ્વર સૌની અંદર છે અને એટલા માટે જ એમની શોધ ક્યાંય બહાર નથી કરવાની, પરંતુ પોતાની અંદર કરવાની છે, એ એમની સાધનાનો અથવા એમના સદ્દુપદેશનો પ્રધાન સૂર હતો.

એ કહે છે કે હૃદયરૂપી ગુફાની અંદર પરમાત્માનો નિવાસ છે. એ આત્મારૂપે ઓળખાય છે. એના સાક્ષાત્કાર અથવા અપરોક્ષ અનુભવને માટે મનથી પોતાના સંબંધી મનન કરવાની ને અંદરની દુનિયામાં ડૂબકી મારવાની આવશ્યકતા છે. એમ કરતાં પ્રાણવાયુનું સ્પંદન શાંત થતાં આત્માની નિષ્ઠાનો લાભ મળશે.

આ રહ્યો એમના સદ્દુપદેશના સારરૂપ, એ વિચારધારાની અભિવ્યક્તિ કરતો, એમનો પરમ પ્રિય સુંદર શ્લોક:

"हृदयकुहरमध्ये केवलं ब्रह्ममात्रं ।
ह्यहमहमिति साक्षादात्मरूपेण भाति ॥
ह्यदि विश मनसा स्वं चिन्वता मज्जता वा ।
पवनचलनरोधादात्मनिष्ठे भव त्वम् ॥"

* * *   * * *   * * *   * * *

મહર્ષિ પોતાની સાધનાપદ્ધતિમાં પ્રાણાયમ પ્રત્યે રસ નથી બતાવતા. એ તો ઉપદેશે છે કે સાધકે પોતાનું સમગ્ર ધ્યાન આત્મવિચાર અથવા 'હું કોણ'ની શોધ પૂરતું જ કેન્દ્રિત કરી દેવું. એમ કરવાથી ધ્યાનમાં ધીમે ધીમે આગળ વધાશે ને એવા ક્રમિક અંતરંગ વિકાસના પરિણામે પ્રાણવાયુ આપોઆપ રોકાઈ જશે. એને રોકવા માટે કોઈને સ્વતંત્ર પ્રયત્ન કરવો હોય તો ભલે કરે. તેમાં કશી હરકત પણ નથી, પરંતુ એવો પ્રયત્ન સૌને માટે આવશ્યક નથી. આવશ્યક તો કેવળ હૃદયરૂપી ગુફામાં વિરાજેલા એ શાશ્વત સુધામય પરમાત્મતત્વની સીધી શોધ છે. એના પરથી ધ્યાનને હઠાવીને બીજે લગાડવાથી સાધકને માટે આડવાતમાં

પડી જવાનો અથવા ખોટે ચીલે ચઢી જવાનો સંભવ રહે છે. સીધો માર્ગ મૂકીને બીજે ભળતે માર્ગે શા માટે ચઢવું જોઈએ ? સાધક ભળતે કે ખોટે માર્ગે ભૂલેચૂકે પણ ના ચઢી જાય એટલા માટે એ પ્રાતઃસ્મરણીય પ્રજ્ઞાપૂત મહાપુરૂષ અવારનવાર, સાધારણ અથવા અસાધારણ સર્વ પ્રકારના અવસરો ઉપસ્થિત થતાં સૂચવતા રહે છે કે સાધનાનું ધ્યેય આત્મદર્શન છે અને એની સિદ્ધિ પોતાની અંદર વધારે ને વધારે ઊંડા ઊતરવાથી થઈ શકે છે. એમના એ શબ્દો સાધકને માટે મહામૂલ્યવાન દૈવી દીવાદાંડી જેવા માર્ગદર્શક બની રહેતા.

* * *     * * *     * * *     * * *

એમની સ્વાનુભવયુક્ત સાધનાનો સંક્ષિપ્ત છતાં સારગર્ભિત સંદેશ નીચે પ્રમાણે એમના જ ઉદગારોમાં આપી શકાય :

૧. પોતાની ઓળખાણ આપતી વખતે પ્રત્યેક પુરૂષ અથવા સ્ત્રી અભિનય દ્વારા છાતી પર હાથ મૂકે છે એથી પૂર્ણપણે પુરવાર થાય છે કે અવિનાશી પરમાત્મા આત્મારૂપે પ્રત્યેક હૃદયમાં રહેલો છે.

૨. શરીરને આત્મારૂપે માનનારા અહંકારયુક્ત મનને એની ચંચલતામાંથી મુક્ત કરીને હૃદયની અંદર લીન કરવાંમાં આવે છે, શરીરની અંદરની આત્મબુદ્ધિને તિલાંજલિ આપવામાં આવે છે અને શરીરમાં રહેનારી ચેતના કઈ છે એની અંદરની દુનિયામાં શાંત મનથી શોધ થાય છે, ત્યારે ‘અહં’ ના સુસૂક્ષ્મ પ્રકાશકિરણનો અનુભવ થાય છે. એ પ્રકાશ અથવા ચેતનની સ્ફુરણા શરીરરૂપી પુરમાં વિરાજેલા પરમ પુરૂષની, અનંત પરમાત્માની અથવા આત્માની જ સ્ફુરણા છે.

૩. એવા સ્વાનુભવ વખતે નિશ્ચલ અને શાંત રહેવું જોઈએ ને માનવું જોઈએ કે સર્વ રૂપે છતાં પણ સૌથી અતીત રહીને અંદર, બહાર અને સર્વત્ર દેશકાલાતીત ચેતનારૂપે એનો જ પ્રકાશ ફેલાઈ રહ્યો છે. એ પરમ સત્યનું ધ્યાન કહેવાય છે, ચોથી તુરીય અવસ્થાના નામથી ઓળખાય છે, અને એની અનુભૂતિ માટે શિવોડહમ્ અથવા હું કલ્યાણકારક કલ્યાણસ્વરૂપ પરમાત્મા છું એ મંત્રનો આધાર લેવાય છે. એ મંગલ મંત્ર દ્વારા એનું જ પ્રતિપાદન કરવામાં આવે છે.

૪. ‘હું પરબ્રહ્મ છું’ એવા આત્માના દીર્ઘકાલીન, નિત્ય નિરંતર, સતત, સ્થિર ચિત્તના ધ્યાનના અભ્યાસથી આખરે અંતરની આગળનું અજ્ઞાનનું આવરણ દૂર થશે. એના પરિણામે પેદા થનારા બીજા બધા જ અંતરાયોનો અંત આવશે, ને પરિપૂર્ણ પ્રજ્ઞાનું પ્રાકટ્ય થઈ રહેશે. એ પદ્ધતિ પ્રમાણે શરીરની અંદર આવેલી હૃદય ગુફામાં રહેલા સત્ય તત્વને જાણી લેવું એ સૌની અંદર રહેનારા પરમાત્માનો સાક્ષાત્કાર કરવા બરાબર છે. હૃદયમાં સૌનો સમાવેશ થાય છે એટલા માટે.

૫. નિર્ગુણ નિરાકાર પરમાત્માની ઉપાસનાનું પ્રયોજન ‘હું બ્રહ્મ છું’ એ સત્યનું કદી પણ વિસ્મરણ ના થાય તે છે, કારણ કે ‘હું બ્રહ્મ છું’ એવા ધ્યાનમાં સમર્પણ, ભેટ અથવા નૈવેદ્ય, તપ, વિધિવિધાન, પ્રાર્થના, યોગ અને પૂજાસેવાનો સમાવેશ થઈ જાય છે. તમારા ધ્યાનમાં કોઈ અંતરાય આવે તો એને દૂર કરવાનો એકમાત્ર માર્ગ એના તરફ ધ્યાન નહિ આપવાની, અને આત્માનું અધિકાધિક અનુસંધાન સાધવાની મનને આજ્ઞા કરવાનો અથવા ટેવ પાડવાનો છે. જે કાંઈ બને તે બનતી તટસ્થ રીતે, અલિપ્ત ભાવે જોયા કરો. એ સિવાય બીજી કોઈ પદ્ધતિ નથી. એક વિપળને માટે પણ સ્વરૂપનું વિસ્મરણ ના થવા દો. એનું નિત્ય નિરંતર

અનુસંધાન સાધો. મનને સ્વરૂપમાં જોડવું અથવા હૃદયમાં સ્ફુરતા 'અહં'માં કેન્દ્રિત કરવું એ બીજું કશું જ નથી પરંતુ યોગ, ધ્યાન, જ્ઞાન તથા ભક્તિની સાધનાનો સાર છે, એની સંપૂર્ણતા છે. એ હકીકતમાં કોઈ પ્રકારની શંકા નથી કરવા જેવી.

☼ ☼ ☼ ☼ ☼

## [૩૭] મહર્ષિની સાધના-૨

### [૧] ગુરૂભાવ

ભારતીય ધર્મ, સાધના અથવા આધ્યાત્મિકતામાં સદગુરૂનો સ્વીકાર સર્વસામાન્ય રીતે અને સર્વસંમતિથી કરવામાં આવ્યો છે. ભક્તિ, જ્ઞાન અને યોગની ત્રિવિધ સાધનાના સમર્થકો ગુરૂની આવશ્યક્તાનો સ્વીકાર કરે છે. ગુરૂના સ્વાનુભવપૂર્ણ મંગલ માર્ગદર્શન વિના આગળ વધવાનું અશક્ય હોય છે.

સામાન્ય રીતે એ બરાબર પણ છે. વિકાસનો આરંભ કરવો હોય ત્યારે અને વિકાસની અધકચરી અવસ્થામાં માણસ પોતાની મેળે આગળ વધવામાં મૂંઝવણ તેમજ મુશ્કેલી અનુભવે છે. એ કોઈક પોતાના કરતાં વિશેષ શક્તિશાળી સ્વાનુભવસંપન્ન મહાપુરૂષનો આશ્રય શોધે છે અને એમના માર્ગદર્શનની આકાંક્ષા રાખે છે. પોતાની મેળે એકલે હાથે વિકાસ નથી કરી શકતો. માનવની પ્રકૃતિની એ રચનાને લક્ષમાં લઈને જ ગુરૂની આવશ્યક્તાનો સ્વીકાર કરવામાં આવ્યો છે, ગુરૂને આટલું બધું મહત્વ આપવામાં આવ્યું છે, અને એ મહત્વથી પ્રેરાઈને ગુરૂની પાર વિનાની પ્રેમપૂર્ણ પ્રશસ્તિ કરવામાં આવી છે.

સાધકના જીવનમાં એક અવસ્થા એવી આવે છે જ્યારે વિકાસના પરિણામરૂપે એના હૃદયની શુદ્ધિ સધાતાં એની અંદરથી જ આત્મજ્ઞાનનો પાવન પ્રકાશ પેદા થાય છે. એવે વખતે એનો અંતરાત્મા જ એનો પથદર્શક અથવા ગુરૂ બને છે. એને બીજા કોઈ બાહ્ય ગુરૂની આવશ્યકતા નથી રહેતી.

મહર્ષિ પોતે એ બંને પ્રકારની વિચારધારાઓમાં માનતા હતા. એમની વચ્ચે એમને કોઈ પ્રકારનો વિરોધ નહોતો લાગતો. એ જાણતા કે માણસ આત્મવિકાસની આરંભિક અવસ્થામાં બાહ્ય ગુરૂનો આશ્રય લઈને આગળ વધશે, પરંતુ ધીમે ધીમે વિકાસ દૃઢમૂળ કે નક્કર બનતાં આત્મનિર્ભર બની રહેશે. એ દશામાં પરમાત્મા પોતે જ એના ગુરૂ બનશે અને એને આત્મિક વિકાસના મંગલમય માર્ગમાં આગળ વધારશે. બંને અવસ્થાઓમાં એ ગુરૂનો સ્વીકાર તો કરતા જ, એ એમના ઉદ્ગારો પરથી સ્પષ્ટ થાય છે. પૂર્વજન્મના કોઈ મહાન સર્વોત્તમ સુસંસ્કારોના પરિણામરૂપે એમને કિશોરાવસ્થાથી જ ઉત્તમ પ્રકારની મેધા, શક્તિ તથા સુયોગ્યતાની પ્રાપ્તિ થયેલી. એને લીધે એમને એમની અંદરથી જ આવશ્યક માર્ગદર્શન મળ્યા કરતું હોવાથી કોઈ બાહ્ય ગુરૂની આવશ્યકતા નહોતી રહી. તો પણ એમની જીવનસાધનાનું અવલોકન કરવાથી સહેલાઈથી સુસ્પષ્ટતાપૂર્વક સમજી શકાય છે કે એમણે અરૂણાચલમાં ગુરૂભાવ રાખેલો અને એ ભાવથી પ્રેરાઈને અરૂણાચલની અવારનવાર પ્રશસ્તિ પણ કરેલી. અરૂણાચલના ચિન્મય ચારુ ચરણે એમણે પોતાનું સર્વસમર્પણ કરેલું. એ રીતે વિચારીએ તો એમને ગુરૂની આવશ્યકતા ન હતી તો પણ એમણે ગુરૂ નહોતા કર્યા અથવા કોઈની અંદર ગુરૂભાવ નહોતો રાખ્યો એવું ભૂલેચૂકે પણ ના કહી શકાય. સાધક પોતાની શ્રદ્ધાભક્તિને અનુસરીને ગમે તેની અંદર ગુરૂભાવ રાખી શકે છે, એને માટેની એને સંપૂર્ણ સ્વતંત્રતા છે, એ હકીકતનો એ સંપૂર્ણપણે સ્વીકાર કરતા.

એ સંબંધી વિશેષ સ્પષ્ટીકરણ માટે એમના વાર્તાલાપોમાંથી ગુરૂવિષયક વિવરણ પર એક દૃષ્ટિપાત કરી જઈએ :

એ વાર્તાલાપ ૩૦મી ઑક્ટોબર ૧૯૪૫નો છે. અરવિંદ આશ્રમના શ્રી દિલીપકુમાર રોયે એ વાર્તાલાપમાં ભાગ લીધો છે ને મહર્ષિએ  એમને પ્રત્યુત્તરો પૂરા પાડ્યા છે.

દિલીપકુમાર : કેટલાક માણસો તરફથી તમે એવું કહ્યાની માહિતી મળી છે કે ગુરૂની આવશ્યકતા બિલકુલ નથી. બીજાઓએ એથી જુદો જ અભિપ્રાય રજૂ કર્યો છે. મહર્ષિને પોતાને એ સંબંધી શું કહેવાનું છે ?

મહર્ષિ : મેં એવું કદાપિ નથી કહ્યું કે ગુરૂની આવશ્યકતા નથી.

દિલીપકુમાર : શ્રી અરવિંદે અને બીજાઓએ તમારા સંબંધી ઉલ્લેખ કરતાં કહ્યું છે કે તમે કોઈયે ગુરૂ નથી કર્યો.

મહર્ષિ : બધાનો આધાર તમે ગુરૂ કોને કહો છો તેના પર રહે છે. એ સદા માનવના રૂપમાં જ રહેતા હોય છે એવું નથી હોતું. દત્તાત્રેયે ચોવીસ ગુરૂ કરેલા : પૃથ્વી, પાણી જેવાં પરમ મહાભૂતો અને એવા કેટલાક બીજા. એનો અર્થ એવો થયો કે સંસારનો પ્રત્યેક પદાર્થ એમનો ગુરૂ હતો. ગુરૂ ખરેખર અને અનિવાર્યરૂપે આવશ્યક છે. ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કે બુદ્ધિ તથા ઈન્દ્રિયોના વિષયોરૂપી જંગલમાંથી માણસને સહીસલામત રીતે બહાર કાઢવાની શક્તિ ગુરૂ વિના બીજા કોઈમાં નથી હોતી. એટલે ગુરૂ તો હોવા જ જોઈએ. એમની આવશ્યકતા છે જ.

દિલીપકુમાર : હું માનવ ગુરૂની વાત કરી રહ્યો છું. મહર્ષિએ એવા ગુરૂ નહોતા કર્યા.

મહર્ષિ : મેં એક અથવા બીજે વખતે કોઈક ગુરૂ કર્યા હોત. પરંતુ મેં અરૂણાચલનાં સ્તવનો નથી ગાયાં ? ગુરૂ ઈશ્વર અથવા આત્મા પોતે જ છે. શરૂઆતમાં માણસ ઈશ્વરને પોતાની ઈચ્છાઓની પૂર્તિને માટે પ્રાર્થે છે. પરંતુ એક વખત એવો પણ આવે છે જ્યારે એ લૌકિક ઈચ્છાઓની પૂર્તિને માટે પ્રાર્થવાને બદલે ઈશ્વરને પોતાને માટે જ પ્રાર્થવાનો પ્રારંભ કરે છે. એ વખતે એની પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે અને એની આવશ્યક્તાઓને અનુસરીને એને પોતાના તરફ દોરવા માટે ઈશ્વર એની આગળ માનવ અથવા અમાનવ, એક અથવા બીજા સ્વરૂપમાં પ્રકટ થાય છે.

એ સુંદર વાર્તાલાપ દ્વારા સ્પષ્ટ થાય છે કે મહર્ષિને કોઈ માનવ ગુરૂ નહોતા મળ્યા પરંતુ એમના જીવનમાં એમની આવશ્યકતા પણ નહોતી રહી. એમની આધ્યાત્મિક યોગ્યતા આરંભથી જ અત્યંત અસાધારણ હોવાથી એમને બીજા સામાન્ય સાધકો કે સંતોની સાથે એક જ ત્રાજવે તોળવાનું કામ ભારે અજ્ઞતાપૂર્ણ અને એમને અન્યાય કરનારું લેખાશે. એમણે ગુરૂનો સ્વીકાર કર્યો છે ને ગુરૂ કર્યા છે પણ ખરા, પરંતુ એમના ગુરૂ એકદમ અલૌકિક હતા. એમણે પોતે જ કહી બતાવ્યું છે તેમ, ગુરૂ માનવીય હોય એ આવશ્યક નથી. એ કોઈયે હોઈ શકે - પરમાત્મા પોતે પણ. સાધકની આવશ્યક્તાને અનુસરીને એ કોઈયે વેશમાં આવી શકે છે.

એ ગુરૂ તથા ગુરૂભાવનો વિરોધ નહોતા કરતા, પરંતુ ગુરૂને આત્મારૂપે અથવા પરમાત્માના પ્રતિનિધિ તરીકે જોવાનો ઉપદેશ આપતા તથા અધિકાધિક અંતર્મુખ થવાનું શીખવતા. માણસની ભાવનાને ઓળખી લઈને એનો અનાદર કર્યા વિના એને વધારે વિશુદ્ધ કરવાની પદ્ધતિ એમને વધારે પસંદ પડતી.

પ્રસિદ્ધ થિયોસોફીસ્ટ શ્રી જીવરાજદાસની પત્નીએ એકવાર એમની મુલાકાત લીધી. એ દિવસ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૩૭નો હતો. એમનો એમની સાથેનો વાર્તાલાપ જાણવા જેવો છે.

શ્રીમતી જીવરાજ: શ્રીમતી બેસન્ટના સમયમાં અમે સત્પુરૂષો કે સદ્ગુરૂઓનું ધ્યાન કરવા પાછળ ઘણો વધારે વખત પસાર કરતાં. સદ્ગુરૂઓ કે સત્પુરૂષો ખરેખર ઉપયોગી થઈ પડે છે ખરા ?

મહર્ષિ : સાધક પોતે જ્યાં સુધી દેહભાવે અનુભવતો હોય ત્યાં સુધી સદ્ગુરૂઓનું અસ્તિત્વ બાહ્ય રીતે રહેતું હોય છે. એ સંજોગોમાં એ એના સંબંધી સત્ય જ્ઞાન પૂરું પાડવામાં ઉપયોગી થાય છે. એકવાર સાધક પરમ સત્યનો સાક્ષાત્કાર કરીને દેહભાવમાંથી મુક્તિ મેળવે છે કે તરત જ અનુભવે છે કે સદ્ગુરૂઓમાં ને એનામાં કશો તફાવત નથી. એ આત્મા અથવા પરમ ચેતનાના સ્વરૂપ જેવા જ છે. સદ્ગુરૂઓ જો આત્માથી અલગ અથવા બહાર રહેતા હોય તો તો બહારની આવૃત્તિઓ જેવા હોવાથી સાચા નહિ હોઈ શકે. કારણ કે જે આવે છે તે જાય છે પણ, અથવા સનાતન નથી હોતા. સત્ય હકીકત તો એ છે કે આત્મા, પરમાત્મા અને ગુરૂમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી હોતો. એ એક જ છે.

* * *　　* * *　　* * *　　* * *

મહર્ષિ અરૂણાચલને ગુરૂરૂપે માનતા એ એમના પોતાના જ ઉદગારો પરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

એમણે રચેલી સુપ્રસિદ્ધ સ્તુતિ 'અરૂણાચલ-શિવ'ની થોડી જ પંક્તિઓનું મનન કરવાથી એમના અરૂણાચલ પ્રત્યેના પ્રખર પ્રેમની ઝાંખી સંપૂર્ણપણે ને સારી રીતે થઈ શકે છે.

'હે અરૂણાચલ ! મારા ઘરમાં પ્રવેશી અને મને મોહિત કરીને, મને તારા હૃદયરૂપી બંદીખાનામાં શા માટે બંદી બનાવ્યો છે ?'

'હે અરૂણાચલ ! તેં મારા પર અધિકાર કર્યો છે તે તારા આનંદ માટે કર્યો છે કે મારા કોઈ લાભ માટે ? હવે જો મને અપનાવવાને બદલે મારો પરિત્યાગ કરશે તો દુનિયાના લોકો તને કલંક લગાડશે.'

'એ કલંક તને ના લાગે તેનું ધ્યાન રાખજે, ઓ અરૂણાચલ ! તું મને તારું વારંવારનું સ્નેહપૂર્વકનું સ્મરણ શા માટે કરાવી રહ્યો છે ? હવે મારાથી તારો ત્યાગ કેવી રીતે કરી શકાય ?'

'ચંચલ મન તારું દર્શન થતાંવેંત જ વિષયોની શોકયુક્ત શેરીઓમાંથી પાછું વળી જશે. એટલા માટે ઓ અરૂણાચલ, તારા સનાતન શ્રેષ્ઠતમ સૌન્દર્યનો સાક્ષાત્કાર કરાવીને એને માટે તારા પ્રખર પ્રેમપાશમાં બાંધી દે !'

'મારા હૈયાનું તેં હરણ કર્યું છે, અરૂણાચલ ! હવે જો મને આલિંગનનો આનંદ નહિ આપે તો તારી વીરતાનાં વખાણ કેવી રીતે કરી શકાશે ?'

'ઓ અરૂણાચલ ! મને સર્વ પ્રકારની ભૂલોમાંથી મુક્તિ આપ, તારા અલૌકિક અનુગ્રહનો અધિકારી કરી દે, ને મારા સદ્‌ગુરૂ રૂપે કાર્ય કર !'

'હું તારી પાસેથી પોષણ મેળવવા આવેલો, પણ તેં મારી પાસેથી મારા પ્રેમનું પોષણ મેળવ્યું છે, અરૂણાચલ ! હવે મને શાંતિ છે.'

'હે અરૂણાચલ ! બરફ જેવી રીતે પાણીમાં ઓગળી જાય છે તેવી રીતે મને તારા પ્રેમમાં પ્રેમ બનીને ઓગળી જવા દે. તું પ્રેમ પોતે છે.'

'હે અરૂણાચલ ! તું મને આલિંગન નહિ આપે ત્યાં સુધી મારું અંતર અફસોસના અશ્રુથી ઓગળતું રહેશે.'

'હે અરૂણાચલ ! તેં શાંતિપૂર્વક ઊભા રહીને કહ્યું કે શાંતિપૂર્વક ઊભો રહે. તારો એ સંદેશ મેં સાંભળી લીધો છે. '

'સૂર્યના કિરણોનો સ્પર્શ પામીને કમળદલ ખીલી ઊઠે છે, તો પછી તું સૂર્યોનો પણ સૂર્ય છે, છતાં મારી આગળ મધમાખીની જેમ ગુંજારવ કરતાં કહે છે કે 'તું હજુ સુધી નથી ખીલી ઊઠ્યો' તે શું બરાબર છે ?'

'તું જડની જેમ ત્યાં ઉભો રહ્યો છે ને તારી શોધ માટે તેં મને એકલો જ છોડી દીધો છે તે જોઈને તને સહેજે પણ શરમ નથી આવતી, અરૂણાચલ ?'

'અરૂણાચલ ! પથ્થરની પેટે જડ, નિષ્ક્રિય અને વિકાસરહિત બની બેસી રહેવું એ જ શું સાચી શાંતિનું અથવા મૌનાવસ્થાનું રહસ્ય છે ?'

'અરૂણાચલ ! તને મારા ઈશ્વરરૂપે માનીને જ આ બધું બોલી રહ્યો છું. મારા શબ્દો સાંભળીને જરા પણ રોષે ના ભરાતો; પરંતુ મારી પાસે પહોંચી જઈને મને સુખી કરજે.'

'પરમપ્રિય અરૂણાચલ ! તેં મને ઉપદેશ આપ્યો કે અંદર દૃષ્ટિપાત કર, આંતર આંખની મદદથી સદા સ્વરૂપની શોધ કર; એમ કરવાથી સાક્ષાત્કાર સહજ બનશે.'

જેના જીવનમાં એવો પરમપવિત્ર પ્રખર પ્રેમ પ્રકટી ઊઠે એની આગળ અવિદ્યારૂપી અંધકાર કદાપિ રહી શકે ખરો ? એના અંતરની અશાંતિનો અંત ના આવે અને એનું જીવન ઉત્સવમય ના બને એવું ભૂલેચૂકે પણ બની શકે ખરું ? સાધકના અંતરમાં સદ્‌ગુરૂને માટે કેટલી બધી ઉત્કટ શ્રદ્ધાભક્તિ તેમજ લગન જોઈએ એનો ખ્યાલ એમના એ અરૂણાચલ સ્તોત્રના અનુરાગપૂર્ણ ઉદ્‌ગારો પરથી સહેલાઈથી આવી શકે છે. અરૂણાચલને માટેનો એમનો પ્રેમ કેટલી બધી પરિસીમા પર પહોંચેલો એનું દિગ્દર્શન એ સ્તોત્રો દ્વારા સંપૂર્ણપણે થઈ શકે છે.

### [૨] ગુરૂ વિશે વધારે

મહર્ષિને પોતાને કોઈ પણ પ્રકારના ગુરૂભાવની અસર નહોતી થઈ. એ સર્વ પ્રકારના નાના મોટા ગુરૂભાવના અહંકારથી પર હતા. એ પોતાને કોઈના ગુરૂ નહોતા માનતા. એવા અસંખ્ય સાધકો, જિજ્ઞાસુઓ અથવા સામાન્ય માનવો હતા જે એમને ગુરૂ તરીકે માનતા. આજે પણ શ્રદ્ધાભક્તિયુક્ત કેટલાય માનવો

એમને પોતાના એકમાત્ર ગુરૂ માનતા હશે અને એવી માન્યતા દ્વારા લાભ પણ મેળવતા હશે. પરંતુ મહર્ષિએ કોઈનો શિષ્ય તરીકે સ્વીકાર નથી કર્યો. એમની અંદર એવી વૃત્તિ ને દૃષ્ટિ પેદા જ નથી થઈ. એમના સંસર્ગમાં આવનારા સાચા સાધકો તથા જિજ્ઞાસુઓને એ બનતી બધી જ રીતે મદદરૂપ થવા માટે તૈયાર રહેતા ને મદદ કરતા પણ ખરા. એ એમનો સહજ સ્વભાવ હતો. પરંતુ એ ગુરૂભાવથી મુક્ત રહેતા. આત્માનુભૂતિની જે ઉચ્ચોચ્ચ અવસ્થાએ એ આસીન થયેલા એ ભેદભાવરહિત પૂર્ણ વિશુદ્ધ અવસ્થાનો વિચાર કરતાં એમની એ સ્થિતિ સ્વાભાવિક લાગે છે.

એમના આશ્રમમાં રહેતા સાધુ અરૂણાચલ એમના સુંદર પુસ્તકમાં લખે છે કે 'ઘણા લોકોને લાગતું કે ભગવાન કોઈને દીક્ષા નથી આપતા કે કોઈ શિષ્ય નથી બનાવતા. જે એમની સાથે રહેતા તેમના મનમાં ભગવાનની ને એમની વચ્ચે જે સંબંધ હતો તે સંબંધી જરા પણ શંકા ન હતી. ભગવાન પોતે એ સંબંધી શું કહે છે તે જાણવામાં રસ હોવાથી એક દિવસ રાતે ભોજનથી પરવારીને હું એમની પાસે પહોંચી ગયો. અમારી વચ્ચે નીચે પ્રમાણે વાર્તાલાપ થયો.'

સાધુ : ભગવાન કહે છે કે એમને કોઈ શિષ્ય નથી.

મહર્ષિ : હા.

સાધુ : પરંતુ ભગવાન એવું પણ કહે છે કે મોટા ભાગના સાધકોને માટે ગુરૂ આવશ્યક છે ?

મહર્ષિ : હા.

સાધુ : તો પછી મારે શું કરવું જોઈએ ? હું આટલે બધે દૂરથી આવીને આટલાં બધાં વરસોથી ભગવાનનાં ચરણોમાં બેસી રહ્યો છું એ શું સમયની બરબાદી માત્ર છે ? હવે શું હું બહાર નીકળીને ભારતમાં ભ્રમણ કરીને કોઈક બીજા મનપસંદ ગુરૂની શોધ કરું ?

મહર્ષિ : તમે આટલે બધે દૂરથી અહીં આવ્યા ને આટલા લાંબા સમય સુધી રહ્યા તે શા માટે અથવા શાનાથી પ્રેરાઈને ? તમે શંકાશીલ શા માટે થાવ છો ? તમારે માટે બીજે ક્યાંક ગુરૂને શોધવાની આવશ્યકતા હોત તો તમે ક્યારના ચાલ્યા ગયા હોત. ગુરૂ અથવા જ્ઞાનીને પોતાની તથા બીજાની અંદર ભેદ નથી દેખાતો. એની દૃષ્ટિમાં તો બધા જ જ્ઞાની છે, આત્મસ્વરૂપ છે. પછી જ્ઞાની એવું કેવી રીતે કહી શકે કે અમુક પોતાનો શિષ્ય છે ? પરંતુ જે બદ્ધ છે તે વિવિધતાનું દર્શન કરે છે ને બીજાને પોતાનાથી જુદો જાણે છે, એટલે ગુરૂશિષ્યનો સંબંધ એને માટે સાચો હોય છે. એને માટે દીક્ષાના ત્રણ પ્રકાર કામ કરે છે : સ્પર્શદીક્ષા, દૃષ્ટિદીક્ષા ને મૌનદીક્ષા (મહર્ષિએ એ દ્વારા સૂચવ્યું કે બીજા અનેક અવસરોની જેમ એમનો માર્ગ મૌનદીક્ષાનો હતો.)

સાધુ : તો પછી ભગવાનને શિષ્યો છે ખરા ?

મહર્ષિ : મેં કહ્યું છે તેમ, ભગવાનની દૃષ્ટિએ કોઈ શિષ્ય નથી, પરંતુ શિષ્યની દૃષ્ટિએ ગુરૂ હોઈ શકે છે. ગુરૂની કૃપા એને માટે મહાસાગર જેવી છે. જો એ પ્યાલો લઈને આવશે તો પ્યાલા બરાબર જ મેળવશે. મહાસાગરની સંકુચિતતાનો દોષ એમાં નથી કાઢવા જેવો. વાસણ

જેટલું મોટું હશે તેટલું જ વધારે પાણી એમાં સમાઈ શકશે. એનો બધો જ આધાર એના પર—શિષ્ય પર રહે છે.

મહર્ષિએ સાધુ અરૂણાચલને પૂછી જોવાનું કહ્યું કે એમના મનમાં એ સંબંધી કશી શંકા છે ? અને પછી પોતાની વિનોદપ્રિય પદ્ધતિને અનુસરીને ઉમેર્યું કે 'એમને જરા પૂછી જુઓ કે મારી પાસેથી એ કોઈક લિખિત દસ્તાવેજની માગણી કરી રહ્યા છે ? એમ હોય તો જાવ, સબરજીસ્ટ્રારને બોલાવી આવો ને એમને માટે એવો દસ્તાવેજ તૈયાર કરવાનો આદેશ આપો.'

થોડાક વખત પછી એમણે હસતાં હસતાં વળી પાછું ઉમેર્યું : 'જાવ, ઑફિસસ્ટેમ્પ લઈ આવો અને એમની ઉપર લગાડી દો. એથી એમને ખાતરી થઈ શકશે ?'

એ વાર્તાલાપને લીધે અનેકનાં મનનું સમાધાન થઈ ગયું. અનેકને થયું કે મહર્ષિ ગુરૂભાવનો અહંકાર નથી રાખતા તો પણ એમની પાસે શિષ્યભાવે જનારને મદદ મળે જ છે. એનો ફેરો નકામો નથી થતો. એ સૌને મદદ કરવા સદા તૈયાર રહે છે. ફક્ત એ મદદની પદ્ધતિ અંદરની અથવા આત્મિક અને છેક શાંત છે એટલે કેટલાકને એની ખબર નથી પડતી. એની પાછળ કોઈ નાની મોટી જાહેરાત નથી, સાચા ખોટા દાવાઓ નથી, કે ભક્તોને આકર્ષવા માટેના પ્રયોગો કે ચમત્કારોનાં પ્રદર્શનો પણ નથી કરાતાં. જ્યાં આત્માની અનંત શક્તિ વહેતી હોય અને આત્મા આત્મા સાથે વાતો કરતો કે સંબંધ બાંધતો હોય ત્યાં એવી બધી બાહ્ય વસ્તુઓની આવશ્યકતા પણ ક્યાં રહે છે ?

એમને સાચા અર્થમાં ના સમજી શકનારા કેટલાક એવા માણસો પણ હતા જે કહ્યા કરતા કે એમની પાસે જવાથી શો લાભ થાય તેમ છે ? એમની પાસે જવાનું તદ્દન નકામું ને વખતને બરબાદ કરવા જેવું છે, કારણ કે એ કોઈને દીક્ષા કે મંત્ર તો આપતા નથી, એ તો ઠીક પણ ગુરૂ શિષ્યના ભેદભાવનો સ્વીકાર પણ નથી કરતા ! એવા માણસો હજારો વરસોમાં માનવજાતિના આધ્યાત્મિક ઈતિહાસમાં કોઈક જ વાર પ્રકટ થતા ને જોવા મળતા એ મહાપુરૂષના દર્શનથી હાથે કરીને વંચિત રહ્યા હશે. એમણે એમની અનાવશ્યક અજ્ઞાનમૂલક આલોચના પણ કરી હશે. પરંતુ એથી શું ? એવું તો માનવના જડ જીવનમાં અવારનવાર બનતું રહ્યું છે. દેવતાઓ એને દિવ્યતાનો આનંદ આપવા અવારનવાર આવતા રહ્યા છે, પરમાત્માના પ્રેમભીના પાર્ષદો એને પ્રેમ પાવા અને એના જ્યોતિરહિત જીવનપથને પ્રેમળ ને પ્રકાશિત કરવા પ્રસંગોપાત્ત પ્રકટ થતા રહ્યા છે, પરંતુ એ એમને નથી ઓળખી શક્યો અને એમનો લાભ પણ નથી ઉઠાવી શક્યો. કેટલીકવાર એમનો અકારણ વિરોધ અને વિદ્વેષ કરતો પણ થયો છે.

* * *  * * *  * * *  * * *

એક બીજે પ્રસંગે મહર્ષિએ ગુરૂ વિશેના એમના વિચારો વિશેષ લાક્ષણિક, સરળ, સ્પષ્ટ તેમજ સચોટ રીતે વ્યક્ત કર્યા છે. એમની અંદર ગુરૂભાવ રાખનારા શિષ્યોને એથી મદદ મળે તેમ છે.

જિજ્ઞાસુ : ભગવાન અમને સત્યનો સાક્ષાત્કાર કરવામાં મદદરૂપ થઈ શકે ખરા ?

મહર્ષિ : મદદ તો હંમેશા કરાતી જ હોય છે.

જિજ્ઞાસુ : તો પછી પ્રશ્નો પૂછવાની કશી આવશ્યકતા નથી રહેતી. મને હંમેશાં કરવામાં આવતી મદદનો અનુભવ નથી થતો.

મહર્ષિ : સમર્પણભાવને પેદા કરો પછી એનો અનુભવ થઈ રહેશે.

જિજ્ઞાસુ : મેં તો સદાને માટે તમારાં ચરણોનો આશ્રય લીધો છે. ભગવાન શું કોઈ અમલ કરવા યોગ્ય ઉપદેશ આપશે ખરા ? એના સિવાય છસો માઈલ જેટલા દૂરના સ્થળમાં રહીને મારાથી મદદ કેવી રીતે મેળવી શકાશે ?

મહર્ષિ : સદ્‌ગુરૂ અંદર છે.

જિજ્ઞાસુ : એ સત્યને સમજવા માટેના ઉચિત માર્ગદર્શન માટે પણ સદ્‌ગુરૂની આવશ્યકતા હોય છે.

મહર્ષિ : સદ્‌ગુરૂ તમારી અંદર છે.

જિજ્ઞાસુ : મારે તો પ્રત્યક્ષ ગુરૂની આવશ્યકતા છે.

મહર્ષિ : એ પ્રત્યક્ષ ગુરૂ જ કહી રહ્યા છે કે એ અંદર છે.

જિજ્ઞાસુ : સદ્‌ગુરૂ મારા મસ્તક પર હાથ મૂકીને મને એમની મદદની ખાતરી કરાવી શકશે ? એમ થશે તો એમની બાંયધરી પૂરી થશે એવું આશ્વાસન મારાથી સહેલાઈથી મેળવી શકાશે.

મહર્ષિ : આગળ પર તો તમે મારી પાસે મદદની માગણી કરશો ને એ મદદ નથી મળતી એવું લાગતાં મારી વિરુદ્ધ કોર્ટમાં કેસ કરશો !

એ ઉત્તર એમણે દેખીતી રીતે જ વિનોદ કરતાં આપેલો. એ ઉત્તરથી એ વાત ત્યાં જ અટકી પડી. પરંતુ એમની વીતરાગ તટસ્થ દૃષ્ટિનો પરિચય આપણા અંતરમાં આદરભાવ ઉત્પન્ન કરે છે.

* * *   * * *   * * *   * * *

ગુરૂના સંબંધમાં એમના શ્રીમુખમાંથી પ્રસંગોપાત્ત વહેતા થયેલા વિચારો ખરેખર અનેકવિધ અને અધ્યયન કરવા જેવા છે. એમના અવલોકનથી એમના વિશાળ તથા વિશદ વ્યક્તિત્વનો સારી પેઠે પરિચય થાય છે. એ વિચારોમાંના કેટલાક ઉપયોગી માર્મિક વિચારોનું અવલોકન અસ્થાને નહિ ગણાય. એથી આપણા વિષયને વધારે સારી રીતે, સર્વાંગીણ રીતે, ન્યાય કરી શકાશે.

જિજ્ઞાસુ : કોઈ પુરૂષ ગુરૂ થવા માટે યોગ્ય છે કે નહિ તે કેવી રીતે જાણી શકાય ?

મહર્ષિ : એમની સંનિધિમાં અનુભવાતી મનની શાંતિની તથા એમને માટે અનુભવાતા આદરભાવની મદદથી.

જિજ્ઞાસુ : અને જો પાછળથી એમ લાગે કે એ યોગ્ય નથી તો એમની અંદર સંપૂર્ણ શ્રદ્ધા રાખનારા શિષ્યની દશા કેવી થાય ?

મહર્ષિ : દરેકની દશાનો આધાર એની ગુણવત્તા પર રહેતો હોય છે. દક્ષિણામૂર્તિની દશા કેવી અલૌકિક હતી ! એ શાંત બેસી રહેતા. એમની પાસે પહોંચનારા શિષ્યોની શંકાઓ એમની શાંતિના પ્રભાવથી શમી જતી. એ વ્યક્તિગત ભેદભાવથી અથવા દેહાધ્યાસથી પર થતા.

જ્ઞાન એવી શાંત સમજ હોય છે, મોટે ભાગે દુનિયામાં એના નામે આપવામાં આવતી વાચિક વ્યાખ્યાઓ નહિ. મૌન કર્મ કરવાનું એક અત્યંત અસરકારક શક્તિશાળી સાધન છે. શાસ્ત્રો ગમે તેટલાં વિશાળ તથા ચોક્કસ અભિપ્રાયોને રજૂ કરનારાં હોય તો પણ એમની અસર સીમિત હોય છે. ગુરૂ શાંત હોય છે. એની નીરવતા સૌને શાંતિ આપે છે. સઘળાં શાસ્ત્રોને ભેગા કરીએ તો પણ એના મૌનની વિશાળતા અને અસરકારકતાની બરાબરી એમનાથી ના થઈ શકે. અહીં આટલા બધા લાંબા વખત લગી રહ્યા, આટલું બધું સાંભળ્યું અને આટલી બધી મહેનત કરી, તો પણ તમને કાંઈ મળ્યું હોય એવું નથી લાગતું. એવી લાગણીને લીધે જ આવા પ્રશ્નોનો ઉદ્ભવ થાય છે. તમારી અંદર પ્રગતિ અથવા પરિવર્તનની જે પ્રક્રિયા ચાલી રહી છે તે તમને દેખાતી નથી એટલુ જ. સાચું જોતાં ગુરૂ સદા તમારી અંદર છે.

જિજ્ઞાસુ : એવું કહેવામાં આવે છે કે મહાત્માનો એક જ દૃષ્ટિપાત પૂરતો હોય છે. મૂર્તિઓ, તીર્થો તથા એવું બધું એટલું અસરકારક નથી હોતું. અહીં ત્રણ મહિનાથી રહું છું તો પણ મહર્ષિના દૃષ્ટિપાતે મને શું લાભ પહોંચાડ્યો છે તે નથી સમજી શકતો.

મહર્ષિ : દૃષ્ટિપાતથી પવિત્ર થવાય છે એ સાચું છે. પવિત્રતાને જોઈ નથી શકાતી. કોલસાના ટુકડાને સળગતાં લાંબો વખત લાગે છે, લાકડાના ટુકડાને એનાથી ઓછો વખત, અને દારૂગોળો તરત જ સળગી ઊઠે છે, એવું જ દૈવી મહાત્માના સમાગમમાં આવનારા જુદી જુદી પ્રકૃતિના પુરૂષોના સંબંધમાં સમજી લેવાનું છે.

જિજ્ઞાસુ : પોતાની દીક્ષા વગેરેની મદદથી ગુરૂ આત્મસાક્ષાત્કારમાં મદદ કરી શકે ખરા ?

મહર્ષિ : ગુરૂ તમારો હાથ પકડીને તમારા કાન ફૂંકે છે ? તમે કદાચ તેમને તમારા જેવા જ સમજતા હશો. તમે શરીરધારી છો એવું માની લઈને ગુરૂ પણ શરીરવાળા જ હોય છે એવું માની લો છો અને એમની પાસેથી કોઈક ચોક્કસ સ્થાયી સહાયતાની અપેક્ષા રાખો છો. પરંતુ એમનું કર્તવ્યક્ષેત્ર અંદર હોય છે—આત્મિક જગતમાં.

પોતાના એ બધા જ ગુરૂવિષયક વિચારપ્રવાહના ઉપસંહારરૂપે કહેતા હોય તેમ મહર્ષિ ફરી કહે છે :

'જ્યાં સુધી તમે આત્મસાક્ષાત્કારની ઈચ્છા રાખો છો ત્યાં સુધી ગુરૂની આવશ્યકતા રહેવાની. ગુરૂને સત્ય તથા મૂળભૂત આત્મા અને તમને વ્યક્તિગત આત્મા માનો. એ ભેદભાવ દૂર થતાં અવિદ્યાનો અંત આવશે. દ્વૈતભાવ હાજર હશે ત્યાં સુધી ગુરૂની આવશ્યકતા રહેશે જ. તમે તમને દેહધારી માનતા હોવાથી ગુરૂને પણ શરીરરૂપે સમજી રહ્યા છો. તમે શરીર નથી ને ગુરૂ પણ શરીરથી પર છે. તમે જેને આત્મસાક્ષાત્કાર તરીકે ઓળખો છો તેની દ્વારા એ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તમે ગુરૂને શરીરવાળા માનીને ભૂલ કરો છો પરંતુ ગુરૂ પોતે એવી ભૂલ નથી કરતા. એ આકાર રહિત આત્મા છે. બહાર દેખાય છે તે તો ફક્ત તમને પથપ્રદર્શન કરવા માટે. '

* * *     * * *     * * *     * * *

જિજ્ઞાસુ : ગુરૂને ઓળખી શકાય એવી એમની ખાસ વિશેષતાઓ કયી કયી છે ?

મહર્ષિ : ગુરૂ હમેશાં આત્માના ગહન અને અનંત ઊંડાણમાં રહેતા હોય છે. એ પોતાની અંદર અને બીજામાં કશો ભેદ નથી જોતા. એમની અંદર એવો વિચાર ભૂલેચૂકે પણ પેદા નથી થતો કે પોતે પૂર્ણ પ્રકાશપ્રાપ્ત કે મુક્ત છે અને આજુબાજુના બીજા બધા બદ્ધ અથવા અજ્ઞાનરૂપી અંધકારથી ગ્રસ્ત છે. એમની આત્મનિષ્ઠા અથવા સ્વરૂપસ્થિતિમાં કોઈ પણ સંજોગોમાં ભંગ નથી પડતો અને સ્થિરતા કે સ્થિતપ્રજ્ઞતાનો કદી નાશ નથી થતો.

જિજ્ઞાસુ : ભક્તને સુખની અનુભૂતિ ગુરૂ મૂક હોય તો મળી શકે ખરી ?

મહર્ષિ : ભક્ત ગુરૂના ચરણે પોતાની જાતનું સમર્પણ કરે છે અને એ રીતે એના વ્યક્તિગત અહંકારને ઓગાળી નાખે છે. સમર્પણ જો સંપૂર્ણ હોય છે તો અહંભાવની પૂર્ણપણે નિવૃત્તિ થઈ જાય છે ને કોઈ પ્રકારના શોક કે સંકટને માટે સ્થાન નથી રહેતું. એ આત્માની શાશ્વત સત્તા પરમ સુખસ્વરૂપ છે. એ સ્વાનુભૂતિથી સમજી શકાય છે.

જિજ્ઞાસુ : કૃપાથી સાધકનો વિકાસ ઝડપી ના બની શકે ?

મહર્ષિ : એ બધું ગુરૂ પર છોડી દો. એમને સંપૂર્ણ સમર્પણ કરી દો. બેમાંથી એક કામ કરવું પડશે : કાં તો તમારી અશક્તિને લીધે તમારી મદદ માટે કોઈ ઉચ્ચ શક્તિની ઈચ્છા રાખો છો માટે સમર્પણ કરો કે પછી દુઃખનું કારણ શોધી કાઢો, મૂળ સુધી પહોંચી જાવ અને આત્મામાં લીન બનો. બંને માર્ગ તમને દુઃખમાંથી મુક્તિ આપશે. પોતાના ચરણે સમર્પણ કરનાર ભક્તનો ત્યાગ ઈશ્વર અથવા ગુરૂ કદી પણ નથી કરતા.

જિજ્ઞાસુ : ગુરૂ કે પરમાત્માને પ્રણિપાત કરવાનો અર્થ કહેશો ?

મહર્ષિ : પ્રણિપાત અહંતાનો ત્યાગ સૂચવે છે અને મૂળભૂત આત્મામાં લીન થવાનો સંદેશ પૂરો પાડે છે.

જિજ્ઞાસુ : મહર્ષિ પોતાના અનુગ્રહની નિશાનીરૂપે મને પોતાના પતરાળામાંથી થોડો પ્રસાદ આપવાની કૃપા કરશે ?

મહર્ષિ : અહંભાવનો વિચાર કર્યા વગર ખાવ તો જે ખાશો તે પ્રસાદ થઈ જશે.

છેલ્લા બે પ્રશ્નોના પ્રત્યુત્તરો મહર્ષિની વીતરાગ, નિર્માનમોહ વૃત્તિનો પરિચય કરાવનારા હોવાથી ખૂબ જ મહત્વના છે. આ બધા જ વાર્તાલાપો પરથી એમની ગુરૂને માટેની ઉદાત્ત દૃષ્ટિનો પરિચય થાય છે. એ જુદી જુદી રીતે મૂળભૂત ધ્યેય તરફ સાધકોનું ધ્યાન દોરે છે અને એ રીતે ખરેખર ખૂબ જ ઉપયોગી ઠરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૩૮] મહર્ષિની સાધના–૩

### [૧] સંન્યાસની સમસ્યા

મહર્ષિની સાધનામાં બાહ્ય સંન્યાસનું સ્થાન કેવું ને કેટલું હતું તેની થોડીઘણી કલ્પના એમના જીવનના પ્રસંગો પરથી સહેલાઈથી કરી શકાય છે. એ પોતે બાહ્ય સંન્યાસના વિરોધી ના હોવા છતાં એવા વિધિપૂર્વક લેવાતા બાહ્ય પરંપરાગત સંન્યાસથી મુક્ત રહેલા, કારણ કે એમને એની આવશ્યકતા નહોતી લાગી. સંન્યાસ શરીરનો નહિ પણ મનનો હોવો જોઈએ ને ઘર, કુટુંબ, નામ તેમજ વસ્ત્રોના પરિવર્તન પૂરતો મર્યાદિત રહેવાને બદલે સ્વભાવના પરિવર્તન, લૌકિક પારલૌકિક લાલસાઓના તથા અહંતા-મમતાના પરિત્યાગ, તેમજ આત્મવિકાસની સાધનાના અનુષ્ઠાનની અભિરુચિવાળો હોવો જોઈએ એવી એમની માન્યતા હતી અને એ માન્યતા એમના સમસ્ત જીવનમાં વણાઈ ગયેલી.

એમનું આરંભથી અંત સુધીનું સમગ્ર જીવન એક આદર્શ સર્વોત્તમ સંન્યાસીનું જ જીવન હતું. પરંતુ એ સર્વ પ્રકારના વર્ણાશ્રમજન્ય, સાંપ્રદાયિક અહંકારોથી પર અને ગુણાતીત હોવાથી સંન્યાસી કરતાં પણ શ્રેષ્ઠ હતા. પ્રત્યેક વસ્તુની પેઠે એ સંન્યાસના આંતર સ્વરૂપ અથવા લક્ષ્ય પર ભાર મૂકતા. એમની તપઃપૂત પ્રજ્ઞાયુક્ત દૃષ્ટિ ઉપર રમવાને બદલે એના હાર્દ અથવા આત્મા સુધી પહોંચી જતી. પરિણામે એને માટે ભ્રાંત અથવા વિપથગામી બનવાનો ભય નહોતો રહેતો.

* * *   * * *   * * *   * * *

મહર્ષિના આંતર ત્યાગની અવસ્થા આરંભથી જ એટલી બધી અદ્‌ભૂત હતી કે વાત નહિ. એ બાહ્ય જગતના વિષયોનું વિસ્મરણ કરીને અસાધારણ પ્રેમ, ઉત્સાહ અને લગનપૂર્વક આત્માનુસંધાનમાં મગ્ન અને આત્મનિષ્ઠામાં ડૂબેલા રહેતા. એ અવસ્થા એમને માટે છેક જ સ્વાભાવિક બની ગયેલી. અરૂણાચલેશ્વરના મંદિરમાં ને બીજા સ્થળોમાં રહીને સાધના કરતી વખતે એ આત્માનુસંધાનમાં એટલા બધા લીન બની ગયેલા કે દિવસો સુધી શરીરભાનથી પર રહેલા. સાધનાના એ સોનેરી દિવસો દરમિયાન સ્નાન કરવાનો સમય પણ એમને ભાગ્યે જ મળતો હોવાથી એમના વાળ ગૂંચળાંવાળી જટામાં પલટાઈ ગયાં. એમની તરફ એમનું ધ્યાન જ ના રહ્યું. એક દિવસ એક ભાવિક સ્ત્રીનું એ તરફ ધ્યાન ખેંચાવાથી એને ખૂબ જ લાગી આવ્યું. એ એક ડોલમાં પાણી તથા સાબુ લાવીને એમની જટાને પ્રેમપૂર્વક ધોવા લાગી. તો પણ એ પથ્થરની પ્રતિમા જેવા અચળ અથવા સ્થિર બેસી રહ્યા. વાળ સૂકા ને ગૂંચવાયલા હોવા છતાં એ સ્ત્રીએ અત્યંત ધીરજ તેમજ ભાવભક્તિપૂર્વક એમને ધોયા, સાફ કર્યા ને દાંતિયાની મદદથી સરખા બનાવ્યા. એ બધાના તટસ્થ પ્રેક્ષક તરીકે એ શાંત બેસી રહ્યા.

એ પ્રસંગ પરથી સમજાય છે કે દેહભાવને તિલાંજલિ આપીને એ પૂર્વસંસ્કારોના પરિપાકરૂપે લાંબા વખતથી જ આત્મભાવમાં સ્થિત હતા. લૌકિક લાલસાઓ કે વાસનાઓ તો શું પરંતુ શરીરની મમતા પણ એમને નહોતી સ્પર્શી શકતી. એની આસક્તિથી એ પૂરેપૂરા મુક્ત હતા. એ સંન્યાસના સાચા સારતત્વને જીવનમાં ઉતારી ચૂકેલા. એમનું નિર્મળ ને નિર્મમ મન સંન્યાસની સર્વશ્રેષ્ઠ દીક્ષા દ્વારા પરમાત્માભિમુખ બનીને પરમાત્મામાં મળી ગયેલું, એટલું પૂરતું હતું.

* * * * * * * * * * * *

**[૨] સંન્યાસ વિશેના વિચારો**

કેટલાક સંતો પોતાના શિષ્યો અને અનુયાયીઓને માટે બાહ્ય ત્યાગ અથવા સંન્યાસનો ખાસ આગ્રહ રાખે છે અને એના વિના કોઈનું આત્મિક કલ્યાણ ના જ થઈ શકે એવું માને છે. પરંતુ મહર્ષિમાં એવા હઠાગ્રહ કે દુરાગ્રહનો અભાવ હતો. એમની દૃષ્ટિ લેશ પણ સંકુચિત ન હતી. સંન્યાસ વિશેનો એમનો દૃષ્ટિકોણ પરંપરાગત કે જડ નહિ પરંતુ પ્રાણવાન હતો.

એમણે જિજ્ઞાસુઓ અથવા ભક્તોના સંન્યાસ અથવા બાહ્ય ત્યાગવિષયક પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે વ્યક્ત કરેલા વિવિધ વિચારોમાં પણ એ જ અભિપ્રાયનો પડઘો પડે છે.

જિજ્ઞાસુ : આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ માટે સંન્યાસ લેવાનું આવશ્યક છે ?

મહર્ષિ : સંન્યાસનો અર્થ પોતાની વ્યક્તિગત અહંતાનો ત્યાગ કરવો તે છે, ને કેવળ માથું મૂંડાવવું ને કાષાય વસ્ત્રો પહેરવાં એટલો જ નથી થતો. માણસ ગૃહસ્થી હોય છતાં પણ પોતાને ગૃહસ્થી ના માને તો સંન્યાસી જ છે. એથી ઊલટું, એ ભગવાં વસ્ત્રોને ધારણ કરે ને આમતેમ ફરે તો પણ પોતાને સંન્યાસી માનતો હોય ત્યાં સુધી સંન્યાસી નથી થયો. ત્યાગનો વારંવાર વિચાર કરવાથી ત્યાગ કરવાનો હેતુ નથી જળવાતો.

સંન્યાસ લેવો એટલે શું સમજો છો ? ઘરનો પરિત્યાગ કરવો અને અમુક ચોક્કસ રંગ ધારણ કરી લેવો એ સંન્યાસ છે ? તમે ગમે ત્યાં જાવ. અધ્ધર અવકાશમાં ઉડ્ડયન કરો તો પણ, તમારું મન તમારી સાથે નહિ જાય ? એને તમારી પાછળ મૂકીને તમે એના વિના જ આગળ વધી શકો તેમ છો ?

તમારો વ્યવસાય અથવા જીવનમાં તમારાં કર્તવ્યો તમારા આત્મોન્નતિના પ્રયત્નોમાં અંતરાયરૂપ શા માટે થાય છે ? ઘરમાં અને ઑફિસમાં રહીને તમે જે કર્મો કરો છો તેમાં ફેર હોય છે. ઑફિસની પ્રવૃત્તિ દરમિયાન તમે અલિપ્ત રહો છો ને એ પ્રવૃત્તિ હાનિ કે લાભમાં પરિણમે છે તેની ચિંતા નથી કરતા. પરંતુ ઘરની પ્રવૃત્તિઓને આસક્તિ સાથે કરો છો અને તમારા કુટુંબને એ દ્વારા મદદ મળે તેનું સદાય ધ્યાન રાખો છો. પરંતુ જીવનની બધી જ પ્રવૃત્તિઓને અલિપ્ત ભાવે કરવાનું અને આત્માને મૂળભૂત વાસ્તવિકતા તરીકે માનીને કરવાનું શક્ય છે. આત્મનિષ્ઠ પુરૂષ સંસારનાં કર્તવ્યોને સારી પેઠે નહિ કરી શકે એમ માનવું ભૂલ ભરેલું છે. એની અવસ્થા એક અભિનેતા જેવી હોય છે. એ વસ્ત્રો પહેરે છે, અભિનય કરે છે, અને પોતાના પાઠને અનુરૂપ લાગણી અનુભવે છે. તો પણ સદા સમજે છે કે વાસ્તવિક જીવનમાં તો એનું સ્થાન તદ્દન જુદું જ છે. એવી જ રીતે એકવાર તમે જાણી લીધું કે તમે શરીર નથી પરંતુ આત્મા છો પછી દેહાધ્યાસ તમારા વિકાસની વચ્ચે શા માટે આવવો જોઈએ ? શરીરથી જે પણ થાય એની અસર તમારી આત્મનિષ્ઠા પર ના પડવી જોઈએ.

અભિનેતા પોતાની અસલ અવસ્થાને યાદ રાખીને સ્ટેજ પર જુદા જુદા અભિનયો કર્યા કરે છે તેવી રીતે આત્મનિષ્ઠા અકબંધ રહેશે ને શરીરની મદદથી જુદાં જુદાં જરૂરી કર્મો થયા કરશે.

જિજ્ઞાસુ : સાંસારિક પ્રવૃત્તિઓમાં નિરંતર પરોવાયેલા ગૃહસ્થાશ્રમીને વધારે ને વધારે પ્રવૃત્તિઓની આવશ્યકતા હોય છે ત્યારે પ્રવૃત્તિમાંથી ઉપરામ થવાનો ને પરમ શાંતિની પ્રાપ્તિનો અનુભવ કેવી રીતે થઈ શકે ?

મહર્ષિ : આત્મિક પ્રકાશની પ્રાપ્તિ કરી ચૂકેલો ગૃહસ્થાશ્રમી બીજાને અનેક પ્રકારની પ્રવૃત્તિઓથી વીંટળાયેલો દેખાય છે પરંતુ ખરેખર તેવું નથી હોતું. વિભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓમાં રત રહેવા છતાં તે વાસ્તવિક રીતે કોઈ પણ પ્રવૃત્તિથી મુક્ત હોય છે. બાહ્ય પ્રવૃત્તિ એની ઉપરામતા અને આત્મશાંતિની વચ્ચે નથી આવતી, અને પ્રવૃત્તિ કરતાં છતાં પણ એનું મન પ્રવૃત્તિની બેચેન બનાવનારી લાલસાથી મુક્ત હોય છે.

જિજ્ઞાસુ : મૌનવ્રત ઉપયોગી છે ?

મહર્ષિ : આત્મસમર્પણ અંદરનું મૌન છે અને એનો અર્થ અહંભાવ વિના જીવવું એવો થાય છે.

જિજ્ઞાસુ : સંન્યાસીને માટે એકાંતની આવશ્યકતા છે ?

મહર્ષિ : એકાત તો માનવના મનમાં છે. એક માણસ સંસારના કોલાહલમાં રહેતો હોય તો પણ મનને સંપૂર્ણ સ્વસ્થ તથા શાંત રાખી શકતો હોય છે. બીજો માણસ વનમાં વસતો હોય તો પણ પોતાના મનનો સંયમ નથી કરી શકતો. એ એકાંતમાં રહે છે એવું ના કહી શકાય. એકાંત મનનું વલણ છે, ને મન પર આધાર રાખે છે. દુન્યવી વસ્તુઓના રાગવાળા માણસને એ ગમે ત્યાં હોય તો પણ એકાંતનો લાભ નથી મળી શકતો, પરંતુ રાગરહિત માણસ હંમેશાં એકાંતનો આનંદ લેતો હોય છે.

આ વાર્તાલાપ પરથી પ્રતીત થાય છે કે મહર્ષિની દૃષ્ટિ અત્યંત વેધક, માર્મિક અને સૂક્ષ્મ હતી. એ કોઈ પ્રચલિત ચિંતનચીલા પર ચાલનારા સંત નહોતા પણ અસરકારક અભિનવ વિચારધારાથી સંપન્ન સર્વોત્તમ સત્પુરૂષ હતા. એટલા માટે તો એ કોઈ પણ વિષય, વ્રત કે પરંપરાની વિષય, વ્રત કે પરંપરાને ખાતર પુષ્ટિ કરવાને બદલે એને નવી ને મૂળભૂત રીતે મૂલવે છે ને એના જડ અથવા અંધ આરાધક બનવાને બદલે જીવનના સર્વાંગીણ આધ્યાત્મિક વિકાસના આદર્શને સદાય નજર સમક્ષ રાખીને એની ઉપયોગિતા અથવા અનુપયોગિતાને સિદ્ધ કરે છે. એમની એ અંતર્દૃષ્ટિ ખરેખર અને ખૂબ ખૂબ કલ્યાણકારી છે. એવી દૃષ્ટિથી સંપન્ન પ્રજા ધર્મ, સાધના અથવા આધ્યાત્મિકતાના નામ પર પથભ્રાંત નથી બની શકતી ને જીવનના મૂળભૂત આદર્શનું સ્મરણ કરતાં હંમેશાં આગળ વધે છે. એ પ્રજાની જીવનદૃષ્ટિ સાચી ઠરે છે ને જીવનના સર્વતોમુખી વિકાસમાં મદદરૂપ બને છે.

મહર્ષિ કર્મ કરવાની પ્રથાના વિરોધી હતા એવું માનનારે આ વાર્તાલાપ ખાસ વાંચવા જેવો છે :

જિજ્ઞાસુ : પ્રવૃત્તિ કેવી રીતે મદદરૂપ થાય છે ? આપણા મસ્તક પરથી ઉતારવાના મહાન બોજામાં તે વધારો નથી કરતી ?

મહર્ષિ : નિસ્વાર્થભાવે કરાયેલાં કર્મો મનને નિર્મળ કરે છે ને ધ્યાનમાં સ્થિર થવામાં મદદરૂપ બને છે.

જિજ્ઞાસુ : પરંતુ કોઈ પણ પ્રકારની બાહ્ય પ્રવૃત્તિ વિના નિરંતર ધ્યાન જ કરવામાં આવે તો ?

મહર્ષિ : કરી જુઓ. તમારી સુષુપ્ત વાસનાવૃત્તિઓ તેમ નહિ કરવા દે. ગુરૂની કૃપાથી એમનો ક્રમેક્રમે હ્રાસ થતો જાય છે તેમ તેમ ધીમે ધીમે ધ્યાન જામતું જાય છે. એકદમ ઉતાવળ કરવાથી નથી જામતું.

* * *   * * *   * * *   * * *

એક દિવસ એક બીજા ભક્તે પૂછ્યું :

ભક્ત : મને કુટુંબમાં રસ નથી રહ્યો. કુટુંબીઓની વચ્ચે રહીને મારે કશું જ નથી કરવા જેવું; મારું કર્તવ્ય મેં પૂરું કર્યું છે ને હવે ઘરમાં છોકરાનાં છોકરાં છે. મારે ઘરમાં રહેવું જોઈએ કે એમને છોડીને ચાલી નીકળવું જોઈએ ?

મહર્ષિ : તમે જ્યાં છો ત્યાં રહો તે જ બરાબર છે. પરંતુ અત્યારે તમે ક્યાં છો ? તમે ઘરમાં છો કે ઘર તમારામાં છે ? તમારાથી ઘર જુદું છે ખરું ? જો તમે તમારા મૂળ સ્થાનમાં સ્થિતિ કરશો તો સમજશો કે બધી વસ્તુઓ તમારામાં વિલીન થઈ છે. પછી આવા પ્રશ્નો જ નહિ પેદા થાય.

ભક્ત : તો પછી મારે ઘરમાં રહેવાનું છે એવું સમજી લઉં ?

મહર્ષિ : તમારે તમારા મૂળભૂત વાસ્તવિક સ્વરૂપમાં રહેવાનું છે.

* * *   * * *   * * *   * * *

એક બીજા ભક્તનો એમની સાથેનો વાર્તાલાપ પણ એમના બાહ્ય ત્યાગવિષયક વિચારોની દૃષ્ટિએ અગત્યનો છે :

ભક્ત : દુન્યવી જીવનમાં રહીને પણ હું આધ્યાત્મિક સાધનામાં રત રહી શકું ખરો ?

મહર્ષિ : અવશ્ય. માણસે એવી રીતે રત રહેવું જ જોઈએ.

ભક્ત : દુનિયાનું જીવન અંતરાયરૂપ નથી ? બધાં ધર્મશાસ્ત્રો ત્યાગની ભલામણ નથી કરતાં ?

મહર્ષિ : દુનિયા ફક્ત મનની અંદર જ રહેલી છે. 'હું દુનિયા છું' એવા પોકારો એ નથી પાડતી. જો એવા પોકારો પાડ્યા કરતી હોત તો તે તમારી નિદ્રાવસ્થામાં પણ કાયમ રહેત. એનું અસ્તિત્વ નિદ્રા દરમિયાન નહિ હોવાથી એ સનાતન નથી. સનાતન નહિ હોવાથી સત્ય પણ નથી, અને સત્ય નહિ હોવાથી આત્માના અધિકારમાં આવી જાય છે. આત્મા જ એક શાશ્વત છે. અનાત્મ વસ્તુથી આત્માને અલગ જાણી લેવો એ જ ત્યાગ છે. અજ્ઞાન દૂર થાય છે ત્યારે આત્મા સિવાયનું બીજું કશું નથી અનુભવાતું. સાચો ત્યાગ એ જ છે.

ભક્ત : તો પછી તમે તમારા ઘરને ઊગતી યુવાનીમાં શા માટે છોડી દીધું ?

મહર્ષિ : મારું પ્રારબ્ધ એવું હતું માટે. માણસના વર્તમાન જીવનનો વ્યવહારક્રમ એના પ્રારબ્ધ પ્રમાણે નક્કી થતો હોય છે. મારું પ્રારબ્ધ આ જાતનું હતું : તમારું જુદી જાતનું છે.

ભક્ત : હું પણ ત્યાગનો આશ્રય ના લઉં ?

મહર્ષિ : તમારું પ્રારબ્ધ એવું હોત તો આવો પ્રશ્ન જ ના પેદા થાત.

ભક્ત : તો પછી એનો અર્થ એવો થયો કે મારે સંસારમાં રહીને આત્મોન્નતિના અભ્યાસનો આધાર લેવો જોઈએ. પરંતુ એવું કરવાથી મને આ જ જીવનમાં આત્મસાક્ષાત્કાર થઈ શકશે ?

મહર્ષિ : એનો ઉત્તર ક્યારનો અપાઈ ગયો છે. તમે હંમેશાં આત્મા છો. પ્રામાણિક પ્રયત્નો કદી નિષ્ફળ નથી જતા. સફળતા મળશે જ એમાં કશી શંકા નથી.

* * *   * * *   * * *   * * *

મહર્ષિ : તમે ગૃહસ્થી કે સંસારી છો એવું માનો છો શા માટે ? સંન્યાસ લઈને બહાર નીકળશો તો પણ તમે સંન્યાસી છો એવો બીજો વિચાર તમારા મનને ઘેરી લેશે. તમે ઘરમાં રહો કે તેનો ત્યાગ કરીને જંગલમાં જાવ, મન તમારી વચ્ચે આવ્યા કરશે. વિચારોનું ઉદ્ભવસ્થાન અહંભાવ છે. એ શરીરને તથા સંસારને ઉત્પન્ન કરે છે અને તમે સંસારી છો એવું મનાવે છે. તમે ત્યાગ કરશો તો કંટુંબને બદલે ત્યાગનો વિચાર પેદા થશે ને ઘરના વાતાવરણનું સ્થાન વન લેશે. પરંતુ માનસિક વિક્ષેપ તો સદા તમારી સાથે જ રહેશે. નવા વાતાવરણમાં તે વધશે પણ ખરા. એટલે વાતાવરણને બદલવાથી જ કોઈ લાભ નહિ થાય. મુખ્ય અંતરાય મનનો છે, માટે ઘરમાં કે વનમાં ગમે ત્યાં રહીને પણ એની ઉપર વિજય મેળવવો જોઈએ. એવો વિજય જો વનમાં મળી શકતો હોય તો ઘરમાં શા માટે ના મળે ? એટલા માટે વાતાવરણને શા માટે બદલવું જોઈએ ? ગમે તેવી પરિસ્થિતિમાં રહીને પણ તમે અત્યારથી જ તમારી સાધના શરૂ કરી શકો છો.'

આટલા વિવરણ પરથી મહર્ષિના ત્યાગ કે સંન્યાસવિષયક વિચારો સ્પષ્ટ રીતે સમજી શકાશે.

☼ ☼ ☼ ☼ ☼

## [૩૯] મહર્ષિની સાધના-૪

### [૧] સેવાભાવના

ભારતમાં છેલ્લાં દોઢસો વરસોના ગાળામાં જે નવજાગૃતિની લહરી એની પ્રજાની વિચારતંદ્રાને તોડતી અને એને નવું દિશાસૂચન કરતી ફરી વળી એમાંથી આધ્યાત્મિક ક્ષેત્ર પણ બાકાત નહોતું રહી શક્યું. એ ક્ષેત્રમાં રસ લઈ રહેલા અને પોતપોતાની રીતે આગળ વધેલા મહાત્મા પુરૂષો પણ જરાક જુદી રીતે વિચારતા થયેલા. જે ધર્મપ્રવૃત્તિ અથવા આધ્યાત્મિકતા મોટે ભાગે સમાજ સાથેના સર્વ પ્રકારના સંબંધના વિચ્છેદની પ્રેરણા પૂરી પાડીને એનો આશ્રય લેનારને સ્વાન્તઃસુખ, આત્મશાંતિ, આત્માનંદ, આત્મિક અભ્યુત્થાન અને સ્વાત્મમુક્તિની સાધના કરવા તૈયાર કરતી અને પરલોકનું સાધન અથવા માધ્યમ મનાતી તે ધર્મપ્રવૃત્તિ, સાધના અથવા આધ્યાત્મિકતાનું ચિંતનમનન જુદી જ રીતે થવા લાગ્યું. સામાન્ય લોકો ને કેટલાક પ્રાતઃસ્મરણીય પ્રજ્ઞાપૂત સંતો એને જુદી રીતે જ ચકાસવા તથા મૂલવવા લાગ્યા. એક સામાન્ય સાધક કે સંત સાધના કરે તે પરલોકને માટે જ હોય તો આ લોકમાં વર્તમાન જીવનમાં એથી શો લાભ થાય અને એ ધર્મપ્રવૃત્તિ, તપશ્ચર્યા કે સાધના સ્વાન્તઃસુખ, આત્મશાંતિ, આત્માનંદ, એકલા આત્મિક અભ્યુત્થાન અને સ્વાત્મમુક્તિના ધ્યેયની સિદ્ધિ માટે જ કરાતી હોય તો તેથી સમાજને, રાષ્ટ્રને કે સંસારને શો લાભ થઈ શકે ? તે તો કેવળ સ્વાર્થ જ કહેવાય : એવી વિચારસરણી વ્યાપક બનવા લાગી. એ વિચારસરણી તદ્દન નવી નહોતી. વેદ, ઉપનિષદ્ ગીતા તથા રામાયણ ને મહાભારતકાળમાં એનો પ્રચાર સુચારૂપે સફળતાપૂર્વક થઈ ચૂકેલો. પરંતુ પાછળથી એનું દીર્ઘકાલીન વિસ્મરણ થયેલું. એની નવજાગૃતિ એક આવકારદાયક શુભ લક્ષણ હતું. એ નવજાગૃતિના ઉદ્‌બોધક તથા પોષક પરમપ્રતાપી પુરૂષવરો મહર્ષિ દયાનંદ, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ, રામતીર્થ, યોગી અરવિંદ અને તિલક, ગોખલે તથા ગાંધીજીની પરંપરારૂપે દેશમાં પ્રકટવા લાગ્યા. ભારતવર્ષનો પ્રાચીન સંસ્કૃતિમંત્ર સ્વાન્તઃસુખાય, પરજનહિતાય ચ' એમની દ્વારા જાગવા ને ગાજવા માંડ્યો ને એને લીધે લોકો જાણવા ને માનવા માંડ્યા કે જીવન, એની આરાધના અથવા સાધના અને એનું સર્વ કાંઈ પોતાની સાથે બીજાની સુખાકારી, શાંતિ, પ્રસન્નતા, પ્રગતિ તથા બંધનમુક્તિને માટે પણ છે અને એને માટે જ થવો જોઈએ. એનું ધ્યેય કેવળ પરલોક જ નથી પરંતુ આ લોકનું ને વર્તમાન જીવનનું પણ એણે ધ્યાન રાખવું જોઈએ. એની ઉપેક્ષા એનાથી ના થઈ શકે.

મહર્ષિના જમાનામાં પણ એ વિચારસરણી પ્રચલિત હોવાથી એમાં રસ લેનારા કેટલાય મુલાકાતીઓ એમની પાસે આવતા, એ વિશે એમની સાથે વાર્તાલાપ કરતા, અને એમના જીવનનું એ દૃષ્ટિને અનુસરીને મૂલ્યાંકન કરવાનો આગ્રહ રાખતા. એમનામાંના કેટલાક પોતપોતાની સમજશક્તિ પ્રમાણે ઉત્સાહિત બનતા તો કોઈક નિરાશ થતા. મહર્ષિ પોતે કરુણામૂર્તિ હતા ને દીનદુઃખીને મદદરૂપ થવાની ભાવના એમની અંદર પહેલેથી જ પ્રવર્તમાન હતી. એટલે એ સ્વાર્થવૃત્તિવાળા તો સ્વપ્ને પણ ના હોઈ શકે એ સહેલાઈથી સમજી શકાય તેમ છે. એમને પરહિત પસંદ હતું પરંતુ પરહિતનું અભિમાન નહોતું ને નહોતું ગમતું. પરહિતના કેફમાં પડીને માણસ આત્મવિકાસને, આત્મનિષ્ઠાને અથવા આત્મસ્વરૂપને ભૂલી જાય તે પણ એ નહોતા પસંદ કરતા. પરહિત તથા સ્વાત્મવિકાસ બંનેનો સમન્વય જીવનમાં કલ્યાણકારક છે એવો એમનો અભિપ્રાય

હતો. પોતાના વિના દુનિયાનો ઉદ્ધાર નહિ થઈ શકે એવું માનનારી મિથ્યાભિમાનની વૃત્તિને તિલાંજલિ આપીને એ પોતાનો ને બીજાનો બધો ભાર ઈશ્વર પર છોડી દેવાનો ને જે કરવું હોય તે નમ્ર અને અનાસક્તભાવે કરી છૂટવાનો સંદેશ આપતા. એટલે એ સેવા, માનવપ્રેમ, દેશપ્રેમ અથવા પરહિતના વિરોધી ન હતા. એમના વિવિધ વાર્તાલાપો પરથી એ સહેલાઈથી સમજી શકાય છે. જે મનુષ્યેતર પ્રાણીઓ પ્રત્યે પ્રેમ રાખતા અને એમની સુખાકારી તથા શાંતિનો સદા ખ્યાલ રાખતા તે માનવો પ્રત્યે કઠોર કેવી રીતે હોઈ શકે, માનવોની ઉપેક્ષા કેવી રીતે કરી શકે, અને માનવોની સેવાનો સંદેશ ના આપે એ કેવી રીતે બની શકે ? એની કલ્પના પણ કેવી રીતે કરી શકાય ? સેવાની સદ્‌ભાવનાને લીધે તો એ સૌને દર્શન આપતા, જિજ્ઞાસુઓને એમના પ્રશ્નોના સહાનુભૂતિપૂર્વક પ્રત્યુત્તરો પૂરા પાડતા અને બીજી અનેક રીતે કાર્ય કરતા. એમની કાર્ય કરવાની ને બીજાને મદદરૂપ થવાની પદ્ધતિ એકદમ અનોખી હતી એટલું જ.

* * *     * * *     * * *     * * *

એમના જીવનકાળ દરમિયાન ભારતમાં રાષ્ટ્રીય ચેતનાનો જુવાળ જાગેલો. પ્રજા બંધનમુક્ત બનવા માટે ઉત્સુક તેમજ કૃતનિશ્ચય બનેલી. ઉત્તરથી દક્ષિણ ને પૂર્વથી પશ્ચિમમાં જાગૃતિની નવી ચેતના પેદા થયેલી ને પ્રજા એક બનીને રાજકિય આઝાદીને માટે નાનાં મોટાં બલિદાનો આપવા મક્કમતાપૂર્વક સંકલ્પ કરી ચૂકેલી. ગાંધીજી જેવા પરમપ્રતાપી પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરૂષના પ્રામાણિક પથપ્રદર્શન પ્રમાણે પ્રજા વરસોની જડતા કે તંદ્રામાંથી જાગીને અભિનવ આંદોલનોનો આધાર લેતી સ્વાતંત્ર્યના માર્ગમાં સફળતાપૂર્વક આગળ વધતી’તી. એવે વખતે મહર્ષિના મનોભાવો કેવા હતા એ જાણવાનું ભારે રસપ્રદ થઈ પડશે. સ્વાતંત્ર્યની પ્રવૃત્તિથી દૂર રહીને પણ એ એના પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ ધરાવતા હતા કે કેમ એવી જિજ્ઞાસા કેટલાયના મનમાં જાગવાનો સંભવ છે. એનો ઉત્તર અને સંપૂર્ણ સંતોષકારક ઉત્તર એમના એક જીવનપ્રસંગમાંથી મળી રહે છે.

એકવાર એમના આશ્રમમાં રાજેન્દ્રબાબુ તથા જમનાલાલ બજાજ આવેલા અને ત્યાંના સુંદર શાંત વાતાવરણ તેમજ મહર્ષિના વિલક્ષણ વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ ને એકાદ અઠવાડિયું રહેલા. છેલ્લે દિવસે એમણે - ખાસ કરીને જમનાલાલ બજાજે - મહર્ષિ સાથે કેટલોક વાર્તાલાપ કરેલો. તે આ વિષય પર પર્યાપ્ત પ્રકાશ નાખનારો હોવાથી ખાસ જોઈ જવા જેવો છે :

પ્રશ્ન : સ્વરાજને માટેની ઈચ્છા શું યોગ્ય છે ?

ઉત્તર : હા. શરૂઆતમાં એવી ઈચ્છાની પાછળ વ્યક્તિગત રસવૃત્તિ રહેતી હોય છે એમાં શંકા નથી. પરંતુ ધ્યેયને માટેની લાંબા વખતની કર્મસાધનાને લીધે દૃષ્ટિકોણ વિશાળ બને છે અને એના પરિણામે વ્યક્તિ ક્રમેક્રમે રાષ્ટ્રની સાથે એકતા અનુભવે છે. વ્યક્તિની એવી ભાવનાત્મક એકતા ઈચ્છવા યોગ્ય છે. એવું કર્મ નિષ્કામ કર્મ થઈ જાય છે.

પ્રશ્ન : લાંબા વખતના સંઘર્ષ અને ભયંકર બલિદાનો પછી સ્વરાજની પ્રાપ્તિ થાય તો તે પરિણામથી માણસ પ્રસન્ન બની જાય તે શું ઉચિત નથી લાગતું ?

ઉત્તર : ના. કર્મ કરતાં કરતાં વખતના વીતવાની સાથે એણે પરમાત્માની સર્વોપરી શક્તિને પોતાની જાતનું સમર્પણ કરી દીધું હોવું જોઈએ. એની શક્તિનો સદા વિચાર કરવો જોઈએ

અને એનું એક વિપળને માટે પણ વિસ્મરણ ના કરવું જોઈએ. પછી એ પ્રસન્ન કેવી રીતે થઈ શકે ? એણે એના કર્મના ફળની કે એની પ્રવૃત્તિઓના પરિણામની પણ પરવા ના કરવી જોઈએ. તો જ એ કર્મ નિષ્કામ કહેવાય.

પ્રશ્ન : કાર્યકર્તા કોઈ પણ પ્રકારની ત્રુટિ વિનાનું વલણ કેવી રીતે અપનાવી શકે ?

ઉત્તર : જો એણે ઈશ્વરને કે ગુરૂને સર્વ સમર્પણ કર્યું હશે તો એમની શક્તિ એને સાચા માર્ગે દોરી જશે. કાર્યકર્તાએ એથી અધિક નિરર્થક ચિંતામાં નથી પડવાનું. જો એ શક્તિનું સંપૂર્ણપણે શ્રદ્ધાપૂર્વક આજ્ઞાપાલન નહિ કરાયું હોય તો જ શંકા પેદા થશે. ગાંધીજીએ પોતાની જાતને ઈશ્વરનાં ચરણોમાં સમર્પિત કરી છે. એ એવી અવસ્થામાં કોઈ પણ પ્રકારના વ્યક્તિગત સ્વાર્થ વિના કાર્ય કરી રહ્યા છે. પરિણામોની પરવા કર્યા વગર જે પરિણામો આવે એમને એ શાંતિપૂર્વક અપનાવી લે છે. રાષ્ટ્રીય કાર્યકરોનું વલણ પણ એવું જ હોવું જોઈએ.

પ્રશ્ન : આ સૃષ્ટિમાં એવી કોઈ યે શક્તિ નથી જે એના ભક્તો અને શરણાગતો પર કૃપા કરીને એમને સ્વદેશની સુખાકારી તેમજ સ્વરાજને સારુ કાર્ય કરવા વધારે શક્તિશાળી બનાવે ?

એ પ્રશ્નના ઉત્તરમાં મહર્ષિ એમની લાક્ષણિક્તા પ્રમાણે શાંત રહ્યા. થોડાક સમય પછી વાર્તાલાપ આગળ વધ્યો. પોતાના પહેલાંના પ્રશ્નને અધિક સરળ તથા સ્પષ્ટ કરતાં જમનાલાલ બજાજે પૂછ્યું:

પ્રશ્ન : 'દેશના પ્રાચીન મહાત્માઓની તપશ્ચર્યાનો લાભ એમના અર્વાચીન વારસોને નથી મળી શકે તેમ ?'

ઉત્તર : કેમ નહિ ? પરંતુ એ હકીકતને ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે એનો લાભ કોઈ એક જ માણસને ના મળી શકે. બધા જ સદ્‌ગુણી ને સત્કર્મપરાયણ માણસોની વચ્ચે એનો લાભ સરખા ભાગે વહેંચાઈ જાય છે. દેશભરમાં વર્તમાન કાળમાં જે આધ્યાત્મિક ભૂમિકાવાળી જાગૃતિનું દર્શન થઈ રહ્યું છે તે શું એવી અનુગ્રહાત્મક અસામાન્ય શક્તિ વિના થઈ રહ્યું છે ?

વિદાય લેતાં પહેલાં પુછાયેલો રાજેન્દ્રબાબુનો પ્રશ્ન એમની સૌજન્યશીલ પ્રકૃતિનો પરિચય પૂરો પાડનારો ને વિલક્ષણ હતો. એ પ્રશ્ન અને એનો અસાધારણ ઉત્તર ચિરસ્મરણીય છે. એ ઉત્તર પરથી મહર્ષિ મહાત્મા ગાંધીજીને કેટલા બધા પ્રેમભાવથી જોતા તેની પ્રતીતિ થાય છે.

રાજેન્દ્રબાબુએ પૂછ્યું : 'મહાત્માજીએ મને અહીં મોકલ્યો છે. એમને પહોંચાડી શકું એવો કોઈ સંદેશ તમે આપી શકશો ? મહર્ષિએ ઉત્તર આપતાં કહ્યું : ' હૃદય હૃદય સાથે વાત કરતું હોય ત્યારે કયા સંદેશની જરૂર રહે છે ? જે શક્તિ અહીં કામ કરી રહી છે તે જ શક્તિ ત્યાં પણ કામ કરે છે !'

એ શબ્દો બતાવે છે કે મહર્ષિ ગાંધીજીના કાર્યને ઈશ્વરપ્રેરિત માનતા'તા અને એની પ્રત્યે ઊંડી ને મીઠી સહાનુભૂતિ ધરાવતા'તા.

* * *     * * *     * * *     * * *

એમની કર્મ અથવા લોકસેવાવિષયક દૃષ્ટિને યથાર્થ રીતે સમજવા માટે એમના થોડાક બીજા વાર્તાલાપોનું અવલોકન પણ કરવા જેવું છે.

મુલાકાતી : શ્રી ભગવાન બધે ફરીને લોકોને મોટા પ્રમાણમાં સત્યનો સંદેશ શા માટે નથી સંભળાવતા ?

મહર્ષિ : હું એવું નથી કરતો એવું તમે કેવી રીતે જાણી લીધું ? પ્લેટફૉર્મ કે વ્યાસપીઠ પર વિરાજીને આજુબાજુ એકઠા થયેલા લોકોની આગળ જોરશોરથી ભાષણ કરવાથી જ ઉપદેશ આપી શકાય છે એવું થોડું છે ? ઉપદેશ તો જ્ઞાનનું પ્રદાન માત્ર છે ને મૌન દ્વારા પણ આપી શકાય છે. જે માણસ કલાક લગી ધાર્મિક પ્રવચન સાંભળ્યા પછી પણ પોતાના જીવનના પરિવર્તનની પ્રેરણાની પ્રાપ્તિ વિના જ પાછો ફરે છે તેના વિશે શું માનો છો ? એની સરખામણી એક એવા બીજા માણસ સાથે કરો જે કોઈક સંતની સંનિધિમાં બેસે છે અને થોડાક વખત પછી જીવન પ્રત્યેના દૃષ્ટિકોણમાં સંપૂર્ણ ફેરફાર સાથે પાછો ફરે છે. બંનેમાંથી શું ઉત્તમ છે ? કોઈપણ પ્રકારની અસર વિના જોરથી ભાષણ કરવું તે કે શાંતિથી બેસીને બીજાને મદદરૂપ થવા માટે આત્મિક શક્તિના પ્રવાહને વહેતો કરવો તે ? વાણી કેવી રીતે પ્રકટે છે ? સુસૂક્ષ્મ જ્ઞાનમાંથી અહંકાર પેદા થાય છે ને તેમાંથી વિચારો ને શબ્દોનો ક્રમેક્રમે વિસ્તાર થાય છે. શબ્દો તો એમના મૂળભૂત ઉદ્‌ભવસ્થાનની સાધારણ સામગ્રી જેવા છે. એ જો એમની અસર ઉપજાવી શકે છે તો મૂક અથવા શાંત ઉપદેશ કેટલી બધી વધારે શક્તિશાળી અસર ઉપજાવતો હશે તેનો જરાક વિચાર તો કરી જુઓ.

વિચારોનો પ્રવાહ હવે બીજી દિશામાં વળ્યો.

મુલાકાતી : કેટલાક કહે છે કે તિબેટના એકાંત શાંત પ્રદેશમાં અનેક સંતો વાસ કરે છે ને સંસારને મદદરૂપ બને છે. એ કેવી રીતે બની શકે ?

મહર્ષિ : એવું બની શકે છે. આત્માના સાક્ષાત્કાર દ્વારા માણસ સંસારને મોટામાં મોટી મદદ કરી શકે છે. એટલા માટે સંતો વનમાં વસતા હોય તો પણ મદદરૂપ છે એવું માનવામાં આવે છે. પરંતુ એકાંતનો અનુભવ એકલા અરણ્યમાં જ નથી કરવાનો એ યાદ રાખવાનું છે. સંસારના વિવિધ વ્યવસાયોથી ભરેલા શહેરોમાં પણ એ અનુભવી શકાય છે.

મુલાકાતી : સંતોએ જનતા સાથે ભળીને એને મદદરૂપ થવું જોઈએ એ આવશ્યક નથી લાગતું ?

મહર્ષિ : આત્મા જ સત્ય ને નિત્ય છે, સંસાર અને એના પદાર્થો નહિ. આત્મસાક્ષાત્કારી પુરૂષ સંસારને પોતાનાથી જુદો નથી જોતો.

મુલાકાતી : એનો અર્થ એવો છે કે એક માણસનો આત્મસાક્ષાત્કાર, બીજા એને ના જાણતા હોય તો પણ, માનવજાતિના ઉત્કર્ષના કારણરૂપ થઈ પડે છે ?

મહર્ષિ : હા. એ મદદ દેખાતી ના હોય તો પણ હોય છે જ. સમસ્ત માનવજાતિને એની માહિતી ના હોય તો પણ આત્મસાક્ષાત્કારી મહામાનવની મદદ મળતી રહે છે.

મુલાકાતી : પરંતુ એવા મહામાનવ બીજાની વચ્ચે હોય તો તે વધારે સારું ના થાય ?

મહર્ષિ : જેમની સાથે વસવાનું કે હરવાફરવાનું છે તેવા બીજા નથી રહેતા. આત્માની સત્તા એક જ છે.

મુલાકાતી : માણસ એકાંતમાં રહીને મદદરૂપ થઈ શકે છે એ વાતને યુરોપના લોકો નથી સમજી શકતા. એ તો એવું જ માને છે કે દુનિયામાં કામ કરે છે તે જ ઉપયોગી થાય છે. એવી ગેરસમજ ક્યારે દૂર થશે ? યુરોપવાસીઓનું મન અંધકારમાં જ અટવાયા કરશે કે સત્યને ઓળખી લેશે ?

મહર્ષિ : યુરોપ અથવા અમેરિકાની ચિંતા કરવાની જરૂર નથી. એ બધું મનની અંદર નથી તો બીજે ક્યાં છે ? તમારા આત્માને ઓળખી લો એટલે બધું ઓળખી શકાશે. સ્વપ્નમાં તમે અનેક માણસોને જુઓ છો પરંતુ જાગ્યા પછી એ માણસો પણ જાગ્યા છે કે નહિ તેને જાણવાની કોશિષ કરો છો ? આત્મસાક્ષાત્કારી પુરૂષ દુનિયાને મદદ કર્યા વગર રહી શકતો જ નથી. એની ઉપસ્થિતિ જ સર્વોત્તમ મંગલરૂપ છે.

* * *  * * *  * * *  * * *

એવો જ અહંભાવને દૂર કરીને નમ્ર બનવાનું, ઈશ્વરના ચરણોમાં સર્વસમર્પણ કરવાનું, ને જીવનના મૂળભૂત ધ્યેયને યાદ રાખીને એની સંશુદ્ધિની દિશામાં આગળ વધવાનું શીખવનારો સદુપદેશ એમના બીજા વાર્તાલાપમાંથી પણ મળી રહે છે.

પ્રશ્ન : મારે દુઃખી દુનિયાને મદદ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ ?

ઉત્તર : જે શક્તિએ તમને ઉત્પન્ન કર્યા છે તેણે દુનિયાને પણ ઉત્પન્ન કરી છે. ઈશ્વરે દુનિયાને ઉત્પન્ન કરી હોય તો તેની સંભાળ રાખવાનું કામ પણ તેમનું જ છે, તમારું નથી.

મહર્ષિ કર્મ કે સેવાના વિરોધી ન હતા, પરંતુ પોતાના વિકાસ પ્રત્યે દુર્લક્ષ સેવનારા ને આખી દુનિયાની નિરર્થક ચિંતા કરનારા અને એના ઉદ્ધારનો ઈજારો લઈને ફરનારા લોકો એમને પસંદ નહોતા પડતા.

પ્રશ્ન : આપણે કટોકટી ભરેલા સમયમાં શ્વાસ લેતા હોવાથી, ભગવાન વિશ્વના ભાવિ વિશે પોતાનો અભિપ્રાય આપી શકશે ?

ઉત્તર : તમારે ભાવિની ચિંતા શા માટે કરવી જોઈએ ? તમે વર્તમાનને પણ બરાબર ક્યાં જાણો છો ? વર્તમાનને સંભાળી લો તો ભવિષ્ય પોતાની સંભાળ પોતાની મેળે જ લઈ લેશે.

પ્રશ્ન : વિશ્વમાં થોડા જ સમયમાં મિત્રતા તથા પારસ્પરિક સહાયતાના યુગનો પ્રારંભ થશે કે પછી એ અવ્યવસ્થા, અશાંતિ અથવા યુદ્ધમાં સપડાશે ?

ઉત્તર : વિશ્વનું સંચાલન કરનારી એક સર્વોપરી શક્તિ છે. વિશ્વની સંભાળ રાખવાની ફરજ તેની છે. જેણે વિશ્વને જીવન આપ્યું છે તે તેની સુરક્ષાનો પણ ખ્યાલ રાખશે. આ વિશ્વનો ભાર તે ઉપાડે છે, તમે નથી ઉપાડતા.

પ્રશ્ન : સામાજિક સુધારણા વિશે તમે શું માનો છો ?

ઉત્તર : આત્મસુધારણા સમાજસુધારણામાં આપોઆપ પરિણમે છે. તમે આત્મસુધારણામાં આગળ વધો એટલે સમાજસુધારણા એની મેળે થતી રહેશે. હવે હું જ તમને પ્રશ્ન પૂછું. માણસ ટ્રેનમાં બેસે છે ત્યારે પોતાનો સામાન ક્યાં રાખે છે ?

જિજ્ઞાસુ : કાં તો ડબ્બામાં કે પછી લગેજ વાનમાં.

મહર્ષિ : ટ્રેનમાં હોય છે ત્યારે એ સામાનને પોતાના મસ્તક પર કે ખોળામાં નથી રાખતો ?

જિજ્ઞાસુ : એવું તો કોઈ મૂર્ખ જ કરી શકે.

મહર્ષિ : ભક્તિનો કે જ્ઞાનના માર્ગનો આધાર લઈને આત્મવિકાસના આદર્શની પ્રાપ્તિ કરવાનો નિર્ણય કર્યા પછી મનુષ્ય પોતાના જીવનનો બોજો પોતે જ ઉપાડીને ફરે એ તેના કરતાં સોગણું મૂર્ખતાભરેલું છે.

જિજ્ઞાસુ : પરંતુ મારી બધી જ જવાબદારીઓનો કે મારાં બધાં જ કર્તવ્યોનો ત્યાગ કેવી રીતે કરી શકાય ?

મહર્ષિ : તમે મંદિરના શિખરનો વિચાર કરો. એની ઉપર અનેકાનેક મૂર્તિઓ છે. એની છેક નીચેના ભાગમાં પ્રત્યેક ખૂણામાં મળીને ચાર મોટી મૂર્તિઓ આવેલી છે. મંદિરનું મોટું ગગનચુંબી શિખર એ ચાર મૂર્તિઓને આધારે ટકેલું છે.

જિજ્ઞાસુ : એવું કેવી રીતે બની શકે ? ભગવાન શું કહેવા માગે છે તે મારાથી નથી સમજી શકાતું.

મહર્ષિ : હું એટલું જ કહેવા માગું છું કે મારું કથન તમે તમારા જીવનનો બધો બોજો, બધી ચિંતા ને જવાબદારી ઉપાડી રહ્યા છો એ કથન કરતાં વધારે મૂર્ખતાપૂર્ણ નથી લાગતું. બધો ભાર સંસારના સ્વામી ઉપાડી રહ્યા છે, તમે નથી ઉપાડતા. તમારો ભાર તેમને સોંપી શકો છો. તમારે જે કાંઈ કરવાનું હશે તે કરવા માટે તમને સુયોગ્ય સમયે હથિયાર બનાવવામાં આવશે. તમારી ઈચ્છા નહિ હોય ત્યાં સુધી તમારાથી તે નહિ થાય એવું ના માનતા. તમને જે જરૂરી શક્તિ સાંપડે છે તે તમારી ઈચ્છાને લીધે નથી સાંપડતી. એ શક્તિ ઈશ્વરની છે.

* * * * * * * * * * * *

### [૨] માતૃપ્રેમ

કેટલાક માણસો માને છે તેમ મહર્ષિ માતૃપ્રેમથી રહિત ન હતા.

માતા અલઘમ્માની સ્મૃતિમાં વરસોના પરિશ્રમ પછી જે માતૃભૂતેશ્વર મંદિરનું નિર્માણ કરવામાં આવેલું તેની પાછળ એમનો ને સ્વામી નિરંજનાનંદનો માતૃપ્રેમ તો હતો જ, પરંતુ સાથે સાથે એમના હૃદયમાં રહેલી લોકહિતની ઉદાત્ત ભાવના પણ કામ કરી રહેલી. એ મંદિરમાં પ્રવેશનારા લોકોને શાંતિ સાંપડે ને જીવનવિકાસની મહામૂલ્યવાન પ્રેરણા મળે એવી એમની આકાંક્ષા હતી. એ આકાંક્ષાથી પ્રેરાઈને એમણે

પોતાની અસ્વસ્થ શારિરીક દશાની પરવા કર્યા વિના એ મંગલ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા તથા મહાભિષેકમ્‌ની વિધિમાં ખાસ રસપૂર્વક ભાગ લીધેલો. મંદિરમાં થતા પ્રત્યેક ઉત્સવમાં ઉપસ્થિત રહેવાનો એમનો વિશેષ આગ્રહ રહેતો. મંદિરની દીવાલોમાં રાખવા માટે તૈયાર કરાયેલા પ્રત્યેક પદાર્થને તેઓ સ્પર્શ કરતા અને આશીર્વાદ આપતા. રાત્રીના શાંત સમયે, મંદિરમાં બીજું કોઈ ના રહેતું ત્યારે, એ એની પરિક્મ્મા કરતા. એમને માટે એવી વસ્તુ ખરેખર વિરલ હતી, પરંતુ સાધુ અરૂણાચલ એના સાક્ષી બનતા.

મંદિરમાં થયેલી શ્રીચક્રની પ્રતિષ્ઠામાં પણ એમણે ખાસ રસ લીધેલો. કુંભાભિષેકમ્ વખતે મૂર્તિઓને તીર્થોનાં પવિત્ર પાણીથી સ્નાન કરાવવામાં આવ્યુ એની આગલી રાતે એમણે મંદિરના ગર્ભદ્વારમાં જઈને મૂર્તિઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરેલું. એ વખતે ભયંકર ગરમી હોવા છતાં એમણે દોઢેક કલાક લગી અંદર રહીને કારીગરોને સૂચનાઓ આપેલી.

ઉત્સવની અંતિમ રાતે એમણે સૌની સાથે સરઘસાકારે જઈને નવા હોલ અને મંદિરને ખુલ્લું જાહેર કર્યું. મંદિરના અંદરના ભાગમાં પ્રવેશીને શ્રીચક્ર પર એમણે એમના બંને હાથને શુભાશિષ આપતા હોય તેમ મૂકી રાખ્યા. શ્રીચક્રમાં ને મંદિરમાં એમને કેટલી બધી વિલક્ષણતા લાગતી'તી એનું એ પ્રસંગ પરથી દર્શન થયું.

મંદિરની સૌથી પ્રથમવારની એ પછીની વિધિપૂર્વકની પૂજા દરમિયાન મહર્ષિ આખોય વખત હાજર રહ્યા. એમણે સાંજના ભોજન માટે જવાની પણ ના પાડી. પૂજાની પરિસમાપ્તિ પછી જ એ ત્યાંથી વિદાય થયાં. માનવમંગલની ઉત્તમોત્તમ ભાવનાથી તૈયાર થયેલા એ મંગલ મંદિરનું મહત્વ એમને મન કેટલું બધું મોટું હતું એનું અનુમાન એના પરથી સહેલાઈથી કરી શકાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪૦] મહર્ષિની સાધના–૫

### [૧] યોગી અરૂણગિરિ

યોગી અરૂણગિરિ કોઈ સામાન્ય કક્ષાના યોગી ન હતા. એ એક સર્વસમર્થ આત્મનિષ્ઠ અથવા સિદ્ધ યોગી હતા. અથવા હતા શા માટે ? એમના સંબંધમાં હતા એવો ભૂતકાળસૂચક શબ્દપ્રયોગ કરવાને બદલે છે એવો વર્તમાનકાળવાચક શબ્દપ્રયોગ કરવાનું વધારે યોગ્ય લેખાશે. ભક્તો તથા સાધકોની શ્રદ્ધાભક્તિપૂર્ણ માન્યતા છે કે એ અરૂણાચલ પર્વત પર અસંખ્ય વરસોથી મુક્ત કે પૂર્ણ અવસ્થાનો આસ્વાદ લેતા વસી રહ્યા છે. એ પર્વત પરના પરમપવિત્ર પ્રત્યક્ષ દેવતા છે અને કદી કદી કોઈ સૌભાગ્યશાળી સ્વનામધન્ય સાધકો, સંતો કે ભક્તોને પોતાના દૈવી દર્શનથી કૃતાર્થ કરે છે. દેશ અને કાળનાં સર્વસામાન્ય સર્વવ્યાપક બંધનોથી પર થયેલા એ અમર યોગી અરૂણાચલની પવિત્ર પર્વતમાળાને આજે પણ અલંકૃત કરે છે. એ કૃતકૃત્ય મહાયોગીએ આજ સુધી કેટકેટલા સંતો ને સાધકોના જીવનને પોતાની અમીદૃષ્ટિથી અમૃતમય કર્યાં એનો પ્રમાણભૂત કડીબંધ ઈતિહાસ કોની પાસે છે ?

મહર્ષિને એ મહાશક્તિશાળી સિદ્ધ મહાયોગી પ્રત્યે અનંત આકર્ષણ હતું. એમના અંતરમાં એમને માટે અપાર અનુરાગ હતો. એની પ્રતીતિ એમના જીવન પરથી થયા વિના નથી રહેતી. અરૂણાચલ પરના નિવાસ દરમિયાન એમને એ સર્વસમર્થ સિદ્ધેશ્વરના સાક્ષાત્કારનો લાભ મળ્યો હશે એવું માનવામાં હરકત નથી. કારણ કે એ જો અરૂણાચલ પર રહેતા હોય તો એમના જ સ્થળમાં એમના અસાધારણ અતિથિવિશેષ તરીકે આવેલા મહર્ષિથી દૂર ના રહી શકે. મહર્ષિના અંતરમાં એમને માટે જે અદ્દભુત આદરભાવ હતો તે કોઈ પણ પ્રકારની સ્વાનુભૂતિ સિવાય એમ ને એમ તો ના જ પ્રકટી શકે. એમનો અનુભવ એમને અનેકવાર એક અથવા બીજી રીતે મળતો રહ્યો હશે. એમના પ્રત્યેના આદરભાવની અભિવ્યક્તિ એમના સાધુ અરૂણાચલ સાથેના નીચેના વાર્તાલાપમાં અત્યંત સરસ રીતે થયેલી જોવા મળે છે :

સાધુ અરૂણાચલ : અરૂણગિરિ યોગી કોણ છે ?

મહર્ષિ : એ ઈશ્વર વિના બીજા કોણ હોઈ શકે ?

એ શબ્દોમાં દેખાતી શ્રદ્ધાભક્તિ સામાન્ય તો નથી જ. મહાત્મા પુરૂષોને સુદીર્ઘ સાધનાકાળ દરમિયાન નાના મોટા અસંખ્ય અવનવીન અનુભવો થતા હોય છે. એ બધા જ અનુભવોની અભિવ્યક્તિ એ બીજાની આગળ કરતા જ હોય છે એવું નથી સમજવાનું. અભિવ્યક્તિનો આધાર એમની સ્વતંત્ર ઈચ્છા પર અથવા ઈશ્વરેચ્છા પર રહેતો હોય છે. એટલે જે અનુભવોની અભિવ્યક્તિ એમણે ના કરી હોય એ અનુભવો એમને નહિ જ થયા હોય એવો એકપક્ષીય અભિપ્રાય ના આપી શકાય. નિર્ણય તો બાંધી જ ના શકાય. મહર્ષિના સંબંધમાં પણ એ વિધાન સાચું ઠરે છે. અરૂણગિરિના સંબંધમાં એમણે વધારે વાતો નથી કરી, પરંતુ જે કરી છે એ એમને માટેના પ્રેમને પ્રકટ કરવા પૂરતી છે.

યોગી અરૂણગિરિ અરૂણાચલ પર્વત પર એક વિશાળ વટવૃક્ષની નીચે નિવાસ કરે છે એ વાત ભક્તોમાં લાંબા વખતથી ચાલી આવે છે ને અવારનવાર ચર્ચાતી રહે છે. એમના અને એ વિશાળ વટવૃક્ષનાં દર્શન માટે કેટલાય લોકો પર્વતનો પ્રવાસ કરે છે. મહર્ષિ પણ પર્વતના વિભિન્ન જ્ઞાત–અજ્ઞાત પ્રદેશમાં ખૂબ

જ રસ, આનંદ અને આદરપૂર્વક ફરતા રહેતા. અરૂણગિરિ જે વટવૃક્ષ નીચે વાસ કરે છે તે વટવૃક્ષ પર્વતની ઉત્તર તરફની તળેટીના જંગલમાં આવેલું છે એમ કહેવાય છે. પોતાના પર્વત પરના પરિભ્રમણ દરમિયાન એક દિવસ અચાનક એ વટવૃક્ષનાં વિશાળ પાંદડાં મહર્ષિની નજરે પડ્યાં. એ પાંદડાં નીચે પૃથ્વી પર પડેલાં ને એકાદ ફૂટ જેટલા ઘેરાવાવાળાં હતાં.

કહે છે કે મહર્ષિ એક દિવસ એ ઐતિહાસિક સુપ્રસિદ્ધ રહસ્યમય સિદ્ધ સ્થળની શોધમાં ચાલી નીકળ્યા. એમના અંતરમાં અનંત ઉત્સાહ ઉછાળા મારી રહેલો. લાબાં વખતના પરિભ્રમણ પછી એમણે દૂરથી એ અત્યંત વિશાળ વૃક્ષને જોયું પણ ખરું. એમનું અંતર આનંદમગ્ન બની ગયું. યોગી અરૂણગિરિના એ સુંદર સ્થાનને નિહાળવાની ને યોગીનાં પ્રત્યક્ષ દર્શનની ઉત્કંઠાથી એ આગળ વધ્યા. પરંતુ એમનો પુરૂષાર્થ અટકી પડ્યો. એ સ્થળની આસપાસ કાંટાવાળી થોરની મોટી ગીચ વાડ હોવાથી એમને માટે આગળ વધવાનું એકદમ અશક્ય બન્યું. એમણે એમાંથી રસ્તો કાઢવાનો પ્રયાસ કર્યો પરંતુ એ પ્રયાસ સફળ બનવાને બદલે ઊલટો હાનિકારક થઈ પડ્યો. એમનાથી અજાણે એક મધપૂડાને દખલ પહોંચવાથી છંછેડાયલી મધમાખીઓએ એમની ઉપર આક્રમણ કરીને એમને ચટકા ભરવા માંડ્યા. જ્યાં સુધી એમનો રોષ શમ્યો નહિ ત્યાં સુધી એ એમના અપરાધનો દંડ ભોગવતા ત્યાં જ ઊભા રહ્યા.

છેવટે આગળ વધવાનો વિચાર પડતો મૂકીને એ પાછા ફર્યા. એમનો સ્વાનુભવ સાંભળીને કેટલાક ભક્તો ને જિજ્ઞાસુઓનો ઉત્સાહ વધી પડ્યો.

એમનામાંના થોડાકે એ દૈવી સિદ્ધ સ્થળની શોધ કરવાનો સંકલ્પ કર્યો.

એ સંકલ્પની સિદ્ધિ માટે ઈ.સ. ૧૯૪૨ કે ૧૯૪૩માં એક દિવસ સવારે ભક્તોની એક મંડળીએ અરૂણાચલ પર્વતના પરમપવિત્ર પ્રદેશમાં પ્રયાણ કર્યું.

મહર્ષિએ એ મંડળીને આગળ વધવાની ના પાડી ને જણાવ્યું કે તમારો પ્રયત્ન નિષ્ફળ જશે–છતાં પણ મંડળી એમને કહ્યા વિના જ આગળ વધી.

કુંજુ સ્વામીએ એની આગેવાની લીધી.

પર્વત પર પરિભ્રમણ કરતાં કરતાં બધા ભક્તો થાકી ગયા ને જંગલમાં ભૂલા પડ્યા. અવારનવાર પ્રયત્નો કરવાં છતાં એમને રસ્તો ના જડ્યો ત્યારે એ એકદમ નિરાશ બની ગયા ને મદદ માટે ઈશ્વરને પ્રાર્થના કરવા માંડ્યા. એ પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે કે બીજા ગમે તેને લીધે એ ઘોર જંગલમાં એમની પાસે કોઈ ગામડિયા જેવો દેખાતો માણસ આવી પહેંચ્યો. એને જોઈને એમના અંતરમાં આશા પ્રકટી. એમણે એમની આપવીતી કહી બતાવી એટલે એ વૃદ્ધ પુરૂષે એમને તરત જ રસ્તો બતાવ્યો. એ જોઈને એ બધા આભા બની ગયા.

આખરે એ બધા જેમતેમ કરીને સહીસલામત રીતે આશ્રમમાં આવી પહોંચ્યા ને મહર્ષિને મળ્યા ત્યારે મહર્ષિએ એમને એમના એ અવિચારી કૃત્યને માટે મીઠો ઠપકો આપ્યો ને કહ્યું કે તમારે મારી અનુમતિની ઉપરવટ થઈને આવો પ્રયત્ન નહોતો કરવો જોઈતો. તમારા જેવા સામાન્ય માણસોને માટે એવા મહાન યોગીનું ને સુંદર સ્થળનું દર્શન કાંઈ રસ્તામાં નથી પડ્યું.

ભક્તોને પર્વત પર અણીને વખતે મળેલો એ અપરિચિત એકાકી વૃદ્ધ પુરૂષ ખરેખર રહસ્યમય હતો. એ કોણ હશે અને કેવી રીતે આવી પહોંચ્યો ? શું એ અરૂણાચલના પરમ પવિત્રપ્રદેશમાં રહેનારા કોઈ પ્રાતઃસ્મરણીય સિદ્ધ પુરૂષ હશે કે જેમની શોધમાં એ બધા પરમ શ્રદ્ધાભક્તિથી ભરપૂર બનીને ચાલી નીકળેલા એ યોગી અરૂણગિરિ પોતે જ હશે ? એ રહસ્યમય રૂપમાં એ સ્વેચ્છાએ એમને માર્ગદર્શન આપવા આવ્યા હશે ? એ વિશે અનુમાન કરવાનું જ શેષ રહે છે. તો પણ એ વ્યક્તિ ખરેખર અસાધારણ અને પર્વતમાળાનો પૂરો પરિચય ધરાવનારી હતી એમાં સંદેહ નહિ.

મહર્ષિ જેવા મહાપુરૂષનો એ સ્થળમાં પહોંચવાનો પ્રયત્ન પણ એ દિવસે અધૂરો રહ્યો એનું કારણ શું સમજવું ? એનું કારણ એ તો નહિ હોય કે મહર્ષિ એ સુંદર સિદ્ધ સ્થળને જોઈને પાછા ના ફરત, ત્યાં જ રહી જાત, અને એવો અવસર હજુ નહોતો આવ્યો ? એમને હજુ આશ્રમમાં રહીને કેટલુંય લોકોપયોગી કાર્ય કરવાનું હતું માટે ? એ સૂક્ષ્મ રૂપે એમની વિશેષ શક્તિથી એ સ્થળમાં જરૂર પહોંચ્યા હશે પરંતુ એ દિવસનો એમનો સ્થૂળ પ્રયત્ન અધૂરો રહ્યો એ પણ સહેતુક જ હશે.

### [૨] બીજા સિદ્ધો વિશે

અરૂણાચલ પર્વત પર બીજા પણ કેટલાક સિદ્ધ, યોગીઓ અથવા આત્મદર્શી પૂર્ણ જ્ઞાની મહાપુરૂષો રહેતા હશે એવું મહર્ષિના અનુભાવાત્મક ઉદગારો પરથી સમજી શકાય છે. એ સંબંધમાં અરૂણાચલની સરખામણી પ્રખ્યાત ગિરનાર પર્વત સાથે કરી શકાય. બંનેના પ્રદેશમાં આજે પણ અનેક સિદ્ધો નિવાસ કરે છે એવું કહેવાય છે.

એ વિશેના મહર્ષિના મંતવ્યનો પડઘો એક નાના સરખા છતાં સુંદર પ્રસંગમાં બહુ સારી રીતે પડે છે.

એક દિવસ રાતે આશ્રમની પાછળના પર્વતની શિલા પર ઊભા રહીને એક કૂતરાએ જોરશોરથી ભસવા માંડ્યું. કોઈને એના ભસવાનું કારણ ના સમજાયું. આશ્રમવાસીઓના એને શાંત કરવાના કે નસાડી મૂકવાના સઘળા પ્રયત્નો નકામા ગયા. આખરે મહર્ષિએ એને ખાવાનું આપવાની આજ્ઞા આપી. એ આજ્ઞાનો તરત અમલ કરવામાં આવ્યો. ભોજન જોઈને કૂતરાએ ભસવાનું તરત જ બંધ કર્યું. થોડીવારમાં એણે ભોજન કરી લીધું ને પર્વતીય પ્રદેશ પ્રતિ પ્રયાણ કર્યું.

એ કૂતરો પછી કદી પણ ના દેખાયો ત્યારે આશ્રમવાસીઓને એને માટે કુતૂહલ થયું.

એ કુતૂહલને શાંત કરતાં મહર્ષિએ જણાવ્યું કે એ રાતે આવેલો કૂતરો કોઈ સામાન્ય કૂતરો ન હતો. અરૂણાચલ પર રહેનારા કોઈક સિદ્ધ પુરૂષે ક્ષુધાને સંતોષવા માટે પોતાની ઈચ્છાનુસાર એનું સ્વરૂપ ધારણ કરેલું, માટે જ મેં એને ઓળખી લઈને ભોજન આપવાનો આદેશ આપેલો. સિદ્ધો પોતાના મનપસંદ રૂપમાં રહેતા ને ફરતા હોવાથી એમના અસલ વાસ્તવિક સ્વરૂપને કોઈક જ સમજી શકે છે : જેમની ઉપર એમની અહેતુકી કરુણા કે કૃપા થાય છે તે કોઈક જ.

આશ્રમવાસીઓને એ કૂતરાની અસાધારણતાની ત્યારે જ ખબર પઢી. એ તો એને કોઈ સાધારણ કૂતરો જ સમજતા'તા.

મહર્ષિએ એ વખતે જણાવ્યું કે પર્વત પર એવા તો કેટલાય સમર્થ સંતો છે. એ સંતો અપ્રકટ રહેવામાં આનંદ માનતા હોવાથી આવાં જુદાં જુદાં રૂપોને ધારણ કરીને આવતા હોય છે.

એકવાર એક ભક્તે એમને પૂછ્યું :

'પર્વત પર સદાને માટે સાત જ્ઞાની પુરૂષો વાસ કરે છે એ હકીકત સાચી છે ?'

એમણે તરત જ ઉત્તર આપ્યો :

'એથી વધારે જ્ઞાની પુરૂષો પણ હોઈ શકે. એ સંબંધી સાચી ખબર કોને પડી શકે ? એમને ઓળખી પણ કોણ શકે ? કોઈક વાર એ સાધારણ ભિક્ષુકના રૂપમાં તો કોઈક વાર કોઈ બીજા વેશમાં ફરતા હોય છે. એ કયા વેશમાં ને ક્યાં નથી રહેતા તે વિશે કશું જ ચોક્કસપણે ના કહી શકાય. '

## [૩] અવતાર વિશે

મહર્ષિ પોતે અરુણગિરિના અવતાર તો નહોતા ? અરૂણાચલ પર્વત પર રહેનારા એ સર્વસમર્થ મહાયોગી અરુણગિરિ પોતે જ અરૂણાચલનો અને એની સાથે સાથે આધ્યાત્મિકતાનાં મહત્વનાં મૂલ્યોનો જયકાર કરવા એમના રૂપમાં પાર્થિવ શરીર સાથે નહોતા પધાર્યા ? ભક્તોના મનમાં એવા પ્રશ્નો અવારનવાર પેદા થયા કરતા. એમના પ્રશ્નો આધારરહિત અથવા અસ્થાને નહોતા. એમને કેટલાક બીજા ભક્તો સુબ્રહ્મણ્યમના અવતાર પણ માનતા. એ બાબત એમની પોતાની દૃષ્ટિ કેવી વિલક્ષણ હતી એ જાણવાનું રસપ્રદ થઈ પડશે.

મહર્ષિ પોતાને અવતાર માનવા-મનાવવાથી મુક્ત હતા. એવી પદ્ધતિ એમને પસંદ ના પડતી એમ કહીએ તો ચાલે. એમને અવતાર માનીને એમના મહિમામાં અભિવૃદ્ધિ કરવા માગનારા એવું કરવા સ્વતંત્ર હતા, પરંતુ એના વિના પણ એ મહિમામય હતા જ.

એકવાર એક સંન્યાસીએ એમની મુલાકાત લીધી. એ સંન્યાસી એવું માનતા કે એમના ગુરૂ સિવાય બીજા કોઈને આત્મસાક્ષાત્કાર થયો જ નથી ને ના થઈ શકે. એટલે એમણે એમને ઉત્તેજનાયુક્ત સ્વરે પૂછ્યું :

'લોકો માને છે કે તમે સુબ્રહ્મણ્યમના અવતાર છો. તમારે એ સંબંધી શું કહેવાનું છે ? '

મહર્ષિ મૂક રહ્યા એટલે એમણે ફરી પૂછ્યું :

'જો એ હકીકત સાચી હોય તો એ બાબત મૌન શા માટે રાખી રહ્યા છો ? તમે સત્યની જાહેરાત કેમ નથી કરતાં ?'

મહર્ષિએ એનો પણ ઉત્તર ના આપ્યો એટલે એમણે કહ્યું :

'અમારે જાણવું છે એટલે તમારે કહેવું જ પડશે. '

મહર્ષિ કોઈ પણ પ્રકારની ઉત્તેજના સિવાય શાંતિપૂર્વક બોલ્યા :

'અવતાર તો ઈશ્વરનો આંશિક આવિર્ભાવ હોય છે, પરંતુ જ્ઞાની ઈશ્વર પોતે હોય છે.'

સંન્યાસી એ ઉત્તર સાંભળીને શાંત બની ગયા.

એ શબ્દો દ્વારા મહર્ષિની પૂર્ણ પરમાત્મનિષ્ઠ અભેદભાવયુક્ત અલૌકિક અવસ્થાનો પરિચય થાય છે. એ બધી જ જાતના ભેદભાવો અને સામાન્ય અથવા અસામાન્ય આધ્યાત્મિક અહંકારોથી મુક્ત હતા અને

અહર્નિશ અખંડ આત્માનુસંધાનમાં મગ્ન રહેતા. એ પોતાને અવતાર તરીકે ઓળખાવવામાં જરા પણ ગૌરવ ના લેતા. એમનું વર્તમાન જીવન ખુલ્લી કિતાબ જેવું હતું અને એમની અસાધારણતાની પ્રતીતિ કરાવવા માટે પર્યાપ્ત થતું.

* * *    * * *    * * *    * * *

દક્ષિણ ભારતનાં લગભગ સઘળાં શિવમંદિરોમાં દક્ષિણામૂર્તિની પ્રતિમા જોવા મળે છે. એની પૂજાની પરંપરા પણ પ્રચલિત છે. એ વિશાળ વટવૃક્ષની નીચે શાંતિપૂર્વક વિરાજ્યા હોય છે. એમની સામે ચાર શિષ્યો હોય છે. મહર્ષિના અનેક પ્રશંસકો કે ભક્તોને એમની સંનિધિમાં દક્ષિણામૂર્તિનું સ્મરણ થઈ આવતું અને એ એમને દક્ષિણામૂર્તિના અવતાર માનતા. એ દક્ષિણામૂર્તિની અભિનવ આવૃત્તિ જેવા શાંત બેસી રહેતા, એમની ઉપસ્થિતિથી જ બીજાની શંકાઓનું સમાધાન કરતા, બીજાને પ્રેરણા તથા શાંતિ આપતા ને આત્માથી આત્મા સાથે આવશ્યક્તાનુસાર વાતો કરતા. કેટલાય લોકો એમને પ્રશ્નો પૂછવા આવતા પરંતુ એમની પાસે બેસીને જરૂરી માર્ગદર્શન મેળવી લેતા ને કોઈ પણ પ્રકારના પ્રશ્નો પૂછ્યા વિના જ સંતોષપૂર્વક પાછા ફરતા. કેટલીક વાર એમના સહજ રીતે બોલાયેલા થોડાક શબ્દો જ સાધકોના જીવનમાં પ્રકાશ ભરતા. એ કહેતા કે ‘મૌન જેવો સર્વોત્તમ સદુપદેશ બીજો કોઈ નથી; પરંતુ આગળ વધેલા સાધકોને જ એ અનુકૂળ આવે છે. બીજા તેમાંથી પૂરી પ્રેરણા નથી પ્રાપ્ત કરી શકતા તેથી સત્યને સમજાવવા શબ્દોનો ઉપયોગ કરવો પડે છે. વ્યાખ્યાનો અમુક વખત સુધી લોકોને આનંદ આપે અને એ છતાં પણ અસર ના પહોંચાડે એવું બની શકે, પરંતુ મૌનની અસર શાશ્વત હોય છે અને સૌને લાભ પહોંચાડે છે. એ ના સમજાય તો પણ હરકત નહિ. સત્ય શબ્દોથી પર હોય છે. વ્યાખ્યાનો મૌન જેટલાં સહજ અને અસરકારક નથી હોતાં. દક્ષિણામૂર્તિ આદિ અને આદર્શ ગુરૂ છે. એમણે મૌન દ્વારા ઉપદેશ આપેલો. ’

દક્ષિણામૂર્તિના સંબંધમાં એક કથા પ્રચલિત છે કે બ્રહ્માનું મન સૃષ્ટિરચનાના કાર્યમાંથી ઉપરામ થઈ ગયું હોવાથી એમાંથી મુક્તિ મેળવવાની ઈચ્છાથી એમણે ચાર કુમારોને પ્રકટ કર્યા. એ ચારે કુમારો સનક, સનંદન, સનાતન, સનત્કુમાર આત્મજ્ઞાનથી અલંકૃત હોવાથી સૃષ્ટિકાર્યમાં રસ લેવાને બદલે મુક્તિની શ્રેયસ્કર સાધનાની દીક્ષા માટે તૈયાર થયા. બ્રહ્માએ એમને દીક્ષા આપવાની ના પાડવાથી એમનો ત્યાગ કરીને એ કોઈક બીજા સદ્ગુરૂની શોધમાં નીકળી પડ્યા. એમના સદ્ભાગ્યે એમની દૃષ્ટિ વિશાળ વટવૃક્ષ નીચે બેઠેલા સદ્ગુરૂ દક્ષિણામૂર્તિ પર પડવાથી એમને આપોઆપ શાંતિ મળી. એમણે એમની પાસે રહીને જ્ઞાન મેળવ્યું. એ જ્ઞાન મૌન દ્વારા જ મળેલું.

મહર્ષિ અર્વાચીન ભારતીય સાધનાના દક્ષિણામૂર્તિ હતા. દક્ષિણામૂર્તિ પોતે જ જાણે કે એમના રૂપમાં પ્રકટ થયા છે ને કાર્ય કરી રહ્યા છે એવું કેટલાયને લાગ્યા કરતું. એ લાગણી કાંઈ અસ્થાને નહોતી જ. એમનું મૌન સાચા સાધકોને કેવી રીતે સહાયતા કરતું એ વિશે જૂના હોલમાં વરસો પહેલાં બનેલો એક પ્રસંગ યાદ કરવા જેવો છે.

એકવાર એક કાશ્મીરી સદ્ગૃહસ્થે એમના નોકર સાથે આશ્રમની મુલાકાત લીધી. એ આશ્રમના સંચાલકોની અનુમતિ મેળવીને આશ્રમમાં રહેવા લાગ્યા. એમને કામકાજમાં થોડીક મુશ્કેલી પડવા માંડી કારણ કે એ પોતાની માતૃભાષા કાશ્મીરી વિના બીજી ભાષાનો શબ્દ પણ ના સમજતા.

એક દિવસ રાતે હોલમાં અંધકારને અજવાળતું એક માત્ર ફાનસ સળગી રહેલું ત્યારે એ સદ્‌ગૃહસ્થનો નોકર મહર્ષિ પાસે પૂજ્યભાવે ઊભો રહીને એની ભાષામાં કશુંક ઉતાવળા સ્વરે બોલવા લાગ્યો.

મહર્ષિ કાંઈ પણ બોલવાને બદલે એના તરફ શાંતિથી જોતા પડી રહ્યા.

થોડાક વખત પછી નોકરે સંપૂર્ણ સમાધાન થયું હોય એવા સંતોષ સાથે નમસ્કાર કરીને એમની વિદાય લીધી.

એના મનોભાવની બીજા કોઈ કાર્યકર્તાઓને માહિતી ના મળી.

બીજે દિવસે સવારે પેલા સદ્‌ગૃહસ્થે હોલમાં પહોંચીને મહર્ષિના આશ્ચર્ય વચ્ચે કહ્યું :

'ભગવાન, તમે કાશ્મીરી બોલી શકો છો એ તો મને કદી કહ્યું નહિ. એ સારું કહેવાય ? '

મહર્ષિએ પૂછ્યું : 'એટલે ? તમે શું કહેવા માગો છો ? મને તમારી ભાષાનો એક અક્ષર પણ નથી આવડતો. '

મહર્ષિએ એમના વિધાનની સ્પષ્ટતા માગી તો એ સદ્‌ગૃહસ્થે જણાવ્યું :

'કાલે રાતે મારા નોકરે તમારી પાસે આવીને કાશ્મીરી ભાષામાં કેટલાક પ્રશ્નો પૂછેલા. એણે જણાવ્યું કે તમે એના સઘળા પ્રશ્નોના ઉત્તરો આપીને એની શંકાઓનું સમાધાન કરી દીધું.'

'પરંતુ મેં તો મારું મોઢું જ નથી ઉઘાડ્યું.' મહર્ષિએ ખુલાસો કર્યો.

આત્મવિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થા પર પહોંચેલા મહાપુરૂષ મુખને ખોલ્યા વિના કેવળ મૌન દ્વારા અને શાંત શક્તિસંક્રમણની મદદથી બીજાને કેટલી બધી નક્કર ને સત્વર સહાયતા કરી શકે છે એની સમજ એ નાનાસરખા પ્રસંગ પરથી સારી પેઠે પડી શકે છે. એ સહાયતાના સૂક્ષ્મ મંગલમય માર્ગમાં દેશ, કાળ કે ભાષા કશું જ અંતરાયરૂપ નથી થતુ. એમાં તો આત્મા બધી જ જાતનાં બાહ્ય બંધનોને તોડી નાખીને આત્મા પાસે પહોંચી જાય છે ને ધારેલા કાર્યની સિદ્ધિ કરે છે.

પોતાને અકાળે પૂર્ણ, મુક્ત ને મહાન માની બેઠેલા સાધકો તથા સંતોએ આ પ્રસંગમાંથી ઘણું શીખવાનું છે ને જરૂરી બોધપાઠ લઈને મિથ્યાભિમાનને મૂકીને આત્મવિકાસને માર્ગે આગળ વધવાનુ છે.

**[૪] નમ્રતા**

મહર્ષિ એટલા બધા મહાન તથા શક્તિશાળી હતા ને ભક્તોની દૃષ્ટિએ અવતાર જેવા મનાતા તો પણ બાળક જેવા નિર્દોષ ને નમ્ર હતા એમનામાં અહંકાર કે આડંબર નહોતો દેખાતો. કેટલાક લોકો અમુક પ્રકારની સિદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી સ્વૈરવિહારનું લાયસન્સ મળી ગયું માને છે ને સમજે છે કે હવે આપણે જેમ ફાવે તેમ વર્તી શકીએ : આપણને હવે કોઈ યે જાતનું બંધન નથી રહ્યું. પરંતુ મહર્ષિ એવા અંધ સ્વૈરવિહારમાં નહોતા માનતા. એમનો સ્વભાવ શરૂઆતથી માંડીને છેવટ સુધી પવિત્ર ને પારદર્શક રહ્યો.

એ કોઈ પ્રકારની પૂજામાં રસ ના લેતા. લોકો એમના શરીરને કે ચરણને સ્પર્શ કરતા તો એથી પણ એ પ્રસન્ન ના થતા. કેટલાય ભાવિક લોકો એમના ચરણ પર મસ્તક મૂકવા અને એમને માળાઓ પહેરાવવા માગતા. કેટલાક તો મહર્ષિ એમની અંગત મિલકત હોય તેમ એમના પર સર્વાધિકાર સ્થાપિત કરવા અને એમને એમની ઈચ્છાનુસાર ચલાવવા માગતા. એ મહર્ષિની અનુકૂળતા અથવા અભિરુચિનો વિચાર એટલો

ના કરતા. પરંતુ મહર્ષિ પોતાની પદ્ધતિને પકડી રાખતા અથવા એના પાલનમાં સદા મક્કમ રહેતા. એથી કેટલાક અજ્ઞ માણસોને ખોટું પણ લાગતું. ધર્મ ને સંતસેવાને નામે સમાજમાં પ્રવર્તતી મિથ્યા ધારણાઓ તથા પરંપરાઓને એ કદી પણ ના પોષતા એ તો ખરું જ, પરંતુ એથી આગળ વધીને એમનો મક્કમ વિરોધ પણ કરતા રહેતા.

કેટલાક લોકો ગુરૂ કે સંતના ચરણપ્રક્ષાલનના પાણીને પવિત્ર ને પુણ્યપ્રદાયક માનીને એનું આચમન કરે છે તો બીજા કેટલાક એમના ખાધેલા અન્નને મહાપ્રસાદ સમજીને ગ્રહણ કરવાનો આગ્રહ સેવે છે. મહર્ષિના સમયમાં પણ એવા શ્રદ્ધાળુ લોકો ન હતા એમ નહિ. એમના સંસર્ગમાં આવનારા કેટલાક લોકો એવી પ્રથાઓના પાલનનો આગ્રહ રાખતા. એમના પ્રત્યેની એમની પ્રતિક્રિયા જાણવા જેવી હતી. કેટલીક વૃદ્ધાઓ એમના સ્નાન કર્યા પછીના પાણીનું આચમન લેવા સ્નાનાગારની બહાર પ્રતીક્ષા કરતી, તો કેટલીક પર્વત પરથી એ પરિભ્રમણ કરીને પાછા ફરતા ત્યારે એમના પાદપ્રક્ષાલનના પૃથ્વી પર પડેલા પાણીની અંજલિ લઈને કૃતાર્થ થવાની કોશિષ કરતી. કેટલાક એમણે ભોજન માટે વાપરેલા પતરાળામાંથી પ્રસાદ લેવા માટે આતુર રહેતા અને એવી પ્રસાદપ્રાપ્તિમાં સૌભાગ્ય સમજતા.

મહર્ષિ એવાં સ્ત્રીપુરૂષોને જરા પણ ઉત્સાહિત ના કરતા. એમના તરફથી એમને કોઈ પણ પ્રકારનું ઉત્તેજન ના મળતું. આશ્રમમાં ભોજન કર્યા પછી બધા પોતપોતાના પતરાળાને પોતાની મેળે જ ઉપાડી લેતા. ફક્ત મહર્ષિનું પતરાળું નોકર દ્વારા ઉપાડવામાં આવતું. એ પતરાળું નોકર કે પરિચારક દ્વારા બરાબર ઉપાડીને ફેંકી દેવામાં આવે ને કોઈનાય હાથમાં ના જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવતું. કેટલીકવાર મહર્ષિની જાણ બહાર એ પતરાળાનો પરિચારક દ્વારા પોતાના ભોજન માટે ઉપયોગ કરવામાં આવતો પણ એવો ઉપયોગ અપવાદરૂપે જ થયા કરતો. લાગતાવળગતા પરિચારકને એ ઉપયોગ મહર્ષિથી છુપાવીને જ કરવો પડતો.

એકવાર મહર્ષિએ ભોજન કરતી વખતે એક નાની છોકરીને એમનું રસપૂર્વક નિરીક્ષણ કરતી જોઈ. એની સાથે એનાં માતાપિતા પણ હતા. મહર્ષિના પૂછવાથી એમણે સ્પષ્ટીકરણ કર્યું કે છોકરી એ ભોજન પૂરું કરી લે તેની પ્રતીક્ષામાં છે કારણ કે એમણે ઉપયોગમાં લીધેલા પતરાળામાં ભોજન કરવાની એની અભિલાષા છે.

મહર્ષિને એ ખુલાસો જરા પણ પસંદ ના પડ્યો. એથી એ રોષ વ્યક્ત કરવા લાગ્યા. એમણે એ ઘટના સાથે સંકળાયેલા સૌને દંડ દેવાનો વિચાર કર્યો ને જણાવ્યું કે આજથી રોજ ભોજન કર્યા પછી મારા પતરાળાને હું મારી મેળે જ નાખી દઈશ, જેથી કોઈના હાથમાં એ આવે જ નહિ ને કોઈ એને પવિત્ર માનીને એનો ઉપયોગ જ ના કરી શકે.

ભક્તો એ નિર્ણય સાંભળીને દુઃખી થયા. ખાસ તો એટલા માટે કે મહર્ષિને સંધિવા હોવાથી ભોજનાલયની બહારનાં પગથિયાં પરથી લાકડીના ટેકા વગર પસાર થવાનું એમને માટે મુશ્કેલ હતું, અને બંને હાથમાં પતરાળું પકડીને ચાલતી વખતે લાકડી સાથે ચાલવાનું જરા પણ શક્ય ન હતું. એમણે એમને સમજાવવાનો બનતો બધો જ પ્રયાસ કરી જોયો પરંતુ એ ના સમજ્યા. એમનો નિર્ણય અફર રહ્યો. એથી એમની ચિંતા વધી ગઈ.

બધાએ વિચાર્યું કે આ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી કોઈ પ્રકારે રસ્તો કાઢવો જોઈએ. પરંતુ રસ્તો કેવી રીતે કાઢવો તેની સમજ એમને ના પડી. આખરે એક સ્ત્રીભક્તે પ્રસ્તાવ મૂક્યો કે મહર્ષિના પતરાળાનું ધ્યાન પોતે જ રાખશે અને એનો નિકાલ એવી રીતે કરશે કે એ કોઈના હાથમાં આવશે જ નહિ. શરૂઆતમાં તો મહર્ષિએ એ પ્રસ્તાવને માન્ય ના રાખ્યો; કારણ કે એમના સંબંધમાં આવો અપવાદરૂપ વ્યવહાર કરવામાં આવે એ એમને પસંદ ના પડ્યું, પરંતુ પાછળથી બીજો વચગાળાનો રસ્તો કાઢવામાં આવ્યો.

પછી તો એવી પ્રથાનો પ્રારંભ કરવામાં આવ્યો કે ભોજન ખંડમાં જમનારા બધાએ પોતાનાં પતરાળાં મૂકી રાખવાં. એમનો નિકાલ કરવાની જવાબદારી એ સ્ત્રીભક્તે ઉપાડી લીધી. થોડા વખત સુધી તો એ પ્રથા ચાલી પણ ખરી, પરંતુ પાછળથી પતરાળાનો નિકાલ કરવાનું મહત્વનું કામ એ સ્ત્રીભક્તને બદલે આશ્રમના સેવકે ઉપાડી લીધું. એ પ્રથા અનુકૂળ થઈ પડી, ચાલુ રહી અને આજ સુધી ચાલુ છે.

* * *        * * *        * * *        * * *

મહર્ષિ પોતાને માટે કોઈપણ પ્રકારનો પક્ષપાત બતાવવામાં આવે તો તેનો મક્કમ રીતે વિરોધ કરતા. એ ભોજનાલયમાં સૌની સાથે જ જમવા બેસતા. જે સૌને પીરસાતું એ એમને પણ પીરસવામાં આવતું. એ સંબંધી કોઈ વિશેષ છૂટછાટ લેવાનું એમને બિલકુલ પસંદ ના પડતું. એ કહેતા કે આશ્રમ પર મારો કોઈ પ્રકારનો અધિકાર નથી એટલે મારે માટે ખાનપાનની વિશેષ વ્યવસ્થા ના કરવી જોઈએ. એમને માટે કોઈ ખાસ ખાદ્યપદાર્થ લાવવામાં આવતો તો એ જણાવતા કે મારે માટે એ ઉપયોગી હશે તો બીજાને માટે પણ એટલો જ ઉપયોગી હશે, માટે એ બધાને વહેંચી દો : હું એકલપેટાવૃત્તિથી એનો ઉપયોગ કદાપિ નહિ કરી શકું. એમને કોઈ પણ વસ્તુની મમતા અથવા આસક્તિ ન હતી.

એમનું જીવન એકદમ સાદું, સરળ અને આડંબરથી રહિત હતું. એ પોતાની મહત્તાને બતાવવાનું કદી પણ પસંદ ના કરતા. સ્વભાવથી જ એ પરમ દયાળુ, કૃપાળુ ને નિઃસ્વાર્થ હતા, અને એટલા માટે તો બીજાના મંગલ મહાન કાર્યમાં તત્પર બનેલા. પોતાના જાજ્વલ્યમાન જીવનમાં પ્રાપ્ત કરેલી કે પકાવેલી આત્મવિકાસની સામગ્રીને પોતાની જ સુખશાંતિ માટે વાપરવાને બદલે બીજાને માટે વાપરવા તૈયાર થયેલા. સમાજ પાસેથી શરીરધારણ પૂરતું ઓછામાં ઓછું લઈને બદલામાં વધારેમાં વધારે આપવાની એમની તૈયારી હતી. એ સાચા અર્થમાં સ્થિતપ્રજ્ઞ હતા. એમના સ્વભાવ પ્રમાણે સૌની સાથે જમીન પર બેસવાનું એમને પસંદ પડતું તો પણ ભક્તો તથા દર્શનાર્થીઓની સગવડનો ખ્યાલ રાખીને એ કોચનો ઉપયોગ કરતા. વરસો સુધી એ કોચ જ એમના ઘરના નાનકડા ખંડ જેવો બની ગયેલો.

☼ ☼ ☼ ☼ ☼

## [૪૧] મહર્ષિની સાધના - ૬

### [૧] આહારવિહાર

કેટલાક સંતો પોતાના શિષ્યો ને સાધકો ગમે તેવો આહાર કરે તેને ચલાવી લે છે ને કહે છે કે આહારવિહારનું મહત્વ આત્મસાક્ષાત્કારની સાધનામાં કશું નથી. મુખ્ય મહત્વ મનનું છે. તેનું ધ્યાન રાખો એટલે થયું. પછી ગમે તેવો આહારવિહાર કરશો તો પણ સાધનામાં કે એની સિદ્ધિમાં કશી હરકત નહિ આવે.

કોઈ કોઈ સંતો તો માંસાહારનું ખુલ્લી રીતે કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય સમર્થન કરે છે ને પોતે પણ એનો આધાર લેતા હોય છે. સાધનામાં મુખ્ય મહત્વ મનનું હોય છે એ સાચું છે, પરંતુ આહારવિહારનો પ્રભાવ મન પર પડે છે એ પણ એટલું જ સાચું હોવાથી એની ઉપેક્ષા સાધક તથા સામાન્ય મનુષ્યો સારુ આત્મઘાતક નીવડવાનો સંભવ છે. આહારવિહારનું સ્થાન આધ્યાત્મિક જીવનમાં અને સાધનામાં ખૂબ ખૂબ મહત્વનું અને ચિરસ્થાયી અસર કરનારું હોવાથી ભારતના પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોએ એની પ્રત્યે આંખમીંચામણા ના કરવાનો ને એનું પર્યાપ્ત ધ્યાન રાખવાનો આદેશ આપ્યો છે. ભારતના તાજેતરમાં થયેલા સુપ્રસિદ્ધ સર્વોત્તમ સંતપુરૂષો શ્રી રામકૃષ્ણ પરમહંસદેવ, મહર્ષિ દયાનંદ, સ્વામી રામતીર્થ, યોગી અરવિંદ તથા મહાત્મા ગાંધીજી આહારવિહારનું ધ્યાન રાખવામાં માનતા. ધ્યાન રાખતા ને શુદ્ધ શાકાહારી હતા. એમની પરંપરાને પ્રકાશિત કરનારા ને શોભાવનારા શ્રી રમણ મહર્ષિના વિચારો એ વિશે કેવા હતા તે જાણવાની ઈચ્છા સૌ કોઈને થઈ આવે એ સ્વાભાવિક છે.

વ્યક્તિગત રીતે જોતાં મહર્ષિ શુદ્ધ શાકાહારી હતા. દક્ષિણ ભારતના કર્મકાંડયુક્ત વિશુદ્ધ વાતાવરણમાં બ્રાહ્મણ કુળમાં જન્મ થવાથી આહાર અને વિહારની જે વિશુદ્ધિ એમને વારસામાં મળેલી એ એમના સુદીર્ઘ જીવન દરમિયાન આરંભથી માંડીને અંત સુધી ચાલું રહી. એમનો આહારવિહાર શુદ્ધ, સાત્વિક અને સાદો હતો. પોતાના સાધનાકાળ દરમિયાન વચ્ચે કેટલોક વખત તો એ દૂધ તથા મંદિરના મહાપ્રસાદરૂપ ફળ પર જ રહેલા. એમના આશ્રમમાં શુદ્ધ શાકાહારી ભોજનસામગ્રી જ પૂરી પાડવામાં આવતી અને એમાં કોઈયે કારણે કોઈ પણ પ્રસિદ્ધ અથવા અપ્રસિદ્ધ, દેશી કે પરદેશી પ્રવાસી, દર્શનાર્થી અથવા સ્થાયી નિવાસીને માટે કોઈ પણ પ્રકારનો અપવાદ ના રખાતો. ભોજનાલયમાં ભોજન કરનારા સૌ કોઈને કોઈ પણ જાતના ભેદભાવ વગર એક જ જાતનું ભોજન આપવામાં આવતું ને મહર્ષિ પોતે પણ સૌની સાથે બેસીને સૌના જેવું જ જમતા દેખાતા. એ સંબંધમાં એમના વિચારો છેક જ સીધા, સચોટ ને સ્પષ્ટ હતા.

એ કહેતા કે સાધકનો ખોરાક સાત્વિક હોવો જોઈએ. સાત્વિક આહારનું સેવન કરવાની સાથે સાથે સત્સંગનો પ્રેમ જગાવવાનું ને વધારવાનું સાધકને માટે અનિવાર્ય છે એવી એમની માન્યતા હતી અને એ માન્યતાનો પડઘો એમના ઉદ્ગારોમાં પ્રસંગોપાત્ત પડતો રહેતો. આશ્રમમાં અપાતો ખોરાક શાકાહારી હોવા છતાં દક્ષિણ ભારતની પરંપરા પ્રમાણે રહેતો. એમાં મરચાંનો અને આમલીનો ઉપયોગ સારા પ્રમાણમાં કરવામાં આવતો. એવા તીખા તમતમતા ખોરાકથી ના ટેવાયેલા હોય તેમને માટે આરંભમાં એ અરુચિકર પણ થઈ પડતો, પરંતુ ધીમે ધીમે એ એનાથી ટેવાઈ જતા. મહર્ષિ તથા આશ્રમના સંચાલકો ને સેવકો દક્ષિણ ભારતીય હોવાથી એવા ખોરાકને પસંદ કરે અથવા પ્રિય માને એ સ્વાભાવિક હતું.

મહર્ષિ આહારની બાબતમાં બીજાની ઉપર પોતાના વિચારોને લાદવામાં નહોતા માનતા તો પણ માંસાહારના વિરોધી હતા. સાધકોને માટે માંસાહાર વર્જ્ય છે એવું એ નિર્ભીક રાતે જાહેર કરતા. આશ્રમમાં કોઈને પણ માંસાહારની છૂટ ન હતી અથવા એની ઉપર પ્રતિબંધ હતો એવું કહીએ તો ચાલે. આશ્રમમાં રહેતા સાધુ અરૂણાચલના સંબંધમાં એકવાર કોઈએ એવી વાત ફેલાવી કે એ પોતાના રસોડામાં માંસ પકાવે છે. એ હકીકત તદ્દન ખોટી હતી, કારણ કે સાધુ અરૂણાચલ માંસાહારનો ત્યાગ કરી ચૂકેલા અને આશ્રમમાં મળતા ખોરાક કરતાં વધારે સારા સાત્વિક ખોરાકનો આધાર લેતા. મહર્ષિને કાને કોઈએ એ ખોટી અફવા પહોંચાડી તો એમણે તરત જ જણાવ્યું કે એવી વસ્તુને આપણે આશ્રમમાં કદી પણ નથી ઈચ્છતા. એના પરથી એમની આહાર વિષયક પવિત્ર દૃષ્ટિ કે વૃત્તિનો પરિચય મળે છે.

* * *　　* * *　　* * *　　* * *

સાધકો તથા સાધુસંતોને માટે એ પવિત્ર વિચાર, ભાવ અને વ્યવહારની ભલામણ કરતા. આદર્શ અથવા પવિત્ર આચારવિચારવાળા સાધુપુરૂષો બીજાને માટે પ્રેરણાત્મક બને છે. અનુકરણીય ઠરે છે એવી એમની માન્યતા હતી. એમનું પોતાનું જીવન એવું પવિત્ર હોવાથી એવા જીવનને માટે એમનો સ્વાભાવિક રીતે જ પક્ષપાત અને આગ્રહ રહેતો. એ નીતિ કે સદાચાર વિષયક સીધા ઉપદેશો આપવાનું ભાગ્યે જ પસંદ કરતા. એવા સદ્ઉપદેશો એમના મુખમાંથી ક્વચિત જ નીકળ્યા હશે. પરંતુ એમનો જીવનવ્યવહાર એક આદર્શ ઉપદેશરૂપ હતો. એ નિરંતર બોલ્યા કરતો અને એની અસાધારણ અસર પણ ફેલાવતો. એમના સંસર્ગમાં આવનારની ઉપર એની અસર અચૂક થતી.

સાધકોને એ સત્સંગનો આધાર લઈને સાધનાની રુચિ કેળવવાનું, પોતાની શક્તિનું માપ કાઢવાનું ને વિવેકપૂર્વક આગળ વધવાનું કહ્યા કરતા. સાધકોને માટે એ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં સૂચવેલી આહારવિહારની મધ્યમ માર્ગની પદ્ધતિનું પ્રતિપાદન કરતા અને વધારે પડતા કષ્ટસહન તથા તપવ્રતથી દૂર રહેવાનો આદેશ આપતા. દીક્ષા લેવાની બાબતમાં અથવા જેને તેને ગુરૂ કરવાના વિષયમાં નિરર્થક ઉતાવળ ના કરવાની ને ક્ષણિક આવેગ, ઉશ્કેરાટ, પ્રભાવ કે રસવૃત્તિના શિકાર બનીને કોઈ અવિવેકી પગલું નહિ ભરવાની ખાસ સૂચના આપતા. જેને તેને ધનપ્રાપ્તિ અથવા અંગત પ્રતિષ્ઠા માટે દીક્ષા આપવાનો વ્યવસાય લઈ બેઠેલા અધકચરા, અવિવેકી, આડંબરી સંતો પણ એમને નહોતા પસંદ પડતા. એવા ધંધાર્થી સંતોથી ચેતવાનું ને દૂર રહેવાનું માર્ગદર્શન એ પ્રસંગોપાત્ત આપતા રહેતા.

એ સંબંધી એક પ્રસંગનો ઉલ્લેખ કરવા જેવો છે. એકવાર તિરુવણ્ણામલૈમાં એક સંન્યાસી આવ્યા. એ સંન્યાસી પોતાને આત્મિક વિકાસના માર્ગમાં ખૂબ જ આગળ વધેલા તથા સિદ્ધ કહેવડાવતા ને જેમની ઈચ્છા હોય તે સૌને દીક્ષા આપતા. એમની પાસે દીક્ષા લેવાની આકાંક્ષાથી અનેક માણસો એકઠા થતા. એમની યોગ્યતા કે અયોગ્યતાનો વિચાર કર્યા વિના એ સૌના ગુરૂ બનતા. તિરુવણ્ણામલૈ નગરમાં એને એની આસપાસના વિશાળ વિસ્તારમાં એ ખૂબ જ લોકપ્રિય બની ગયેલા. એ પ્રાણાયામની કોઈક ક્રિયા શીખવતા. તેમાં પણ શીખનારના અધિકાર અનાધિકારનો ખ્યાલ જરા પણ ના રાખતા હોવાથી એ ક્રિયાનો અભ્યાસ મોટા ભાગના માણસોને માટે નુકસાનકારક થઈ પડતો. એ ક્રિયાના સમ્યક્ અભ્યાસ માટે જે આવશ્યક

નિયમોનું પાલન કરાવું જોઈએ તે પણ સૌ કોઈથી સ્વાભાવિક રીતે જ નહોતું કરાતું. એને લીધે કેટલાકનાં સ્વાસ્થ્ય કથળી ગયાં તો કેટલાક પોતાના ચિત્તતંત્ર પરનો કાબૂ ખોઈ બેસીને પાગલ જેવા બની બેઠા.

એ સંન્યાસીનું આકર્ષણ થોડા જ વખતમાં ઓસરી ગયું કારણ કે એ વિવેકયુક્ત ન હતું. એ સંન્યાસી શહેરમાં રહીને સૌને દીક્ષા આપવાનું ને પ્રણાયામ શીખવવાનું કામ કરી રહેલા અને એમની શિષ્યસંખ્યામાં દિનપ્રતિદિન વાયુવેગે વધારો થઈ રહેલો ત્યારે એમના બે શિષ્યોએ પોતાના ગુરૂના પ્રચાર માટે રમણાશ્રમની મુલાકાત લીધી. એ વખતે સાંજનો સમય થઈ ગયેલો છતાં પણ ભોજનવિધિને થોડીક વાર હતી.

એમણે મહર્ષિનાં દર્શનનો લાભ લીધા પછી એમને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

મહર્ષિએ એ પ્રશ્નોના ઉત્તરો આપ્યા.

પરંતુ એ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને નહિ પણ નિરર્થક વાદવિવાદ કરવા, પોતાની બૌદ્ધિક પ્રતિભાનું પ્રદર્શન કરવા અને પોતાના મત કે પક્ષની પુષ્ટિ કરવા માટે જ આવેલા હોવાથી, એ ઉત્તરોને શાંતિપૂર્વક સારાસાર વૃત્તિથી પ્રેરાઈને સાંભળવાને બદલે એ ઉપરાઉપરી પ્રશ્નો પૂછતા જ રહ્યા. એમણે પોતાની ને પોતાના સદ્ગુરૂની શ્રેષ્ઠતા અથવા સર્વોત્તમતા સાબિત કરવા માટે મહર્ષિની ભૂલો કાઢવા માંડી.

એમના એવા વિરોધી વર્તન છતાં મહર્ષિ ધીરજપૂર્વક ઉત્તરો આપતા ખૂબ જ શાંત રહ્યા. એમના દૃષ્ટિદોષને દૂર કરવાનો પુરૂષાર્થ એમણે શુભાશયથી પ્રેરાઈને ચાલુ રાખ્યો.

પરંતુ એમના શુભાશયપૂર્વકના પુરૂષાર્થનું કશું પરિણામ ના આવ્યું.

પેલા મુલાકાતીઓ એમનું અપમાન કરવા માટે કૃતનિશ્ચય હોય તેમ ભાતભાતના પ્રલાપો કરવા લાગ્યા એટલે મહર્ષિએ પોતાની અત્યાર સુધીની પદ્ધતિને બદલીને એમની સાથે થોડીક સખતાઈથી વાત કરવા માંડી. તો પણ એમણે એમની નીતિરીતિ ના બદલી ત્યારે મહર્ષિની અનુમતિ મેળવીને એમને હૉલની બહાર કાઢવામાં આવ્યા.

હૉલની બહાર જઈને પણ એમણે પોતાનું વર્તન ના બદલ્યું ત્યારે એમને આશ્રમની બહાર જવાનું ફરમાવવામાં આવ્યું. એ ફરમાનનો અનાદર કરવા તૈયાર થતાં એમને આશ્રમની બહાર જવા માટે બાધ્ય કરવામાં આવ્યા.

એ વખતે આશ્રમનું વાતાવરણ ઉત્તેજનાપૂર્ણ બની ગયેલું. સૌ રોષે ભરાયલા. મહર્ષિ પણ ઉપરથી જોતાં થોડાક સખત દેખાવા લાગ્યા પરંતુ એમના મનને એની અસર ના થઈ. એ એથી એકદમ અલિપ્ત ને શાંત રહ્યા. પોતાના મન અને આત્મા પર વિજય મેળવનારા એમના જેવા લોકોત્તર મહાપુરૂષને માટે એવી અલિપ્ત ને શાંત અવસ્થા લેશ પણ આશ્ચર્યકારક નહોતી. પેલા મુલાકાતીઓના વિદાય થયા પછી એમણે કહ્યું કે 'એ લોકો અહીં અપાતા ઉપદેશ અથવા માર્ગદર્શનની ઠેકડી ઉડાવવા આવેલા.'

એ મુલાકાતીઓ હૉલ છોડીને બહાર ગયા એટલે મહર્ષિનું બહારનું કઠોર રૂપ પણ શાંત થઈ ગયું. એ લેશ પણ અસ્વસ્થ નથી થયા એ સાફ દેખાઈ આવ્યું. એ વખતે કોઈક જિજ્ઞાસુએ હૉલમાં આવીને કોઈક પ્રશ્ન પૂછ્યો. એમણે એનો શાંતિપૂર્વક ઉત્તર આપ્યો. એના પરથી પ્રતીત થયું કે પેલા ક્ષુબ્ધાતિક્ષુબ્ધ કરનારા

પ્રસંગનો પ્રભાવ એમના પર જરા પણ નથી પડ્યો. એમનું મન નિરંતર સત્યરૂપી પરમાત્મામાં જોડાયલું હતું એથી જ એમની એવી શાંત અવસ્થા શક્ય બનેલી.

મહર્ષિએ એકવાર કહેલું :

'માણસો સાધનાની સરળ, સીધી ને સચોટ વાતોને પસંદ નથી કરતા. એમને કશુંક આકર્ષક, રહસ્યમય તથા ચમત્કૃતિજનક જોઈએ છે. એટલા માટે તો આટલા બધા ધર્મ, સંપ્રદાય તથા પંથનો રાફડો ફાટ્યો છે.'

એમનું એ કથન દુનિયાના મોટા ભાગના માનવોને માટે સાચું છે છતાં પણ સાચી હકીકત તો એ છે કે માનવનો અંતરાત્મા ધર્મ, સાધના કે આધ્યાત્મિકતાના મર્મને સીધીસાદી ભાષામાં સમજવા માગે છે, પરંતુ એને સીધી ને સરળ રીતે સમજાવવાને બદલે એના મનને મોટે ભાગે ગૂંચવી નાખવામાં આવે છે. એને લીધે મૂળ વાતને કે વિષયને ભૂલીને એ આડવાતમાં અટવાઈ જાય છે. તો પણ કેટલાક એવા આત્માઓ પણ છે, અને સર્વ સ્થળે સર્વ કાળમાં રહેવાના, જેમને સાધનાની સરળ સીધી સચોટ સારવાહી વાતો જ પ્રિય છે ને પ્રિય લાગવાની : પ્રભાવિત કરે છે ને કરવાની. મહર્ષિ જેવા લોકોત્તર મહાપુરૂષની આગળ આટલી મોટી સંખ્યામાં જે જિજ્ઞાસુઓ આવતા ને સાધકો એકઠા થતા એના પરથી એને સમર્થન મળે છે.

### [૨] વિશાળ દૃષ્ટિ

મહર્ષિની સાધના વિષયક દૃષ્ટિ ખૂબ જ વિશાળ હતી. એમાં સંકીર્ણતાનો એકદમ અભાવ હતો. એ કહેતા કે સાધનાનું અંતિમ ધ્યેય એક જ હોવા છતાં, જુદા જુદા સાધકોની રુચિ અથવા મનોવૃત્તિ પ્રમાણે જુદા જુદા માર્ગોની આવશ્યકતા રહેવાની. કેટલાક સાધકો જ્ઞાનમાર્ગની, કેટલાક ભક્તિમાર્ગની, કેટલાક કર્મમાર્ગની તો બીજા કેટલાક યોગમાર્ગની અભિરુચિ સાથે આગળ વધવાના. એવી રીતે પોતપોતાની પસંદગીના માર્ગનો આધાર લઈને સૌ કોઈ સરળતાપૂર્વક આગળ વધે કે વિકાસ કરે એમાં કશું ખોટું પણ નથી. સંસારમાં સાધનોની વિવિધતા તો રહેવાની જ; ફક્ત એ સાધનો સાધનાના મૂળભૂત સાધ્ય તરફ લઈ જાય ને સાધકને પથભ્રાંત ના કરે એટલે થયું. મહર્ષિ કહેતા કે ઈશ્વરને જાણવાની જેમ જરૂર છે તેમ ઈશ્વરને જાણવા માટે એમને ભજવાની કે પ્રેમ કરવાની પણ જરૂર છે. વળી સાચા અર્થમાં ને સર્વભાવે ભજવા માટે જાણવાની આવશ્યકતા પણ રહે છે જ. એ રીતે જ્ઞાન અને ભક્તિ પરસ્પર વિરોધી નથી પરંતુ પૂરક અથવા એકમેક સાથે સંકળાયેલાં છે. એ બંનેને અલગ ના પાડી શકાય. જ્ઞાન અથવા ભક્તિને પર્યાપ્ત પોષણ આપવા અને કેટલાક બીજા પેટા હેતુઓની સિદ્ધિ માટે યોગના અભ્યાસની ને કર્મના અનુષ્ઠાનની આવશ્યકતા પણ રહેતી હોય છે. એથી પણ અનેક સાધકોને એમની મુખ્ય સાધનામાં મદદ મળે છે.

મહર્ષિ એવી વિશાળ દૃષ્ટિથી સંપન્ન હતા. એટલા માટે તો કશાનું ખંડન ના કરતાં. એમના આશ્રમમાં પણ વેદપાઠ થતો, જુદા જુદા કર્મકાંડમાં ને વિભિન્ન સાધનાપ્રણાલિમાં રસ લેનાર અભ્યાસશીલ સાધકો રહેતા, ધ્યાન ને આત્મવિચાર દ્વારા આત્માનું સંશોધન કરવામાં આવતું, ને ભક્તિભાવથી ભરપૂર ભાવિકો દ્વારા માતૃભૂતેશ્વર મંદિરમાં અને અન્યત્ર સેવાપૂજા અથવા આરાધનાનો આધાર લેવાતો. ક્ષુધાર્તો ને ગરીબોને જુદી જુદી રીતે સેવા તે હમેશાં થતી જ; પરંતુ મહર્ષિ પોતે સાધકની અભિરુચિ અને આવશ્યક્તાને

લક્ષમાં લઈને એને મદદરૂપ થવા માટે યોગમાર્ગનો ઉપદેશ આપતા એ હકીકતથી સુપરિચિત સાધકો, પ્રશંસકો ને ભક્તો બહુ ઓછા હશે.

મહર્ષિનું શરીર જ્યારે એકદમ અસ્વસ્થ રહેતું ત્યારે એમના જીવનના અંતિમ દિવસો દરમિયાન એક સાધકે એમની મુલાકાત લીધેલી. એ વખતે એમની પાસે કેવળ પરિચારકો જ જઈ શકતા તો પણ એ સાધકનું આગમન ઉત્તર ભારતના દૂરના પ્રદેશમાંથી થયેલું હોવાથી એમને એ મહાપુરૂષની મુલાકાતની મંજૂરી મળી.

મહર્ષિએ એમની સાથે દુભાષિયાની મદદથી વાત કરી.

એ સાધકે એમને કહ્યું કે પોતાને યોગવિદ્યામાં રુચિ હોવાથી પોતે લાંબા વખતથી કુંડલિની યોગનો અભ્યાસ કરી રહ્યા છે. એ યોગાભ્યાસ દ્વારા પોતાને થોડી ઘણી સફળતા પણ મળી છે. એને લીધે કુંડલિની શક્તિ જાગ્રત થઈ છે ને પોતે એને અમુક ચક્ર સુધી લાવીને સ્થિર કરી શકે છે. પરંતુ એનો વિકાસમાર્ગ કાંઈ એટલેથી જ પૂરો નથી થતો. એ શક્તિને ઉપર ઉઠાવીને ઉત્તરોત્તર આગળ વધારતાં છેવટે સહસ્ત્રદલ ચક્ર અથવા તો બ્રહ્મરંધ્ર સુધી પહોંચાડવી પડે છે. ત્યારે જ નિર્વિકલ્પ સમાધિની મદદથી સાધનાની સિદ્ધિ મળે છે. પરંતુ એ બધી માહિતી હોવા છતાં પોતાનો આગળનો અંતરંગ વિકાસ અટકી ગયો છે ને કુંડલિની શક્તિ ચિર સમયથી સત્યાગ્રહ કરવા બેઠી હોય તેમ આગળ જ નથી વધતી. એ સમસ્યાનો ઉકેલ ઉત્સાહપૂર્વકના લાંબા વખતના પરિશ્રમ પછી પણ નથી મળતો એટલે હૃદય ઊંડી નિરાશાનો અનુભવ કરી રહ્યું છે ને સમજાતું નથી કે મારે શું કરવું.

મહર્ષિ સાધકની શુભ ભાવનાને અને સમર્પણ વૃત્તિને સહેલાઈથી ઓળખી શક્યા. આમ તો એ મોટી સંખ્યાના સાધકોને સ્વરૂપના સાક્ષાત્કારનો જ આદેશ આપતા અને એ રાજમાર્ગને છોડીને બીજા આડાઅવળા કષ્ટસાધ્ય ભ્રાંતિજનક સાધનામાર્ગોનો આશ્રય ના લેવાનું જણાવતા, તો પણ એ સાધકને માટે કુંડલિની યોગનો અભ્યાસ અનિવાર્ય છે એ હકીકતને સમજતાં એમને જરા પણ વાર ના લાગી. એમણે સાધકને એ સાધનાની સૂક્ષ્માતિસૂક્ષ્મ સમજ પૂરી પાડી ને પોતાની વિલક્ષણ રીતે મદદ કરી. સાધકને નવા રસ તેમજ ઉત્સાહની પ્રાપ્તિ થઈ. નવજીવન મળ્યું. આજુબાજુ બધે જ જે ઘોર અંધકાર દેખાવા માંડેલો તેને ઠેકાણે પરમ પાવન પ્રકાશનું દર્શન થયું. અંતરનું અણુપરમાણુ અવનવીન આશાથી ભરાઈ રહ્યું. પોતાનો ફેરો પૂરેપૂરો સફળ થયો હોવાથી એ મહાપુરૂષની ભાવવિભોર હૈયે ભીની આંખે સંપૂર્ણ સંતોષાનુભવ સાથે વિદાય લઈને એ ચાલી નીકળ્યા.

મહર્ષિનું સમસ્ત જીવન—આરંભથી અંત સુધી એવું પરદુઃખભંજન, પરેપકારી, પ્રશાંતિદાયક અને પ્રકાશપ્રદાયક હતું. એ જીવનની વિશાળતાનું અને સેવાભાવનાનું આ તે એક નાનું સરખું ઉદાહરણ છે.

### [3] સાધનાનું સરવૈયું

મહર્ષિ વારંવાર સ્પષ્ટ કરતા કે વાસનાઓની નિવૃત્તિ વિના આત્મસાક્ષાત્કારની સાધનામાં સફળ નથી થઈ શકાતું. સાધકે બહાર દૃષ્ટિગોચર થતી ને મનમાં સુષુપ્તરૂપે રહેનારી વિભિન્ન પ્રકારની વાસનાઓને એમના મૂળ સાથે દૂર કરવી જોઈએ. ત્યારે જ આત્મસાક્ષાત્કારની સાધના સરળ બની શકે છે ને જીવન ધન્ય

બને છે. આત્મસાક્ષાત્કારની અમૂલખ સાધનાના ક્રમ વિશે સાધકોના મનમાં પ્રશ્નો પેદા થતાં એમના પ્રત્યુત્તરરૂપે એ જણાવતા કે સૌથી પહેલાં તો સાક્ષાત્કાર કરવાની ઈચ્છાવાળા સાધકે લાંબા વખત લગી નિયમિત રીતે ઉત્સાહ, ધીરજ ને ખંતપૂર્વક ધ્યાન કરવું પડે છે. સાધનાનો એ પહેલો ક્રમ છે. એ ક્રમમાંથી ધીમે ધીમે પ્રગતિ કરતાં બીજા આગળના ક્રમમાં પ્રવેશ થાય છે ત્યારે સાધક એક પ્રકારની ભાવસમાધિ કે અતીન્દ્રિય દશામાં ડૂબીને દેહભાનને ભૂલવા માંડે છે. એ વખતે સાધકને અવર્ણનીય આનંદ થાય છે.

મહર્ષિની પાસે આવનારા ભક્તો ને સાધકોમાંના કેટલાક એવું પણ ઈચ્છતા કે એ એમના મસ્તક પર હાથ મૂકીને એમને આશીર્વાદ આપે ને સહજ શાંતિ તથા સમાધિની અલૌકિક અવસ્થાની અનુભૂતિ કરાવે. એમનામાંના કોઈ કોઈ મહર્ષિને એમના અદ્‌ભુત અનુગ્રહને માટે પ્રાર્થતા પણ ખરા. પરંતુ મહર્ષિની મદદ કરવાની પદ્ધતિ પૃથક હોવાથી એવી પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે એ શાંત રહેતા. બીજાના મસ્તક પર હાથ મૂકવાની પદ્ધતિ એમને પસંદ નહોતી પડતી. તો પણ અપવાદરૂપે એમણે એકવાર એક સંન્યાસીના મસ્તક પર હાથ મૂકીને આશીર્વાદ આપેલો. એ પ્રસંગ સાધુ અરૂણાચલે એમનાં સંસ્મરણોમાં નોંધેલો છે. એ લખે છે કે એક વાર રમણાશ્રમમાં મૈસુર રાજ્યના એક વયોવૃદ્ધ સંન્યાસી આવ્યા. એ એમના પૂર્વ જીવનમાં સ્ટેશનમાસ્તર હતા. એ આશ્રમમાં આવ્યા ત્યારથી જ કોણ જાણે કેમ પણ મહર્ષિ એમના પ્રત્યે વિશેષ પ્રેમભાવ અને સહાનુભૂતિ બતાવવા લાગ્યા. એમણે કદાચ એમના શુભ સંસ્કારોને અને એમની સુયોગ્યતા અથવા શક્યતાને પોતાની દૈવી દૃષ્ટિથી ઓળખી લીધી હશે, તો પણ આશ્રમવાસીઓને એમનો એ સંન્યાસી માટેનો ભાવ તેમજ વ્યવહાર વિલક્ષણ લાગ્યો. એના રહસ્યને એ ના સમજી શક્યા.

સંન્યાસી એમના મિત્ર સાથે આશ્રમની વિદાય લેવા તૈયાર થયા ત્યારે મહર્ષિનાં દર્શન માટે હૉલમાં આવી પહોંચ્યા. એ વખતે હૉલમાં બીજું કોઈયે ન હતું. મહર્ષિ મધ્યાહ્ન ભોજન પછી થોડુંક ફરીને હૉલમાં પાછા ફરેલા ને કોચ પર બેઠેલા. હૉલમાં સર્વત્ર શાંતિ હતી.

સંન્યાસીના મનમાં એ વખતે કોણ જાણે શું થયું કે એમણે નીચા નમીને મહર્ષિના ચરણે પ્રણામ કર્યા ને મહર્ષિને પ્રાર્થના કરી કે મારા મસ્તક પર તમે હાથ મૂકો એવી મારી ઈચ્છા છે.

મહર્ષિ થોડાક સમય સુધી તો એ શ્રદ્ધાભક્તિયુક્ત સંન્યાસી તરફ ભારે ભાવપૂર્વક જોઈ રહ્યા ને પછી એમની સદ્‌ભાવનાને સંતોષવા માટે તૈયાર થયા. એ કાંઈ પણ બોલ્યા નહિ પરંતુ એ સંન્યાસી પર અનુગ્રહનો વરસાદ વરસાવતા હોય તેમ પોતાના બંને હાથ એમણે એ બડભાગી સરલ હૃદયના સંતના મસ્તક પર મૂકી દીધા.

એમનો એ અભિનય ખરેખર અપવાદરૂપ હતો.

એથી સંન્યાસીને અસીમ શાંતિ મળી.

થોડાક વખત પછી એમણે પોતાના હાથ લઈ લીધા એટલે એ ધન્ય થયેલા સંન્યાસી ભારે ભાવવિભોર હૈયે ઊભા થયા ને હૉલની બહાર નીકળ્યા.

પરંતુ એવા પ્રસંગોનું દર્શન વધારે નહોતું થતું. મહર્ષિ બાહ્ય સ્પર્શનો આધાર લીધા વિના જ એમનું ધારેલું કાર્ય કરતા રહેતા. એ ઉપરાંત એમના સદુપદેશ દ્વારા સાધકોને સાધનાનું અનુષ્ઠાન કરવા અને આગળ વધવા ઉત્સાહિત કરતા.

બીજા બધા જ સ્વાનુભવી સત્પુરૂષોની પેઠે મહર્ષિ મનના સંયમ તેમજ વિજય પર ભાર મૂક્તા ને કહેતા કે મન વાંદરા જેવું ચંચળ છે. એક ક્ષણને માટે પણ સ્થિર ને શાંત નથી રહેતું અને એના પર અધિકાર જમાવીને એને શાંત કરવાનું કામ તોફાની પવન પર અધિકાર જમાવવા જેટલું કઠિન છે. પવન પર કદાચ અધિકાર કરી શકાય તો પણ મન પર અધિકાર કરવામાં મુશ્કેલી પડે છે. છતાં પણ એવા વિચારો સેવીને હતાશ નથી થવાનું. એને વશ કરવાનો કાર્યક્રમ ઘડી કાઢવાનો છે. એને નવરું રાખવાને બદલે જીવનવિકાસ વિષયક રચનાત્મક અભ્યાસ કરવાની ટેવ પાડવાની છે.

* * *    * * *    * * *    * * *

પાપ અને પાપાચારી પ્રત્યેનો એમનો દૃષ્ટિકાણ કેવો હતો ? જે લોકો એમની પાસે પહોંચીને પોતાનાં પાપોની કબૂલાત કરવાની પ્રવૃત્તિ કરતા તેમને એ કદી પણ ને લેશ પણ ઉત્તેજન ના આપતા. એ કહેતા કે ભૂતકાળ અથવા ભૂતકર્મોની નિરર્થક ચિંતા કરવાને બદલે વર્તમાનનો વિચાર કરો. પોતાની ભૂલોનું વારંવાર પારાયણ કરવા કરતાં એમનું પુનરાવર્તન ના કરવાનો સંકલ્પ કરીને આગળ વધવાનો એ સદા સંદેશ આપતા. અપરાધોને જાણી લઈને એમને માટે આત્મા કે પરમાત્મા પાસે પશ્ચાત્તાપ કરાય અને એવા અપરાધોથી અલગ રહેવાય તેવી તૈયારીને પર્યાપ્ત ગણતા.



☼ ☼ ☼ ☼ ☼

## [૪૨] મહર્ષિની સાધના–૭

### [૧] મનોબળ

સંત અથવા યોગીપુરૂષના શરીરમાંથી સુવાસ આવે છે ખરી ? ખાસ કરીને હઠયોગનો સારી રીતે અભ્યાસ કરનારા સાધકો, સંતો તથા યોગીઓના શરીરની નિર્મળતા વધે છે. એમની પ્રાણશક્તિ પણ પવિત્ર બને છે અને એમનામાંના કેટલાકના શરીરમાંથી દિવ્ય ગંધ અથવા સુવાસ પેદા થાય છે. એ પ્રકારનું વિધાન હઠયોગનું પ્રતિપાદન કે વર્ણન કરનારા ગ્રંથોમાં જોવા મળે છે. એ સુવાસથી સંપન્ન વિરલ અપવાદરૂપ યોગી પણ કોઈ વાર જોવા મળતા હોય છે. મહર્ષિએ  એમના વર્તમાન જીવનકાળ દરમિયાન હઠયોગની સાધના નહોતી કરી. શરીરનું એમણે પૂરતું ધ્યાન રાખેલું એમ પણ ના કહેવાય. શરીર પર લગાડવાના સુવાસિત પદાર્થોનો પ્રયોગ પણ એ નહોતા કરતા અને સુગંધિત સાબુ પણ નહોતા વાપરતા. તો પણ એમના શરીરમાંથી એક પ્રકારની વિલક્ષણ સુવાસ આવતી એ સાધારણ રીતે આશ્ચર્યકારક હતું. જો કે એમને એની કોઈ પ્રકારની મમતા કે આસક્તિ નહોતી : એને લીધે એમની મહત્તા વધારે સિદ્ધ થતી એવું પણ નહોતું : પરંતુ એ એક વાસ્તવિકતા હતી અને એટલા પૂરતો જ એનો અહીં ઉલ્લેખ કર્યો છે.

એ મહાપુરૂષ સર્વ પ્રકારના અવિદ્યાજન્ય ગ્રહણથી મુક્ત હોવા છતાં પણ સૂર્ય ને ચંદ્રગ્રહણના બહારના સામાજિક નિયમોને પાળવાનો કેટલેક અંશે આગ્રહ રાખતા. આશ્રમમાં ગ્રહણ પછી જ ભોજન તૈયાર કરવામાં આવતું. સૂર્ય કે ચંદ્રગ્રહણના સમય દરમિયાન એ કદી પણ જમતા નહિ અને કહેતા કે એ વખતે જમવાનું ઉચિત નથી કારણ કે ગ્રહણના પ્રભાવથી પાચનશક્તિ પોતાનું કામ બરાબર નથી કરી શકતી. ગ્રહણ વખતે કેટલાક બીજા માણસોની પેઠે પ્રારંભમાં ને પાછળથી સ્નાન ના કરતા.

એમને છીંકણી સૂંઘવાની થોડાક સમય સુધી ટેવ પડેલી, પરંતુ પાછળથી ઈ.સ. ૧૯૩૫ પહેલાં જ એમણે એ ટેવને છોડી દીધેલી.

ભોજન પછી પાચનશક્તિની દૃષ્ટિએ ઉપયોગી લાગવાથી શરૂઆતમાં થોડાક વખત સુધી એ પાન ખાતા. પર્વત પર ફરવા જતાં પહેલાં પણ એનો ઉપયોગ કરતા; પરંતુ એમને એનું બંધન ન હતું. એમણે કરેલા એના ત્યાગ પરથી એ સહેલાઈથી સમજી શકાય છે. એ ત્યાગ અત્યંત વિલક્ષણ રીતે થયેલો.

એક દિવસ સવારે એ રોજના ક્રમને અનુસરીને ફરવા જવા તૈયાર થયા ને સેવક પાન લઈ આવે એની રાહ જોવા માંડ્યા. રોજ તો ફરવા જવાનો વખત થતો એટલે એમની પાસે પાન રાખવામાં આવતું, પરંતુ એ દિવસે કોણ જાણે શું થયું કે પાન આવ્યું જ નહિ ને સેવક પણ ના આવ્યો. હૉલમાં બેઠેલા બધા ભક્તો એ જોઈને વિચારમાં પડ્યા. એમને પાન લઈ આવવાનું મન તો થયું પણ એમની હિંમત ના ચાલી. કારણ કે મહર્ષિની સેવાનું કામ આશ્રમના સંચાલકો તરફથી જેમને સોંપવામાં આવેલું તે જ કરી શકતા.

મહર્ષિએ થોડાક વખત લગી રાહ જોઈ પરંતુ પછી વધારે રાહ જોવાનું માંડી વાળીને ચાલવા માંડ્યું.

પાનની પ્રતીક્ષાનો એ એમના જીવનનો છેલ્લો દિવસ પુરવાર થયો.

એ દિવસથી એમણે પાન ખાવાનું સદાને માટે છોડી દીધું.

આશ્રમના સંચાલકો ને ભક્તોને એથી દુઃખ થયું.

એમણે એમને પ્રેમપૂર્વક પ્રાર્થના કરી પરંતુ એ પ્રાર્થના નિરર્થક ઠરી.

એ કોઈ પણ પ્રકારનું બંધન નહોતા ઈચ્છતા, કોઈ પણ ટેવના ગુલામ બનવા નહોતા માગતા ને પોતાને માટે કોઈને કશી તકલીફ વેઠવી પડે એવું નહોતા ચાહતા.

પાન ખાવાથી એમને એમની અવસ્થામાં થોડીક રાહત રહેતી, પરંતુ એની પરવા પણ એમને ન હતી. એ પ્રસંગોપાત્ત કહેતા કે શરીર પોતે જ એક ખરાબમાં ખરાબ બીમારી છે : એનું કેટલુંક ધ્યાન રાખવું ?

એ નાનકડા પ્રસંગ પરથી એમના અસાધારણ મનોબળનો અને એમની વીતરાગ વૃત્તિનો પરિચય મળે છે.

### [૨] નિર્ભયતાની તાલીમ

આત્મવિકાસની સાધનામાં નિર્ભયતાની આવશ્યકતા સૌથી વધારે હોય છે. સાધકે સર્વ પ્રકારના નાનામોટા ભયોમાંથી મુક્તિ મેળવવી જોઈએ, અથવા તો અભયની મૂર્તિ બનવું જોઈએ. બહારના બીજા ભયોમાંથી મુક્તિ મેળવનારા સાધકો કેટલીકવાર ખોટા માનસિક ભયથી પીડાતા હોય છે. મહર્ષિ એવા બધા જ ભયનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતા.

સાધનાના ક્ષેત્રમાં આગળ વધતાં સાધક જ્યારે સૌથી પહેલાં ધ્યાનના અંતરંગ અભ્યાસના પરિપાકરૂપે અતીન્દ્રિય પ્રદેશમાં પ્રવેશીને શરૂઆતની સમાધિ અવસ્થાનો અનુભવ કરવા માંડે છે ત્યારે કોઈ કોઈવાર, કોઈક અપવાદરૂપ પ્રસંગમાં ભયભીત બને છે. એ ભયનું કારણ માનસિક હોય છે.

ભયની એ ભાવનાનો ઉલ્લેખ કરતાં સાધુ અરૂણાચલે લખ્યું છે :

'ભગવાનની સંનિધિમાં થોડાક મહિના સુધી ધ્યાન કર્યા પછી મારા જીવનમાં એક એવી અવસ્થા આવી પહોંચી જ્યારે મને ભય લાગવા માંડ્યો. મેં ભગવાનને એ વિશે પૂછી જોયું. હૉલમાં બેઠેલા કેટલાકે - ભગવાને નહિ - મને જણાવ્યું કે એ ખોટું અને ખરાબ છે. સાચું કહું તો મારી મૂર્ખતાને જોઈને એ હસ્યા પણ ખરા. ભગવાને એવું ના કર્યું. એમણે તો સ્પષ્ટીકરણ કર્યું કે ભયનો અનુભવ અહંકારને થઈ રહ્યો છે અને એ પણ એટલા માટે કે એને લાગે છે કે પોતાની પકડ ક્રમે ક્રમે મટવા માંડી છે. સાચું કહીએ તો એ મરવા માંડે છે માટે જ પ્રતિકાર કરે છે. એમણે મને પૂછ્યું કે ભય કોને લાગે છે ? શરીરને સ્વરૂપ અથવા આત્મા માનવાથી જ ભય લાગે છે. એ માન્યતા, વિચારધારા કે ભાવનાથી અલગ થવાના અવારનવારના અનુભવને લીધે એ અવસ્થાથી સુપરિચિત થવાશે અને ભયની નિવૃત્તિ સ્વાભાવિક થઈ રહેશે. '

મહર્ષિની એ પદ્ધતિ જ્ઞાનયુક્ત છે. પોતાના આત્મસ્વરૂપનો વિચાર કરવાથી અને એ સ્વરૂપનું અનુસંધાન સાધવાથી સાધક ભય જ નહિ પણ કામક્રોધ, અહંતા ને મમતા જેવી વિપરીત વૃત્તિઓના પ્રભાવમાંથી સહેલાઈથી મુક્તિ મેળવી શકે છે. ઉપનિષદ કહે છે કે **द्वितीयाद्वै भयं भवति** । એટલે કે પરમાત્માના વિસ્મરણને પરિણામે પોતાને એમનાથી અલગ માનવાથી ને પરમાત્મભાવમાંથી વિચલિત બનવાથી જ ભય લાગે છે. જેની નિષ્ઠા પરમાત્મામાં છે, જેણે પરમાત્માની પ્રેમભક્તિ અને શરણાગતિનો આધાર લીધો છે, ને જે પરમાત્માની સર્વશક્તિમત્તા તેમજ સર્વવ્યાપકતાનો અનુભવ કરે છે તેને ભય નથી સતાવતો, મોહ નથી થતો, ને કામક્રોધ અથવા અહંકારનો પ્રભાવ પણ તેના પર નથી પડતો. એ દૃષ્ટિએ

વિચારતાં સમસ્ત પ્રકારના દોષો તેમજ દુર્ગુણોથી બચવામાં જ્ઞાન અને ભક્તિની સાધના ઉપયોગી નીવડે છે. એ સાધનાનો આશ્રય લેવાથી ઈશ્વરની મંગલમયતામાં વિશ્વાસ વધતો જાય છે, આત્મભાવ ઉત્તરોત્તર દૃઢ બનતો જાય છે, ને બધી જાતના નાનામોટા અંતરાયો દૂર થાય છે.

**[3] ધ્યાનની સાધના**

એમના આશ્રમમાં એકલી નિર્ગુણ ધ્યાનપદ્ધતિનું જ પ્રતિપાદન કરવામાં આવતું ને બીજી ધ્યાનપદ્ધતિ નહોતી ચાલતી એવી કેટલાક લોકોની માન્યતા પણ તદ્દન નિરાધાર છે. નિર્ગુણ અથવા નિરાકાર બ્રહ્મની ઉપાસના એ સાધકનું અંતિમ ધ્યેય છે એ સાચું છે, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એ ધ્યેય તરફ પ્રયાણ કરવાનું કામ સૌને સારુ એકસરખું સહેલું નથી હોતું. સાધકોનો એક વિશાળ વર્ગ સગુણ-સાકાર ધ્યાનની પદ્ધતિને જ વિશેષ પસંદ કરે છે, અનુકૂળ લેખે છે અને અપનાવે છે. એમને પણ સાધનાત્મક માર્ગદર્શનની આવશ્યકતા હોય છે. એ હકીકતની અવજ્ઞા ના જ કરી શકાય. મોટા ભાગના સાધકોને માટે ધ્યાનની નિર્ગુણ સાધનામાં પ્રવેશવાનું અને આગળ વધવાનું કામ ખૂબ જ કપરું હોય છે. એ સગુણ-સાકાર ધ્યાનનો આશ્રય લઈને જ આગળ વધી શકે છે. મહર્ષિ એ વાસ્તવિક્તાને સમજીને એનો સ્વીકાર કરતા અને એવી રીતે ધ્યાન કરવાની છૂટ આપતા. એવા સાધકો પોતપોતાની રુચિ, પ્રકૃતિ તથા પદ્ધતિ પ્રમાણે કોઈ મૂર્તિ, જ્યોતિ કે ચિત્રને સામે રાખીને ધ્યાન કરી શકતા. કેટલાક સાધકો મનપસંદ ઈષ્ટદેવ કે દેવીમાં વિશ્વાસ રાખતા ને એમની અભિરુચિને અનુસરીને જુદા જુદા જપ કરતા. કોઈ સ્વાધ્યાય કરતા, કોઈ પૂજાપાઠમાં પ્રેમ રાખતા, તો કોઈ કર્મયોગનો આધાર લઈને આગળ વધતા. એ મહાપુરૂષની સુખદ સંનિધિમાં સૌ જીવનના અંતિમ આદર્શની પ્રેરણા મેળવતા હોવા છતાં પોતપોતાની રીતે સગુણનિર્ગુણ આરાધનાનો આધાર લઈને વિકાસ કરતા. વિકાસ જ સૌનું મુખ્ય કર્તવ્ય મનાતું અને એની ઉપર જ ભાર મૂકવામાં આવતો.

એટલા માટે તો મહર્ષિએ ભક્તિની સાધનાનું ને મૂર્તિપૂજાનું પણ સમર્થન કરેલું. ઈ.સ. ૧૯૨૫માં સેલમના વકીલોની મંડળી તિરુપ્પુગલ નામે અરૂણગિરિનાથની રચેલી સુબ્રહ્મણ્યમની સ્તુતિ ગાતી એમના દર્શને આવેલી. એ મંડળીમાં શ્રી તિરુપ્પુગલ સ્વામીજી પણ આવેલા. એ બધા ભક્તોના અંતરમાં અને અંગેઅંગમાં ભક્તિભાવના ફુવારા ફૂટતા'તા. તિરુપ્પુગલ સ્વામીનો અનુરાગપૂર્ણ અભિનય સૌ કોઈના મનને મુગ્ધ કરે તેવો હતો. મહર્ષિએ એ બધા ભક્તોની ભાવનાને વધારે વિશદ તથા દૃઢ કરવા એ સુંદર સ્તુતિનો અર્થ કરી બતાવ્યો. એ અર્થથી ભક્તોની ભાવનાને મદદ મળી.

એ મંડળીના એક વકીલે પૂછ્યું :

'ગાયત્રી મંત્રના જપથી લાભ થાય છે ?'

'જરૂર થાય જ છે, પરંતુ સૂર્યના બિંબને ધ્યાનનો વિષય બનાવીને સાધના કરવાથી વિશેષ લાભ થાય છે. એવા ધ્યાન વખતે 'નમસ્સવિત્રે જગદેકચક્ષુષે' મંત્રનો આધાર પણ લઈ શકાય છે. એવી રીતે ધ્યાન કરવાથી ક્રમે ક્રમે આગળ વધતાં સાધકનું મન ધ્યેય પદાર્થમાં મળી જાય છે ને સાધકનું પરમ કલ્યાણ થાય છે. મન ધ્યેય પદાર્થમાં મળી જતાં એ અનુભવી શકે છે કે જે ધ્યેય પદાર્થને સીમિત

સમજવામાં આવે છે તે તો અસીમ અથવા અનંત અને અરૂપ છે. શરૂઆતની સગુણ કે સાકાર ઉપાસના એવી નિર્ગુણ રીતે નિરાકારની અનુભૂતિથી અલંકૃત બનીને સંપૂર્ણ થાય છે ને સાર્થક ઠરે છે.'

એક બીજા અવસર પર મદ્રાસના એક પ્રતિષ્ઠિત વકીલે એમને શુદ્ધ જીજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને પ્રશ્ન પૂછ્યો :

'શિવ તથા બીજા દેવોની વાતો શું સાચી છે ? એ ખરેખર અસ્તિત્વ ધરાવે છે ?'

એમણે ઉત્તર આપ્યો :

'અવશ્ય.'

વકીલે પૂછ્યું :

'એ પણ આપણા જેવા જ હોય તો પ્રલયકાળ વખતે વિનાશને પ્રાપ્ત થાય છે ખરા ?'

'તમે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરીને મુક્તાવસ્થાની પ્રાપ્તિ કરી શકો છો ને કાળના સ્વામી કે શાસક થઈને અવિનાશી પરમપદને પામી શકો છો, તો પછી શિવાદિ દેવો તો તમારાથી અનેકગણા ઉત્તમ છે. એ જ્ઞાની કેમ ના હોય અને અને અવિનાશી બ્રહ્મપદના ભાગી પણ કેમ ના બને ? '

અમૃતનાથે પણ એવો જ બીજો પ્રશ્ન પૂછેલો :

'વર્તમાન સમયમાં અસાધારણ શક્તિસંપન્ન સિદ્ધપુરૂષો છે ખરા ? અને જો હોય તો શિવાદિ દેવોની પેઠે શાપ અથવા વરદાન આપી શકે છે ?'

મહર્ષિએ એના ઉત્તરમાં કહેલું :

'વર્તમાન સમયમાં પણ એવા સિદ્ધપુરૂષો છે અને શાપ તથા વરદાનની શક્તિ ધરાવે છે.'

એમના એ પ્રત્યુત્તર પરથી એમની સ્વાનુભવપૂર્ણ સાધનાત્મક દૃષ્ટિને સમજવામાં મદદ મળે છે. એ દૃષ્ટિથી પ્રેરાઈને એ શિવના ઉપાસકોને સહાનુભૂતિપૂર્વક જોતા અને એમની ઉપાસનામાં ઉત્સાહિત કરીને એમની વિલક્ષણ રીતે મદદરૂપ બનતા.

જે હકીકત શિવના સંબંધમાં લાગુ પડતી તે રામ, કૃષ્ણ, જગદંબા તેમજ બીજાના સંબંધમાં પણ સાચી ઠરતી. મહર્ષિ એ સૌનો આદર કરતા ને કહેતા કે એમની ઉપાસનાનો અનુરાગ, અનન્ય ભક્તિભાવ અને વિવેકપૂર્વક આધાર લેવાથી નિર્ગુણ અનુભૂતિના આગળના પ્રદેશમાં સહેલાઈથી પહોંચી શકાય છે.

મહર્ષિના અસંખ્ય પ્રશંસકો ને ભક્તો બીજા કોઈને નહિ પરંતુ એમને જ પોતાના ઈષ્ટ અથવા ઉપાસ્ય સમજતા ને માનતા કે પરમાત્માની સર્વોત્તમ શક્તિ અનેકના આધ્યાત્મિક અભ્યુત્થાનને માટે એમના રૂપમાં મૂર્તિમંત અથવા પ્રકટ થઈ છે. એવી શ્રદ્ધાભક્તિ યુક્ત માન્યતાથી પ્રેરાઈને એ એમનું ધ્યાન ધરતા અને એમની સેવાપૂજાનો આશ્રય લેતા. એ મહાપુરૂષને પોતાની સેવાપૂજા અથવા પોતાનું ધ્યાન થાય એ જરા પણ પસંદ નહોતું. છતાં પણ ભક્તોની ભાવનાની આગળ એ લાચાર હતા. કેટલાક ભક્તો એમની છબીની પૂજા કરતા અને એમનાં એક સો આઠ નામોનો પાઠ કરીને શાંતિ મેળવતા. મહર્ષિ એમને પરમાત્માભિમુખ કરવાનો અને એમની ભાવના, વિચારસરણી તથા લાગણીને વિશુદ્ધ તેમજ ઉપકારક કરવાનો પ્રયાસ કરતા ખરા, પરંતુ એની ઉપર કઠોર બનીને કુઠારાઘાત ના કરતા. એ શ્વેતાશ્વતર

ઉપનિષદનો આધાર લઈને સમજાવતા કે દ્દગ્દૃશ્ય ભેદની નિવૃત્તિ નથી ત્યાં લગી ગુરૂ અને શિષ્યનો ભેદ તેમજ સંબંધ કાયમ રહે છે. એ દશામાં શિષ્ય આત્મવિકાસમાં મદદ મેળવવા માટે ગુરૂની જુદી જુદી રીતે મદદ મેળવે છે. તો પણ ગુરૂને ઈશ્વરરૂપ માનવાથી અથવા પરમાત્માના પ્રતિનિધિરૂપ સમજીને સેવવાથી સાધકનું શ્રેય સધાય છે. એણે પોતાની ભાવનાને હમેશાં ઉચ્ચ અને ઉપકારક રાખવી જોઈએ.

પેરુમાલ સ્વામી મહર્ષિ પ્રત્યે પરમ શ્રદ્ધાભક્તિ રાખતા. એ શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને તિરુવણ્ણામલૈમાં એમણે એમની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનો વિચાર કર્યો. એમને લાગ્યું કે એથી અનેક ભક્તો કે સાધકોને મદદ મળશે. પ્રતિમા–પ્રતિષ્ઠાની એ સમસ્યા નવી ને નાજુક હોવા છતાં પેરુમાલ એ માટે કૃતનિશ્ચય હતા. મહર્ષિએ એમનો વિરોધ ના કર્યો. કારણ કે પેરુમાલની અને એમના જેવા બીજા અનેક ભક્તોની ભાવનાને એ સમજી શક્યા. એ રીતે પણ એમને મદદ મળતી હોય તો એ મદદની વચ્ચે આવવાની ઈચ્છા એ ના કરી શક્યા. પેરુમાલ સ્વામીએ અતિશય પ્રેમ તથા પૂજ્યભાવથી એમની પ્રતિમા તૈયાર કરાવી. એને તૈયાર કરનાર નાગપ્પાજી પણ પ્રેમભક્તિથી સંપન્ન હોવાથી એ ખૂબ જ સુંદર બની. પછી તો શહેરમાં એની સ્થાપના કરવામાં આવી.

તો પણ મહર્ષિ પોતાના સ્થૂલ શરીરની પૂજાને કદી કોઈ પણ સંજોગોમાં પસંદ ના કરતા. એને માટેનો એમનો વિરોધ અવિચળ રહેતો. કેટલાક લોકો એમના શરીરને શણગારવાની, પૂજવાની, એમની આગળ ધૂપદીપ કરવાની, એમની આરતી ઉતારવાની, એમની સમક્ષ નાળિયેર વધેરવાની અને એવી બીજી ઈચ્છાઓની પૂર્તિ કરવાની આકાંક્ષા રાખતા, પરંતુ એ એમનો મક્કમતાપૂર્વક વિરોધ કરતા. એ પોતાને મંદિરની સજીવ મૂર્તિ જેવા નહોતા માનતા અને એવી રીતે કોઈ માને તે પ્રત્યે અણગમો બતાવતા.

### [૪] સિદ્ધિ વિશે

જાગૃતિ જીવન છે ને પ્રમાદ મરણ છે. એનું સ્મરણ સાધકે સદાય કરતા રહેવું જોઈએ. જે પ્રમાદનો પરિત્યાગ કરી, અખંડ જાગ્રત રહીને વિવેક અને ઉત્સાહપૂર્વક આગળ વધે છે તે સિદ્ધિના સુમેરૂ શિખર પર પહોંચી જાય છે અને આત્મસાક્ષાત્કાર કરીને કૃતાર્થ બને છે.

કેટલાક સાધકો આત્માનુભૂતિની વાતને ભૂલીને સાધનાના માર્ગમાં મળતી નાનીમોટી સિદ્ધિઓથી મોહિત થઈ જાય છે. એમણે જાણી લેવું જોઈએ કે પોતાના સ્વભાવની શુદ્ધિ સાધી, મન તથા ઈન્દ્રિયોનો સંયમ કરી, સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા જેવી મહામૂલ્યવાન શ્રેયસ્કર સિદ્ધિ બીજી કોઈ જ નથી. એટલે સાધકે એની પ્રાપ્તિ માટે પ્રામાણિકપણે પ્રયાસ કરવો જોઈએ.

જે સાધના કરે છે તેને એ સાધનાના સુપરિણામરૂપે નાની મોટી સિદ્ધિઓ જરૂર મળે છે એ ન્યાયે મહર્ષિને આત્મસાક્ષાત્કાર ઉપરાંત બીજી જુદી જુદી સિદ્ધિઓ સાંપડેલી. એની સિદ્ધિઓનું દર્શન એમના જીવનમાં પ્રસંગોપાત્ત થયા કરતું તો પણ એ આત્મસાક્ષાત્કાર સિવાયની બીજી સિદ્ધિઓને મહત્વ ના આપતા ને સાધકોને એમનાથી દૂર રહેવાનું કહેતા. એ સંબંધી એમના વિચારો અનુકરણીય અને આદર્શ છે. એકવાર એમની પરમ ભક્ત એચમ્માલે એમને પૂછ્યું :

'અમને પણ સિદ્ધિની પ્રાપ્તિ થઈ શકે ?'

એમણે એમની લાક્ષણિક રીતે ઉત્તર આપતાં સિદ્ધિ સંબંધી એમના અભિપ્રાયની અભિવ્યક્તિ કરતાં કહ્યું :

'સિદ્ધિ કોને કહો છો ? એ દ્વારા શું સમજો છો ? સાચી સિદ્ધિ સિદ્ધ વસ્તુ, તત્વ કે સત્તાનો સાક્ષાત્કાર કરવામાં જ સમાયલી છે. એનો સાક્ષાત્કાર થઈ જશે એટલે અન્ય સાધારણ અસાધારણ સઘળી સિદ્ધિઓ સ્વપ્નાવસ્થામાં સાંપડનારી સિદ્ધિઓની પેઠે મિથ્યા, મહત્વ વગરની ને નિરર્થક થઈ પડશે. જાગૃતિ દશા દરમિયાન સ્વપ્નમાં દેખાયેલી વિભિન્ન વિશેષ શક્તિઓ કે સિદ્ધિઓની સત્તા નથી રહેતી. એમની લેશ પણ પ્રતીતિ નથી થતી. સત્ય વસ્તુ, તત્વ કે સત્તામાં સંસ્થિતિ કરનારા સાધકોના અંતરનો અવિદ્યાયુક્ત મોહપડદો દૂર થઈ જાય છે. એવા સાધકો બહારની બીજી સિદ્ધિઓના સંમોહમાં નથી પડતા અને એમની પ્રાપ્તિની કોશિશ પણ નથી કરતા.'

એ હમેશાં આત્મવિચાર, આત્મનિષ્ઠા અને આત્માનુસંધાન પર ભાર મૂક્તા ને કહેતા કે આત્માને ઓળખવા જેવી સર્વોત્તમ સિદ્ધિ બીજી કોઈ જ નથી. માણસે ભયરહિત તથા બંધનમુક્ત બનવું હોય ને સનાતન શાંતિ મેળવવી હોય તો એ આત્મસિદ્ધિને મેળવ્યા સિવાય છૂટકો નથી. એના સિવાય બીજી નાની મોટી સિદ્ધિઓથી સાધકનું આત્યંતિક શ્રેય નથી સાધી શકાય તેમ.

મહર્ષિ આત્મવિચાર અને ધ્યાનની ભલામણ કરતા રહેતા પરંતુ જડ સમાધિની તરફેણ કદી પણ ના કરતા. એ સંબંધમાં એમના વિચારો આદ્ય શંકરાચાર્યના વિચારોને મળતા આવતા. માણસ આત્માનુસંધાનની મદદથી આત્માના સાક્ષાત્કારની અને આત્મનિષ્ઠ જીવનની સિદ્ધિ ના મેળવે ત્યાં સુધી સમાધિની સિદ્ધિથી પણ શું વળે ? મનને સર્વ પ્રકારના મળથી મુક્ત, વાસનારહિત અને પરમાત્માના પરમપવિત્ર પ્રેમથી પરિપ્લાવિત કરવાથી જ શાંતિ મળે છે તેમજ સાધના સફળ બને છે. મનની સુધારણા અને પરમાત્મમયી વૃત્તિ તથા દૃષ્ટિના વિકાસ પર એ અવારનવાર ભાર મૂક્તા. એ સંબંધમાં એક સરસ વાત પણ કહી બતાવતા :

એક યોગી ગંગાના પ્રશાંત તટપ્રદેશ પર રહીને તીવ્ર તપ કરતા. એમણે એમના શિષ્યને ગંગાનું પાણી લાવવાની આજ્ઞા કરી.

શિષ્યે પાણી લાવવા માટે ગંગાની દિશામાં પ્રયાણ કર્યું એ જ વખતે યોગીએ મનને બાહ્ય પદાર્થો અને વિષયોમાંથી પાછું વાળીને સમાધિમાં પ્રવેશ કર્યો. થોડાક વખતમાં તો શરીરનું બધું જ ભાન ભૂલી ગયા.

સમાધિની એ અસાધારણ અવસ્થામાં એક હજાર વરસ વીતી ગયાં ત્યારે એ યોગી જાગ્રત થયા.

જાગ્રત થઈને તરત જ એમણે પાણીની માગણી કરી. પરંતુ પાણી કોણ આપે ? એમની સમાધિદશા દરમિયાન પૃથ્વી પર મહત્વના મોટા મોટા ફેરફાર થઈ ગયેલા. ગંગાનો પ્રવાહ બદલાઈ ગયેલો, જમીન બદલાઈ ગયેલી, અને પાણી લાવવા ગયેલા શિષ્યનું શરીર પણ વરસોથી શાંત થયેલું. શરીર હાડપિંજર બનીને પડી રહેલું.

કાળ પોતાનું કામ કરી રહેલો.

એ સુદીર્ઘ સમાધિએ યોગીનું શું કલ્યાણ કર્યું ? એના પરિણામે યોગીની વૃત્તિ, વાસના તથા ઈચ્છામાં કશો ફેર ના પડ્યો. એને લીધે બીજો માનસિક લાભ કદાચ થયો હશે, કેટલીક બીજી વિશેષ શક્તિઓ પણ સાંપડી હશે, પરંતુ આત્મવિકાસનો સર્વાંગીણ હેતુ સિદ્ધ ના થયો તો શું કરવાનું ?

મહર્ષિની દૃષ્ટિ કેટલી બધી સૂક્ષ્મદર્શી, સારગર્ભિત અથવા માર્મિક હતી તેનો ખ્યાલ આ નાની સરખી વાર્તા પરથી સહેજે આવી જાય છે.

* * *     * * *     * * *     * * *

છતાં પણ મહર્ષિમાં બીજી સવિશેષ શક્તિઓ અથવા સિદ્ધિઓ નહોતી એમ નહિ. મહર્ષિના સંપર્કમાં આવનારા સાધકો, સંતો તથા સામાન્ય પુરૂષોને એમની એવી અનેકવિધ અસાધારણ શક્તિઓનો પરિચય થતો ને લાભ મળતો. એ બીજાના મનની વાતોને કે સમસ્યાઓને જાણી લઈને એમનો અદ્ભુત રીતે ઉકેલ કરતા ને મૌનની સવિશેષ શક્તિથી સાધકોને સુષુપ્ત શુભ સંસ્કારોને જગાડીને પોતાની આગવી રીતે લાભ પહોંચાડતા. દૂર રહેતા ભક્તો તથા શ્રેયાર્થીઓને દર્શન આપતા તથા પ્રેરણા કે પથપ્રદર્શન પૂરું પાડતા.

એમની અંદર વરસો પહેલાં, સાધનાના શરૂઆતના સમયમાં જ, વિશેષ શક્તિનો ઉદય થયેલો. એ વિશેની પ્રમાણભૂત માહિતી બીજા કેટલાય પ્રસંગોની જેમ શ્રી નારાયણ શાસ્ત્રીના પ્રસંગ પરથી પ્રાપ્ત થાય છે.

એ મહર્ષિનાં દર્શન માટે ઈ.સ. ૧૯૧૩ દરમિયાન અરૂણાચલ પર્વત પર ગયા ત્યારે કેળાં લઈ ગયા.

એ કેળાં એમણે સૌથી પહેલાં અરૂણાચલેશ્વરના મંદિરમાં ધરેલાં. મંદિરની આગળ જે ગણપતિની વિશાળ મધુમય મૂર્તિ હતી તેને એક કેળું એમણે માનસિક રીતે અર્પણ કરેલું.

મહર્ષિને એમણે એ બધી માહિતી આપ્યા વિના જ એ કેળાં અર્પણ કર્યાં. એમના શિષ્યે એમને ગુફાની અંદર લઈ જવા માંડ્યા ત્યારે મહર્ષિએ એને અટકાવીને કહ્યું : 'ઊભો રહે. આપણે ગણપતિને ધરાવેલા ફળનો ઉપભોગ કરીએ.'

મહર્ષિના એ શબ્દો સાંભળીને નારાયણ શાસ્ત્રીના વિસ્મયનો પાર ના રહ્યો. એમની ખાતરી થઈ કે મહર્ષિ બીજાના મનને અથવા ભૂતકાળની ઘટનાઓને જાણી શકે છે. મહર્ષિ પતંજલિ પોતાના યોગદર્શનમાં યોગીને સાંપડનારી એ શક્તિ કે સિદ્ધિને ચિત્તસંવિત તરીકે ઓળખાવે છે.

નારાયણ શાસ્ત્રી એ વખતે વાલ્મીકિ રામાયણ પર ગદ્યમાં ભાવાર્થ તૈયાર કરી રહેલા. એમણે એ વાત ગુપ્ત રાખેલી. મહર્ષિ પાસે એ એની હસ્તપ્રત લઈ ગયેલા. મહર્ષિની પાસે બેસીને એમણે મનોમન, કોઈને પણ ના સંભળાય એવી રીતે સંસ્કૃતમાં કહ્યું :

'તમે ચિત્તસંવિતની શક્તિ ધરાવતા હોવાથી મારા આગમનના પ્રયોજન વિશે કહી બતાવવાનો કશો અર્થ નથી. તમે તેને જાણો જ છો. '

મહર્ષિએ એ પ્રયોજનની પુષ્ટિ અને એમના દૃઢ વિશ્વાસની યથાર્થતાની પ્રતીતિ કરાવતાં તરત જ જણાવ્યું :

'રામાયણને બહાર કાઢી, ખોલીને કેમ નથી વાંચતા ?'

નારાયણ શાસ્ત્રીને સંપૂર્ણ સંતોષ થયો.

એ પોતાની રામાયણરચના સૌથી પહેલાં મહર્ષિની આગળ વાંચી સંભળાવવાના ઉદ્દેશથી જ આવેલા.

આરંભની એ શક્તિ અને એવી બીજી શક્તિઓ ઉત્તરોત્તર વધતી જઈને એમના પાછળના જીવનમાં કેવી પરાકાષ્ઠાએ પહોંચી હશે તેની કલ્પના સહેલાઈથી કરી શકાય છે. છતાં પણ એમનાથી એ અલિપ્ત જ રહ્યા એ એમની વિશેષતા હતી.

* * *     * * *     * * *     * * *

એમના એક બીજા ભક્ત શ્રી સુંદરેશ અય્યરને માહિતી મળી કે પોતાની તિરુવણ્ણામલૈથી બદલી થવાની છે એટલે એમણે એમને શોકિત સ્વરમાં ફરિયાદ કરતા હોય તેમ કહ્યું :

'ભગવાન પાસે ચાલીસ વરસ રહ્યા પછી હવે મારી બીજે બદલી થવાની છે. ભગવાનથી દૂર રહીને હું શું કરીશ ?'

'તમે ભગવાન સાથે કેટલા વખતથી રહો છો ?' મહર્ષિએ પૂછ્યું.

'ચાલીસ વરસથી.'

મહર્ષિએ ભક્તો તરફ ફરીને કહ્યું :

'આ મારા સદ્ઉપદેશને ચાલીસ વરસથી સાંભળે છે અને હવે કહે છે કે એ ભગવાનથી ક્યાંક દૂર જવાના છે !'

ભક્તો મૌનનો અનુભવ કરતા રહ્યા.

મહર્ષિ પોતાની સર્વવ્યાપકતાનો જાણે કે ખ્યાલ આપી રહ્યા. એમણે એમના એ શબ્દો દ્વારા એવું પણ સૂચવ્યું કે એમનો આટલા બધા લાંબા વખત લગી સંદેશ સાંભળનાર એમનાથી કદી અલગ ના થઈ શકે.

એમની દૃષ્ટિ જ્ઞાનમયી ને સૂક્ષ્મ હતી, તો પણ એ ભક્તની બદલી બંધ રહી.

☼ ☼ ☼ ☼ ☼

## [૪૩] મહર્ષિની સાધના - ૮

### [૧] હૃદયવિષયક વિચારો

એકવાર એમની પાસે આવેલા એક મુલાકાતીએ પોતાની બૌદ્ધિક પ્રતિભાનું પ્રદર્શન કરવા ધાર્યું હોય તેમ જુદા જુદા ધર્મો, સંપ્રદાયો, સત્પુરૂષો અને શાસ્ત્રોના સંદેશની ચર્ચા કરી ને પાશ્ચાત્ય દર્શનશાસ્ત્રના સિદ્ધાંતોનો પણ પરિચય પૂરો પાડ્યો. મહર્ષિ એ સઘળા સમય દરમિયાન મૌન રહ્યા અને હોલમાં બેઠેલા દર્શનાર્થીઓ, ભક્તો ને જિજ્ઞાસુઓ પણ એ બધું મંત્રમુગ્ધ બનીને શાંતિપૂર્વક સાંભળી રહ્યા.

ચર્ચાવિચારણાનો ઉપસંહાર કરતાં એ વિદ્વાન મુલાકાતીએ કહ્યું :

'એક મહાપુરૂષ એક પ્રકારની વાત કહે છે ને બીજા વળી બીજા જ પ્રકારની. તમારામાંથી કોની વાત સાચી સમજવી ? મારે કયા માર્ગનું અનુસરણ કરવું ?'

મહર્ષિ પહેલાંની પેઠે શાંત રહ્યા. પરંતુ મુલાકાતીએ પોતાના પ્રશ્નના ઉત્તર માટે આગ્રહ રાખ્યો ને જણાવ્યું :

'હું કયા માર્ગનું અનુસરણ કરું તે કૃપા કરીને કહી બતાવો.'

એટલામાં તો મહર્ષિને ઊઠવાનો સમય થઈ ગયો એટલે એમણે હૉલની બહાર નીકળવા માટે ઊભા થતાં જણાવ્યું :

'તમે જે માર્ગેથી આવ્યા છો તે માર્ગનું અનુસરણ કરો અથવા એ જ માર્ગે પાછા જાવ.'

પેલા મુલાકાતીને એમના એ સારગર્ભિત સુંદર શબ્દો ના સમજાયા એટલે એમણે બીજા ભક્તોને ફરિયાદ કરી કે મને જે જવાબ મળ્યો તે બરાબર નથી. પરંતુ મહર્ષિનો જવાબ મુદ્દાસરનો, સ્પષ્ટ ને સંપૂર્ણ છે એવું કેટલાક ભક્તોએ સ્પષ્ટીકરણ કર્યું ને કહ્યું કે માણસે પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરવાની છે, પોતાના મૂળ ઉદ્ભવસ્થાનને શોધી કાઢવાનું અથવા અનુભવવાનું અને એની સાથે એક થવાનું છે. જે પરમ સનાતન તત્વ, ચેતના, શક્તિ કે સત્તામાંથી આ અનેકવિધ સૃષ્ટિની રચના થઈ છે, જેના આધારથી એ ટકે છે તથા પુષ્ટિ પામે છે ને જેમાં વિલિન બને છે : અને સમષ્ટિ જ નહિ પરંતુ વ્યક્તિની જીવનસૃષ્ટિ પણ જેને લીધે પ્રાદુર્ભાવ પામે છે, તે તત્વ, ચેતના, શક્તિ કે સત્તાનો સાક્ષાત્કાર કરવાની આવશ્યકતા છે એવો મહર્ષિનો સંદેશ છે.

ભક્તોનું એ સ્પષ્ટીકરણ સાચું હતું. એનાથી પેલા મુલાકાતીના મનનું સમાધાન થયું. પરંતુ મહર્ષિના એ સારસંદેશને જરાક જુદી રીતે પણ વિચારી શકાય તેમ છે. મહર્ષિએ 'તમે જે માર્ગેથી આવ્યા છો' એવો શબ્દપ્રયોગ કર્યો એનો અર્થ શો ? મનુષ્યમાત્ર કયા માર્ગેથી પોતાની વાસ્તવિક જીવનરૂપી સૃષ્ટિમાં આવતો હોય છે ? પોતાની મૂળભૂત નિર્વિકાર, નિશ્ચલ, પ્રશાંત આત્મિક અવસ્થામાંથી એ સૌથી પ્રથમ જાગે છે ને જીવનમાં પ્રવેશે છે ત્યારે શું થાય છે ? સૌથી પહેલાં એની દશા કેવી હોય છે ? એની અંદર અસ્મિતા અથવા અહંભાવ પેદા થાય છે જેના વિના જીવનનો અનુભવ કદાપિ શક્ય નથી બનતો ને જીવનનું અનુભવગમ્ય અસ્તિત્વ પણ નથી સંભવતું. અહંતામાંથી પ્રકટેલો એ જીવનમાર્ગ આગળ વધે છે ને મમતાથી યુક્ત બને છે. એમાંથી રાગદ્વેષ, ઈચ્છા તથા લાલસા અને સુખદુઃખની, વિવિધ બંધનો કે દ્વંદ્વોની તેમજ જન્મમરણની

નાનીમોટી, અનુકૂળ, ક્લેશકારક અથવા આનંદદાયક, શુભાશુભ શેરીઓ બને છે. માણસે આજ સુધી એ જ પુરાતન પથ પર પ્રવાસ કર્યો છે અને એ જ માર્ગે પાછા વળવાનું છે. જે શેરીઓ પરથી પોતાને પસાર થવાનું છે તે શેરીઓને સાનુકૂળ ને સ્વચ્છ કરી, સંકલ્પોને સુંદર બનાવી, રાગદ્વેષાદિ દ્વંદ્વો અને મમતામાંથી મુક્તિ મેળવી, અહંભાવનાને એકદમ ઓગાળી નાખવાની છે. અહંવૃત્તિનો વિલય થતાં સ્વરૂપનો સાક્ષાત્કાર અથવા શાશ્વત સર્વોત્તમ સત્યનો સ્વાનુભવ સહજ બનશે. 'એ જ માર્ગે પાછા જાવ' એવો આદેશ આપીને મહર્ષિએ એ જ પરંપરાગત સાધનાપદ્ધતિનું પ્રતિપાદન કરેલું. સાદા છતાં પણ એમાં સમાયલા ભાવો ગહન અને ઊંચા હતા. પરંતુ પેલા બૌદ્ધિક પ્રતિભાવાળા મુલાકાતી એમની અપરિપકવ આત્મિક અવસ્થાને લીધે એ ગૂઢાર્થ કે સારવાતને ના સમજી શક્યા ને મહર્ષિએ પોતાના પ્રશ્નનો ઉત્તર જેવી રીતે આપવો જોઈએ તેવી રીતે નથી આપ્યો એવી ફરિયાદ પણ કરવા લાગ્યા !

મહર્ષિ અહંવૃત્તિને સૌની માતા માનતા અને કહેતા કે એનો આવિર્ભાવ હૃદયમાંથી થતો હોય છે. એમના અનુભવાત્મક અભિપ્રાયાનુસાર એ હૃદય કોઈ સ્થૂલ શારીરિક અંગ નથી. યોગના ગ્રંથોમાં વર્ણવવામાં આવેલું હૃદયચક્ર પણ નથી. એનું સ્થાનવિશેષ છાતીના મધ્ય ભાગથી જમણી બાજુએ દોઢ ઈંચ જેટલું દૂર આવેલું છે. દેહાતીત દશાનો અંત આવતાં આ જ કેન્દ્રસ્થાનમાં અહંતાનો ફરીથી ઉદ્ભવ થાય છે.

મહર્ષિ કહેતા કે અહંભાવ જ્યાંથી આવિર્ભાવ પામે છે ત્યાં જ એનો અંત પણ આવી શકશે. એટલા માટે એ કેટલાક સાધકોને હૃદયપ્રદેશમાં ધ્યાન કરવાનો આદેશ આપતા.

ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે આત્મા હૃદયમાં છે. हृदि ह्येष आत्मा । ગીતા પણ જણાવે છે કે ઈશ્વર સૌના હૃદયપ્રદેશમાં વાસ કરે છે. ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । કેટલાક વિચારકો ચેતનાનું અધિષ્ઠાન મસ્તિષ્કમાં આવેલા સહસ્ત્રદલ ચક્રમાં માને છે પરંતુ મહર્ષિનો પોતાનો અભિપ્રાય ઉપર જણાવ્યો તેવો જ છે. એ અભિપ્રાય અવનવો હોવા છતાં એની પાછળ વરસોનો અનુભવ હોવાથી એની અવગણના કરવાનો વિચાર પણ ના કરી શકાય.

એમના હૃદય વિશેના વિચારોને વ્યક્ત કરતા એમના વાર્તાલાપ પર દૃષ્ટિપાત કરી જઈએ તો એ અસ્થાને નહિ લેખાય.

જિજ્ઞાસુ : શ્રી ભગવાન હૃદયને ચેતનાના અધિષ્ઠાન અથવા આત્માના પર્યાય તરીકે કહી બતાવે છે. એ હૃદયથી સાચેસાચ શું અભિપ્રેત છે ?

મહર્ષિ : ચેતના અથવા સભાનતાના ઉદ્ભવસ્થાનને શોધી કાઢવામાં તમને રસ છે એટલા માટે જ હૃદય સંબંધી પ્રશ્ન પેદા થાય છે. ઊંડી વિચારશક્તિવાળા બધા જ માણસો 'હું' અને એના સ્વરૂપની શોધ માટે એક પ્રકારના અદમ્ય આકર્ષણનો અનુભવ કરે છે ઈશ્વર, આત્મા, હૃદય, અથવા ચેતનાનું અધિષ્ઠાન, એને ગમે તે નામ આપો તો પણ વસ્તુતઃ એક જ છે. જે મુદ્દો ધ્યાનમાં રાખવાનો છે તે એ છે કે હૃદય પ્રત્યેક વ્યક્તિનું મુખ્ય બળ કે કેન્દ્રસ્થાન છે અને એના વિના બીજા કશાનું અસ્તિત્વ નથી.

જિજ્ઞાસુ : પરંતુ ભગવાને તો હૃદયને માટે સ્થૂલ શરીરમાં છાતીની અંદર બે ઈંચ જેટલે દૂર જમણી બાજુએ એક ચોક્કસ સ્થાન બતાવ્યું છે.

મહર્ષિ : બરાબર છે. સંતોના સ્વાનુભવ પ્રમાણે એ આત્મિક અનુભૂતિનું કેન્દ્રસ્થાન છે. એ આધ્યાત્મિક હૃદય રક્તની સાથે સંકળાયલા હૃદયરૂપી સ્થૂલ અવયવથી તદ્દન જુદું છે. આધ્યાત્મિક હૃદય શરીરનું કોઈ અંગ નથી. હૃદય સંબંધી એટલું અવશ્ય કહી શકાય કે એ તમારા જીવનનું મુખ્ય બળ છે. જાગ્રત હો, સ્વપ્નદશામાં, સુષુપ્તિમાં કે સમાધિદશામાં ડૂબેલા હો કે કાર્ય કરતા હો તો પણ એનાથી ખરેખર કદી પણ અલગ નથી થઈ શકતા.

જિજ્ઞાસુ : તો પછી એ સંજોગોમાં એનું સ્થાન શરીરના કોઈ પણ એક ખાસ પ્રદેશમાં સીમિત કેવી રીતે કરી શકાય ? એ હૃદયને માટે કોઈક સ્થાનને મુકરર કરવાનો અર્થ તો જે દેશ તથા કાળથી અતીત છે તેને માટે ભૌતિક મર્યાદાઓ ઊભી કરવાનો પ્રયત્ન કરવા બરાબર થઈ પડશે.

મહર્ષિ : એ સાચું છે. પરંતુ હૃદયના સ્થાનવિશેષ સંબંધી પ્રશ્ન પૂછનાર પુરૂષ પોતાને શરીર સાથે અથવા શરીરમાં રહેનાર માને છે. અત્યારે આ પ્રશ્ન પૂછતી વખતે એવું કહી શકો તેમ છો કે અહીં તમારું શરીર જ છે અને તમે કોઈક બીજે ઠેકાણેથી બોલી રહ્યા છો ? ના. તમે તમારા સ્થૂલ શારીરિક અસ્તિત્વનો સ્વીકાર કરો છો. એ જ દૃષ્ટિએ ભૌતિક શરીરનો ઉલ્લેખ કરવો પડે છે. ખરું જોતાં વિશુદ્ધ ચેતના એકદમ અખંડ અથવા અવિભાજ્ય છે. એના વિભાગો નથી પાડી શકાતા. એને આકાર કે રૂપ નથી, અંદર કે બહાર જેવું કશું નથી. એને માટે જમણી તરફ કે ડાબી બાજુએ એવા શબ્દ પ્રયોગો નથી કરી શકાતા. એ હૃદયરૂપી પવિત્ર કેવળ ચેતનામાં સર્વકાંઈ સમાઈ જાય છે. એનાથી અલગ કે બહાર બીજું કશું જ નથી. એ એક માત્ર સત્ય છે. એવી વિશાળ દૃષ્ટિથી વિચારીએ તો સહેજે સમજી શકાય છે કે હૃદય, આત્મા અથવા ચેતનાનું સ્થૂલ શરીરમાં કોઈ એક ચોક્કસ સ્થાન ના હોઈ શકે. એનું કારણ સમજી શકો છો ? શરીર મનની માત્ર રચના છે અને મન એ પરમ ને સ્વયંપ્રકાશિત હૃદયનું સાધારણ આછું પાતળું પ્રતિબિંબ. એકમાત્ર શાશ્વત સત્તાના સામાન્ય પ્રકટીકરણ જેવા સ્થૂલ શરીરમાં એક નાનો સરખો વિભાગ અથવા અવયવ બનીને સૌને સમાવી લેનારું એ હૃદય કેવી રીતે રહી શકે ? પરંતુ માણસો એ નથી સમજતા. એ સ્થૂલ શરીર અને સંસારની દૃષ્ટિએ જ બધી વસ્તુઓનો વિચાર કરે છે. દાખલા તરીકે તમે કહો છો કે હિમાલયની પેલી પારના પ્રદેશમાં આવેલી મારા માતૃભૂમિમાંથી હું આશ્રમમાં આવી પહોંચ્યો છું. પરંતુ એ સાચું નથી. તમે તો એક, અનન્ય, સર્વવ્યાપક, આત્મા છો. આત્માને માટે આવવા કે જવા જેવી કોઈ પ્રવૃત્તિ ક્યાં રહે છે ? તમે સદાને માટે જ્યાં છો ત્યાં જ છો. આશ્રમમાં પહોંચતાં સુધી જુદાં જુદાં સ્થળોમાં જે ફરતું રહ્યું તે તો શરીર છે. એ એક સીધું સાદું સત્ય હોવા છતાં પોતાને ભૌતિક જગતમાં જીવંત સમજનારા માનવને દિવાસ્વપ્ન જેવું કપોલકલ્પિત લાગે છે! સામાન્ય માનવની વિચારસરણીની એ ભૂમિકા પર આવીને વાત કરીએ તો સ્થૂલ શરીરની અંદર હૃદયના સ્થાનનો નિર્દેશ કરી શકાય છે.

જિજ્ઞાસુ : તો પછી ભગવાનના એ નિવેદનનો અર્થ શો અથવા કેવી રીતે કરવો કે હૃદયનો અનુભવ છાતીમાં અમુક ચોક્કસ સ્થાનમાં થતો હોય છે ?

મહર્ષિ : વાસ્તવિક્તાને અનુલક્ષીને એક વાર તમે વિશાળતાપૂર્વક વિચારો ને સ્વીકારો કે હૃદય દેશકાળાતીત એકમાત્ર પવિત્ર ચેતના છે તો પછી બીજું બધું સમજવાનું સહેલું થઈ પડશે.

જિજ્ઞાસુ : એ જ ભૂમિકા પરથી મેં હૃદયના સ્થાનવિશેષ સંબંધી પ્રશ્ન પૂછ્યો છે. હું ભગવાનનો પોતાનો અનુભવ જાણવા માગું છું.

મહર્ષિ : મન તથા શરીરથી પર જે વિશુદ્ધ ચેતના છે તેનો જ સીધો અનુભવ થાય છે. સામાન્ય માણસ પોતાના શારીરિક અસ્તિત્વને અનુભવે છે તેવી જ રીતે સંતપુરૂષો પોતાના શરીરરહિત, શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરતા હોય છે. પરંતુ ચેતનાની અનુભૂતિ શારીરિક ભાન સાથે અને એના સિવાય એમ બંને રીતે થતી હોય છે. કેવળ ચેતનાના શરીરરહિત અનુભવ દરમિયાન સંતપુરૂષ દેશ તથા કાળથી પર હોય છે. અને એ અવસ્થામાં હૃદયના સ્થાનવિશેષનો પ્રશ્ન પેદા થવાનો કશો સંભવ નથી રહેતો.

ભૌતિક શરીરનું અસ્તિત્વ પરમચેતના સિવાય નથી રહી શકતું એટલા માટે પરમ ચેતનાની મદદથી શરીરભાન ટકાવી રાખવું પડે છે. શરીરની શક્તિ સ્વાભાવિક રીતે જ સીમિત છે. એ અનંત અને સનાતન ચેતનાની પેઠે વ્યાપક નથી. સ્વાનુભવસંપન્ન સંતને માટે શરીરની સભાનતા તો કેવળ સ્વયંપ્રકાશિત અનંત આત્મચેતનાનું પ્રતિધ્વનિત કિરણમાત્ર હોય છે. દેહનું ભાન એના જીવનમાં એ જ અર્થમાં રહેતું હોય છે.

હૃદયના કેવળ ચેતનાના રૂપમાં થનારા દેહાતીત અનુભવ દરમિયાન સંતપુરૂષને શરીરનું જરા પણ ભાન નથી હોતું એટલે શરીરનું ભાન આવ્યા પછી એ અનુભવનું સહજ સ્મરણ કરીને એ એને શરીરની સીમાઓમાં સીમિત કરવાનો પ્રયત્ન કરે છે.

જિજ્ઞાસુ : મારા જેવા પ્રત્યક્ષ અનુભવ વગરના અને એના સંસ્મરણથી રહિત સાધકોને માટે આ આખીય વાત સમજવાનું કામ થોડુંક કઠિન લાગે છે. હૃદયના સ્થાન વિશે અમારે તો એકમાત્ર અનુમાનનો જ આધાર લેવો રહ્યો.

મહર્ષિ : સામાન્ય માણસોએ પણ જો હૃદયના સ્થાન વિશેના નિર્ણય માટે એકમાત્ર અનુમાનનો જ આધાર લેવાનો હોય તો તો પછી એને વિચારવાનો કશો અર્થ જ નથી રહેતો. ના. એને માટે અનુમાનનો આધાર નથી લેવાનો પરંતુ નિર્ભેળ, અણિશુદ્ધ અંતઃપ્રેરણાનો આશ્રય લેવાનો છે.

જિજ્ઞાસુ : અંતઃપ્રેરણા કોને માટે છે ?

મહર્ષિ : સૌ કોઈ ને માટે.

જિજ્ઞાસુ : મને હૃદયનું એ અંતઃપ્રેરણામૂલક જ્ઞાન મળ્યું છે એવું ભગવાન માનશે ખરા ?

મહર્ષિ : ના. હૃદયનું જ્ઞાન નહિ પરંતુ હૃદયના સ્થાનવિશેષનું જ્ઞાન.

જિજ્ઞાસુ : ભગવાન એવું કહેવા માગે છે કે હું શરીરની અંદર રહેનારા હૃદયના સ્થાનવિશેષનું અંતઃપ્રેરણાત્મક જ્ઞાન ધરાવું છું ?

મહર્ષિ : શા માટે નહિ ?

જિજ્ઞાસુ : ભગવાન શું આ વાત મને વ્યક્તિગત રીતે ઉદ્દેશીને કહી રહ્યા છે ?

મહર્ષિ : હા. એ જ અંતઃપ્રેરણા છે. હમણાં તમે તમારા વિશે વાત કરતી વખતે કેવો અભિનય કરી બતાવ્યો ? તમારી આંગળીને છાતીની જમણી બાજુએ ના રાખી ? હૃદયકેન્દ્રનું સાચું સ્થાન ખરેખર ત્યાં જ છે.

જિજ્ઞાસુ : તો પછી પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થતાં સુધી એ અંતઃપ્રેરણા પર આધાર રાખું ?

મહર્ષિ : એમાં ખોટું શું છે ? વિદ્યાર્થી જ્યારે જણાવે છે કે મેં આ સરવાળો કે દાખલો બરાબર કર્યો છે અથવા જ્યારે પૂછે છે કે હું જલદી જલદી જઈને તમારે માટે પુસ્તક લઈ આવું ? ત્યારે દાખલો કરનારની ઓળખાણ આપતાં માથા પર આંગળી મૂકે છે અથવા તો પુસ્તક લાવવામાં મદદરૂપ થનારા પગનો નિર્દેશ કરે છે ? ના. એ બંને પ્રકારની અવસ્થામાં એની આંગળી છાતીની જમણી બાજુ પર પડતી હોય છે. એવી રીતે એ અહંભાવનું ઉદ્‌ભવસ્થાન ત્યાં રહેલું છે એ મૂળભૂત હકીકતનો કુદરતી રીતે જ નિર્દેશ કરે છે. નિર્ભેળ અંતઃપ્રેરણાથી પ્રેરાઈને જ એ સ્વરૂપ અથવા હૃદયનો એવી રીતે પરિચય આપે છે. દરેક વ્યક્તિ એ જ પ્રકારના અભિનયનો આધાર લેતી હોય છે. સ્થૂલ શરીરની અંદરના હૃદયના સ્થાનને માટે આથી વધારે સુંદર પુરાવો બીજો કયો હોઈ શકે ?

જિજ્ઞાસુ : પરંતુ એક સંત પાસેથી મેં સાંભળ્યું છે કે એમને એમના આત્મિક અનુભવની પ્રાપ્તિ બંને ભ્રમરની મધ્યના પ્રદેશમાં થતી હોય છે !

મહર્ષિ : મેં પહેલાં કહ્યું તેમ, સંપૂર્ણ અને છેવટના સાક્ષાત્કારમાં દૃષ્ટા અને દૃશ્યના ભેદ નથી રહેતા. એ સાક્ષાત્કારની સિદ્ધિ થાય છે ત્યારે આત્મિક અનુભૂતિ કયે ઠેકાણે થાય છે તેનું મહત્વ નથી રહેતું.

જિજ્ઞાસુ : પરંતુ પ્રશ્ન એ થાય છે કે બંનેમાંથી સાચું શું છે ? આધ્યાત્મિક અનુભૂતિનું કેન્દ્રસ્થાન બંને ભ્રમરની મધ્યનો પ્રદેશ છે કે હૃદય છે ?

મહર્ષિ : અભ્યાસને ખાતર, તમને અનુકૂળ લાગે તો, ભ્રૂમધ્યમાં ધ્યાન કરી શકો છો. એ ધ્યાન મનનું ભાવાનાત્મક અથવા કાલ્પનિક ધ્યાન હશે. પરંતુ સાક્ષાત્કાર અથવા આત્માનુભવની સર્વોચ્ચ દશામાં તમારુ વ્યક્તિત્વ સંપૂર્ણપણે વિલીન થાય છે ને મનથી પારના પ્રદેશમાં પહોંચાય છે. એ અવસ્થામાં તમે કોઈપણ કેન્દ્રવિશેષથી અલગ રહીને એનો અનુભવ નથી કરી શકતા.

જિજ્ઞાસુ : હું મારો પ્રશ્ન જરાક જુદી રીતે પૂછું. ભ્રૂમધ્યના પ્રદેશને આત્માના અધિષ્ઠાન તરીકે ઓળખી શકાય ?

મહર્ષિ : તમે માનો છો કે આત્મા મનની ત્રણે અવસ્થા દરમિયાન રહે છે અને ચેતનાના એકમાત્ર પરિપૂર્ણ ઉદ્‌ભવસ્થાનરૂપ છે. પરંતુ ધ્યાનમાં કોઈને ઊંઘ આવે છે ત્યારે શું થાય છે તેનું અવલોકન કરો. ઊંઘના પહેલા લક્ષણરૂપે એનું મસ્તક હાલવા લાગે છે. જો સ્વરૂપ અથવા

આત્માનો આવાસ ભ્રૂમધ્યમાં કે મસ્તકના બીજા કોઈક પ્રદેશમાં હોત તો એવું ના થાત. નિદ્રાની દશા દરમિયાન ભ્રૂમધ્યમાં આત્માનો અનુભવ ના થતો હોય તો એ પ્રદેશને આત્માના અધિષ્ઠાનનો પ્રદેશ ના કહેવાય. નહિ તો આત્મા અવારનવાર પોતાના સ્થાનનો પરિત્યાગ કરે છે એવું માનવું પડે. એ ઉચિત ના કહેવાય. જે સ્થાન અથવા ચક્ર પર સાધક મનને એકાગ્ર કરે છે તે સ્થળે અનુભવની પ્રાપ્તિ કરી શકે છે. પરંતુ એટલા જ કારણને લીધે એના અનુભવનું એ ચોક્કસ સ્થળ આત્માના અધિષ્ઠાનનું સ્થળ નથી થઈ જતું.

જિજ્ઞાસુ : ભગવાન જણાવે છે કે આત્મા ગમે તે કેન્દ્રમાં કે ચક્રમાં કામ કરે તો પણ એનું અધિષ્ઠાન હૃદયમાં રહે છે, તો પછી સતત ધારણા કે ભ્રૂમધ્યના ધ્યાનના અભ્યાસથી ભ્રૂમધ્યનું સ્થાન આત્માનું અધિષ્ઠાન થઈ જાય એવું ના બની શકે ?

મહર્ષિ : તમારા ધ્યાનને સ્થિર કરવા માટેનો અભ્યાસ કરતા હો ત્યાં સુધી આત્માના અધિષ્ઠાન વિશે જે કાંઈ નક્કી કરશો તે કેવળ સૈદ્ધાંતિક હશે. તમે તમને દૃષ્ટા માનો છો ને જ્યાં તમારા ધ્યાનને જમાવો છો તે સ્થળ દૃશ્ય બને છે. એ ફક્ત ભાવના છે. જ્યારે બીજી બાજુએ તમે દૃષ્ટાને પોતાને જુઓ છો, આત્મામાં લીન બનો છો, અને એની સાથે એક થાવ છો. એ હૃદય છે.

જિજ્ઞાસુ : તો પછી ભ્રૂમધ્યમાં ધ્યાન કરવાનું સલાહભર્યું છે ?

મહર્ષિ : ધ્યાનમાં પ્રત્યેક પ્રકારના અભ્યાસનું અંતિમ પરિણામ એ છે કે સાધક જેના પર પોતાના મનને સ્થિર કરે છે તે દૃશ્યપદાર્થના અલગ અસ્તિત્વનો અંત આવે છે. દૃષ્ટા ને દૃશ્ય, ધ્યાતા ને ધ્યેય એક આત્મામાં મળી જાય છે અને એ જ હૃદય કહેવાય છે.

ભ્રૂમધ્યમાં ધ્યાન કરવાની પદ્ધતિ પણ સાધનાની એક વિશિષ્ટ પદ્ધતિ છે અને એની મદદથી થોડાક વખતને માટે વિચારોનો સારી રીતે સંયમ સાધી શકાય છે. મનને ભ્રૂમધ્યમાં સ્થિર કરવાનો અભ્યાસ કરતી વખતે કોઈ મંત્રજપનો આધાર પણ લેવો જોઈએ. એથી લાભ થાય છે. જપની મદદ વિના ધ્યેય વસ્તુ પર એકાગ્ર નહિ થઈ શકાય. એ સાધનાના પ્રભાવથી છેવટે ધ્યેયપદાર્થમાં લીન થવાય છે. વિશુદ્ધ ચેતના, આત્મા અથવા હૃદયનો છેવટે સાક્ષાત્કાર થાય છે. એ સાક્ષાત્કાર અંતિમ છે.

જિજ્ઞાસુ : ભગવાન દ્વારા અમને કોઈ ખાસ ચક્રસ્થાનનું ધ્યાન કરવાનો આદેશ કેમ નથી આપવામાં આવતો ?

મહર્ષિ : યોગના ગ્રંથોમાં કહ્યું છે કે આત્માનું અધિષ્ઠાન સહસ્ત્રધાર અથવા મસ્તક છે. પુરૂષસૂક્ત એનું અધિષ્ઠાન હૃદય છે એવું વર્ણન કરે છે. સાધકના મનમાં એ પરસ્પર વિરોધી વિચારધારાને લીધે પેદા થનારી શંકાના સમાધાન માટે હું એને અહંભાવનો આધાર લઈને એના મૂળ ઉદભવસ્થાન સુધી પહોંચી જવાની ભલામણ કરું છું. કારણ કે પોતાના અહંભાવના સંબંધમાં કોઈ પ્રકારની શંકા કરવાનું કોઈને માટે શક્ય નથી, ને ગમે તે પ્રકારની સાધનાનો આધાર લેવામાં આવે તો પણ આખરે તો તમે જેનો અનુભવ કરો છો તે

અહંભાવના ઉદભવસ્થાનનો સાક્ષાત્કાર જ કરી લેવાનો છે. અંતિમ ધ્યેય એ જ છે. એટલે આત્મવિચારનો આશ્રય લેવાથી આત્મા, સ્વરૂપ અથવા હૃદયને પહોંચી શકશો.

મહર્ષિની એ બધી વિચારધારા પરથી સુસ્પષ્ટ રીતે સમજી શકાય છે કે એમનું હૃદય કોઈ સ્થૂલ હૃદય નથી પરંતુ આત્માનું અધિષ્ઠાન છે. એ હૃદયનો અનુભવ અંતરંગ સાધનાનો આધાર લેવાથી થઈ શકે છે. સાધક ભ્રૂમધ્ય અથવા હૃદયપ્રદેશમાં અથવા બીજા ગમે તે સ્થાનવિશેષમાં પોતાની અભિરુચિ કે પસંદગી પ્રમાણે ધ્યાન કરી શકે છે, પરંતુ આખરે તો એણે બધા જ બાહ્ય ભેદભાવોમાંથી મુક્તિ મેળવીને આત્માનુભૂતિની પ્રાપ્તિ કરવાની છે. એની સાધનાના એ મુખ્ય ને મૂળભૂત હેતુ તરફ એ એક અથવા બીજી રીતે અવારનવાર અંગુલિનિર્દેશ કરે છે.

**[૨] જગત વિષયક દૃષ્ટિકોણ**

મહર્ષિનો જગતવિષયક દૃષ્ટિકોણ વેદાંતની પુરાતન પ્રખ્યાત પરંપરા પ્રમાણેનો ને શંકરાચાર્યના દૃષ્ટિકોણને મળતો હતો. કેટલાક લોકો એવું માને છે કે એ જગતને માનતા નહોતા અને એની સત્તાની અવગણના કરતા. પરંતુ ખરેખર એવું ન હતું. એ જગતની વ્યવહારિક સત્તાનો સ્વીકાર કરતા અને એટલા માટે જ એમાં રહીને બીજાને મદદરૂપ થવા તૈયાર રહેતા તથા જુદા જુદા જીવનોપયોગી વ્યવહાર કરતા, પરંતુ જગતમાં કે જગતના રૂપમાં સર્વત્ર પરમાત્માનો અનુભવ કરતા હોવાથી જગત એમને માટે બીજાની જેમ ભેદભાવયુક્ત પાર્થિવ જગત નહોતું રહ્યું, પરંતુ પરમાત્માનું પરમપવિત્ર ચિન્મય પ્રતીક બની ગયેલું.

મહર્ષિ બ્રહ્મમયી દૃષ્ટિથી સંપન્ન હોવાથી સર્વપ્રકારના નાના મોટા અવિદ્યાજન્ય ભેદભાવથી મુક્ત હતા. એમના વિચારો અલૌકિક અભેદભાવનો અને અનેરી આત્મનિષ્ઠાનો પડઘો પાડે છે. એ વિચારોનો પરિચય એમને સાચી રીતે સમજવામાં અથવા એમના વ્યક્તિત્વને મૂલવવામાં ઉપયોગી ઠરે તેમ હોવાથી થોડેઘણે અંશે કરી લઈએ.

પ્રશ્ન : જ્ઞાની જગતને અનુભવે છે ખરો ?

મહર્ષિ : પ્રશ્ન કોના તરફથી પૂછવામાં આવ્યો છે ? જ્ઞાની તરફથી કે અજ્ઞાની તરફથી ?

જિજ્ઞાસુ : અજ્ઞાની તરફથી, એ કબૂલ કરું છું. હું જગત સંબંધી જ્ઞાનીનો દૃષ્ટિકોણ જાણવા માગું છું. આત્માના સાક્ષાત્કાર પછી જગતનો અનુભવ થાય છે ખરો ?

મહર્ષિ : તમે જગતની અને આત્મસાક્ષાત્કારની સિદ્ધિ પછી એનું શું થાય છે તેની ચિંતા શા માટે કરો છો ? પહેલાં આત્માનો સાક્ષાત્કાર કરી લો. જગતનો અનુભવ થતો હોય તો પણ શું અને ના થતો હોય તો પણ શું ? નિદ્રાવસ્થામાં જગતનો અનુભવ નથી તો તેથી તમારી શોધમાં મદદ મળે એવું કશું તમને મળે છે ખરું ? એથી ઊલટું, અત્યારે જગતનો અનુભવ થતાં તમને શું નુકસાન થાય છે ? જગતનો અનુભવ થાય છે કે નહિ એ જ્ઞાની કે અજ્ઞાની બંનેમાંથી કોઈને માટે વધારે મહત્વનું નથી હોતું. બંનેને એનું દર્શન તો થાય જ છે, પરંતુ એમના દૃષ્ટિકોણમાં ફેર હોય છે.

જિજ્ઞાસુ : જ્ઞાની અને અજ્ઞાની બંને જગતનો એકસરખો અનુભવ કરતા હોય તો એમની અંદર કશો તફાવત ક્યાં રહ્યો ?

મહર્ષિ : જગતને જોતી વખતે જ્ઞાની જે કાંઈ દેખાય છે તેના સારરૂપ આત્માને જુએ છે. અજ્ઞાની જગતને જોતો હોય કે ના જોતો હોય તો પણ એના સત્ય સ્વરૂપથી અથવા આત્માથી અનભિજ્ઞ હોય છે.

જિજ્ઞાસુ : જે જગત આટલી જુદી જુદી રીતે જોવાય છે, અનુભવાય છે, અને ઈન્દ્રિયોનો વિષય બને છે તે સ્વપ્નસમાન અથવા ભ્રમણામાત્ર છે ?

મહર્ષિ : જો તમે સત્યની ને કેવળ સત્યની શોધ કરવા માગતા હો તો તમારે માટે જગતને અવાસ્તવિક અથવા અનિત્ય માનવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી રહેતો.

જિજ્ઞાસુ : એનું કારણ ?

મહર્ષિ : એનું એક સીધું સાદું કારણ એ છે કે જગત સાચું છે, એ ખ્યાલને તિલાંજલિ નહિ આપો ત્યાં સુધી તમે તેની પાછળ મોહિત કે મુગ્ધ બનતા રહેશો. એક માત્ર સત્યનું જ અસ્તિત્વ હોવા છતાં, બહારના દૃશ્યને તમે સાચું માની લેશો તો જે સાચેસાચ સત્ય છે તેને કદાપિ નહિ જાણી શકો. એ દૃષ્ટિબિંદુને 'રજ્જુમાં સર્પ'ના રૂપક દ્વારા રજુ કરવામાં આવ્યું છે. જ્યાં સુધી તમે સર્પને જુઓ છો ત્યાં સુધી રજ્જુને રજ્જુના રૂપમાં નથી જોઈ શકતા. જેનું અસ્તિત્વ જ નથી તે સાપ તમારે માટે સાચો બની જાય છે, જ્યારે સાચું રજ્જુ એનું અસ્તિત્વ ખોઈ બેસે છે.

જિજ્ઞાસુ : માનવાને ખાતર માની લઈએ કે જગત આખરે સાચું નથી, પરંતુ એ ખરેખર અસત્ય છે એવું તો સહેલાઈથી નથી માની શકાતું.

મહર્ષિ : તમે સ્વપ્નાવસ્થામાં હો છો ત્યારે તમારું સ્વપ્નજગત પણ એવી રીતે જ સાચું હોય છે. સ્વપ્ન ચાલુ હોય ત્યાં સુધી તેમાં જે કાંઈ જુઓ છો કે અનુભવો છો તે સાચું હોય છે.

જીજ્ઞાસુ : તો પછી જગત સ્વપ્નથી વિશેષ કશું જ નથી ?

ઉત્તર : તમે સ્વપ્નાવસ્થામાં છો ત્યારે તમારામાં એની યથાર્થતાની બુદ્ધિ હોય છે એમાં ખોટું શું છે ? તમને તદ્દન અશક્ય જેવું સ્વપ્નું આવ્યું હોય : દાખલા તરીકે મરેલા માણસ સાથે સુખદ વાતચીત કરવાનું. તે વખતે તે માણસ શું મરી નથી ગયો ? એવી થોડા વખતને માટે તમને શંકા થઈ આવે તો પણ પાછળથી તમે ગમે તેમ કરીને એ સ્વપ્નાનુભવ પ્રમાણે મનનું સમાધાન કરી લો છો, અને એ માણસ સ્વપ્નના પ્રસંગ પૂરતો જીવતો બને છે. બીજી ભાષામાં કહીએ તો સ્વપ્નને તમે સ્વપ્ન પૂરતું શંકાની નજરે નથી જોતા. એ જ રીતે તમારી જાગૃતિ અવસ્થામાં અનુભવાતા જગતની યથાર્થતાની શંકા પણ તમને નથી થતી. જે મન જગતને ઉત્પન્ન કરે છે તે તેની અવાસ્તવિકતાનો સ્વીકાર કેવી રીતે કરી શકે ? જાગૃતિ તથા સ્વપ્નાવસ્થાના જગતની સરખામણી કરવા પાછળનું રહસ્ય એ જ છે. બંને મનને લીધે પેદા થાય છે અને મન એ બંનેમાંથી એકમાં પણ ડૂબેલું હોય ત્યાં સુધી સ્વપ્નાવસ્થા દરમિયાન

સ્વપ્નની ને જાગૃતિ દશા દરમિયાન જાગૃતિની યથાર્થતાનો ઈન્કાર નથી કરી શકતું. એથી ઊલટું, તમારા મનને જગતમાંથી પાછું વાળીને અંતર્મુખ કરો ને હમેશાં આત્માભિમુખ અને આત્મનિષ્ઠ બનો તો સ્વપ્નદશાની દુનિયાની પેઠે જ જાગૃતિદશાની દુનિયા પણ તમારે માટે મિથ્યા થઈ પડશે.

જિજ્ઞાસુ : કેવળ પાશ્ચાત્ય વિજ્ઞાન જ નહિ પણ વેદો પણ જગતને સાચું માને છે. એ જગતના આવિર્ભાવ અને આદિકારણનું વિસ્તારથી વર્ણન કરે છે. જગત સત્ય ના હોય તો એ એવું વિશદ વર્ણન શા માટે કરે ?

મહર્ષિ : વેદોનું મુખ્ય પ્રયોજન અવિનાશી આત્માના સ્વરૂપનું જ્ઞાન આપવાનું ને तत्वमसि અથવા 'તું તે છે'ની પ્રમાણભૂત અધિકારપૂર્ણ જાહેરાત કરવાનું છે.

જિજ્ઞાસુ : બરાબર છે. પરંતુ જગતને એ સત્ય ના માનતા હોય તો એ બધાં વિસ્તૃત વિગતવાર વર્ણનો શા માટે કરે ?

મહર્ષિ : સિદ્ધાંતની દૃષ્ટિએ જેને સ્વીકારતા હો એને આચરણમાં ઉતારો અને બીજું બધું બાજુએ મૂકી દો. શાસ્ત્રોએ સત્યના પ્રત્યેક શોધકને દોરવણી આપવાની હોય છે, અને બધાનાં માનસિક બંધારણ એકસરખાં નથી હોતાં. જેને તમે ના સ્વીકારી શકો એને અર્થવાદ અથવા આનુષંગિક તર્ક તરીકે માનો.

મહર્ષિનો એ અંતિમ ઉત્તર ખૂબ જ મનનીય છે. એની ઉપરથી પ્રતીત થાય છે કે એ પોતાના પક્ષ કે અભિપ્રાયને બીજા પર લાદવાનો લેશ પણ દુરાગ્રહ નહોતા રાખતા. ધર્મ, સાધના કે આધ્યાત્મિકતા વિતંડાવાદને માટે નથી, અનુભવને માટે છે, એ એમનો મુખ્ય સંદેશ હતો.

આપણે ત્યાં જગત વિશે ઘણી ઘણી ચર્ચાઓ ચાલે છે. તેમાં ઘણાને રસ પડે છે. તેમણે સમજવું જોઈએ કે જગત છે પરંતુ તેને જ્ઞાનદૃષ્ટિએ જોતાં ને તેમાં જ્ઞાની થઈને રહેતાં કે શ્વાસ લેતાં શીખવાનું છે. જગતના અસ્તિત્વને ઉડાવી દેવાની વૃત્તિ વધારવાને બદલે એને સ્નેહભર, સરસ, સુંદર, સમૃદ્ધ, સમુન્નત અને સાર્થક કરવાની દૃષ્ટિ જગાવવાની ને શક્તિ કેળવવાની જરૂર છે. જ્યાં સુધી એમાં રહેવાનું છે ત્યાં સુધી આદર્શ માનવની પેઠે રહેવાય, અનાસક્ત તથા આત્મનિષ્ઠ થવાય, અને એને અધિકાધિક ઉપયોગી બનાય, તેનું ધ્યાન રાખવાનું છે. વર્તમાન સમયમાં એ જ પ્રેરક મંત્રની આપણને આવશ્યકતા છે. એ જ મંત્ર આપણી તંદ્રા, જડતા તથા ઘોર સ્વાર્થપરતાને દૂર કરી શકશે, જીવનનું પરિત્રાણ કરશે, અને આપણને સાચા અર્થમાં કૃતાર્થ કરીને બીજાને પણ કૃતાર્થ કરવાની દિવ્ય શક્તિ ધરશે. આ જગતને પરમાત્માનું પ્રતીક માનીને એમાં રહીએ તો આપણને ને બીજાને ઘણો લાભ થાય.

☼ ☼ ☼ ☼ ☼

## [૪૪] મહર્ષિની સાધના-૯

### [૧] ભક્તિ તથા જ્ઞાન

મહર્ષિની જીવનસાધનાનું અધ્યયન કરવાથી એ કોરા જ્ઞાની નહોતા અથવા શુષ્ક વાદવિવાદયુક્ત જ્ઞાનમાર્ગનું પ્રતિપાદન નહોતા કરતા એ હકીકત સહેલાઈથી સમજી શકાય છે. જ્ઞાન અને ભક્તિમાં એ કોઈ ભેદ નહોતા સમજતા ને માનતા કે બંને પરસ્પર પૂરક હોવાની સાથે બંનેનું ધ્યેય એક જ છે. બંને આત્મવિકાસના સાધકને માટે કલ્યાણકારક છે.

ભક્તિ જ્ઞાનની પરંપરાગત પ્રણાલિની પેઠે જડ ક્રિયા કે પરંપરા અથવા રૂઢિ બનવાને બદલે જીવનમાં ક્રાંતિ કરે ને આત્મોન્નતિની સાધનામાં પોષક બને એને માટે એ ખાસ ભાર મૂકતા ને સંદેશ આપતા. એ સંદેશનું દર્શન એમના વાર્તાલાપોમાં સહેલાઈથી થઈ રહે છે.

ભક્ત : સર્વવ્યાપક ઈશ્વરનું દર્શન કેવી રીતે કરી શકાય ?

મહર્ષિ : ઈશ્વરનું દર્શન કરવાનો અર્થ ઈશ્વર થવું એવો થાય છે. ઈશ્વરને વ્યાપક બનવા માટે એમનાથી અલગ કશું જ નથી.

ભક્ત : ગીતાને અવારનવાર વાંચવી જોઈએ ?

મહર્ષિ : જરૂર. હમેશાં.

ભક્ત : જ્ઞાન તથા ભક્તિનો સંબંધ કેવો હોય છે ?

મહર્ષિ : આત્માની સનાતન, અમર, અખંડ, સ્વાભાવિક નિષ્ઠાને જ્ઞાન કહેવામાં આવે છે. આત્માની એવી નિષ્ઠા અથવા સ્થિતિ માટે તમારે આત્મા પ્રત્યે પ્રેમ જગાવવો જોઈએ. ઈશ્વર અને આત્મામાં વસ્તુતઃ તફાવત નહિ હોવાથી, આત્માનો પ્રેમ ઈશ્વર પ્રત્યેનો જ પ્રેમ કહેવાય છે, અને એ ભક્તિ છે. જ્ઞાન તથા ભક્તિ એવી રીતે એક જ છે.

મહર્ષિનો એ પછીનો વાર્તાલાપ ભક્તિમાર્ગના સાધકોને માટે ખાસ ઉપયોગી છે. એ વાર્તાલાપમાં વ્યક્ત થયેલા વિચારોથી કેટલાય સાધકોની શંકાનું સમાધાન થશે.

ભક્ત : એકાદ કલાક અથવા એથી વધારે વખત સુધી નામજપ કર્યા પછી મારું મન નિદ્રા જેવી સ્થિતિમાં સરકી પડે છે. જાગ્યા પછી ખબર પડે છે કે મારા જપ અટકી પડ્યા છે. એટલે ફરીથી જપ કરવા માંડું છું.

મહર્ષિ : 'નિદ્રા જેવી સ્થિતિમાં' એ સાચું છે. એ દશા સ્વાભાવિક છે. અત્યારે તમારી સાથે અહંભાવનો સંબંધ હોવાથી તમને એવું લાગે છે કે સ્વાભાવિક દશા તમારા કામમાં ભંગ પાડે છે. એટલે જ્યાં સુધી તમને તમારી સ્વાભાવિક દશાનો સ્વાનુભવ ના થાય ત્યાં સુધી તમારા એ અનુભવનું પુનરાવર્તન થયા કરવું જોઈએ. એ અવસ્થામાં જપ આપોઆપ જ ચાલુ રહેશે. જપ કરનાર મનને તમારું સ્વરૂપ સમજો છો તેથી એ મિથ્યા સંબંધને લીધે જ

વર્તમાન સંશય પેદા થયો છે. જપ એટલે બીજા બધા જ વિચારોમાંથી મનને મુક્ત કરીને અથવા પાછું વાળીને એક વિચારમાં તલ્લીન કરી દેવું. એ જ એનું પ્રયોજન છે. એવા જપધ્યાન આત્મસાક્ષાત્કાર અથવા જ્ઞાનમાં પરિણમે છે.

ભક્ત : નામજપ કેવી રીતે કરવા જોઈએ ?

મહર્ષિ : સાધકે ઈશ્વરના નામનો આધાર ભક્તિભાવ વગર ના લેવો જોઈએ. એનો ઉપયોગ જડતાપૂર્વક, યાંત્રિક રીતે ઉપર ઉપરથી, કેવળ દંભ કે દેખાવની ભાવનાને પોષવા ખાતર ના કરવો જોઈએ. ઈશ્વરના નામજપ કરનારના હૃદયમાં એમને માટેની તીવ્ર લગન હોવી જોઈએ. એણે ઈશ્વરના ચરણોમાં પોતાનું સંપૂર્ણ સર્વસમર્પણ કરી દેવું જોઈએ. એવા સમર્પણ પછી જ નામ સદા સાધકની સાથે રહે છે અને એના વ્યક્તિત્વનું અખંડ અવિભાજ્ય અંગ બને છે.

ભક્ત : એ સંજોગોમાં સંશોધન અથવા આત્મવિચારનો અવકાશ ક્યાં રહ્યો ?

મહર્ષિ : સાચું સમર્પણ એટલે શું છે એની પૂરેપૂરી જાણકારી સમજપૂર્વક કરવામાં આવે છે ત્યારે જ સમર્પણ સાચા અર્થમાં શક્ય બને છે. એવી સમજ ફક્ત સંશોધન અને વિચારથી જ પેદા થાય છે અને અને આત્મસમર્પણમાં પર્યવસાન પામે છે. જ્ઞાનમાં અને ઈશ્વરને કરાતા સંપૂર્ણ સર્વસમર્પણમાં એટલે કે વિચાર, વાણી ને વર્તનમાં કશો જ ભેદ નથી હોતો. પૂર્ણતાને માટે શંકારહિત આત્મસમર્પણની આવશ્યકતા હોય છે. ભક્તે ભક્તિને ઈશ્વર સાથેનો સ્વાર્થયુક્ત વ્યવસાય ના માનવો જોઈએ અને ઈશ્વરની કૃપા લૌકિક લાલસાઓની પૂર્તિ માટે ના માગવી જોઈએ. એવું સુંદર સર્વોચ્ચ સમર્પણ પોતાની અંદર સર્વકાંઈને સમાવી લે છે : એ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અથવા ઉપાસના તથા પ્રેમ સર્વ કાંઈ છે.

**[૨] મનનો સંયમ**

મન તથા ઈન્દ્રિયોના સંયમ–નિયમનનું મહત્વ મહર્ષિની સાધનામાં ઘણું મહત્વનું ને મોટું છે. માટે તો બીજા બધા જ પ્રાતઃસ્મરણીય સ્વાનુભવસંપન્ન મહાત્મા પુરૂષોની પેઠે મહર્ષિ પણ મનોનિગ્રહ પર ખાસ ભાર મૂકે છે ને મનની ઉપર અધિકાધિક કાબૂ કરવાની ભલામણ કરે છે.

એવા કાબૂ માટે એ કોઈ કઠોર ક્રિયાઓ કે ઉગ્ર તપશ્ચર્યાની વિધિઓ નથી બતાવતા પરંતુ આત્મવિચાર સાથે ધ્યાનનો અભ્યાસ કરવાનો આદેશ આપે છે. એમાં મદદ મળે તે માટે મનની શુદ્ધિ અથવા સાત્વિકતાની સિદ્ધિનું ધ્યાન રાખવાની સૂચના આપે છે. મનોનિગ્રહની એમની સાધના કોઈ જડ, સદ્‌બુદ્ધિ વગરની, કેવળ બાહ્ય ક્રિયાકલાપો કે વ્રતો પર આધાર રાખનારી સાધના નથી પરંતુ જીવનનું આમૂલ પરિવર્તન કરીને સ્વરૂપના સાક્ષાત્કારની પ્રેરણા પાનારી સમજપૂર્વકની સાધના છે. એ દૃષ્ટિએ જોતાં એ અતિશય આશીર્વાદરૂપ અને અમૂલખ છે.

મનના સંયમ સંબંધી એમને પુછાયેલા કેટલાક પ્રશ્નો અને એમના એમણે આપેલા ઉત્તરો એમની દૃષ્ટિને સમજવામાં ઉપયોગી તથા બીજા સાધકોને કામના હોવાથી જોઈ જોઈએ :

પ્રશ્ન : મનનો નિગ્રહ કેવી રીતે કરી શકાય ?

ઉત્તર : આત્માનો સાક્ષાત્કાર થઈ ગયા પછી મનનો નિગ્રહ કરવાનો નથી રહેતો. મનનો વિલય થાય છે એટલે આત્મા પ્રકાશી ઊઠે છે. સાક્ષાત્કાર કરી ચૂકેલા મહાપુરૂષની અંદર મન ક્રિયાશીલ હોય કે ના હોય તો પણ કેવળ આત્માનું જ અસ્તિત્વ રહેતું હોય છે, કારણ કે મન, શરીર અને સંસાર આત્માથી અલગ નથી અને આત્માથી અલગ રહી શકે તેમ પણ નથી. એ આત્માથી જુદાં હોઈ શકે ? આત્માને જો જાણતા હોઈએ તો આપણે એ પડછાયાઓની ચિંતા શા માટે કરવી જોઈએ ? એ આત્માને કેવી રીતે અસર પહોંચાડી શકે ?

પ્રશ્ન : મન જો માત્ર પડછાયો હોય તો આત્માને કેવી રીતે જાણી શકાય ?

મહર્ષિ : આત્મા અથવા સ્વરૂપ હૃદય છે અને સ્વયંપ્રકાશિત છે. પ્રકાશ હૃદયમાંથી પ્રકટ થઈને મસ્તકમાં પહોંચે છે. મનનું અધિષ્ઠાન એ જ છે. સંસારનું દર્શન મનથી થતું હોય છે, તેથી આત્માના પ્રતિબિંબિત પ્રકાશથી મનનું દર્શન થાય છે. સંસારનો અનુભવ મનની ક્રિયાથી જ થતો હોય છે. મન પ્રકાશિત થાય છે ત્યારે સંસારનો અનુભવ કરે છે. જ્યારે પ્રકાશિત નથી બનતું ત્યારે સંસારનો અનુભવ નથી કરતું. એ મન પ્રકાશના મૂળ ઉદ્‌ભવસ્થાન તરફ વળે કે અંતર્મુખ બને છે ત્યારે બાહ્ય જ્ઞાનનો અંત આવે છે અને હૃદયરૂપે એકલો આત્મા જ પ્રકાશી રહે છે.

સૂર્યના પ્રકાશનું પ્રતિબિંબ પાડીને ચંદ્ર ચમકે છે. સૂર્ય અસ્ત થાય છે ત્યારે પદાર્થોના અનુભવમાં ચંદ્ર ઉપયોગી થાય છે. સૂર્ય પ્રકાશે છે ત્યારે આકાશમાં ચંદ્રની ઝાંખી થાય છે તો પણ ચંદ્રની જરૂર નથી પડતી. મન અને હૃદયના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. મન પોતાના પ્રતિબિંબિત પ્રકાશથી ઉપયોગી થાય છે ને પદાર્થોને જોવા કામ લાગે છે. એને અંતર્મુખ કરવામાં આવે છે ત્યારે એ સ્વયંપ્રકાશિત પ્રકાશના મૂળ ઉદ્‌ભવસ્થાનમાં મળી જાય છે. એ વખતે મન દિવસે દેખાતા ચંદ્રના જેવું હોય છે. અંધારુ હોય છે ત્યારે પ્રકાશ પૂરો પાડનારા દીપકની જરૂર પડે છે. પરંતુ સૂર્યના ઉદય પછી પદાર્થો દેખાવા લાગે છે. એટલે એની જરૂર નથી રહેતી. સૂર્યનાં દર્શન માટે પણ કોઈને દીપકની જરૂર નથી પડતી : સ્વયં પ્રકાશિત સૂર્યની દિશામાં દૃષ્ટિપાત કરો એટલું પૂરતું થઈ પડે છે. એવી રીતે મનનું પણ સમજી લેવાનું છે. પદાર્થોના અનુભવ માટે મનથી પાછા વાળેલા પ્રકાશની આવશ્યકતા હોય છે. હૃદય અથવા સ્વરૂપનાં દર્શન માટે મનને એ તરફ વાળવામાં આવે એટલું પૂરતું થઈ પડે છે. પછી મન ગૌણ બની જાય છે, શાંત થાય છે, ને સ્વરૂપ પ્રકાશી રહે છે.

પ્રશ્ન : ઑક્ટોબર મહિનામાં આ આશ્રમમાંથી વિદાય થયા પછી ભગવાનની સંનિધિમાં અનુભવાતી આત્મજાગૃતિ મારા જીવનમાં લગભગ દસ દિવસ સુધી કાયમી રહી. એ દરમિયાન કામ કરતો હોઉં ત્યારે પણ એકતાની અનુભૂતિની શાંતિનો આંતરપ્રવાહ મારા અંતરમાં વહ્યા કરતો. પછી એ સંપૂર્ણ શાંત થયો, અને એને બદલે મને પહેલાંની ત્રુટિઓ

ઘેરી વળી. કામકાજને લીધે ધ્યાનને માટેનો સ્વતંત્ર સમય નથી મળતો. કામ કરતી વખતે 'હું છું' એવું સતત સ્મરણ કરવાનું અથવા આત્મજાગૃતિને અકબંધ રાખવાનું શું પૂરતું છે ?

ઉત્તર : (થોડીક વાર શાંત રહ્યા પછી) મનને જો બળવાન બનાવશો તો એ શાંતિનો અનુભવ સઘળા સમયે થયા કરશે. એ શાંતિ કેટલા વખત લગી ટકશે એનો આધાર અવારનવારના અભ્યાસ દ્વારા મેળવેલા મનોબળ પર રહેશે. એવા શક્તિશાળી મનમાં શાંતિનો પ્રવાહ વહેતો રહેશે. પછી કામમાં મગ્ન હશો કે નહિ હો તો પણ એ પ્રવાહને કશી અસર નહિ થાય ને હરકત નહિ આવે. કામ તમારી વચ્ચે નથી આવતું પરંતુ તમે કામ કરો છો એવો અહંકારાત્મક વિચાર વચ્ચે આવતો હોય છે.

પ્રશ્ન : મનને મજબૂત કરવા માટે અમુક ચોક્કસ ધ્યાન આવશ્યક હોય છે ખરું ?

ઉત્તર : કામ તમારું નથી એ વિચારને સદાયે નજર સમક્ષ રાખી શકો તો એની આવશ્યકતા નથી પડતી. પહેલાં એનું સ્મરણ કરાવવા માટે પ્રયત્ન કરવાની જરૂર રહે છે પરંતુ પાછળથી એ સ્વાભાવિક તેમજ સતત બની જાય છે. કામ એની મેળે જ કરાતું જશે અને તમારી શાંતિ અખંડ રહેશે.

ધ્યાન તમારો સાચો સ્વભાવ છે. તમે અત્યારે એને ધ્યાનના નામથી ઓળખો છો કારણ કે બીજા વિચારો તમારી વચ્ચે આવે છે. એ વિચારોનો અંત આવે છે ત્યારે તમે નિર્વિચાર બનીને ધ્યાનની અવસ્થામાં એકલા રહો છો. એ જ તમારો સાચો સ્વભાવ છે અને બીજા વિચારોને હઠાવીને એની પ્રાપ્તિ માટે જ તમે કોશિશ કરી રહ્યા છો. બીજા વિચારોને દૂર કરવાની પ્રક્રિયાને અત્યારે ધ્યાનના નામથી ઓળખો છો પરંતુ સાધના પરિપક્વ બને છે ત્યારે સાચો સ્વભાવ વાસ્તવિક ધ્યાનરૂપે પ્રત્યક્ષ થાય છે.

પ્રશ્ન : ધ્યાનનો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે બીજા વિચારો ખૂબ જ બળવાન બનીને વેગથી પેદા થાય છે.

મહર્ષિ : ધ્યાનમાં બધી જાતના વિચારો પેદા થાય છે એ સાચું છે. એ ઠીક પણ છે કારણ કે તમારામાં જે કાંઈ છુપાયેલું છે તે બહાર આવે છે. એ બહાર ના આવે ત્યાં સુધી એનો નાશ કેવી રીતે કરી શકાય ? વિચારો જાણે કે પોતાની મેળે જ પેદા થાય છે પરંતુ થોડા જ વખતમાં પાછા શાંત થઈ જાય ને મનને મજબૂત બનાવવા માટે જ ઉદભવે છે.

પ્રશ્ન : બળવાખોર મનને નિરુપદ્રવી અને શાંત કેવી રીતે કરી શકાય ?

મહર્ષિ : એનો લય કરવા માટે કાં તો એના મૂળ ઉદ્ભવસ્થાનને પકડી પાડો કે પછી એની ઉપર વિજય મેળવવા તમારું સમર્પણ કરી દો. આત્મસમર્પણ અને આત્મજ્ઞાન એક જ છે અને બંને આત્મસંયમના પર્યાય જેવા છે. પરમ સત્તાનું જ્ઞાન થાય છે ત્યારે જ અહંભાવનો અંત આવે છે.

**[3] પ્રભાવ**

એમના પરમ પ્રેરક, કલ્યાણકારક, પ્રખર પ્રભાવના સંબંધમાં એક શ્રદ્ધાભક્તિસંપન્ન સંનિષ્ઠ શિષ્ય શ્રી આર્થર ઓસબર્ન એમના સુંદર પુસ્તકમાં લખે છે :

'એમની ઉપસ્થિતિનો અનુભવ સર્વત્ર થઈ રહ્યો છે. એમની સમાધિ આગળ એ સશરીર હતા ત્યારના ક્રમ તેમજ ચોક્કસ સમય પ્રમાણે સવારે ને સાંજે વેદમંત્રોનું પારાયણ થયા કરે છે. ભક્તો ત્યાં ધ્યાનમાં બેસે છે ત્યારે એ જ શક્તિ, એ જ સૂક્ષ્મ પ્રેરક પથપ્રદર્શક બળ, જેની સંનિધિમાં તે પહેલાં બેસતા તે જ, તેમને દોરવણી આપે છે. વેદપારાયણ વખતે સમાધિની પૂજા કરવામાં આવે છે ને ભગવાનનાં એકસો આઠ નામનો પાઠ થાય છે. પરંતુ જૂના હોલમાં એમના લાંબા વખતના નિવાસના પરિણામરૂપે પેદા થયેલું એમના સાંનિધ્યનો સ્વાદ ચખાડતું એક જાતનું વધારે સુંદર સુસંવાદી વાતાવરણ જોવા મળે છે. મહાસમાધિના થોડાક મહિના પછી આગ લાગવાથી એ હોલને હાનિ પહોંચેલી, પરંતુ સદ્‌ભાગ્યે એનો નાશ નહોતો થયો.'

'એમના અંતિમ દિવસો અને કલાકો જ્યાં પસાર થયેલા તે નાનો ખંડ પણ એવો જ વિદ્યમાન છે. એની દીવાલ પરનું મોટું ચિત્ર સજીવ લાગે છે ને ભક્તિભાવથી ભરપૂર બનાવે છે. એમાં કેટલાક એવા પદાર્થો રાખવામાં આવ્યા છે જેમનો ભગવાને સ્પર્શ કે ઉપયોગ કરેલો - એમનું જળપાત્ર, મોરપીંછવાળો પંખો અને એમનો નાનો સરખો ફરતો પુસ્તકસંગ્રહ. એમનો કોચ કાયમને માટે ખાલી પડ્યો છે. એ ખંડ એમના અનિર્વચનીય અનુગ્રહથી, અનંત આત્મિક સામર્થ્યથી, સંપન્ન લાગે છે.'

'નવા હોલમાં શ્રી ભગવાનની પ્રતિમા મૂકવામાં આવી છે. વીલમાં પ્રતિમાની પ્રતિષ્ઠાની અનુજ્ઞા આપવામાં આવેલી, પરંતુ આદર્શ બંધબેસતી પ્રતિમા તૈયાર કરી શકે તેવો શિલ્પી હજુ સુધી નથી મળ્યો. એ શિલ્પીએ ભગવાનથી અનુપ્રાણિત થઈને એમની અસાધારણતાનો અનુભવ કરીને કામ કરવું પડશે, કારણ કે એ પ્રશ્ન કેટલીક મનુષ્યોચિત વિશેષતાઓની અભિવ્યક્તિ કરવાનું જ નથી પરંતુ એમની અંદરથી પ્રકાશતા અલૌકિક સામર્થ્યને પ્રકટ કરવાનું છે.'

'એકલા આશ્રમના પ્રાંગણમાં જ નહિ પરંતુ આજુબાજુના બધા જ વાતાવરણમાં એમની આભા પ્રસરી રહી છે. ત્યાંની શાંતિ બધે ફરી વળે છે ને સૌને પ્રભાવિત કરે છે. એ શાંતિ જડ કે નિષ્ક્રિય નથી પરંતુ ધબકતી સજીવ શક્તિ છે. ત્યાંની હવામાં એમની હાજરીનો અનુભવ થાય છે.'

'એમની હાજરી કેવળ તિરુવણ્ણામલૈ પૂરતી સીમિત નથી લાગતી. એ કદી સીમિત હતી જ નહિ. ભક્તો જ્યાં હોય ત્યાં બધે જ, પહેલાં કરતાં પણ વધારે સજીવ ને શક્તિશાળી રીતે, એમની અંતરંગ હાજરીનો, કૃપાનો ને સહાયતાનો અનુભવ કરી શકે છે. અને એ બધું હોવા છતાં પણ, તિરુવણ્ણામલૈની મુલાકાતથી સાંપડતી સાંત્વના આત્માને ઊંડી અસર કરે છે અને આશ્રમના એ શાંત સ્થળનો નિવાસ અનિર્વચનીય આનંદ આપે છે ને લાભ પહોંચાડે છે.'

'જુદા જુદા જીવનમાં નવું પથપ્રદર્શન કરવા માટે પૃથ્વી પર પાછા આવવાની બાંયધરી આપનારા સંતો થયા છે, પરંતુ ભગવાન તો એવા પૂર્ણ જ્ઞાની હતા જેમની અંદર પુનર્જન્મનો નિર્દેશ કરનારા સૂક્ષ્મ અહંભાવનો સાધારણ અંશ પણ નહોતો રહ્યો. ભક્તોને એની ખબર હતી. એમની બાંયધરી જુદી હતી. 'હું વિદાય નથી થતો. હું ક્યાં જઈ શકું એમ છું ? હું અહીં જ છું.' ભક્તોને એ શબ્દો કેટલા બધા સાચા છે એની ખાતરી કરતાં વાર ના લાગી. એ અવારનવાર આંતરગુરૂ તરીકે કામ કરી ચૂક્યા છે. એમનો આશ્રય લેનારને

હવે વધારે સક્રિય તથા પ્રાણવાન રીતે એમના પથપ્રદર્શનની પ્રાપ્તિ થઈ રહી છે. એમના વિચારો એમની પ્રેરણાથી વધારે સારી ને સતત રીતે સભર બને છે. ધ્યાનથી ત્વરિત અનુગ્રહની વર્ષાનો લાભ મળે છે.'

'ડૉક્ટર ટી. એન. કૃષ્ણસ્વામી નામના એક ભક્ત ભગવાન સાથે કેવળ વ્યક્તિગત પ્રેમ અને ભક્તિભાવથી બંધાયેલા. એમણે મહાસમાધિ પછી શોકમાં ડૂબીને જણાવ્યું કે મારા જેવા માણસોને માટે સર્વ કાંઈ સમાપ્ત થઈ ગયું. થોડાક મહિના પછી તિરુવણ્ણામલૈની મુલાકાત લઈને પાછા ફરતી વખતે એમણે ઉદ્‌ગાર કાઢ્યા કે પહેલાંના વખતમાં પણ ત્યાં આજના જેવી શાંતિ અને વિશેષતાનો અનુભવ નહોતો થતો. ભક્તોને ત્યાં તરત જ જવાબ મળે છે.'

શ્રી ઓસબર્ને આપેલું બીજુ ઉદાહરણ ડૉકટર ડી. ડી. આચાર્યનું છે. એ ઉત્તર ભારતમાં ભારે સફળતાપૂર્વક કામ કર્યા પછી નિવૃત્ત થઈને, આત્મોન્નતિની અભીપ્સાથી પ્રેરાઈને દેશનાં જુદાં જુદાં સ્થળોમાં પર્યટન કરતા રમણાશ્રમમાં આવી પહોંચ્યા ને ત્યાં જ રહી ગયા. એ આશ્રમના ડૉકટરનું કામ કરવા લાગ્યા.

કેટલાક વખત પછી એમને જીવનમાં કશો મહત્વનો વિકાસ ના જણાવાથી નિરાશા થઈ, ઉદાસ ચિત્તે મહર્ષિની સમાધિ આગળ રડતાં રડતાં એમણે મૂક પ્રાર્થના કરી કે ભગવાન, તમારે મને શાંતિ નથી જ આપવી તો અહીં લાવ્યા જ શા માટે ? કૃપા કરીને મને વિના વિલંબ શાંતિ અવશ્ય આપો.

એ રાતે એમને સ્વપ્નમાં મહર્ષિ દેખાયા. એ કોચ પર બેઠેલા.

એ એમને પગે લાગ્યા. મહર્ષિએ એમના મસ્તક પર હાથ રાખીને એમની ચિંતાનું કારણ પૂછ્યું.

ડૉકટરની ચિંતાનું કારણ સાંભળીને એમણે કહ્યું :

'તમારો વિકાસ નથી થતો એ વાત સાચી નથી. હું એને જાણું છું. તમે નથી જાણતા.'

'પરંતુ મારે અત્યારે જ, આ જ જીવનમાં સાક્ષાત્કાર કરવો છે ! હું શા માટે રાહ જોઉં ? એમાં શા માટે વિલંબ થવો જોઈએ ?' ડૉકટરે ફરિયાદ કરી.

મહર્ષિએ સ્મિત સાથે જણાવ્યું : 'તમારું પ્રારબ્ધ એવું જ છે.'

* * * * * * * * * * * *

એવા અથવા એમને મળતા અનેકવિધ અનુભવો બીજા કેટલાયને થયા હશે, થતા હશે, ને થયા કરશે. એ મહાપુરૂષનો અસાધારણ પ્રભાવ એવી રીતે આજે પણ ચાલું છે ને અનંતકાળ સુધી ચાલુ રહેશે. એ પ્રભાવ નિત્ય નૂતન ને નિત્ય નવી અસામાન્ય શક્તિથી ભરેલો હશે.

મહર્ષિના આશ્રમની જગ્યાની માલિકી પોતાની છે એવું માનનારા એમના એક જુના ભક્તે આશ્રમ સામે એના કબજા માટે દાવો માંડેલો. વીસ વરસ પછી આશ્રમની તરફેંણમાં એનો ચુકાદો આવ્યો એટલે મહર્ષિની અનુમતિથી આશ્રમના સંચાલકોએ એક વીલ તૈયાર કર્યું. સંચાલકોએ કહ્યું કે તમારી ઉપસ્થિતિમાં આવી હેરાનગતિ થાય છે તો અનુપસ્થિતિમાં શું નહિ થાય. ? એટલે મહર્ષિ માની ગયા. એમણે વીલના દસ્તાવેજ પર સહી કરી. એ વીલમાં જણાવ્યું કે આશ્રમને એક આધ્યાત્મિક કેન્દ્ર તરીકે જાળવી રાખવો. એને અનુસરીને એને આજે પણ જાળવવામાં આવે છે. એનો લાભ લઈને અનેક જિજ્ઞાસુઓ, ભક્તો ને સાધકો પ્રેરણા, પથપ્રદર્શન તથા શાંતિ પામે છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪૫] મહર્ષિની સાધના-૧૦

### [૧] કૃપાનું સ્થાન

આત્મવિકાસની અસાધારણ, આશીર્વાદરૂપ, અમૂલખ સાધનામાં કૃપાના અનિવાર્ય મહત્વ ને સ્થાન વિશે સંસારના મોટા ભાગના સંતો એકમત છે. સૌ કૃપાની પાછળ રહેલી ભાવનાનો સ્વીકાર કરે છે ને માને છે કે પરમાત્માની કૃપા આત્મોન્નતિના મંગલમય માર્ગે સફળતાપૂર્વક આગળ વધવા માગતા સાધકના જીવનમાં જરૂરી છે. સાધક પોતાની મેળે એકલે હાથે આગળ નથી વધી શકે તેમ. પોતાની શક્તિ પર નિર્ભર સાધક કેટલીકવાર અહંકારમાં અટવાઈ જાય છે, પોતાની અશક્તિનો અનુભવ કરે છે, ને પોતાના કરતાં વધારે મહાન કે શક્તિશાળી સત્તાનું શરણ શોધે છે. એ શરણ ગુરૂનું હોય કે પરમાત્માનું, પરંતુ અમુક અવસ્થામાં આવશ્યક બને છે. જ્ઞાન, ભક્તિ તથા યોગ ત્રણેમાં ઉપયોગી ઠરે છે. એ શરણના પરિણામે પ્રાપ્ત થયેલી ગુરૂ અથવા પરમાત્માની પરમ કૃપાને લીધે સાધકનો માર્ગ સરળ અને સફળ બને છે. એને લીધે આત્મજ્ઞાન, આત્મબળ, સિદ્ધિ, સાક્ષાત્કાર તેમજ પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે. એટલા માટે જ જુદાં જુદાં ધર્મશાસ્ત્રોમાં પણ એની આવશ્યક્તાનું ને એના મહિમાનું જયગાન કરવામાં આવ્યું છે.

પરંતુ એ બંને પ્રકારની કૃપાની સાથેસાથે આત્મકૃપાની પણ એવી જ આવશ્યકતા હોય છે ને શાસ્ત્રો તથા સંતોએ એનો પણ સ્વીકાર કર્યો છે. પરમાત્માની કે ગુરૂની કૃપાની પ્રાપ્તિ માટે સાધકે પોતાની જાતને તૈયાર પણ કરવી જોઈએ. એ જવાબદારીમાંથી સાધક કદી પણ ના છટકી શકે. પોતાની વ્યક્તિગત તૈયારીની ઉપેક્ષા કરનારો સાધક આત્મોન્નતિના મંગલમય માર્ગે ભાગ્યે જ આગળ વધી શકે.

સાધનામાં કૃપાના મહત્વના સ્થાન વિશેની એ વિચારસરણી સાથે મહર્ષિ પણ સંમત હતા એવા નિર્ણય પર પહોંચવામાં એમના વિવિધ વાર્તાલાપમાં વ્યક્ત થયેલા વિચારો મદદરૂપ થાય છે. કૃપાના સિદ્ધાંતનો સ્વીકાર કરીને એ જણાવે છે કે પરમાત્માની કૃપા સાધક પર છે જ. ફક્ત સાધકે એનો અનુભવ કરવા માટે પોતાનું આમૂલ દૃષ્ટિપરિવર્તન ને નિર્માણ કરવું જોઈએ.

સ્વાનુભવસંપન્ન, સાક્ષાત્કારી, સફળ મનોરથ સંતપુરૂષોનું કહેવું છે કે આટલા બધા સુંદર, સર્વોત્તમ, અનંત શક્યતાઓથી ભરેલા માનવશરીરની પ્રાપ્તિ એ પરમાત્માની પરમ કૃપા જ છે. સદસદ્ વિવેકની જાગૃતિ અને આત્મવિકાસના મધ્યમ માર્ગે આગળ વધવાની અભિલાષા પણ એ કૃપાના પરિણામ રૂપે જ પ્રકટ થાય છે. એ કૃપાની અધિકાધિક અનુભૂતિ થતી જશે ને તેને મેળવવાના વધારે ને વધારે પ્રામાણિક પ્રયત્નો થશે તેમ એનો વિસ્તાર વધતો જશે. પરમાત્મા પરિપૂર્ણ કૃપારૂપ હોવાથી એમની સાથે સંબંધ બાંધવાથી અથવા એમની વધારે ને વધારે પાસે પહોંચવાથી એનો સ્વાદ સહજ બનશે ને છેવટે પરિપૂર્ણ કૃપાના અનુભવથી જીવન સાર્થક થશે.

### [૨] આત્મશોધન

મહર્ષિ શુદ્ધ જ્ઞાનમાર્ગના ઉપાસક હોવાથી એ માર્ગની પરંપરાગત પદ્ધતિ પ્રમાણે આત્મશોધન અથવા પોતાના સ્વરૂપના સંશોધન પર સવિશેષ ભાર મૂકે છે અને એના તરફ અવારનવાર સાધકનું ધ્યાન દોરે છે.

જીવનના સાધનાત્મક સંપૂર્ણ સાફલ્ય ને સાર્થક્યનું એમનું સુમધુર ગૌરવગીત એ જ ધ્રુવપદની આસપાસ ફર્યા કરે છે ને સાધકને સાચી શ્રેયસ્કર સાધનાનું સ્મરણ કરાવે છે.

એની પ્રામાણિક પરિપૂર્ણ પુષ્ટિ માટે એમની સાથેની એક બીજી ટૂંકી મુલાકાતનો ઉલ્લેખ કરી લઈએ.

જિજ્ઞાસુ : આત્માનો સાક્ષાત્કાર કેવી રીતે કરી શકાય ?

મહર્ષિ : કોના આત્માનો ? શોધી કાઢો.

જિજ્ઞાસુ : મારા આત્માનો. પરંતુ હું એટલે કોણ ?

મહર્ષિ : તે તમારી મેળે જ શોધી કાઢો.

જિજ્ઞાસુ : મને ખબર નથી કે કેવી રીતે શોધી કાઢું !

મહર્ષિ : એનો બરાબર વિચાર કરી જુઓ. 'હું નથી જાણતો' એવું કહેનાર કોણ છે ? તમારા નિવેદનમાં 'હું' કોણ છે ? શું નથી જાણી શકાતું ?

જિજ્ઞાસુ : મારી અંદરનું કોઈક.

મહર્ષિ : એ કોઈક કોણ છે ? અને કોની અંદર છે ?

જિજ્ઞાસુ : કદાચ કોઈ શક્તિ છે.

મહર્ષિ : શોધી કાઢો.

જિજ્ઞાસુ : મારો જન્મ શા માટે થયો ?

મહર્ષિ : કોનો જન્મ થયો છે ? તમારા સઘળા પ્રશ્નોના ઉત્તરો એક સરખા છે.

જિજ્ઞાસુ : તો પછી હું કોણ છું ?

મહર્ષિ : (સ્મિતપૂર્વક) તમે મારી પરીક્ષા કરવા આવ્યા છો ? તમારે જ કહેવું જોઈએ કે તમે કોણ.

જિજ્ઞાસુ : ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં પણ મારાથી એ 'હું' ને નથી પકડી શકાતો. એ સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે જ નહિ.

મહર્ષિ : 'હું' ને સ્પષ્ટ રીતે નથી સમજી શકાય તેમ એવું કહેનાર કોણ છે ? તમારી અંદર રહેનારા 'હું' બે છે કે એક તેને બીજાથી નથી સમજી શકાતો ?

જિજ્ઞાસુ : 'હું કોણ છું ?' એવો પ્રશ્ન પૂછવાને બદલે મારી જાતને એવું પૂછી શકું કે 'તમે કોણ છો ?' એવું કરવાથી મારું મન હું તમને ગુરૂ રૂપે રહેલા ઈશ્વર માનતો હોવાથી, તમારામાં સ્થિર થશે. 'હું કોણ છું ?' એવો પ્રશ્ન પૂછવાને બદલે એવી જિજ્ઞાસાથી કદાચ મારી શોધના ધ્યેયની વધારે નજદીક પહોંચી શકાશે.

મહર્ષિ : તમે ગમે તે રીતે પ્રશ્ન પૂછીને આગળ વધો તો પણ આખરે તો તમારે એ 'અહં', 'હું' અથવા આત્મા પાસે જ પહોંચવાનું છે. 'હું' તથા 'તમે' અથવા 'ગુરૂ' કે 'શિષ્ય' ની વચ્ચે પાડવામાં આવતા ભેદભાવો ફક્ત અજ્ઞાનના પરિણામરૂપ છે. એકમાત્ર સર્વ શક્તિમાન આત્મા જ છે. બીજી રીતે વિચારવાનું ભ્રાંતિમાં પડવા બરાબર છે. તમારે સર્વરૂપ આત્માને જ શોધવાનો ને અનુભવવાનો છે.

* * *    * * *    * * *    * * *

હવે મહર્ષિના આટલા સુંદર સચોટ સારવાહી વિચારોથી પ્રભાવિત થયેલા જિજ્ઞાસુએ બીજા અસંખ્ય સામાન્ય શ્રેણીના સાધકોને સતાવતી પેલી સર્વસામાન્ય સમસ્યાની રજૂઆત કરતાં પૂછ્યું :

જિજ્ઞાસુ : આ અનેક પ્રકારની મર્યાદાઓથી ભરેલા આધિવ્યાધિયુક્ત જટિલ જીવનમાં મારાથી કદી આત્મિક કલ્યાણનો અનુભવ થઈ શકશે ખરો ?

મહર્ષિ : એ આત્મિક કલ્યાણ સદા તમારી સાથે જ છે, અને જો પ્રામાણિકપણે મેળવવાનો પ્રયાસ કરશો તો તમને તેની પ્રાપ્તિ થઈ રહેશે.

તમારા દુઃખદર્દનું કારણ બાહ્ય જીવનમાં નથી સમાયેલું. એ અહંભાવના રૂપમાં તમારી અંદર રહેલું છે. તમે તમારી જાત પર મર્યાદાઓનું આરોપણ કરો છો અને પછી એમનામાંથી મુક્તિ મેળવવાનો વ્યર્થ સંઘર્ષ કરવા માંડો છો. બધું દુઃખ એકમાત્ર અહંભાવને લીધે જ છે. એથી જ મુશ્કેલીઓ પેદા થાય છે. જે દુઃખનું કારણ ખરેખર તમારી પોતાની અંદર છે તે દુઃખ સાંસારિક સંજોગોને લીધે ઉત્પન્ન થાય છે એવું શાથી માની લો છો ? તમારી બહારની વસ્તુઓથી તમને શું અથવા કેવુંક સુખ મળી શકે તેમ છે ? અને જો મેળવી શકો તો પણ તે સુખ કેટલાક વખત લગી ટકી શકશે ?

જો અહંભાવની અવજ્ઞા કરીને એને શાંત કરવાનો પ્રયાસ કરશો તો તમે એનાથી મુક્તિ મેળવશો. એથી ઊલટું, એનો સ્વીકાર કરશો તો એ તમારી ઉપર મર્યાદાઓની સૃષ્ટિ કરતો જશે અને તમને એમાંથી મુક્તિ મેળવવાના વ્યર્થ સંઘર્ષમાં ધકેલી દેશે. તમારા પોતાના જન્મજાત અધિકાર જેવા આત્મકલ્યાણની અનુભૂતિ માટે તમારા વાસ્તવિક આત્મસ્વરૂપમાં સ્થિતિ કરવી એ એક જ ઉપાય છે.

## [૩] મહર્ષિ, અરવિંદ ને ગાંધીજી

ભારતવર્ષના નામને આધ્યાત્મિક રીતે સમસ્ત સંસારમાં છેલ્લે છેલ્લે ઉજ્જવળ જ નહિ પરંતુ ખૂબ ખૂબ ઉજ્જવળ કરનારા ભારતના સાંપ્રતકાળના એ ત્રણ મહાપુરૂષો : મહર્ષિ રમણ, મહાયોગી અરવિંદ ને મહાત્મા ગાંધીજી : એ ત્રણે યુગોમાં કોઈક જ વાર કોઈ વિરલ પળે પ્રકટનારી મહાન વિભૂતિઓ હતી. માનવજાતિના એ ત્રણે અસાધારણ જ્યોતિર્ધરો એમના પાવન પ્રદીપ પ્રકાશથી પૃથ્વીને પ્રકાશિત ને પાવન કરી ગયા. ત્રણેએ એમની આગવી રીતે કાર્ય કરીને માનવને નવીન સંજીવનદૃષ્ટિ પ્રદાન કરી.

કોઈ એક સંતની કોઈ બીજા સંત સાથે સરખામણી ના થઈ શકે. એવી સરખામણી કરવાનો આપણો આશય પણ નથી. પ્રત્યેક સંતને પોતાની આગવી વિશેષતા હોય છે. એ પોતાની વિશિષ્ટ રીતે મહાન હોય છે. મહર્ષિ, અરવિંદ ને ગાંધીજી ત્રણે મહાન હતા. ત્રણેએ પોતપોતાની જીવનચર્યાથી ભારતના મુખને ઉજ્જવળ કરેલું. આપણે તો અહીં એમની સાધના પર જ ઊડતો દૃષ્ટિપાત કરી લઈએ એટલે આપણો હેતુ સિદ્ધ થશે.

ગાંધીજી નીતિ, સદાચાર અથવા દૈવી સંપત્તિને આદર્શ આધ્યાત્મિક જીવનસાધનાના મહત્વના પાયા તરીકે સ્વીકારતા ને નિષ્કામ, અનાસક્તભાવે કરાતા કર્મયોગનો આગ્રહ રાખતા. એ વધારે ને વધારે પ્રમાણમાં બીજાની વ્યાપક સેવા કરવામાં રસ ધરાવતા. એમના જીવનમાં સત્ય, અહિંસા અને નિરંતર પ્રખર ઈશ્વરપ્રેમનું મહત્વ હતું. એ કર્મ કરતાં કરતાં ઈશ્વરના સાક્ષાત્કારનો લાભ મેળવવાની મહત્વકાંક્ષા રાખતા.

શ્રી અરવિંદ પણ નીતિ, સદાચાર ને લોકહિતના કર્મમાં માનતા, પરંતુ એ મુખ્યત્વે યોગી હોવાથી કર્મ પ્રત્યેની એમની દૃષ્ટિ જરાક જુદી હતી. એ યોગસાધનાની સર્વશ્રેષ્ઠ શક્તિને પ્રાપ્ત કરીને દેશ ને દુનિયાને - સમસ્ત માનવજાતિને દૈવી બનાવવાની ને ઉપયોગી થવાની આકાંક્ષા રાખતા. લોકહિતના વિરાટ ઉપકારક મહાકાર્ય પ્રત્યે એ જરા પણ ઉદાસીન ન હતા. એમણે એમનો મોટાભાગનો સમય સાધનાના સફળ અનુષ્ઠાન માટે સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલા એકાંતમાં જ પસાર કર્યો. એ પેલા યોગગ્રંથોના સુપ્રસિદ્ધ સિદ્ધાંતમાં રુચિ ને વિશ્વાસ રાખતા અને એની સંસિદ્ધિ માટે પ્રયાસ કરતા : **न मृतस्य मृत्यु र्न जरा न व्याधिर्प्राप्तस्य योगाग्निमयं शरीरम्** । 'જેને યોગાગ્નિમય દૈવી શરીરની પ્રાપ્તિ થાય છે તેવા મહાયોગીને મૃત્યુ નથી આવતું, વૃદ્ધવસ્થાનો અનુભવ નથી કરવો પડતો, ને વ્યાધિ નથી સતાવી શકતા.' એ પરમ પ્રતાપી મહાયોગીએ જગતમાં પરમશક્તિના અવતરણમાં રસ લીધો.

મહર્ષિ મુખ્યત્વે આત્મજ્ઞાની, આત્મજ્ઞ અને આત્મભાવમાં આરૂઢ હતા. એ લોકહિતરૂપી કર્મને કરતા પરંતુ કોઈ પણ પ્રકારની પૂર્વયોજના બનાવ્યા વગર, સંકલ્પનો આશ્રય લીધા સિવાય, સહજ રીતે જ કરતા. એમને મન શરીર આત્મોન્નતિનું અગત્યનું સાધન હોવા છતાં એની મમતા અથવા આસક્તિથી એ સર્વથા રહિત હતા.

એમના આશ્રમમાં થોડા દિવસ માટે એમની સંનિધિ ને સત્સંગતિનો લાભ લેવા ગયેલા ગુજરાતના સુપ્રસિદ્ધ સંતપુરૂષ સ્વામી માધવતીર્થે એમને મહાયોગી અરવિંદની સાધના વિશે પૂછેલું તો એના ઉત્તરમાં એમણે જણાવેલું કે સાધનાનું એમનું ધ્યેય પરિપૂર્ણ થાય એવું નથી લાગતું : એ શક્ય નથી. છતાં પણ એ મહાયોગી પોતાની સાધના એવી જ દૃઢતા કે મક્કમતાપૂર્વક છેવટ સુધી કરતા જ રહ્યા.

ત્રણેના માર્ગ અનોખા છતાં પણ માનવજાતિના મંગલમાં મદદરૂપ હતા. એ ત્રણે સમકાલીન અને થોડા થોડા સમયને અંતરે સમાધિસ્થ થયેલા સત્પુરૂષો માનવજાતિના આધ્યાત્મિક ઈતિહાસમાં ભારે ગૌરવરૂપ અને અમર બની ગયા. એમની સાધના અમૂલખ આશીર્વાદરૂપ અને ઉપયોગી ઠરી. માનવજાતિ ગાંધીજીની શ્રદ્ધાભક્તિયુક્ત નિષ્કામ કર્મભાવના, શ્રી અરવિંદની યોગધારણા તથા મહર્ષિની જ્ઞાનનિષ્ઠામાંથી પરમ પ્રેરણા મેળવી શકે તેમ છે. એ ત્રણેનો સમન્વય કરવાથી વ્યક્તિ તથા સમષ્ટિને મહામૂલ્યવાન લાભ થાય તેમ છે.

તિરુવણ્ણામલૈના મહર્ષિના નિવાસની ઝાંખી

---

ઈ.સ. ૧૮૯૬... તિરુવણ્ણામલૈમાં શુભાગમન. અરૂણાચલ મંદિરમાં નિવાસ.

૧૮૯૭... ગુરૂમૂર્તમમાં. અઢાર માસ સુધી ત્યાં ને બાજુની આમ્રગુહામાં રહ્યા.

૧૮૯૮... સપ્ટેમ્બર ... પવલકુન્નુમાં.

૧૮૯૯... ફેબ્રુઆરી... પર્વત પરની વિરૂપાક્ષી ને બીજી ગુફાઓમાં.

૧૯૦૫... પ્લેગ વખતે છ મહિના બીજે રહ્યા ને પાછા પર્વત પર.

૧૯૦૮... જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ...પાછા એ જ સ્થળે ને પર્વત પર.

૧૯૧૬... સ્કંદાશ્રમ.

૧૯૨૨... પર્વતની તળેટીમાં રમણાશ્રમ.

## [૪૬] સાહિત્ય

### [૧] સાહિત્યની વિશેષતા

મહર્ષિ કોઈ નાના મોટા સાહિત્યકાર હતા ખરા ? એ પ્રશ્નનો ઉત્તર હકારાત્મક તથા નકારાત્મક બંને રીતે આપી શકાય. સાહિત્યકારનો અર્થ જો સાહિત્યરચનામાં સવિશેષ રસ અથવા રુચિ રાખનાર વ્યક્તિ એવો કરવામાં આવતો હોય તો એ દૃષ્ટિએ એમને સાહિત્યકારની પંક્તિમાં નહિ બેસાડી શકાય. એ એવી પંક્તિમાં બેસવાનું પસંદ પણ નહિ કરે. એ સંપૂર્ણપણે એમના સમસ્ત જીવનમાં આધ્યાત્મિક હતા. એમની એકમાત્ર અભિરુચિ કેવળ સ્વરૂપસાક્ષાત્કારમાં ને સ્વરૂપની નિષ્ઠામાં હતી. એમનો સમગ્ર સમય એ આદર્શની અનુભૂતિમાં જ પૂરો થતો હોવાથી બીજી પેટા વસ્તુઓ તરફ એમનું ધ્યાન નહોતું જતું. સાહિત્યસર્જન એમનો પ્રિય વિષય હોય અને એના વિના એ રહી જ ના શકતા હોય, એને માટે એમના અંતરમાં કોઈ અદ્ભૂત અનિવાર્ય સંવેદન જાગતું હોય અને જ્યાં સુધી એની શાંતિ ના થાય ત્યાં સુધી એમને કળ ના વળતી હોય એવું પણ ન હતું. એ સાધનાના સતત અનુષ્ઠાન દ્વારા જીવનમુક્તિની અથવા તો પૂર્ણતાની પરમપ્રશાંત અવસ્થા પર પહોંચ્યા હોવાથી સર્વ પ્રકારનાં સંવેદનોથી પર તેમજ દ્વંદ્વાતીત હતા. એ સાહિત્યકાર નહોતા પરંતુ આત્મવિકાસની પરાકાષ્ઠાએ પહોંચેલા સંતશિરોમણિ હતા. સાહિત્યકાર બનવાની એમની અભિલાષા જ નહોતી.

પરંતુ સાહિત્યકારનો અર્થ એ શબ્દના વિશેષ ઊંડાણમાં ઊતર્યા સિવાય જો સાહિત્યની રચના કરનાર કરીએ તો એ અર્થમાં મહર્ષિને સાહિત્યકારની શ્રેણીમાં અવશ્ય મૂકી શકાય, કારણ કે એમણે એમના સાધનાત્મક અને સંસિદ્ધ જીવનમાં અવારનવાર સાહિત્યરચના કરી છે. એમનું સ્વરચિત સાહિત્ય પ્રમાણમાં કદની દૃષ્ટિએ ઘણું થોડું હોવા છતાં ગુણવત્તાની દૃષ્ટિએ મોટું કે મહત્વનું છે. એ સાહિત્ય સહજ રીતે સ્ફુરેલું હોવાથી સર્વ પ્રકારની કૃત્રિમતાથી રહિત છે એવું એના પ્રથમ પરીક્ષણ પરથી જ નિસ્સંકોચપણે કહી શકાય. એ સાહિત્યમાં એમની ભક્તિભાવનાનો પરિચય થાય છે અને સાથે સાથે એમના આત્માની અસાધારણ વિશુદ્ધ જ્ઞાનનિષ્ઠાનું દર્શન કરવાનું સૌભાગ્ય સાંપડે છે. એનું સર્જન શોખને લીધે નથી થયું કે પરંપરાને પોષવા માટે કે કલ્પનાવિહારની વૃત્તિને સંતોષવા માટે પણ નથી કરવામાં આવ્યું, પરંતુ જીવનની અનિવાર્ય આવશ્યક્તારૂપે, સાધનાના સવિશેષ પ્રયોજનથી પ્રેરાઈને, સહજ રીતે જ થયેલું હોવાથી, એમાં સ્વાભાવિકતા છે, અસરકારતા છે, ને પરમ પ્રેરકતા રહેલી છે. સાહિત્યના સુંદર સ્વરૂપમાં એ આત્મવિકાસની સાધનાનું અગત્યનું અંગ બની જાય છે અને એના અધ્યયનથી બીજાને લાભ થાય છે.

ભક્તો, યોગીઓ તથા જ્ઞાનીઓની જીવનસાધનામાં સાહિત્ય દ્વારા મદદ મળતી હોય છે. સાહિત્યસર્જન એમના અંતરની અભિવ્યક્તિનું અને એમની ભાવનાઓને પોષવાનું તેમજ પરિપક્વ ને પ્રબળ કરવાનું મહત્વનું સાધન બને છે. એટલે તો સાહિત્યની દુનિયામાં એમનો ફાળો એટલો બધો મોટો ને મહત્વનો છે. વાલ્મીકિ ને વ્યાસથી માંડીને છેક અદ્યતન કાળ સુધીની સાહિત્યની સૃષ્ટિની વિપુલતા અને સતતતા પરથી એની પ્રતીતિ થાય છે. જીવનવિકાસના સાધકોને માટે સાહિત્યસર્જન બાધક નથી બન્યું પરંતુ

સદા સાધક થયું છે અને આગળ પર પણ અનંતકાળ સુધી સાધક થતું રહેશે. સાહિત્યસર્જન આત્મસાધનામાં ક્યારે, કયા કારણે ને કયાં બાધક કે સાધક બને છે એનો નિર્ણય સાધકે સ્વયં કરી લેવાનો છે.

મહર્ષિના સમકાલીન બીજા બે મહાન જીવનસાધકો અને સત્પુરૂષો મહાત્મા ગાંધીજી અને યોગીશ્રેષ્ઠ અરવિંદ પણ વિપુલ સાહિત્યસર્જન કરી ગયા છે. એમનું સર્જન એમને ને બીજાને માટે ઉપયોગી હતું. આજે પણ અસંખ્ય આત્માઓ એમાંથી પ્રેરણા કે પ્રકાશની પ્રાપ્તિ કરે છે. મહર્ષિનું સ્વરચિત સાહિત્ય એ બંને સમકાલીન મહાપુરૂષો કરતાં સંખ્યાની દૃષ્ટિએ ખૂબ જ સાધારણ હોવા છતાં નોંધપાત્ર છે. એ સાહિત્યમાં એમના ભાવો, વિચારો, અનુભવો અને એમની સમસ્ત સાધનાનો પડઘો પડે છે. એ પડઘો આજે પણ, એને રચાયે આટલાં બધાં વરસો વીત્યા પછી પણ, એટલો જ પ્રેરક અને કલ્યાણકારક લાગે છે. મહર્ષિની એ થોડીક સાહિત્યસામગ્રીને સાહિત્યના શાશ્વત સર્વસ્વીકાર્ય સામગ્રીભંડારમાં કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય મૂકી શકાય તેમ છે.

### [૨] પરિચય

મહર્ષિએ એમની મુલાકાત લેનારા એક કવિના સંબંધમાં વાત કરતાં જે કાંઈ કહેલું એમાં એમની સાહિત્યવિષયક દૃષ્ટિ અથવા વિચારધારાનું પ્રતિબિમ્બ પડતું હોવાથી એનું અવલોકન અસ્થાને નહિ ગણાય. એમણે આ પ્રમાણે ઉદ્‌ગારો કાઢેલા :

'આ બધી કેવળ મનની પ્રવૃત્તિ છે. મનને જેમ જેમ વધારે પ્રમાણમાં કામે લગાડો ને કવિતાની રચના કરવામાં વધારે ને વધારે સફળતા પ્રાપ્ત કરો તેમ તેમ શાંતિ એટલા પ્રમાણમાં ઓછી થતી જાય છે. શાંતિની પ્રાપ્તિ ના થતી હોય તો એ બધી યોગ્યતા મેળવવાનો શો અર્થ છે ? છતાં પણ એવા પુરૂષોને એવું કહેવા જાવ તો તેમને પસંદ નહિ પડે. એ શાંતિથી બેસી જ નહિ શકે. એ ગીતો લખ્યા જ કરશે. '

'મને પોતાને કોઈ પુસ્તક લખવાનું કે કવિતા કરવાનું મન નથી થતું. મેં જે કવિતાઓની રચના કરી છે તે બધી જ કવિતાઓ કોઈ ખાસ અવસરને અનુલક્ષીને એક યા બીજાની વિનંતિથી જ કરેલી છે. મેં લખેલી સત્ય પરની ચાલીસ કડીઓ પર કેટલીય ટીકાઓ તૈયાર થઈ છે અને એના અનુવાદો થયા છે. એને પુસ્તકાકારે તૈયાર કરવાનો સંકલ્પ મેં નહોતો કર્યો. એ સંગ્રહની કડીઓ જુદે જુદે વખતે તૈયાર થઈ છે. પાછળથી એને બીજાઓએ પુસ્તકાકારે પ્રસિદ્ધ કરી. અરૂણાચલની પ્રશસ્તિની અગિયાર અને આઠ કડીઓની મારી રચનાઓ કોઈના કહેવાથી નહિ પરંતુ સ્વાભાવિક રીતે પોતાની મેળે જ તૈયાર થયેલી. એમને અક્ષરદેહ આપ્યા વિના મારાથી રહી જ ના શકાયું. અરૂણાચલની પ્રશસ્તિની અગિયાર કડીના શરૂઆતના શબ્દો એક દિવસ સવારે મારા મનમાં એકાએક સ્ફુરી આવ્યા. મારે એમનું શું કામ છે એવું માનીને મેં એમને દબાવવાની, અવગણવાની કે શાંત કરવાની કોશિષ કરી પરંતુ એ કોશિષ નિષ્ફળ ગઈ. મારે એમને સમાવી લેતા ગીતની રચના કરવી જ પડી. બાકીના બધા જ શબ્દો પાણીના પ્રવાહની પેઠે સરળતાપૂર્વક પ્રત્યક્ષ થવા લાગ્યા. એને માટે મારે કશી મહેનત ના કરવી પડી. એવી રીતે બીજે દિવસે બીજી કડીની રચના થઈ ગઈ, ને ત્રીજે દિવસે ત્રીજી કડીની. દરેક દિવસે વારાફરતી એકેક કડીની રચના થતી ગઈ. દસમે દિવસે

દસમી અને અગિયારમી બંને કડીઓની રચના એકસાથે થઈ અને એમ એ આખીય રચનાની પરિસમાપ્તિ થઈ ગઈ. '

મહર્ષિ જ્યારે આરંભના દિવસોમાં અરૂણાચલ પર્વત પરની વિરૂપાક્ષી ગુફામાં વાસ કરતા ત્યારે પલનિ સ્વામી તથા બીજા કેટલાક શિષ્યો સેવાભાવથી પ્રેરાઈને એમની સાથે રહેતા. એ શિષ્યો શહેરમાં રોજ ભિક્ષા માગવા જતા. એમણે એ વખતે ગાઈ શકાય એવું ગીત બનાવી આપવા માટે મહર્ષિને પ્રાર્થના કરી ત્યારે મહર્ષિએ જણાવ્યું કે પહેલાંના સંતો ને ભક્તકવિઓનાં કેટલાંય પદો પડેલાં છે. લોકો એમની ઉપેક્ષા કરી રહ્યા છે અને એમનો લાભ નથી ઉઠાવતા; તો એ સંજોગોમાં નવી પદરચનાનો શો અર્થ છે ? પરંતુ શિષ્યોએ પ્રાર્થના કરવાનું ચાલુ જ રાખ્યું ત્યારે એ શાંત રહ્યા. એક દિવસ કાગળ ને પેન્સિલ લઈને એ પર્વતની પ્રદક્ષિણા કરવા ચાલી નીકળ્યા. એ પ્રદક્ષિણા દરમિયાન એમણે એકસો આઠ કડીઓની રચના કરી. એ રચના 'અરૂણાચલ શિવ' નામે ઓળખાઈ અને અત્યંત લોકપ્રિય થઈ. પલનિ સ્વામી ને બીજા શિષ્યોએ ભિક્ષા માગવા જતી વખતે એનો નિયમિત રીતે ઉપયોગ કરવા માંડ્યો. એ રચના ખૂબ જ હૃદયંગમ અને ભાવમય હોવાથી શ્રોતાઓ પણ એને સાંભળીને મંત્રમુગ્ધ ને ભાવવિભોર બની જતા.

એ સુંદર રસભર રચનાની એક વિશેષતા એ છે કે એની પ્રત્યેક કડીની પ્રથમ પંક્તિનો પ્રારંભ તામિલ કક્કાના ક્રમબદ્ધ અલગ અલગ અક્ષરથી થાય છે. એ આખીય રચના આડંબરરહિત સરળ અને સ્વયંભૂ છે. એ રચના પછી કેટલાક ભક્તોએ એમને એની કેટલીક પંક્તિઓના ગૂઢ ભાવાર્થ વિશે પૂછ્યું તો એમણે નમ્રતાયુક્ત ભાષામાં ઉત્તર આપ્યો કે 'તમે એનો અર્થ શોધી કાઢો ને હું પણ શોધી કાઢીશ. જ્યારે એમની રચના થઈ ત્યારે એમના ગૂઢાર્થ તરફ મારું એટલું બધું ધ્યાન નહોતું ગયું. હૃદયમાંથી સ્ફુરણા થઈ તેમ મેં લખી લીધેલું. '

એ રચના ખરેખર સંવેદનશીલ અને અત્યંત અસરકારક છે. એની પ્રેમપૂર્ણ પંક્તિઓને કાગળ પર ટપકાવતી વખતે એ એટલા બધા તન્મય થઈ જતા કે વાત નહિ. અરૂણાચલ પ્રત્યેની એમની પ્રેમભક્તિ જાણે કે પરાકાષ્ઠા પર પહોંચતી. એમનું અંતર ભાવવિભોર બની રહેતું. એ લેખન કેવળ શોખથી પ્રેરાયલું પરંપરાગત જડ લેખન ન હતું પરંતુ ઊર્મિપ્રધાન પ્રેમાર્દ્ર પ્રાણનું પ્રકટીકરણ હતું એટલે એમના અંતરતારને હલાવી નાખતું. એ લેખન વખતે એમની આંખમાંથી અશ્રુધારાઓ વહેવા ને ટપકવા માંડતી, એમને રોમાંચ થઈ આવતાં, એમની પેન્સિલ અવારનવાર કાગળ પર જ અટકી પડતી, એમનો કંઠ ગદ્ગદ બનતાં રૂંધાઈ જતો, તથા એ સ્તબ્ધાવસ્થાનો અનુભવ કરતા. પ્રશસ્તિના પદની એ પ્રેમમય પંક્તિઓ એમના પ્રાણમાંથી, રક્તપ્રવાહમાંથી, હૃદયના ધબકારમાંથી, એમના વ્યક્તિત્વના પ્રત્યેક પાસાંમાંથી અને એમના અણુપરમાણુમાંથી પ્રકટતી હોય એવું લાગ્યા વિના રહેતું નહિ. અરૂણાચલ પોતે જ જાણે પરમતત્વરૂપે પ્રત્યક્ષ થઈને જનતાના કલ્યાણને માટે એમને માધ્યમ બનાવીને એ રસમય રચના કરાવી રહેલા. ભક્તોને એ રચના-પંક્તિઓમાંથી પ્રેરણા મળી. એ પદપંક્તિઓ એમના જીવનની આરાધ્યદેવી જેવી બની.

એ પદપંક્તિઓમાં ભક્તના અંતરનો અદમ્ય અસીમ અનુરાગ તથા તલસાટ જોવા મળે છે તો સાથે સાથે કૃપાપ્રાપ્તિના અનંત આનંદનું પણ દર્શન થાય છે. એમની રચના શ્રદ્ધાભક્તિપૂર્ણ સાધકની ભૂમિકા પરથી કરવામાં આવી હોવાથી સાધકોને માટે ઉપયોગી ને શ્રેયસ્કર થઈ પડી.

એમની બીજી બધી જ કાવ્યરચનાઓના સંબંધમાં એ વિધાન સાચું ઠરે છે. એ રચનાઓ ઉચ્ચોચ્ચ તત્વજ્ઞાન તથા પરમપવિત્ર પ્રેમભક્તિના તાણાવાણાથી ભરેલી છે. એને લીધે વાચકને ભાવવિભોર બનાવવાની સાથે સાથે વિવેકી કરીને પરમસત્યના સાક્ષાત્કારથી સંપન્ન થવાની પ્રેરણા પૂરી પાડે છે. એ રચનાઓને પ્રેરણા તથા શક્તિની સનાતન સામગ્રી કહીએ તો ચાલે.

અરૂણાચલની પ્રશસ્તિની અગિયાર કડીઓની રચનામાં મહર્ષિએ એમના રચયિતા તરીકે પોતાનો પરિચય આપતાં 'જેને પરમ જ્ઞાનની પ્રાપ્તિ નથી થઈ તેવો' એમ કહ્યું છે એ એમની જન્મજાત સ્વભાવસિદ્ધ નમ્રતા બતાવે છે. તો પણ એવા ઉલ્લેખ પરથી કોઈને શંકા થઈ આવે એ સ્વાભાવિક છે. એમના એક ભક્ત શ્રી બોઝે એમની એ રચનામાં લખાયલા શબ્દો ભક્તોની ભૂમિકા પરથી એમના જ મંગલ માટે લખાયલા છે કે કેમ એવી શંકા વ્યક્ત કરીને એના સ્પષ્ટીકરણની માગણી કરી તો એ માગણીને માન્ય રાખીને એમણે જણાવ્યું કે એ ભક્તોને માટે જ, એમની ભૂમિકા પરથી જ લખાયેલાં છે.

* * *          * * *          * * *          * * *

મહર્ષિ સંસ્કૃત ભાષામાં સિદ્ધહસ્ત હતા એવું ના કહી શકાય તો પણ અરૂણાચલની પ્રશસ્તિના પાંચ શ્લોકો એમણે સૌથી પહેલાં સંસ્કૃતમાં લખેલા ને પછી તામિલમાં અનુવાદિત કરેલા. એકવાર ગણપતિ શાસ્ત્રીએ એમને સંસ્કૃતમાં કવિતા કરવા કહ્યું તો એમણે સ્મિત કરતાં જણાવ્યું કે મને કોઈ સંસ્કૃત છંદોનું કે વ્યાકરણનું જ્ઞાન જ ક્યાં છે ? ગણપતિ શાસ્ત્રીએ એમને એક છંદ સમજાવ્યો અને એમાં કવિતા કરી જોવાનો પ્રયત્ન કરવાનો ઉત્સાહ આપ્યો. એ ઉત્સાહથી પ્રેરાઈને પોતાની અસાધારણ આત્મશક્તિનો પરિચય કરાવતાં એ જ દિવસે સાંજે એમણે સંસ્કૃતમાં પાંચ શ્લોકોની રચના કરી.

* * *          * * *          * * *          * * *

મહર્ષિના ગદ્યસાહિત્યમાં બે મહત્વની રચનાઓનો સમાવેશ થાય છે : આત્મવિચારણા અથવા તત્વવિચાર અને હું કોણ ?

એમના અરૂણાચલ પર્વત પરના નિવાસકાળ દરમિયાન એમની શાંત સહજ મૌનાવસ્થામાં શ્રી શેષય્યરને માટે એમણે કેટલીક સાધનાત્મક સૂચનાઓ લખેલી. શ્રી શેષય્યરના સ્વર્ગવાસ પછી એ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થઈ. આત્મવિચારણામાં અથવા તત્વવિચારમાં રસ લેનારા જિજ્ઞાસુઓને માટે એ સંગ્રહ ખરેખર ને ખૂબ જ ઉપયોગી છે. એનું આકર્ષણ આજે પણ ઓછું નથી થયું.

એ જ દિવસો દરમિયાન એમની પાસે શુદ્ધ જિજ્ઞાસાભાવે આવતા એક બીજા ભક્ત શ્રી શિવપ્રકાશમ્ પિલ્લેના પ્રશ્નોના ઉત્તરો પણ બીજા સાધકોને માટે ઉપયોગી થઈ પડે તેવા છે. એમને 'હું  કોણ ?' નામના પુસ્તકાકારે પ્રકાશિત કરવામાં આવ્યા ત્યારથી માંડીને આજ સુધી અનેક ભક્તોએ  તેમજ જિજ્ઞાસુઓએ એમનો લાભ લીધો છે.

એ ઉપરાંત એમણે સમય સમય પર પ્રશ્નોના આપેલા ઉત્તરો અને શંકરાચાર્યના વિવેકચૂડામણિ અને આત્મબોધ ગ્રંથોના એમના સરળ ભાવાનુવાદના સંગ્રહો પણ સુપ્રસિદ્ધ છે. એ આશ્રમ તરફથી પ્રકાશિત થયા છે. વિવેકચૂડામણિ ગ્રંથના પરિચયમાં એ અરૂણાચલ પર્વત પર રહેતા ત્યારે જ આવેલા. એ વખતે એમને મળવા આવેલા એક ભક્ત ગુફામાં એ સદ્ગ્રંથ છોડી ગયેલા. એમણે એનું અવલોકન કરીને શ્રી શેષય્યરને

એનું અધ્યયન કરવાની સૂચના કરી, પરંતુ શેષય્યર સંસ્કૃતથી એકદમ અનભિજ્ઞ હોવાથી એના તામિલ ભાષાંતરની માગણી કરી. પલનિ સ્વામીના હાથમાં એ દિવસોમાં એના તામિલ પદ્યાનુવાદની પ્રત આવી. એ પ્રત કોઈક બીજાની હોવાથી એમણે એના પ્રકાશકને બીજી પ્રત માટે લખ્યું પરંતુ એની સઘળી પ્રતો ખલાસ થઈ ગઈ હોવાથી બીજી પ્રત ના મળી શકી. એમણે એનું તામિલ ગદ્યમાં ભાષાંતર કરવાની પ્રાર્થના કરવાથી એ પ્રાર્થનાને લક્ષમાં લઈને મહર્ષિએ કાર્યનો આરંભ કર્યો, પરંતુ ત્યાં તો પ્રકાશક તરફથી પેલો પદ્યાનુવાદ પ્રાપ્ત થયો એટલે એ કાર્ય અટકી પડ્યું. એ વાતને કેટલાંક વરસો વીતી ગયાં પછી એક બીજા ભક્તની પ્રાર્થનાને માન આપીને એમણે એ અનુવાદકાર્ય ફરીવાર શરૂ કર્યું. એ અનુવાદ એક પ્રકારનો મુક્ત અનુવાદ હતો. એનું પ્રકાશન અનેકને માટે લાભકારક થઈ પડ્યું.

ઈ.સ. ૧૯૪૯માં આત્મબોધ ગ્રંથના તામિલ અનુવાદને જોયા પછી મહર્ષિને એનો અનુવાદ કરવાની ઈચ્છા થઈ આવી. એ પદ્યાનુવાદ ઉત્તમ કોટિનો ના હોવાથી જ એમને એવી ઈચ્છા થઈ. આત્મબોધનું અધ્યયન એમણે અરૂણાચલ પર્વત પર કરેલું પરંતુ એ વખતે એના અનુવાદની સહેજ પણ ઈચ્છા એમને નહોતી થઈ. કેટલાક વખત પછી એ લોકોપયોગી ઈચ્છા પૂરી થઈ. એ રચના એમના જીવનની છેલ્લી સાહિત્યરચના હતી.

એમણે રચેલા એક બીજા અનુવાદગ્રંથનો ઉલ્લેખ પણ કરવા જેવો છે. એ એક ભાવાનુવાદગ્રંથ કહી શકાય. એનું નામ વિચાર મણિમાલા.

હિંદી ભાષામાં સાધુ નિશ્ચલદાસનો લખેલો વેદાંતના ગહન સિદ્ધાંતોને સમાવી લેનારો 'વિચારસાગર' ગ્રંથ ખૂબ જ લોકપ્રિય ને વિખ્યાત છે. એ ગ્રંથનો વિશાળ તામિલ અનુવાદ વરસોથી થઈ ચૂકેલો છે. જિજ્ઞાસુઓને એ અનુવાદ સમજવામાં મુશ્કેલી પડતી હોવાથી એનો પૂરો લાભ નહોતો ઉઠાવી શકાતો. એક ભક્તે એ સુંદર સદ્‌ગ્રંથના સારભાગને સરળ અને લોકભોગ્ય ભાષામાં તૈયાર કરવાની પ્રાર્થના કરવાથી એના સુપરિણામરૂપે મહર્ષિ દ્વારા વિચારમણિમાળા ગ્રંથની રચના થઈ. સદ્‌ગુરૂ ને શિષ્યના પ્રેરક વાર્તાલાપરૂપે રચાયલા એ ગ્રંથમાં 'વિચારસાગર'ના આત્મજ્ઞાનયુક્ત અર્કનો સમાવેશ કરવામાં આવ્યો છે. આત્મજ્ઞાન અને આત્મસાક્ષાત્કારના રસિયાઓએ એનું અધ્યયન ખાસ કરવા જેવું છે.

ભગવદ્‌ગીતાના શ્લોકમાંથી પોતાના સંદેશને સમાવી લેનારા બેતાલીસ શ્લોકોને અલગ કરીને એમણે એક સ્વતંત્ર સંગ્રહ કર્યો છે તે પણ એમની જ્ઞાનદૃષ્ટિને સમજવા માટે જોવા જેવો છે.

* * *     * * *     * * *     * * *

એમની છેલ્લી કાવ્યરચનાનું નામ 'એકાત્મપંચકમ્'. એ રચના ઈ. સ. ૧૯૪૭ માં થયેલી, એને માટે એમને કોઈએ પ્રાર્થના નહોતી કરી. એ રચના માટે એ એમની સ્વતંત્ર પ્રેરણાથી જ પ્રવૃત્ત થયેલા.

એ રચના એમણે સૌથી પહેલાં તેલુગુમાં કરી અને પાછળથી એનો તામિલમાં અનુવાદ કર્યો. આત્મજ્ઞાનની અભિવ્યક્તિ કરતી એ રચનાની પાંચે કડીઓ ખરેખર મનનીય છે.

### [3] વિવિધ રચનાઓ

મહર્ષિની સૌથી પહેલી ગદ્યરચના આત્મવિચાર છે. એ ગદ્યરચના એમણે એમની યુવાવસ્થામાં લગભગ બાવીસ વરસની ઉંમરે ઈ. સ. ૧૯૦૧ના વરસ દરમિયાન કરેલી છે. એ વખતે એ અરૂણાચલ પર્વત પર નિવાસ કરતા, અને આત્મસાક્ષાત્કારના અસાધારણ આનંદનો અનુભવ કરી ચૂકેલા. એમની સાથે બીજા કેટલાક સેવાભાવી ભક્તો તથા જિજ્ઞાસુઓ પણ વાસ કરતા. એ વખતે એ મોટે ભાગે મૌન જ રાખતા. આ રચના જિજ્ઞાસુ શિષ્યની જિજ્ઞાસાના જવાબરૂપે થયેલી છે. એ પ્રમાણભૂત રીતે તૈયાર થઈ હોવાથી આત્મસાક્ષાત્કારના અનુરાગીઓને માટે અતિશય ઉપયોગી છે.

'હું કોણ'ની રચના પણ લગભગ એ જ અરસામાં થયેલી છે.

અરૂણાચલનાં પાંચ સ્તોત્રો લગભગ ઈ. સ. ૧૯૧૪માં લખાયેલાં. એ વખતે પણ એ પર્વત પર જ નિવાસ કરતા. એ સુંદર ભાવમય સ્તોત્રો પરથી સહેલાઈથી પ્રતીતિ થાય છે કે મહર્ષિ અરૂણાચલને પરમાત્માના પ્રતિનિધિ સમજતા. એમણે એવી ઉચ્ચતમ ભાવનાથી પ્રેરાઈને જ એમની પ્રશસ્તિ કરી છે.

એમના અંતરની જ્ઞાનનિષ્ઠા તથા ભક્તિભાવનાનો પરિચય કરવતી રચના 'અરૂણાચલ પરની પાંચ કડીઓ'નો ભાવાર્થ ખાસ મનનીય છે :

'સુધાના સાગર, અનુગ્રહના અવતાર, સમસ્ત વિશ્વને પોતાના પરમ પ્રકાશથી વીંટી વળનાર, ઓ અરૂણાચલ, પ્રત્યક્ષ પરમાત્મા પોતે ! તું સૂર્ય બનીને મારા કલ્યાણકારક હૃદયકમળને ખોલી દે !'

'ઓ અરૂણાચલ, આ સમસ્ત દૃશ્ય સંસાર તારી અંદર જ પેદા થાય છે, ટકે છે, ને વિલીન બને છે. એ એક સનાતન સત્ય છે. હૃદયમાં અહંરૂપે નર્તન કરનાર આત્મિક તત્વ તું જ છે. હે પ્રભુ, તારું નામ હૃદય છે.'

'મનને સ્થિર કરીને અહંવૃત્તિનો ઉદ્‌ભવ ક્યાં થાય છે તે શોધવા માટે જે અંતર્મુખ કરે છે તે આત્મસાક્ષાત્કાર કરી લે છે અને ઓ અરૂણાચલ, તારી અંદર મળી જાય છે. એની દશા સમુદ્રમાં સમાતી સરિતા સરખી થઈ જાય છે.'

'બાહ્ય જગતમાંથી વૃત્તિને પાછી વાળીને, મનને તથા પ્રાણને વશ કરીને, તારું પોતાની અંદર ધ્યાન કરનારા યોગીને તારી જ્યોતિની ઝાંખી થાય છે, ઓ અરૂણાચલ ! એ તારી અંદર અનંત આનંદની અનુભૂતિ કરે છે.'

'જે તને પોતાના મનનું સમર્પણ કરે છે, તારું દર્શન કરીને સમસ્ત સંસારને તારા સ્વરૂપ જેવું સમજે છે, અને તારી આત્મારૂપે પ્રશસ્તિ કરીને તને પ્રેમ કરે છે, તે તારી સાથે એક થઈને પોતાની જાતનો સ્વામી બની જાય છે, ઓ અરૂણાચલ ! એ તારા મહિમામાં, તારા પરમ કલ્યાણકારક સ્વરૂપમાં સમાઈ જાય છે.'

* * *   * * *   * * *   * * *

એકવાર આશ્રમમાં જમણવાર હતો, એ અવસર પર અનેક સ્વાદિષ્ટ સામગ્રીઓ તૈયાર કરવામાં આવેલી. એ વખતે એક ભક્તે તામિલ કવિ અવ્વયરની પેટ વિશેની નીચેની પંક્તિઓ કહી બતાવી :

'તને ખોરાક વગર એક દિવસ પણ નથી ચાલતું ને એક સાથે બે દિવસનો ખોરાક પણ નથી લઈ શકાતો. ઓ અધમ પેટ ! તારે લીધે મારે વેઠવી પડતી મુશ્કેલીનો ખ્યાલ તને લગાર પણ નથી લાગતો. તારી સાથે કામ કરવાનું એકદમ અશક્ય લાગે છે.'

'પેટની ફરિયાદ' નામની કૃતિમાં મહર્ષિએ તામિલ કવિની એ કવિતાપંક્તિઓ સાંભળીને એ જ વખતે પેટની અહંકાર સામેની ફરિયાદને રજૂ કરતાં પોતાની સ્વાભાવિક સર્જનશક્તિનો પરિચય કરાવતાં વિનોદપૂર્ણ છતાં જ્ઞાનયુક્ત ઉત્તર આપ્યો :

'તું મને, તારા પેટને, કલાકનો પણ આરામ નથી આપતો. પ્રત્યેક દિવસે, કલાકે, તું ખાયા જ કરે છે. ઓ આપત્તિજનક અહંકાર ! મને કેટલી બધી મુશ્કેલી પડે છે તેનો ખ્યાલ તને નથી લાગતો. તારી સાથે કામ કરવાનું એકદમ અશક્ય લાગે છે ! '

અહંકાર પણ માનવના મનને અથવા જીવનતત્વને કોરી ખાય છે : એને લીધે માનવને એક ક્ષણનો પણ આરામ નથી મળતો : એ કલ્પના મહર્ષિ સરખા કોઈક લોકોત્તર સૂક્ષ્મદર્શી મહાપુરૂષ જ કરી શકે. સામાન્ય માણસનું એવા અસામાન્ય વિચારનો આધાર લેવાનું ગજું ના ગણાય.

* * *          * * *          * * *          * * *

એમની 'નવ છૂટક કવિતાપંક્તિઓ' પણ એવા જ સુંદર સારગર્ભિત ભાવથી ભરેલી છે. એ પંક્તિઓમાંથી થોડીકનો સ્વાદ ચાખવા જેવો છે :

'આત્મારૂપ એક અક્ષર હૃદયમાં કાયમને માટે વિરાજે છે. ક્યાંય રહેનારા કોઈનામાં એવું આલેખન કરવાની શક્તિ ક્યાં છે ?'

'સ્વરૂપની સતત શોધને આપણે પરમાત્માના પરમપ્રેમ તરીકે ઓળખીએ છીએ. કારણ કે સૌના હૃદયમાં સ્વરૂપના રૂપમાં એ જ વસી રહ્યા છે. '

'જે પોતાની પ્રાપ્ત થયેલી પરિસ્થિતિમાં સંતુષ્ટ છે, ઈર્ષાથી મુક્ત છે અને શુભાશુભની વચ્ચે સ્વસ્થ રહી શકે છે, તે કર્મબંધનથી નથી બંધાતો. '

'પ્રશ્ન અને ઉત્તર વાણીના વિષયો છે. એમનું ક્ષેત્ર દ્વૈત છે : મૌનમાં એમનું અસ્તિત્વ ક્યાંય પણ નથી રહેતું.'

'સર્જન કે વિસર્જન નથી, પ્રારબ્ધ કે પુરૂષાર્થ અથવા સ્વતંત્ર ઈચ્છા નથી, પંથ કે પ્રાપ્તિ નથી : અંતિમ સત્ય એ જ છે.'

* * *          * * *          * * *          * * *

મહર્ષિએ શંકરાચાર્યના સુપ્રસિદ્ધ દક્ષિણામૂર્તિ સ્તોત્રનો તામિલ ભાવાનુવાદ કરેલો છે. એ ઉપરાંત એમના 'હસ્તામલક' સ્તોત્રને તથા 'દૃક્ દૃશ્યવિવેક'ને પણ તામિલમાં રજૂ કર્યાં છે. એમની રચનાઓમાં 'ઉપદેશસાર' મહત્વનું સ્થાન ધરાવે છે. એ અત્યંત સરળ, ગંભીર તથા સૂક્ષ્મ વિચારધારાથી ભરપૂર છે. એ રચનામાં સાધનાના સાધ્યનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હોવાથી આત્મવિકાસના સાધકોને માટે એ આશીર્વાદરૂપ અને અત્યંત ઉપયોગી છે. એ સાધકોના જીવનપથને સરળ તથા સુપ્રકાશિત કરવાની શક્તિ ધરાવે છે. એમાં બધા મળીને લગભગ ત્રીસ શ્લોકો છે. એમાંથી થોડાક શ્લોકો પર દૃષ્ટિપાત કરી જઈએ. એ દૃષ્ટિપાત પરથી સમજી શકાશે કે એ રચનામાં એમણે તત્વજ્ઞાન અને આત્મસાધનાના અર્કને સમાવી દીધો છે :

ईश्वरार्पित नेच्छया कृतम् ।

चित्तशोधकं मुक्तिसाधकम् ॥3॥

'કર્મ જો ઈશ્વરને અર્પણ કરીને કામનાનો ત્યાગ કરીને કરવામાં આવે તો શુદ્ધિ સાધવામાં મદદ કરે છે ને મુક્તિની પ્રાપ્તિ કરાવે છે.'

कायवाऽमनः कार्य मुत्तमम् ।

पूजनं जपश्चिंतनं क्रमात् ॥४॥

'કાયિક, વાચિક ને માનસિક ત્રિવિધ કર્મ ઉત્તરોત્તર ઉત્તમ છે. કાયાનું કાર્ય પૂજન, વાણીનું જપ તથા મનનું આત્મચિંતન છે. પૂજનથી જપ, જપ કરતાં આત્મચિંતન કે ધ્યાન ઉત્તમ છે.'

जगत ईशधीयुक्तसेवनम् ।

अष्टमूर्ति भृदेवपूजनम् ॥५॥

'જગતમાં ઈશ્વરબુદ્ધિ રાખીને એની સેવા કરવી જોઈએ. એવી બુદ્ધિને ધારણ કરીને આરાધના કરવી એ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર ને આત્મારૂપી આઠ મૂર્તિ અથવા રૂપવાળા ઈશ્વરનું પૂજન કરવા બરાબર છે. સંક્ષેપમાં કહીએ તો બીજાની સેવા એ જ ઈશ્વરની પૂજા છે.'

वेषहानतः स्वात्मदर्शनम् ।

ईशदर्शनं स्वात्मरुपतः ॥

'વેશના ત્યાગથી અથવા અવિદ્યાયુક્ત દેહાધ્યાસને તિલાંજલિ આપવાથી આત્મસાક્ષાત્કારનો લાભ મળે છે. ઈશ્વરદર્શનનો આનંદાનુભવ પણ એથી જ પ્રાપ્ત થાય છે. '

### [૪] રમણ ગીતા

રમણ ગીતા એના નામ પરથી સૂચિત થાય છે તેમ, મહર્ષિ રમણની રચના નથી. એ સંસ્કૃત પદ્યરચના મહર્ષિના સંનિષ્ઠ શિષ્ય વિદ્વાન કવિવર શ્રી ગણપતિ શાસ્ત્રીએ કરેલી છે. એનો ઈતિહાસ જાણવા જેવો છે. મહર્ષિ જ્યારે અરૂણાચલ પર્વત પરની ગુફામાં વાસ કરતા ત્યારે ગણપતિ શાસ્ત્રીએ તથા બીજા ભક્તો ને શિષ્યોએ એમને શુદ્ધ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને કેટલાક પ્રશ્નો પૂછેલા. મહર્ષિએ આપેલા એમના ઉત્તરોને એ પ્રશ્નો સાથે ગણપતિ શાસ્ત્રીએ સંસ્કૃત પદ્યના રૂપમાં ભાષાબદ્ધ કર્યા અને એમને રમણ ગીતાનું નામ આપ્યું.

રમણ ગીતાના અઢાર અધ્યાય અને ત્રણસો શ્લોક છે. બીજા, પાંચમા અને છઠ્ઠા અધ્યાયના પ્રશ્નો કોઈએ પૂછ્યા નથી પરંતુ લોકહિતના હેતુને લક્ષમાં લઈને મહર્ષિએ પોતે જ તૈયાર કર્યા છે. સાધકોને માટે એ ગ્રંથ ખૂબ ખૂબ ઉપયોગી છે એમાં સંદેહ નથી. એની રચના દ્વારા ગણપતિ શાસ્ત્રીએ ઘણા મોટી સેવા કરી છે.

એ ગ્રંથની રચના મોટે ભાગે ઈ. સ. ૧૯૧૭ના ઑગસ્ટમાં થયેલી.

પ્રથમ પ્રશ્ન ઈ.સ. ૧૯૧૩માં પૂછાયેલો.

એમાં જુદે જુદે ઠેકાણે વ્યક્ત થયેલા મહર્ષિના વિચારો જોઈએ:

'આત્મતત્વને જાણવા માગનારા મુમુક્ષુની આત્મલાભરૂપી અભીષ્ટ સિદ્ધિ કેવળ શાસ્ત્રચર્ચાથી નથી થતી. ઉપાસના સિવાય સિદ્ધિ નથી સાંપડતી એ સિદ્ધાંત છે.' (અધ્યાય ૧, શ્લોક ૧૨)

'સ્થિર મનથી નિરંતર કરાતા મંત્રજપથી કે પ્રણવજપથી શ્રદ્ધાભક્તિવાળા ભક્તને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.' (અધ્યાય ૩, શ્લોક ૧૦)

'એક વાર રેચક કરે, એક વાર પૂરક કરે, કિન્તુ કુંભક ચાર વાર કરે. એ પ્રમાણે પ્રાણાયામ કરવાથી નાડીશુદ્ધિ થઈ જાય છે.' (અધ્યાય ૬, શ્લોક ૭)

'શુદ્ધ બ્રહ્મચર્યથી ગૃહસ્થાશ્રમ નિર્મળ થવાય છે. ગૃહસ્થાશ્રમ સઘળા આશ્રમોના ઉપકાર માટે છે.' (અધ્યાય ૮, શ્લોક ૭)

'દેહધારીઓને પારસ્પરિક ભ્રાતૃભાવથી શાંતિ મળે છે. એને લીધે આખી પૃથ્વી એક ઘરની જેમ શોભી ઊઠે છે. '(અધ્યાય ૧૦, શ્લોક ૧૧)

'સહજ સ્થિતિ પર આરૂઢ જ્ઞાનીપુરૂષ રોજ સ્વભાવથી જ તપ કરે છે. એની સહજ સ્થિતિ જ તપ છે. એમાં આળસ નથી હોતી.' (અધ્યાય ૧૧, શ્લોક ૧૯)

ચૌદમાં અધ્યાયમાં જીવનમુક્તિનું વર્ણન કરતાં મહર્ષિએ જણાવ્યું છે.

'શાસ્ત્રીય તથા લૌકિક જ્ઞાનથી અવિચલ એવી સ્વરૂપની સુદૃઢ નિષ્ઠાને જીવનમુક્તિ કહેવામાં આવે છે.' (શ્લોક ૩)

'તપના વિશેષ પરિપાકથી રૂપના અભાવની અથવા અદૃશ્ય થવાની સિદ્ધિ સાંપડે છે. એવી સિદ્ધિવાળો સિદ્ધ યોગી ચિન્મય બનીને વિહાર કરે છે. તપના પરિપાકથી વખત વીતતાં સશરીર હોવા છતાં યોગી સ્પર્શથી અતીત અવસ્થાની પ્રાપ્તિ કરે છે. એ બંને શારીરિક સિદ્ધિઓ દેવતાના અનુગ્રહરૂપે અલ્પકાળમાં જ આવી મળે છે.' (શ્લોક ૯–૧૦–૧૧)

'પરિપકવ મનવાળા સાધનાપરાયણ યોગીને ઈશ્વરની કૃપાથી સુષુમ્ણા નાડી દ્વારા ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે.' (શ્લોક ૧૪)

'એવો યોગી પોતાની ઈચ્છા પ્રમાણે જુદા જુદા લોકલોકાંતરોમાં પરિભ્રમણ કરી શકે છે, ઈચ્છાનુસાર અનેકવિધ શરીરોને ધારણ કરી શકે છે, અને બીજા પર અનુગ્રહ કરવાની શક્તિથી સંપન્ન બને છે.'(શ્લોક ૧૫)

પંદરમાં અધ્યાયમાં કહેવામાં આવ્યું છે :

'કોઈ શાસ્ત્રોના અર્થના ચિંતનને મનન કહે છે, પરંતુ વાસ્તવમાં પોતાના સ્વરૂપનું ચિંતન જ મનન છે. (શ્લોક ૭)

'ભ્રાંતિ તથા સંશયથી રહિત હોવા છતાં પણ એકલા શાસ્ત્રજન્ય જ્ઞાનથી આત્માની અનુભૂતિ નથી થતી. સંશય ને ભ્રાંતિની સંપૂર્ણ નિવૃત્તિ કેવળ અનુભૂતિથી જ થઈ શકે છે, સેંકડો શાસ્ત્રોથી પણ નહિ.' (શ્લોક ૯–૧૦)

'શ્રદ્ધાવાન પુરૂષના સંશય તથા વિપર્યયને શાસ્ત્ર દૂર કરી દે છે તો પણ શ્રદ્ધામાં ત્રુટિ પેદા થવાથી એમનો ફરીવાર ઉદય થાય છે. એ ઉભયનો મૂળ સહિત નાશ કેવળ સ્વરૂપના સ્વાનુભવથી જ થઈ શકે છે. એટલા માટે સ્વરૂપમાં સુપ્રતિષ્ઠિત થવું એ જ નિદિધ્યાસન છે.' (શ્લોક ૧૧–૧૨)

'હે કુંડિનશ્રેષ્ઠ ! સ્વાભાવિક આત્મનિષ્ઠા થઈ જાય તો એ જ મુક્તિ છે, સર્વોચ્ચ સ્થિતિ છે અને સાક્ષાત્કાર પણ એને જ કહેવાય છે.' (શ્લોક ૧૪)

સોળમાં અધ્યાયમાં ભક્તિની વિચારણા કરવામાં આવી છે :

'આત્મા સૌને પ્રિય છે. આત્મા કરતાં અધિક કશું પ્રિય નથી હોતું. એમાં અખંડ તેલની ધારા સમાન પ્રીતિ તે જ ભક્તિ છે.' (શ્લોક ૨)

'તેલની ધારાની જેમ પરમાત્મામાં વહેનારી પ્રીતિ ઈચ્છા ના હોય તો પણ સાધકની બુદ્ધિને સ્વરૂપ તરફ લઈ જાય છે.' (શ્લોક ૪)

'ઈશ્વરના નામ અને રૂપની ભાવના કરીને ભક્ત એની મદદથી નામરૂપને જીતી લે છે અથવા એથી પર પહોંચી જાય છે. (શ્લોક ૭)

'ભક્તિની પરિપૂર્ણતા થતાં એકવારનું શ્રવણ પણ પર્યાપ્ત થાય છે. એ પછી ભક્તિ પૂર્ણ જ્ઞાન પ્રદાન કરવામાં સમર્થ થાય છે.' (શ્લોક ૮)

સત્તરમાં અધ્યાયમાં જ્ઞાન વિશે વિચારણા કરવામાં આવી છે :

'આત્મજ્ઞાન પ્રતિદિન થોડું થોડું ક્રમવાર નથી મળતું પરંતુ અભ્યાસના પરિપાકરૂપે એકસાથે પૂર્ણપણે પ્રકટ થાય છે.' (શ્લોક 3)

'હે વિદ્વાન, અંદર જનારી બુદ્ધિ જો ફરી બહાર જતી હોય તો એને અભ્યાસ કહેવાય છે. જ્ઞાન તો સ્થાયી અનુભૂતિને જ કહેવામાં આવે છે.' (શ્લોક ૫)

'પ્રારબ્ધને અનુસરીને કરાતી દેહ તથા ઈન્દ્રિયોની પ્રવૃત્તિ પરથી બીજા લોકો જ્ઞાનની ભૂમિકાઓની કલ્પના કરે છે કિન્તુ મૂળભૂત રીતે એમનામાં કશો ભેદ નથી હોતો.' (શ્લોક ૮)

અઢારમા અંતિમ અધ્યાયમાં આરંભના ચોવીસ શ્લોકોમાં મહર્ષિનો મહિમા ગાવામાં આવ્યો છે. એ મહિમાયુક્ત ગુણાનુવાદના શ્લોકો ખૂબ જ ભાવમય ને સુંદર છે.

શ્રી ગણપતિ શાસ્ત્રીએ રચેલા મહર્ષિની પ્રશસ્તિના એ ચોવીસ શ્લોકોમાં એમના અસાધારણ અનુરાગપૂર્ણ અંતરનો પડઘો પડે છે. એ શ્લોકો વારંવાર વાંચવા, ગાવા તથા સમજવા જેવા છે. એમાંથી થોડાકનો આસ્વાદ લેવાનું અસ્થાને નહિ લેખાય :

अखिल संशयवारणभाषणं
भ्रम मदद्विरदाऽकुशवीक्षणम् ।
अविरतं परसौख्य धृतोद्यमं
निजतनू विषयेष्व सालसम् ॥3॥

'જેમનું સંભાષણ સમસ્ત સંશયોને શમાવનારું છે, જેમની દૃષ્ટિ ભ્રમરૂપી મદવાળા હાથીને માટે અંકુશમાન છે, જે અવિરત બીજાને સુખશાંતિ આપવા ઉદ્યમ કરે છે ને પોતાના શરીરના વિષયો પ્રત્યે અતિશય ઉદાસીન છે.'

मृदुतमं वचने दृशि शीतलं
विकसितं वदने सरसीरुहे ।
मनसि शून्यमहः शशिसंनिभे
हृदि लसन्तमनन्त इवारुणम् ॥५॥

'વચનમાં અત્યંત કોમળ, દૃષ્ટિમાં શીતળ, વદનમાં વિકસિત કમળ જેવા, મધ્યાહ્‌ન ચંદ્રસમાન શૂન્ય મનના, આકાશમાં અરુણની પેઠે પોતાના હૃદયમાં પ્રકાશમાન'

विगत मोहमलोभम भावनं
शमितमत्सरमुत्सविनं सदा ।
भवमहोदधितारण कर्मणि
प्रतिफलेन विनैव सदोद्यतमम् ॥८॥

'મોહ તથા લોભ અને લાલસારહિત, મત્સર વગરના, સદા ઉત્સવ કરનારા, કોઈ પણ પ્રકારના બદલાની ઈચ્છા વિના હમેશાં બીજાને સંસારસાગરમાંથી તારવા માટે તૈયાર રહેનારા'

शक्ति मन्तमपि शांतिसंयुतं
भक्तिमन्तमपि भेदवर्जितम् ।
वीतरागमपि लोकवत्सलं
देवतांशमपि नम्रचेष्टितम् ॥२३॥

'જે શક્તિમાન હોવા છતાં શાંત છે, ભક્ત છતાં ભેદરહિત છે, વીતરાગ હોવા છતાં સમસ્ત સૃષ્ટિ પર પ્રેમ રાખે છે, ને દેવાંશી છતાં નમ્રાતિનમ્ર વ્યવહારવાળા છે' એવા મહર્ષિને વંદન કરીને પૂછવામાં આવે છે.

॥ૐ॥ वंदे महापुरूष ते चरणारविंदम् ॥ૐ॥

☼ ☼ ☼ ☼ ☼

# ખંડ ત્રીજો



# સારવચનો, અંજલિ તથા પ્રેરક પ્રસંગો

## [૪૭] સારવચનો

મહર્ષિની ઉપદેશ આપવાની પદ્ધતિ અત્યંત વિલક્ષણ હતી.

એમના લેખન ને વચનમાં બીજા કેટલાક લેખકો, વક્તાઓ અને સદ્ઉપદેશકોની જેમ એકલી એમની બૌધિક પ્રતિભા જ નહોતી ટપકતી પરંતુ એમની અલૌકિક આત્મિક અનુભૂતિનો પ્રતિધ્વનિ પડતો. એથી એમની અસરકારકતા વધી જતી ને અમોઘ ઠરતી. એ ઉપદેશક, લેખક કે વક્તા નહોતા પરંતુ એથી આગળની અવસ્થા પર પહોંચેલા એક વિતરાગ, સ્થિતપ્રજ્ઞ, જીવનમુક્ત, પૂર્ણ, સિદ્ધ સંત હતા એટલે જ એમના શબ્દો સારગર્ભિત અને લોકજીવનમાં ક્રાંતિ કરનારા થઈ પડતા.

ઊંડી આત્માનુભૂતિને પરિણામે પ્રકટનારા શબ્દો કર્કશ કે કિલષ્ટ નથી હોતા પરંતુ સરળ તથા સ્પષ્ટ હોય છે એ હકીકત એમના સંબંધમાં સંપૂર્ણ સાચી ઠરે છે. એમને જે કાંઈ પણ કહી બતાવવા જેવું લાગે છે તેને એ ભાષાની કોઈ પણ પ્રકારની ભભક વિના, દંભ કે આડંબર અથવા અહંકારરહિત રહીને, આત્મશ્લાઘામાં તણાયા વિના, મુખ્ય મુદ્દાનું વિસ્મરણ કર્યા સિવાય, સંક્ષેપમાં છતાં સર્વગ્રાહી ને સરસ રીતે કહી બતાવે છે. એ સંબંધમાં એમની સરખામણી મહાત્મા ગાંધીજી તથા રામકૃષ્ણ પરમહંસદેવ સાથે કરી શકાય. ભૂતકાળમાં થઈ ગયેલા કેટલાક પ્રાતઃસ્મરણીય સંતોએ માનવના આધ્યાત્મિક અભ્યુત્થાનની વાતોને સાદીસીધી કે સરળ ભાષામાં સુગ્રથિત કરીને કહી બતાવી છે અને એથી માનવજાતિનું પરમ મંગલ થયું છે. બુદ્ધ, શંકર, ઈશુ, ગુરૂ નાનકદેવ, સમર્થ રામદાસ, જ્ઞાનેશ્વર, તુકારામ, મીરાં, નરસી, કબીર, તુલસીદાસ ને સૂરદાસ જેવા સંતો એના આદર્શ ઉદાહરણરૂપ છે. એમણે આધ્યાત્મિકતાના અર્કને સરળ સરસ લોકભોગ્ય ભાષામાં ઉતારીને લોકહૃદય સુધી પહોંચાડવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. આધુનિક કાળમાં રમણ મહર્ષિએ પણ એવું જ ઉપકારક કાર્ય જાણ્યે અથવા અજાણ્યે પણ કરી બતાવ્યું છે. આધ્યાત્મિકતાનો જે સનાતન સંદેશ વેદ, ઉપનિષદ ને દર્શનશાસ્ત્રોના નિબિડ વનમાં સમાઈને લગભગ વિસ્મૃત જેવો બની ગયેલો તેને બહાર કાઢીને એમણે સરિતા સમાન સંવાદી કરીને એમની સુમધુર સરળ ભાષામાં લોકહિત માટે વહેતો કર્યો. એમના જીવનકાર્ય પરથી એક હકીકતની પૂરેપૂરી પ્રતીતિ થઈ કે આધ્યાત્મિકતાના અમૂલખ અર્કને લોકોપયોગી કરવા માટે ને લોકહૃદય સુધી પહોંચાડવા માટે અનુભવના આધાર પર આડંબરરહિત થઈને લોકાનુકંપાથી પ્રેરાઈને બને તેટલી સ્પષ્ટ ને સરળ ભાષામાં બોલતાં ને લખતાં તથા જીવનને પણ અધિકાર અનુભૂતિથી અલંકૃત અને આદર્શ બનાવતાં શીખવું જોઈશે. પ્રજા ધર્મ, સાધના અથવા આધ્યાત્મિકતા વિશે જાણવા માગે છે અને એમાં અભિરુચિ રાખે છે પરંતુ કેટલીક વાર એની સાચી ને સંપૂર્ણ સમજ નથી ધરાવતી. ધર્મ, સાધના અથવા આધ્યાત્મિકતાના નામે ફેલાયેલી ભાતભાતની ભ્રાંત ધારણાઓ કે સંકુચિત વિપરીત વિચારસરણીઓમાં એ અટવાયેલી છે. સંતો અથવા ધર્માચાર્યો તરફ એ પવિત્ર પ્રકાશ માટે નજર નાખે છે. એવે વખતે સંતો ને ધર્માચાર્યો પોતાના મનુષ્યોચિત કર્તવ્યને ઓળખીને એમની ભ્રાંતિઓમાં કોઈ પ્રકારનો નિરર્થક વધારો ના કરે પણ ઘટાડો કરે એ આવશ્યક છે. એ પરમપવિત્ર યુગધર્મ છે. અને એને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે વફાદાર રહેનારા વર્તમાન કાળના શ્રેષ્ઠ સંતપુરૂષોમાં મહર્ષિનું સ્થાન મોખરે છે.

એમના સદ્દુપદેશોનું કે સારવચનોનું મૂલ્ય એ દૃષ્ટિએ ઘણું મોટું છે. એ સદ્દુપદેશો કે સારવચનો કોઈ એક જ વિશેષ ધર્મ સંપ્રદાય કે મતનું પ્રતિનિધિત્વ નથી કરતાં. એ કોઈ એક વિશેષ દેશકાળ કે પ્રજાને માટે છે એવું પણ નથી સમજવાનું. સત્ય ત્રિકાળાબાધિત હોય છે ને સર્વે દેશમાં સઘળી પ્રજાને માટે ઉપયોગી ઠરે છે. એ સર્વદેશીય, સર્વકાલીન તથા માનવમાત્રના મંગલ માટે હોય છે. કોઈ પણ માનવને એમાંથી પ્રેરણા તેમજ પથપ્રદર્શનની પ્રાપ્તિ થઈ શકશે. એ હેતુથી જ આપણે એમની રજૂઆત કરીશું.

એ સારવચનો કે સદ્દુપદેશવાક્યોનું સંક્ષિપ્ત રૂપ આ રહ્યું :

૧) એને જાણવું એટલે વિચારથી પર થઈને હૃદયમાં રહેલા એની સાથે એક બની જવું. એ અમૃતમયના સાક્ષાત્કાર અથવા અપરોક્ષ અનુભવ માટે પરમાત્માને સંપૂર્ણ સમર્પણ કરવાની અને અહંતા તથા મમતાને તિલાંજલિ આપવાની આવશ્યકતા છે. એ એક જ અકસીર અમોઘ સાધન છે. અહંભાવનો અંત આણીને આત્મરૂપ થઈ જવું એ જ સર્વોત્તમ સાધનાપદ્ધતિ છે.

૨) અહંકાર એક પ્રેત જેવો છે. એને એનું પોતાનું કોઈ રૂપ નથી પરંતુ જે પણ રૂપનો આધાર લે છે તેમાંથી પોષણ પામે છે. એના મૂળની શોધ કરવાથી એ પલાયન થઈ જાય છે. એ અહંકારના ઉદ્‌ભવ સાથે બીજું બધું જ ઉદ્‌ભવ પામે છે અને એની શાંતિ થતાં સઘળું વિલીન કે શાંતિ થાય છે એટલા માટે આત્મવિચારણાનો આધાર લઈને એનો અંત આણવો એ જ સાચો ત્યાગ અથવા સંન્યાસ કહેવાય છે.

૩) આત્મિક સાધનાના ક્ષેત્રમાં આગળ વધ્યા પછી કામ કરતા હશો કે નહિ કરતા હો ત્યારે પણ ઊંડી પ્રસન્નતા તથા શાંતિનો અનુભવ થયા કરશે. હાથ સમાજની વચ્ચે રહેશે પરંતુ મસ્તક કોલાહલરહિત એકાંતમાં અને શાંત હશે.

૪) તમારે તમારી જાતને 'હું કોણ છું ?' પ્રશ્ન પૂછવાનો છે. એવું સ્વાત્મસંશોધન છેવટે તમને તમારી અંદર રહેલી મનથી પારની કશીક વસ્તુની અનુભૂતિ કરવામાં મદદ કરશે. એ મોટામાં મોટી મૂળભૂત સમસ્યાઓનો ઉકેલ લાવો એટલે એ દ્વારા બીજી બધી જ સમસ્યાઓનો ઉકેલ આવી જશે.

૫) માનવ વાસ્તવિક રીતે જોતાં સુખસ્વરૂપ છે. સુખ આત્માની સાથે સંકળાયેલું છે. એટલે એની સુખને માટેની શોધ એના સત્ય આત્મસ્વરૂપની જ શોધ હોય છે. સત્ય સ્વરૂપ અવિનાશી હોવાથી એની પ્રાપ્તિ થતાં અનંત સુખની પ્રાપ્તિ પણ થઈ રહે છે.

૬) એ પરિપૂર્ણ પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી, એ કલ્યાણકારક હોવાથી, બીજું કશું પ્રાપ્ત કરવા જેવું બાકી નથી રહેતું.

૭) જગત નિત્ય છે કે અનિત્ય, સાચું છે કે ભ્રામક, માયાવી રૂપરંગવાળું, અને સુખમય છે કે દુઃખમય એ બધા અને એવા બીજા વિવાદોમાં પડવાનો શો અર્થ છે ? સૌ કોઈ અહંકારરહિત અવસ્થાની અનુભૂતિને ચાહે છે અને એ અનુભૂતિ જગતના પદાર્થોમાંથી મનને પાછું વાળવાથી ને નિત્યનિરંજન આત્માનો સાક્ષાત્કાર કરવાથી કરી શકાય છે.

૮) માણસ પોતાને કર્તા માને છે તે જ ખોટું છે. પરમાત્માની સર્વોપરી શક્તિ જ સર્વ કાંઈ કરે છે ને એ તો કેવળ હથિયાર છે. એવી સમજને કેળવવામાં આવે તો એ બધી જાતની મુસીબતોમાંથી મુક્તિ મેળવી શકે, નહિ તો મુસીબતોને નોતરી લે.

૯) મનનું અસ્તિત્વ છે કે નહિ એની ખોજ કરવામાં આવતાં જણાશે કે એનું અસ્તિત્વ નથી. એને મનનો સંયમ અથવા શમ કહે છે.

૧૦) શાસ્ત્રોના સારનો સ્વાનુભવ કરવામાં આવે છે પછી શાસ્ત્રોનું પ્રયોજન પૂરું થતાં તે નિરર્થક થઈ જાય છે. પરમાત્માના અસ્તિત્વનું અને સાક્ષાત્કારનાં સાધનોનું જ્ઞાન પૂરું પાડવામાં શાસ્ત્રોનો ફાળો ઘણો મહત્વનો છે, પરંતુ એમના અર્કને જીવનમાં ઉતારવામાં આવે પછી એમનો કશો જ અર્થ નથી રહેતો. જેમ જેમ ઉપર ચઢવામાં આવે છે તેમ તેમ પાછળનાં સાધનો આત્મવિકાસની ઊર્ધ્વયાત્રાનાં સોપાન જેવાં લાગે છે. ધ્યેયની સિદ્ધિ થતાં કેવળ એ જ શેષ રહે છે ને બાકીનું બધું નકામું બને છે. એ અવસ્થાની અનુભૂતિ દરમિયાન શાસ્ત્રોનું કામ નથી રહેતું.

૧૧) મૌન વિદ્યુતશક્તિના સતત શક્તિશાળી પ્રવાહ જેવું હોય છે. વાણી પ્રકાશ જેવા બીજા પ્રયોજનોવાળા વિદ્યુતપ્રવાહમાં ભંગ પાડવા બરાબર છે. છતાં પણ જ્ઞાની ગમે તેટલી વાતો કરતો હોય તો પણ તદ્દન મૌની જ હોય છે. એ ગમે તેટલું કામ કરતો હોય તો પણ સંપૂર્ણ શાંત જ રહેતો હોય છે. એનો સ્વર અમાનવીય સ્વર હોય છે. એનું ચાલવાનું આ ધરતી પર નથી હોતું. એ આકાશને આકાશથી માપવા બરાબર હોય છે.

૧૨) ગુરૂની કૃપા સદા છે જ. તમે એવું માનો છો કે એ કોઈક દૂર દૂર આકાશમાં રહેનારી ને ત્યાંથી નીચે ઊતરનારી વસ્તુ છે. વસ્તુતઃ તો એ તમારી અંદર, તમારા હૃદયમાં છે અને જે ક્ષણે તમે તમારા મનને એને તાબે કરીને એના મૂળ ઉદ્ભવસ્થાનમાં લીન કરો છો તે જ ક્ષણે એ વેગથી વહેતા ઝરણાંની જેમ તમારી અંદરથી વહેવા માંડે છે.

૧૩) ભક્ત અથવા સાધક અમુક અવસ્થા પર પહોંચે છે અને પ્રકાશની પ્રાપ્તિને માટે પાત્ર બને છે ત્યારે એના આરાધ્યદેવ પોતે જ ગુરૂના રૂપે પ્રકટ થઈને એને દોરવણી આપે છે, અને ઉત્તરોત્તર આગળ વધારે છે. ગુરૂ એટલો સંદેશ સંભળાવવા માટે આવે છે કે 'ઈશ્વર તારી પોતાની અંદર છે : એટલા માટે અંદર - દિલની દુનિયામાં ડૂબકી મારીને એમનો સાક્ષાત્કાર કરી લે.' ઈશ્વર, ગુરૂ અને આત્મા એક જ છે.

૧૪) રામનામના રહસ્ય સંબંધમાં તો એટલું જ કહેવાનું કે 'રા'નો અર્થ આત્મા છે અને 'મ'નો અર્થ અહંકાર. 'રામનામ' ના ઉપરાઉપરી જપ કરવાથી છેવટે 'મ' શાંત થાય છે ને 'રા' એકલો જ શેષ રહે છે. એ અવસ્થા દરમિયાન ધ્યાનનો સભાન પ્રયત્ન નથી થતો તો પણ ધ્યાનની પ્રક્રિયા ચાલુ જ હોય છે કારણ કે ધ્યાન આપણે સૌને માટે નૈસર્ગિક છે.

૧૫) મન અને આત્મામાં કશો ભેદ નથી. અંતર્મુખ મન આત્મા છે અને બહિર્મુખ મન અહંકાર બને છે ને જગતમાં પરિણમે છે. સૂતર કે રૂમાંથી બનાવેલાં જુદાં જુદાં વસ્ત્રોને જુદાં જુદાં નામો અપાય છે પરંતુ બધાં વસ્ત્રો રૂ જ હોય છે. એવી રીતે સત્ય તત્વ એક જ છે અને જે અનેકવિધ દેખાય છે તે તો કેવળ નામ તથા રૂપ છે. મન આત્માથી અલગ અસ્તિત્વ નથી ધરાવતું. એનું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. આત્મા મન સિવાય રહી શકે છે ને રહે છે પણ આત્મા વગર મન નથી રહેતું કે નથી રહી શકતું.

૧૬) ધ્યાન શું છે ? એમાં વિચારોની નિવૃત્તિનો સમાવેશ થાય છે. બધી વર્તમાન મુશ્કેલીઓ વિચારોને લીધે છે અને વિચારો પોતે છે. વિચારોનો ત્યાગ કરી દો. એ સુખ અને ધ્યાન છે. વિચારો વિચાર કરનારને માટે છે. એ વિચાર કરનારના આત્મારૂપે સ્થિતિ કરો એટલે સઘળાં વિચારો શાંત થશે.

૧૭) શિશુ અને સંતપુરૂષની વચ્ચે એક પ્રકારની સમાનતા હોય છે. પ્રસંગો ચાલુ હોય ત્યાં સુધી શિશુ એમનામાં રસ લે છે. એમની પૂર્ણાહુતિ થતાં એ એમના વિશે વિચારવાનું છોડી દે છે. એના પરથી એ સ્પષ્ટ થાય છે કે એના ઉપર એમની કશી અસર નથી થતી અને એનું મન એથી અલિપ્ત રહે છે. સંતના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે.

૧૮) કેટલાકે વ્યાઘ્રચર્મ, મૃગચર્મ તથા ઊનની અસરોનો અનુભવ કરીને એમની ઉપયોગિતાનું યોગના ગ્રંથોમાં વર્ણન કર્યું છે. એમની અંદર લોકચુંબકીય શક્તિ હોવા વિશે પણ કહેવામાં આવ્યું છે. પરંતુ જ્ઞાનયોગના માર્ગમાં એમનું એટલું મહત્વ નથી માનવામાં આવ્યું. આસનનો વાસ્તવિક અર્થ આત્મામાં એકાગ્રતા અને અચળ નિષ્ઠા છે. એ બાહ્ય નથી પરંતુ આંતરિક છે. બીજા બાહ્ય સ્થિતિવિશેષનો ઉલ્લેખ કરે છે.

૧૯) બ્રહ્મચર્ય એટલે બ્રહ્મમાં રહેવું. આદર્શ બ્રહ્મચારી અથવા તો બ્રહ્મની અંદર રહેનાર બ્રહ્મમાં અથવા આત્મામાં પરમ કલ્યાણની પ્રાપ્તિ કરે છે. પછી તમારે સુખની પ્રાપ્તિ કરાવનારાં બીજાં સાધનો તરફ શા માટે તાકવું જોઈએ ? આત્મસાક્ષાત્કારમાં બીજા સાધનોની જેમ બ્રહ્મચર્યના સાધનથી પણ ઘણી મોટી મદદ મળે છે.

૨૦) જ્ઞાની સર્વ પ્રકારના સદ્ગુણોના સાકાર સ્વરૂપ જેવો હોય છે. એ સદ્ગુણો એના જીવનમાં કોઈ પણ પ્રકારના વિશેષ પરિશ્રમ વિના, પોતાની મેળે જ પ્રકટ થતા હોય છે. બહારથી પ્રવૃત્તિપરાયણ દેખાતો હોવા છતાં જ્ઞાની કોઈ પણ પ્રવૃત્તિમાં રત નથી હોતો. ઉપરથી જોતાં પ્રવૃત્તિહીન દેખાતો હોય તો પણ જ્ઞાની ખરેખર પ્રવૃત્તિ કરી રહ્યો હોય છે. ત્રણે અવસ્થાની પર પહોંચ્યો હોવાથી જ્ઞાની પરમપવિત્ર ચેતનારૂપે સ્થિતિ કરે છે અને શરીર તથા મનની અસરોથી અલિપ્ત રહે છે. એને માટે તુરીય અને તુરીયાતીત દશા બંને એક જ હોય છે અને બીજી ત્રણ અવસ્થાઓનું અસ્તિત્વ નથી હોતું. જ્ઞાની કર્મનો કર્તા નથી હોતો એટલે પ્રારબ્ધ કર્મથી પણ મુક્ત હોય છે.

૨૧) બધા ધર્મો ત્રણ મૂળભૂત પદાર્થોનું પ્રતિપાદન કરે છે : આત્મા, પરમાત્મા તથા જગત. એક જ સત્ય સનાતન વસ્તુ ત્રણના રૂપમાં પ્રાદુર્ભાવ પામે છે. અહંભાવનું અસ્તિત્વ હોય છે ત્યાં સુધી 'ત્રણ ખરેખર ત્રણ જ છે' એવું કહી શકાય છે. એટલે અહંભાવનો અંત આણનારા પોતાના અંતરંગ સ્વરૂપમાં સ્થિતિ કરવી જોઈએ. એ અવસ્થા પરિપૂર્ણ છે.

૨૨) અહંવૃત્તિનો આશ્રય લઈને અથવા એના અનુસંધાન દ્વારા કરવામાં આવતી આત્મવિચારણા પોતાના માલિકને એમની ગંધ પરથી શોધનારા શ્વાન જેવી છે. માલિક દૂરના કોઈક અજ્ઞાત સ્થળમાં હોય તો પણ શ્વાન એમને શોધી કાઢવામાં સહેજ પણ મુશ્કેલી નથી અનુભવતો. માલિકનાં વસ્ત્રો, એમની આકૃતિ અને એવી બીજી વસ્તુઓ એને મન ગૌણ હોય છે. એમની ગંધનો આધાર લઈને જ એ પોતાનું કામ પૂરું કરે છે. ગંધના આધારથી જ એ એની શોધમાં સફળ થાય છે.

૨૩) તીર્થસ્થાનોમાં પવિત્ર પાણી, માટી તથા પથ્થરની દેવમૂર્તિઓ, અને એવી બીજી વસ્તુઓની સરખામણી સંતપુરૂષની કૃપાદૃષ્ટિ સાથે ના કરી શકાય. એ વસ્તુઓ માણસને લાંબા વખતે પવિત્ર કરવાની શક્તિ ધરાવે છે, પરંતુ સંતપુરૂષ તો પોતાની કેવળ કૃપાદૃષ્ટિથી જ બીજાને પવિત્ર બનાવી દે છે એ સાચું છે.

૨૪) હરિ મુક્તિ પ્રદાન કરે છે અને હર પ્રકાશ આપે છે એવું કહેવાય છે, પરંતુ પ્રકાશ મુક્તિનું મૂળ સ્વરૂપ છે, ને પ્રકાશ વિના મુક્તિ રહી નથી શકતી, એટલે હરિ અને હરમાં કશો ભેદ નથી. એ બંને એક જ છે.

૨૫) ગુરૂની પાસે ખાલી હાથે ના જવું એવા વિધાનનો અર્થ એ જ છે કે જે પરમાત્માથી દૂર અથવા અલગ નથી તેમની પાસે પ્રેમભાવથી ભરેલા હૃદય સાથે જવું જોઈએ.

૨૬) એકલા સંતપુરૂષો જ પરમ પવિત્ર, પુણ્યશાળી ને સત્કર્મપરાયણ છે. અજ્ઞાનીને એવા ના કહી શકાય. એટલા માટે મુક્તિની પ્રાપ્તિ કરવા માગનારે સંતપુરૂષોનો સમાગમ કરવો જોઈએ—જેમણે અસત્યમાંથી મુક્તિ મેળવી હોય તેવા સંતપુરૂષોનો સમાગમ.

૨૭) અહંકારનો અંત ના આવે ત્યાં સુધી સાધકે બધી રીતે નમ્રતાની મૂર્તિ બનવું જોઈએ. બીજાના પ્રણામોનો સ્વીકાર કરવાનું કામ સારું નથી.

૨૮) કુકર્મ કર્યા પછી એને છુપાવવું નહિ કિન્તુ ભવિષ્યમાં ભૂલોને ના કરવાનો ને સન્માર્ગે ચાલવાનો સંકલ્પ કરવો.

૨૯) બધી વસ્તુઓથી ઉપરામ રહેવું, મનને શાંત, વાસનારહિત રાખવું, અને કોઈ પણ માનવ પ્રત્યે ધિક્કારની ભાવના ના સેવવી, એમાં સાધકના જીવનની સુંદરતા સમાયેલી છે.

૩૦) પહેલાં પુરુષાર્થ પરાયણ વૃત્તિથી પ્રેરાઈને જે કર્મો કરવામાં આવ્યાં હોય છે તે જ પાછળથી પ્રારબ્ધ અથવા ભાગ્ય બને છે. એટલે સુયોજિત પુરૂષાર્થથી ભાગ્ય અથવા પ્રારબ્ધને પલટી શકાય છે.

૩૧) ઈશ્વરના અનુગ્રહની અપેક્ષા રાખનારે કોઈ પણ પ્રાણીનો કોઈ પણ કારણથી નાશ ના કરવો જોઈએ, કારણ કે મૃતને સજીવન કરવાની એનામાં શક્તિ નથી.

૩૨) જેની બધી પ્રવૃત્તિ માનસિક શાંતિને અકબંધ રાખીને થયા કરે છે, જે માયાવી જગતની આસક્તિથી પર છે અને સદાય સ્વસ્થચિત્ત છે, તેમને તપ કરીને શું મેળવવાનું શેષ રહે છે ? મનને શાંત રાખવામાં તથા દુન્યવી ઉપાધિઓને ઈશ્વરના ચરણે અર્પણ કરવામાં સાધકનું સૌથી શક્તિશાળી તપ રહેલું છે.

૩૩) ધ્યાન કરનારા સાધકને દેહાધ્યાસને લાધે શરીરમાં લયના પરિણામે પેદા થતો કંપ પૂર્ણ ચેતનાની સાથેની એકતાની અનુભૂતિ થયા પછી આપોઆપ શાંત થશે.

૩૪) સાધકે પોતાની રુચિ પ્રમાણેના મતનો આશ્રય લઈને સાધના કરવી જોઈએ, પરંતુ પોતાના મતની મમતાથી પ્રેરાઈને, સાધનાના મૂળભૂત ધ્યેયને ભૂલી જઈને, બીજાના મતવિષયક ઝઘડાઓમાં કે વાદવિવાદમાં ના પડવું જોઈએ.

૩૫) જે ધર્મ બૌધિક દલીલબાજીમાં જ અટવાયા કરે અને હૃદયમાં રહેલા આત્માનો નિર્દેશ કરીને એના પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચવામાં નિષ્ફળ જાય તે ધર્મને ધર્મ ના કહી શકાય. તે તો બજારનો ઘોંઘાટ છે.

૩૬) ઈશ્વરની કૃપાથી જેણે પોતાના સત્ય સ્વરૂપમાં સ્થિતિ કરી લીધી તેના જીવનમાં અહંકારયુક્ત અજ્ઞાની જનોના જીવનમાં દેખાતી ચારિત્ર્યની ત્રુટિઓ રહી શકે ખરી ?

૩૭) સિદ્ધિઓને જોઈને સંતની મહાનતાને પુરવાર કરવાનો પ્રયત્ન કરવો એ રજકણો પર દેખાતા જુદા જુદા રંગને જોઈને સૂર્યની મહાનતાને માપવાનો પ્રયત્ન કરવા જેવું છે.

૩૮) શાંતિરૂપી શહદથી ઊભરાતા અંતરવાળા જીવનમુક્તની પાસે પહોંચનારા મનુષ્યોનાં મન, પૂર્ણપણે પ્રકટેલા પદ્મ પર બેસનારી મધમાખીઓની જેમ, આનંદથી ભરાઈ જાય છે.

૩૯) મનને મારીને શિવસ્વરૂપનો સાક્ષાત્કાર કરી ચૂકેલા જીવનમુક્ત પુરૂષના મૂળભૂત સ્વરૂપનું ધ્યાન કરનાર આત્માની અપરોક્ષ અનુભૂતિની પ્રાપ્તિ કરે છે.

૪૦) સામાન્ય માનવને માટે કૌટુંબિક આસક્તિઓ જેમ અંતરાયરૂપ છે તેમ વિદ્વાનને માટે બહારની વિદ્વત્તા પણ યોગસાધનામાં નડતરરૂપ છે.

૪૧) સાક્ષરો જેમનો ભોગ બને છે એવાં અસંખ્ય અનિષ્ટોમાંથી નિરક્ષરો સહજ રીતે જ બચી જાય છે.

૪૨) સંસારનો ત્યાગ કરનારાને માટે પણ આત્મપ્રશંસાના મોહમાંથી મુક્તિ મેળવવાનું મુશ્કેલ હોય છે.

૪૩) અદ્વૈતભાવને હૃદયમાં રાખવો જોઈએ પરંતુ ગુરૂ સાથેના સંબંધમાં અમલમાં ના મૂકવો જોઈએ.

૪૪) સોડહમ્ ભાવનાના અનવરત અભ્યાસથી ઈચ્છાઓ અને અહંકારજન્ય વાસનાઓનો નાશ થાય છે.

૪૫) સૌની સ્થિતિ અને સૌના આશ્રયરૂપ પરમાત્માનાં ચરણોમાં સર્વસમર્પણ કરવાથી મનુષ્ય સાચી સુખાકારી ને શાંતિને મેળવી શકે છે.

૪૬) સિદ્ધિઓની પાછળ પડનારા મુક્તિ નથી મેળવી શકતા ને શાંતિનો અનુભવ પણ નથી કરી શકતા.

☼ ☼ ☼ ☼ ☼

## [૪૮] અંજલિ - ૧

### [૧] ભૂમિકા

આત્મદર્શી, આત્મનિષ્ઠ, આત્મારામ મહાત્માપુરૂષોના મહિમાને સાચા ને સંપૂર્ણ સ્વરૂપમાં કોણ સમજી શકે એમ છે ? આકાશના ઊંડાણને માપવાનું જેમ મુશ્કેલ હોય છે તેમ પરમાત્માના પરમકૃપાપાત્ર ભક્તો, જ્ઞાનીઓ, યોગીઓ કે સંતોને સંપૂર્ણપણે સમજવાનું કાર્ય પણ અતિશય કષ્ટસાધ્ય કે કપરું હોય છે. જુદા જુદા જિજ્ઞાસુઓ, ભક્તો, શિષ્યો, પ્રશંસકો ને પ્રેમીઓ એમને જુદી જુદી દૃષ્ટિથી જોતા હોય છે. જેવી ને જેટલી એમની વૃત્તિ, શક્તિ ને ભક્તિ : તેવા ને તેટલા પ્રમાણના પ્રત્યાઘાતો એમની ઉપર પડતા હોય છે. પૂર્ણ ને મુક્ત મહાપુરૂષોના જીવનની ગતિવિધિને તેમજ ગહનતાને સાચા અર્થમાં જાણવાનો દાવો કોણ કરી શકે ? એવો દાવો વધારે પડતો અથવા અનુચિત લેખાય. તો પણ માણસ એમને જે સ્વરૂપમાં પણ જુએ છે, જાણે છે અથવા મૂલવે છે તે સ્વરૂપમાં એમને અંજલિ આપવા અથવા એમની પ્રશસ્તિ કરવા પ્રેરાય છે. ગુણગ્રાહી, ગુણાનુરાગી માણસને માટે એવી પ્રવૃત્તિ સાવ સ્વાભાવિક હોય છે. અનુરાગની, ભક્તિભાવની કે શ્રદ્ધાની એવી પ્રશસ્તિ અથવા અંજલિ એને પોતાને સંતોષે છે અને આનંદ આપે છે. એક આવશ્યક કર્તવ્ય કર્યાની લાગણીથી સભર બનાવે છે.

મહર્ષિના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. એ પોતે આત્મવિકાસના જે સર્વોત્તમ શિખર પર પહોંચેલા ત્યાંથી એમને માપવાનું કામ મુશ્કેલ જ નહિ પણ અશક્ય હતું. એમની સુયોગ્યતા અને શક્તિમત્તાની કલ્પના કરવાની યોગ્યતા પણ સામાન્ય માણસોમાં ન હતી. એનું વર્ણન કરવાનું કપરું હતું. તો પણ એ મહાપુરૂષ પ્રત્યેના પવિત્ર પ્રેમભાવથી પ્રેરાઈને કેટલાય સામાન્ય - અસામાન્ય માનવોએ એમની પ્રશસ્તિ કરી છે અને એમને આદરપૂર્વક અંજલિ આપી છે.

પ્રશસ્તિઓ અને અંજલિઓ એ મહાપુરૂષની મહત્તાનો થોડો ઘણો ખ્યાલ આપે છે, એમની વિશેષતાનું વર્ણન કરે છે અને જનતાના જુદા જુદા પ્રતિનિધિઓ એમને કેવી દૃષ્ટિથી જોતા, મૂલવતા ને માન આપતા'તા એનો આછોપાતળો પરિચય પૂરો પાડે છે. એમને વાંચીવિચારીને આપણને પોતાને પણ એ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષને માટે માન પેદા થાય છે.

એ મહાપુરૂષે પોતાના જ્યોતિર્મય જીવન દ્વારા અસંખ્ય સાધકો અને જિજ્ઞાસુઓના પ્રાણમાં પ્રેરણા પાથરીને પરમજ્ઞાન, ભક્તિ તથા શ્રદ્ધાની જ્યોતિ જગાવી એ તો ખરું જ, પરંતુ સાથે સાથે, જ્ઞાત અથવા અજ્ઞાત રીતે જીવનનાં ઉત્તમ આધ્યાત્મિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાનો પવિત્ર ને પ્રખર પુરૂષાર્થ કરીને ભારતના નામને ઉજ્જવળ કર્યું. એ દૃષ્ટિએ એમની જેટલી પણ પ્રશસ્તિ કરવામાં આવે અને એમને જેટલી પણ અંજલિ આપવામાં આવે એટલી ઓછી છે. એવી પ્રેમપ્રશસ્તિ અથવા અંજલિ માટે એ સર્વથા યોગ્ય હતા. એમણે ભારતના વિલુપ્ત થતા જતા આધ્યાત્મિક મહિમાને ફરીવાર જગાડીને દેશના ગૌરવને ખરેખર અને ખૂબ જ પ્રમાણમાં વધાર્યું છે.

એમને ઈ.સ. ૧૯૪૬ના સપ્ટેમ્બરની પહેલી તારીખે અરુણાચલના પાવન પ્રદેશમાં પચાસ વરસ પૂરાં થયાં ત્યારે ભક્તો તથા પ્રશંસકો તરફથી મોટો ઉત્સવ કરવામાં આવ્યો. એ અવસરના ઉપલક્ષમાં એમની એ

સુવર્ણજયંતીના અનુસંધાનમાં દેશવિદેશના, આશ્રમના અને આશ્રમની બહારના, અનેક પ્રશંસકો ને ભક્તોએ એમની પ્રશસ્તિ કરી અને એમને અંજલિ આપી. એ પ્રશસ્તિઓ અથવા અંજલિઓનો આશ્રમ તરફથી એક સુંદર ચિરસ્મરણી સ્મૃતિગ્રંથ પણ બહાર પડેલો.

મહાપુરૂષોને પોતાની પ્રશસ્તિ અથવા અંજલિની આવશ્યકતા ના હોય તો પણ પ્રજાને માટે એ આવશ્યક ને પ્રેરક છે. જે પ્રજા પોતાના મહાપુરૂષોને ઓળખતી નથી, એમની કદર નથી કરતી, અને એમના જીવનપથને સરળ તથા સલામત કરવાનો પ્રામાણિક પ્રયત્ન કરીને એમને અનુરાગની આદરપૂર્ણ અંજલિ નથી ધરતી, તે પ્રજા પ્રગતિ નથી કરી શકતી. એનું ભવિષ્ય અશાંત અને અંધકારમય બની જાય છે. એ પ્રજા નગુણી અથવા કૃતઘ્ની કહેવાય છે. અલબત્ત, પ્રજાએ કેવળ અંજલિ આપીને બેસી ના રહેવું જોઈએ અને માત્ર પ્રશસ્તિ કરીને જ કૃતાર્થ ના થવું જોઈએ, પરંતુ પ્રશસ્તિપાત્ર પુરૂષોના પથનું અનુસરણ પણ કરવું જોઈએ; તો પણ પ્રશસ્તિનું મહત્વ ઓછું ના આંકી શકાય. એ દૃષ્ટિએ મહર્ષિને અપાયેલી વિવિધ વ્યક્તિઓની અંજલિઓના સારભાગ પર દૃષ્ટિપાત કરી જઈએ.

### [૨] ભારતીય ભક્તો તથા પ્રશંસકોની અંજલિ

**૧) ડૉક્ટર શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન્ :**

'પ્રત્યેક યુગમાં પરમ આદર્શના પ્રતીકરૂપે પ્રકટ થઈને સંત પુરૂષોએ ભારતીય પરંપરાને જીવતી રાખી છે. આપણું એ પરમ સૌભાગ્ય છે કે આપણી વચ્ચે આજે એક એવા જ પરમાત્મનિષ્ઠ જીવનના પવિત્ર પ્રતિનિધિ અથવા માનવરૂપમાં દિવ્ય જીવનના પૂર્ણ પ્રતિક જેવા પ્રતાપી પુરૂષ વસી રહ્યા છે. શ્રી રમણ મહર્ષિ વિદ્વાન નથી. એમનામાં પ્રખર પાંડિત્ય નથી, પરંતુ પરમસત્યના પ્રત્યક્ષ અનુભવને પરિણામે પ્રકટનારી પ્રજ્ઞા છે. એ પ્રજ્ઞા બૌધિક વિકાસથી નથી મળતી પરંતુ બ્રહ્મચર્ય, ગરીબી અને આત્મિક અનુશાસનથી પોતાની પ્રકૃતિ પર પ્રભુત્વ પ્રસ્થાપિત કરવાથી પ્રાપ્ત થાય છે. '

'આપણી દુઃખદ દશાનું મૂળ આત્માની આદર્શ, વાસ્તવિક દુનિયાની સાથે સંબંધ સાચવવાની આપણી નિષ્ફળતામાં જ રહેલું છે. શ્રી રમણ મહર્ષિ જેવા મહાપુરૂષો આત્માની વિશાળ સર્વોત્તમ ભૂમિકાનું સ્મરણ કરાવે છે. એ ભૂમિકા આપણી મૂળભૂત ભૂમિકા હોવા છતાં સામાન્ય રીતે આપણે એનાથી આજ્ઞાત છીએ.'

**૨) શ્રી સ્વામી સિદ્ધેશ્વરાનંદ (રામકૃષ્ણ મિશન, પેરીસ) :**

શ્રી રમણ મહર્ષિ અદ્વૈત વેદાંતની પવિત્ર પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે.

મહર્ષિને યથાર્થ રીતે સમજવા માટે આપણે એમને ભારતીય તત્વજ્ઞાન વિષયક પરપરાની સાંસ્કૃતિક ભૂમિકાની સામે રાખવાની આવશ્યકતા છે. એ સાંસ્કૃતિક ભૂમિકા એમના જીવનમાં અને સાક્ષાત્કારમાં પોતાની પરિપૂર્ણ અભિવ્યક્તિ થયેલી પેખી શકે છે.

'વિવેકચૂડામણિમાં જીવનમુક્તની વિલક્ષણતાઓનું વર્ણન વાંચતી વખતે જે પંક્તિઓનો પ્રભાવ મારા પર સૌથી વધારે પડ્યો તે પંક્તિઓનો અર્થ એવો થાય છે કે 'એનું મન બ્રહ્મમાં મળી ગયેલું હોય છે. જો કે એ જાગે છે તો પણ જાગૃતિના ધર્મોથી મુક્ત હોય છે.' लीनधीरपि जागर्ति जाग्रद्धर्मविवर्जितः । (શ્લોક ૪૨૯)

મહર્ષિ સાથે થોડા દિવસ રહ્યો તે દરમિયાન વિવેકચૂડામણિની એ પંક્તિઓ મને અવારનવાર યાદ આવતી રહી.

'એ આપણી સૌની વચ્ચે છે. આપણે એમને પ્રણામ કરીએ. '

**૩) શ્રી બી. સંજીવ રાવ :**

'ભગવાન રમણ મહર્ષિ દુનિયાના મુક્તિ માટેના પોકારનો રહસ્યમય પરિપૂર્ણ પ્રત્યુત્તર છે. એ એક આશ્ચર્યકારક વિભૂતિ છે. —સૌથી આશ્ચર્યકારકમાંની એક, અને છતાં પણ એ સઘળા સમયની ચિત્તાકર્ષક મંત્રમુગ્ધ કરી દેનારી મહાન વ્યક્તિઓમાંની એક છે. સાચું કહીએ તો એ કોઈ એક યુગના નથી પણ બધા જ યુગોના છે ને કોઈ વિશેષ કાળ સાથે નહિ પણ અનંતતા સાથે સંબંધ ધરાવે છે. એ પ્રાચીન અદ્વૈત સિદ્ધાંતના જીવતાજાગતા પુરાવા જેવા છે, અને અહંકારરહિત અવસ્થાનું પરિપૂર્ણ ઉદારહણ પૂરું પાડે છે. '

**૪) દીવાન બહાદુર કે. સુંદરમ્ ચેટ્ટીયાર :**

'ભારતમાતાના પવિત્ર પ્રદેશ પર પ્રકાશ પાથરનારા સમય સમય પર પ્રકટેલા આધ્યાત્મિક તારકોના સમૂહમાં શ્રી રમણ મહર્ષિ સૌથી વધારે પ્રકાશમાન છે. એમના સંસર્ગમાં જેમ જેમ વધારે ને વધારે વખત આવવાનું થયું તેમ તેમ એમને માટેના મારા ભક્તિભાવમાં વધારો થતો રહ્યો.'

'પરમાત્મા સાથેની પરમ એકતાની અનુભૂતિ કરી હોવાથી એમના જીવનમાં ઈશ્વરનાં પ્રેમ, કરુણા, અભેદભાવ અથવા સમતા, ધીરજ અને અનાસક્તિ જેવાં વિશેષ લક્ષણોનું દર્શન થાય છે.

**૫) પ્રોફેસર બી. એલ. અત્રે, (એમ. એ. ડી. લિટ.) :**

રમણ મહર્ષિની મહાનતાનાં મૂળ ઘણાં ઊંડા છે. એ મહાનતા અદ્વૈત વેદાંતના સિદ્ધાંતને અનુસરીને જીવાતા એમના આદર્શ જીવનને લીધે છે. એ જેટલો પોતાનો વિચાર કરે છે તેટલો જ બીજાનો વિચાર પણ કરતા હોય છે.'

**૬) શ્રી મનુ સુબેદાર :**

'એમના વ્યક્તિત્વમાં આપણને વારસામાં મળેલાં સર્વોત્તમ સત્યો વણાઈ ગયાં છે. એ વિચારની સીમાઓની પાર તો પહોંચ્યા જ છે પરંતુ સાથે સાથે અનુભૂતિની સીમાઓને પણ ઓળંગી ગયા છે.'

'ભગવાન શ્રી રમણ મહર્ષિ ઘણું ઓછું બોલે છે, પરંતુ એમની દૃષ્ટિ માયાળુ, પ્રેમાળ અને આધ્યાત્મિક સંદેશથી ભરેલી છે. માતા પોતાનાં બાળકોને જોતી હોય એવી રીતે એ ભક્તો તરફ કૃપાથી ભરપૂર નજરે જોયા કરે છે.'

**૭) શ્રી દિલીપકુમાર રૉય :**

'આપણા સદ્‌ભાગ્યે આપણા પુરાતન પ્રજ્ઞાવાળા દેશમાં સંતોની પ્રાચીન પરંપરાનો લોપ નથી થયો. સંતોની સંખ્યા થોડી હોય તો પણ છે.'

'ઈ. સ. ૧૯૪૫માં યુદ્ધ પછી તરત જ મેં મહર્ષિનાં દર્શનનો લાભ મેળવ્યો. એ સાંજ મારે માટે ખરેખર યાદગાર બની ગઈ. એમની અલૌકિક અસાધારણ મહાનતાનું વર્ણન કરવાની યોગ્યતા મારી અંદર જરા પણ નથી દેખાતી.'

'મારા મિત્ર ડૉકટર હાફીઝે મને એક પ્રસંગ કહી સંભળાવ્યો. એકવાર મહર્ષિના શરીર પર સાપ ચઢી ગયો. એ એવા જ સ્વસ્થ રહ્યા. એમના મનમાં ભયની ભાવના પેદા થઈ કે કેમ એ વિશે એમને પૂછવામાં આવ્યું તો એ આશ્ચર્યચકિત થઈને જોવા માંડ્યા.

'ભય ? જગતમાં કોનો ભય ને શા માટે ? '

'ડૉકટરે એમને પૂછ્યું કે એમને ખરેખર કેવી લાગણી થઈ તો એમના આશ્ચર્યને જોઈને એ બધા આશ્ચર્યમાં પડ્યા.

'ઠંડું લાગ્યું.' મહર્ષિ એ સહજ સ્મિત સાથે ઉત્તર આપ્યો

'એમની અસામાન્ય વિનોદવૃત્તિનો બીજો દાખલો ટાંકી બતાવું :

'એ વખતે ઠંડી જરા વધારે પડતી હોવાથી મહર્ષિને કોઈએ સૂચવ્યું કે તમે ખમીસ તથા કોટ પહેરો તો સારું. મહર્ષિ એ સાંભળીને હસ્યા ને બોલ્યા કે આપણો નિર્બળ આત્મા પાંચ ભારેખમ કોટની નીચે ગૂંગળાઈ રહ્યો છે - અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય : અને એ છતાં બીજા બે કોટ પહેરાવવાની હિંમત કરો છો ?'

બીજા એક પ્રસંગ પર કોઈએ એમને પૂછ્યું કે, જો સૌ કોઈ એક જ શિવસ્વરૂપ હોય તો તમે બીજાના પ્રણામ શા માટે સ્વીકારો છો ? તો તરત જ બોલ્યા :

'શા માટે ના સ્વીકારું ? પરંતુ તમે નથી જાણતા કે એ લોકો આ શરીરને પ્રણામ કરે છે તે પહેલાં એમનામાં પ્રત્યેકની અંદર રહેલા શિવને હું પ્રણામ કરું છું ?'

કેટલો બધો સરસ અને હૃદયસ્પર્શી પ્રત્યુત્તર !

મહર્ષિ દર્શનાર્થીઓમાંના એકની પેઠે સૌની સાથે બેસીને ભોજન કરતા. એ સંપૂર્ણ સાવધાનીપૂર્વક, સ્વચ્છતા સાથે ને શાંતિથી ભોજન કરતા ત્યારે એમનું દર્શન મને અત્યંત આકર્ષક લાગતું ને મુગ્ધ કરતું. એ પોતે જમી લે ત્યાં સુધી એમની સાથેના બીજા જમનારા રાહ જુએ એને એ સહન ના કરી શકતા. એકવાર હું એવી રીતે રાહ જોતો'તો ત્યારે એમણે મને ઊભા થઈને હાથ ધોઈ નાખવાનો સંકેત કરતાં હાથ હલાવ્યો. એમના એવા સદ્‌વર્તનની સહજતાની છાપ મારા પર ઘણી મોટી પડી. અને એ જમતા પણ કેટલી બધી ઊંડી સંભાળપૂર્વક ! એમના કેળના પતરાળાની બહાર ભાતનો એક દાણો પણ ના પડતો. જરૂર કરતાં એક પણ વધારે કોળિયો એ જમતા નહિ. જમી લીધા પછી પતરાળાને આંગળીઓથી સાફ કરતા ને લગભગ દર્પણ જેવું સ્વચ્છ કરી દેતા. પછી બીજા બધાની જેમ જ ઊભા થઈને હાથ ધોવા જતા. એ વખતે કોઈની સેવાને, કોઈના વિશેષ આદરભાવને કે પક્ષપાતને જરા પણ પસંદ ના કરતા.

એમની બધી જ પ્રવૃત્તિઓ સાવ સ્વાભાવિક હતી. સૂર્યાસ્ત સમયના વાદળ પરની સુંદરતાની જેમ મહાનતા એમને સહજ રીતે જ વરેલી લાગતી.

મને ખાતરી છે કે એમના જેવા વિલક્ષણ સંતનો મેળાપ આ વિશાળ સંસારમાં બીજે ક્યાંય નહિ થાય. મારા અનેકવિધ અનુભવોથી ભરેલા, વિશાળ પ્રવાસોવાળા જીવનમાં આટલા બધા અવર્ણનીય અને છતાં પણ હૃદયસ્પર્શી માનવની મુલાકાત મને કદી પણ નથી થઈ.

**૮) માનનીય શ્રી એન. ચંદ્રશેખર અય્યર :**

મહર્ષિનાં દર્શનનું સૌભાગ્ય મને કેવળ બે વાર મળ્યું છે. એમની મોટી તેજસ્વી આંખને જોઈને મને આશ્ચર્ય થયું છે. એ આંખ દ્વારા એમનો આત્મા જાણે કે આપની અંદર ડોકિયું કરે છે. પોતાની સુતીક્ષ્ણ દૃષ્ટિને એ આપણા પર જ્યારે કેન્દ્રિત કરે છે ત્યારે જાણે કે પારદર્શક ઘરમાં રહેલા ઘડિયાળની ગતિવિધિનું સ્પષ્ટ દર્શન કરે છે, અને એવી લાગણીનો અનુભવ થાય છે કે આપણી અંદર એમની દ્વારા વહેવડાવવામાં આવતો કૃપાનો કોમળ પ્રવાહ વહેવા માંડે છે.

આવા પુરૂષો આજે પણ છે, અને જો આપણે એમનું દર્શન ના કરીએ તો એ આપણી ભૂલ છે. આપણી ખોજ એટલી ઓછી અને શ્રદ્ધાભક્તિ મંદ છે એવું જ કહેવાશે. સૃષ્ટિના નવીન નવનિર્માણમાં આપણે રાજપુરૂષો કે સરદારો કરતાં વધારે ને વધારે સંતો, ઋષિઓ અને મહાત્માઓની આવશ્યકતા છે. કારણ કે એમની દ્વારા રચના થાય છે ને બીજાની દ્વારા વિધ્વંસ.

**૯) શ્રી કે. એસ. વેંકટરામાની :**

ભારતના નદીની ભેખડોના પ્રદેશમાં પ્રકટેલી સર્વોત્તમ સંસ્કૃતિનો અમૂલખ વારસો, આ ઉપનિષદોનો પ્રાચીન છતાં સનાતન સારસંદેશ શ્રી ભગવાનની અંદર મૂર્તિમંત બનીને એમના જીવનવ્યવહારમાં અને એમની સુમધુર શાંતિમાં પ્રકટ થાય છે. એમના આકર્ષક લોહચુંબકીય ચપલાની પેઠે ચમકતા વ્યક્તિત્વમાં એનો પડઘો પડે છે. એ વ્યક્તિત્વ પૃથ્વી પર વરસીને એને ફળદ્રુપ કરવા માગનારા શ્યામ વરસાદી વાદળના સમૂહ જેવું છે. શ્રી ભગવાન પ્રશાંતિના પરમ સાગર છે. એમની સંનિધિમાં અનિર્વચનીય શાંતિ મળે છે.

**૧૦) ડૉકટર સી. કે. રાજા :**

મહર્ષિની ઉપસ્થિતિને લીધે એ સ્થળમાં જે અખંડ શાંતિ પ્રસરેલી તથા નીરવતા છવાયેલી એનો પ્રભાવ મારા પર ઘણો મોટો પડ્યો. એ ભાગ્યે જ બોલતા. એમના મુખમંડળ પર એક પ્રકારનો સાત્વિક આનંદ છવાયેલો રહેતો. કેટલીક વાર એ ખૂબ જ કલ્યાણકારક લાગતો. કેટલીક વાર એ સમાધિમાં ડૂબેલા દેખાતા. પરંતુ એમનામાં ઊંડી શ્રેયસ્કર શાંતિનું સદાયે દર્શન થતું.

**૧૧) રાવસાહેબ શ્રી કે. કે. નામ્બિયાર :**

દક્ષિણ ભારતમાં હજુ પણ એવા અનેક લોકો છે જેમના જીવનમાં ઈશ્વરને માનવરૂપમાં જોવાનો અવસર આવ્યો છે તો પણ એ અવસરનો લાભ એ નથી ઉઠાવી શકતા.

સંસારની સમસ્યાની મને સહેજ પણ ચિંતા નથી. સંસાર સત્ય છે કે અસત્ય એનું મહત્વ પણ મારે મન એટલું નથી. મારા હૃદયની ભાવના શ્રી ભગવાનમાં જીવવાની તથા કામ કરવાની છે. એમની મધુમય મૂર્તિને હૃદયમાં રાખીને મારે ફાળે આવેલાં કર્તવ્યોને પ્રેમપૂર્વક પૂરાં કરું એ જ મારી એકમાત્ર આકાંક્ષા છે. કારણ કે મારી એવી શ્રદ્ધા તથા માન્યતા છે કે મહર્ષિ રમણ ખરેખર ઈશ્વરાવતાર છે.

**૧૨) ગોરખા દક્ષિણ બાહુ સરદાર રુદ્રરાજ પાંડે :**

તિરુવણ્ણામલૈ પહોંચીને હું સીધો જ આશ્રમમાં ગયો. મહર્ષિને મેં સંપૂર્ણ શાંતિપૂર્વક સોફા પર બેઠેલા જોયા.

મારે કબુલ કરવું જોઈએ કે મહર્ષિમાં મને પ્રથમ નજરે કશું વિલક્ષણ જેવું ના લાગ્યું. એથી મને આશ્ચર્ય થયું. હિમાલયના પર્વતીય પ્રદેશોમાં મેં એકાંતવાસી અનેક યોગીઓનાં દર્શન તથા સમાગમનું સૌભાગ્ય મેળવેલું. અરૂણાચલમાં રહેતા મહર્ષિને જોઈને મને ફક્ત એટલું જ લાગ્યું કે એ પણ એક એવા જ યોગી છે ને એથી વિશેષ કશું નથી. પરંતુ મારું મન થોડા વખતમાં જ બદલાવા લાગ્યું. આશ્રમમાં પહોંચતાં પહેલાં મેં મહર્ષિને પૂછવાના કેટલાય પ્રશ્નો સંભાળપૂર્વક તૈયાર કરેલા. પરંતુ મારા પ્રશ્નો કરતાં વધારે વિશાળ પ્રશ્નોના એમને ઉત્તરો આપતા સાંભળીને મારા એ પ્રશ્નો મને તદ્દન સામાન્ય લાગ્યા. પાછળથી મને જણાયું કે લગભગ બધા જ મુલાકાતીઓની ભ્રાંતિ એવી જ રીતે ભાંગી ગયેલી.

મંદિરના અંદરના થોડાક અંધારવાળા ભાગમાં મને મારો માર્ગદર્શક લઈ ગયો. અમારાથી થોડેક દૂર તેલનો દીપક બળી રહેલો. મારા સાથીદારે 'અરૂણાચલ !'નો પોકાર કર્યો. મારું બધું જ ધ્યાન લિંગનું દર્શન કરવા માટે કેન્દ્રિત થયેલું, પરંતુ મારા આશ્ચર્યની વચ્ચે લિંગને બદલે મને શ્રી રમણ મહર્ષિની મૂર્તિ દેખાઈ. એમનું મુખમંડળ સ્મિતથી શોભી રહેલું અને એમનાં તેજસ્વી નેત્રો મને નીરખી રહેલાં ! અને અધિક આશ્ચર્યકારક તો એ હતું કે મને એક મહર્ષિ નહિ બે નહિ, પણ અનેક મહર્ષિને દેખાવા માંડ્યા. મને એમની આખી આકૃતિ નહિ પરંતુ મુખાકૃતિ દેખાવા લાગી. મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. મને રોમાંચ થઈ આવ્યાં. એ વખતે મારા મનને જે શાંતિ તેમજ ધન્યતાનો અનુભવ થયો તેનું વર્ણન શબ્દોમાં કેવી રીતે કરી બતાવું ?

મારા ગાલ પર થઈને અશ્રુબિંદુ વહેવા લાગ્યાં.

હું જેટલો બને તેટલો જલદી આશ્રમમાં પાછો પહોંચ્યો, કારણ કે એ જ દિવસે સાંજે મારે તિરુવણ્ણામલૈથી ઊપડતી ગાડીમાં બેસીને વિદાય થવાનું હતું. એ વખતે પોણા પાંચ વાગેલા ને મહર્ષિ એમના નિત્યનિયમ પ્રમાણે પરિવત તરફ ફરવા જવાની તૈયારીમાં હતા.

મહર્ષિને મારી તરફ જોઈને સ્મિત કર્યું. મને એવું લાગ્યું કે મેં મંદિરમાં જે કાંઈ જોયું તેથી મને સંતોષ થયો કે નહિ તેની એ પૂછપરછ કરી રહેલા. શ્રી ભગવાનના અનુગ્રહે મારા હૃદયને વશ કર્યું અથવા જીતી લીધું છે. એમને માટેની મારી કૃતજ્ઞતાનો અંત નથી. મારા એ સરસ સ્વાનુભવની સ્મૃતિ મારા હૃદયમાં સદાને સારુ સંઘરી રહ્યો છું.

**૧૩) રાયબહાદુર મદન મોહન વર્મા, (એમ. એ., રજિસ્ટ્રાર, રાજપૂતાના યુનિવર્સિટી, જયપુર) :**

મહર્ષિને સંસારના એવા પરિપકવ છતાં વિરલ-અતિવિરલ આત્માઓમાંના એક છે જેમણે ભરયુવાનીમાં, વીસ વરસની વયની અંદર જ, ઈશ્વરના અસાધારણ અનુગ્રહથી અલૌકિક સત્તાનો સાક્ષાત્કાર કરેલો.

યુગે યુગે પોતાની પરમપવિત્ર પરિમલને લઈને પ્રકટનારાં માનવજાતિના આવાં પુષ્પો સમસ્ત મનુકુળને માટે આશીર્વાદરૂપ છે. એ પરમાત્માના પયગંબરો અથવા તોફાને ચડેલા સંક્ષુબ્ધ સાગરમાં દીવાદાંડી જેવા છે. આવા મહાપુરૂષો સૌની વચ્ચે વસી રહ્યા છે એ માનજાતિનું મોટામાં મોટું સદ્‌ભાગ્ય છે.

**૧૪) ડૉક્ટર સર અલગપ્પા ચેટ્ટિયાર :**

રમણ મહર્ષિ માનવમન જેને વિચારી શકે તેવી ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક અવસ્થા પર આરૂઢ થઈને જીવી રહ્યા છે. જે લોકો એમની પાસે કોઈ ઉપદેશની આકાંક્ષા સાથે જશે એમને નિરાશ થવું પડશે. એમનું જ્ઞાન વાણીમાં નથી કિન્તુ મૌનમાં છે. જે લોકો એવું માનતા હોય કે એ એમનામાં ચમત્કારોનું પ્રદર્શન કરીને શ્રદ્ધાભક્તિનું આરોપણ કરશે એમને પણ નિરાશ થવું પડશે. મહર્ષિ ચમત્કારો કરીને શ્રદ્ધાભક્તિ જગાવવાનું ક્ષુલ્લક કામ નહિ કરે. પરમાત્માની સાથે સંવાદ સાધવાનો માર્ગ એક જ છે અને એ આપણા આત્માનો એની સાથે સંબંધ બાંધવાનો.

**૧૫) રાજસેવાપ્રવીણ ટી. એમ. કૃષ્ણસ્વામી અય્યર :**

ભગવાન શ્રી રમણ ઋષિ એક નોંધપાત્ર મહાન વિભૂતિ છે. એ હવે એક વ્યાપક વાતાવરણનું મૂર્ત સ્વરૂપ ધારણ કરીને જીવી રહ્યા છે. વર્તમાન વિશ્વના વેરાન રણપ્રદેશમાં રમણાશ્રમ એક વનસ્થલી છે.

**૧૬) દીવાન બહાદુર કે. એસ. રામસ્વામી શાસ્ત્રી :**

**स्मरणात् अरुणाचलम्** એ એક પ્રખ્યાત ઉક્તિ છે અને એનો અર્થ એવો છે કે અરૂણાચલના માત્ર સ્મરણથી મુક્તિ મળે છે. **स्मरणात् रमण महर्षि:** એ પૂરક ઉદ્‌ગારોને એ ઉક્તિમાં ઉમેરી શકીએ. છેલ્લાં ચાલીસથી વધારે વરસો દરમિયાન હું એમના દર્શનસમાગમનો લાભ અવારનવાર લેતો રહ્યો છું. શા માટે તે નથી સમજી શકતો. એ લાભ કદાચ મેં કોઈક કર્મસંસ્કાર કે વાસનાથી પ્રેરાઈને લીધો હશે કે પછી કોઈ સ્વેચ્છાપૂર્વકની અંગત સ્નેહભાવનાને લીધે.

**૧૭) ડૉક્ટર કે. સી. વરદાચારી :**

શ્રી રમણ જેવા સંતપુરૂષો જીવનની પરમ ધન્યતા, શાંતિ તથા મુક્તિની અસાધારણ અખંડ અમર અવસ્થાનું દર્શન કરાવે છે. એ અવસ્થા પર પહોંચીને એ માનવમાત્રની અવશ્યંભાવિ વાસ્તવિક જન્મસિદ્ધ મુક્તાવસ્થાની શ્રદ્ધા જગાવે છે ને પ્રતીતિ કરાવે છે. એ માનવજાતિના અને સમસ્ત સૃષ્ટિના સાચા મુક્તિદાતા છે. શ્રી રમણ મહર્ષિનું જીવન વૈદિક ઋષિમુનિઓના સદ્‌પદેશના સારરૂપ છે. સનાતન ધર્મ, સાધના ને તત્વજ્ઞાનના પરંપરાગત પ્રવાહને એમણે જીવતો રાખ્યો છે.

**૧૮) ડૉકટર એમ. એચ. સૈયદ :**

મહર્ષિ મનથી ઉપરની ઈન્દ્રિયાતીત અવસ્થામાં વાસ કરે છે. એ ત્રિગુણાતીત છે. આપણી વર્તમાન કરુણતાના મૂળમાં એ હકીકત રહેલી છે કે આધુનિક જગતમાં માનવ એ સત્યને ભૂલી ગયો છે કે જ્યાં સુધી આધ્યાત્મિક પાયા પર એ પોતાનો અંતરંગ વિકાસ નહિ કરે ત્યાં સુધી ગમે તેટલી ભૌતિક સમૃદ્ધિ ને સત્તા કે શક્તિ એને સાચા અર્થમાં ને સંપૂર્ણ સુખી નહિ કરી શકે.

એ સંદર્ભમાં વિચારીશું તો તરત જ સમજી શકાશે કે ભગવાન શ્રી રમણ સમસ્ત માનવજાતિને એક મહત્વનો સંદેશ સંભળાવી રહ્યા છે. આપણા વર્તમાનકાળની આવશ્યકતા આત્માની પવિત્રતા તથા શાંતિની પ્રાપ્તિ કરવાની છે - ખાસ કરીને એ આવશ્યકતા એમને માટે છે જેમના હાથમાં સત્તાનાં સૂત્રો છે ને જે માનવજાતિના વિશાળ વર્ગના ભાગ્યના નિયંત્રણ પર પોતાની અબાધિત અસરો પહોંચાડી શકે છે. શ્રી રમણ મહર્ષિ ઉચ્ચ કે નીચમાં, પુરૂષો કે સ્ત્રીઓમાં, સૌના અંતરમાં વિરાજમાન એક જ આત્માનું દર્શન કરે છે.

**૧૯) સર. સી. પી. રામાસ્વામી અય્યર :**

મહર્ષિના જીવનમાં અનેક બાહ્ય પ્રસંગોનું દર્શન નથી થતું પરંતુ એ આરંભથી જ આત્મસાક્ષાત્કાર માટે અર્પિત જીવન છે. વૈરાગ્યથી પ્રેરાયેલી ઈશ્વરની શોધનું એમાં દર્શન થાય છે. એ બંનેના પરિણામે પ્રકટતા ત્યાગ, સાક્ષાત્કાર તથા સામર્થ્યની ઝાંખી એમની અંદર ઊગતી યુવાનીમાં જ થઈ રહે છે. ભારતીય આદર્શ હમેશાં વાણી દ્વારા નહિ પણ વર્તન કે જીવન દ્વારા શીખવવાનો છે અને મહર્ષિ નિત્યનિરંતર સહજ સમાધિમાં રહે છે એવું કહેવાય છે. એ અવસ્થા આત્માનુભૂતિની અખંડ અવસ્થા છે. એમાં રહીને એ અસ્વસ્થ કે અશાંત બન્યા સિવાય કોઈ પણ કાર્ય કરી શકે છે.

**૨૦) એ. એસ. પંચપાદેશ અય્યર :**

મહર્ષિ સત્યનું પ્રતિપાદન કરવાની અને ક્ષુલ્લક તર્કવિતર્કોને શાંત કરવાની નિશ્ચયાત્મક પદ્ધતિનો પરિચય કરાવે છે.

એક માણસે એમને પૂછ્યું કે 'ઈશ્વર આટલો બધો અન્યાયી અથવા અપૂર્ણ કેમ છે ?'

મહર્ષિએ શાંતિથી સામેથી પૂછ્યું : 'મને શા માટે પૂછો છો ? જાવ અને એમને પૂછો.'

એમને કહેવામાં આવ્યું કે એમની પાસે જઈને નથી પૂછી શકાય તેમ તો એ તરત જ બોલી ઊઠ્યા : 'તમે એમની પાસે પહોંચી શકતા નથી તો પ્રશ્ન કેવી રીતે પૂછી શકો ? મુક્તિ નિર્બળોને માટે નથી જ.'

કેટલાકને નવાઈ લાગશે કે આપણે જેમાં રહીએ છીએ તે વિજ્ઞાનયુગમાં આવા સંતોનું શું કામ છે ! એમના પ્રશ્નની એમને ખબર નથી. સંસાર શા માટે છે ને માનવજીવનનું ધ્યેય શું છે તે વિજ્ઞાન નહિ સમજાવી શકે. એ પ્રશ્નોના ઉત્તરો કેવળ ધર્મ ને તત્વજ્ઞાન આપી શકે છે અને એ પણ શ્રી રમણ જેવા સંતો દ્વારા.

**૨૧) શ્રી સ્વામી રાજેશ્વરાનંદ અને ડૉકટર ટી. એમ. પી. મહાદેવન :**

આપણા જમાનામાં શ્રી રમણ મહર્ષિ જીવનમુક્તિના અસાધારણ અનુભવના જીવંત પ્રતીક જેવા છે. અરૂણાચલના એમના એકાંત આશ્રમમાં રહીને એ મનુષ્યજાતિને પરમપ્રકાશનો એવો માર્ગ બતાવી રહ્યા છે જે અમરતા અને શાશ્વત જીવનકલ્યાણ તરફ દોરી જાય છે.

**૨૨) સ્વામી માધવતીર્થ :**

હું આશ્રમમાં ચૌદમી ઑગસ્ટે પહોંચ્યો. મહર્ષિનું પહેલવહેલું દર્શન મને ભોજનશાળામાં થયું. એ દર્શન પરંપરાગત વિધિઓથી મુક્ત અને સહજ હોવાથી મને તરત જ ત્યાં એક પ્રકારની સ્વાભાવિકતાનો અને આત્મીયતાનો અનુભવ થવા માંડ્યો. મહર્ષિના સત્કારસૂચક માયાળુ દૃષ્ટિપાતને લીધે મને ત્યાં ઘર જેવું લાગવા માંડ્યું. મને એક પ્રકારના સહજ સુખની અનુભૂતિ થવા લાગી જે મારા રમણાશ્રમના નિવાસકાળ દરમિયાન કાયમ રહી.

ભોજનાલયના મારા મહર્ષિનાં દર્શનના પ્રથમ દિવસે મને એમની દૃષ્ટિમાં સૂર્યના જેવા ઝળહળતા પ્રકાશનું દર્શન થયું. બીજે દિવસે હૉલમાં હું એમની પાસે બેઠો ત્યારે પણ એવો જ અલૌકિક પ્રકાશ જોવા મળ્યો. એ પ્રકાશ મારા સમગ્ર વ્યક્તિત્વમાં મારાં અંગોપાંગોને ભેદીને ફરી વળતો હોય એવું મને લાગવા માંડ્યું. મારો શ્વાસ એકાદ ક્ષણને માટે રોકાઈ ગયો અને મારું મન અનિર્વચનીય સુખશાંતિના આત્મિક ભંડાર તરફ આગળ વધવા લાગ્યું.

**૨૩) એ. ઘોષ, એમ. એ. હોલ્કર કૉલેજ, ઈન્દોર :**

શ્રી ભગવાન કેવળ યોગી નથી. એ ભવિષ્યના ભેદ નથી ઉકેલતા પરંતુ પોતાની અંદર સત્ય તથા સનાતન સત્તા પર દૃષ્ટિને કેન્દ્રિત કરે છે. એમને માટે સ્વર્ગ કોઈ દૂર–સુદૂરનું સ્થળ નથી રહ્યું.

એમનો એક જ ઉત્સાહજનક શબ્દ કે શાંત દૃષ્ટિપાત જગતના સમસ્ત સદ્ઉપદેશયુક્ત સાહિત્યભંડાર કરતાં વિશેષ શ્રેયસ્કર સાબિત થશે.

**૨૪) શ્રી સી. એસ. બાગી :**

એક વસ્તુનો વિશેષ રૂપે ઉલ્લેખ કરી લઉં. ભગવાન શ્રી રમણ વિશે જેટલું પણ લખાશે તેટલું અધૂરું જ રહેશે. એમને સંપૂર્ણપણે કદી પણ નહિ સમજી શકાય. સ્મરણ જ સર્વકાંઈ છે. જે સત્યનો સાક્ષાત્કાર કરવા માગે છે તે સૌ એમનું સ્મરણ કરે, સાચા દિલથી સ્મરણ કરે એટલું જ ઈચ્છું.

**૨૫) શ્રી બી. સી. સેનગુપ્તા :**

એ સાચા સાધકોને મદદ કરવા સદાય તૈયાર રહે છે.

**૨૬) શ્રી એસ વી. રામ :**

મહર્ષિની નોંધપાત્ર વિશેષતાઓમાંની એક એ છે કે એમના સદ્ઉપદેશો એમના જીવનમાં પૂર્ણપણે મૂર્તિમંત થયેલા છે. એમનો આધ્યાત્મિક સંદેશ છેક જ સાદો છે. એ કોઈ ગૂંચવણ ભરેલી કઠોર સાધના

પદ્ધતિ નથી શીખવતા પરંતુ જાહેર કરે છે કે માણસે પોતાના સનાતન સુખશાંતિવાળા આંતરિક સ્વરૂપનો જ સાક્ષાત્કાર કરવાનો છે. એમના ઉપદેશો એમના અનુભવના પીઠબળવાળા હોવાથી ભારે અસર પહોંચાડે છે.

એમના મુખમંડળમાંથી પ્રકટતી દિવ્યતા તથા કૃપાએ મને સૌથી વધારે પ્રભાવિત કર્યો છે. એ દિવ્યતા તથા કૃપા શિક્ષિત અને અશિક્ષિત, યુવા તથા વૃદ્ધ, રાજા ને રંક, સ્ત્રીઓ, પુરૂષો ને બાળકો, અરે પશુપંખીઓનાં હૃદયને પણ વશ કરે છે. એ સૌને થોડા સમયને માટે પણ એમના અંતરમાં મહર્ષિ દ્વારા અનુભવાતી અસાધારણ અલૌકિકતાનો અનુભવ થાય છે.

**૨૭) કે. સુબ્રહ્મણ્યમ :**

શ્રી ભગવાન આપણા સંતપુરૂષોમાંના પ્રખર બુદ્ધિમત્તાપૂર્ણ પુરૂષવિશેષોમાંના એક છે.

એમના ઉપદેશો પવિત્ર છે. ભગવાને વ્યવહારિક કે ભૌતિક જીવનનાં મૂલ્યોનો ઈન્કાર નથી કર્યો પરંતુ એ મૂલ્યો ક્યાંથી શક્તિ મેળવે છે તે કહી બતાવ્યું છે. એવું કહીને જેમાંથી સઘળા રંગો પ્રાદુર્ભાવ પામે છે તે પ્રકાશ–પરમપ્રકાશની રંગરહિતતા તરફ આપણું ધ્યાન દોર્યું છે.

**૨૮) એમ. ગોવિંદ પાઈ :**

આપણે જણાવવું જોઈએ કે શ્રી રમણ વીસમી સદીના એક મહાન યોગી છે. ના, યોગી કરતાં પણ વધારે છે. સ્વામી સિદ્ધેશ્વરાનંદના શબ્દોમાં કહીએ તો તત્વજ્ઞાની છે. એટલા માટે પૂર્વ તથા પશ્ચિમ બંનેને માટે એમના જીવનની અને આત્મસાક્ષાત્કારની મહત્તા ધાર્યા કરતાં ઘણી મોટી છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૪૯] અંજલિ - ૨

### [૧] વિદેશી ભક્તો તથા પ્રશંસકોની અંજલિઓ

**૧) સાધુ એકરસ (ડૉક્ટર જી. એચ. મીસ) :**

કોઈ માણસે દુનિયામાં મહાનમાં મહાન કાર્ય કર્યું હોત અને એ પછી એ ભગવાન શ્રી રમણ મહર્ષિ પાસે આવીને બેઠા હોત તો એને પ્રતીતિ થાત કે મહર્ષિના આત્સાક્ષાત્કારના અમર અસાધારણ કાર્યની સાથે સરખાવતાં એનું કાર્ય કશી જ વિસાતમાં નથી લાગતું.

કોઈ માણસ દુનિયામાં સૌથી શ્રેષ્ઠ પુસ્તક લખે અને જો મહર્ષિની પાસે આવીને એમને ભેટ ધરે તો એને સહેલાઈથી પ્રતીતિ થાય કે મહર્ષિ પોતે જ એક શ્રેષ્ઠતમ પુસ્તક છે. એ પુસ્તક પ્રત્યેક દિવસે લખાતું જાય છે. એ પુસ્તક એમની પાસે આવનારા અને એને વાંચવાની તકલીફ ઉઠાવનારા સૌ કોઈના અંતરાત્મામાં કોઈ પણ પ્રકારના સભાન પ્રયત્ન વિના, કલમ તથા કાગળ ને શાહીના માધ્યમ વિના, બહારની વસ્તુઓની સહાયતા સિવાય જ લખાઈ રહ્યું છે.

જગતના જુદા જુદા સંતો અથવા મહાત્માઓના જીવનનું અને એમની ઉપદેશ પદ્ધતિઓનું અધ્યયન કર્યા પછી લાગે છે કે એ જુદા જુદા યુગના, વિવિધ ધર્મપરંપરાઓના પ્રતિનિધિરૂપ સંતોમાં શ્રી રમણનું સ્થાન એકદમ અનોખું છે.

**૨) બેનીંગ રીચાર્ડસન :**

તમારા જીવનમાં તમે જેમને પણ મળ્યા હો તે બધામાં તમારી સાથે જે જરા પણ ના બોલ્યા હોય એવા માણસથી તમે સૌથી વધારે પ્રભાવિત થયા હો એવી કલ્પના પણ કરી શકો છો ખરા ?

તમારે એવા માનવના સંપર્કમાં કદી પણ આવવાનું થયું છે ખરું જેની સાથે તમે ત્રણ ત્રણ દિવસ સુધી રહ્યા હો છતાં પણ બોલવાની જરૂર ના જણાવાથી કે વાણી કૃત્રિમ કે ક્ષુલ્લક લાગવાથી કશું જ ના બોલ્યા હો, અને એ છતાં પણ એમના અંગત અને ઘનિષ્ઠ સંસર્ગમાં વરસોથી આવનારા મનુષ્યો કરતાં પણ વધારે દૃઢતાપૂર્વક એની મૂર્તિને તમારા મન તથા હૃદયમાં ધારણ કરીને એનાથી છૂટા પડ્યા હો ?

એ અવસર ઈ. સ. ૧૯૩૭ના મે મહિનામાં મળી શક્યો.

મહર્ષિને મેં કોઈ પણ પ્રશ્ન ના પૂછ્યો તેનું કારણ એ જ કે એમના દર્શન અને સાંનિધ્યથી મને એટલો બધો આનંદ થતો અને એટલી બધી શાંતિ મળતી કે પ્રશ્નો પૂછવાનું મન જ ના થતું. રમણાશ્રમના મારા ત્રણ દિવસના નિવાસ દરમિયાન મારી અવસ્થા એવી જ અનોખી રહી.

**૩) ડૉકટર સી. જી. જંગ :**

શ્રી રમણ ભારતભૂમિના સાચા સુપુત્ર છે. એ તદ્દન નિખાલસ તથા પ્રામાણિક છે, અને એથી આગળ વધીને કહીએ તો, આદર્શના સાક્ષાત સ્વરૂપ જેવા છે. ભારતની યશભૂમિમાં એ સૌથી વધારે યશસ્વી છે.

શ્રી રમણના જીવનમાં ને જીવનસંદેશમાં પવિત્રતમ ભારતનું દર્શન થાય છે. પોતાના હજારો વરસના યુગસંદેશ દ્વારા એ માનવમુક્તિના મંત્રો પૂરા પાડે છે. એવા જીવનમુક્ત મહાપુરૂષો માનવજાતિના શ્રેયના સંવાદી સ્વર સંભળાવે છે. ભારતીય આત્માનું પ્રતિબિંબ પાડનારા એ સુધાસભર સંવાદસ્વરનું આધુનિક અવતરણ શ્રી રમણ મહર્ષિના રૂપમાં થયેલું છે.

શ્રી રમણના જીવનની ને જીવનસંદેશની ઉપયોગિતા કેવળ ભારતવાસીઓને માટે જ નથી પણ પશ્ચિમવાસીઓને માટે પણ છે જ. એ માનવનાં મહાન મૂલ્યો ને વિષયોના ઈતિહાસમાં અભિવૃદ્ધિ કરવાની સાથે સાથે વિવેક અને આત્મસંયમને ખોઈ બેઠેલી, અવ્યવસ્થિત, સર્વનાશના આરે ઊભેલી, માનવજાતિને માટે મહત્વની મહામૂલ્યવાન ચેતવણી પૂરી પાડે છે.

**૪) ઓલીવીર લોકામ્બે :**

ઈ. સ. ૧૯૩૬ના મે મહિનામાં લેવાયલી તિરુવણ્ણામલૈની મારી મુલાકાત તદ્દન ટૂંકી હતી. તો પણ એને એ દૃષ્ટિએ લાંબી કહી શકાય કે એણે મારી અંદર એવી મજબૂત લાગણી જગાવી છે કે મને એ દરમિયાન ભારતીય આધ્યાત્મિક પરંપરાના એક સાચા ને સંપૂર્ણ પ્રતિનિધિનો, એક સાચા સ્વાનુભવસંપન્ન વિદ્વાનનો, ભલે થોડાક વખતને માટે પણ મેળાપ થયો.

**૫) વિલિયમ એસ. સ્પાઉલ્ડીંગ :**

શ્રી મહર્ષિની સંનિધિમાં રહેવાનું મને સૌભાગ્ય સાંપડ્યું એ અસાધારણ અવસરને થોડાંક વરસો વીતી ગયાં છે તો પણ એમનો મારી ઉપર પડેલો પ્રખર પ્રભાવ આજે પણ એવો જ અમર રહ્યો છે.

મહર્ષિ જેવા મહાપુરૂષના વ્યક્તિત્વને સમજવામાં શબ્દો પોતાનો ફાળો નહિ આપી શકે.

**૬) ગ્રાન્ટ ડફ઼ :**

એમણે મારા તરફ દૃષ્ટિપાત કર્યો તે જ ક્ષણે મને લાગ્યું કે એ પરમ સત્યના ને પ્રકાશના મૂર્તિમંત સ્વરૂપ જેવા છે. એમાં કશી શંકા ના રહી, અને એ પવિત્ર સંતપુરૂષના પરમ પ્રકાશમય સુખદ સાંનિધ્યમાં છેલ્લાં કેટલાંય વરસોથી મારી અંદર એકઠી થયેલી શંકાકુશંકાઓ કાયમને માટે મટી ગઈ.

અરૂણાચલના મહર્ષિની મારી મુલાકાત મારા જીવનની સર્વશ્રેષ્ઠ ઘટના છે.

**૭) ડી. કુચબર્જર :**

શરીરથી તો અરૂણાચલથી કોસો દૂર છું પરંતુ આત્મિક દૃષ્ટિએ  ભગવાન શ્રી રમણના પાદપદ્મમાં જ વાસ કરું છું. શ્રી ભગવાનની ચરણરજમાં મારી જાતને અસાધારણ આદર ભાવથી પ્રેરાઈને સમર્પિત કરીને, નમ્રતા તથા પૂજ્યભાવને ધારીને, અને મહર્ષિના સંદેશસ્વરને મારા હૃદયમાં સાંભળવાનો પ્રયાસ કરીને, એનો ઉત્સવ કરી રહ્યો છું.

**૮) ઈલા મેઈલાર્ટ (સ્વિટ્ઝર્લેન્ડ) :**

એમની પ્રવૃત્તિ પ્રખર છે. એ ધરતીના ગૌરવ જેવા છે. એમનો પ્રભાવ દૂર–સુદૂર પહોંચી વળે છે અને એમના સરખા સંતોનો કદી પણ વિચાર નહિ કરનારા કર્મપરાયણ મનુષ્યો પણ અજ્ઞાત રીતે અનુભવે છે.

**૯) સાધુ અરૂણાચલ (મેજર એ. ડબલ્યુ. ચાડવીક)**

પચાસ વરસનો વખત ઘણો લાંબો વખત છે. છેલ્લાં પચાસ વરસમાં દુનિયામાં કેટલાં બધાં ઝડપી પરિવર્તનો થયાં છે તેનો વિચાર કરતાં ખરેખર વિસ્મય થાય છે. માનવજાતિના સમગ્ર ઈતિહાસમાં એટલાં ઝડપી પરિવર્તનો કદાચ બીજા કોઈ કાળ દરમિયાન નહિ થયાં હોય. તો પણ એ અસાધારણ હરણફાળની વચ્ચે પણ મહર્ષિ એકદમ અસ્પૃશ્ય રહ્યા છે.

એમની પ્રતિષ્ઠા પ્રત્યેક વરસે વધતી ગઈ, અને આજે તો કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય કહી શકાય કે એવો એક પણ દેશ નથી જ્યાં એમને કોઈ જાણતું ના હોય અને જેના એક અથવા બીજા ખૂણામાં એમનો કોઈ ને કોઈ ભક્ત ના રહેતો હોય.

**૧૦) ડન્કન ગ્રીનલીસ :**

મેં મહર્ષિનું દર્શન કર્યું. મને ખાતરી કરતાં વાર ના લાગી કે હું એક એવા પુરૂષની આગળ આવીને ઊભો રહ્યો છું જેમણે પોતાના એ જ પાર્થિવ શરીર દ્વારા પોતાને માટે જીવનની સમસ્યાનો ઉકેલ કર્યો છે. એમની આસપાસની ઊંડી શાંતિ એ હકીકતની નિશ્ચયાત્મક રીતે પ્રતીતિ કરાવતી. ત્યાંની નીરવતાને જોઈને મધ્યરાત્રીના શાંત આકાશનું સ્મરણ થઈ આવ્યું. એ નીરવતા એટલી બધી સ્વાભાવિક હતી કે એના સંબંધી કશી શંકા જ ના કરી શકાય. એ બાબતની મારી ખોજ પ્રથમ દર્શને જ પૂરી થઈ. મને સદ્ગુરૂનું સ્થૂલ રૂપમાં દર્શન થયું.

ઉત્તર ભારતના એક યુવાન વકીલની વાત કહી બતાવું. એ વૃંદાવનના બાલમુકુંદ ભગવાન કૃષ્ણના પ્રખર પ્રેમી હતા. અમે ખુલ્લા વ્યોમની નીચે એકમેકની બાજુએ સૂઈ રહેતા અને રાતે કલાકો લગી મીરાંની અને એના અલૌકિક પ્રિયતમની વાતો કરતા. મારા એ વકીલમિત્રે આશ્રમમાં બે અઠવાડીયાં જેટલા વખત સુધી અશાંતિનો અનુભવ કરતાં વાસ કરેલો. રોજ સાંજે એ મને કહ્યા કરતા કે આવતી કાલે હું આશ્રમમાંથી વિદાય થઈશ : મને અદ્વૈત વેદાંતમાં લગાર પણ રસ નથી લાગતો ને સોફા પરની આ નિર્જીવ, ચેતનારહિત, લાગણીહીન પ્રતિમાનું પણ મારે કશું કામ નથી. હું એમને એટલું જ કહેતો કે તમે આટલે બધે દૂર આવ્યા છો તો થોડોક વખત વધારે રાહ જુઓ એ સારું છે. પરંતુ આખરે એમની ધીરજ ખૂટી ગઈ. એમણે જણાવ્યું કે આજે રાતે જ અહીંથી નીકળીને હું સીધો વૃંદાવન પહોંચીશ અને જો બની શકશે તો કૃષ્ણ ભગવાનમાં વિલીન થઈશ.

વિદાય થતાં પહેલાં એ કેટલાંક ફળ લઈને આવી પહોંચ્યા ત્યારે ભગવાન સાંજના ભોજન માટે નીકળવાની તૈયારી કરી રહેલા. એ એમની રાહ જોઈને ઊભા રહ્યા.

વકીલ કશું બોલ્યા નહિ એમની કાયામાં ઉપરાઉપરી કંપારી પેદા થઈ.

એમની આંખમાંથી એકાએક અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. પ્રેમાવેશમાં આવીને એ દોડ્યા ને ભગવાનના ચરણકમળમાં ઢળી પડ્યા.

એમના હાથમાંની નારંગીઓ ક્યારે નીચે પડી ગઈ એની ખબર પણ એમને ના રહી.

ભગવાન શાંતિપૂર્વક ઊભા રહ્યા. મારા વકીલમિત્ર થોડાક વખત પછી મહામુસીબતે ઊભા થયા ને ધ્રૂજવા લાગ્યા. એમની અનુજ્ઞા મેળવવા માટેના શબ્દો એમના મુખમાંથી ના નીકળી શક્યા. ભગવાને સ્મિતપૂર્વક હાથનો સહેજ સંકેત કરીને ખૂબ જ ધીમા સ્વરે કહ્યું : 'સેરી....પો !' એટલે કે 'ઠીક .... જાવ.' બહાર ઊભેલા ઝટકા સુધી મારા એ મિત્રને હું મૂકી આવ્યો અને એક શબ્દ પણ બોલ્યા સિવાય એમને વિદાય આપીને પાછો ફર્યો. એમને એક ચમકારામાં જ એમના આરાધ્યદેવનું દર્શન થયેલું. એ પ્રસંગે અમને આનંદ અને સંવેદનશીલતાથી ભરી દીધા.

મને લાગે છે કે એ પ્રસંગ પછી એ ફરી વાર આશ્રમમાં નથી આવ્યા; પરંતુ એ ઘટનાને હું કદી પણ નથી ભૂલી શક્યો. આજે પણ એના સ્મરણથી મને રોમાંચ થઈ આવે છે. હા; આપણને સ્વપ્ને પણ કલ્પના ના હોય કે ભગવાન આપણે માટે એવો અસાધારણ ચમત્કાર કરી બતાવશે. તો પણ એ આપણી આગળ આપણા હૃદયના પ્રિયતમના રૂપમાં એકાએક પ્રકટ થઈ શકે છે.

મેં ભગવાનનું સઘળા સંજોગોમાં નિરીક્ષણ કર્યું છે, અને એ લક્ષણો સાથે એમના જીવનને સરખાવી જોયું છે. મેં જેટલા પુરૂષો જોયા છે એમાં એ એક જ એવા છે જે નિરંતર સહજ સમાધિમાં પ્રતિષ્ઠત છે.

એમની મુલાકાતે આવનારા જુદા જુદા માણસોની આવશ્યક્તાને અનુલક્ષીને એમનો સંદેશ પણ વિવિધ રૂપે વહેતો હોય છે.

**૧૧) ઈલીઆનોર પોલાઈન નોયે (કેલીફોર્નિયા) :**

મહર્ષિના સાંનિધ્યમાં દિવ્યતાનો અનુભવ થાય છે. એ કોચ પર કેવળ કૌપીન પહેરીને ભક્તો તથા જિજ્ઞાસુઓથી વીંટળાઈને બેઠેલાં. એ જ્યારે સ્મિત કરતા ત્યારે એવું લાગતું કે સ્વર્ગનાં દ્વાર ઊઘડી ગયાં છે. એટલા બધા અલૌકિક પ્રકાશથી પ્રકાશિત આંખ મેં બીજે ક્યાંય નહોતી જોઈ. એ તારકની પેઠે પ્રકાશ્યા કરતી. એમના પ્રેમ અને પ્રકાશનો મૂક પ્રભાવ એટલો બધો શક્તિશાળી છે કે શબ્દો એની આગળ શક્તિરહિત લાગે. હું કેવા મહાપુરૂષનું દર્શન કરવાની ઈચ્છા રાખતી'તી તેની સ્પષ્ટ માહિતી મને ના હોવા છતાં એમને જોતાંવેંત જ મને થઈ આવ્યું કે ખરેખર, મારી ભાવના શ્રી ભગવાન જેવા પુરૂષને જ જોવાની હતી. એમના જેવા કોઈ બીજા પુરૂષ આજના જગતમાં હશે એવું મને નથી લાગતું.

મારી સ્થિતિ એ વખતે એટલી બધી હતાશ ને કરુણ હોવાનું એક કારણ એ પણ હતું કે વરસોથી મને બરાબર નિદ્રા નહોતી આવી. જો કે હું દવા લેતી પરંતુ એથી જરા પણ રાહત નહોતી મળતી. એ બાબત મેં શ્રી ભગવાનને કશો જ ઉલ્લેખ ના કર્યો તો પણ મારા અસાધારણ આશ્ચર્ય વચ્ચે કોઈ પણ પ્રકારની દવાની મદદ મેળવ્યા સિવાય મને એ દિવસે રાતે ને પછી પણ રોજ રાતે ગાઢ નિદ્રા આવી. જે જાતની આરામજનક સુખોપભોગની સામગ્રીથી હું ટેવાયલી તેવી કોઈ જ સામગ્રી ના હોવા છતાં બીજે દિવસે સવારે જ્યારે જાગી ત્યારે જે તાજગીનો અનુભવ થયો તેને લીધે મને નવો જન્મ મળ્યો હોય એવું લાગવા માંડ્યું.

એ પછી થોડેક દિવસે શ્રી ભગવાન ફરવા જતી વખતે એક વાર બપોર પછી મારી પાસે દરવાજા આગળ ઊભા રહ્યા. એમણે મને પહેલાં કરતાં વિશેષ શાંતિનો અનુભવ થાય છે કે કેમ તે પૂછી જોયું. એમની મારે માટેની લાગણી જોઈને મને જરાપણ જુદાઈ ના લાગી. અને એમણે સ્મિત કર્યું ત્યારે તો મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો.

* * *  * * *  * * *  * * *

એકવાર ભગવાને મારા દેખતાં નીચે નમીને ચોખાના ત્રણ દાણાને વીણી લીધા. એમની એ સીધીસાદી પ્રવૃત્તિએ મને એટલું બધું અગત્યનું શિક્ષણ પૂરું પાડ્યું કે જે કરકસરનાં દસ પુસ્તકો પણ પૂરું ના પાડે. એવી કરકસર આજના જમાનામાં પ્રત્યેક ઘરને માટે આવશ્યક હોવા છતાં એનું પાલન કરવાનું કપરું લાગે છે એ એક હકીકત છે.

એક દિવસ સવારે મેં એક સુંદર ગુલાબ લીધું. એને મહર્ષિને અર્પણ કરવાનો મને વિચાર આવ્યો. એક ભક્તે કહ્યું : 'ગુલાબ કેટલું બધું સુંદર છે ?' મેં જણાવ્યું, 'એ ભગવાનને માટે છે.' હું હૉલમાં ગુલાબ એમને અર્પણ કરું કે ના કરું એવો વિચાર કરતાં બેસી રહી. થોડા વખત પછી મેં એને એમના સોફાની સમીપના નાના ટેબલ પર મૂકી દીધું. એમણે પૂછ્યું : 'શું છે ?' મેં ઉત્તર આપ્યો, 'કેવળ ગુલાબ.' 'મને આપ તો !'

એમણે એને લઈને એમના કપાળે ને ગાલે લગાડ્યું. હું એથી ખૂબ જ પ્રભાવિત બની ગઈ, ને રડ્યા વિના ના રહી શકી.

અમેરીકાથી નીકળતી વખતે મને શાંતિની ઝંખના હતી. એને માટેની પિપાસા અથવા લગની મને શાંતિથી બેસવા ન દેતી. મારું જીવન એકદમ અશાંત હતું. અહીં આવ્યા પછી પ્રેમના આ પરમ દેવતાના ચારું ચરણોમાં મને સુખશાંતિની પ્રાપ્તિ થઈ. એથી મારું જીવન અલંકૃત બન્યું. મને એ સુખશાંતિ અથવા આરામનો અનુભવ ભગવાનના અસાધારણ અનુગ્રહથી જ થઈ શક્યો છે.

* * *  * * *  * * *  * * *

પ્રેમ અને કરુણાની મૂર્તિ જેવા ભગવાન શ્રી રમણ મહર્ષિનાં શ્રીચરણોમાં રહેવાનું સૌભાગ્ય સાંપડ્યું એ મારા જીવનનો સૌથી ધન્ય અનુભવ હતો. એમણે મારા પર વરસાવેલા પરમપવિત્ર પ્રેમને અને અનેક આશીર્વાદને યોગ્ય બનું એટલું ઈચ્છું છું !

### [૨] કવિઓની અંજલિઓ

કવિઓ તો કોમળ, કળામય, રસપૂર્ણ હૃદયવાળા હોય છે. પ્રશસ્તિને પાત્ર પુરૂષની જ્યારે સઘળા પ્રશસ્તિ કરી રહ્યા હોય ત્યારે કવિ પોતાના કવિધર્મને ગૌણ ગણીને એથી અલિપ્ત કેવી રીતે રહી શકે ? એ પ્રશસ્તિઓ દ્વારા કવિઓનો એ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષ પ્રત્યેનો પ્રબળ પ્રેમ પ્રકટ થાય છે અને મહર્ષિની મહાનતા તથા લોકપ્રિયતાનો સુખદ પડઘો પાડવામાં આવ્યો છે. આ રહી એ કવિતાઓની સંક્ષિપ્ત ભાવાર્થકંડિકાઓ :

**૧] સાધુ અરૂણાચલ :**

તમારાં ધન્ય શ્રીચરણોમાં
રોજરોજ ગુલાબની પાંખડીઓને પાથરતો રહીશ ;
પ્રત્યેક પાંખડી માત્ર વિચાર હશે.
તમારી પ્રશસ્તિમાં અર્પણ કરવા લાયક
બીજુ કશું નથી લાગતું.
અને એવું કહેવું પણ ઠીક તો નથી જ લાગતું
કેમ કે જે છે તે બધું તમારું જ છે,
મારું કશું વિશેષ નથી ભાસતું.

* * *　　* * *　　* * *　　* * *

**૨] હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય :**

તમારા સંદેશને સાંભળવા સારુ ખૂબ જ હિંમત જોઈએ
અને તમારા રૂપેરી અવાજને ઓળખીને તમારી તરફ
વળવા માટે ઉત્તમ આત્મબળ :
અમારું સર્વસમર્પણ કરીને
આત્મમુક્તિના આનંદાનુભવ માટે
પરમ પ્રજ્ઞાશક્તિ છે અત્યંત આવશ્યક.
અંધકાર ભરેલા કાયાના કેદખાનાનો અમને અનુરાગ છે :
અને પ્રકાશનો મહાન ભય.
અમારાં બંધનો અમને એટલાં બધાં પ્રિય લાગે છે
કે અમે એમને છોડવા નથી માગતા :
એમને અને અમારી અંધારી રાતને
મુક્તિ તથા ઉષઃકાળમાં નથી પલટાવતા.
આત્મા યુગયુગથી પિંજરમાં કેદ છે.
પિંજરના પોલાદી સળિયાને તોડીને એકવાર ફરીથી
વિશાળ વ્યોમમાં કેવી રીતે વિહરીશું ?
કષ્ટના કઠોર કેદખાનામાંથી કેવી રીતે છૂટીશું ?
અમારી નિર્બળ પાંખથી તારામંડળ સાથે કેવી રીતે મૈત્રી કરીશું ?
અમે કોઈ વિનાશી વરદાન નથી માગતા,
એકાદ કલાકનો આનંદ આપનારી ભૌતિક કૃપા પણ નહિ;
ગુરૂદેવ ! પ્રતિષ્ઠા, પદ, સંપત્તિ ને સત્તાની
સવિશેષ પ્રાપ્તિની પણ અમને ભૂખ નથી;
અમે તો એટલું જ માગીએ છીએ કે

શંકાને અગાધ અપ્રકટ અસાધારણ શ્રદ્ધામાં પલટાવવાની
પ્રક્રિયાના પ્રભુત્વમાં અમે કુશળ થઈએ !

**3] સ્વામી એકરસ :**
ભવિષ્યની પ્રજા પૂછશે,
મહર્ષિ રમણનો વિશેષ સંદેશ શું હતો
તો ઉત્તર આપીશ કે સ્થિરતા.
ઉત્તુંગ તરંગોથી છવાયલા સમુદ્રમાં પડેલા અચળ
પ્રભાવહીન પથ્થરની સુનિશ્ચિત સ્થિરતા.
સિદ્ધાંતો અને આદર્શોમાં અટવાયલી અસ્વસ્થ અવનીમાં
પર્વત જેવી સ્વસ્થતા અને સુદ્દઢતા.
તમે સાચોસાચ 'અરૂણાચલ' ના મહર્ષિ છો !

**૪] દિલીપકુમાર રૉય :**

અંધકારથી આવૃત્ત યુગમાં
તમારા પરમપાવન ગહન પ્રકાશ સાથે
તમે અમને મળવા આવ્યા છો :
એ પ્રકાશરૂપી હળથી અમારી અંધશ્રદ્ધાની
ને મિથ્યાભિમાનની રાત્રીને ખેડી નાખશો
અને અંતિમ દિવ્ય દર્શનના બીજને વાવી દેશો.

**૫] ડન્કન ગ્રીનલીસ :**
મનની નાશવંત ભ્રમણાઓનાં દિવાસ્વપ્નોમાં વિચરનારા
આપણી વચ્ચે પર્વતના શિખર સમા
શાંત ને સ્થિર બનીને વસી રહ્યા છે, અને
આપણાં છાયાવાળાં હૃદયોમાં
ભારે ભવ્યતાપૂર્વક પ્રકાશી રહ્યા છે.
આપણા ઓરડાઓની અંધારી દીવાલોમાં
એમને કેદ નથી કરાય તેમ
ના. એમનો પવિત્ર પ્રભાવ અને અનેરો અનુગ્રહ
દૂર દૂર સુધી ફેલાઈ રહ્યો છે.
એમનો આત્મા વિશ્વમાં વ્યાપક બન્યો છે
અને એમની દ્વારા સૌ શાંતિ મેળવે છે.

એ સૌના અંતરાત્મા—અરૂણાચલના ગુપ્ત દેવતા છે.

**૬] ઈલીઆનોર પોલાઈન નોયે :**

મારા હૃદયમાં રહેનારા પ્રેમના પરમદેવ !
તમારું પ્રશસ્તિગીત અનંતકાળ સુધી ગાયા કરું.
તમે ઉપાસ્ય છો, કૃપાનિધાન છો.
તમારું પ્રેમાળ સ્મિત પૃથ્વીને પ્રકાશિત કરે છે :
તમે માતા જેવા માયાળુ ને પિતા જેવા પ્રતાપી છો,
તમારું સમસ્ત જીવન પરમપ્રેરક સંદેશ જેવું છે :
મને તમારી સંનિધિ આપો, તમારા અનુગ્રહના
અમૃતથી ભરી દો,
ગુરૂદેવ !
તમારા પરમપ્રેમ ને પ્રકાશથી મારા હૃદયને પૂરેપૂરું મઢી દો.

**૭] હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય :**

હે માનવોત્તમ, હે અત્યંત અલૌકિક !
અમારા સંઘર્ષો અને અમારાં સંકટોની સીમારેખા પર
તમે પ્રશાંતિપૂર્વક પ્રદીપની પેઠે પ્રકાશી રહ્યા છો.
તમારા પથપ્રદર્શનનો જ અમારે આધાર છે.
અને અમારા ઈશ્વર છો તો પણ તમને મિત્ર માનીએ છીએ.
જીવનના ઘાને રુઝવવા ને મટાડવા
તમારા એકાકી ઊર્ધ્વ આસન પરથી ઊતરીને
તમે નીચે આવો છો.
અમારા અંતરને તમારા આવાસસ્થાનમાં પલટાવો
અને અમારી ઉપર અનુગ્રહની વર્ષા વરસાવો
જેથી અમને તમારું સ્પષ્ટ પ્રત્યક્ષ દર્શન થાય,
અને જે કાંઈ કહીએ, કરીએ કે અનુભવીએ
તે દરમિયાન વૃત્તિ તમારી તરફ જાય.

* * *  * * *  * * *  * * *

છેલ્લે છેલ્લે કેટલીક સુંદર સંસ્કૃત ભાષામાં અપાયેલી અનુરાગપૂર્ણ અંજલિઓને એમના ભાવાર્થ સાથે જોઈ જોઈએ :

**૧) સુંદરાનંદ સ્વામી :**

स जयतु रमणमहर्षि निर्जगुणगणतुलित दिव्यसप्तर्षिः ।
प्रकटितनिजात्मविद्यो विज्ञानास्त्रेण शकलिताविद्यः ॥

પોતાના અદભુત દિવ્ય ગુણોની પરિપૂર્ણતાની દૃષ્ટિએ સપ્તર્ષિની સમતા કરનારા, અને આત્મવિદ્યાનું દાન કરીને અપરોક્ષ જ્ઞાનરૂપી અસ્ત્રથી અવિદ્યાનો અંત આણનારા શ્રી રમણ મહર્ષિનો જય જયકાર હો !

**૨) શ્રી જગદીશ્વર શાસ્ત્રી :**

भो ब्रह्मन् रमणेश ! तावकपदांभोजद्वये सांप्रत
विज्ञाप्यं रहसीदमेकमधुना श्रोतव्यमित्यर्थये ।
अज्ञातं भुवि नाणुमात्रमपि ते सर्वज्ञचूडामणे –
र्वक्तव्यं त्वननूदितं ननु नृणां मर्माणि निष्कृन्तति ॥

હે બ્રહ્મસ્વરૂપ, હે રમણ ! તમારા પવિત્ર ચરણે ઢળીને ગુપ્ત રીતે કશુંક કહેવા માગું છું. હું તમને અત્યારે જ પ્રાર્થના કરું છું. તમે સર્વજ્ઞચૂડામણિ હોવાથી સૃષ્ટિમાં સઘળું જાણો છો તો પણ જે કહેવાનું હોય તે ના કહેવાય તો અંતર ખોવાઈ જાય.

रमणभगवत्पादांभोजे सदा रमतां मनो
रमणभगवद् वक्त्रांभोजे मनः पिबतान्मधु ।
रमणभगवन्मूर्ति दिव्यां मुहुस्स्मरतान्मनो
रमणभगवत्पादाचार्यो ममास्तु परायणम् ॥

મારું મન હમેશાં ભગવાન રમણના પાદપદ્મમાં રમતું રહો ! મારું મન એમના વદનકમળના પીયૂષને રોજ રોજ પીયા કરો ! મારું મન એમના અલૌકિક સ્વરૂપનું નિરંતર સ્મરણ મનન કરો, અને મારું સમસ્ત જીવન ભગવાન રમણમાં રત બનો. એ જ મારું એક માત્ર ધ્યેય બનો.

**૩) શ્રી જગદીશ્વર શાસ્ત્રી :**

अरुणाद्रिदरीवासं करुणामयं विग्रहम् ।
तरुणादित्यसंकाशं रमणं गुरुमाश्रये ॥

અરૂણાચલ ગિરિની ગુફામાં વાસ કરનારા, કરુણાના મૂર્તિમંત સ્વરૂપ સરખા, ઊગતા સૂર્યના જેવા સુપ્રકાશિત, શ્રી રમણ ગુરૂનો આશ્રય લઉં છુ.

त्रातब्योऽयमिति प्रभो भयि द यास्याश्चेद् द्रुतं पाहि मां
किंवा दुष्कृतभिसत्कृतादिमननेनैवं नु युक्तं तत्र ।
कर्तुं लोकमुतापकर्तुमितरानापेक्षशक्तस्य ते
किंवा संप्रति वञ्चना बलवती कर्मानगुण्यं त्विति ॥

પ્રભુ ! તમારી ઈચ્છા હોય તો મારી વહેલી તકે રક્ષા કરો. મારા સદગુણોનો કે દુર્ગુણોનો વિચાર ના કરો. તમે બીજી કોઈયે બાહ્ય મદદ વિના તમારી સ્વતંત્ર ઈચ્છાથી જ બ્રહ્માંડનો પ્રભવ તથા વિલય કરી શકો તેમ છો, એટલે જો એવું કહેતા હો કે મારે મારાં કર્મોનું ફળ ભોગવવું પડે છે તો તેવા કથન પાછળ મને છેતરવા સિવાય બીજું કશું જ નથી દેખાતું.

**૪) શ્રી કૃષ્ણમાચાર્ય સ્વામી :**

कल्याणसर्वगुणपूर्णमपास्तदोष–
माश्चर्यचर्यमखिलाश्रितपारिजातम् ।
शोणाद्रिवासरसिकं चिरजीवमुक्तं
श्रीमद्रमारमणयोगिनमानमामः ॥

જે સર્વે મંગલમય ગુણોના મૂર્તિમંત સ્વરૂપ જેવા છે, સંસારના સઘળા દોષોથી મુક્ત છે, આશ્ચર્યકારક વર્તનવાળા છે, પોતાનો આશ્રય લેનારને માટે પારિજાત વૃક્ષ જેવા છે, શોણગિરિમાં રહેવામાં આનંદ માને છે, ને જીવનમુક્ત દશા પર દીર્ઘકાળથી પહોંચેલા છે, તે લક્ષ્મીના સ્વામી મહાયોગી રમણને અમે ભાવપૂર્ણ પ્રણામ કરીએ છીએ.

**૫) મહામહોપાધ્યાય મહાકવિ શ્રી લક્ષ્મણ સૂરિ :**

वन्देऽरुणगिरिखरे द्वितीयमरुणाचलेशमिव भान्तम् ॥
आनन्दतुन्दिले श्री रमणमहर्षिन्द्रयोगीन्द्रम् !

યોગીઓ અને મહર્ષિઓમાં સર્વશ્રેષ્ઠ, આનંદસ્વરૂપ, અરૂણાચલ પર રહેતા બીજા અરૂણાચલેશ્વરની સમાન શોભતા, શ્રી રમણને વંદું છું.

स जयति रमणयतीन्द्रो निजानुभूत्या प्रसन्नात्मा ।
वियदिव वस्य न चेतो भौतिकदोषानुबान्धनिर्मुक्तम् ॥

તપસ્વીઓના શિરમુકુટ, સ્વાનુભૂતિને પરિણામે પ્રસન્ન, આકાશની પેઠે એકદમ અલિપ્ત ને લૌકિક દોષોથી મુક્ત મનવાળા, રમણ મહર્ષિ સદા વિજયી થાય છે.

**૬) કપ્પુસ્વામી શાસ્ત્રી '**

वंदे श्री रमणं पवित्रहृदयं षड्वर्गविध्वंसिनं
वेद्यं यागविशारदै प्रतिदिनम वन्द्य सता मानवैः ।
तुर्यातीतपदस्थितं सकरुणं दीप्ताग्निशैलस्थितं
मज्जन्मान्तरपुण्यपाकवशतः प्राप्तं प्रभु सद् गुरूम् ॥

પવિત્ર હૃદયવાળા શ્રી રમણ મહર્ષિને વંદન કરું છું. એ અરૂણાચલ પર્વત પર વાસ કરે છે, ષડ્ રિપુઓનો નાશ કરનારા છે. કેવળ યોગવિદ્યામાં વિશારદ મહાપુરૂષો જ એમને જાણી અથવા ઓળખી શકે છે. સત્પુરૂષોએ એમને સદાય પ્રણામ કરવા જેવા છે. સહજ સમાધિમાં સ્થિત છે ને કૃપાનિધાન છે. મારા જન્માંતરનાં પુણ્યોના પરિણામે જ મને એ ભગવાન રમણની સદગુરૂ રૂપે પ્રાપ્તિ થઈ છે.

**૭) શ્રી મલ્લાદિ સૂર્યનારાયણ શાસ્ત્રી :**

वंदे रमणमहर्षिं वसुधातलवर्तमानदेवर्षिम् ।
मूर्ती भवत्प्रबोधं मुखतेजोधूतभक्तदुर्बोधम् ॥

પૃથ્વી પરના પ્રત્યક્ષ દેવર્ષિ, જ્ઞાનના સાકાર સ્વરૂપ સરખા રમણ મહર્ષિને વંદન કરું છુ. પોતાના મુખમંડળ પરથી પ્રકટતા પરમ પ્રકાશ દ્વારા એ ભક્તોના ઘોર અજ્ઞાનાંધકારને દૂર કરે છે.

**૮) શ્રી કાવ્યકંઠ ગણપતિ મુનિ :**

वंदे श्रीरमणेर्षराचार्यस्य पदाब्ज्म् ।
यो मेऽदर्शयदीज्ञं भान्तं ध्वान्तमतीत्य ॥

જેમણે મને અજ્ઞાનાંધકારથી પાર કરીને પરમપ્રકાશયુક્ત પરમાત્માનું દર્શન કરાવ્યું તે પરમગુરૂ રમણ મહર્ષિના ચરણ કમળમાં વંદન કરું છું.

चतुरेण चलेन्द्रियनिग्रहणे
पटुना परकीय गुणग्रहणे ।
छलवर्जितमौन समाधिजुषा
बलतर्जितभीकरकामरुषा ॥

જે ચંચલ ઈન્દ્રિયોના નિગ્રહમાં નિષ્ણાત છે, બીજાના ગુણોનું દર્શન કરવાના સુંદર સ્વભાવથી સંપન્ન છે, નિષ્કપટ અને સરળ મૌનસમાધિમાં લીન છે, અને જેમણે ક્ષુલ્લક વિનાશકારક કામનાઓમાંથી કાયમને માટે મુક્તિ મેળવી છે, તે મહર્ષિને વંદન કરું છું.

अतीतगुणजालाय
नैष्ठिकब्रह्मचारिणे ।
नमो मायामनुष्याय
गुरवे तारकारये ॥

જે ગુણોના બંધનને ભેદીને ત્રિગુણાતીત બન્યા છે, નૈષ્ઠિક બ્રહ્મચારી છે, અને લીલાતનુને ધારણ કરીને પૃથ્વી પર સ્વેચ્છાપૂર્વક પ્રકટ થયા છે, તે તારકાસુરના નાશક શિવસ્વરૂપ સદગુરૂને વંદન કરું છું.

शान्तिर्नितान्तमधिका परमास्य शक्ति–
वैराग्यम् दभुततमं करुणा तु सान्द्रा ।
ज्ञानं निरस्तकुहनं मधुरं च वृत्तं
नृणां निदर्शनमयं रमणो महर्षिः ॥

શ્રી રમણ મહર્ષિ સંસારને માટે મહામૂલ્યવાન આદર્શરૂપ છે. એમની શાંતિ અસીમ છે, શક્તિ અતિશય અસાધારણ છે, કરુણાની તો એ મૂર્તિ જ છે. એમનો વૈરાગ્ય અદભુત. એમનું જીવન મધુમય અને આદર્શ તથા એમનું જ્ઞાન અવિદ્યારૂપી અંધકારનો નાશ કરવાની ક્ષમતાવાળું છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૫૦] પ્રેરક પ્રસંગો

પરમાત્માપ્રેમી પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોનાં જીવન અત્યંત આકર્ષક ને પ્રેરક હોય છે તથા જુદી જુદી જાતના જીવનોપયોગી પ્રેરક પ્રસંગોથી ભરેલાં હોય છે. નિર્મળતામાં એમને ભગવતી ભાગીરથીના નિર્મળ નીરની સાથે સરખાવી શકાય અને પરિમલનો વિચાર કરીએ તો પુષ્પ સાથે. પુષ્પની પાંખડીઓની પેઠે એમના આદર્શ વ્યક્તિત્વનાં વિવિધ પાસાં એકસરખાં આકર્ષક, આનંદદાયક, અદ્ભૂત અને કળાત્મક હોય છે. નદીના નિર્મળ નીરની પેઠે રસમય હોય છે. મહર્ષિના સંબંધમાં પણ એ વિધાન સાચું ઠરે છે. એમના જીવનમાં અસંખ્ય પ્રેરક પ્રસંગો પથરાયેલા પડ્યા છે. એ જીવનના કેટલાક પ્રસંગોનું વિહંગાવલોકન કરીને જ આપણે સંતોષ માનીશું તો પણ એ વિહંગાવલોકન એ મહાપુરૂષના વિશાળ વ્યક્તિત્વનાં અનેકવિધ અંગોને જાણવામાં અને એ રીતે એમનો સર્વાંગીણ પરિચય કરાવવામાં મદદરૂપ બનશે એવી આશા છે.

### [૧] જાગૃતિ

રમણ મહર્ષિ કેટલા બધા જાગ્રત હતા એનો ખ્યાલ સામાન્ય માનવોને સહેલાઈથી નહિ આવી શકે. જાગૃતિનું સ્થાન જીવનમાં ખૂબ જ મહત્વનું છે. સાધકાવસ્થા દરમિયાન તો એનું મહત્વ છે જ, પરંતુ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થયા પછી પણ એની ઉપેક્ષા ના થઈ શકે. સિદ્ધાવસ્થાએ આરૂઢ થયેલા મહાપુરૂષના જીવનમાં આત્મજાગૃતિ સહજ બની જાય છે. બીજાની દૃષ્ટિએ જે ઘટનાઓ છેક સાધારણ લાગે છે તેવી ઘટનાઓ દરમિયાન પણ એ સહેજ પણ ગાફેલ નથી બની શકતા.

મહર્ષિ ભોજનાલયમાં સૌની સાથે બેસીને ભોજન કરતા.

બીજા બધાને જે ભોજન આપવામાં આવતું તે જ પોતાને પણ મળે એવો એ આગ્રહ રાખતા અને આશ્રમમાં રહીને કોઈ પણ પ્રકારનો વિશેષ અધિકાર ના ચાહતા.

એકવાર એવું બન્યું કે ભોજન પીરસનારી બાઈએ એમના ભાતમાં બે ચમચી ઘી નાખી દીધું.

પ્રસંગ ઘણો નાનો હતો છતાં એમની સુસૂક્ષ્મ અવલોકનપ્રિય જાગ્રત નજરથી છૂપો ના રહ્યો.

આશ્રમમાં એ વખતે જમતી વખતે ભાતમાં સૌને એક ચમચી ઘી આપવામાં આવતું. મહર્ષિને પણ એક જ ચમચી ઘી મળતું. એ સર્વસામાન્ય પ્રથાને પીરસનારે જાણ્યે-અજાણ્યે ભંગ કર્યો તે એ મહાપુરૂષ કેવી રીતે ચલાવી શકે ? એમણે તરત જ પીરસનારની આગળ મીઠો વિરોધ નોંધાવતાં કહ્યું : 'આ શું ? મને બે ચમચી ઘી કેમ આપ્યું ?'

પીરસનારે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો, પરંતુ મહર્ષિને એટલાથી સંતોષ ના વળ્યો. ભૂલનો સ્વીકાર કર્યા પછી તેને સુધારવી જોઈએ. ત્યારે જ એ પ્રક્રિયા પરિપૂર્ણ થયેલી કહી શકાય.

એમણે એ પતરાળામાં જમવાની ના પાડી ને કહ્યું : 'બધાને બે ચમચી આપો છો કે એક ?

'એક.'

'તો પછી મારા પ્રત્યે આવો પક્ષપાત કેમ ? જો બધાને બે ચમચી ઘી આપી શકતા હો તો મને પણ આપો. નહિ તો આ પતરાળું પાછું લઈ જાવ ને બીજું લાવીને ફરીથી પીરસો. મારો અધિકાર આશ્રમમાં બીજા કરતાં વધારે નથી.'

પીરસનારને માથે ધર્મસંકટ આવી પડ્યું. પરંતુ બીજો કોઈ રસ્તો ના રહ્યો એટલે એ પતરાળું પાછું લઈ જવું પડ્યું.

બીજું પતરાળું આવ્યા પછી એમાં નવેસરથી ભાત પીરસાયો અને એક ચમચી ઘી આપવામાં આવ્યું ત્યારે મહર્ષિને સંતોષ થયો અને એમણે જાણે કશું જ ના બન્યું હોય તેમ સ્થિતપ્રજ્ઞની પેઠે સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક જમવાનું શરૂ કર્યું.

ભોજનાલયમાં જમવા બેઠેલા દર્શનાર્થીઓને માટે એ પ્રસંગ પવિત્ર પદાર્થપાઠરૂપ થઈ પડ્યો.

આપણા સમાજસેવાની સંસ્થાના સંચાલકોને અને આશ્રમના અધ્યક્ષોને અથવા મઠના મહંતોને માટે એ પ્રસંગમાં કેટલો બધો મહાન પ્રેરક સુંદર સંદેશ સમાયલો છે ! એકલા એમને જ માટે કેમ ? સૌને માટે.

### [૨] કૃપાની વિલક્ષણતા

એ દિવસ ઈ. સ. ૧૯૪૯ની પાંચમી સપ્ટેમ્બરનો હતો.

એ દિવસે સવારે એક ભાવિક ભક્તે મહર્ષિને એક સુંદર લાકડી ભેટ આપી. લાકડી સીસમ જેવા સરસ લાકડાની અત્યંત આકર્ષક હતી. મહર્ષિ એને હાથમાં લઈ, આમતેમ ફેરવીને ભારે રસપૂર્વક જોવા માંડ્યા. એના પ્રત્યેક ભાગનું એમણે ખૂબ જ સૂક્ષ્મતાપૂર્વક અવલોકન કર્યું.

એ પછી ભક્તને લાકડી પાછી આપવા માંડી ત્યારે ભક્તે જણાવ્યું કે આ લાકડી ખાસ તમારે માટે લાવ્યો છું અને મેં તમને ભેટ આપી છે.

મહર્ષિએ સુમધુર સ્મિત કરીને પૂછ્યું : 'લાકડી લઈને શું કરું ?'

અને પછી ત્યાં ભેગા થયેલા ભક્તસમુદાય તરફ ફરીને કહેવા લાગ્યા : 'એક વખત એવો પણ હતો જ્યારે હું મારા હાથે લાકડીઓ તૈયાર કરતો અને બીજાને ભેટ આપતો. હવે વખત બદલાયો છે એટલે એ કામ બંધ પડ્યું છે ને ભક્તો લાકડીઓ લઈને મને ભેટ કરવા આવી પહોંચે છે. પરંતુ બધી લાકડીઓને એકઠી કરીને હું શું કરીશ ? આ લાકડીનો ધારો કે સ્વીકાર કરું તો પણ એ મારી પાસે વપરાયા વગર એમને એમ જ પડી રહેશે અને એક દિવસ કોઈક લઈ જશે. એ વખતે ભેટ આપનારને માઠું લાગશે. એના કરતાં આ લાકડીને અત્યારે જ પાછી લઈ જાય એ શું વધારે સારું નથી લાગતું ? લાકડી મારી સ્મૃતિરૂપે રહેશે અને એને જોઈને એ મને હમેશાં યાદ કરશે.'

એમના શબ્દો સાંભળીને ભક્તો હસવા લાગ્યા.

પેલા ભક્તની નિરાશાનો અંત આવ્યો. એમને થયું કે મહર્ષિ પોતાની વિલક્ષણ રીતે આવી રીતે પોતાના પર કૃપા કરવા માગે છે. મહર્ષિએ પાછી આપેલી લાકડીનો સ્વીકાર કરતાં એમને સહેજ પણ દુઃખ ના થયું. એમનું હૃદય મહર્ષિની લાગણી જોઈને ભરાઈ આવ્યું. એ ગદ્ગદ સ્વરે બોલી ઊઠ્યા : 'તમારા અસાધારણ અનુગ્રહથી હું ખરેખર ધન્ય બન્યો છું. આ લાકડી તમારી પરમકૃપાના નાનાસરખા પ્રતીકરૂપ

બની ગઈ છે. એનું મૂલ્ય મારે માટે ઘણું મોટું છે. એને મારા જીવનના છેલ્લા દિવસ સુધી મારી સાથે રાખીશ.'

ભક્તની આંખ અશ્રુબિંદુથી ભરાઈ ગઈ.

એમણે સંપૂર્ણ સંતોષપૂર્વક વિદાય લીધી.

જીવનની જટિલ યાત્રામાં એમને મહર્ષિનો અમોઘ આધાર મળ્યો અને મહર્ષિએ પ્રકારાંતરે પોતાનો સ્વીકાર કર્યો એવું લાગવા માંડ્યું.

જીવનની જડ અથવા જટિલ યાત્રાને સરળ તથા સુખમય કરવા માટે મહર્ષિએ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આવા કેટકેટલા આધારો પૂરા પાડ્યા હશે અને કેટકેટલાનાં જીવનને પોતાની વિલક્ષણ કૃપાવૃષ્ટિ વરસાવીને આશામય, શાંતિસભર, સુખપ્રદ, સમુજ્જ્વલ તથા સફળ કે કૃતાર્થ કર્યાં હશે તે કોણ કહી શકે ?

**[3] સરળતા**

મહર્ષિ ભારે વિનોદપ્રિય હતા.

એ સાચા સ્વાત્મનિષ્ઠ સંત હોવાથી પોતાની મહત્તાને વધારવામાં કદી પણ રસ ના લેતા.

બાહ્ય સિદ્ધિઓ એમને કદી આકર્ષી ના શકતી. જે લોકો એમની પાસે જુદી જુદી સ્થૂલ સિદ્ધિઓનાં દર્શનની કામનાથી આવતા એમને એ આત્મસિદ્ધિને માટે ઉત્સાહિત કરતા.

તો પણ એમની આજુબાજુ સિદ્ધિની વિવિધ વાતો એમની ઈચ્છાની વિરુદ્ધ જ વહેતી રહેતી. એમાંની એક વાત એ અરૂણાચલ પર્વત પર રહેતા તે વખતની હતી.

સ્કંદાશ્રમના નિવાસના એ દિવસોમાં માતા અલઘમ્મા પણ એમની સાથે રહેતાં

એકવાર મહર્ષિ સ્કંદાશ્રમના શાંત ઓરડામાં સમાધિમાં મગ્ન બનીને બેઠેલા ત્યારે માતા અલઘમ્મા એ ઓરડાને બહારથી સાંકળ મારી બંધ કરીને શહેરમાં જવા ચાલી નીકળ્યાં.

મહર્ષિને સાધનારત હોવાથી એની ખબર ના પડી.

શહેરનું કામકાજ પૂરું કરીને માતા અલઘમ્મા પાછાં આવ્યાં તો એમના આશ્ચર્યનો પાર ના રહ્યો.

એમની બુદ્ધિ કશું કામ ના કરી શકી.

એમના અસાધારણ આશ્ચર્યનું કારણ એ હતું કે સ્કંદાશ્રમના ઓરડાની સાંકળ એવી જ વાસેલી હતી અને મહર્ષિ કોણ જાણે કેવી રીતે પણ ઓરડામાંથી બહાર નીકળીને બગીચામાં એક વૃક્ષની નીચે બેઠા હતા !

માતા અલઘમ્મા એ અદ્ભુત ચમત્કારના રહસ્યને ના સમજી શક્યાં. મહર્ષિની અંદર આટલી બધી વિલક્ષણ સિદ્ધિ સમાયેલી છે એની પ્રતીતિ એમને આ પહેલવહેલી જ થઈ શકી. એમને મહર્ષિને માટે જુદી જ જાતનું માન પેદા થયું.

મહર્ષિની અસાધારણ સિદ્ધિની એ કથા ક્રમે ક્રમે બીજા લોકોમાં ફેલાવા લાગી. સૌ કોઈને એ સાંભળીને સ્વાભાવિક રીતે જ નવાઈ લાગી.

પરંતુ પોતાની આસપાસ એવી આશ્ચર્યકારક સિદ્ધિની વાતની સૃષ્ટિ થાય એ મહર્ષિ જેવા સાચા સંતપુરૂષને કેવી રીતે પસંદ પડી શકે ? એક દિવસ પ્રસંગ નીકળતાં એમણે સૌના આશ્ચર્ય વચ્ચે જણાવ્યું કે એમાં ચમત્કાર કે સિદ્ધિ જેવું કશું જ નથી.

‘કેમ નથી ?’ ભક્તોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું : ‘આટલી બધી લોકોત્તર મહાન સિદ્ધિનું મહત્વ તમને કશું જ નથી લાગતું ?’

‘પરંતુ એ સિદ્ધિ હોય તો ને ?’

‘સિદ્ધિ નથી તો શું ચમત્કાર છે ?’

‘ચમત્કાર પણ નહિ.’

‘તો પછી શું છે ?’

‘એ તો એક સીધીસાદી વાત છે પરંતુ એની પૂરતી માહિતી ના હોવાથી એને માટે ગેરસમજ થઈ છે.’

‘એટલે ?’

‘તમારે એ સિદ્ધિનું સાચું રહસ્ય સાંભળવું છે ?’

‘અવશ્ય સાંભળવું છે.’

‘તો પછી સાંભળો. તમને આનંદ આવશે. માતા અલઘમ્માએ પૂરતી ખબર ના હોવાથી એ વાતને સિદ્ધિમાં ખપાવીને વધારી દીધી છે. બાકી હકીકત તો એવી હતી કે એ શહેરમાં ગયાં તે પછી હું સમાધિમાંથી જાગ્યો ત્યારે મેં બારણાની સાંકળને અંદરથી હાથ નાખીને લાંબા વખતની ટેવને લીધે કોઈ પણ પ્રકારના પરિશ્રમ વગર ઉઘાડી નાખી અને બહાર આવ્યા પછી એ સાંકળને પાછી વાસી દીધી. એમાં ચમત્કાર હતો કે નહિ તે હવે તમે જ વિચારી લો. પરંતુ લોકોને એની ખબર હોય ત્યારે ને ? અને ધારો કે ખબર પડે તો પણ એ મારી વાતને માને તેમ થોડા જ છે ? ’

એટલું કહીને મહર્ષિ હસવા માંડ્યા ને શ્રોતાઓ પણ એમની વિનોદવૃત્તિથી પ્રભાવિત થઈને હસવા લાગ્યા.

પરંતુ એ પ્રસંગમાં માત્ર વિનોદવૃત્તિ જ નથી સમાયેલી પણ એ ઉપરાંત બીજું ઘણું છે. એમની સરળતા, નમ્રતા, નિષ્કપટતા ને સત્યપ્રિયતાનું એમાં દર્શન થાય છે. કેટલાક અધકચરા સાધકો કે સંતો પોતાના મહિમાની વાતોને વધારવામાં માને છે અને પોતાને સિદ્ધિઓનું અથવા ચમત્કારોનું પ્રદર્શન કરવાની ક્ષમતાવાળા જાહેર કરવામાં ગૌરવ લે છે. પોતાની સાચી ખોટી સિદ્ધિઓની વાતોને ફેલાતી જોઈને એમને આનંદ આવે છે. એ સંદર્ભમાં મહર્ષિના જીવનનો આ પ્રસંગ એમની સત્વશીલતા તેમજ મહાનતાની પ્રતીતિ કરાવનારો હોવાથી મૂલ્યવાન છે.

### [૪] અંતર્યામીત્વ

મહર્ષિ બીજાના મન અથવા અંતરને સારી પેઠે જાણી શકતા. એ હકીકતને પુરવાર કરનારા પ્રસંગો એમના જીવનમાં અવારનવાર બનતા રહ્યા છે. એમની અંદર રહેલી અલૌકિક શક્તિને લીધે એ સૌ કોઈના

હૃદયને સ્પષ્ટપણે જોઈ શકતા. એમનાથી કશું છૂપું નહોતું રહેતું. એ વાતનો અનુભવ એમના સમાગમમાં આવેલા અનેકને થઈ ચૂક્યો છે.

એકવાર મૈસુરનો એક યુવક આશ્રમમાં આવીને ત્યાંના વિશુદ્ધ વાતાવરણથી પ્રભાવિત થઈને રહેવા માંડ્યો. આશ્રમમાં એ મહિનાઓ સુધી રહ્યો તે દરમિયાન રોજ મહર્ષિની સામે હૉલમાં બેસીને ધ્યાન કર્યા કરતો. બહારથી જોતાં એ ઊંડા ધ્યાનમાં ડૂબી ગયો હોય એવું લાગ્યા વિના રહેતું નહિ. એની એવી પ્રવૃત્તિ જોઈને બીજા સાધકો, ભક્તો ને દર્શનાર્થીઓ એના પ્રત્યે વિશેષ પ્રેમથી જોવા લાગ્યા. આશ્રમના સંચાલકો એને સંસ્કારી સમજીને એનું ખાસ ધ્યાન રાખવા માંડ્યા.

પરંતુ મહર્ષિ એના તરફ જરા પણ ધ્યાન ના આપતા. એ આશ્રમમાં આવ્યો ત્યારથી જ એ એના પ્રત્યે એકદમ ઉદાસ રહેતા. એ કેટલીક વાતોમાં એનો વિરોધ પણ કરતા, અને એને સહેજ પણ મહત્વ ના આપતા.

કેટલાક માણસોએ એમને એ બાબત પૂછ્યું પણ ખરું - તો મહર્ષિએ તરત જ જણાવ્યું : ‘હું એનું શું ધ્યાન આપું ? તમને ખબર છે કે એ આટલા બધા દિવસોથી શાનું ધ્યાન કરી રહ્યો છે ?’

‘શાનું કરી રહ્યો છે ?’

‘તમે કલ્પના કરી શકો છો ?’

‘કલ્પના તો ઈશ્વરનું ધ્યાન કરતો હશે એવી જ કરી શકાય છે.’

‘એ જ જોવાનું છે ને ? એ નોકરીનું ધ્યાન કરી રહ્યો છે.’

‘નોકરીનું ?’ મહર્ષિનો ખુલાસો સાંભળીને સૌને નવાઈ લાગી,

‘હા. નોકરીનું.’

મહર્ષિએ વિશેષ સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું :

‘એ ઈશ્વરનું ધ્યાન નથી કરતો પરંતુ નોકરીને માટે મને પ્રાર્થના કરે છે. લૌકિક લાલસાની પૂર્તિ કરવાની આકાંક્ષાવાળા માણસોએ એમની પૂર્તિ થવાનો સંભવ હોય ત્યાં જ જવું જોઈએ. મારાથી એને માટે કશું જ નહિ કરી શકાય. હું અહીં લોકોને નોકરીઓ આપવા બેઠો છું ? હું સંપત્તિ વિનાનો એક અકિંચન સન્યાસી છું.’

પેલા યુવાને મહર્ષિના શબ્દો સાંભળીને કબૂલ કર્યું કે એ શબ્દો છેક સાચા હતા.

એ પ્રસંગથી ભક્તોને મહર્ષિની લોકોત્તર શક્તિનો પુરાવો મળ્યો.

પેલા યુવકને તિરુવણ્ણામલૈ શહેરની સ્કૂલમાં નોકરી કરવાનું કહેવામાં આવ્યું તો પણ એનું મગજ એટલું બધું ભ્રાંત બની ગયું કે એણે એની અવગણના કરી.

થોડાક વખત પછી એણે નોકરીને બદલે મહર્ષિનું ધ્યાન ધરવાનું શરૂ કર્યું.

મહર્ષિ પાસેથી અસાધારણ શક્તિભંડારને હસ્તગત કરવાની ઈચ્છાથી પ્રેરાઈને એ એમની સામે બેસીને કલાકો લગી ધ્યાન કરવા માંડ્યો.

એક દિવસ પોતાના ધ્યાનની પરાકાષ્ઠા રૂપે ભાવાવેશમાં આવીને એ કાચ પર બેઠેલા મહર્ષિને એકાએક ભેટી પડ્યો ને ‘પિતા  પિતા !’ પોકારવા લાગ્યો,

એના એવા અદ્ભુત અભિનયથી પણ મહર્ષિ જરા પણ પ્રભાવિત ના થયા. એ સંપૂર્ણ શાંત જ રહ્યા.

**[૫] આદર્શનિષ્ઠા**

એકવાર રમણાશ્રમમાં એક પરદેશી પ્રવાસી આવી પહોંચ્યા.

એ ભારતનાં જુદાં જુદાં સ્થળોનો પ્રવાસ કરવા નીકળેલા.

એમની સાથે એમનો મદદનીશ પણ હતો.

એ બંનેને ભારતીય સંગીતનું રેકર્ડીંગ કરવામાં રસ હોવાથી એ ઉદ્દેશની પૂર્તિ માટે જુદાં જુદાં સાધનો સાથે એ પ્રવાસ કરતા.

આશ્રમમાં આવીને એમણે મહર્ષિનાં દર્શનનો લાભ લીધો પરંતુ એમની ભૂમિકા જુદી હોવાથી એમને એમની સંનિધિમાં વિશેષ રસ ના પડ્યો. એમની મહત્વકાંક્ષા સામવેદનું રેકર્ડીંગ કરવાની હોવાથી એમણે એને માટે તપાસ કરવા માંડી.

પરંતુ એ મહત્વકાંક્ષાની પૂર્તિનું કામ ધાર્યા જેટલું સહેલું નહોતું. એક તો સામવેદમાં પારંગત પંડિતો જ બહુ ઓછા હતા ને જે થોડાક હતા તે પણ ખૂબ જ રૂઢિચુસ્ત હોવાથી એના મંત્રોનું રેકર્ડીંગ કરવા માટે તૈયાર થાય કે કેમ એ શંકાસ્પદ હતું.

ગણપતિ શાસ્ત્રીએ એમને તિરુવણ્ણામલૈ આવવાનું આમંત્રણ આપેલું ને કહેલું કે તિરુવણ્ણામલૈમાં અથવા એની આસપાસના પ્રદેશમાં એવા વેદપાઠી પંડિતો મળી શકશે અને એમની મદદ પણ મળી રહેશે. એમના એવા આશ્વાસનને લીધે જ એ આવેલા.

લાગતાવળગતા લોકોના પુષ્કળ પ્રયત્નો પછી સામવેદ જાણનારા બે વિદ્વાન પંડિત મળ્યા તો ખરા પરંતુ એમણે પોતાના સ્વરનું રેકર્ડીંગ કરવામાં આવે એ પ્રસ્તાવનો વિરોધ કર્યો. એમણે જણાવ્યું કે વેદનો પાઠ જાહેર રીતે કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. એ મનાઈનો ભંગ કરવાની અમારી ઈચ્છા નથી કારણ કે અમે શાસ્ત્રોના આદેશો પ્રત્યે આદરભાવ રાખીએ છીએ. અમારા સ્વરનું રેકર્ડીંગ કરવામાં આવે તો પાછળથી એ રેકર્ડીંગ કોઈ પણ પ્રકારના ભેદભાવ કે વિવેક વગર સૌ કોઈને સંભળાવવામાં આવે અને એવી રીતે પરંપરાગત શાસ્ત્રાજ્ઞાનો ભંગ થાય.

પેલા પરદેશી પ્રવાસીઓની સ્થિતિ કફોડી થઈ પડી. એમણે બીજા કેટલાક મિત્રોની મદદથી વેદપાઠી પંડિતોને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો. પહેલાં તો પંડિતોએ વેદનું જાહેર ગાન કરવાની ઘસીને ના પાડી પરંતુ પાછળથી એક શરતે તૈયારી બતાવી કે સામવેદનું એમનું રેકર્ડીંગ મહર્ષિની સંનિધિમાં કરાવું જોઈએ.

એ શરત તદ્દન સાધારણ હોવાથી એનો લાગતાવળગતા સૌએ સહર્ષ સ્વીકાર કર્યો.

પેલા પરદેશી પ્રવાસીઓ અત્યંત આનંદમાં આવી ગયા. એમણે પંડિતોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

આશ્રમના મેનેજર પાસે પહોંચીને એમણે અનુજ્ઞા માગી એટલે મેનેજરની અનુમતિ પણ તરત જ મળી ગઈ.

નિશ્ચિત સમયે હૉલની પાસે મશીનવાળી મોટર લાવવામાં આવી. હૉલમાં માઈક્રોફોનની વ્યવસ્થા કરવામાં આવી.

મહર્ષિને એ કાર્યક્રમની પહેલેથી કશી માહિતી ના હોવાથી એ સંબંધી પૂછવા માડ્યું તો એમને એ સમસ્ત ઘટનાચક્રથી વાકેફ કરવામાં આવ્યા.

સઘળી વાતને સાંભળી લીધા પછી એમણે કહ્યું : 'આ બધું લઈ જાવ.'

પરદેશી પ્રવાસીઓ તથા બીજા શ્રોતાઓ આશ્ચર્યમાં પડી ગયા. પરંતુ એથી શું ? મહર્ષિનો આદેશ અફર અથવા અંતિમ હતો.

પરદેશીઓને એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં રોષ થઈ આવે એ તદ્દન સ્વાભાવિક હતું. એમણે આટલી બધી તૈયારી કરી પંડિતોને પણ રેકર્ડીંગ કરાવવા માટે પ્રસન્ન કર્યા અને હવે રેકર્ડીંગ કરવાનો અવસર આવ્યો ત્યારે મહર્ષિએ બધી મહેનત પર પાણી ફેરવી દીધું એવું જ કહેવાય ને ?

મહર્ષિના વિરોધનું કારણ સ્પષ્ટ હતું. પંડિતો એમનો આશ્રય લઈને અથવા એમને નિમિત્ત બનાવીને પોતાના પરંપરાગત નિયમને તોડવા માટે જે રીતે તૈયાર થયા તે એમને પસંદ નહોતું. પંડિતોની ઈચ્છા હોય તો એ વેદપાઠનું રેકર્ડીંગ ગમે ત્યાં કરાવે તેમાં એમને કશી હરકત નહોતી પરંતુ એમની ઉપસ્થિતિમાં રેકર્ડીંગ થાય ને પાછળથી પંડિતો એવો એકતરફી પ્રચાર કરે કે અમે મહર્ષિની અનુમતિથી રેકર્ડીંગ કરાવેલું એ સ્થિતિ એમને માન્ય નહોતી ને આદર્શ નહોતી લાગતી.

એમની એ અસાધારણ આદર્શનિષ્ઠા સાચેસાચ સ્તુત્ય હતી એમાં સંદેહ નહિ.

### [૬] મહર્ષિની દૃષ્ટિ

રમણાશ્રમમાં આવનારા સૌ કોઈ ભોજનશાળામાં સાથે બેસીને એક જ જાતનું ભોજન કરતા તો પણ ભોજનશાળાની વ્યવસ્થા જોઈને કોઈક મુલાકાતીઓને વિચાર આવતો કે મહર્ષિ પોતે જ્ઞાતિભેદથી પર હોવા છતાં એમના આશ્રમની ભોજનશાળામાં જ્ઞાતિભેદને શા માટે ચાલવા દે છે ?

એવો વિચાર આવવાનું એક કારણ હતું. ભોજનાલયના વિશાળ ભાગને એક પડદાની મદદથી બે વિભાગોમાં વહેંચી દેવામાં આવેલો. પડદાની એક બાજુએ બ્રાહ્મણો બેસતા ને બીજી બાજુએ બીજી જ્ઞાતિવાળા. મહર્ષિ પોતે એ બંને પંક્તિવાળાની વચ્ચે અથવા સામી બાજુએ એવી રીતે બેસતા કે બંને બાજુએ બેઠેલા ભક્તો એમને જોઈ શકે.

એ પદ્ધતિને જોઈને કેટલીકવાર ફરીયાદ પણ કરવામાં આવતી.

મહર્ષિને પુછાતું પણ ખરું : 'તમે જ્ઞાતિથી પર નથી ?'

'છું.' મહર્ષિ ઉત્તર આપતા ને કહેતા : 'એટલા માટે તો હું બંનેની વચ્ચે બેસું છું.'

'તો પછી તમે જ્ઞાતિપ્રથાને ચાલવા શા માટે દો છો ?'

મહર્ષિ જ્ઞાતિપ્રથાને ચાલવા દેતા એટલું જ નહિ, એનો આગ્રહ પણ રાખતા એ જોઈને કેટલાક ભક્તો આશ્ચર્યમાં પડતા.

કેટલાક બ્રાહ્મણોએ એકવાર એમને જણાવ્યું : 'તમારી સંનિધિમાં સઘળું સરખું છે અને અમને કશો જ ભેદભાવ નથી લાગતો. અમે પડદાની બીજી બાજુ પણ બેસી શકીશું.'

પરંતુ મહર્ષિ એમના પ્રસ્તાવ સાથે સંમત ના થતા અને પૂછતા : 'તમે તમારા ઘરમાં બ્રાહ્મણ સિવાયના બીજાની સાથે જમો છો ખરા ?'

'ના. પરંતુ ભગવાન સાથેની વાત જુદી જ છે. '

'એનો અર્થ તો એવો થયો કે તમારા જ્ઞાતિ સંબંધી નિયમોનો ભંગ કરવા માટે તમે મારો જાણ્યે–અજાણ્યે ઢાલ તરીકે ઉપયોગ કરવા માગો છો ! જો જ્ઞાતિના નિયમોનું પાલન તમે બહાર પણ ના કરતા હો તો અહીં પણ એમનું પાલન ના કરો એની હરકત નથી. પરંતુ અમારા ઓથા નીચે તમે એવું કશુંક કરો તે લેશ પણ ઉચિત નથી, જે ઘરમાં રહીને કરવાનું ખરાબ છે એવું માનતા અથવા મનાવતા હો.'

બ્રાહ્મણો એ સાંભળીને નિરુત્તર બની ગયા.

બીજા જિજ્ઞાસુઓ પણ શાંત થયા.

એ મહર્ષિની દૃષ્ટિની વિશદતા તથા સૂક્ષ્મતાને સમજી શક્યા. મહર્ષિ પ્રત્યેક પ્રથાને જીવનમાં સ્વાભાવિક બનાવી દેવા માગે છે એ વાતની પ્રતીતિ કરતાં એમને વાર ના લાગી.

### [૭] શક્તિ

મહર્ષિની અસાધારણ શક્તિની વિભિન્ન વાતો એમના ભાવિક ભક્તો તથા પ્રશંસકોમાં પ્રચલિત છે. એ વાતો પરથી એમની અલૌકિક આત્મિક શક્તિનું અનુમાન કરી શકાય છે. એ સંબંધી એક નાનકડા પ્રસંગને યાદ કરી જઈએ.

એ પ્રસંગ દક્ષિણ ભારતના એક વૃદ્ધ પુરૂષનો છે.

એ વૃદ્ધ પુરૂષને લાંબા વખતથી મહર્ષિના દર્શનની ઈચ્છા થયેલી. પરંતુ એનું શરીર વ્યાધિગ્રસ્ત હોવાથી એની ઈચ્છાનો અમલ નહોતો થઈ શક્યો. એના પુત્રો આજ્ઞાંકિત તેમજ સેવાભાવી હોવા છતાં એ ઈચ્છાની પૂર્તિના સમયને લંબાવ્યા કરતા.

દિવસે દિવસે મહર્ષિનાં દર્શનની એ વૃદ્ધ પુરૂષની ઈચ્છા વધારે ને વધારે તીવ્ર બનતી ગઈ. એનું અંતર અતિશય અધીર બન્યું. એટલે એના પુત્રો એને ગાડામાં મહામુસીબતે બેસાડીને તિરુવણ્ણામલૈ તરફ વિદાય થયા.

એકધારા લાંબા પ્રવાસ પછી એ બધા રમણાશ્રમમાં આવી પહોંચ્યા.

પેલા વૃદ્ધ પુરૂષને પરમ સંતોષ થયો. એના જીવનની સાધના પૂરી થઈ.

અશક્ત અને વ્યાધિગ્રસ્ત શરીરને લીધે એનાથી સ્વતંત્ર રીતે ચાલી શકાય તેમ ના હોવાથી એના પુત્રો એને ઊંચકીને હૉલમાં લઈ આવ્યા.

હૉલમાં પ્રવેશ કરતાં પહેલાં જ મહર્ષિ એની સાચી શ્રદ્ધાભક્તિને જાણી લઈને જાણે કે એનો સત્કાર કરવા હૉલના દ્વાર તરફ ફરીને બેસી રહેલા.

વૃદ્ધ પુરૂષે પોતાના પુત્રોની મદદથી નીચે બેસીને દીવાલને ટેકો દઈને મહર્ષિને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. એની આંખમાંથી અશ્રુની ધારા વહેવા માંડી.

એનું શરીર ખૂબ જ ધ્રૂજતું હતું.

મહર્ષિ એના તરફ સ્થિર નેત્રે અત્યંત પ્રેમપૂર્વક જોઈ રહ્યા.

એના પરિણામે વૃદ્ધ પુરૂષના શરીરમાં ધીરે ધીરે શક્તિસંચાર થવા માંડ્યો. એના જીવનમાં નવી ચેતના દાખલ થઈ. મહર્ષિએ એની ઉપર કૃપા વરસાવી.

એમની સુખદ સંનિધિમાં એના સંતપ્ત આત્માને શાંતિ મળી.

આશ્રમની વિદાય લેવાનો વખત આવ્યો ત્યારે એનું હૈયું ભરાઈ આવ્યું.

મહર્ષિને પરમ પ્રેમપૂર્વક પ્રણામ કરીને એ નવજીવનની પ્રાપ્તિ થઈ હોય તેમ પુત્રોની સાધારણ સહાયતા લઈને પોતાની મેળે જ ચાલવા માંડ્યો. પુત્રો એને આશ્ચર્યથી આગળ વધતા જોઈ રહ્યા. એને ઊંચકવાની જરૂર ના પડી.

### [૮] જીવમાત્ર પ્રત્યેનો પ્રેમ

મહર્ષિના જીવનમાં મનુષ્યોને માટેનો જ નહિ પરંતુ જીવમાત્ર પ્રત્યેનો પ્રેમ જોવા મળતો. એ કોઈનું અમંગલ કરવામાં કે કોઈને લેશ પણ હાનિ પહોંચાડવામાં નહોતા માનતા.

ઈ.સ. ૧૯૪૫ના ડિસેમ્બરની દસમી તારીખે લગભગ મહર્ષિના હૉલની બહાર આશ્રમના આંગણમાં અચાનક એક સાપ દેખાયો. એને જોઈને ભક્તોએ ભયભીત બનીને બૂમો પાડવાનું શરૂ કર્યું,

'સાપ ! સાપ !'

'કયી જાતનો સાપ છે ?'

'અરે ગમે તે જાતનો હોય. સાપ છેવટે સાપ જ હોય છે. એને મારી નાખો.'

'હા. ભૂલેચૂકે પણ જીવતો ના જવા દેશો. એને મારી જ નાખો.'

અને પછી તો સાપની ઉપર પ્રહાર કરવામાં આવ્યો.

મહર્ષિએ એ બધો શોરબકાર સાંભળીને કહ્યું : 'સાપને કોણ મારે છે ?'

પરંતુ... એમના વિરાધની પરવા કર્યા વગર જ સાપને મારી નાખવામાં આવ્યો.

મહર્ષિનું હૃદય રડી ઊઠ્યું. એમણે જણાવ્યું : 'આ લોકોને પણ જો આવી જ રીતે મારવામાં આવે તો એમને એના સાચા અર્થની ખબર પડે ખરી. નિરપરાધ પ્રાણી પર પ્રહાર કરવામાં કેટલો મોટો અપરાધ રહેલો છે તેની એમને ખબર નથી લાગતી.

### [૯] નિર્ભયતા

નિર્ભયતાનું દર્શન સંતો, યોગીઓ અથવા મહાપુરૂષોના જીવનમાં સ્વાભાવિક રીતે જ થયા કરતું હોય છે. મહર્ષિની નિર્ભયતા અદ્‌ભુત હતી.

અરૂણાચલ પર્વત પરના સ્કંદાશ્રમમાં એક દિવસ મહર્ષિની પાસે બેઠેલા શ્રી વાસુદેવ શાસ્ત્રીએ એક અજબ દૃશ્ય જોયું.

મહર્ષિના શરીર પર આગળની બાજુએ એક વીંછી ઉપર ચઢી રહેલો અને એમની પીઠ પાછળથી એક બીજો વીંછી નીચે ઊતરી રહેલો.

એ અદૃષ્ટપૂર્વ ભયંકર દૃશ્યને દેખીને એ ભારે વિસ્મયમાં પડી ગયા.

એમને એ પરિસ્થિતિમાં શું કરવું તે ના સમજાયું.

વધારે વિસ્મય તો એમને એ વસ્તુનો થયો કે મહર્ષિ એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ શાંત બેસી રહેલાં. એ એકદમ અલિપ્ત હોય એવું લાગ્યા કરતું.

બંને વીંછીઓ જાણે કોઈક જડ દીવાલ પર ફરતા હોય તેમ ફરીને મહર્ષિના શરીર પરથી નીચે ઊતરી પડ્યા ત્યાં સુધી ને તે પછી પણ મહર્ષિ શાંતિપૂર્વક બેસી જ રહ્યા.

શાસ્ત્રીજી અભયની એ અલૌકિક મૂર્તિને અસાધારણ આદરપૂર્વક જોઈ રહ્યા.

મહર્ષિએ જણાવ્યું : 'એ જમીન પર, દીવાલ પર કે વૃક્ષ પર ચાલે છે ત્યારે ડંખ મારે છે ખરા ? એવી રીતે તમને પણ ડંખ નથી મારતા. તમે એમનાથી ડરો છો અને એક અથવા બીજી રીતે એમને ડરાવો છો માટે જ એ બદલામાં કશુંક કરતા હોય છે.'

શાસ્ત્રીજી એ સ્પષ્ટીકરણ પછી પણ સ્તબ્ધ બનીને જ બેસી રહ્યા.

**[૧૦] સહાનુભૂતિ**

ઈ.સ. ૧૯૪૯ની આઠમી ડિસેમ્બરે એક અંગ્રેજ દંપતીએ મહર્ષિનાં દર્શન તથા સમાગમની ઈચ્છાથી પ્રેરાઈને રમણાશ્રમની મુલાકાત લીધી.

બીજે દિવસે બપોરે અઢી વાગે અંગ્રેજ સ્ત્રી હૉલમાં આવીને બીજી સ્ત્રીઓની બાજુમાં બેસી ગઈ. પરંતુ એની બેસવાની પદ્ધતિ ભારે વિચિત્ર હતી. પલાંઠી વાળીને નીચે બેસવાનો અભ્યાસ નહિ હોવાથી એ મહર્ષિ તરફ પગને લાંબા કરીને બેઠી. એને ખબર નહિ કે ભારતીય પરંપરા પ્રમાણે એવી રીતે બેસવાનું દોષપાત્ર કહેવાય છે.

મહર્ષિના ભક્તો તથા દર્શનાર્થીઓનું ધ્યાન એના તરફ ખેંચાયા વિના રહ્યું નહિ.

એક ભક્તે એ સ્ત્રીની પાસે પહોંચીને એને પોતાની ભયંકર ભૂલનું ભાન કરાવ્યું ત્યારે એણે અફસોસ વ્યક્ત કરીને બીજા બધાની પેઠે પલાંઠી વાળીને બેસવાનો પ્રયાસ કર્યો.

એ આખીય ઘટના આમ તો ઘણી નાની હતી છતાં પણ મહર્ષિના ધ્યાન બહાર ના રહી શકી. એની અસર પણ એમના પર પડ્યા વિના ન રહી.

એ તરત જ બોલી ઊઠ્યા : 'આ બધું સાહસ શા માટે કરવું જોઈએ ? એમને આપણી જેમ જમીન પર બેસવામાં ખૂબ જ તકલીફ પડે છે. એમના પર વધારે પ્રતિબંધો મૂકીને એમની મુશ્કેલીમાં વધારો શા માટે કરવો જોઈએ ?'

થોડીક વાર અટકીને એ ફરી બોલ્યા : 'મારા પગને હૉલમાં બધા તરફ લંબાવીને બેસું છું તે હવે મારા અંતરાત્માને પણ ખૂંચે છે.'

એમણે એમના લંબાવેલા પગને પાછા ખેંચી લીધા અને તરત જ પલાંઠી વાળી.

એમનો રોજની જેમ ઊઠવાનો વખત થયો ત્યાં સુધી એટલે કે સાંજના પોણા પાંચ વાગ્યા સુધી એ એમના કોચ પર એવી જ રીતે બેસી રહ્યા.

બીજે દિવસે સવારે રોજના નિયમ પ્રમાણે ફરવાનો કાર્યક્રમ પૂરો કરીને મહર્ષિ લગભગ સાત ને પાંત્રીસ મિનિટે હૉલમાં આવ્યા ને પોતાના પગ લંબાવીને કોચ પર બેઠા. પરંતુ તરત જ પગને પાછા લઈને પલાંઠી વાળીને એ બોલ્યા : 'હું ભૂલી ગયો.'

એ પછી આગલા દિવસના પેલા પ્રસંગને યાદ કરીને એમણે કહ્યું :

'મારો અંતરાત્મા ખૂંચે છે. બધાની સામે પગને લંબાવીને બેસવાનું મને ઉચિત લાગતું. મારાથી એવી રીતે નથી બેસી શકાતું.'

બપોરે પણ એ એમના નિર્ણયને વળગી રહ્યા, પરંતુ સાંજ પહેલાં સૌએ એમને ખૂબ ખૂબ પ્રાર્થના કરી એટલે એમણે પલાંઠી છોડીને પગને થોડાક લાંબા કર્યા.

એ પ્રસંગ સામાન્ય મનુષ્યોને માટે મહર્ષિના હૃદયમાં સહાનુભૂતિની કેટલી મોટી ભાવના હતી તેની પ્રતીતિ કરાવે છે.

**[૧૧] દિવ્યદૃષ્ટિ**

મહર્ષિ દિવ્ય દૃષ્ટિસંપન્ન હતા. એનું સમર્થન કરતા પ્રસંગો એમના જીવનમાં અનેક બન્યા છે.

એકવાર એમના આશ્રમમાં એક સાધક આવ્યો. એ યુવાન સાધકના મનમાં એમને એકાંતમાં પ્રાર્થના કરીને ગુરૂ કરવાની ભાવના હતી.

ત્રણચાર દિવસ સુધી આશ્રમમાં રહીને એણે મહર્ષિની આગળ એકાંતમાં આત્મનિવેદન કરવાની પ્રતીક્ષા કરી પરંતુ મહર્ષિની પાસે કોઈને કોઈ રહેતુ હોવાથી એ પ્રતીક્ષા ના ફળી.

આખરે એક દિવસ એવું એકાંત મળી ગયું. મહર્ષિ ભોજનાલયમાંથી જમીને બહાર નીકળીને આગળ વધ્યા ત્યારે એકલા જ હતા. એ જોઈને એ સાધકે ઝડપથી જઈને એમનાં ચરણ પકડી લીધાં.

મહર્ષિ કોઈને ચરણસ્પર્શ કરવાની છૂટ નહોતા આપતા તો પણ કોઈ પણ પ્રકારનો વિરાધ કર્યા વિના ઊભા રહ્યા.

યુવાન એટલો બધો ભાવવિભોર બની ગયો કે કશું બોલી જ ના શક્યો.

થોડાક વખત પછી મહર્ષિ ચાલી નીકળ્યા.

યુવાનને પાછળથી થયું કે અરે, આ શું થયું ? માંડ માંડ એકાંતમાં ગુરૂ બનાવવા માટે વાત કરવાનો અવસર આવ્યો ત્યારે કશું બોલી શકાયું નહિ ને હવે ? હવે એવો અવસર કોણ જાણે ક્યારે આવશે ?

એની નિરાશાનો પાર ના રહ્યો.

પરંતુ મહર્ષિ પોતાની દિવ્યદૃષ્ટિથી સઘળું સમજી ગયેલા. બપોરે આરામ કરતી વખતે એમણે પોતાના પરિચારકને પેલા યુવાન સાધકની વાત કરીને કહ્યું : ‘એ મને ગુરૂ કરવા માગે છે પરંતુ હું એનો ગુરૂ નથી થઈ શકું તેમ. એની પ્રકૃતિ જુદી છે. એને કહેજો કે એ કાનનગઢ જાય ને સ્વામી રામદાસનો લાભ લે. ત્યાં એને શાંતિ મળશે.’

સાધકે એ સંદેશ સાંભળ્યો ત્યારે એની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એને જે જોઈતું’તું તે બોલ્યા કે માગ્યા વિના જ મળી ગયું. મહર્ષિમાં ગુરૂ બનવાની લાલસા ન હતી અને બીજાના ગુણોનો આદર કરવાની ભાવના હતી એની એને પ્રતીતિ થઈ.

મહર્ષિનાં ચરણોમાં મસ્તક મૂકીને એણે એની અનુકૂળતાએ ઉત્સાહયુક્ત અંતરે વિદાય લીધી. એને જીવનના મંગલનો માર્ગ મળી ગયો.

મહર્ષિની દિવ્ય દૃષ્ટિને માટે એને ખૂબ ખૂબ માન પેદા થયું.

એ દૃષ્ટિએ એના જીવનમાં ક્રાંતિ કરી, જ્યોતિ ભરી ને શાંતિ ધરી.

॥ॐ॥ वंदे महापुरूष ते चरणारविंदम् ॥ॐ॥



☼ ☼ ☼ ☼ ☼

# ખંડ ચોથો



# વિવિધ વાર્તાલાપો

## [૫૧] વાર્તાલાપ - ૧

અમેરિકનોની નાની સરખી મંડળીએ ઈ. સ. ૧૯૩૬ના ફેબ્રુઆરીમાં આશ્રમમાં થોડા દિવસો સુધી રહીને મહર્ષિને કેટલાક પ્રશ્નો પૂછેલા. એમણે પ્રશ્ન પૂછ્યો કે સાકાર ઈશ્વર જેવું કશું હોઈ શકે ખરું ?

મહર્ષિએ કહ્યું : 'હા. ઈશ્વર છે.'

'શું કહ્યું ? ઈશ્વર આંખ, નાક તથા કાનવાળા છે ? ' અમેરિકને આશ્ચર્ય વ્યક્ત કર્યું .

મહર્ષિએ એ આશ્ચર્યની શાંતિ કરતાં શાંતિપૂર્વક કહ્યું :

'તમારે એ બધું છે તો ઈશ્વરને શા માટે ના હોય ? '

'પુરાણોમાં ને બીજા ધર્મગ્રંથોમાં વાંચુ છું કે ઈશ્વરને એવું બધું છે ત્યારે મને હસવું આવે છે.'

મહર્ષિએ તરત જ પૂછ્યું : 'તો પછી એ બધું છે તો પણ તમને તમારે માટે હસવું કેમ નથી આવતું ?'

પ્રશ્નકર્તા શાંત થઈ ગયા.

મહર્ષિ પ્રકારાન્તરે કહેવા માગતા'તા કે તમારે તમારી સાધનામાં આવશ્યકતા હશે તો ઈશ્વર તમારે માટે સાકાર પણ બનશે ને તમને દર્શન આપીને કૃતાર્થ કરશે. એમાં આશ્ચર્યકારક જેવું કશું જ નથી. મહત્વનો મુદ્દો તમારી અભિરુચિ, ભાવના કે પસંદગીનો છે.

* * *  * * *  * * *  * * *

એક બીજા મુલાકાતીએ એકવાર પ્રશ્ન કર્યો : 'મૃત્યુના ભયંકર પ્રખર ભયમાંથી કેવી રીતે છૂટી શકાય ? '

'એ ભય તમને ક્યારે લાગે છે ?' મહર્ષિએ સામે પૂછ્યું : 'એ ભય તમને સુષુપ્તિમાં તમારા શરીરને નથી જોતા ત્યારે લાગે છે કે ક્લોરોફૉર્મની અસર નીચે હો છો ત્યારે ? તમે જ્યારે જાગૃતિમાં હો છો ને શરીર સાથેના જગતને અનુભવો છો ત્યારે જ એ તમારી પાછળ પડે છે. સુષુપ્તિની જેમ જો તમારા શુદ્ધ સ્વરૂપમાં સ્થિતિ કરો ને એમને અનુભવો તો ભય તમારી પાસે નહિ ફરકી શકે.'

* * *  * * *  * * *  * * *

એક ભાવિક ભક્તે પૂછ્યું : જીવન શું છે ?'

'લૌકિક રીતે કહીએ તો જીવન શરીર છે. આધ્યાત્મિક રીતે કહીએ તો એ સર્વોપરી ચેતના છે. તમે તેને કઈ દૃષ્ટિથી જુઓ છો એના પર એનો આધાર રહે છે.'

'મૃત્યુ શું છે ?'

'પોતાના મૂળભૂત વાસ્તવિક સ્વરૂપની વિસ્મૃતિ.'

* * *  * * *  * * *  * * *

થિયોસોફીકલ સોસાયટીના પ્રમુખ શ્રી જીનરાજદાસનાં પત્ની તથા મહર્ષિ વચ્ચે અહંભાવ તથા આત્મા સંબંધી ખૂબ જ રસિક વાતચીત શરૂ થઈ.

શ્રીમતી જીનરાજદાસે પૂછ્યું : 'અહંકાર અને આત્મા બંનેમાં શું તફાવત છે ?'

મહર્ષિએ ઉત્તર આપ્યો : 'જે આવે છે ને જાય છે, ઉત્પન્ન થાય છે અને શાંતિ બને છે, જન્મે છે ને મરે છે, એ અહંકાર છે. જે હમેશાં રહે છે, કદી પણ બદલાતો નથી અને લક્ષણોથી રહિત છે, એ આત્મા છે.'

'એવું કહી શકાય ખરું કે ઈશ્વર એક અગ્નિજ્વાળા છે અને આપણે અંગારા છીએ ?'

'અંગારા અગ્નિજ્વાળામાંથી ઉત્પન્ન થાય છે તો પણ એમાંથી અલગ થઈને અવકાશમાં પડે છે. પરંતુ આપણે કદી પણ ઈશ્વરથી અલગ નથી રહેતા. '

* * * * * * * * * * * *

## સમર્પણભાવ વિશે

ઈ. સ. ૧૯૩૭ના એપ્રિલની દસમી તારીખે એક દર્શનાર્થીએ પૂછ્યું : 'આત્મસમર્પણ એટલે શું ?'

મહર્ષિએ ઉત્તર આપ્યો : 'એ એક પ્રકારનો મનનો સંયમ છે. પોતાના કરતાં વધારે ઉચ્ચ આત્માની સત્તાને ઓળખે છે ત્યારે અહંભાવ એને આધીન થાય છે. એ સમર્પણની શરૂઆત હોય છે. આત્મા વગર અહંભાવ નથી ટકી શકતો તો પણ એ હકીકતના અજ્ઞાનને લીધે એ વિદ્રોહ કર્યા કરે છે અને એની પોતાની ઈચ્છા ને પ્રકૃતિને અનુસરીને કામ કરે છે.'

'એ વિદ્રોહી અહંભાવને વશ કેવી રીતે કરી શકાય ?'

'એના ઉદ્‌ભવસ્થાનની ખોજ કરીને એને આપોઆપ શાંત કરી દેવાથી અથવા એથી પ્રેરાયેલી બધી જ પ્રવૃત્તિઓ, આકાંક્ષાઓ અને યોજનાઓનું સમર્પણ કરીને એના મૂળ પર કુઠારાઘાત કરવાથી. લાંબા વખતની ટેવોને લીધે એવી મિથ્યા માન્યતા પેદા થઈ છે કે ચિંતન એક કાયમી પ્રવૃત્તિ છે અને એનો અંત નથી આણી શકાતો, પરંતુ વિવેક અને અભ્યાસની મદદથી એ ભ્રાંત ધારણાનો અંત આવશે. પ્રયત્ન કર્યા સિવાય કોઈને પણ સફળતા નથી મળતી અને થોડાક સફળતાપ્રાપ્ત સાધકો એકધારા ખંતને લીધે જ એ સફળતા મેળવી શક્યા છે.'

'મને લાગે છે કે દેવતા કે ગુરૂને પ્રણિપાત કરવામાં આવે છે તેનું પ્રયોજન સમર્પણભાવની અભિવ્યક્તિ કરવાનું જ હશે.'

મહર્ષિ તરત જ બોલ્યા : 'અહંભાવને એના ઉદ્‌ભવસ્થાન હૃદયમાં ઓગાળી નાખવો કે વિલીન કરી દેવો એ જ સાચું સમર્પણ છે. ઈશ્વર બહારના શારીરિક અભિનયથી નથી છેતરાય તેમ એ ઉપાસકની અંદર એ જ જુએ છે કે એણે કેટલો અહંકાર પર કાબૂ કર્યો છે અને કેટલો અહંકાર વધ્યો છે અથવા ઓછો થયો છે.'

* * * * * * * * * * * *

## ધ્યાનની સાધના

એક ધ્યાનપ્રિય સાધકે એમને પૂછ્યું : 'ભગવાન, હું જ્યારે જ્યારે ધ્યાન કરવા બેસું છું ત્યારે મારું મસ્તક તપી જાય છે અને તે છતાં પણ ધ્યાનને ચાલું રાખું છું તો મારું આખું અંગ બળવા માંડે છે. એનો શો ઉપાય કરવો જોઈએ ?'

મહર્ષિએ કહ્યું : 'જો મસ્તકમાં મનને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવામાં આવે છે તો ગરમી તથા માથાના દુખાવાનો અનુભવ થાય છે ખરો. ધ્યાન હૃદયમાં કરવું જોઈએ. એને લીધે તાજગી, સ્ફૂર્તિ અને ઠંડક

અનુભવાશે. થોડોક આરામ કરો ને શરીરને ઢીલું કરીને ધ્યાન કરો તો ધ્યાન સહેલું થઈ જશે. કોઈ પણ પ્રકારના પરિશ્રમ વિના ભળતા વિચારોને અટકાવવાની કોશિશ કરો. તમને સત્વર સફળતા મળશે. '

સાધકે બીજી વાર એક બીજી શંકા રજૂ કરી : 'ધ્યાન મનના સંયમથી જ શક્ય બને છે અને મનનો સંયમ પણ ધ્યાનથી જ સાધી શકાય છે. એ વિષચક્ર નથી લાગતું ? '

મહર્ષિએ એ શંકાનું સમાધાન કરતાં કહ્યું : ' એ બંને એકમેકની ઉપર આધાર રાખે છે. સાચું કહીએ તો ધ્યાનમાં મનના સંયમનો અથવા ભળતા આક્રમક વિચારોની સામેની સૂક્ષ્મ જાગૃતિનો સમાવેશ થઈ જ જાય છે. આરંભમાં ખરેખરા ધ્યાન કરતાં મનના સંયમને માટેના પ્રયત્નો જ વધારે કરવા પડે છે પરંતુ એ પછી ધ્યાન સફળ થાય છે ને સહજ બની જાય છે. '

'એને માટે તમારા અનુગ્રહની આવશ્યકતા છે. '

'અભ્યાસની આવશ્યકતા છે. અનુગ્રહ તો છે જ. '

'ધ્યાનમાં માનસિક રીતે કોઈક શબ્દોનું રટણ કરવું જોઈએ ? '

'ધ્યાન એ વિશેષ પ્રક્રિયા કે સિદ્ધાંતનું માનસિક રટણ નથી તો બીજું શું છે ? એ એક માનસિક જપ છે જે શબ્દોથી શરૂ થાય છે અને આત્માની સનાતન શાંતિમાં લય પામે છે. '

બીજા સાધકે કહ્યું : 'મને શીખવવામાં આવ્યુ છે કે સાધનાની દૃષ્ટિએ મંત્રજપ ખૂબ જ શક્તિશાળી છે.'

મહર્ષિએ તરત જ જણાવ્યું : 'આત્મા બધા મંત્રોમાં મહાન છે અને અનંત કાળથી આપોઆપ ચાલ્યા કરે છે. એ આંતર મંત્રથી તમે અજ્ઞાત હો તો બીજા બધા વિચારોને શાંત કરવા માટે એ મંત્રનો બહારના જપ તરીકે આધાર લઈ શકો છો. એ જપ પ્રયત્નપૂર્વક કરવો પડે છે. એના પર સતત રીતે ધ્યાનને કેન્દ્રિત કરવાથી આખરે આંતર મંત્રનું ભાન થશે. એ અવસ્થા અનુભૂતિની અને સહજ છે. એ અનુભૂતિ જેમ જેમ વધતી જશે તેમ તેમ બીજી પ્રવૃત્તિઓમાં ગમે તેટલા રત રહેશો તો પણ તમે કોઈ પણ પ્રકારના પ્રયત્ન વિના કાયમને માટે અંતર્મુખ બની શકશો. વેદપાઠના તથા મંત્રોના શ્રવણથી જપના ઈરાદાપૂર્વકના વારંવારના રટણ જેટલું જ ફળ મળે છે. એમનો તાલબદ્ધ સુસંવાદી સ્વર એક જાતનો જપ જ હોય છે. '

* * *　　* * *　　* * *　　* * *

'નિર્વાણ એટલે શું ?' એક મુલાકાતીએ પ્રશ્ન કર્યો

મહર્ષિએ ઉત્તર આપ્યો : 'નિર્વાણ એક એવી અવસ્થા છે જેમાં અલગતાની ભાવના નથી રહેતી અને અહંતા એના ઉદ્ભવસ્થાન હૃદયમાં વિલીન થાય છે.'

એક અન્ય અવસર પર એમણે જણાવ્યું : 'નિર્વાણ પરિપૂર્ણ અવસ્થા છે. એની અંદર જોવાનું, સાંભળવાનું અથવા અનુભવવાનું નથી બની શકતું. 'હું છું' એવી વિશુદ્ધ અસ્મિતા વૃત્તિ વિના એમાં બીજું કશું જ નથી હોતું. તમે ગ્રંથોના વાચન પરથી જે નિર્વાણનું વર્ણન કરો છો તે કેવળ કલ્પના સિવાય બીજું કશું જ નથી. એ અને એવી બીજી પ્રવૃત્તિઓ માણસને નિઃસ્વાર્થ બનાવતી હોય ને પરમસત્યના સાક્ષાત્કાર માટે તૈયાર કરતી હોય તો સારી છે. સેવા પણ જો સ્વાર્થરહિત હોય તો આત્મસાક્ષાત્કારના એ જ ધ્યેય તરફ દોરી જાય છે.'

* * * * * * * * * * * *

એક દર્શનાર્થીએ સિદ્ધિઓ સંબંધી પૂછ્યું : 'જ્ઞાન થયા પહેલાં જેમને સિદ્ધિઓ મળી હોય તેવા જ્ઞાનીઓ પરમાત્મામાં લીન થયા પછી પણ એ સિદ્ધિઓને સાચવી રાખે છે ખરા ?'

મહર્ષિએ કહ્યું : 'હા. સિદ્ધિઓ પ્રારબ્ધ કર્મના પરિણામે પ્રાપ્ત થતી હોય છે ને મુક્તિમાં અંતરાયરૂપ નથી થતી. એ મુક્તિ મેળવતાં પહેલાં અંતરાયરૂપ થઈ શકે છે.'

સિદ્ધિઓ વિશે એક બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો : 'જ્ઞાની જો સિદ્ધિઓને મેળવવાની આકાંક્ષા રાખે તો તે સિદ્ધિઓ એને આપોઆપ મળે છે કે એમને માટે એણે કોઈ સ્વતંત્ર પુરૂષાર્થ કરવો પડે છે ?'

મહર્ષિએ ઉત્તર આપ્યો : 'ભક્ત તથા જ્ઞાની બંનેને સિદ્ધિઓની લાલસા નથી હોતી અને એ સિદ્ધિઓને માટે સાધના નથી કરતા. કારણ કે જ્ઞાની બધાને આત્મારૂપે જુએ છે અને ભક્ત બધામાં પોતાના ઈષ્ટદેવતાનું અથવા તો પ્રિયતમ પરમાત્માનું દર્શન કરે છે.'

* * * * * * * * * * * *

'કામનાઓ જ્ઞાનનો નાશ નથી કરતી ?' કોઈએ પૂછ્યું,

મહર્ષિએ કહ્યું : 'જ્ઞાનીની કામનાઓ બીજા બધા પદાર્થોની પેઠે બહારની હોવાથી—એ એનાથી અલિપ્ત રહેતો હોવાથી—એને કોઈ પ્રકારની હાનિ નથી કરી શકતી.'

'પુરાણોમાં આવે છે કે જ્ઞાનીઓએ જ્ઞાનીઓ સાથે યુદ્ધો કરેલાં. એ કેવું લાગે છે ? '

'બરાબર છે. શ્રીકૃષ્ણે ભીષ્મ સાથે યુદ્ધ કરેલું. જ્ઞાનીઓ સમસ્ત જગતને બ્રહ્મરૂપે જોતા હોય છે તો પણ લડે છે. '

* * * * * * * * * * * *

## વિદેહમુક્તિ વિશે

એક સાધકે શંકા રજૂ કરી : 'જ્ઞાની આ પૃથ્વી પર ફરીથી જન્મ ના લેતો હોય તો પણ જો ઈચ્છે તો સૂક્ષ્મ જગતમાં રહીને પોતાનું કાર્ય કર્યા કરે છે, એવું કહેવામાં આવે છે. તો પછી એની અંદર પોતાની પસંદગી કરવાની કોઈ ઈચ્છા રહે ખરી ?'

'ના. મારા કથનનું તાત્પર્ય એવું નથી.' મહર્ષિએ જણાવ્યું

'એક ભારતીય તત્વવેત્તાએ એમના એક પુસ્તકમાં શંકરનો આધાર લઈને લખ્યું છે કે વિદેહમુક્તિ જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ જ નથી કારણ કે પોતાના મૃત્યુ પછી મુક્ત પુરૂષ પ્રકાશમય શરીરને ધારણ કરીને સમસ્ત માનવ જાતિની મુક્તિ થતાં સુધી વાસ કરે છે.'

મહર્ષિએ એ શંકાનું સમાધાન કરવા માટે વિવેકચૂડામણિના ૫૬૬મા શ્લોકને બતાવ્યો. એ શ્લોકનો ભાવાર્થ એવો છે કે ભૌતિક શરીરને છોડ્યા પછી મુક્તપુરૂષ પાણીમાં પાણી મળે કે તેલમાં તેલ ભળે એવી રીતે પરમાત્મા સાથે એક બની જાય છે. એ ભાવાર્થનું સ્પષ્ટીકરણ કરતાં એમણે કહ્યું કે એ એક એવી અવસ્થા છે જેમાં બંધન તથા મુક્તિ જેવું કશું જ નથી. બીજું શરીર ધારણ કરવાનો અર્થ નિત્ય આત્મા પર પડદો નાખવાનો છે. પછી એ પડદો ગમે તેટલો સૂક્ષ્મ કે હલકો હોય. એ એક જાતનું બંધન જ છે. મુક્તિ પરિપૂર્ણ, અખંડ અને અચળ છે.

* * *    * * *    * * *    * * *

## એકાંતવાસ

એક ભક્તે કહ્યું : 'મારા મનનો નિગ્રહ નથી થઈ શક્યો એટલે મારી ઈચ્છા ઉત્તર ભારતના એક સ્થાનમાં એકાંતવાસ કરવાની છે. અને એને માટે હું શ્રી ભગવાનની કૃપાની કામના કરી રહ્યો છું. '

મહર્ષિએ જણાવ્યું : 'તમે એકાતવાસ કરવાની ઈચ્છાથી તિરુવણ્ણામલૈ જેટલે દૂર રમણ ભગવાનની સંનિધિમાં આવી પહોંચ્યા છો તો પણ તમને તમારી ઈચ્છા પ્રમાણેની માનસિક શાંતિની પ્રાપ્તિ થઈ હોય એવું નથી લાગતું. હવે તમે બીજે ઠેકાણે જવાની ઈચ્છા રાખો છો અને ત્યાંથી પાછા ક્યાંક બીજે જવાની ઈચ્છા કરશો. એવી રીતે તમારા પરિભ્રમણનો અંત નહિ આવે. તમે નથી સમજતા કે એવી રીતે તમને તમારું મન જ ફેરવી રહ્યું છે. એને સૌથી પહેલાં વશ કરો તો તમે જ્યાં હશો ત્યાં સુખાનુભવ કરી શકશો.

તમે વિવેકાનંદના વ્યાખ્યાનો વાંચ્યાં છે કે નહિ તેની મને ખબર નથી પરંતુ મને યાદ છે ત્યાં સુધી એમણે એક ઠેકાણે એક એવા માણસની વાત કહી છે જે પોતાના પડછાયાને દફનાવવાની મહેનત કરતો અને જોતો કે જ્યાં જ્યાં જમીનને ખોદવામાં આવતી ત્યાં ત્યાં બધે જ એનું દર્શન થતું. એટલે એને દફનાવવાનું કામ એકદમ અશક્ય થઈ પડ્યું. પોતાના વિચારોને દફનાવવાનો પ્રયત્ન કરનારા માનવની અવસ્થા પણ એવી જ હોય છે. એટલા માટે માણસે વિચારોના ઉદ્‌ભવસ્થાન સુધી પહોંચી જવાનો પ્રયત્ન કરવો  જોઈએ, અને વિચાર, મન અને વાસના ત્રણેનો અંત આણવો જોઈએ.'

ભક્તે કહ્યું : 'એ બરાબર છે, પરંતુ પર્વતની ટેકરી પર હું જ્યારે એકાદ બે કલાક પસાર કરું છું ત્યારે અહીંના કરતાં કેટલીકવાર વધારે શાંતિનો અનુભવ કરું છું. એના પરથી લાગે છે કે એકાંત સ્થાન મનોનિગ્રહને માટે વધારે અનુકૂળ છે.

મહર્ષિ બોલ્યા : 'પરંતુ ત્યાં પણ તમે એકાદ કલાક વધારે ગાળો તો તે સ્થળમાં પણ તમને તમારી ઈચ્છાનુસાર શાંતિનો અનુભવ નહિ થાય. મનની ઉપર કાબૂ કરો તો નરક પણ તમારે સ્વર્ગ બરાબર સુખદ થઈ પડશે. વનમાં રહેવાની અથવા એકાંતસેવન કરવાની બધી જ વાતો ત્યાં સુધી કેવળ વાતો જ રહેશે.'

ભક્તે હવે એક બીજો વ્યક્તિગત પ્રશ્ન પૂછ્યો : 'જો એકાંતની અને ગૃહત્યાગની કોઈ આવશ્યકતા ના હોય તો પછી શ્રી ભગવાનને માટે સત્તરમાં વરસે અહીં આવવાની આવશ્યકતા ક્યાંથી ઊભી થઈ ?'

મહર્ષિએ એના ઉત્તરમાં જણાવ્યું : 'જે પરમશક્તિ એમને અહીં લઈ આવી છે તે જ શક્તિ તમને પણ પોતાની સઘળી શક્તિથી તમારા ઘરની બહાર લઈ જતી હોય તો લઈ જવા દો, પરંતુ તમારા પ્રયત્નથી ઘરનો ત્યાગ કરવાનો કશો અર્થ નથી. તમારું કર્તવ્ય નિરંતર આત્મવિચાર કરવાનું છે.'

'તો પછી સંતો કે જ્ઞાનીઓના સંગની આવશ્યકતા નથી કે શું ?'

' છે. પરંતુ સર્વોત્તમ સત્સંગ તમારા સ્વરૂપમાં સ્થિતિ કરવાનો છે. એને વાસ્તવિક ગુફાવાસ પણ કહેવામાં આવે છે. ગુફામાં રહેવું એટલે તમારા આત્મામાં પ્રતિષ્ઠત થવું. જ્ઞાનીઓ ને સંતોનો સમાગમ ખૂબ જ મદદરૂપ બનશે.'

☼ ☼ ☼ ☼ ☼

## [૫૨] વાર્તાલાપ - ૨

સાધક : મારી સાધનામાં ઈશ્વરના અનુગ્રહની આવશ્યકતા તો છે જ. એ અનુગ્રહની પ્રાપ્તિ પ્રાર્થના તથા ઉપાસના જેવાં સાધનોથી ના કરી શકાય ? એ અનુગ્રહ મદદરૂપ ના થઈ શકે ?

મહર્ષિ : ઈશ્વરની કૃપા અને ઉપાસના અથવા એ કૃપાની પ્રાપ્તિ માટેની ભક્તિ અને એવાં બીજાં સાધનો તો વચગાળાનાં સોપાન છે. એ સોપાનનો આશ્રય ધ્યેયની પ્રાપ્તિ થતાં સુધી લેવાતો હોય છે. એવો આશ્રય આવશ્યક છે. જ્યારે ધ્યેયની પ્રાપ્તિ થાય છે ત્યારે ઈશ્વર આત્મારૂપે અનુભવાય છે.

સાધક : બીજાં ક્યાં વિશેષ સાધનો મદદરૂપ છે ?

મહર્ષિ : એનો આધાર દરેકના સંજોગો પર રહેતો હોય છે.

સાધક : મારે માટે કયો માર્ગ સૌથી વધારે અનુકૂળ છે ? ઈશ્વર શું મારા પર પોતાનો સંપૂર્ણ અનુગ્રહ નહિ કરે ?

મહર્ષિ : ભક્તિ, જ્ઞાન, કર્મ ને યોગ બધા જ માર્ગો એક છે. ઈશ્વરને જ્યાં સુધી જાણશો નહિ ત્યાં સુધી પ્રેમ નહિ કરી શકો અને પ્રેમ નહિ કરો ત્યાં સુધી જાણશો નહિ. પ્રેમ તમે જે કાંઈ કરો છો તેમાં પ્રકટ થાય છે ને તે કર્મ છે. માનસિક અનુભૂતિનો વિકાસ અથવા યોગ તમે ઈશ્વરને યોગ્ય રીતે જાણો કે પ્રેમ કરો તે પહેલાંની મહત્વની પ્રાથમિક આવશ્યકતા છે.

સાધક : 'હું ઈશ્વર છું' એવું ચિંતન કર્યા કરું ? એ અભ્યાસ બરાબર છે ?'

મહર્ષિ : એવું ચિંતન શા માટે કરવું જોઈએ ? વસ્તુતઃ તમે ઈશ્વર છો. પરંતુ 'હું માણસ છું' એવું ચિંતન કોઈ કર્યા કરે છે ખરું ? કોઈ માણસ પોતે પશુ છે એવા વિરોધી વિચારનો પ્રતિકાર કરવા માગતો હોય તો 'હું માણસ છું ' એવું પારાયણ કરી શકે ખરો. પોતાના મનમાં ઘર કરી ગયેલા ખોટા ખ્યાલોને દૂર કરવા માટે, એક વચગાળાનાં સાધન તરીકે માણસ 'હું ઈશ્વર છું' એવા વિચારનો અથવા ચિંતન મનનનો આધાર લઈ શકે. એમાં કશું ખોટું નથી. પરંતુ એનો હેતુ પૂરો થાય છે એટલે એનું પરિણામ 'હું ઈશ્વર છું' જેવા કોઈ વિચારમાં નથી પ્રકટ થતું; પરંતુ કેવળ આત્મસાક્ષાત્કારરૂપે જ પ્રકટ થાય છે. એ સાક્ષાત્કાર કોઈ પણ પ્રકારની માન્યતાથી કે ચિંતનમનની વૃત્તિથી પર હોય છે.

સાધક : મને લાગે છે કે આત્મસાક્ષાત્કાર કરવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી.

મહર્ષિ : નિષ્ફળતાની નિરાશાવાદી કલ્પના કરીને પહેલેથી જ શા માટે હતાશ બનો છો ? વિકાસના માર્ગે આગળ વધો. એ જ બરાબર છે. સાચા સાધકને એક ક્ષણમાં જ આત્મસાક્ષાત્કાર થઈ શકે છે.

* * *     * * *     * * *     * * *

## હઠયોગ અને વિઘ્નો

સાધક : ધ્યાનાદિનો અભ્યાસ કરનારા સાધકો નવા વ્યાધિઓના શિકાર બને છે, એવું કહેવાય છે. એ સંબંધી સાચી હકીકત ગમે તે હોય તો પણ, મને છાતીમાં ને પીઠ પાછળ થોડોક દુખાવો થયા કરે છે. એ ઈશ્વરની મારફત કરાતી કસોટી છે એમ કહેવાય છે. ભગવાન એનું સ્પષ્ટીકરણ કરીને કહેશે કે એ વાત સાચી છે કે ખોટી ?

મહર્ષિ : તમારી બહાર કોઈ બીજા ભગવાન નથી અને એટલા માટે કોઈ જાતની કસોટી નથી કરવામાં આવતી. તમે સાધનાત્મક અભ્યાસને પરિણામે પેદા થનારા નવા વ્યાધિની ને કસોટીની વાત કરી રહ્યા છો. તે તો તમારા જ્ઞાનતંતુઓ અને તમારી પાંચ ઈન્દ્રિયો પર પડનારો એક પ્રકારનો બોજો છે. જે મન અત્યાર સુધી નાડીઓમાંથી કામ કરતું, બાહ્ય વિષયોનો અનુભવ કરતું, અને પોતાના ને બીજી ઈન્દ્રિયો વચ્ચેના સંબંધને સાચવી રાખતું એ મન એ સંબંધ છોડીને પાછું વળે છે અને ઉપરામ બને છે. એનો એ સંબંધવિચ્છેદ સ્વાભાવિક રીતે જ એના બોજામાં વધારો કરે છે. એને પડતા પરિશ્રમને લીધે કેટલીક પ્રતિક્રિયાઓ પેદા થાય છે. લોકો એ પ્રતિક્રિયાને વ્યાધિ માને છે અથવા ઈશ્વર દ્વારા કરાતી કસોટીનું નામ આપે છે. તમે જો આત્માનો અને આત્મસાક્ષાત્કારનો નિરંતર વિચાર કરતા રહેશો અને ધ્યાનની સાધનાને ચાલુ રાખશો તો એ બધી જ પ્રતિક્રિયાઓનો અંત આવશે.

સાધક : હઠયોગની પ્રક્રિયાઓ વ્યાધિઓને દૂર કરવામાં અત્યંત અસરકારક ઠરે છે એવું કહેવાય છે અને જ્ઞાનયોગની પ્રાથમિક આવશ્યકતારૂપે એમની ભલામણ કરવામાં આવે છે.

મહર્ષિ : જે એમની ભલામણ કરતા હોય એ એમનો આધાર ભલે લે. અહીંનો અનુભવ એવો નથી. સતત રીતે કરાતા આત્મવિચારથી બધા જ વ્યાધિઓ અચૂક રીતે દૂર થશે.

સાધક : પ્રાણાયામ સંબંધી શું ?

મહર્ષિ : એના સંબંધી શું ? હું એના સંબંધી પૂરક, રેચક તથા કુંભકની અને એમની માત્રાની સુપ્રસિદ્ધ શાસ્ત્રીય પરિભાષામાં વાત નથી કરતો તો પણ મેં કહ્યું છે કે એનો આધાર લઈ શકાય છે. મન અને પ્રાણનો પ્રાદુર્ભાવ એક જ ઠેકાણેથી થતો હોય છે. એટલે જો એકની પ્રવૃત્તિને તમે અટકાવી દો તો બીજાની પ્રવૃત્તિ આપોઆપ અટકી પડે છે. પ્રાણના નિગ્રહ કરતાં મનનો નિગ્રહ વધારે સહેલો છે. પ્રાણનો નિગ્રહ ગાયને બળજબરી દોહવા બરાબર છે અને મનનો નિગ્રહ ગાયને ઘાસ નાખીને એની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં એને પટાવવા કે રાજી કરવા બરાબર.

* * *    * * *    * * *    * * *

સાધક : માયા અથવા ભ્રાંતિ કોને કહેવાય છે ?

મહર્ષિ : બરફને જોવા છતાં એ પાણી છે એવું ના જોવું એ ભ્રાંતિ અથવા માયા કહેવાય છે. એટલા માટે મનોનાશ કરવા માટે કહેવામાં આવે છે એ પણ અર્થ વગરનું છે, કારણ કે છેવટે તો મન આત્માનું જ અંગ છે. આત્મામાં સ્થિતિ કરવી અથવા આત્મા સાથે એક થવું એ જ મુક્તિ છે. માયામાંથી છૂટવું છે. માયા કોઈ અલગ વસ્તુ નથી. પ્રકાશની ગેરહાજરીને અંધકારના

નામે ઓળખવામાં આવે છે તેવી જ રીતે જ્ઞાન અથવા આત્મપ્રકાશની ગેરહાજરીને અજ્ઞાન, ભ્રાંતિ કે માયા કહે છે.

### ત્યાગનો મર્મ

ભક્ત : મારી આકાંક્ષા નોકરીનો ત્યાગ કરીને કાયમને માટે શ્રી ભગવાનના સાંનિધ્યમાં રહેવાની છે.

મહર્ષિ : ભગવાન સદાય તમારી સાથે છે, તમારી અંદર છે, અને તમે પોતે ભગવાન છો. એનો અનુભવ કરવા માટે તમારી નોકરીને છોડી દેવાની કે ઘરની બહાર નીકળવાની આવશ્યકતા નથી. ત્યાગ બહારની પરંપરાઓ, કૌટુંબિક ગ્રંથિઓ, ઘર અને એવી બીજી વસ્તુઓના સંબંધવિચ્છેદમાં નથી સમાયેલો પરંતુ મમતા, આસક્તિ તથા કામનાઓને તિલાંજલિ આપવામાં રહેલો છે. તમારે નોકરીનો ત્યાગ નથી કરવાનો પરંતુ બધી જાતના બોજાને ઉપાડનારી તમારી જાતને ઈશ્વરનાં ચરણોમાં અર્પણ કરી દેવાની છે. જે સંન્યાસી ઘર છોડીને વસ્ત્રોને ત્યાગ કરે છે તે પોતાના સંબંધીઓ પ્રત્યેના તિરસ્કારને લીધે નથી કરતો પરંતુ પોતાની આજુબાજુ બીજાઓને માટેના પ્રેમના વિસ્તારને લીધે કરે છે. એવી વિશાળતાનો અનુભવ થતાં એને ઘર છોડીને નાસી જાય છે એવું નથી લાગતું. વૃક્ષ પરથી પાકેલું ફળ જેમ નીચે પડી જાય તેમ એ ઘરમાં રહી જ નથી શકતો. એવી અવસ્થાની પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી ઘર કે નોકરીનો ત્યાગ કરવાનું મૂર્ખતા ભરેલું ગણાશે.

ભક્ત : ઈશ્વરનું દર્શન પ્રત્યેકને થઈ શકે ?

મહર્ષિ : હા.

ભક્ત : મને ઈશ્વરદર્શન થઈ શકે ?

મહર્ષિ : હા.

ભક્ત : ઈશ્વરદર્શન કરવા માટે મારા માર્ગદર્શક કોણ ? મારે માર્ગદર્શકની આવશ્યકતા નથી ?

મહર્ષિ : રમણાશ્રમમાં આવતી વખતે તમારા માર્ગદર્શક કોણ હતા ? જગતને તમે રોજ રોજ કોના માર્ગદર્શન મુજબ જોયા કરો છો ? ઈશ્વર શરીર, મન તથા બુદ્ધિથી પર તમારા પોતાના આત્મા છે. તમે જો પ્રમાણિકપણે પ્રયાસ કરશો તો આ જગતને જોઈ શકો છો તેવી જ રીતે તમારા આત્માને પણ જોઈ શકશો. એ દર્શન માટેના પુણ્યપ્રવાસમાં પણ તમારો આત્મા જ તમારો માર્ગદર્શક બની રહેશે.

* * *     * * *     * * *     * * *

મહર્ષિની પાપ તેમજ પાપીઓ પ્રત્યેની દૃષ્ટિ કેવી હતી તેને સમજવામાં આ વાર્તાલાપ મદદ કરે છે :

મુલાકાતી : હું પાપી છું અને કોઈ પ્રકારની ધાર્મિક ક્રિયાઓનો આશ્રય નથી લેતો. એના પરિણામે મને પીડાકારક પુનર્જન્મની પ્રાપ્તિ થશે કે શું ?

મહર્ષિ : તમે પાપી છો એવું શા માટે કહી રહ્યા છો ? તમને પુનર્જન્મમાંથી બચાવવા માટે ઈશ્વરની શ્રદ્ધા પર્યાપ્ત છે. તમારી બધી ચિંતા એ ઈશ્વરને સોંપી દો. 'તિરુવાચકમ'માં કહ્યું છે કે 'હું કૂતરાથી પણ વધારે ખરાબ છું તો પણ તમે કૃપાનિધાન હોવાથી મારી રક્ષાનું બીડું ઝડપ્યું છે. જન્મ ને મરણની ભ્રાંતિને તમે જ ટકાવી રાખી છે. મારામાં ન્યાય કરવાની તાકાત ક્યાં છે ? હું કાંઈ ઈશ્વર છું ? હે સર્વશક્તિમાન પ્રભુ ! મને જન્મજન્માંતરમાં ફેરવવો કે તમારા શ્રીચરણે સ્થિર કરવો એ તમારે નક્કી કરવાનું છે.' એટલા માટે ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. એ જ તમારી રક્ષા કરશે.

* * * * * * * * * * * *

મુલાકાતી : ઈન્દ્રિયોના વિષયોના સુખોપભોગ કરતાં ધ્યાનમાં વધારે આનંદ છે તો પણ મન ધ્યાનને બદલે ઈન્દ્રિયોના સુખોપભોગમાં જ વધારે રસ લેતું હોય છે. એનું કારણ ?

મહર્ષિ : સુખ અને દુઃખ મનની માત્ર અનુભૂતિઓ છે. સુખ આપણો મૂળભૂત સ્વભાવ છે, પરંતુ આપણે આત્માને ભૂલી ગયા છીએ ને તન તથા મનને આત્મા માનીએ છીએ. એ મિથ્યા માન્યતા જ દુઃખને પેદા કરે છે. તો પછી શું કરવું જોઈએ ? એ અનાત્મવૃત્તિનાં મૂળિયાં ઘણાં ઊંડા છે. એ અનેક જન્મોથી ચાલતી આવે છે અને એટલા માટે મજબૂત બની છે. મૂળભૂત સ્વરૂપ, સ્વભાવ અથવા પરમસુખનો સાક્ષાત્કાર કરતાં પહેલાં એ વૃત્તિનો અંત આણવો પડશે.

મુલાકાતી : અહંકારની પકડ કેવી રીતે ઢીલી થાય ?

મહર્ષિ : એમાં નવી વાસનાઓનો ઉમેરો ના કરવાથી.

* * * * * * * * * * * *

## સમર્પણભાવની આવશ્યકતા

જિજ્ઞાસુ : મારી જાતને જાણવાનો અર્થ ઈશ્વરને જાણવા એવો થાય છે ?

મહર્ષિ : હા. ઈશ્વર તમારી અંદર રહેલા છે.

જિજ્ઞાસુ : તો પછી મારી જાતના ને ઈશ્વરના સાક્ષાત્કારની વચ્ચે કોણ આવે છે ?

મહર્ષિ : તમારું ભટકતું મન અને તમારા વિકૃત વિચારો.

જિજ્ઞાસુ : હું એક નિર્બળ જીવ છું. પરંતુ પરમાત્માની પરમશક્તિ મારી અંદર રહેવા છતાં વિક્ષેપોને દૂર કેમ નથી કરતી ?

મહર્ષિ : તમારી ભાવના હશે તો તે તેમ કરશે જ.

જિજ્ઞાસુ : એ મારી અંદર ભાવના અથવા આકાંક્ષા શા માટે નથી જગાવતી ?

મહર્ષિ : તો પછી તમારી જાતનું સમર્પણ કરો.

જિજ્ઞાસુ : મારી જાતનું સમર્પણ કરું તો ઈશ્વરની પ્રાર્થનાની આવશ્યકતા નહિ રહે ?

મહર્ષિ : સમર્પણ પોતે જ એક અત્યંત પ્રબળ પ્રાર્થના છે.

જિજ્ઞાસુ : અમે સમર્પણ કરીએ છીએ તો પણ મદદ મળતી નથી દેખાતી.

મહર્ષિ : પરંતુ તમે સમર્પણ કર્યું હોય તો તમારે ઈશ્વરની ઈચ્છાને માન્ય રાખવી જોઈએ અને તમને આનંદ ના આપે તેવી વસ્તુઓની ફરિયાદ ના કરવી જોઈએ. ઘટનાચક્ર દેખાય છે તેના કરતાં જુદું પણ થઈ જાય. સંકટો અવારનવાર માણસને ઈશ્વરની શ્રદ્ધાથી સંપન્ન કરે છે.

જિજ્ઞાસુ : પરંતુ અમે દુન્યવી લોકો છીએ. અમારે પત્ની, બાળકો, મિત્રો તથા સંબંધીઓ છે. અમે એમનો અનાદર કરીને, અમારા વ્યક્તિત્વને સંપૂર્ણપણે વિલીન કરી દઈને, ઈશ્વરની અલૌકિક ઈચ્છાને તાબે ના થઈ શકીએ.

મહર્ષિ : એનો અર્થ તો એવો થયો કે તમે તમારા કહેવા પ્રમાણે સાચેસાચું સમર્પણ નથી કર્યું. તમારે ઈશ્વરની શ્રદ્ધાને કેળવવાની આવશ્યકતા છે. ઈશ્વરને સર્વ સમર્પણ કરો અને એ તમને દર્શન આપે કે ના આપે તો પણ એમની ઈચ્છાનો સ્વીકાર કરો. એમના સુખમાં સુખી બનો. જો તમે એ તમારી ઈચ્છાનુસાર વર્તે એવું ઈચ્છતા હો તો તે સમર્પણ નથી પરંતુ આદેશ છે. તમે તેમને તમારા આદેશનું અનુસરણ કરવાનું કહો અને સાથે સાથે સમર્પણ કર્યાનું જણાવો તે ના બની શકે. એ શું શ્રેષ્ઠ છે અને ક્યારે ને કેવી રીતે કરવું તે બરાબર જાણે છે. બધું એમની ઉપર છોડી દો. બધો બોજો એમણે ઉપાડવાનો છે ને તમારે તેની ફિકર નથી કરવાની. તમારી બધી જ ચિંતાઓ એમની છે. સમર્પણનો સાર એ જ છે.

* * *     * * *     * * *     * * *

## પ્રાર્થના વિશે

ભક્ત : આપણી પ્રાર્થનાઓ મંજૂર થાય છે ખરી ?

મહર્ષિ : એ અવશ્ય મંજૂર થાય છે. કોઈયે વિચાર નકામો નથી જતો. પ્રત્યેક વિચાર એક અથવા બીજે વખતે પોતાની પ્રક્રિયા પેદા કરે છે. વિચારશક્તિ કદી પણ નકામી નથી જતી.

* * *     * * *     * * *     * * *

યોગ વિશે એમના વિચારોને જાણવા માટે આ વાર્તાલાપ મહત્વનો છે :

જિજ્ઞાસુ : યોગ એટલે શું ?

મહર્ષિ : યોગ જે વિયોગની દશામાં હોય તેને માટે જરૂરી છે. પરંતુ મૂળભૂત રીતે જે છે તે એક જ છે. આત્માનો સાક્ષાત્કાર કરી લેશો તો પછી કોઈ જાતનો ભેદ નહિ રહે.

જિજ્ઞાસુ : ગંગામાં સ્નાન કરવાથી કોઈ હેતુ સિદ્ધ થાય છે ખરો ?

મહર્ષિ : ગંગા તમારી અંદર છે. એ ગંગાની અંદર સ્નાન કરો. એથી તમને ઠંડીની ધ્રુજારી નહિ છૂટે.

જિજ્ઞાસુ : કોઈ કોઈ વાર ભગવદ્ગીતા વાંચવી જોઈએ ખરી ?

મહર્ષિ : દરરોજ વાંચવી જોઈએ.

જિજ્ઞાસુ : બાઈબલ વાંચી શકાય ?

મહર્ષિ : બાઈબલ તથા ગીતા એક જ છે.

જિજ્ઞાસુ : બાઈબલમાં કહ્યું છે કે માનવનો આત્મા ખોવાય પણ ખરો.

મહર્ષિ : અહંકારને લીધે હુંપણાનો વિચાર પેદા થાય છે અને એ ખોવાઈ જાય છે કે શાંત થાય છે.

* * * * * * * * * * * *

## ધર્મોની એકતા

ભક્ત : બધા ધર્મોમાં સૌથી શ્રેષ્ઠ ધર્મ કયો કહી શકાય ?

મહર્ષિ : બધા જ ધર્મો ને બધી જ પદ્ધતિઓ સમાન છે.

ભક્ત : પરંતુ જુદી જુદી પદ્ધતિઓ મુક્તિની પ્રાપ્તિ માટે શીખવવામાં આવે છે.

મહર્ષિ : તમારે મુક્ત શા માટે થવું જોઈએ ? જેવા છો તેવા જ શા માટે ના રહેવું જોઈએ ?

ભક્ત : મારી આકાંક્ષા દુઃખમાંથી છૂટવાની છે. દુઃખમાંથી છૂટવું તેને મુક્તિ કહેવામાં આવે છે.

મહર્ષિ : બધા ધર્મો એ જ શીખવે છે.

ભક્ત : તો પછી દ્વૈતવાદીઓ અને અદ્વૈતવાદીઓ પરસ્પર ઝઘડા શા માટે કરે છે ?

મહર્ષિ : જો પ્રત્યેક માણસ આત્મસાક્ષાત્કાર કરવાના પોતાના મુખ્ય કર્તવ્યનું ધ્યાન રાખે તો ઝઘડો થાય જ નહિ.

ભક્ત : ઉત્તમોત્તમ અવસ્થાની અનુભૂતિ સૌને માટે એકસરખી હોય છે કે એમાં કોઈ પ્રકારનો તફાવત હોય છે ?

મહર્ષિ : સર્વોચ્ચ અવસ્થા એકસરખી છે અને એનો સ્વાનુભવ પણ સરખો હોય છે.

ભક્ત : પરંતુ પરમસત્યના અનુભવની અભિવ્યક્તિમાં થોડોક તફાવત દેખાય છે.

મહર્ષિ : અનુભવની અભિવ્યક્તિ અથવા અનુભવનું અર્થઘટન મન દ્વારા થતું હોય છે. મન જુદાં જુદાં હોવાથી અર્થઘટન પણ અલગઅલગ દેખાય છે.

ભક્ત : મારા કહેવાનો ભાવાર્થ એ છે કે સંતો એમના અનુભવને જુદી જુદી રીતે રજૂ કરે છે.

મહર્ષિ : જે સાધકોને માર્ગદર્શન આપવા માટે એ અનુભવોનું વર્ણન કરવામાં આવે છે તે સાધકોની પ્રકૃતિને લક્ષમાં લઈને વર્ણનની પદ્ધતિઓમાં ફેરફાર કરાયો છે.

* * * * * * * * * * * *

## હૃદય અને ચક્રો વિશે

જિજ્ઞાસુ : ભગવાન કહે છે કે હૃદય આત્માનું સર્વોચ્ચ અધિષ્ઠાન કે કેન્દ્ર છે, એનો અર્થ એવો થાય છે કે છ યોગચક્રોમાંનું એક નથી ?

મહર્ષિ : યોગગ્રંથોમાં વર્ણવેલાં નીચેથી માંડીને ઉપરનાં બધાં જ ચક્રો જ્ઞાનતંતુઓનાં જુદાં જુદાં કેન્દ્રો છે. એ જુદી જુદી ભૂમિકાને રજૂ કરે છે. એ ભૂમિકાઓમાંની પ્રત્યેક અલગઅલગ સામર્થ્ય ને જ્ઞાનવાળી છે ને સહસ્રાર તરફ લઈ જાય છે. એ મગજમાં આવેલું સહસ્રદલ પદ્મ છે અને એમાં પરમશક્તિનો વાસ છે. પરંતુ શક્તિની સમસ્ત પ્રવૃત્તિને સાથ આપનારા આત્માનું અધિષ્ઠાન ત્યાં નથી. એ હૃદયકેન્દ્રમાં રહીને એને મદદ કરે છે.

જિજ્ઞાસુ : કેટલાંક પુસ્તકોમાં કહેલું છે કે આત્મસાક્ષાત્કારની પ્રારંભિક તૈયારીરૂપે માણસે બધી જાતનાં દૈવી સંપત્તિના લક્ષણોને વિકસાવવાં જોઈએ.

મહર્ષિ : આત્મજ્ઞાનના માર્ગમાં બધાં જ શુભ કે દૈવી લક્ષણોનો સમાવેશ થાય છે ને બધાં ખરાબ અથવા આસુરી લક્ષણોનો સમાવેશ ઘોર અજ્ઞાનની અંદર કરવામાં આવે છે. જ્ઞાનનો પ્રકાશ થતાં અજ્ઞાનનો અંત આવે છે ને દૈવી સંપત્તિ સ્વાભાવિક રીતે જ આપોઆપ આવી મળે છે. માણસે જો આત્મસાક્ષાત્કાર કર્યો હશે તો તે જૂઠું નહિ બોલી શકે, પાપ નહિ કરી શકે, કે કોઈ પ્રકારનું કુકર્મ કરવા નહિ પ્રેરાય. પુસ્તકોમાં નિશંક રીતે કહેવામાં આવ્યું છે કે માણસે વારાફરતી બધા ગુણોનો વિકાસ કરીને પોતાની જાતને છેવટના સાક્ષાત્કાર માટે તૈયાર કરવી જોઈએ, પરંતુ જ્ઞાનમાર્ગનો આશ્રય લઈને આગળ વધનારને માટે જાતના સદગુણોની પ્રાપ્તિ માટે આત્મવિચાર પર્યાપ્ત ઠરે છે. એણે એ સિવાય બીજું કશું કરવાની આવશ્યકતા નથી રહેતી.

* * *　　* * *　　* * *　　* * *

સાધક : આસનો અનેક જાતનાં છે, એ બધામાં સૌથી ઉત્તમ આસન કયું કહી શકાય ?

મહર્ષિ : મનની એકાગ્રતાનું આસન સર્વોત્તમ છે.

સાધકને એ સાંભળીને સંતોષ થયો. હઠયોગ વિશે પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતાં એમણે કહ્યું :

હઠયોગીઓ કોઈ પણ પ્રકારના વિક્ષેપ કે વિઘ્નો વિના સાધના કરી શકાય એટલા માટે શરીરને સર્વાંગસુંદર, સ્વસ્થ કે સારું રાખવાની આકાંક્ષા રાખે છે. એવા યોગીઓ આત્મિક સાધનાની સિદ્ધિ માટે જીવનને વધારીને દીર્ઘજીવી બનવામાં પણ રસ લે છે. કેટલાક યોગીઓ એ લક્ષ્યાંકોની સિદ્ધિ માટે ઔષધિઓના પ્રયોગો પણ કરતા હોય છે.

સાધકે જણાવ્યું કે હઠયોગને સહાયક તરીકે માનવામાં આવે છે તો મહર્ષિએ કહ્યું : હા. વેદાંતમાં પારંગત મોટા મોટા પંડિતો પણ એનો અભ્યાસ કરતા હોય છે. એના સિવાય એ મનનો નિગ્રહ નથી કરી શકતા. એટલા માટે એટલું અવશ્ય કહી શકો કે બીજી કોઈ રીતે જે પોતાના મનને શાંત ના કરી શકે તેમને માટે એ ઉપયોગી છે.

સાધક : જ્યોતિ પર મનને કેન્દ્રિત કરવા જેવાં બીજા સાધનોનો આધાર શા માટે ના લઈ શકાય ?

મહર્ષિ : જ્યોતિની ધારણા મનને સ્થિર કરે છે ને ઈચ્છાશક્તિને વધારે છે પરંતુ કેવળ કામચલાઉ વખતને માટે. એ કાયમી લાભ નથી પહોંચાડી શકતી.

કેટલાક સાધકો નાદાનુસંધાનની સાધનામાં રસ લે છે. એક સાધકે એ સાધના સંબંધી પૂછ્યું તો એમણે જણાવ્યું :

નાદાનુસંધાન કેટલીક સુંદર સર્વમાન્ય સાધનાઓમાંની એક છે. એનો આધાર લેનારા એની અસરકારકતાનો ખાસ દાવો કરે છે. એમની દૃષ્ટિએ એ સૌથી સરળ ને સીધી સાધના છે. બાળક જેવી રીતે હાલરડાંને સાંભળીને નિદ્રાધીન થવા પ્રેરાય છે તેવી રીતે નાદની મદદથી સાધક સમાધિમાં પ્રવેશી શકે છે. નાદ એકાગ્રતાની સિદ્ધિમાં સહાયતા કરે છે, પરંતુ એકાગ્રતા અથવા નાદની અનુભૂતિ થયા પછી સાધના

બંધ ના કરવી જોઈએ. નાદ ધ્યેય નથી. ધ્યેયનું ધ્યાન હમેશાં રાખવું જોઈએ. નહિ તો પરિણામ મીંડામાં આવશે.

* * * * * * * * * * * *

## આહાર વિશે

આહાર વિશે મહર્ષિના વિચારોને જાણવા માટે આ વાર્તાલાપ ખાસ વાંચવા જેવો છે.

જિજ્ઞાસુ : આધ્યાત્મિક સાધના કરનારા સાધકને માટે કઈ જાતનો આહાર અનુકૂળ છે ?

મહર્ષિ : સામાન્ય માત્રાનો સાત્વિક આહાર.

જિજ્ઞાસુ : સાત્વિક આહાર એટલે ?

મહર્ષિ : રોટલી, ફળ, શાકભાજી, દૂધ ને બીજા પદાર્થો.

જિજ્ઞાસુ : ઉત્તરના કેટલાક લોકો માછલી ખાય છે, એ ઉચિત છે ?

મહર્ષિએ કશો ઉત્તર ના આપ્યો.

જિજ્ઞાસુ : અમે અંગ્રેજો અમુક જ પ્રકારનો ખોરાક ખાવા ટેવાયલા છીએ. ખોરાકમાં ફેરફાર કરવાથી સ્વાસ્થ્ય પર અસર પડે છે ને મન કમજોર બને છે. શારીરિક સ્વાસ્થ્યને સાચવી રાખવાનું જરૂરી નથી લાગતું ?

મહર્ષિ : લાગે છે. શરીર નબળું હોય તો પણ મન મજબૂત રહી શકે છે. માણસના મન પર એના આહારની અસર થાય છે. મન જે ખોરાક ખાવામાં આવે છે તેમાંથી બનતું હોય છે.

જિજ્ઞાસુ : બરાબર. પરંતુ અંગ્રેજો સાત્વિક ખોરાકની ટેવ કેવી રીતે પાડી શકે ?

મહર્ષિ : [શ્રી ઈવાન્સ–વેન્ટ્ઝ તરફ ફરીને] તમે અમારે ત્યાં ભોજન કરો છો. તેને લીધે તમને કોઈ તકલીફ પડે છે ખરી ?

ઈવાન્સ–વેન્ટ્ઝ : ના. કારણ કે મને તેની ટેવ પડી ગઈ છે.

મહર્ષિ : ટેવને લીધે વાતાવરણને અનુકૂળ થઈ શકાય છે. મુખ્ય વસ્તુ મન છે. હકીકત એ છે કે ટેવને લીધે મનને કેટલોક ખોરાક સારો ને સ્વાદિષ્ટ લાગે છે. શાકાહારી ને બિનશાકાહારી બંને પ્રકારના ખોરાકમાં જરૂરી તત્વો રહેલાં છે. ફક્ત મન પોતાની ટેવ મુજબના ખોરાકને ચાહે છે ને સ્વાદિષ્ટ સમજે છે.

જિજ્ઞાસુ : ઉપવાસથી આત્મસાક્ષાત્કારમાં મદદ મળે છે ખરી ?

મહર્ષિ : હા. પરંતુ એ મદદ કેવળ કામચલાઉ હોય છે. ખરી મદદ તો માનસિક ઉપવાસથી જ મળી રહે છે. ઉપવાસની સાથે આધ્યાત્મિક વિકાસ સધાવો જોઈએ. વધારે પડતા ઉપવાસથી મન નબળું બને છે અને આધ્યાત્મિક સાધના માટેના જરૂરી સામર્થ્યનો હ્રાસ થાય છે. એટલા માટે વિવેકપૂર્વક ભોજન કરો અને સાધનાને ચાલુ રાખો.

* * * * * * * * * * * *

એક ભક્તે સમર્પણભાવની વધારે સ્પષ્ટતા માટે પૂછ્યું :

ભક્ત : સંપૂર્ણ આત્મસમર્પણનો અર્થ એવો નથી કે મુક્તિ અથવા ઈશ્વરની પ્રાપ્તિની ઈચ્છાનો પણ પરિત્યાગ કરવો જોઈએ ?

મહર્ષિ : સંપૂર્ણ સ્વાત્મસમર્પણનો અર્થ એવો થાય છે કે તમારી અંદર તમારી પોતાની કોઈ ઈચ્છા ના રહેવી જોઈએ, ઈશ્વરની જે ઈચ્છા તે જ તમારી ઈચ્છા થઈ જવી જોઈએ, અને તમારી પોતાની કોઈ સ્વતંત્ર ઈચ્છા ના હોવી જોઈએ.

* * * * * * * * * * * *

## મૂર્તિપૂજા

ભક્ત : હું મૂર્તિપૂજા કરું છું.

મહર્ષિ : કરતા રહો. એથી મનની સ્થિરતા સાધી શકાય છે. એકાગ્ર બનો. છેવટે બધું બરાબર થઈ રહેશે. માણસો એવું માને છે કે મોક્ષ ક્યાંક બહાર છે ને બહારથી મેળવવાનો છે. એમની માન્યતા ખોટી છે. એ તો તમારી અંદર રહેલા આત્માનું જ્ઞાન છે. ધ્યાન દ્વારા એનું અપરોક્ષ જ્ઞાન થઈ શકશે. જન્મ ને મરણના ચક્રરૂપી સંસારનું મૂળ કારણ તમારું મન જ છે.

ભક્ત : મારું મન અત્યંત અસ્થિર છે તો શું કરું ?

મહર્ષિ : કોઈ પણ એક પસંદગીના પદાર્થ પર તમારું ધ્યાન સ્થિર કરો અને એને ત્યાં જ રોકાયલું રાખો. એવા અભ્યાસથી બધું બરાબર થઈ રહેશે.

ભક્ત : મને ધ્યાન કરવામાં મુશ્કેલી લાગે છે.

મહર્ષિ : તમે સતત અભ્યાસનો આધાર લેશો તો તમારું ધ્યાન શ્વાસ લેવા જેવું સ્વાભાવિક બની જશે. એ તમારા આત્મવિકાસના શિરમુકુટ જેવું થશે.

* * * * * * * * * * * *

## શક્તિઓ વિશે

ભક્ત : લોકોત્તર મહાપુરૂષોની શક્તિઓ કેવી હોય છે ?

મહર્ષિ : શક્તિઓ સાધારણ હોય કે અસાધારણ, અને મનની હોય કે તમારા કહેવા પ્રમાણે ઊર્ધ્વમનની, એમનું અસ્તિત્વ એમની પ્રાપ્તિવાળા પુરૂષ વગર નથી રહેતું. એ કોણ છે તે શોધી કાઢો.

ભક્ત : બીજાને આત્માનો સાક્ષાત્કાર કરાવવા માટે ભગવાન અલૌકિક સિદ્ધિઓનો ઉપયોગ કરે છે કે પછી ભગવાનનો સાક્ષાત્કાર જ એ માટે પર્યાપ્ત થઈ પડે છે ?

મહર્ષિ : અલૌકિક સિદ્ધિઓ કે વિશેષ શક્તિઓના પ્રયોગ કરતાં સાક્ષાત્કારનું આત્મિક સામર્થ્ય ખૂબ જ ચડિયાતું છે. સંતપુરૂષમાં અહંભાવ નથી હોતો એટલે એને માટે બીજા નથી રહેતા. તમને મોટામાં મોટો કયો લાભ પહોંચાડી શકાય તેમ છે ? સુખનો. અને સુખ શાંતિ વગર નથી આવતું. શાંતિ જ્યાં વિક્ષેપ કે ગડબડ ના હોય ત્યાં જ રહેતી હોય છે, ને વિક્ષેપ કે ગડબડનું કારણ મનમાં પેદા થતા વિચારો છે. મન પોતે જ વિલીન થઈ જાય તો સંપૂર્ણ શાંતિની પ્રાપ્તિ થાય. મનને શાંત કરવામાં ના આવે ત્યાં સુધી કોઈને સુખ ના સાંપડી શકે ને શાંતિ

પણ ના થાય. અને માણસ પોતે જ્યાં સુધી સુખી ના હોય તેયાં સુધી બીજાને સુખી ના કરી શકે. મન વગરના સંતપુરૂષને માટે કોઈ બીજા નથી હોતા એટલે એનો સાક્ષાત્કાર જ - અથવા એ સાક્ષાત્કારી પુરૂષશ્રેષ્ઠની સંનિધિ જ—બીજાને પણ સુખી કરી શકે છે.

ભક્ત : આધ્યાત્મિક વિકાસમાં શરીરને અદૃશ્ય કરવાનું આવશ્યક કે લાભકારક નથી લાગતું ?

મહર્ષિ : તમે તેનો વિચાર કેમ કરો છો ? તમે શરીર છો ?

ભક્ત : ના. પરંતુ ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક વિકાસનો પ્રભાવ શરીર પર પણ પડવો જ જોઈએ. ના પડવો જોઈએ ?

મહર્ષિ : તમે શરીરમાં કેવોક ફેરફાર કરવાની ઈચ્છા રાખો છો ને શા માટે ?

ભક્ત : અદૃશ્ય થવાની શક્તિ ઉચ્ચોચ્ચ જ્ઞાનના પુરાવારૂપ નથી ?

મહર્ષિ : એ દૃષ્ટિએ જોતાં તો બીજાની સમક્ષ બોલનારા, લખનારા ને બીજાના દેખતાં જીવનારા સૌ કોઈને અજ્ઞાની જ માનવા જોઈએ.

ભક્ત : વસિષ્ઠ અને વાલ્મીકિ જેવા સંતોની અંદર એવી શક્તિઓ હતી ખરી.

મહર્ષિ : એમની જ્ઞાનની સાધનાની સાથે સાથે એવી વિશેષ શક્તિઓની કે સિદ્ધિઓની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરવાનું એમનું પ્રારબ્ધ હશે જે જ્ઞાનને માટે જરૂરી નથી અને જ્ઞાનના માર્ગમાં અંતરાયરૂપ બની શકે છે તેની આકાંક્ષા શા માટે રાખવી જોઈએ ? સંતનું શરીર દેખાય છે તો તેથી સંતને કોઈ કષ્ટ પડે છે ?

ભક્ત : ના.

મહર્ષિ : સંમોહક શક્તિવાળા પુરૂષ પોતાને એકાએક અદૃશ્ય કરી દે છે. એટલા માટે શું એને સંત સમજવો ?

ભક્ત : હું આધ્યાત્મિકતામાં લગભગ વીસેક વરસથી વધારે વખતથી રસ લઉં છું તો પણ બીજા જેમની પ્રાપ્તિનો દાવો કરે છે તેવા કોઈયે પ્રકારના અવનવા અનુભવો મને નથી થયા. મારી અંદર દૂરદર્શન, દૂરશ્રવણ જેવી સિદ્ધિઓ નથી દેખાતી. મારી જાત આ કાયામાં જાણે કે કેદ થઈ ગઈ હોય એવું મને લાગ્યા કરે છે.

મહર્ષિ : તમે કોઈને દૂર કે નજદીક જુઓ કે સાંભળો એથી શું ફેર પડે છે ? બંને પ્રસંગોમાં શ્રવણેન્દ્રિયની અને નયનેન્દ્રિયની આવશ્યકતા તો પડે છે જ. એવી રીતે મનની આવશ્યકતા પણ પડતી હોય છે. એ બધામાંથી કોઈના વગર નથી ચાલતું. તમે એમની ઉપર નિર્ભર છો. તો પછી દૂરદર્શન કે દૂરશ્રવણ શક્તિનો મોહ શા માટે રાખવો જોઈએ ? એ ઉપરાંત, જે મળે છે તે એક દિવસ વિદાય પણ થઈ જાય છે. એ સનાતન નથી હોઈ શકતું. એકમાત્ર સનાતન વસ્તુ પરમસત્ય અથવા આત્મા છે.

* * *        * * *        * * *        * * *

આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલો મહાપુરૂષ એક જ ઠેકાણે બેસી રહે એવી ભ્રાંત ધારણા મોટા ભાગના લોકોમાં પ્રચલિત છે. એ સંબંધી મહર્ષિનો અભિપ્રાય જાણવા જેવો છે :

ભક્ત : આત્મસાક્ષાત્કારી પુરૂષ જુદે જુદે ઠેકાણે ફરે, કામ કરે અને બોલે ખરો ?

મહર્ષિ : શા માટે નહિ ? તમે એવું માનો છો કે આત્મસાક્ષાત્કાર માણસને શિલાસરખો શૂન્ય ને નિષ્ક્રિય બનાવી દે છે ?

ભક્ત : મને ખબર નથી, પરંતુ મારા સાંભળવામાં આવ્યું છે કે બધી જાતની ઈન્દ્રિયોની પ્રવૃત્તિઓમાંથી, અનુભૂતિઓમાંથી ને વિચારોમાંથી મનને હઠાવી લેવું એ ઉચ્ચોચ્ચ અવસ્થાનું લક્ષણ છે. એને પ્રવૃત્તિરહિતતા પણ કહી શકાય.

મહર્ષિ : એવી અવસ્થાનું અસ્તિત્વ છે એ સાચું છે અને કેટલાક માણસોને માટે એની આવશ્યકતા પણ હોઈ શકે. પરંતુ સંતપુરૂષો નિષ્ક્રિય નથી હોતા કારણ કે એ સૃષ્ટિનું સર્જન કરે છે અને એની પ્રવૃત્તિઓનું નિયમન કરે છે.

ભક્ત : સમાધિ કોને કહેવાય છે ?

મહર્ષિ : યોગમાં એ શબ્દનો પ્રયોગ એક પ્રકારની દેહાતીત દશાને માટે કરવામાં આવે છે અને સમાધિના કેટલાક પ્રકારો કહેવામાં આવ્યા છે. પરંતુ હું જે સમાધિની વાત કરું છું તે જુદી જાતની છે. એ સહજ સમાધિ છે. એ અવસ્થા દરમિયાન તમે પ્રવૃત્તિની વચ્ચે પણ સ્વસ્થ ને શાંત રહી શકો છો. તમે એવું અનુભવો છો કે તમે તમારી અંદરના અંતરાત્મા દ્વારા જ પ્રવૃત્ત બનો છો અને જે કાંઈ બોલો છો, કરો છો કે વિચારો છો એથી અલિપ્ત રહો છો. તમે ચિંતા, ઉપાધિ તથા વ્યાધિથી મુક્તિ મેળવો છો. તમારી અંદર અહંકારનો અંશ પણ નથી રહેતો અને તમારા જીવનની બધી જ પ્રવૃત્તિ એ પરમશક્તિ દ્વારા જ થયા કરે છે જેની સાથે તમે નિત્યનિરંતર અખંડ એકતાનો અનુભવ કરે છો.

એક મુલાકાતી : સાક્ષાત્કારી પુરૂષો સામાન્ય રીતે સક્રિય જીવનમાંથી નિવૃત્તિ લે છે ને દુન્યવી પ્રવૃત્તિઓમાં નથી પડતા.

મહર્ષિ : એવું હોય કે ના પણ હોય. સાક્ષાત્કાર થયા પછી કેટલાક મહાન પુરૂષો વ્યવસાય કે ધંધો કરે છે અથવા રાજ્ય ચલાવે છે કે શાસન કરે છે. કેટલાક એકાંત સ્થળોમાં ચાલ્યા જાય છે અને શરીરધારણને માટે જરૂરી પ્રવૃત્તિ સિવાયની બીજી પ્રવૃત્તિ નથી કરતા. એ સંબંધી કોઈ સર્વસામાન્ય નિયમ નથી બનાવી શકાતો.

☼ ☼ ☼ ☼ ☼

## [૫૩] વાર્તાલાપ - ૩

### જીવનવિષયક વિચારો

અઢારમી સપ્ટેમ્બર ૧૯૪૫ ને દિવસે આશ્રમમાં કેટલાક બંગાળી ભાઈઓ આવ્યા. એમનામાંના એકના બાળકનું તાજેતરમાં જ મૃત્યુ થયેલું. એ ભાઈએ મહર્ષિને પ્રશ્ન પૂછ્યો :

ભાઈ : એ બાળકનું મૃત્યુ એટલી નાની ઉંમરમાં કેમ થયું ? અમને જે દુઃખ પડ્યું તે એના કર્મને લીધે ભોગવવું પડ્યું કે અમારા કર્મને લીધે ?

મહર્ષિ : ચાલુ જીવનમાં બાળકને ભોગવવાનું પ્રારબ્ધ પૂરું થવાથી એનું શરીર છૂટી ગયું. એટલે એને બાળકનું કર્મ કહી શકાય. તમને લાગેવળગે છે ત્યાં સુધી તમે તેનો શોક ના કરવા માટે સ્વતંત્ર છો. છોકરો તમારો ન હતો પણ ઈશ્વરનો હતો : જે ઈશ્વરે એને આપ્યો એ જ ઈશ્વરે એક દિવસ પોતાની ઈચ્છાનુસાર એને લઈ લીધો એવો વિવેક કરીને તમારા મનને બને તેટલું શાંત, સ્વસ્થ અથવા અલિપ્ત રાખી શકો છો. તે તમારા હાથમાં છે.

તે છતાં પણ પેલા મુલાકાતીને સંપૂર્ણ સંતોષ ના થયો. એમણે પાછું પૂછ્યું : એક વ્યક્તિનું બાલ્યાવસ્થામાં જ મૃત્યુ થાય છે અને બીજી વ્યક્તિ દીર્ઘાયુ બને છે, એ બંનેમાં વધારે પાપી કોણ કહેવાય ?

મહર્ષિએ જણાવ્યું : હું નથી કહી શકતો.

કોઈ ભક્તે એ દુઃખી દર્શનાર્થીને જણાવ્યું કે તમે કહેલી વિગતના આધાર પર એનો નિર્ણય કરવાનું કામ અશક્ય છે કે કોણ વધારે પાપી હશે.

દર્શનાર્થી : જો કોઈ માણસ લાંબું જીવે તો આત્મસાક્ષાત્કારની સંસિદ્ધિને માટે સાધના કરવાની વિશેષ તકો મેળવી શકે ?

મહર્ષિ : નાની ઉંમરમાં મરનારી વ્યક્તિ થોડા જ વખતમાં ફરી જન્મે અને એ નવા જન્મમાં વર્તમાન જીવનમાં લાંબું જીવનારી વ્યક્તિ કરતાં આત્મસાક્ષાત્કારની સાધના કરવા માટેના વધારે સારા સાનુકૂળ અવસરો મેળવી શકે એવું પણ બની શકે.

દર્શનાર્થી : આપણે બધી જ પ્રવૃત્તિઓનો પરિત્યાગ કરવો જોઈએ એવું કહેવામાં આવે છે એનો અર્થ આપણે આપણી પ્રવૃત્તિઓને બનતા પ્રમાણમાં ઓછી કરવી જોઈએ એવો થાય છે ?

મહર્ષિ : પ્રવૃત્તિઓનો પરિત્યાગ કરવાનો અર્થ પ્રવૃત્તિ અથવા કર્મોની આસક્તિનો, એમનાં ફળોનો, અને હું કર્તા છું એવા મિથ્યાભિમાનનો ત્યાગ છે. શરીરના ધારણપોષણ માટે જે જરૂરી છે તે કર્મો કરવાં જ જોઈશે. એવી પ્રવૃત્તિઓ કોઈને પસંદ પડે કે ના પડે તો પણ એમને તિલાંજલિ આપવાનું બરાબર નથી.

* * *  * * *  * * *  * * *

### સાધના વિશે - કુંડલિની

જિજ્ઞાસુ : પ્રાણ અથવા જીવનપ્રવાહનો પ્રવેશ સુષુમ્ણા નાડીમાં કેવી રીતે થઈ શકે જેથી રમણ ગીતામાં કહ્યા પ્રમાણે ચિત્ત–જડ ગ્રંથિનું ભેદન કરવાનું કામ સહજ બની જાય ?

મહર્ષિ : 'હું કોણ છું' તેની ખોજ કરવાથી. યોગી કુંડલિનીને જાગ્રત કરીને સુષુમ્ણામાં લઈ જવાનું ધ્યેય રાખીને તેની સિદ્ધિના નિશ્ચિત પ્રયત્નો કરે છે. જ્ઞાની એ આદર્શને નજર સમક્ષ રાખીને આગળ નથી વધતો. તો પણ બંનેને એકસરખા પરિણામની પ્રાપ્તિ થાય છે. એટલે કે એમનો પ્રાણવાયુ સુષુમ્ણામાં પહોંચી જાય છે અને એમની ચિત્ત–જડ ગ્રંથિનો નાશ થાય છે. કુંડલિની આત્મા, સ્વરૂપ અથવા શક્તિનું બીજું નામ છે. આપણે શરીરમાં સીમિત હોવાનો સ્વાનુભવ કરતા હોવાથી એને શરીરની અંદર માનીએ છીએ, પરંતુ એ આત્મા અથવા આત્મશક્તિ કરતાં જુદી ના હોવાથી વસ્તુતઃ શરીરની અંદર અને બહાર બંને ઠેકાણે છે.

* * * * * * * * * * * *

બીજે દિવસે એક દર્શનાર્થીએ પૂછ્યું : ગાયત્રી મંત્રમાં **धीमहि** શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેના ભાવાર્થને હું નથી સમજી શકતો. એનો ભાવાર્થ કહી બતાવશો ?

મહર્ષિએ ઉત્તર આપ્યો : એનો શબ્દાર્થ અમે ધ્યાન કરીએ છીએ એવો થાય છે તો પણ ભાવાર્થ અહંને આત્મામાં કેન્દ્રિત કરવાનો જ છે.

દર્શનાર્થીએ જણાવ્યું : तत् અથવા પરમાત્માના સંબંધમાં હું સારી પેઠે નથી સમજી શકતો તો પછી અહંને तत् માં કેન્દ્રિત કેવી રીતે કરી શકું ?

મહર્ષિએ એમનું સુખદ સમાધાન કરતાં સત્વર કહ્યું : તમે જેનાથી અજ્ઞાત છો તે तत् ને સમજવાની ચિંતામાં શા માટે પડો છો ? તમે જેને જાણો છો તે 'હું' ને એના મૂળ સ્વરૂપ તેમજ ઉદ્‌ભવસ્થાન સાથે શોધી કાઢો. એટલું પૂરતું છે.

* * * * * * * * * * * *

**નામસ્મરણ અને અભ્યાસ**

જાનકી : હું હમેશાં નામસ્મરણ કરવાની ઈચ્છા રાખું છું. પરંતુ એની સાથે સાથે કૉલેજના આગળના અભ્યાસ માટે પણ આતુર છું. તો મારે શું કરવું જોઈએ ?

મહર્ષિ : એ બંને ઈચ્છાઓ વિરોધી નથી જ.

જાનકી : જો હું નિત્યનિરંતર નામસ્મરણ કરતી રહું તો અભ્યાસ કેવી રીતે કરી શકું ?

મહર્ષિએ કશો ઉત્તર ના આપ્યો.

એમના વતી ભક્તોએ એને જણાવ્યું : બંને વસ્તુઓ સાથે સાથે કરી શકાય છે એવું કહેવામાં આવ્યું છે. મન અભ્યાસમાં રાખો ને હૃદયમાં ઈશ્વરને ધારણ કરો.

જાનકીએ એ સ્પષ્ટીકરણ સાંભળીને આગળ કશું ના પૂછ્યું.

* * * * * * * * * * * *

શ્રી દિલીપકુમાર રૉયે મહર્ષિની આગળ ભારે શ્રદ્ધાભક્તિપૂર્વક બેસીને થોડાંક ગીતો સંભળાવ્યાં અને એમના ઉપસંહારમાં પૂછ્યું : 'સંગીત ભક્તિને વધારવામાં મદદ કરે છે ?'

'કરે છે. કરે છે.' મહર્ષિએ ઉત્તર આપ્યો

વિદાય લેતી વખતે એમણે મહર્ષિને ફરી પૂછ્યું : 'ભક્તિમાર્ગનું અનુકરણ કરવાથી લાભ થાય છે ખરો ? અને એ જ્ઞાનની પ્રાપ્તિ કરાવી શકે કે ના કરાવી શકે ?'

'કરાવી શકે. ભક્તિ જ્ઞાનમાતા છે. જ્ઞાનની જનેતા છે.'

* * *   * * *   * * *   * * *

## ધ્યાન વિશે

એક બીજા સાધકે જણાવ્યું : 'હું અહીં જ્યારે ભગવાનની ઉપસ્થિતિમાં ધ્યાન કરું છું ત્યારે મારા વિચારનું કેન્દ્રીકરણ આત્મામાં સહેલાઈથી થઈ જાય છે. પરંતુ મારા સ્થળમાં લાંબો વખત લાગે છે ને ઘણો જ પરિશ્રમ પડે છે. મને એવી શ્રદ્ધા છે કે ભગવાન સર્વત્ર છે અને મારા અંતર્યામી છે તો પણ મારા સંબંધમાં એવું શા માટે બનતું હશે ?'

એ સાંભળીને એક બીજા ભક્તે કહ્યું : 'એવું બને એમાં કશું નવાઈ પામવા જેવું નથી. ઈશ્વર સર્વત્ર રહેલા છે. એવું કહેવામાં આવે છે તો પણ એવું પણ નથી કહેવામાં આવતું કે એમનો પ્રકાશ કેટલાક પદાર્થો ને સ્થળોમાં વધારે પ્રમાણમાં પ્રકટેલો છે ? દાખલા તરીકે મંદિરોમાં, મૂર્તિઓમાં અથવા અવતારોમાં ?'

મહર્ષિએ જણાવ્યું : 'મુરુગનરને પૂછી જુઓ કે અહીં કોણ છે. એમણે એક ગીત ગાયું છે. એમાં એ કહે છે કે રમણાશ્રમ એમને માટે કેવળ અહીં જ નથી પરંતુ સર્વત્ર છે....ખરું જોતાં દેશ તથા કાળનું અસ્તિત્વ જ નથી. રેડિયોમાં પણ એ જ સત્યની સૂચના મળી રહે છે. હૈદરાબાદ અહીં જ આવી જાય છે. ત્યાં જે કાંઈ ગાવામાં આવે છે તે ત્યાં ગવાય છે તે જ વખતે અહીં પણ સાંભળી શકાય છે. દેશ અને કાળ ક્યાં છે ?'

એની પહેલાં મુરુગનરે નીચેના ભાવાર્થનું પદ વાંચી સંભળાવ્યું :

'એમના અનુગ્રહથી મન શંકારહિત ને શાંત થયું હોવાથી સર્વ સ્થળે રમણાશ્રમમાં હોય તેવું જ શાંત રહે છે. જગતમાં જ્યાં જઉં છું ત્યાં બધે જ મારે માટે રમણાશ્રમ છે. દેવો પણ એ રમણાશ્રમમાં અત્યંત આતુરતાપૂર્વક પહોંચી જાય છે.'

* * *   * * *   * * *   * * *

## વાસનાનો વિજય

ઈ.સ. ૧૯૪૬ની બીજી જાન્યુઆરી.

પ્રશ્ન : મારી વાસનાઓ સાથે કેવી રીતે કામ લઉં ? એમને રોકવાની કોશિશ કરું કે સંતોષું ? ભગવાનની પદ્ધતિનો આધાર લઈને 'આ વાસનાઓ કોને થાય છે ?' એવો પ્રશ્ન પૂછું છું તો એમનો અંત નથી આવતો પણ એ પ્રબળ બને છે.

મહર્ષિ : એ બતાવે છે કે તમે મારી પદ્ધતિનું બરાબર અનુસરણ નથી કરતા. સાચો રસ્તો વાસનાઓ જ્યાંથી પેદા થાય છે તે તેમના મૂળસ્થાનને શોધી કાઢવાનો અને એનો અંત આણવાનો છે. વાસનાઓને રોકવાથી એ થોડાક વખતને માટે દબાય ખરી, પરંતુ વળી પાછી પેદા થાય છે. જો એમને સંતોષવામાં આવે છે તો થોડા વખતને માટે સંતોષાય છે ને પાછી અસંતુષ્ટ થાય છે. વાસનાઓ કે ઈચ્છાઓને સંતોષવાની ને તે દ્વારા નિર્મૂળ કરવાની

કોશિશ અગ્નિમાં કેરોસીન રેડીને એને ઠારવાની કે તૃપ્ત કરવાની કોશિશ બરાબર છે. એકમાત્ર માર્ગ વાસનાના કે ઈચ્છાના મૂળને પકડીને એને દૂર કરવાનો જ છે.

જિજ્ઞાસુ : 'હું કોણ છું ?' એની ખોજ કરતાં કરતાં મારાથી નિદ્રાધીન થઈ જવાય છે. તો મારે શું કરવું ?

મહર્ષિ : જાગૃતિદશાના સઘળા સમય દરમિયાન તમારી ખોજ ચાલુ રાખો. એ પૂરતું થઈ પડશે. નિદ્રાધીન થતાં સુધી તો તમારી ખોજ ચાલુ રહેશે. જાગો એટલે તરત જ પાછી એ ખોજ શરૂ કરો.

* * *    * * *    * * *    * * *

## વર્ણાશ્રમ

જિજ્ઞાસુ : રાષ્ટ્રના વિકાસ માટે વર્ણાશ્રમના ભેદોનો અંત આવવો જોઈએ એમ શું આવશ્યક નથી લાગતું ?

મહર્ષિ : એ આવશ્યક છે કે આવશ્યક નથી તે મારાથી કેવી રીતે કહી શકાય ? એવા વિષયો પર હું કદી કશું નથી બોલતો. માણસો અવારનવાર અહીં આવે છે ને વર્ણાશ્રમ વિશેનો મારો અભિપ્રાય પૂછે છે. જો હું કાંઈક કહું તો તે અહીંથી જઈને તરત જ તેને છાપામાં છપાવશે કે આપનો અભિપ્રાય પણ આવો છે. જે ધર્મગ્રંથોએ વર્ણાશ્રમ ધર્મનું પ્રતિપાદન કર્યું છે તેમણે જીવમાત્રની એકતાનો ને અભેદ ભાવનાના મૂળભૂત સત્યનો સંદેશ પણ પૂરો પાડ્યો છે. જીવમાત્રની એકતા કરતાં વધારે ઉત્તમ સત્યનો સંદેશ સંભળાવવાનું કોઈને માટે શક્ય છે ખરું ? પોતાની જાતને સુધાર્યા સિવાય અથવા સુધારતાં પહેલાં સમસ્ત દેશને સુધારવાની શરૂઆત કરવાની સહેજ પણ આવશ્યકતા નથી. પ્રત્યેક માનવનું પ્રથમ કર્તવ્ય પોતાના મૂળ વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનું છે. એ કર્યા પછી જો એને ઉચિત લાગે તો એ દેશના સુધારકાર્યનો આરંભ કરી શકે છે. રામતીર્થે જાહેરાત કરેલી કે 'જોઈએ છે સુધારકો–જે પહેલાં પોતાની જાતનો સુધાર કરે તેવા સુધારકો.' દુનિયામાં કોઈ બે માણસો એકસરખી રીતે વિચારે કે વર્તે એવું નથી બનતું. બાહ્ય ભેદો તો અવશ્ય રહેવાના. એમને દૂર કરવાનો ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવશે તો પણ એ દૂર નહિ થઈ શકે. વર્ણાશ્રમ જેવા ભેદોને દૂર કરવા માગનારા કહેવાતા સામાજિક સુધારકોના પ્રયત્નો સફળ નથી થયા. એ પ્રયત્નોએ એ ભેદોને દૂર કરવાને બદલે બીજા નવા ભેદો ઊભા કર્યા છે અને બ્રહ્મોસમાજ જેવા નવા વર્ગો કે નવી જાતિઓનો ઉમેરો કર્યો છે. પ્રત્યેક માનવને માટેનો એકમાત્ર ઉકેલ પોતાના મૂળભૂત સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાનો છે.

* * *    * * *    * * *    * * *

જિજ્ઞાસુ : ધર્મગુરૂઓ જુદી જુદી સર્વ કાંઈ નિશ્ચિત કર્મકાંડની પ્રક્રિયાઓ ને પૂજાઓની ભલામણ કરે છે અને જનતાને જણાવે છે કે ઓમનો આધાર જો ઉપવાસ અને બ્રહ્મભોજન સાથે નહિ લેવામાં

આવે તો પાપ લાગશે અને અમંગલ થશે. એવી કર્મકાંડની પદ્ધતિઓનું તથા વિધિપૂર્વકની પૂજાઓનું પાલન કરવાનું આવશ્યક છે ?

મહર્ષિ : હા. એવી બધી ઉપાસના પણ આવશ્યક છે. તમારે માટે એની આવશ્યકતા ના પણ હોય. પરંતુ એનો અર્થ એવો નથી કે એની આવશ્યકતા સંસારમાં કોઈને નથી અને કશા જ શુભ હેતુની સિદ્ધિ નથી થતી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને માટે જે આવશ્યક હોય છે તે એક ગ્રેજ્યુએટને માટે આવશ્યક નથી હોતું. એને હવે શબ્દોના સંપૂર્ણ ઉપયોગની ને રહસ્યની ખબર હોય છે.

જિજ્ઞાસુ : હું ઓમ્કાર–પૂજા કરું છું. હું ૐ રામ કહું છું. એ સારું છે ?

મહર્ષિ : હા. કોઈ પણ પૂજા સારી છે. ૐ રામ કે એવું બીજું કોઈ પણ નામ ચાલી શકશે. મુખ્ય મુદ્દો ઓમ, અથવા રામ અથવા ઈશ્વર સિવાયના બીજા બધા જ વિચારોને દૂર કરવાનો છે. બધા જ મંત્રો કે જપોથી એમાં મદદ મળે છે. જે રામના જપ કરે છે તે રામમય બની જાય છે. ઉપાસક વખતના વીતવાની સાથે ઉપાસ્ય બની રહે છે. એ વખતે જ એ જેના જપનો આધાર લઈને આગળ વધતો હોય તે ઓમ્કારના સંપૂર્ણ સારને સમજી શકે છે.

* * * * * * * * * * * *

## શાંતિની પ્રાપ્તિ

આ વાર્તાલાપ ૩૧મી જાન્યુઆરી ૧૯૪૬નો છે :

મુલાકાતી : આજે સવારે ભગવાને મને જણાવ્યું કે માણસ જ્યાં સુધી યથાર્થને જાણતો નથી ત્યાં સુધી શાંતિ નથી મેળવી શકતો. એ યથાર્થ એટલે શું ?

મહર્ષિ : જે હમેશાં છે તે જ યથાર્થ છે. એ જ શાંતિ છે. શાંતિ એનું બીજુ નામ છે.

મુલાકાતી : એની પાસે કેવી રીતે પહોંચાય અથવા શાંતિની પ્રાપ્તિ કેવી રીતે કરી શકાય ?

મહર્ષિ : મેં પહેલાં કહ્યું તેમ જે સાચેસાચ છે તે શાંતિ છે. આપણે માત્ર શાંત રહેતાં શીખવાનું છે. શાંતિ આપણો સાચો મૂળભૂત સ્વભાવ છે. એને આપણે વિકૃત કરીએ છીએ. આપણે એને વિકૃત કરવાનું કે બગાડવાનું બંધ કરીએ એટલું જ જરૂરી છે. શાંતિને આપણે નવેસરથી પેદા નથી કરવાની. દાખલા તરીકે એમ માનો કે હૉલમાં જગ્યા છે. એ જગ્યાને આપણે જુદા જુદા પદાર્થોથી ભરી દઈએ છીએ. આપણે જગ્યાની ઈચ્છા રાખતા હોઈએ તો એ બધા પદાર્થોને હઠાવવાની જ આવશ્યકતા રહે છે. એમને હઠાવીએ એટલે જગ્યા થઈ જાય છે. એવી જ રીતે આપણે આપણા મનમાંથી બધો જ કૂડોકચરો, બધા જ વિચારો, હઠાવી દઈએ તો શાંતિનું પ્રકટીકરણ સહજ બને છે. શાંતિની અનુભૂતિના અવરોધોને દૂર કરી દેવા જોઈએ.

* * * * * * * * * * * *

## અંગુષ્ઠમાત્ર પુરૂષ

માઉન્ટ આબુથી આવેલા શ્રી આનંદ સ્વામીએ પૂછ્યું : પુસ્તકોમાં કહ્યું છે કે પુરૂષ અંગુષ્ઠ–પ્રમાણ છે. એનો ભાવાર્થ શું સમજવો જોઈએ ?

મહર્ષિએ ઉત્તર આપ્યો : પુસ્તકો દેખીતી રીતે જ પુરૂષની ઉપાધિનો ઉલ્લેખ કરે છે. એમના કહેવાનો આશય એવો તો ના જ હોઈ શકે કે સર્વવ્યાપક પુરૂષ અંગુષ્ઠ–પ્રમાણ છે.

'એ પુરૂષ હૃદયમાં છે ? '

'હૃદયનો અર્થ જો ભૌતિક કે સ્થૂલ હૃદય કરીએ તો એમાં એ હોઈ શકે. પરંતુ પુસ્તકો જે હૃદયકમળનું વર્ણન કરે છે તે અંદરથી પોલું છે અને એ પોલાણમાં જ્યોતિ છે. એવા સૂક્ષ્મ હૃદયમાં પુરૂષનો નિવાસ છે અને પેલી જ્યોતિ એ અંગુષ્ઠ–પ્રમાણની જ્યોતિ છે એવું કહી શકાય.'

'એ પ્રકાશનું દર્શન આત્મસાક્ષાત્કાર કહેવાય ?'

'એનું દર્શન કરવું એટલું જ નહિ પરંતુ એમાં સ્થિતિ કરવી અને એ–મય બનવું એ આત્મસાક્ષાત્કાર છે.'

'નિર્વિકલ્પ સમાધિમાં પ્રાણનું શું થાય છે ?'

'એ જ્યાંથી આવ્યો હોય છે ત્યાં પાછો જાય છે ને વિલિન થાય છે.'

'મારે એ જાણવું છે કે એ વખતે શ્વાસોશ્વાસ રહે છે કે કેમ.'

'શ્વાસોશ્વાસની પ્રક્રિયા એના મૂળ રૂપમાં નથી રહેતી પરંતુ કોઈક સૂક્ષ્મ રૂપમાં રહી શકે છે. એ લોકો મહાપ્રાણની વાત કરે છે ખરા.'

* * *        * * *        * * *        * * *

## ગુરૂનો સંબંધ

ગુરૂનો સ્થૂલ તથા સૂક્ષ્મ સંબંધ વિશેનો નવમી માર્ચ ૧૯૪૬નો વાર્તાલાપ આ રહ્યો :

મહર્ષિ : મહાપુરૂષો, જ્ઞાનીઓ અથવા અલૌકિક આત્માઓ સાથેનો સંપર્ક સારો છે. એ બધા મૌન દ્વારા કાર્ય કરતા હોય છે. બોલવાથી એમની શક્તિ ઓછી થાય છે. મૌન સૌથી વધારે શક્તિશાળી હોય છે. એટલે માનસિક સંપર્ક સૌથી શ્રેષ્ઠ હોય છે.

ભક્ત : જ્ઞાનીનું સ્થૂલ શરીર છૂટી જાય છે તે પછી પણ એ વિધાન સાચું ઠરે છે કે એ સ્થૂલ શરીરમાં હોય છે ત્યાં સુધી જ એ કામ કરે છે ?

મહર્ષિ : ગુરૂ કોઈ સ્થૂલ રૂપ નથી હોતા, એટલે એમના સ્થૂલ રૂપના નાશ પછી પણ એમની સાથેનો સંપર્ક જળવાઈ રહે છે.

ભક્ત : મુક્તિ શરીર છૂટતા પહેલાં જ પ્રાપ્ત થાય છે કે મૃત્યુ પછી મળે છે ?

મહર્ષિ : મુક્તિ તમારૂં બીજું નામ છે. એ સદાને માટે તમારી સાથે જ રહે છે. એને મૃત્યુ પછી કે બીજે ક્યાંક નથી મેળવવાની. ક્રાઈસ્ટે કહ્યું છે : 'ઈશ્વરનું રાજ્ય તમારી અંદર છે.' અહીં જ, તમને મૃત્યુ નથી.

* * *        * * *        * * *        * * *

## કલિયુગ

મુલાકાતી : પુરાણોમાં કહેલું છે કે કલિયુગ અમુક હજાર વરસોનો છે, એનો મોટા ભાગનો સમય પસાર થઈ ગયો છે, અને હજુ અમુક સમય શેષ રહ્યો છે. આ યુગ ક્યારે પૂરો થશે ?

મહર્ષિ : હું કાળને સાચો નથી માનતો, એટલે એવા વિષયોમાં રસ પણ નથી લેતો. ભૂતકાળ વિશે અથવા ભૂતકાળમાં થઈ ગયેલા યુગો વિશે આપણે કશું જ નથી જાણતા. ભવિષ્ય વિશે પણ એવી જ રીતે એકદમ અજ્ઞાત છીએ. પરંતુ વર્તમાન છે એટલું જાણીએ છીએ. સૌથી પહેલાં એને જાણી લઈએ. પછી બીજી બધી શંકાઓ શમી જશે.

મુલાકાતી : દેશ અને કાળથી જેની ચેતના ઉપર ઊઠી ગઈ છે તેવા પુરૂષની દૃષ્ટિએ આવા પ્રશ્નો અનાવશ્યક છે એ સમજી શકું છું. પરંતુ અમારા જેવા સંઘર્ષરત સાધકોને માટે એ ઉપયોગી અથવા અગત્યના હોઈ શકે છે. કહે છે કે સત્યયુગ જેવા પહેલાંના માનવ કલિયુગમાં પહોંચ્યો છે તેવી અધમ અવસ્થા પર નહોતો પહોંચ્યો અને એ વખતે મુક્તિ મેળવવાનું કામ આજના કરતાં વધારે સહેલું હતું.

મહર્ષિ : બીજી બાજુએ, કહેવામાં આવ્યું છે કે આ યુગમાં સત્યયુગ કરતાં મુક્તિ મેળવવાનું વધારે સહેલું છે. બીજા યુગોમાં અસંખ્ય વરસોની તપશ્ચર્યાથી જે પ્રાપ્ત થતું તે આ યુગમાં થોડાક દિવસોની કે કલાકોની સાધનાથી જ સાંપડી શકે છે.

* * *    * * *    * * *    * * *

## આત્મિક વિકાસ

મુલાકાતી : અરવિંદ આશ્રમમાં એવું કહેવામાં આવે છે કે આત્મિક ઉન્નતિની અંતિમ અવસ્થા પુરૂષોત્તમ બનવાની છે. એ દશામાં વૃત્તિ સ્થિર થાય છે ને પ્રવૃત્તિ પુરૂષોત્તમની બની જાય છે. બીજા મતોવાળા એવું માને છે કે બધી વૃત્તિઓનો નિરોધ કરવો તે મુક્તિ છે.

મહર્ષિ : તમે જણાવો છો કે બધા મતોવાળા તમે પુરૂષોત્તમ બનવાના કે બીજા કોઈ ધ્યેયની પ્રાપ્તિ કરી શકો તે માટે બધી વૃત્તિઓનો ત્યાગ કરવાનું શીખવે છે. તમારે અધમ, મધ્યમ, ઉત્તમ ત્રણે પ્રકારના પુરૂષ બનવાને બદલે પુરૂષોત્તમ બનવાનું છે એ બરાબર છે. ત્રણે કક્ષાઓથી આગળ વધીને સામાન્ય પુરૂષ તરીકે શ્વાસ લેવાનું બંધ કરો ત્યારે કોઈ વૃત્તિ શેષ રહેશે કે કેમ તેની ચિંતા તમારે અત્યારે ના કરવી જોઈએ. એ દૈવી અવસ્થાની પ્રાપ્તિ કરીને એ અવસ્થા ખરેખર કેવી છે અને એમાં કોઈ વૃત્તિ રહે છે કે નહિ તેનો અનુભવ તમારી મેળે જ કરી લો. આપણે કેટલીકવાર બ્રહ્માકાર વૃત્તિની વાત કરીએ છીએ તે પણ બરાબર નથી. સમુદ્રમાં સમાઈ ગયેલી સરિતાને સરિતા તરીકે ઓળખીને જો 'સમુદ્રાકાર સરિતા' કહી શકીએ તો આત્મિક ઉન્નતિની અંતિમ અવસ્થાને પણ બ્રહ્માકાર વૃત્તિનું નામ આપી શકાય. અરવિંદ આશ્રમમાંથી કોઈ અહીં આવે છે અને અમારા સિદ્ધાંતોમાં શું ભેદ છે એવું પૂછે છે ત્યારે હું એમને જણાવું છું કે : ત્યાં બીજી કશી વસ્તુની ઈચ્છા કે પ્રાપ્તિ કરી શકાય તે પહેલાં સંપૂર્ણ સમર્પણનો સંદેશ સંભળાવવામાં અને એનો આગ્રહ રાખવામાં આવે છે. માટે પહેલાં એનો અમલ કરો. હું પણ તેની ભલામણ કરું છું. એવું સર્વસમર્પણ કર્યા પછી તમે તમારી

મેળે જ અનુભવી શકશો કે બે પુરૂષો છે કે નહિ ને શક્તિ ક્યાંકથી આવીને ક્યાંક બીજે ફરી વળે છે કે કેમ. કારણ કે આપણે ઈશ્વર વિશે કે આપણી અંદર આવતી ને ફેલાતી શક્તિના ઉદ્‌ભવસ્થાન વિશે કશું જ નથી જાણતા. પરંતુ ‘હું’ એટલું તો સૌ કોઈ જાણે જ છે. એ ‘હું’ શું છે તેને પહેલાં જાણી લઈએ. એને જાણ્યા પછી પણ અત્યારે કરવામાં આવે છે તેવી કોઈ શંકા શેષ રહેશે તો એ શંકાઓના સમાધાન પૂરતો સમય મળી રહેશે.

* * *   * * *   * * *   * * *

સાધક : જુદા જુદા અસંખ્ય ધર્મગુરૂઓ જુદા જુદા માર્ગોનો ઉપદેશ આપે છે. એમનામાંથી માણસે પોતાના ગુરૂ તરીકે કોનો સ્વીકાર કરવો ?

મહર્ષિ : જેમની સંનિધિમાં તમને સુખ અથવા શાંતિનો અનુભવ થતો હોય તેવા કોઈ પણ પુરૂષને પસંદ કરી શકો છો.

* * *   * * *   * * *   * * *

## માયા

જિજ્ઞાસુ : માયા કોને કહેવાય છે ?

મહર્ષિ : એ અનિર્વચનીય અથવા અવર્ણનીય છે.

જિજ્ઞાસુ : એ કોને સ્પર્શે છે ?

મહર્ષિ : જે પોતાની અલગતાનો અનુભવ કરે છે ને ‘હું આ કરું છું’ તથા ‘આ મારું છે’ એવું વિચારે છે એ મનને અથવા અહંકારને.

જિજ્ઞાસુ : એ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? અથવા ક્યાંથી આવે છે ?

મહર્ષિ : કોઈ જ નથી કહી શકે તેમ.

જિજ્ઞાસુ : એનો આવિર્ભાવ શેમાંથી થાય છે ?

મહર્ષિ : અ–વિચારમાંથી અથવા ‘હું કોણ છું?’ એ પ્રશ્નને પૂછવાની નિષ્ફળતામાંથી.

જિજ્ઞાસુ : હિરણ્યગર્ભ એટલે શું ?

મહર્ષિ : હિરણ્યગર્ભ સૂક્ષ્મ શરીર અથવા ઈશ્વરનું બીજું નામ છે એટલું જ.

* * *   * * *   * * *   * * *

## માનસ જપ ને ધ્યાન

જિજ્ઞાસુ : માનસ જપ અને ધ્યાનમાં ફેર શું ?

મહર્ષિ : એ બંને એક જ છે. બંનેમાં મન મંત્ર અથવા આત્મામાં એકાગ્ર થાય છે. મંત્ર, જપ, ધ્યાન કેવળ જુદાં જુદાં નામો છે. જ્યાં સુધી એમને માટે પ્રયત્ન કરવો પડે છે ત્યાં સુધી આપણે એમને એ નામથી ઓળખીએ છીએ પરંતુ જ્યારે આત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એ કોઈ પણ પ્રકારના પ્રયત્ન સિવાય સ્વાભાવિક રીતે જ થયા કરે છે ને જે સાધન હોય છે તે સાધ્ય બને છે.

* * *   * * *   * * *   * * *

જિજ્ઞાસુ : પુનર્જન્મ છે ખરો ?

મહર્ષિ : જો જન્મ નામની કોઈ વસ્તુ હોય તો એક પુનર્જન્મને બદલે જન્મોની પરંપરા હોવી જોઈએ. તમને આ જન્મ શા માટે ને કેવી રીતે મળ્યો ? એ જ કારણસર અને એવી જ રીતે બીજા જન્મો મળવા જ જોઈએ.

* * * * * * * * * * * *

૨૦મી જૂન ૧૯૪૬ને દિવસે એક મુલાકાતીએ પૂછ્યું

મુલાકાતી : જો હું શરીર નથી તો પછી મારાં શુભાશુભ કર્મોને માટે હું જવાબદાર છું ખરો ?

મહર્ષિ : જો તમે શરીર નથી ને કર્તાપણાનો ભાવ નથી રાખતા તો તમારાં શુભાશુભ કર્મોના પરિણામની અસર તમને કદી પણ નહિ થાય. શરીરથી કરાતાં કર્મોના સંબંધમાં 'આ હું કરું છું' અથવા 'એ મેં કર્યું' એવું શા માટે કહો છો ? એવી રીતે જ્યાં દેહભાવનો અનુભવ કરો છો ત્યાં સુધી તમને કર્મોની અસર થયા કરે છે અને યોગ્ય તેમજ અયોગ્યનો વિચાર પણ ચાલુ રહે છે.

મુલાકાતી : શ્રી અરવિંદ જણાવે છે કે જગત સાચું છે અને તમે તેમજ વેદાંતીઓ એને મિથ્યા માનો છો. જગત અસત્ય અથવા મિથ્યા કેવી રીતે હોઈ શકે ?

મહર્ષિ : વેદાંતીઓ જગત અસત્ય છે એવું નથી કહેતા. એ એક ગેરસમજ છે. એ એવું નથી કહેતા. એ એક ગેરસમજ છે. જો એ એવું કહેતા હોય તો પછી 'બધું બ્રહ્મ જ છે' એ વેદાંતવાક્યનો અર્થ શો સમજવો ? એ ફક્ત એટલું જ કહેવા માગે છે કે જગત જગત તરીકે મિથ્યા છે પરંતુ આત્મારૂપે સાચું છે. જગતને જો તમે આનાત્મા તરીકે માનતા હો તો તે સાચું નથી. જગત, માયા, લીલા, શક્તિ અથવા જે કહો તે બધું આત્માની અંદર જ હોવું જોઈએ અને એથી અલગ ના હોઈ શકે. શક્તિ શક્તિમાનથી અલગ ના હોઈ શકે.

☼ ☼ ☼ ☼ ☼

## [૫૪] વાર્તાલાપ - ૪

### મનની શાંતિ

જિજ્ઞાસુ : સંકલ્પો તથા વિકલ્પોવાળા ચંચળ મનને શાંત કેવી રીતે કરવું ?

મહર્ષિ : આ પ્રશ્ન કોણ પૂછે છે ? તમે પૂછો છો કે મન પૂછે છે ?

જિજ્ઞાસું : મન.

મહર્ષિ : એ મન શું છે તે જોઈ લો તો તે શાંત બનશે.

જિજ્ઞાસુ : મન શું છે તે કેવી રીતે જોઈ શકાય ?

મહર્ષિ : મનના સંબંધમાં તમારો દૃષ્ટિકોણ કેવો છે ?

જિજ્ઞાસુ : મારો દૃષ્ટિકોણ એવો છે કે એ વિચાર છે.

મહર્ષિ : મન વિચારોનો સમુહ છે, પરંતુ સઘળા વિચારોનું મૂળ ઉદ્‌ભવસ્થાન અહંભાવ છે એટલા માટે 'અહં' શું છે તેની ખોજ કરવાનો જો પ્રયત્ન કરશો તો મન મટી જશે. મનનું અસ્તિત્વ તમે બહારની વસ્તુઓનો વિચાર કરશો ત્યાં સુધી જ કાયમ રહેશે. પરંતુ જ્યારે એને બાહ્ય પદાર્થોમાંથી પાછું વાળશો ને એનો અથવા 'અહં'નો વિચાર કરવાના કામમાં લગાડશો અથવા બીજા શબ્દોમાં કહીએ તો અંતર્મુખ બનાવશો ત્યારે એનું અસ્તિત્વ મટી જાય છે.

* * *    * * *    * * *    * * *

### શ્રાદ્ધ વિશે

ભક્ત : સ્વર્ગવાસી મનુષ્યોની પાછળ એમના વારસો દ્વારા કરવામાં આવતી વાર્ષિક શ્રાદ્ધ જેવી ક્રિયાઓ સ્વર્ગસ્થ મનુષ્યોનાં કર્મોનો નાશ કરવાની શક્તિ ધરાવે છે એવું માનીએ તો એ માન્યતા કર્મના સિદ્ધાંતના મૂળમાં ઘા કરનારી લાગે છે. કારણ કે પછી તો મનુષ્ય પોતાના પુત્રો તથા બીજા સ્વજનો દ્વારા કરાતી ધર્મક્રિયાઓની મદદથી પોતાનાં કુકર્મોનાં કુફળમાંથી સહેલાઈથી મુક્તિ મેળવી શકે.

મહર્ષિ : એવી ધર્મક્રિયાઓ મૃતાત્માને થોડાક પ્રમાણમાં મદદરૂપ થઈ શકે છે. પ્રાયશ્ચિત્ત અને સત્કર્મો મનુષ્યનાં કુકર્મોનાં કુફળનો નાશ કરે છે એવું કહેવામાં આવે છે. એ જ સિદ્ધાંત એ સંબંધમાં પણ લાગુ પડે છે.

થોડાક વખત પછી એક બીજા ભક્તે જણાવ્યું : ત્રણેક વરસ પહેલાં મારી માન્યતા એવી હતી કે મૃતાત્માની પાછળ કરાતી વાર્ષિક શ્રાદ્ધ જેવી ક્રિયાઓ એમનો પુનર્જન્મ થતાં સુધી જ એમને મદદ પહોંચાડતી હશે.

મહર્ષિ તરત જ બોલ્યા : એ કેટલાક પુનર્જન્મોમાંથી પસાર થાય છે તો પણ પ્રકારાંતરે મદદ મેળવે છે. અને એ બધાનું ધ્યાન રાખનારી અથવા એની વ્યવસ્થા કરનારી એક એજન્સી છે. એ વ્યવસ્થાતંત્ર અથવા એજન્સી બધું સંભાળે છે. અલબત્ત, જ્ઞાનમાર્ગ એવું બધું નથી જણાવતો.

* * *    * * *    * * *    * * *

**સાક્ષાત્કાર**

મુલાકાતી : માણસને આત્મસાક્ષાત્કાર થઈ જાય છે તે દરમિયાન શું દેખાય છે ? એ દશામાં એ શું જુએ છે ?

મહર્ષિ : એ અવસ્થા દૃષ્ટા ને દૃશ્યથી અતીત હોય છે. એ દરમિયાન કશાનું દર્શન કરનારો દૃષ્ટા નથી રહેતો. બધાને જોનારો દૃષ્ટા આત્મસાક્ષાત્કારની એ અલૌકિક અવસ્થા દરમિયાન શાંત થાય છે અને એકલો આત્મા જ શેષ રહે છે.

૨૮મી નવેમ્બર ૧૯૪૬ને દિવસે એક ભક્તે પૂછ્યું : કેટલાક કહે છે કે જીવનમુક્તો સદાને માટે બ્રહ્માકાર વૃત્તિથી સંપન્ન હોય છે. તો શું એ નિદ્રાવસ્થામાં પણ બ્રહ્માકાર વૃત્તિવાળા હોય છે ? જો હોય તો પછી એમના સંબંધમાં નિદ્રા કોણ લે છે ?

મહર્ષિએ જણાવ્યું : જીવનમુક્તો સદાને માટે અને નિદ્રામાં પણ બ્રહ્માકાર વૃત્તિથી સંપન્ન હોય છે. છેલ્લા પ્રશ્નનો ને તમારા સંપૂર્ણ પ્રશ્નનો સાચો ઉત્તર એ છે કે જ્ઞાનીને જાગૃતિ, સ્વપ્ન અથવા સુષુપ્તિ અવસ્થા નથી હોતી કિન્તુ કેવળ તુરીય અવસ્થાનો અનુભવ થતો હોય છે. જ્ઞાની નિદ્રા લે છે પરંતુ નિદ્રારહિત બનીને નિદ્રા લે છે અથવા નિદ્રાવસ્થા દરમિયાન પણ જાગતો હોય છે.

* * * * * * * * * * * *

દર્શનાર્થી : આત્મસાક્ષાત્કારમાં અંતરાયરૂપ વિઘ્નો કયાં છે ?

મહર્ષિ : મનની વાસનાઓ.

દર્શનાર્થી : મનની આદતો કે વાસનાઓને કેવી રીતે જીતી શકાય ?

મહર્ષિ : આત્મના સાક્ષાત્કાર દ્વારા.

દર્શનાર્થી : આત્મસાક્ષાત્કાર માટે બીજાં ઉપયોગી સાધનો કયાં છે ?

મહર્ષિ : શાસ્ત્રો અને સાક્ષાત્કારી સત્પુરૂષોના સદ્દપદોશો.

દર્શનાર્થી : એવા સદ્દપદેશો ચર્ચાઓ, પ્રવચનો અને ધ્યાન અથવા ચિંતનના રૂપમાં હોઈ શકે ?

મહર્ષિ : હા. એ બધી મદદ ગૌણ ગણાય છે પરંતુ ગુરૂની કૃપા ખાસ મહત્વની છે.

* * * * * * * * * * * *

જિજ્ઞાસુ : મારે મારી પત્નીનો ને મારા કુટુંબનો ત્યાગ ના કરવો જોઈએ ?

મહર્ષિ : તે તમને કેવી રીતે નુકશાન કરે છે ? પહેલાં શોધી કાઢો કે તમે કોણ છો.

જિજ્ઞાસુ : માણસે ઘરનો, સ્ત્રીનો, સંપત્તિનો ત્યાગ ના કરવો જોઈએ ?

મહર્ષિ : સૌથી પહેલાં સમજી લો કે સંસાર શું છે. આ બધો સંસાર છે ? માણસો એની અંદર નથી રહેતા ને રહીને આત્મસાક્ષાત્કાર નથી કરી લેતા ?

જિજ્ઞાસુ : ઈશ્વરનું દર્શન કરવાનું શક્ય નથી ?

મહર્ષિ : શક્ય છે. તમે આ ને તે બધાનું દર્શન કરો છો તો પછી ઈશ્વરનું દર્શન શા માટે ના કરી શકો ? તમારે ફક્ત જાણવું જોઈએ કે ઈશ્વર શું છે. બધા રોજ રોજ ઈશ્વરને જોતા હોય છે

પરંતુ એને જાણતા નથી એટલું જ. ઈશ્વર શું છે તે શોધી કાઢો. લોકો ઈશ્વરને જાણતા નથી એટલે જુએ છે તો પણ નથી જોતા.

જીજ્ઞાસુ : મૂર્તિની પૂજા કરતી વખતે હું રામ અથવા કૃષ્ણના જપ કરું તો તે બરાબર છે ?

મહર્ષિ : માનસ જપ ખૂબ જ ઉત્તમ છે. એથી ધ્યાનમાં મદદ મળે છે. મન જપ સાથે એકરૂપ બની જાય છે અને એ પછી સાચી પૂજાના રહસ્યનું જ્ઞાન થાય છે. એ રહસ્ય આરાધ્યદેવમાં પોતાના વ્યક્તિત્વને વિલિન કરી દેવાનું છે.

* * * * * * * * * * * *

## નાદ, બિંદુ, કલા

સાધક : નાદ, બિંદુ, અને કલા એટલે શું ?

મહર્ષિ : વેદાંતની પરિભાષામાં એમને પ્રાણ, મન તથા બુદ્ધિ કહેવામાં આવે છે. તંત્રમાર્ગમાં નાદને પ્રકાશથી ભરપૂર સૂક્ષ્મ શબ્દ કહેવામાં આવે છે. એ પ્રકાશ શિવનું શરીર ગણાય છે. એનો વિકાસ થાય છે ને શબ્દનો લય થઈ જાય છે ત્યારે તે બિંદુ બને છે. પ્રકાશમય બનવું કે જ્યોતિરૂપ થવું એ ધ્યેય છે. કલા બિંદુનો એક ભાગ કહેવાય છે.

* * * * * * * * * * * *

## સૂક્ષ્મ શરીર

જિજ્ઞાસુ : તેજોમય અથવા સૂક્ષ્મ શરીર શું છે ?

મહર્ષિ : સ્વપ્નાવસ્થામાં તમારે શરીર નથી હોતું ? બિછાના પર પડેલા ને વિશ્રાંતિ લેતા શરીર કરતાં એ અલગ નથી હોતું ?

જિજ્ઞાસુ : મૃત્યુ પછી આપણે રહીએ છીએ ખરા ? સ્થૂલ શરીરથી અલગ પડેલું સૂક્ષ્મ શરીર રહે છે ? એને મૃત્યુની અસર નથી થતી ?

મહર્ષિ : નિદ્રાવસ્થામાં કેટલાક અવનવીન અનુભવો પછી જેવી રીતે તમે જાગી ઊઠો છો તેવી જ રીતે ભૌતિક અથવા શારીરિક મૃત્યુ પછી બીજું શરીર મળે છે.

* * * * * * * * * * * *

## અહંભાવ

એક અમેરિકન મુલાકાતીએ પૂછ્યું

મુલાકાતી : અહંભાવ શું છે ?

મહર્ષિ : અહંભાવ તમારી બહારની વસ્તુ નથી પરંતુ અંદરની વસ્તુ છે એટલે એની સ્પષ્ટતા તમને હોવી જ જોઈએ.

મુલાકાતી : એની વ્યાખ્યા શું ?

મહર્ષિ : વ્યાખ્યા પણ અહંભાવની મદદથી જ કરવી રહેશે. અહંભાવે પોતાની વ્યાખ્યા કરવી જ જોઈએ.

મુલાકાતી : આત્મા શું છે ?

મહર્ષિ : અહંભાવને શોધી કાઢો એટલે આત્માને શોધી શકશો.

મુલાકાતી : તો પછી એ બંને એક જ છે ?

મહર્ષિ : અહંભાવ વગરનો આત્મા હોઈ શકે પરંતુ આત્મા વગરનો અહંભાવ ના હોય. એ બંને સમુદ્ર અને પરપોટા જેવાં છે. એટલાથી બધું સમજી શકાય છે.

* * *   * * *   * * *   * * *

મહર્ષિના પહેલાંના શિષ્ય હોવાનો દાવો કરનારા એક માણસે કોર્ટમાં ફરિયાદ કરીને એવી દાદ માગી કે પોતે આશ્રમનો સર્વાધિકારી છે એવું જાહેર કરવામાં આવે.

કોર્ટ તરફથી મહર્ષિની કમિશન મારફત તપાસ કરવામાં આવી. એ વખતે ઘણા લોકો એકઠા થયેલા. કમિશન તરફથી પુછાયેલા પ્રશ્નો અને એમના મહર્ષિએ આપેલા ઉત્તરો ઘણા રસમય તથા મહર્ષિના મહાન વ્યક્તિત્વ પર પ્રકાશ પાડનારા હોવાથી ખાસ જોઈ જવા જેવા છે :

પ્રશ્ન : શ્રી ભગવાનનો આશ્રમ કયો છે ?

ઉત્તર : અતિ–આશ્રમ (ચારે અવસ્થાઓથી પર).

પ્રશ્ન : એ વળી શું છે ?

ઉત્તર : સામાન્ય રીતે ઓળખાતા ચાર આશ્રમોથી એ પર છે.

પ્રશ્ન : એ શાસ્ત્રીય છે ?

ઉત્તર : હા. શાસ્ત્રોએ એનો ઉલ્લેખ કરેલો છે.

પ્રશ્ન : તમારા સિવાય કોઈ બીજા પણ એવી શ્રેણીના છે ખરા ?

ઉત્તર : હોય પણ ખરા.

પ્રશ્ન : કોઈ એવા થયા છે ?

મહર્ષિ : શુક, ઋષભ, જડભરત અને બીજા.

પ્રશ્ન : ઘર તથા સંપત્તિની આસક્તિ ના હોવાથી તમે નાની ઉંમરમાં જ ઘરનો ત્યાગ કરેલો. પરંતુ અહીં આશ્રમમાં તો સંપત્તિ છે. એમ કેમ ?

ઉત્તર : હું એની કામના નથી કરતો. સંપત્તિ મારા પર લાદવામાં આવી છે. હું એને ચાહતો નથી ને ધિક્કારતો પણ નથી.

પ્રશ્ન : એ તમને અર્પણ કરવામાં આવે છે ?

ઉત્તર : એનું અર્પણ સ્વામીને કરવામાં આવે છે પછી એ સ્વામી ગમે તે હોય. પરંતુ જે શરીર સંસારમાં સ્વામી તરીકે ઓળખાય છે એ શરીર આ રહ્યું. એ મારી જાત પૂરતું મર્યાદિત છે.

પ્રશ્ન : એ સંપત્તિની મમતા નવેસરથી પેદા થઈ છે એવું કહેવું જોઈએ. ખરું ને ?

મહર્ષિ : મેં જે કહ્યું છે તે એટલું જ કે એનો તિરસ્કાર નથી કરતો.

પ્રશ્ન : તમે ઉપદેશ આપો છો ? તમે કદી ઉપદેશ આપ્યો છે ખરો ?

મહર્ષિ : મુલાકાતીઓ પ્રશ્નો પૂછે છે. એમને હું મારી સમજણ પ્રમાણે ઉત્તર આપું છું. મારા શબ્દોને પોતાની રુચિ પ્રમાણે કેવી રીતે અપનાવવા અથવા ઓળખવા તેનો નિર્ણય કરવાનું કામ તેમનું છે.

પ્રશ્ન : એ ઉપદેશ હોય છે ?

ઉત્તર : બીજા તેને શું માને છે તે કેવી રીતે કહી શકું ?

પ્રશ્ન : તમારે શિષ્યો છે ?

ઉત્તર : હું કોઈને વિધિપૂર્વક ઉપદેશ નથી આપતો. એટલે કે કુંભની સ્થાપના તથા પૂજા કરીને ને માનવના કાન ફૂંકીને. માણસ પોતાને મારો શિષ્ય કે ભક્ત માનવા સ્વતંત્ર છે. હું કોઈને મારો શિષ્ય નથી માનતો. માણસો પોતાને મારા શિષ્યો તરીકે ઓળખાવે તો હું સ્વીકાર કે અસ્વીકાર નથી કરતો. મારી દૃષ્ટિમાં સૌ સરખા છે. એ એમની જાતને શિષ્યો કહેવડાવવા માટે લાયક માને છે. એમને મારાથી શું કહી શકાય ? મારી જાતને હું ગુરૂ કે શિષ્ય તરીકે નથી ઓળખાવતો.

પ્રશ્ન : પર્વત પરની સ્કંદાશ્રમની ભૂમિ મંદિરની હોવા છતાં, લાગતા વળગતા લોકોની પહેલેથી પરવાનગી લીધા સિવાય, ત્યાં સ્કંદાશ્રમના નિર્માણની અનુમતિ તમે કેવી રીતે આપી શક્યા ?

ઉત્તર : જે પરમશક્તિએ મને અહીં લઈ આવીને પર્વત પર વસવાટ કરાવ્યો તે જ શક્તિથી પ્રેરિત થઈને.

પ્રશ્ન : આ સ્થળમાં આવ્યા પછી એકાદ કલાકમાં જ તમે તમારા પૈસાનો ને બીજા પદાર્થોનો પરિત્યાગ કર્યો. એનું કારણ એ હતું કે તમે પરિગ્રહની આકાંક્ષા નહોતા રાખતા. તમે ધનનો સ્પર્શ કદી પણ નથી કરતાં. આ સ્થળના તમારા આગમન પછી કેટલાંક વરસો સુધી તમારી પાસે સંપત્તિ ન હતી. આશ્રમ તરફથી હવે દાનનો સ્વીકાર કરવામાં આવે છે એનું કારણ ?

ઉત્તર : કેટલાક સાથીઓ મારા નામનો ઉપયોગ કરીને ફાળો ઉઘરાવવા માંડ્યા એટલે પાછળથી એ પદ્ધતિનો પ્રારંભ થયો. મેં એમની પ્રવૃત્તિને મંજૂર ના કરી કે અટકાવી નહિ. એટલે એ આજે પણ ચાલ્યા કરે છે. એક માણસ વિદાય થાય છે, બીજો એનું સાથાન લે છે, પરંતુ પ્રવૃત્તિ ચાલ્યા જ કરે છે. દાન અથવા ભેટોનો સ્વીકાર કરવો જોઈએ એવું હું પોતે નથી ઈચ્છતો પરંતુ મારી શિખામણ કોઈ નથી માનતું. બિનઅસરકારક શિખામણ આપવાની મારી ઈચ્છા પણ નથી. એટલા માટે હું એમને નથી અટકાવતો. ધન આવતું જાય છે એટલે સંપત્તિ પોતાની મેળે, સ્વાભાવિક રીતે જ વધતી જાય છે.

પ્રશ્ન : તમે તમારા નામની સહી કેમ નથી કરતા ?

ઉત્તર : એ પ્રશ્નનો ઉત્તર 'સેલ્ફ રીઅલાઈઝેશન' ગ્રંથના લેખકે સારી પેઠે પૂરો પાડ્યો છે. વધારામાં, હું મારી જાતને કયા નામથી ઓળખાવું ? મને પોતાને એ નથી સમજાતું. મારા અહીંના આગમનથી માંડીને આજ સુધી લોકોએ મને જુદાં જુદાં કેટલાંય નામો પ્રદાન કર્યાં છે. હું

કોઈ એક જ નામે સહી કરું તો બધા તેને નહિ સમજી શકે. એટલા માટે તો મારા હસ્તાક્ષરની આકાંક્ષા સાથે આવનારા લોકોને હું જણાવતો કે તમે મારી સહી બીજાને બતાવશો તો પણ સામાન્ય રીતે લોકો એને સાચી નહિ માને.

પ્રશ્ન : હું માનું કે તમે ધન તથા બીજી ભેટોનો સ્પર્શ નથી કરતા.

ઉત્તર : લોકો કોઈ વાર મારા હાથમાં ફળ મૂકે છે. હું એમને સ્પર્શું છું.

પ્રશ્ન : જો તમે એક પ્રકારની ભેટને સ્વીકારતા હો તો પછી ધનનો સ્વીકાર પણ શા માટે નથી કરતા ?

ઉત્તર : હું ધનને ખાઈ નથી શકતો. હું એને લઈને શું કરું ? જેનું શું કરવું તેની મને માહિતી નથી તેને લઈને શું કરું ?

પ્રશ્ન : મુલાકાતીઓ આશ્રમમાં શા માટે રોકાય છે ?

ઉત્તર : તેની ખબર તો તેમને જ હોઈ શકે.

પ્રશ્ન : મને લાગે છે કે કોઈના અહીં આવવામાં ને રહેવામાં તમને કશી હરકત નહિ હોય.

ઉત્તર : ના.

પ્રશ્ન : એવી રીતે એ ગમે તેટલા વખત લગી રહે તો પણ તેની કશી હરકત નહિ હોય.

ઉત્તર : ના. જો હું એની સાથે સંમત નહિ હોઉં તો હું વિદાય થઈશ. એ જ.

* * * * * * * * * * * *

એક વકીલ ભક્તે પૂછ્યું કે, કમિશને કરેલી આગલા દિવસની તપાસને લીધે તેમને પરિશ્રમ પડ્યો છે કે શું ?

મહર્ષિએ જણાવ્યું : મેં મારા મનનો ઉપયોગ નહોતો કર્યો અને એથી કોઈ પ્રકારનો પરિશ્રમ નથી પડ્યો. એ મને ભલે હજાર દિવસ સુધી તપાસે તો પણ મને કશું નહિ લાગે.

* * * * * * * * * * * *

જિજ્ઞાસુ : જુદાં જુદાં ચક્રોમાં જુદા જુદા દેવતાઓ રહે છે એવું કહેવાય છે. સાધના દરમિયાન એમનું દર્શન થઈ શકે છે ?

મહર્ષિ : જો ઈચ્છા હોય તો એમનું દર્શન થઈ શકે.

જિજ્ઞાસુ : અમુક વ્યક્તિ ગુરૂ થવાને માટે યોગ્ય છે એવું કેવી રીતે જાણી શકાય ?

મહર્ષિ : એની સંનિધિમાં અનુભવાતી માનસિક શાંતિથી અને એને માટે તમારા અંતરમાં ઉત્પન્ન થનારા આદરભાવથી.

જિજ્ઞાસુ : ગુરૂ જો પાછળથી અયોગ્ય સાબિત થાય તો એની અંદર શ્રદ્ધા રાખનારા શિષ્યના ભાગ્યનું શું ?

મહર્ષિ : પ્રત્યેકને પોતાની લાયકાત પ્રમાણે ફળ મળી રહે છે.

* * * * * * * * * * * *

સાધક : માણસ જિતસંગદોષ અથવા તો સંગદોષથી મુક્ત કેવી રીતે બની શકે ?

મહર્ષિ : સત્સંગથી. સંતપુરૂષોના સમાગમથી.

सत्संगत्वे निस्संगत्वं, निस्संगत्वे निर्मोहत्वं,
निर्मोहत्वे निश्चलतत्वं, निश्चलतत्वे जीवनमुक्तिः ।

એટલે કે સત્સંગત્વથી સત્સંગત્વ પેદા થાય છે, નિસ્સંગત્વને લીધે નિર્મોહત્વની પ્રાપ્તિ થાય, નિર્મોહત્વ નિશ્ચલતાનું પ્રદાન કરે છે, ને નિશ્ચલતાની સિદ્ધિ થતાં જીવનમુક્તિનો લાભ મળે છે. સત્સંગ એટલે સંતનો સમાગમ. સંત એકમાત્ર આત્મા જ છે. આત્માને સંતરૂપે જ્યાં સુધી અનુભવવામાં નથી આવતો ત્યાં સુધી એવા અનુભવથી સંપન્ન સંતપુરૂષના સંગનો લાભ લેવો પડે છે. એ સત્સંગ કહેવાય છે. એના પ્રભાવથી સંતનો સાક્ષાત્કાર થાય છે.

સાધક : સંન્યાસી સંસારની વચ્ચે રહી શકે ?

મહર્ષિ : મહર્ષિએ એ પ્રશ્નનો ઉત્તર એમની લાક્ષણિક રીતે આપતાં જણાવ્યું કે જ્યાં સુધી માણસ એવું માને છે કે હું સંન્યાસી છું ત્યાં સુધી એ સંન્યાસી નથી હોતો. માણસ સંસારનું ચિંતન નથી કરતો ત્યાં સુધી સંસારી નથી હોતો. એથી ઊલટું, બીજી રીતે કહીએ તો એ સંન્યાસી જ હોય છે.

પ્રશ્ન : તમે તે દિવસે આશ્રમનો ઉલ્લેખ કરેલો. એને માટે કોઈ પ્રમાણ છે ખરું ? એનો ઉલ્લેખ કોઈ ઠેકાણે કરવામાં આવ્યો છે ?

ઉત્તર : હા. ઉપનિષદમાં, સુત સંહિતામાં (સ્કંદ પુરાણમાં), ભાગવત, મહાભારતમાં અને બીજા ગ્રંથોમાં.

પ્રશ્ન : અત્યાશ્રમીઓ સંપત્તિ કે મિલકત ધરાવી શકે ખરા ?

ઉત્તર : એમને માટે કોઈ પ્રકારનો પ્રતિબંધ નથી હોતો, એ એમની મરજી મુજબ ગમે તે કરી શકે છે. શુકદેવના સંબંધમાં એવું કહેવાય છે કે એ પરણેલા હતા અને સંતાનોના પિતા પણ થયેલા.

પ્રશ્ન : એ સંજોગોમાં અત્યાશ્રમી એક ગૃહસ્થાશ્રમી જેવો જ કહી શકાય.

ઉત્તર : મેં ક્યારનુંય કહી દીધું છે કે એ ચાર પ્રખ્યાત આશ્રમોથી અતીત હોય છે.

પ્રશ્ન : જો તે લગ્ન કરી શકતા ને મિલકત ધરાવી શકતા હોય તો તો તેમને ગૃહસ્થી જ કહી શકાય.

ઉત્તર : તમારો દૃષ્ટિકોણ એવો હોઈ શકે છે.

પ્રશ્ન : એ મિલકત ધરાવી શકે ને બીજાને આપી શકે પણ ખરા ?

ઉત્તર : એ એવું કરે કે ના પણ કરે. એનો આધાર એમના પ્રારબ્ધ પર રહેતો હોય છે.

પ્રશ્ન : એમને માટે કોઈ કર્મ હોય છે ખરું ?

ઉત્તર : એમનું વર્તન કોઈ પણ પ્રકારના વિધિનિષેધાત્મક નિયમોમાં નથી બાંધી શકાતું.

એ પ્રશ્નોમાંના કેટલાક પ્રશ્નો અત્યંત ઉત્તેજક સ્વરૂપના હોવા છતાં મહર્ષિએ એમના ઉત્તરો ખૂબ જ શાંતિપૂર્વક આપ્યા. એની ઉપરથી એમની અસાધારણ અખંડ આત્મનિષ્ઠાનો પરિચય થાય છે અને એમના પ્રત્યે આદરભાવ જન્મે છે. આત્મનિષ્ઠાની કસોટી મોટે ભાગે પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ થતી હોય છે. પરિસ્થિતિ અનુકૂળ હોય ત્યારે તો એ આત્મનિષ્ઠા ટકી રહે છે પરંતુ પ્રતિકૂળતામાં પણ એ અચળ રહે ત્યારે જ સાચી ગણાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## [૫૫] વાર્તાલાપ - ૫

મહર્ષિ સાથેના આ વાર્તાલાપમાં સાધકોને અથવા અધ્યાત્મ રસિકોને માટે ઉપયોગી એવા એક બીજા જ વિષયની ચર્ચા થઈ રહી છે :

દર્શનાર્થી : અહીં આવનારા કેટલાય મુલાકાતીઓ દ્વારા મારા સાંભળવામાં આવ્યું છે કે એમને તમારી મારફત ઝાંખીઓ થાય છે અથવા વિચારપ્રવાહો કે પ્રેરણા તથા સૂચનાઓની પ્રાપ્તિ થાય છે. મને આ સ્થળમાં દોઢ મહિનો થઈ ગયો તો પણ હજુ એવો કોઈ પણ પ્રકારનો અનુભવ નથી મળ્યો. એનું કારણ એ છે કે હું તમારા અનુગ્રહને માટે અયોગ્ય છું ? જો એવું જ હોય તો તો મારે માટે એ ખરેખર શરમજનક છે કે મારા જેવા વસિષ્ઠકુલોત્પન્ન પુરૂષને તમારા અનુગ્રહનો લાભ નથી મળતો ને દૂર દેશના પરદેશીઓને મળે છે. મારી એ નામોશીને દૂર કરવા માટે કોઈક પ્રાયશ્ચિત્ત બતાવી શકશો ?

મહર્ષિ : ઝાંખીઓ, વિચારપ્રવાહો કે પ્રેરણાઓનો આધાર મનની ભૂમિકા પર રહેતો હોય છે. એ પરમાત્માની પરમ સત્તા પર નહિ પરંતુ વ્યક્તિઓ પર અવલંબે છે. એ ઉપરાંત એમનું મહત્વ વિશેષ નથી હોતું. મહત્વ તો ખરું જોતાં મનની શાંતિનું હોય છે.

અન્ય ભક્ત : વાસનાઓના સર્વનાશ પહેલાં આત્મસાક્ષાત્કાર થઈ શકે ?

મહર્ષિ : વાસનાઓ બે જાતની હોય છે. એક તો બંધ હેતુ અને બીજી ભોગ હેતુ. અજ્ઞાનીને માટે એ બંધનનું કારણ બને છે ને જ્ઞાનીને માટે આનંદનું. બીજી જાતની વાસના સાક્ષાત્કારમાં અંતરાયરૂપ બનતી હોય છે.

દર્શનાર્થી : વામદેવ, જડભરત અને એવા બીજા આત્મસાક્ષાત્કારી પુરૂષો ફરી જન્મે છે ખરા ?

મહર્ષિ : આત્મસાક્ષાત્કાર કરી ચૂકેલા પુરૂષોનો પુનર્જન્મ ના થઈ શકે. પુનર્જન્મ બંધનકારક વાસનાઓને લીધે જ થતો હોય છે. પરંતુ આત્મસાક્ષાત્કારની અનેરી અવસ્થામાં એમનો અંત આવે છે.

* * *    * * *    * * *    * * *

### મૃત્યુનો ભય

એક ભક્ત : મૃત્યુનો ભય કેવી રીતે દૂર થાય

મહર્ષિ : મૃત્યુનો વિચાર કરતાં પહેલાં જન્મ થયો છે કે કેમ તે શોધી કાઢો. જેનો જન્મ થાય છે તેનું જ મરણ પણ હોઈ શકે છે. નિદ્રા દરમિયાન તમે મૃત જેવા જ હો છો. મૃત્યુનો ભય શા માટે હોવો જોઈએ ?

ભક્ત : નિદ્રાવસ્થામાં આપણી અવસ્થા કેવી હોય છે ?

મહર્ષિ : એ પ્રશ્ન નિદ્રાવસ્થામાં જ પૂછી જુઓ. તમે જાગો છો તે પછી જ નિદ્રાના સ્વાનુભવનું સ્મરણ કરી શકો છો. 'હું સુખપૂર્વક સૂઈ ગયેલો' એવું કહીને એ અવસ્થાનું સ્મરણ કરો છો.

ભક્ત : તો પછી મારે જાગૃતિ દશા દરમિયાન શું કરવું જોઈએ ?

મહર્ષિ : આત્મામાં સ્થિતિ કરો કે આત્મારૂપ બનો. તમને ભયભીત કરનારી કોઈ બીજી વસ્તુ રહેશે જ નહિ.

* * * * * * * * * * * *

## જપ વિશે

જિજ્ઞાસુ : મનને શાંત કરવા માટે શું કરવું જોઈએ ?

મહર્ષિ : જપ.

જિજ્ઞાસુ : કયો જપ સારો છે ?

મહર્ષિ : ગાયત્રી જેવો કોઈ પણ જપ - જે પણ અનુકૂળ હોય તે.

જિજ્ઞાસુ : ગાયત્રી મંત્ર ચાલી શકશે ?

મહર્ષિ : એનાથી કશું શ્રેષ્ઠ છે ખરું ? જે એનો આધાર નથી લઈ શકતા તે જ બીજા મંત્રો તરફ નજર દોડાવે છે. એમાં સત્યની પાવન પરંપરાનો સમાવેશ થાય છે. જપથી ધ્યાનની સિદ્ધિ થાય છે અને ધ્યાનથી આત્મસાક્ષાત્કાર સહજ બને છે.

જિજ્ઞાસુ : દિવસમાં અડધો કલાક જપ કરીએ તો ચાલે ?

મહર્ષિ : એ નિરંતર અથવા વધારેમાં વધારે વખત સુધી કરવો જોઈએ.

ભક્ત : માનસ જપ વાચિક જપથી શ્રેષ્ઠ ના કહેવાય ?

મહર્ષિ : વાચિક જપ શબ્દ સાથે સંકળાયેલા હોય છે. શબ્દ કે સ્વર વિચારોને પરિણામે પેદા થાય છે. કારણ કે વિચારોની શબ્દોમાં અભિવ્યક્તિ કરતાં પહેલાં માણસે વિચારવું પડે છે. વિચારો મનને મનાવે છે. એટલા માટે માનસ જપ વાચિક જપથી શ્રેષ્ઠ છે.

ભક્ત : જપનો વિચાર કરવાની સાથે સાથે આપણે એમને બોલીને ના કરવા જોઈએ ?

મહર્ષિ : જપ માનસ બને કે મનમાં જ થવા માંડે તો પછી એમના સ્વર કે શબ્દ અથવા ધ્વનિની આવશ્યકતા ક્યાં રહે છે ? જપ મનમાં થવા માંડે એટલે મનનું રૂપ ધારણ કરે છે. ધ્યાન, મનન અને જપ એક જ છે.

* * * * * * * * * * * *

## કામવાસનાની નિવૃત્તિ

ભક્ત : કામવાસનાનો અંત ક્યારે આવી શકે ?

મહર્ષિ : ભેદભાવ મટી જાય ત્યારે.

ભક્ત : એ કેવી રીતે મટે ?

મહર્ષિ : બીજી જાતિ અને એનો સંબંધ માનસિક ખ્યાલો વિના બીજું કશું જ નથી. ઉપનિષદો કહે છે કે બધું પ્રિય લાગે છે કારણ કે આત્મા સૌથી વધારે પ્રિય હોય છે. સુખ માણસની અંદર છે. પ્રેમ કેવળ આત્માનો અથવા આત્માને લીધે જ હોય છે. એ બહાર હોય છે એવું ના સમજતા. એમ કરશો તો ભેદભાવ મટી જશે.

* * * * * * * * * * * *

## ધ્યાનની સાધના

ભક્ત : કામ, ક્રોધ, લોભ, ભ્રાંતિ, અભિમાન અને ઈર્ષ્યાને કેવી રીતે જીતી શકાય ?

મહર્ષિ : ધ્યાન કરવાથી.

ભક્ત : ધ્યાન કોનું કરી શકાય ?

મહર્ષિ : તમારી રુચિ તથા પસંદગી પ્રમાણે ગમે તેનું.

ભક્ત : ધ્યાન કેવી રીતે કરવું ?

મહર્ષિ : તમને જે સૌથી વધારે ઉત્તમ લાગે એના પર મનને એકાગ્ર કરો. જો કોઈ એક વિચાર જોર પકડે તો બીજા બધા વિચારોને બાજુએ મુકીને આખરે એમનો અંત લાવો. ભેદભાવ હશે ત્યાં સુધી બૂરા વિચારો આવ્યા કરશે. પોતાના પ્રેમાસ્પદ પદાર્થનું વર્ચસ્વ વધવા માંડતા કેવળ શુભ વિચારો જ શેષ રહેશે. એટલા માટે એક જ વિચારને પકડી રાખો. ધ્યાનની સાધના જ મુખ્ય સાધના છે.

* * *  * * *  * * *  * * *

ભક્ત : માનવને દૈવી કહેવામાં આવે છે. તો પછી તેને શોક શા માટે થતો હોય છે ?

મહર્ષિ : દિવ્યતા માનવના મૂળભૂત આવશ્યક સ્વભાવનો નિર્દેશ કરે છે. શોક, ખેદ, બધું પ્રકૃતિને લીધે થતું હોય છે.

ભક્ત : શોક કે ખેદ પર વિજય કેવી રીતે મેળવી શકાય ?

મહર્ષિ : એની અંદરની દિવ્યતાનો સાક્ષાત્કાર કરવાથી.

ભક્ત : કેવી રીતે ?

મહર્ષિ : અભ્યાસ દ્વારા.

ભક્ત : કેવા પ્રકારનો અભ્યાસ ?

મહર્ષિ : ધ્યાનનો.

ભક્ત : મન એકાગ્ર કેવી રીતે થઈ શકે ?

મહર્ષિ : એને બળવાન બનાવવાથી.

* * *  * * *  * * *  * * *

## પ્રારબ્ધ વિશે

પ્રારબ્ધ સંબંધી એક વિદ્વાન સંન્યાસી સાથેનો એમનો વાર્તાલાપ આ રહ્યો :

સંન્યાસી : જીવનમુક્તને માટે પ્રારબ્ધ હોય છે ખરું ?

મહર્ષિ : પ્રશ્ન પૂછનાર કોણ છે ? પ્રશ્ન કોના તરફથી પૂછવામાં આવ્યો ? જે પૂછે છે તે જીવનમુક્ત છે ?

સંન્યાસી : ના. હું હજુ સુધી મુક્ત નથી થયો.

મહર્ષિ : તો પછી જીવનમુક્તને પોતાને જ પોતાને માટે એ પ્રશ્ન શા માટે નથી પૂછવા દેતા ?

સંન્યાસી : શંકા મને થઈ છે.

મહર્ષિ : બરાબર. શંકાઓ જ્ઞાનીને નથી હોતી, અજ્ઞાનીને જ થતી હોય છે.

સંન્યાસી : અજાતવાદની પદ્ધતિ પ્રમાણે શ્રી ભગવાનનાં સ્પષ્ટીકરણ ક્ષતિરહિત છે. પરંતુ બીજી પદ્ધતિઓ પ્રમાણે એમને અપનાવી શકાય ?

મહર્ષિ : અદ્વૈતવાદની વિચારપરંપરાઓ ત્રણ છે :

[૧] અજાતવાદમાં માનવામાં આવે છે કે કશી હાનિ નથી, ઉત્પત્તિ નથી, કોઈ બદ્ધ, સાધક કે મુમુક્ષુ નથી. મુક્તિ પણ નથી. એ પરમ સત્ય છે. [માંડૂક્ય કારિકા] એને અનુસરીને જે છે તે કેવળ એક જ છે. એ તર્કવિતર્ક કે ચર્ચાવિચારણામાં નથી માનતો.

[૨] દૃષ્ટિસૃષ્ટિવાદનો ઉલ્લેખ આ પ્રમાણે છે : સમાંતર સર્જન. બે મિત્રો એકમેકની બાજુમાં સૂતેલા છે. એમનામાંથી એકને સ્વપ્ન આવે છે કે એ એના મિત્રની સાથે બનારસ જઈને પાછો ફર્યો. એ પોતાના મિત્રને કહે છે કે આપણે બંને બનારસ ગયેલા. મિત્ર એનો ઈન્કાર કરે છે. એકના દૃષ્ટિકોણને અનુસરીને એ નિવેદન સાચું હતું ને બીજાના દૃષ્ટિકોણ પ્રમાણે એનો ઈન્કાર બરાબર હતો.

[૩] સૃષ્ટિ દૃષ્ટિવાદ સ્પષ્ટ છે - ક્રમિક સર્જન અને એનું જ્ઞાન. '

* * * * * * * * * * * *

## ઈશ્વર

પ્રશ્ન : બ્રહ્મ અને ઈશ્વર વચ્ચે કેવોક સંબંધ છે ?

ઉત્તર : સંસાર સાથે સંબંધિત બ્રહ્મને ઈશ્વર કહેવામાં આવે છે.

પ્રશ્ન : શ્રી રામકૃષ્ણની જેમ ઈશ્વર સાથે વાતચીત કરવાનું શક્ય છે ?

ઉત્તર : આપણે જો એકમેકની સાથે વાતચીત કરી શકતા હોઈએ તો એવી જ રીતે ઈશ્વર સાથે વાતચીત શા માટે ના કરી શકીએ ?

પ્રશ્ન : તો પછી એવી વાતચીત કેમ નથી કરી શકાતી ?

ઉત્તર : એને માટે મનોબળની, મનની પવિત્રતાની અને ધ્યાનની સતત સાધનાની આવશ્યકતા પડે છે.

* * * * * * * * * * * *

## બ્રહ્મચર્ય

ઈ. સ. ૧૯૩૮ના મે મહિનાની સાતમી તારીખે પ્રખ્યાત ગાંધીવાદી વિચારક શ્રી કિશોરલાલ મશરૂવાળાએ મહર્ષિ સાથે કેટલોય રસમય વાર્તાલાપ કરેલો.

પ્રશ્ન : બ્રહ્મચર્યનું પાલન સફળતાપૂર્વક થઈ શકે એટલા માટે એનો અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ ?

ઉત્તર : એમાં મનોબળ ઘણો મોટો ભાગ ભજવે છે. સાત્વિક ખોરાક તથા પ્રાર્થના પણ મદદરૂપ બને છે.

પ્રશ્ન : યુવાનો કુટેવોમાં પડેલા છે. એ એમાંથી બહાર નીકળવા માગે છે અને આપણી શિખામણની આકાંક્ષા રાખે છે.

ઉત્તર : માનસિક સુધારની આવશ્યકતા છે.

પ્રશ્ન : એમને માટે કોઈ ખાસ ખોરાકની, વ્યાયામની અથવા એવી બીજી વસ્તુની ભલામણ કરી શકાય ?

ઉત્તર : એને માટે કેટલીક ઔષધિઓ છે. યોગાસનો અને સાત્વિક આહાર પણ ઉપયોગી છે.

પ્રશ્ન : કેટલાક યુવાનોએ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી છે. દસ કે બાર વરસની પ્રતિજ્ઞાને અંતે એ એમની પ્રતિજ્ઞાને માટે પશ્ચાત્તાપ કરે છે. એ સંજોગોમાં આપણે નવયુવકોને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવા માટે ઉત્તેજન આપવું જોઈએ ?

ઉત્તર : સાચા બ્રહ્મચર્યના સંબંધમાં એ પ્રશ્ન પેદા જ નહિ થાય.

પ્રશ્ન : કેટલાક યુવાનો સંપૂર્ણપણે સમજ્યા વિના જ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ લે છે. એનું આચરણ એમને કઠિન લાગે છે ત્યારે એ અમારી સલાહ લેવા આવે છે.

ઉત્તર : એમણે પ્રતિજ્ઞા લેવાને બદલે પ્રતિજ્ઞા વિના જ આગળ વધવું જોઈએ.

વાર્તાલાપ હવે બીજા વિષય તરફ વળ્યો :

પ્રશ્ન : આત્મસાક્ષાત્કારની સાધના માટે નૈષ્ઠિક બ્રહ્મચર્ય આવશ્યક છે ?

ઉત્તર : સાક્ષાત્કાર સ્વયં નૈષ્ઠિક બ્રહ્મચર્ય છે. પ્રતિજ્ઞા કે વ્રત બ્રહ્મચર્ય નથી કહેવાતું. બ્રહ્મમાં ચર્ય એ બ્રહ્મચર્ય છે : એને માટેનો બળજબરીપૂર્વકનો પ્રયત્ન નહિ.

પ્રશ્ન : કામ, ક્રોધાદિ વૃત્તિઓ સદ્‌ગુરૂની સંનિધિમાં શાંત થાય છે એવું કહેવામાં આવે છે તે સાચું છે ?

ઉત્તર : સાચું છે. આત્મસાક્ષાત્કાર પહેલાં કામક્રોધનો અંત આવવો જોઈએ.

પ્રશ્ન : ગાંધીજી એમના અંગત શિષ્યોને ખોટે માર્ગે જતા જોઈને અવારનવાર ક્ષુબ્ધ બની જાય છે. એ માટે એમને આશ્ચર્ય થાય છે અને એ માને છે કે મારી પોતાની જ ત્રુટિઓને લીધે એવું થઈ રહ્યું છે. એ શું બરાબર છે ?

મહર્ષિએ સ્મિત કર્યું ને થોડાક વખત પછી કહ્યું

મહર્ષિ : ગાંધીજીએ પોતાની પૂર્ણતાને માટે આટલા બધા વખત સુધી સંઘર્ષ કર્યો છે. બીજા બધા પણ ઠીક સમય પર બરાબર બની રહેશે.

પ્રશ્ન : મારે રાજયોગનો અભ્યાસ કરવો હતો. મારી શારીરિક અયોગ્યતાને લીધે મારાથી એ અભ્યાસ ના થઈ શક્યો. શરીરના હલનચલનની સાથે મન પણ ફરવા માંડ્યું.

ઉત્તર : મનને સ્વસ્થ રાખી શકાય તો પછી શરીરમાં એની ઈચ્છા પ્રમાણે ભલે ફેરફારો થયા કરે.

પ્રશ્ન : શરૂઆતના સાધકને માટે એ અંતરાયરૂપ નથી ?

ઉત્તર : અંતરાયોની વચ્ચે પણ પ્રયત્નો ચાલુ જ રાખવા જોઈએ.

* * *　* * *　* * *　* * *

### કામના

જિજ્ઞાસુ : કોઈ વસ્તુની કામના કરવાનું ખરાબ છે ?

મહર્ષિ : માણસે પોતાની કામના પૂરી થાય તો ફુલાઈ જવું ના જોઈએ અને જો કામના પૂરી ના થાય તો નિરાશ ના બનવું જોઈએ. કામનાની પૂર્તિથી અતિપ્રસન્ન બનવાનુ કામ જરા પણ ઈચ્છવા જેવું નથી. લાભ છેવટે નષ્ટ થાય છે. એટલે અતિપ્રસન્નતા અથવા ઉલ્લાસ આગળ પર એક દિવસ દુઃખ અથવા પીડામાં પરિણમે છે. માણસે સઘળા સંજોગોમાં સુખ તથા દુઃખની લાગણીઓથી પર થવું જોઈએ. પ્રસંગો માણસને શા માટે અસર પહોંચાડે છે ? કશુંક મેળવવાથી તમે આગળ નથી વધી જવાના ને ખોવાથી કાંઈ નષ્ટ નથી થવાના. તમે તો હમેશાં જે છો તે જ રહેવાના છો.

જિજ્ઞાસુ : અમારા જેવા સંસારી માણસો કામનાનો પ્રતિકાર નથી કરી શકતા.

મહર્ષિ : તમે કામના કરો તો પણ ગમે તેવા પરિણામને માટે તૈયાર રહો. પ્રયત્ન કરો પરંતુ પરિણામના પ્રભાવમાં પડીને ભાન ના ભૂલો. જે થાય તેનો સમતાપૂર્વક સ્વીકાર કરો, કારણ કે સુખ ને દુઃખ કેવળ મનની વૃત્તિને લીધે જ થતાં હોય છે. એમને યથાર્થતાની સાથે કશો સંબંધ નથી.

* * * * * * * * * * * *

### કષ્ટ

એક દર્શનાર્થીએ પોતાના જીવનનો વિચાર કરીને પૂછ્યું :

દર્શનાર્થી : અત્યારે મારા જીવનમાં કષ્ટ પડે છે તેનું કારણ ?

મહર્ષિ : કષ્ટ પડે જ નહિ તો સુખી થવાની ઈચ્છાનો ઉદ્ભવ કેવી રીતે થઈ શકે ? એ ઈચ્છાનો ઉદ્ભવ જ ના થાય તો આત્મસાક્ષાત્કારની સાધના શી રીતે સફળ થાય ?

દર્શનાર્થી : તો પછી સઘળું કષ્ટસહન સારું છે ?

મહર્ષિ : જરૂર. સુખ શું છે ? એ શું સ્વસ્થ સુંદર શરીર, સમયસરનો ખોરાક અને એવું બધું છે ? શહેનશાહને શારીરિક સ્વાસ્થ્ય હોવા છતાં તકલીફોનો સામનો કરવો પડે છે. એટલે સઘળું કષ્ટસહન ‘હું શરીર છું’ એવા ખોટા અધ્યાસને લીધે જ પેદા થાય છે. એનો અંત આણવો એ જ જ્ઞાન છે.

જિજ્ઞાસુ : ગીતા આરંભથી માંડીને અંત સુધી સક્રિય જીવનનો સંદેશ સંભળાવે છે.

મહર્ષિ : હા. કર્તારહિત કર્મનો.

* * * * * * * * * * * *

### સંસારની અનિત્યતા

દર્શનાર્થી : જગતને અનિત્ય અથવા ક્ષણભંગુર માનવું જોઈએ ?

મહર્ષિ : શા માટે ? અત્યારે તમે એને નિત્ય અથવા સનાતન સમજો છો એટલે મિથ્યા વિચારોમાંથી મુક્ત કરવા માટે શાસ્ત્રો જણાવે છે કે એ ખરેખર એવું નથી. જગતને અનિત્ય માનીને નહિ પરંતુ તમારી જાતને નિત્ય માનીને એવી મુક્તિ મેળવવી જોઈએ.

દર્શનાર્થી : આપણને ઉદાસીનતાને વધારવાનો ઉપદેશ આપવામાં આવે છે. જગત અનિત્ય હોય તો જ એ શક્ય લાગે છે.

મહર્ષિ : હા. उदासीन्यं अभिप्सितम् । ઉદાસીનતા જરૂરી છે. પરંતુ એ શું ? એ રાગ તથા દ્વેષ બંનેનો અભાવ છે. તમને આત્માનો સાક્ષાત્કાર થશે પછી કોઈના પ્રત્યે રાગદ્વેષ રાખી શકશો ? ઉદાસીનતામાં એ જ ભાવ સમાયલો છે.

દર્શનાર્થી : એથી તે કર્મોમાં આજે રસ લાગે છે તેનો લોપ થશે. આપણે આપણું કર્તવ્યપાલન કરવું જોઈએ કે નહિ ?

મહર્ષિ : કરવું જ જોઈએ. તમારા કર્તવ્યનું પાલન ના કરવાનો પ્રયત્ન કરશો તો પણ તમારે બળજબરી તેનું પાલન કરવું જ પડશે. શરીર જેને માટે ઉત્પન્ન થયું છે તે કર્મ એની દ્વારા પરિપૂર્ણ થવા દો.

શ્રીકૃષ્ણ પણ ગીતામાં કહે છે કે અર્જુનને ગમે કે ના ગમે તો પણ યુદ્ધ કરવું જ પડશે. તમારે કામ કરવાનું હોય ત્યારે તમે તેથી દૂર ના રહી શકો, અને તમારે ફાળે આવેલું કામ પૂરું થયું હોય ને એની આવશ્યકતા ના રહી હોય ત્યારે તેને ચાલુ ના રાખી શકો. સંક્ષેપમાં કહીએ તો કર્મ ચાલુ જ રહેશે અને તમારે ફાળે જે કાંઈ આવ્યુ હોય તે તમારે કરવું જ રહેશે.

દર્શનાર્થી : એ કેવી રીતે કરવું જોઈએ ?

મહર્ષિ : નાટકમાં પોતાનો પાઠ અદા કરનારા એકાદ અભિનેતાની જેમ - રાગ તથા દ્વેષથી પર રહીને.

॥ॐ॥ वंदे महापुरूष ते चरणारविंदम् ॥ॐ॥

☼ ☼ ☼ ☼ ☼

# ખંડ પાંચમો



# પ્રેરક પત્રો

## [૫૬] પત્રો

મહર્ષિએ પોતાના જ્યોતિર્મય જીવનમાં કોઈ પ્રકારના નાના કે મોટા, સાધારણ અથવા અસાધારણ પત્રો લખેલા ખરા ? મહર્ષિને આશ્રમમાં આવતા આવશ્યક પત્રો વાંચી સંભળાવવામાં આવતા. મહર્ષિ એમને ધ્યાનપૂર્વક સાંભળતા, એમના સંબંધી જરૂરી સૂચનાઓ પણ પૂરી પાડતા, અને એવી રીતે પ્રેમીઓ, પ્રશંસકો તેમજ જિજ્ઞાસુઓનું પથપ્રદર્શન કરવામાં પરોક્ષ રીતે ભાગ ભજવતા. પરંતુ ભારતના બીજા કેટલાક સંતપુરૂષોના પત્રસાહિત્યની પેઠે એમનું પોતાનું કોઈ પત્રસાહિત્ય નથી મળતું. એવા પત્રો લખવાની એમની અભિરુચિ નહોતી એવું કહીએ તો ચાલે.

તો પછી આશ્રમમાંથી પ્રસિદ્ધ થયેલું પુસ્તક ‘લેટર્સ ફ્રોમ શ્રી રમનાશ્રમ’ - ‘રમણાશ્રમમાંથી પત્રો’ શું છે ? એમના નામ પરથી સૂચિત થાય છે તેમ એ પત્રો રમણાશ્રમમાંથી લખાયેલા મહર્ષિના પોતાના પત્રો નથી.

એની મૂળ રચના મહર્ષિના એક ભક્ત નાગમ્માએ કરી છે. પાછળથી શ્રી આર્થર ઓસબર્નની સૂચના તથા સહાયતાથી શ્રી ડી. એસ. શાસ્ત્રીએ એનો અંગ્રેજી અનુવાદ કર્યો.

નાગમ્મા લગભગ નિરક્ષર જેવાં હતાં ને કેવળ એમની માતૃભાષા તેલુગુ સિવાય બીજી કોઈયે ભાષા નહોતાં જાણતાં. જીવનમાં પડેલા કષ્ટને લીધે એમનું મન એકાંતસેવન તેમજ ઈશ્વરારાધના તરફ વળવા માંડ્યુ. આશ્રમમાં આવ્યા પછી એમણે પોતાના મનને મહર્ષિનાં શ્રીચરણોમાં જ જોડી દીધું. એમના આશ્રમવાસના એ અમૂલખ અવસર દરમિયાન આશ્રમમાં ભાતભાતના દર્શનાર્થીઓ આવ્યા કરતા. એમની સાથેની મહર્ષિની વાતચીતમાંથી કેટલીક પ્રેરક સામગ્રીને એમણે સંગ્રહિત કરી લીધી. એ સામગ્રી એમની આત્મોન્નતિને માટે આશીર્વાદરૂપ થઈ પડી. એનો ઉપયોગ કરીને અથવા એમને સમાવી લઈને મદ્રાસમાં રહેતા એમના ભાઈને એમણે પત્રો લખવા માંડ્યા.

બધા મળીને એવા ત્રણસો પત્રો તૈયાર થયા. એમાંના પંચોતર પત્રો મહર્ષિના જીવનકાળ દરમિયાન જ રમણાશ્રમ તરફથી પુસ્તકાકારે પ્રસિદ્ધ થયા. એ પત્રો મહર્ષિને વાંચી સંભળાવવામાં આવેલા. મહર્ષિને એ પસંદ પણ પડેલા. એવી રીતે એ એમની કૃપાદૃષ્ટિ પામી ચૂકેલા. બીજા સાઠ પત્રો એ પછી પુસ્તકાકારે પ્રસિદ્ધિ પામ્યા. એ પત્રો મહર્ષિના જીવનનું, કાર્યક્રમનું, સ્વભાવનું, મહિમાનું, ને જીવનસંદેશનું ચિત્રણ કરનારા અને એ મહાન પુરૂષ પ્રત્યેના પવિત્રતમ, પ્રામાણિક, પ્રખર પ્રેમનું પ્રતિબિંબ પાડનારા હોવાથી એ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષના વિશાળ વ્યક્તિત્વનો ખ્યાલ લાવવા માટે તો ઉપયોગી છે જ, પરંતુ સર્વ પ્રકારના સાધકોને માટે કામના છે, અને એ સમર્થ—મહાસમર્થ સત્પુરૂષનો અંગત આશીર્વાદ મેળવી ચૂક્યા છે. એમના વ્યક્તિત્વનું અમૂલખ અવિભાજ્ય અંગ બનીને એ એનો પોતાની શક્તિ પ્રમાણે આછો પાતળો પડઘો પાડે છે અને એમને ઓળખવામાં—અને ઓળખ્યા હોય તો વધારે સારી રીતે ઓળખવામાં સહાય કરે છે. એમની એ અસાધારણ ઉપયોગિતાને લક્ષમાં લઈને એમનામાંના કેટલાક સરસ સારગર્ભિત પત્રોનો સંક્ષિપ્ત પરિચય કરાવવાનું કાર્ય આવશ્યક અને ઉપયોગી લાગે છે.

* * *　　* * *　　* * *　　* * *

### [૧] પુત્ર પિતાનો ઋણી છે - ૨૧ નવેમ્બર ૧૯૪૫

પરમ દિવસે પૂર્ણિમા હોવાથી રોજની પેઠે મોટા પાયા પર દીપોત્સવનું આયોજન કરવામાં આવેલું. સામાન્ય રીતે સાથે રહેતા પરિચારકો, ભક્તો અને સંગીતનાં સાધનોની સાથે આજે સવારે શ્રી અરૂણાચલેશ્વરની ગિરિપ્રદક્ષિણાનો આરંભ કર્યો. એમની એ સવારી આશ્રમના દરવાજા પાસે આવી પહોંચી ત્યારે શ્રી નિરંજનાનંદ સ્વામી આશ્રમના બીજા ભક્તો સાથે બહાર આવ્યા. એ વખતે સવારી ઊભી રાખવામાં આવી એટલે એમણે શ્રીફળ તથા કપૂર અર્પણ કર્યાં ને પૂજારીઓએ અરૂણાચલેશ્વરની આરતી ઉતારી. એ વખતે શ્રી ભગવાન ગોશાલા તરફ જઈ રહેલા. સરઘસનો વૈભવ જોઈને એ પુસ્તકાલય પાસેના એક ચોક આગળ બેસી ગયા. આશ્રમના ભક્તો એમની પાસે અરૂણાચલેશ્વરની આરતી લઈ આવ્યા. શ્રી ભગવાને થોડીક વિભૂતિ લઈને પોતાના કપાળ પર લગાડી અને ભારે સ્વરે કહ્યું કે 'પુત્ર પિતાનો ઋણી છે.' એવું બોલતી વખતે એ અત્યંત ભાવવિભોર બની ગયા. એમના મુખમંડળ પરના ભાવોએ પેલી પ્રાચીન ઉક્તિનું સમર્થન કર્યું કે પરિપૂર્ણ ભક્તિ એ પરિપૂર્ણ જ્ઞાન છે. અમને લાગ્યું કે એ અમને શીખવી રહ્યા છે કે બધાં પ્રાણીઓ ઈશ્વરનાં સંતાન હોવાથી જ્ઞાનીએ પણ ઈશ્વરના ઋણી રહેવું જોઈએ.

* * *      * * *      * * *      * * *

### [૨] આત્મસ્વરૂપની સેવા આત્મસેવા છે - ૨૮ નવેમ્બર ૧૯૪૫

છેલ્લા બે કે ત્રણ મહિનાથી શ્રી ભગવાનના અંગત સેવકો એમના સ્નાયુઓના દુખાવાને મટાડવા માટે એમના પગે ઔષધિમિશ્રિત તેલથી માલિસ કરતા. ભગવાનની સેવા કરવા આતુર કેટલાક ભક્તો પણ પ્રત્યેક અડધા કલાકને અંતરે માલિસ કરવા લાગ્યા અને એને પરિણામે આશ્રમના રોજના કાર્યક્રમમાં ભંગ પડવા માંડ્યો.

ભગવાન એવું બધું ચલાવી લે ખરા ? એ એમના અંગત સેવકોનું પણ સદા ધ્યાન રાખતા ને કોઈ વાતને માટે ચોખ્ખી ના કહેતા નહિ. એટલે એમણે પ્રસંગોપાત્ત કહ્યું : 'તમે બધા મહેરબાની કરીને થોડોક વખત જોયા કરો. હું પણ આ પગનું જરાક માલિસ કરી લઉં. મને પોતાને પણ થોડાક પુણ્યની પ્રાપ્તિ ના થવી જોઈએ ?'

એવું કહીને એમણે એમના પગે માલિસ કરવાનું શરૂ કર્યું. એ જોઈને મને આનંદ તો થયો જ, પરંતુ એમના ચરણકમળનો સ્પર્શ કરીને જે થોડુંક પણ પુણ્ય મેળવવાની લાલસા મારામાં પેદા થયેલી એનો પણ અંત આવ્યો.

એ જ વખતે એક વયોવૃદ્ધ નિવૃત્ત ન્યાયાધીશે જણાવ્યું :

'સ્વામી મને પણ ગુરૂનાં ચરણોની સેવાનો મારો હિસ્સો મળવો જોઈએ.'

ભગવાને ઉત્તર આપ્યો : 'ખરેખર ? आत्मा वै गुरूः । આત્મસેવા એ ગુરૂસેવા જ છે. તમે અત્યારે સિત્તેર વરસની ઉંમરના છો. તમે મારી સેવા કરવા માગો છો ? વધારે કાંઈ નહિ તો અત્યારથી પણ હવે તમારી સેવા કરવા માંડો. તમે શાંતિ રાખશો તો તે જરૂર કરતાં ઘણું વધારે થઈ પડશે.'

* * *      * * *      * * *      * * *

### [3] સમત્વ - ૨૯ નવેમ્બર ૧૯૪૫

મારા ધાર્યા પ્રમાણે એ વાતને એકાદ વરસ થઈ ગયું. તમે આયુર્વેદાચાર્ય રામચંદ્ર રાવને ઓળખો છો ? ભગવાનના શરીરને સશક્ત કરે એવી ઔષધિ તૈયાર કરવા માટે એમણે આવશ્યક જડીબૂટીઓનું ને બીજી વસ્તુઓનું લાંબું લિસ્ટ તૈયાર કર્યું ને ભગવાનને બતાવ્યું. આજ્ઞાંકિત બાળકની પેઠે ભગવાન એ આખુંય લિસ્ટ જોઈ ગયા. એમણે જુદી જુદી ઔષધિઓની અસરકારકતાનાં વખાણ કરીને આખરે કહ્યું : 'આ દવા કોને માટે છે ?'

એમણે શાંતિથી જણાવ્યું : 'શ્રી ભગવાનને પોતાને માટે.'

ભગવાને એ સાંભળીને કહ્યું : 'તમે મને લાંબું લિસ્ટ આપ્યું છે એમાં શંકા નથી, પરંતુ એને માટેના પૈસા ક્યાંથી મેળવવા ? એનો ખર્ચ દસેક રૂપિયા જેટલો થાય તેમ છે. એ રકમ માટે મારે કોની પાસે જવું ?'

આશ્રમના મકાનો પર દૃષ્ટિ ફેરવીને કોઈએ શાંતિપૂર્વક પૂછ્યું : 'સ્વામીજી આ બધું કોનું છે ?'

'બરાબર છે. પરંતુ મારી પાસે શું છે ? જો મારે એક પૈસો પણ જોઈએ તો સર્વાધિકારી પાસે જઈને કહેવું પડે છે. મારે જઈને કેવી રીતે પૂછવું ? ઘંટ વાગે તે વખતે ત્યાં જઈ પહોંચું તો મને તે થોડુંક ભોજન આપે છે. હું સૌની સાથે બેસીને ભોજન કરું છું અને પાછો ફરું છું. જો મોડો પડું તો મને ભોજન ના મળે એવું પણ બને. મને ભોજન આપવામાં આવે છે તે પણ સૌની પાછળ અથવા તો છેક છેલ્લે.'

પેલા આયુર્વેદાચાર્ય ભયભીત બનીને ધ્રૂજવા લાગ્યા ને બે હાથ જોડીને બોલ્યા : 'સ્વામીજી, મેં તો તમારી આગળ કેવળ લિસ્ટ રજૂ કર્યું છે ને જે જરૂરી હશે એ દવાઓ હું પોતે જ લાવી આપીશ.'

એ સાંભળીને ભગવાને જણાવ્યું : 'શું કહ્યું ? તમે તેમને લાવી આપશો ? પરંતુ મારે માટે જો એ દવા સારી હોય તો અહીં રહેતા સૌ કોઈને માટે પણ સારી હોવી જોઈએ. મારી સાથે સાથે એ સૌને પણ એ ઔષધિ આપી શકશો ?'

કેટલાક લોકોએ કહ્યું કે 'અમારે એનું શું કામ છે ?' તો એમણે જણાવ્યું કે તમારા જેવા શારીરિક શ્રમ કરનારા માનવોને શરીરનું ગઠન કરનારી વિશેષ ઔષધિની આવશ્યકતા ના હોય તો મારા જેવા કેવળ બેસનારા ને ખાનારાને એની આવશ્યકતા હોય જ ક્યાંથી?'

એકવાર પહેલાં ડૉકટર શ્રીનિવાસ રાવે એમને એક શક્તિપ્રદાયક એલોપેથિક ઔષધિનો પરિચય કરાવ્યો અને એના સેવનની ભલામણ કરી તો એમણે કહ્યું : 'તમારી વાત બરાબર છે. તમે શ્રીમંત છો એટલે જે ધારો તે લઈ શકો, પરંતુ મારું શું ? હું તો ત્યાગી છું. મારાથી આવી મોંઘી દવા કેવી રીતે લઈ શકાય ?'

એ સાંભળીને ડૉકટર બોલ્યા, 'ભગવાન જેની ભલામણ કરવામાં આવે છે તેની ના પાડે છે, પરંતુ એ કોઈ પણ વસ્તુને ગ્રહણ કરવા માટે તૈયાર થાય તો તે તેમને ના મળે ? અને દવાઓનો ઉપયોગ કરવાની ઈચ્છા ના હોય તો દૂધ, ફળ, બદામ અને એવા બીજા શક્તિવર્ધક પોષાક પદાર્થો ના લઈ શકાય ?'

ભગવાને ઉત્તર આપ્યો : બરાબર છે. પરંતુ હું તો દરિદ્રનારાયણ છું. મને તે કેવી રીતે પોસાય ? વળી હું કાંઈ એકલો છું ? મારું કુટુંબ ખૂબ જ મોટું છે. એ બધાને દૂધ, ફળ, બદામ તથા એવા બીજા પદાર્થો કેવી રીતે પહોંચાડી શકાય ?

ભગવાન પોતાને માટે કોઈ વિશેષ વસ્તુ પસંદ નથી કરતા. એમણે અવારનવાર કહ્યું છે કે કોઈક ખાવાની વસ્તુ લાવીને આશ્રમમાં સૌને વહેંચી દેવામાં આવશે અને પોતાને એમાંથી બાકાત રખાશે તો પણ

એમને કશું નહિ લાગે, પરંતુ જો એ વસ્તુ બીજાને વહેંચ્યા વગર એમને એકલાને જ આપવામાં આવશે તો એથી એમનું દીલ દુઃખી થશે. એ પોતે રસ્તા પરથી પસાર થતા હોય અને બીજા લોકો સામેથી આવતા હોય ત્યારે એ લોકો એક તરફ હઠીને એમનો માર્ગ મોકળો કરી આપે તો એ વસ્તુને એ પસંદ ના કરતા. એને બદલે એ પોતે જ એક તરફ હઠીને એમને માટે માર્ગ કરતા અને એ બધા પસાર થાય તે પછી જ આગળ વધતા. એમની સમતા તથા ત્યાગવૃત્તિના હજારમા હિસ્સાને જીવનમાં ઉતારીએ તો પણ આપણે બડભાગી બની જઈએ.

* * *     * * *     * * *     * * *

### [૪] તમે કેવી રીતે જાણો છો કે તમે કશું જ નથી જાણતા ? - ૩૧ ડિસેમ્બર ૧૯૪૫

ગયા મહિનાના પ્રથમ સપ્તાહ દરમિયાન એક દિવસ સવારે એક અપરિચિત પ્રવાસીએ આશ્રમમાં આવીને મુકામ કર્યો ને બે ત્રણ દિવસ પછી કોઈક બીજા સ્થાન માટે પ્રસ્થાન કર્યું. એ થોડાક દિવસો સુધી આશ્રમમાં આવીને ભગવાનનાં દર્શન અને સંસર્ગનો લહાવો લેતા રહ્યા. શહેરમાંથી વિદાય થતાં પહેલાં એક દિવસ એમણે એમની પાસે ખૂબ જ સંકોચ સાથે આવીને નમ્રતાયુક્ત સ્વરમાં કહેવા માંડ્યું : સ્વામી, અહીં આવનારા લોકો તમને હમેશાં કાંઈ ને કાંઈ પૂછ્યા કરે છે અને તમે તેમને ઉત્તરો આપતા રહો છો. એ જોઈને મને પોતાને પણ તમને પ્રશ્ન પૂછવાનું મન થઈ આવે છે, પરંતુ તમને શું પૂછવું તે નથી સમજાતું. તો પછી મને મુક્તિ કેવી રીતે મળશે ?

ભગવાને એમના તરફ પ્રેમપૂર્વક સ્મિત કરતાં જોઈને જણાવ્યું :

‘તમે કેવી રીતે જાણો છો કે તમે કશું જ નથી જાણતા ?’

પેલા ભાઈએ કહ્યું : ‘અહીં આવ્યા પછી આ બધા લોકો દ્વારા ભગવાનને પુછાતા પ્રશ્નો અને એમના ઉત્તરો સાંભળીને મારા મનમાં લાગણી પેદા થઈ છે કે કે હું કશું જ નથી જાણતો.’

‘તો તો પછી એ બરાબર છે.’ ભગવાને કહ્યું : ‘તમે શોધી કાઢ્યું છે કે તમે કશું જ નથી જાણતા એટલું પૂરતું છે. એથી વધારે શું જોઈએ ?’

‘પરંતુ એટલાથી જ મુક્તિ કેવી રીતે મળી શકે ?’

‘કેમ ના મળે ? એવું જાણનારું કોઈક છે તો ખરું જ કે હું કશું જ નથી જાણતો. એ કોઈક કોણ છે તે શોધી કાઢો તો બીજું કશું કરવા જેવું નહિ રહે. માણસ જો એમ સમજે કે હું બધું જ જાણું છું તો અહંભાવ વધી જશે. એના કરતાં તમે કશું જ નથી જાણતા એ હકીકતને યાદ રાખવાનું ને મોક્ષ–પ્રાપ્તિની સાધના કરવાનું વધારે સારૂં નથી લાગતું ?’

એવું સ્પષ્ટીકરણ એ ભાઈને સારુ સુખદ થઈ પડ્યું. એ ત્યાંથી વિદાય થયા. એ ભગવદ્‌વાણીના સારસંદેશને એ ભાઈ સમજ્યા કે ના સમજ્યા એ વાતને બાજુએ રાખીએ તો પણ અમારા સૌના અંતરાત્મામાં એ શબ્દો વેદવાક્યોની જેમ ગુંજતા રહ્યા.

* * *     * * *     * * *     * * *

### [૫] તમે મારી મૂક વિનતિ નહિ સાંભળો ? - ૨ જાન્યુઆરી ૧૯૪૬

તમે જગદીશ્વર શાસ્ત્રીને તો જોયા છે. એ અહીં હતા ત્યારે એમની સાથે હૉલમાં એક કૂતરો આવતો. એ એક અસાધારણ બુદ્ધિશાળી કૂતરો હતો. શાસ્ત્રી એમની પત્ની સાથે ભગવાનના હૉલમાં આવતા ત્યારે એ પણ અંદર આવીને વિનયી બાળકની પેઠે બેસી જતો અને એમની સાથે બહાર નીકળતો. ઘરમાં રહેવાનું એને ખૂબ જ પસંદ પડતું. લોકો એને હૉલમાં આવતો અટકાવવાના બધા જ પ્રયત્નો કર્યા કરતા પરંતુ એ પ્રયત્નો નકામા જતા.

એકવાર એ વૃદ્ધ દંપતી એને કોઈ બીજાને સોંપીને મદ્રાસ ગયાં ને પંદર દિવસ સુધી પાછાં જ ન ફર્યાં. પહેલાં તો શરૂઆતના ચાર કે પાંચ દિવસ સુધી એ હૉલમાં ખોજ કરતો, હૉલની આજુબાજુ ફરતો, અને એ દંપતી જે જે જગ્યાએ જતાં તે તે જગ્યાએ જતો. પરંતુ પછી થાકીને અથવા પોતાના પ્રયત્નોથી કંટાળીને, એક દિવસ સવારે આશરે દસેક વાગે એ ભગવાનના સૉફા આગળ આવી પહોંચ્યો અને એમની તરફ સ્થિર નજરે નિહાળતો ઊભો રહ્યો. એ વખતે હું પ્રથમ પંક્તિમાં બેઠેલી. ભગવાન છાપું વાંચી રહેલા. કૃષ્ણસ્વામીએ ને બીજાએ કૂતરાને બહાર કાઢવા માટે ધમકી આપી પણ તે બધી વ્યર્થ ગઈ. મેં પણ તેને બહાર જવાની આજ્ઞા કરી. એ બધી ગડબડને લીધે ભગવાનનું ધ્યાન ખેંચાયું અને એમણે એ તરફ જોયું. એમણે એકાદ ક્ષણ સુધી કૂતરાની દૃષ્ટિને જોઈ અને અમારા ઉશ્કેરાટને ઓળખી લીધો. એમણે છાપાને બાજુએ મૂકી દીધું અને એમના મૌનની મદદથી કૂતરાની ભાષાને સમજી લીધી હોય તેમ એના તરફ હાથ હલાવીને જણાવ્યું : 'કેમ શી વાત છે ? તારાં માણસો ક્યાં ગયાં એમ પૂછે છે ? ઠીક. હું સમજી શકું છું. એ મદ્રાસ ગયાં છે. એ એક અઠવાડિયામાં પાછાં ફરશે. ગભરાઈશ નહિ. ચિંતા ના કરીશ. શાંતિ રાખ. બરાબર છે ? તો હવે વિદાય થા.'

ભગવાને એમની સૂચના પૂરી કરી કે તરત જ કૂતરો પાછો ફર્યો અને ત્યાંથી વિદાય થયો. એ પછી તરત જ ભગવાને મને જણાવ્યું : 'જોયું ? કૂતરાએ મને પૂછ્યું કે એનાં માણસો ક્યાં ગયાં છે ને ક્યારે પાછાં ફરવાનાં છે. લોકોએ એને હાંકી કાઢવાનો ગમે તેટલો પ્રયત્ન કરી જોયો તો પણ મેં એના પ્રશ્નનો પ્રત્યુત્તર પૂરો ના પાડ્યો ત્યાં સુધી એ હઠ્યો જ નહિ.'

એકવાર એ સ્ત્રીએ કોઈક કારણસર એ કૂતરાને નેતરની સોટી મારી અને અડધા દિવસ સુધી ઓરડામાં પૂરી રાખ્યો. એને છોડવામાં આવ્યો કે તરત એ ફરિયાદ કરવા માગતો હોય તેમ ભગવાન પાસે આવ્યો અને ઘેર જવાનું નામ લીધા વિના ચાર કે પાંચ દિવસ સુધી આશ્રમમાં જ પડ્યો રહ્યો. ભગવાને એના ભોજનની વ્યવસ્થા કરી ને પેલી સ્ત્રીને ઠપકો આપ્યો : 'તમે કૂતરાની સાથે કેવોક વ્યવહાર કર્યો છે ? એ તમારા પર શા માટે ક્રોધે ભરાયો છે ? એણે મારી પાસે પહોંચીને ફરિયાદ કરી છે. શા માટે ? તમે શું કર્યું છે ?'

છેવટે એ સ્ત્રીએ ભગવાનની આગળ પોતાની ભૂલ કબૂલ કરી, અને કૂતરાને મનાવી પટાવીને એ પોતાને ઘેર લઈ ગઈ.

* * *     * * *     * * *     * * *

**[૯] ચિત્તાના બચ્ચાં - ૧૮  જાન્યુઆરી ૧૯૪૯**

એકાદ વરસ પહેલાં બે ચિત્તાનાં બચ્ચાંને પાળનારા એક માણસે એમને ભગવાનની આગળ આણ્યાં. એમને દૂધ આપીને રમાડવામાં આવતાં. એ હૉલમાં માણસોની વચ્ચે છૂટથી હરવાફરવા લાગ્યાં એ તો ખરું જ, પરંતુ વધારામાં ભગવાનના સત્કારભાવને અનુસરીને એમના સૉફા પર ચઢીને સુખપૂર્વક સૂઈ જવા માંડ્યા. આશ્રમના એક ભક્તે એ અવસ્થામાં એકવાર એમનો ફોટો પણ લઈ લીધો. બપોરના એકથી ત્રણ વાગ્યાના ગાળામાં ભગવાને પોતાની જાતને સૉફાની એક બાજુ પૂરતી સીમિત રાખીને એ બચ્ચાંને સૉફા પર એવી જ રીતે સૂવા દીધાં. આશરે ચારેક વાગ્યા સુધી એ ઊંઘમાંથી જાગીને હૉલમાં મુક્ત રીતે આમતેમ ફરવા લાગ્યાં. ભગવાન એમના રોજના સમયે પર્વત પર જવા તૈયાર થયા ત્યારે એકવાર ફરીથી સૉફા પાસેના ટેબલ પર ચિત્તાનાં બચ્ચાંને બેસાડીને ફોટા લેવામાં આવ્યા. પાછળથી એ 'સન્ડે ટાઈમ્સ' માં પ્રસિદ્ધ કરાયા.

આશ્ચર્યની વાત તો એ હતી કે ભગવાનના હાથના સ્પર્શથી પ્રભાવિત થઈને નિદ્રાધીન બનીને ચિત્તાનાં બચ્ચાં પણ સૉફા પર સુખપૂર્વક પડી રહેતાં. એમની ઉપસ્થિતિમાં ખિસકોલીઓ રોજની જેમ આવીને સોપારીઓ ખાતી અને ચકલીઓ આવીને ભાતના કણને આરોગતી. જૂના વખતમાં બધી જાતનાં પશુપંખીઓ એક સ્થળમાં વેરભાવને છોડી દઈને વિહાર કરતાં ત્યારે લોકો એ સ્થળને ઋષિઆશ્રમનું નામ આપતા. પુરાણોમાં એવી કથાઓ અનેક આવે છે.

આ પુસ્તકની પ્રથમ આવૃતિ બહાર પડી અને ભગવાનની આગળ વાંચી સંભળાવવામાં આવી ત્યારે ઉપરની કથાને સાંભળીને એક ભક્તે એમને ઉદ્દેશીને પૂછ્યું : 'તમે પચ્ચૈયમ્મન મંદિરમાં હતા ત્યારે એક વાઘને આવતો જોઈને એક માણસ ભયભીત થઈને નાસી ગયેલો એ વાત સાચી છે ?'

ભગવાને ઉત્તર આપ્યો : 'હા. હું ત્યાં રહેતો ત્યારે રંગાસ્વામી આયંગર ત્યાં અવારનવાર આવ્યા કરતાં. એકવાર એ કુદરતી હાજતે ગયેલા ત્યારે એમને જંગલમાં વાઘ દેખાયો. એમણે એને બૂમો પાડીને નસાડવાનો પ્રયાસ કર્યો તો એણે ધીમી ગર્જના કરી. એમની કાયા ભયને લીધે કંપી ઊઠી, અને એકીશ્વાસે ઓ ભગવાન ! રમણ ! રમણ ! એવા પોકારો પાડતા એ મારી દિશામાં દોડવા લાગ્યાં. હું કોઈ કાર્યવશાત્ બહાર આવ્યો હોવાથી એમને મળ્યો. મેં એમને એમના ભયનું કારણ પૂછ્યું તો એમણે કાલાવાલા કરતાં કહ્યું કે વાઘ છે વાઘ. આવો આપણે મંદિરમાં જતા રહીએ ને બધાં બારણાં બંધ કરી દઈએ, નહિ તો એ અંદર આવશે. મેં હસતાં હસતાં જણાવ્યું કે આપણે જરા રાહ જોઈએ. વાઘ ક્યાં છે ? ક્યાંય નથી.

એમણે જંગલ તરફ આંગળી કરીને કહ્યું કે ત્યાં છે.'

મેં કહ્યું કે તમે અહીં ઊભા રહો. હું જઈને જોઈ આવું.

'મેં ત્યાં જઈને જોયું તો વાઘ ના દેખાયો. તો પણ એમનો ભય ના મટ્યો તે ના જ મટ્યો. મેં તેમને ખાતરી આપી કે એ એક સરળ પ્રાણી છે અને એનાથી ડરવાનું કારણ નથી પણ એમણે મારી વાત ના માની.

'બીજે દિવસે હું મંદિરની સામેના તળાવની પાળ પર બેઠેલો ત્યારે એ વાઘ ત્યાં પાણી પીવા માટે આવી પહોંચ્યો ને કોઈપણ પ્રકારના ભય વિના મારી તરફ જોતો આમતેમ ફરવા માંડ્યો ને પછી ચાલ્યો ગયો. આયંગર મંદિરમાં છુપાઈને એ બધું જોઈ રહ્યા. એમને મારું શું થશે એ વિચારથી ભય લાગ્યો. વાઘના

વિદાય થયા પછી મેં મંદિરમાં જઈને એમને ભયમુક્ત કરતાં કહ્યું કે જુઓ, એ પ્રાણી કેટલું સરળ છે ! આપણે એને બીક બતાવીએ તો એ આપણા પર હુમલો કરે છે, નહિ તો નથી કરતું.

'મેં એવી રીતે એમનો ભય દૂર કર્યો. અમે પોતે પણ એ સ્થળમાં લાંબા વખત લગી ના રહ્યા.'

* * *    * * *    * * *    * * *

**[૭] ક્રોધ - ૨૬ જાન્યુઆરી ૧૯૪૬**

ગઈ કાલે એક નવાગંતુક આંધ્ર યુવકે ભગવાનને પોતાની ઈન્દ્રિયોની પરવશતા વિશે વાત કરી તો એમણે જણાવ્યું : એ બધાનું કારણ મન છે. એને ઠીક કરો.

યુવકે કહ્યું : એ બરાબર છે. હું ક્રોધને શાંત કરવાનો ગમે તેટલો પ્રયાસ કરું છું તો પણ વારંવાર થયા જ કરે છે, હું શું કરું ?

ભગવાને કહ્યું : એવી વાત છે ? તો પછી એ ક્રોધ પર ક્રોધ કરો. એમ કરવાથી એનો ઈલાજ થઈ જશે.

એ સાંભળીને હૉલમાં બેઠેલા બધા લોકો જોરથી હસી પડ્યા.

જે માણસ દુનિયાની બધી જ વસ્તુઓ પર ક્રોધ કરતો હોય તે વિચાર કરે કે પોતાના ક્રોધ પર પોતે ક્રોધે કેમ નથી ભરાતો તો તેનો બધો જ ક્રોધ ખરેખર ના શમી જાય ?

બે કે ત્રણ વરસ પહેલાં ભગવાનને ગમે ત્યારે મળી શકનાર એક ભક્તે એમની પાસે આવીને પાંચથી છ વાર જણાવ્યું કે કોઈ માણસ મને ગાળો આપે છે. એમણે એમની વાત સાંભળી ખરી પરંતુ કશો ઉત્તર ના આપ્યો. જુદી જુદી રીતે વારંવાર ફરિયાદો કરવા છતાં પણ એમણે કશી દાદ ના આપી ત્યારે ભક્ત પોતાની જાતને કાબૂમાં ના રાખી શક્યા ને બોલ્યા : મને કોઈ પણ જાતના કારણ વગર આટલી બધી ગાળો આપવામાં આવે છે ત્યાં ખરેખર ક્રોધ થઈ આવે છે. મારા ક્રોધને કાબૂમાં રાખવાનો ગમે તેટલો પ્રયત્ન કરું છું તો પણ એ પ્રયત્ન સફળ નથી થઈ શકતો. મારે શું કરવું ?

ભગવાને હસતાં હસતાં કહ્યું : તમે બીજું શું કરી શકો ? તમે પણ તેની જેમ જ તમારી જાતને ગાળો દેવા માંડો, એટલે બધું બરાબર થઈ રહેશે.

બધા હસી પડ્યા.

પેલા ભક્તે કશું ના સમજી શકવાથી જણાવ્યું : એ તો ઘણું સારું કહેવાય. મારે મારી જાતને ગાળો દેવી જોઈએ ?

ભગવાન બોલ્યા : અવશ્ય દેવી જોઈએ. તે તમારા શરીરને ગાળો આપે છે એ તો બરાબર છે ને ? ક્રોધ જેવી બીજી અનેક વૃત્તિઓના ઘર જેવા આ શરીર કરતાં વધારે મોટો શત્રુ બીજો કયો છે ? આપણે પોતે જ એને ધિક્કારીએ એ જરૂરી છે. એને બદલે આપણે સાવધાન ના હોઈએ ત્યારે કોઈ આપણી બદનામી કે નિંદા કરે અથવા આપણને ગાળો આપે તો આપણે સમજવું જોઈએ કે એ આપણને જગાડી રહ્યા છે. એ વખતે પણ આપણે જાગ્રત થઈને એમની સાથે મળીને શરીરને વગોવવું જોઈએ. જે ગાળો આપતા હોય એમને સામેથી ગાળો આપવાનો શો અર્થ છે ? જે એવી રીતે ગાળો આપે કે આપણી બદનામી કરે તેમને આપણે આપણા મિત્રો માનવા જોઈએ. એવા લોકોની વચ્ચે રહીએ એ આપણા હિતમાં છે.

* * * * * * * * * * * *

**[૮] ઉત્તમ અથવા સૂક્ષ્મ લોકો - ૩૧ જાન્યુઆરી ૧૯૪૬**

આજે સવારે સૂર્યની પારના માર્ગો અને ત્યાંના ઉત્તમ લોકો સંબંધી વર્તમાનપત્રમાં એક લેખ વાંચીને ભગવાને જણાવ્યું : એ લોકો સૂર્ય તથા બીજા ગ્રહોની પારના માર્ગો ને લોકલોકાંતરો વિશે ખૂબ ખૂબ લખ્યા કરે છે. એ બધા લોકો આ લોકના જેવા જ છે. એમની અંદર કોઈ ખાસ મહાન વસ્તુ નથી હોતી. અત્યારે રેડિયો પર એક ગીત વાગે છે. છેલ્લે વખતે એ મદ્રાસથી પ્રસારિત થતું હતું. અત્યારે તિરુચિરાપલ્લીથી પ્રસારિત થઈ રહ્યું છે. ફરીવાર મૈસૂરથી પ્રસારિત થશે. એ બધાં જ સ્થળો આટલા થોડા વખતમાં તિરુવણ્ણામલૈમાં આવી જાય છે. બીજા લોકોના સંબંધમાં પણ એવું જ સમજી લેવાનું છે. તમારે એમના તરફ તમારા મનને ફેરવવાનું છે એટલું જ. તમે તેમનું દર્શન એક ક્ષણમાં જ કરી શકો તેમ છો. પરંતુ એનો લાભ શું ? તમે એક સ્થાનથી બીજા સ્થાનમાં ફરતા રહેશો ને છેવટે થાકશો તથા કંટાળશો. શાંતિ ક્યાં છે ? એની પ્રાપ્તિની ઈચ્છા હશે તો તમારે સનાતન સત્યનો સાક્ષાત્કાર કરવો પડશે એનો સાક્ષાત્કાર કર્યા સિવાય મનને શાંતિ નહિ સાંપડી શકે.

* * * * * * * * * * * *

**[૯] ચિરંજીવીઓ - ૨૧ ફેબ્રુઆરી ૧૯૪૬**

થોડાક વખત પહેલાં એક માણસે પ્રશ્ન પૂછ્યો : 'અશ્વત્થામા, વિભીષણ અને બીજાને ચિરંજીવી કહેવામાં આવે છે અને એ આજે પણ ક્યાંક રહે છે. એવું કહેવાય છે. એ સાચું છે ?'

ભગવાને જણાવ્યું : 'હા. સાચું છે. ચિરંજીવી વિશેનો તમારો ખ્યાલ કેવો છે ? જેમને પોતાના મૂળભૂત વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ ચૂક્યો છે ને જે અવિનાશી આત્મપદનો અનુભવ કરે છે એમને માટે મૃત્યુ ક્યાં છે અને એમનો જન્મ પણ ક્યાં છે ? એ સર્વ કાળને માટે ને સર્વ સ્થળોમાં ચિરંજીવી તરીકે રહેતા હોય છે. આપણે અત્યારે એમની વાતો કરીએ છીએ એટલે એ અહીં પણ હાજર છે. એક માણસ કાયમને માટે જીવે છે અથવા અમર છે એવું કહેવામાં આવે છે ત્યારે એનો આશય એવો નથી હોતો કે પંચમહાભૂતનું આ શરીર અમર છે. જ્યારે કલ્પોના કલ્પોનો ને બ્રહ્માઓનો પણ ઢીંગલીઓના ઘરની પેઠે આવિર્ભાવ થાય છે અને અંત આવે છે ત્યારે ત્યાં સુધી કે તે પછી શરીરોને સનાતન માનવાનું શક્ય છે ખરું ?'

* * * * * * * * * * * *

**[૧૦] પ્રદક્ષિણાનું વાસ્તવિક રૂપ - ૧૫ એપ્રિલ ૧૯૪૬**

આજનો દિવસ કેટલો બધો શુભ છે તેની ખબર છે ? ભગવાને આપણને કશુંક ખૂબ જ મૂલ્યવાન શીખવ્યું છે. હું અહીં આવી છું ત્યારથી જ સવારે ને સાંજે હૉલની ત્રણ વાર પ્રદક્ષિણા કરીને ભગવાનને પ્રણિપાત કરવાનો મારો સામાન્ય ક્રમ બની ગયો છે.

આજે સવારે મારી રોજની પદ્ધતિ પ્રમાણે હું પ્રદક્ષિણા કરી રહેલી ત્યારે ભગવાનના શ્રીમુખમાંથી કોઈક અલૌકિક સ્વર નીકળ્યો ને મારા કાને અથડાયો. એ સ્વર વેણુના સ્વર જેવો હતો. એના રહસ્યનો વિચાર કરતાં મેં બારીમાંથી એમના સોફા તરફ જોવા માંડ્યુ. સવારના સૂર્યનાં કિરણો એમના શરીર પર પડીને એક વિશેષ પ્રકારનો પ્રકાશ કરતાં. ડૉકટર શ્રીનિવાસ રાવ એમના પગે મલમ ચોળી રહેલા.

ભગવાનના મુખ પર આછું સ્મિત દેખાયું. 'ઓહ, આ તો નાગમ્મા છે ! મને થયું કે કોઈક બીજું હશે.' એ બોલી ઊઠ્યા.

મને લાગ્યું કે એ મને કાંઈક કહેવા માગે છે એટલે હૉલમાં પ્રવેશીને મેં એમને પ્રણિપાત કર્યા. એમણે સસ્મિત જણાવ્યું : 'તમે પણ બીજાનું જોઈને શરૂ કર્યું; ખરું ? તમે કેટલી વાર પ્રદક્ષિણા કરો છો ?'

મને જરા આશ્ચર્ય થયું ને મને પૂછવામાં આવેલું એટલે મેં કહ્યું : 'ત્રણ વાર'

'એટલું પૂરતું છે. તમારું અનુસરણ કરીને બીજા પણ એવું જ કરવા માંડશે. એ જ મુશ્કેલી છે. મેં તેમને એવું ના કરવા કહ્યું. તમને પણ કહી રહ્યો છું. તમે શું કહેવા માગો છો ?'

'મારે કહેવા જેવું છે જ શું ? તમે કહેતા હો તો હું એવું કરવાનું બંધ કરું.'

એવું કહીને હું બેસી ગઈ.

મારા તરફ જોઈને ભગવાન બોલ્યા : 'આ લોકો હૉલની આજુબાજુ ઉપરાઉપરી પ્રદક્ષિણા કર્યા જ કરે છે. ગઈ કાલે જ મેં તેમને તેમ ના કરવાની આજ્ઞા કરી. એ લોકો કહેશે કે નાગમ્મા પણ પ્રદક્ષિણા કરતી હોય છે. એને પણ ના કહેવું જોઈએ ? એટલા માટે હું કહી રહ્યો છું.'

ભગવાને પછી અમને સૌને જણાવ્યું : પ્રદક્ષિણા કોને કહેવાય છે ? શંકરે કહ્યું છે :

परिभ्रमन्ति ब्रह्मांडाः सहस्त्राणि महेश्वरे ।

कूटस्थाखिलं रुपेऽस्मिन् इति ध्यानं प्रदक्षिणम् ॥

અર્થાત્ સૌના સાક્ષીરૂપ, અચલ કેન્દ્રસ્થાન પરમાત્માની આસપાસ હજારો બ્રહ્માંડો ફરી રહ્યાં છે એવું જ્ઞાનયુક્ત ધ્યાન જ પ્રદક્ષિણા કહેવાય છે.

* * *   * * *   * * *   * * *

**[૧૧] अभयं सर्वभूतेभ्यः । - ૨૦ એપ્રિલ ૧૯૪૬**

આજે ભગવાન સવારના બહાર જવાના હતા ત્યારે પર્વત તરફનાં પગથિયાંની પાસેનાં આમ્રવૃક્ષોની કેરીઓને એકઠી કરવા મોકલેલા મજૂરો વૃક્ષ પર ચઢીને કેરીઓ વારાફરતી તોડવાને બદલે એમને પાડવા માટે એના પર લાકડીઓથી પ્રહાર કરવા લાગ્યા. એને લીધે આમ્રવૃક્ષ પરનાં પાંદડા મોટા પ્રમાણમાં નીચે પડવા માંડ્યા. સૉફા પર બેઠા હતા ત્યારે પણ ભગવાને એ પ્રહારનો અવાજ સાંભળીને સેવકો દ્વારા એવું ના કરવાનો સંદેશ મોકલ્યો, અને રોજની જેમ એ બહાર નીકળ્યા ત્યારે એમની નજર પેલા પાંદડાંના ઢગલા પર પડી. એ કઠોર દૃશ્યને દેખી ના શકવાથી એમણે મજૂરોને સખત સ્વરમાં કહ્યું : 'હવે બહુ થઈ ગયું. હવે જાવ. ફળને મેળવવા માટે વૃક્ષ પર એનાં પાંદડાં ખરી કે તૂટી પડે એવી રીતે પ્રહાર કરવો પડે છે ? ફળ આપે છે એના બદલામાં વૃક્ષ પર લાકડીઓથી પ્રહાર કરીએ તે બરાબર છે ? તમને આ કામ કોણે સોંપ્યું ? વૃક્ષ પર પ્રહારો કરવાને બદલે તેના મૂળને જ કાપી નાખો.'

ભગવાનનો ગર્જનાયુક્ત અવાજ ત્યાં હતા તે સૌના કાનમાં ફરી વળ્યો. એને સાંભળીને એ ભયથી ધ્રૂજી ઊઠ્યા. વાંસને નીચે લાવીને જમીન પર મૂકવામાં આવ્યા. મજૂરો મૂર્તિના રૂપમાં અંકિત હોય તેમ હાથ જોડીને ઊભા રહ્યા. એ એક અક્ષર પણ ના બોલી શક્યા. કુદરત પ્રત્યેની કરુણાની મૂર્તિ જેવા એ મહાપુરૂષને ક્રોધાવસ્થામાં જોઈને મારું હૃદય જોરથી ધડકવા લાગ્યું અને મારી આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં. વૃક્ષનાં

પર્ણોના પડવાથી આટલા બધા સંવેદનનો અનુભવ કરનાર મનુષ્યોના મનમાં પેદા થતી પીડાને સહી શકે ખરા ? ભગવાન રમણ ખરેખર એક કરૂણા કે પ્રેમથી પરિપૂર્ણ સુધાસાગર સરખા છે.

એ ગૌશાળા તરફથી પાછા ફર્યા ત્યાં સુધીમાં ભક્તોએ પાંદડાઓનો એક ઠેકાણે ઢગલો કર્યો અને ભૂલને માફ કરવાની પ્રાર્થના કરી. ભગવાન હૉલમાં પ્રવેશતી વખતે બોલ્યા : 'કેટલી બધી ક્રૂરતા ? વૃક્ષ પર કેટલા બધા પ્રહારો કરવામાં આવ્યા ! પાંદડાઓનો ઢગલો કેટલો બધો મોટો છે ! ઓહ !'

ભગવાન જ્યારે વિરૂપાક્ષી ગુફામાં રહેતા ત્યારે એચમ્માએ એમના ને શેષાદ્રિ સ્વામીના ચિત્રની પોતાના ઘરમાં પ્રતિષ્ઠા કરીને એક લાખ મૃદુ પત્રોથી પૂજા કરવાનો સંકલ્પ કર્યો, અને ભગવાનને જણાવીને પૂજાનો પ્રારંભ પણ કરી દીધો. પચાસ હજાર પત્રોથી પૂજા પૂરી થઈ ત્યાં સુધીમાં ઉનાળો શરૂ થયો અને આખા પર્વત પર ફરવા છતાં વધારે પત્રો ના મળ્યાં. થાકીને એમણે ભગવાન પાસે પહોંચીને પોતાની મુશ્કેલી કહી બતાવી. ભગવાને કહ્યું કે પત્રો ના મળે તો તમારી પોતાની જાતને ચોટાડીને પૂજા શા માટે નથી કરતાં ? એમણે જણાવ્યું કે એ તો ખૂબ જ પીડાજનક થઈ પડે.

ભગવાને કહ્યું કે તમારા શરીરને લગાડવામાં કે અર્પણ કરવામાં તમને પીડા થાય છે તો વૃક્ષને એનાં પત્રો તોડો છો ત્યારે પીડા નહિ થતી હોય ?

એચમ્માનું મોઢું ફીકું પડી ગયું. એમણે જણાવ્યું : 'તમે મને પહેલેથી જ કહ્યું હોત તો ?'

એમણે તરત જ કહ્યું : 'તમારા શરીરનું બલિદાન આપવાનું પીડાજનક છે એ જાણો છો તો પછી પત્રોને તોડવાથી વૃક્ષને એવી જ રીતે પીડા પહોંચે છે એ કેમ નથી જાણતાં ? મારે તમને એટલું કહેવું પડે તેમ છે ?'

* * *   * * *   * * *   * * *

### [૧૨] સામાજિક અસ્તિત્વનું નીતિશાસ્ત્ર - ૧૧ મે ૧૯૪૬

કાલે સવારે પોણા દસ વાગે ભગવાન બહાર જઈને હૉલમાં પાછા ફર્યા ત્યારે આશ્રમમાં રહેનારો એક કૂતરો ત્યાં આવેલા એક બીજા કૂતરા તરફ ભસી રહેલો અને એને કાઢી મૂકવાની કોશિષ કરતો'તો. ત્યાં ઊભેલા લોકો આશ્રમના કૂતરાને શાંત કરવાનો પ્રયાસ કરવા માંડ્યા ત્યારે ભગવાને ધીમા સ્વરે કહ્યું : 'જે વહેલા આવે છે તે પાછળથી આવનારા પર પોતાનો અધિકાર જમાવવાની કોશિષ કરે છે. એ સર્વસામાન્ય છે. આ કૂતરો પણ એવી જ રીતે પોતાના અધિકારનું પ્રદર્શન કરી રહ્યો છે.'

એવું કહીને એમણે આશ્રમના કૂતરા તરફ જોઈને કહ્યું : 'તું શા માટે ભસી રહ્યો છે ? ચાલ્યો જા.'

કૂતરો એમના શબ્દોને સમજી ગયો હોય તેમ ચાલી નીકળ્યો.

આજે સવારે દસ વાગે ડૉકટર અનંતનારાયણ રાવ અને એમની પત્ની રામાબાઈ એમના બાગની કેટલીક સરસ કેરીઓ સાથે આવી પહોંચ્યાં અને ભગવાનને અર્પણ કરીને કહેવા માંડ્યાં : 'વાંદરાં બધી કેરીઓને લઈ જાય છે એટલે આ કેરીઓને જલદી લઈને અમે આવી પહોંચ્યાં છીએ.'

ભગવાને સ્મિત રેલતાં જણાવ્યું : 'ઓહ, એવી વાત છે ? વાંદરાં ત્યાં પણ આવે છે ?' પછી બીજા બધા તરફ જોઈને એ બોલ્યા : 'વાંદરાં ફળોને વારાફરતી લે છે ત્યારે મનુષ્યો એમને એકી સાથે જ લેતા હોય છે. એમને એનું કારણ પૂછવામાં આવે તો એ કહે છે કે એ અમારો અધિકાર છે. જો વાંદરાઓ જે કરે છે

તેને નાની સરખી ચોરી કહીએ તો મનુષ્યો જે કરે છે તેને નિયમિત રીતે કરાતી લૂંટનું નામ આપવું જોઈએ. એ હકીકતને જાણતા ના હોવાથી એ લોકો વાંદરાઓને નસાડી મૂકે છે.'

* * *          * * *          * * *          * * *

**[૧૩] વિરૂપાક્ષી ગુફાના નિવાસની વાતો - ૨૫ જાન્યુઆરી ૧૯૪૭**

વિરૂપાક્ષી ગુફાના નિવાસકાળ દરમિયાન સામાન્ય કામકાજનું ધ્યાન રાખનારા વાસુદેવ શાસ્ત્રી એક દિવસ આશ્રમમાં આવ્યા ને ભગવાનની આગળ બેસી ગયા. એકમેકના ખબરઅંતર પૂછ્યા પછી ભગવાને અમને જણાવ્યું કે આ શાસ્ત્રીએ જ જયંતીનો ઉત્સવ શરૂ કરેલો.

એક ભક્તે પૂછ્યું : 'વાઘને જોઈને ભયભીત થયેલા ને છુપાઈ ગયેલા તે પુરૂષ આ જ કે ?'

'હા. એ પુરૂષ આ જ છે.' ભગવાને ઉત્તર આપ્યો : 'વિરૂપાક્ષી ગુફાના અમારા નિવાસકાળ દરમિયાન એક દિવસ રાતે અમે બધા આગળની ઓસરીમાં બેઠેલા ત્યારે નીચે એક વાઘ દેખાયો. નીચેની ખીણમાં એ વાઘને જોઈને અમે ઓસરીની જાળીની બહાર ફાનસ મૂક્યું ને માન્યું કે પ્રકાશને લીધે વાઘ અમારી નજદીક નહિ આવે. શાસ્ત્રીને કોણ જાણે કેમ પણ ખૂબ જ ભય લાગ્યો. એટલા માટે એ ગુફામાં પેસીને અમને પણ ગુફામાં આવવાનું કહેવા લાગ્યા પરંતુ અમે ના પાડી. ગુફામાં જઈને એમણે લોઢાના સળિયાવાળાં બારણાં બંધ કર્યા અને ત્યાંથી કોઈક મહાન યોદ્ધાની પેઠે વાઘને ડરાવવાનો પ્રયત્ન કરતાં કહેવા લાગ્યા : 'આ બાજુ આવીશ તો જોઈ લેજે. હું શું કરું છું તે જોઈ લેજે. તું શું સમજે છે ? અહીં ભગવાન છે એનું ધ્યાન રાખજે.' એ બધું પરાક્રમ મહાભારતના ઉત્તરકુમાર જેવું ને ગુફાની અંદરથી કરવામાં આવતું હતું. વાઘે થોડા વખત સુધી આમતેમ આંટાફેરા કરીને પોતાનો રસ્તો પકડ્યો. શાસ્ત્રીએ બહાદુર પુરૂષની પેઠે પછી બહાર આવવાનું સાહસ કર્યું. '

શાસ્ત્રીએ એ વાતચીતના અનુસંધાનમાં કહ્યું : 'એવો અવસર એ એક જ ન હતો. બીજી વાર ધોળે દિવસે હું સ્વામીજી સાથે ગુફાની બહારની શિલા પર બેઠેલો. એ વખતે નીચે ખીણમાં એક વાઘ અને એક ચિત્તાને અમે એકમેકની સાથે રમતા જોયા. એમની મિત્રતાપૂર્ણ પ્રવૃત્તિને પેખીને ભગવાન સ્મિત કરવા લાગ્યા. મને કોણ જાણે કેમ પણ ખૂબ જ ભય લાગ્યો ને મેં એમને ગુફામાં આવવાનું કહ્યું. એ અડગ રહ્યા ને ત્યાં જ બેસી રહ્યા. મેં તો ગુફાનું શરણ લીધું જ. એ બંને પ્રાણીઓ થોડાક સમય સુધી એ પ્રમાણે પ્રેમપૂર્વક ક્રીડા કરતાં રહ્યાં. પછીથી એમણે સ્વામીજી તરફ દૃષ્ટિપાત કર્યો, અને ભય કે ક્રોધના લેશ પણ વિકાર વિના પોતાના પંથે પ્રયાણ કર્યું, એક પર્વત પર ગયું ને બીજું પર્વતની નીચે. મેં બહાર આવીને પૂછ્યું : 'એ બંને પ્રાણીઓ તમારી એટલી બધી નજદીકમાં ક્રીડા કરતાં'તાં તે જોઈને તમને ભય ના લાગ્યો ?' ભગવાને સ્મિત કરતાં કહ્યું : ભય શા માટે લાગે ? મેં એમને જોઈને જ જાણી લીધેલું કે થોડાક વખત પછી એક પર્વત પર પ્રયાણ કરશે ને બીજું પર્વતની નીચે. અને એમણે એવી રીતે પ્રયાણ કર્યું પણ ખરૂં. જો આપણે એમને જોઈને ભયભીત બનીને કહીએ કે ઓહ ! વાઘ ! તો એ પણ ભયભીત બનીને બોલે કે ઓહ ! માણસ ! અને આપણને મારવા માટે સામેથી દોડીને આવી પહોંચે. ભગવાને મને એવું બધું કેટલુંય કહ્યું તો પણ મારો ભય ના ગયો તે ના જ ગયો.'

* * *          * * *          * * *          * * *

**[૧૪] જ્ઞાનીની દશા - ૨ ફેબ્રુઆરી ૧૯૪૭**

અઠવાડિયા કે દસ દિવસ પહેલાં શુ બન્યું તે જાણો છો ? સવારના નાસ્તા વખતે કોઈએ ભગવાનને બીજા બધા કરતાં વધારે નારંગીઓ આપી. એ જોઈને ભગવાને નારંગીઓ લેવાનું તદ્દન બંધ કર્યું. ચાર કે પાંચ દિવસ પછી ભક્તોએ એમને નારંગી લેવાની શરૂઆત કરવા માટે પ્રાર્થના કરી ત્યારે એમણે જણાવ્યું :

'તમે બધા ખાવ તો તે પૂરતું નથી ?'

ભક્તોએ કહ્યું : 'ભગવાન ના ખાતા હોય ત્યારે અમે ખાઈએ તે શું દુઃખદ નથી ? એટલા માટે એમને માફ કરવાની તમને વિનતિ કરીએ છીએ. '

ભગવાન બોલ્યા : 'એમાં માફ કરવા જેવું છે જ શું ? મને એ એટલી બધી નથી ગમતી.'

એમણે કહ્યું : 'એ ભગવાનના સ્વાસ્થ્ય માટે સારી છે.' તો એમણે તરત જ જણાવ્યું : 'રોજ સો જેટલા લોકો નાસ્તો કરે છે. હું એટલાં બધાં મુખ દ્વારા ખાયા કરું છું. એટલું શું પૂરતું નથી ? એ મારા મુખથી જ ખવાવી જોઈએ એવું થોડું છે ?'

* * * * * * * * * * * *

**[૧૫] બગાડ નહિ - ૧૨ માર્ચ ૧૯૪૭**

તાજેતરમાં ભગવાને જન્મદિવસની કવિતાની અને એકાત્મ પંચકમ્‌ની રચના કરી. એ રચના એમણે તદ્દન સામાન્ય, શાહી ચૂસી લેનારા કાગળ પર કરી એ દેખીને મને દુઃખ થયું કે મોતીની પંક્તિ જેવા શબ્દો કેવા ખરાબ કાગળ પર લખાય છે, એટલે મેં એમને કહ્યું : 'જો તમે નોટબુકમાં લખો તો વધારે સારું.'

એમણે ઉત્તર આપ્યો : 'આ બરાબર છે. જો હું નોટબુકમાં લખું તો મારા લખાણને કોઈક ઓળખી કાઢે ને નોટબુક લઈ જાય. આમાં એવી કશી બીક નથી. સ્વામી તો સૌની સર્વસામાન્ય સંપત્તિ છે.' અને એમણે મારી સૂચના પ્રમાણે કરવાની ના પાડી.

જન્મદિવસની કવિતામાં આજે સવારે કેટલોક ફેરફાર કરવામાં આવવાથી મને થયું કે હું એક સફેદ કાગળ પર એને લખી લઉં ને મારી નોટબુકમાં ચોટાડી દઉં. મેં તપાસ કરી તો પણ હૉલમાં એકે કાગળ ના મળ્યો. ઘેર જઈને કાગળ લાવવા જેટલી ધીરજનો અભાવ હોવાથી, કોઈ જાતના ભય કે સંકોચ સિવાય મેં ભગવાનને કહ્યું કે હું ઑફીસમાંથી કાગળ લઈ આવું છું. ઑફીસમાં ગઈ તો મને એક સુંદર કાગળ બતાવવામાં આવ્યો. મેં મારે માટે એક કાગળ લઈ લીધો ને કહ્યું કે ભગવાન પણ આવા કાગળ પર લખે તો સારું. એમણે જણાવ્યું કે તો પછી કાગળ લઈ જાવ ને મને ચાર કાગળ આપ્યા. એ કાગળને લઈને હું ભગવાન પાસે આવી. મેં એમને એવા કાગળ પર લખવાની સૂચના કરી જેથી પાછળથી એ લખાણને નોટબુકમાં સુરક્ષિત રીતે રાખી શકાય. મેં એમને કાગળોને અભરાઈ પર મૂકું કે કેમ તે પૂછી જોયું તો એમણે પૂછ્યું કે 'કાગળો ક્યાંથી મેળવ્યા ? ઑફિસમાંથી ?'

મેં કહ્યું : 'હા.'

એમણે તરત જ જણાવ્યું : ' મારે એમનું શું કામ છે ? તમારે જો જરૂર હોય તો તમે તેમને રાખી શકો છો. હું તો વર્તમાનપત્રોના કાગળોને ફાડીને એમની કાપલીઓને સંભાળપૂર્વક સાચવી રાખીશ અને એમની ઉપર લખતો રહીશ. મારે આવા સારા કાગળનું શું કામ છે ?'

હું એમને બીજો કશો ઉત્તર ના આપી શકી એટલે મેં એ કાગળોને અભરાઈ પર મૂકી દીધા. એટલામાં સવારના નવ વાગ્યા. ટપાલ આવી ગઈ અને એનો નિકાલ કરવામાં આવ્યો એટલે ભગવાને વર્તમાનપત્ર વાંચવાનું શરૂ કર્યું. વર્તમાનપત્રમાં એક તરફ એમને ચારેક ઈંચ જેટલો ખાલી ભાગ દેખાયો. એમણે એ ભાગને વાળીને ફાડી લીધો. એ મારી તરફ જોઈને સ્મિત કરવા લાગ્યા પરંતુ મને એનું કારણ ના સમજાયું. કાગળના એ ટુકડાને ફાડીને એમણે એની સરસ રીતે ગડી વાળી અને એને અભરાઈ પર મૂકતાં બોલ્યા : 'જુઓ, આ કાગળનો મારા લખાણ માટે હું ઉપયોગ કરીશ. બીજો કોઈ કાગળ ક્યાંથી-કેવી રીતે મેળવી શકું ? મારે એને મેળવવા માટે ક્યાં જવું ? આ શું મારે લખવા માટે બરાબર નથી ?'

મેં ઉત્તર આપ્યો : 'એનો અર્થ એ કે તમે અમને પાઠ શીખવવા માગો છો. ભગવાન અમને હમેશાં કોઈ ને કોઈ પાઠ શીખવે છે તો પણ અમે નથી શીખતાં.'

ભગવાને સ્મિત કર્યું ને મૌન રાખ્યુ.

કેટલીકવાર માણસો પોસ્ટ દ્વારા પ્રાપ્ત થયેલાં પુસ્તકોને એમના આવરણ સાથે લઈ આવે છે. ભગવાન એ આવરણને સારી રીતે વાળીને સેવકોને જણાવે છે : 'જુઓ આને સંભાળપૂર્વક સાચવી રાખજો. એનો ઉપયોગ કોઈ બીજા પુસ્તકને પૂઠું ચઢાવવા માટે કરી શકાશે. આપણને આવશ્યકતા હોય ત્યારે આવો કાગળ થોડો જ મળવાનો છે ? આવી રીતે જે પણ મળે છે તે આપણે માટે લાભકારક જ છે.'

એમને વંચાવવા માટે ઑફિસમાંથી રોજ કેટલાય કાગળો લાવવામાં આવે છે. કેટલાક કાગળો એવા હોય છે જેમાં તમારા જેવા અમલદારો એક જ બાજુએ લખે છે ને બીજી બાજુને કોરી રાખે છે. ભગવાન એવા કોરા કાગળોને ફાડીને સાચવી રાખે છે. ટાંકણીઓના સંબંધમાં પણ એવું જ છે. કાગળોને વાંચ્યા પછી ટાંકણીઓને કાઢી લઈને સેવકોને આપતાં કહેવામાં આવે છે : 'એમની જરૂર પડશે ત્યારે એ કામ લાગશે. એમને આમ તો ફેંકી દેવામાં આવે છે પરંતુ આપણે એમનો ઉપયોગ કરીશું. નવી ટાંકણીઓ ક્યાંથી લાવવી ? એમને ખરીદવી પડે છે. એને માટે પૈસા ક્યાં છે ?'

* * *     * * *     * * *     * * *

એ સન્નારી પોતાના એ મહર્ષિની એવી નાની વસ્તુઓ પ્રત્યેની ચીવટનો ઉલ્લેખ કરતાં, મહાત્મા ગાંધીજીની એ પ્રકારની ટેવોને તાજી કરાવતા, ચિરસ્મરણીય સુંદર પ્રેરણાત્મક પત્રમાં આગળ લખે છે :

પોતાના અરૂણાચલ પર્વત પરના નિવાસ દરમિયાન ભગવાન પોતાને હાથે નાળિયેરની કાછલીઓમાંથી ચમચા, કડછી, પ્યાલા અને એવી બીજી વસ્તુઓ તૈયાર કરતા. હજુ અત્યાર સુધી નાળિયેરની કાછલીઓમાંથી ચમચા, અને પ્યાલા બનાવીને એ હાથીદાંતની પેઠે પૉલીસ કરીને સેવકોને કહેતા : 'જુઓ, આને સંભાળપૂર્વક સાચવી રાખો. અવસર આવતાં એ ઉપયોગી થઈ પડશે. આપણે સોનાચાંદીની વસ્તુઓ કેવી રીતે મેળવી શકીએ ? આ આપણા ચાંદીના પ્યાલા તથા સોનાના ચમચા છે. હાથ દાઝશે નહિ. બીજી ધાતુની પેઠે એમને ડાઘ નહિ લાગે, એમનો ઉપયોગ આનંદદાયક થઈ પડશે. '

એટલું જ નહિ, એ કોઈ મીઠાઈ કે મલયાલમ કાંજી લે છે ત્યારે એ જ વસ્તુઓનો કે પાત્રોનો ઉપયોગ કરે છે.

નારંગીનાં છોતરાને નાખી દેવામાં નથી આવતાં પરંતુ એમનામાંથી ચટણી ને અથાણાં બનાવવામાં આવે છે અથવા તો એમને કોઈક બીજી રીતે ઉપયોગમાં લેવામાં આવે છે. એવી રીતે એ આપણને એમના પોતાના ઉદાહરણ દ્વારા બતાવે છે કે જરૂરી એવા એક પણ પદાર્થનો દુર્વ્યય ના કરવો જોઈએ.

કોઈ ગુલાબ લાવે અને અર્પણ કરે તો એ એમને આંખે લગાડે છે, ઘડિયાળ પર મૂકે છે, પાંખડીઓ સુકાઈને ખરી પડે છે ત્યારે એમને ખાય છે અને કેટલીક પાંખડીઓ બીજાને આપે છે પણ ખરા. એકવાર કોઈ ગુલાબનાં ફૂલોની માળા લાવ્યું તો એની મદદથી માતૃમંદિરની મૂર્તિને મંડિત કરવામાં આવી અને પાછળથી પૂજારીઓએ એને બીજાં ફૂલોની સાથે કચરાની ટોપલીમાં નાખી દીધી. બહાર જતી વખતે એ દૃશ્ય ભગવાનની નજરે પડ્યું તો એમણે એમના પર ક્રોધે ભરાઈને બધી પાંખડીઓને ભેગી કરીને ખીરમાં નંખાવી દીધી જેથી ખીર ખૂબ જ સુગંધીદાર ને સ્વાદિષ્ટ બની ગઈ. પર્વત પર ચઢતા હોય ત્યારે પણ જો એમની નજર કોઈ ઉપયોગી પત્રો પર પડે છે તો એમને એ એમના સેવકો સાથે તોડી લે છે અને એમને પકાવવાની સૂચના આપીને એમાંથી સુંદર વ્યંજન તૈયાર કરાવે છે. કીમતી ખાદ્યપદાર્થો કરતાં કોઈ પણ પ્રકારનો ખર્ચ ના થાય એવા પદાર્થોને એ વધારે પસંદ કરે છે. આ બધું કોઈને તદ્દન સામાન્ય જેવું લાગવાનો સંભવ છે પરંતુ એના પર શાંતિપૂર્વક વિચાર કરીએ તો એમાંથી મોટો પદાર્થપાઠ મળે તેમ છે. આપણે પણ એ રીતે આરામથી રહી શકીએ છીએ.

* * *          * * *          * * *          * * *

### [૧૬] નિયમિતતાપૂર્વકની ભક્તિ - ૭ એપ્રિલ ૧૯૪૭

ભગવાને અમને આહાર, નિદ્રા અને બીજી ક્રિયાઓની મર્યાદાઓ વિશે જણાવ્યું. એ દૂધ નથી લેતા અને આજકાલ નાસ્તામાં રોજ એક ઈડલી લે છે ને કહે છે કે કોઈ પણ પ્રકારના શારીરિક શ્રમ સિવાય જે માણસ કેવળ બેસી રહેતો હોય તેને બે ઈડલીની આવશ્યકતા નથી રહેતી. એવું જ એમના બપોરના ભોજનનું છે. કઢી તથા બીજી વસ્તુઓવાળું એ ભોજન આશરે મૂઠીભર ભાતનું હોય છે. એ પણ એ આપણી જેમ સ્વાદની દૃષ્ટિએ અલગ અલગ નથી ખાતા. એ શાક, ચટણી, રસમ્ બધાંનો દડો બનાવે છે, પછી એને ભાત સાથે ભેળવે છે ને જમે છે.

એવું જ નિદ્રાના સંબંધમાં. જન્મદિનના ને મહાપૂજાના સવિશેષ અવસર પર આગલી રાતના ઉજાગરાને લીધે વિદ્યાર્થીઓ બીજે દિવસે સવારે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને વેદપાઠ નથી કરતા, પરંતુ ભગવાન રોજની જેમ ઊઠીને તૈયાર થઈ જાય છે. એમનું સ્વાસ્થ્ય ખરાબ હોય અને એમના સેવકો એમને થોડાક વધારે વખત સુધી સૂઈ રહેવાની પ્રાર્થના કરે તો એ તરત જ કહે છે કે 'બ્રાહ્મમુહૂર્તના સમયે સૂઈ રહેવાનો અર્થ શો ? તમને ઠીક લાગે તો તમે સૂઈ રહો. '

* * *          * * *          * * *          * * *

### [૧૭] સફેદ મોર - ૨૦ એપ્રિલ ૧૯૪૭

પંખીઓ પ્રત્યેના મહર્ષિના પરમ પવિત્ર પ્રખર પ્રેમનો પરિચય પૂરો પાડનારા એક બીજા પત્રમાં એ સન્નારી લખે છે :

પ્રાચીન કાળના મહાપુરૂષો કહી ગયા છે કે ઈશ્વર ભરતખંડમાં અવતાર લઈને આવે છે ને પશુપંખીઓને પણ મુક્તિ આપે છે. એમના એ કથનની વાસ્તવિક્તાનો અમને આશ્રમમાં અનુભવ થયો.

નાસી ગયેલા મોરને કૃષ્ણસ્વામી પકડીને પાછો લઈ આવ્યા. એની ગરદન પર હાથ મૂકીને બીજા હાથે એના શરીરને પંપાળતાં ભગવાને જણાવ્યું : 'અરે તોફાની, તું ક્યાં ગયેલો ? આવી રીતે જતો રહેશે તો અમે તારું ધ્યાન કેવી રીતે રાખીશું ? મહેરબાની કરીને હવે ક્યાંય જઈશ નહિ, બીજે હિંસક પ્રાણીઓ રહેતાં હશે. હૉલની આજુબાજુ આટલામાં જ શા માટે નથી રહેતો ?'

એ પછી લાંબા વખત લગી એ મોર આશ્રમને છોડીને બહાર જવાને બદલે આશ્રમના કંપાઉન્ડનાં જુદાં જુદાં મકાનોમાં ફરતો રહ્યો. એ જોઈને ભગવાને કહેવા માંડ્યું કે એ હવે સર્વાધિકારી જેવો બની ગયો છે.

આજે બપોરે અઢી વાગે મારે ત્યાં જવાનું થયું ત્યારે પંખો ફરતો'તો ને રેડિયો પણ ચાલી રહેલો. મોર આંખ મીચીને ઊંડા ધ્યાનમાં ડૂબી ગયો હોય તેમ રેડિયાની બાજુમાં બેઠેલો. એ જોઈને એક ભાઈએ કહ્યું : 'એ કેટલા બધા ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો છે !'

ભગવાન બોલ્યા : 'હા. મોર સંગીતના ઘણા શોખીન હોય છે - ખાસ કરીને વાંસળીના સંગીતના.'

કોઈએ કહ્યું : 'આ મોર સફેદ હોવા છતાં બીજા મોરો કરતાં ખરેખર સુંદર છે.'

ભગવાને એ મોર તરફ આંગળી કરીને કહ્યું : 'આવા મોરને એમનું પોતાનું સ્વતંત્ર સૌંદર્ય હોય છે. બીજા મોરો જુદા જુદા સુંદર રંગવાળા હોય છે. આ મોર બીજા કોઈ રંગના સંમિશ્રણથી રહિત, તદ્દન સફેદ રંગનો છે. એટલે કે બીજા ગુણોના મિશ્રણ વગરનો શુદ્ધ સત્વરૂપ છે. વેદાંતની પરિભાષામાં મોરનું ઉદાહરણ પણ આપી શકાય છે. બીજા મોરોને એમના જન્મ વખતે એટલા બધા રંગો નથી હોતા. એમને એક જ રંગ હોય છે. એ મોટા થાય છે તેમ તેમ એમને બીજા રંગો આવતા જાય છે. એમનાં પીછાં વધવા માંડતાં એમની આંખ પણ અનેક બને છે. કેટલી બધી આંખ ને કેટલા બધા રંગો ! આપણા મનનું પણ એવું જ છે. જન્મ વખતે એ બધી જાતની ઉપાધિઓથી રહિત હોય છે. પાછળથી મોરના રંગોની જેમ એમાં અનેક ક્રિયાઓ ને ભાવો તથા વિચારો પેદા થાય છે. '

* * * * * * * * * * * *

### [૧૮] ઉપનયન - ૨૧ જૂન ૧૯૩૭

બે કે ત્રણ દિવસ પહેલાં કેટલાક માણસો એક નાના છોકરાને લઈને આવી પહોંચ્યા. એનો તાજેતરમાં ઉપનયન સંસ્કાર કરવામાં આવેલો.

એ સૌના વિદાય થયા પછી કેટલાક ભક્તોએ ઉપનયનના મર્મ સંબંધી પ્રશ્ન પૂછ્યો. એના ઉત્તરમાં ભગવાને જણાવ્યું : 'ઉપનયનનો અર્થ ગરદન પર સૂતરના ત્રણ તાંતણા નાખવા એવો નથી. એનો અર્થ એવો છે કે માણસને બે આંખ નથી પરંતુ ત્રણ આંખ છે. ત્રીજી આંખ જ્ઞાનની આંખ છે. એ આંખને ઉઘાડીને તમારા સ્વરૂપનું દર્શન કરી લો. એ જ સંદેશ આપવામાં આવે છે. ઉપનયન એટલે વધારાનું નયન. એ નયનને ખોલવા માટે એ લોકો પ્રાણાયામ શીખવે છે. એ પછી બ્રહ્મોપદેશ આપીને બાળકોને ભિક્ષાપાત્ર લઈને ભિક્ષા માટે જવાની આજ્ઞા કરે છે. પહેલી ભિક્ષા માતા આપે છે. પિતા બ્રહ્મોપદેશ આપે છે ને માતા ત્રણ મૂઠી ભિક્ષા આપીને પિતાએ આપેલા ઉપદેશનું મનન કરવાનું સૂચવે છે. ભિક્ષા દ્વારા જીવનનિર્વાહ

કરવાની, જ્ઞાનપ્રાપ્તિને માટે ગુરૂની પાસે રહેવાની અને જ્ઞાનનેત્રને ખોલીને આત્માનો સાક્ષાત્કાર કરી લેવાની એની પાસેથી આશા રાખવામાં આવે છે. ઉપનયનનો મર્મ એ જ છે. એ બધાનું વિસ્મરણ થયું છે.

* * *  * * *  * * *  * * *

### [૧૯] જાગૃતિ - ૩ જુલાઈ ૧૯૪૭

જે ખંડમાં ભગવાન સ્નાન કરે છે તેમાં એક છેદ છે જેમાંથી પાણી બહાર આવે છે. એની નીચે પાણીના નિકાલને માટે ગટર બનાવેલી. એમના સ્નાન કરવાના સમય પર કેટલાક ભક્તો એ સ્થળે એકઠા થતા, બહાર આવતા પાણીની મદદથી મસ્તક પર માર્જન કરતા, એ પાણી આંખે અડાડતા અને એનું આચમન પણ લેતા. એ બધું કેટલાક વખત સુધી કોઈના ખ્યાલ બહાર શાંતિપૂર્વક ચાલ્યા કર્યું. પરંતુ થોડાક વખત પછી માણસો ડોલો અને બીજાં વાસણો લઈને પાણીની આકાંક્ષા સાથે આવવા લાગ્યા ને એ સ્થળે લાઈનો લાગવા માંડી. એને લીધે સ્વાભાવિક રીતે જ થોડોક શોરબકોર થયો તે ભગવાનના કાને પહોંચ્યો.

એમણે જાત તપાસ કરીને સાચી હકીકત જાણી લીધી ને પોતાના સેવકોને સંબોધીને જણાવ્યું : ‘એમ ? એવી વાત છે ? મેં જ્યારે શોરબકોર સાંભળ્યો ત્યારે મને થયું કે એનું કારણ કાંઈ જુદું જ હશે. કેટલું બધું ખરાબ કહેવાય ? તમે આ બધું બંધ કરાવશો કે પછી હું બહાર ખુલ્લામાં જઈને સ્નાન કરું ? એમ કરવાથી તમારે મારે માટે પાણી ગરમ નહિ કરવું પડે અને એ લોકોને મારા પાણીની પ્રતીક્ષા પણ નહિ કરવી રહે. મારે કૌપીન અને રૂમાલ સિવાય બીજી કયી વસ્તુની આવશ્યકતા છે ? સ્નાન કર્યા પછી એમને ધોઈ કાઢું એટલે મારું કામ પૂરું થાય તેમ છે. નળ પાસે જઈને સ્નાન કરું તે પણ પર્વતનાં ઝરણાં ને તળાવ ક્યાં નથી ?

ભગવાને એમને એવી રીતે કહીને ઠપકો આપ્યો ત્યારે એ બધા ભયભીત સર્વાધિકારી પાસે જઈ પહોંચ્યા. એમણે સ્નાન કરવાના સમય દરમિયાન સ્નાન કરવાના એ સ્થળે જવા પર પ્રતિબંધ મૂક્યો.

એ દિવસો દરમિયાન એક બીજી વસ્તુ બની ગઈ. બપોરે ભોજન કરીને ભગવાન તીખા તાપમાં પર્વત પર ફરવા જતા. પાછા ફરીને એ હૉલ પાસેની પરસાળમાં આવી પહોંચતા ત્યારે સેવકો એમના ચરણ પર કમંડલમાંથી પાણી રેડતા. એ એવી રીતે પગ ધોઈને અંદર આવતા. ત્યાં ચોરીછૂપીથી ઊભેલા કેટલાક લોકો એમના હૉલમાં પ્રવેશ્યા પછી એ પાદપ્રક્ષાલનના પાણીને ભેગું કરીને મસ્તક પર છાંટા મારતા. એક વાર તપાસનો આરંભ થતાં બધી ત્રુટિઓ બહાર આવે છે. ભગવાને એ વસ્તુને પણ પકડી પાડી. એક દિવસ બપોરે એમણે બારીમાંથી જોયું તો એક વૃદ્ધ અને જૂના ભક્ત પોતાના મસ્તક પર એ પાણી છાંટી રહેલા. એ તકને ઝડપી લઈને એ બોલ્યા : ‘હવે સમજાયું. જુઓ, મેં આ વસ્તુનું ખાસ ધ્યાન ના રાખ્યું એટલે એ અમર્યાદ રીતે ચાલ્યા કરે છે. એ લોકો અહીં ગમે તેટલું રહે ને મારી ગમે તેટલી વાતો સાંભળે તો પણ આવી તિરસ્કારયુક્ત વસ્તુઓ ચાલ્યા જ કરે છે. એ લોકો શું કરી રહ્યા છે ? હવે મારે આજથી મારા પગ ધોવાનું બંધ કરવું પડશે.’ એવી રીતે એમણે એમને સખત ઠપકો આપ્યો. એ ભક્તને દુઃખ થયું અને શરમ તથા દુઃખથી પ્રેરાઈને એમણે તરત ભગવાન પાસે જઈને એમની માફી માગી.

ભગવાને એમને એ પ્રમાણે ઠપકો તો આપ્યો જ પરંતુ સાથે સાથે સેવકોની વારંવારની સમજાવટ છતાં બીજા દિવસથી એ સ્થળે પોતાના પગ ધોવાની ના પાડી.

* * *　　* * *　　* * *　　* * *

### [૨૦] પવિત્ર પાણી અથવા તીર્થ અને પ્રસાદ - ૬ જુલાઈ ૧૯૪૭

લાંબા વખત પહેલાં આશ્રમમાં રહેનારાની સંખ્યા ઘણી ઓછી હતી ત્યારે ભગવાનના એક સેવક એ ભોજન કરી લેતા ત્યાં સુધી પ્રતિક્ષા કરતા ને પછી ભગવાનના પતરાળામાં ભોજન કરવા બેસતા. ધીમે ધીમે આશ્રમવાસીઓ અને જૂના ભક્તો એ પતરાળાની માગણી કરવા લાગ્યા. એને માટેની વિરોધી માગણીઓએ ગંભીર રૂપ ના લીધું ત્યાં સુધી ભગવાનનું ધ્યાન એના પ્રત્યે ના ખેંચાયુ. એમના હાથને ધોવા માટે પતરાળા પાસે એક થાળી પણ રાખવામાં આવતી. એમાં હાથ ધોઈને એ ચાલી નીકળતા એટલે એ પાણીનો ઉપયોગ પણ તીર્થ તરીકે કરવામાં આવતો. વખતના વીતવાની સાથે આશ્રમવાસીઓની એ બંને પ્રથાઓ આશ્રમની હદની બહાર રમણ નગર સુધી પહોંચી ગઈ.

એક દિવસ એક શ્રીમંત ભક્તની માતા ભોજન સમય દરમિયાન આવી પહોંચી ને ભગવાનની પાસે ઊભી રહી. એને જોઈને ભગવાને કહ્યું કે 'તમે જમવા માટે કેમ નથી બેસતાં ?' પરંતુ તે જમવા ના બેઠી.

ભગવાન એના મનની વાતને જાણી ગયા તો પણ કશું જ ના જાણતા હોય તેમ શાંત રહ્યા. બીજી બાજુએ એક બીજા ભક્તની આઠેક વરસની પૌત્રી હાથમાં વાસણ સાથે ઊભી રહેલી. એને જોઈને ભગવાન બોલ્યા : 'તું પણ શા માટે ઊભી છે ? બેસીને ભોજન કર.'

એણે ના પાડી.

ભગવાને પૂછ્યું : 'તો પછી તું શા માટે આવી છે ? તારા હાથમાં આ વાસણ શા માટે રાખ્યું છે ?'

એ બોલી ઊઠી : 'મારી દાદીમાએ મને તીર્થ લેવા માટે મોકલી છે.'

ભગવાન હવે પોતાના રોષને રોકી ના શક્યા ને બોલ્યા : 'એમ ? એવી વાત છે ? આ છોકરી તીર્થને માટે પ્રતીક્ષા કરે છે ને પેલી સ્ત્રી પતરાળાને માટે, ખરું ?'

એમની બાજુમાં ઊભેલા એક માણસે કહ્યું : 'હા.'

એમણે કહ્યું : 'હું આ બધું કેટલાક વખતથી જોયા કરું છું. એમના મનમાં એમ છે કે સ્વામીજી હૉલમાં બંધ આંખે બેસી રહે છે ને આવું કશું નથી જાણતા. આવી વસ્તુઓમાં અત્યાર સુધી હસ્તક્ષેપ કરવાનું મને નહોતું ગમતું પરંતુ પ્રત્યેક વસ્તુને પોતાની મર્યાદા હોય છે. આ બધું અમર્યાદ બની ગયું છે. ઉચ્છિષ્ટમાંથી તીર્થ તથા પ્રસાદ લેવાની વૃત્તિ અને એને માટે લોકોના વારા ! હવેથી હું મારા હાથને થાળીમાં નહિ ધોઉં– અહીં ક્યાંય નહિ ધોઉં ! મારા પતરાળાને હું પોતે જ ઉઠાવીને ફેંકી દઈશ. તમે બધા ભેગા થઈને આવું બધું કરાવી રહ્યા છો. એને માટેની સજા આ જ છે.'

પોતાનું પતરાળું જમવાનું પૂરું કરીને ઉપાડ્યું ને ઊભા થયાં. એમની પાસેથી એને લેવા માટે કેટલાય લોકોએ પ્રાર્થના કરી પરંતુ એને અવગણીને પર્વતની પાસે પહોંચીને એમણે એને એક ખૂણામાં ફેંકી દીધું, અને એમના હાથ પણ ત્યાં જ ધોઈ નાખ્યા.

એમણે જણાવ્યું : 'પ્રત્યેક વ્યક્તિ પોતાનું એઠું પતરાળું ઉપાડે છે ને ફેંકી દે છે તો પછી મારે મારું પતરાળું શા માટે મૂકી રાખવું જોઈએ ?'

ઈ. સ. ૧૯૪૩ સુધી પ્રત્યેક વ્યક્તિ ભોજન કરીને પોતાના પતરાળાને ઉપાડતી ને ફેંકી દેતી. આ ઘટના પછી એ પદ્ધતિમાં પરિવર્તન કરવામાં આવ્યું.

સઘળા આશ્રમવાસીઓએ પ્રતિજ્ઞા કરી કે અમે ભગવાનના પતરાળા સાથે બીજા બધાં પતરાળાને ઉપાડીને ફેંકી દઈશું તે પછી જ કાંઈક નાખુશી સાથે એમણે પોતાનું પતરાળું પોતાની જમવાની જગ્યાએ જ છોડવા માંડ્યું. તે છતાં પણ હાથ તો એ હજુ પણ હૉલની બહારનાં પગથિયાં પાસે જ ધોવે છે. કોઈ એમને થાળીમાં હાથ ધોવાની પ્રાર્થના કરે છે તો એ બોલી ઊઠે છે કે 'આ બધા લોકોને થાળીઓ પૂરી પાડી શકો તેમ છો ? જો બીજા બધાને તે ના મળી શકતી હોય તો મારે એની આવશ્યકતા શા માટે છે ?'

એ પત્રોનો પરિચય પૂરો થયો.

* * *　　* * *　　* * *　　* * *

શ્રી રમણ મહર્ષિના જીવનના પૂરા મર્મને કોણ સમજી શકે ? પેલા સુપ્રસિદ્ધ શ્લોકાર્થને થોડોક બદલાવીને કહી શકાય કે કાજળકાળા પર્વતની શાહી ને સિંધુનો ખડિયો હોય, કલ્પવૃક્ષની શાખાની કલમ ને પૃથ્વીનો કાગળ હોય, અને એને લઈને વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી શારદા સતત રીતે લખ્યા કરે તો પણ મહર્ષિ જેવા મહાપુરૂષનું રહસ્ય–વર્ણન પૂરું ના થઈ શકે. એમને વારંવારનાં વંદન !



॥ॐ॥ वंदे महापुरूष ते चरणारविंदम् ॥ॐ॥

☼ ☼ ☼ ☼ ☼

(સમાપ્ત)

## About the Author



(Aug 15$^{th}$ 1921 - Mar 18$^{th}$ 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18$^{th}$ 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

*